अनादिमुक्तसद्.श्रीगोपालानन्दस्वामिविरचितम्

श्रीमद्भगवद्गीताया मूलभाष्यम्

તથા

ગુજરાતી ભાવાનુવાદ



-: પ્રકાશક :-

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા



શ્રીસ્વામિનારાયણ ભગવાન



करिष्ये वचनं तव



ભાષ્યકાર સદ્. શ્રીગોપાળાનંદસ્વામી



પ્રેરક : પ.પૂ. સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી-કુંડળધામ

INDEX



अनादिमुक्तसद्.श्रीगोपालानन्दस्वामिविरचितम्

श्रीमद्भगवद्गीताया मूलभाष्यम्

तथा

ગુજરાતી ભાવાનુવાદ

-: પ્રકાશક :-

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

सद्.श्रीगोपालानन्दस्वामिविरचितम्

श्रीमद्भगवद्गीताया मूलभाष्यम्

તથા ગુજરાતી ભાવાનુવાદ

પ્રેરક : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી-કુંડળધામ

અનુવાદક : સાધુ ઈશ્વરચરણદાસજીસ્વામી

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રકાશન તિથિ : સં.૨૦૬૯, આસો વદ-૩૦ દિવાળી, તા.૩/૧૧/૨૦૧૩

દ્વિતીય આવૃત્તિ : સં.૨૦૭૬, કારતકસુદ-૫ લાભપાંચમ, તા.૧/૧૧/૨૦૧૯

પ્રત : ૫૦૦

કુલ પ્રત : ૩૫૦૦

કિંમત : ₹૧૦૦ /-

ISBN : 978-81-941420-6-5



- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧/૨
- **વડોદરા** : શ્રીસ્વા. મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫/૬

  Website : www.swaminarayanbhagwan.org
  Email : info@swaminarayanbhagwan.org
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, ‘કાનજીભુવન’ દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ** : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઇસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- **સુરત** : શ્રીસ્વામિનારાયણસત્સંગહોલ, ‘મૂર્તિબાગ’ સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, વેડરોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

સપ્રેમ ભેટ



સુજ્ઞ સ્નેહી શ્રી ....

ગામ : .... **તા. :** .... **જિ. :** ....

સર્વાવતારી શ્રીહરિજીના પ્રાણપ્યારા, શ્રીહરિ-સ્વરૂપને યથાર્થ સમજનારા સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી રચિત **'શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનું મૂળભાષ્ય'** જ્ઞાનનો નિધિ છે. આના મનન-ચિંતનથી આપના જીવનની અનેક સમસ્યાનું સમાધાન થાય, આપનો મોક્ષમાર્ગ ચોખ્ખો થાય એવી શુભકામના સહ સપ્રેમ ભેટ...

આપનો સ્નેહી

તારીખ ....



સમર્પણ

જેમની કૃપાથી હું મનુષ્યજીવન પામ્યો, મુમુક્ષુ બન્યો અને સર્વોપરી શ્રીહરિનો સાધુ બનવા સદ્ભાગી થયો.

જેમણે મને સ્વામિનારાયણ ભગવાનને જેમ છે તેમ જાણવાની અને પામવાની સાચી સમજણ આપી; ભણાવી શાસ્ત્રોના શબ્દો સમજી શકું તેવી બુદ્ધિ આપી; સાધુતાના સંસ્કાર આપ્યા અને સહુનો રાજીપો રળવાની રાહ બતાવી; એવા મારા હે ગુરુજી ! આપના વરદ કરકમળોમાં અનાદિ મહામુક્ત સદ્.શ્રીગોપાળાનંદસ્વામી વિરચિત શ્રીમદ્ભગવદ્ગીતા ભાષ્યનો આ ગુજરાતી 'ભાવાનુવાદ' સાદર સમર્પિત કરું છું.

હે કૃપાળુ ગુરુદેવ ! આવી સેવા કર્યાનું મને કદાપિ માન ન આવે, એવી દયાદૃષ્ટિ સદાય રાખવા પ્રાર્થના કરું છું.

- સાધુ ઈશ્વરચરણદાસ

પ્રસન્નતા

સર્વાવતારી શ્રીહરિના જેમ છે તેમ અભિપ્રાયને જણાવતું સદ્. શ્રીગોપાળાનંદસ્વામી વિરચિત શ્રીમદ્ભગવદ્ગીતાનું ભાષ્ય જેમ છે તેમ મૂળસ્વરૂપમાં યથાવત અમને પ્રાપ્ત થયું.

જ્યારે અમે પૂર્વે પ્રકાશિત થયેલા ભાષ્ય સાથે તેને સરખાવ્યું, ત્યારે ઘણો ફેરફાર અનુભવાયો. મારા મનમાં એમ થયું કે, સદ્.ગોપાળાનંદસ્વામીએ જે રહસ્યો આ ભાષ્યમાં રેડ્યા છે, તેનો જ સહુ કોઈને લાભ મળે તો ઘણું સારું. અને તે માટે આ મૂળભાષ્યનો ગુજરાતી ભાવાનુવાદ કરવાનું અમારા સાધુ ઈશ્વરચરણદાસને અમે કહ્યું. તેણે રાજી ખુશીથી આ સેવાને સ્વીકારી. યથાર્થ કામ આજે તા.૩૦/૯/૨૦૧૩ ને સોમવારે પૂર્ણ કર્યું.

આ કાર્ય જોઈને અમારા દિલમાં અતિ **પ્રસન્નતા** થઈ. શ્રીહરિજી મહારાજ તથા સદ્.ગોપાળાનંદસ્વામીની **પ્રસન્નતા** થઈ હશે અને જે મૂળભૂત ભાષ્યના ચાહકો હશે, તેને પણ **પ્રસન્નતા** થશે. આ કાર્યના નિમિત્ત અમારા સંતમંડળને બનાવી શ્રીહરિએ અમારા ઉપર બહુ મોટો ઉપકાર કર્યો છે. દયાળુ ઈશ્વરસ્વામી ઉપર પણ શ્રીજીની **પ્રસન્નતા** કહેવાય; કેમ જે, પરમાત્માએ ભાવાનુવાદના નિમિત્ત બનાવ્યા.

શ્રીહરિના તથા સર્વે મુક્તોનાં ચરણમાં પ્રાર્થના કરું છું, અમને કોઈને ક્યારેય આ બધું અમારાથી થાય છે, અમે કરીએ છીએ, એવો ભાવ ન આવે. એ જ...

- લિ. સ્વામી જ્ઞાનજીવનદાસના

અતિ ભાવથી જય સ્વામિનારાયણ

પ્રસ્તાવના

ભારતીય સંસ્કૃતિના વૈદિક સાહિત્યનો મુગટ એટલે પ્રસ્થાનત્રયી : (૧) વેદાંત-ઉપનિષદ્ (૨) વ્યાસસૂત્ર (૩) શ્રીમદ્ભગવદ્ગીતા. આ ત્રણમાં પણ અતિ સરળપણે આત્યંતિક કલ્યાણના ઉપાયો દર્શાવનાર ગીતાજી છે. ભગવદ્ગીતા એટલે પ્રગટપ્રભુ શ્રીકૃષ્ણચંદ્રના મુખમાંથી પ્રગટેલ દિવ્ય અમૃત. આ ગીતાજીમાં મોક્ષમાર્ગના આરંભથી લઈને અંત સુધીની બધી જ વાતો સમાવવામાં આવી છે; તેથી તે નાના-મોટા સહુને પોષણ આપનારી જીવની ગુણિયલ તથા પ્રેમાળ સગી મા છે.

હા, આ પરમાત્માની દિવ્યવાણીને યથાર્થ સમજવા માટે કોઈ અનુભવી સદ્ગુરુની આવશ્યકતા અનિવાર્ય છે. જો તે સદ્ગુરુ ભગવાનના ધામમાંથી આવેલ મુક્ત જ હોય, તો તો રંગ રહી જાય..! એમાં પણ જો તે મુક્તપુરુષ આ લોકમાં પ્રગટ થયેલ પુરુષોત્તમની સાથે રહી તેમના સમજાવેલાં બધાં જ રહસ્યોને પચાવી ચૂકેલા હોય, તો તો કહેવું જ શું..?! આપણને ગીતાના સમજાવનાર એવા કોઈ મહામુક્ત મળી જાય, એ તો ગરીબોના ઘરમાં ચિંતામણિનો વરસાદ થયો કહેવાય !! એવું જ બન્યું આજથી ૨૦૦ વર્ષ પહેલાં..!

અક્ષરધામમાંથી સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાન પોતે પધાર્યા. ગોપાળાનંદસ્વામી જેવા પોતાના પ્રાણપ્યારા અનાદિમુક્તોને સાથે લાવ્યા. તેમને મહારાજે પોતે પોતાનાં બધાં જ રહસ્યો સમજાવ્યાં. પછી અનંત જીવોનાં કલ્યાણ માટે તે મુક્તોને આજ્ઞા કરી કે, 'તમે સદ્ગ્રંથોની રચના કરો, પ્રસ્થાનત્રયી પર ભાષ્યો રચો.' પછી શ્રીહરિએ સ્વધામગમન કર્યું. **હ.ચ.સા.૧૨/૨**માં ગીતાભાષ્યની વાત કરતા અક્ષરધામમાં સ્વામિનારાયણ ભગવાન મુક્તાનંદસ્વામીને કહે છે,

गोपालमुनि रहे समर्थ भारी, हमकु रिझावन तान रहे धारी...०९
उद्धव मत अनुसार हि जोउ, गीता पर भाष्य करहि सोउ;
व्याससूत्र कहावत जेहू, ता पर भाष्य सो करहि तेहू...१०

ગોપાળાનંદસ્વામી અતિશય સમર્થ સંત છે. તેઓને માત્ર અમને રીઝવવાનું અતિ તાન છે. માટે તેઓ ઉદ્ધવ સંપ્રદાયને અનુસારે ગીતાના

ઉપર ભાષ્ય લખશે અને વ્યાસસૂત્રોના ઉપર પણ તેઓ ભાષ્ય કરશે.

આ શ્રીહરિની ઇચ્છા મુજબ અનાદિમુક્ત સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ સ્વાનુભૂતિરૂપ શાહીમાં ઝબોળેલી કલમ ચલાવી. અને ઉદ્ધવ સંપ્રદાયના સિદ્ધાંત અનુસાર ભગવદ્ગીતાનું સર્વશ્રેષ્ઠ ભાષ્ય રચ્યું. ગીતામાં ભગવાનનો જે હૃદ્ગત અભિપ્રાય હતો તે જ આ ભાષ્યમાં પ્રગટ કર્યો. અને **સ્વામિનારાયણ સંપ્રદાય અનુસાર રચેલી** આ ટીકા-ભાષ્યનું 'ભગવદ્ભાવદીપિકા' એવું સાર્થક નામ રાખ્યું છે. ગીતા ઉપર ભાષ્યો તો અનેક ઉપલબ્ધ છે, પણ ગોપાળાનંદસ્વામીનું આ ભાષ્ય તે સર્વેથી કાંઈક જુદું જ તરી આવે છે. તેમાં દરિયા જેટલું ઊંડાણ છે, છતાં સ્વિમિંગ પૂલમાં તરવા જેટલી સરળતા છે. તેમણે ચર્ચેલા અર્થો ભલભલાને ન સમજાય એવા અગમ છે; પણ તેમની વર્ણનશૈલી અત્યંત સીધી, સાદી અને માખણનાં ભજિયાં જેવી પોચી, પૌષ્ટિક અને સ્વાદિષ્ટ છે. આ ભાષ્ય તેના રચનાકાળની દૃષ્ટિએ આધુનિક છે; પણ તેમાં જે રહસ્યો સમજાવવામાં આવ્યાં છે, તે દૃષ્ટિએ તે સૌથી વધુ સનાતન છે.

આ ભાષ્યમાં ગીતાજીના આટલા મુદ્દા મુખ્યત્વે ઉદ્ઘાટિત થયા છે :

(૧) જેને પોતાના ઇન્દ્રિયો-અંતઃકરણ વશ ન થયાં હોય તેવા ગૃહસ્થો માટે નિષ્કામ કર્મયોગ. (૨) જે પોતાના મનને અખંડ આત્મા-પરમાત્મા પરાયણ રાખી શકે તેવા શુદ્ધ અંતઃકરણવાળા ત્યાગીવર્ગ માટે ત્યાગીધર્મરૂપ જ્ઞાનયોગ. (૩) ઉપર કહેલા ત્યાગી-ગૃહસ્થ બંને માટે ભક્તિયોગ.

આ ત્રણેય યોગને સિદ્ધ કરવા માટે (૪) શુદ્ધ આત્મજ્ઞાન (૫) અક્ષરબ્રહ્મનું જ્ઞાન (૬) માયાના નાશવંતપણાનું જ્ઞાન (૭) ભગવાન પુરુષોત્તમના સર્વશ્રેષ્ઠ માહાત્મ્યનું જ્ઞાન (૮) શ્રીહરિની શરણાગતિ-આશરો અને આ બધાના ફળસ્વરૂપે (૯) પુરુષોત્તમની પ્રાપ્તિ. આવાં અનેક અમૂલ્ય રત્નોથી સભર આ શાસ્ત્ર-સાગર છે. તેનો ખરો અનુભવ તો તેમાં અવગાહન કરવાથી જ થશે.

કોઈ પણ ગ્રંથ તેના મૂળસ્વરૂપે સહુને માણવા મળે, તે માટે ગ્રંથોમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કર્યા વિના જ તેને પ્રકાશિત કરવાનો અમારા ગુરુજી

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી ખાસ આગ્રહ રાખે છે. આ ગીતાભાષ્ય એ જ રીતે તેના મૂળસ્વરૂપમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે. એટલે આના પહેલાં ગોપાળાનંદસ્વામીના નામે વડતાલ મંદિર તરફથી જે ભાષ્ય પ્રકાશિત થયેલ છે, તે મંગલાચરણથી આરંભીને ઘણી બધી જગ્યાએ આ મૂળભાષ્યથી જુદું પડે છે. તેમાં જ્યાં જ્યાં ફેરફારો કરવામાં આવ્યા છે, ત્યાં ઘણી જગ્યાએ તો સ્વામિનારાયણ ભગવાન અને ભાષ્યકારના ઓરિજિનલ અભિપ્રાયોથી કંઈક જુદું પ્રતિપાદન થઈ ગયું હોય તેવું લાગે છે. એમાંની અમુક જગ્યાએ વાચકોના વિશ્વાસ માટે આ પ્રકાશનમાં મૂળ હસ્તપ્રત પણ મૂકવામાં આવી છે.

જેઓ સંસ્કૃત ન જાણતા હોય તેવા સંતો-ભક્તો માટે આ ભાષ્યનો ગુજરાતી ભાવાનુવાદ પણ સાથે જ પ્રકાશિત કરવામાં આવ્યો છે. તે ભાવાનુવાદ અમારા ગુરુજીની આજ્ઞાથી અમારા ગુરુબંધુ સાધુ ઈશ્વરચરણદાસસ્વામીએ કરેલ છે. ભાષ્યમાં ભાષ્યકારે અન્ય શાસ્ત્રોનાં જે પ્રમાણો આપ્યાં છે, તેનાં રેફરન્સ પણ તે જ જગ્યાએ આપવામાં આવ્યાં છે. આ ગીતાભાષ્યની સૌથી પહેલી હસ્તલિખિત પ્રત અમને વડતાલના સંત પ.પૂ.શ્રીજયેન્દ્રપ્રસાદદાસજીસ્વામી, ગુરુ પ.પૂ.ધર્મપ્રિયદાસજીસ્વામી (મંત્રીસ્વામી) તરફથી સ્કેન કરવા મળી હતી. તે બદલ તેમનો અમે આભાર માનીએ છીએ.

અમારા ગુરુજીનો આશય છે કે, શ્રીસ્વામિનારાયણ ભગવાને તેમના મુક્ત સંતોમાં રહી આપણા માટે અનેક ગ્રંથો રચાવ્યા છે. તેનો ઝાઝામાં ઝાઝા લોકોને લાભ મળે તે માટે તેનું સારામાં સારું અને બને તેટલું સસ્તું પ્રકાશન કરવું. તેમની પ્રેરણાથી **શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ** તથા **કારેલીબાગ-વડોદરા** દ્વારા **'ભગવદ્‌ગીતાના મૂળભાષ્ય સાથેનો ગુજરાતી ભાવાનુવાદ'** પ્રથમવાર પ્રકાશન કરવામાં આવ્યો છે. આ પ્રકાશનથી સંસ્કૃત ભણનારા સંતો અને શાસ્ત્રોના અભ્યાસી સંતો-ભક્તોને વિશેષ લાભ થશે. અમારી આ સેવાથી સર્વોપરી શ્રીહરિ, ભાષ્યકાર સદ્.શ્રીગોપાળાનંદસ્વામી અને સર્વે સંતો-ભક્તો અમારા પર રાજી થાય એટલી અપેક્ષા સહ...

- *લિ. સાધુ અચ્યુતદાસ*

ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી

અનુવાદકનું આવેદન

શ્રીમદ્ભગવદ્ગીતા ઉપર અનેક ભાષ્યો ઉપલબ્ધ છે; પરંતુ સદ્ગુરુ શ્રીગોપાળાનંદસ્વામીએ તેમના ભાષ્યમાં જે રહસ્યો ઉદ્ઘાટિત કર્યાં છે, તે કાંઈક અનોખાં જ છે; એવું આ અનુપમ ભાષ્ય છે. મારા મોક્ષદાતા તથા જ્ઞાનદાતા પ.પૂ.ગુરુજીએ મને આ ભાષ્યનો અનુવાદ કરવાની સેવા આપીને સહુનો રાજીપો અપાવવા બહુ મોટી કૃપા કરી છે. આજે હું જે કાંઈ છું, તે ઈષ્ટદેવ શ્રીહરિજી અને મારા ગુરુજીને જ આભારી છું; તેથી તેમનો હું કાયમી ઋણી છું. આ સેવામાં મને મારા ગુરુબંધુ પૂ.ગુણસાગરસ્વામી, પૂ.ચિત્સાગરસ્વામી અને પૂ.પ્રત્યક્ષસ્વરૂપસ્વામી વગેરેએ મદદ કરી છે. તેમના ઉપર શ્રીહરિ તથા મારા ગુરુજી રાજી થાય તેવી હું પ્રાર્થના કરું છું.

આ ભાવાનુવાદમાં સારું કર્યાનો સર્વે યશ શ્રીસ્વામિનારાયણ ભગવાન, ભાષ્યકર્તા સદ્.શ્રીગોપાળાનંદસ્વામી અને મારા ગુરુજીનો છે. આમાં જેટલી કાંઈ ક્ષતિઓ રહી હોય, તે મારા અજ્ઞાનજન્ય જાણી નીરક્ષીર ન્યાયે ગ્રહણ કરી મને ક્ષમ્ય ગણવા પ્રાર્થું છું.

- લિ. સાધુ ઈશ્વરચરણદાસ

ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી

ભાષ્યકાર સદ્.શ્રીગોપાળાનંદસ્વામીનું

જીવનકવન

એકવાર ગઢપુરમાં વિશાળ સભામાં યોગીરાજ ગોપાળાનંદસ્વામીનો મહિમા સહુને સમજાવતાં સ્વામિનારાયણ ભગવાન કહે, "આ મુનિવર્ય શ્રીગોપાળાનંદસ્વામીએ જ્યોતિષ શાસ્ત્રનો બહુ અભ્યાસ નથી કર્યો; **છતાં પણ તેમની બુદ્ધિ વિશાળ હોવાથી તેઓ ત્રિકાલજ્ઞાની છે અને વિદ્વાનોમાં સર્વોત્તમ વિદ્વાન છે. માટે સર્વ સદ્ગુણોથી દીપતા આ મુનિરાજ બધું જ જાણે છે. હે ભક્તો ! તેમણે શ્રીકૃષ્ણ ભગવાનની જેમ રાજયોગ સિદ્ધ કર્યો છે; માટે તેમના જેવી જ અનેક કળાઓ, ઐશ્વર્ય અને શક્તિથી યુક્ત આ શ્રીગોપાળાનંદસ્વામી છે. યોગના પારંગત યોગીઓમાં આ સ્વામી સર્વોત્તમ શ્રેષ્ઠ યોગીરાજ છે. સમગ્ર સાધુઓના તે શિરતાજ છે અને હંમેશાં મારા સ્વરૂપને સાક્ષાત્ અનુભવી રહ્યા છે. શરણે આવેલા મુમુક્ષુઓને તેઓ સમાધિ કરાવે છે. એમને માયાનું કોઈ આવરણ નડતું નથી, તેથી આ ગોપાળાનંદસ્વામી મને અતિશય પ્રિય-વહાલા છે અને તેમના સર્વે સંકલ્પો સત્ય-સફળ થાય છે.**

તેઓ ભૂમિ ઉપર તેમના આ સદ્ગુણોને લીધે મહાન્ છે. યોગની સિદ્ધિઓને લીધે વિખ્યાત છે અને મારી આજ્ઞાઓનું પાલન કરવું તથા પાલન કરાવવું, તેમાં તેઓ અતિ નિપુણ છે.

સર્વ અવતારોનું કારણ એવો હું અત્યારે અહીં વર્તમાન છું, તેથી તેમનું બધું ઐશ્વર્ય ચંદ્રમાનું તેજ જેમ સૂર્યમાં વિલીન થાય છે, તેમ મારા સ્વરૂપમાં લીન થયેલું છે. માટે બુદ્ધિશાળી આશ્રિતો ! તમે સહુ મને મુખ્યપણે માનો છો, પરંતુ આ સંતવર્યને ભગવાનપણે નથી માનતા. અને જો હું આ દુનિયામાં ન હોઉં તો લોકો સર્વસદ્ગુણસંપન્ન આ સંતવર્યને જ 'આ ભગવાન છે' એમ માને. તે વખતે અતિશય મોટા આ સ્વામીને જ લોકો જેમ મને પૂજે છે તેમ પૂજે; અને આ સ્વામી મારી જેમ જ હજારો લોકોનો મોક્ષ પણ કરે.

अवतारसमैश्वर्यं, महामुक्तं महागुणम् ।।
एतं चाक्षरमुख्यं च, यूयं वित्तेति निश्चितम् ।।२१।।

આ શ્રીગોપાળાનંદસ્વામીમાં અવતારોનાં સમાન ઐશ્વર્ય રહ્યું છે અને તેઓ મહામુક્ત છે; આવા મહાન ગુણો તેમાં રહ્યા છે. અને અક્ષરમુક્તોમાં પણ તે જ મુખ્ય છે, એમ તમે સહુ નિશ્ચિત રીતે સમજો.

(સંદર્ભ : દુર્ગપુરમાહાત્મ્ય અધ્યાય-૮૩)

રઘુવીરજી મહારાજ પણ સ્વામીનો મહિમા ગાતા કહે છે...

જાણ્યા સમર્થ ગોપાળસ્વામી, સાચે સાચા તે અંતરજામી;
જાણે ભૂત ભવિષ્યની વાત, અહો એવી છે શક્તિ અઘાત.
જેના સેવક સંત છે એવા, અહો શ્રીજી તે સમર્થ કેવા ?
સંતનો મહિમા સમજાય, ત્યારે શ્રીજી સમર્થ જણાય.
શ્રીજીનું પુરુષોત્તમપણું, જેણે પ્રગટ કર્યું અતિ ઘણું;
એવા છે ગોપાળાનંદસ્વામી, જેની જોગકળામાં ન ખામી.
ગોપાળાનંદસ્વામીની વાત, એવી એવી અનેક છે ભ્રાત;
તમો આગળ અલ્પ ઉચ્ચારી, સ્નેહ સાંભળવા જોગ્ય ધારી.
જે જે કહ્યું છે વચનામૃતોમાં, તેનો સાર વળી હરિજનોમાં;
ગોપાળસ્વામી વદતા જ જેહ, મહામુનિ અક્ષરમૂર્તિ તેહ.
માટે સંતના એવા ચરિત્ર, સુણવા જાણી પરમ પવિત્ર;
હરિજનના ચરિત્ર છે જેહ, ન ગમે જાણો નાસ્તિક તેહ.

સ્વામીશ્રીનું પ્રભાવશાળી વ્યક્તિત્વ, અનુપમ વિદ્વત્તા, અનોખી સાધુતા, સર્વોત્તમ તત્ત્વજ્ઞાન, પરબ્રહ્મ સાથે તદાત્મકપણાની ઉચ્ચતમ સ્થિતિ અને શ્રીહરિની અનુવૃત્તિ સભર પરાભક્તિ – એ તેમનાં સાધુજીવનનાં શ્રેષ્ઠ અલંકારો હતાં. ગમે તેટલી પ્રવૃત્તિ કરવા છતાં અકર્તા રહી શકે એવી દિવ્ય સામર્થીને કારણે શ્રીહરિએ તેમને બન્ને દેશના ત્યાગી, ગૃહી, બ્રહ્મચારી અને આચાર્યશ્રીના પણ ઉપરી તરીકે નિયુક્ત કર્યા હતા.

પ્રભુનું પ્રતિનિધિત્વ કરતાં આ અનાદિમુક્તરાજનો જન્મ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ટોરડા ગામે વિક્રમ સંવત ૧૮૩૭ મહા સુદ-આઠમ ને સોમવારે થયો હતો. પિતાનું નામ મોતીરામ ઠાકર અને માતાનું નામ કુશળબા હતું. માતા-પિતાએ તેમનું નામ **'ખુશાલ'** રાખ્યું હતું.

બાળપણથી જ ખુશાલ ભટ્ટના જીવનમાં અનેક પરચા નોંધાયા છે. ભગવાન શામળિયો ભેરુ બની તેમની સાથે નિત્ય રમવાં આવતાં. એક દિવસ ગામમાં એક તાંત્રિક બાવો આવેલો. તે શાલીગ્રામના પ્રભાવથી લોકોને ઠગતો. સ્વામીએ આ પાખંડીનું પાખંડ ખુલ્લું કરી યોગશક્તિનો પ્રભાવ જણાવ્યો હતો. આવી તો ઘણી વાતો પ્રસિદ્ધ છે.

આ મહા મુક્તરાજ દ્વારા શ્રીહરિએ ઐશ્વર્યની ઝડી વરસાવી હતી. દુષ્કાળ સમયે જનહિત માટે સંકલ્પમાત્રથી વરસાદ વરસાવ્યો. ગામના પાદરમાં રહેલા ગણપતિને હાથોહાથ લાડુ જમાડ્યા હતા. પાણી પાઈ કડવા મહુડાના વૃક્ષને મીઠું કર્યું હતું. અનેક રોગીઓને રોગમુક્ત કર્યા હતા. ગરીબો આવે તો તેને દાટેલા પૈસા દેખાડી સુખી કરતા. ખેડૂતોને દટાયેલા કૂવા દેખાડી પાણી બતાવતા. બરોલીના બ્રાહ્મણના મૂંગા, બહેરા અને આંધળા છોકરાને સંકલ્પમાત્રથી સારો કર્યો અને ઐશ્વર્ય આપી તેને ગૌરીશંકર ઘનપાઠી નામે પ્રસિદ્ધ વિદ્વાન બનાવ્યો હતો.

આમ, મૂંગાને બોલતા કરવા, પાંગળાને પગ આપવાં, આંધળાને આંખો આપવી, મરેલાને જીવતા કરવા અને જડને ચેતન કરવું – આવી અલૌકિક સામર્થી શ્રીહરિના પ્રતાપે મહામુક્ત ખુશાલ ભટ્ટમાં સ્વતઃ સિદ્ધ થઈ હતી. શ્રીહરિએ વ.ગ.મ.૨૨માં કહ્યું છે, **"ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો જ એ સાધુનો પણ પ્રતાપ છે."** સ્વામીની સામર્થી વર્ણવતા નિષ્કુળાનંદસ્વામી ભક્તચિંતામણિ પ્ર.૧૪૨માં કહે છે,

પછી જેવું ચિંતવે જે વારે, થાય તેવાનું તેવું જ ત્યારે;
તે તો જાણે લોક પ્રસિદ્ધ, કહે આ તો મહા મોટા સિદ્ધ.

એકવાર સર્પના ડંશથી મૃત્યુ પામેલા બ્રાહ્મણના દીકરાને જીવતો કર્યો હતો. અને પછી તે કરડેલા સર્પનું પણ કલ્યાણ કર્યું. એકવાર ગામના પાદરમાં આવેલા વાઘે એક બાળક તથા ગાયને મારી નાખ્યા. તે બંનેને સ્વામીએ જીવતા કર્યા, તેમજ વાઘને ધોલ મારી પાળેલા કૂતરા જેવો બનાવી દીધો અને ત્રણ વર્ષ ગામમાં રાખી તેનો ઉદ્ધાર કર્યો.

આઠ વર્ષની ઉંમરે પિતાશ્રીએ ખુશાલને યજ્ઞોપવીત સંસ્કાર કરાવ્યા. ત્યાર બાદ ડભોઈ ગામે વિદ્યાભ્યાસ કરવા મોકલ્યા. તીક્ષ્ણ બુદ્ધિ અને તેજસ્વી પ્રતિભાને કારણે ટૂંક સમયમાં જ વ્યાકરણ, ન્યાય, વેદ-વેદાંત અને મીમાંસા વગેરે શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો અને તેના સારરૂપે સર્વ સ્થળેથી વૃત્તિ સંકેલી ભગવાનની મૂર્તિમાં નિમગ્ન રહેવા લાગ્યા.

શાસ્ત્રાભ્યાસ કરી ખુશાલ ભટ્ટ ઘેર આવ્યા. પોતાના પિતાશ્રી જે પાઠશાળા ચલાવતા હતા, તેમાં વિદ્યાર્થીઓને ભણાવવાનું કામ પોતાના માથે લીધું. પછી વિદ્યાર્થીઓને યોગીઓને દુર્લભ એવી સમાધિ સહજમાં કરાવતા. એકવાર તમામ વિદ્યાર્થીઓને સમાધિ કરાવી ગોલોક, વૈકુંઠ, અક્ષરધામ વગેરે ધામોનાં દર્શન કરાવ્યાં.

પોતાની ઈચ્છા ન હોવા છતાં માતા-પિતાના આગ્રહથી તેમણે લગ્ન કર્યાં હતાં. તેમની પત્નીનું નામ અદિતબા હતું. તેમને અનુપબા નામની એક પુત્રી હતી. સર્વ પ્રકારે સુખ હોવા છતાં તેમનું અંતર પ્રગટ હરિનાં દર્શન અને સેવા માટે અખંડ આતુર રહેતું.

એક દિવસ અચાનક બ્રાહ્મણના વેશમાં સ્વયં પ્રભુ તેમને તેડવા પધાર્યા. તરત જ પત્ની-પુત્રી આદિક તમામનો મોહ છોડી ખુશાલભાઈ તે દિવ્ય બ્રાહ્મણની સાથે ચાલી નીકળ્યા. રસ્તામાં શ્રીહરિએ તેમની સર્વ પ્રકારે બરદાસ કરી અને બંને જેતલપુર આવ્યા. બ્રાહ્મણરૂપ પ્રભુ અદૃશ્ય થયા. ખુશાલભાઈને પ્રગટ પ્રભુનાં દર્શન થયા. શ્રીસ્વામિનારાયણ ભગવાન સાથેનું આ તેમનું અદ્ભુત મિલન થયું.

પ્રીત હતી પૂરવની, પ્રથમ થયો મેળાપ;
સૂર્ય પ્રગટ્યો સ્નેહ તણો, હેત વધ્યુ અમાપ.

સંવત ૧૮૬૪ ના કારતક વદ આઠમે ગઢપુરમાં અક્ષરઓરડીમાં શ્રીહરિએ ભાગવતી દીક્ષા આપી અને **'ગોપાળાનંદ'** એવું સાર્થક નામ આપ્યું.

ધર્યું નામ તે ગોપાળાનંદ, થયા યોગેશ્વર જગવંદ;
ફરે દયાળુ સરવે દેશ, આપે મુમુક્ષુને ઉપદેશ.
કર્યા મહારાજે મોટેરા બહુ, માને મોટા મુનિવર સહુ;

(ભ.ચિં.પ્ર.૧૪૨)

કરોડો જીવોનાં કલ્યાણ માટે શ્રીહરિ અને સ્વામીની જાણે સૂર્ય અને ચંદ્રની સુભગ જોડી ગોઠવાઈ ગઈ. અતિ સમર્થ હોવા છતાં સ્વામી પોતાનું ઐશ્વર્ય ઢાંકીને વર્તતાં. વચ.ગ.પ્ર.૬૨માં શ્રીહરિએ સ્વમુખે ગોપાળાનંદસ્વામીની દાસત્વ ભક્તિને બિરદાવી છે. કૃષ્ણાનંદસ્વામી શ્રીહરિચરિત્રમ્ અ.૬૪માં સ્વામીનો મહિમા અને સ્થિતિ વર્ણવતા કહે છે...

પૂર્વછાયો : ધ્યાન કરાવે ભક્તને, તેને થાય સમાધિ તે વાર;
ગોલોકાદિક ધામમાં, પહોંચાડે કરીને પ્યાર.

સ્વતંત્ર યોગી સિદ્ધ તે, કહે જનના મનની વાત;
એવા ચમત્કાર સિદ્ધિમાં, મહા મોટા મુનિ વિખ્યાત.

મહિમા જાણે મહારાજનો, સર્વોપરી સુખકંદ;
અપાર ગુણ ઓપતા, જેનું નામ છે ગોપાળાનંદ.

અવતાર સમ અવતારીના, છે સંતો મોટા સુખ કંદ;
તારા છુપાયે સૂર્યથી, કવિ કહે છે કૃષ્ણાનંદ.

આધારાનંદસ્વામી હ.ચ.સા. ૮/૬૫ તથા ૧૧/૨૩માં કહે છે...

हरि मूर्ति उर नेन में धारी, ईच्छत ताकी खेंच लेवत नारी ।
हरि वचन तेहि जेसे दीने, धारत मूर्ति होवत ततछिने ॥

जोगी मनोरथ धारे जेते, श्रीहरि पूरण किये तेते ।
श्रीहरि को रहस्य हि जीतना, तिल तिल कहावत तीतना ॥

આ ગોપાળાનંદસ્વામી શ્રીહરિની મૂર્તિને હૃદયમાં અને નેત્રોમાં ધારતા. તેથી જેની ચાહે તેની નાડીને ખેંચતા. શ્રીહરિએ તેમને એવું વચન-વરદાન આપ્યું હતું કે, મૂર્તિને ધારીને જે ચાહે તે તરત જ તેમને સિદ્ધ થાતું. આ યોગીરાજ ગોપાળાનંદસ્વામી મનમાં જેવો મનોરથ કરતા, તેને શ્રીહરિ પરિપૂર્ણ કરતા હતા. **શ્રીહરિનો જે રહસ્ય સિદ્ધાંત તેને તલ તલ જેટલો ઝીણવટથી તેઓ જાણતા.**

हरि की मरजी जानत ताई, संत उपर अति हेत रहाई ।
निष्कपट आपे सरल स्वभावा, अंतर तेसे बाहिर रहावा ॥
संकल्प करत मन में जेसा, सत्संग निमित्त जो जो तेसा ।
श्रीहरि मन के द्वार हि तेहि, पूरे करत जो चितवत एहि ॥
जीवे त्यां लग इनके द्वारा, श्रीहरि सामृथ वावरे अपारा ।
सब हि संत पर एक हि रीता, आपे वरते परम हि प्रीता ॥
संत तेहि जानत समृथ भारी, आपे वरते अति विचारी ।
संत हरिजन के दास हि होई, दिन दिन वरते आपे सोई ॥

ગોપાળાનંદસ્વામી કહેતા કે, "એક સંતનો દાસ થાય અને બીજાનો અભાવ-અવગુણથી દ્રોહ કરે, તો તે સંતો-ભક્તોનો ચોર છે." તેઓ સહુમાં દિવ્યબુદ્ધિ રાખવાનું શીખવતા. તેથી તેઓ સહુ સંતમાં અતિ પ્રસિદ્ધ થયા. સ્વામી પોતે શ્રીહરિની મરજી યથાર્થ જાણતા અને સહુ સંતો ઉપર અતિ હેત રાખતા. અંદર તથા બહાર પોતે નિષ્કપટભાવે અને સરળ સ્વભાવે વર્તતા. સત્સંગ નિમિત્તે જે જે મનમાં સંકલ્પ કરતા કે જેવું ચિંતવન કરતા તે સર્વેને શ્રીહરિ તેમના અંતરમાં રહીને પૂરા કરતા.

સ્વામી જીવ્યા ત્યાં સુધી તેમના દ્વારા શ્રીહરિએ અવાર નવાર અનંત સામર્થ્ય વાપર્યું, છતાં ક્યારેય છલકાણા નહીં. સર્વે સંતો સાથે પરમ પ્રીતિ

રાખી સદા એક રીતે જ વર્ત્યા. સહુ સંતો તેમને ભારે સમર્થ જાણતા, છતાં પોતે અતિ વિચાર કરીને દિન-પ્રતિદિન સહુ સંતો-ભક્તોના દાસ થઈને વર્તતા હતા.

વળી, હ.ચ.સા ૨૦/૨૨માં કહ્યું છે કે, **"ગોપાળાનંદસ્વામી સત્સંગ વિનાનાં તમામ સુખને કાકવિષ્ટા સમાન દેખતા. તેમનું અંતર અપાર શુદ્ધ અને નિર્મળ હતું. તેમના શુદ્ધ અંતરને યથાર્થરૂપમાં તો એક શ્રીહરિ જ જાણતા હતા.** તેઓ જ્યોતિષના ગ્રંથમાં તો બૃહસ્પતિ અને શુક્રાચાર્યના સમાન વિદ્વાન હતા અને પુરાણમાં શુકદેવજીના જેવા શ્રેષ્ઠ વક્તા હતા. **સંતના બધાં લક્ષણો સ્વામીમાં સહેજે જ વર્તતાં હતાં, પણ તેનો લેશમાત્ર છક ન હતો. છક-ગર્વને તેઓ પાપ સમાન દેખતા હતા.** જેટલા શુભ ગુણો કહેવાય છે, તે તમામ સદ્‌ગુણો તેમના જીવનમાં અમાપ રીતે રહ્યા હતા. પાત્ર હોય તેમાં જ શુભ ગુણ શોભે છે."

ગોપાળાનંદસ્વામી પૂર્વાશ્રમમાં હતા, ત્યારે જ અભિમાને રહિત સત્પાત્ર દેખીને શ્રીહરિએ સાધુતાના સર્વે સર્વોપરી ગુણો તેમને આપ્યા હતા. અને તેમાં શ્રેષ્ઠ સાધુતાના ગુણ દેખીને શ્રીહરિ તેમને વશ થયા હતા, તેમજ તેમને અમાપ સામર્થ્ય આપ્યું હતું.

એકવાર શ્રીહરિની આજ્ઞાથી સ્વામી ૬૦ સંતોનાં મંડળ સહિત ઝાડી દેશમાં સત્સંગ કરાવવા ગયા હતા. ત્યાં એક પર્વતની ગુફામાં સર્વે સંતોને છ મહિના સુધી ધ્યાનમાં બેસાડી દીધા. પછી પોતાના સંકલ્પથી ૬૦ સંતોરૂપે પોતે બનીને છ મહિના સુધી ગામોગામ ફરી, શ્રીહરિના પ્રતાપની વાતો કરી, અનેકને સત્સંગ કરાવ્યો હતો. આમ, શ્રીહરિએ સદ્.શ્રીગોપાળાનંદસ્વામી દ્વારા અપાર કાર્યો કર્યાં હતાં. ભગવાન જેવું સામર્થ્ય ધરાવતાં હોવાં છતાં પૂ.સ્વામી સદા શ્રીહરિના સંદેશાવાહક બનીને અવિરત વિચરણ કરતાં રહ્યાં. આમ, તેમની યોગશક્તિ અને ઐશ્વર્યના ગ્રંથો રચાય એટલા વિપુલ પ્રસંગો છે.

ગોપાળાનંદસ્વામી સદા શ્રીહરિની સાથે એકતા અનુભવતા અને

મહારાજની મૂર્તિમાં તથા મરજીમાં જ શ્વાસો લેતા. શ્રીહરિસ્વરૂપ યોગસમ્રાટ ગોપાળાનંદસ્વામીના સમાગમમાં આવેલા અનેક ત્યાગી તથા ગૃહસ્થોની સમજણ સર્વોત્તમ થઈ હતી; અને છતાં દેહે તેઓ મુક્તસ્થિતિ પામ્યા હતા. જેવા કે, પરમચૈતન્યાનંદસ્વામી, નૃસિંહાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, અક્ષરાનંદસ્વામી, શુકાનંદસ્વામી, બાલમુકુંદાનંદસ્વામી, સિદ્ધાનંદસ્વામી, સર્વનિવાસાનંદસ્વામી, વિજ્ઞાનદાસજી, કેશવદાસજી, મહાપુરુષદાસજી, નિર્ગુણદાસજી જેવા અનેક સંતો તથા વડોદરાના રામચંદ્ર વૈદ્ય, નાથભક્ત, લોધીકાના અભેસિંહ, ખંભાતના સદાશિવભાઈ, બોટાદના શિવલાલ શેઠ, પાણવીના પૂજા ડોડિયા આદિક અનેક ભક્તો સ્વામીના સમાગમથી શ્રીહરિની સર્વોપરી નિષ્ઠા અને સર્વોત્તમ સ્થિતિ પ્રાપ્ત કરી, છતાં દેહે મહાસુખને પામ્યા હતા.

ત્યાગી-ગૃહી તથા બન્ને આચાર્યના ઉપરી તરીકે મોટા કરી સ્વામીને સત્સંગની પુષ્ટિનું કામ સોંપી શ્રીહરિ અંતર્ધાન થયા હતા. શ્રીજીમહારાજ અંતર્ધાન થયા બાદ સ્વામી ૨૨ વર્ષ સુધી સત્સંગને ફેલાવવા, સુદૃઢ બનાવવા અને શ્રીહરિની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવા માટે શિરછત્ર બની રહ્યા હતા. સં.૧૯૦૬માં તેમણે ધામમાં જવાની ઈચ્છા જણાવી, પરંતુ આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજની પ્રાર્થનાથી શ્રીહરિએ સ્વામીને બે વર્ષ અધિક રાખ્યા હતા. આમ, શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં પૂ.સ્વામીની ભૂમિકા અત્યંત મહત્ત્વની હતી.

સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ બ્રહ્મસૂત્ર, ભગવદ્ગીતા અને ઉપનિષદ આદિકનાં અનુપમ ભાષ્યો કર્યાં છે. એટલે તો તે સર્વે વિદ્વાનોમાં અજોડ વિદ્વાન છે; પરમહંસોના સમૂહમાં સર્વોત્તમ પરમહંસ છે; સંતમાળામાં સ્વામી પ્રથમ હરોળના સંત છે અને જ્ઞાનીઓના શ્રેષ્ઠ ગુરુ છે. આમ પૂ.સ્વામીમાં અનેક શક્તિ અને સામર્થી શ્રીહરિએ જણાવી હોવા છતાં સ્વામીની વિશેષતા એ હતી કે, તેમણે ક્યારેય એ પ્રતાપને પોતાનો જાણ્યો નહોતો અને જણાવ્યો પણ નહોતો.

સ્વામી દરેક ક્રિયા શ્રીહરિની મરજી અને આજ્ઞા પ્રમાણે જ કરતા. કોઈ અગત્યનું કામ હોય તો સાધુ કેશવદાસને સમાધિ કરાવતા અને તે ધામમાં જઈ શ્રીહરિને પૂછી આવતા. મોટા સંતો કહે છે કે, આ કેશવદાસજી પૂર્વાશ્રમમાં પુનાના જૈન વાણિયા હતા. તે ભૂતોની ઝપટમાં આવી ગયા હતા. અનેક ઉપાયો કર્યા, અનેક દેવસ્થાનો અને તીર્થસ્થાનોનું સેવન કર્યું, હજારો રૂપિયાનો ખર્ચો કર્યો, પણ તેને પીડા મટી નહીં. શ્રીહરિ અંતર્ધાન થયા બાદ એકવાર તેમને વડતાલમાં ગોપાળાનંદસ્વામી પાસે લાવ્યા. સ્વામીનાં દર્શન થતા જ તેને વળગેલાં તમામ ભૂતો રાડ પાડીને ચાલ્યાં ગયાં. સ્વામીનો આવો પ્રૌઢ પ્રતાપ જોઈ તે સમર્પિત થઈ ગયા અને સાધુ બની આજીવન સ્વામી સાથે રહ્યા. સ્વામીની કૃપાથી તેમને સદ્ય સમાધિની સ્થિતિ પ્રાપ્ત થઈ હતી. આવી તો અનેક વાતો છે.

સાહિત્યક્ષેત્રે સેવા :

સાહિત્યક્ષેત્રમાં સ્વામીની સેવા અજોડ છે. સ્વામીશ્રીએ શ્રીમદ્‌ભાગવતના દશમસ્કંધ ઉપર ‘નિગૂઢાર્થ પ્રકાશિકા’ નામની ટીકા રચી છે. ત્યાર બાદ એકાદશસ્કંધ ઉપર ‘કૃષ્ણાભિપ્રાયબોધિની’ અને ભાગવતજીના દ્વિતીયસ્કંધ ઉપર ‘શુકાભિપ્રાયબોધિની’ અનુપમ ટીકાઓ લખી છે. તથા વેદસ્તુતિ ઉપર ‘અન્વયાર્થપ્રકાશિકા’ અને ‘અર્થદીપિકા’ નામની ટીકા લખી છે. સત્સંગિજીવન પ્રથમ પ્રકરણ અંતર્ગત અધ્યાય ૫૩ થી ૫૫ આ ત્રિપત્રી ઉપર સ્વામીએ ‘સજ્જનવલ્લભાખ્ય’ નામની ટીકા લખી છે. તદ્‌ઉપરાંત ભક્તિસિદ્ધિ, વિવેકદીપ, શ્રીહરિસ્વરૂપનિર્ણય, શુભાશુભ કર્મ બાળવાની રીત, હરિભક્તનામરત્નાવલિ, લોકમંગલ-નામાવલિ, અદ્વૈતમત ખંડન જેવા અનેક નૂતન સદ્‌ગ્રંથોની રચના કરી છે. આ સર્વે ગ્રંથો સંસ્કૃતભાષામાં છે.

વળી, સ્વામીએ કરેલ ‘સૂત્રાર્થદીપિકા’ નામનું શારીરિક સૂત્રભાષ્ય અને ‘ઈશાદિ ઉપનિષદો’નું ભાષ્ય તો અતિ અનુપમ છે. તે તેના મૂળસ્વરૂપમાં પ્રકાશિત થાય તે આપણા સહુના હિતમાં છે.

આ ભાષ્યો ક્યારે રચાયાં ? તો, સંવત ૧૯૦૫ ચૈત્ર સુદ પૂનમને દિવસે ગોપાળાનંદસ્વામીએ ઈશાવાસ્યાદિક ઉપનિષદોનું તેમજ વ્યાસસૂત્ર ઉપર સૂત્રાર્થદીપિકા નામનું ભાષ્ય પૂર્ણ કર્યું; અને તે જ દિવસે નિત્યાનંદસ્વામીએ શ્રીહરિદિગ્વિજય નામનો ગ્રંથ પૂરો કર્યો હતો. વડતાલના સભામંડપમાં ચૈત્રી સમૈયામાં આ સદ્ગ્રંથોનો પૂજનોત્સવ ઉજવાયો હતો.

તેમ જ ગોપાળસ્વામીએ, ઈશાવાસ્યતણું કર્યું ભાષ્ય;
ભાષ્ય કર્યું વ્યાસસૂત્રનું તેહ, લાવી મૂક્યું સહું પાસ.
વિદ્વાન સહુએ વખાણ્યા, ત્રણે પુસ્તક જોઈને તેહ;
આચારજે પછી પૂજિયા, અતિ અંતરમાં ધરી સ્નેહ.

ત્યાર બાદ નિત્યાનંદસ્વામીએ વડોદરામાં જઈને શાંડિલ્યસૂત્ર ઉપર ભાષ્યની રચના કરી. અને ગોપાળાનંદસ્વામીએ વડતાલમાં રહીને ગીતાજી ઉપર 'ભગવદ્ભાવદીપિકા' નામે ગીતાની ટીકા-ભાષ્યની રચના કરી.

આ ગીતાભાષ્ય સ્વામીશ્રીએ સંવત ૧૯૦૫ જન્માષ્ટમીના ઉત્સવ સમયે પૂરું કર્યું હતું. ત્યાર બાદ ભાગવતજીના દ્વિતીય સ્કંધની ટીકા પણ વડતાલમાં રહીને જ લખી હતી. આ સદ્ગ્રંથોનો ઉલ્લેખ કરતા હ.લી.ક.૧/૨માં કહ્યું છે...

વળી સદ્ગુરુ ગોપાળાનંદે, ઘણા ગ્રંથ રચ્યા ગુણવૃંદે;
ભગવદ્ગીતા ને ઈશાવાસ્ય, ભલાં તેનાં કરેલાં છે ભાષ્ય.
સ્કંધ બીજો અગ્યારમો દશમો, ભાગવતનો છે ભણવાને વસમો;
તેની ટીકા સુગમ કરી દીધી, વ્યાસસૂત્ર તણી ટીકા કીધી.

આવો સાહિત્યનો અમર વારસો ગોપાળાનંદસ્વામી કરોડો જીવોનાં કલ્યાણ માટે આપતા ગયા છે. જેમ શ્રીહરિ સ્વધામ જતી વખતે 'હું સદા સત્સંગમાં પ્રગટ રહીશ' એવું વરદાન આપતા ગયા હતા અને તેનો આજે પણ ઘણા નિષ્ઠાવાન સુજ્ઞભક્તોને અનુભવ થાય છે, તે જ રીતે ગોપાળાનંદસ્વામી પણ ધામમાં ગયા બાદ સારંગપુરમાં કષ્ટભંજનદેવરૂપે,

ટોરડામાં ગોપાળલાલજીરૂપે, વડતાલમાં સંતોની ધર્મશાળામાં પોતાના આસને અને ઉમરેઠમાં જ્યાં સ્વામીએ ભાષ્યોની રચના કરી હતી તે સ્થળે આજે પણ પ્રગટ છે – એવી સેંકડો સંતો-ભક્તોને અનુભૂતિ થાય છે. શ્રીહરિની આજ્ઞા મુજબ આજે પણ યોગીરાજ ગોપાળાનંદસ્વામી સત્સંગમાં પ્રગટ રહી કોઈને કોઈ દ્વારા આ સત્સંગનું રક્ષણ-પોષણ કરે છે. જેમ શિક્ષાપત્રી શ્રીહરિનું બીજું સ્વરૂપ છે, તેમ સ્વામીના સદ્ગ્રંથો પણ તેમનું અપર સ્વરૂપ છે. આ સ્વામીના તમામ સદ્ગ્રંથો મૂળસ્વરૂપે ભગવત્કૃપાથી પ્રકાશિત થાય અને આપણે સહુ તેનો લાભ લઈ શકીએ તે ઘણું ઈચ્છનીય છે.

આવા મહામુક્ત સ્વામી ૭૧ વર્ષ, ૩ માસ, અને ૧૨ દિવસ સુધી અવિરત સત્સંગની અનેક પ્રકારની સેવા કરી સંવત ૧૯૦૮ વૈશાખ વદ-પાંચમના દિવસે સ્વતંત્ર રીતે અંતર્ધાન થઈ શ્રીહરિની સેવામાં સિધાવ્યા.

સ્વામીશ્રીનાં ચરિત્રો ભગવાન સ્વામિનારાયણની જેમ અનંત અને અપાર છે. અનાદિ મુક્તરાજ સદ્.શ્રીગોપાળાનંદસ્વામીની જે કાંઈ મોટાઈ-સામર્થી હતી તેનું રહસ્ય : **'સર્વોપરી શ્રીહરિ સાથે અનાદિ એકાત્મભાવની સ્થિતિ છે,'** એટલે તેમના દ્વારા સ્વયં શ્રીહરિ જ પ્રકાશી રહ્યા હતા. આવા મહામુક્ત સદ્ગુરુ શ્રીગોપાળાનંદસ્વામીના શ્રીચરણોમાં કોટિ કોટિ વંદન...

જેના રોમ સુછિદ્રમાં અણુસમાં, બ્રહ્માંડ કોટિ ફરે,
જે વ્યાપી જડ જીવ ઈશ્વરમહીં, રહે છે પ્રકાશીપણે;
જે નારાયણમૂર્તિમાં મળી રહી, સાથે રહે નેમથી,
તે ગોપાલમુનીંદ્રના ચરણમાં, નિત્યે નમું પ્રેમથી.

આ યોગસમ્રાટ સદ્.શ્રીગોપાળાનંદસ્વામીને ૬૦ ઉપરાંત ત્યાગી શિષ્યો હતા. તેમાં ઘણા નંદસંતો હતા અને ઘણા દાસપંક્તિના હતા. દાસપંક્તિના સંતોમાં સહુથી મુખ્ય અને સ્વામીશ્રીના અતિ કૃપાપાત્ર મહાસમર્થ સદ્.શ્રીબાલમુકુંદદાસજીસ્વામી હતા. તેમના ઘણા શિષ્યો પૈકી એક સમર્થ સિદ્ધયોગી સદ્.શ્રીકૃષ્ણપ્રિયદાસજીસ્વામી થયા. તેમના શિષ્યોમાં

મરજીનું મૂર્તિમાન સ્વરૂપ એવા સદ્.પુરાણી શ્રીઉત્તમચરણદાસજીસ્વામી થયા હતા. તેમના ઘણા શિષ્યોમાં અતિ તપસ્વી, ધ્યાની, ભજનાનંદી અને શ્રીહરિની આજ્ઞા-ઉપાસનામાં અતિશય દઢતાવાળા સંત એટલે અમારા દાદાગુરુ પ.પૂ.સદ્.શ્રીરાધારમણદાસજીસ્વામી-ખાનદેશી(વડતાલ). તેમના અતિ કૃપાપાત્ર સંત એટલે અમારા ગુરુજી પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી(કુંડળધામ). તેમના દ્વારા હાલમાં પણ શ્રીહરિ નૂતન ગ્રંથરચના કરાવવાનું તથા જૂના ગ્રંથોને પ્રકાશિત કરાવવાનું સર્વોત્તમ કાર્ય કરી રહ્યા છે. આમ, સદ્ગુરુ શ્રીગોપાળાનંદસ્વામીની શિષ્યપરંપરાને હજી સુધી શ્રીહરિ અનેક જીવોની કલ્યાણકારી સેવાના નિમિત્ત બનાવી રહ્યા છે.

આ સેવા દ્વારા શ્રીજીમહારાજ, સર્વે સંતો-ભક્તો, મુક્તો અમારા ઉપર સદા પ્રસન્ન રહે અને અમારા સર્વે શ્વાસો તેમના ગમતામાં જ વહે એ જ પ્રાર્થના સહ...

- લિ. સાધુ બ્રહ્મપ્રકાશદાસના
ભાવથી જય સ્વામિનારાયણ

सर्वोपास्य इष्टदेव श्रीस्वामिनारायण भगवान का संक्षिप्त जीवन

पूर्णपुरुषोत्तम श्रीस्वामिनारायण भगवान इस पृथ्वी पर किस लिए पधारे थें ? उसका हेतु खुद उन्होंने लिखाये हुए एक पत्र में इस प्रकार लिखा है कि,

अनेकजीवुका अविद्यारुपी ज्यों माया है तिसका मैं नासकर
ता हुं ॥ आजनोमें अविद्यारुपी ज्यों माया है तिसके नासके वा
स्ते मैं प्रगट हुवा हुं ॥ जिसदीनसुं मैं प्रगट हुवा हुं तिसदीनसुं अविद्या
के नासके वास्ते प्रवर्त्या हुं ॥ आजनो मेरा ज्यों प्रयोजन एहि है ज्यों
अविद्याकुं नाश करना जीवुंकुं ब्रह्मरुप करना इस प्रयोजनका वा
स्ते मैं प्रगट हुवा हुं ॥ जीवुके मुक्ति देनेके वास्ते मनुष्य एसा ब
न्या हुं ॥

इस तरह जीवों के अनादि **अज्ञान को मिटाकर**, उनका **आत्यंतिक कल्याण करने के लिए** ही पुरुषोत्तमने इस बार अवतार धारण किया था। जब वे इस पृथ्वी पर प्रगट हुए तब भरतखंड में सामाजिक, राजकीय और धार्मिक क्षेत्र में भी अत्यंत अधर्म फैल गया था। अतएव अनेक संत-भक्त अति पीडित हो रहे थे। उन सभी की रक्षा करने हेतु तथा **अधर्म का उत्थापन** करके **एकांतिक धर्म की स्थापना** करने हेतु बद्रिकाश्रम में दुर्वासा ऋषि के शाप को निमित्त बनाकर अनेक धामों के मुक्तों को साथ लेकर अक्षरधामाधिपति श्रीहरि इस पृथ्वी पर पधारें।

प्रभुप्रागट्य : उत्तरभारत में अयोध्या से ३६ कि.मी. दूर छपैया गाँव में श्रोत्रिय भगवद्भक्त धर्मदेव तथा भक्तिदेवी नामक विप्र दंपत्ति रहते थें।

उनके द्वारा **सं.१८३७ चैत्र सुद-९ ता.३/४/१७८१, सोमवार** के दिन रात्रि दश घडी बीतते श्रीपुरुषोत्तमनारायण का **प्रागट्य** हुआ। उस समय देवों ने पुष्पवृष्टि के साथ बालप्रभु की स्तुति करके आनंदोत्सव मनाया। उस दिन सब जगह आनंद लहरा गया।

बाललीला : बालप्रभु ने प्रागट्य के बाद छठवे ही दिन दृष्टिमात्र से कृत्यादि आसुरी शक्ति का पराजय किया। माता-पिताने दुलार में **'घनश्याम'** नाम रखा और बहुत प्यार से लाड लडाने लगे। घनश्याम के प्रागट्य के सौ दिन बीतने के पश्चात् मार्कंडेय मुनि ने **'हरि', 'कृष्ण'** और **'हरिकृष्ण'** बगैरह नाम रखे। बाद में तीसरे वर्ष के प्रारंभ में चौलसंस्कार के प्रसंग पर श्रीहरि ने मायावी कालिदत्त नामक **असुर का नाश** किया। इस तरह जो जो असुर प्रभु को मारने के लिए आये, उन सभी असुरों को समाप्त कर दिये।

फिर माता-पिता के साथ छपैया से अयोध्या रहने के लिए आये तथा वहाँ अनेक लीलाएँ की। आँठवे वर्ष में पिता धर्मदेव से यज्ञोपवीत धारण की। बाद में अपनी अप्रतिम प्रतिभा से अत्यल्प समय में वेद, शास्त्र, पुराण, इतिहास और धर्मशास्त्र इत्यादिक **सद्ग्रंथों का अध्ययन** किया। ग्यारह साल की उम्र में माता-पिता को दिव्यगति दी।

गृहत्याग-कठोर तपश्चर्या : उसके बाद अपने अवतरण के हेतु को सिद्ध करने के लिए श्रीहरि ने तीर्थाटन का निर्णय लिया। **सं. १८४९ अषाढ सुद-१०, दि.२९/६/१७९२, शुक्रवार** की सुबह परिवारजनों का सदा के लिए त्याग करके एकाकी चल पडे। वर्णी के वेष में हिमालय जाकर कठोर तपश्चर्या की। बाद में वन की विकट राह में फिरते फिरते अनेक ऋषि-मुनिओं तथा मुमुक्षुओं का उद्धार किया। वनविचरण के दौरान श्रीहरि को सब **'नीलकंठ वर्णी'** के नाम से पुकारते थें।

इस तरह कपिलाश्रम, जगन्नाथपुरी, रामेश्वर और पंढरपुर इत्यादि अनेक तीर्थों को पावन करते हुए **सं.१८५६ श्रावण वद-६, दि.२१/८/१७९९,**

बुधवार के दिन गुजरात के गिरनार पर्वत की तलहटी में **लोज गाँव** पहुँचे। इस तरह ७ साल, १ मास और ११ दिन तपश्चर्या के साथ **वनविचरण** करके अनेक तीर्थ और अनेक तपस्वियों का उद्धार किया।

दीक्षा एवं धर्मधुरा स्वीकार : उस लोज गाँव में उद्धवजी के अवतार परम वैष्णवाचार्य सद्.श्रीरामानंदस्वामी का आश्रम था। उसमें उनका संतवृंद रहता था। उन संतों की साधुता और भगवद्भक्ति-उपासना से परम प्रसन्न होकर श्रीनीलकंठ वर्णी वहाँ ही ठहर गए। बाद में **सं.१८५७ कार्तिक शुक्ल एकादशी दि.२८/१०/१८००, मंगलवार** के दिन **पीपलाणा गाँव** में सद्.श्रीरामानंदस्वामी ने नीलकंठ वर्णी को भागवती दीक्षा प्रदान की। उस समय गुरु ने **'नारायणमुनि'** और **'सहजानंदस्वामी'** ये दो नाम धारण करवाये।

गुरुदेव रामानंदस्वामी भली भाँति जानते थें कि, **'यह सहजानंदस्वामी तो करोडों आत्माओं का कल्याण करने के हेतु प्रगट हुए साक्षात् पुरुषोत्तमनारायण हैं।'** अत: उन्होंने **सं.१८५८ की कार्तिक शुक्ल एकादशी दि. १६/११/१८०१, सोमवार** के शुभ दिन **जेतपुर गाँव** में सहजानंदस्वामी को अपने उद्धव संप्रदाय की धर्मधुरा सोंप दी। और स्वयं फरेणी गाँव में स्वतंत्रतया परमात्मा के धाम में सिधाये।

अब श्रीहरि स्वयं जिस हेतु से पृथ्वी पर आये थें, उस कार्य के लिए उन्होंने अपना प्रबल प्रताप विशेष रूप से प्रकाशित करना शुरू किया। उसमें सबसे पहले स्वयं ही **'स्वामिनारायण'** मंत्र रूप अपना प्रतापी नाम विश्व में जाहिर किया। इस मंत्र के जप से जीवों को बिना साधन ही समाधि होने लगी। एक दिन स्वरूपानंदस्वामी नामक अपने संत को समाधि द्वारा यमपुरी में भेजे। वहाँ स्वामिनारायण मंत्र के प्रताप से यमपुरी में पडे हुए सभी जीवों को छूडवाकर उनका कल्याण कर दिव्यधाम में पहुँचाये। इस तरह सहजानंदस्वामी ने स्वामिनारायण मंत्र के द्वारा अपना प्रबल प्रताप प्रस्थापित किया। अत: सब लोग उनको **'स्वामिनारायण भगवान'** के रूप में पहचानने लगे।

फिर तो वे अपनी पाँवडी की आवाज से, हाथ की चुटकी से, दृष्टिमात्र से या तो अपने संकल्पमात्र से ही कोई भी जीव को **समाधि कराने लगे**। उस समाधि में जीवों को जैसी इच्छा हो वैसे स्थान या दिव्य धामों के दर्शन कराने लगे। उसमें कई मनुष्यों को अक्षरधाम में अनंत मुक्तों के साथ अपनी अलौकिक मूर्ति के दर्शन कराये। एवं जीवों को अपने पुरुषोत्तम स्वरूप की दृढ प्रतीति हो, इस हेतु से उनको **समाधि** करवाकर गोलोक, वैकुंठ और बद्रिकाश्रम आदि धामों में रहे हुए श्रीकृष्ण, रामचंद्रजी एवं नरनारायण इत्यादि उनके उनके इष्टदेव के रूप में स्वयं ही दर्शन दिये।

जब वे सभी जीव समाधि द्वारा उन उन धामों में गए तब वहाँ अपने अपने इष्टदेव ने उनको कहा कि, **"स्वामिनारायण स्वयं अक्षरधामाधिपति पुरुषोत्तम हैं।** वे अनंत जीवों का उद्धार करने के लिए प्रगट हुए हैं। तुम लोग अब उन प्रगट परमात्मा की आज्ञा में रहकर उनकी ही उपासना करो, जिससे तुम्हारा सद्य ही **आत्यंतिक कल्याण** होगा।"

स्वामिनारायण भगवान के ऐसे अमोघ ऐश्वर्य-प्रताप का अनुभव करके हजारों जीव उनके आश्रित होने लगे। और उनका ही ध्यान, भजन, उपासन करके **अलौकिक स्थिति** प्राप्त करने लगे।

बाद में, स्वामिनारायण भगवान ने संकल्प किया कि, 'धामधाम के जो जो मुक्त अभी इस पृथ्वी पर मेरे लिए मेरे साथ प्रगट हुए हैं, वे सभी यहाँ हमारे पास आ पहुँचे।' ऐसे उनके संकल्प से आकर्षित होकर भारतभर से अनेक मुक्तात्माएँ आने लगे। इस तरह आनेवाले उन सभी को समाधि के द्वारा अपना अडग निश्चय कराया और उनमें से अमुक को त्यागी बनाये और अमुक को अन्य जीवों के कल्याण हेतु गृहस्थाश्रम में रखे।

इस तरह श्रीहरि ने कुछ ही समय में **५०० परमहंस और लाखों भक्त बना दिये।** बाद में जो त्यागी संत हुए थें, वे सभी देश-देशावर में विचरण करके प्रगट भगवान श्रीस्वामिनारायण की पहचान कराने लगे। संतों के

साधुतासंपन्न वर्तन को देखकर अनेक मुमुक्षु जीव उनकी बातों का स्वीकार करके प्रगट प्रभु के शरणागत होने लगे।

स्वयं श्रीहरि भी संतों को साथ रखकर कच्छ, काठियावाड और गुजरात आदिक प्रदेशों में विचरण करने लगे। इस तरह अपने और अपने संतों के द्वारा जो कोई भी शरण में आते थें, उन स्त्री–पुरुष, गृही–त्यागी सभीको श्रीहरि **धर्म, ज्ञान, वैराग्य से युक्त समहिम भगवद्भक्ति दृढ करवाते थें।**

श्रीहरि और संतों ने अपने विचरण दौरान भिन्न भिन्न ज्ञाति के अनेक लोगों की दुष्कृत्य करने की जो वृत्ति थी उसको छूडवाकर उन सभीको परम भक्त बनाये। ऐसे ही जोबन वडताला, तखा पगी, नागपाल वरु, मानभा जैसे अनेक जगप्रसिद्ध लुंटारे और डाकूओं का भी जीवनपरिवर्तन करके उनको अपने महाभक्त बनाये। इसके जरीये अनेक लोगों को भी सुखी किये। छोटी बालिका को दूध में डूबोकर मार देने की प्रथा और सतीप्रथा जैसी अनेक दुष्प्रथा का निवारण करके **भद्र समाज का निर्माण** किया।

यों श्रीस्वामिनारायण भगवान अपने प्रताप से जीवों के मूल अज्ञान का नाश करते थें तथा गीता, भागवतादिक सत्शास्त्रों में बताये गए **एकांतिक धर्म का प्रस्थापन** करते थें।

तथा श्रीहरि ने अपने धनाढ्य भक्तों के द्वारा अनेक जगह पर अन्नक्षेत्र चालु करवाये थें। एवं जेतलपुर, डभाण इत्यादि स्थलों पर महाविष्णुयाग, महारुद्र और अतिरुद्रादिक अनेक **अहिंसामय यज्ञ** करवाये थें। उसमें हजारों ब्राह्मणों को मनपसंद भोजन तथा विविध प्रकार की पुष्कल दक्षिणाएँ श्रीहरि दिलवाते थें।

तथा गढपुर, वडताल, जूनागढ, अमदावाद, कच्छ–भुज बगैरह स्थलों में जन्माष्टमी, रामनौमी, अन्नकूट, प्रबोधिनी एकादशी और हुताशनी आदिक पर्व के **महोत्सव** अति धामधूम से मनाते थें।

इस तरह जीवों के कल्याण करने के लिए श्रीहरि संतों के साथ गुजरातभर में विचरण करते रहते थें। उसमें जहाँ जहाँ मुमुक्षु जीव हो, उन्हें अपने दर्शन, पूजन और कथा-कीर्तनादिक से परमसुखी करते थें। परंतु उन सभी भक्तों में गढपुरनरेश एभल खाचर तथा उनके पुत्र-पुत्री इत्यादि परिवारजनों की पराभक्ति को वश होकर उनके घर विशेषत: निवास करके रहते थें।

फिर अनंत जीवों की कल्याण परंपरा सदैव शुरू ही रहे इसलिये भगवान श्रीस्वामिनारायण ने तीन कार्य करने का संकल्प किया : (१) सद्ग्रंथनिर्माण (२) मंदिरनिर्माण और (३) भागवती मंत्र दीक्षा की परंपरा के लिए अपने उत्तराधिकारी नियुक्त करना।

अत: श्रीहरि ने स्वयं और अपने संतों द्वारा शिक्षापत्री, वचनामृत, सत्संगिजीवन, भक्तचिंतामणि एवं श्रीहरिचरित्रामृतसागर जैसे अनेक संस्कृत-प्राकृत **सद्ग्रंथों की रचना** की और करवाई।

दीर्घकाल तक भगवान की उपासना सजीवन रहे और अनंत जीवों का उद्धार हो, इस हेतु से श्रीस्वामिनारायण भगवान ने अमदावाद, वडताल, जूनागढ, धोलेरा, कच्छ-भुज, गढपुर बगैरह स्थलों पर भव्य **मंदिरों का निर्माण** करवाया।

अपने संप्रदाय की व्यवस्था सदैव सुचारु बनी रहे इस लिए उन्होंने **सं.१८८२ कार्तिक शुक्ल प्रबोधीनी एकादशी, दि.२१/१०/१८२५, मंगलवार** के दिन वडताल और अमदावाद, ऐसे देशविभाग करके अपने स्थान पर **दो आचार्यों की स्थापना** की।

श्रीहरि द्वारा स्थापित एकांतिकधर्म का सृष्टि रहे तब तक पालन, पोषण एवं प्रचार होता रहे इसके लिए उन्होंने गोपालानंदस्वामी, मुक्तानंदस्वामी, ब्रह्मानंदस्वामी, नित्यानंदस्वामी, प्रेमानंदस्वामी, आनंदानंदस्वामी इत्यादिक दो हजार से भी अधिक संत, ब्रह्मचारी और पार्षद बनाये। इस तरह इस घोर

कलिकाल में भी पंचवर्तमान युक्त **संतपरंपरा का निर्माण** किया। अतः साधुसमाज का गौरव पुनः स्थापित हुआ।

श्रीहरिदीक्षित इन सभी परमहंसों में कई तो बहुश्रुत पंडित भी थें। श्रीहरि ने उनके पास गीता, भागवत, वेदस्तुति, व्याससूत्र, वासुदेवमाहात्म्य, शांडिल्यभक्तिसूत्र जैसे व्यासजी तथा अन्य ऋषिमुनिकृत **अनेक ग्रंथों पर कल्याणकारी भाष्य एवं टीकाएँ रचाई हैं।**

श्रीहरि के आश्रित का जब अंतकाल आता था तब अपने भक्त को अक्षरधाम में ले जाने के लिये वे स्वयं अपने मुक्तों के साथ आते थें। उस समय कभी कभी तो भक्त-अभक्त सभी को अपनां दर्शन देते थें।

इस तरह अनंत जीवों के आत्यंतिक कल्याण का राजमार्ग स्थापित करके भगवान श्रीस्वामिनारायण अपनी ही इच्छा से **सं.१८८६ जेठ सुद-१० दि.१/६/१८३०, मंगलवार** के दिन गढपुर से स्वधाम सिधाये। श्रीहरि सिर्फ ४९ वर्ष, २ मास, १ दिन ही पृथ्वी पर रहे लेकिन युगो तक सृष्टि को दिव्य प्रकाश मिलता रहे ऐसे अनंत कार्य कर गये।

अवनी पर से अपनी मानुषीलीला को अंतर्धान करने के बावजूद भी भगवान श्रीस्वामिनारायण अपनी मूर्ति, सद्ग्रंथ, सुज्ञ आचार्यों और सच्चे संत के द्वारा सदा प्रगट ही हैं। आज भी अपने एकांतिक संतों-भक्तों का जब अंतकाल आता है, तब वे अपने मुक्तों के साथ उनको लेने के लिए आते हैं। और यह बात धाम में जानेवाले कोई कोई संत या भक्त कहकर जाते हैं। ऐसी घटना आज भी देखने मिलती है।

ऐसे अधमोद्धारण, पतीतपावन, करोडों के कल्याणकारक, प्रेममूर्ति, परंब्रह्म भगवान श्रीस्वामिनारायण के श्रीचरणों में कोटी कोटी वंदन...

– ली. साधु ईश्वरचरणदास के

भाव से जय स्वामिनारायण

અનુક્રમણિકા

૦. મંગલાચરણ.. ૧
૧. અધ્યાય-૧.....(અર્જુનવિષાદયોગ) ૬
૨. અધ્યાય-૨.... (સાંખ્યયોગ)................................. ૩૦
૩. અધ્યાય-૩.....(કર્મયોગ)..................................... ૯૮
૪. અધ્યાય-૪.....(કર્મસંન્યાસયોગ).............. ૧૪૬
૫. અધ્યાય-૫.....(સંન્યાસયોગ)........................ ૧૮૯
૬. અધ્યાય-૬.....(અભ્યાસયોગ)........................ ૨૨૦
૭. અધ્યાય-૭.....(જ્ઞાનયોગ)...................... ૨૬૦
૮. અધ્યાય-૮.....(મહાપુરુષયોગ).......................... ૨૯૩
૯. અધ્યાય-૯.....(રાજવિદ્યા-રાજગુહ્યયોગ)........... ૩૨૪
૧૦ અધ્યાય-૧૦..(વિભૂતિયોગ).............................. ૩૬૦
૧૧. અધ્યાય-૧૧..(વિશ્વરૂપદર્શનયોગ).................. ૩૯૩
૧૨. અધ્યાય-૧૨..(ભક્તિયોગ)................................ ૪૩૩
૧૩. અધ્યાય-૧૩..(ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનિર્દેશયોગ)............. ૪૫૦
૧૪. અધ્યાય-૧૪..(ગુણાતીતયોગ)................ ૪૮૫
૧૫. અધ્યાય-૧૫..(પુરૂષોત્તમયોગ).......................... ૫૧૪
૧૬. અધ્યાય-૧૬..(દૈવાસુર-સંપદ્-વિભાગયોગ).......૫૩૭
૧૭. અધ્યાય-૧૭..(ગુણકર્મ-વિભાગયોગ)............. ૫૫૮
૧૮. અધ્યાય-૧૮..(સંન્યાસયોગ)...................... ૫૭૮
૧૯. શ્લોકાનુક્રમ... ૬૫૬
૨૦. સંકેત સૂચિ.. ૬૬૯

INDEX

અનુક્રમણિકા

મંગલાચરણ ૧

૧	૨	૩	૪

અધ્યાય-૧.....(અર્જુન વિષાદ યોગ) ૬

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩
૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦	૪૧	૪૨	૪૩	૪૪
૪૫	૪૬									

અધ્યાય-૨.... (સાંખ્ય યોગ) ૩૦

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩
૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦	૪૧	૪૨	૪૩	૪૪
૪૫	૪૬	૪૭	૪૮	૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫
૫૬	૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨	૬૩	૬૪	૬૫	૬૬
૬૭	૬૮	૬૯	૭૦	૭૧						

INDEX

અધ્યાય-૩.....(કર્મ યોગ) ૯૮

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩
૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦	૪૧	૪૨	૪૩	

અધ્યાય-૪.....(જ્ઞાન કર્મ સંન્યાસ યોગ) ૧૪૬

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩
૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦	૪૧	૪૨		

અધ્યાય-૫.....(કર્મ સંન્યાસ યોગ) ૧૮૯

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯				

અધ્યાય-૬.....(આત્મસંયમ યોગ) ૨૨૦

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩
૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦	૪૧	૪૨	૪૩	૪૪
૪૫	૪૬	૪૭								

અધ્યાય-૭.....(જ્ઞાન વિજ્ઞાન યોગ).. ૨૬૦

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦			

અધ્યાય-૮.....(અક્ષરબ્રહ્મ યોગ) ૨૯૩

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮					

અધ્યાય-૯.....(રાજવિદ્યા-રાજગુહ્ય યોગ)....................................... ૩૨૪

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩
૩૪										

અધ્યાય-૧૦..(વિભૂતિ યોગ) ૩૬૦

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩
૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦	૪૧	૪૨		

અધ્યાય-૧૧..(વિશ્વરૂપ દર્શન યોગ) ૩૯૩

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩
૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦	૪૧	૪૨	૪૩	૪૪
૪૫	૪૬	૪૭	૪૮	૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫

અધ્યાય-૧૨..(ભક્તિ યોગ) ૪૩૩

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦		

અધ્યાય-૧૩..(ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ નિર્દેશ યોગ) ૪૫૦

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩
૩૪										

અધ્યાય-૧૪..(ગુણત્રય વિભાગ યોગ) ૪૮૫

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪	૨૫	૨૬	૨૭						

INDEX

અધ્યાય-૧૫..(પુરૂષોત્તમ યોગ) ૫૧૪

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦		

અધ્યાય-૧૬..(દૈવાસુર સંપદ્ વિભાગ યોગ) ૫૩૭

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪									

અધ્યાય-૧૭..(શ્રધ્ધાત્રય વિભાગ યોગ) ૫૫૮

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮					

અધ્યાય-૧૮..(મોક્ષ સંન્યાસ યોગ)..૫૭૮

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨	૩૩
૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦	૪૧	૪૨	૪૩	૪૪
૪૫	૪૬	૪૭	૪૮	૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫
૫૬	૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨	૬૩	૬૪	૬૫	૬૬
૬૭	૬૮	૬૯	૭૦	૭૧	૭૨	૭૩	૭૪	૭૫	૭૬	૭૭
૭૮										

શ્લોકાનુક્રમ..૬૫૬

સંકેત સૂચિ...૬૬૯

॥ श्रीस्वामिसहजानन्दाय नमः ॥

॥ सर्वसद्भ्यो नमः ॥

अनादिमुक्तसद्.श्रीगोपालानन्दस्वामिविरचितम्

श्रीमद्भगवद्गीताया मूलभाष्यम्

मङ्गलाचरणम्

अनुष्टुप्वृत्तम् :

यदङ्घ्र्यम्बुरुहामोदे लुब्धाः कुर्वन्ति तुच्छताम् ॥
सद्भृङ्गा धीयुता मुक्तेस्तं वन्दे वृषनन्दनम् ॥१॥

ध्यात्वा श्रीसहजानन्दं भगवद्भावदीपिकाम् ॥
गोपालानन्दनामाहं कुर्वे सद्वृन्दतुष्टये ॥२॥

ભાષ્યનો ગુજરાતી ભાવાનુવાદ

स्रग्धरावृत्तम् :

यः कारुण्याम्बुसिंधुः श्रितजनसुखदश्चेतनाचेतनात्मा ।
यः सर्वेषां नियन्ता प्रभवति च जगद् यस्य सङ्कल्पशक्त्या ॥
आस्ते यो ब्रह्मलोके निजपरममहानन्दतृप्तः सदैव ।
वन्दे नित्यं शरण्यं परमसुखकरं स्वामिनारायणं तम् ॥०१॥

જેઓ કરુણારૂપી જળના મહાસાગર છે, શરણે આવેલ ભક્તોના સુખદાતા છે, સમગ્ર જડ-ચિદ્‌ના આત્મા છે. જેઓ સહુ કોઈના નિયંતા છે, જેમની સંકલ્પશક્તિમાત્રથી અનંતકોટિ બ્રહ્માંડરૂપી જગત ઉત્પન્ન થાય છે. જેઓ સદા પોતાના પરમ મહાઆનંદથી જ પૂર્ણકામ છે અને પોતાના અક્ષરધામમાં બિરાજમાન છે. એવા પરમ સુખદાઈ, સદા શરણાગતપાલક, મારા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણને હું નમસ્કાર કરું છું. ॥૧॥

गोपालानन्दसंज्ञं मुनिवरमनघं नौमि नित्यं सुयोगम् ।
गीताभाष्यं च येन ह्यतिनिपुणतया विस्तृतं सारबोधम् ॥
वन्दे मे मोक्षदातॄन् गुरुवरचरणान् ज्ञानजीवनसंज्ञान् ।
आज्ञप्तो यैश्च कुर्वे सरलसुखकरं शुद्धभावानुवादम् ॥०२॥

જેઓએ અતિ કુશળતાથી શ્રીમદ્‌ભગવદ્‌ગીતાજીનું સાર-સાર તત્ત્વોને જણાવનારું શ્રેષ્ઠ ભાષ્ય રચ્યું છે; એવા શ્રીગોપાળાનંદસ્વામી નામના નિત્ય નિર્દોષ, પરમ યોગી મુનિવર્યને હું સદા પ્રીતિપૂર્વક નમસ્કાર કરું છું. વળી, જેમની આજ્ઞાથી હું આ ભાષ્યનો સરલ, સુખદાયી તથા શુદ્ધ ભાવાનુવાદ કરું છું; એવા પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી મારા મોક્ષદાતા ગુરુજીની હું વંદના કરું છું. ॥૨॥

अनुष्टुप्वृत्तम् :

ईश्वरपादयोर्दासो हरिसद्भक्ततुष्टये ॥
दत्तज्ञानेन तैरेव सेवां करोमि सेवकः ॥३॥
सर्वावतारधर्ता त्वं प्रकाशकोऽसि हे हरे ! ॥
प्रकाशय हि मामेवं तेन स्यां प्रियकृत्सदा ॥४॥

મારા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા તેમના સંતો-ભક્તોની પ્રસન્નતા માટે તેમણે જ આપેલા જ્ઞાન વડે હું સાધુ ઈશ્વરચરણદાસ સેવક બનીને આ સેવા કરું છું. હે હરિ ! આપ તો સર્વ

અવતારોના અવતારી અને સર્વના પ્રકાશક છો. માટે આપ જ મને એમ પ્રકાશો કે, તેનાથી હું હંમેશા આપનું ગમતું કરનારો જ થાઉં. ॥૩-૪॥

હે નાથ ! આપે જ આપના પૂર્વાવતારમાં રહીને આ ગીતારૂપ દિવ્યજ્ઞાન પ્રકાશ્યું છે. વળી, આપે જ અમારા આદિગુરુ ભાષ્યકાર મહામુક્ત સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામીમાં રહીને આપનો હૃદ્‌ગત અભિપ્રાય પ્રકાશ્યો છે. માટે આ ભાવાનુવાદમાં પણ **આપનો તથા આપના વહાલા ભાષ્યકાર પૂ.સ્વામીનો જે ભાવ હોય તે જ મારી પાસે લખાવજો અને મને એમ જ વર્તાવજો.** હું સ્વતંત્રાત્મભ્રમમાં આવૃત્ત છું; તેથી મારામાં તો એવી કોઈ લાયકાત નથી, પણ આપ જ કૃપા કરીને અર્જુનની જેમ મને પણ આ સેવામાં આપનો પ્રીતિપાત્ર બનાવજો.

ભાષ્યના શુભારંભે ભાષ્યકાર સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી બે શ્લોક વડે પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણનું નમસ્કારરૂપ મંગલાચરણ કરે છે તથા તેમનું ધ્યાન ધરીને ભાષ્ય રચવાનો મનોરથ ધારણ કરે છે :

"જેમનાં ચરણકમળના આનંદમાં અતિ આસક્ત થયેલા એવા વિજ્ઞાની સંતોરૂપી ભમરાઓ ચતુર્ધા મુક્તિને પણ અતિ તુચ્છ સમજે છે, એવા ધર્મપુત્ર શ્રીહરિને હું(ગોપાળાનંદસ્વામી) વંદન કરું છું. ॥૧॥ 'સહજાનંદસ્વામી' એવા નામથી પૃથ્વી પર પ્રસિદ્ધ તે પરબ્રહ્મનું ધ્યાન કરીને 'ગોપાળાનંદ' નામવાળો હું સંતોની પ્રસન્નતા માટે ગીતા ઉપર 'ભગવદ્‌ભાવદીપિકા' નામની ટીકા રચું છું. ॥૨॥

जीवेश्वरप्रकृतिपुरुषकालाक्षरब्रह्मभ्योऽत्युत्कृष्टाय, अक्षरब्रह्मादिचेतनेभ्यो निखिलहेयप्रत्यनीकत्वेन कल्याणैकतानत्वेन च, सर्वावस्थावस्थित-चेतनाचेतनव्यापकत्वेन सर्वनियन्तृत्वेन शेषित्वेनात्यन्तभिन्नाय, अचेतना-त्यन्तभिन्नबद्धचेतनात्यन्तविलक्षणेभ्यो मुक्तनित्यमुक्ताक्षरब्रह्मभ्यः स्वरूपतः स्वभावतो गुणतो विभूतितोऽत्यन्तविलक्षणाय, स्वाभिमतानुरूपैक-

रूपाचिन्त्यनित्याद्भुतनिरवद्यनिरतिशयौज्ज्वल्यसौन्दर्यसौगन्ध्यसौकुमार्य-लावण्ययौवनाद्यप्राकृतानन्तस्वरूपगुणनिधये, दिव्यरूपाय, अपारकारुण्य-सौशील्यवात्सल्यौदार्यैश्वर्यादिसुस्वभावमहोदधये, अनालोचितविशेषाशेष-लोकशरण्याय, साहजिकानवधिकातिशयज्ञानबलैश्वर्यवीर्यशक्तितेजःप्रभृत्य-सङ्ख्येयकल्याणगुणगणनिधये, अस्पृष्टाशेषदोषाय, विचित्रानन्तभोग्यभोक्तृ-वर्गभोगोपकरणभोगस्थानपरिपूर्णाय, निखिलजगदुदयविभवलयलीलाय, एवमुक्तस्वरूपस्वभावगुणविभूतिमते, भक्तजनपरमानन्ददायकाय, परमहंसप्रियाय, एकान्तिकभक्तप्रेमास्पदाय, नवीनजीमूतसङ्काशाय, अपारजनोद्धारणार्थप्रकटितनृनाट्यमूर्तये, सर्वमनोहरमङ्गलरूपाय, प्रेमवतीपुत्राय, धर्मनन्दनाय, नारायणमुनये नमो नमोऽस्तु।

પરબ્રહ્મ એવા તે પ્રગટ પુરુષોત્તમનારાયણ કેવા છે ? તો, તમામ જીવો, ઈશ્વરો, મૂળ પ્રકૃતિ-પુરુષ, કાળ અને અક્ષરબ્રહ્મ એ સર્વ થકી અતિ શ્રેષ્ઠ છે. અક્ષરબ્રહ્મ વગેરે તમામ ચેતનો થકી તે શ્રીહરિ કેવી રીતે શ્રેષ્ઠ છે ? તો, અજ્ઞાન, આસક્તિ અને મોહ વગેરે તમામ દોષો થકી તેઓ સદા રહિત છે અને તમામ કલ્યાણકારી ગુણોએ સહિત છે. વળી, તે શ્રીહરિ ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આ તમામ અવસ્થામાં રહેલા એવા જે સર્વ ચેતન અને અચેતન તેના વ્યાપક, નિયંતા અને શેષી કહેતાં માલિક છે.

વળી, આ દેહ અને દુનિયારૂપી અચેતનથી અત્યંત વિલક્ષણ એવા તમામ બદ્ધ જીવો થકી મુક્તો, અનાદિમુક્તો અને અક્ષરબ્રહ્મ અતિ શ્રેષ્ઠ છે. અને આ મુક્તો તથા અક્ષરબ્રહ્મ થકી પણ પરબ્રહ્મ શ્રીહરિ તો પોતાનાં સ્વરૂપ, સ્વભાવ, ગુણો અને વિભૂતિએ કરીને અત્યંત શ્રેષ્ઠ છે.

વળી, તે શ્રીહરિ કેવા છે ? તો, સર્વશ્રેષ્ઠ એવી જે તેજસ્વિતા, સુંદરતા, સુગંધિતા, સુકુમારતા - સુકોમળતા, લાવણ્યતા - મનમોહકતા

અને યૌવન વગેરે અનંત સ્વસ્વરૂપના દિવ્ય ગુણોનો તો ખજાનો છે. એ ગુણો કેવા છે ? તો, પોતાને અતિ મનપસંદ, સદા એક સરખા રહેનારા, અચિંત્ય, નિત્ય, અદ્‌ભુત અને નિર્દોષ છે. દિવ્યરૂપવાળા એવા તે શ્રીહરિ અપાર કરુણા, સુશીલતા - સરળતા, વાત્સલ્ય, ઉદારતા અને ઐશ્વર્યાદિક જે સુસ્વભાવો તેના તો મહાસાગર છે.

વળી, ગરીબ કે તવંગર, પાપી કે પુણ્યશાળી, પાત્ર કે કુપાત્ર આવા કોઈ પણ પ્રકારના ભેદભાવ રાખ્યા વિના તમામ લોકોને શરણે લઈ તેમનું ભલું કરનારા છે. અનાદિસિદ્ધ અને અવધિએ રહિત એવા અતિશય જ્ઞાન, બળ, ઐશ્વર્ય, વીર્ય, શક્તિ અને તેજ વગેરે અસંખ્ય કલ્યાણકારી ગુણોના સમૂહનો તે શ્રીહરિ નિધિ છે. તેમને ક્યારેય એક પણ દોષ સ્પર્શી શકતો નથી. વિવિધ પ્રકારના અનંત ભોગ્ય પદાર્થો, ભોક્તાઓ, ભોગનાં સાધનો અને સ્થાનો તેનાથી તેઓ સદા પૂર્ણકામ છે. અને અનંતકોટી બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તો તેમની લીલા છે. આવા અનુપમ સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને વિભૂતિવાળા તે શ્રીહરિ છે.

વળી, તેઓ ભક્તજનોને શ્રેષ્ઠ આનંદના દેનારા છે. સંતો તેમને અતિ વહાલા છે તથા એકાંતિક સંતો-ભક્તોના અતિ પ્યારા છે. તે શ્રીહરિ અનંત આત્માઓના ઉદ્ધાર માટે મનુષ્યરૂપે પ્રગટ થયા છે. તેઓ નવા વાદળ જેવા શોભાયમાન, સર્વ જનોનાં મનને હરે એવા મંગળરૂપવાળા છે. આવા પ્રેમવતી અને ધર્મદેવના પુત્ર નારાયણમુનિ શ્રીસ્વામિનારાયણ ભગવાનને હું(ગોપાળાનંદસ્વામી) વારંવાર નમસ્કાર કરું છું."

प्रथमोऽध्यायः

अर्जुनविषादयोगः

कौरवपाण्डवयुद्धकथाज्ञानार्थं जनमेजयेन राज्ञा पृष्टो मुनिर्वैशम्पायनः सञ्जयधृतराष्ट्रसंवादेन कौरवपाण्डवयोर्युद्धकथामाह – धर्मक्षेत्र इति ।

धृतराष्ट्र उवाच –

अनुष्टुप्वृत्तम् :

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ॥
मामकाः पाण्डवाश्चैव किमकुर्वत ? सञ्जय ! ॥१ ॥

हे सञ्जय! युयुत्सवः - पूर्वं योद्धुमिच्छन्तः। धर्मक्षेत्रे - धर्मस्य देवयजनरूपस्य वृषस्य क्षेत्रं - भूमिः, देवयजनकरणस्थानमित्यर्थः, तस्मिन् - कुरुक्षेत्रे। तत्र जाबालश्रुतिः - "यदनु कुरुक्षेत्रं देवानां देवयजनं सर्वेषां भूतानां ब्रह्मसदनम्"(जाबालो.१/१) इति। तथा शतपथश्रुतिश्च "कुरुक्षेत्रं देवयजनम्" इति। समवेताः - सङ्गताः, मामकाः - मदीयाः पुत्राः, पाण्डवाः - पाण्डुपुत्राश्च, किमकुर्वत ? - किं कुर्वन्ति स्म ? ।।१ ।।

કૌરવો અને પાંડવોના યુદ્ધની કથા જાણવા માટે જનમેજય રાજાએ વૈશંપાયન મુનિને પ્રશ્ન પૂછ્યો હતો. તેથી વૈશંપાયન મુનિ તેને સંજય તથા ધૃતરાષ્ટ્રના સંવાદવાળી તે કથા સંભળાવે છે. તેમાં વ્યાસજીની કૃપાથી દીર્ઘદૃષ્ટિ પામેલા સંજયને ધૃતરાષ્ટ્ર આ રીતે પૂછે છે કે,

'હે સંજય ! દેવયજ્ઞાદિક ધર્મના સ્થાનરૂપ કુરુક્ષેત્રને વિશે ભેગા થયેલા અને પ્રથમથી જ યુદ્ધ કરવાને ઇચ્છતા એવા જે મારા પુત્ર દુર્યોધનાદિક અને પાંડુના પુત્ર યુધિષ્ઠિરાદિક તે શું કરે છે ?' ॥૧॥

सञ्जय उवाच –

दृष्ट्वा तु पाण्डवानीकं व्यूढं दुर्योधनस्तदा ॥
आचार्यमुपसङ्गम्य राजा वचनमब्रवीत् ॥२॥

सञ्जय उवाच – दृष्ट्वा त्विति। पाण्डवानामनीकम् – पृतनां, व्यूढम् – धृष्टद्युम्नादिभिः शकटव्यूहादिव्यूहरचनया रचितं, युद्धयोग्यं कृतम् इत्यर्थः। दृष्ट्वा – नेत्रीयवेदनविषयीकृत्य, तदा – आहवोद्योगकाले, आचार्यम् – द्रोणसंज्ञं धनुर्विद्याप्रवर्तकम्, उपसङ्गम्य – समीपं गत्वा, राजा – दुर्योधनः, वक्तुमिष्यमाणं वचनमुवाच ॥२॥

❋ બન્ને પક્ષની સેનાનું વર્ણન :

પછી સંજયે ધૃતરાષ્ટ્રને કહ્યું કે, 'હે રાજન્ ! યુદ્ધના આરંભે ધૃષ્ટદ્યુમ્નાદિકે પાંડવોનું સૈન્ય શકટવ્યૂહાદિકની ગોઠવણમાં ઊભું રાખ્યું છે. તેને જોઈને રાજા દુર્યોધન દ્રોણાચાર્ય પાસે જઈ આ રીતે કહેવા લાગ્યા.॥૨॥

तदेव वाक्यं वदति – पश्यैतामित्यादिनवश्लोकैः ।

पश्यैतां पाण्डुपुत्राणामाचार्य ! महतीं चमूम् ॥
व्यूढां द्रुपदपुत्रेण तव शिष्येण धीमता ॥३॥

पश्यैतामिति। हे आचार्य! एताम् – अतिनिकटत्वेन भवद्विधानपि महतस्तिरस्कृत्याऽभयत्वेन स्थितां पाण्डुपुत्राणां, महतीम् – शत्रुभिर्जेतुम् अशक्यत्वादुत्कृष्टां, चमूम् – सैन्यं, पश्य – दृष्टिगोचरीकुरु। कथम्भूताम् ? तव शिष्येण – शिक्षायोग्येन, त्वच्छिष्यत्वाद् धीमता – शकटव्यूहादि-

व्यूहरचनायां ज्ञानवता, कुशलेन इति यावत्, द्रुपदपुत्रेण - धृष्टद्युम्नेन, व्यूढाम् - व्यूहरचनया स्थापिताम् ।।३।।

'હે દ્રોણાચાર્ય ! સૈન્યની વ્યૂહરચના ગોઠવવામાં હોંશિયાર એવા તમારા શિષ્ય દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ને વ્યૂહરચનામાં ગોઠવેલી તથા તમારા જેવા મહા શૂરવીરને પણ અવગણીને નિર્ભયપણે અતિ નજીક ઊભેલી ને શત્રુ થકી જીતી ન શકાય એવી આ પાંડવોની શ્રેષ્ઠ સેના તમે જુઓ.।।૩।।

अत्र शूरा महेष्वासा भीमाऽर्जुनसमा युधि ॥
युयुधानो विराटश्च द्रुपदश्च महारथः ।।४।।

धृष्टकेतुश्चेकितानः काशिराजश्च वीर्यवान् ॥
पुरुजित्कुन्तिभोजश्च शैब्यश्च नरपुङ्गवः ।।५।।

अत्रेति । अत्र - अस्यां सेनायाम्, महेष्वासा – महान्तः इष्वासा - धनूंषि येषां ते, युधि - रणे, भीमाऽर्जुनसमाः - भीमाऽर्जुनाभ्यां तुल्याः शूरा भवन्ति । तानेवाभिधानैर्दर्शयति – युयुधानः - सात्यकिः, विराटश्च, द्रुपदश्च - द्रौपदीपिता। महारथ इति त्रयाणां विशेषणमस्ति ।।४।।

धृष्टकेतुरिति । धृष्टकेतुः, चेकितानश्च, काशिराजश्च, त्रयो राजान इमे । तेषां विशेषणं वीर्यवानिति। पुरुजित्कुन्तिभोजशैब्यानां 'नरपुङ्गवः' इति विशेषणं भवति । नरपुङ्गवः - नरश्रेष्ठः ।।५।।

આ પાંડવોની સેનાને વિષે ભીમ અને અર્જુન સમાન સામર્થ્યવાળા મોટા ધનુર્ધારી ઘણાક શૂરવીરો છે. જેમ કે, મહારથી એવા યુયુધાન - સાત્યકી, મહારથી વિરાટ રાજા, મહારથી દ્રુપદ રાજા, પરાક્રમી એવા ધૃષ્ટકેતુ રાજા, ચેકીતાન રાજા અને કાશીરાજ; તેમજ નરોમાં શ્રેષ્ઠ એવા પુરુજીત, કુંતિભોજ અને શૈબ્ય રાજા. ।।૪-૫।।

युधामन्युश्च विक्रान्त उत्तमौजाश्च वीर्यवान् ॥
सौभद्रो द्रौपदेयाश्च सर्व एव महारथाः ॥६॥

युधामन्युरिति। विक्रान्तो युधामन्युर्नामैको राजा, वीर्यवांश्चोत्तमौजाः द्वितीयः। अथवा उक्तेषु नृपेषु सर्वाणि विशेषणानि समुच्चित्य सर्वत्र योजनीयानि। सौभद्रः - सुभद्रासुतोऽभिमन्युः, द्रौपदेयाश्च - द्रौपद्यां पाण्डवेभ्य उत्पन्नाः प्रतिविन्ध्याद्याः पञ्च पुत्राः, चकारादन्येऽपि पाण्ड्य-राजादयः। सर्व एव महारथाः - सर्वेऽपि महारथा एव, नैकोऽपि न्यूनः। लक्षणं प्रोक्तं महारथादीनाम् - "एको दशसहस्राणि योधयेद्यस्तु धन्विनाम्। शस्त्रशास्त्रप्रवीणश्च महारथ इति स्मृतः॥ अमितान् योधयेद्यस्तु सम्प्रोक्तः अतिरथस्तु सः। रथी त्वेकेन यो युद्ध्येत्तन्न्यूनोऽर्द्धरथो मतः" इति॥६॥

વળી, સર્વને અતિશય ભય ઉપજાવનાર યુધામન્યુ, પરાક્રમી ઉત્તમૌજા, સુભદ્રાનો પુત્ર અભિમન્યુ અને દ્રૌપદીના પ્રતિવિંધ્યાદિક પાંચ પુત્રો અને તે સિવાય બીજા પણ પાંડ્ય રાજા વગેરે મહારથીઓ પાંડવોના સૈન્યમાં છે. જે એક સાથે દસ હજાર ધનુર્ધારી યોદ્ધાઓ સાથે યુદ્ધ કરી શકે અને શસ્ત્ર તથા શાસ્ત્રમાં કુશળ હોય તેને **'મહારથી'** કહેવાય. જે એક સાથે દસ હજારથી પણ વધારે-અમાપ યોદ્ધાઓ સાથે યુદ્ધ કરી શકે તેને **'અતિરથી'** કહેવાય. જે એક જ યોદ્ધા સાથે લડી શકે તે **'રથી'** કહેવાય. જે તેનાથી પણ ન્યૂન હોય તેને **'અર્ધરથી'** કહેવાય. ॥૬॥

अस्माकं तु विशिष्टा ये तान्निबोध द्विजोत्तम ! ॥
नायका मम सैन्यस्य संज्ञार्थं तान्ब्रवीमि ते ॥७॥

अस्माकं त्विति। हे द्विजोत्तम ! अस्माकं ये विशिष्टाः - उत्कृष्टाः, तान्निबोध - मत्तो जानीहि। ये च मम सैन्यस्य नायकाः - मुख्या नेतारः, सन्ति तान् संज्ञार्थम् - असङ्ख्येषु तेषु नामभिरुपलक्षयितुं, ते ब्रवीमि ॥७॥

બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ એવા હે દ્રોણાચાર્ય ! હવે આપણી સેનામાં જે જે શ્રેષ્ઠ પુરુષો છે તેને કહું છું; તથા આપણી સેનામાં જે મુખ્ય સેનાનાયકો છે, તેમનાં પણ નામો હું તમને જણાવું છું. ॥૭॥

तेषु उभयेषु विशिष्टनायकेषु प्रथमतः श्रेष्ठान् द्योतयति – भवानिति ।

भवान् भीष्मश्च कर्णश्च कृपश्च समितिञ्जयः ॥
अश्वत्थामा विकर्णश्च सौमदत्तिस्तथैव च ॥८॥

भवान् – द्रोणः, भीष्मश्च, कर्णः – राधेयः, कृपः – कृपाचार्यश्च, समितिञ्जयः – सङ्ग्रामजेता। समितिञ्जय इति चतुर्णां विशेषणम्,कृपविशेषणं वा। ततो नायकानाह — अश्वत्थामा – कृपीसुतः, विकर्णः कनिष्ठस्वभ्राता। तथैव सौमदत्तिः – सोमदत्तापत्यम् उत्कृष्टत्वाद्भुरिश्रवाश्च, जयद्रथ इति क्वचित्पाठः, जयद्रथः – सिन्धुराजः ।।८।।

તે શ્રેષ્ઠ પુરુષોમાં એક તો આપ, બીજા ભીષ્મપિતા, ત્રીજો કર્ણ અને ચોથા કૃપાચાર્ય - આ ચાર યુદ્ધના જીતનાર છે. વળી, સેનાના નાયકો એવા તમારા પુત્ર અશ્વત્થામા, મારો નાનો ભાઈ વિકર્ણ અને સોમદત્તનો પુત્ર ભુરિશ્રવા. ॥૮॥

अन्ये च बहवः शूरा मदर्थे त्यक्तजीविताः ॥
नानाशस्त्रप्रहरणाः सर्वे युद्धविशारदाः ॥९॥

अन्य इति। अन्ये च शल्यकृतवर्माद्या बहवः शूराः सन्ति। कथंभूताः ? मदर्थे – मत्प्रयोजनाय, त्यक्तजीविताः नानाशस्त्रप्रहरणसामर्थ्यवन्तः सर्वे युद्धकुशलाः ।।९।।

આ સિવાય બીજા પણ શલ્ય ને કૃતવર્માદિક ઘણાક શૂરવીરો આપણી સેનામાં છે. તે સર્વે વિવિધ પ્રકારનાં શસ્ત્રપ્રહાર કરવામાં સમર્થ, યુદ્ધ કરવામાં નિપુણ અને મારા માટે પોતાના પ્રાણનો પણ ત્યાગ કરનારા છે.' ॥૯॥

सुयोधनः पुनरपि सैन्यद्वयं विलोक्य वदति – अपर्याप्तमिति ।

अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम् ॥
पर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम् ॥१०॥

तत् – पूर्वोक्तैर्विशिष्टैर्नायकैश्च सहितमपि, भीष्मेणाभिरक्षितमपि अस्मदीयं बलम् – अनीकं, अपर्याप्तम् – तेषां सैन्येन समं युद्धं कर्तुं पर्याप्तं – समर्थं, न भाति । एतेषां मम शत्रूणामिदं बलं तु भीमेनाभिरक्षितं सत् पर्याप्तं – समर्थं, भाति । पितामहस्य पक्षद्वयपातित्वादस्मत्सैन्यं शत्रुसैन्यजयं प्रत्यसमर्थम् । वृकोदरस्यैकपक्षवृत्तित्वात्तद्बलं तु समर्थमिति भावः ॥१०॥

આટલું કહ્યા બાદ બંનેના સેન્યને જોઈને રાજા દુર્યોધન ફરીથી કહેવા લાગ્યા, ‘ઉપર કહેલા શ્રેષ્ઠ શૂરવીરો તથા સેનાનાયકોએ યુક્ત અને ભીષ્મપિતા વડે સારી રીતે રક્ષાયેલું હોવા છતાં પણ હે આચાર્ય ! આપણું સૈન્ય મને પાંડવોના સૈન્ય સામે નબળું જણાય છે. જ્યારે ભીમ દ્વારા સારી પેઠે રક્ષાયેલું એવું મારા શત્રુ યુધિષ્ઠિરાદિકનું સૈન્ય તો આપણા સૈન્યને યુદ્ધમાં હઠાવી દેવા સમર્થ જણાય છે. શા માટે ? તો ભીષ્મપિતાને ઉપર થકી મારો ને અંતરથી તો પાંડવોનો પક્ષ છે. જ્યારે ભીમને તો સર્વ પ્રકારે પોતાનો જ એક પક્ષ છે.’ ॥૧૦॥

अतः परं कर्तव्यविशेषं द्योतयति – अयनेषु चेति ।

अयनेषु च सर्वेषु यथाभागमवस्थिताः ॥
भीष्ममेवाभिरक्षन्तु भवन्तः सर्व एव हि ॥११॥

(सर्वेषु) अयनेषु – व्यूहगमनवर्त्मसु, यथाभागं विभक्ताः – स्वं स्वं रणस्थानम् अत्यक्त्वावस्थिताः सन्तः, भवन्तः सर्वेऽपि युद्धाभिनिवेशादग्रतः पार्श्वतः पृष्टतश्चावीक्षमाणं भीष्मं पृतनापतिमेव रक्षन्तु । सैन्यपतिभीष्मरक्षणेन सर्वेषां रक्षणं भविष्यतीत्यभिप्रायः ॥११॥

આ રીતે દ્રોણાચાર્યને કહીને પછી દુર્યોધન પોતાના યોદ્ધાઓને કહેવા લાગ્યો કે, 'વ્યૂહરચનાના જુદા જુદા વિભાગમાં વહેંચાયેલા તમે સર્વે પોતપોતાના સ્થાનકને વિશે રહીને આપણા સેનાપતિ એવા ભીષ્મપિતાની સર્વ પ્રકારે રક્ષા કરજો. શા માટે ? તો, તેઓ યુદ્ધમય થઈ જાય ત્યારે તેમને આગળ-પાછળ કે આજુ-બાજુની ખબર રહે નહીં. વળી, સેનાપતિની રક્ષા કરવાથી આપણા સહુની રક્ષા થાશે.' ॥૧૧॥

मानबहुलं तद्दुर्योधनवचनमाश्रुत्य गङ्गापुत्रेण किं कृतम् ? तद्वदति – तस्येति ।

तस्य सञ्जनयन् हर्षं कुरुवृद्धः पितामहः ॥
सिंहनादं विनद्योच्चैः शङ्खं दध्मौ प्रतापवान् ॥१२॥

तस्य – वक्तुः, हर्षं जनयन्नुत्पादयन्कुरुवृद्धः प्रतापवान् पितामहः – भीष्मः, उच्चैः – उच्चस्वरेणादौ सिंहनादम् – सिंहनादसदृशं शब्दं, कृत्वा शङ्खं दध्मौ – तदनन्तरं शङ्खनादं कृतवानित्यर्थः ।।१२।।

હવે સંજય ધૃતરાષ્ટ્રને કહે છે કે, 'એવી રીતે ઉદાસ થઈને બોલી રહેલ દુર્યોધનને હર્ષ ઉપજાવવા માટે કુરુકુળમાં સૌથી વૃદ્ધ અને પ્રતાપી એવા ભીષ્મપિતાએ સિંહનાદ કર્યો. પછી જોરથી શંખ વગાડ્યો. ॥૧૨॥

पृतनापतेः शान्तनवस्याहवोत्साहं ज्ञात्वा सर्वत्र सङ्ग्रामोत्सव उत्पन्न इति वदति – ततः शङ्खा इति ।

ततः शङ्खाश्च भेर्यश्च पणवानकगोमुखाः ॥
सहसैवाभ्यहन्यन्त स शब्दस्तुमुलोऽभवत् ॥१३॥

ततः – गाङ्गेयस्य बलपतेः प्रवृत्यनन्तरम् । पणवा आनका गोमुखाश्च वाद्यविशेषाः, सहसा – तत्कालमेव, अभ्यहन्यन्त – वादितवन्तः । 'कर्म-कर्तरि लङ्प्रयोगः' । ततः स शब्दः – भेर्यादिवाद्यशब्दः, तुमुलः – महान्

अभवत् । अशूराणां भयजनक आसीत्, महाशूराणां पाण्डवानां तु युद्धोत्साहप्रद इति भावः ।।१३।।

મહા બળવાન ભિષ્મપિતાના શંખનાદ પછી કૌરવની સેનામાં શંખ, ભેરી, ઢોલ, નગારાં અને રણશીંગાં એ આદિ સર્વ એક જ સમયે વાગવા લાગ્યાં. તે વાજાંનો શબ્દ એવો ભયંકર થયો કે, જે કાયર હતા તેમને મોટો ભય ઊપજ્યો. પરંતુ મહા શૂરવીર એવા પાંડવોને તો તે ધ્વનિ યુદ્ધ કર્યામાં મોટો ઉત્સાહ જગાડનારો થયો.' ॥૧૩॥

अथ पाण्डवेयबले सम्प्रवृत्तं सङ्ग्रामोत्साहं प्रकाशयति – तत इत्यादिश्लोकपञ्चकेन ।

ततः श्वेतैर्हयैर्युक्ते महति स्यन्दने स्थितौ ॥
माधवः पाण्डवश्चैव दिव्यौ शङ्खौ प्रदध्मतुः ॥१४॥

ततः श्वेतैर्हयैरश्वैः युक्ते महति स्यन्दने – रथे, स्थितौ – स्थितवन्तौ, माधवपाण्डवौ – वासुदेवाऽर्जुनौ, दिव्यौ शङ्खौ प्रदध्मतुः – प्रकर्षेण ध्वनयामासतुः ।।१४।।

હવે પાંડવોની સેનામાં પ્રવર્તેલા યુદ્ધ કર્યાના ઉત્સાહને સંજય વર્ણવે છે કે, 'ત્યાર પછી ધોળા ઘોડાઓથી યુક્ત મોટા રથમાં બેઠેલા અર્જુનના સારથી શ્રીકૃષ્ણ ભગવાન તથા પાંડુપુત્ર અર્જુન, એ બંનેએ પોતપોતાના દિવ્ય શંખોને જોરથી વગાડ્યા.' ॥૧૪॥

प्रतिभटं वाद्यविशेषं दर्शयति – पाञ्चजन्यमित्यादिभिः ।

पाञ्चजन्यं हृषीकेशो देवदत्तं धनञ्जयः ॥
पौण्ड्रं दध्मौ महाशङ्खं भीमकर्मा वृकोदरः ॥१५॥

श्रीकृष्णाऽर्जुनादयः पृथक्पृथक् पाञ्चजन्यादीन् शङ्खान् दध्मुः – वादयामासुः । (भीमकर्मा –) भीमम् – भयानकं, कर्म यस्य सः ।।१५।।

હવે પાંડવપક્ષમાં કોણે કોણે, કયા કયા શંખો વગાડ્યા ? તે સંજય ધૃતરાષ્ટ્ર પ્રત્યે કહે છે, "હે ધૃતરાષ્ટ્ર ! હૃષિકેશ એટલે કે, ઇન્દ્રિયોના નિયંતા ને પ્રેરક એવા શ્રીકૃષ્ણ ભગવાને 'પાંચજન્ય' નામનો શંખ વગાડ્યો. ધનંજય એટલે કે, અર્જુને 'દેવદત્ત' નામનો શંખ વગાડ્યો. અને ભયાનક કાર્યવાળા ભીમસેને 'પૌન્ડ્ર' નામનો મોટો શંખ વગાડ્યો. ॥૧૫॥

अनन्तविजयं राजा कुन्तिपुत्रो युधिष्ठिरः ॥
नकुलः सहदेवश्च सुघोषमणिपुष्पकौ ॥१६॥

अनन्तविजयमित्यादि स्पष्टम् ।।१६।।

કુંતાના પુત્ર એવા યુધિષ્ઠિર રાજાએ 'અનંતવિજય' નામનો, નકુલે 'સુઘોષ' નામનો અને સહદેવે 'મણિપુષ્પક' નામનો શંખ વગાડ્યો.॥૧૬॥

काश्यपश्च परमेष्वासः शिखण्डी च महारथः ॥
धृष्टद्युम्नो विराटश्च सात्यकिश्चापराजितः ॥१७॥

इषवः – शरा अस्यन्ते क्षिप्यन्ते अनेनेति इष्वासः – धनुः, परमः – उत्कृष्ट इष्वासो यस्य सः। अपराजितः – केनापि पराजयविषयीकर्तुम् अशक्यत्वात् । यद्वा चापराजित इति समस्तं पदं, चापेन – धनुषा, राजितः – प्रदीप्त इति ।।१७।।

શ્રેષ્ઠ ધનુષવાળા એવા રાજા કાશિરાજ, મહારથી શિખંડી, કોઈથી પણ ન જિતાય એવા ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ રાજા અને સાત્યકિ – એ સર્વેએ પોતપોતાના શંખ વગાડ્યા. ॥૧૭॥

द्रुपदो द्रौपदेयाश्च सर्वशः पृथिवीपते ! ॥
सौभद्रश्च महाबाहुः शङ्खान्दध्मुः पृथक्पृथक् ॥१८॥

पृथिवीपते ! – हे धृतराष्ट्र ! द्रौपदेयाः – द्रौपदीपुत्राः प्रतिविन्ध्यादयः पञ्च। सौभद्रः – सुभद्राया अपत्यं पुमान् सौभद्रः अभिमन्युः ।।१८।।

હે પૃથ્વીપતિ રાજા ધૃતરાષ્ટ્ર ! ત્યાર પછી રાજા દ્રુપદ, દ્રૌપદીના પ્રતિવિંધ્યાદિક પાંચ પુત્રો અને સુભદ્રાના મોટા હાથવાળા પુત્ર અભિમન્યુએ પોતપોતાના જુદા જુદા શંખ વગાડ્યા. ॥૧૮॥

तैः कृतः शङ्खनादो दुर्योधनसैन्ये भयजनकोऽभूदित्याह – स इति ।

स घोषो धार्त्तराष्ट्राणां हृदयानि व्यदारयत् ॥
नभश्च पृथिवीं चैव तुमुलो व्यनुनादयन् ॥१९॥

तुमुलः स घोषो धार्त्तराष्ट्राणाम् – तावकानां, हृदयानि – मनांसि व्यदारयत् – विदारणमकरोत्, मनःक्षोभजनकोऽभूदिति भावः । किं कुर्वन् ? नभश्च पृथिवीं च व्यनुनादयन् – प्रतिशब्दैर्व्याप्नुवन् ।।१९।।

હે ધૃતરાષ્ટ્ર ! તે પાંડવપક્ષના શંખોના ધ્વનિએ દુર્યોધન વગેરે તમારા પુત્રોનાં અંતરને ભેદી નાખ્યું. એટલે કે, 'અમારું સૈન્ય નાશ પામી જશે કે શું..?!' એમ તમારા પુત્રોને મનમાં ભય લાગ્યો. કેમ કે, તે મહા ભયાનક ધ્વનિએ પોતાના પડછંદાઓથી પૃથ્વી અને આખા આકાશને પણ ગજાવી દીધો હતો. ॥૧૯॥

तदनन्तरमर्जुनस्य युद्धोद्योगमाह — अथेत्यादिभिः ।

अथ व्यवस्थितान्दृष्ट्वा धार्त्तराष्ट्रान्कपिध्वजः ॥
प्रवृत्ते शस्त्रसम्पाते धनुरुद्यम्य पाण्डवः ॥२०॥
हृषीकेशं तदा वाक्यमिदमाह महीपते ! ॥
सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ! ॥२१॥

अथ – शङ्खनादकरणानन्तरं, कपिर्ध्वजे यस्य सः पाण्डुपुत्रः अर्जुनः, योद्धुं व्यवस्थितान् धार्त्तराष्ट्रान्दृष्ट्वा शस्त्रसम्पाते प्रवृत्ते सति धनुरुद्यम्य, हे महीपते ! तदा हृषीकेशं प्रति, इदम् – वक्ष्यमाणं, वाक्यमाह – हे अच्युत ! उभयोः सन्निहितयोः सेनयोर्मध्ये मे रथं स्थापय ।।२०-२१ ।।

कुत्र रथस्थापनं करोमि ? मध्यभागबहुलत्वादित्याशङ्कायामाह – यावदिति ।

यावदेतान्निरीक्षेऽहं योद्धुकामानवस्थितान् ॥
कैर्मया सह योद्धव्यमस्मिन् रणसमुद्यमे ॥२२॥

योद्धुं कामो येषां तान्, अवस्थितान् – रणे स्थिरीभूतान् एतान् भीष्मादीन् यावद्गत्वाहं निरीक्षे – निरीक्षितुं क्षमः स्याम्, तावत् प्रदेशे रथं स्थापयेत्यर्थः ।

ननु भवान् युद्धकर्ता न तु सङ्ग्रामप्रेक्षकः, अतस्तवैषां प्रेक्षणेन किमित्यत्राह – कैरिति। अस्मिन् रणसमुद्यमे – सम्बन्धिनामेव अन्योऽन्यसङ्ग्रामोद्योगे मया कैः सह योद्धव्यम् – युद्धं कर्तव्यम् ? इति ज्ञानमेव रथस्थापनप्रयोजनं, न तु युद्धप्रेक्षणमिति भावः ।।२२।।

✵ અર્જુનનું સેના નિરીક્ષણ :

હે પૃથ્વીપતિ ! શંખનાદ કર્યા બાદ જેના રથની ધજામાં હનુમાનજીનું ચિહ્ન છે એવા અર્જુને દુર્યોધનાદિકને યુદ્ધ માટે તૈયાર થયેલા જોયા; તેથી તેણે પણ લડવા માટે પોતાનું ધનુષ હાથમાં લઈને શ્રીકૃષ્ણને કહ્યું કે, 'હે અચ્યુત ! મારા રથને બંને પક્ષની સેનાના મધ્યે એટલો નજીક ઊભો રાખો કે હું યુદ્ધ કરવા સામે ઊભેલા ભીષ્મપિતાદિક સર્વને સારી પેઠે જોઈ શકું. જેથી પરસ્પર સંબંધીઓના આ યુદ્ધમાં મારે કોની કોની સાથે યુદ્ધ કરવાનું છે ? અર્થાત્ મારે કોને કોને મારવાના છે ? તે જાણી શકું. ॥૨૦-૨૨॥

योत्स्यमानानवेक्षेऽहं य एतेऽत्र समागताः ॥
धार्त्तराष्ट्रस्य दुर्बुद्धेर्युद्धे प्रियचिकीर्षवः ॥२३॥

योत्स्यमानानिति। दुर्बुद्धेः धार्तराष्ट्रस्य – दुर्योधनस्य युद्धे प्रियचिकीर्षवः – युद्धे एव प्रियं कर्तुमिच्छन्तो न तु दुर्बुद्ध्यपनयनादौ। य

एते राजानोऽत्र समागताः, तान् योत्स्यमानानहमवेक्षे – उपलभे, न तु सन्धिकामान्। अतः सङ्ग्रामाय तेषामवलोकनमुचितमेवेति भावः।।२३।।

વળી, સંધિ-સમાધાન કરાવવા માટે નહિ પણ યુદ્ધ માટે ઉત્સુક એવા તે રાજાઓને પણ હું નીરખી લઉં કે, જેઓ દુષ્ટબુદ્ધિવાળા દુર્યોધનનું યુદ્ધમાં જ હિત ઇચ્છે છે, પણ તેની દુર્બુદ્ધિ-અન્યાય વગેરે છોડાવીને તેનું હિત નથી ઇચ્છતા. તેને યુદ્ધ માટે ઓળખી લેવા તે યોગ્ય જ છે."॥૨૩॥

तदनन्तरं धृतराष्ट्रं प्रति सञ्जय उवाच — एवमिति ।

सञ्जय उवाच –

एवमुक्तो हृषीकेशो गुडाकेशेन भारत ! ॥
सेनयोरुभयोर्मध्ये स्थापयित्वा रथोत्तमम् ॥२४॥

भीष्मद्रोणप्रमुखतः सर्वेषां च महीक्षिताम् ॥
उवाच पार्थ ! पश्यैतान् समवेतान् कुरुनिति ॥२५॥

हे भारत ! – हे भरतवंशोत्पन्न धृतराष्ट्र ! गुडाकेशेन – गुडाकाया निद्राया ईशस्तेन – जितगुडाकेनाऽर्जुनेनैवमुक्तः, हृषीकेशः – हृषीकाणां सर्वजनेन्द्रियाणामीशः – नियन्ता श्रीकृष्णः, उभयोः सेनयोर्मध्ये, भीष्मद्रोण-प्रमुखतः – तयोः सन्मुखे, सर्वेषां महीक्षितां – राज्ञां च सन्मुखे रथोत्तमम् – अग्निना दत्तं पुरुषोत्तमेन सारथिना अधिष्ठिततया च सर्वोत्तमं रथं स्थापयित्वा, हे पार्थ ! समवेतान् – सङ्गतान्, एतान् कुरून् पश्येत्युवाच ।।२४-२५।।

હવે સંજય ધૃતરાષ્ટ્ર પ્રત્યે કહે છે કે, "હે ભારત ! એટલે કે, ભરતવંશને વિશે ઉત્પન્ન થયા એવા હે ધૃતરાષ્ટ્ર ! ગુડાકેશે એટલે કે, નિદ્રા જેમણે જીતી લીધી છે એવા અર્જુને શ્રીકૃષ્ણ ભગવાનને ઉપર પ્રમાણે કહ્યું. પછી, અગ્નિદેવે આપેલો હોવાથી અને સ્વયં ભગવાન એના સારથી હોવાથી સર્વ થકી ઉત્તમ એવા તે અર્જુનના રથને શ્રીકૃષ્ણે

બે સેનાના મધ્યમાં ભીષ્મપિતા, દ્રોણાચાર્ય તથા સર્વે રાજાઓની સન્મુખ ઊભો રાખ્યો. પછી અર્જુનને કહ્યું કે, 'હે અર્જુન ! અહીં ભેગા થયેલા એવા આ દુર્યોધનાદિક કૌરવોને તથા તેમના પક્ષના સર્વે રાજાઓને તું જો.' ॥૨૪-૨૫॥

समरसमारम्भाय भगवतोक्तं वचनम् आश्रुत्य अर्जुनः किमकुर्वत ? इत्यत्राह – तत्रेति ।

तत्रापश्यत् स्थितान् पार्थः पितॄनथ पितामहान् ॥
आचार्यान्मातुलान्भ्रातॄन्पुत्रान्पौत्रान्सखींस्तथा ॥२६॥

तत्र सङ्ग्रामसमारम्भकाले उभयोः सेनयोरपि स्थितान् पार्थः अपश्यदित्यन्वयः । तेषु योत्स्यमानान् परसैनीयान्दर्शयति – पितॄन् – पितृव्यान् भूरिश्रवःप्रभृतीन्, पितामहान् – भीष्मसोमदत्तादीन्, आचार्यान् – द्रोणकृपादीन्, मातुलान् – शल्यशकुनिप्रभृतीन्, भ्रातॄन् – दुर्योधनादीन्, पुत्रान् – लक्ष्मणप्रभृतीन्, पौत्रान् – तदादीनां सुतान्, सखीन् – अश्वत्थामजयद्रथादीन् सवयसः ।।२६।।

પછી અર્જુને યુદ્ધ કરવાને અર્થે સામા આવીને ઊભેલા એવા કાકા ભૂરિશ્રવાદિકને; પિતામહ ભીષ્મ, સોમદત્તાદિકને; આચાર્ય દ્રોણ, કૃપ વગેરેને; મામા શલ્ય, શકુનિ વગેરેને અને દુર્યોધનાદિક ભાઈઓને તેમજ તેના લક્ષ્મણ આદિક પુત્રો તથા પૌત્રોને અને પોતાના બરોબરિયા અશ્વત્થામા, જયદ્રથ વગેરેને પણ જોયા. ॥૨૬॥

श्वशुरान् सुहृदश्चैव सेनयोरुभयोरपि ॥
तान् समीक्ष्य स कौन्तेयः सर्वान्बन्धूनवस्थितान् ॥
कृपया परयाविष्टो विषीदन्निदमब्रवीत् ॥२७॥

श्वशुरानिति । सुहृदः – मित्राणि कृतवर्मभगदत्तादीन्, सुहृद इत्यनेन

यावन्त उपकारकर्तारश्च ते ज्ञातव्याः। एवं स्वसैन्येऽप्युपलक्षणीयम्। सः कौन्तेयः परस्परं योद्धुमवस्थितान् तान् सर्वान् बन्धून् समीक्ष्य परया कृपया आविष्टः – व्याप्तो, विषीदन् सन् इदं वाक्यमब्रवीत् ।।२७।।

વળી, બંને પક્ષની સેનામાં રહેલા એવા દ્રુપદ વગેરે સસરાઓને, પોતાના ઉપર ઉપકાર કરનારા એવા કૃતવર્મા અને ભગદત્ત આદિક મિત્રોને તથા એ સિવાયના પરસ્પર યુદ્ધ કરવાને અર્થે સામસામા ઊભેલાં સર્વે સગાં-વહાલાંને જોઈને અર્જુનજી અતિશય દયાયુક્ત થઈ ગયા. પછી ખેદને પામતા થકા શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યે આવું વચન બોલ્યા." ॥૨૭॥

तदेवाह – दृष्ट्वेममित्यारभ्य यदि मामित्यन्तैः श्लोकैः ।

अर्जुन उवाच –

दृष्ट्वेमं स्वजनं कृष्ण ! युयुत्सुं समुपस्थितम् ॥
सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति ॥२८॥

हे कृष्ण ! युयुत्सुम् – युद्धं चिकीर्षन्तं, समुपस्थितम् – समीपस्थम्, इमं स्वजनम् – स्वकीयसम्बन्धिजनसमूहं दृष्ट्वा मम गात्राणि – मदीय अङ्गानि सीदन्ति – शिथिलीभवन्ति, मुखं च परिशुष्यति ।।२८।।

❋ અર્જુનનાં મોહ તથા શોકભર્યાં વચનો :

"હે કૃષ્ણ ! યુદ્ધ કરવાની ઈચ્છાથી સામે આવીને ઊભેલા એવા મારા આ સંબંધીજનોના સમૂહને જોઈને મારા હાથ-પગ આદિક સર્વે અંગો ઢીલાં પડી રહ્યાં છે અને મારું મુખ સુકાઈ રહ્યું છે. ॥૨૮॥

वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ॥
गाण्डीवं स्रंसते हस्तात्त्वक्चैव परिदह्यते ॥
न च शक्नोम्यवस्थातुं भ्रमतीव च मे मनः ॥२९॥

वेपथुरिति । मे शरीरे वेपथुश्च – कम्पो, जायते – उत्पद्यते, रोमहर्षः – रोमोद्गमः – पुलकितत्वं चेति यावत् । हस्ताद्गाण्डीवं स्रंसते – अधः पतति । त्वक्च – त्वगिन्द्रियं च, परिदह्यते – परितस्तप्यत एव । अहं चावस्थातुं न शक्नोमि। मे मनश्च भ्रमतीव – इतस्ततश्चलितमिव भाति ।।२९।।

વળી, મારા શરીરમાં કંપારી થાય છે, મારા શરીરનાં રૂંવાડાં ઊભાં થઈ ગયાં છે. અને મારા હાથમાંથી મારું ગાંડીવ ધનુષ પણ સરકી રહ્યું છે. મારી ચામડી બળી રહી છે. હવે હું ઊભો રહેવાને પણ સમર્થ રહ્યો નથી અને જાણે કે મારું મન જ્યાં-ત્યાં ભમી રહ્યું હોય ને શું ?! એમ જણાય છે. ॥૨૯॥

किञ्च – निमित्तानीति ।

निमित्तानि च पश्यामि विपरीतानि केशव ! ॥
न च श्रेयोऽनुपश्यामि हत्वा स्वजनमाहवे ॥३०॥

विपरीतानि निमित्तानि – वामाङ्गस्फुरणादीनि विपरीतसूचकशकुनानि पश्यामि – अनुभवामि । च – परम्, आहवे स्वजनं हत्वा अनु – पश्चात्, श्रेयः – इहामुत्र शुभं, न पश्यामि – न प्रेक्षे ।।३०।।

વળી, હે કેશવ ! મારા ડાબા અંગનું ફરકવું વગેરે ઘણાં બધાં અપશુકનો હું અનુભવી રહ્યો છું. તેથી હવે આ યુદ્ધને વિશે સંબંધીજનોને માર્યા પછી આ લોક તથા પરલોકને વિશે હું અમારું કશું જ ભલું જોઈ રહ્યો નથી. ॥૩૦॥

न किमपि काङ्क्ष इत्याह – नेति ।

न काङ्क्षे विजयं कृष्ण ! न च राज्यं सुखानि च ॥
किं नो राज्येन गोविन्द ! किं भोगैर्जीवितेन वा ॥३१॥

हे कृष्ण! विजयं न काङ्क्षे न राज्यं च सुखानि च न काङ्क्षे। हे गोविन्द! नो राज्येन किम् ? भोगैः किम् ? वा जीवितेन किम् ? ।।३१।।

તેથી હે કૃષ્ણ ! હવે હું વિજયને ઇચ્છતો નથી તથા રાજ્યને અને તેનાં અનેક સુખ-વૈભવોને પણ ઇચ્છતો નથી. કેમ કે, હે ગોવિંદ ! આ રાજ્યે કરીને અમારે શું પ્રયોજન છે ? વળી, આ રાજ્યના વિવિધ પ્રકારના ભોગ ભોગવવાથી પણ શું ફાયદો છે ? અને આ બધાને મારીને અમારે જીવતા રહેવાનું પણ શું પ્રયોજન છે ? કાંઈ જ નથી. ॥૩૧॥

पूर्वोक्तमेव विस्तारयति – येषामिति सार्द्धद्वाभ्याम् ।

येषामर्थे काङ्क्षितं नो राज्यं भोगाः सुखानि च ॥
त इमेऽवस्थिता युद्धे प्राणांस्त्यक्त्वा धनानि च ॥३२॥

येषामर्थं नः – अस्माभिः, राज्यं काङ्क्षितम् – भोगसुखानि च काङ्क्षितानि, अपेक्षितानि। त इमे प्राणान् – जीवितेच्छां धनानि च, त्यक्त्वा युद्धे अवस्थिताः – स्थिरीभूताः। अतोऽस्माकं राज्यसुखादिभिः किं प्रयोजनम् ? इत्यभिप्रायः ।।३२।।

કેમ કે, જેને અર્થે અમે આ રાજ્ય, ભોગ-વૈભવો અને સુખ ઇચ્છીએ છીએ, તે સર્વે સગાં-વહાલાં તો જીવવાની ઇચ્છાનો તથા ધનનો ત્યાગ કરીને યુદ્ધ કરવાને અર્થે સામે આવીને ઊભાં છે. માટે અમારે આ રાજ્ય અને રાજ્યનાં અનેક સુખ-વૈભવ વગેરેથી શું પ્રયોજન છે ? કાંઈ જ પ્રયોજન નથી. ॥૩૨॥

प्रतियोद्धॄनाह – आचार्या इति ।

आचार्याः पितरः पुत्रास्तथैव च पितामहाः ॥
मातुलाः श्वशुराः पौत्राः श्यालाः सम्बन्धिनस्तथा ॥३३॥

आचार्यपित्रादयः सुस्पष्टाः ।।३३।।

વળી, હે પ્રભુ ! જુઓને, આચાર્ય દ્રોણ, કૃપ આદિક ગુરુજનો; કાકા-દાદાઓ, પિતામહ ભીષ્મદાદા, મામા, સસરા, સાળા અને અનેક પુત્ર-પૌત્રો એ બધાં સગાંઓ જ મારી સામે ઊભાં છે. ॥૩૩॥

ननु यद्येतान् त्वं न हन्ता तर्हि ते त्वां लोभेन हनिष्यन्त्येव । अतस्त्वं तान् हत्वा राज्यं कुरु । तत्राह – एतान्नेति ।

एतान्न हन्तुमिच्छामि घ्नतोऽपि मधुसूदन ! ॥
अपि त्रैलोक्यराज्यस्य हेतोः किन्नु महीकृते ? ॥३४॥

हे मधुसूदन ! घ्नतोऽपि – अस्मान्घातयतोऽपि, एतान् – दुर्योधनादीन् त्रैलोक्यराज्यस्यापि हेतोः – त्रिलोकीराज्यप्राप्त्यर्थमप्यहं हन्तुं नेच्छामि। नु वितर्के। महीकृते किं पुनः ? – केवलं पृथ्व्यर्थं किं तान् हन्याम् ? न हन्यामित्यर्थः ।।३४।।

તેથી મધુ નામે દૈત્યને મારવાવાળા હે શ્રીકૃષ્ણ ! કદાચ તેઓ મને મારી નાખે તોપણ ત્રિલોકીના રાજ્યની પ્રાપ્તિને અર્થે પણ હું આ સગાંઓને મારવા ઇચ્છતો નથી. તો કેવળ પૃથ્વીના રાજ્યને અર્થે એ કૌરવોને ન મારવા એમાં તો કહેવું જ શું..!! ॥૩૪॥

किञ्च – निहत्येति ।

निहत्य धार्त्तराष्ट्रान्नः का प्रीतिः स्याज्जनार्दन ! ॥
पापमेवाश्रयेदस्मान् हत्वैतानाततायिनः ॥३५॥

धार्त्तराष्ट्रान् – धृतराष्ट्रपक्षीयान् भीष्मदुर्योधनादीन्, स्वासन्न-सम्बन्धिनो, निहत्य स्थितानां नः – अस्माकं का प्रीतिः स्यात् ? न कापीत्यर्थः। हे जनार्दन! आततायिन एतान् दुर्योधनादीन् भ्रातॄन् हत्वा,

अस्मान् पापमेवाश्रयेत् – प्रसज्जेत । न त्वन्यत्किञ्चिदित्यर्थः । आततायिनः चोक्ताः स्मृतौ – "अग्निदो गरदश्चैव शस्त्रपाणिर्धनापहः । क्षेत्रदारापहारी च षडेते आततायिनः ।।"(मनु.८/३५० क्षेपक.२३) इति ।।३५।।

હે જનાર્દન પ્રભુ ! ધૃતરાષ્ટ્રના પક્ષમાં રહેલા આ ભીષ્મ-દુર્યોધનાદિક અમારા સમીપ સંબંધીઓને મારીને અમને શું ખુશી થાય ? જોકે અત્યારે તેઓ આતતાયી બન્યા છે. પરંતુ અમારા ભાઈઓ હોવાને કારણે તે સંબંધીનો વધ કરવાથી તો અમને કેવળ પાપ જ લાગે. તેથી વિશેષ બીજું કંઈ ન મળે.

આતતાયી એટલે કે, અગ્નિથી બાળી નાખનાર, ઝેર નાખીને ખવરાવનાર, ધન તથા નારીને હરી લેનાર; રાજ્યનો ભાગ પચાવી પાડનાર અને હાથમાં શસ્ત્ર લઈને મારવાને અર્થે તૈયાર થનાર - આ છ પ્રકારના લોકો 'આતતાયી' કહેવાય છે. આમ, આતતાયીનાં આ બધાં જ લક્ષણો કૌરવોમાં જોવાં મળે છે. ।।૩૫।।

तस्मान्नार्हा वयं हन्तुं धार्त्तराष्ट्रान् स्वबान्धवान् ।।
स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव ! ।।३६।।

तस्मादिति । तस्मात् – धर्मशास्त्रोक्तस्य सम्बन्धिवधपापस्य प्रसङ्गाद्धेतोः । स्वबान्धवान् धार्तराष्ट्रान् हन्तुं वयं नार्हाः – न योग्याः । हे माधव! – हे लक्ष्मीपते! स्वजनं हत्वा वयं सुखिनः कथं स्याम ? हीति निश्चितं, सुखिनो न भवेमेत्यर्थः ।।३६।।

ધર્મશાસ્ત્રોમાં સંબંધીના વધને પાપ કહ્યું છે, તેથી પોતાના સંબંધી એવા દુર્યોધનાદિકને મારવાને અર્થે અમે યોગ્ય નથી. કેમ કે, હે માધવ ! એટલે કે, લક્ષ્મીના પતિ એવા હે શ્રીકૃષ્ણ ! પોતાના સંબંધીજનને મારીને અમે કેમ સુખી થઈએ ? ન જ થઈએ. ।।૩૬।।

उभयेषां मध्ये प्रतिपक्षिणां बन्धुवधदोषाविद्वत्वमस्माकं तु तद्वध-दोषविद्वत्वमिति कथयन्नाह द्वाभ्याम् – यदीति ।

यद्यप्येते न पश्यन्ति लोभोपहतचेतसः ॥
कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम् ॥३७॥

कथं न ज्ञेयमस्माभिः पापादस्मान्निवर्तितुम् ॥
कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिर्जनार्दन ! ॥३८॥

लोभोपहतचेतसः – राज्यलोभभ्रष्टविवेकचेतसः, एते – सपिण्डाः, यद्यपि कुलक्षयकृतं दोषम् – पापं, मित्रद्रोहे पातकं च, ते द्वे न पश्यन्ति।।३७।।

कथमिति। जननं जनेः भावे घञ्। "जनिवध्योश्च" (पा.सू.७/३/३५) इति न वृद्धिः, जनः – जन्म तमर्दयति, अर्द हिंसायां, नन्द्यादित्वात् ल्युः। जनाः समुद्रस्थदैत्यभेदास्तेषामर्दन इति वा, इति व्याख्यासुधाऽमरटीकायां, तत्सम्बुद्धौ हे जनार्दन! तथापि कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिः – सम्यक् ज्ञातृभिः अस्माभिः, अस्मात्पापान्निवर्तितुं कथं न ज्ञेयम् ? – कथं न ज्ञातव्यम् ? पापनिवृत्तावेव मनः कर्तव्यमिति भावः ।।३८।।

જોકે આ કૌરવો તો રાજ્યના લોભે કરીને ન્યાય-અન્યાયના વિવેકથી ભ્રષ્ટ થઈ ગયા છે. તેથી તેઓ કુળ નાશના પાપને અને મિત્રદ્રોહના પાપને દેખતા નથી. પરંતુ ભક્તોના જન્મનાશક અને શત્રુનાશક હે શ્રીકૃષ્ણ ! કુળનાશના પાપને સારી રીતે જાણનારા એવા અમોએ તો તે પાપની નિવૃત્તિ માટે કેમ ન સમજવું જોઈએ ? સમજવું જ જોઈએ ! ॥૩૭-૩૮॥

तदेव पापं द्योतयति – कुलेति ।

कुलक्षये प्रणश्यन्ति कुलधर्माः सनातनाः ॥
धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत ॥३९॥

कुलक्षये सति सनातनाः - प्राक्तनाः, कुलधर्माः - क्षत्रियकुल-परम्पराप्राप्ता धर्माः, प्रणश्यन्ति - नाशं प्राप्नुवन्ति। धर्मे नष्टे - धर्मेषु नष्टेषु सत्सु, कृत्स्नं कुलम् - अवशिष्टं समग्रं सपिण्डकुलम्, उतेति खेदे, अधर्मोऽभिभवति - पराभवति, आवृणोतीति यावत् ।।३९।।

જ્યારે કુળનો નાશ થાય ત્યારે ક્ષત્રિયની કુળપરંપરાથી આવતા જે સનાતન ધર્મો છે તે નાશ પામે છે. અને જ્યારે કુળના ધર્મો નાશ પામે ત્યારે તે સમગ્ર કુળને અધર્મ પરાભવ પમાડે છે. અર્થાત્ ધર્મભ્રષ્ટ કરી નાંખે છે. ॥૩૯॥

अथ च – अधर्मेति ।

अधर्माभिभवात्कृष्ण ! प्रदुष्यन्ति कुलस्त्रियः ॥
स्त्रीषु दुष्टासु वार्ष्णेय ! जायते वर्णसङ्करः ॥४०॥

हे कृष्ण! अधर्माभिभवात्, कुले इति शेषः, अधर्मकृतपराभवात्, कुलस्त्रियः प्रदुष्यन्ति - अस्माकं भर्तृभिर्धर्ममुल्लङ्घ्य कुलनाशः कृतश्चेत् अस्माभिरपि परपुरुषगमने कृते किमघं स्यादित्येवं कुतर्कोपहताः कुलयोषितः प्रदुष्येयुरित्यर्थः। यद्वा कुलनाशजन्यपापदूषितपतिसम्बन्धादेव वनितानां दुष्टत्वम्। तथा च स्मृतिः - "आशुद्धेः सम्प्रतीक्ष्यो हि महापातकदूषितः"(याज्ञ.स्मृ.१/७७) इति। दशमे च - "पतिः स्त्रीभिर्न हातव्यो लोकेप्सुभिरपातकी"(भाग.१०/२९/२५) इति। हे वार्ष्णेय! - हे वृष्णिकुलोत्पन्न! स्त्रीषु दुष्टासु सतीषु वर्णसङ्करः - वर्णसाङ्कर्यं वर्णवैपरीत्यमिति यावत्, जायते - उत्पद्यते ।।४०।।

વળી, હે કૃષ્ણ ! અધર્મે કરેલ કુળના પરાભવ થકી કુળની સ્ત્રીઓ દુષિત થઈ જાય છે. એટલે કે, તે કુળસ્ત્રીઓ આવો વિચાર કરે છે કે, ‘જ્યારે અમારા પતિઓએ પોતાના ધર્મનો ત્યાગ કરીને આખા કુળનો નાશ કર્યો, ત્યારે અમે પોતાના ધર્મનો ત્યાગ કરીને પરપુરુષનો સંગ કરીએ તેમાં શું પાપ છે ?’ આવા કુતર્કને વશ થઈને તે સ્ત્રીઓ પરપુરુષનો સંગ કરવાથી પાપે યુક્ત થશે. અથવા તો કુળનો નાશ કરવાથી થયેલા પાપને કારણે દુષિત થયેલા પતિના સંબંધથી જ તે સ્ત્રીઓ દુષ્ટ-પાપી થઈ જશે. હે વાર્ષ્ણેય ! એટલે કે, વૃષ્ણિકુળને વિશે ઉત્પન્ન થયેલ શ્રીકૃષ્ણ ! આવી રીતે જ્યારે તે કુળની સ્ત્રીઓ વ્યભિચાર કરશે ત્યારે જરૂર કુળમાં વર્ણસંકરપણું થાશે અર્થાત્ વટલેલ પ્રજા ઉત્પન્ન થશે. ॥૪૦॥

तदनन्तरं किं भवेदित्यत्राह – सङ्कर इति ।

सङ्करो नरकायैव कुलघ्नानां कुलस्य च ॥
पतन्ति पितरो ह्येषां लुप्तपिण्डोदकक्रियाः ॥४१॥

वर्णसङ्करः, कुलघ्नानाम् - कुलघातकानां, हननादवशिष्टस्य कुलस्य च नरकायैव, नरकपातार्थमित्यर्थः । न केवलं कुलघ्नानां वा कुलस्यैव नरकपतनं, किन्तु अन्येषामपि भवतीत्याह – हि - यस्मात्, लुप्तपिण्डोदकक्रियाः – लुप्ताः पिण्डोदकक्रियाः येषां ते, एषां पितरोऽपि पतन्ति । श्राद्धादिक्रियाकर्तॄणां स्वपुत्राणामभावात्स्वपितृपितामहादीनां नरके पतनं वा स्वर्गादधःपतनं भवतीत्यर्थः ।।४१।।

તે વર્ણસંકર પ્રજા કુળના નાશ કરનારાઓને તથા મરણ પામતા બાકી રહેલ સમગ્ર કુળને નરકમાં નાખનારી થાય છે. એટલું જ નહીં..! પરંતુ શ્રાદ્ધાદિક ક્રિયા કરનારા પુત્રો ન હોવાથી તે ક્રિયાઓ બંધ થતાં પિતૃલોકમાં ગયેલા કુળના પિતૃઓનું પણ અધઃપતન થાય છે અથવા નરકમાં પડે છે. ॥૪૧॥

पूर्वोक्तं दोषं दृढीकुर्वन्नाह द्वाभ्याम् – दोषैरिति ।

दोषैरेतैः कुलघ्नानां वर्णसङ्करकारकैः ॥
उत्साद्यन्ते जातिधर्माः कुलधर्माश्च शाश्वताः ॥४२॥

वर्णसङ्करकारकैः कुलघ्नानामेतैरुक्तैर्दोषैः, शाश्वताः – सनातनाः, जातिधर्माः – क्षत्रियादिवर्णधर्माः, कुलधर्माः – स्वासाधारणाश्च, उत्साद्यन्ते – उत्सन्नाः क्रियन्ते, विनाश्यन्त इति यावत् ।।४२।।

વળી, આ રીતે કુળનો નાશ કરનારાના વર્ણસંકરપણું કરાવનાર પૂર્વોક્ત દોષને લીધે કુળની પરંપરાએ કરીને ચાલ્યા આવતા એવા ક્ષત્રિયાદિ વર્ણના સામાન્ય ધર્મો અને વિશેષ ધર્મો પણ નાશ થઈ જાય છે. ॥૪૨॥

उत्सन्नकुलधर्माणां मनुष्याणां जनार्दन ! ॥
नरके नियतं वासो भवतीत्यनुशुश्रुम ॥४३॥

उत्सन्नेति । हे जनार्दन ! उत्सन्नकुलधर्माणाम् – उत्सन्नाः कुलादिधर्मा येषां तेषां मनुष्याणां प्रेतत्वनिवृत्तिकरणक्रियाकर्त्रभावात्, नरके नियतम् – निरन्तरं वासो भवत्येवेति वयमनुशुश्रुम – आचार्यमुखात्स्मृतिवचनं श्रुतवन्तः, न तु स्वतर्केण कल्पयामः । तथा च स्मृतिः – "प्रायश्चित्तमकुर्वाणाः पापेषु निरता नराः । अपश्चात्तापिनः कष्टान्निरयान् यान्ति दारुणान्" (याज्ञ.स्मृ. ३/२२१) इति ।।४३।।

હે જનાર્દન ! આ રીતે જેના સાધારણ અને વિશેષ એ બંને પ્રકારના ધર્મો નાશ થઈ ગયા છે એવા મનુષ્યોનો પ્રેતયોનિમાંથી મુક્તિ અપાવનારી વિધિ કરનારા પુત્રો ન હોવાથી નક્કી નરકને વિશે જ નિરંતર વાસ થાય છે. એવી રીતે મેં ગુરુમુખ થકી સાંભળ્યું છે, પણ એ મારી કલ્પના નથી. ॥૪૩॥

धर्मशास्त्रोक्तदोषभयेन दयया च बन्धुस्नेहेन च बन्धुहननोद्योगे खिद्यमानो वदति – अहो बतेति ।

अहो ! बत ! महत्पापं कर्तुं व्यवसिता वयम् ॥
यद्राज्यसुखलोभेन हन्तुं स्वजनमुद्यताः ॥४४॥

राज्यसुखलोभेन स्वजनम् – स्वसम्बन्धिजनसमूहं, हन्तुमुद्यता इति यत् एतन्महत्पापं वयं कर्तुं व्यवसिताः – व्यवसायं कृतवन्तः । अहो! बत ! बहु दुःखमित्यर्थः ।।४४।।

આ રીતે ધર્મશાસ્ત્રમાં કહેલા દોષના ભયે કરીને, દયાએ કરીને અને સંબંધીમાં હેત હોવાને કારણે પોતાના સંબંધીજનોને મારવાની બાબતમાં અતિ ખેદ પામેલ અર્જુન હવે ભગવાન શ્રીકૃષ્ણને અતિ દુઃખ સાથે આમ કહે છે કે, 'અરે..! રાજ્યસંબંધી સુખના લોભે કરીને અમે પોતાના સંબંધીજનોને મારવા માટે તૈયાર થયા, તે અમે મહાપાપ કરવાનો જ નિર્ણય કર્યો છે.' ॥૪૪॥

बन्धुवधात्स्वमरणमेव श्रेष्ठमिति कथयन्नाह – यदीति ।

यदि मामप्रतीकारमशस्त्रं शस्त्रपाणयः ॥
धार्तराष्ट्रा रणे हन्युस्तन्मे क्षेमतरं भवेत् ॥४५॥

शस्त्रपाणयः – मद्वधाय शस्त्रहस्ताः धार्तराष्ट्राः, अशस्त्रम् – शस्त्रवर्जितम्, अत एव अकृतप्रतिकारम् – अकृतशस्त्रप्रतिघातं मां यदि रणे हन्युः – हनिष्यन्ति, तद्धननं मम क्षेमतरम् – अतिशयक्षेमकरं भवेत्।।४५।।

માટે હે શ્રીકૃષ્ણ ! પોતાના સંબંધીજનને મારવા કરતાં અમને મારવાને અર્થે હાથમાં શસ્ત્ર લઈને તૈયાર થયેલા દુર્યોધનાદિક જો શસ્ત્રરહિત અને સામો પ્રહાર નહિ કરનારા એવા મને આ સંગ્રામને વિશે મારશે તો મારું અતિ રૂડું થશે." ॥૪૫॥

इत्यर्जुनविषादं वर्णयित्वा पुनः सञ्जय उवाच – एवमुक्त्वेति ।

सञ्जय उवाच –

एवमुक्त्वार्जुनः सङ्ख्ये रथोपस्थ उपाविशत् ॥
विसृज्य सशरं चापं शोकसंविग्नमानसः ॥४६॥

इति श्रीभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णाऽर्जुनसंवादे 'अर्जुनविषादो' नाम प्रथमोऽध्यायः ॥१॥

शोकसंविग्नमानसः – शोकेन संविग्नम् - दुःखितं मानसं यस्य सः अर्जुनः, सङ्ख्ये - युद्धे एवमुक्त्वा, सशरम् - बाणसहितं, चापम् - धनुः, विसृज्य - त्यक्त्वा, रथोपस्थे - रथस्योपरिभागे, उपाविशत् - निषण्णोऽभवत् ॥४६॥

इति श्रीसहजानन्दस्वामिशिष्यगोपालानन्दकृतायां भगवद्भावदीपिकायां श्रीभगवद्गीताटीकायां प्रथमोऽध्यायः ॥१॥

આવી રીતે અર્જુનના ખેદનું વર્ણન કરીને સંજય ફરીથી કહેવા લાગ્યા, "હે ધૃતરાષ્ટ્ર ! આ રીતે શોકથી દુઃખી મનવાળો એવો અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનને આટલું કહીને યુદ્ધમાં બાણે સહિત ધનુષનો ત્યાગ કરીને રથ ઉપર બેસી ગયો છે." ॥૪૬॥

આ રીતે સર્વાવતારી શ્રીસહજાનંદસ્વામીના શિષ્ય સદ્.શ્રીગોપાળાનંદ-સ્વામી વિરચિત શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યના ગુજરાતી ભાવાનુવાદમાં 'અર્જુનને થયેલ ખેદનું વર્ણન કર્યું' એ નામે પહેલો અધ્યાય પૂરો થયો. ॥૧॥



द्वितीयोऽध्यायः

साङ्ख्ययोगः

पुनश्च सञ्जय उवाच – तमिति ।

सञ्जय उवाच –

तं तथा कृपयाऽऽविष्टमश्रुपूर्णाकुलेक्षणम् ॥
विषीदन्तमिदं वाक्यमुवाच मधुसूदनः ॥१॥

कृपया आविष्टम् – व्याप्तम्, अश्रुभिः पूर्णे आकुले – चञ्चले ईक्षणे – नेत्रे यस्य तं, तथा – पूर्वोक्तरीत्या, विषीदन्तम् – खेदं कुर्वन्तं, तम् – अर्जुनं प्रति, मधुम् – दैत्यं सूदयतीति, यद्वा मधुम् – मधुरं, त्यक्तुमशक्यत्वान्मिष्टं कुटुम्बसुखमुपदेशेन सूदयति – खण्डयतीति मधुसूदनः । इदम् – वक्ष्यमाणं, वाक्यमुवाच ॥१॥

❋ પ્રભુએ અર્જુનને આપેલ ઠપકો :

સંજય ધૃતરાષ્ટ્રને કહે છે કે, "હે રાજા ! મધુસુદન એટલે કે, મધુ નામના દૈત્યને મારનાર અથવા જલદી છોડી ન શકાય એવા મધુર કુટુંબ સ્નેહનું ખંડન કરનાર શ્રીકૃષ્ણ પહેલાં કહ્યું તે રીતે ખેદ કરી રહેલા, દયાપૂર્ણ અને આંસુ ટપકતી વ્યાકુળ આંખોવાળા અર્જુનને આવાં વચનો કહેવા લાગ્યા." ॥૧॥

एतदेव श्रीभगवानुवाच – कुतस्त्वेति ।

श्रीभगवानुवाच –

कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ॥
अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ! ॥२॥

हे अर्जुन ! इदम् – धर्ममिषेण पारतन्त्र्यकरं, कश्मलम् – मोहः, विषमे समयेऽस्थाने त्वा – त्वां विवेकिनं प्रति, कुतो हेतोः समुपस्थितम् ? – प्राप्तम् ? ननु मोक्षेच्छातः प्राप्तं चेत् तत्राह – अनार्यजुष्टम् – अविद्वत्सेवितम् । स्वर्गेच्छया प्राप्तं चेत्तत्राह – अस्वर्ग्यम् – स्वर्गप्राप्तिविरोधि । यशःप्राप्त्यर्थं चेत्तत्राह – अकीर्तिकरम् – इहामुत्र च कीर्तिविरोधि ॥२॥

"હે અર્જુન ! ધર્મના બહાને પરતંત્રતા કરાવનારો મોહ વિવેકી એવા તારા ઉપર કટાણે ક્યાંથી આવી ચડ્યો ? કેમ કે, આવો મોહ તો અજ્ઞાની લોકોમાં જોવા મળે છે. વળી, આ મોહ સ્વર્ગપ્રાપ્તિને રોકનાર અને આ લોક-પરલોકમાં પણ અપકીર્તિ કરાવનાર છે. અર્થાત્ મોક્ષની, સ્વર્ગની કે યશની ઇચ્છાવાળા કોઈ ડાહ્યા વિવેકી પુરુષો આવો મોહ રાખે નહિ. ॥૨॥

आक्षिपन्नाह – क्लैब्यमिति ।

क्लैब्यं मा स्म गमः पार्थ ! नैतत्त्वय्युपपद्यते ॥
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परन्तप ! ॥३॥

हे पार्थ ! पृथायाः – कुन्त्याः सूनो ! क्लीबस्य भावमधीरत्वं त्वं मा स्म गमः – मा गाः, त्वयि – रुद्रेण सह योद्धरि, एतत् – क्षत्रियहास्यं दैन्यं, नोपपद्यते – न घटते । हे परन्तप ! – रिपुतापन ! क्षुद्रम् – तुच्छत्वकरं, हृदयदौर्बल्यम् – मनसो निर्बलत्वं, त्यक्त्वा उत्तिष्ठ – सङ्ग्रामायोद्यमं कुर्वित्यर्थः ॥३॥

હે પાર્થ ! એટલે કે, હે કુંતીપુત્ર ! તું આ નપુંસક જેવું કાયરપણું - અધીરપણું ન સ્વીકાર. શંકરની સાથે યુદ્ધ કરનાર તારામાં ક્ષત્રિયો માટે હાંસીને પાત્ર એવી આ કાયરતા લેશ પણ યોગ્ય નથી. હે પરંતપ ! એટલે કે, શત્રુને તપાડનાર એવા હે અર્જુન ! તને તુચ્છ કરી નાખનારી તારા મનની આ દુર્બળતાનો ત્યાગ કરી યુદ્ધ માટે તૈયાર થઈ જા." ॥૩॥

'आततायिनमायान्तं हन्यादेवाविचारयन्। नाततायिवधे दोषो हन्तुः भवति कश्चन।।'(मत्स्यपु.२२७/११६) इत्यर्थशास्त्रम्। 'अहिंसा परमो धर्मः'(म.भा.आदि.११/१२) इत्यादि धर्मशास्त्रं च, तयोर्विरोधे याज्ञवल्क्यवचनम् – 'स्मृत्योर्विरोधे न्यायस्तु बलवान् व्यवहारतः। (अर्थशास्त्रात्तु बलवद्धर्मशास्त्रमिति स्थितिः।।)'(याज्ञ.स्मृ.२/२१) इति न्यायं विचार्यार्थशास्त्रानुसारिभगवद्वाक्याद्बलवद्धर्मशास्त्रं मत्वाऽर्जुन उवाच — कथमिति।

अर्जुन उवाच –

कथं भीष्ममहं सङ्ख्ये द्रोणं च मधुसूदन ! ॥
इषुभिः प्रतियोत्स्यामि पूजार्हावरिसूदन ! ॥४॥

हे मधुसूदन ! अहं भीष्मम् – पितामहं, द्रोणं च – गुरुं, सङ्ख्ये – युद्धे, इषुभिः – बाणैः, कथं प्रतियोत्स्यामि – प्रहरिष्यामि, न कथञ्चिदपीत्यर्थः। हे अरिसूदन ! यतस्तौ पूजार्हौ – पुष्पादिभिः पूजनयोग्यौ।।४।।

❋ અર્જુનનું પંડિતાઈભર્યું ભાષણ :

અર્થશાસ્ત્ર કહે છે કે, 'આતતાયીને કાંઈ પણ વિચાર્યા વિના હણી નાખવો. કેમ જે, આતતાયીને હણનારને કોઈ પાપ લાગતું નથી.' પણ ધર્મશાસ્ત્ર કહે છે કે, 'અહિંસા એ જ પરમ ધર્મ છે.' જ્યારે આ બંને શાસ્ત્રોનો પરસ્પર વિરોધ આવે ત્યારે 'ધર્મશાસ્ત્રની આજ્ઞા બળવાન

ગણવી' એવો યાજ્ઞવલ્ક્ય ઋષિનો નિર્ણય છે. તેથી અર્થશાસ્ત્રને મળતી ભગવાનની વાત કરતાં ધર્મશાસ્ત્રની આજ્ઞાને બળવાન માનીને અર્જુને શ્રીકૃષ્ણને આવું કહ્યું :

"હે મધુસુદન શ્રીકૃષ્ણ ! આ યુદ્ધમાં હું દાદા ભીષ્મ અને ગુરુ દ્રોણાચાર્યને બાણ વડે કેવી રીતે મારી શકું ? નહિ જ મારી શકું. કેમ કે, તે બંને તો ચંદન-પુષ્પાદિકે કરીને મારે પૂજા કરવા યોગ્ય છે. ॥૪॥

राज्यहेतुकगुर्वादिहननरूपमहापापादिपापमकृत्वा भिक्षान्नभोजनं श्रेष्ठमित्याह – गुरूनिति ।

उपजातिवृत्तम् :

गुरूनहत्वा हि महानुभावाञ्छ्रेयो भोक्तुं भैक्ष्यमपीह लोके ॥
हत्वार्थकामांस्तु गुरूनिहैव भुञ्जीय भोगान् रुधिरप्रदिग्धान् ॥५॥

महानुभावान् गुरून् – द्रोणादीन्, अहत्वा – महापापरूपम् कल्याणविरोधि गुरुहननमकृत्वा, इह लोके भैक्ष्यम् – भिक्षया प्राप्तमन्नं, तैः हृतराज्यानां नो राज्ञां निषिद्धमपि, भोक्तुं श्रेयः – प्रशस्यतरं, योग्यमिति यावत्। न तु तेषां नाशेन प्राप्तमपि राज्यं श्रेय इत्यभिप्रायः। अर्थकामान् – विषयकामान् गुरून्हत्वा, रुधिरप्रदिग्धान् – तेषां रुधिरेण प्रलिप्तान्, तैः भुक्तान्भोगान्, अहमिह तद्भुक्तासनेषु स्थित्वा, कथमिति शेषः, भुञ्जीय ?– अश्नीयाम् ? न कथञ्चित्ते मया भोक्तुं योग्या इत्यर्थः ।।५।।

રાજ્ય માટે થઈને દ્રોણ વગેરે મહાપરાક્રમી ગુરુજનોને મારવા તે તો મહાપાપ અને કલ્યાણવિરોધી છે. એના કરતાં તો તેઓ અમારું રાજ્ય હરિ લે અને અમે આ લોકમાં ભીખ માગીને ખાઈએ, તે ક્ષત્રિયો માટે નિષિદ્ધ હોવા છતાં પણ વધુ સારું છે. પરંતુ તેમનો નાશ કરીને પ્રાપ્ત થયેલું રાજ્ય પણ અમારા માટે હિતકારી નથી. વળી, રાજ્યના ભોગ-

વૈભવની કામનાવાળા ગુરુજનોને મારીને તેમનાં જ લોહીથી ખરડાયેલા અને તેમણે ભોગવેલા એવા ભોગોને તેમના આસન પર બેસીને હું કેમ ભોગવી શકું ? અર્થાત્ તે ગુરુને ભોગવવા યોગ્ય ભોગ મારે ભોગવવાને અર્થે કેમ યોગ્ય ગણાય ? ન જ ગણાય. ।।૫।।

पुनः श्रीकृष्णवाक्यस्यातिगौरवत्वं ज्ञात्वा स्वकृतनिश्चये संशयं कुर्वन्नाह — नेति ।

न चैतद्विद्मः कतरन्नो गरीयो ? यद्वा जयेम यदि वा नो जयेयुः ।।
यानेव हत्वा न जिजीविषामस्तेऽवस्थिताः प्रमुखे धार्तराष्ट्राः ।।६।।

एतत् – एतयोः समरभैक्ष्यान्नयोर्द्वयोर्मध्ये, नः – अस्माकं, कतरत्– किं भैक्ष्यभोजनं वा युद्धं, गरीयः – श्रेष्ठतरमस्तीति न विद्मः। यद्वा – पक्षान्तरे, वयम् इमान् जयेम – जेष्यामः, यदि वा – यद्वा, एते दुर्योधनादयः नः – अस्मान्, जयेयुः – जेष्यन्तीति च न विद्मः। अस्माकं तज्जयोऽपि मरणमेवेत्याह — यानिति। यानेव हत्वा न जिजीविषामः – जीवनेच्छवः न भवामः, त एव धार्तराष्ट्रा योद्धुं प्रमुखे – सम्मुखे, अवस्थिताः – स्थिता भवन्ति ।।६।।

વળી, હે પ્રભુ ! આપની વાત પણ અતિ ગૌરવવાળી ગણાય. તેથી યુદ્ધ કરવું કે ભીખ માગી ખાવું એ બેમાંથી અમારે માટે કયું વધારે સારું છે ? એ અમે નથી જાણતા. અથવા તો અમે તે દુર્યોધનાદિકને જીતીશું ? કે એ અમને જીતશે ? એ પણ અમે નથી જાણતા. વળી, તેમના પરનો અમારો વિજય પણ અમારું મરણ જ છે. કેમ જે, જેમને મારીને અમે જીવવા પણ ન ઈચ્છીએ તેવા અતિ નજીકના સંબંધી દુર્યોધનાદિક જ યુદ્ધ કરવાને અર્થે અમારી સામે આવીને ઊભા છે. ।।૬।।

कार्पण्यदोषोपहतस्वभावः पृच्छामि त्वां धर्मसम्मूढचेताः ।।
यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ।।७।।

कार्पण्येति । कार्पण्यदोषोपहतस्वभावः – कार्पण्यम् – दयास्नेहाभ्यां कातर्यं च, दोषः – गुर्वादिहनने पापं च, ताभ्याम् उपहतः स्वभावः युद्धोत्साहादिलक्षणो यस्य सः, धर्मसम्मूढचेताः – क्षत्रियपरमधर्मे सम्मूढम् – वैपरीत्यं प्राप्तं, चेतः – अन्तःकरणं यस्य सः, धर्माधर्मज्ञाने सन्दिग्धान्तःकरणः सन्नित्यर्थः । अहं त्वाम् – क्षत्रियादीनां वर्णधर्म–मोक्षधर्मबोधकं जनोपरि करुणाकरमाश्रितवात्सल्यजलधिं, पृच्छामि । अतो मे यत् – येन कृत्येन, श्रेयः स्यात्तत्कृत्यं निश्चितं यथा तथा ब्रूहि वा निश्चित्य ब्रूहि । ननु कस्मादहं ब्रूयामिति चेत्तत्राह – ते – तव, अहं शिष्यः – शिक्षां कर्तुं योग्यः, ततः त्वां प्रपन्नं मां सन्दिग्धचित्तं शाधि – शिक्षां कुरु ॥७॥

હે નાથ ! મારા સંબંધીને વિશે દયા ને હેતને લીધે થયેલા રાંકપણાથી અને ભીષ્મ-દ્રોણાદિકને માર્યાના પાપભયથી યુદ્ધમાં ઉત્સાહરૂપ મારો ક્ષત્રિયસ્વભાવ હણાઈ ગયો છે. વળી, મારું મન ક્ષત્રિયના પરમ ધર્મની બાબતમાં મોહ પામી ગયું છે; એટલે કે, એ દુર્યોધનાદિકને મારવા એ ધર્મ છે કે એમને ન મારીને ભીખ માગી ખાવું એ ધર્મ છે ? એ બાબતે મારું અંતઃકરણ સંશયયુક્ત થઈ ગયું છે. તેથી ક્ષત્રિયાદિક વર્ણના ધર્મ તથા મોક્ષને પમાડનાર ભાગવતધર્મને યથાર્થ જાણનારા, લોકો પર અપાર કરુણા કરનાર અને શરણાગત માટે વાત્સલ્યના સાગરસમા આપને હું પૂછું છું કે, ‘જે કરવાથી અમારું પરમ કલ્યાણ થાય તે વાતને તમે નિશ્ચિતપણે કહો. કેમ કે, હું તમારો શિષ્ય છું. તેથી તમારે શરણે આવેલા મને ઉપદેશ આપો. ॥૭॥

ननु युद्धं कुरु तत्र मृतश्चेत्स्वर्गं प्राप्स्यसि, जयं प्राप्तः साम्राज्यं वेति चेत्तत्राह – नेति ।

न हि प्रपश्यामि ममापनुद्याद् यच्छोकमुच्छोषणमिन्द्रियाणाम् ॥
अवाप्य भूमावसपत्नमृद्धं राज्यं सुराणामपि चाधिपत्यम् ॥८॥

भूमौ – पृथिव्याम्, असपत्नम् – शत्रुवर्जितम्, ऋद्धम् – महासमृद्धिमत्, राज्यमवाप्य – प्राप्य, च परं सुराणामाधिपत्यमपि – देवेन्द्रत्वमपि, अवाप्य इन्द्रियाणामुच्छोषणम् – शोषकं मम शोकं, यत् कृत्यम् अपनुद्यात् – हन्यात्। तदहं न प्रपश्यामि, हि – निश्चितम् ।।८।।

કદાચ આપ કહેતા હો કે, યુદ્ધ કર. તેમાં જો મૃત્યુ થશે તો સ્વર્ગને પામીશ અને જો વિજય મળશે તો સામ્રાજ્ય પામીશ. પરંતુ હે પ્રભુ ! આ પૃથ્વીમાં હું એક પણ શત્રુ વિનાનું, અતિ સમૃદ્ધ રાજ્ય પામું કે પછી દેવોના અધિપતિ ઇન્દ્રની પદવી પામું તોપણ હાલમાં મારી ઇન્દ્રિયોને સૂકવી નાખનાર મને જે શોક થઈ રહ્યો છે તેનો નાશ કરે એવો કોઈ પણ ઉપાય હું જોઈ રહ્યો નથી." ॥૮॥

इति कथनादनन्तरमर्जुनेन किं कृतम् ? इत्याशङ्कायां सञ्जय उवाच – एवमिति ।

सञ्जय उवाच –

एवमुक्त्वा हृषीकेशं गुडाकेशः परन्तप ! ॥
न योत्स्य इति गोविन्दमुक्त्वा तूष्णीं बभूव ह ॥९॥

गुडाकेशः हृषीकेशम् – सर्वेन्द्रियप्रवर्तकम्, एवमुक्त्वा हे परन्तप ! – शत्रुतापन ! हे हरेऽहं न योत्स्ये – युद्धं न करिष्ये, इति गोविन्दमुक्त्वा तूष्णीं बभूव ।।९।।

હવે સંજય ધૃતરાષ્ટ્ર પ્રત્યે કહે છે કે, "અર્જુને શ્રીકૃષ્ણને આવું કહ્યું. ત્યાર બાદ 'હે હરે ! હું યુદ્ધ નહિ કરું' આમ શ્રીકૃષ્ણને કહીને અર્જુન મૌન થઈ ગયો. ॥૯॥

ततः किं जातमित्यत्राह – तमिति ।

तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत ! ॥
सेनयोरुभयोर्मध्ये विषीदन्तमिदं वचः ॥१०॥

हे भारत ! – हे धृतराष्ट्र ! हृषीकेशः प्रहसन्निव उभयोः सेनयोः मध्ये विषीदन्तं तम् – अर्जुनं, प्रति इदं वचः – "अशोच्यान्"(गीता.२/११) इत्यारभ्य 'अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः"(गीता.१८/६६) इत्यन्तं वचनमुवाच ।।१०।।

હે ભારત ! એટલે કે, હે ભરતવંશી ધૃતરાષ્ટ્ર ! યુદ્ધ કરવાને અર્થે તત્પર થયેલ બેય પક્ષની સેનાની વચ્ચે અચાનક મહાખેદને પામેલ અર્જુનને શ્રીકૃષ્ણ હસતા થકા આ રીતે કહેવા લાગ્યા." એટલે કે, બીજા અધ્યાયના અગ્યારમા શ્લોકથી આરંભીને અઢારમા અધ્યાયના છાસઠમા શ્લોક સુધીની વાત કહેવા લાગ્યા. ॥૧૦॥

कर्तव्यकर्मयोगज्ञानं मम समाहात्म्यभक्तियोगज्ञानं च जीवात्म-याथार्थ्यज्ञानं चैतानि विनास्य मोहो न शाम्यतीति विचार्य आदौ कर्मयोगाद्यु-पयोग्यात्मज्ञानं श्रीभगवानुवाच – अशोच्यानिति ।

श्रीभगवानुवाच –

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ॥
गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः ॥११॥

अशोच्यान् – क्षात्रधर्मापेक्षया शोचितुमयोग्यान् द्रोणभीष्मादीन् स्वसहितान्, अन्वशोचः – अनुशोचसि। देहाभिमानिभिरशूरैस्तेषां शोकः कर्तव्यः न त्वात्मज्ञानिभिः शूरक्षत्रैः, तस्मात्त्वया न ते शोच्या इति भावः। प्रज्ञावादांश्च भाषसे – देहाभिमानिनां जीवानां बुद्धिमालम्ब्य 'दृष्ट्वेमं स्वजनं कृष्ण! युयुत्सुं समुपस्थितम्'(गीता.१/२८) इति। 'अहो बत! महत्पापं कर्तुं व्यवसिता वयम्'(गीता.१/४४) इत्यादिकान्, प्रज्ञया –

देहाभिमानयुक्त्या बुद्ध्या कल्पितान् वादान् - वचनानि च वदसि। एतद्वचनं भूभारहरणरूपमदभिप्रायविदः तव नोचितमित्यभिप्रायः।

तथा हि पण्डिताः – ज्ञानिनः, गतासून् – गतप्राणान्मृतान्स्वकीयान्, अगतासूंश्च - जीवतोऽपि प्राप्तदुःखान्स्वबन्धून्, नानुशोचन्ति। यद्वा गतासून् – देहान्, अगतासून् – जीवात्मनश्च, सम्यग्ज्ञानवन्तः न शोचन्ति। विनाशिस्वभावाद्देहो न शोच्यः, अविनाशिस्वभावान्नात्मापि शोच्यः। तस्मात्तवैतच्छोचनं वृथेति भावः ।।११।।

હવે અર્જુનની આવી મોહમયી સ્થિતિ જોઈને શ્રીકૃષ્ણ ભગવાને વિચાર્યું કે, 'અર્જુનનો શોક ટાળવા માટે (૧) કર્તવ્યરૂપ કર્મયોગનું યથાર્થ જ્ઞાન (૨) જીવાત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન અને (૩) મારા મહિમાએ સહિત ભક્તિયોગનું યથાર્થ જ્ઞાન – એ ત્રણ જ્ઞાન જરૂરી છે. તે વિના તેનો મોહ નાશ પામશે નહીં.' આવું વિચારીને પ્રથમ કર્મયોગ વગેરેમાં ઉપયોગી એવું આત્મજ્ઞાન કહેવા લાગ્યા :

"હે અર્જુન ! જેઓ ક્ષત્રિયધર્મની દૃષ્ટિએ શોક કરવા યોગ્ય જ નથી એવા દ્રોણ-ભીષ્માદિક સંબંધીઓનો અને તારો પોતાનો તું વ્યર્થ શોક કરે છે. કેમ કે, જે દેહાભિમાની અને ફોશી હોય, તે યુદ્ધને વિશે શસ્ત્ર બાંધીને મારવા આવેલ સંબંધીને માર્યાનો શોક કરે; પણ જે ક્ષત્રિય, આત્માના યથાર્થ જ્ઞાનવાળા ને મહાશૂરવીર હોય, તે તો ક્યારેય તેમને માર્યાનો શોક ન કરે. વળી, તું દેહાભિમાનવાળી બુદ્ધિથી કલ્પેલાં પંડિતાઈનાં ભાષણો આપે છે; પણ પૃથ્વીના ભાર હરવાને અર્થે પ્રગટેલા મારા અભિપ્રાયને જાણનાર એવા તને આવી પંડિતાઈ કરવી તે બિલકુલ યોગ્ય નથી.

જે દેહ ને આત્માના સ્વરૂપને યથાર્થ જાણનારા પંડિત - જ્ઞાની પુરુષ હોય તે મૃત્યુ પામેલ કે જીવતા થકા દુઃખ પામેલ પોતાનાં સંબંધીજનોનો શોક કરતા નથી. અથવા તેઓ ક્યારેય દેહ કે જીવાત્માનો પણ શોક કરતા નથી. કેમ કે, જે નાશ પામવાના જ સ્વભાવવાળો છે એવો દેહ કે

જેનો અવિનાશી જ સ્વભાવ છે એવો આત્મા – એ બેમાંથી કોઈનો પણ શોક કરવો યોગ્ય નથી. તેથી તારો આ શોક તદ્દન વ્યર્થ છે.” ॥૧૧॥

तच्छोकनिवारणाय सद्वस्तुभेदबोधाय च, नित्यदिव्यमूर्तेः परमात्मनः स्वस्य जन्ममरणादिक्लेशरहितानामनादिमुक्तानां च, जन्ममरणादिक्लेश-व्याप्तानां बद्धाल्पज्ञक्षेत्रज्ञानां च, त्रैकालिकं नित्यत्वं वदति – नत्वेवाहमिति ।

न त्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः ॥
न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥१२॥

अहं अक्षरादिस्थानपतिः सर्वबद्धमुक्तेश्वरः अपरिमितजीवो
धारणार्थं मनुष्यनयनविषयीभूतः जातु अद्यतनात्कालात्सृष्टेः
पूर्वस्मिन्काले स्वाक्षरधामनि स्थितः नासं इति तु नैव अपि त्वासमेव।
अनादित्वात् त्वं च नासीः नाभूः इति तु नैव अपि त्वासीरेव त्वं नरना
म्ना अन्यैर्मुक्तैः अपूर्वकाले मम अक्षरधाम्नि दिव्यविग्रहैः स्थितोऽ
नवच्छिन्नस्वरूपः अर्जुनव्यपदेशेन सर्वेषां मुक्तानां सूचनं इमे जना
धिपाः अज्ञजनापि पशब्देन जनाधिपाः सर्वे बद्धक्षेत्रज्ञाख्याः नासन्
इति न अपितु आसन्नेव सर्वे पूर्वस्मिन्काले बद्धक्षेत्रज्ञाः प्रकृतौ कार
णशरीरैः नत्वेषामारणाश्च जीवानामनवच्छिन्नसत्त्वः अतः परं अ
तः स्थितिकालात्सर्वं प्रलयकालेवयं सर्वे अन नविष्यामः इति नै
व अपितु भविष्याम एव अहं सर्वाधिपतिः परमेश्वरः पूर्वं मुक्ता
श्च इमे सर्वे बद्धक्षेत्रज्ञाश्च पूर्वोक्तस्वस्वनिवासस्थानेषु यथो
पचितविग्रहैः स्थिताः भविष्याम एवेत्यर्थः अनेन श्लोकेन परमात्म
नः मम मुक्तानां च बद्धक्षेत्रज्ञानां च अनादित्वम् सुस्पष्टं निरू
पितं च नमनेदत्वं चोक्तं॥

अहम् – अक्षरादिस्थानपतिः, सर्वबद्धमुक्तेश्वरः, अपरिमित-जीवोद्धारणार्थं मनुष्यनयनविषयीभूतः, जातु – अद्यतनात्कालात्सृष्टेः पूर्वस्मिन् काले, स्वाक्षरधामनि स्थितः, नासं इति तु नैव अपित्वासमेव

अनादित्वात्। त्वं च नासीः – नाभूः इति तु नैव अपित्वासीरेव, त्वम्–नरः, त्वादृशा अन्ये मुक्ताश्च पूर्वकाले ममाक्षरधाम्नि दिव्यविग्रहैः स्थिता अभूवन्नित्यर्थः। अर्जुनव्यपदेशेन सर्वेषां मुक्तानां सूचनम्। इमे जनाधिपाश्च – जनाधिपशब्देन जनाधिपाद्याः सर्वे बद्धक्षेत्रज्ञाश्च, नासन्निति न अपित्वासन्नेव। सृष्टेः पूर्वस्मिन्काले बद्धक्षेत्रज्ञाः प्रकृतौ कारणशरीरैः जले पाषाणा इव लीना अभवन्नित्यर्थः।

अतः परम् – अतः – स्थितिकालात् परम् – प्रलयकाले, वयं सर्वे च न भविष्यामः इति नैवापितु भविष्याम एव। अहं सर्वाधिपतिः परमेश्वरः, यूयं मुक्ताश्च, इमे सर्वे बद्धक्षेत्रज्ञाश्च, पूर्वोक्तस्वस्वनिवासस्थानेषु यथोपदिष्टविग्रहैः स्थिता भविष्याम इत्यर्थः। अनेन श्लोकेन परमात्मनः भक्तमुक्तानां च बद्धक्षेत्रज्ञानां च अनाशित्वम्, अत्युत्कृष्टनिकृष्टत्वे च, सभेदत्वं चोक्तम्।

सृष्टेः प्राक् प्रलये च भगवतः तद्भक्तानां च दिव्यदेहैः स्वधाम्नि स्थितत्वे प्रमाणानि – "तस्मै स्वलोकं भगवान् सभाजितः सन्दर्शयामास परं न यत्परम्।। प्रवर्तते यत्र रजस्तमस्तयोः सत्त्वं च मिश्रं न च कालविक्रमः। न यत्र माया किमुतापरे हरेरनुव्रता यत्र सुरासुरार्चिताः।। श्यामावदाताः शतपत्रलोचनाः पिशङ्गवस्त्राः सुरुचः सुपेशसः"(भाग.२/९/९-११) इति। "ददर्श तत्राऽखिलसात्वतां पतिं... स्वपार्षदमुख्यैः परिसेवितं विभुम्।। किरीटिनं कुण्डलिनं चर्तुभुजम्"(भाग.२/९/१४-१५) इति भागवतद्वितीय-स्कन्धे। इति सृष्टेः प्राक् ब्रह्मणा हरिरूपं दृष्टम्।

तथा च श्रुतयः – "अक्षरे परमे व्योमन् यस्मिन् देवा अधि विश्वे निषेदुः"(श्वेता.४/८) इति। अधि विश्वे देवाः – विश्वेभ्यः – सर्वेभ्यो देवेभ्यः आधिक्येन अत्युत्कृष्टत्वेन वर्तमाना देवाः – दिव्यदेहा अप्राकृतशरीरा

मुक्ताः, भगवत्सेवार्थं निषेदुः - न्यूषुर्वा निषण्णा बभूवुरित्यर्थः। "स्वभक्तेभ्यो रमते स मे सर्वस्वम्" इति। "स ऐक्षत"(बृह.१/२/५) "आत्मैवेदमग्र आसीत्पुरुषविधः"(बृह.१/४/१) इति। "पूर्वमेवाहमिहासम्" इति। "यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदाँश्च प्रहिणोति तस्मै"(श्वेता.६/१८) इति। स्कान्दे च - "अक्षराख्याः पुमांसस्ते"(वा.मा.४/२२) इति। "कालोऽपि येभ्यो भयम् एति नित्यम्"(वा.मा.४/१६) इति। "प्राप्ते प्रलयकाले तु पुनश्चाक्षरधामनि। स्थास्यन्ति ते स्वतन्त्राश्च कालमायाभयोज्झिताः" (वा.मा.४/२३) इत्यादीनि।

सृष्टेः प्राक् प्रलये च कारणदेहैः सह जीवानां प्रकृतौ स्थितत्वे प्रमाणानि- "स्थिरचरजातयः स्युरजयोत्थनिमित्तयुजो विहरः"(भाग.१०/८७/२९) इति दशमे। "तिरोभवन्ति जीवेशा यत्र अव्यक्ते हरीच्छया"(वा.मा.२५/५८) इति स्कान्दे च। "सर्वभूतानि कौन्तेय! प्रकृतिं यान्ति मामिकाम्। कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम्"(गीता.९/७) "अव्यक्ताद् व्यक्तयः सर्वाः प्रभवन्त्यहरागमे। रात्र्यागमे प्रलीयन्ते तत्रैव अव्यक्तसंज्ञके"(गीता.८/१८) इत्यत्र च। "सूर्याचन्द्रमसौ धाता यथा पूर्वमकल्पयत्"(महानारायणो.५/७) इति। "अजोह्येको जुषमाणोऽनुशेते"(श्वेता.४/५) इति। "गुहां प्रविष्टौ परमे परार्धे"(कठो.१/३/१) इत्याद्याः श्रुतयः। द्वादशे च - "लयः प्राकृतिको ह्येष पुरुषाव्यक्तयोर्यदा। शक्तयः सम्प्रलीयन्ते विवशाः कालविद्रुताः"(भाग.१२/४/२२) अत्र शक्तिशब्देन तत्त्वाभिमानिदेवसंज्ञाः जीवाः, अन्ये क्षेत्रज्ञाश्च बोध्या इत्यादीनि ।।१२।।

❋ બદ્ધ, મુક્ત અને પરમાત્માનું અનાદિપણું :

હવે તે અર્જુનના શોકનિવારણ અર્થે અને સત્ય તત્ત્વના રહસ્યને જણાવવાને અર્થે પ્રભુ પ્રથમ પોતાનો સનાતન સિદ્ધાંત સમજાવી રહ્યા છે

કે : (૧) પરમાત્મા પોતે નિત્ય અને દિવ્યમૂર્તિવાળા સદા સાકાર છે. (૨) તેમના અનાદિમુક્તો પહેલેથી જ જન્મ-મરણ વગેરે દુઃખોથી રહિત જ છે. (૩) અલ્પજ્ઞ એવા બદ્ધ જીવો વારંવાર જન્મ-મરણ આદિક દુઃખે યુક્ત છે. પરંતુ આ ત્રણેય તત્ત્વો ભૂત, ભવિષ્ય ને વર્તમાન – એ ત્રણેય કાળને વિશે છે છે ને છે જ, તેમનો ક્યારેય પણ નાશ થતો નથી.

"હે અર્જુન ! અક્ષરાદિક સ્થાનનો સ્વામી, સર્વે બદ્ધજીવો તથા સર્વે મુક્તજીવોનો નિયંતા અને અસંખ્ય જીવોના ઉદ્ધારને અર્થે આ પૃથ્વીને વિશે પ્રગટ થયો એવો હું, આ વર્તમાનકાળ થકી પૂર્વે ભૂતકાળમાં પણ નો'તો એમ નહિ, પરંતુ હતો જ. એટલે કે, મારા દિવ્ય ધામને વિશે મુક્તોએ સહિત પૂર્વે પણ હતો. એવી જ રીતે તું પણ આજ થકી પૂર્વકાળને વિશે નો'તો એમ નહિ, પરંતુ હતો જ. એટલે કે, નર એવો તું ને તારા જેવા બીજા સર્વે મુક્તો પણ પૂર્વકાળને વિશે મારા અક્ષરધામમાં દિવ્ય દેહે કરીને હતા જ. અર્જુનના નિમિત્તે બધા મુક્તોને પણ ગણી લેવા. અર્થાત્ બીજા મુક્તો પણ ધામમાં હતા જ. એટલું જ નહિ, પરંતુ આ રાજા વગેરે સર્વે બદ્ધજીવો પણ આજ થકી પૂર્વકાળને વિશે નો'તા એમ નહિ, પરંતુ હતા જ. અર્થાત્ આ રાજા આદિક સર્વે બદ્ધજીવો જગત ઊપજ્યું તે પહેલાં પણ કારણ શરીરે સહિત મૂળમાયાને વિશે જળમાં રહેલા પથ્થરની જેમ લીન થઈને રહ્યા હતા.

અને વળી આ સ્થિતિકાળ પછી પ્રલયકાળને વિશે પણ આપણે સર્વે નહિ હોઈએ એમ નહિ, પરંતુ હશું જ. એટલે કે, સર્વ કોઈનો સ્વામી એવો પરમેશ્વર હું ને તમે સર્વે મુક્તો તે દિવ્ય ધામને વિશે દિવ્ય દેહે કરીને હશું અને આ સર્વે બદ્ધજીવો કારણ શરીરે સહિત માયાને વિશે રહેશે."

ભાષ્યકાર સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી અહીં કહે છે કે, આ શ્લોકથી આ સિદ્ધાંત સિદ્ધ થાય છે કે, **'પરંબ્રહ્મ શ્રીહરિ, મુક્તો અને બદ્ધજીવો આ ત્રણેય તત્ત્વો અવિનાશી છે. તે ત્રણેયનો ભેદ અનાદિથી સિદ્ધ જ છે. અને તેમાં એકબીજા કરતાં અતિ શ્રેષ્ઠ-કનિષ્ઠપણું પણ છે.**

એટલે કે, શ્રીહરિ બદ્ધ-મુક્ત એ બંનેના સ્વામી, શરીરી અને ઉપાસ્ય તથા પ્રાપ્યમૂર્તિ છે. બદ્ધ તથા મુક્તજીવો તેમના નિયામ્ય, શેષ અને શરીરભૂત છે. વળી, શ્રીહરિ સદા દિવ્ય સાકારસ્વરૂપ છે. મુક્તો પણ ધામમાં દિવ્ય આકારવાળા છે અને બદ્ધજીવો અનાદિથી કારણ શરીરે યુક્ત છે.' મેં કહેલી આ બધી બાબતોનાં શ્રુતિ-સ્મૃતિમાં સેંકડો પ્રમાણો પણ મળી રહે છે. તેમાંની અમુક પ્રમાણભૂત શ્રુતિ-સ્મૃતિઓ મેં અહીં ઉદ્ધૃત કરી છે. ॥૧૨॥

देहस्य परिणामिस्वभावं कथयन् ज्ञानिनो निर्मोहित्वमाह – देहीति ।

देहिनोऽस्मिन् यथा देहे कौमारं यौवनं जरा ॥
तथा देहान्तरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ॥१३॥

देहिनः – देहभृतः क्षेत्रज्ञस्य, अस्मिन् देहे – स्वकर्मानुगुणमीश्वरदत्ते स्थूलशरीरे, यथा कौमारम् – बाल्यावस्था, यौवनम् – यौवनावस्था च, जरा – वृद्धत्वं च, एताः तिस्रः स्वाभाविका भवन्ति, तथा देहान्तरप्राप्तिः – अन्यदेहप्राप्तिः अस्ति । तत्र – अन्यदेहप्राप्तौ, धीरो न मुह्यति – आत्माभिमानेन धैर्यवान् पुरुषोऽहं मरिष्यामि इति मोहं न प्राप्नोति, आत्मनो मरणाभावात् । एकदेहिकथनेन सर्वेषामुपलक्षणम् ।।१३।।

❋ મોહ નિવારવાનો ઉપાય - આત્મજ્ઞાન :

"હે અર્જુન ! દેહને ધારી રહેલ આ જીવાત્માને પોતાનાં કર્મોને અનુસારે પરમેશ્વરે આપેલ આ સ્થૂળ દેહને વિશે જેમ બાળ, યૌવન ને વૃદ્ધ અવસ્થા સ્વાભાવિકપણે બદલાય છે, તેમ જ જીવાત્માને આ દેહ છૂટે છે અને નવા દેહની પ્રાપ્તિ થાય છે. પરંતુ જ્યારે બીજા દેહની પ્રાપ્તિ થાય છે ત્યારે આત્મજ્ઞાને કરીને ધીરજવાળો પુરુષ 'હું મરીશ' એવા મોહને નથી પામતો. કેમ કે, **આત્માને મરણ હોતું જ નથી.** અહીં એક આત્માની વાત કરી તેના ઉપરથી બીજા સર્વે જીવાત્માઓની વાત પણ એમ જ સમજી લેવી. ॥૧૩॥

ननु क्षेत्रज्ञानामविनाशित्वे सत्यपि क्षत्रियधर्मोदितयुद्धादिशास्त्रीय-कर्मकरणे शस्त्रादिघातजन्यं दुःखं भविष्यतीत्युच्यते चेत्तत्राह – मात्रेति ।

मात्रास्पर्शास्तु कौन्तेय ! शीतोष्णसुखदुःखदाः ॥
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्व भारत ! ॥१४॥

हे कौन्तेय ! – कुन्तिपुत्र ! शीतोष्णसुखदुःखदाः – शीतोष्णादिसमीचीनासमीचीनविषयग्रहणरूपे सुखदुःखे ददति तथाभूताः । आगमापायिनः– आगमनगमनस्वभावाः, अतोऽनित्याः, मात्रास्पर्शाः — मात्राणाम् – समीचीनासमीचीनशब्दादीनां स्पर्शाः – भोगाः, इन्द्रियैर्विषयग्रहणानीत्यर्थः । हे भारत ! तांस्तितिक्षस्व – यावदनभिसंहितफलयुद्धादिशास्त्रीयकर्मसमाप्तिः, तावद्धैर्येण शीतोष्णमृदुपरुषादिरूपान् तान् सहस्व, तेषां सहनं कुर्वित्यर्थः ॥१४॥

હે અર્જુન ! જો તું મને એમ કહીશ કે, 'આત્મા તો અવિનાશી છે, તેથી તે મરે નહીં; પણ ક્ષત્રિયધર્મને વિશે કહેલા યુદ્ધાદિક શાસ્ત્રસંબંધી કર્મને કરવામાં શસ્ત્રોના ઘાથી શરીરમાં દુઃખ તો થાય જ ને..!! માટે હું યુદ્ધ કઈ રીતે કરું ?' તો તે બાબતમાં હું તને કહું છું કે, ક્ષણમાં પેદા થનાર અને ક્ષણમાં નાશ પામનાર એવા જે ટાઢા, ઊના કે સારા-ભૂંડા શબ્દાદિક વિષયને ગ્રહણ કરવાથી થતાં સુખ અને દુઃખને તો હે ભરતવંશી ! તું સહન કર. ક્યાં સુધી ? તો, **જ્યાં સુધી ફળની ઈચ્છાએ રહિત અને મારી આજ્ઞાએ કરીને કરવામાં આવતાં શાસ્ત્રસંબંધી કર્મ પૂરાં ન થાય ત્યાં સુધી ધીરજ રાખીને તે કર્મને વિશે થતાં સુખ-દુઃખને તું સહન કરી લે.** ॥૧૪॥

तत्सहनेन किमिति चेत्तत्राह – यमिति ।

यं हि न व्यथयन्त्येते पुरुषं पुरुषर्षभ ! ॥
समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥१५॥

हे पुरुषर्षभ ! एते – मात्रास्पर्शाः, समदुःखसुखम् – समे सुखदुःखे यस्य तम्, स्वधर्मपालनान्तर्गतावर्जनीयदुःखं प्रारब्धकर्मजन्यं दुःखं च सुखमिवानुभवन्तमित्यर्थः, अत एव धीरम् – धैर्यशालिनं यं पुरुषं न व्यथयन्ति। स धीरपुरुषोऽमृतत्वाय कल्पते, अमृतत्वम् – मोक्षं, प्राप्तुं योग्यो भवतीत्यर्थः ॥१५॥

હે પુરુષર્ષભ ! એટલે કે, આ સર્વે પુરુષોથી શ્રેષ્ઠ એવા હે અર્જુન ! **પોતપોતાનો ધર્મ પાળવામાં કે પોતાના પ્રારબ્ધકર્મે કરીને જીવનમાં જે કાંઈ દુ:ખ આવે તે દુ:ખને સુખની જેમ જ માનતો થકો ધીરજ ધારીને ભોગવી લે છે, તેને તે સારા નરસા વિષયો દુ:ખી કરી શકતા નથી અને તે પોતાનો મોક્ષ સાધી શકે છે.** ॥૧૫॥

मोक्षसाधनहेतुभूतं सदसद्विवेकं दर्शयति – नेति ।

नासतो विद्यते भावो नाभावो विद्यते सतः ॥
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥१६॥

असतः – ब्रह्मादिस्थावरान्तानां देहभृतां देहसमूहस्य वा सुख-दुःखादेः, भावः – सद्भावः सत्यत्वं न विद्यते, परिणामित्वात्। सतः – आत्मसमूहस्य, अभावः – असत्त्वं, न विद्यते – नास्ति, अपरिणामित्वात्। तत्त्वदर्शिभिः – वस्तुयाथार्थ्यदर्शनशीलैः, अनयोरुभयोरपि – सदसतोः परिणाम्यपरिणामिवस्तुनोरपि, अन्तः – यथार्थनिर्णयः, दृष्टः – ज्ञातः ॥१६॥

અસત્ એવા માયિક દેહોના કે નાનામાં નાના કીટાણુથી લઈને બ્રહ્મા સુધીના દેહધારીઓના સુખ-દુ:ખ વગેરે ભોગો કદાપિ કાયમ રહેવાના નથી. કેમ કે, તેનો સ્વભાવ જ પરિણામી - વિકારી છે. સત્ એવા જે આત્માઓ તેનો કોઈ કાળે નાશ થવાનો જ નથી. કેમ કે, તેનો સ્વભાવ જ અપરિણામી - અવિકારી છે. આ રીતે જે વસ્તુ જેવી હોય તેને તેવા

જ સ્વરૂપે જાણનારા જ્ઞાની પુરુષોએ અસત્ એવા દેહો અને સત્ એવા જીવાત્માઓ એ બંનેનાં સ્વરૂપનો યથાર્થ નિર્ણય કર્યો છે.” ॥૧૬॥

क्षेत्रज्ञसमूहस्य स्वरूपस्वभावं निरूपयन्नाह नवभिः – अविनाशीति ।

अविनाशि तु तद्विद्धि येन सर्वमिदं ततम् ॥
विनाशमव्ययस्यास्य न कश्चित् कर्तुमर्हति ॥१७॥

येन – जीवात्मसमूहचेतनवस्तुना, इदं सर्वम् – प्रत्यक्षत्वेन दृश्यमानं समग्रमचेतनं, ततम् – व्याप्तं, प्रतिशरीरैकैकस्य जीवात्मनः पृथक्त्वेन व्याप्तिः अस्तीति भावः । तत्तु – चेतनवस्तुजातं तु, अविनाशि – नाशवर्जितं, विद्धि – जानीहि । तत्र कारणं वदति – विनाशमिति । अव्ययस्यास्य – अचेतन-वर्गव्यापकत्वेनाऽत्यन्तसूक्ष्मत्वान्नाशायोग्यस्य जीवात्मवर्गस्य, कश्चित् – कोऽपि पदार्थो, विनाशं कर्तुं नार्हति; तस्माच्छोको न कर्तव्यः ।।१७।।

“હે અર્જુન ! હવે હું તને જીવાત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય તે માટે આત્મસ્વરૂપનું નિરૂપણ કરું છું. આ પ્રત્યક્ષપણે દેખવામાં આવતાં તમામ જડ શરીરો જે ચેતન જીવાત્માઓથી વ્યાપ્ત છે, તે આત્માઓ અખંડ અવિનાશી છે એમ તું જાણ. એટલે કે, એક-એક શરીરમાં જે અલગ-અલગ જીવાત્માઓ રહ્યા છે, તે સર્વે જીવાત્માઓ પિંડબ્રહ્માંડનો નાશ થાય છતાં નાશ પામતા નથી. કેમ કે, તે જીવાત્માઓ જડ એવા તમામ પદાર્થમાં વ્યાપીને રહી શકે એટલા બધા સૂક્ષ્મ હોવાથી તે જીવાત્માઓને અન્ય કોઈ પણ પદાર્થ નાશ કરવા સમર્થ નથી. માટે, તારે તેનો જરા પણ શોક ન કરવો જોઈએ. ॥૧૭॥

नित्यात्मस्वरूपनिरूपणेन देहानामन्तवत्त्वमाह – अन्तवन्त इति ।

अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः ॥
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युध्यस्व भारत ! ॥१८॥

अनाशिनः – नाशानर्हस्य, अप्रमेयस्य – चक्षुरादिकरणै रूपादि–विषयवत्प्रमातुमयोग्यस्य, करणकलेवराणां प्रमाणकर्तृतया प्रमातुं योग्यस्येत्यर्थः। तथा च भागवते – "स्मृत्यन्वयात्त्रिगुणवृत्तिदृगिन्द्रियेशः" (भाग.११/१३/३२) इति। "जाग्रत्स्वप्नसुषुप्तं च गुणतो बुद्धिवृत्तयः। तासां विलक्षणो जीवः साक्षित्वेन विनिश्चितः।।"(भाग.११/१३/२७) इति च। अत्र च – "एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः।"(गीता.१३/१) इत्यादीनि प्रमाणानि। नित्यस्य शरीरिणः – प्रतिशरीरभिन्नस्य शरीराभिमानि–जीवात्मवर्गस्य, इमे – चक्षुरादिकरणैः प्रमेयाः, देहाः – वपूंषि, अन्तः – विनाशोऽस्ति येषां ते अन्तवन्त उक्ताः। हे भारत! तस्मात् – देहात्मनोः नाशित्वाऽविनाशित्वधर्माद्धेतोः, युध्यस्व – युद्धं कुरुष्व, परन्तु शोकं मा कृथा इति भावः ।।१८।।

અપ્રમેય, અવિનાશી, નિત્ય અને દરેક દેહોમાં અલગ-અલગ રહેલા આત્માઓના પ્રમેય એવા સર્વે દેહોને તો જ્ઞાનીપુરુષોએ નાશવંત જ કહ્યા છે. તેથી હે ભરતવંશી અર્જુન ! હવે તું યુદ્ધ કરવા તૈયાર થા.

અપ્રમેય એટલે શું ? તો, જેમ નેત્રાદિક માયિક ઈન્દ્રિયો વડે રૂપાદિક વિષયોને જાણી શકાય છે, તેમ તે ઈન્દ્રિયો વડે જેનું સ્વરૂપ યથાર્થપણે જાણી શકાય નહિ; તે અપ્રમેય કહેવાય છે. ॥૧૮॥

अन्यच्च – य इति।

य एनं वेत्ति हन्तारं यश्चैनं मन्यते हतम् ।।
उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ।।१९।।

यः – पुरुषः, एनम् – आत्मानं, हन्तारम् – अन्यात्मनां हिंसकं वेत्ति। यश्च एनं हतम् – अन्यैर्व्यापादितं, मन्यते – जानाति। तौ – जीवात्मानं हन्तिधातोः कर्तृत्वेन कर्मत्वेन च विदन्तौ, उभौ न जानीतः।

तर्ह्यात्मा कथं ज्ञातव्यः ? तत्राह – अयमात्मा अन्यान्न हन्ति, परैरात्मभिः स न हन्यते, हननक्रियायाः कर्ता कर्म च न भवतीत्यर्थः। "न हिंस्यात् सर्वभूतानि"(म.भा.शां.२६९/५) "ब्राह्मणो न हन्तव्यः" इत्यादिशास्त्रेषु हन्तिधातुः शरीरवियोगकरणवाची।

अतः शरीरवियोगकर्तॄणां महापापादिदोषोपपत्तिः, क्षत्रियाणां तु स्वधर्मत्वात् युद्धे सन्मुखागतानां हनने न दोषाभ्युपगमस्तथापि 'अर्थशास्त्राद्धर्मशास्त्रं बलवत्'(याज्ञ.स्मृ.२/२१) इति न्यायमालम्ब्य आततायिवधे दोषधियाऽनुत्साहशीलस्य तव, भूभारहरणायावतीर्णस्य मम नतकन्धरैः ब्रह्मशिवादिभिः सादरं सम्मतया, धर्मशास्त्रादति श्रेष्ठया सपदि भवबन्धमोचनयाऽऽज्ञया दोषलेशोऽपि नास्त्येव। तस्मात्पूर्वश्लोके 'युध्यस्व' इत्युक्तमिति दैवीसम्पत्सम्पन्नभक्तजनकुमुदानन्दकरश्रीकृष्ण–चन्द्रहृद्गताशयः ।।१९।।

હે અર્જુન ! એક જીવાત્મા બીજા આત્માને મારી નાંખે છે, એમ જે પુરુષ માને છે; અને એક જીવાત્મા બીજા આત્મા દ્વારા મરાયો છે, એમ જે પુરુષ માને છે - એ બંને વ્યક્તિઓ જીવાત્માના સ્વરૂપને જાણતા નથી. કેમ કે, જીવાત્માનું સ્વરૂપ જ એવું છે કે, તે બીજા આત્માને ક્યારેય હણી શકતો નથી અને બીજા કોઈનો હણ્યો હણાતો પણ નથી. અર્થાત્ **જીવાત્મા હણવાની ક્રિયાનો કર્તા કે કર્મ ક્યારેય બની શકતો જ નથી.** શાસ્ત્રોમાં જ્યાં જ્યાં 'હિંસા' શબ્દ વપરાયો છે, તે તો ફક્ત શરીરનો વિયોગ કરવાના અર્થમાં વપરાય છે.

આત્માથી શરીરનો વિયોગ કરાવનારને અર્થાત્ કોઈને મારી નાખનારને મહાપાપાદિક દોષો લાગે છે. પરંતુ યુદ્ધમાં સામે આવે તેનો વધ કરી નાખવો, તે તો ક્ષત્રિયોનો ધર્મ હોવાથી તને કોઈ દોષ લાગતો નથી. છતાં પણ અર્થશાસ્ત્ર કરતાં ધર્મશાસ્ત્રને બળવાન માની

આતતાયીના વધમાં પણ દોષ જાણી તું નિરુત્સાહી રહેતો હો, તો તેનો બીજો ઉપાય સાંભળ :

પૃથ્વીના ભારરૂપ એવા અસુરાદિકનો નાશ કરવા માટે હું આ પૃથ્વી પર પ્રગટ થયો છું. તેમાં જો તું મારી આજ્ઞાએ કરીને આ યુદ્ધ કરીશ અને મારે જેને હણવા જ છે તેને તું મારીશ, તો તેઓને મારવાનો તને લગાર પણ દોષ નહિ લાગે. કેમ જે, બ્રહ્મા, વિષ્ણુ આદિક મોટા મોટા ઈશ્વરો પણ મસ્તક નમાવીને આદરે સહિત જેને માને છે એવી **મારી આજ્ઞા ધર્મશાસ્ત્ર કરતાં પણ અતિશય શ્રેષ્ઠ છે અને તત્કાળ ભવબંધનથી છોડાવનારી છે.** માટે તું પણ મારી આજ્ઞાથી આ યુદ્ધ કરીશ તો તને કોઈ જ દોષ નહિ લાગે. ॥૧૯॥

उक्तैर्हेतुभिर्विशिष्टत्वात् जन्ममरणादयो देहभावा आत्मनि न सन्ति इत्याह — न जायत इति ।

उपजातिवृत्तम् :

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ।।२०।।

न जायते - वर्त्तमानकाले देहोत्पत्त्या सहात्मा नोत्पद्यते । न म्रियते वा - वाशब्दौ चार्थौ। देहे हते जीवात्मा न क्षीयते। इदानीं सकलैः प्राप्यमाणे जनिमृती कदाचित् क्षेत्रज्ञं न पराभवतः। नायं भूत्वा भविता वा न भूयः — अयमात्मा सृष्ट्यादौ भूत्वा - उत्पद्य, भूयः - पुनः कल्पान्ते न भविता - मरिष्यतीति न ज्ञातव्यं, किन्तु कल्पादौ कल्पान्ते च हिरण्य-गर्भादिभिरनुभूयमानं जन्म मरणं चात्मसमूहस्य न पराभवतीति ज्ञातव्यम् इत्यर्थः। ततोऽजः - जनिरहितः, अत एव नित्यः - ध्रुवः, अछेद्यादि-स्वभावैः सर्वकाले एकरूप इति यावत्। शश्वद्भवतीति शाश्वतः - अपरिणामी,

अत एव पुराणः – पुराऽपि नवः आत्मदर्शिभिर्नित्यशः अपूर्ववदनुभवनीय इति यावत् । तस्मादयं शरीरे हन्यमाने सत्यपि न हन्यते ।।२०।।

હે અર્જુન ! **જન્મ-મરણ વગેરે દેહના ભાવો આત્મામાં કદી પણ છે જ નહિ.** કેમ જે, જ્યારે દેહ જન્મે ત્યારે જીવાત્મા જન્મતો નથી ને દેહ નાશ પામે ત્યારે નાશ પામતો નથી. અર્થાત્ દેહના જન્મ અને મરણ આત્માને કાંઈ જ હાનિ પહોંચાડી શકતા નથી. વળી, એ જીવાત્મા આ સૃષ્ટિના આદિ સમયમાં પણ ઉત્પન્ન થયો નથી અને જ્યારે આ જગતનો નાશ થાય ત્યારે તેની સાથે એ જીવાત્માનો નાશ થવાનો નથી. અર્થાત્ દરેક કલ્પની શરૂઆતમાં અને કલ્પના અંતે થનાર આ ત્રિલોકીની ઉત્પત્તિ અને નાશ પણ આત્માઓને કાંઈ જ પરાભવ કરી શકતા નથી. આમ, એ જીવાત્મા જન્મ-મરણ રહિત છે.

અને અછેદ્ય, અભેદ્ય આદિક સ્વભાવવાળો હોવાથી સર્વકાળે એકસરખો જ રહે છે, પણ પરિણામ પામીને વિકૃત થઈ જાય એવો નથી. એટલે તો એ જીવાત્માને યથાર્થ દેખનારા જે યોગીઓ છે, તે એ જીવને પુરાણ અર્થાત્ જૂનો હોવા છતાં નિરંતર નવો નવો અનુભવે છે. તેથી એ જીવાત્મા દેહને હણવાથી હણાતો નથી; એમ તું નક્કી જાણ. ॥૨૦॥

पूर्वोक्तमेव दृढयति – वेदेति ।

वेदाविनाशिनं नित्यं य एनमजमव्ययम् ।।
कथं स पुरुषः पार्थ ! कं घातयति ? हन्ति कम् ? ।।२१।।

यः अजम्, अव्ययम् – व्ययानर्हं, ह्रासशून्यमिति यावत् । अविनाशिनं नित्यमेनं वेद, स पुरुष हे पार्थ ! देवादिदेहस्थितेषु जीवात्मसु कमपि क्षेत्रज्ञं कथं हन्ति ? न हन्ति । कं वा कथं घातयति ? न घातयति । उक्तलक्षण–लक्षितस्यात्मनो हननक्रियायां स्वतन्त्रकर्तृत्वेन प्रयोजककर्तृत्वेन च न कोऽपि सम्भवतीत्यर्थः ।। २१ ।।

હે અર્જુન ! જે પુરુષ એ જીવાત્માને અજન્મા, અવિકારી, અવિનાશી અને નિત્ય જાણે છે, તે પુરુષ દેવ-મનુષ્યાદિકના દેહને વિશે રહેલા જીવાત્માઓમાં કોઈ પણ જીવાત્માને કેવી રીતે હણે ? ન જ હણે. અથવા તો બીજાના દ્વારા પણ કેમ મરાવે ? ન જ મરાવે. અર્થાત્ ઉપર કહ્યાં એવાં લક્ષણવાળા આત્માને મારવાની ક્રિયાનો કોઈ પણ આત્મા સ્વતંત્ર - ડાયરેક્ટ કર્તા કે પ્રેરક - ઈન્ડાયરેક્ટ કર્તા બની શકે એવું સંભવતું જ નથી. ॥૨૧॥

आत्मनामविनाशित्वे सत्यप्यनेकसुकृतसाधनेषु शरीरेषु नश्यत्सु शोकनिमित्तमस्तीत्याशङ्क्याह – वासांसीति ।

उपजातिवृत्तम् :

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि ॥
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ॥२२॥

नरो जीर्णानि – जर्जरीभूतानि, वासांसि – वस्त्राणि, विहाय यथा अपराणि नवानि वसनानि गृह्णाति। तथा देही – शरीरभृत्, जीर्णानि – प्रारब्धावसाने त्यक्तुमर्हाणि, शरीराणि विहाय अन्यानि नवानि सुन्दराणि वपूंषि, संयाति – प्राप्नोति। युद्धादिशास्त्रीयकर्मणि स्थित्वा देहं जहतां क्षत्रियादीनां समीचीनदेहप्राप्तिः शास्त्रेषूक्ता, अतः शरीरत्यागे हर्षनिमित्तम् अस्ति। तस्माच्छोको न कर्तव्य इत्याशयः ।।२२।।

હે અર્જુન ! તું કહીશ જે, 'જીવાત્મા તો અવિનાશી છે, માટે એનો મર્યાનો શોક ન કરવો એ તો બરાબર, પણ અનેક પ્રકારનાં સત્કર્મ કરવાનું સાધન મનુષ્યશરીર નાશ થાય, તો તેનો તો શોક થવો જ જોઈએ ને..!' તો ત્યાં કહું છું કે, જેમ મનુષ્ય જૂનાં થયેલ વસ્ત્રોનો ત્યાગ કરીને બીજા નવાં વસ્ત્રોને ગ્રહણ કરે છે; તેમ જ જીવાત્મા પ્રારબ્ધ પૂરું થતાં જૂના શરીરને છોડીને નવા સુંદર શરીરને પામે છે. એમાંય યુદ્ધાદિક શાસ્ત્રસંબંધી

કર્મ કરતાં થકા દેહત્યાગ કરનારા તારા જેવા ક્ષત્રિયાદિકને તો બહુ સારા દેહની પ્રાપ્તિ શાસ્ત્રોમાં કહી છે. માટે ધર્મમાં રહેતા થકા જો દેહ પડે તો એ તો હર્ષનું કારણ છે. તેથી શોક તો ક્યારેય ન જ કરવો જોઈએ. ॥૨૨॥

पूर्वोक्तं क्षेत्रज्ञानाशित्वं लक्षणान्तरैर्दृढयति – नैनमिति ।

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ॥
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥२३॥

शस्त्राणि–कृपाणाद्यायुधान्यतितीक्ष्णान्यपि, एनम् – जीवं, न छिन्दन्ति – न विदारयन्ति। पावकः – वह्निः, अतिप्रज्वलनशीलोऽपि न एनं दहति। आपः – सलिलानि, आर्द्रीकरणेनैनं न क्लेदयन्ति। मारुतः – अनिलः, वेगवत्तरोऽपि एनं न शोषयति – रसवर्जितं कर्तुं न शक्नोति ।।२३।।

હે અર્જુન ! અતિ તીક્ષ્ણ ધારવાળા તલવારાદિક **શસ્ત્રો** પણ એ જીવાત્માને **કાપી** શકતા નથી. એમ જ મોટાં મોટાં ગાઢ જંગલોને બાળી દેવાના સ્વભાવવાળો **અગ્નિ** પણ તે જીવાત્માને **બાળી** શકતો નથી. વળી, ગમે તેવા કાષ્ઠાદિકને પોચા પાડીને સેડવી દેનાર **પાણી** પણ જીવાત્માને **સેડવવા** સમર્થ થાતું નથી. એવી જ રીતે સૂકવી નાખવાના સ્વભાવવાળો અતિ વેગવાન **વાયુ** પણ એ જીવાત્માને **સૂકવી** શકતો નથી; અર્થાત્ રસ રહિત કરી નાખવા માટે તે સમર્થ બનતો નથી. ॥૨૩॥

शस्त्रादीनां तन्नाशनासामर्थ्ये कारणं वदति – अछेद्य इति ।

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ॥
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥२४॥

यतोऽच्छेद्योऽयं तत एनं शस्त्राणि न छिन्दन्ति इत्यादि योजनीयम्। यतः छेद्यादिविशेषेणाहों नास्ति, अतो नित्यः। सर्वगतः – सर्वत्र स्वकर्मा–नुगुणगमनशीलः, स्थाणुः – स्थिरस्वभावः, अचलः – अप्रकम्प्यः, सनातनः –

अनादिसिद्धः, कस्मिंश्चिदपि काले केनापि न कृत इत्यर्थः ।।२४।।

'એવાં ભયંકર શસ્ત્રાદિકો પણ જીવાત્માનો કેમ નાશ કરી શકતા નથી ?' તો, એ જીવાત્માનું સ્વરૂપ જ એવું અનોખું છે. **કેવો છે તે જીવાત્મા ?** તો, તે **અછેદ્ય** છે. એટલે કે, તલવારાદિક આયુધોના કોટિ ઉપાયે કરીને પણ છેદાય-ભેદાય જ નહિ એવો છે. એમ જ આ જીવાત્મા **અદાહ્ય** છે. એટલે કે, અગ્નિ વગેરેના કોટિ ઉપાયે કરીને પણ બળે જ નહિ એવો છે. વળી, એ જીવાત્મા **અક્લેદ્ય** છે. એટલે કે, જળ વગેરેના કોટિ ઉપાયે કરીને પણ સડે જ નહિ એવો છે. એમ જ એ **અશોષ્ય** છે. એટલે કે, વાયુ વગેરેના કોટિ ઉપાયે કરીને પણ સૂકવી શકાય જ નહિ એવો છે; આમ, જીવાત્મામાં કપાવા યોગ્ય, બળવા યોગ્ય, સડવા યોગ્ય ને સુકાવા યોગ્ય એવા ગુણધર્મો છે જ નહીં, એટલે જ તે **નિત્ય** છે.

વળી, એ જીવાત્મા **સર્વગત** છે. એટલે કે, પોતાનાં સારાં-નરસાં કર્મને અનુસારે ઊંચ-નીચ ગતિને પામે છે. એ જીવાત્મા **સ્થાણુ** એટલે કે, જેમાં ક્યારેય કાંઈ ફેરફાર ન થાય એવો સ્થિર સ્વભાવવાળો છે. વળી, એ જીવાત્મા **અચળ** છે. એટલે કે, કોઈ પણ પ્રકારે પોતાના ધર્મોમાંથી ચલાયમાન કે કંપાયમાન થાય એવો નથી. એમ જ એ જીવાત્મા **સનાતન** છે. એટલે કે, કોઈ પણ કાળે કોઈએ પણ એને બનાવ્યો નથી, એ તો અનાદિથી છે જ. ॥૨૪॥

अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते ॥
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥२५॥

अव्यक्त इति। अव्यक्तः – चक्षुरादिकरणैः छेदनाद्यर्हपदार्थवन्न व्यज्यते – प्रत्यक्षतया न गोचरीक्रियते, ईदृशोऽयमात्मा उच्यते। अयम् अचिन्त्यः – अन्तःकरणैः छेदनादियोग्यपदार्थवच्चिन्तितुं नार्हः। तैरपि करणकलेवराणां प्रमाणकर्तृतया तु चिन्त्य इति श्रीकृष्णचन्द्रचरणानाम्

अभिप्रायः। तथाभूतः अविकार्यः – विकारं प्राप्तुमयोग्यः, अपरिणामी। क्रियायाः प्रत्येकं सम्बन्धः। तस्मादेनमेवं विदित्वा शोचितुं नार्हसि। उक्तात्मलक्षणैः तदशोच्यत्वमुक्तम् ।।२५।।

વળી, આ જીવાત્મા **અવ્યક્ત** છે. એટલે કે, તોડવા-ફોડવા યોગ્ય ઘટપટાદિક પદાર્થની જેમ તે જીવાત્મા નેત્રાદિક ઈન્દ્રિયો વડે પ્રત્યક્ષપણે જોઈ શકાય એવો નથી. વળી, એ જીવાત્મા **અચિંત્ય** છે. એટલે કે, ઘટપટાદિક પદાર્થની જેમ તે જીવ અંતઃકરણ વડે યથાર્થપણે ચિંતવી શકાય એવો નથી; પણ ઈન્દ્રિયો-અંતઃકરણ અને દેહને યથાર્થ જાણનાર તરીકે ચિંતવી શકાય તેવો છે. વળી, એ જીવાત્મા **અવિકાર્ય** છે. એટલે કે, વિકાર કે પરિણામ પામવા યોગ્ય નથી. માટે એ જીવાત્માને એવો જાણીને, હે અર્જુન ! તારે એનો કોઈ પણ પ્રકારે શોક કરવો યોગ્ય નથી. ॥૨૫॥

देहात्मकमात्मानं मत्वापि शोचनं न घटत इत्याह – अथेति ।

अथ चैनं नित्यजातं नित्यं वा मन्यसे मृतम् ।।
तथापि त्वं महाबाहो ! नैवं शोचितुमर्हसि ।।२६।।

अथेति पक्षान्तरे, अप्यर्थे चकारः। मदुक्तदुर्बोधात्मस्वरूपनिरूपणा–नवधारणात् पक्षान्तरेऽपि। नित्यजातम् – देहे जाते निश्चितं जातं, शरीरे मृते नित्यम् – निश्चितं मृतं चैनमात्मानं मन्यसे। तथापि हे महाबाहो! – हे पुरुषश्रेष्ठ! इति सोपहासं सम्बोधनम्। त्वं एवम् – 'कथं भीष्ममहं सङ्ख्ये...'(गीता.२/४) इत्याद्युक्तप्रकारेण शोचितुं नार्हसि ।।२६।।

હે અર્જુન ! મેં તને જે રીતે જીવાત્માનું સ્વરૂપ સમજાવ્યું તે સમજવું ઘણું કઠણ છે. તેથી તારાથી જો એ જીવાત્માનું જ્ઞાન જેમ છે તેમ ન નિર્ધારી શકાતું હોય, તોપણ તારે એનો શોક કરવો તે યોગ્ય નથી. એટલે કે, દેહ ઊપજે ત્યારે એ જીવાત્મા પણ નિશ્ચે ઊપજે છે અને દેહ નાશ પામે ત્યારે તે જીવાત્મા પણ જરૂર નાશ પામે છે, એમ તું માનતો

હો તોપણ હે મહાબાહુ ! એટલે કે, મોટી ભુજાવાળા હે શ્રેષ્ઠપુરુષ ! અત્યારે તું પોતાના સંબંધીને મારવા બાબતે જે શોક કરે છે, તે જરા પણ યોગ્ય નથી. ॥૨૬॥

तदेव दृढयति – जातस्येति ।

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ॥
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥२७॥

हि – यस्माद्धेतोः, जातस्य – स्वकृतशुभाशुभकर्मणोत्पन्नस्य जनस्य, स्वप्रारब्धकर्मावसाने । ध्रुवः – आवश्यकः, मृत्युः – मरणमस्ति । मृतस्य च जन्म – स्वकृतकर्मणा देवादिस्थावरान्तेषु जनिः, ध्रुवम् – निश्चितमेव । तस्मादपरिहार्ये – परिहर्तुम् – त्यक्तुमशक्यः अपरिहार्यः, तस्मिन् जनिमृति–रूपेऽर्थे त्वम् – एवं वेदिता, शोचितुं नार्हसि । तत्परित्यागासमर्थस्य तव दृष्टदुःखहेतुकं शोचनं नोचितमिति श्रीकृष्णचरणानामभिप्रायः ॥२७॥

જીવાત્માને તું દેહની સાથે જન્મ-મરણ પામતો માને તોપણ તારે શોક કરવો યોગ્ય નથી. શા માટે ? તો, પોતે કરેલાં શુભાશુભ કર્માનુસારે જન્મેલા જનને પ્રારબ્ધ પૂરું થતાં મરણ અવશ્યંભાવી - થવાનું જ છે. અને જે જન મરણ પામે તેને પોતાનાં કર્માનુસારે સ્થાવર-જંગમ યોનિને વિશે જન્મ પણ અવશ્યંભાવી - થવાનો જ છે. માટે કોટિ ઉપાયે કરીને પણ ન ટાળી શકાય એવાં આ જન્મ-મરણની બાબતમાં એને જાણનાર એવા તારે શોક કરવો બિલકુલ યોગ્ય નથી. ॥૨૭॥

देवादिस्थावरान्तेषु भूतेषु उत्पत्त्यादीनामवश्यभावित्वकथनेन तच्छोकम् अपनुदन्नाह – अव्यक्तादीनीति ।

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ! ॥
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ? ॥२८॥

हे भारत ! अव्यक्तादीनि – अव्यक्तः – न दृष्टः आदिः – पूर्वावस्थानं येषां तानि, व्यक्तमध्यानि – व्यक्तम् – सम्यक् दृष्टं मध्यम् – मध्यावस्थानं येषां तानि, अव्यक्तनिधनान्येव – अव्यक्तम् – पूर्वं न दृष्टं निधनम् – मरणकालो येषां तानि, भूतानि – देवमनुष्यादिजना भवन्ति । तत्र – एतत् विशेषणविशिष्टेषु तेषु, का परिदेवना ? – तव को दुःखनिमित्तः प्रलापः? किञ्चिदपि शोचनं न कर्तव्यमित्यर्थः ।।२८।।

હે ભરતવંશી અર્જુન ! આ સર્વે ભૂતપ્રાણીમાત્ર કેવાં છે ? તો તેનાં જન્મ પહેલાંની અવસ્થા કોઈએ જોઈ નથી. હાલમાં તેઓ જે અવસ્થામાં જીવી રહ્યાં છે, તેટલું ફક્ત દેખી શકાય છે. અને હવે તેઓનું મૃત્યુ ક્યારે થવાનું છે ? તે અગાઉથી કોઈનું પણ જાણી શકાતું નથી. એવા આ દેવ, મનુષ્ય વગેરે તમામ જનો છે. આવી રીતે સર્વપ્રકારે કાળ-કર્મને વશ એ સર્વે જીવાત્માઓ છે. ત્યારે તે બાબતમાં તારે દુઃખ લગાડવા જેવું શું છે ? અર્થાત્ જરા પણ શોક કરવા જેવું નથી. ॥૨૮॥

देहात्मविवेककर्तृष्वप्यात्मयाथात्म्यद्रष्टृवक्तृश्रोतॄणां दुर्लभत्वम् आह – आश्चर्यवदिति ।

उपजातिवृत्तम् :

आश्चर्यवत्पश्यति कश्चिदेनमाश्चर्यवद्वदति तथैव चान्यः ।।
आश्चर्यवच्चैनमन्यः श्रृणोति श्रृत्वाप्येनं वेद न चैव कश्चित् ।।२९ ।।

जीवात्मनः परमात्मनो मम च याथार्थ्यदर्शिगुरूपदिष्टाध्यात्मशास्त्राभ्यासेन देहात्मविवेककर्तृष्वपि, कश्चित् – आत्मावलोकनसाधनकुशलः पुरुषः, महता पुण्येन मदाज्ञानुवर्तिशीलः सन् प्रकृतिजन्यवस्तुभिन्नतया, आश्चर्यवत् – अद्भुतवदवस्थितं उक्तलक्षणं एनमात्मानं पश्यति । तादृशोऽन्यश्चात्मद्रष्टा यथादृष्टमेनमात्मानं, तथैव – तेन प्रकारेणैव परस्मै

वदति। अन्यश्च - पूर्वोक्तभिन्नः कश्चिदविनष्टात्मदर्शनप्राप्तिविरोधिकर्मा पुरुषः, आश्चर्यवदवस्थितं एनं तत्त्वतः श्रृणोति, न तु पश्यति। कश्चित् - तेभ्यो भिन्नश्च अनष्टात्मवेदनविरोधिकर्मा एनं श्रुत्वापि नैव वेद । तस्मात् यथार्थद्रष्टृवक्तृश्रोतारो दुर्लभा एवेत्यर्थः ।।२९।।

કદાચ આ લોકમાં દેહ અને જીવાત્માનો વિવેક જાણનારા પુરુષો મળે તોપણ તેમાં આત્માનાં સ્વરૂપને યથાર્થપણે સાક્ષાત્ કરનાર દ્રષ્ટાઓ, યથાર્થપણે સમજાવનાર વક્તાઓ અને આત્માનાં સ્વરૂપને યથાર્થપણે સમજી શકનાર શ્રોતાઓ મળવા અતિ દુર્લભ છે.

કેમ કે, જીવાત્માને તથા પરમાત્મા એવા મને યથાર્થ દેખનારા ગુરુએ ઉપદેશેલ અધ્યાત્મશાસ્ત્રના અભ્યાસ વડે, દેહ અને જીવાત્માના સ્વરૂપનો વિવેક કરનારા અનેક પુરુષોમાં પણ કોઈક ભક્ત જ જીવના સ્વરૂપને જેમ છે તેમ દેખે છે. અર્થાત્ જીવનો સાક્ષાત્કાર કરવાના સાધનમાં જે અતિ નિપુણ હોય તથા મોટાં પુણ્યે કરીને મારી આજ્ઞામાં જ વર્તવાનો જેને સ્વભાવ હોય, એવો કોઈક જ ભક્ત માયાજન્ય વસ્તુમાત્રથી વિલક્ષણ અને એક આશ્ચર્યકારી તત્ત્વ એવા તે જીવાત્માને યથાર્થપણે દેખે છે.

તેવા આત્મદર્શી ઘણાક પુરુષોમાં પણ એ જીવાત્માને જેમ દેખ્યો હોય તેમ જ આશ્ચર્યકારી રીતે બીજાને પણ સમજાવી શકે એવા વક્તા તો કોઈક જ મળે છે. એવા વક્તાને સાંભળી રહેલા ઘણાક શ્રોતાઓમાં અમુક પુરુષ જ આશ્ચર્યની પેઠે રહેલા એ જીવાત્માને યથાર્થપણે જાણે છે. એટલે કે, જેમ છે તેમ ફક્ત સમજી શકે છે પણ દેખી શકતા નથી. કેમ જે, સાંભળી રહેલા તમામ પુરુષોને આત્મદર્શનમાં અંતરાય કરનારાં સર્વે કર્મો નાશ પામ્યાં હોતાં નથી.

વળી, અમુક શ્રોતા તો જીવાત્મા વિશે ગુરુમુખથી સાંભળવા છતાં જીવને જેમ છે તેમ સમજી પણ શકતા નથી. કેમ જે, આત્મસ્વરૂપને

યથાર્થ સમજવામાં અંતરાય કરનારાં તેનાં કર્મો હજુ નાશ થયાં હોતાં નથી. આ રીતે એ **આત્મતત્ત્વ દેખવું,** યથાર્થ **વર્ણવવું** અને યથાર્થ **સમજવું** અતિ કઠિન છે. માટે એ જીવાત્માના યથાર્થ દ્રષ્ટાઓ, વક્તાઓ અને શ્રોતાઓ અતિ દુર્લભ જ છે. ॥૨૯॥

आत्मस्वरूपनिरूपणमुपसंहरन्निगदति — देहीति ।

देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत ! ॥
तस्मात्सर्वाणि भूतानि न त्वं शोचितुमर्हसि ॥३०॥

सर्वस्य – ब्रह्मादिस्थावरान्तस्य देहभृतः, जातित्वादेकवचनं, देहे – वर्ष्मणि स्थितोऽयं देही, नित्यम् – निश्चितम्, अवध्यः – वधानर्हो ज्ञातव्यः। तस्माद्धेतोः सर्वाणि – समग्राणि भूतानि – अचेतनविशिष्टचेतनवृन्दानि उद्दिश्य त्वं न शोचितुमर्हसि। अचेतनविशिष्टानां जीवात्मनां देहवृन्दस्य क्षरस्वभावत्वात्तत्स्वरूपाणां त्वक्षरणस्वभावत्वाच्च तयोः शोचनमज्ञानमूलम् एवेति भावः ।।३०।।

હે અર્જુન ! બ્રહ્માથી લઈને કીટ પર્યંતના સર્વે દેહોમાં રહેલ જીવાત્મા નિશ્ચે અવધ્ય જ છે; એટલે કે, નાશ પામવા યોગ્ય નથી જ. તેથી સમગ્ર દેહ અને દેહધારી એવા ભૂત-પ્રાણીમાત્રનો તારે શોક કરવો યોગ્ય નથી. કેમ કે, **સર્વ દેહો ક્ષરસ્વભાવવાળા - વિકાર પામનારા છે અને સર્વ આત્માઓ અક્ષરસ્વભાવવાળા - અવિકારી છે. તેથી તેમનો શોક કરવો તે અજ્ઞાનનું જ કાર્ય છે.** ॥૩૦॥

'वेपथुश्च शरीरे मे'(गीता.१/२९) इति यत्पार्थवचनं तन्निराकरणं कुर्वन्निगदति — स्वेति ।

स्वधर्ममपि चावेक्ष्य न विकम्पितुमर्हसि ॥
धर्म्याद्धि युद्धाच्छ्रेयोऽन्यत् क्षत्रियस्य न विद्यते ॥३१॥

चकार आनन्तर्ये, देहात्मनोर्नाशित्वानाशित्वकथनेन शोकनिवृत्त्याख्यानादनन्तरम्। त्वं, "शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम्। दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम्"(गीता.१८/४३) इत्यादि स्वधर्मम् - क्षत्रियधर्मम् अपि, यद्वा भूभारावतरणाय मदाज्ञापालनरूपं स्वधर्ममपि स्वस्य मच्छिष्यस्य तव धर्मस्तं, तत्र प्रमाणम् - "शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम्"(गीता.२/७) इति। अवेक्ष्य - विचार्य, युद्धे सम्मुखानामात्तशस्त्राणां हनने विकम्पितुम् - पापभ्रान्त्या निवर्तितुं नार्हसि। हि - यस्मात्, धर्म्यात् - धर्मात् क्षत्रियधर्मात् शिष्यधर्माच्च अनपेतात्, युद्धात् अन्यत् - भिक्षाशनरूपं ब्राह्मणवर्तनं, क्षत्रियस्य - क्षात्रप्रकृतेः पुरुषस्य, श्रेयः - श्रेयस्करं न विद्यते। ब्राह्मणप्रकृतिनां सर्वत्र अहिंसाधर्मो युक्तः, क्षात्रप्रकृतिनां तु युद्धादन्यत्र अहिंसाधर्मो युक्त इति भावः ।।३१।।

✵ સ્વધર્મનું મહત્ત્વ તથા યુદ્ધપ્રોત્સાહન :

અને વળી, હે અર્જુન ! તું ક્ષત્રિય છે; તેથી શૂરવીરતા, તેજ, ધીરજ, દાન, કુશળતા અને યુદ્ધમાંથી ભાગવું નહિ વગેરે તારો ધર્મ છે. અથવા પૃથ્વીનો ભાર હરવા માટે મેં કરેલી આજ્ઞાનું પાલન કરવું તે તારો ધર્મ છે; કેમ જે, તું મારો શિષ્ય છો. આ તારા ધર્મને વિચારીને પણ તું યુદ્ધમાં શસ્ત્ર બાંધી સામે આવેલાને મારવામાં પાપ થવાની ભ્રાંતિએ કરીને પાછો હઠે તે યોગ્ય નથી. કેમ કે, ક્ષત્રિયની પ્રકૃતિવાળા તારે માટે ક્ષત્રિયધર્મ અને શિષ્યધર્મરૂપ યુદ્ધ છોડીને 'ભીખ માગી ખાવું' વગેરે બ્રાહ્મણનો ધર્મ કલ્યાણકારી નથી. હા, જેને બ્રાહ્મણની પ્રકૃતિ હોય તેને બધે જ અહિંસા ધર્મ પાળવો તે યોગ્ય છે; પણ ક્ષત્રિય પ્રકૃતિના મનુષ્યોએ તો ધર્મયુદ્ધ સિવાય બીજે અહિંસા ધર્મ રાખવો એ જ યોગ્ય છે. ॥૩૧॥

पुण्यवतां क्षत्रियाणामयत्नोपलब्धं धर्म्यसमरविधानमुत्कृष्टतरमस्ति इत्याह – यदृच्छया चेति ।

यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम् ।।
सुखिनः क्षत्रियाः पार्थ ! लभन्ते युद्धमीदृशम् ।।३२।।

हे पार्थ ! सुखिनः – स्वर्गसुखकामुकाः, यद्वा मदाज्ञापरिपालनेन परमानन्देच्छवः, क्षत्रियाः – क्षात्रधर्मशीलाः, अपावृतम् – आवरणशून्यम्, अप्रतिबद्धमिति यावत् । स्वर्गद्वारम् – सुरलोकगोपुरभूतम्, यदृच्छया उपपन्नञ्च — अप्रयत्नोपगतम्, ईदृशम् – पूर्वोक्तं धर्मरूपं, युद्धम् – समरं लभन्ते । यद्वा ये क्षत्रियाः पूर्वोक्तविशेषणविशिष्टं युद्धं लभन्ते, त एव सुखिनो भवन्ति । यद्वा पूर्वोक्तविशेषणविशिष्टं युद्धं सुखिनः क्षत्रिया लभन्ते, इति योजनीयम् ।।३२।।

હે અર્જુન ! જેને સ્વર્ગનાં સુખને કે મારી આજ્ઞા પાળીને શાશ્વત સુખને મેળવવાની ઇચ્છા હોય એવા ક્ષત્રિયો જ વિના પ્રયાસે મળેલા અને ખૂલી ગયેલ સ્વર્ગના દરવાજા જેવા આ ધર્મયુદ્ધને પામે છે. અથવા તો જેઓ આવા ધર્મયુદ્ધને પામે છે તેઓ જ સુખી થાય છે. અથવા તો આવા ધર્મયુદ્ધને સુખી ક્ષત્રિયો જ પામે છે. ॥૩૨॥

अथ चेत्त्वमिमं धर्म्यं सङ्ग्रामं न करिष्यसि ।।
ततः स्वधर्मं कीर्तिं च हित्वा पापमवाप्स्यसि ।।३३।।

अथेति । अथ – अथवा, त्वं धर्म्यम् इमं सङ्ग्रामं न करिष्यसि चेत्, ततः – अकरणात्, पूर्वोक्तं स्वधर्मं, कीर्तिम् – शूरत्वविख्यातिञ्च हित्वा पापमेवावाप्स्यसि, न त्वन्यत् ।।३३।।

અને જો તું ક્ષત્રિયના ધર્મરૂપ અથવા તો શિષ્યના ધર્મરૂપ એવા આ યુદ્ધને નહિ કર તો તું તારા ધર્મને અને તારી મહાશૂરવીરપણાની કીર્તિને છોડી કેવળ પાપને જ પામીશ; પણ એ સિવાય બીજું કાંઈ જ નહિ પામે. ॥૩૩॥

किञ्च – अकीर्तिमिति ।

अकीर्तिं चापि भूतानि कथयिष्यन्ति तेऽव्ययाम् ॥
सम्भावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ॥३४॥

भूतान्यपि – मनुष्यादीन्यपि, ते – तव, अव्ययाम् – अक्षयां, अकीर्तिं च 'पार्थः शूरो भूत्वा युद्धात्पलायितः' इत्येवम्भूतमपयशः कथयिष्यन्ति च । तस्मात् सम्भावितस्य – भटत्वेन ख्यातिं प्राप्तस्य पुरुषस्य, अकीर्तिः मरणात्, अतिरिच्यते – अधिका भवति । तादृशस्य नुः अकीर्तेः मरणमेव श्रेय इत्यर्थः ॥३४॥

એટલું જ નહિ, પરંતુ દેવ-મનુષ્યાદિક પણ કોઈ રીતે સુધારી ન શકાય એવી તારી અપકીર્તિ કરશે. એટલે કે, 'શૂરવીર થઈને અર્જુન યુદ્ધ છોડીને ભાગી ગયો.' એવો તારો અપયશ કહેશે. અને 'શૂરવીરપણાદિકે કરીને વિખ્યાતિ પામેલા પુરુષને માટે પછી તેની અપકીર્તિ થાય તે મોત કરતાં પણ વધારે ભૂંડી છે.' એટલે કે, એવા પુરુષને માટે તો અપકીર્તિ કરતાં મરવું તે જ શ્રેષ્ઠ છે. ॥૩૪॥

सम्बन्धप्रीत्या दयया च समराद्विरतस्य रणोद्भटस्य मेऽकीर्तिः कथं भविष्यति ? इत्यत्राह – भयादिति ।

भयाद्रणादुपरतं मंस्यन्ते त्वां महारथाः ॥
येषां च त्वं बहुमतो भूत्वा यास्यसि लाघवम् ॥३५॥

महारथाः प्रतिपक्षिसैन्यस्थाः, भयाद्रणादुपरतम् – भयाद्धेतोः रणात् – युद्धादुपरतम् – विरामं प्राप्तं, वा भयभूतात्समराद्विरतं त्वां मंस्यन्ते । भयेन समितेर्निवृत्तं मन्येरन्नित्यर्थः । अतो येषां च दुर्योधनादीनां शूराणामेव, बहुमतः – 'शौर्यधैर्यादिगुणैरयं शूरो वैरी' इति त्वं बहुसम्मतः भूत्वा लाघवम् – लघुतामनादरविषयत्वं यास्यसि ॥३५॥

હે અર્જુન ! તારા મનમાં એમ હશે કે, 'હું તો સંબંધીને વિશે હેત અને દયાને કારણે યુદ્ધને છોડી રહ્યો છું. માટે મહાશૂરવીર એવા મારી અપકીર્તિ કેવી રીતે થાશે ?' પરંતુ એ વાત ફક્ત તું ને હું જ જાણીએ છીએ. તેથી જો તું આ યુદ્ધને નહિ કરે, તો કૌરવોની સેનામાં રહેલા કર્ણ અને દુર્યોધનાદિક મહારથીઓ તો 'અર્જુન ભયનો માર્યો જ સંગ્રામમાંથી ભાગી ગયો છે' એમ માનશે. તેથી તે સર્વે શૂરવીરો દ્વારા 'આ અર્જુન શૂરતા, વીરતા અને ધીરજ વગેરે અનેક ગુણોવાળો એવો મહાબળિયો અમારો શત્રુ છે.' એમ બહુમાનિત થયો હોવા છતાં પણ તું નાનપને પામીશ. એટલે કે, તું તે બધાની દૃષ્ટિએ અનાદરને પાત્ર બની જઈશ. ॥૩૫॥

लाघवं प्राप्तं त्वां शत्रवो निन्दिष्यन्तीत्याह – अवाच्यवादानिति ।

अवाच्यवादांश्च बहून् वदिष्यन्ति तवाहिताः ॥
निन्दन्तस्तव सामर्थ्यं ततो दुःखतरं नु किम् ? ॥३६॥

तव अहिताः – तवारयः, तव सामर्थ्यम् – शङ्करपराभवाद्यसाधारण-सामर्थ्यं, निन्दन्तः – 'महाभटानामस्माकं पुरत एषः कथं स्थातुं योग्यो भवेत् !' 'अस्मभ्योऽन्यत्र तस्य पराक्रमः,' इति कुत्सां कुर्वन्तः सन्तः, बहून्– अनेकप्रकारान्, अवाच्यवादान् – अयोग्यशब्दान्, वदिष्यन्ति च – कथयिष्यन्ति इत्येव। नु इति वितर्के। ततः – निन्दनात्, किं दुःखतरम् ? किमधिकं दुःखम् ? किमपि दुःखं नास्तीत्यर्थः ।।३६।।

એટલું જ નહિ, પરંતુ દુર્યોધનાદિક તારા દુશ્મનો શંકરને હરાવવા આદિક તારા અદ્વિતીય સામર્થ્યની નિંદા કરવા માટે કાયમ એવું કહેશે કે, 'મહાશૂરવીર એવા અમારી આગળ એ અર્જુન ઊભો રહેવા માટે પણ કેમ સમર્થ થાય !' 'તેમાં જે કાંઈ પરાક્રમ છે તે અમારા સિવાય બીજે ઠેકાણે ચાલે એમ છે, અમારી પાસે નહીં.' આવાં અનેક પ્રકારનાં

ન કહેવાં યોગ્ય વચનો બીજા આગળ બોલશે. ત્યારે આવી નિંદાથી વધુ બીજું દુઃખ તારા માટે શું કહેવાય ? ॥૩૬॥

युद्धाकरणाल्लोके अपकीर्तिं शत्रूणामुपहासं चोक्त्वा, सङ्ग्राम-करणे द्विविधं श्रेयोऽस्तीत्याह – हत इति ।

हतो वा प्राप्स्यसि स्वर्गं जित्वा वा भोक्ष्यसे महीम् ॥
तस्मादुत्तिष्ठ कौन्तेय ! युद्धाय कृतनिश्चयः ॥३७॥

मदाज्ञया कृते धर्मसमरे अरिभिर्हतो वा चेत् स्वर्गम् - परमकल्याणं प्राप्स्यसि । वेति पक्षान्तरे, शत्रून् जित्वा - शत्रुपराजयं कृत्वा महीम् - सार्वभौमं राज्यं भोक्ष्यसे । तस्मात् - उभयविधश्रेयोलाभाद्धेतोः, हे कौन्तेय ! युद्धाय - युद्धं कर्तुं कृतनिश्चयः सन् उत्तिष्ठ - उद्युक्तो भव । धर्मयुद्धे मृतानां क्षत्रियाणां स्वर्गप्राप्तिः, अनभिसंहितफले ममाज्ञया कृते धर्मसमरे मृतस्य मच्छिष्यस्य तव तु मोक्षप्राप्तिरस्त्येवेति कृष्णचन्द्राभिप्रायः ।।३७।।

હે અર્જુન ! મારી આજ્ઞાથી કરેલા ધર્મયુદ્ધમાં જો તું હણાઈશ, તોપણ પરમ કલ્યાણને પામીશ. અને જો તું શત્રુને જીતીશ, તો તું ચક્રવર્તી રાજ્યને ભોગવીશ. આમ, બંને તરફ લાભ હોવાથી તું યુદ્ધ કરવાનો નિશ્ચય કરીને યુદ્ધ કરવા માટે તત્પર થા. કેમ કે, ધર્મયુદ્ધમાં મૃત્યુ પામનારા ક્ષત્રિયને સ્વર્ગલોકની પ્રાપ્તિ કહી છે. પરંતુ જો તું સ્વર્ગ કે રાજ્યાદિકની પ્રાપ્તિરૂપ ફળની ઇચ્છાનો ત્યાગ કરીને કેવળ મારી આજ્ઞાથી કરેલ આ ધર્મયુદ્ધમાં મરીશ, તો મારા શિષ્ય એવા તારે તો મોક્ષની પ્રાપ્તિ છે જ. ॥૩૭॥

स्वभक्तस्य युद्धादिशास्त्रीयकर्मसमारम्भकाले करणीयमाह – सुखेति ।

सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ॥
ततो युद्धाय युज्यस्व नैवं पापमवाप्स्यसि ॥३८॥

त्वमादौ जन्ममरणादिसमग्रदेहस्वभावरहितनित्यात्मनो ज्ञानेन सुखदुःखे - स्वप्रारब्धागतसमीचीनासमीचीनविषयभोगप्राप्तेऽवर्जनीये आनन्दव्यथे समे कृत्वा, लाभालाभौ जयाजयौ च समौ कृत्वा, ततः - समीकरणानन्तरं अनाकाङ्क्षितस्वर्गादिफलः सन् युद्धाय युज्यस्व - युद्धं कर्तुं तत्परो भव । एवम् - युद्धादिशास्त्रीयकर्मणि कृते सति पापम् - पापरूपं संसरणं, नाऽवाप्स्यसि ।।३८।।

હા, મારા ભક્તોએ આવાં બધાં શાસ્ત્રીય કર્મો કરવાનાં થાય, ત્યારે તેમણે પહેલાં શું કરવું જોઈએ ? કેવી સમજણ રાખીને કર્મ કરવાથી કોઈ પણ પ્રકારનું પાપ ન થાય અને મોક્ષની પ્રાપ્તિ અવશ્ય થાય ? તે સમજણ હવે હું તને શીખવાડું છું.

હે અર્જુન ! તું યુદ્ધ કરતા પહેલાં જન્મ-મરણાદિક દેહના સ્વભાવથી રહિત અને નિત્ય એવા જીવાત્માને સારી રીતે સમજી લે. પછી પોતાનાં પ્રારબ્ધકર્માનુસારે મળનારા સારા-નરસા વિષયને ભોગવવાથી થનારાં જે અનિવાર્ય સુખ તથા દુઃખ, તે બંનેને આત્મજ્ઞાન વડે સમાન સમજી લે. એવી જ રીતે કર્મ કરતા થકા થનારા લાભ કે અલાભને અને જય કે પરાજયને પણ આત્મજ્ઞાન વડે સમાન માની લે. અર્થાત્ **હું તો દેહ અને દુનિયાથી તદ્દન વિલક્ષણ અને શુદ્ધ ચૈતન્ય એવો આત્મા છું. તેથી હું આ સુખ-દુઃખ, લાભ-અલાભ, જય-પરાજય એ બધાથી સંપૂર્ણ અલિપ્ત છું. મારે તેની સાથે કાંઈ જ લેવા-દેવા નથી. હું તો ફક્ત પ્રભુની પ્રસન્નતાર્થે તેમની આજ્ઞાથી આ કર્મ કરું છું.** એમ એ બધાં દ્વંદ્વોમાં સમાન બુદ્ધિવાળો થઈ જા. આ રીતે સમબુદ્ધિ કર્યા પછી સ્વર્ગાદિક ફળની આકાંક્ષા રાખ્યા વિના યુદ્ધરૂપી નિષ્કામ કર્મયોગ કરવા માટે તત્પર થા. આવી રીતે સમબુદ્ધિ રાખીને નિષ્કામપણે શાસ્ત્રસંબંધી કર્મ કરવાથી તું પાપરૂપી સંસારને કદાપિ પામીશ નહીં.” ॥૩૮॥

'अशोच्यानन्वशोचस्त्वम्' इत्यादिश्लोकैरात्मज्ञानं युद्धप्रोत्साहनं चोक्त्वा, इदानीमात्मपरमात्मस्वरूपप्राप्तिसाधनभूतमनाकाङ्क्षितफलं मुमुक्षु-कृतशास्त्रीयकर्मलक्षणं बुद्धियोगाख्यं कर्मयोगं कथयति – एषेति ।

एषा तेऽभिहिता साङ्ख्ये बुद्धिर्योगे त्विमां शृणु ॥
बुद्ध्या युक्तो यया पार्थ! कर्मबन्धं प्रहास्यसि ॥३९॥

सङ्ख्या – सम्यक् ख्यायते प्रकाश्यते ज्ञायते वस्त्वनयेति सङ्ख्या – बुद्धिः, तया ज्ञायमानमात्मस्वरूपं साङ्ख्यं तत्र एषा – आत्मनिरूपणरूपा बुद्धिः, ते – तुभ्यं मयाऽभिहिता – कथिता । आत्मस्वरूपबोधकं ज्ञानं कथितमित्यर्थः ।

तुशब्दः पुनरर्थे। योगे – मोक्षसाधनभूतस्यानाकाङ्क्षितफलस्य मुमुक्षुणा मत्प्रसन्नतायै क्रियमाणस्य युद्धादिशास्त्रीयकर्मणः सिद्ध्यसिद्धि-समत्वरूपे गृहिणां धर्मभूते कर्मयोगे, तत्र प्रमाणानि – "सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते"(गीता.२/४८) इति। "योगः कर्मसु कौशलम्"(गीता.२/५०) इत्यत्र। "कर्मयोगस्तु कामिनाम्"(भाग.११/२०/७) इत्येकादशे च। इमाम् — बुद्धिम् – आत्मनः परमात्मनो मम च स्वरूपा-नुसन्धानरूपं ज्ञानं, शृणु। हे पार्थ! यया बुद्ध्या – येन ज्ञानेन युक्तस्त्वं कर्मबन्धम् – कर्मणा बन्धः संसारस्तं, प्रहास्यसि – त्यक्ष्यसि ॥३९॥

❋ નિષ્કામ કર્મયોગનું નિરૂપણ :

શ્રીકૃષ્ણ ભગવાને અત્યાર સુધી (૨/૧૧-૩૮) આત્મજ્ઞાન અને યુદ્ધ માટેના પ્રોત્સાહનની વાતો કરી. હવે આત્મા-પરમાત્માના સ્વરૂપના સાક્ષાત્કાર માટેનું સાધન એવા કર્મયોગને સમજાવે છે. આ કર્મયોગ એટલે શું ? તો **એક પ્રભુપ્રસન્નતા સિવાય અન્ય કોઈ પણ ફળની આકાંક્ષા રાખ્યા વિના મુમુક્ષુ દ્વારા કરવામાં આવતાં શાસ્ત્ર-સંબંધી નિષ્કામ કર્મો**

તે જ 'કર્મયોગ' છે. 'બુદ્ધિયોગ' એવું એનું બીજું નામ છે.

હવે શ્રીકૃષ્ણ ભગવાન ગત શ્લોકમાં કહેલ કર્મયોગનું સ્વરૂપ વિસ્તારથી વર્ણવે છે : "હે અર્જુન ! અત્યાર સુધી મેં તને સાંખ્ય બાબતનું જ્ઞાન આપ્યું. **સાંખ્ય એટલે શું ?** તો, જેના દ્વારા પદાર્થનું સ્વરૂપ યથાર્થ જાણ્યામાં આવે એ બુદ્ધિને 'સંખ્યા' કહેવાય. એ બુદ્ધિથી જાણ્યામાં આવતા એવા જીવાત્માના સ્વરૂપને 'સાંખ્ય' કહેવાય છે. અને **આત્માના સ્વરૂપનું નિરૂપણ કરવારૂપ જ્ઞાનને 'સાંખ્યજ્ઞાન' કહે છે.** તે મેં તને કહ્યું.

હવે યોગ બાબતનું જ્ઞાન કહું છું, તે તું સાંભળ. **યોગ એટલે શું ?** તો, બીજા તમામ ફળને છોડી એકમાત્ર મારી પ્રસન્નતા માટે મુમુક્ષુ દ્વારા કરવામાં આવતાં યુદ્ધ વગેરે શાસ્ત્રીય કર્મોમાં થતાં લાભ-અલાભ વિશે સમભાવરૂપ એવા ગૃહસ્થોના ધર્મભૂત કર્મયોગને જ અહીં 'યોગ' કહેવામાં આવે છે. આ **કર્મયોગમાં આત્મા-પરમાત્માના સ્વરૂપનું અનુસંધાન રાખવારૂપ જ્ઞાનને 'યોગસંબંધી જ્ઞાન' કહેવામાં આવે છે.** તે મોક્ષના સાધનરૂપ છે. હે અર્જુન ! આ જ્ઞાનને પામીને તું કર્મના બંધનરૂપ સંસારનો અવશ્ય ત્યાગ કરી શકીશ. ॥૩૯॥

वदिष्यमाणस्य बुद्धियोगस्योत्कृष्टत्वं प्रतिपादयति – नेहेति ।

नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ॥
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥४०॥

इह – कर्मयोगे, अभिक्रमनाशः – अभिक्रम्यते – कर्मणा प्रारभ्यते यत्फलं सोऽभिक्रमः, तस्य नाशः – निष्फलत्वं, नास्ति। आरब्धस्य अपरिसमाप्तस्य शास्त्रीयकर्मणः अन्तर्विच्छेदे सत्यपि विफलत्वं न भवतीत्यर्थः। प्रत्यवायः – आरब्धानां मध्ये विच्छिन्नानां शास्त्रीयकर्मणां दोषः, न विद्यते। कर्मयोगादन्यत्र प्रत्यवायोऽस्तीत्यर्थः। अस्य – आत्मानुसन्धानपूर्वकस्य पूर्वैः मुमुक्षुभिर्मत्प्रसन्नतायै विधीयमानस्य

कर्मयोगाभिधानस्य, धर्मस्य स्वल्पमपि – अल्पभागोऽपि महतो भयात् – जनिमृतिरूपाद्भयात् त्रायते – रक्षति ।।४०।।

હે અર્જુન ! આ કર્મયોગનું મહત્ત્વ એવું છે કે, શાસ્ત્રે કહેલા કર્મનો આરંભ તો કર્યો હોય, પણ તેની સમાપ્તિ થતાં પહેલાં તે કર્મ વચ્ચે જ નાશ પામી ગયું હોય, તોપણ તે કર્મ નિષ્ફળ જાતું નથી. એટલું જ નહિ, પણ આ કર્મયોગમાં આરંભેલાં શાસ્ત્રીય કર્મ જો કોઈક અંતરાયને કારણે વચમાં જ નાશ પામે, તોપણ તેનો કોઈ દોષ લાગતો નથી. જ્યારે આ નિષ્કામ કર્મયોગ સિવાયનાં બીજાં કર્મ આરંભ્યાં પછી જો પૂરાં થાય તો જ તે ફળદાયી થાય છે. જો વચ્ચે અટકે તો દોષના દેનારાં પણ થાય છે.

પૂર્વે ઘણા બધા મુમુક્ષુઓએ મારી પ્રસન્નતાને અર્થે આત્માનુસંધાન સહિત આચરેલ એવો જે આ કર્મયોગરૂપ ધર્મ, તેનો અલ્પ અંશ પણ આચરણ કરનારની જન્મ-મૃત્યુરૂપ મોટા ભય થકી રક્ષા કરે છે. ।।૪૦।।

वेदादिसद्ग्रन्थप्रोक्तशास्त्रीयकर्मकर्तॄणां मनुष्याणां द्विविधा बुद्धिरस्ति, काम्यकर्मविषया निष्कामकर्मविषया च । तत्र कर्मयोगश्रेष्ठत्वज्ञापनाय एकस्या बहुत्वमितरस्या एकत्वमाह – व्यवसायात्मिकेति ।

व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनन्दन ! ।।
बहुशाखा ह्यनन्ताश्च बुद्धयोऽव्यवसायिनाम् ।।४१।।

इह – मुमुक्षुभिः कामिभिश्च कृते समग्रशास्त्रीयकर्मणि, मुमुक्षुणां व्यवसायात्मिका – आत्मस्वरूपमत्स्वरूपयाथार्थ्यनिश्चयपूर्विका, बुद्धिः एकास्ति । निष्कामभावेन मोक्षफलैकसाध्यत्वात् । सकलहेयवस्तुविसजातीये आत्मनि स्वस्वरूपे, सर्वात्मनि हरौ मयि वा व्यवसायः – निश्चयो यस्याः सा व्यवसायात्मिका। 'राजदन्तादिषु परम्'(पा.सू.२/२/३१) इति सूत्रेण पूर्वप्रयोगार्हस्य आत्मशब्दस्य परनिपातः ।

हे कुरुनन्दन ! अव्यवसायिनां हि – आत्मस्वरूपनिश्चयवर्जितानां सकामानां देहाभिमानिनां तु, बुद्धयः अनन्ताः, बहुशाखाश्च – बहवः शाखाः अनेकपदार्थप्राप्तिनिश्चयरूपा यासां ताः, सन्ति । सकामभावेन स्वर्गपुत्र-पशुराज्याद्यनेकविधफलसाध्यत्वात् ।।४१ ।।

વેદાદિક સદ્ગ્રંથોમાં કરવા યોગ્ય કહેલાં કર્મને કરનારા મનુષ્યોની બુદ્ધિ બે પ્રકારની છે : એક **સકામ કર્મસંબંધી** અને **બીજી નિષ્કામ કર્મસંબંધી.** તેમાં નિષ્કામ કર્મરૂપ કર્મયોગનું શ્રેષ્ઠત્વ જણાવવા માટે સકામ કર્મસંબંધી બુદ્ધિના બહુ પ્રકાર અને નિષ્કામ કર્મસંબંધી બુદ્ધિનો એક પ્રકાર છે. તે હવે હું તને જણાવું છું.

હે કુરુનંદન ! એટલે કે, હે કુરુવંશી અર્જુન ! મને પામવાને ઇચ્છતા મુમુક્ષુજનોએ કરેલાં અને આ લોકનાં કે સ્વર્ગાદિકનાં સુખને પામવા ઇચ્છતા એવા સકામજનોએ કરેલાં સમગ્ર શાસ્ત્રીય કર્મોમાં મુમુક્ષુઓની વ્યવસાયાત્મિક બુદ્ધિ એક જ પ્રકારની રહે છે. કેમ કે, તેને નિષ્કામભાવે કરીને એક મોક્ષરૂપ ફળ જ પ્રાપ્ય છે; તેથી તે બુદ્ધિના અનેક પ્રકાર થઈ જતા નથી. **વ્યવસાયાત્મિકા બુદ્ધિ એટલે શું ?** તો, જીવાત્માના અને મારા સ્વરૂપના યથાર્થ નિશ્ચયવાળી બુદ્ધિ. અર્થાત્ **તમામ છોડી દેવા જેવા દુઃખરૂપ પદાર્થોથી તદ્દન વિલક્ષણ એવા પોતાના આત્મસ્વરૂપના કે પરમાત્માના સ્વરૂપના પક્વ નિશ્ચયવાળી બુદ્ધિને વ્યવસાયાત્મિક બુદ્ધિ કહેવાય છે.**

જ્યારે જીવાત્માના સ્વરૂપના નિશ્ચયથી રહિત અને વિવિધ પ્રકારના ભોગોને પામવા ઇચ્છતા દેહાભિમાની જીવોની બુદ્ધિ તો અનંત ને બહુ શાખાવાળી છે. કેમ કે, તે દેહાભિમાની પુરુષો સ્વર્ગ, પુત્ર, પશુ, રાજ્ય આદિક અનેક પદાર્થ મેળવવા માટે સકામભાવે કર્મો કરતા હોય છે. માટે એમની બુદ્ધિ બહુ પ્રકારના નિશ્ચયવાળી થઈ જાય છે. ।।૪૧।।

अथ स्वर्गादिफलसक्तानां नृणां निन्दनं करोति त्रिभिः श्लोकैः – यामिति, कामात्मान इति ।

यामिमां पुष्पितां वाचं प्रवदन्त्यविपश्चितः ॥
वेदवादरताः पार्थ ! नान्यदस्तीतिवादिनः ॥४२॥

कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ॥
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ॥४३॥

हे पार्थ! वेदवादरताः – वेदेषु ये त्रिदशालयादिफलवादाः, तेषु रताः – प्रसक्ताः, फलवादे प्रमाणम् – "अक्षय्यं ह वै चातुर्मास्ययाजिनः सुकृतं भवति"(आप.श्रौ.सू.२२/८/१; ८/१/१) इत्यादि। अत एव नान्यद-स्तीतिवादिनः – स्वर्गादिस्थसुखाद् उत्कृष्टम् अन्यत् परमात्मसुखं वा आत्मसुखं नास्तीति वदनशीलाः, अत एव कामात्मानः – कामासक्तमनसः, अत एव स्वर्गपराः – स्वर्ग एव पर उत्कृष्टः पुरुषार्थो येषां ते, अत एवाविपश्चितः – अविद्वांसः, सर्वोत्कृष्टमदीयसुखज्ञानरहिता इति यावत्। नराः भोगैश्वर्यगतिं प्रति — भोगैश्वर्ययोः गतिम् – प्राप्तिं प्रति प्रापकभूता ये क्रियाविशेषाः – अग्निहोत्रादियज्ञक्रियाभेदाः ते बहुला यस्यां तां क्रियाविशेषबहुलाम् अथवा भोगैश्वर्यगतिं प्रति प्रवर्त्तमानाम् इत्यन्वय-योजना। त्रिदिवसुखरूपफलावसाने भूयः जन्मकर्मफलप्रदाम् – जन्म च तत्र कर्माणि च तत्फलानि च तानि प्रददातीति तथाभूताम्, इमाम् – स्वर्गादिप्राकृतसुखबोधिकां, पुष्पिताम् – पुष्पितपलाशवदापातरमणीयां, कुसुममात्रफलां यां वाचं प्रवदन्ति – प्रकर्षेण कथयन्ति ॥४२-४३॥

હે પાર્થ ! વિષયસુખની કામનાવાળા સકામ જીવો કેવા છે ? તો, 'ચાતુર્માસમાં યજ્ઞ કરનારને સ્વર્ગાદિકનું અક્ષય સુખ મળે છે' આવા વેદે બતાવેલ ફળવાદમાં આસક્તિવાળા છે. 'સ્વર્ગાદિકનાં સુખ કરતાં બીજું આત્મા કે પરમાત્માનું કોઈ સુખ અધિક નથી જ' એવું તે બોલનારા છે. અને વિષયભોગમાં જ આસક્ત મનવાળા છે. અને એટલે જ સ્વર્ગલોકની

પ્રાપ્તિ એ જ તેમને માટે સર્વોત્તમ પુરુષાર્થ છે. અને એટલે જ સર્વથી શ્રેષ્ઠ એવા મારા સુખને નહિ જાણનારા તેઓ અજ્ઞાની છે.

તે લોકો વિવિધ ભોગો અને ઐશ્વર્યો પમાડનાર અગ્નિહોત્ર વગેરે યજ્ઞોની જુદી જુદી અનેક ક્રિયાઓ વિશેની વાતો કર્યા કરે છે. અર્થાત્ 'અમે આવાં આવાં યજ્ઞો કે કર્મો કરીને આવાં ભોગો, સુખો કે સ્વર્ગને પામશું. અને જ્યારે સ્વર્ગનાં સુખો નાશ પામે ત્યારે ફરી જન્મ લઈ, સારાં કર્મો કરી તેનાં ફળ આપનાર સ્વર્ગમાં જઈશું.' એવી વાતો કર્યા કરે છે. તેમની આ વાતો માત્ર પુષ્પ જ જેનું ફળ છે એવા ખીલેલા ખાખરાના વૃક્ષ જેવી ઉપરથી રમણીય લાગે તેવી છે. ॥૪૨-૪૩॥

किञ्च – भोगेति ।

भोगैश्वर्यप्रसक्तानां तयापहृतचेतसाम् ।।
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ।।४४।।

भोगैश्वर्यप्रसक्तानाम्, अतः तया – भोगैश्वर्यतत्प्राप्तिसाधननिरूपण–कर्त्र्या वाण्या, अपहृतचेतसाम् – अपहृतम् – आत्ममननमदीयमननतः आकृष्टं चेतः – अन्तःकरणं येषां तेषां, समाधौ – समाधीयतेऽस्मिन् सर्ववस्तु–ज्ञानमिति समाधिरन्तःकरणं तस्मिन्, व्यवसायात्मिका – पूर्वोक्तनिश्चयरूपा, बुद्धिः – ज्ञानं, न विधीयते, कर्मकर्तुः प्रयोगोऽयं, न जन्यत इत्यर्थः। अतः आत्मपरमात्मनिश्चयपूर्वकमोक्षसाधनभूतकर्मविषयज्ञानवता मुमुक्षुणा काम्यकर्मस्वासक्तिर्न कदाचित् कर्तव्येति भावः ।।४४।।

જેઓ સ્વર્ગાદિક લોકનાં ભોગ તથા ઐશ્વર્યમાં જ અતિ આસક્ત છે, અને તેથી જ તે ભોગો, ઐશ્વર્યો અને તેને પામવાનાં સાધનો જણાવનારી વાતો વડે જેનું અંતઃકરણ હરાઈ ગયું છે. એટલે કે, આત્મસ્વરૂપ અને મારા સ્વરૂપના મનન-ચિંતનમાંથી જેનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ ગયું છે, એવા તે સકામ જીવોના અંતઃકરણમાં પૂર્વે કહ્યું તેવું

આત્મા-પરમાત્માના યથાર્થ નિશ્ચયરૂપ જ્ઞાન જન્મતું નથી. માટે જેને મોક્ષના સાધનભૂત નિષ્કામ કર્મયોગનું જ્ઞાન પ્રાપ્ત થયું હોય એવા મુમુક્ષુએ સકામ કર્મોમાં ક્યારેય પણ આસક્તિ ન કરવી જોઈએ. ॥૪૪॥

नन्वेवं जनिमृतिकराण्यत्यन्तन्यूनप्राकृतफलानि कर्माणि वचनानि च जीवानां महासुखप्रदानाय प्रवृत्ता महाकृपालवो वेदाः कस्मात् कथयन्ति ? इत्यत्राह – त्रैगुण्येति ।

त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन ! ॥
निर्द्वन्द्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान् ॥४५॥

त्रैगुण्यविषयाः – त्रयो गुणाः प्रचुरा उच्यन्ते येषु ते त्रैगुण्याः, त्रिगुणप्रचुराः पुरुषाः, 'तद्धितार्थोत्तरपदसमाहारे च' इति तद्धितार्थविषये तत्पुरुषसमासः, 'सामूहिकाः प्रत्ययाः प्रकृतवचनार्थवर्तमानात्प्रथमान्तात् प्रातिपदिकादधिकरणेऽर्थे भवन्ति'(पा.सू.२/१/५१) इति शेखराभिप्रायात् 'समूहवच्च बहुषु'(पा.सू.५/४/२२) इत्यनेन यञ् प्रत्ययः, तेषां यथागुणस्थितानां विषयाः, स्वानुगुणदेवतोपासनेन स्वानुरूपस्वर्गादिफलबोधका वेदाः सन्ति। निर्गुणपरमात्मप्राप्तिजनकशुद्धोपनिषद्ज्ञानबोधकत्वात् स्वयं तु निर्गुणास्ते वेदा यदि स्वर्गादिफलं न बोधयेयुश्चेदनुपाये उपायभ्रान्त्या ते भ्रष्टा भवेयुरिति भावः ।

हे अर्जुन ! अतः मुमुक्षुस्त्वं निस्त्रैगुण्यो भव। त्रयाणां – तमोरजोमलिनसत्त्वानां गुणानां भावस्त्रैगुण्यं, निर्गतं त्रैगुण्यं यस्मात् सः। यद्वा त्रैगुण्यात् निष्क्रान्तो निस्त्रैगुण्यः, 'निरादयः क्रान्ताद्यर्थे पञ्चम्या' इति तत्पुरुषसमासः। शुद्धसत्वं वर्धय न तु मलिनसत्वमित्यर्थः। निर्द्वन्द्वः – शीतोष्णसुखदुःखादिद्वन्द्वैर्वर्जितो भव, तानि तितिक्षस्व। नित्यसत्त्वस्थो भव – नित्यं सत्त्वं येषां ते नित्यसत्त्वाः – शुद्धसत्त्वयुक्ताः साधवः, तेषु तिष्ठतीति तत्स्थः, तत्सङ्गेन तेषां स्वभावतुल्यं स्वभावं कुर्वित्यर्थः।

कथं करोमीति चेत्तत्राह — निर्योगक्षेमः – निर्गतम् आत्मपरमात्मतत्प्राप्तिसाधनान्यपदार्थानां योगस्य – सङ्गतेः क्षेमम् – पालनं यस्य सः। यद्वा आत्मपरमात्मतत्प्राप्तिसाधनान्यपदार्थानां योगक्षेमान्निष्क्रान्तो निर्योगक्षेमः सन् आत्मवान् भव — आत्मपरमात्माभिमानी भव – 'अहमात्मा न देहः,' इत्यात्मन्यभिमानस्तद्वान्, 'परमात्मनोऽहं दासः। स मम स्वामी उपास्यः। तदीयोऽहं शिष्यः। तद्वचने स्थातुं योग्योऽस्मि।' इति परमात्माभिमानस्तद्वान् भव ।।४५।।

ત્યારે તું કહીશ જે, 'જીવોને મહાસુખ પમાડવા પ્રવર્તેલા એવા મહાકૃપાળુ વેદો કેવળ જન્મ-મરણને પમાડનારાં અને અતિ તુચ્છ પ્રાકૃતફળને પમાડનારાં એવાં કર્મો તથા વચનો શા માટે જણાવે છે ?' તો હે અર્જુન ! એ વેદો માયાના સત્ત્વ, રજ ને તમગુણવાળા જે સકામ જીવો છે તેને માટે તેના ગુણને અનુરૂપ ભોગસુખ આપનારા તે તે દેવતાઓની ઉપાસના શીખવે છે. તથા તે સકામ પુરુષોએ ઈચ્છેલા સ્વર્ગાદિકની પ્રાપ્તિરૂપ ફળને જણાવે છે. પરંતુ નિર્ગુણ એવા પરમાત્માની પ્રાપ્તિ કરાવનાર ઉપનિષદનું શુદ્ધ જ્ઞાન કહેનારા તે વેદ પોતે તો નિર્ગુણ છે. જો તે વેદ સકામ પુરુષો માટે સ્વર્ગાદિકની પ્રાપ્તિરૂપ ફળને ન જણાવે તો જે ઉપાયે કરીને સ્વર્ગાદિકની પણ પ્રાપ્તિ ન થાય એવાં કુકર્મને સુખના ઉપાય માનીને તેઓ સર્વ રીતે ભ્રષ્ટ થઈ જાય. તેથી સકામ જીવોને સન્માર્ગે ટકાવી રાખવા વેદો સ્વર્ગાદિક પ્રાપ્તિનું વર્ણન કરે છે.

પરંતુ હે અર્જુન ! તું તો મુમુક્ષુ છો. તેથી તું તમોગુણ, રજોગુણ અને મલિન સત્ત્વગુણ એ ત્રણ ગુણથી રહિત થા અને શુદ્ધ સત્ત્વગુણને વધાર. તેમજ તું ટાઢ-તડકો અને સુખ-દુઃખ એ આદિક દ્વંદ્વને સહન કરનારો થા. અને નિત્ય શુદ્ધ સત્ત્વગુણથી યુક્ત સાધુનો સમાગમ કરીને તેમના સ્વભાવને મળતો આવે એવો તારો સ્વભાવ કર.

સત્ત્વગુણી સાધુ જેવો સ્વભાવ કેમ થાય ? તો આત્મા-પરમાત્મા અને તેની પ્રાપ્તિનાં સાધન સિવાયના બીજા પદાર્થને ભેગા કરવા અને તેમનું રક્ષણ કરવું એ બધી ઝંઝટથી મુક્ત થઈ જા. અને આત્મા-પરમાત્માના અભિમાનવાળો થા. એટલે કે, **'હું આત્મા છું, દેહ નહીં. પરમાત્માનો હું દાસ છું ને તે પરમાત્મા મારા સ્વામી અને મારે ઉપાસના કરવા યોગ્ય છે. હું તેમનો શિષ્ય છું. હું તેમનાં વચનને વિશે રહેવા યોગ્ય છું.' આવી રીતે આત્મા-પરમાત્માના અભિમાનવાળો થા.** ॥૪૫॥

ननु वेदेभ्यः किं मया ग्राह्यम् ? इति चेत्तत्राह – यावानिति ।

यावानर्थ उदपाने सर्वतः सम्प्लुतोदके ॥
तावान् सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥४६॥

जलाभिलाषुकस्य यथा सर्वतः सम्प्लुतोदके – परितः सम्पूर्णपानीये मत्स्यपाषाणशकलकर्दमादिसंयुक्ते महाह्रदे, उदपाने च – उदकं पीयते अस्मिन्नित्युदपानं वापीकूपादिस्वल्पजल्यस्थानं तस्मिन्नपि, यावानर्थः – यावदेवाम्भःप्रयोजनं, तेन तावान् – तावदेव जलं गृह्यते न समग्रं पानीयम् अन्यत्पाषाणादिकं च । तावानिति पुंस्त्वमार्षम् । तथा विजानतः – आत्म-परमात्मतत्प्राप्तिसाधनविदः, ब्राह्मणस्य – ब्रह्मणो भगवतोऽयम् अभिलाषुको ब्राह्मणस्तस्य मुमुक्षोः, सर्वेषु – चतुर्वर्गनिष्ठानां जनानां तत्प्रापकनाना-विधदेवतोपासनविधिबोधकेषु समस्तेषु वेदेषु, यदमृतत्वसाधनं तदेव ग्राह्यं न त्वन्यत्स्वर्गादिफलसाधनमित्यर्थः ॥४६॥

હે અર્જુન ! હવે તને એ પ્રશ્ન થાય કે, 'વેદમાં તો સકામ-નિષ્કામ વગેરે અનેક જીવો માટે વિવિધ પ્રકારની વાતો કહી છે. તેમાંથી મારે શું ગ્રહણ કરવા યોગ્ય છે ?' તો તેનો જવાબ એ છે કે, 'જેમ કોઈ મોટું સરોવર, વાવ કે કૂવો પાણીથી છલોછલ ભરેલાં હોય અને તેમાં માછલાં, કાંકરા, કાદવ વગેરે બીનઉપયોગી વસ્તુઓ પણ પડી હોય;

પરંતુ તરસ્યો માણસ તો પોતાને જેટલું જરૂરી હોય એટલું પાણી તેમાંથી ગ્રહણ કરે છે; બીજું વધારાનું પાણી કે વ્યર્થ વસ્તુઓને છોડી દે છે; તેમ આત્મા-પરમાત્મા અને તેની પ્રાપ્તિના સાધનને જાણનાર અને પ્રભુને જ પામવાની ભડભડતી ભૂખવાળા એવા ભગવદ્ભક્તે તો ચારેય વેદોમાં જે કાંઈ પ્રભુપ્રાપ્તિનું સાધનરૂપ હોય તેનું જ ગ્રહણ કરવું જોઈએ; સ્વર્ગાદિકના સાધનરૂપ બીજું કર્મકાંડ વગેરે નહિ. કેમ કે, વેદોમાં તો ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર પુરુષાર્થમાં જેની ઈચ્છા હોય તેને પમાડનાર જુદા જુદા દેવતાઓ અને તેની ઉપાસના કરવાની ભિન્ન-ભિન્ન વિધિઓ પણ જણાવવામાં આવી છે. તે મુમુક્ષુને બિનઉપયોગી હોવાથી તેનું ગ્રહણ કરવું જોઈએ નહીં. ॥૪૬॥

मुमुक्षोर्वेदोदितकर्मणां कर्तव्यताप्रकारमाह द्वाभ्याम् — कर्मणीति ।

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ॥
मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि ॥४७॥

ते – मुमुक्षोस्तव, वेदविहिते नित्यनैमित्तिकादिकर्मण्येवाधिकारोऽस्तु, कदाचन तत्फलेष्वधिकारो मा भूत्, त्वया मदाराधनतया शास्त्रीयकर्माण्येव कर्तव्यानि न तु तत्फलेच्छा कर्तव्येत्यर्थः । कर्मफलहेतुः – कर्मफलस्य हेतुः कारणम् – जनकस्त्वं मा भूः, मोक्षेच्छुना त्वया अकर्तृत्वानुसन्धानेन कर्माणि कर्तव्यानीत्यर्थः । गुणकर्तृत्वेनात्मनोऽकर्तृत्वमुतरत्र वक्ष्यते । ते – तव अकर्मणि – कर्माकरणे सङ्गो मा भूत्, 'न योत्स्यामि' इति यत्त्वया कथितं तत्र तवासक्तिर्न भवत्वित्यर्थः ॥४७॥

હવે મુમુક્ષુને માટે વેદોએ કહેલાં કર્મો કરવાની રીત હું તને બતાવું છું : હે અર્જુન ! તું મુમુક્ષુ છો; માટે તારે તો વેદમાં કહેલાં નિત્ય, નૈમિત્તિક આદિક કર્મમાં જ અધિકાર રાખવો; પણ તે કર્મના ફળને વિશે ક્યારેય અધિકાર ન રાખવો. એટલે કે, **તારે તો મને રાજી કરવાના**

ભાવથી ફક્ત શાસ્ત્રસંબંધી કર્મ કરવાનો જ હક રાખવો, પણ 'તે કર્મનું આવું ફળ મને મળવું જ જોઈએ' એવો હક કદાપિ ન રાખવો.

બીજું કે, તું પોતે જ કર્મના ફળનો કારણ ન બની જા. એટલે કે, **મુમુક્ષુ એવા તારે તો અકર્તાપણાના અનુસંધાન સાથે જ કર્મ કરવાં.** પણ 'હું આવાં કાર્યો કરું છું. મેં આટલાં બધાં સત્કાર્યો કર્યાં છે.' આવું કર્તાપણાનું અભિમાન લેશ પણ આવવા દેવું નહિ. વળી, એ કર્તાપણું અને ફળની ઈચ્છા છોડ્યા પછી કર્મ કરવાનું જ છોડી દેવાનો તને રાગ થઈ ન જાય તેનું પણ ધ્યાન રાખજે. એટલે કે, 'હવે હું યુદ્ધ નહિ જ કરું' એવો કર્મને છોડી દેવાનો આગ્રહ પણ ન રાખવો. ॥૪૭॥

तदेवोपपादयति – योगस्थ इति ।

योगस्थः कुरु कर्माणि सङ्गं त्यक्त्वा धनञ्जय ! ॥
सिद्ध्यसिद्ध्योः समो भूत्वा समत्वं योग उच्यते ॥४८॥

हे धनञ्जय! सङ्गम् – स्वसम्बन्धिषु स्वकृतशास्त्रीयकर्मफलेषु चासक्तिं, त्यक्त्वा त्वं योगस्थः सन्, कर्माणि – सङ्ग्रामादीनि, कुरु। अहं सङ्गं कथं त्यजेयमिति चेत्तत्राह — सिद्ध्यसिद्ध्योः – युद्धादिकर्मान्तर्गतयोः जयपराजययोर्लाभालाभयोश्च सुखदुःखयोरेतादृश्योः सिद्ध्यसिद्ध्योः समो भूत्वा तानि कुर्विति योजनीयम्। यदेतत् सिद्ध्यसिद्ध्योः समत्वं योग उच्यते, इह योगशब्देनोच्यते ॥४८॥

આ રીતે હે અર્જુન ! તારા દ્વારા કરવામાં આવતાં શાસ્ત્રસંબંધી કર્મના ફળમાંથી અને તારા સંબંધીઓમાંથી આસક્તિનો ત્યાગ કરીને કર્મયોગમાં સ્થિર રહ્યો થકો યુદ્ધાદિક કર્મો કર. **'તે આસક્તિનો ત્યાગ કેવી રીતે કરવો ?'** તો, યુદ્ધાદિક કર્મ કરવામાં પ્રાપ્ત થનાર જય-પરાજય, લાભ-અલાભ અને સુખ-દુઃખરૂપ જે સિદ્ધિ ને અસિદ્ધિ - સફળતા કે નિષ્ફળતા, તે બંનેમાં સમભાવ રાખીને યુદ્ધાદિક કર્મો કર. આમ, **સિદ્ધિ**

મળે કે અસિદ્ધિ - એ બંનેમાં સમભાવ રાખવો તેને જ અહીં 'યોગ' કહેવામાં આવે છે. ॥૪૮॥

काम्यकर्मभ्यो निष्कामकर्मयोगस्य श्रेष्ठत्वं प्रतिपादयति त्रिभिः – दूरेणेति ।

दूरेण ह्यवरं कर्म बुद्धियोगाद्धनञ्जय ! ॥
बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः ॥४९॥

हे धनञ्जय ! बुद्धियोगात् – बुद्ध्या - आत्मपरमात्मानुसन्धान–रूपज्ञानेन, युक्तो योगः – कर्मयोगः बुद्धियोगस्तस्मात्, योगो नाम कर्मणां सिद्ध्यसिद्ध्योः समत्वं, कर्म – फलानुसन्धानसहिताग्निहोत्रादिक्रिया, दूरेण – अतिविप्रकर्षेण, अवरम् – अत्यन्तं निकृष्टम् । एतयोः द्वयोः उत्कृष्ट–त्वापकृष्टत्वरूपं महद्वैषम्यमित्यर्थः । अतः बुद्धौ – कर्मयोगान्तर्गतज्ञाने, शरणम् – आश्रयं निवासस्थानम् अन्विच्छ, तस्यां बुद्धावेव तिष्ठेत्यर्थः । फलहेतवः – कर्मफलोत्पादका नराः, कृपणाः – रङ्काः, फलासक्त्या ये कर्माणि कुर्वन्ति ते संसरणशीला भवेयुः इति भावः ।।४९।।

હે અર્જુન ! આત્મા-પરમાત્માના અનુસંધાનરૂપી જ્ઞાને સહિત જે કર્મયોગ તે જ 'બુદ્ધિયોગ' છે. અર્થાત્ આત્મા-પરમાત્માના જ્ઞાન વડે કર્મની સફળતા કે નિષ્ફળતામાં સમાનપણું રાખવું. આવા બુદ્ધિયોગની અપેક્ષાએ ફળની ઈચ્છાથી કરવામાં આવતાં સકામ કર્મો તો અતિશય હલકાં છે. એટલે કે, અતિ તુચ્છ અને નાશવંત ફળ પમાડનાર છે. જ્યારે મેં કહ્યો એવો કર્મયોગ તો પરમ મોક્ષને પમાડનારો છે. આમ, તે બંનેમાં અતિ શ્રેષ્ઠ અને અતિ કનિષ્ઠ એવો બહુ મોટો તફાવત છે.

માટે તું એ કર્મયોગમાં અતિ ઉપયોગી એવા જ્ઞાનનો જ આશરો લે. એટલે કે, આત્મા-પરમાત્માના અનુસંધાનરૂપ જ્ઞાનમાં જ તું સ્થિર રહે. કેમ કે, **જે કર્મફળની ઈચ્છા અને કર્તાપણાના અહંકારે યુક્ત થઈને સકામ**

કર્મો કરે છે, તે પુરુષો તો નિષ્કામ ભક્તોની અપેક્ષાએ કૃપણ - અતિ રાંક છે. એટલે કે, તે પુરુષ વારંવાર જન્મ-મૃત્યુને જ પામે છે. ॥૪૯॥

पुनस्तदेवाह — बुद्धीति ।

बुद्धियुक्तो जहातीह उभे सुकृतदुष्कृते ।।
तस्माद्योगाय युज्यस्व योगः कर्मसु कौशलम् ।।५०।।

इह – अस्मिन् जन्मनि, बुद्धियुक्तः – कर्मयोगान्तर्गतज्ञानयुक्तः, सुकृतदुष्कृते – पुण्यपापे जनिमृतिहेतुभूते अनादिकालतः क्षेत्रज्ञसंलग्ने अनेकविधे, उभे जहाति। तस्मात् योगाय – कर्मयोगं कर्तुं, युज्यस्व – घटस्व, तत्परो भवेत्यर्थः। योगशब्देन किं बोध्यम् ? यत्कर्मसु कौशलम् – बन्धजनकानामपि तेषां मदाराधनत्वेन मोक्षपरत्वसम्पादनचातुर्यं स एव योगः – योगशब्देनोच्यत इत्यर्थः ।।५०।।

હે અર્જુન ! કર્મયોગમાં ઉપયોગી આત્મા-પરમાત્માના જ્ઞાનવાળો પુરુષ જન્મ-મરણ લેવડાવનારાં અને જીવાત્માને વિશે અનાદિકાળથી વળગેલાં એવાં વિવિધ પ્રકારનાં તમામ પાપ-પુણ્યને આ જ જન્મે ત્યાગ કરે છે. તેથી તું મેં કહેલા એ કર્મયોગને કરવા માટે તત્પર થા. તે **યોગ એટલે શું ?** તો, **જે કર્મો જીવને બંધનમાં નાખનારાં છે, તે જ કર્મોને મારી પ્રસન્નતાને અર્થે જ કરીને મોક્ષને આપનારાં બનાવી દેવાની જે કુશળતા - ચતુરાઈ તેને જ 'યોગ' કહેવામાં આવે છે.** ॥૫૦॥

तदेव कर्मकरणचातुर्यं तत्फलं चाह — कर्मजमिति ।

कर्मजं बुद्धियुक्ता हि फलं त्यक्त्वा मनीषिणः ।।
जन्मबन्धविनिर्मुक्ताः पदं गच्छन्त्यनामयम् ।।५१।।

बुद्धियुक्ताः – कर्मान्तर्गतात्मपरमात्मानुसन्धानज्ञानयुक्ताः, मनीषिणः – सच्छास्त्रीयबुद्धिवन्तः, भगवति मयि शास्त्रीयकर्मार्पणेन कर्मजम् –

कर्मोत्पन्नं फलं त्यक्त्वा, जन्मबन्धविनिर्मुक्ताः – जन्ममरणरूपाद्बन्धनाद् विनिर्मुक्ताः सन्तः, अनामयम् – सर्वोपद्रवरहितं, पदम् – मम स्थानं गच्छन्ति, हि –निश्चितम्। तथा श्रुतिः – "तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः"(पैंगलो.४/२३) इति ।।५१।।

'કર્મ કરતી વખતે પોતે અકર્તાપણે રહેવું અને ફક્ત પ્રભુપ્રસન્નતાને અર્થે જ તે કર્મ કરવું.' આ રીતે દરેક કાર્યમાં આત્મા-પરમાત્માનું અનુસંધાન રાખનારા, સત્શાસ્ત્રના જ્ઞાનવાળા પુરુષો શાસ્ત્રીય કર્મો મને અર્પણ કરી તે કર્મોના ફળનો ત્યાગ કરી દે છે. એટલે કે, **'ફક્ત ભગવાનની આજ્ઞાએ કરીને અમે આ કર્મ કરીએ છીએ, પણ તેમાં અમારે એમની પ્રસન્નતા સિવાય બીજું કાંઈ ફળ જોઈતું નથી' એવો જ એક સંકલ્પ રાખીને સર્વે કર્મો કરે છે. પણ તે તે કર્મનું જે ફળ મળવાનું હોય તેને ઈચ્છતા નથી. તેથી તેઓ જન્મ-મરણરૂપ બંધનથી સંપૂર્ણપણે મુક્ત થઈને સર્વે પ્રકારના ઉપદ્રવે રહિત એવા મારા દિવ્ય ધામને ચોક્કસ પામે છે.** ।।૫૧।।

ननु मोक्षप्रापको योगः कदा भविष्यतीति चेत्तत्राह – द्वाभ्यां यदेति ।

यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ।।
तदा गन्तासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ।।५२।।

ते – पूर्वोक्तप्रकारेण वर्तनशीलस्य, तेन वर्तनेन शुद्धान्तःकरणस्य तव, बुद्धिर्यदा मोहकलिलम् – मोहः – आत्मस्वरूपज्ञानपरमेश्वरमाहात्म्य–ज्ञानरहिततया देहदैहिकयोरहंममत्वरूपं स्वर्गादिमायिकसुखासक्तिरूपं च विपरीतज्ञानं, स एव कलिलम् – गहनं कलुषमिति यावत्। 'कलिलं गहनं विदुः' इति कोशात्, विशेषेण अतितरिष्यति। तदा श्रोतव्यस्य – श्रवणार्हस्य क्षत्रियादिवर्णाभिमानेन कृतकर्मणां स्वर्गपुत्रपशुराज्यादिफलस्य, श्रुतस्य च – त्वया शास्त्रेभ्यः श्रुतस्य स्वर्गादिफलस्य च, तयोः

प्राप्तिकामाद् निर्वेदम् – वैराग्यं गन्तासि – प्राप्स्यसि । तथा च श्रुतिः – "परीक्ष्य लोकान् कर्मचितान् ब्राह्मणो निर्वेदमायात्"(मुण्ड.१/२/१२) इति । निर्वेदप्राप्त्या यथावस्थितात्मज्ञानं परमात्ममाहात्म्यज्ञानं च भविष्यतीति श्रीकृष्णचरणानामभिप्रायः । "धर्माज्ज्ञानं प्रभवति ज्ञानाद्वैराग्यसम्भवः । वैराग्यात्परमं ज्ञानं परमार्थप्रकाशनम्"(लिंगपु.पू.८६/१४४) इति स्मृतेः ।५२ ।

किञ्च – श्रुतीति ।

श्रुतिविप्रतिपन्ना ते यदा स्थास्यति निश्चला ॥
समाधावचला बुद्धिस्तदा योगमवाप्स्यसि ॥५३॥

श्रुतिविप्रतिपन्ना – श्रुत्या – आत्मतत्त्वपरमात्मतत्त्वयोः मोक्षसाधन-भूतमदाराधनीकृतस्ववर्णाश्रमोचितकर्मणश्चास्मदादिभ्यः श्रवणेन, विप्रतिपन्ना – तेषां यथावस्थितज्ञानं प्राप्ता । अत एव अचला – देशकालाद्यनपहता, ते बुद्धिः, निःसङ्गमदाराधनरूपकर्मकरणेन शुद्धीकृते समाधौ – अन्तःकरणे, यदा निश्चला स्थास्यति – स्थिरीभूता भविष्यति, तदा योगमवाप्स्यसि – आत्मतत्त्वपरमात्मतत्त्वावलोकनं प्राप्स्यसि । शास्त्रोत्पन्नात्मपरमात्मज्ञानयुक्त-कर्मयोगः स्थिरबुद्ध्यभिधानज्ञानस्थितिं जनयति । ज्ञानस्थितिरूपा स्थिर-बुद्धिर्योगाभिधानात्मपरमात्मावलोकनं राधयतीति भावः ।।५३।।

તે યોગ ક્યારે સિદ્ધ થાય ? તો, મેં કહ્યું તેમ જ વર્તવાથી તારું અંતઃકરણ શુદ્ધ થશે. પછી તારી બુદ્ધિ મોહરૂપી ઊંડા કાદવને સંપૂર્ણપણે તરી જશે. **મોહ એટલે શું ?** તો, આત્મસ્વરૂપનું જ્ઞાન અને પરમાત્માનું માહાત્મ્યજ્ઞાન ન હોવાને કારણે દેહમાં હુંપણું તથા દેહ સંબંધી વ્યક્તિ કે વસ્તુઓમાં મારાપણું અને સ્વર્ગાદિકના માયિક સુખમાં આસક્તિ - આ ત્રણ પ્રકારનું અજ્ઞાન એ જ મોહ છે.

જ્યારે તું તે મોહરૂપ કાદવને તરી જઈશ ત્યારે ક્ષત્રિયાદિ વર્ણના અભિમાનથી કરેલાં કર્મોનાં સ્વર્ગાદિક ફળ અને શાસ્ત્રોમાંથી તેં સાંભળેલાં સ્વર્ગ વગેરે ફળ મેળવવાની ઇચ્છામાંથી તને વૈરાગ્ય થશે. પછી તે વૈરાગ્યની પ્રાપ્તિ થવાથી તને આત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન અને પરમાત્માનું માહાત્મ્યજ્ઞાન થશે.

ત્યાર પછી પણ આત્મતત્ત્વ, પરમાત્મતત્ત્વ અને મારી પ્રસન્નતાને અર્થે જ કરવામાં આવતાં મોક્ષના સાધનભૂત વર્ણાશ્રમયોગ્ય કર્મો, એ ત્રણેયનું મારા જેવા જ્ઞાની પુરુષો પાસેથી શ્રવણ કરતો રહેજે. તો તે શ્રવણ દ્વારા તારી બુદ્ધિ એ ત્રણેયના યથાર્થ જ્ઞાનવાળી થશે. તેથી તે બુદ્ધિ અસત્ દેશકાળાદિકે કરીને પણ વિપરીત ન થઈ જાય એવી સુદૃઢ બની જશે. પછી એ બુદ્ધિ નિષ્કામ કર્મ દ્વારા શુદ્ધ થયેલા તારા અંતઃકરણમાં જ્યારે સુસ્થિર થઈને રહેશે, ત્યારે તું તે યોગને સાક્ષાત્ પામીશ. એટલે કે, આત્મા અને પરમાત્માનાં દર્શન પામીશ.

આનો ટૂંકો સાર એ છે કે, **શાસ્ત્રો તથા સંતસમાગમ દ્વારા થનાર આત્મા-પરમાત્માના જ્ઞાને યુક્ત એવો કર્મયોગ સ્થિરબુદ્ધિરૂપી જ્ઞાનની સ્થિતિ પેદા કરે છે. પછી તે જ્ઞાનની સ્થિતિરૂપ જે સ્થિરબુદ્ધિ તે આત્મા-પરમાત્માનાં સાક્ષાત્ દર્શન કરાવે છે.** તેને અહીં **'યોગ'** એવા નામથી કહેવામાં આવે છે." ॥૫૨-૫૩॥

स्थिरबुद्धेः पुंसो लक्षणानि ज्ञातुमिच्छन्नर्जुनो जगाद – स्थितेति ।

अर्जुन उवाच –

स्थितप्रज्ञस्य का भाषा ? समाधिस्थस्य केशव ! ।।
स्थितधीः किं प्रभाषेत किमासीत व्रजेत किम् ? ।।५४।।

प्रशस्ताः केशाः सन्ति अस्येति केशवः ! 'केशाद्वः' इति व प्रत्ययः तत्सम्बुद्धौ हे केशव! समाधिस्थस्य – समाधिना सविकल्पचित्तैकाग्र्येण

तिष्ठति परमात्मस्वरूपे आत्मस्वरूपे वेति समाधिस्थस्तस्य अत एव स्थितप्रज्ञस्य – स्थिरीभूता प्रज्ञा – धीर्यस्य स तस्य, का भाषा ?, कर्मणि षष्ठी, भाष्यते – गद्यतेऽनयेति भाषा – लक्षणं, केन लक्षणेन स्थितप्रज्ञः कथ्यते ? इत्यर्थः। स्थितधीः किं प्रभाषेत ? – कथं भाषणं कुर्यात् ? स किमासीत ? – कथमुपवेशनं कुर्यात् ?, किं व्रजेत ? – कथं गमनं कुर्यात् ?, सर्वत्र सम्भावनायाम् लिङ् ।।५४।।

'સ્થિરબુદ્ધિવાળાને આત્મા-પરમાત્માનાં દર્શન થાય છે', એમ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું. એટલે હવે અર્જુન તે **સ્થિતપ્રજ્ઞ પુરુષનાં લક્ષણો** જાણવા માટે તેમને આવો પ્રશ્ન પૂછે છે કે, "હે કેશવ ! એટલે કે, સુંદર કેશવાળા હે પ્રભુ ! આપે કહ્યું તે મુજબ ચિત્તની સવિકલ્પ એકાગ્રતા દ્વારા આત્મ-સ્વરૂપ કે પરમાત્માના સ્વરૂપમાં સ્થિર થયેલ એવા સ્થિરબુદ્ધિવાળા પુરુષને કયાં લક્ષણે કરીને ઓળખવો ? તે સ્થિરબુદ્ધિવાળો પુરુષ કેવી રીતે બોલતો હોય ? તે કેવી રીતે બેસે ? અને તે કેવી રીતે ચાલે ?" ।।૫૪।।

एवं पृष्टः श्रीभगवांस्तस्यान्यान्यपि समग्रलक्षणान्युवाच – प्रजहातीति।

श्रीभगवानुवाच –

प्रजहाति यदा कामान्सर्वान् पार्थ ! मनोगतान् ।।
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ।।५५।।

हे पार्थ ! आत्मन्येव – क्षराक्षरवस्त्वतीतेऽनवधिकातिशयानन्दे नवीनजीमूतशङ्काशमनोहरमूर्त्तौ सर्वात्मनि परमेश्वरे मयि एव, वा त्रिगुण–वर्जितशुद्धजीवात्मस्वरूपे, आत्मना – तदेकाश्रयेण मनसा, तुष्टः – सन्तोष–युक्तः सन्, तदन्यान् मनोगतान् सर्वान् कामान् – प्राकृतदेहशब्दादिविषय–लोकानां वासनारूपान्, यदा प्रजहाति – प्रकर्षेण त्यजति, तदा अयं पुरुषः स्थितप्रज्ञ उच्यते। तेन लक्षणेन उत्कृष्टः स्थितप्रज्ञः कथित इत्यर्थः ।।५५।।

❋ સ્થિતપ્રજ્ઞ પુરુષનાં લક્ષણો :

હવે શ્રીકૃષ્ણ ભગવાન સ્થિરબુદ્ધિવાળા પુરુષનાં સર્વે લક્ષણો બતાવે છે : "હે પાર્થ ! ક્ષર અને અક્ષરથી પણ પર, અસીમ આનંદનો સાગર, સર્વશરીરી, સર્વનિયંતા અને નવીન મેઘસમાન મનોહર મૂર્તિ એવા મારા સ્વરૂપમાં જ અથવા તો માયાના ત્રણ ગુણે રહિત એવા શુદ્ધ જીવાત્માના સ્વરૂપમાં જ મનને અખંડ રાખીને જે પુરુષ સંતુષ્ટ રહેતો હોય; અને તે સંતોષે કરીને જ મનમાં રહેલી માયિક એવા દેહ, વિષય અને સ્થાનોની વાસનારૂપી ઈચ્છાઓનો અત્યંત ત્યાગ કરી દે; ત્યારે તે પુરુષ સ્થિરબુદ્ધિ-વાળો કહેવાય છે. ॥૫૫॥

ततोऽर्वाचीनां स्थितिं प्राप्तं स्थितप्रज्ञमाह – दुःखेष्विति ।

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ॥
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥५६॥

दुःखेषु - आध्यात्मिकादिकष्टेषु प्राप्तेष्वपि, अनुद्विग्नमनाः - अनुद्विग्नम् अक्षुभितं मनो यस्य सः, सुखेषु - स्त्रीपुत्रधनसमीचीन-भोजनादिप्राप्तिजन्येषु आनन्देषु, विगतस्पृहः - विशेषेण गता स्पृहा यस्य सः, अतो वीतरागभयक्रोधः – वीताः - विशेषेण अपगता रागभयक्रोधा यस्मात् सः, रागः - प्रीतिः, एतादृशो मुनिः - मननशीलः, सः स्थितधीः - स्थितप्रज्ञ उच्यते ॥५६॥

હવે તેનાથી થોડી નીચી સ્થિતિને પામેલ બીજા નંબરના સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો કહું છું : પોતાના પ્રારબ્ધાનુસારે આવી પડતાં કોઈ પણ પ્રકારનાં દુઃખમાં જેનું મન ઉદ્વેગ પામતું ન હોય તથા સ્ત્રી, પુત્ર, ધન ને સારાં સારાં ભોજન વગેરેના સુખની જેને ઈચ્છા ટળી ગઈ હોય અને એટલે જ જેના રાગ, ભય અને ક્રોધ પણ ટળી ગયા હોય; એવા તે મુનિને સ્થિરબુદ્ધિવાળા કહેવાય છે. ॥૫૬॥

ततोऽन्यं स्थितप्रज्ञं प्राह – य इति ।

यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम् ॥
नाभिनन्दति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥५७॥

यः सर्वत्र – देहदैहिकेषु, अनभिस्नेहः – स्नेहवर्जितः सन्, तत्तच्छुभाशुभं प्राप्य नाभिनन्दति न द्वेष्टि, तच्छुभम् – प्रियसंयोगं प्राप्य नाभिनन्दति – न प्रशंसां करोति । तदशुभम् – प्रियवियोगमप्रियसंयोगं च प्राप्य न द्वेष्टि – न निन्दां करोति । तस्य पुरुषस्य प्रज्ञा – बुद्धिः प्रतिष्ठिता – स्थिरा भवति । सोऽपि स्थितप्रज्ञ इत्यर्थः ।।५७।।

હવે તેનાથી પણ થોડી જુદી સ્થિતિને પામેલ ત્રીજા નંબરના સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ કહું છું : જે પુરુષ પોતાના દેહ અને દેહસંબંધી પદાર્થ તથા વ્યક્તિમાંથી આસક્તિ રહિત થઈ ગયો હોય; તથા પોતાને પ્રિય વસ્તુની પ્રાપ્તિ થાય તેનાં વખાણ કરવાં લાગી પડતો નથી અને પોતાની પ્રિય વસ્તુનો નાશ થાય કે અપ્રિય વસ્તુનો યોગ થાય તેની નિંદા કરવા મંડી પડતો નથી; તે પુરુષની બુદ્ધિ સ્થિર થઈ કહેવાય છે. અર્થાત્ તે પણ સ્થિતપ્રજ્ઞ પુરુષ છે. ।।૫૭।।

ततोऽन्यं स्थितप्रज्ञमाह – यदेति ।

यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः ॥
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥५८॥

च पुनरर्थे । अयम् – योगी इन्द्रियार्थेभ्यः – शब्दादिविषयेभ्यः, सर्वशः अङ्गानि कूर्म इव यदा इन्द्रियाणि संहरते, तदैव तस्य पुरुषस्य प्रज्ञा प्रतिष्ठिता, सोऽपि स्थितप्रज्ञ इत्यर्थः । एवं स्थितप्रज्ञलक्षणनिरूपणेन अर्जुनप्रश्नानां समाधानं कृतमिति बोध्यम् ।।५८।।

હવે તેનાથી પણ નીચી સ્થિતિને પામેલ ચોથા નંબરના સ્થિતપ્રજ્ઞનાં

લક્ષણો કહું છું : જેમ કાચબો પોતાનાં સર્વે અંગોને સંકેલી લે છે, તેમ જે પુરુષ શબ્દાદિક વિષયોમાંથી પોતાની સર્વે ઇન્દ્રિયોને સંપૂર્ણપણે જ્યારે પાછી વાળી શકે છે, ત્યારે તે પુરુષની બુદ્ધિ સુસ્થિર થઈ કહેવાય છે. અર્થાત્ તેને પણ સ્થિરબુદ્ધિવાળો પુરુષ જાણવો." આવી રીતે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુને કરેલા પ્રશ્નના જવાબમાં ચાર પ્રકારના સ્થિરબુદ્ધિવાળા પુરુષો જણાવ્યા. તે ચારમાં અનુક્રમે એક એકથી ઊતરતા છે. ॥૫૮॥

सम्प्रति स्थितप्रज्ञताया दुर्लभत्वं तल्लब्धिप्रकारं च वदति भगवान् – विषया इति ।

विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः ॥
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥५९॥

निराहारस्य – इन्द्रियाणामाहारा – विषयास्तद्रहितस्य, देहिनः – देहाभिमानिनः पुरुषस्य, विषयाः – शब्दादयः, रसवर्जं – रसेन – अव्यक्तरागेण वर्जं यथा तथा, विनिवर्तन्ते – रसं वर्जयित्वा विशेषेण उपरिष्टात् निवृत्ता भवन्तीत्यर्थः । अस्य – निराहारदेहिनः, रसोऽपि – अव्यक्तरागोऽपि, परम् – सर्वेभ्यः प्राकृतसुखेभ्य आत्मसुखात् च परमत्युत्कृष्टमानन्दरूपं दिव्यविग्रहं मम स्वरूपं इन्द्रियप्रातिलोम्येन दृष्ट्वा निवर्तते – निवृत्तिं प्राप्नोति । "न मे हृषीकाणि पतन्त्यसत्पथे यन्मे हृदौत्कण्ठ्यवता धृतो हरिः"(भाग.२/६/३३) इति द्वितीयस्कन्धोक्तेः । वा परम् – विषयेभ्यः परम् – दूरमात्मस्वरूपमिति योजनीयम् ।।५९।।

❋ સ્થિતપ્રજ્ઞતાની દુર્લભતા અને તેને પ્રાપ્ત કરવાની રીત :

હે અર્જુન ! ફક્ત દેહે કરીને ઇન્દ્રિયોના આહારરૂપ વિષયોનો ત્યાગ રાખનાર દેહાભિમાની પુરુષને તે શબ્દાદિક વિષયોની ઉપરથી તો નિવૃત્તિ થાય છે; પરંતુ તેનો રાગ રહી જાય છે. અર્થાત્ તે વિષયમાં જે અવ્યક્ત રાગરૂપી આસક્તિ હોય તે નાશ પામતી નથી.

એ **આસક્તિ ક્યારે નાશ પામે ?** તો, અનંતકોટિ બ્રહ્માંડના તમામ માયિક સુખો તથા અક્ષરબ્રહ્મ સુધીનું આત્મસુખ, તે થકી પણ અતિ અધિક આનંદવાળા એવા મારા સાકાર સ્વરૂપનો જ્યારે સાક્ષાત્ અનુભવ થાય ત્યારે તે રાગ નાશ પામે છે. અથવા સર્વે માયિક વિષય થકી પર એવા જીવાત્માના સ્વરૂપનો જ્યારે સાક્ષાત્ અનુભવ થાય ત્યારે તે રાગ નાશ પામે છે. ॥૫૯॥

आत्मपरमात्मावलोकनादृते विषयरागसम्यङ्निवृत्तिपूर्वकेन्द्रियजयो न स्यादित्याह – यतत इति ।

यततो ह्यपि कौन्तेय ! पुरुषस्य विपश्चितः ॥
इन्द्रियाणि प्रमाथीनि हरन्ति प्रसभं मनः ॥६०॥

हे कौन्तेय ! यततोऽपि – यतमानस्य, पुनःपुनर्विषयदोषदर्शनरूपं प्रयत्नं कुर्वतोऽपि, विपश्चितः – विवेकशीलस्य पुरुषस्य प्रमाथीनि–प्रमथनशीलानि, वीर्यवन्ति, अतिवीर्यवत्त्वाद्विवेकोपमर्दनार्हाणि इन्द्रियाणि – कर्तॄणि, प्रसभम् – प्रसह्य बलात्कारेणेति यावत् । मनः – कर्म, हरन्ति – क्षणमात्रं शुभं कृतमपि सविकारं कुर्वन्तीत्यर्थः ।।६०।।

હે કૌન્તેય ! એટલે કે, હે કુંતીપુત્ર ! આત્મા કે પરમાત્માના સાક્ષાત્ અનુભવ વિના તો વારંવાર વિષયને વિશે દોષદૃષ્ટિરૂપ અભ્યાસ કરવા છતાં પણ અને સાર-અસારનો વિવેક કરવા છતાં પણ અતિ બળવાન એવાં ઇન્દ્રિયો એ પુરુષના મનને બળાત્કારે વિષયમાં ખેંચી જાય છે. પણ તે જીવના અભ્યાસ કે વિવેકનું જોર કશું જ ચાલતું નથી.” ॥૬૦॥

नन्वेवमिन्द्रियवशीकरणमात्मपरमात्मावलोकनाधीनम्, आत्म–परमात्मावलोकनं चेन्द्रियवशीकरणाधीनमित्यन्योऽन्याश्रयदोषेण स्थित–प्रज्ञत्वं दुर्लभम् इतीमां शंकां परिहरन्नाह – तानीति ।

तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ॥
वशे हि यस्येन्द्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥६१॥

मत्परः – अहं परो मुख्यः प्राप्यः पुरुषार्थो यस्य सः, मद्व्यतिरिक्तवस्तुषु कालक्षोभादिदुःखं ज्ञात्वा मदीयमनोहरमूर्तौ मल्लोकेषु च कालक्षोभवर्जितमनवधिकातिशयानन्दं बुद्ध्वा तल्लब्धये सतां प्रसङ्गेन तानि बलवन्ति सर्वाणीन्द्रियाणि, मदीयक्रियायोगे मदुक्तधर्मेषु च सन्नियम्य – सम्यग् नियमनं कृत्वा, युक्तः सन्, मदीयजन्मकर्मस्मरणे सावधानो निगृहीतमना इति यावत्, आसीत – तिष्ठेत्। एवं कुर्वाणस्य यस्य नरस्य इन्द्रियाणि वशे हि – वशे एव भवन्ति, विषयरागवर्जितान्येव भवन्ति। हिशब्दोऽवधारणे, तस्य प्रज्ञा प्रतिष्ठिता।

अयं भावः – एवं भगवदुपासनदार्ढ्येनादौ विषयरागनिवृत्तिः, तया च स्थितप्रज्ञता भवति, तदनन्तरं चात्मपरमात्मदर्शनं भवतीति। एतदुक्तं प्रथमस्कन्धे – "अविस्मृतिः कृष्णपदारविन्दयोः क्षीणोत्यभद्राणि शमं तनोति च ।सत्वस्य शुद्धिं परमात्मभक्तिं ज्ञानं च विज्ञानविरागयुक्तम्"(भाग.१२/१२/५४) इति ॥६१॥

હવે અહીં એક શંકા ઉત્પન્ન થાય છે કે, ઈન્દ્રિયોને વશ કરવાનું કામ આત્મા-પરમાત્માના સાક્ષાત્કારને આધીન છે. અને આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર ઈન્દ્રિયોને વશ કરવાને આધીન છે. આમ, અહીં અન્યોન્યાશ્રય નામનો દોષ આવે છે. એટલે કે, એકના વિના બીજું અને બીજા વિના પહેલું કામ નહિ થવારૂપ પરસ્પર વિરોધ આવી રહ્યો છે. તેથી તે સ્થિતપ્રજ્ઞપણું કેળવવું અશક્ય જ છે !

ઉપર કહેલી શંકા સાચી છે, પરંતુ તેનું નિવારણ શ્રીકૃષ્ણ ભગવાન પોતે કૃપા કરીને સામેથી જ તેના અતિ શ્રેષ્ઠ ત્રણ ઉકેલ જણાવે છે :

(૧) **'मत्परः'** જેને સ્થિતપ્રજ્ઞ બનવું જ હોય તે સહુ પ્રથમ મારા પરાયણ જ હોવો જોઈએ. એટલે કે, હું જ તેનું પરમપ્રાપ્ય - પરમધ્યેય હોવો જોઈએ. મારા સિવાયની જે કાંઈ વસ્તુઓ છે તેમાં કાળકૃત વિકારીપણું, નાશવંતપણું અને દુઃખદાયીપણું જાણવું જોઈએ. વળી, મારી દિવ્ય મનોહર મૂર્તિમાં અને મારા ધામમાં કાળની કાંઈ પણ દખલગીરી વિનાનો જે અપાર અને અતિ શ્રેષ્ઠ આનંદ રહ્યો છે તેને સારી રીતે જાણવો જોઈએ.

(૨) **'तानि सर्वाणि संयम्य'** ઉપર કહ્યું તે બધું પ્રાપ્ત કરવા માટે સંતોના સમાગમ દ્વારા બળવાન એવાં સર્વે ઇન્દ્રિયોને સારી રીતે નિયમમાં કરીને મારી આજ્ઞામાં અને મારી નવધા ભક્તિમાં રાખવી જોઈએ.

(૩) **'युक्त आसीत'** પછી મારાં જન્મ-કર્મ વગેરે ચરિત્રોના સ્મરણમાં સાવધાનપણે મનને જોડી રાખનાર એવા યોગી બનીને રહેવું જોઈએ.

આ રીતે જે અભ્યાસ કરે તે પુરુષનાં ઇન્દ્રિયો વશમાં જ રહે છે. એટલે કે, તેનાં ઇન્દ્રિયો તમામ રાગ રહિત થાય જ છે. એટલે તે પુરુષની બુદ્ધિ સુસ્થિર થાય છે. અર્થાત્ **આવી રીતે ભગવાનની દૃઢ ઉપાસનાએ કરીને પ્રથમ પંચવિષયને વિશે જે આસક્તિ હોય તેનો નાશ થાય છે. તે આસક્તિ ટળી જવાથી સ્થિતપ્રજ્ઞપણું પ્રાપ્ત થાય છે. અને ત્યાર પછી આત્મા-પરમાત્માનું સાક્ષાત્ દર્શન થાય છે.** ॥૬૧॥

यो मत्परत्वं विना स्वसामर्थ्येनेन्द्रियवर्गं जेतुमुद्युक्तः, स मोक्षप्रापक-योगमार्गाद् भ्रष्टो भवतीत्याह – ध्यायत इति ।

ध्यायतो विषयान् पुंसः सङ्गस्तेषूपजायते ॥
सङ्गात्सञ्जायते कामः कामात्क्रोधोऽभिजायते ॥६२॥

इन्द्रियजये प्रवृत्तस्य मत्प्राप्त्यभिलाषारहितस्य अनादिविषयवासनया अनिवार्यं विषयस्मरणं भवेत्। विषयान् – शब्दादीन् ध्यायतः – चिन्तयतः

पुंसः तेषु – विषयेषु सङ्गः – आसक्तिः उपजायते – उत्पद्यते, सङ्गात् कामः सञ्जायते, कामस्तु आसक्तेः परिपक्वावस्था। नरो यां प्राप्तो विषयभोगं विना स्थातुं न समर्थो भवति, साऽवस्था कामः, कामात् क्रोधोऽभिजायते – कामे प्राप्ते स्वाभिलषितविषये चाप्राप्ते सति समीप-स्थान् मनुष्यान् प्रति क्रोधोऽभिजायते ।।६२।।

क्रोधाद्भवति सम्मोहः सम्मोहात्स्मृतिविभ्रमः ।।
स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ।।६३।।

क्रोधादिति । क्रोधात् सम्मोहः – कार्याकार्यविवेकाभावो भवति, संमोहात् स्मृतिविभ्रमः — स्मृतेः – मोक्षप्राप्त्यै स्वकृतेन्द्रियजयनिश्चयस्मरणस्य विभ्रमः – भ्रंशो भवति ।स्मृतिभ्रंशात् बुद्धिनाशः, बुद्धेः – आत्मानात्मज्ञानस्य नाशः स्यात् । बुद्धिनाशात् प्रणश्यति – मोक्षप्रापकयोगमार्गाद् भ्रष्टः सन् संसारसुखेषु निमग्नो भवतीत्यर्थः । तथा चोक्तं दशमस्कन्धे – "येऽन्ये-ऽरविन्दाक्ष ! विमुक्तमानिनस्त्वय्यस्तभावादविशुद्धबुद्धयः । आरुह्य कृच्छ्रेण परं पदं ततः पतन्त्यधोऽनादृतयुष्मदङ्घ्रयः "(भाग.१०/२/३२) इति ।।६३।।

હે અર્જુન ! જે પુરુષ મારો દૃઢ આશરો કર્યા વિના કેવળ પોતાના બળે જ ઇન્દ્રિયોને જીતવા તત્પર થાય છે, તે પુરુષ મોક્ષને પમાડનારા યોગમાર્ગ થકી ભ્રષ્ટ થઈ જાય છે. **તે કેવી રીતે મોક્ષમાર્ગ થકી પડી જાય છે ?** તો, હવે તેનો ક્રમ તને જણાવું છું : જે ઇન્દ્રિયોને જીતવા પ્રયત્ન કરતો હોય પણ મને જ પામવાની એક અભિલાષા ન હોય એવા પુરુષને અનાદિ વિષયવાસનાને લીધે વિષયનું સ્મરણ અનિવાર્ય થતું રહે છે.

(૧) **વિષયોને ચિંતવી રહેલા પુરુષને પછી વિષયમાં સંગ થઈ જાય છે.** એટલે કે, આસક્તિ થઈ જાય છે. (૨) **તે આસક્તિમાંથી પછી કામ પેદા થાય છે.** કામ એટલે કે, પછી તે વિષયાસક્ત પુરુષ

વિષયને ભોગવ્યા વિના રહી શકે જ નહિ એવી આસક્તિની પરિપક્વ અવસ્થા. (૩) **કામમાંથી પછી ક્રોધ પેદા થાય છે.** એટલે કે, પુરુષને વિષય ભોગવવાની પાકી આસક્તિ થઈ હોય અને જો પોતાના મનગમતા વિષય ન મળે તો પોતાની સમીપે રહેલા મનુષ્યો ઉપર ક્રોધ થાય છે.

(૪) **પછી તે ક્રોધમાંથી સંમોહ થાય છે.** એટલે કે, 'આ કાર્ય કરવા યોગ્ય છે ને આ કરવા યોગ્ય નથી' એવા વિવેકનો નાશ થઈ જાય છે. (૫) **સંમોહને કારણે સ્મૃતિવિભ્રમ થઈ જાય છે.** એટલે કે, પોતે મોક્ષ મેળવવા માટે ઈન્દ્રિયોને જીતવાનો નિશ્ચય કર્યો હોય તેના સ્મરણનો જ નાશ થઈ જાય છે. અર્થાત્ 'મેં શું ઠરાવ કર્યો હતો ? અને મારે કયે માર્ગે ચાલવાનું છે ?' તેની તેને ભાન જ રહેતી નથી. (૬) **તે સ્મૃતિનો નાશ થવાથી બુદ્ધિનો નાશ થઈ જાય છે.** એટલે કે, 'આત્મા મારું સ્વરૂપ છે, પણ દેહ મારું સ્વરૂપ નથી' એવા જ્ઞાનનો પણ નાશ થઈ જાય છે. (૭) **એ જ્ઞાનનો નાશ થવાથી પોતાનો જ નાશ થઈ જાય છે.** એટલે કે, તે પુરુષ મોક્ષને પમાડનારા યોગમાર્ગ થકી મૂળગો ભ્રષ્ટ થઈને સંસારના સુખને વિશે જ ગળાડૂબ થઈ જાય છે. ॥૬૨-૬૩॥

'तानि सर्वाणि संयम्य'(गीता.२/६१) इति श्लोकोक्तप्रकारेण वर्त्तमानस्य पुरुषस्य स्थिरीभावं प्राप्ता सती बुद्धिः परमात्मसुखमनुभवतीत्याह – रागद्वेषेति ।

रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ।।६४।।

विधेयात्मा – विधीयते - वशीक्रियते इति विधेयो, वशवर्त्ती आत्मा - मनो यस्य, मदुपासनेन जितमना इत्यर्थः, पुरुषः आत्मवश्यैः - पूर्वोक्तप्रकारेण स्वाधीनीकृतैः, अत एव रागद्वेषवियुक्तैः - रमणीयारमणीय-विषयेषु प्रीत्यभावरहितैः निर्मलैः इन्द्रियैः, विषयान् - स्वधर्मानुकूल-

स्वजीवनमात्रार्हान् शब्दादीन् कामान्, चरन्नपि – तुशब्दोऽप्यर्थे भुञ्जानः अपि, प्रसादम् – मज्जन्मकर्मस्मरणेनान्तःकरणस्य प्रसन्नताम् – स्वच्छताम् आत्मपरमात्मसाक्षात्कारार्हतामधिगच्छति । स्वजीवनमात्रकामोपभोगे प्रमाणं चोक्तं प्रथमस्कन्धे – "कामस्य नेन्द्रियप्रीतिर्लाभो जीवेत यावता । जीवस्य तत्त्वजिज्ञासा"(भाग.१/२/१०) इति ।।६४।।

હે અર્જુન ! જેણે મારી ઉપાસનાએ કરીને મન વશ કર્યું છે એવો પુરુષ આગળ કહ્યું તે રીતથી પોતાને આધીન કરેલા અને સારા-નરસા વિષયોમાં રાગ-દ્વેષ રહિત થઈ ગયેલાં એવાં પોતાનાં ઇન્દ્રિયો દ્વારા પોતાના ધર્મમાં બાધ ન આવે અને જેટલાથી દેહનો નિભાવ થઈ જાય તેટલા પંચવિષયને ભોગવતો થકો પણ મારાં ચરિત્રસ્મરણના પ્રતાપે અંતઃકરણની શુદ્ધિને પામે છે. એટલે કે, આત્મા-પરમાત્માનાં સાક્ષાત્ દર્શનની યોગ્યતાને પામે છે. ॥૬૪॥

किञ्च – प्रसाद इति ।

प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।।
प्रसन्नचेतसो ह्याशु बुद्धिः पर्यवतिष्ठते ।।६५।।

प्रसादे – अन्तःकरणस्य प्रसन्नतायां सत्याम्, अस्य पुरुषस्य सर्वदुःखानामाध्यात्मिकादीनां हानिः – विनाश उपजायते – भवति । पुनः किञ्च प्रसन्नचेतसः – निर्मलीभूतान्तःकरणस्य तस्य, बुद्धिः – स्थितप्रज्ञा, आशु – शीघ्रं, मयीति शेषः, मयि हि – मय्येव पर्यवतिष्ठते । हि – अवधारणे । सर्वतः प्रकृतिजन्यपदार्थेभ्यः प्रातिलोम्यं प्राप्य मय्येव परमानन्दमनुभवतीत्यर्थः ।।६५।।

એવી રીતે અંતઃકરણ નિર્મળતાને પામે છે ત્યારે તે પુરુષનાં સર્વે પ્રકારનાં દુઃખો નાશ થઈ જાય છે. વળી, નિર્મળ અંતઃકરણવાળા એ પુરુષની

બુદ્ધિ તત્કાળ મારામાં જ સ્થિર થઈ જાય છે. એટલે કે, પ્રાકૃત પદાર્થમાત્રમાંથી પાછી વળીને મારા સ્વરૂપમાં જ પરમ આનંદ અનુભવે છે. ॥૬૫॥

मदुपासनरहितस्य सद्भावादि नास्तीत्याह — नास्तीति ।

नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ॥
न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम् ?॥६६॥

अयुक्तस्य - मम जन्मकर्मस्मरणे(न) अवशीकृतान्तःकरणस्य, (स्वत एव) मोक्षप्राप्त्यै इन्द्रियवशीकरणे प्रवृत्तस्य, बुद्धिः - स्थित-प्रज्ञतारूपं ज्ञानं नास्ति, कदाचिदपि न भवतीत्यर्थः। अत एव अयुक्तस्य तस्य च भावना न – मयि भावो न भवति। अभावयतश्च – मयि अभावं कुर्वतः, शान्तिः न – विषयस्पृहाजन्यदुःखशान्तिर्न भवति। अशान्तस्य – विषयतृष्णासहितस्य, सुखम् – अविनाशिसुखं कुतः स्यात् ? ।।६६।।

મારાં જન્માદિક ચરિત્રોના સ્મરણથી જેણે પોતાના અંતઃકરણને વશ નથી કર્યું, પણ પોતાના જ બળે મોક્ષ માટે ઇન્દ્રિયોને જીતવા પ્રયત્ન કરે છે; તે પુરુષને સ્થિતપ્રજ્ઞતારૂપ જ્ઞાન ક્યારેય પણ થતું નથી. તેથી તે પુરુષને મારે વિશે ભાવના પણ થાતી નથી. વળી, મારે વિશે અભાવ કરી રહેલા એવા એ પુરુષને શાંતિ થતી નથી. એટલે કે, વિષયની તૃષ્ણાને કારણે ઊપજેલાં દુઃખોનો નાશ થતો નથી. અને એવા અશાંત પુરુષને એટલે કે, વિષયની તૃષ્ણાવાળા પુરુષને સુખ ક્યાંથી હોય ? અર્થાત્ તેને અવિનાશી સુખ ક્યારેય મળતું નથી. ॥૬૬॥

इन्द्रियदमने प्रवृत्तस्य प्रमादिनो ज्ञाननाशं वदति — इन्द्रियाणामिति।

इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ॥
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि ॥६७॥

चरताम् – विषयेषु गच्छतां, इन्द्रियाणां गमनमनु यन्मनोऽनुविधीयते– पुंसा यन्मानसमनु प्रवर्त्यते – पुमानिन्द्रियवर्तनमनु यन्मनः प्रवर्तयतीत्यर्थः। अस्य – पुंसः तन्मनो, वायुः – विपरीतो वातः, अम्भसि – जले, गच्छन्तीं नावमिव प्रज्ञां हरति – आत्मपरमात्मस्वरूपे (स्थिरतां) प्राप्तां बुद्धिं विषयोपहतां करोतीति भावः। हि – निश्चितम् ।।६७।।

હે અર્જુન ! જે પુરુષ પ્રમાદને કારણે વિષયમાં જતી ઇન્દ્રિયોની પાછળ પોતાના મનને પણ જવા દે છે તો તેનું તે મન, જેમ જળમાં ચાલતી નૌકાને વિપરીત વાયુ અવળે માર્ગે ખેંચી જાય, તેમ તેની બુદ્ધિને ફરી વિષયને માર્ગે ખેંચી જાય છે. એટલે કે, આત્મા અને પરમાત્માના સ્વરૂપમાં સ્થિર થયેલી બુદ્ધિને એ બંનેનાં સ્વરૂપમાંથી બહાર કાઢીને વિષયાસક્ત બનાવી દે છે. ॥૬૭॥

पुनरिन्द्रियजयेन स्थितप्रज्ञत्वमाह – तस्मादिति ।

तस्माद्यस्य महाबाहो! निगृहीतानि सर्वशः ॥
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥६८॥

तस्मात् – इन्द्रियाणामनु मनःप्रवर्तनेन स्थितप्रज्ञत्वहरणाद्धेतोः, हे महाबाहो! यस्य – पुंस इन्द्रियाणि, सर्वशः – सर्वेभ्य इन्द्रियार्थेभ्यः – शब्दादिभ्यो, निगृहीतानि – परावृत्य स्वाधीनीकृतानि सन्ति, तस्य प्रज्ञा – बुद्धिः, प्रतिष्ठिता – स्थिरा ज्ञातव्येत्यर्थः ।। ६८।।

પ્રમાદને કારણે વિષયમાં જતી ઇન્દ્રિયોની પાછળ પોતાના મનને પણ જવા દેનાર પુરુષની સ્થિતપ્રજ્ઞતા નાશ પામે છે. માટે હે અર્જુન ! જે પુરુષની ઇન્દ્રિયો સર્વે વિષય થકી પાછી ખેંચીને પોતાને વશ રાખવામાં આવી હોય તે પુરુષની બુદ્ધિ સ્થિર થઈ છે એમ જાણવું. ॥૬૮॥

ननु पूर्वोक्तानां योगिनां स्थितप्रज्ञत्वमस्ति, राज्यकार्यसमर्थानामष्टा–

दशव्यवहारकुशलानां महाबुद्धिशालिनां नृपादीनां स्थितप्रज्ञत्वं कुतो न स्यात् ? इत्यत्राह – येति ।

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ॥
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥६९॥

या – आत्मपरमात्मज्ञानकुशलतारूपा प्रज्ञा, सा सर्वभूतानाम् – आत्मपरमात्मज्ञानवत्सत्पुरुषसङ्गरहितानां सर्वेषां भूतानाम्, निशा – निशेव निशा, 'इवे प्रतिकृतौ'(पा.सू.५/३/९६) इत्यनेन कन्, तस्य च 'देवपथादिभ्यश्च' (पा.सू.५/३/१००), इत्याकृतिगणत्वाल्लुप् । रात्रिवत्तेषाम् आत्मपरमात्मनिष्ठा बुद्धिरप्रकाशवतीत्यर्थः । तस्याम् – आत्मपरमात्मनिष्ठायां बुद्धौ, संयमी – हृषीकसंयमवान् प्रसन्नचेताः जागर्ति – आत्मपरमात्मानौ पश्यन् सन्तिष्ठते इति भावः ।

यस्याम् – शब्दादिनिष्ठायां बुद्धौ, भूतानि – नृपादीनि समग्राणि, जाग्रति – जागरूकानि सन्ति, सा – प्राकृतव्यवहारकुशला प्रज्ञा, पश्यतः – आत्मपरमात्मानौ अवलोकयतः मुनेः निशा – निशेव निशा, रजनीवत्तस्य प्राकृतव्यवहारकुशला प्रज्ञा अप्रकाशवत्यस्तीत्यर्थः ।।६९।।

હે અર્જુન ! હવે તને પ્રશ્ન થતો હશે કે, 'પૂર્વે કહ્યા એવા યોગીઓને સ્થિતપ્રજ્ઞતા પ્રાપ્ત થાય છે, તો રાજ્યકાર્યમાં મહાસમર્થ અને અઢારેય પ્રકારના વ્યવહાર કરવામાં કુશળ એવા મહાબુદ્ધિશાળી રાજા, પ્રધાન કે ધનવાન વગેરેને કેમ સ્થિતપ્રજ્ઞતા સિદ્ધ નથી થતી ?'

તો, તેનો જવાબ એ છે કે, આત્મા-પરમાત્માના જ્ઞાનને વિશે કુશળતારૂપ જે આધ્યાત્મિક બુદ્ધિ તે આત્મા-પરમાત્માના જ્ઞાનવાળા સત્પુરુષના સંગ વગરનાં જગતનાં તમામ ભૂત-પ્રાણીમાત્ર માટે રાત્રી જેવી છે. એટલે કે, જગતના સર્વે જીવોને આત્મા-પરમાત્માની બુદ્ધિ જરા પણ પ્રકાશ કરતી નથી, તેને તે બાબતમાં કાંઈ જ ખબર પડતી

નથી. પરંતુ ઇન્દ્રિયોને જીતીને વશ રાખનાર એવો સંયમી પુરુષ તો આત્મા-પરમાત્માના જ્ઞાનની બાબતમાં ખરેખરો જાગતો વર્તે છે. એટલે કે, આત્મા-પરમાત્માને અખંડ અનુભવતો થકો જ વર્તે છે.

વળી, માયિક વિષયો તથા જગત-વ્યવહારસંબંધી જે બુદ્ધિને વિશે રાજા વગેરે પ્રાણીમાત્ર જાગૃત વર્તે છે; એટલે કે, ધન, માન વગેરે વિષયોને પ્રાપ્ત કરવામાં તત્પર થઈને મંડ્યા છે. તે વ્યાવહારિક બુદ્ધિ આત્મા-પરમાત્માના સ્વરૂપને સાક્ષાત્ દેખતા એવા યોગીજનો માટે રાત્રી જેવી છે; એટલે કે, તે વ્યાવહારિક બુદ્ધિ યોગીઓને જગતસંબંધી જરા પણ પ્રકાશ આપતી નથી. અર્થાત્ જગતના વિષય અને વ્યવહારને વિશે તે યોગીજનો જરા પણ રસ લેતા નથી. ॥૬૯॥

एवं स्थितप्रज्ञतां प्राप्तो नरः कामैः पराभूतो न भवतीत्याह – आपूर्यमाणमिति।

उपजातिवृत्तम् :

आपूर्यमाणमचलप्रतिष्ठं समुद्रमापः प्रविशन्ति यद्वत् ॥
तद्वत्कामा यं प्रविशन्ति सर्वे स शान्तिमाप्नोति न कामकामी ॥७०॥

आपः – नदीजलानि, यद्वत् – यथा, आपूर्यमाणम् – स्वेनैव आपूर्यमाणं सर्वतः स्वप्रदेशे परिपूर्णम्, अचलप्रतिष्ठम् – स्वस्थाने अचलतया स्थितं, समुद्रम् – सागरं प्रविशन्ति। नदीजलानाम् आगमनेऽनागमने समुद्रो न्यूनाधिक्यं न प्राप्नोतीत्यर्थः। तद्वत् – तथा, सर्वेकामाः – काम्यन्ते जनैरिति कामाः स्त्रीधनादयः, यम् – स्थितप्रज्ञं, प्रविशन्ति – प्रारब्धेन कर्मणा तद्धृषीकसमीपमागच्छन्ति, तथाऽपि सः शान्तिम् – आत्मपरमात्मसुखमेव प्राप्नोति – अनुभवति, परन्तु कामकामी न – कामेषु कामी – कामनशीलः इच्छावान् न भवति। कामेषु प्राप्तेष्वप्राप्तेषु सत्सु क्षोभरहितो भवेदित्यर्थः ॥७०॥

હે અર્જુન ! જેમ પોતાના જળથી પરિપૂર્ણ અને પોતાના સ્થાનમાં સુસ્થિર થઈને રહેલા એવા સમુદ્રમાં તમામ નદીઓનું જળ પ્રવેશ કરે છે, તોપણ તે સમુદ્ર વધી જતો નથી અને પાણી ન આવે તો ઘટી જતો નથી. તેમ જ સ્ત્રી, ધન વગેરે અનેક ભોગો જે સ્થિતપ્રજ્ઞ પુરુષમાં પ્રવેશ કરે એટલે કે, **પ્રારબ્ધવશાત્ તે સર્વે ભોગો તેનાં ઈન્દ્રિયોને સન્મુખ આવે તોપણ તે પુરુષ તો આત્મા-પરમાત્માના સુખને જ અનુભવે છે; પરંતુ ક્યારેય ભોગોની લાલસાવાળો થતો નથી. અર્થાત્ ભોગો મળે તોપણ અને ન મળે તોપણ ક્ષોભ પામતો નથી.** ॥૭૦॥

यस्य कस्यापि पुंसः परमसुखप्राप्त्युपायमाह – विहायेति ।

विहाय कामान् यः सर्वान्पुमांश्चरति निःस्पृहः ॥
निर्ममो निरहङ्कारः स शान्तिमधिगच्छति ॥७१॥

यः पुमान्, सर्वान् कामान् विहाय – त्यक्त्वा, निर्ममः – देहसुखकरेषु वस्तुषु ममतारहितः, निरहङ्कारः – अनात्मनि अहम्भावशून्यः, अत एव निःस्पृहः – निस्तृष्णः सन्, लोके चरति – गच्छति, स शान्तिम् अधिगच्छति ॥७१॥

હવે કોઈ પણ પુરુષ માટે પરમ સુખની પ્રાપ્તિનો ઉપાય બતાવું છું. હે અર્જુન ! જે પુરુષ શબ્દાદિક સર્વે વિષયોને છોડી દઈને, દેહને સુખ કરનારા પદાર્થમાત્રમાંથી મમતાનો અને દેહને વિશે રહેલી અહંતાનો ત્યાગ કરીને, સર્વ જગ્યાએથી સ્નેહ રહિત થઈને વર્તે છે, તે પુરુષ પરમ સુખ પામે છે. ॥૭૧॥

एवं द्वितीयाध्यायोक्तेनात्मज्ञानेन स्वाराधनरूपेण मोक्षप्रदायकेन असङ्गकर्मानुष्ठानेन च प्राप्यां स्थितिं स्तुवन् उपसंहरति – एषेति ।

एषा ब्राह्मी स्थितिः पार्थ! नैनां प्राप्य विमुह्यति ॥
स्थित्वास्यामन्तकालेऽपि ब्रह्मनिर्वाणमृच्छति ॥७२॥

इति श्रीभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णाऽर्जुनसंवादे 'साङ्ख्ययोगो' नाम द्वितीयोऽध्यायः।।२।।

हे पार्थ! ब्राह्मी — ब्रह्म – परम्ब्रह्म गमयित्री, एषा – स्थिरबुद्धिरूपा आत्मपरमात्मप्राप्त्यनुसन्धानसहितफलेच्छारहितवेदोक्तकर्मसु स्थितिः, मया प्रोक्तेति शेषः। यः कोऽपि नरः, एनाम् – मदुक्तां स्थितिम्, प्राप्य न विमुह्यति – संसारसुखेषु मोहं न प्राप्नोति। अस्याम् – स्थितौ, अन्तकालेऽपि – वार्धके वयस्यपि, स्थित्वा ब्रह्मनिर्वाणम् – ब्रह्मसुखं, ऋच्छति – प्राप्नोति। बालभावादारभ्य अस्यां स्थितौ स्थित्वा ब्रह्मसुखं प्राप्नुयात्तत्र किमु वक्तव्यम् ? इति श्रीकृष्णचन्द्रचरणानामाशयः ।।७२।।

❋ સ્થિતપ્રજ્ઞતાનો મહિમા તથા ફળ :

આ બીજા અધ્યાયમાં કહેલ આત્મજ્ઞાન અને મારી આરાધનારૂપ, મોક્ષદાયી નિષ્કામ કર્મયોગ દ્વારા જે સ્થિતિ પ્રાપ્ત થાય છે તેનો મહિમા જણાવી આ વાતનો ઉપસંહાર કરું છું.

હે પાર્થ ! મેં તને પરબ્રહ્મને પમાડનારી આ સ્થિરબુદ્ધિરૂપ સ્થિતિ કહી બતાવી. એટલે કે, આત્મા-પરમાત્માને પામવાના અનુસંધાને સહિત અને તે સિવાયના તમામ ફળની ઇચ્છાએ રહિત થઈને જ શાસ્ત્રસંબંધી કર્મ કરવાની દૃઢતા મેં તારી આગળ વર્ણવી. જે કોઈ પુરુષ આ સ્થિરબુદ્ધિરૂપ સ્થિતિને પ્રાપ્ત કરે છે, તે ક્યારેય પણ સંસારના સુખને વિશે મોહ પામતો નથી. વળી, **જીવનની અંતિમ અવસ્થામાં પહોંચી ગયેલો એવો અતિ વૃદ્ધ પુરુષ પણ મેં કહી એવી આ સ્થિતિને પામે, તો તે પણ પરબ્રહ્મના સુખને પામે છે. તો બાળપણથી જ જેણે આ સ્થિતિ પ્રાપ્ત કરી હોય તે પરબ્રહ્મસુખને પામે એમાં તો કહેવું જ શું ?!** ॥૭૨॥

एवं यथार्थात्मज्ञानसहितं क्षत्रियधर्मभूतं समरसंज्ञकं कर्म आत्म–परमात्मोपलब्धिसाधनभूतमस्तीत्यविद्वान् देहात्मबुद्ध्या मुह्यमानस्तेन मोहेन च सङ्ग्रामाद्विरतः पार्थो भवति । तस्मात्तस्य मोहनिवृत्त्यर्थम् अविनाश्यात्म–ज्ञानरूपा साङ्ख्यबुद्धिः, आत्मज्ञानयुक्तफलाभिसन्धिरहितभगवदाराधन–रूपकर्मकृतिरूपा आत्मपरमात्मावलोकनसाधनभूता कर्मयोगविषया बुद्धिश्च स्थितप्रज्ञतास्ति । ते द्वे द्वितीयाध्याये निगदिते ।

इति श्रीसहजानन्दस्वामिशिष्यगोपालान्दकृतायां भगवद्भावदीपिकायां श्रीभगवद्गीताटीकायां द्वितीयोऽध्यायः ।।२।।

હવે ભાષ્યકાર સદ્.શ્રીગોપાળાનંદસ્વામી આ અધ્યાયનો ઉપસંહાર કરી રહ્યા છે : 'આવી રીતે યથાર્થ આત્મજ્ઞાન સહિત, ક્ષત્રિયના ધર્મભૂત, યુદ્ધ નામનું જે કર્મ તે જ આત્મા અને પરમાત્માની પ્રાપ્તિનું સાધન છે' એવું અર્જુન જાણતો ન હતો. વળી, દેહાત્મબુદ્ધિથી તે મોહિત થઈ ગયો. એટલે તે મોહને કારણે યુદ્ધને છોડી દેવા તૈયાર થયો.

તેથી તેના મોહને છોડાવવા માટે બે પ્રકારનાં જ્ઞાન બતાવ્યા : (૧) અવિનાશી એવા આત્માના જ્ઞાનરૂપ સાંખ્યબુદ્ધિ (૨) આત્મજ્ઞાને યુક્ત અને ફળની આકાંક્ષાથી રહિત ફક્ત પ્રભુની પ્રસન્નતાર્થે જ કર્મને કરવારૂપ, આત્મા-પરમાત્માના સાક્ષાત્કારનું સાધનભૂત, કર્મયોગ સંબંધી જે બુદ્ધિ એ 'સ્થિતપ્રજ્ઞતા' છે. આમ, આ બે પ્રકારની બુદ્ધિ ભગવાન શ્રીકૃષ્ણે બીજા અધ્યાયમાં કહી છે.'

આ રીતે સર્વાવતારી શ્રીસહજાનંદસ્વામીના શિષ્ય સદ્.શ્રીગોપાળાનંદ-સ્વામી વિરચિત શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યના ગુજરાતી ભાવાનુવાદમાં 'સાંખ્ય અને યોગ કહ્યા' એ નામે બીજો અધ્યાય પૂરો થયો. ॥૨॥



तृतीयोऽध्यायः

कर्मयोगः

इदानीं तृतीयाध्यायेन शुद्धजीवात्मस्वरूपप्राप्त्युपायभूतो भगवदे-कान्तिकभक्तिसाधनमात्मपरमात्मानुसन्धानपूर्वकाऽसङ्गकर्मानुष्ठानरूपः कर्मयोग उच्यते ।

હવે આ ત્રીજા અધ્યાયમાં શુદ્ધ જીવાત્માના સ્વરૂપને પામવાના ઉપાયરૂપ, ભગવાનની એકાંતિક ભક્તિના સાધનરૂપ, આત્મા-પરમાત્માના અનુસંધાને સહિત અને એક ભગવાનની પ્રસન્નતા સિવાય બીજા ફળની ઈચ્છાએ રહિત શાસ્ત્રસંબંધી કર્મ કરવારૂપ કર્મયોગને શ્રીકૃષ્ણ ભગવાન કહે છે.

भगवदुक्तयोः साङ्ख्यकर्मयोगयोः पृथक्पृथक् तत्त्वतोऽनवधारणात् पुनरर्जुन उवाच – ज्यायसीति ।

अर्जुन उवाच –

ज्यायसी चेत्कर्मणस्ते मता बुद्धिर्जनार्दन ! ॥
तत्किं कर्मणि घोरे मां नियोजयसि ? केशव ! ॥१॥

हे जनार्दन ! भक्तजनैरर्द्यते – याच्यते अनवधिकातिशयानन्दमय-स्वमूर्तिदर्शनायेति जनार्दनस्तत्सम्बुद्धौ । कर्मणः – युद्धादेः सकाशात्, बुद्धिः – ज्ञाननिष्ठा, सकलेन्द्रियनियमनरूपा, ज्यायसी – मोक्षप्राप्ति-

साधनेषु ते – त्वया, श्रेष्ठा मता चेत्, तत् – तर्हि, हे केशव ! घोरे – दोषबहुले, कर्मणि – सङ्ग्रामादौ, मां किम् – किमर्थं नियोजयसि ? 'तस्मादुत्तिष्ठ' इति । 'तस्मात् युध्यस्व' इत्येवं कथं प्रेरयसि ? ।।१।।

શ્રીકૃષ્ણ ભગવાને બીજા અધ્યાયમાં સાંખ્યયોગ અને કર્મયોગ સમજાવ્યા; પણ તે બંનેનું સ્વરૂપ જેમ છે તેમ પૃથક્પૃથક્પણે અર્જુનને ન સમજાયું, તેથી હવે અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનને ફરી પૂછે છે :

"હે જનાર્દન ! એટલે કે, ભક્તો દ્વારા જેમની અસીમ આનંદમય મૂર્તિ દર્શન માટે માંગવામાં આવે છે એવા હે પ્રભુ ! મોક્ષપ્રાપ્તિનાં સાધનોમાં યુદ્ધાદિક કર્મ થકી તમામ ઇન્દ્રિયોના નિયમનરૂપ જ્ઞાનનિષ્ઠાને તમે શ્રેષ્ઠ માનો છો, તો પછી હે કેશવ ! અનેક દોષવાળાં એવાં યુદ્ધાદિક કર્મોમાં મને શા માટે જોડી રહ્યા છો ? ॥૧॥

किञ्च – व्यामिश्रेणेति ।

व्यामिश्रेणैव वाक्येन बुद्धिं मोहयसीव मे ॥
तदेकं वद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम् ॥२॥

व्यामिश्रेण – क्वचित् कर्मश्लाघां करोषि, क्वचित् ज्ञानश्लाघां करोषि, इत्येवंरूपेण सन्देहजनकेन मिश्रेणैव वाक्येन, मे – मम, बुद्धिं – धियं, मोहयसि इव – मोहं प्रापयसि इति मे आभाति । इव शब्द इत्यर्थे । सर्वेन्द्रियोद्यमविरतिरूपज्ञानयोगतद्विरुद्धकर्मयोगयोः मोक्षसाधनभूतयोः उभयोः मध्ये येन – एकेन, अहं स्वस्य श्रेयः – मोक्षं, प्राप्नुयाम् – प्रयायाम् । तदेकं मोक्षसाधनं ज्ञानयोगं वा कर्मयोगं निश्चित्य त्वं वद ? ।।२।।

વળી, તમે ક્યારેક યુદ્ધાદિક કર્મની પ્રશંસા કરો છો. વળી ક્યારેક આત્મા-પરમાત્મા સંબંધી જ્ઞાનનાં વખાણ કરો છો. આવી રીતે મને સંશય કરાવે એવાં બે પ્રકારનાં વાક્યો કહીને તમે મારી બુદ્ધિને મોહ પમાડતા

હો એમ મને જણાય છે. તેમાં (૧) સર્વે ઇન્દ્રિયોની ક્રિયાને છોડી દેવારૂપ જ્ઞાનયોગ તમે મને કહ્યો છે. (૨) તેનાથી વિરુદ્ધ એટલે કે, ઇન્દ્રિયોની ક્રિયા કરવારૂપ કર્મયોગ મને બતાવ્યો છે. આ બંને મોક્ષના સાધનરૂપ યોગમાં જે એકને પાળવાથી હું મારા મોક્ષને પામું, તે જ્ઞાનયોગ કે કર્મયોગરૂપી કોઈ એક મોક્ષનું સાધન નક્કી કરીને તમે મને કહો." ॥૨॥

अर्जुनकृतप्रश्नोत्तरं श्रीभगवानुवाच – लोक इति ।

श्रीभगवानुवाच –

लोकेऽस्मिन्द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयानघ ! ॥
ज्ञानयोगेन साङ्ख्यानां कर्मयोगेन योगिनाम् ॥३॥

हे अनघ! – निष्पाप! पुरा – पूर्वाध्याये, मया अस्मिन् लोके– निर्मलानिर्मलान्तःकरणेन नानाविधाधिकारयुक्ते नृलोके, द्विविधा — द्वे विधे– प्रकारौ यस्याः सा – ज्ञानकर्मरूपा, निष्ठा – स्थितिः, अधिकारिभेदेन प्रोक्ता – "कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन"(गीता.२/४७) इति। "प्रजहाति यदा कामान्"(गीता.२/५५) इत्यादिश्लोकेषु कथिता।

तदेव दर्शयति — साङ्ख्यानाम् — सम्यक् ख्यायते – प्रकाश्यते ज्ञायते सचेतनाचेतनं परमात्मवस्त्वनेनेति सङ्ख्यं, तदेव साङ्ख्यम् – ज्ञानमस्ति येषां तेषाम्। 'घञर्थे कविधानम्' इति कः, 'प्रज्ञादिभ्यश्च' इत्याकृतिगणत्वाद् अण् प्रत्ययः। 'अर्शआदिभ्योऽच्' इति मत्वर्थीयोऽच् प्रत्ययः। स्थितप्रज्ञानाम् – विषयानाकृष्टबुद्धीनां त्यागिनां पुंसां, ज्ञानयोगेन — ज्ञानम् – ध्रुवानुस्मृतिः, "आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवानुस्मृतिः"(छान्दो.७/२६/२) इति श्रुतेः, योगः – समाधिना आत्मना सह परमात्मावलोकनं, ध्रुवानुस्मृत्या आत्मपरमात्मावलोकनम् – ज्ञानयोगः, तेन स्थितिरुक्ता। इन्द्रियव्यापारविरतिरूपज्ञानयोगस्य अधिकार उक्त इत्यर्थः।

योगिनाम् - विषयाऽसक्तानां कर्मानुष्ठानशीलानां मुमुक्षूणां, कर्मयोगेन - आत्मपरमात्मज्ञानानुसन्धानयुक्ताऽसङ्गकर्मानुष्ठानेन, कर्म-स्थितिः प्रोक्ता, इन्द्रियव्यापाररूपकर्मयोगस्याधिकार उक्त इत्यर्थः। इति स्पष्टमेवोक्तं न तु व्यामिश्रम् - मोहजनकम्। तथा चोक्तं भागवते - "निर्विण्णानां ज्ञानयोगो न्यासिनामिह कर्मसु। तेष्वनिर्विण्णचित्तानां कर्मयोगस्तु कामिनाम्"(भाग.११/२०/७) इति। असङ्गकर्मानुष्ठानरूप-कर्मयोगेन सत्त्वशुद्धिरूपा स्थितप्रज्ञता भवति सैव साङ्ख्ययोगः। तेन आत्मपरमात्मावलोकनरूपो ज्ञानयोगो भवतीति श्रीकृष्णचन्द्राभिप्रायः ।३।

હવે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુને પૂછેલા પ્રશ્નનો ઉત્તર કરે છે કે, "હે નિષ્પાપ અર્જુન ! મેં તને બીજા અધ્યાયમાં બે પ્રકારની નિષ્ઠા-સ્થિતિ કહી છે. એટલે કે, આ લોકમાં અધિકારીના ભેદ હોવાને કારણે જ્ઞાનયોગ અને કર્મયોગ દ્વારા આત્મા-પરમાત્માની સાક્ષાત્ પ્રાપ્તિરૂપી બે પ્રકારની સ્થિતિ બતાવી છે. તેમાં **સાંખ્ય પુરુષોને જ્ઞાનયોગ વડે તે સ્થિતિ પ્રાપ્ત કરવાની છે. અને યોગી પુરુષોને કર્મયોગ વડે તે સ્થિતિ પ્રાપ્ત કરવાની છે.**

સાંખ્ય પુરુષ એટલે શું ? તો, જેને જડ, ચેતન અને પરમ ચેતન પરમાત્માનું જ્ઞાન થઈ ગયું હોય અને જેની બુદ્ધિ હવે વિષયને વિશે તણાતી ન હોય એવા સ્થિરબુદ્ધિવાળા જ્ઞાની ત્યાગી પુરુષો. **જ્ઞાનયોગ એટલે શું ?** તો, આત્મા-પરમાત્માની અખંડસ્મૃતિને કારણે પ્રાપ્ત થનાર આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર. આ જ્ઞાનયોગ વડે જ્ઞાની ત્યાગીપુરુષોએ આત્મા-પરમાત્માની સ્થિતિ સુધી પહોંચવાનું હોય છે. અર્થાત્ એવા જ્ઞાની ત્યાગીપુરુષોને જ ઇન્દ્રિયોની તમામ ક્રિયાનો ત્યાગ કરવારૂપ જ્ઞાનયોગનો અધિકાર છે.

યોગી એટલે શું ? તો, જેને હજુ વિષયમાંથી આસક્તિ ટળી ન હોય અને કર્મ કરવાનો સહજ સ્વભાવ હોય એવા મુમુક્ષુ જીવને

યોગી કહેવાય. **કર્મયોગ એટલે શું ?** તો, **આત્મા-પરમાત્માના જ્ઞાનના અનુસંધાને સહિત અને ફળની ઈચ્છા વિના નિષ્કામભાવે જ કર્મ કરવાની દઢતા; તે કર્મયોગ કહેવાય છે.** આ કર્મયોગ દ્વારા યોગી પુરુષોને આત્મા-પરમાત્માની સાક્ષાત્ પ્રાપ્તિરૂપ સ્થિતિ સુધી પહોંચવાનું હોય છે. અર્થાત્ વિષયમાં રાગવાળા ગૃહસ્થને તો ઈન્દ્રિયોની ક્રિયા કરવારૂપ કર્મયોગમાં જ અધિકાર છે. આ રીતે ત્યાગી-ગૃહીના અધિકારમાં-પાત્રતામાં ભેદ હોવાથી મેં બે પ્રકારની સ્થિતિ કહી છે. એટલે કે, આત્મા-પરમાત્મા સુધી પહોંચવાના બે પ્રકારના માર્ગો કહ્યા હતા.

અધિકારમાં ભેદ પડવાનું મુખ્ય કારણ શું છે ? તો, અંતઃકરણની શુદ્ધિ અને અશુદ્ધિ જ મુખ્ય કારણ છે. એટલે કે, ગૃહસ્થાશ્રમને યોગ્ય કોઈ પણ કર્મ કર્યા વિના ફક્ત આત્મા-પરમાત્મા પરાયણ જીવન જીવી શકાય એવી જેના અંતરમાં શુદ્ધિ થઈ ગઈ હોય તેણે ત્યાગાશ્રમ સ્વીકારી જ્ઞાનયોગ કેળવવો જોઈએ. પરંતુ જેનામાં એવી શુદ્ધિ ન હોય તેણે ગૃહસ્થાશ્રમમાં રહી પ્રથમ નિષ્કામ કર્મયોગ કેળવવો જોઈએ. એ નિષ્કામ કર્મયોગ દ્વારા અંતઃકરણની શુદ્ધિ અને સ્થિતપ્રજ્ઞતારૂપ બુદ્ધિયોગ પ્રાપ્ત થાય છે. પછી તે બુદ્ધિયોગ દ્વારા આત્મા-પરમાત્માના સાક્ષાત્કારરૂપ જ્ઞાનયોગની પ્રાપ્તિ થઈ જાય છે. ॥૩॥

शास्त्रीयकर्मपरित्यागान्न ज्ञानस्थितिं प्राप्नोतीत्याह — नेति ।

न कर्मणामनारम्भान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ॥
न च सन्न्यसनादेव सिद्धिं समधिगच्छति ॥४॥

पुरुषः, कर्मणाम् – नित्यनैमित्तिकादिशास्त्रीयक्रियाणाम्, अनारम्भात् – अकरणात्, नैष्कर्म्यम् – सकलक्रियाराहित्यं ज्ञानस्थितिमित्यर्थः, नाश्नुते – न प्रयाति । चो भिन्नोपक्रमे। इन्द्रियव्यापारव्याकुलचित्तः पुरुषः, सन्न्यसनादपि – उपक्रमितस्य कर्मण अन्तराले प्रहाणादपि, अनाकाङ्क्षितफलस्य

मदेकान्तिकभक्तिसाधनभूतस्य शास्त्रीयकर्मणः, सिद्धिम् – ध्रुवानुस्मृतिरूपां ज्ञानस्थितिं न समधिगच्छति – न प्रयाति । यद्वा सन्न्यसनादपि – प्रव्रजनात् सन्न्यासग्रहणादपीति यावत् । सन्न्यासिधर्मकाठिन्याद्धेतोः, सिद्धिं – सन्न्यासिप्राप्यज्ञाननिष्ठाम् । शेषं पूर्ववत् ।।४।।

❋ કર્મયોગની આવશ્યકતા તથા મહત્તા :

હે અર્જુન ! શાસ્ત્રોએ કહેલાં વિવિધ પ્રકારનાં કર્મોને કરવાનું છોડી દેવાથી કોઈ પુરુષ 'નૈષ્કર્મ્ય' એટલે કે, તમામ ક્રિયા રહિત એવી જ્ઞાનસ્થિતિને પામી શકતો નથી. વળી, ઇન્દ્રિયોની ક્રિયાથી કંટાળી ગયેલ અંતઃકરણવાળો કોઈ પુરુષ પોતે આરંભેલાં કર્મનો વચમાંથી ત્યાગ કરી દે, તો તે પણ નિષ્કામભાવે કરેલ મારી એકાંતિક ભક્તિના સાધનરૂપ કર્મયોગની સિદ્ધિ એટલે કે, અખંડવૃત્તિરૂપ જ્ઞાનસ્થિતિને નથી પામતો. અથવા તો સંસારને છોડી સંન્યાસી બની જવાથી પણ તે ત્યાગી કર્મયોગની સિદ્ધિરૂપ જ્ઞાનસ્થિતિને પામી જાતો નથી. કેમ જે, તેને વિષયમાં આસક્તિ હોવાથી ત્યાગીના ધર્મોનું પાલન ખૂબ કઠણ પડે છે, તેથી ત્યાગીને મેળવવા યોગ્ય જ્ઞાનસ્થિતિ પામતો નથી. ।।૪।।

तदेव दर्शयति — न हीति ।

न हि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् ।।
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ।।५।।

कश्चित् – इह स्थितो यः कोऽपि पुरुषः, जातु – कर्हिचित्, अकर्मकृत् – कर्म अकुर्वन्, क्षणमपि – क्षणमात्रमपि, न तिष्ठति – न विरमति, हि – निश्चितम् । प्रकृतिजैः – प्रधानोत्पन्नैः, गुणैः – सत्त्वादिभिः पुरातनकर्मानुवृत्तिभिः, सर्वः – समग्रपुरुषः, स्वयोग्यं कर्म प्रति अवशः – अवश्यं यथा तथा, कार्यते – प्रयोज्यते । गुणाः सकलैः पुरुषैः स्वयोग्यानि

कर्माणि कारयन्तीत्यर्थः। ततः पूर्वोक्तेनासङ्गकर्मानुष्ठानेन पुरातनाशुभ-कर्मजालं हत्वा सत्त्वादींश्च वशीकृत्य शुद्धान्तःकरणेनात्मपरमात्मावलोकनं संसाध्यमिति भावः ।।५।।

હે અર્જુન ! આ લોકમાં રહેલો કોઈ પણ મનુષ્ય ક્યારેય કર્મ કર્યા વિના ક્ષણમાત્ર પણ રહી શકતો નથી. શા માટે ? તો અનાદિ કર્મને અનુસારે પ્રવર્તી રહેલા એવા માયાજન્ય સત્ત્વાદિક ગુણો પ્રાણીમાત્ર પાસે અવશ્ય કર્મો કરાવે છે. એટલે કે, તે ગુણો સહુ કોઈને વિવશ કરીને કર્મોમાં જોડે છે. **જો તેનાથી બચવું હોય તો કર્મફળનો ત્યાગ કરી કેવળ પરમાત્માની પ્રસન્નતાર્થે કર્મો કરવાં જોઈએ.** પછી તે કર્મયોગ દ્વારા જૂનાં અશુભ કર્મોનો નાશ કરી, સત્ત્વાદિક ત્રણેય ગુણોને વશ કરીને શુદ્ધ થયેલ અંતઃકરણ દ્વારા આત્મા-પરમાત્માનાં સાક્ષાત્ દર્શન સાધી લેવાં જોઈએ. ।।૫।।

अधिकारमन्तरा आत्मावलोकनं कर्तुं शास्त्रीयकर्मणो विरतोऽपि मृषाऽऽचरणोऽस्तीति वदति – कर्मेन्द्रियाणीति ।

कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ॥
इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥६॥

विमूढात्मा - प्राचीनाशुभकर्मजनितरागद्वेषादिदुषितमना यो नरः, कर्मेन्द्रियाणि - वाक्पाण्यादीनि, सन्नियम्य - नियमनं कृत्वा, मनसा - विषयरागयुक्तेन हृदा, इन्द्रियार्थान् - दृष्टश्रुतान् शब्दादीन्, स्मरन् - चिन्तयन् सन्, आस्ते, न त्वात्मना सह परमात्मस्वरूपम्। मिथ्याचारः – मिथ्याभूताय प्रकृतिजन्यपदार्थाय आचारः - आचरणं यस्य स तथोक्तः स उच्यते।।६।।

હે અર્જુન ! પાત્રતા ન હોવા છતાં કોઈ આત્મસાક્ષાત્કાર માટે શાસ્ત્રોક્ત કર્મોનો પણ ત્યાગ કરી દે, તો તે કેવો કહેવાય ? તે હવે હું જણાવું છું : પૂર્વનાં અશુભ કર્મજન્ય રાગ-દ્વેષાદિ અનેક દોષોથી દુષિત

અંતઃકરણવાળો કોઈ પુરુષ પોતાના હાથ-પગ વગેરે કર્મેન્દ્રિયોનું નિયમન કરીને મનમાં શબ્દાદિક વિષયને સંભારતો થકો ધ્યાન કરવાને બહાને બેસી રહે છે, તે પુરુષ માયામાંથી થનારા નાશવંત પદાર્થો માટે જ મથતો ગણાય છે. કેમ જે, તેનું મન નિર્વાસનિક ન થયું હોવાથી તેને આત્મારૂપે થઈ પરમાત્માના સ્વરૂપનું તો ચિંતન થતું નથી. અને કેવળ પોતે ભોગવેલા વિષયોનું જ ચિંતન થયા કરે છે. માટે તેની બધી જ મહેનત મિથ્યાભૂત એવા માયિક પદાર્થો માટેની જ કહેવાય છે. ॥૬॥

फलाभिसन्धिरहितशास्त्रीयकर्मकर्तुः श्रेष्ठत्वं प्राह – य इति ।

यस्त्विन्द्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ! ॥
कर्मेन्द्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥७॥

हे अर्जुन ! यस्तु मनसा – सत्सङ्गसच्छास्त्रप्राप्तविवेकवता हृदा, स्वकरणीये शास्त्रीयकर्मणि भगवदुक्तधर्मेषु च, इन्द्रियाणि – सर्वकरणानि, नियम्य – निगृह्य, असक्तः – आत्मपरमात्मतत्प्रापकव्यतिरिक्तवस्तुषु प्रीतिरहितः सन् , कर्मेन्द्रियैः – स्वत एव कर्मकरणशीलैः इन्द्रियैः, कर्मयोगम् – मदाराधनाय फलासक्तिरहितं कर्म, आरभते – करोति । तत्र प्रमाणम् – “स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः”(गीता.१८/४६) इति। स विशिष्यते – स्वप्रकृत्यनुकुलकर्मानुष्ठानेऽप्रमादेन हेतुना ज्ञाननिष्ठपुरुषादपि स श्रेष्ठ इत्यर्थः ।।७।।

હે અર્જુન ! તે મિથ્યાચારી પુરુષ કરતાં તો જે નિષ્કામ કર્મયોગ પાળે છે, તે ઘણો જ શ્રેષ્ઠ છે. કેવી રીતે ? તો, પ્રથમ સંતોનો સંગ અને સત્શાસ્ત્રના સેવનથી પોતે યોગ્ય-અયોગ્ય, શાશ્વત-નાશવંત વગેરે બાબતનો વિવેક પ્રાપ્ત કરે. પછી વિવેકવાળા હૃદયથી પોતાને કરવા યોગ્ય એવાં શાસ્ત્રીય કર્મો તથા ભાગવતધર્મોમાં પોતાનાં સર્વે ઇન્દ્રિયોને નિયમથી જોડી રાખે. તેથી તે પુરુષ ધીરે ધીરે આત્મા, પરમાત્મા અને એ બંનેને

પમાડનારાં સાધન સિવાયના તમામ પદાર્થમાંથી આસક્તિએ રહિત થાય.

પછી સહજપણે કર્મ કરવાના સ્વભાવવાળી ઇન્દ્રિયો દ્વારા મારી પ્રસન્નતા માટે ફળની આસક્તિનો ત્યાગ કરીને કર્મો કરનાર તે પુરુષ શ્રેષ્ઠ છે. કેમ જે, તે માર્ગ પોતાના સ્વભાવ-પ્રકૃતિને અનુકૂળ હોવાથી તેમાં તેને પ્રમાદ નડતો નથી. તેથી તે કર્મયોગી પુરુષ પાત્રતા વિના જ્ઞાનયોગ સાધનારા પુરુષ કરતાં શ્રેષ્ઠ છે. ॥૭॥

किञ्च – नियतमिति ।

नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ॥
शरीरयात्रापि च ते न प्रसिद्ध्येदकर्मणः ॥८॥

ततस्त्वं नियतम् - नित्यप्राप्तं स्वप्रकृत्यनुकूलं वर्णाश्रमविहितं, कर्म कुरु। हि - यस्मात्, अकर्मणः – कर्माऽननुष्ठानात्, कर्म - कर्मानुष्ठानं, ज्यायः - प्रशस्यतरम्। यद्वा अकर्मणः - ज्ञाननिष्ठायाः - सर्वेन्द्रियव्यापारोपरतिरूपायाः कर्मयोगाधिकारिणः स्वप्रकृत्यननुकूलत्वेन दुःसाध्यायाः ज्ञानस्थितेः सकाशात्, कर्म ज्यायः। कर्मानुष्ठाने सर्वेषां स्वाभाविकानुकूलत्वात् ज्ञानयोगाधिकारिणोऽपि सत्त्वादिगुणयुक्तत्वात् स्वगुणार्हशास्त्रीयकर्मानुष्ठानं श्रेष्ठमित्यर्थः।

च - पुनः, अकर्मणः - अक्रियस्य ते - तव, शरीरयात्रापि - देहनिर्वाहोऽपि, न प्रसिद्ध्येत् - न भवेत्। यज्ञशिष्टशुद्धान्नाहारेण देहयात्रां विना आत्मपरमात्मज्ञानोपयोगिजीवनमपि न स्यादिति भावः। "जीवस्य तत्त्वजिज्ञासा"(भाग.१/२/१०) इति भागवतात् ॥८॥

માટે હે અર્જુન ! તું તારા સ્વભાવને અનુકૂળ અને વર્ણાશ્રમને ઉદ્દેશીને કહેવાયેલાં નિશ્ચિત કર્મોને કર. કેમ જે, **અકર્મ કરતાં એટલે કે, કાંઈ પણ કર્મ ન કરવા કરતાં તો તે કર્મ કરવામાં અતિશય રૂડું છે.**

અથવા અકર્મથી એટલે કે, સર્વે ઇન્દ્રિયોની ક્રિયાનો ત્યાગ કરવારૂપ જ્ઞાનયોગથી કર્મયોગનું અનુષ્ઠાન કરવું તે અતિ શ્રેષ્ઠ છે. શા માટે ? તો કર્મયોગના અધિકારીને જ્ઞાનયોગને માર્ગે ચાલવું તે પોતાની પ્રકૃતિને પ્રતિકૂળ હોવાથી અતિ કઠણ પડે છે. જ્યારે કર્મ કરવાં તે સહુ કોઈને સ્વાભાવિક અનુકૂળ હોવાથી કર્મયોગનું અનુષ્ઠાન અતિ સહેલું પડે છે. વળી જ્ઞાનયોગનો અધિકારી હોય તોપણ સત્ત્વાદિક ગુણવાળો હોવાથી તેને પોતાના ગુણને અનુરૂપ શાસ્ત્રીયકર્મો કરવાં તે સારું જ છે.

અને વળી, કાંઈ પણ ક્રિયા નહિ કરવાથી તો તારા દેહનો નિર્વાહ પણ નહિ થાય. અર્થાત્ ભગવાનની પ્રસાદીના શુદ્ધ આહાર વડે જો તું દેહનો નિભાવ નહિ કરે, તો આત્મા-પરમાત્માના જ્ઞાનમાં ઉપયોગી એવું જીવન પણ જીવી નહિ શકાય. ॥૮॥

ननु 'यावत् क्रियास्तावदिदं मनो वै कर्मात्मकं येन शरीरबन्धः' (भाग.५/५/५) इति ऋषभदेववचनात् ।'कर्मणा बध्यते जन्तुः '(म.भा.शां.२३३/७) इति स्मृतेश्च, शास्त्रीयकर्मणोऽपि जन्ममरणहेतुत्वाद्बन्धनमस्तीति चेत्तत्राह – यज्ञार्थादिति ।

यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबन्धनः ॥
तदर्थं कर्म कौन्तेय! मुक्तसङ्गः समाचर ॥९॥

यज्ञार्थात् – योगयज्ञतपोयज्ञज्ञानयज्ञविष्णुयागादियज्ञार्थात्। कर्मणः – मदाराधनाय मुमुक्षुकृतासङ्गक्रियायाः सकाशात्, अन्यत्र – देहदैहिकपोषणार्थं कृते अन्यस्मिन् कर्मणि, क्रियमाणे सति। अयं लोकः कर्मबन्धनः – कर्मणा बध्यते इति तथाभूतो भवति।

यद्वा यज्ञः – विष्णुः, तथा च श्रुतिः – "यज्ञो वै विष्णुः "(तै.ब्रा.२/४०) इति। तदुपासनार्थात् कर्मणः, अन्यत्र – अन्येषु कर्मसु, उद्युक्तः अयं लोकः कर्मबन्धनो भवति, न तु पुरुषोत्तमस्य ममोपासनार्थेन कर्मणा।

ततः हे कौन्तेय! तदर्थम् - भगवत्प्रसन्नतार्थं। मुक्तसङ्गः - निष्कामः सन्, कर्मयोगस्वाध्यायादियज्ञोपयोगि कर्म, श्रवणकीर्तनादिभक्तिलक्षणक्रियां च, समाचर - सम्यक् कुरु। तथा चोक्तम् - "मत्कर्मभिर्मत्कथया च नित्यं मद्देवसङ्गाद्गुणकीर्तनान्मे"(भाग.५/५/११) इति ऋषभदेवेन ।।९।।

હે કુંતીપુત્ર અર્જુન ! અહીં એવો પ્રશ્ન થાય કે, શાસ્ત્રોમાં આવું કહ્યું છે - 'कर्मणा बध्यते जन्तुः' એટલે કે, 'કર્મ કરતા રહેવાથી જીવને બંધન થાય છે.' તો, એ બાબતમાં શું સમજવું ? તો તે વિશે મારો જે નિર્ણય છે તે હું તને જણાવું છું. યજ્ઞ માટે જે કર્મ કરવામાં આવે છે, તે સિવાયનાં કર્મો કરવાથી જીવોને બંધન થાય છે. માટે તું નિષ્કામભાવવાળો રહ્યો થકો ભગવત્પ્રસન્નતા માટે જ સમજી-વિચારીને કર્મ કર.

યજ્ઞ માટેનાં કર્મ એટલે શું ? તો, જીવના કલ્યાણ માટે શાસ્ત્રોમાં બતાવેલા યોગયજ્ઞ, તપયજ્ઞ, જ્ઞાનયજ્ઞ અને વિષ્ણુયાગ વગેરે યજ્ઞો કરવા માટે મારી પ્રસન્નતાને અર્થે મુમુક્ષુએ નિષ્કામભાવે કરેલાં કર્મોને યજ્ઞ માટેનાં કર્મ કહેવાય છે. અથવા યજ્ઞ એટલે ભગવાન વિષ્ણુ. તેમની ભક્તિ-ઉપાસના કરવા માટે સેવા, પૂજા, કથાશ્રવણ વગેરે ભગવાનસંબંધી કાર્યોને પણ યજ્ઞ માટેનાં કર્મ કહેવાય છે.

યજ્ઞ સિવાયનાં બંધન કરનારાં કર્મો એટલે શું ? તો, દેહ અને દેહસંબંધીઓના પોષણ માટે કરવામાં આવતાં કર્મો જીવોને બંધન કરે છે. પરંતુ **મારી - પુરુષોત્તમની ભક્તિ-ઉપાસના માટેનાં કર્મો ક્યારેય કોઈને બંધન કરતાં નથી.** માટે હે અર્જુન ! તું મને પ્રસન્ન કરવા યોગ, સ્વાધ્યાય વગેરે યજ્ઞમાં ઉપયોગી કર્મો અને મારી શ્રવણ-કીર્તન વગેરે ભક્તિસંબંધી ક્રિયાને સારી રીતે કર, તેનું તને જરા પણ બંધન નહિ થાય. ॥૯॥

सर्वैर्नृभिर्विष्णुयागादियज्ञकर्म कर्तव्यमस्ति, तदकुर्वतां च दोषमाह - सहयज्ञाः इति चतुर्भिः ।

सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ॥
अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ॥१०॥

प्रजापतिः - ब्रह्मा, पुरा - प्रजासर्गकाले, सहयज्ञाः — यज्ञैः - प्रवृत्तिनिवृत्तिधर्मस्थजनकरणीयैर्विष्णुयागज्ञानयज्ञादियज्ञैः सहिताः, प्रजाः - गृहस्थत्यागिदक्षनारदप्रभृतीन् जनान्, सृष्ट्वा तान्प्रति नारायणेन मया प्रेरितः सन्नुवाच — वर्णाश्रमस्थजनानां यथाविधिकर्मबोधकान् मत्प्रेरितान् वेदान् बभाषे। ब्रह्मणो नारायणेन वेदप्रेरणे प्रमाणद्वयम् - "यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्रहिणोति"(श्वेता.६/१८) इति श्रुतिः। "तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः"(भाग.१/१/१) इति स्मृतिश्च।

ब्रह्मणा वेदैः किमुक्तम् ? इत्याशङ्कायां वेदेभ्यः किञ्चित् समाहृत्य तद्वचनमत्र हरिर्वदति। अनेन - स्ववर्णाश्रमधर्मयज्ञकलापेन प्रसविष्यध्वम् - प्रसूयध्वम् लोट्प्रयोगेऽपि, 'व्यत्ययो बहुलम्' इत्यनेन लृट्प्रयोगः, प्रसवः - वृद्धिः, धर्मार्थकामेषु मोक्षसाधनेषु च स्ववृद्धिं कुरुध्वमित्यर्थः। तदेवाह — एषः - सधर्मयज्ञकलापः, वः - युष्माकम्, इष्टकामधुक् - इष्टान् कामान् - चतुर्वर्गान् दोग्धि - ददातीति तथाभूतः अस्तु। तथा चोक्तं स्कान्दे — "प्रजापतीनां स पतिस्ततः प्राहाऽखिलाः प्रजाः। इज्या देवाश्च पितरो हव्यकव्यात्मकैर्मखैः।। इष्टाः सम्पूरयिष्यन्ति ह्येते युष्मन्मनोरथान्। एतान् ये नार्चयिष्यन्ति ते वै निरयगामिनः।। इत्थं कृता हि मर्यादा तेन नारायणात्मना। दैवं पित्र्यमतो नित्यं जनैः कार्यं यथाविधि।।"(वा.मा.२४/५५-५७) इति।।१०।।

❋ વિષ્ણુયાગાદિક કર્મોના ફાયદા :

'સર્વ કોઈ મનુષ્યોએ વિષ્ણુયાગાદિક યજ્ઞ માટેનાં કર્મો કરવાં જ જોઈએ' એવું પૂર્વે બ્રહ્માજીએ પણ કહેલું છે. ક્યારે ? તો જ્યારે પ્રજાની સૃષ્ટિ કરવાનો સમય થયો, ત્યારે બ્રહ્માજીએ પ્રથમ યજ્ઞોએ સહિત પ્રજાને

સર્જી. તે યજ્ઞો એટલે કે, પ્રવૃત્તિ તથા નિવૃત્તિધર્મમાં રહેલા લોકોએ કરવા યોગ્ય એવા વિષ્ણુયાગ, જ્ઞાનયજ્ઞ અને યોગયજ્ઞ વગેરે અનેક પ્રકારના યજ્ઞો. તે પ્રજા એટલે કે, દક્ષ પ્રજાપતિ વગેરે ગૃહસ્થાશ્રમીઓ અને નારદ વગેરે ત્યાગાશ્રમીઓ. એ સર્વે મનુષ્યોને સર્જ્યા પછી સર્વાંતર્યામી એવા મેં પ્રેરેલા તે બ્રહ્માએ ચાર વર્ણ અને ચાર આશ્રમમાં રહેલા લોકોને પોતપોતાનાં કર્મને જણાવનારા વેદો કહ્યા હતા.

તેમાં બ્રહ્માજીએ તે પ્રજાને આવું કહ્યું હતું કે, 'હે પ્રજાજનો ! તમે પોતપોતાના વર્ણાશ્રમના ધર્મે સહિત યજ્ઞો કરીને વૃદ્ધિ પામો. એટલે કે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષનાં સાધન વિશે તમે પોતપોતાની વૃદ્ધિ કરો. વર્ણાશ્રમના ધર્મે સહિત આ વિષ્ણુયાગાદિક યજ્ઞો તમને સહુને ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં જે કાંઈ અભીષ્ટ હોય તેને આપનારા થાઓ. ॥૧૦॥

देवान् भावयतानेन ते देवा भावयन्तु वः ॥
परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्यथ ॥११॥

देवानिति। अनेन वर्णाश्रमधर्मसहितयज्ञकलापेन देवान् वासुदेव
संकर्षणप्रद्युम्नानिरुद्धादीन्। पृथक् भावयत। आराधयत। अत्र श्रु
ति:। यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन्निति। स
धर्मयज्ञेनाराधिताः ते देवाः। वो युष्मान् भावयन्तु संभा
वयन्तु। [illegible] ददत्वित्यर्थः। एवं परस्परं भावयन्तः उक्तप्रका
रेणान्योन्यं संभावयन्तो यूयं देवादिमनुष्यान्ताः सर्वे मदीयाः प्र
जाः परं श्रेयः कल्याणं [illegible] मनुष्यास्तावत् [illegible]
[illegible] स्वर्गं मोक्षं च प्राप्स्यन्तु। तदाराधिता
वासुदेवाद्या देवाः [illegible] प्राप्स्यन्ति। [illegible]
[illegible] वासुदेवादि [illegible] मोक्षं च प्राप्स्यन्तु। तदारा
धिताः [illegible] प्राप्स्यन्तीत्यर्थः

देवानिति। अनेन – वर्णाश्रमधर्मसहितयज्ञकलापेन, देवान् – वासुदेवसङ्कर्षणप्रद्युम्नानिरुद्धादीन्, यूयं भावयत – आराधयत। अत्र श्रुतिः – "यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन्"(निरुक्तम्: १२/४१) इति। सधर्मयज्ञेन आराधितास्ते देवाः वः – याजकान् युष्मान्, भावयन्तु – सम्भावयन्तु, इष्टान् कामान् ददत्वित्यर्थः। एवं परस्परं भावयन्तः – उक्तप्रकारेण अन्योन्यं सम्भावयन्तो यूयं देवादिमनुष्यान्ताः सर्वा मदीयाः प्रजाः, परम् – श्रेष्ठम्, श्रेयः – कल्याणम्, अवाप्स्यथ – प्रयास्यथ। मनुष्या वामनेन्द्रादिदेवताराधनेनैहीकान्नादिकं स्वर्गं मोक्षं च प्राप्स्यन्तु। तदाराधिता वामनादयो देवाः प्रसन्नतां प्राप्स्यन्ति। रुद्रेन्द्राग्न्यादयो नारदसनकादयश्च वासुदेवादिचतुर्व्यूहाराधनेनेष्टसुखं मोक्षं च प्राप्स्यन्तु। तदाराधितास्ते प्रसन्नतां प्राप्स्यन्तीत्यर्थः। तत्र प्रमाणम् – "त्वमकरणः स्वराडखिलकारकशक्तिधरस्तव बलिमुद्वहन्ति समदन्त्यजयानिमिषाः। वर्षभुजोऽखिलक्षितिपतेरिव विश्वसृजो विदधति यत्र ये त्वधिकृता भवतश्चकिताः"(भाग.१०/८७/२८) इति।।११।।

હે પ્રજાજનો ! તમે આ વર્ણાશ્રમના ધર્મે સહિત યજ્ઞો કરીને વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ વગેરે દેવતાઓને આરાધો - રાજી કરો. અને તમે આરાધેલા એ દેવતાઓ તમને સર્વેને જે કાંઈ ઇષ્ટ હોય તે બધું આપે. આમ, પરસ્પર એકબીજાની સંભાવના કરનારા દેવ-મનુષ્ય વગેરે તમે સર્વે શ્રેષ્ઠ કલ્યાણ પામશો. એટલે કે, વામન, ઇન્દ્ર વગેરે દેવતાઓને રાજી કરીને મનુષ્યો સર્વે આ લોકમાં અન્નાદિક વસ્તુ, સ્વર્ગ તથા મોક્ષ પામશે. અને મનુષ્યોએ આરાધેલા વામનજી આદિક દેવતા પ્રસન્નતા પામશે. રુદ્ર, ઇન્દ્ર ને અગ્નિ વગેરે દેવતા તથા નારદ-સનકાદિક ઋષિઓ વાસુદેવ વગેરે ચતુર્વ્યૂહની આરાધનાથી પોતપોતાને પ્રિય સુખ તથા મોક્ષ પામશે. અને રુદ્રાદિકે આરાધેલા વાસુદેવાદિક પ્રસન્ન થશે. ॥૧૧॥

इष्टान्भोगान् हि वो देवा दास्यन्ते यज्ञभाविताः ॥
तैर्दत्तानप्रदायैभ्यो यो भुङ्क्ते स्तेन एव सः ॥१२॥

इष्टानिति । यज्ञभाविताः – यज्ञार्चिताः, देवाः – मदवतारा इन्द्रादयश्च, स्वस्वाराधनादनन्तरं वः – मुमुक्षूणां त्रिवर्गेप्सूनां च युष्माकम्, इष्टान् – युष्मत्कृतोपासनेप्सितान्, भोगान् – ऐहिकामुष्मिकान्, दास्यन्ते हि – वितरिष्यन्त्येव । स्वबलिदानाय तैः दत्तान् – वितरितान् भोगान्, एभ्यः देवेभ्यः, अप्रदाय – न दत्त्वा, यो भुङ्क्ते – आहरति, स नरः स्तेनः – तस्करः एवास्ति, चौरवत् स निरये पतिष्यतीत्यर्थः ॥१२॥

વળી, હે પ્રજાજનો ! યજ્ઞને વિશે વિવિધ પ્રકારની સામગ્રીથી પૂજેલા એવા મારા થકી અવતરેલા ઇન્દ્રાદિ દેવતાઓ તમને જે કાંઈ ઈષ્ટ હશે તે સર્વે ભોગો અવશ્ય આપશે. એટલે કે, તમારામાં જે મુમુક્ષુ હોય તેને મોક્ષ અને ધર્મ, અર્થ, કામને ઇચ્છનારા જે સકામ જીવો હોય તેને આ લોક તથા પરલોકને વિશે જે કાંઈ પ્રિય હશે તે ભોગો જરૂર આપશે. પરંતુ **તે દેવોએ આપેલા તે ભોગોને જે પુરુષ તે દેવોને અર્પણ કર્યા વિના કેવળ પોતે જ ભોગવશે, તે પુરુષ ચોર જ ગણાશે. એટલે કે, ચોરની જેમ તે નરકમાં પડશે."** ॥૧૨॥

एवं ब्रह्मोक्तवचनानुवादं कृत्वा तदेव विशेषेण स्वयं भगवानपि प्रपञ्चयति – यज्ञेति ।

यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः ॥
भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात् ॥१३॥

यज्ञशिष्टाशिनः — यज्ञस्य – परमेश्वरस्य मम शिष्टम् – निवेदितोच्छिष्टमन्नादि अश्नन्तीत्येवंशीलाः, अथवा यज्ञशिष्टाशिनः – पञ्चमहायज्ञादियज्ञकलापावशिष्टभोजिनः, सन्तः – सत्पुरुषाः – कर्माणि,

सर्वकिल्बिषैः – कर्तृभिः, सर्वैः किल्बिषैश्चेतीतरेतरद्वन्द्वः, आत्मपरमात्मयथार्थज्ञानविरोधिभिः सकलदोषैः, अनादिकालोत्पन्नैः किल्बिषैश्च मुच्यन्ते। यज्ञशिष्टाशनेन शरीरधारणं कुर्वतो नरस्य सत्त्वशुद्धिः, सत्त्वशुद्धौ सत्यामात्मपरमात्माचला स्मृतिः प्रादुर्भवतीति भावः। "आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवानुस्मृतिः"(छान्दो.७/२६/२) इति श्रुतेः। ये नरा आत्मकारणात् – स्वहेतोः स्वस्य भोजनार्थं पचन्ति, न तु यज्ञकरणार्थं, ते पापाः – दुष्टाचरणाः, अघम् – पापमेव, भुञ्जते – अश्नन्ति। अघपरिणामत्वादघमेवेत्यर्थः ।।१३।।

આવી રીતે બ્રહ્માજીએ કહેલી વાત કહીને હવે શ્રીકૃષ્ણ ભગવાન પોતે અર્જુનને કહે છે કે, "મને પરમેશ્વરને નૈવેદ્ય ધરીને પ્રસાદીનું અન્નાદિક જમવાવાળા અથવા પંચમહાયજ્ઞાદિકમાં આપ્યા પછી બાકી રહેલાં અન્નાદિકને જમવાના સ્વભાવવાળા જે સત્પુરુષો છે તેઓ આત્મા-પરમાત્માનાં સ્વરૂપને યથાર્થ જાણવામાં અંતરાય કરનારાં અનાદિ કાળથી વળગેલાં સમગ્ર પાપોથી મુકાઈ જાય છે. કેમ જે, એવી રીતે યજ્ઞ કર્યા પછી બાકી રહેલાં અન્નાદિક જમીને દેહ ટકાવનારા પુરુષનું અંતઃકરણ શુદ્ધ થાય છે. અને તે અંતઃકરણ શુદ્ધ થયા પછી તે પુરુષને આત્મા-પરમાત્માની દૃઢ સ્મૃતિ રહે છે. પરંતુ જે લોકો કેવળ પોતાને જમવા માટે જ અન્નાદિક રાંધે છે, પણ યજ્ઞ કરવા માટે નથી રાંધતા; તે દુષ્ટ આચરણવાળા પુરુષો તો કેવળ પાપને જ ખાય છે. કારણ કે, તેનાથી પાપ લાગતું હોવાથી તે પાપ જ ખાધું કહેવાય છે. ॥૧૩॥

जगच्चक्रप्रवृत्तिं वर्णयन् यज्ञाकरणे दोषं प्रवक्ति – अन्नादिति त्रिभिः।

अन्नाद्भवन्ति भूतानि पर्जन्यादन्नसम्भवः ।।
यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ।।१४।।

अन्नात् – रेतोरुधिररूपेण परिणताद् भुक्तान्नात्, मत्प्रेरितेन जीवप्रारब्धकर्मणा, भूतानि – सजीवानि शरीराणि, भवन्ति – प्रजायन्ते। पर्जन्यात् – जीमूतवर्षणाद् अन्नसम्भवः, यज्ञात् पर्जन्यो भवति। तथा च स्मृतिः – "अग्नौ प्रास्ताहुतिः सम्यगादित्यमुपतिष्ठते। आदित्याज्जायते वृष्टिर्वृष्टेरन्नं ततः प्रजाः"(अग्निपु.२१६/११) इति। यज्ञः कर्मसमुद्भवः – द्रव्यसम्पादयितृनरोद्यमरूपात् कर्मणः समुद्भवतीति ।।१४।।

પુરુષે ખાધેલાં અને વીર્ય તથા લોહીરૂપે પરિણામ પામેલાં એવાં અન્નમાંથી મેં પ્રેરેલા જીવોનાં પ્રારબ્ધકર્મો વડે સજીવ શરીરો ઉત્પન્ન થાય છે. તે અન્નની ઉત્પત્તિ વરસાદ વરસવાથી થાય છે. તે વરસાદ યજ્ઞ કરવાથી થાય છે. અને તે યજ્ઞ પુરુષે કરેલા દ્રવ્યપ્રાપ્તિ માટેના ઉદ્યમરૂપ કર્મથી થાય છે. ॥૧૪॥

तथाह – कर्मेति ।

कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् ।।
तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ।।१५।।

कर्म ब्रह्मोद्भवम् — ब्रह्मणः – वेदादुद्भवति तद् विद्धि। यद्वा ब्रह्मणः – ब्रह्मशब्दवाच्यप्रकृतेः, उद्भवम् – उत्पन्नं, तत्परिणामरूपं शरीरं ब्रह्मशब्दनिर्दिष्टं, तदुद्भवं कर्म जानीहीति लक्ष्मणाचार्यचरणाः। ब्रह्म – वेदाख्यम्, अक्षरसमुद्भवम् – अक्षरान्नारायणात् मत्तः समुद्भवति।

अक्षरशब्देन नारायणस्य वाच्यत्वे प्रमाणम् – "एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि! सूर्याचन्द्रमसौ"(बृह.३/८/९) इति श्रुतिः। तस्माद्वेदोद्भवे प्रमाणम् – "अस्य महतो भूतस्य निःश्वसितमेतद्यदृग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्वः"(बृह.२/४/१०) इति श्रुतिः। तस्मात् – नारायणोत्पन्नत्वात्, वेदाख्यं ब्रह्म सर्वगतम् – सर्वदेवोपासनानुष्ठाने प्राप्तं, स्थितमिति यावत्,

सकलदेवोपासनं वेदेनैव भवेदित्यर्थः। अतो नित्यं यज्ञे प्रतिष्ठितम् – यज्ञे – यज्ञकलापे, नित्यम् – अजस्रं, प्रतिष्ठितम् – प्रतिष्ठां प्राप्तं, वेदैरेव यज्ञो भवेदित्यर्थः ।

लक्ष्मणाचार्यपक्षे तु – अक्षरसमुद्भवम् – अक्षरशब्दवाच्यकर्मफल-दातृनारायणप्रेरितेन जीवात्मकृतशुभाशुभकर्मफलरूपेण प्रारब्धकर्मणा, अन्नात् समुद्भवम् – उत्पन्नं, ब्रह्म – क्षेत्रज्ञशरीरं, सर्वकर्मसाधनभूतं भवति, तस्मात् सर्वगतम् – सर्वकर्माधिकारान् गतम् – प्राप्तं जीवशरीरम्, अतो नित्यं यज्ञे – यज्ञक्रियायां, प्रतिष्ठितम् – अधिकारं प्राप्तमित्यर्थः ।।१५।।

અને તે કર્મ બ્રહ્મ એટલે કે, વેદ થકી ઊપજે છે. એટલે કે, વેદને વિશે કહેલાં કર્મોનાં ફળના શ્રવણને લીધે જ પુરુષની યજ્ઞ કરવામાં પ્રવૃત્તિ થાય છે; એમ તું જાણ. અને તે વેદ નારાયણ થકી ઉત્પન્ન થયા છે. તેથી આ વેદરૂપ બ્રહ્મ સર્વગત છે. એટલે કે, સર્વ જગ્યાએ સર્વે દેવોનું આરાધન વેદ દ્વારા જ થાય છે; માટે વેદરૂપ બ્રહ્મ સર્વ ઠેકાણે વ્યાપીને રહ્યા છે એમ કહેવાય. આમ, તે વેદરૂપ બ્રહ્મ યજ્ઞને વિશે હંમેશાં પ્રતિષ્ઠાને પામ્યા છે. એટલે કે, તે વેદોથી જ સર્વ યજ્ઞની પ્રવૃત્તિ થાય છે. ॥૧૫॥

किञ्च – एवमिति ।

एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ।।
अघायुरिन्द्रियारामो मोघं पार्थ स जीवति ।।१६।।

मदादिष्टेन ब्रह्मणापि एवम् – मदुक्तप्रकारेण, पुरा प्रवर्तितमिदं चक्रम् – आदौ मत्तः – नारायणाद् वेदः, ततो वेदोक्तं कर्म, ततो यज्ञः, ततः पर्जन्यः, ततोऽन्नं, ततः शरीरं, ततो वेदोदितं कर्म, ततो यज्ञ इति। रामानुजाचार्यपक्षे तु – अन्नात् सजीवं शरीरम्, अन्नं च पर्जन्यात् स च यज्ञात्, स च पुरुषकृताद्वेदोक्तकर्मणः, तच्च सजीवात् शरीरात्,

शरीरं च पुनरन्नादिति। उभयोः पक्षयोर्विषये यत् परस्पर कार्यकारणभावेन चक्रवत्प्रवृत्तम्। इह – चतुवर्गसाधनेषु, प्रवर्तमानो यः – कर्मयोगनिष्ठो ज्ञानयोगनिष्ठो वा, तत् नानुवर्तयति – न प्रवर्तयति, हे पार्थ! सः अघायुः – पापरूपायुः, इन्द्रियारामः – इन्द्रियाधीनः सन्, मोघम् – निष्फलं यथा तथा जीवति, चतुवर्गसिद्धिरहितत्वात्तस्य मृषैव जीवनमित्यर्थः ।।१६।।

હે પાર્થ ! મારી આજ્ઞાથી બ્રહ્માએ પણ મેં કહ્યું એવી રીતે આ ચક્ર પૂર્વે પ્રવર્તાવ્યું હતું. એટલે કે, પ્રથમ નારાયણ એવા મારા થકી વેદ ઉત્પન્ન થયા. તે વેદને કારણે વેદમાં કહેલાં કર્મ થયાં. તે કર્મ થકી યજ્ઞ થયા. તે યજ્ઞ થકી મેઘ થયો. તે મેઘને કારણે અન્ન થયું. તે અન્ન થકી શરીર થયું. તે શરીર થકી વેદમાં કહેલાં કર્મ થયાં. અને તે કર્મ થકી યજ્ઞ ઉત્પન્ન થયા.

આમ, પરસ્પર કાર્ય-કારણભાવથી ચક્રની પેઠે આ જગત પ્રવર્તી રહ્યું છે. તેને જે અનુસરતો નથી તે કર્મયોગી કહેવાતો હોય કે જ્ઞાનયોગી, પણ તે પુરુષ પાપરૂપ આયુષ્ય ભોગવી રહ્યો છે. આવો તે **ઇન્દ્રિયારામ - વિષયલુબ્ધ જીવ આ જગતમાં તદ્દન નિષ્ફળ જીવન જીવી રહ્યો છે. અર્થાત્ તે પુરુષને ચાર પુરુષાર્થમાંથી એકેય પુરુષાર્થની સિદ્ધિ થાતી નથી, તેથી તેનું જીવન વ્યર્થ છે.** ॥૧૬॥

जडभरतवत्पूर्वकृतसत्साधनैर्भगवत्प्रसन्नतां प्राप्तस्य, शास्त्रीयसाधनमृते आत्मपरमात्मदर्शकस्य, उत्कृष्टतरां विषयविरक्तिं प्राप्तस्य महामुक्तस्य, वेदोदितमहायज्ञादिकर्माकरणत्वमित्याह — य इति ।

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।।
आत्मन्येव च सन्तुष्टस्तस्य कार्यं न विद्यते ।।१७।।

आत्मरतिः — आत्मनि – आत्मपरमात्मनोः रतिः – स्वाभाविकी प्रीतिर्यस्य, अत एव आत्मतृप्तः – आत्मपरमात्मभ्यां तृप्तः – पूर्णश्च, न

तु तद्भिन्नैर्भक्ष्यभोज्यादिभिः। आत्मन्येव सन्तुष्टः – आत्मपरमात्मनोरेव सन्तोषं प्राप्तश्च, न तु तद्व्यतिरिक्तगीतवादित्रादिषु। यस्तु एतादृश एव मानवः स्यात् तस्य कार्यम् – आत्मपरमात्मदर्शनाय करणीयं, न विद्यते – नास्ति। सदा आत्मपरमात्मदर्शनस्य असाधनायत्तत्वादितिभावः।।१७।।

❋ મહામુક્તને કર્મની આવશ્યકતા નથી :

કેવા પુરુષને અમે કહ્યાં તે બધાં કર્મો ન કરે તોપણ ચાલે ? તો, જે જડભરતની જેમ પૂર્વજન્મમાં કરેલાં શ્રેષ્ઠ સાધનો વડે ભગવત્પ્રસન્નતા પામી ચૂક્યો હોય અને તેથી જ આ જન્મમાં સાધન કર્યા વિના જ આત્મા-પરમાત્માના સાક્ષાત્કારને તથા વિષય થકી ઉત્તમ વૈરાગ્યને પામેલો હોય, એવા તે મહામુક્તને વેદે કહેલાં મહાયજ્ઞાદિક કર્મ કરવાની જરૂર નથી.

તે પુરુષની સ્થિતિ કેવી હોય ? તો, **તે આત્મા-પરમાત્મામાં સહજસિદ્ધ પ્રીતિવાળો હોય અને એટલે જ આત્મા-પરમાત્માના સુખથી જ સદાય પરિપૂર્ણ રહેતો હોય, પણ તે સિવાય બીજા કોઈ વિષયસુખથી તૃપ્ત થતો ન હોય.** અને વળી, તે આત્મા-પરમાત્મામાં જ સદા સંતુષ્ટ રહેતો હોય, પણ તે સિવાયના ગીત-વાજિંત્રાદિક શબ્દોમાં સંતોષ ન જ માનતો હોય. આવી રીતનો જે માનવ હોય તેને આત્મા-પરમાત્માનાં દર્શન માટે કરવા જેવું કાંઈ જ બાકી નથી. કેમ જે, તેને તો વગર સાધને આત્મા-પરમાત્માનો સાક્ષાત્ અનુભવ સદાય થયા કરે છે. ॥૧૭॥

तदेवाह – नैवेति।

नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।।
न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ।।१८।।

तस्य – महामुक्तस्य, उभयावलोकनाय कृतेन – साधनेन, अर्थः – प्रयोजनं नैवास्ति। अकृतेन – उभयावलोकनासाधनेन, इह – अस्मिन् लोके,

कश्चन अनर्थः – प्रत्यवायो न विद्यते, स्वत एवोभयावलोकनत्वात्। चो हेतौ। यस्मात्, अस्य – उभयरतेः, स्वभावत एवोभयभिन्नप्राकृत-वस्तुविरक्तस्य, सर्वभूतेषु – प्राकृतवस्तुसक्तेषु समग्रप्राणिषु वा सर्वेषु प्रकृतिजन्यपृथिव्यादिषु भूतेषु, कश्चिद् अर्थव्यपाश्रयः – कोऽपि प्रयोजनसम्बन्धो न विद्यते ।।१८।।

એવો જે મહામુક્ત હોય તેને આત્મા-પરમાત્માનાં દર્શન માટે કહેલાં સાધનને કરવાથી કાંઈ પ્રયોજન જ નથી. અને આત્મા-પરમાત્માનાં દર્શન માટેનું સાધન ન કરવાથી તેને આ લોકમાં કાંઈ ખોટ પણ નથી. કેમ જે, તેને તો આપોઆપ આત્મા-પરમાત્માનું દર્શન ચાલુ જ છે.

એ મહામુક્તની કેવી ઉત્તમ સ્થિતિ હોય છે ? તો, **આત્મા-પરમાત્મામાં પ્રગાઢ પ્રીતિ અને એ સિવાયની માયિક વસ્તુમાત્રમાં દઢ વિરક્તિવાળા છે. તેથી તે મુક્તને જગતના કોઈ પણ જીવ-પ્રાણી પાસે કે જગતની કોઈ પણ વસ્તુ સાથે કાંઈ પણ સ્વાર્થ કે નિસ્બત જ નથી.** ||૧૮||

एवं साधनान्यन्तरेणोभयावलोकनस्य, उत्कृष्टतरां विषयविरक्तिं प्राप्तस्यैव साधनाकरणमुक्तम्। इदानीं चोभयावलोकनसाधने प्रवृत्तस्य ज्ञानयोगाधिकारिणोऽपि सुकरत्वात् प्रकृत्यनुकूलत्वादुभयानुसन्धानगर्भ-त्वाच्च देहनिर्वाहिकरणापेक्षत्वाच्च, कर्मयोग एवोभयावलोकनोद्यमे श्रेष्ठ इत्याह – तस्मादिति।

तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ॥
असक्तो ह्याचरन् कर्म परमाप्नोति पूरुषः ॥१९॥

यस्मादेवं तस्माद्, असक्तः – कर्मसु कर्तृत्वानुसन्धानरहितः सन्, कार्यम् – वर्णाश्रमोचितं करणीयं, कर्म – फलानुसन्धानरहितं युद्धाग्नि-

होत्रस्वाध्यायादिकं, निषिद्धत्यागपूर्वकं क्रियां, सततं समाचर – त्वं कुरु । असक्तः पूरुषः, मदाराधनरूपं शास्त्रीयं कर्म, आचरन् – कुर्वन् सन्, परम् – उत्कृष्टं स्वावलोकनीयमुभयस्वरूपमाप्नोति । हि – निश्चितम् ।।१९।।

❋ જ્ઞાનયોગના અધિકારીએ પણ કર્મયોગ ચાલુ જ રાખવો જોઈએ :

આ લોકમાં જે એવો આત્મા-પરમાત્માને અનુભવનારો અને વિષયમાં અતિશય વૈરાગ્યવાળો મહામુક્ત હોય તેને એક પણ સાધનની જરૂર નથી. પરંતુ જે એવી સ્થિતિને પામ્યો ન હોય તે મુમુક્ષુ જ્ઞાનયોગનો અધિકારી હોય તોપણ તેણે કર્મયોગ જેવાં સાધનો અવશ્ય કરવાં જ જોઈએ. શા માટે ? તો, (૧) કર્મયોગ પોતાના સ્વભાવને અનૂકુળ હોવાથી અતિ સરળ પડે છે. (૨) તે કર્મયોગમાં આત્મા-પરમાત્માનું અનુસંધાન પણ અંતર્ગર્ભિત આવી જાય છે. (૩) દેહનો નિર્વાહ કરવા માટે પણ તેની અવશ્ય જરૂર છે. આવા ઘણા બધા ફાયદા હોવાથી કર્મયોગ જ આત્મા-પરમાત્માના સાક્ષાત્કાર માટે શ્રેષ્ઠ સાધન છે.

માટે હે અર્જુન ! તું તો ફળની ઈચ્છાનો તથા તે કર્મના કર્તાપણાના અભિમાનનો અને નિષિદ્ધ કર્મોનો ત્યાગ કરી વર્ણાશ્રમને યોગ્ય એવાં યુદ્ધાદિક કર્મોને નિરંતર આચરતો રહે. કેમ જે, **કર્મનું કર્તાપણું ને ફળ એ બંનેનો ત્યાગ કરીને કેવળ મારા આરાધનરૂપ શાસ્ત્રીય કર્મોને કરનારો પુરુષ, પોતાને સાક્ષાત્ કરવા જેવા આત્મા અને પરમાત્મા એ બંનેને જરૂર પામે છે.** ।।૧૯।।

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।।
लोकसङ्ग्रहमेवापि सम्पश्यन् कर्तुमर्हसि ।।२०।।

कर्मणेति । जनकादयः – राजर्षयः ज्ञानवत्सु मुख्याः, कर्मणा – कर्मयोगेनैव, संसिद्धिम् – आत्मपरमात्मावलोकनरूपां सिद्धगतिम्, आस्थिताः – गताः । कर्मयोगेनैव मोक्षप्राप्तिमुक्त्वा, इदानीं ज्ञानयोग–

योग्यस्यापि शास्त्रीयकर्मैव कार्यमित्याह – लोकसङ्ग्रहम् - लोकानां सङ्ग्रहम् - सङ्ग्रहणम् - स्वे स्वे धर्मे प्रवर्तनमित्यर्थः। मया कर्मणि कृते लोकास्तत् करिष्यन्तीत्येवंरूपमित्यर्थः। सम्पश्यन् कर्मैव कर्तुं त्वमर्हसि। अतः कर्मयोगेनैव स्वप्राप्यस्वरूपदर्शनं कुर्वित्यभिप्रायः ।।२०।।

પૂર્વે જ્ઞાનીઓમાં અગ્રેસર એવા જનકાદિક રાજર્ષીઓએ પણ કર્મયોગથી જ આત્મા-પરમાત્માનાં દર્શનરૂપ સિદ્ધગતિને પ્રાપ્ત કરી હતી. તેથી તું જ્ઞાનયોગનો અધિકારી હોય તોપણ તારું વર્તન જોઈને અન્ય લોકો તેમના પોતપોતાના ધર્મમાં પ્રવર્તે, તે હેતુને નજર સમક્ષ રાખીને પણ કર્મ જ કરવા માટે તું યોગ્ય છે. એટલે કે, કર્મયોગ દ્વારા જ તું તારે મેળવવા જેવા આત્મા-પરમાત્માના સાક્ષાત્કારને પ્રાપ્ત કર. ॥૨૦॥

तदेव स्पष्टीकरोति – यद्यदिति ।

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ॥
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥२१॥

श्रेष्ठः - समग्रश्रुतिस्मृत्यर्थज्ञत्वेन तद्धर्मपालकत्वेन च विख्यातो नृपादिजनः, यद्यत् - सच्छास्त्रानुकूलं तत्प्रतिकूलं वा कर्म, आचरति - करोति। इतरः - असमग्रज्ञो जनः, तत्तदेव आचरति। सः - पूर्वोक्तः, यत् - सदसद्वा कर्म वा सदसच्छास्त्रं सन्तमसन्तं धर्मं वा परमात्मप्रापिकां वा तदप्रापिकां ज्ञानकथनरीतिं, प्रमाणं कुरुते - प्रमाणत्वेन मन्यते। लोकः - असमग्रज्ञो जनः, तदनुवर्तते - तदेव प्रमाणं कुरुते। ततोऽकृत्स्नविज्जनरक्षणार्थं श्रेष्ठतया विख्यातेन नृपादिना स्वोचितं कर्म धर्मज्ञानविचारादि यथासच्छास्त्रं करणीयम्। इतरथा - अकृत्स्नविज्जनस्य शास्त्रप्रतिकूलवर्तनोत्पन्नः प्रत्यवाय एनं श्रेष्ठं चतुर्वर्गात्पातयेदिति श्रीकृष्णचन्द्राभिप्रायः ।।२१।।

શા માટે ? તો, આ લોકમાં જે શ્રેષ્ઠ વ્યક્તિ હોય તે સત્શાસ્ત્રોને અનુકૂળ કે પ્રતિકૂળ જેવું આચરણ કરે તેવું જ અન્ય લોકો પણ કરે છે. એવી જ રીતે તે શ્રેષ્ઠ પુરુષ જેને પ્રમાણભૂત માને તેને જ અન્ય લોકો પણ અનુસરે છે.

શ્રેષ્ઠ વ્યક્તિ એટલે કોણ ? તો, જે વેદ-પુરાણ વગેરે સત્શાસ્ત્રોના અર્થોને સારી રીતે જાણતા હોય અને પોતાના ધર્મને સારી રીતે પાળતા હોય, તે કારણે તેઓ લોકમાં પ્રસિદ્ધ થયેલા હોય એવા ધર્મગુરુ, સદ્‌ગુરુ, રાજા અને વિદ્વાન વગેરે મોટા માણસ. **અન્ય લોકો** એટલે કોણ ? તો, જેઓ ઉપર કહેલી બધી બાબતોને બધી રીતે ન સમજી શકતા હોય એવા સામાન્ય લોકો. **પ્રમાણભૂત માનવું** એટલે શું ? તો, સારું કર્મ કે ભૂંડું કર્મ, સત્શાસ્ત્ર કે અસત્શાસ્ત્ર, સાચો ધર્મ કે ખોટો ધર્મ, પરમાત્માને પમાડનાર કે નહિ પમાડનાર જ્ઞાન કરાવવાની રીતિ-સમજણની પદ્ધતિ – આવી બધી બાબતોમાં આ જ સાચું, યોગ્ય કે હિતકારી છે એમ માનવું.

માટે **બધી બાબતને નહિ સમજી શકનાર લોકોના રક્ષણાર્થે શ્રેષ્ઠપણે લોકમાં પ્રસિદ્ધ થયેલા રાજા, ધર્મગુરુ વગેરેએ સત્શાસ્ત્ર પ્રમાણે જ કર્મ, ધર્મ, જ્ઞાન અને વિચાર વગેરે કરવાં જોઈએ. જો એમ ન કરે, તો તે શ્રેષ્ઠ પુરુષના આચરણને જોઈને બધું નહિ સમજતા સામાન્ય લોકો પણ સત્શાસ્ત્રથી વિરુદ્ધ વર્તે. અને તેને લીધે થયેલું પાપ તે શ્રેષ્ઠ પુરુષને ધર્મ, અર્થ, કામ ને મોક્ષ - એ ચારેય થકી પાડી નાંખે છે.** ॥૨૧॥

स्वीयवर्तनेन तदेव प्रतिपादयति – नेति ।

न मे पार्थास्ति कर्तव्यं त्रिषु लोकेषु किञ्चन ॥
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥२२॥

हे पार्थ ! अनेकजनोद्धरणाय देवमनुष्यादिनयनविषयतां गतस्य, स्वाश्रितजनानेकजन्मोत्पन्नवृजिननाशकस्य, सर्वेश्वरस्य, सर्वज्ञस्य, परिपूर्णस्य,

मे – मम, त्रिषु लोकेषु, किञ्चन – किञ्चिदपि, कर्तव्यम् – करणीयं नास्ति । अनवाप्तम् – अप्राप्तं फलं, कृतेन कर्मणा अवाप्तव्यम् – प्रापणीयं, किञ्चिन्नास्ति । तथापि कर्मण्येव – सच्छास्त्रीयकर्मण्येव अहं वर्ते ।।२२।।

હે પાર્થ ! હું આ લોકમાં અનેક જીવનાં કલ્યાણ માટે દેવ-મનુષ્ય વગેરે જીવો મને જોઈ શકે તેમ પ્રગટ થયો છું. મારા આશ્રિતજનોનાં અનેક જન્મથી ભેગાં થયેલાં પાપોનો નાશ કરનારો છું. વળી, સર્વનો નિયંતા, સર્વજ્ઞ અને પરિપૂર્ણ છું. અને એટલે જ મારે આ ત્રિલોકીમાં કાંઈ પણ કરવું જરૂરી નથી. વળી, અત્યાર સુધીમાં મને ન મળ્યું હોય એવું કાંઈ પણ ફળ કર્મો કરીને મેળવવાનું મારે બાકી નથી. તેમ છતાં પણ બીજા લોકો મારું આચરણ જોઈને સન્માર્ગે જ ચાલે, પણ અવળે માર્ગે જાય નહિ; એમ વિચારીને હું સત્શાસ્ત્રમાં કહેલાં સત્કર્મમાં જ પ્રવર્તું છું.।।૨૨।।

यदि ह्यहं न वर्तेयं जातु कर्मण्यतन्द्रितः ।।
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ ! सर्वशः ।।२३।।

यदीति । हि – पुनः, यदि अहम् – जगदुत्पत्त्यादिकर्ता सत्यसङ्कल्पः विश्वोपकाराय धर्मिष्ठत्वेन विख्यातवसुदेवस्य गृहेऽवतीर्णः, अतन्द्रितः – प्रमादवर्जितः सन्, कर्मणि – क्षत्रियधर्मोचितकर्मणि, जातु – कदाचित्, न वर्तेयम् – न प्रवर्तेयम् । हे पार्थ ! तर्हि सर्वशः मनुष्याः – असमग्रविदो जनाः, मम – धर्मिष्ठशौरिसूनोः, वर्त्म – पन्थानम्, अनुवर्तन्ते – अनुप्रवर्तेरन् । 'धर्मिष्ठवसुदेवसूनुना योऽनुष्ठितः स एव धर्मः' इति मत्वा तमनुप्रवर्तन्ते । तेन वर्तनेन च स्वप्राप्यं वस्त्वलब्धाः सन्तस्ते निरयेषु पतेयुरितिभावः ।।२३।।

હે પાર્થ ! હું હાલમાં સર્વનું કારણ, સત્યસંકલ્પ અને વિશ્વના ભલા માટે જ ધર્મનિષ્ઠપણે પ્રખ્યાત થયેલા વસુદેવના ઘરે પ્રગટ થયો છું. છતાં પણ જો હું પ્રમાદનો ત્યાગ કરીને ક્ષત્રિયધર્મને યોગ્ય એવાં કર્મોમાં

કદાચિત્ ન વર્તું, તો બીજા સમગ્ર અજ્ઞાની લોકો પણ ધર્મનિષ્ઠ વસુદેવના પુત્ર એવા મારા માર્ગને જ અનુસરે. એટલે કે, મહાધર્મવાળા વસુદેવપુત્ર શ્રીકૃષ્ણએ સ્વીકારેલો માર્ગ જ ધર્મ છે; એમ માનીને તે સામાન્ય લોકો પણ તે માર્ગને જ અનુસરે. પછી તેમના તે અયોગ્ય વર્તનને કારણે તેમને મેળવવા યોગ્ય વસ્તુ મળે નહિ અને ઊલટાના નરકમાં પડે. ॥૨૩॥

ततः किमित्यत्राह – उत्सीदेयुरिति ।

उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् ॥
सङ्करस्य च कर्ता स्यामुपहन्यामिमाः प्रजाः ॥२४॥

अहम् – गृहस्थधर्मपालकाग्रेसरः, कर्म – कर्मयोगं, चेत् – यदि, न कुर्याम्, ज्ञानयोगमेव कुर्याम् । तदा इमे – कर्मयोगाधिकारिणः, शिष्टस्य मम वर्त्मानुवर्तिनो लोकाः, अकार्यकरणात् उत्सीदेयुः – उत्सन्ना भवेयुः । मोक्षमार्गात्पतेयुरित्यर्थः । अतस्तेषां कर्मयोगिनां, सङ्करस्य – धर्मसङ्करस्य – धर्मवैपरीत्यस्य कर्ता स्याम् – भवेयम् । अत एव इमाः प्रजाश्च, उपहन्याम् – विनाशयेयम् । त्वमपि गृहस्थमुख्यः सन् यदि कर्मयोगं न करोषि, तर्हि त्वदनुयायिनोऽसमग्रज्ञा मोक्षधर्मरुचयो जनाः कर्मयोगमकुर्वन्तः सन्त उत्सीदेयुः । ततो मुख्यतया स्थितेन बुधेन कर्मयोग एव करणीय इति भावः ।२४।

ગૃહસ્થધર્મ પાલકોમાં અગ્રેસર એવો હું, જો કર્મયોગ ન કરું અને કેવળ જ્ઞાનયોગને જ અનુસરું, તો કર્મયોગના જ અધિકારી એવા લોકો મેં પ્રવર્તાવેલા માર્ગને અનુસરે. જેથી તે લોકો મોક્ષમાર્ગથી પડી જાય. અને જો એમ થાય તો તે કર્મયોગના અધિકારી પુરુષોના ધર્મને બગાડનારો હું જ થયો ગણાઉં. તેથી આ સર્વે પ્રજાને ધર્મ લોપાવીને તેનો નાશ કરનારો પણ હું જ ગણાઉં. હે અર્જુન ! મારી જેમ તું પણ ગૃહસ્થોમાં મુખ્ય હોવા છતાં જો કર્મયોગનું પાલન ન કર, તો તને અનુસરનારા સામાન્ય

લોકો મોક્ષધર્મની રુચિવાળા હોવા છતાં પણ કર્મયોગને નહિ કરવાથી ભ્રષ્ટ થઈ જાય. માટે સમાજમાં મુખ્યપણે રહેલા કોઈ પણ ડાહ્યા પુરુષે કર્મયોગ જ કરવો જોઈએ. ॥૨૪॥

तदेव दृढयन्नाह – सक्ता इति ।

सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वन्ति भारत ! ॥
कुर्याद्विद्वांस्तथासक्तश्चिकीर्षुर्लोकसङ्ग्रहम् ॥२५॥

हे भारत ! अविद्वांसः – स्वमोक्षसाधने असकलज्ञाः, कर्मणि सक्ताः – कतृत्वानुसन्धानसहिताः, अभिनिवेशं प्राप्ता इति यावत् । यथा कर्माणि कुर्वन्ति, तथा लोकसङ्ग्रहम् – लोकानां सङ्ग्रहम् – धर्मसङ्ग्रहणं, चिकीर्षुः – कर्तुमिच्छुः, लोकानां मोक्षसाधनभूतमसङ्गकर्मानुष्ठानं कारयितुकाम इत्यर्थः । विद्वान् – आत्मपरमात्मतत्प्राप्तिसाधनयाथात्म्यवित् । असक्तः – कर्तृत्वममत्वफलासक्तिरहितः सन्, कर्म कुर्यात् ।

शास्त्रवित्तया धर्मिष्ठत्वेन च लोकप्रसिद्धो ज्ञानयोगाधिकार्यपि कर्मयोगाधिकारिणां स्वाधिकारानुरूपमसङ्गकर्मयोगमजानतां जनानां, कर्तृत्वममत्वफलसङ्गवर्जितेन स्वाचारेण मोक्षसाधनभूतकर्मयोगं बोधयन् स्वयमाचरेदित्यर्थः ।।२५।।

હે ભરતવંશી અર્જુન ! પોતાનો મોક્ષ કરનારાં સાધનોને સંપૂર્ણપણે નહિ જાણનારા અને કર્તાપણાના અભિમાને કરીને ક્રિયામય થઈ ગયેલા અજ્ઞાની લોકો જે રીતે કર્મ કરે છે, તેવી જ રીતે તે લોકોને નિષ્કામ કર્મયોગ શીખવવા ઇચ્છનાર અને આત્મા, પરમાત્મા તથા તેની પ્રાપ્તિના સાધનને યથાર્થપણે જાણનાર એવા **જ્ઞાનીપુરુષે કર્તૃત્વ, મમત્વ અને ફળની આસક્તિનો ત્યાગ કરીને કર્મો કરવાં જોઈએ.**

એટલે કે, શાસ્ત્રના અર્થને જાણવાને કારણે અને ધર્મનિષ્ઠ હોવાને

કારણે લોકમાં પ્રસિદ્ધ થયેલો પુરુષ ભલે જ્ઞાનયોગનો અધિકારી હોય, તોપણ તે પુરુષે કર્મયોગના અધિકારી હોવા છતાં તેના અધિકાર પ્રમાણે અસંગપણે કર્મ કરવાનું નહિ જાણનારા એવા અજ્ઞાની લોકોને કર્તૃત્વ, મમત્વ અને ફળની આસક્તિના ત્યાગ યુક્ત પોતાના આચરણથી મોક્ષના સાધનરૂપ નિષ્કામ કર્મયોગ શીખવાડવા માટે પોતે પણ કર્મયોગનું જ આચરણ કરવું જોઈએ. ॥૨૫॥

तमेव लोकसङ्ग्रहप्रकारमाह – न बुद्धीति ।

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसङ्गिनाम् ॥
जोषयेत्सर्वकर्माणि विद्वान्युक्तः समाचरन् ॥२६॥

युक्तः - आत्मपरमात्मावलोकने सावधानः, अत एव विद्वान् - इन्द्रियव्यापारविरतिभूतज्ञानयोगरूपस्य मोक्षसाधनस्यानुष्ठानप्रकारं वेदिता - लोकप्रसिद्धो जनः, सर्वकर्माणि - सर्वाणि मोक्षसाधनभूतानि नित्यनैमित्तिककाम्येष्टापूर्त्तदेवालयस्वाध्यायादीनि मत्प्रीतिकराणि कर्माणि समाचरन् सन्, अज्ञानाम् - स्वमोक्षसाधनभूतमसङ्गकर्मानुष्ठानमजानतां, अत एव कर्मसङ्गिनाम् - कर्मसु कर्तृत्वममत्वफलसङ्गवताम्, अनादिकर्मवासनया कर्मानुष्ठानशीलानामित्यर्थः, जनानाम् । बुद्धिभेदम् – असङ्गकर्मानुष्ठानरूपान्मोक्षसाधनादन्यत् इन्द्रियव्यापारोपरतिभूतं ज्ञानयोगरूपं मोक्षसाधनमस्तीति शेमुषीभेदनं, न जनयेत् - नोत्पादयेत्, न कुर्यादिति यावत् । किन्तु जोषयेत् - तेषामसङ्गकर्मानुष्ठाने प्रीतिं जनयेदित्यर्थः ।।२६।।

આત્મા-પરમાત્માનાં દર્શન માટે તત્પર થયેલો અને ઈન્દ્રિયોની ક્રિયાને છોડી દેવારૂપ જ્ઞાનયોગને મોક્ષના સાધનરૂપે જાણનાર જે લોકપ્રસિદ્ધ જ્ઞાનીપુરુષ છે, તે કરવા યોગ્ય સર્વે કર્મ મને પ્રસન્ન કરવા માટે કરે છે. અને પોતે એમ વર્તતો થકો જેઓ પોતાના મોક્ષના સાધનભૂત નિષ્કામ કર્મયોગની રીતને જાણતા નથી અને એટલે જ કર્તૃત્વ, મમત્વ

અને ફળની આસક્તિથી કર્મ કરવાના સ્વભાવવાળા છે, એવા અજ્ઞાની લોકોની બુદ્ધિમાં ભેદ ઉપજાવતો નથી; પરંતુ તેઓને નિષ્કામ કર્મયોગ કરવામાં જ રસ જગાડે છે.

બુદ્ધિભેદ ઉપજાવવો એટલે શું ? 'ખરેખર તો કર્મયોગ નહિ, પણ જ્ઞાનયોગ જ મોક્ષનું ખરું સાધન છે', એમ અજ્ઞાનીજનોની બુદ્ધિમાં મોક્ષના સાધનની બાબતે ભેદભાવ ઉપજાવવો. આવી ભેદબુદ્ધિ કરાવવામાં ડાહ્યો જ્ઞાનીપુરુષ ક્યારેય નિમિત્ત બનતો નથી. ઊલટાનો અજ્ઞાનીજનો પણ નિષ્કામપણે કર્માનુષ્ઠાન કરે તે માટે તે પોતે પણ બધાં જ કર્મો કરે છે. ॥૨૬॥

अथ शास्त्रीयकर्म कुर्वतोर्ज्ञान्यज्ञानिनोः कर्मणि बन्धत्वाबन्धत्व-कथनेन भेदं प्रकाशयन्, कृते कर्मणि, उभयोः कर्तृत्वाकर्तृत्वे प्राह – प्रकृतेरिति चतुर्भिः ।

प्रकृतेः क्रियमाणानि गुणैः कर्माणि सर्वशः ॥
अहङ्कारविमूढात्मा कर्ताहमिति मन्यते ॥२७॥

प्रकृतेर्गुणैः – सत्त्वादिभिर्गुणैः – कर्तृभिः, सर्वशः – सर्वाणि, सत्त्वादि-गुणयुक्तब्राह्मणादिजात्यर्हाणि कर्माणि स्वानुकूलं यथा तथा क्रियमाणानि, तेषां कर्ताऽहमिति, अहङ्कारविमूढात्मा – प्राकृतेषु सत्त्वादिगुणविशिष्टेषु ब्राह्मणादिदेहेषु अहङ्कारेण – ब्राह्मणोऽस्मि क्षत्रियोऽस्मीत्येवंरूपेण अभिमानेन, विमूढः – विशेषेण मोहं प्राप्तः आत्मा – क्षेत्रज्ञो वा बुद्धिः यस्य, तथाभूतो जनः मन्यते । न तु प्रकृतिवियुक्तक्षेत्रज्ञाभिमानी ।।२७।।

❋ કર્મમાં બંધન થવા-નહિ થવાનું કારણ :

હે અર્જુન ! સત્ત્વાદિક પ્રકૃતિવાળી બ્રાહ્મણાદિક તે તે જાતિને અનુરૂપ જે જે કર્મો થાય છે, તે ખરેખર તો માયાના સત્ત્વાદિક ત્રણ

ગુણો દ્વારા થઈ રહ્યા છે; પરંતુ અહંકારમાં વિમૂઢ જીવ 'તે કર્મોનો કર્તા હું છું' એમ માને છે.

અહંકારમાં વિમૂઢ આત્મા એટલે શું ? તો, માયામાંથી થયેલા ત્રણ ગુણવાળા દેહોમાં 'હું બ્રાહ્મણ છું, હું ક્ષત્રિય છું' એવા દેહાભિમાનને કારણે જેનો આત્મા કે બુદ્ધિ મોહિત થઈ ગયા હોય એવા અજ્ઞાની જીવને અહંકારમાં વિમૂઢ થઈ ગયેલા કહેવાય. આવા દેહાભિમાની જીવો માયિક ગુણને કારણે થનારાં કર્મોનો કર્તા પોતાને માને છે; પણ **જે પોતાને ત્રણ દેહથી વિલક્ષણ એવા શુદ્ધ આત્મારૂપે માનતા હોય તે પુરુષ તે તે ગુણપ્રેરિત કર્મોનો કર્તા પોતાને માનતા નથી.** ॥૨૭॥

अज्ञानिनः कर्मणि कर्तृत्वमुक्त्वा, इदानीं ज्ञानिनोऽकर्तृत्वमाह – तत्त्वविदिति ।

तत्त्ववित्तु महाबाहो ! गुणकर्मविभागयोः ॥
गुणा गुणेषु वर्तन्त इति मत्वा न सज्जते ॥२८॥

हे महाबाहो ! गुणकर्मविभागयोः – गुणाः – प्रकाशप्रवृत्तिमोह–विशिष्टाः सत्त्वादयश्च, कर्माणि – शमदमादीनि शौर्यवीर्यादीनि च, उभयेषां विभागयोः – गुणविभागे कर्मविभागे चेत्यर्थः । तत्त्ववित् – याथार्थ्यज्ञाता, गुणाः – प्रकाशादिधर्मविशिष्टाः सत्त्वादयः, गुणेषु – गुणकार्येषु सात्त्विक–राजसतामसकर्मसु, वर्तन्ते इति मत्वा – ज्ञात्वा न सज्जते – गुणकर्मणां कर्ताऽहमिति न मन्यते । गुणकृतकर्मण्यभिमानयुक्तो न भवतीत्यर्थः ।।२८।।

હે મહાબાહુ અર્જુન ! જે માયિક ગુણ અને તેનાથી થનારા વર્ણાશ્રમને અનુરૂપ કર્મોના વિભાગને યથાર્થપણે સમજી શકે એવા જ્ઞાની હોય છે, તે ગુણો જ ગુણના કાર્યમાં પ્રવર્તી રહ્યા છે; એમ સમજીને તેના કર્તૃત્વમાં બંધાતા નથી. **ગુણો** એટલે કે, જે વસ્તુ જેવી હોય તેને તેમ પ્રકાશનાર સત્ત્વગુણ, જીવને પ્રવૃત્તિમાં પ્રેરનાર રજોગુણ અને જીવને આળસ, પ્રમાદ,

ઊંઘ વગેરેથી મોહ ઉપજાવનાર તમોગુણ. **આ ત્રણ ગુણને કારણે જે જે કર્મો થઈ રહ્યાં છે, તેને યથાર્થ સમજનાર જ્ઞાનીપુરુષ તે તે ગુણને કારણે પ્રવર્તતાં કર્મોમાં પોતે કર્તાપણાના અભિમાને યુક્ત થતો નથી.** ॥૨૮॥

बुधो गुणात्मककर्मसक्तान् जनान् तदनुसारेणैव मोक्षसाधने प्रवर्तयेन्न ततश्च्यावयेदित्याह – प्रकृतेरिति ।

प्रकृतेर्गुणसम्मूढाः सज्जन्ते गुणकर्मसु ।।
तानकृत्स्नविदो मन्दान्कृत्स्नविन्न विचालयेत् ।।२९।।

प्रकृतेः गुणसम्मूढाः – मायायाः गुणैः - मलिनसत्त्वादिभिः, सम्मूढाः – यथावस्थितयोरात्मानात्मनोर्विवेके मोहं प्राप्ताः, विपरीतज्ञानं गता इति यावत् । गुणकर्मसु - स्वर्गपुत्रपशुराज्यादिप्रापकेषु गुणात्मकक्रियासु, सज्जन्ते – फलानुसन्धानेन आसक्ता भवन्ति । अकृत्स्नविदः – अल्पज्ञान्, तान् मन्दान् – अल्पफलासक्तान्, कृत्स्नवित् – कृत्स्नान् - चेतनाचेतन-परमात्मनो वेत्तीति तथाभूतः, न विचालयेत् - कर्मानुष्ठानान्न पातयेत् । किन्तु फलसङ्गवर्जितं कर्मयोगं शिक्षयेदित्यभिप्रायः ।।२९।।

માયાના ત્રણ ગુણે કરીને સંમૂઢ થઈ ગયેલા જીવો ગુણજન્ય ક્રિયાઓમાં આસક્ત થઈ જાય છે. પરંતુ બધી બાબતને યથાર્થ જાણનાર જ્ઞાનીપુરુષ, તેવું નહિ સમજતા અને અલ્પફળમાં આસક્ત થઈ ગયેલા મંદબુદ્ધિના જીવોને કરવા યોગ્ય કર્મયોગથી ચલાયમાન કરતો નથી.

માયાના ગુણથી સંમૂઢ એટલે શું ? તો, માયાના ગુણો વડે દેહ અને આત્માનો ચોખ્ખો વિભાગ કરવામાં મોહિત થઈ ગયેલા, અર્થાત્ દેહને જ પોતાનું સ્વરૂપ માની બેઠેલા દેહાભિમાની જીવો. **ગુણજન્ય ક્રિયામાં આસક્ત** એટલે કે, સ્વર્ગ, પુત્ર, પશુ અને રાજ્યાદિક માયિક ભોગોને પમાડનારી ગુણમય ક્રિયાઓમાં તે તે ફળની આશાથી બંધાયેલા સકામ જીવો. **બધી બાબતને જાણનાર** એટલે કે, ચેતન આત્માઓ,

અચેતન માયા અને પરમ ચેતન પરમાત્મા – એ ત્રણેયનાં સ્વરૂપને તથા પરમાત્માને પામવાના પાત્રતા મુજબના સાધનને યથાર્થ જાણનાર વિવેકી પુરુષો. **આવા વિવેકી પુરુષ અજ્ઞાની સકામ જીવને તેને અનુરૂપ કર્મયોગથી પાડતા તો નથી, પણ કર્મફળની ઈચ્છાથી રહિત થઈને કરવાનો કર્મયોગ શીખવાડે છે.** ॥૨૯॥

एवं ज्ञान्यज्ञानिनोर्गुणकृतकर्मसु कर्तृत्वाकर्तृत्वे उक्त्वा, इदानीं सर्व-कर्मणां भगवति स्वस्मिन्नर्पणेन कर्तृत्वममत्वफलत्यागं वदति – मयीति ।

मयि सर्वाणि कर्माणि सन्न्यस्याध्यात्मचेतसा ॥
निराशीर्निर्ममो भूत्वा युध्यस्व विगतज्वरः ॥३०॥

अध्यात्मचेतसा – आत्मनि – मयि परमात्मनीत्यध्यात्मम् 'अव्ययं विभक्ति' इत्यनेन विभक्त्यर्थेऽव्ययीभावः, 'अनश्च' इति टच् 'नस्तद्धिते' इत्यनेन टिलोपः, अध्यात्मञ्च तच्चेतः – ज्ञानञ्च, तेन – मत्स्वरूपस्वभाव-गुणविभूतियथार्थज्ञानेनेत्यर्थः । मम माहात्म्यं ज्ञात्वेति शेषः । मयि – भूतले सर्वजीवकृतसेवाङ्गीकारार्थमक्षरधाम्नः सकाशात् प्रादुर्भूते परमदयालौ भक्तजनार्पितात् खाद्यपेयादिदेयपदार्थतोऽसङ्ख्यगुणप्रतिदातरि, सर्वाणि कर्माणि – सकलेन्द्रियव्यापारान्, सन्न्यस्य – वचसा मद्गुणकीर्त्तनं, चक्षुर्भ्यां मद्दर्शनं, पादाभ्यां मद्दर्शनार्थं गमनं, त्वचा मम स्पर्शनमित्यादिप्रकारेण अम्बरीषाचरणवन्मदाराधनभूतानि कृत्वा, "स वै मनः कृष्णपदारविन्दयो-र्वचांसि वैकुण्ठगुणानुवर्णने" (भाग.९/४/१८) इत्यादीनि तदाचरणानि । निराशीः – प्राकृतवस्तुषु मद्व्यतिरिक्तमोक्षसुखेषु च निष्कामः, निर्ममः – 'भगवदाज्ञया सर्वाणि कर्माणि करोमि, मम तु किञ्चिदपि करणीयं नास्ति' इत्येवंप्रकारेण कर्मसु ममत्वरहितः । अत एव विगतज्वरः – सन्ताप-हेतुत्वाच्छोक एव ज्वरशब्देनोक्तः, विशेषेण गतो ज्वरः – शोको यस्य स

तथाभूतः । पूर्वं मदुक्तेनाकर्तृत्वानुसन्धानपूर्वकशुद्धात्मज्ञानेन विगतबन्धु-हननजनितशोक इत्यर्थः, एतादृशस्त्वं भूत्वा युध्यस्व – युद्धं कुरु ।।३०।।

❋ કર્મ કરવા છતાં નિર્બંધ રહેવાનો કોયડો - સમર્પણભાવ :

હે અર્જુન ! તું અધ્યાત્મજ્ઞાન વડે તારાં સર્વે કર્મોને પ્રગટ પ્રભુ એવા મને અર્પી દઈને આશા રહિત, મમત્વ રહિત અને તાવની જેમ તને સંતાપ કરનાર શોકથી રહિત થઈ જા અને પછી યુદ્ધ કર.

અધ્યાત્મજ્ઞાન એટલે શું ? તો, મારા સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને ઐશ્વર્ય વગેરેનું યથાર્થજ્ઞાન. અર્થાત્ મારા માહાત્મ્યનું જ્ઞાન. **પ્રગટ પ્રભુ હું કેવો છું ?** તો, અહીંના સર્વ જીવોએ કરેલી સેવા અંગીકાર કરવા માટે મારા અક્ષરધામ થકી પૃથ્વી ઉપર પ્રાદુર્ભાવ પામ્યો છું. અને મારા ભક્તજનોએ મને અર્પણ કરેલા ખાદ્ય-પેયાદિક પદાર્થો કરતાં અનેકગણું ફળ તેમને પાછું આપું એવો પરમ દયાળુ છું. **સર્વે કર્મો મને અર્પવા એટલે શું ?** તો, **વાણીથી મારા ગુણનું ગાન કરવું, નેત્રોથી મારું દર્શન કરવું, પગથી મારાં દર્શન માટે જાવું, ચામડીથી મારો સ્પર્શ કરવો - એવી રીતે અંબરીષ રાજાની જેમ સર્વે ઇન્દ્રિયોની ક્રિયાઓને મારી ભક્તિ-આરાધના મય જ રાખ.**

આશા રહિત થવું એટલે શું ? તો, માયિક વસ્તુમાત્ર અને મારી મૂર્તિ સિવાયના ચાર પ્રકારની મુક્તિનાં દિવ્ય સુખોને પણ મેળવવાની કે ભોગવવાની ઇચ્છારહિત થઈ જા. **મમત્વ રહિત થવું એટલે શું ?** તો, 'હું તો ભગવાનની આજ્ઞાથી જ સર્વે કર્મ કરું છું, પણ કાંઈક ફળ પામવાની ઇચ્છાથી મારે કાંઈ પણ કર્મ કરવાનું છે જ નહીં.' આવી રીતે કર્મોમાંથી મમતાનો ત્યાગ કર. **શોક રહિત થવું એટલે શું ?** તો, પહેલાં મેં તને શીખવ્યું તેમ કર્તાપણાના અભિમાને રહિત એવા શુદ્ધ આત્મસ્વરૂપના જ્ઞાન વડે પોતાના સંબંધીને મારવા બાબતે થયેલા શોકને છોડી દે. આવો થઈને હવે તું યુદ્ધ કર. ॥૩૦॥

पूर्वकथितस्य करणे महाफलं वदति – य इति ।

ये मे मतमिदं नित्यमनुतिष्ठन्ति मानवाः ॥
श्रद्धावन्तोऽनसूयन्तो मुच्यन्ते तेऽपि कर्मभिः ॥३१॥

ये मानवाः, मे – "यस्मात्क्षरमतितोऽहमक्षरादपि चोत्तमः"(गीता.१५/१८) "निरस्तसाम्यातिशयेन राधसा स्वधामनि ब्रह्मणि रंस्यते"(भाग.२/४/१४) "न वासुदेवात्परमस्ति दैवतम्"(वा.मा.२५/६९) "न तत्समश्चाभ्यधिकश्च दृश्यते" (श्वेता.६/८) "अक्षरात्परतः परः"(मुण्ड.२/१/२) "पुरुषान्न परं किञ्चित्" (कठो.१/३/११) "अक्षरमन्तरो यमयति" "तमीश्वराणां परमं महेश्वरम्" (श्वेता.६/७) इत्यादिश्रुतिस्मृतिवचनैरुक्तस्य मम, इदम् – "मयि सर्वाणि" (गीता. ३/३०) इति श्लोकोक्तं, नित्यम् – नित्यवेदबोधितत्वेनानादिपरम्परागतं वा नित्यम् – सदा, मे मतम् – मत्प्रियं वर्त्म, भवतीत्यर्थः। तत्प्रत्यनुतिष्ठन्ति – एतादृशं मम मतं ज्ञात्वा सततं तस्मिन् प्रवर्तन्त इत्यर्थः। ते कर्मभिः – अनादिकालोत्पन्नैः सर्वैः कल्याणविरोधिभिः मुच्यन्ते। श्रद्धावन्तः – अस्मिन्मते अज्ञाताननुष्ठितेऽपि ये च तज्ज्ञानानुष्ठाने विश्वासपूर्वकत्वरावन्तः, अनसूयन्तः – ये चास्मिन् विश्वासपूर्वकत्वरावर्जिता अपि दोषमनारोपयन्तः, 'इदं मतं समीचीनम्' इति गुणग्राहिण इत्यर्थः। तेऽपि – द्विविधा अपि, कर्मभिः मुच्यन्ते, विश्वासपूर्वकत्वरया दोषानाविष्करणेन च ते उभये क्षीणकिल्बिषाः सन्तः शीघ्रमेतन्मतमालम्ब्य मुच्यन्त इत्यर्थः ।३१।

હે અર્જુન ! જે મનુષ્યો ત્રીસમા શ્લોકમાં કહેલા આ મારા કાયમી મતને સદા અનુસરે છે, તેઓ અનાદિ કાળથી ભેગા થયેલા ને પોતાના કલ્યાણમાં અંતરાય કરનારાં સર્વે કર્મો થકી છૂટી જાય છે. કદાચ અત્યાર સુધી જે પુરુષ આ મારા મતને જાણતો ન હોય અને તે મતમાં પ્રવર્ત્યો પણ ન હોય, પરંતુ હવે જો એ પુરુષ આ મારા મતને યથાર્થ જાણીને

તેમાં પ્રવર્તવા માટે અતિ વિશ્વાસપૂર્વક ઉત્સાહવાળો થાય, તો તે પુરુષ પણ સમગ્ર કર્મ થકી છૂટી જાય છે.

અને વળી, જે પુરુષને આ મારા મતમાં પ્રવર્તવાની શ્રદ્ધા ભલે ન હોય, પરંતુ તેની નિંદા ન કરે અને 'શ્રીકૃષ્ણએ કહેલો આ મત તે બહુ સારો છે' એમ મારા મતનો કેવળ ગુણ જ ગ્રહણ કરે, તે પુરુષ પણ સમગ્ર કર્મ થકી મુકાઈ જાય છે. એટલે કે, આ મતમાં પ્રવર્તવાની શ્રદ્ધા રાખવાથી અને આ મતનો ગુણ ગ્રહણ કરવાથી પણ તેમનાં પાપ નાશ પામી જાય છે. અને પછી તે બંને પ્રકારના પુરુષો તત્કાળ આ મારા મતને આશરીને મહા સુખિયા થાય છે.

આ મતનો આટલો મોટો મહિમા શાથી છે ? તો, કોઈ ઋષિ, મુનિ, દેવ કે ઈશ્વરાદિકનો નહિ, પણ હજારો શ્રુતિ અને સ્મૃતિઓએ જેનો મહિમા અપરંપાર ગાયો છે એવા પ્રગટ પરબ્રહ્મનો આ સિદ્ધાંત છે. એટલે તેને અનુસરનારા કે સ્વીકારનારાને આવું મોટું ફળ થાય છે. ॥૩૧॥

स्वोक्तमतेऽप्रवर्तमानानां श्रद्धारहितानामसूयां कुर्वतां च निन्दां करोति – ये त्विति ।

ये त्वेतदभ्यसूयन्तो नानुतिष्ठन्ति मे मतम् ॥
सर्वज्ञानविमूढांस्तान् विद्धि नष्टानचेतसः ॥३२॥

ये मे – अचेतनवर्गचेतनवर्गमुक्तवृन्दप्रेरकस्य शासितुर्मम, एतदाराधनरूपं मतं नानुतिष्ठन्ति – नानुकुर्वन्ति, तस्मिन् मते न प्रवर्तन्ते इत्यर्थः । अभ्यसूयन्तः – ये च महागुणेऽस्मिन्मते दोषमारोपयन्तः, ये चास्मिन् श्रद्धावर्जिताः सन्तो गुणमपि न गृह्णन्ति । तान् – त्रिविधान्, सर्वज्ञानविमूढान् – सर्वेषाम् – धर्माधर्मन्यायान्यायकार्याकार्यजीवेश्वरप्रकृतिपुरुषकालब्रह्मपरब्रह्मणां समग्राणां ज्ञानेषु – वेदनेषु विमूढान् – विपरीतान् अज्ञान् इति यावत् । अत एव अचेतसः – दुष्टचित्तान्, अत एव नष्टान् – चतुर्वर्गपतितान्

विद्धि। एतादृशा उच्चपदवीं प्राप्ताऽपि कुम्भीपाकादिनरकेषु पतिता एवेति ज्ञातव्या इति भावः ।।३२।।

હે અર્જુન ! હું અનંત કોટી બ્રહ્માંડો, જીવ-ઈશ્વરરૂપ તમામ ચેતનો અને માયાના બંધનોથી છૂટી ગયેલા અનંત મુક્તોનો પણ પ્રેરક તથા નિયામક છું. છતાં પણ મારી ઉપાસનારૂપ આ મારા મતને અનુસરીને જે અજ્ઞાની પુરુષો નથી વર્તતા, તેમજ જે પુરુષોને આ મતમાં પ્રવર્તવાની શ્રદ્ધા તો ન હોય, પરંતુ અતિ ફાયદાકારક આ મતમાંથી ગુણ પણ ગ્રહણ નથી કરી શકતા. અને જેઓ અતિ શ્રેષ્ઠ એવા આ મારા મતમાં કેવળ દોષારોપણ જ કર્યા કરે છે - એ ત્રણેય પ્રકારના પુરુષો તમામ પ્રકારના જ્ઞાનમાં ભૂલા પડેલા છે. એટલે કે, ધર્મ-અધર્મ, ન્યાય-અન્યાય, કાર્ય-અકાર્ય, જીવ, ઈશ્વર, પ્રકૃતિ, પુરુષ, કાળ, અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ – એ સર્વેનાં સ્વરૂપને જાણવામાં મોહ પામેલા છે. વળી તેઓ દુષ્ટ ચિત્તવાળા છે અને એટલે જ તેઓ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ બધામાંથી પડી ગયેલા જ છે; એમ તું જાણ. અર્થાત્ એ ત્રણ પ્રકારના પુરુષો કદાચ પોતાનાં પ્રારબ્ધકર્મને અનુસારે મોટી પદવીને પામ્યા હોય, તોપણ તે કુંભીપાકાદિક નરકમાં પડેલા જ જાણવા. ॥૩૨॥

नन्वेवं तर्हि महाफलयोर्ज्ञानयोगभक्तियोगयोरिन्द्रियाणि सन्नियम्य सर्वे जनाः कथं न प्रवर्तेरन् ? इत्याशङ्क्याह – सदृशमिति ।

सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।।
प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ? ।।३३।।

यर्हि ज्ञानवानपि - सकलप्राकृतवस्तुविसजातीयं सुखरूपं स्वक्षेत्रज्ञस्वरूपं, ततोप्युत्कृष्टतरमनवधिकातिशयानन्दमयं परमात्मस्वरूपं च, सर्वदा ध्येयमिति सर्वशास्त्रसिद्धान्त इति विद्वानपि, स्वस्याः - शमदमादिशौर्यधैर्यादिरूपायाः स्वकीयायाः, प्रकृतेः - प्राक्तनवासनायाः,

प्राचीनकर्मजन्यधर्माधर्मज्ञानेच्छादिसंस्काररूपस्य स्वभावस्येत्यर्थः, सदृशम् – अनुगुणमनुकूलमिति यावत्। तद्यथा भवति तथा चेष्टते – स्वमोक्षसाधनभूतेषु कर्मसु चेष्टां करोति। तर्हि भूतानि – सर्वे अज्ञजनाः। प्रकृतिं यान्ति – स्वस्वप्रकृत्यनुकूलं चेष्टन्ते अनुवर्तन्त इति यावत्। निग्रहः – तेषु जनेषु शास्त्रकृतनियमः किं करिष्यति ? सत्त्वरजादिप्रकृतिवतां ब्राह्मणक्षत्रियादिवर्णाश्रमिणां शास्त्रविहितनियमनं स्वप्रकृत्यनुसारेण भवतीति भावः ।।३३ ।।

મેં બતાવેલા જ્ઞાનયોગ અને ભક્તિયોગ આવા મહાફળવાળા છે; તેમ છતાં સર્વે મનુષ્યો તેમાં કેમ નથી પ્રવર્તતા ? તો, **આત્મા-પરમાત્માને જાણનાર એવો જ્ઞાનીપુરુષ પણ મોક્ષના ઉપાયોની બાબતમાં પોતાની પ્રકૃતિ સરખું જ આચરણ કરે છે. ત્યારે સામાન્ય અજ્ઞાનીજનો પોતાની પ્રકૃતિને અનુસારે વર્તે એમાં તો કહેવું જ શું ?!** તેમાં શાસ્ત્રોએ કરેલા નિયમોરૂપી નિગ્રહ બિચારો શું કરી શકે ?!

જ્ઞાની એટલે શું ? તો, 'પોતાનું આત્મસ્વરૂપ સમગ્ર માયિક વસ્તુ થકી વિલક્ષણ અને સુખરૂપ છે. પરમાત્માનું સ્વરૂપ તો એ જીવાત્મા થકી પણ અતિશય શ્રેષ્ઠ, અસીમ આનંદે યુક્ત છે. અને વળી એ જ અખંડ ધ્યાન કરવા યોગ્ય છે', આ સર્વે શાસ્ત્રોનો સિદ્ધાંત છે. આવું ઘણું બધું જાણતો હોય એવો પુરુષ.

પોતાની પ્રકૃતિ એટલે શું ? તો, જૂની વાસના, પૂર્વકર્મજન્ય ધર્મ-અધર્મસંબંધી જ્ઞાન અને તેને અનુરૂપ વિવિધ પ્રકારની ઈચ્છા વગેરેના સંસ્કારરૂપી સ્વભાવ. તથા શમ, દમ, શૂરતા, વીરતા અને ધીરજ વગેરે જન્મજાત સ્વાભાવિક ગુણો. જ્ઞાનીજન પણ આવી પોતાની પ્રકૃતિને વશ છે, ત્યારે બીજાની તો વાત જ ક્યાં રહી ? તેથી બધા જ જીવો સીધા જ્ઞાનયોગ કે ભક્તિયોગને માર્ગે ચાલી શકતા નથી. તેમાં શાસ્ત્રના નિયમોનું જોર ચાલતું નથી. અર્થાત્ સત્ત્વગુણી, રજોગુણી વગેરે વિવિધ

પ્રકારની પ્રકૃતિવાળા બ્રાહ્મણાદિક વર્ણાશ્રમીઓનું શાસ્ત્રોએ કરેલું નિયમન પણ તેની તેની પ્રકૃતિ પ્રમાણે જ થતું હોય છે. ॥૩૩॥

वर्णाश्रमवतां भूतानां स्वप्रकृत्यनुकूलत्वेन शास्त्रकृतं निग्रहं वदति द्वाभ्याम् — इन्द्रियस्येति।

इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ॥
तयोर्न वशमागच्छेत्तौ ह्यस्य परिपन्थिनौ ॥३४॥

इन्द्रियस्य – श्रोत्रादिज्ञानेन्द्रियवर्गस्य, अर्थे – शब्दादिवृन्दे, इन्द्रियस्य – वागादिकर्मेन्द्रियनिकरस्य, अर्थे – वचनादिविषयकलापे, रागद्वेषौ — रागः – प्राक्तनकर्मसंस्कारोत्पन्ना स्वप्रियविषयेषु प्रीतिश्च द्वेषः – प्राक्तन–कर्मसंस्कारोत्पन्ना स्वानिष्टविषयेष्वरुचिश्च, रागद्वेषौ स्वाभाविकौ व्यवस्थितौ – स्थितवन्तौ। तथापि तयोर्वशं जनो नाऽऽगच्छेत् – वशवर्ती न भवेदित्यर्थः। हि – यस्मात्, अस्य – कर्मयोगनिष्ठस्य ज्ञानयोगनिष्ठस्य च भक्तियोगनिष्ठस्य च जनस्य, तौ – रागद्वेषौ परिपन्थिनौ – दुर्जयौ शत्रू। आत्मपरमात्मज्ञानानुशीलनं नाशयतः इति भावः ।।३४।।

હે અર્જુન! જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોના જે જે વિષયો છે, તે સર્વેમાં રાગ અને દ્વેષ સ્વાભાવિક જ રહેલા છે. **રાગ એટલે કે,** પૂર્વકર્મના સંસ્કારને કારણે પ્રિય વિષયમાં ઉત્પન્ન થતી પ્રીતિ, આસક્તિ કે રુચિ. **દ્વેષ એટલે કે,** પૂર્વકર્મના સંસ્કારને લીધે અપ્રિય એવા વિષયમાં થતી અરુચિ, દાઝ કે વૈરભાવ. સંસારમાં ભમતાં જીવ-પ્રાણીમાત્રને આ રાગ-દ્વેષ સહેજે જ થતાં હોય છે. પરંતુ **ડાહ્યા પુરુષે તે રાગ-દ્વેષને વશ ન જ વર્તવું જોઈએ.** કેમ જે, તે રાગ-દ્વેષ કર્મયોગનિષ્ઠ, જ્ઞાનયોગનિષ્ઠ અને ભક્તિયોગનિષ્ઠ - એ ત્રણેય પુરુષોના મોટા શત્રુ છે. એટલે કે, તે **રાગ-દ્વેષ આત્મા-પરમાત્મા સંબંધી અભ્યાસનો નાશ કરી નાંખે છે.** ॥૩૪॥

तदेवाह – श्रेयानिति ।

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।।३५।।

स्वनुष्ठितात् – सुकृतात्, प्राक्तनवासनायुक्तस्य दुष्करतया परधर्मात् – परस्य – परिपूर्णज्ञानयोगनिष्ठस्य, धर्मात् – धर्मभूताद् ज्ञानयोगात् सगुणादपि, विगुणः – इन्द्रियव्यापारविरतिरूपगुणरहितः, स्वप्रकृत्यनुकूलत्वात्सुकरतया स्वधर्मः – स्वधर्मभूतः कर्मयोगः, अन्तर्गतज्ञानतया श्रेयान् – प्रशस्यतरः। स्वधर्मे – कर्मयोगे प्रवृत्तस्य अस्मिन् जन्मन्यप्राप्तफलस्यापि, निधनम् – मरणमपि श्रेयः, विघ्नवर्जितत्वेन जन्मान्तरे आत्मपरमात्मावलोकनसम्भवात्। परधर्मः – प्राचीनवासनायुक्तस्येन्द्रियनियमने असावधानत्वात् दुष्करतया परधर्मभूतो ज्ञानयोगः, इन्द्रियनियमने सम्यगसावधानतया भयावहः – भयप्रापकः, दुष्कर इत्यर्थः।

यद्वा स्वनुष्ठितात् – सुखेन कृतात्, परधर्मात् – परस्य – ब्राह्मणस्य, धर्मात् – अहिंसाधर्मात्, विगुणः – अहिंसारूपगुणवर्जितः, स्वधर्मः – क्षत्रियधर्मः श्रेयान्। स्वधर्मे – युद्धादिक्षत्रियधर्मे, निधनं श्रेयः – स्वर्गप्रापकं, परधर्मः – क्षात्रप्रकृतियुक्तस्य अहिंसको ब्राह्मणधर्मः, भयावहः – दुःसम्पाद्यतया भयप्रापकः ।।३५।।

હે અર્જુન ! **સારી રીતે આચરેલા પરધર્મ કરતાં સ્વધર્મ કાંઈક ત્રુટીવાળો હોય તોપણ અંતે લાભદાયી થાય છે. માટે સ્વધર્મમાં રહેતાં મોત આવે તોપણ તે કલ્યાણકારી છે; પરંતુ પરધર્મ તો હંમેશાં ભય આપનારો જ છે.**

પરધર્મ એટલે ? પૂર્વની વાસનાયુક્ત પુરુષને ઇન્દ્રિયોનું નિયમન અતિ કઠણ હોવાથી તેને માટે જ્ઞાનની પરિપૂર્ણ દઢતાવાળા જ્ઞાનીજનોનો

જ્ઞાનયોગ તે પારકો ધર્મ છે. અર્થાત્ જેને કર્મયોગની જ પાત્રતા હોય તેણે જ્ઞાનયોગને માર્ગે ચાલવું તે પરધર્મ છે.

સ્વધર્મ એટલે ? પોતાના સ્વભાવ-પ્રકૃતિને અનુકૂળ હોવાથી સરળ પણે સાધી શકાય એવો પોતપોતાના ધર્મભૂત કર્મયોગ. અર્થાત્ જેને પોતાની પ્રકૃતિ ટળી ન હોય તેને માટે કર્મયોગ સરળપણે સાધી શકાતો હોવાથી સ્વધર્મ છે. વળી, તેમાં આત્મા-પરમાત્માનું જ્ઞાન પણ અંતર્ગત આવી જતું હોવાથી તે શ્રેષ્ઠ છે. આવા પોતાના ધર્મરૂપ કર્મયોગમાં પ્રર્વતેલા પુરુષને આ જ જન્મે કદાચ તેનું ફળ પ્રાપ્ત ન થાય અને તેનું મરણ આવી જાય તોપણ તે સારું છે. કેમ જે, કર્મયોગ તેના માટે વિઘ્નરહિત હોવાથી તેમાં રહેતા થકાં બીજે જન્મે પણ આત્મા-પરમાત્માના સાક્ષાત્કારનો સંભવ છે. પરંતુ પૂર્વની વાસનાયુક્ત પુરુષને પોતાની ઈન્દ્રિયોને વશ કરવામાં સાવધાનપણું નહિ રહેતું હોવાથી તેના માટે જ્ઞાનયોગરૂપી પરધર્મ તો ભય પમાડે એવો જ છે. એટલે કે, દુઃખે કરીને પણ સિદ્ધ થઈ શકે એવો નથી.

આનો બીજો અર્થ એવો છે કે, સુખે થઈ શકે એવા બ્રાહ્મણના અહિંસાધર્મની અપેક્ષાએ ક્ષત્રિય માટે ક્ષત્રિયનો ધર્મ હિંસાવાળો હોવા છતાં શ્રેષ્ઠ છે. યુદ્ધ વગેરે પોતાનો ધર્મ પાળતાં કદાચ ક્ષત્રિયને મોત આવી જાય તોપણ તે સ્વર્ગ દેનારું હોવાથી સારું જ છે. પરંતુ ક્ષત્રિયની પ્રકૃતિવાળાને બ્રાહ્મણોનો અહિંસક ધર્મ કાયમ ટકાવી રાખવો અશક્ય હોવાથી ભય દેનારો જ થાય છે." ॥૩૫॥

ज्ञानयोगे प्रवृत्तस्य पतनहेतुं पृच्छन्नर्जुन उवाच – अथ केनेति ।

अर्जुन उवाच –

अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः ।।
अनिच्छन्नपि वार्ष्णेय ! बलादिव नियोजितः ।।३६ ।।

हे वार्ष्णेय ! – वृष्णिकुलोत्पन्न ! । अथायम् – ज्ञानयोगार्थं इन्द्रिय–नियमने सम्प्रवृत्तः, अनिच्छन्नपि – विषयान् भोक्तुमकामोऽपि, बलात् – प्रसभम्, नियोजित इव – राज्ञा भृत्यवत्प्रेरित इव, पुरुषः – मुमुक्षुजनः, केन प्रयुक्तः – प्रेरितः सन्, पापम् – पापरूपं विषयभोगं चरति – आचरति करोतीत्यर्थः ।।३६।।

હવે જ્ઞાનયોગમાં પ્રવર્તેલાને જ્ઞાનયોગથી પડવાના કારણને જાણવા માટે અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનને પૂછે છે કે, "હે વાર્ષ્ણેય ! એટલે કે, વૃષ્ણિકુળમાં પ્રગટેલા હે શ્રીકૃષ્ણ ! જ્ઞાનયોગની સિદ્ધિ માટે ઇન્દ્રિયોના નિયમનમાં પ્રવર્તેલો મુમુક્ષુ પુરુષ પોતે વિષયો ભોગવવાને ન ઇચ્છતો હોવા છતાં પણ, જેમ રાજા નોકરને પરાણે કોઈ કાર્યમાં પ્રેરે, તેમ કોના પ્રેરવાથી પાપરૂપ વિષયભોગમાં કોઈકે બળજબરીથી જોડી દીધો હોય એમ પ્રવર્તે છે ?" ॥૩૬॥

प्रश्नोत्तरं भगवानुवाच – काम इति ।

श्रीभगवानुवाच –

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ।।३७।।

रजोगुणसमुद्भवः – रजोगुणात्समुद्भवतीति तथाभूतः । सत्त्वे वर्धिते रजःक्षयः, रजसि नष्टे कामो नश्यतीत्यभिप्रायः, रजःसमुत्पन्नत्वात् । महाशनः – महत् – बहुलम् अशनम् – विषयरूपमद्यं यस्य सः, दुष्पूर इत्यर्थः । अतो महापाप्मा – अतिक्रूरः, एषः – प्राक्तनवासनोत्पन्नः, कामः – शब्दाद्यभिलाषः, प्रतिहतगतिः सन् एष एव क्रोधः – क्रोधरूपेण परिणतो जनैर्दृष्टः । इह – मोक्षसाधने, एनम् – कामं, वैरिणम् – परहिंसापरयुवत्यादिषु प्रवर्त्तकं शत्रुं विद्धि ।।३७।।

✹ મુમુક્ષુનો સૌથી મોટો દુશ્મન અને તેને જીતવાના ઉપાય :

અર્જુનના પ્રશ્નનો ઉત્તર હવે શ્રીકૃષ્ણ ભગવાન આ રીતે આપે છે : "હે અર્જુન ! આ કામ રજોગુણમાંથી પેદા થાય છે. સત્ત્વગુણ વધતાં રજોગુણનો નાશ થવાથી તેનો નાશ થાય છે. એ કામનો માયિક વિષયરૂપી એટલો મોટો આહાર છે કે, તે એનાથી ક્યારેય ધરાતો જ નથી. તે મહા પાપ કરાવનાર અતિ ક્રૂર છે. પૂર્વ જન્મની વાસનાને કારણે ઉત્પન્ન થનાર આ કામ જ પોતાના મનમાન્યા વિષયો ન મળે ત્યારે ક્રોધરૂપે થઈ જાય છે. તેથી હે અર્જુન ! **વિષયની અભિલાષારૂપ એ કામ મોક્ષના સાધનમાં મોટામાં મોટો શત્રુ છે, એમ તું જાણ. કેમ જે, તે કામ જ્ઞાનયોગીને પરહિંસા અને પરસ્ત્રીગમન વગેરે દોષોમાં પ્રવર્તાવી અહિત કરનારો છે.** ॥૩૭॥

वैरित्वेन कामं वदति – धूमेनेति ।

धूमेनाव्रियते वह्निर्यथादर्शो मलेन च ॥
यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ॥३८॥

धूमेन सहजेन यथा वह्निराव्रियते – आच्छाद्यते, मलेनागन्तुकेन यथा आदर्शश्च, उल्बेन – गर्भावरणचर्मणा यथा गर्भः, आवृतः – विश्वतः संवृत्य प्रावृतः, तथा – दृष्टान्तत्रिकप्रकारेणापि, तेन – कामेन, इदम् – क्षेत्रज्ञज्ञानमावृतम् ।।३८।।

જેમ ધુમાડાથી અગ્નિ અવરાય - ઢંકાય જાય છે, વળી જેમ મેલથી દર્પણ અવરાય જાય છે અને જેમ ગર્ભના આવરણભૂત ઝરથી ગર્ભ બધી બાજુ ઢંકાયેલો હોય છે; તેમ તે ભોગેચ્છારૂપ કામથી જીવાત્માનું જ્ઞાન અવરાયેલું છે. ॥૩૮॥

कामो ज्ञानावरणरूपोऽस्तीत्याह – आवृतमिति ।

आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ॥

कामरूपेण कौन्तेय ! दुष्पूरेणानलेन च ॥३९॥

हे कौन्तेय! दुष्पूरेण – विषयभोगैः पूरयितुमशक्येन, अनलेन च – शोकसन्तापकरत्वादनलतुल्येन, कामरूपेण – भोगेच्छारूपेण, नित्यवैरिणा – मोक्षमार्गपातनहेतुत्वात् सततशत्रुणा, एतेन – कामेन, ज्ञानिनः – वेदनशीलस्य, ज्ञानम् – आत्मपरमात्मभक्तिस्मृतिरूपो बोधः, आवृतम् – आच्छादितम् ॥३९॥

હે કુંતીપુત્ર ! વિષયના ઉપભોગથી ક્યારેય ન ધરાય એવો, શોક-સંતાપ પમાડતો હોવાથી બળતા અગ્નિ જેવો અને મોક્ષમાર્ગથી ભ્રષ્ટ કરનારો ભવોભવનો દુશ્મન એવો આ વિષયભોગની ઇચ્છારૂપ જે કામ, તેણે જ્ઞાનીપુરુષનું જ્ઞાન આવરી લીધું છે. એટલે કે, તે કામે આત્મા-પરમાત્માની અને પરમાત્મામાં રહેલી પ્રીતિની સ્મૃતિરૂપ જીવના જ્ઞાનને ઢાંકી દીધું છે - ભુલાડી દીધું છે. ॥૩૯॥

कामस्य वासस्थानं जनमोहप्रापकत्वं च ब्रुवन्नाह – इन्द्रियाणीति ।

इन्द्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते ॥
एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम् ॥४०॥

अस्य – कामस्य, इन्द्रियाणि, मनश्च बुद्धिश्च, अधिष्ठानम् – निवासस्थानम् उच्यते । एषः – कामः, एतैः – करणैः, स्वयुक्तैः विषय-प्रवणैरिन्द्रियादिभिः, ज्ञानम् – आत्मनः परमात्मनश्च तत्प्रापकभक्तेश्च स्मृतिरूपं वेदनम्, आवृत्य – आच्छाद्य, देहिनम् – देहवन्तं मुमुक्षुक्षेत्रज्ञं, विमोहयति – विपरीतं ज्ञानं जनयति । पूर्वोक्तं स्मृतिरूपं ज्ञानं भ्रंशयित्वा विषयस्मृतिमुत्पादयतीत्यर्थः ॥४०॥

ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ – એ સર્વે કામને રહ્યાનાં સ્થાન કહેવાય છે. એ કામરૂપી શત્રુ જીવનાં ઇન્દ્રિયો, મન અને બુદ્ધિને વિષયમય કરી

દે છે. પછી એ ત્રણેયને વિષય તરફ ઢસડી જઈને જીવાત્મા, પરમાત્મા અને પરમાત્માને પમાડનારી ભક્તિ – એ ત્રણની સ્મૃતિરૂપ જ્ઞાનને ભુલાડી દે છે. આ રીતે દેહધારી એવા મુમુક્ષુ જીવને પણ મોહ પમાડે છે. એટલે કે, તે કામ એ ત્રણની સ્મૃતિરૂપ જ્ઞાનનો નાશ કરાવીને વિષયનું જ અખંડસ્મરણ કરાવે છે. ॥૪૦॥

तस्मादिति ।

तस्मात्त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ ! ।।
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ।।४१ ।।

यस्मादेवं मोहनं भवति तस्माद्धेतोः, त्वम् – स्वकीयवर्णप्रकृति-युक्ततया तदनुकूलेन्द्रियव्यापारवान् भवान्, आदौ – मोक्षसाधनप्रारम्भकाले, इन्द्रियक्रियानुकूले कर्मयोगे, इन्द्रियाणि नियम्य – स्वाधीनीकृत्य, हे भरतर्षभ! – भरतवंशीयश्रेष्ठ! ज्ञानविज्ञाननाशनम् — ज्ञानञ्च - शास्त्राचार्योपदेशजं परोक्षं, विज्ञानञ्च – अपरोक्षं तत्फलं, तयोर्नाशिनम्, अत एव पाप्मानम् – अत्युग्रम्, एनम् – मोक्षसाधनभ्रंशकरं वैरिणं कामं, प्रजहि – प्रकर्षेण मारय। हि – निश्चितम् ।।४१ ।।

આ રીતે અભાગિયો કામ જ્ઞાનીપુરુષને પણ મોહ પમાડે છે. તેથી ભરતકુળમાં શ્રેષ્ઠ એવા હે અર્જુન ! તું મોક્ષસાધનની શરૂઆતમાં જ ઇન્દ્રિયોને કર્મયોગના નિયમમાં રાખીને મહાપાપી એવા આ કામરૂપ શત્રુને સારી રીતે હણી નાખ. કેમ જે, તું તો ક્ષત્રિય છો. એટલે દુશ્મનનો દાટ વાળી દેવો એ તો તારો સહજ સ્વભાવ છે. જો તું એ કામને નહિ મારે, તો તે તારા જ્ઞાન અને વિજ્ઞાન - એ બંનેને મારી નાખશે.

જ્ઞાન એટલે શું ? તો, શાસ્ત્ર અને ગુરુના ઉપદેશથી થયેલું જીવ, ઈશ્વર, માયા, અક્ષરબ્રહ્મ ને પરબ્રહ્મના સ્વરૂપનું પરોક્ષજ્ઞાન. **વિજ્ઞાન** એટલે શું ? તો, જ્ઞાનનું ફળરૂપ એવું સાક્ષાત્ અનુભવજ્ઞાન. એટલે

કે, ઉપર કહેલ પાંચેય તત્ત્વોનું શ્રવણ, મનન અને નિદિધ્યાસથી થયેલ તેમના સાક્ષાત્કારરૂપ અનુભવજ્ઞાન. **મહાભયંકર એવો કામ એ બંનેનો નાશ કરી નાખે એવો છે. માટે તું એનો જલદી નાશ કર.** ॥૪૧॥

नन्वहं बलवन्तं शत्रुं कामं कथं जये ? इत्याशङ्कायां कामस्यातिबलं कथयंस्तज्जयोपायमाह द्वाभ्याम् — इन्द्रियाणीति ।

इन्द्रियाणि पराण्याहुरिन्द्रियेभ्यः परं मनः ॥
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥४२॥

इन्द्रियाणि - भूतसङ्घाताद्देहात्कामनिवासस्थानानि श्रोत्रादीनि, सूक्ष्मत्वेन पराणि - उत्कृष्टान्याहुः, देहस्येन्द्रियाधीनत्वात्। देहे क्षीणे सति इन्द्रियेषु कामो वर्तते। इन्द्रियेभ्यः सूक्ष्मत्वेन परम् - कामस्योत्कृष्टनिवासस्थानं मनः, इन्द्रियाणां मनोऽधीनत्वात्। कामादिन्द्रियेषु उपरतेषु मनसि कामसम्भवः। मनसस्तु परा - सूक्ष्मत्वेनोत्कृष्टा कामनिवासस्थानं बुद्धिः, मनसो बुद्ध्यधीनत्वात्। कामान्मनसि निवृत्ते सति बुद्धौ रागरूपः कामः स्थितः। यस्तु बुद्धेः परतः — परः - सूक्ष्मत्वेनोत्कृष्टः सः कामः, क्षेत्रज्ञेषु सूक्ष्मभावेन कामो वर्तते, बुद्धेः कामाधीनत्वात्। कामः सद्गुरुसच्छास्त्राभ्यां प्राप्ताया बुद्धेर्वैपरीत्यं करोति। बुद्धिहीनेषु बालपशुवृक्षादिषु सूक्ष्मभावेन कामदर्शनाच्च।

किञ्च परं, प्रलये बुद्ध्यादीनां नाशे सति क्षेत्रज्ञेषु कारणभावेन विषये वासनारूपः कामस्तिष्ठत्येव। प्रलये बुद्ध्यादिकरणरहिताः विषयवासनारूपकामसहिता जीवाः स्थिताः, पुनः सृष्टौ यदा करणकलेवरसहिता जाताः, तदा तेषां बुद्ध्यादिकरणेष्ववर्जनीयः कामः स्थूलभावेनोद्भवति। अतः कामस्य बुद्धेः परत्वमुक्तम् ॥४२॥

एवं बुद्धेः परं बुद्ध्वा संस्तभ्यात्मानमात्मना ॥
जहि शत्रुं महाबाहो ! कामरूपं दुरासदम् ॥४३॥

इति श्रीभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णाऽर्जुनसंवादे 'कर्मयोगो' नाम तृतीयोऽध्यायः ॥३॥

एवमिति। एवम् – अमुना प्रकारेण, बुद्धेः परं कामं ज्ञान–विज्ञाननाशकमत्युत्कृष्टं रिपुं बुद्ध्वा, मन्माहात्म्यज्ञानपूर्वकभक्तियुक्तेन प्राकृतवस्तुषु दोषदृष्टियुक्तेन च आत्मना – बुद्ध्या, आत्मानम् – मनः मदाराधनरूपे सधर्मभक्तियोगे कर्मयोगे वा, संस्तभ्य – अवस्थाप्य, हे महाबाहो ! एनम् – कामरूपं दुरासदम् – दुःखेनासादनीयं दुर्ज्ञेयगमन–मित्यर्थः। शत्रुं जहि – मारय ॥४३॥

હે અર્જુન ! **એ કામ કેવો બળિયો છે ?** તે હવે તું સાંભળ. પંચભૂતના આ સ્થૂળ દેહ કરતાં ઇન્દ્રિયો બળવાન છે. ઇન્દ્રિયો કરતાં મન બળવાન છે. મન કરતાં બુદ્ધિ વધુ બળવાળી છે. અને તે બુદ્ધિ કરતાં પણ આ કામરૂપી શત્રુ અતિ બળિયો છે. આવી રીતે કામને બુદ્ધિથી પણ વધુ બળવાન જાણીને સદ્‌બુદ્ધિ દ્વારા તારા મનને વશ કરીને પછી આ કામરૂપી દુષ્ટ શત્રુને તું માર.

દેહ કરતાં ઇન્દ્રિયો બળવાન શાથી છે ? તો, તે ઇન્દ્રિયો આ સ્થૂળ દેહની અપેક્ષાએ અતિ સૂક્ષ્મ છે. કેમ જે, દેહ ઇન્દ્રિયોને આધીન છે અને દેહ દૂબળો થાય છતાં ઇન્દ્રિયોને વિશે કામ રહે છે. આવી આ ઇન્દ્રિયો કામને રહ્યાનું પહેલું સ્થાન છે.

ઇન્દ્રિયો કરતાં મન બળવાન શાથી છે ? તો, ઇન્દ્રિયો થકી પણ મન વધું સૂક્ષ્મ છે. કેમ જે, ઇન્દ્રિયો મનને વશ છે અને ઇન્દ્રિયોને કામભોગથી પાછી વાળી લેવામાં આવે તોપણ કામ મનને વિશે તો રહે છે. આવું આ મન કામને રહ્યાનું બીજું સ્થાન છે.

મન કરતાં બુદ્ધિ વધુ બળવાળી શાથી છે ? તો, મન થકી પણ બુદ્ધિ વધુ સૂક્ષ્મ છે. કેમ જે, મન બુદ્ધિને વશ છે અને મનને કામભોગથી પાછું વાળી લેવામાં આવે તોપણ બુદ્ધિને વિશે રાગરૂપે કામ રહે છે. આવી બુદ્ધિ કામને રહ્યાનું ત્રીજું સ્થાન છે.

બુદ્ધિ કરતાં કામ વધુ બળવાન શાથી છે ? તો, બુદ્ધિ કરતાં પણ કામ વધુ સૂક્ષ્મ છે અને બુદ્ધિ કામને વશ છે. કેમ જે, સદ્ગુરુ અને સત્શાસ્ત્ર પાસેથી પ્રાપ્ત કરેલી મોક્ષબુદ્ધિને પણ કામ ઘણીવાર ફેરવી નાખે છે. વળી, આ કામ તો બુદ્ધિથી પણ પર એવા જીવમાં એટલે કે, જીવની વૃત્તિરૂપ ધર્મભૂતજ્ઞાનમાં સૂક્ષ્મપણે રહ્યો છે. કેમ જે, પ્રલય સમયે જીવની સાથે બુદ્ધિ વગેરે નથી હોતાં, પરંતુ વિષયની વાસનારૂપ કામ તો ત્યારે પણ જીવની સાથે જ હોય છે. એટલે તો સૃષ્ટિ પછી જીવને ઇન્દ્રિયો, અંતઃકરણ અને દેહ મળે ત્યારે જીવમાં રહેલો કામ મન-બુદ્ધિ વગેરેમાં ફરી પ્રગટ થઈ આવે છે. માટે કામ બુદ્ધિ કરતાં પણ વધુ બળવાન છે.

આવા મહા બળિયા કામને કેવી રીતે મારવો ? તો, બુદ્ધિથી પર એવા તે કામને સૌ પ્રથમ પોતાના જ્ઞાન-વિજ્ઞાનનો પણ નાશ કરી નાખનાર મહા ભયંકર શત્રુ માનવો. પછી તેને સદ્બુદ્ધિ દ્વારા મારવો. એટલે કે, **સત્પુરુષના સંગથી પ્રાપ્ત થનારી મારા માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિવાળી અને માયિક વસ્તુમાત્રમાં દોષદષ્ટિરૂપ વૈરાગ્યવાળી સદ્બુદ્ધિ વડે મારા આરાધનરૂપ ધર્મે સહિત ભક્તિયોગમાં કે નિષ્કામ કર્મયોગમાં મનને અખંડ જોડી રાખવાથી તે દુષ્ટ કામને ચોક્કસ મારી શકાય છે.**

હે મહાબાહો અર્જુન ! ઉપર કહેલા ઉપાય દ્વારા જેને પકડવો અતિ કઠણ છે એવા દુષ્ટ કામરૂપ શત્રુને તું હણી નાખ." ॥૪૨-૪૩॥

एवं तृतीयाध्यायेऽनादिकर्मवासनारूपप्रकृतियुक्तस्य मोक्षसाधने प्रवृत्तस्येन्द्रियव्यापारोपरतिरूपे ज्ञानयोगे, भगवति नारायणमुनौ सर्वेन्द्रिय-व्यापारसमर्पणरूपे एकान्तिकभक्तियोगे चाकस्मादनधिकारितया हेतुना

अन्तर्गतात्मपरमात्मज्ञानानुसन्धानरूपः फलाभिसन्धिरहितः कर्मयोग एव करणीयः, ज्ञानयोगयोग्यस्यापि कर्मकर्तृत्वं गुणेष्वनुसन्धाय कर्मयोग एव समीचीन इति सकारणं निगदितं, लोके मुख्यतया प्रसिद्धस्य तु लोकसङ्ग्रहार्थं कर्मयोग एव कर्तव्यश्चेति निगदितम् ।

इति श्रीसहजानन्दस्वामिशिष्यगोपालानन्दकृतायां भगवद्भावदीपिकायां श्रीभगवद्गीताटीकायां तृतीयोऽध्यायः ॥३॥

આવી રીતે આ ત્રીજા અધ્યાયમાં આટલી બાબતો મુખ્યપણે કહેવામાં આવી છે : (૧) મોક્ષના સાધનમાં પ્રવર્તેલો એવો મુમુક્ષુ જ્યાં સુધી અત્યાર સુધીનાં તમામ કર્મની વાસનારૂપ પ્રકૃતિએ યુક્ત હોય ત્યાં સુધી તેને ઇન્દ્રિયોની ક્રિયાઓને છોડી દેવારૂપ જ્ઞાનયોગમાં તથા ભગવાન શ્રીનારાયણમુનિમાં સર્વે ઇન્દ્રિયોની ક્રિયાઓનું સમર્પણ કરી દેવારૂપ એકાંતિક ભક્તિયોગમાં તત્કાળ અધિકારિતા-પાત્રતા આવતી નથી. તેથી તેવા મુમુક્ષુએ તો આત્મા-પરમાત્માના જ્ઞાને સહિત અને ફળની ઇચ્છાએ રહિત એવો નિષ્કામ કર્મયોગ જ કરવો જોઈએ. (૨) જ્ઞાનયોગનો અધિકારી - પાત્ર હોવા છતાં પણ તેને કર્મનું કર્તાપણું માયાના ગુણોમાં ધારીને કર્મયોગ કરવો તે જ અતિ સારું છે. કેમ જે, તે ઉપાય સ્વભાવને અનુરૂપ હોવાથી અતિ સહેલો પડે છે. (૩) જે લોકમાં મોટેરા કહેવાતા હોય તેણે તો સમગ્ર લોકને પોતપોતાના ધર્મને વિશે પ્રવર્તાવવા સારુ કર્મયોગ જ કરવો જોઈએ.

આ રીતે સર્વાવતારી શ્રીસહજાનંદસ્વામીના શિષ્ય સદ્.શ્રીગોપાળાનંદ-સ્વામી વિરચિત શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યના ગુજરાતી ભાવાનુવાદમાં ‘કર્મયોગની સહેતુક દૃઢતા કરાવી’ એ નામે ત્રીજો અધ્યાય પૂરો થયો. ॥૩॥



चतुर्थोऽध्यायः

कर्मसन्न्यासयोगः

अधुना चतुर्थे त्वर्जुनस्य स्वप्रोक्तसधर्मकर्मयोगानुष्ठाने दृढतां कारयितुं मन्वाद्युपदिष्टयोगकथा, तत्प्रसङ्गप्राप्ता स्वावतारकथा, स्वजन्मकर्म-ज्ञानमाहात्म्यं, कर्मालिप्तस्वस्वरूपज्ञानवतां कर्मणा निर्लेपत्वं, कर्माकर्म-विकर्मस्वरूपं, यज्ञभेदाः, ज्ञानयज्ञश्रेष्ठत्वं, ज्ञानयज्ञं कुर्वतां निर्बन्धत्वं ज्ञानग्रहणप्रकारश्च निगद्यते ।

આ ચોથા અધ્યાયમાં આટલી બાબતો કહેવામાં આવી છે : (૧) શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને કહેલા ધર્મે સહિત કર્મયોગને પાળવાની દૃઢતા કરાવવા માટે મનુ આદિકને કહેલી કર્મયોગની કથા. (૨) તે કથા-પ્રસંગમાં આવતી પોતાના અવતારની કથા. (૩) પોતાનાં જન્મ-કર્માદિકને દિવ્યપણે જાણવાનું માહાત્મ્ય. (૪) એવી રીતે ભગવાનને કર્મથી નિર્લેપ સમજનારાઓને પણ કર્મથી નિર્લેપતા. (૫) કર્મ, અકર્મ અને વિકર્મનું સ્વરૂપ. (૬) યજ્ઞોના ભેદો. (૭) સર્વે યજ્ઞ થકી જ્ઞાનયજ્ઞનું શ્રેષ્ઠપણું. (૮) જ્ઞાનયજ્ઞ કરનારાઓનું નિર્બંધપણું અને (૯) જ્ઞાનગ્રહણ કરવાના પ્રકાર.

उक्तस्य कर्मयोगस्य कर्तव्यतां दृढयञ्छ्रीभगवानुवाच – इममिति त्रिभिः ।

श्रीभगवानुवाच –

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ॥
विवस्वान् मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥१॥

अहम् अव्ययम् – पुरातनम्, इमं योगम् – सर्वकर्ममदर्पणपूर्वकं कर्मयोगं, विवस्वते – सूर्याय प्रोक्तवान् । विवस्वान् मनवे – श्राद्धदेवाय स्वपुत्राय प्राह । मनुः – श्राद्धदेवः, इक्ष्वाकवे – स्वपुत्राय अब्रवीत् ।।१।।

ત્રીજા અધ્યાયમાં કહેલા કર્મયોગની દઢતા કરાવવા માટે ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, "હે અર્જુન ! મેં તને બધાં જ કર્મ મને અર્પણ કરીને કરવા યોગ્ય જે કર્મયોગ કહ્યો, તે બહુ જૂનો છે. તે કર્મયોગ મેં પૂર્વે સૂર્યને કહ્યો હતો. પછી સૂર્યદેવે પોતાના પુત્ર શ્રાદ્ધદેવ નામના મનુને કહ્યો હતો. અને તે શ્રાદ્ધદેવ મનુએ પોતાના પુત્ર ઈક્ષ્વાકુ રાજાને કહ્યો હતો. ॥૧॥

एवं परम्पराप्राप्तमिमं राजर्षयो विदुः ॥
स कालेनेह महता योगो नष्टः परन्तप ! ॥२॥

एवमिति । एवम् – उक्तरीत्या, परम्पराप्राप्तम् – पुत्रपौत्रादि-सम्प्रदायपरम्परागतम् इमं योगं, राजर्षयः – बहवो राजानो विदुः – जज्ञुः । अधुनातनाः कथं न जानन्ति ? इत्यत्राह — हे परन्तप ! इह लोके महता कालेन स योगो नष्टः – श्रोतृणामल्पबुद्धित्वाद्विच्छिन्नोऽभूत् ।।२।।

આ પ્રમાણે પુત્ર-પૌત્રાદિક પરંપરાથી પ્રાપ્ત થયેલ આ કર્મયોગને પૂર્વે ઘણા રાજાઓ જાણતા હતા. પરંતુ આ વર્તમાનકાળે એ કર્મયોગને મનુષ્યો કેમ જાણતા નથી ? તો હે અર્જુન ! ઘણો લાંબો સમય વીતી જવાને કારણે આ પૃથ્વી લોકમાં તે કર્મયોગ નાશ પામી ગયો છે. અર્થાત્ શ્રોતાજનોની અલ્પબુદ્ધિને લીધે પરંપરા તૂટી જવાથી અદશ્ય થઈ ગયો છે. ॥૨॥

स एवायं मया तेऽद्य योगः प्रोक्तः पुरातनः ॥
भक्तोऽसि मे सखा चेति रहस्यं ह्येतदुत्तमम् ॥३॥

स इति । स एवायं पुरातनो योगः, ते – तव मया अद्य – अधुना प्रोक्तः – सविस्तरं निगदितः । ममाग्रे योगकथने तव किं प्रयोजनम् ? इति चेत्तत्र ब्रवीमि, मे भक्तोऽसि – त्वं मम सेवको भवसि, मे सखा चासि – मित्रं भवसि, इति हेतोः, हि – एव, एतत् – योगरूपम्, उत्तमम् – श्रेष्ठं, रहस्यम् – गोप्यं वेदोदितं ज्ञानं मयोक्तं, मत्तोऽन्यः कोऽपि वेदितुं गदितुं वा न शक्यः ।।३।।

તે જ આ પુરાતન કર્મયોગને મેં તને અત્યારે વિસ્તારથી કહ્યો છે. ત્યારે તું કહીશ કે, 'મારી આગળ આ કર્મયોગ કહેવાનો તમારે શું હેતુ છે ?' તો, તું મારો ભક્ત-સેવક છો અને મારો મિત્ર છો. તેથી જ વેદમાં કહેલું આ કર્મયોગરૂપ ઉત્તમ રહસ્યજ્ઞાન મેં તને કહ્યું છે. આ રહસ્ય મારા સિવાય બીજો કોઈ પુરુષ જાણવા માટે કે જાણીને બીજાને સમજાવવા માટે સમર્થ નથી." ॥૩॥

सूर्याय प्रोक्ते कालसङ्ख्यया बहुदूरवर्तिनि भगवद्वचने शङ्कयन् अर्जुन उवाच – अपरमिति ।

अर्जुन उवाच –

अपरं भवतो जन्म परं जन्म विवस्वतः ॥
कथमेतद्विजानीयाम् ? त्वमादौ प्रोक्तवानिति ॥४॥

भवतः – तव, जन्म – आविर्भावः, अपरम् – अदूरवर्ति मम जनि–समीपसमयं बभूव । विवस्वतः – सवितुश्च, जन्म – कश्यपाददित्यां जनुः, परम् – बहुयुगकालसङ्ख्यया दूरतरमभूत् । आदौ – पूर्वतरकाले, त्वम् – इदानीन्तनो भवान्, सूर्याय प्रोक्तवान् – गदितवान्, इति – अप्रत्यक्षम् एतद्भवद्वचनम्, अहं कथं विजानीयाम् ? – केन प्रकारेण विद्याम् ?।।४।।

હવે અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનને શંકા કરતાં પૂછે છે કે, “હે ભગવન્ ! તમારો જન્મ તો હમણાં મારા જન્મની નજીકના સમયમાં જ થયો છે અને કશ્યપ તથા અદિતિ થકી સૂર્યનો જન્મ તો બહુ પહેલાં થયો છે. એટલે કે, સૂર્યનો જન્મ થયો તેને યુગોની અઠ્ઠાવીશ ચોકડી વીતી ગઈ છે. તેથી બહુ સમય પહેલાં તમે સૂર્યને આ યોગ કહ્યો હતો, એવું પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ લાગતું તમારું વચન હું કેવી રીતે માનું ?” ॥૪॥

अर्जुनस्य प्रश्नोतरं कुर्वन् स्वस्वरूपज्ञाननिरूपणं भगवानुवाच – बहूनीति ।

श्रीभगवानुवाच –

बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ! ।।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परन्तप ! ।।५।।

हे अर्जुन ! मे बहूनि जन्मानि व्यतीतानि, तव च जनूंषि अनेकानि गतानि। हे परन्तप ! सर्वाणि तानि जन्मानि अहं वेद – वेद्मि, त्वं तु तानि–मदीयानि त्वदीयानि च जनूंषि न वेत्थ। अनेन श्लोकेन स्वाविर्भावानां सत्यत्वमुक्तं, स्वस्मिन्नखण्डानुभूतिश्चोक्ता । अत्र प्रमाणानि – “यो वेत्ति युगपत् सर्वं प्रत्यक्षेण सदा स्वतः” “यस्यानुभूतिः कालेन लयोत्पत्यादिनाऽस्य वै स्वतोऽन्यस्माच्च गुणतो न कुतश्चन रिष्यति”(भाग.१०/८४/३२) इत्यादिश्रुतिस्मृतयः ।।५।।

અર્જુનના આ પ્રશ્નનો ઉત્તર કરવા માટે ભગવાન શ્રીકૃષ્ણ સૌ પ્રથમ પોતાના અવતાર સંબંધી જ્ઞાનનું નિરૂપણ કરે છે કે, “હે અર્જુન ! મારા અસંખ્ય જન્મ થઈ ગયા છે અને તારા પણ અસંખ્ય જન્મ થઈ ગયા છે. તેમાં હે અર્જુન ! હું તારા અને મારા તે બધા જ જન્મોને જાણું છું, પણ તું તારા ને મારા તે બધા જન્મોને નથી જાણતો.” આ રીતે આ શ્લોક

દ્વારા ભગવાન શ્રીકૃષ્ણએ પોતાના અવતારોનું સત્યપણું અને પોતાનું કાયમી સર્વજ્ઞપણું જણાવ્યું છે. ॥૫॥

ननु भगवतो जन्मकथने पाञ्चभौतिकदेहवत्त्वं, देहवत्त्वात् कर्माधीनत्वं च तथा परतन्त्रत्वम् इत्याशङ्कायामाह – अज इति ।

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ॥
प्रकृतिं स्वामधिष्ठाय सम्भवाम्यात्ममायया ॥६॥

अजोऽपि सन् – जन्मरहितः सन्नपि, तथा अव्ययात्मा – अनश्वर–मूर्त्तिः सन्नपि, तथा भूतानामीश्वरोऽपि सन् – अक्षरपुरुषादीनां भूतानामीश्वरः नियन्ता स्वतन्त्रः सन्नपि, अजत्वाव्ययमूर्त्तित्वसर्वनियन्तृत्वस्वतन्त्रत्व–सर्वव्यापकत्वाद्युत्कृष्टैश्वर्यमत्यजन् सन्नित्यर्थः। स्वाम् – स्वकीयां, स्वाभाविकानवधिकातिशयज्ञानबलैश्वर्यवीर्यशक्तिधैर्यतेजोऽपारकारुण्य–सौशील्यवात्सल्यौदार्यादिप्रकृतिम् – स्वभावम्, अधिष्ठाय – स्वीकृत्य, आत्ममायया – स्वेच्छया, सम्भवामि।

उक्तां स्वकीयां प्रकृतिमङ्गीकृत्य प्राकृतलेशवर्जितया क्षराक्षर–नियन्त्र्या क्षराक्षरविलक्षणया दिव्यमनोहरमूर्त्या स्वसङ्कल्पेन हेतुना देवमनुष्यादिषु तत्समानरूपेणाविर्भूतो भवामीत्यर्थः। अनेन श्लोकेन – पुरुषोत्तमस्याविर्भावविधा, अप्राकृतविग्रहत्वं, जनिकारणं चोक्तम्। अत्र मायाशब्दो ज्ञानपर्यायः, सङ्कल्पपर्यायः, इच्छापर्यायश्चेति रामानुजा–चार्यचरणाः, ग्रन्थान्तरे कृपादिपर्यायश्च ।

तस्य आविर्भावविधायां प्रमाणानि – "अजायमानो बहुधाभिजायते" (तैत्ति.आर.३/१३/३) इति। "तस्य धीराः परिजानन्ति योनिम्" (तैत्ति.आर.३/१३/२) इति, योनिम् – जन्मप्रकारम्। "तमद्भुतं बालकमम्बुजेक्षणं चतुर्भुजम्" (भाग.१०/३/९) इति। "पित्रोः सम्पश्यतोः सद्यो बभूव प्राकृतः

शिशुः "(भाग.१०/३/४६) इति।"स वै किलायं पुरुषः पुरातनः "(भाग.१/१०/२१) इति। "दुरवगमात्मतत्त्वनिगमाय तवात्ततनोः "(भाग.१०/८७/२१) इति। "स त्वं साक्षाद्विष्णुरध्यात्मदीपः "(भाग.१०/३/२४) इति। "अजस्य जन्मोत्पथ– नाशनाय कर्माण्यकर्तुर्ग्रहणाय पुंसाम्। नन्वन्यथा कोऽर्हति देहयोगं परो गुणानामपि कर्मतन्त्रम् "(भाग.३/१/४४) इत्यादिश्रुतिस्मृयः।

अप्राकृतविग्रहे प्रमाणानि – "पूर्वमेवाहमिहासम्" इति। "तत्पुरुषस्य पुरुषत्वम्" इति। "आत्मैवेदमग्र आसीत् पुरुषविधः" (बृह.१/४/१) इति। "पुरुषं महान्तमादित्यवर्णं तमसः परस्तात् "(श्वेता.३/८) इति। "हिरण्मयः पुरुषो दृश्यते हिरण्यश्मश्रुर्हिरण्यकेश आप्रणखात् सर्व एव सुवर्णः "(छान्दो.१/६/६) इति। "दिवि तिष्ठत्येकस्तेनेदं पूर्णं पुरुषेण सर्वम् "(श्वेता.३/९) इति। "सत्यसङ्कल्पः आकाशात्मा सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः "(छान्दो.३/१४/२) "तस्य हैतस्य पुरुषस्य रूपं यथा महारजतं वासः "(बृह.२/३/६) इति। "न भूतसङ्घसंस्थानो देहोऽस्य परमात्मनः" इति भारतीयम्। "वासुदेवः परम्ब्रह्म बृहत्यक्षरधामनि। आदावेकोऽद्वितीयोऽभून्निर्गुणो दिव्यविग्रहः "(वा.मा.२४/२) इति स्कान्दे। "एका मूर्तिरनिर्देश्या शुक्लां पश्यन्ति तां बुधाः।। ज्वालामालोपरुद्धाङ्गी" इति मार्कण्डेये। "ददर्श कृष्णं ग्रीष्मस्य कोटिसूर्यसमप्रभम्। द्विभुजं मूरलीहस्तं किशोरम्" इति ब्रह्मवैवर्ते। "सहोदितार्कायुतवद्भास्वरे तत्र तेजसि। वासुदेवं ददर्शासौ रम्यदिव्यासिताकृतिम्" (वा.मा.२४/२४) इति स्कान्दे च। इत्याद्याः श्रुतिस्मृतयः।

जन्महेतौ प्रमाणानि – "देवक्याः पुत्रतां शुभे ! प्राप्स्यामि" (भाग.१०/२/९) इति ।"अहं सुतो वामभवं पृश्निगर्भ इति श्रुतः "(भाग.१०/३/४१) इति। "आग्निध्रीयेंऽशकलयाऽवतरिष्यामि "(भाग.५/३/१७) इति। "दत्तो

मयाहमिति यद्भगवान् स दत्तः"(भाग.२/७/४) इत्यादिभागवतवचनानि। एभिर्वाक्यैर्हरिजन्मसु स्वेच्छैव कारणमित्युक्तम् ।।६।।

❋ અવતાર ધરવાની રીત તથા હેતુ :

'ભગવાનના ઘણાક જન્મો થયા છે' એમ ભગવાને કહ્યું. તેથી એ બાબતમાં કોઈને આવી શંકાઓ સંભવે કે 'ભગવાન પણ મનુષ્યની જેમ પંચભૂતનો માયિક દેહ ધારણ કરતા હશે ? વળી, માયિક દેહ ધારતા હોવાથી તેઓ પણ કર્મોને આધીન અને પરતંત્ર હશે ?' આવી શંકાના સમાધાન માટે હવે શ્રીકૃષ્ણ ભગવાન સામેથી અર્જુનને કહે છે :

"મારે અવતાર ધરવાની રીત કેવી છે ? તો, હું અજન્મા રહ્યો થકો જ, હું અખંડ અવિનાશીમૂર્તિવાળો છું તે તેમનો તેમ રહ્યો થકો જ અને હું સહુ કોઈનો નિયંતા છું તે તેમનો તેમ રહ્યો થકો જ અવતાર ધારણ કરું છું. અર્થાત્ આ બધાં ઐશ્વર્યો સહિત જ હું મારા મૂળભૂત સ્વભાવને સ્વીકારીને મારી માયાથી એટલે કે મારી પોતાની ઈચ્છાથી આ લોકમાં પ્રગટ થાઉં છું.'

હું કોનો કોનો નિયંતા છું ? તો, અક્ષરબ્રહ્મ અને મૂળપુરુષથી લઈને અહીંના નાનામાં નાના પ્રાણીઓને વશ રાખનારો હું સ્વતંત્ર નિયંતા છું. **કેવાં કેવાં ઐશ્વર્યો સહિત જ પ્રગટ થાઉં છું ?** તો, મારું કાયમી અજન્માપણું, સદા દિવ્ય સાકારપણું, અક્ષર-પુરુષાદિક સર્વનું નિયંતાપણું, સ્વતંત્રપણું અને જડ-ચેતન સર્વમાં વ્યાપકપણું – એ આદિક અનેક પ્રકારનાં મારાં ઐશ્વર્યોમાં કાંઈ પણ ફેરફાર કર્યા વિના એ સર્વે ઐશ્વર્યોએ સહિત જ પ્રગટ થાઉં છું.

મારો મૂળભૂત સ્વભાવ કેવો શું ? તો, મારે વિશે સહજ સિદ્ધ અને સર્વથી શ્રેષ્ઠ એવા જ્ઞાન, બળ, ઐશ્વર્ય, પરાક્રમ, સામર્થ્ય, ધીરજ, તેજ, અપાર કરુણા, અતિ સરલતા, વાત્સલ્ય અને ઉદારતા વગેરે અનંત દિવ્ય ગુણો અખંડ રહ્યા છે, તે મારો મૂળભૂત સ્વભાવ છે. આવા એ

સર્વે મારા દિવ્ય ગુણોએ સહિત જ હું પ્રગટ થાઉં છું.

આ રીતે જ્યારે હું દેવ, મનુષ્ય વગેરે કોઈ પણ જાતિમાં પ્રગટ થાઉં છું, ત્યારે હું મારા સંકલ્પ દ્વારા તે તે જાતિને સમાન રૂપવાળી, માયાના લેશ પણ ભાગથી રહિત એવી મારી દિવ્ય મનોહર મૂર્તિ દ્વારા પ્રગટ થાઉં છું. એટલે કે, અવતારકાળમાં પણ મારી મૂર્તિ દિવ્ય જ હોય છે. વળી, હું મારી ઈચ્છાથી સ્વતંત્રપણે પ્રગટ થાઉં છું, એટલે મારે કર્માદિક કોઈને પણ આધીન થવાપણું છે જ નહીં."

આ શ્લોકથી એ સિદ્ધ થાય છે કે : ૧. પુરુષોત્તમ જ્યારે અવતાર ધારણ કરે છે ત્યારે તેમની રીત એવી છે કે, તેઓ પોતાના ધામમાં જેવા છે તેવા ને તેવા જ રહ્યા થકા પ્રગટ થાય છે. ૨. અવતાર સમયે પણ તેમનો આકાર માયા રહિત દિવ્ય જ છે. ૩. તેમને અવતરવામાં કર્મ, કાળ, માયા કે બીજા કોઈનું પણ પરવશપણું નથી, પરંતુ તેમની પોતાની ઈચ્છા જ કારણ છે. આ બધી બાબતોને સમર્થન આપનારા ઉપનિષદો, સ્મૃતિઓ, પુરાણો વગેરેમાં અનેક પ્રમાણો છે. ॥૬॥

ननु कदा जन्मेति चेत्तत्रोच्यते – यदेति ।

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ! ॥
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥७॥

हे भारत ! यदा यदा – प्रतियुगं, धर्मस्य – ब्रह्मचर्याऽस्तेयाऽहिंसादिवृषस्य, यद्वा मम एकान्तिकधर्मस्य, ग्लानिः – भ्रंशो भवति । अधर्मस्य – शास्त्रनिषिद्धपरस्त्रीगमनाऽपेयपानहिंसादिरूपस्य पापस्य च, अभ्युत्थानम् – वृद्धिर्भवति । लोके इति शेषः । तदा तदा हि – एव, अहम् आत्मानं सृजामि – स्वेच्छया देवमनुष्यादिरूपेण सर्वजननयनगोचरतां प्रापयामीत्यर्थः । अनेन हरेराविर्भावकाल उक्तः ॥७॥

"મારો જન્મ ક્યારે ક્યારે થાય છે ? તો, દરેક યુગમાં જ્યારે જ્યારે આ પૃથ્વીને વિશે બ્રહ્મચર્ય પાળવું, ચોરી ન કરવી અને અહિંસા આદિક સામાન્ય ધર્મની અથવા મારા એકાંતિક ધર્મની હાનિ થાય છે; અને શાસ્ત્રનિષિદ્ધ પરસ્ત્રીનો સંગ, દારૂનું પાન, માંસનું ભક્ષણ અને હિંસા આદિક પાપોની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે હે ભારત ! હું મને પ્રગટ કરું છું. એટલે કે, મારી ઈચ્છાથી દેવ-મનુષ્યાદિરૂપે સહુ કોઈ મને જોઈ શકે એમ હું પ્રગટ થાઉં છું. આમ, મારે પ્રગટ થાવામાં કોઈ યુગ કે કોઈ કાળ નિશ્ચિત નથી; પરંતુ જ્યારે ઉપર કહી તેવી જરૂર જણાય ત્યારે હું અવતાર ધારું છું. ॥૭॥

ननु किं करणार्थं जन्मेत्यत्राह – परीति ।

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ॥
धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ॥८॥

साधूनाम् – मद्दर्शनेच्छावतां, मद्वियोगेन शरीरधारणपोषणादिकर्तुम् असमर्थानां, मन्नामकीर्तनचेष्टितस्मरणेन किञ्चित्सुखं प्राप्तानां मत्संयोग–साधने प्रवृत्तानां, मद्दर्शनेन विना स्थातुमशक्यानां, सुजनानां, परित्राणाय – मन्मूर्तिमत्कर्मदर्शनादिदानेन रक्षणाय, दुष्कृताम् – तत्प्रतिकूलानां दुष्टजनानां वा कामक्रोधादिस्वभावानां च, विनाशाय – हत्यै, धर्मसं–स्थापनाय – धर्मस्य – शास्त्रीयस्य मदुपासनरूपस्य, स्थापनाय – बोधनेन, आचरणेन चावस्थापनार्थं च करुणार्द्रया मूर्त्या, युगे युगे – प्रतियुगं, सम्भवामि – सर्वेषु युगेष्वाविर्भूतो भवामीत्यर्थः ॥८॥

હું કયું કાર્ય કરવા માટે અવતાર ધરું છું ? તો, મારા **સાધુ-સંતોની રક્ષા કરવા, દુષ્ટતત્ત્વોનો વિનાશ કરવા** અને **ધર્મની સ્થાપના કરવા** માટે હું સર્વે યુગમાં પ્રગટ થાઉં છું.

કેવા સંતો માટે હું પ્રગટ થાઉં છું ? તો, મારાં દર્શન કરવાની તીવ્ર

ઈચ્છાવાળા, મારા વિયોગને લીધે પોતાના દેહને ધારણ-પોષણાદિ કરવા માટે અસમર્થ બની ગયેલા, મારું નામસંકીર્તન તથા મારાં ચરિત્રોનાં સ્મરણથી કાંઈક સુખને પામતા, મને પામવાનાં સાધન રાત-દિવસ કરનારા અને મારાં દર્શન વિના નહિ રહી શકનારા એવા સાધુજનોની રક્ષા કરવા માટે હું પ્રગટ થાઉં છું. ત્યારે મારી મૂર્તિ અને મારાં ચરિત્રોનાં દર્શન દઈને તથા તેમને રમાડવા, જમાડવા વગેરે પ્રકારે સુખ આપીને લાડ લડાવું છું; સર્વ રીતે સુખિયા કરું છું.

દુષ્ટતત્ત્વો એટલે શું ? તો, મારા સાધુજનોનો વિરોધ કરી તેને હેરાન કરનારા પાપી પુરુષો. અથવા જીવમાં રહેલા કામ-ક્રોધાદિક દુષ્ટ સ્વભાવો. **કેવા ધર્મની સ્થાપના માટે હું પ્રગટ થાઉં છું ?** તો, શાસ્ત્રમાં કહેલા મારી ઉપાસનારૂપ ભાગવતધર્મને મારાં આચરણથી તથા મારા ઉપદેશથી પૃથ્વી ઉપર પ્રવર્તાવવાને અર્થે પરમ કરુણાએ કરીને હું દરેક યુગમાં પ્રગટ થાઉં છું. ॥૮॥

एवं स्वजन्मकर्मणोर्ज्ञानिस्य माहात्म्यं वदति – जन्मेति ।

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ॥
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ! ॥९॥

मे – कर्महेतुत्याज्यत्रिगुणस्वभावोत्पन्नजनिरहितस्य समग्रदिव्य-गुणगणसहितस्य मम, सद्रक्षणायाऽपरिमितजनोद्धारणाय जन्म, कर्म – चेष्टितं च, दिव्यम् – प्रकृतिजन्यगुणवर्जितं श्रोतृमोक्षजनकमेवेति। यस्तत्त्वतो वेत्ति – अधुना जानाति, हे अर्जुन ! स देहम् – अद्यतनं शरीरं, त्यक्त्वा पुनर्जन्म नैति, मामेवैति – प्राप्नोति ।।९।।

❋ દિવ્યબુદ્ધિનું ફળ :

હે અર્જુન ! મારા જન્મ અને મારાં લીલાચરિત્રોને જે યથાર્થપણે દિવ્ય જ જાણે છે, તે મનુષ્ય આ શરીરનો ત્યાગ કર્યા પછી ફરીને જન્મ

પામતો નથી; પરંતુ મને જ પામે છે. કેમ જે, મારો જન્મ કર્મ ભોગવવા માટે કે માયાના ત્રણ ગુણના સ્વભાવને કારણે થયો હોતો નથી. અર્થાત્ કર્માદિક કોઈની પરતંત્રતાથી નહિ પણ મારી પોતાની સ્વતંત્ર ઈચ્છાથી, મારા સર્વે દિવ્ય ગુણોએ સહિત સંતોના રક્ષણ માટે અને અનેક જીવોનાં કલ્યાણ માટે મારું પ્રાગટ્ય અને મારાં સર્વે ચરિત્રો હોય છે. માટે તેને જેમ છે તેમ દિવ્ય જ જાણે તે ભક્ત કાળ-કર્માદિકથી છૂટીને મને જ પામી જાય છે. **'જન્મ-કર્મને દિવ્ય જાણવાં એટલે શું ?'** તો, માયાના ગુણોએ રહિત અને તેનું શ્રવણ કે સ્મરણ કરનાર જીવોનો મોક્ષ કરનારાં છે. આમ, તે બંનેને અમાયિક અને ચૈતન્યમય જાણવાં; તેને દિવ્ય જાણ્યાં કહેવાય. ॥૯॥

परब्रह्मत्वं प्राप्तानाह – वीतरागेति ।

वीतरागभयक्रोधा मन्मया मामुपाश्रिताः ॥
बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ॥१०॥

वीतरागभयक्रोधाः – रागः – मदन्यत्र प्रीतिश्च, भयम् – कालभीतिश्च, क्रोधः – मन्युश्च, मज्जन्मकर्मदिव्यत्वज्ञानेन वीताः – विगता रागादयो येभ्यस्ते, अत एव मन्मयाः – अहमेव प्रधानो येषां ते, अत एव माम् उपाश्रिताः – मामेव आश्रिताः, मदुक्तवचने स्थिता इति यावत्। ज्ञानम् – मत्स्वरूपमाहात्म्यज्ञानञ्च, तपः – मदुक्तधर्मश्च, तयोर्द्वन्द्वे एकवद्भावः, तेन पूताः – शुद्धाः निरस्तसमस्ताविद्याजनितदोषगन्धाः सन्तः, बहवो मद्भा-वमागताः – मम यो भावो मद्भावः, अक्षरत्वं, तं प्राप्ताः। तत्र श्रुतिः – "तदा विद्वान् पुण्यपापे विधूय निरञ्जनः परमं साम्यमुपैति"(मुण्ड.३/१/३) इति ॥१०॥

મારાં જન્મ-કર્મને દિવ્ય જ જાણનાર ભક્તો મને કેવી રીતે પામી જાય છે ? તો, મારી સર્વે ક્રિયાને દિવ્ય જ સમજવાના પ્રતાપે તે ભક્તોના મોટામાં મોટા આ ત્રણ દોષો નાશ પામી જાય છે :

(૧) મારી મૂર્તિ સિવાયના તમામ જડ-ચિદ્ પદાર્થમાં રહેલ રાગ-આસક્તિ. (૨) કાળનો ભય અને (૩) કોઈ પણ પ્રકારની ઈચ્છાનો ભંગ થવાથી થતો ક્રોધ. આવા ભયંકર દોષો ટળી જવાને કારણે જ તેઓ મને જ મુખ્ય રાખીને મારામય જીવન જીવે છે. પછી એક મારે જ આધારે રહે છે. અર્થાત્ મારાં નાનાં-મોટાં દરેક વચનને દૃઢપણે પાળે છે.

પછી **મારા સ્વરૂપના માહાત્મ્યજ્ઞાનની દૃઢતાએ કરીને તથા મેં કહેલા ધર્મને દૃઢપણે પાળવાથી તે ભક્તો અજ્ઞાનજન્ય નાના-મોટા તમામ દોષોથી રહિત શુદ્ધ થઈ જાય છે. અને છેવટે મારા ભાવને પામી જાય છે. એટલે કે, હું જેવો અવિકારી, અવિનાશી અને કાળ-કર્માદિથી સ્વતંત્ર-નિર્લેપ છું તેવા જ તે ભક્તો પણ મારા સાધર્મ્યને પામી જાય છે.** આવા એક-બે નહિ પરંતુ અનેક ભક્તો થઈ ગયા છે. આવો મારાં જન્મ-કર્મને દિવ્ય સમજવાનો પ્રતાપ છે. ॥૧૦॥

भक्ताभिलषितप्राप्यवस्तुभेदेन स्वोपासनफलभेदं वदति – ये यथेति ।

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ॥
मम वर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ ! सर्वशः ॥११॥

ये – ज्ञानिनो जिज्ञासव आर्ता अर्थार्थिनश्च जनाः, यथा – येन प्रकारेण निष्कामत्वेन सकामत्वेन च, माम् – सर्वकर्मफलप्रापकं सर्वनियन्तारं, प्रपद्यन्ते – सेवन्ते । तान् – उक्तविधान्, अहं तथैव – तैर्मदुपासनेप्सितवस्तुप्रदानेनैव, भजामि – अनुगृह्णामि, अनुग्रहं करोमि न वैपरीत्येनेत्यर्थः । किं बहुनोक्तेन, हे पार्थ! सर्वशः – सर्वे मनुष्याः, परमदयालोर्मम वर्त्म – जीवोपरि परमदयया यथाधिकारं मदुदितं देवतान्तरोपासनरूपं वेदमार्गम्, अनुवर्तन्ते – अनुसरन्ति, तानपि तथैव तदपेक्षितफलं ददामीत्यर्थः ॥११॥

હે પાર્થ ! આ લોકમાં ચાર પ્રકારના મનુષ્યો છે : (૧) જ્ઞાની (૨) જિજ્ઞાસુ (૩) આર્ત - દુઃખી અને (૪) અર્થાર્થી - મનમાન્યું મેળવવાની ઈચ્છાવાળો. તે ભક્તો સર્વને કર્મફળ આપનાર તથા સર્વનિયંતા એવા મને જે પ્રકારે એટલે કે, નિષ્કામભાવે કે સકામભાવે ભજે છે તે રીતે જ હું તેમને ભજું છું. એટલે કે, **તે ભક્તો જેવા ફળને પામવાની ઈચ્છાથી મારું ભજન-ઉપાસન કરે છે, તે ભક્તોને તેવું જ ફળ આપવા હું અનુગ્રહ કરું છું.** હે અર્જુન ! ઝાઝું શું કહેવું..! પણ મોટાભાગના મનુષ્યો પરમ દયાળુ એવા મેં વેદમાં દર્શાવેલા બીજા દેવોની ઉપાસનારૂપ માર્ગને અનુસરી રહ્યા છે. એટલે કે, તેમની ઈચ્છા અને પાત્રતા જોઈને વેદોમાં મેં તે મુજબ અન્ય દેવોની આરાધના કરવાની જે જે વિધિઓ દર્શાવી છે તેને જ તેઓ પાળી રહ્યા છે. તેથી હું પણ તે મનુષ્યોને તેમના મનોરથોને અનુસારે ફળ આપું છું. ॥૧૧॥

तदेव दर्शयति – काङ्क्षन्त इति ।

काङ्क्षन्तः कर्मणां सिद्धिं यजन्त इह देवताः ॥
क्षिप्रं हि मानुषे लोके सिद्धिर्भवति कर्मजा ॥१२॥

कर्मणाम् – वेदोक्तानामिन्द्रादिदेवोपासनक्रियाणां, सिद्धिम् – स्वर्गपुत्रान्नादिफलं, काङ्क्षन्तः – काङ्क्षमाणाः सन्तः, इह – मानुषे लोके, देवताः – इन्द्रादिदेवान्, यजन्ते – आराधयन्ति, तेषामिहामुत्र, कर्मजा – स्वकृतकर्मोत्पन्ना, सिद्धिः – प्राकृतफलं, क्षिप्रम् – आशु भवति । सर्वान्तर्यामिणः सर्वफलदातुर्मम सर्वैर्वेदोदितकर्मभिर्यजनमृते एकान्तिकभक्तिं च विना, जनो मदीयाक्षरधाम मदीयानन्दं च, न प्राप्नोतीति भावः ।।१२।।

હે અર્જુન ! જે મનુષ્યો કર્મોની સિદ્ધિને ઈચ્છતા થકા આ મનુષ્યલોકમાં ઈન્દ્રાદિક દેવોને આરાધે છે, તે મનુષ્યોને આ લોકમાં કે પરલોકમાં તેમનાં કર્મથી થનારી સિદ્ધિ તત્કાળ પ્રાપ્ત થાય છે.

કર્મો તથા તેની સિદ્ધિ એટલે શું ? તો, વેદમાં કહેલાં ઈન્દ્રાદિક દેવોની ઉપાસના સંબંધી ક્રિયાઓ - યજ્ઞયાગાદિક વિધિ-વિધાનો, તે કર્મો છે. અને તે કર્મને અનુસારે સ્વર્ગ, પુત્ર, ધન-ધાન્યાદિક માયિક ફળની પ્રાપ્તિ તે કર્મની સિદ્ધિ છે. તેમણે કરેલાં કર્મોના ફળરૂપ તે માયિક પ્રાપ્તિરૂપી સિદ્ધિ તેમને તત્કાળ મળે છે. તેથી મોટા ભાગના મનુષ્યો તે માટે જ કર્મો કરતા રહે છે. પરંતુ વેદોમાં કહેલાં તે જ સર્વે કર્મોથી **સર્વના અંતર્યામી અને સર્વ કોઈને ફળ આપનાર એવા મારું આરાધન અને મારી એકાંતિકી ભક્તિ કર્યા વિના કોઈ પણ મનુષ્ય મારા દિવ્ય ધામને અને મારા દિવ્ય આનંદને પામતો નથી.** ॥૧૨॥

अथ वेदोदितकर्मणां स्वाराधनाय कर्तव्यतां दृढयन्नाह – चातुर्वर्ण्यमिति ।

चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ॥
तस्य कर्तारमपि मां विद्ध्यकर्तारमव्ययम् ॥१३॥

मया गुणकर्मविभागशः — गुणाः – सत्त्वादयश्च, कर्माणि – शम–दमादिशौर्यधैर्यादिकृषिवाणिज्यादिपरिचर्यादीनि ब्राह्मणादीनां धर्मभूतानि च, तेषाम् उभयेषां विभागेन, चातुर्वर्ण्यम् – चत्वारो वर्णाः चातुर्वर्ण्यं, 'चातुर्वर्ण्यादीनाम्' इत्यनेन स्वार्थे ष्यञ् 'तद्धितार्थे' इति तत्पुरुषः, तत्प्रभृति सर्वं जगत् सृष्टं, सृष्टिप्रदर्शनेन रक्षणादिग्रहणम्। तस्य – गुणकर्मविभागभेदेन विचित्रस्य जगतः, कर्तारमपि – क्षेत्रज्ञकर्मणामनुगु–णसमीचीनासमीचीनदेहादिकर्तृत्वेन हेतुना वस्तुतोऽकर्तारमेव, मां विद्धि। कथम्भूतम् अव्ययम् – सर्वेषु नष्टेष्वविनाशिमूर्तिं, विद्धीति सम्बन्धः ।।१३।।

હે અર્જુન ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શુદ્ર – એ ચાર વર્ણો જેમાં મુખ્ય છે એવું આ સમગ્ર જગત ગુણ અને કર્મના વિભાગ સાથે મેં સર્જ્યું છે અને તેનું રક્ષણ પણ હું જ કરું છું.

ગુણ અને કર્મનો વિભાગ એટલે શું ? તો, તે તે જીવોનાં પૂર્વકર્માનુસારે મેં જેટલા કાંઈ બ્રાહ્મણાદિક જાતિભેદો રચ્યા છે તે સર્વેના સત્ત્વાદિક ગુણો પણ અલગ અલગ જ રાખ્યા છે તથા તેના તેના ધર્મો પણ અલગ અલગ બાંધ્યા છે. જેમ કે, બ્રાહ્મણ વર્ણને શમ-દમ વગેરે ગુણો કેળવવા. ક્ષત્રિય વર્ણને શૂરવીરતા-ધીરજ ધારવી વગેરે. વૈશ્યને વ્યાપાર કરવો વગેરે. શુદ્રને અન્યની સેવકાઈ કરવી વગેરે. આમ, ગુણ અને કર્મના વિભાગ સાથે જ મેં આ સૃષ્ટિ રચી છે. તેમાં તેનાં કર્માનુસારે સારા-ભૂંડા દેહ, ઓછી-વધુ સાધન-સામગ્રી અને ઉત્તમ કે અધમ સ્થાનો તેમને રચી આપ્યાં છે.

આ રીતે વિધ-વિધ વિભાગોને કારણે વિચિત્ર બનેલા આ જગતનો કર્તા હું જ હોવા છતાં પણ હે અર્જુન ! તું મને અકર્તા અને અવ્યય જ જાણ. કેમ જે, મેં સારા-મોળા કે ઊંચ-નીચ એવા જે કાંઈ વિભાગો કર્યા છે તે, તે તે જીવોએ કરેલાં સારાં-મોળાં કર્માનુસારે જ કર્યા છે. પરંતુ **તે ભેદ કરવામાં મારો પોતાનો કોઈ જ હેતુ નથી. તેથી હું તે સર્વનો કર્તા હોવા છતાં પણ અકર્તા જ છું. એટલે કે, તે ભેદભાવ કરવાના દોષોથી નિર્લેપ જ છું.** કેવી રીતે ? તો, **તે સર્વે વિભાગોનો નાશ થવા સુધીના કોઈ પણ ફેરફારો થાય તેમાં હું તો જેવો છું તેવો ને તેવો જ અવિકારી-અવિનાશી રહું છું, એમ તું મને જાણ.** ॥૧૩॥

तदेव परमेश्वरस्य स्वस्य कर्तृत्वमकर्तृत्वं च वदति – नेति ।

न मां कर्माणि लिम्पन्ति न मे कर्मफले स्पृहा ॥
इति मां योऽभिजानाति कर्मभिर्न स बध्यते ॥१४॥

कर्माणि – विषमसर्गादीनि मत्क्रियाः, मां न लिम्पन्ति – न बध्नन्ति, मयि कर्तृत्वेन संलग्नानि न भवन्तीत्यर्थः। देवमनुष्यादयः समीचीनासमीचीनभावा न मया कृताः, किन्तु जीवानां शुभाशुभकर्मभेद–कृता इति भावः। अतः मे कर्मफले स्पृहा नास्ति। क्षेत्रज्ञानां समीचीना–

समीचीनदेहभोगादिविचित्रफलभेदप्राप्तौ क्षेत्रज्ञकर्मणां प्रधानकर्तृत्वं, तेषां कर्मफलप्रदानायोत्पत्तिस्थितिप्रलयरूपाणां कर्मणां निःस्पृहे मयि (तत्तत्कर्मसापेक्षमेव) कर्तृत्वमस्तीति भावः।

तथाह सूत्रकारः – "वैषम्यनैर्घृण्ये न, सापेक्षत्वात् तथा हि दर्शयति"(ब्र.सू.२/१/३४) सूत्रस्यार्थः — परमेश्वरेण कृतायां सृष्टौ क्षेत्रज्ञानां कमनीयाकमनीयदेहभोगस्थानादिप्रदाने, वैषम्यम् – असमत्वञ्च, क्षेत्रज्ञदुःखजनकजगत्कृतौ नैर्घृण्यम् – निर्दयत्वञ्च वैषम्यनैर्घृण्ये, परमेश्वरस्य ते द्वे न स्तः, विषमसृष्टौ क्षेत्रज्ञपुण्यपापानां सापेक्षत्वात्। तथा हि दर्शयति – तेन प्रकारेण श्रुतिः दर्शयति – "साधुकारी साधुर्भवति पापकारी पापो भवति"(बृह.४/४/५) इति।

तथा चोक्तं पराशरेण – "निमित्तमात्रमेवासौ सृज्यानां सर्गकर्मणि। प्रधानकारणीभूता यतो वै सृज्यशक्तयः।। निमित्तमात्रं मुक्त्वैकं नान्यत् किञ्चिदपेक्षते। नीयते तपसां श्रेष्ठ! स्वशक्त्या वस्तु वस्तुताम्" (वि.पु.१/४/५१-५२) इति। अत्र रामानुजस्वामिकृतः श्लोकार्थः – "सृज्यानाम् – क्षेत्रज्ञानां, सृष्टेः निमित्तकारणमात्रमेवायं परमपुरुषः, देवादिविचित्रभावस्य तु प्रधानं कारणं सृज्यभूतक्षेत्रज्ञानां प्राचीनकर्मशक्तय एव। अतो निमित्तमात्रं मुक्त्वा – सृष्टेः कर्तारं परमपुरुषं मुक्त्वा, इदम् – क्षेत्रज्ञवस्तु, देवादिविचित्रभावे नान्यदपेक्षते, स्वगतप्राचीनकर्मशक्त्यैव देवादिवस्तुभावमुपनीयत इत्यर्थः"

इति – एवमुक्तप्रकारेणोत्पत्त्यादेः कर्तारमप्यकर्तारम्, उत्पत्त्यादिकर्म-फलासक्तिवर्जितं मां च, योऽभिजानाति स कर्मभिः – मत्प्राप्तिविरोधिभिः फलासक्तिकारणैः प्राक्तनशुभाशुभैः, स न बध्यते, प्रविमुच्यत इत्यर्थः।।१४।।

હે અર્જુન ! આ વિષમ સૃષ્ટિ રચવા જેવી કોઈ પણ મારી ક્રિયાઓ મને કર્તાપણાના અભિમાને કરીને બંધન કરી શકતી નથી. કેમ જે, દેવ-મનુષ્ય વગેરે સારા કે ખરાબ ભાવો મેં મારા અંગત હેતુથી નથી કર્યા, પરંતુ જીવોનાં શુભાશુભ કર્મોના તફાવતને કારણે કરવામાં આવ્યા છે. માટે આ કર્મોના ફળમાં પણ મને સ્પૃહા નથી. **મારે કર્મફળમાં સ્પૃહા નથી એટલે શું ?** તો, દરેક આત્માઓને સારાં-મોળાં શરીરો, ભોગો વગેરે જુદા જુદા ફળની પ્રાપ્તિમાં જે ભેદ પડી રહ્યા છે, તેમાં મુખ્ય કારણ તો તે તે જીવોનાં શુભાશુભ કર્મો જ છે. હું તો માત્ર તેમને કર્મફળ આપવા માટે નિઃસ્પૃહપણે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ કાર્યનો કર્તા છું. તેમાં મારે મારી અંગત કાંઈ જ ઈચ્છા નથી.

આમ, **હું આ જગતની ઉત્પત્તિ વગેરેનો કર્તા હોવા છતાં પણ ઉત્પત્તિ વગેરે તે કર્મ કે તેના ફળની આસક્તિએ રહિત હોવાથી હું અકર્તા જ છું. આવી રીતે મને જે મનુષ્ય કર્તા છતાં અકર્તા સમજે છે, તેને મારી પ્રાપ્તિમાં વિરોધી અને ફળમાં આસક્તિ કરાવનાર શુભ કે અશુભ કોઈ કર્મો બંધન કરી શકતાં નથી.** ॥૧૪॥

एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभिः ॥
कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम् ॥१५॥

एवमिति । एवं निर्लेपं मत्स्वरूपं ज्ञात्वा, नष्टाघैः पूर्वैरपि विवस्वच्छ्राद्धदेवादिभिरपि मुमुक्षुभिः कर्म कृतं, तस्मात्त्वमपि एवं मत्स्वरूपं ज्ञात्वा पूर्वैः कृतं पूर्वतरम् – प्राचीनं, पूर्वस्मिन् काले मयैवोक्तं कर्म कुरु। फलासक्तिरहितं मद्भक्तिसहितं कर्मयोगमेव कुरु ।।१५।।

આ પ્રમાણે મારા સ્વરૂપને નિર્લેપ જાણીને નિષ્પાપ થયેલા વિવસ્વત, શ્રાદ્ધદેવ વગેરે પૂર્વના ઘણા બધા મુમુક્ષુઓએ પણ કર્મયોગ સાધ્યો હતો. તેથી તું પણ મારા સ્વરૂપને આવી રીતે સમજીને પૂર્વેના તે મુમુક્ષુઓએ

કરેલા અને પૂર્વે પણ મેં જ કહેલા એવા કર્મયોગને જ કર. એટલે કે, કર્મફળની આસક્તિથી રહિત અને મારી ભક્તિએ સહિત થઈને તું પણ કર્મયોગને જ સિદ્ધ કર. ॥૧૫॥

उक्तस्य कर्मणः प्रकारान्तरेण स्वरूपं वदति — किमिति ।

किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः ॥
तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥१६॥

कर्म – मुमुक्षुभिः कर्तव्यं कर्म किम् ? अकर्म किम् ? फलासक्तिहीनं परमेश्वरोपासनसहितं कर्म – शास्त्रीयक्रिया कर्मशब्देन बोध्या। कर्मानुष्ठातुः आत्मनः कर्मणोपास्यपरमात्मनश्च यथार्थज्ञानमकर्मशब्देन कथ्यते। इत्यत्र – कर्माकर्मज्ञाने, कवयोऽपि – विवेकिनोऽपि, मोहिताः – तत्त्वतो न विदन्ति। तत् – ज्ञानमिश्रं कर्म, ते प्रवक्ष्यामि। यज्ज्ञात्वा अशुभात् – अविद्याग्रन्थेः मोक्ष्यसे ।।१६।।

❋ કર્મ, અકર્મ અને વિકર્મનું સ્વરૂપ :

હે અર્જુન ! કર્મ એટલે શું ? અને અકર્મ એટલે શું ? એ બે બાબતને સમજવામાં તો મોટા મોટા કવિઓ-વિવેકી પુરુષો પણ ભૂલા પડ્યા છે. અર્થાત્ જેમ છે તેમ જાણી શક્યા નથી.

કર્મ એટલે શું ? તો, ફળની આસક્તિએ રહિત અને પરમેશ્વરની ઉપાસનાએ સહિત મુમુક્ષુએ કરવા યોગ્ય એવી શાસ્ત્રોક્ત ક્રિયાને કર્મ કહેવાય છે. **અકર્મ એટલે શું ?** તો, કર્મ કરનાર આત્મા અને તે કર્મ દ્વારા ઉપાસવા યોગ્ય પરમાત્માનું જે યથાર્થ જ્ઞાન તેને અહીં અકર્મ શબ્દથી કહેવાય છે. આ અકર્મ એવું જે જ્ઞાન તેણે સહિત કર્મનું સ્વરૂપ હવે હું તને સમજાવું છું કે, જેને જાણીને તમામ પ્રકારના અજ્ઞાનરૂપી અશુભથી તું છૂટી જઈશ. ॥૧૬॥

कर्मतदन्तर्गतज्ञानयोर्दुर्बोधतां दर्शयति – कर्मण इति ।

कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः ॥
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः ॥१७॥

कर्मणः – मोक्षसाधनभूतायां कर्मणः कर्तव्यतायां बोद्धव्यम् – ज्ञातव्यमस्ति। विकर्मणः – नानाविधवेदोक्तकर्मणामनेकफलतया, तत्साधनभूतवस्तूत्पादनतया च विविधत्वं प्राप्तं कर्म विकर्मशब्देनोच्यते, तस्य विकर्मणश्च नानाविधाकारे स्वरूपे बोद्धव्यमस्ति। अकर्मणश्च – आत्मपरमात्मज्ञानस्य सर्वकर्मदाहके स्वरूपे बोद्धव्यमस्ति। एवं कर्मणस्त्रिविधस्य गतिर्गहना, तत्त्वं दुर्ज्ञेयमित्यर्थः।

अनेकविधवेदोदितनित्यनैमित्तिकादौ, तत्साधनभूतद्रव्यसम्पादनादौ च कर्मणि, नानाविधफलविशेषकृतविविधत्वं त्यक्त्वा मोक्षप्रदभगवत्प्रसन्नतारूपैकफलत्वेन सर्वकर्मणां कर्तव्यतानुसन्धानं यत् तत् विकर्मणि बोद्धव्यम् अस्तीति "व्यवसायात्मिका बुद्धिरेकेह"(गीता.२/४१) इत्यत्रोक्तम्।१७।

હે અર્જુન ! મોક્ષના સાધનરૂપ કર્મ અને તેની અંતર્ગત રહેલું અકર્મરૂપ જ્ઞાન તે બંનેનાં સ્વરૂપને યથાર્થ સમજવું તે ઘણું જ કઠણ છે. કેમ જે, મોક્ષના સાધનભૂત એવાં કર્મ કરવાની બાબતમાં પણ કાંઈક જાણવાનું છે. સર્વ કર્મને બાળી નાંખે એવા આત્મ-પરમાત્મજ્ઞાનની બાબતમાં પણ કાંઈક જાણવાનું છે. અને વિકર્મના સ્વરૂપ વિશે પણ કાંઈક જાણવું જરૂરી છે. આમ, કર્મના ત્રણેય પ્રકારની ગતિ ખૂબ જ ગહન છે. એટલે કે, તેનું રહસ્ય સમજવું ઘણું અઘરું છે.

વિકર્મ એટલે શું ? તો, જેના અનેક પ્રકારનાં ફળ હોય અને તે ફળ મેળવવા માટે અનેક પ્રકારના પદાર્થોની જરૂર પડતી હોય એવા ભિન્ન ભિન્ન દેવતાની ઉપાસનારૂપ વિવિધ પ્રકારનાં કર્મોને વિકર્મ કહેવામાં

આવે છે. **આ વિકર્મમાં શું જાણવા યોગ્ય છે ?** તો, વેદોએ બતાવેલાં વિકર્મના જે વિવિધ પ્રકારનાં ફળનો ત્યાગ કરીને મોક્ષના દાતા પરમાત્માની પ્રસન્નતારૂપ એક જ ફળની ઇચ્છાથી તે સર્વે કર્મો કરવાં જોઈએ. તો જ તેનાથી મોક્ષરૂપી શાશ્વત સુખની પ્રાપ્તિ થાય. આવી સમજણ કેળવવી તે વિકર્મમાં જાણવું જરૂરી છે. ॥૧૭॥

कर्माकर्मणोर्बोद्धव्यं गदति – कर्मणीति ।

कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म यः ॥
स बुद्धिमान्मनुष्येषु स युक्तः कृत्स्नकर्मकृत् ॥१८॥

कर्मणि – भगवत्प्रसन्नतारूपैकफलेच्छया क्रियमाणे कर्मयोगे, अकर्म – आत्मावलोकनसाधनभूतं ज्ञानयोगं स्थितं यः पश्येत् । अकर्मणि च – आत्मावलोकनसाधनरूपे सिद्धज्ञानयोगे, यः कर्म – कर्तव्यं पराभक्तिलक्षणं श्रवणकीर्तनादिरूपं कर्म – क्रियां पश्येत्। विकर्मणि मोक्षैकफलप्रापकः कर्मयोगः कर्तव्योऽस्तीति, पक्वकर्मयोगे च इन्द्रिय-व्यापारविरतिरूपज्ञानयोगः स्थितोऽस्तीति, आत्मावलोकनपक्वज्ञानयोगेऽपि कर्तव्या पराभक्तिरस्तीति यः पश्येदित्यर्थः । स बुद्धिमान् – समग्रश्रुति-स्मृतिसिद्धान्तवित्, मनुष्येषु स युक्तश्च – मत्कृपार्हः, कृत्स्नकर्मकृत् – स एव समग्रसत्कर्मकृद्भवति ।

ज्ञानयोगनिष्ठानां भक्तिकृतौ प्रमाणानि – "ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति। समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम्"(गीता.१८/५४) इति। "नैष्कर्म्यमप्यच्युतभाववर्जितं न शोभते ज्ञानमलं निरञ्जनम्।" (भाग.१/५/१२) "आत्मारामाश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे। कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थम्भूतगुणो हरिः"(भाग.१/७/१०) इति। 'वर्णाश्रमस्थैः कृतेषु

कर्मस्वसङ्गकर्मयोगः कार्यः असङ्गकर्मणि ज्ञानयोगोत्पत्तिः' इति द्वितीयाऽध्याये उक्तं तदत्र प्रमाणम्। इति कर्माकर्मविकर्मसु बोद्धव्यमुक्तम्। कर्मणो दाहकत्वेन विरोधित्वात् कर्मणो विरोधि अकर्म – ज्ञानम्। 'नञ्' इत्यनेन विरोध्यर्थे तत्पुरुषः, 'न लोपो नञः' इत्यनेन नकारलोपः। अतो रामानुजाचार्यचरणैरपि नैष्कर्म्याकर्मशब्दौ ज्ञानपर्यायौ प्रोक्तौ ।।१८।।

કર્મ અને અકર્મને વિશે શું જાણવા યોગ્ય છે ? તે હવે હું તને સમજાવું છું કે, કર્મમાં અકર્મ રહ્યું છે, એમ જે સમજે અને અકર્મમાં કર્મ કરવું રહ્યું છે, એમ જે સમજે તે પુરુષ સર્વે મનુષ્યોમાં બુદ્ધિમાન છે. અને તે જ પુરુષ યોગ્ય તથા સર્વે સત્કર્મોનો કરનાર છે.

કર્મમાં અકર્મ રહ્યું છે, એમ સમજવું એટલે શું ? તો, પ્રભુપ્રસન્નતારૂપ એક જ ફળની ઈચ્છાથી કરવામાં આવતાં કર્મયોગમાં આત્મદર્શનના સાધનરૂપ જ્ઞાનયોગ રહ્યો છે; એ રહસ્યને સમજવું. **અકર્મમાં કર્મ રહ્યું છે, એમ સમજવું એટલે શું ?** તો, આત્મદર્શનના સાધનરૂપ સિદ્ધજ્ઞાનયોગમાં પણ ભગવાનની શ્રવણાદિક નવ પ્રકારની ભક્તિરૂપ કર્મ કરવું બાકી છે, એ રહસ્યને સમજવું. અર્થાત્ વિકર્મમાં મોક્ષરૂપ એક ફળને પમાડનાર કર્મયોગ ભેળવવાની જરૂર છે. પક્વ કર્મયોગમાં ઈન્દ્રિયોની ક્રિયાની નિવૃત્તિરૂપ જ્ઞાનયોગ સહજ રહ્યો છે. અને જીવને બ્રહ્મરૂપ બનાવે એવા પક્વ જ્ઞાનયોગમાં પણ પ્રભુની પરાપ્રીતિરૂપ ભક્તિ કરવી જરૂરી છે.

આમ વિકર્મ, કર્મ અને અકર્મ એ ત્રણેયમાં ઉપર કહ્યું તે મુજબ જે પુરુષ જુએ છે, એટલે કે યથાર્થપણે સમજે છે, તે પુરુષ વેદ-પુરાણાદિક સમગ્ર શાસ્ત્રના સિદ્ધાંતનો જાણનારો છે. વળી, એવો તે જ્ઞાની ભક્ત સર્વે મનુષ્યોમાં યોગ્ય, એટલે કે મારી વિશેષ કૃપાનું પાત્ર છે અને તે જ પુરુષ શાસ્ત્રોએ કહેલાં સર્વે શુભ કર્મ કરનારો છે. ॥૧૮॥

पक्वकर्मयोगे ज्ञाननिष्ठां वदति – यस्येति ।

यस्य सर्वे समारम्भाः कामसङ्कल्पवर्जिताः ॥
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः ॥१९॥

यस्य - कर्मयोगिनः, सर्वे समारम्भाः - सम्यगारभ्यन्त इति समारम्भाः - सत्कर्माणि, कामसङ्कल्पवर्जिताः – कामः - फलासक्तिश्च, सङ्कल्पः - देहेन सत्त्वादिगुणैश्च सह क्षेत्रज्ञस्यैकीभावेन प्रवर्तनं च, ताभ्यां कामसङ्कल्पाभ्यां वर्जिताः, प्रकृतिजन्यवस्त्वितरक्षेत्रज्ञस्वरूपस्मृत्यनु-सन्धानेन कामसङ्कल्परहिता इत्यर्थः । अत एव ज्ञानाग्निदग्धकर्माणम् - परमेश्वरयाथात्म्यज्ञानरूपेणाग्निना दग्धाशेषकर्माणं, तम् - एवं कर्मकर्तव्यता-कुशलं कर्मयोगिनं, बुधाः पण्डितम् - श्रुतिस्मृतिसिद्धान्तज्ञमाहुः ।।१९।।

❋ જ્ઞાનની દૃઢતાનું ફળ :

હે અર્જુન ! **કર્મયોગમાં જ્ઞાનયોગ કઈ રીતે આવી જાય છે ?** તે હવે હું તને સમજાવું છું જે, કર્મયોગમાં નિષ્ઠાવાળા પુરુષના સર્વે સત્કર્મો કામ અને સંકલ્પથી રહિત હોય છે. **કામ અને સંકલ્પ એટલે શું ?** તો, કર્મના ફળની આસક્તિ તે કામ છે. ત્રણ દેહ અને ત્રણ ગુણની સાથે આત્માની એકતાને કારણે ‘હું એ કર્મનો કર્તા છું’ એવું જીવ માને, તેને અહીં સંકલ્પ કહેવામાં આવે છે.

કામ અને સંકલ્પથી રહિત કર્મો એટલે શું ? તો, **માયાજન્ય આકારમાત્રથી વિલક્ષણ એવા પોતાના સ્વરૂપના અનુસંધાનને કારણે ફળની આસક્તિ અને કર્તાપણાનું અભિમાન - એ બંનેનો ત્યાગ કરીને કેવળ પ્રભુ પ્રસન્નતાર્થે જે કર્મો થાય તેને કામ અને સંકલ્પથી રહિત કર્મો થયાં કહેવાય.** આવી રીતે કર્મ કરવામાં કુશળ એવા તે કર્મયોગીને જ્ઞાની સત્પુરુષો પરમાત્માના યથાર્થ જ્ઞાનરૂપ અગ્નિથી સર્વે કર્મોને બાળી દેનાર અને સર્વે શાસ્ત્રના સિદ્ધાંતને જાણનાર પંડિત કહે છે. ॥૧૯॥

तदेवाह – त्यक्त्वेति ।

त्यक्त्वा कर्मफलासङ्गं नित्यतृप्तो निराश्रयः ॥
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किञ्चित्करोति सः ॥२०॥

कर्मफलासङ्गम् - सत्कर्मणि फलासक्तिं, त्यक्त्वा नित्यतृप्तः - नित्ये अविनाशिसुखे, तृप्तः - सन्तुष्टः, निराश्रयः - नश्वरे प्राकृतवस्तुन्याश्रयबुद्धिहीनः यः, सः कर्मण्यभिप्रवृत्तोऽपि किञ्चित् नैव करोति ।।२०।।

ઉપર કહ્યો એવો તે કર્મયોગી પુરુષ કર્મના ફળની આસક્તિનો ત્યાગ કરીને પછી આત્મા-પરમાત્માના અવિનાશી સુખમાં પરિપૂર્ણ સંતોષ માને છે. તેથી તે નાશવંત એવા માયિક પદાર્થમાત્રનો આધાર છોડી દે છે. આવી રીતે સમજીને તે પુરુષ કર્મયોગમાં પ્રવર્તતો હોય તોપણ તે કાંઈ જ નથી કરતો. અર્થાત્ આવા કર્મયોગમાં જ્ઞાનયોગનો અભ્યાસ સહજ આવી જાય છે. ॥૨૦॥

साम्प्रतं योगारूढं पुरुषं वदति – निराशीरिति ।

निराशीर्यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः ॥
शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥२१॥

निराशीः - निर्गताः, आशिषः - फलाकाङ्क्षाः यस्मात्। यतचित्तात्मा – यतम् - वशीकृतं, चित्तम्, आत्मा - कामक्रोधादिस्वभाववृन्दं च येन सः तथोक्तः। त्यक्तसर्वपरिग्रहः - त्यक्ताः सर्वे परिग्रहा येन सः, परमात्मसुखैकप्रयोजनतया सांसारिकपदार्थेषु ममत्वहीन इति भावः। जीवितावधि केवलं शारीरम् - शरीरनिर्वाहोपयोगि, कर्म कुर्वन्नपि किल्बिषम् - दोषं, न आप्नोति ।।२१।।

જે પુરુષે કર્મફળની ઇચ્છાનો ત્યાગ કર્યો છે, અંતઃકરણ તથા કામ-ક્રોધાદિક સ્વભાવને જીતી લીધા છે; અને જેને એક પરમાત્માના સુખની

જ જરૂર હોવાથી સંસારસુખને પમાડનારા તમામ પદાર્થોમાંથી મમતાનો ત્યાગ કર્યો છે; એવો પુરુષ દેહ રહે ત્યાં સુધી કેવળ પોતાના દેહનિર્વાહને અર્થે કર્મ કરતો રહે, પરંતુ તેને કોઈ દોષ લાગતો નથી. ॥૨૧॥

यदृच्छालाभसन्तुष्टो द्वन्द्वातीतो विमत्सरः ॥
समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबध्यते ॥२२॥

यदृच्छेति । यदृच्छालाभसन्तुष्टः – अयाचितोपस्थितो लाभो यदृच्छालाभः अयाचितान्नादिप्राप्तिरित्यर्थः, तेन सन्तुष्टः । द्वन्द्वातीतः – स्वेन क्रियमाणे मोक्षसाधने, स्वभावेन प्राप्तानि द्वन्द्वानि शीतोष्णादीनि, अतीतः – अतिक्रम्यवर्तमानः तन्मर्षणशील इत्यर्थः । विमत्सरः – अन्य-पुरुषप्रापितदुःखस्य कारणभूतं मम प्रारब्धकर्म इति विवेकेन स्वदुःखदातरि विगतमत्सरः, निर्वैर इत्यर्थः । सिद्धावसिद्धौ च समः – युद्धादिकर्मसु जयपराजयरूपयोः सिद्ध्यसिद्ध्योः निर्विकारः, आरब्धेषु कर्मसु सम्पूर्णतां प्राप्तेषु, सम्पूर्णतामप्राप्तेषु, वैपरीत्यं गतेषु च, समः – हर्षशोकरहित इति भावः । एवम्भूतः सन् वर्णोदितमाश्रमोचितं च उत्तरोत्तरभूमिकं शास्त्रीयं कर्म कृत्वापि नानाविधैस्तत्फलैर्न निबध्यते – तत्फलानि तं पुरुषं न निबध्नन्तीत्यर्थः ।।२२।।

કેવો પુરુષ કર્મ કરવા છતાં પણ બંધાતો નથી ? તો, જે પુરુષ માગ્યા વિના પરમેશ્વરની ઈચ્છાથી પ્રાપ્ત થયેલ અન્ન-વસ્ત્રાદિક પદાર્થથી જ સંતુષ્ટ રહેતો હોય; પોતે કરેલાં મોક્ષનાં સાધનોમાં સ્વાભાવિક રીતે પ્રાપ્ત થતાં શીત-ઉષ્ણ, સુખ-દુઃખાદિક દ્વંદ્વને સહન કરતો હોય; અન્ય મનુષ્યે પમાડેલાં દુઃખનું કારણ પણ પોતાનું પ્રારબ્ધકર્મ જ છે, એમ સમજીને તે દુઃખના દેનારામાં પણ વૈરભાવે રહિત રહેતો હોય; પોતે આરંભેલાં શાસ્ત્રસંબંધી કર્મોમાં લાભ થાય કે અલાભ થાય અથવા તે

કર્મો પૂરાં થાય, પૂરાં ન થાય કે મૂળગાં વિપરીત થઈને કેવળ પોતાને દુઃખ દેનારાં થાય તોપણ તેમાં હર્ષ-શોકે રહિત રહી શકતો હોય; આવો પુરુષ પોતાના વર્ણાશ્રમને યોગ્ય અને આગળ આગળ ભક્તિરૂપ બની રહેલાં એવાં શાસ્ત્રીય સર્વે કર્મો કરવાં છતાં પણ વિવિધ પ્રકારનાં તે તે કર્મનાં ફળથી બંધાતો નથી. અર્થાત્ તે તે કર્મનાં ફળ તે પુરુષને બાંધી શકતાં નથી. ॥૨૨॥

किञ्च – गतसङ्गस्येति।

गतसङ्गस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ॥
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ॥२३॥

ज्ञानावस्थितचेतसः – ज्ञाने – परमात्मवेदनेऽवस्थितं चेतो यस्य, अत एव गतसङ्गस्य – आत्मपरमात्मेतरवस्तुनि विगतासक्तेः, अत एव मुक्तस्य – सकलहेयदोषैर्मुक्तस्य, हीनस्य त्यक्तस्येति यावत्। यज्ञाय – विष्णुयागाद्यर्थं, यद्वा यज्ञशब्दवाच्यविष्णवे – परमेश्वरार्थं, कर्म – क्रियाम्, आचरतः – कुर्वतः, समग्रम् – प्राक्तनवासनासहितं बन्धकं सर्वं कर्म, प्रविलीयते – नितरां क्षीयत इत्यर्थः ॥२३॥

વળી, પરમાત્મા સંબંધી જ્ઞાનમાં જ જેનું ચિત્ત સ્થિરતા પામી ગયું હોય અને એટલે જ આત્મા-પરમાત્મા સિવાયના અન્ય પદાર્થમાંથી જેની આસક્તિ ટળી ગઈ હોય; ત્યાગ કરવા યોગ્ય સર્વે દોષોથી રહિત હોય અને વિષ્ણુયાગાદિક યજ્ઞ અર્થે અથવા તો પરમેશ્વરને અર્થે જ સર્વે કર્મો કરતો હોય; એવા પુરુષને ઉપર કહેલાં કર્મો કરતાં થકાં જ પૂર્વની વાસના-યુક્ત બંધન કરનારાં સમગ્ર કર્મો સંપૂર્ણપણે નાશ થઈ જાય છે. ॥૨૩॥

परब्रह्मदृढज्ञाननिष्ठावतो मुक्तस्य कर्मकर्तव्यताप्रकारं दर्शयति – ब्रह्मार्पणमिति।

ब्रह्मार्पणं ब्रह्महविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ॥
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ॥२४॥

ब्रह्मार्पणम् — अर्प्यते घृतक्षीरादिवस्तु वह्नौ ब्राह्मणेषु परमेश्वरतदीयेषु च अनेनेत्यर्पणम् – स्रुगादिदानोपकरणपात्रं, ब्रह्मणः – परमेश्वरस्यार्पणं ब्रह्मार्पणं, परमेश्वरार्थं घृतादिदानोपकरणस्रुगादीनि पात्राणि मया रक्षितानि भवन्तीत्यर्थः। अश्वघासादिवत्समासः। ब्रह्महविः – ब्रह्मणः परमेश्वरस्यार्थं हविः – होमद्रव्यं, मया परमेश्वरार्थं सम्पादितं हुतद्रव्यमित्यर्थः। पूर्ववत् समासः। इति मदीयं सर्वं परमेश्वरार्थमेव भवति, नान्यार्थमिति शुद्धभावेन, ब्रह्माग्नौ — ब्रह्मणोऽग्निः – परमेश्वराय हवीरूपद्रव्यदानार्थं प्रज्वलितोऽग्निः तस्मिन्। अत्रापि पूर्ववत्समासः। यद्वा ब्रह्मण उपलब्धिर्यस्मिंस्तथाभूतेऽग्नौ परब्रह्मोपलब्धिस्थानभूते जातवेदसीत्यर्थः। शाकपार्थिवादित्वादुत्तरपदलोपः। ब्रह्मणा – देहत्रयविलक्षणं शुद्धात्मस्वरूपं ब्रह्म, अक्षरब्रह्मसाधर्म्यात् तद्भावं प्राप्तेन पुरुषेण, होमोपकरणेन स्रुगादिना, घृतादि यद् द्रव्यं हुतम् – हूयते। होमस्तूपलक्षणमात्रं किन्तु यद् होमदानतपोयोगस्वाध्यायादि कर्म नवधा तद्भजनं च कृतम्।

ब्रह्मकर्मसमाधिना — ब्रह्मणः – परमेश्वरार्थमेव, कर्म – द्रव्य–संपादनरक्षणहोमदानादिकर्म, अत्रापि पूर्ववत्समासः, तस्मिन् समाधिः – भगवत्प्रसन्नतायै तत्कर्मणि चित्तैकाग्र्यमित्यर्थः, तेन – ब्रह्मकर्मसमाधिना करणेन, तेन – होतृपुरुषेण, ब्रह्म – परब्रह्मैव गन्तव्यम् – प्राप्यम्।

अस्यायं भावः – परमदयालुना परब्रह्मणाऽतिकरुणया करणकले–वरप्रदानपूर्वकं स्थावरजङ्गमात्मकं जगत्सृष्ट्वा, अनेकविधयज्ञविधिना स्वाराधनायैव, मह्यं होमाद्युपयोगिघृतादि यद् वस्तुजातं दत्तं, तत्तदीयमेव। तस्य चाग्न्यादौ प्रक्षेपार्थं यानि स्रुगादिकरणानि दत्तानि, तान्यपि तदीयान्येव।

तैश्च तत्प्राप्तिस्थानेऽग्नौ पूर्वोक्तं वस्तु, तदीयेनैव मया हुतम् । इति सर्वथा तदीयताज्ञानेन तत्प्रसन्नतायै एव, तदेकान्तिकभक्तजनः, तत्प्रीतिजनकं यद् होमदानतपोयोगस्वाध्यायादिकर्म तन्नवधाभक्तिं च करोति। इति ब्रह्मकर्मसमाधिना परब्रह्म प्राप्यं भवतीति ।।२४।।

હવે **પરબ્રહ્મ સંબંધી જ્ઞાનમાં દૃઢ નિષ્ઠાવાળા મુક્તપુરુષને કર્મ કરવાની રીત કેવી હોય છે ?** તે જણાવું છું : યજ્ઞનો અગ્નિ, બ્રાહ્મણ, ભગવાન અને તેના સંતો-ભક્તોને અર્થે ઘી-દૂધ વગેરે વસ્તુને અર્પણ કરવા માટેનાં જે કાંઈ સાધનો છે, તે બધાં મેં પ્રભુ માટે જ રાખ્યાં છે. આ ઘી વગેરે સર્વે વસ્તુ મેં ભગવાનને અર્થે જ પ્રાપ્ત કરી છે. આ રીતે મારું જે કાંઈ છે તે બધું પરબ્રહ્મને અર્થે જ છે, પણ બીજા કોઈ માટે નથી.

આવી શુદ્ધ ભાવનાએ કરીને જે ભક્ત પરબ્રહ્મની પ્રસન્નતા માટે જ હોમ કરવાના અગ્નિકુંડમાં ત્રણ દેહથી રહિત શુદ્ધ બ્રહ્મરૂપે થઈને અર્થાત્ પોતાને અક્ષરબ્રહ્મ સમાન માનીને હોમ-હવન કરતો હોય; એટલું જ નહિ પણ તપ, યોગ, સ્વાધ્યાય, સેવા અને ભગવાનનું ભજન વગેરે જે કાંઈ ભક્તિસંબંધી કાર્ય કરે તે બધું જે ભક્ત ભગવાનને માટે જ કરતો હોય; તે ભક્ત આ રીતે પરબ્રહ્મને પામવા માટેનાં કર્મોમાં તેમને પ્રસન્ન કરવા માટેની ચિત્તની એકાગ્રતા દ્વારા પરબ્રહ્મને જ પામી જાય છે.

આનો ભાવ એવો છે કે, 'પરમ દયાળુ એવા પ્રભુએ અતિ કરુણા કરીને, તેમની આરાધના કરવા માટે મને દેહ-ઈન્દ્રિયો-અંતઃકરણ અને ઘી, દૂધ, દહીં વગેરે જે કાંઈ આપ્યું છે, તે બધું તેમનું જ છે. તેમ જ યજ્ઞકુંડમાં હોમ કરવા માટેની જે કાંઈ સાધન-સામગ્રી આપી છે, તે પણ તેમની જ છે. વળી, હું પણ તેમનો જ છું.' **આ રીતે બધું જ તેમનું માનીને, તેમને રાજી કરવા માટે જ, જે એકાંતિક ભક્ત પ્રભુમાં**

પ્રીતિ કરાવનાર હોમ-હવન વગેરે શુભ કર્મો અને ભગવાનની ભક્તિ કરે છે, તે ભક્ત તેની તેવી ઊંચી બ્રહ્મભાવનાએ કરીને પરબ્રહ્મને પામી જાય છે. ॥૨૪॥

ब्रह्मकर्मसमाधिमुक्त्वेदानीं अधिकारिभेदेन यज्ञभेदान् वदति – दैवमिति अष्टभिः ।

दैवमेवापरे यज्ञं योगिनः पर्युपासते ॥
ब्रह्माग्नावपरे यज्ञं यज्ञेनैवोपजुह्वति ॥२५॥

अपरे योगिनः – कर्मयोगिनः, दैवम् – इन्द्रवरुणसोमादीनां देवानाम् आराधनरूपमिमं दैवं यज्ञमेव पर्युपासते – सेवन्ते, तस्मिन्नेव प्रीतिं कुर्वन्ति इत्यभिप्रायः । अपरे योगिनः, ब्रह्माग्नौ – परब्रह्मरूपाग्नौ, यज्ञम् – यज्ञफलं, यज्ञेन – परब्रह्मज्ञानरूपयज्ञेन, उपजुह्वति – ददति, ज्ञानेन सर्वयज्ञानां फलानि हरौ समर्पयन्तीत्यर्थः ॥२५॥

❋ વિવિધ પ્રકારના યજ્ઞોનું વર્ણન :

હે અર્જુન ! અધિકારીના ભેદને કારણે આ લોકમાં વિવિધ પ્રકારના યજ્ઞો થાય છે, તેની હવે વાત કરું છું : અમુક કર્મયોગી પુરુષો છે, તે ઇન્દ્રાદિકની આરાધના માટે તે દેવસંબંધી યજ્ઞ કરે છે. એટલે કે, તે ઇન્દ્રાદિક દેવના યજ્ઞ કરવાને વિશે જ પ્રીતિવાળા છે. વળી, બીજા અમુક યોગીઓ છે તે પરબ્રહ્મના સ્વરૂપસંબંધી જ્ઞાનયજ્ઞે કરીને વિવિધ પ્રકારના યજ્ઞફળને પરબ્રહ્મરૂપ અગ્નિને વિશે હોમે છે. એટલે કે 'અમે જે સર્વે યજ્ઞ કરીએ છીએ તેણે કરીને પરબ્રહ્મ અમારી ઉપર પ્રસન્ન થાઓ ને પોતાની સેવામાં રાખો, પણ અમારે એ યજ્ઞ કરવાનું બીજું કાંઈ ફળ જોઈતું નથી.' એવી રીતના જ્ઞાને કરીને તે ભક્તો સર્વ યજ્ઞનાં ફળને પરબ્રહ્મને જ અર્પણ કરે છે. ॥૨૫॥

श्रोत्रादीनीन्द्रियाण्यन्ये संयमाग्निषु जुह्वति ॥
शब्दादीन् विषयानन्ये इन्द्रियाग्निषु जुह्वति ॥२६॥

श्रोत्रेति । अन्ये योगिनः, संयमाग्निषु श्रोत्रादीनीन्द्रियाणि जुह्वति, इन्द्रियाणां संयमनं कुर्वन्तीत्यर्थः । अन्येऽपि योगिनः, सत्पात्रपुरुषाणाम् इन्द्रियाग्निषु यथाधर्मं, शब्दादीन् – मद्गुणकीर्तनमदर्पितभक्ष्यभोज्यादि-रसप्रभृतीन् विषयान्, जुह्वति – ददति । सत्पात्रेषु सद्ग्रन्थसुन्दरभोजनादीनि समर्पयन्तीत्यर्थः ।।२६।।

બીજા કેટલાક યોગીઓ છે તે પોતાની શ્રોત્રાદિક પાંચ જ્ઞાનેન્દ્રિયોને શબ્દાદિક પાંચ વિષય થકી પાછા વાળીને સંયમરૂપ અગ્નિને વિશે હોમે છે. એટલે કે, તેઓ શ્રોત્રાદિક પાંચ જ્ઞાનેન્દ્રિયોને પોતાને વશ કરવાને અર્થે પ્રયત્નશીલ રહે છે. વળી, બીજા કેટલાક યોગી પુરુષો છે તે સત્પાત્ર એવા ભગવદ્ભક્ત તથા બ્રાહ્મણ વગેરેનાં ઈન્દ્રિયોરૂપ અગ્નિને વિશે તેમના ધર્મને અનુસારે શબ્દાદિક પાંચ વિષયને હોમે છે. એટલે કે, તે સત્પાત્રને સમીપે જઈને મારા ગુણનું ગાન કરે છે. અને ભક્ષ્ય-ભોજ્યાદિ ચાર પ્રકારનું અન્ન અર્પણ કરીને સત્પાત્રને જમાડે છે. તથા તેમને સત્શાસ્ત્ર લખાવીને અર્પણ કરે છે. ॥૨૬॥

सर्वाणीन्द्रियकर्माणि प्राणकर्माणि चापरे ॥
आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ॥२७॥

सर्वाणीति । अपरे – ध्याननिष्ठाः, ज्ञानदीपिते – ज्ञानेन परमात्म-सम्बन्धिना प्रकाशिते, आत्मसंयमयोगाग्नौ — आत्मनो – मनसः, संयमः – हरौ मयि नियमनं, तद्ध्यानं स एव योगः स एव अग्निस्तस्मिन्, सर्वाणि इन्द्रियकर्माणि — इन्द्रियाणाम् – श्रोत्रवागादीनां, कर्माणि – श्रवणवचनाद्याः क्रियाः प्राणकर्माणि च, जुह्वति – नियच्छन्ति । सर्वाणीन्द्रियाणि नियम्य मद्ध्याने प्रवृत्ता भवन्तीत्यर्थः ।।२७।।

કેટલાક મારા ધ્યાનને વિશે નિષ્ઠાવાળા યોગીપુરુષ છે, તેઓ મારા સ્વરૂપસંબંધી જ્ઞાને કરીને પ્રકાશેલા પોતાના મનને મારી મૂર્તિને વિશે રાખવારૂપ યોગાગ્નિને વિશે સર્વે ઇન્દ્રિયોની તથા પ્રાણની સર્વ ક્રિયાને હોમે છે. એટલે કે, તે પુરુષ પોતાની સર્વે ઇન્દ્રિયોને મારી મૂર્તિને વિશે જોડી દઈને કેવળ મારા ધ્યાનપરાયણ જ રહે છે. ॥૨૭॥

द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे ।।
स्वाध्यायज्ञानयज्ञाश्च यतयः संशितव्रताः ।।२८।।

द्रव्येति । द्रव्ययज्ञाः - पात्रेषु द्रव्यार्पणमेव यज्ञो येषां ते कर्मयोगिनो द्रव्ययज्ञाः, तपोयज्ञाः — तपः - कृच्छ्रचान्द्रायणादि तदेव यज्ञो येषां तथाभूताः, योगयज्ञाः — योगः - अष्टाङ्गयुक्तः संप्रज्ञाताख्योऽङ्गिसमाधिरेव यज्ञो येषां तथाभूताः । 'तथापरे' इत्यस्य प्रत्येकं सम्बन्धः । स्वाध्याय-ज्ञानयज्ञाश्च — स्वाध्यायः - श्रुतिस्मृतिपुराणहरिस्तोत्रगद्यपद्यानां पठनं वा पाठनं च, ज्ञानम् - तेषामर्थवेदनं च, उभये यज्ञा येषां ते श्रुतिस्मृति-स्वाध्याययज्ञाः तदर्थज्ञानयज्ञाश्चात्र द्विविधाः प्रोक्ताः । यतयः - स्वमङ्गलेषु प्रयत्नशीलाः सन्तः, संशितव्रताः - सम्यक् शितम् - तीक्ष्णं व्रतम् - सङ्कल्पो येषां तथाभूताः सन्ति ।।२८।।

એ સિવાય બીજા કેટલાક દ્રવ્યયજ્ઞ કરનારા પુરુષ છે; એટલે કે, સત્પાત્રને વિશે દ્રવ્યનું અર્પણ કરવારૂપ યજ્ઞ કરનારા છે. અને કેટલાક તપયજ્ઞવાળા છે; એટલે કે, કૃચ્છ્ર-ચાંદ્રાયણાદિક વ્રતરૂપ યજ્ઞ કરનાર છે. અને કેટલાક યોગયજ્ઞવાળા છે; એટલે કે, યમ-નિયમાદિક આઠ અંગે સહિત સંપ્રજ્ઞાત નામની સમાધિ કરવારૂપ યજ્ઞ કરનારા છે. કેટલાક વેદ, પુરાણ, સ્મૃતિ અને શ્રીહરિનાં સ્તોત્રાદિકને ભણવું ને ભણાવવારૂપ યજ્ઞ કરનારા છે. અને કેટલાક તે શાસ્ત્રના અર્થોને જાણવારૂપ યજ્ઞ કરનારા

છે. અને કેટલાક યતિઓ પોતાનું રૂડું કરનાર કાર્યને વિશે તત્પર થકા એકાદશી આદિક તીક્ષ્ણ વ્રત કરવારૂપ યજ્ઞ કરનારા છે. ॥૨૮॥

अपाने जुह्वति प्राणं प्राणेऽपानं तथापरे ॥
प्राणापानगती रुद्ध्वा प्राणायामपरायणाः ॥२९॥

अपान इति। तथापरे – यमनियमासनाद्यष्टाङ्गयोगाभ्यासिनः, अपाने – अधोवायौ, प्राणम् – ऊर्ध्ववायुं, कम्बुप्रक्षालनाभिधक्रियया वा पूरकाख्येन प्राणसंयमसाधनेन जुह्वति। पुनस्ते योगिनः प्राणे अपानं रेचकाख्यसाधनेन वा अपानोर्ध्वनयनक्रियया जुह्वति – बहिः प्रक्षिपन्ति। पुनस्ते च, प्राणापानगती – प्राणापानयोर्गती ऊर्ध्वाधोगमनरूपे कुम्भ–काख्येन प्राणनियमनसाधनेन रुद्ध्वा – स्थिरीकृत्य, तौ प्राणापानौ वशे नयन्ति। कथम्भूताः ? प्राणायामपरायणाः प्राणानामायामः – आसमताद्भावेन यमनं पूरककुम्भकरेचकैर्नियमनं, तदेव परम् – उत्कृष्टम् अयनम् – प्राप्यवस्तुप्रापकसाधनं येषां ते तथोक्ताः। नियताहारा इत्युत्तर–श्लोकादत्राकृष्यते।।२९।।

કેટલાક અષ્ટાંગયોગના અભ્યાસી પુરુષ છે, તે આહારનું નિયમન કરીને યોગસંબંધી ક્રિયાઓ કરે છે. જેમ કે, અપાન વાયુમાં પ્રાણવાયુને અને પ્રાણમાં અપાનને હોમે છે. તથા પ્રાણ અને અપાન - એ બંનેની ગતિને રોકીને પ્રાણાયામ પરાયણ રહે છે. તેઓ પ્રાણાયામ કરવા તેને જ મનોવાંચ્છિત વસ્તુ પમાડનાર સર્વશ્રેષ્ઠ સાધન માને છે. ॥૨૯॥

अपरे नियताहाराः प्राणान् प्राणेषु जुह्वति ॥
सर्वेऽप्येते यज्ञविदो यज्ञक्षपितकल्मषाः ॥३०॥

अपर इति। नियताहाराः — नियताः – नियमनीकृताः, आहाराः –

इन्द्रियाणां शब्दादिरूपा आहारा यैस्ते, अपरे योगिनः प्राणेषु – कुम्भकेन एकत्र स्थापितेषु प्राणापानादिषु, प्राणान् – इन्द्रियाणि, प्रतिलोमीकृत्य, जुह्वति – प्राणैः सह पिण्डीकुर्वन्तीत्यर्थः । तथा चोक्तं योगशास्त्रे – "यथा यथा सदाभ्यासान्मनसः स्थिरता भवेत्। वायुवाक्कायदृष्टीनां स्थिरता च तथा तथा"(अमन.२/६७) इति। तथा स्कान्दे च – "मनसेन्द्रियवृत्तीनां तत्तद्विषयतश्च यत्। आकर्षणं प्रतीचीनं प्रत्याहारः स ईरितः। नाभ्याद्यन्यतम–स्थाने प्राणेन सह"(वा.मा.३०/१६–१७) इति। यज्ञक्षपितकल्मषाः – ज्ञानस्वा–ध्यायादियज्ञनाशितपापाः, एते सर्वेऽपि यज्ञविदः – यज्ञज्ञातारः सन्ति ।३०।

બીજા કેટલાક અષ્ટાંગયોગના અભ્યાસી પુરુષ છે, તે ઈન્દ્રિયોનો આહાર નિયમમાં કરીને ઈન્દ્રિયોને વિષય થકી પાછા વાળીને, એક ઠેકાણે સ્થિર રાખેલા પ્રાણવાયુ, અધોવાયુ વગેરેમાં હોમે છે. એટલે કે, પ્રાણ સંગાથે ઈન્દ્રિયોને એક કરે છે. આ રીતે પૂર્વે કહ્યા એવા વિવિધ પ્રકારના યજ્ઞો વડે પાપરહિત થનારા તે સર્વે યોગીઓ યજ્ઞના જાણકાર છે.॥૩૦॥

यज्ञकर्तॄन् स्तुवन् यज्ञहीनांश्च निन्दन् सन्नाह – यज्ञेति ।

यज्ञशिष्टामृतभुजो यान्ति ब्रह्म सनातनम् ॥
नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः ? कुरुसत्तम ! ॥३१॥

यज्ञशिष्टामृतभुजः – कृतेभ्यो यज्ञेभ्यः शिष्टम् – शेषं वा यज्ञस्य हरेर्मम शिष्टम् – उच्छिष्टं, तदेवामृतं भुञ्जन्तीति तथाभूताः, यद्वा ज्ञानतपःस्वाध्यायादीन् यज्ञान्, कृत्वेति शेषः, मदुच्छिष्टामृताशिनो ये, ते यज्ञफलासक्तित्यागेन सनातनं ब्रह्म यान्ति। ये यज्ञफलासक्तास्ते तु स्वर्गादिफलं यान्तीति भावः। अयज्ञस्य – यज्ञहीनस्य नुः, अयं लोकः – मनुष्यलोकः सुखदो नास्ति। हे कुरुसत्तम! – कुरुषु नरावतारत्वात् सत्तमः – श्रेष्ठः, तत्सम्बुद्धौ, अन्यः – स्वर्गादिलोकः कुतो भवेत् इत्यन्वयः ।३१।

નરનો અવતાર હોવાથી કુરુકુળમાં સહુથી શ્રેષ્ઠ એવા હે અર્જુન ! યજ્ઞ કરતાં બાકી રહેલું કે મારી પ્રસાદીરૂપ એવું જે અન્ન તે અમૃત છે. આવા તે અમૃતને ખાનારા ને **એક મારી પ્રસન્નતા સિવાય યજ્ઞનાં ફળને નહિ ઈચ્છનારા એવા પુરુષો અવિનાશી પરબ્રહ્મના સ્વરૂપને પામે છે.** જે પુરુષો પ્રાકૃત ફળને પામવાની ઈચ્છાથી યજ્ઞ કરે છે, તેઓ સ્વર્ગાદિક ફળને પામે છે. અને જેઓ સકામભાવે કે નિષ્કામભાવે યજ્ઞ જ નથી કરતા, તેઓ તો આ લોકમાં પણ સુખ પામતા નથી, તો સ્વર્ગાદિક પરલોકનું સુખ તો પામે જ ક્યાંથી ? અર્થાત્ કોઈ પ્રકારનો યજ્ઞ નહિ કરનારા ક્યાંય પણ સુખી થતા નથી. ॥૩૧॥

एवं बहुविधा यज्ञा वितता ब्रह्मणो मुखे ।।
कर्मजान् विद्धि तान् सर्वानेवं ज्ञात्वा विमोक्ष्यसे ।।३२।।

एवमिति । एवं बहुविधाः – तपःस्वाध्यायादिपूर्वोक्तभेदेन बहुप्रकाराः, यज्ञाः मत्प्रसन्नतानुष्ठानरूपाः, ब्रह्मणः – विधेः, मुखे – वदने, वितताः – विस्तृताः । ब्रह्मणा नारायणप्रेरितवेदान् वदता स्वमुखेनैव प्रोक्ता इत्यर्थः । तान् सर्वान् – यज्ञान्, कर्मजान् – वेदोक्तक्रियोत्पन्नान्, विद्धि – जानीहि । एवं पूर्वोक्तप्रकारेण स्वमोक्षोपायान् ज्ञात्वा ततस्तान् कृत्वा विमोक्ष्यसे – कर्मबन्धाद्विमुक्तो भविष्यसि ।।३२।।

આ રીતે મારી પ્રસન્નતાને અર્થે કરવામાં આવતા બહુ પ્રકારના યજ્ઞો બ્રહ્માના મુખે વિસ્તારને પામ્યા છે. એટલે કે, નારાયણે પ્રેરેલા વેદનો પોતાની પ્રજાને ઉપદેશ આપતા બ્રહ્માએ પોતાને મુખે કરીને બહુ પ્રકારના યજ્ઞના ભેદો કહ્યા છે. હે અર્જુન ! તે સર્વે યજ્ઞો કર્મો વડે સિદ્ધ થાય છે. એટલે કે, વેદમાં કહેલી યજ્ઞ કરવાની રીત પ્રમાણે કરવાથી સિદ્ધ થાય છે, એમ તું જાણ્ય. આમ, પૂર્વે કહ્યું એ રીતે **કર્મયોગરૂપી પોતાના**

મોક્ષના ઉપાયને જાણીને પછી તે ઉપાયો કરવાથી તું કર્મના બંધન થકી મુકાઈ જઈશ. ॥૩૨॥

ज्ञानयज्ञस्य श्रेष्ठत्वं वदति – श्रेयानिति ।

श्रेयान् द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परन्तप ! ॥
सर्वं कर्माखिलं पार्थ ! ज्ञाने परिसमाप्यते ॥३३॥

हे परन्तप ! द्रव्यमयात् – घृतसमिधादिद्रव्यबहुलाद् यज्ञात्, ज्ञानयज्ञः – ज्ञानम् – श्रवणकीर्तनाभ्यां जीवेश्वरब्रह्मपरब्रह्मणां तदितरसकलहेयस्य च लक्षणैः पृथक्पृथग्बोधनं, तदेव यज्ञः, श्रेयान् – श्रेष्ठः । हे पार्थ ! – पृथापुत्र ! तज्ज्ञानोत्पन्नया सकलहेयवस्तुविरक्त्या सर्वम् – समग्रं, शुभाशुभं कर्म, अखिलम् – कर्मजन्यं प्राकृतं स्वर्गादिफलं, ज्ञाने – सर्वोत्तमपरमानन्द-दायकपरमेश्वरबोधने, परिसमाप्यते – ते द्वे समाप्तिं प्राप्नुतः इत्यर्थः ।।३३।।

હે પરંતપ અર્જુન ! જેમાં ઘી અને ધન વગેરે ઘણું બધું દ્રવ્ય જોઈએ એવા યજ્ઞની અપેક્ષાએ જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ યજ્ઞ છે. **જ્ઞાનયજ્ઞ એટલે શું ?** તો, સત્પુરુષ કે સત્શાસ્ત્રોએ બતાવેલાં રહસ્યોનું શ્રવણ-કીર્તન દ્વારા અવિનાશી એવા જીવ, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મ તથા તે સિવાયની છોડવા યોગ્ય નાશવંત માયા - એ પાંચેય તત્ત્વભેદોનું અલગ અલગ જેમ છે તેમ જ્ઞાન પ્રાપ્ત કરવું તેને જ્ઞાનયજ્ઞ કર્યો કહેવાય છે.

જ્ઞાનયજ્ઞ સૌથી શ્રેષ્ઠ શા માટે ? તો, તે જીવ-માયાદિકના જ્ઞાનમાંથી ઊપજેલા વૈરાગ્યથી સમગ્ર શુભાશુભ કર્મો અને તે કર્મમાંથી ઊપજતું માયિક સ્વર્ગાદિક ફળમાત્ર પરબ્રહ્મના જ્ઞાનને વિશે લીન થઈ જાય છે. એટલે કે, વૈરાગ્યને કારણે સર્વે માયિક પ્રાપ્તિઓ અને તેને પમાડનાર કર્મો તુચ્છ થઈ જાય છે. તેથી તે બંને સર્વોત્તમ આનંદદાયક પરબ્રહ્મનો અનુભવ થતાં સમાપ્ત થઈ જાય છે. અર્થાત્ પછી ફરી ક્યારેય તેની ઈચ્છા થતી જ નથી. ॥૩૩॥

एतादृशं ज्ञानं मम कथं भवेत् ? इति चेत्तर्हि वदामीत्याह – तद्विद्धीति ।

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ।।३४।।

यथार्थज्ञानवतां प्रणिपातेन – प्रथमं दण्डवद्वन्दनेन, तदनन्तरं सेवया – मनोऽनुकूलशुश्रूषया च, सन्तुष्टेभ्यः, परिप्रश्नेन – हे सत्तमाः ! नाश्यविनाशि-वस्तुनोः स्वरूपं कीदृशम् ? इति प्रश्नेन त्वं तत् – ज्ञानं विद्धि। ते तत्त्वदर्शिनः ज्ञानिनः, ते – तुभ्यं, ज्ञानमुपदेक्ष्यन्ति। यद्वा तेषां प्रणिपातेन सेवया च सन्तुष्टाः तत्त्वदर्शिनः – नाश्यविनाशिनोर्याथात्म्यदृष्टारः, ज्ञानिनः – शास्त्रलक्षणसम्पन्नाः साधवः परिप्रश्नेन ते – तुभ्यं ज्ञानमु-पदेक्ष्यन्ति। तेन उपदेशेन त्वं तत् – ज्ञानं विद्धि – जानीहि इत्यन्वयः। ज्ञानस्वरूपमुक्तं स्कान्दे – "क्षेत्राणां च क्षेत्रविदां प्रधानपुरुषस्य च। मायायाः कालशक्तेः चाक्षरस्य च परात्मनः।। पृथक्पृथग्लक्षणैर्यज्ज्ञानं तज्ज्ञानमुच्यते"(वा.मा.२४/७४)।।३४।।

❋ જ્ઞાન મેળવવાના ઉપાય તથા ફાયદા :

આવું જ્ઞાન કઈ રીતે થાય ? તો, સદ્‌ગુરુ ને સત્શાસ્ત્રના સેવન થકી જેમને પરબ્રહ્મ વગેરે પાંચેય તત્ત્વોનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું હોય, એવા સદ્‌ગુરુને શરણે જઈને પ્રથમ તો તેમને સાષ્ટાંગ પ્રણામ કરવા. પછી તેમની મરજી મુજબ સેવા કરવી. ત્યાર બાદ તેનાથી પ્રસન્ન થયેલા તે સદ્‌ગુરુને નાશવંત અને અવિનાશી વસ્તુઓના સ્વરૂપસંબંધી પ્રશ્નો પૂછવા. **આ રીતે અનુક્રમથી શરણાગતિ, સેવા અને જીજ્ઞાસારૂપ પ્રક્રિયા દ્વારા તું તે પાંચેય તત્ત્વોનું યથાર્થ જ્ઞાન જાણ-પ્રાપ્ત કર.** અર્થાત્ જ્યારે તું આ રીતે કરીશ ત્યારે તે તત્ત્વોને દેખનારા અને જેમ છે તેમ જાણનારા એવા તે સત્પુરુષો તને તે બંને વસ્તુના જ્ઞાનનો ઉપદેશ કરશે. ।।૩૪।।

परमेश्वरस्य स्वस्य तदितरस्य च यथार्थज्ञानमाहात्म्यं वदति – यदिति ।

यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पाण्डव ! ॥
येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ॥३५॥

हे पाण्डव ! यज्ज्ञात्वा – यत् ज्ञानम् – नियन्तृनियाम्ययोः स्वतन्त्र-परतन्त्रयोः परमेश्वरतदितरयोर्लक्षणैः पृथक्पृथक् यथार्थवेदनं, विदित्वा पुनः – भूयः, एवम् – देहदैहिकयोरहंममत्वरूपं, मोहम् – स्वस्वरूप-ज्ञानवैपरीत्यं, न यास्यसि – न गमिष्यसि। येन – जीवेश्वरप्रकृतिपुरुष-कालब्रह्मपरब्रह्मणां ज्ञानेन, आत्मनि – सर्वात्मन्यक्षरब्रह्मणि, भूतानि – वैराजादिस्थावरान्तानि सर्वाणि, स्थितानि द्रक्ष्यसि, सर्वाण्यक्षरब्रह्मणा धृतानीति प्रेक्षिष्यस इत्यर्थः। अथः – अथ, मयि – अक्षरातीते परब्रह्मणि, अक्षरब्रह्मादीनि सर्ववस्तूनि अशेषेण द्रक्ष्यसि – अक्षरब्रह्मादि सर्वं वस्तु सर्वनियन्त्रा सर्वात्मना मयैव धृतमिति प्रेक्षिष्यस इत्यर्थः।

अक्षरब्रह्मणि सर्वेषां स्थितौ प्रमाणम् – "लक्ष्यन्तेऽन्तर्गताश्चान्ये कोटिशो ह्यण्डराशयः। तदाहुरक्षरं ब्रह्म"(भाग.३/११/४०-४१) इति भागवत-वचनम्। भगवत्यक्षरादिसर्वस्य स्थितौ प्रमाणानि – "मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव"(गीता.७/७) इति। श्रुतिश्च – "यस्याक्षरं शरीरं योऽक्षरमन्तरो यमयति स त आत्मा" इति। "आत्माधारोऽखिलाश्रयः"(भाग.११/९/१७) इति। "परमात्मा च सर्वेषामाधारः परमेश्वरः"(ब्रह्मपु.२३३/३९) इत्यादीनि।३५।

આ જ્ઞાનનો મહિમા કેવો છે ? તો, હે પાંડવ ! પરબ્રહ્મ વગેરે પાંચેય તત્ત્વભેદને યથાર્થપણે જાણ્યા પછી તને દેહને વિશે અહંતા ને દેહસંબંધી વિશે મમતારૂપ મોહ ફરીવાર ક્યારેય નહીં થાય. વળી, એ જ્ઞાને કરીને સર્વે ભૂત-પ્રાણીમાત્રથી લઈને અનંત બ્રહ્માંડો સુધીનું બધું જ

સર્વના આત્મા અને ધારક એવા અક્ષરબ્રહ્મને વિશે રહ્યું છે; એમ તું સાક્ષાત્ દેખીશ. એટલું જ નહિ, પરંતુ એ અક્ષરબ્રહ્મ અને તેમાં રહેલ જડ-ચિદ્ એ બધું અક્ષરથી પણ પર એવા મારામાં જ રહ્યું છે; એમ તું દેખીશ. એટલે કે, સર્વનિયંતા અને સર્વાત્મા એવા મેં જ તે અક્ષરબ્રહ્માદિક સર્વેને ધાર્યા છે; આમ તને સાક્ષાત્ દેખ્યામાં આવશે.

આ જ્ઞાન કેવું હોવું જોઈએ ? તો, બ્રહ્માદિક જીવ, વૈરાજપુરુષાદિક ઈશ્વર, માયા, મહાપુરુષ, મહાકાળ, બ્રહ્મ અને પરબ્રહ્મ - આ સર્વે તત્ત્વોમાં પરબ્રહ્મ કેવા છે ? અને તે સિવાયના કેવા છે ? તેને યથાર્થ સમજવું. જેમ કે, **એક પરબ્રહ્મ** સ્વતંત્રમૂર્તિ, સ્વામી-માલિક, નિયંતા, પ્રકાશક, સર્વશરીરી-સર્વશેષી અને આધારભૂત છે તથા **તે સિવાયના સર્વે** પરતંત્રતત્ત્વ, સેવક-સંપત્તિ, નિયામ્ય, પ્રકાશ્ય, શરીર-શેષભૂત અને ધારવા યોગ્ય છે.

આમ, આ બંને મુખ્ય ભેદોને તથા પરબ્રહ્મ સિવાયનાં તત્ત્વોમાં જે કાંઈ પરસ્પર તફાવતો છે, તેને સારી રીતે સમજી એક પરબ્રહ્મમાં સંપૂર્ણપણે જોડાઈ શકાય એવી આ જ્ઞાનની દૃઢતા હોવી જોઈએ. **આવા જ્ઞાનથી મોહમાત્રનો નાશ થાય છે અને સર્વોત્તમ પરબ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે.** ॥૩૫॥

अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ॥
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं सन्तरिष्यसि ॥३६॥

अपीति । सर्वेभ्यः पापेभ्यः – पापकृद्भ्योऽपि, पापकृत्तमः – अतिशयेन पापकृत्त्वमसि चेत्, तथापि ज्ञानप्लवेन – मदुक्तज्ञाननौकयैव। सर्वम् – आधुनिकं प्राचीनं च समग्रं, वृजिनम् – पापाब्धिं, सन्तरिष्यसि – सम्यगनायासेन तरिष्यसीत्यर्थः ॥३६॥

હે અર્જુન ! કદાચ તું સર્વે પાપીઓ થકી પણ અતિશય પાપી હો, તોપણ આ મેં કહેલા જ્ઞાનરૂપ નૌકાથી જ પૂર્વજન્મના અને આ જન્મના

સમગ્ર પાપરૂપ સમુદ્રને તું સહેજે જ તરી જઈશ; એવો આ જ્ઞાનનો મહિમા છે. ॥૩૬॥

अब्धिवत् स्थितस्यैव वृजिनस्य सन्तरणमात्रमुक्तं न तु क्षयः, इति शङ्कां दृष्टान्तेन विदारयन् वदति – यथेति ।

यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात् कुरुतेऽर्जुन ! ॥
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुते तथा ॥३७॥

हे अर्जुन ! समिद्धः - सम्प्रदीप्तः, अग्निः - वह्निः, एधांसि - इन्धनानि, यथा भस्मसात् कुरुते - भस्मीभावं गमयति। तथा ज्ञानाग्निः - आत्मपरमात्मयथार्थवेदनरूपो वह्निः, सर्वकर्माणि - क्षेत्रज्ञगतान्याधुनिक-प्राचीनतरशुभाशुभसमग्रकर्माणि, प्रारब्धमृते भस्मसात् कुरुते - भस्मीभावं प्रापयतीत्यर्थः ।।३७।।

ત્યારે તું કહીશ જે, 'આ જ્ઞાન વડે પાપરૂપ સમુદ્રને તરી શકાય છે, પરંતુ શું તે સર્વે પાપનો નાશ થાય ખરો ?' તો, તે બાબત હવે હું તને જણાવું છું કે, જેમ સારી રીતે પ્રજ્વલિત થયેલો અગ્નિ તમામ કાષ્ઠને બાળીને રાખ કરી નાંખે છે, તેમ જ હે અર્જુન ! **આત્મા-પરમાત્માના યથાર્થ જ્ઞાનરૂપ અગ્નિ પ્રારબ્ધકર્મ સિવાયનાં જૂનાં-નવાં, શુભ-અશુભ એ સર્વે કર્મોને બાળી નાંખે છે.** ॥૩૭॥

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ॥
तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विन्दति ॥३८॥

न हीति। तस्माद् इह - ब्रह्माण्डे, ज्ञानेन सदृशम् - तुल्यं, पवित्रम् - जीवात्मशुद्धिकरम्, अन्यत्साधनं न विद्यते, हि - नास्त्येव। नन्वेतादृशं ज्ञानं कदा भविष्यतीत्यत्राह – योगसंसिद्धः – योगेन -

मदाराधनरूपासङ्गकर्मयोगेन, संसिद्धः - योग्यत्वं गतो जनः, कालेन-सत्समागमगमितेनाल्पकालेन तत् - ज्ञानम्, आत्मनि - जीवात्मनि, स्वयमेव विन्दते - प्राप्नोति ।।३८।।

તેથી આ બ્રહ્માંડમાં જીવને શુદ્ધ કરનારું જ્ઞાન જેવું બીજું કોઈ સાધન નથી. **આવું જ્ઞાન ક્યારે થાય ?** તો, **મારા આરાધનરૂપ નિષ્કામ કર્મયોગ કરતાં કરતાં પાત્રતાને પામેલો ભક્ત સાધુના સમાગમ દ્વારા થોડા જ કાળમાં પૂર્વે કહેલા એ જ્ઞાનને પોતાના જીવનમાં સહજ જ પામે છે.**॥૩૮॥

तदेव प्रकाशयन् वदति – श्रद्धावानिति ।

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ।।३९।।

तत्परः - तदेव ज्ञानं परमुत्कृष्टं प्राप्यं यस्य सः, अत एव श्रद्धावान् - सच्छास्त्रप्रोक्तलक्षणसम्पन्नज्ञान्युपदिष्टज्ञानस्योपचये विश्वासपूर्वकत्वरावान्, अत एव संयतेन्द्रियः - तदन्यविषयेभ्यः संयतानि निगृहीतानीन्द्रियाणि येन तथाभूतो जनः, ज्ञानम् - पूर्वोक्तं वेदनं, लभते । ज्ञानं लब्ध्वा अचिरेण - स्वल्पकालेन, पराम् - आत्मपरमात्मानुभवरूपामुत्कृष्टां, शान्तिम् - अनवधिकातिशयानन्दरूपां निर्वृतिम्, अधिगच्छति - लभते ।।३९।।

તે જ્ઞાનને કોણ આ જ જન્મે પ્રાપ્ત કરી શકે છે ? તો, જેને એ જ્ઞાન જ પરમ પ્રાપ્ય હોય; એટલે કે, તે જ્ઞાન મેળવવા માટે સદા તત્પર રહેતો હોય. વળી, તે માટે સત્શાસ્ત્રમાં કહેલાં લક્ષણોથી યુક્ત એવા જ્ઞાની સદ્‌ગુરુએ સમજાવેલા જ્ઞાનને સમજવા-ધારવામાં વિશ્વાસે સહિત ઉત્સાહવાળો હોય. અને એટલે જ અન્ય તમામ વિષયોમાંથી પોતાની ઇન્દ્રિયોને પાછી વાળીને વશ કરી લીધી હોય; તેવો ભક્ત પૂર્વે કહેલા જ્ઞાનને આ જ જન્મે પામે છે. અને **તે જ્ઞાનને પામ્યા પછી થોડા જ**

સમયમાં આત્મા-પરમાત્માના સાક્ષાત્ અનુભવરૂપ સર્વોત્તમ શાંતિને પામે છે. અર્થાત્ અવધિએ રહિત પરમાનંદરૂપ વિરામને પામે છે. ॥૩૯॥

उक्तलक्षणसम्पन्नस्य आत्मपरमात्मानुभवसुखं भवेन्नान्यस्येत्याह – अज्ञ इति ।

अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ॥
नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः ॥४०॥

अज्ञः – ज्ञान्युपदिष्टज्ञानशून्यः, अश्रद्दधानश्च – ज्ञानोपयोगिबुद्धौ सत्यामपि ज्ञानोपाये विश्वासपूर्वकत्वरारहितश्च, संशयात्मा च — संशयः – ममेदं ज्ञानं निष्पद्येत वा न वेति सन्देहः, आत्मनि – बुद्धौ, यस्य तथाभूतः, विनश्यति – मोक्षमार्गाद्भ्रष्टो भवति। विनश्यतीति प्रत्येकं सम्बध्यते। उक्तेषु त्रिष्वपि संशयात्मा सर्वप्रकारेण भ्रश्यतीत्याह — संशयात्मनः नायं लोकः – मनुष्यलोको नास्ति, द्रव्योपार्जनाभावात्। न परलोकश्च – स्वर्गवैकुण्ठादिलोको नास्ति, धर्मज्ञानभक्त्यनिष्पत्तेः। संशयव्याप्तबुद्धेः पुंसः यत्र कुत्रापि सुखं नास्ति ।।४०।।

જે પુરુષમાં આ ત્રણમાંથી એક પણ દોષ હોય તેને આત્મા-પરમાત્માનું શાશ્વત સુખ નથી જ મળતું. **કયા તે ત્રણ દોષો ?** તો, (૧) **અજ્ઞાનીપણું :** જે માણસ જ્ઞાની સત્પુરુષે ઉપદેશેલા જ્ઞાને રહિત હોય. (૨) **શ્રદ્ધાનો અભાવ :** નાશવંત તથા અવિનાશી તત્ત્વોને જાણી શકે એવી બુદ્ધિ હોવા છતાં પણ જે પુરુષ તે જ્ઞાન પ્રાપ્ત કરવાના ઉપાયમાં શ્રદ્ધા રહિત હોય. એટલે કે, જ્ઞાની સદ્‌ગુરુ કહે તેમ કરવામાં જેને વિશ્વાસપૂર્વકનો ઉત્સાહ ન હોય. (૩) **સંશય કરવાનો સ્વભાવ :** માયા અને આત્મા-પરમાત્માનું યથાર્થ જ્ઞાન મને સિદ્ધ થાશે કે નહિ થાય ? એમ પોતાના આત્મવિશ્વાસમાં સંદેહ રહેતો હોય. અથવા જ્ઞાની પુરુષોએ

બતાવેલા જ્ઞાનમાં જેને સંશય રહ્યા કરતા હોય – આ ત્રણેય પ્રકારના પુરુષો મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થઈ જાય છે.

તેમાં પણ જે સંદેહે યુક્ત બુદ્ધિવાળો છે, તેને માટે તો આ લોક કે પરલોક એ બેમાંથી એકેય સુખદાયી થાતા નથી. એટલે કે શંકા-સંશયને કારણે તે પુરુષ ધન-ધાન્યાદિ લૌકિક સુખસાધનો પણ મેળવી શકતો નથી. વળી, શંકા-સંશયને કારણે તે પુરુષ ધર્મ, જ્ઞાન અને ભક્તિને સિદ્ધ કરી શકતો નથી. એટલે તેને સ્વર્ગ લોક કે વૈકુંઠાદિક લોકની પણ પ્રાપ્તિ થતી નથી. આમ, **સંશયયુક્ત બુદ્ધિવાળાને કોઈ ઠેકાણે સુખ થતું નથી.** ॥૪૦॥

पूर्वापरभूमिकाभेदेन कर्मयोगज्ञानयोगरूपद्विविधनिष्ठावतः कर्मबन्धो नास्तीत्याह – योगेति ।

योगसन्न्यस्तकर्माणं ज्ञानसंछिन्नसंशयम् ।।
आत्मवन्तं न कर्माणि निबध्नन्ति धनञ्जय ! ।।४१ ।।

योगसन्न्यस्तकर्माणम् – योगेन – भगवदाराधनरूपेणासङ्गकर्मा-नुष्ठानेन, सन्न्यस्तानि कर्माणि शुभाशुभफलप्रदानि यस्य तं, ज्ञानसंछिन्न-संशयम् – ज्ञानेन – सत्सङ्गलब्धेन पूर्वोक्तवेदनेन, संछिन्नाः संशयाः – सन्देहाः येन तम्, अत एव आत्मवन्तम् – आत्मपरमात्मनिष्ठं जनं, हे धनञ्जय ! कर्माणि – आधुनिकानि प्राचीनानि च बन्धहेतुकर्माणि न निबध्नन्ति ।।४१ ।।

હે ધનંજય ! મારા આરાધનરૂપ નિષ્કામ કર્મયોગથી શુભાશુભ ફળ આપનારાં કર્મો જેણે મને અર્પણ કરી દીધાં છે. અને સાધુના સમાગમથી પ્રાપ્ત થયેલાં જ્ઞાન વડે જેણે સર્વે સંશય ટાળી નાખ્યા છે. અને એટલે જ આત્મા-પરમાત્માના સ્વરૂપની નિષ્ઠા જેને દૃઢ થઈ ગઈ છે, એવા તે પુરુષને પૂર્વ જન્મનાં તથા આ જન્મનાં કોઈ પણ કર્મો બંધન કરતાં નથી. ॥૪૧॥

तस्मादज्ञानसम्भूतं हृत्स्थं ज्ञानासिनात्मनः ॥
छित्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत ! ॥४२॥

इति श्रीभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णाऽर्जुनसंवादे 'कर्मसन्न्यासयोगो' नाम चतुर्थोऽध्यायः ॥४॥

तस्मादिति। यस्मादेवमस्ति तस्माद्धेतोः, अज्ञानसम्भूतम् – अज्ञानेन – अनाद्यज्ञानेन सम्भूतं, हृत्स्थम् – हृदि मनसि स्थितम्, एनम् – बन्धुहननोद्योगजनितशोकादिनिमित्तम्, आत्मनः – स्वस्य, संशयम् – सन्देहं, ज्ञानासिना – मदुक्तज्ञानकरवालेन, छित्वा योगम् – स्वप्रकृत्यनुकूलक्षत्रियधर्मरूपं कर्मयोगम्, आतिष्ठ – आश्रय। उत्तिष्ठ – प्रकृताय युद्धायोद्युक्तो भव। भारतेति सम्बोधनेन क्षत्रजातितया सङ्ग्रामस्य स्वधर्मता दर्शिता ॥४२॥

માટે હે અર્જુન ! અનાદિ અજ્ઞાનને લીધે તારા હૃદયમાં ઉત્પન્ન થયેલ અને દેહના સંબંધીને મારવાના વિચારમાંથી થયેલ શોક-મોહાદિ નિમિત્તે પેદા થયેલ તારા સંદેહને તું મેં કહેલા જ્ઞાનરૂપ તલવારથી છેદી નાખ. પછી તારા સ્વભાવને અનુકૂળ અને ક્ષત્રિયના ધર્મરૂપ એવા કર્મયોગનો તું આશરો લે. અને હવે આ યુદ્ધ કરવા તત્પર થા." ॥૪૨॥

इह चतुर्थाऽध्याये शास्त्रीयकर्मकर्तृणां भगवदाराधनरूपाऽसङ्गकर्म-कर्तव्यता, असङ्गकर्मानुष्ठानेन शुद्धान्तःकरणानां साधुसेवया ज्ञानप्राप्तिः, मोक्षप्राप्ताවितरमोक्षसाधनेभ्यो ज्ञानस्य श्रेष्ठता च प्राप्तज्ञानानामपि भगवत्पराभक्तिस्तेषां निर्बन्धता चोक्ता।

इति श्रीसहजानन्दस्वामिशिष्यगोपालानन्दकृतायां भगवद्भावदीपिकायां श्रीभगवद्गीताटीकायां चतुर्थोऽध्यायः ॥४॥

આ ચોથા અધ્યાયમાં આટલી વાત કહેવાણી : (૧) શાસ્ત્રીય કર્મ કરનારા પુરુષોને ભગવાનની આરાધનારૂપ નિષ્કામ કર્મયોગ કરવાની જરૂર છે. (૨) નિષ્કામ કર્મયોગ કરવાથી શુદ્ધ અંતઃકરણવાળા પુરુષોને સાધુઓની સેવા દ્વારા આત્મા-પરમાત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય છે. (૩) મોક્ષ પામવા માટે બીજાં સાધનો કરતાં જ્ઞાનરૂપ સાધન શ્રેષ્ઠ છે. (૪) જેને જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું હોય તેને પણ ભગવાનની પરાભક્તિ કરવી જરૂરી છે અને એવા ભક્તોને કર્મનું બંધન થતું નથી.

આ રીતે સર્વાવતારી શ્રીસહજાનંદસ્વામીના શિષ્ય સદ્.શ્રીગોપાળાનંદ-સ્વામી વિરચિત શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યના ગુજરાતી ભાવાનુવાદમાં ‘ભગવાનના અવતારોનું દિવ્યપણું, કર્મયોગની આવશ્યકતા અને જ્ઞાનની મહત્તા કહી’ એ નામે ચોથો અધ્યાય પૂરો થયો. ॥૪॥



पञ्चमोऽध्यायः

सन्न्यासयोगः

इदानीं पञ्चमे कर्मयोगाधिकारिणः स्वप्रकृतिप्रतिकूलतया दुष्कर-ज्ञानयोगात् स्वप्रकृत्यनुकूलतया सुकरत्वात् कर्मयोगस्य श्रेष्ठत्वम्, साङ्ख्ययोगकर्मयोगयोरेकफलत्वञ्च, योगिनः कर्मणि कर्तृत्वममत्वफला-सक्तिहीनत्वम्, आत्मविल्लक्षणञ्च, परमेश्वरज्ञानेन सर्वेषां शान्तिश्चोच्यते। तृतीयाध्याये उक्तः कर्मयोगः कर्मण्यकर्तृत्वप्रकारश्चात्र शुद्धतया उच्यते ।

આ પાંચમાં અધ્યાયમાં આટલી બાબતો કહી છે : (૧) કર્મયોગના અધિકારીને જ્ઞાનયોગ પોતાની પ્રકૃતિને પ્રતિકૂળ હોવાથી અતિ કઠણ છે. અને કર્મયોગ તો પોતાના સ્વભાવને અનુકૂળ હોવાથી સુખે કરી શકાય એવો છે. તેથી તે પુરુષ માટે કર્મયોગ જ શ્રેષ્ઠ છે. (૨) જ્ઞાનયોગ અને કર્મયોગનું એક જ ફળ છે. (૩) કર્મયોગી પુરુષે કર્મનું કર્તાપણું, કર્મમાં મમત્વ અને તેના ફળની ઈચ્છા – એ ત્રણેયનો ત્યાગ કરીને કર્મયોગ કરવો. (૪) આત્મનિષ્ઠ પુરુષનાં લક્ષણો કહ્યાં છે. અને (૫) પરમેશ્વરના જ્ઞાનથી સર્વને પરમ શાંતિ પ્રાપ્ત થવાની વાત કહી છે. (૬) ત્રીજા અધ્યાયમાં કર્મયોગ અને તેમાં અકર્તાપણે રહેવાની રીત કહી હતી - એ બંને વાત આ અધ્યાયમાં વિશેષપણે કહેવામાં આવી છે.

भगवदुक्तौ यौ कर्मयोगज्ञानयोगौ तयोर्मध्ये स्वकरणीयम् एकमजानन्नर्जुन उवाच — सन्न्यासमिति ।

अर्जुन उवाच –

सन्न्यासं कर्मणां कृष्ण ! पुनर्योगं च शंससि ॥
यच्छ्रेय एतयोरेकं तन्मे ब्रूहि सुनिश्चितम् ॥१॥

हे कृष्ण ! – भक्तत्रिविधदुःखकर्षण ! कर्मणाम् – शास्त्रीयकर्मणां, सन्न्यासम् – "आत्मन्येव च सन्तुष्टस्तस्य कार्यं न विद्यते"(गीता.३/१७) "श्रेयान् द्रव्यमयाद्यज्ञात् ज्ञानयज्ञः परन्तप ! । सर्वं कर्माखिलं पार्थ ! ज्ञाने परिसमाप्यते"(गीता.४/३३) इत्यादिवचनैर्मुमुक्षोः कर्मत्यागं शंससि – वदसि । योगञ्च – "छित्त्वैनं संशयं योगमातिष्ठोत्तिष्ठ भारत !"(गीता.४/४२) इत्यादिवचनैः पुनः कर्मयोगं च शंससि । कर्मत्यागरूपज्ञानयोगः कर्मकृतिरूपकर्मयोगश्च, एतयोः परस्परविरुद्धयोः परस्परविरुद्धत्वादेकेन पुरुषेणैकस्मिन् काले कर्तुमयोग्ययोः तयोर्मध्ये सौकर्येण यदेकं श्रेयः – प्रशस्यतरम् अस्ति, तत् – मोक्षसाधनं सुनिश्चितं मे ब्रूहि ।।१।।

શ્રીકૃષ્ણ ભગવાને કર્મયોગ અને જ્ઞાનયોગ બંને કહ્યા. પરંતુ તેમાં પોતાને સ્વીકારવા જેવો યોગ કયો છે ? તે નહિ પકડાવાને કારણે હવે અર્જુન ફરીવાર શ્રીકૃષ્ણ ભગવાનને આ રીતે પૂછે છે : "ભક્તોના ત્રિવિધ તાપને હરનારા હે કૃષ્ણ ! આપ મુમુક્ષુને શાસ્ત્રીય કર્મનો ત્યાગ કરવાનું કહો છો. વળી, તમે કર્મયોગ કરવાનું પણ કહો છો. પરંતુ એ બંને યોગ એક જ વ્યક્તિથી એક જ સમયે થઈ શકે એવા નથી. કેમ જે, એ બંને પરસ્પર વિરુદ્ધ છે. કેવી રીતે ? તો, કર્મયોગમાં સર્વ શાસ્ત્રીય કર્મો કરવાનાં હોય છે અને જ્ઞાનયોગમાં તો તે સર્વે કર્મોને છોડી દેવાનાં હોય છે. માટે, હે પ્રભુ ! આ બંને યોગમાંથી સુખે કરી શકાય એવું જે મોક્ષનું શ્રેષ્ઠ સાધન હોય તે તમે મને નક્કી કરીને કહો." ॥૧॥

तस्य प्रश्नोत्तरं श्रीकृष्ण उवाच – सन्न्यास इति ।

श्रीभगवानुवाच –

सन्न्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ ॥
तयोस्तु कर्मसन्न्यासात् कर्मयोगो विशिष्यते ॥२॥

सन्न्यासः – गृहस्थकरणीयवैश्वदेवादिनित्यनैमित्तिकादिकर्मत्यागेनेन्द्रियव्यापारविरतिकारकज्ञानयोगरूपस्त्यागिधर्मः, कर्मयोगश्च – अग्निहोत्रादिकर्मकृतिरूपो गृहस्थधर्मश्च, मुमुक्षूणां यथाधिकारमुभौ श्रैयस्करौ स्तः। तयोः – सन्न्यासकर्मयोगयोर्मध्ये, कर्मसन्न्यासात् – गृहस्थधर्माधिकारिणो मुमुक्षुजनस्य स्वप्रकृतिप्रतिकूलतया दुष्कराज्ज्ञानयोगरूपत्यागिधर्मात् सकाशात्तु, स्वप्रकृत्यनुकूलतया सुकरत्वात्कर्मयोगो विशिष्यते – अधिको भवति ।।२।।

❋ કર્મયોગની વિશેષતા અને તેનાં કારણો :

હવે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનના પ્રશ્નનો ઉત્તર કરે છે : “હે અર્જુન ! પોતાના વર્ણને અનુરૂપ અગ્નિહોત્રાદિ સર્વ કર્મોને કરવારૂપ કર્મયોગ અને તે સર્વે કર્મોનો ત્યાગ કરી પ્રભુપરાયણ રહેવારૂપ જ્ઞાનયોગ એ બંને મુમુક્ષુઓ માટે કલ્યાણકારી જ છે. જો પોતાની અધિકારિતા - પાત્રતા મુજબ સ્વીકારવામાં આવે તો. તેમાં કર્મયોગ ગૃહસ્થાશ્રમીઓનો ધર્મ છે અને જ્ઞાનયોગ ત્યાગીઓનો ધર્મ છે.

એ બેમાં જે મુમુક્ષુ ગૃહસ્થના ધર્મનો અધિકારી હોય તેને માટે જ્ઞાનયોગની અપેક્ષાએ કર્મયોગ વધુ સારો છે. કેમ જે, તે તેના સ્વભાવને અનુકૂળ હોવાથી સુખે કરી શકાય એવો છે. જ્યારે ત્યાગીના ધર્મરૂપ જ્ઞાનયોગ તો તેના સ્વભાવને અનુકૂળ નહિ હોવાથી દુઃખે કરીને પણ ન સાધી શકાય એવો છે. માટે, કર્મયોગના અધિકારી મુમુક્ષુ માટે તો જ્ઞાનયોગ કરતાં કર્મયોગ જ અતિ શ્રેષ્ઠ છે. ॥૨॥

कस्मादित्यपेक्षायां त्यागित्वेन गृहस्थं प्रशंसयंस्तस्योत्कृष्टत्वं वदति – ज्ञेय इति ।

ज्ञेयः स नित्यसन्न्यासी यो न द्वेष्टि न काङ्क्षति ॥
निर्द्वन्द्वो हि महाबाहो ! सुखं बन्धात्प्रमुच्यते ॥३॥

यः – हर्याराधनरूपकर्मान्तर्गतात्मपरमात्मानुस्मृत्या तृप्तः कर्मयोगी, तदितरकमनीयभोजनादिपदार्थं न काङ्क्षति – नेच्छति, स्वप्रारब्धेन प्राप्तमकमनीयरुक्षभोजनस्थूलवस्त्रादिकं न द्वेष्टि, देहनिर्वाहोपयोगिना तेनैव सन्तुष्टो भवतीत्यर्थः । अत एव निर्द्वन्द्वः – द्वन्द्वेभ्यः – सुखदुःखादिभ्यो रहितः, सः गृहाश्रमस्थोऽपि, नित्यसन्न्यासी – सारासारविवेकी वैराग्य-निष्ठत्यागिवत् सदा ज्ञाननिष्ठो ज्ञेयः – बोध्यः । हे महाबाहो! स हि स्वप्रकृत्यनुकूलसुगमकर्मयोगेन, बन्धात् – जनिमृतिरूपाद्बन्धनात्, सुखम् – अनायासेन यथा तथा, प्रमुच्यते – मुक्तो भवतीत्यर्थः 'कर्मकर्तरि-लट्प्रयोगः' ॥३॥

હે અર્જુન ! પરમાત્માના આરાધનરૂપ કર્મયોગને કરતો થકો આત્મા-પરમાત્માની સ્મૃતિથી જ તૃપ્ત રહેનાર જે કર્મયોગી તે પરમાત્મા સિવાયનાં સારાં અન્ન-વસ્ત્રાદિક પદાર્થોને ઇચ્છતો નથી. અને પોતાના પ્રારબ્ધ પ્રમાણે મળેલું લૂખું ભોજન તથા જાડાં વસ્ત્રાદિકનો દ્વેષ કરતો નથી. એટલે કે, હરિઇચ્છાથી દેહનિર્વાહ માટે જે મળે તેનાથી જ સંતુષ્ટ રહે છે. આ રીતે **સુખ-દુઃખ, માન-અપમાન વગેરે દ્વંદ્વોથી પર રહેનારો પુરુષ ગૃહસ્થાશ્રમમાં રહ્યો હોય તોપણ નિરંતર સાર-અસારના વિવેકી અને વૈરાગ્યનિષ્ઠ એવા ત્યાગીની જેમ જ્ઞાનયોગમાં જ રહ્યો છે એમ જાણવું.** કેમ જે, તે પુરુષ પોતાની પ્રકૃતિને અનુકૂળ એવા કર્મયોગ દ્વારા ત્યાગીની જેમ જ જન્મ-મરણરૂપ માયાના બંધનથી સહેજે જ મુક્ત થઈ જાય છે. ॥૩॥

अधुना साङ्ख्ययोगकर्मयोगयोरनुष्ठाने फलैक्यमाह – साङ्ख्ययोगाविति।

साङ्ख्ययोगौ पृथग्बालाः प्रवदन्ति न पण्डिताः ॥
एकमप्यास्थितः सम्यगुभयोर्विन्दते फलम् ॥४॥

सम्यक् ख्यायते – प्रकाश्यते ज्ञायते सचेतनाचेतनं परमात्मवस्त्वनेनेति सङ्ख्यं, तदेव साङ्ख्यम् – ज्ञानं, साङ्ख्यम् – साङ्ख्ययोगश्च योगः – कर्मयोगश्च साङ्ख्ययोगौ, इह साङ्ख्यशब्दो ज्ञानयोगवाची तौ, बालाः– तयोर्यथार्थज्ञानहीनाः, पृथक् – भिन्नफलौ प्रवदन्ति । पण्डिताः – तयोर्यथार्थ–ज्ञानवन्तः न प्रवदन्ति । असङ्गकर्मानुष्ठानेन आत्मपरमात्मज्ञानं साध्यते, यथार्थात्मपरमात्मज्ञानेन आत्मपरमात्मध्रुवानुस्मृतिः साध्यते, एवं तयोः फलैक्यं जानन्तः पण्डिता न पृथक्पृथक् फलजनकौ चक्षते इत्यर्थः। उभयोः – मोक्षसाधनभूतयोस्तयोर्मध्ये, एकं प्रत्यपि – ज्ञानयोगं कर्मयोगं वापि, सम्यग् – यथाविध्यनुष्ठानेन, आस्थितः – आश्रितो जनः, फलम् विन्दते – उभयसाध्यं फलं लभते इत्यर्थः ॥४॥

હે અર્જુન ! જેઓ બાળકની જેમ જ્ઞાનયોગ અને કર્મયોગના સ્વરૂપને યથાર્થ જાણતા નથી, એવા પુરુષો એ બંને યોગને જુદા જુદા ફળ પમાડનારા કહે છે; પણ જે એ બંને યોગના સ્વરૂપને યથાર્થ જાણનાર પંડિતો છે, તે એમ કહેતા નથી. **જ્ઞાનયોગ અને કર્મયોગનું એક જ ફળ કેવી રીતે છે ?** નિષ્કામ કર્મયોગ કરવાથી આત્મા-પરમાત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન સિદ્ધ થાય છે. પછી તે જ્ઞાન વડે કર્મયોગીને આત્મા-પરમાત્માના સ્વરૂપની અખંડ-સ્મૃતિ સિદ્ધ થાય છે. એવી જ રીતે નિષ્કામભાવે અનુષ્ઠાયેલા આત્મા-પરમાત્માના યથાર્થ જ્ઞાનરૂપી જ્ઞાન-યોગથી પણ આત્મા-પરમાત્માના સ્વરૂપની અખંડસ્મૃતિ સિદ્ધ થાય છે. આ પ્રમાણે કર્મયોગ તથા જ્ઞાનયોગ - એ બંને એક જ ફળ આપનારા છે.

માટે, મોક્ષના સાધનરૂપ એવા એ બંનેમાંથી પોતાની પાત્રતા પ્રમાણે જ્ઞાનયોગ અથવા તો કર્મયોગ એ કોઈ પણ એક યોગને શાસ્ત્ર પ્રમાણે યથાર્થ રીતે આશરે તો તે પુરુષ બંને યોગથી મળતું એક જ ફળને પામે છે. અર્થાત્ **ત્યાગીના ધર્મો પાળવાની પાત્રતા હોય તો ત્યાગી થવું, નહિ તો ગૃહસ્થાશ્રમમાં રહેવું; પણ જો પોતપોતાના ધર્મો યથાર્થ પાળવામાં આવે તો ત્યાગી-ગૃહી બંને એકસરખું જ ફળ પામે છે.** ॥૪॥

पुनस्तदेव विवृणोति – यदिति ।

यत् साङ्ख्यैः प्राप्यते स्थानं तद्योगैरपि गम्यते ॥
एकं साङ्ख्यं च योगं च यः पश्यति स पश्यति ॥५॥

साङ्ख्यम् – ज्ञानमस्ति येषामिति साङ्ख्याः तैः साङ्ख्यैः ज्ञान–निष्ठैस्त्यागिभिः यत् स्थानं प्राप्यते, योगोऽस्ति येषामिति योगाः, 'अर्शआदिभ्योऽच्' इति मत्वर्थेऽच्प्रत्ययः, तैः योगैः – पूर्वोक्तलक्षणैः कर्मयोगिभिरपि च तत्स्थानं गम्यते। साङ्ख्यम् – इन्द्रियव्यापारविरतिरूपं ज्ञानं, योगश्च – आत्मपरमात्मज्ञानानुसन्धानयुक्तं भगवदाराधनरूपमिन्द्रिय–व्यापारानुकूलकर्मयोगं च पृथक्पृथग्रूपं, फलैक्येन एकम् – समानरूपं यः पश्यति स एव समीचीनं पश्यति ॥५॥

હે અર્જુન! જ્ઞાનયોગનિષ્ઠ ત્યાગી પુરુષો પરમાત્માના ધામરૂપ જે સ્થાનને પામે છે, તે જ સ્થાનને પૂર્વોક્ત લક્ષણવાળા કર્મયોગનિષ્ઠ પુરુષો પણ પામે છે. ઈન્દ્રિયોને વિષય થકી પાછા વાળીને આત્મા-પરમાત્માના સ્વરૂપમાં રાખવારૂપ જ્ઞાનયોગ તથા આત્મા-પરમાત્માના અનુસંધાને યુક્ત અને ભગવાનની આરાધના માટે કર્મ કરવારૂપ કર્મયોગ, એ બંને યોગના સ્વરૂપ ભિન્ન-ભિન્ન છે, પણ એ બંનેનું ફળ એક જ છે. આમ, ફળની એકતા હોવાને લીધે જ્ઞાનયોગ અને કર્મયોગને જે પુરુષ

એકસરખા જ જુએ છે, તે જ પુરુષ યથાર્થ જુએ છે. એટલે કે, જેમ છે તેમ તે બંનેને સમજે છે. ॥૫॥

गृहस्थस्य सन्न्यासो दुष्कर इत्याह – सन्न्यास इति ।

सन्न्यासस्तु महाबाहो ! दुःखमाप्तुमयोगतः ॥
योगयुक्तो मुनिर्ब्रह्म न चिरेणाधिगच्छति ॥६॥

हे महाबाहो! अयोगतः – कर्मयोगमृते, असङ्गकर्मानुष्ठानं विनेत्यर्थः। सन्न्यासस्तु – त्यागिधर्मभूतो ज्ञानयोगस्तु, अनादिवासनायुक्तैः आप्तुम् – प्राप्तुं, दुःखम् – महता कष्टेनापि प्राप्तुमशक्य इत्यर्थः। योगयुक्तः – असङ्गकर्मानुष्ठानयुक्तः, मुनिः – शरीरत्रयविलक्षणशुद्धात्मस्वरूपमननशीलः, ब्रह्म – शुद्धं क्षेत्रज्ञस्वरूपं चिरेण न गच्छति, किन्तु अचिरेणैव प्राप्नोतीत्यर्थः। अयं श्लोकाभिप्रायः – आदौ कर्मयोगं कृत्वा शुद्धान्तःकरणः सन् सत्समागमेन ज्ञानयोगं प्राप्याल्पकालेन शुद्धं क्षेत्रज्ञस्वरूपमवलोकयति इति। कर्मयोगाधिकारिणो ज्ञानयोगात्कर्मयोगः श्रेष्ठ इति पूर्वोक्तं तदत्र स्पष्टीकृतम् ।।६।।

હે અર્જુન ! અનાદિવાસનાયુક્ત મનુષ્યોને નિષ્કામ કર્મયોગ કર્યા વિના સીધો જ ત્યાગીનો ધર્મ - જ્ઞાનયોગ સિદ્ધ કરવો તે મોટા કષ્ટે કરીને પણ અશક્ય છે. જ્યારે નિષ્કામ કર્મયોગ કરનાર પુરુષ ત્રણ દેહ થકી વિલક્ષણ એવા આત્મસ્વરૂપનું મનન કરતો થકો થોડા જ સમયમાં શુદ્ધ આત્મસ્વરૂપને પામે છે. એટલે કે, **પ્રથમ નિષ્કામ કર્મયોગ વડે શુદ્ધ અંતઃકરણવાળો થાય છે. પછી સાધુના સમાગમ દ્વારા જ્ઞાનયોગ પામીને થોડા જ સમયમાં શુદ્ધ આત્મસ્વરૂપને જુએ છે - બ્રહ્મરૂપ બને છે.** તેથી જે પુરુષ કર્મયોગનો અધિકારી હોય તેને સીધો જ્ઞાનયોગ સ્વીકારવા કરતાં કર્મયોગ ઘણો જ શ્રેષ્ઠ છે. ॥૬॥

तदेव दृढयति – योगयुक्त इति ।

योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेन्द्रियः ॥
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते ॥७॥

योगयुक्तः – योगेन - नारायणाराधनरूपेण कर्मयोगेन युक्तः, अत एव विशुद्धात्मा – विशुद्धः आत्मा - अन्तःकरणं यस्य सः, अत एव विजितात्मा – भगवदाराधनरूपकर्मानुष्ठानेन विजितः आत्मा - मनो येन, अत एव जितेन्द्रियः - जितमनस्कत्वाज्जितानि इन्द्रियाणि येन, अत एव सर्वभूतात्मभूतात्मा – सर्वभूतानाम् - सर्वक्षेत्रज्ञानाम् आत्मा - अक्षरं ब्रह्म, तद्भूतः - तद्रूपः, तत्तुल्य इति यावत्, आत्मा - क्षेत्रज्ञो यस्य, निर्वासनतया अक्षरब्रह्मसादृश्यं प्राप्त इत्यर्थः। तथाभूतो योगी लोकसङ्ग्रहाय स्वाभाविकं कर्म कुर्वन्नपि न लिप्यते। कर्तृत्वममत्व-फलसङ्गैर्न बध्यते इत्यर्थः ॥७॥

જે પુરુષ પરમાત્માના આરાધનરૂપ કર્મયોગે યુક્ત છે, તેનું અંતઃકરણ વિશુદ્ધ થાય છે. તેથી તેનું મન અને ઇન્દ્રિયો સર્વ પ્રકારે વશ થઈ જાય છે. પછી તે જીવાત્મા સર્વે આત્માઓના પણ આત્મા એવા અક્ષરબ્રહ્મના સમાનભાવને પામી જાય છે. એટલે કે, સંપૂર્ણ નિર્વાસનિક થઈ ગયો હોવાથી તે અક્ષરબ્રહ્મ જેવો થઈ જાય છે. ત્યાર બાદ એવી સ્થિતિવાળો તે પુરુષ, બીજા લોકોને પોતપોતાના ધર્મમાં પ્રવર્તાવવા માટે પોતાના વર્ણાશ્રમને યોગ્ય કર્મ કરતો રહે તોપણ તે કર્મથી લેપાતો નથી. અર્થાત્ કર્મનું કર્તાપણું, તેમાં મમતા અને કર્મફળની આસક્તિથી તે પુરુષ બંધાતો નથી. ॥૭॥

तदेव निर्लेपत्वं निरूपयति द्वाभ्याम् – नैवेति, प्रलपन्निति ।

नैव किञ्चित्करोमीति युक्तो मन्येत तत्त्ववित् ॥
पश्यन्शृण्वन्स्पृशन्जिघ्रन्नश्नन्गच्छन्स्वपन्श्वसन् ॥८॥

प्रलपन् विसृजन् गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ॥
इन्द्रियाणीन्द्रियार्थेषु वर्त्तन्त इति धारयन् ॥९॥

युक्तः – देहत्रयावस्थात्रयगुणत्रयविलक्षणशुद्धात्मस्वरूपावलोकनयुक्तः, तत्त्ववित् — तत्त्वम् – आत्मतत्त्वमेव सुखरूपतया वेत्ति न त्वन्यत्। तथाभूतः पुरुषः चक्षुषा रूपं पश्यन्, श्रोत्रेण शब्दं शृण्वन्, त्वचा स्वविषयं स्पृशन्, घ्राणेन गन्धं जिघ्रन्, रसनया रसमश्नन्, पद्भ्यां भूमौ गच्छन्, स्वपन् – शयनं कुर्वन्, श्वसन् – प्राणं गृह्णन् विसृजन्, प्रलपन् – प्रजल्पन्, विसृजन् – त्यजन्, गृह्णन् – उपादानं कुर्वन्, उन्मिषन्निमिषन्नपि – नेत्रे उन्मीलयन् अनुन्मीलयन्नपि, इन्द्रियाणि – चक्षुरादिज्ञानेन्द्रियाणि वागादिकर्मेन्द्रियाणि प्राणाश्च, इन्द्रियार्थेषु – स्वस्वविषयेषु वर्तन्ते – प्रवर्तन्ते इति धारयन् – विचारयन् सन्, अहं किञ्चिन्नैव करोमीति मन्येत। कर्तृत्त्वादिरहितत्वात्। गुणातीतं सुखरूपमात्मानं पश्यन्निन्द्रियैर्विषयान् गृह्णन्नपि तेष्वागमापायिषु दुःखं बहुलं ज्ञात्वा मनसा न सज्जते इति भावः ॥८-९॥

ત્રણ દેહ, ત્રણ અવસ્થા અને ત્રણ ગુણ એ સર્વથી વિલક્ષણ એવા આત્મતત્ત્વને જ સુખરૂપપણે યથાર્થ જાણનાર અને સાક્ષાત્ દેખનાર એવો **તત્ત્વવિત્ કર્મયોગી પોતાના જીવનની સર્વે ક્રિયાને કરતો થકો પણ હું કાંઈ જ કરતો નથી, એમ પોતાને માને છે.** એટલે કે, તે સર્વે ક્રિયાના પાશથી સંપૂર્ણપણે નિર્લેપ જ રહે છે.

કઈ કઈ ક્રિયાઓથી તે નિર્લેપ રહે છે ? તો, નેત્રથી રૂપને જુએ, શ્રોત્રથી શબ્દને સાંભળે, ત્વચાથી સ્પર્શ કરે, નાસિકાથી ગંધનું ગ્રહણ કરે, જિહ્વાથી રસનું ગ્રહણ કરે, પગે કરીને પૃથ્વી ઉપર ચાલે, શયન કરે, શ્વાસને છોડે ને ગ્રહણ કરે, વાણીથી બોલવાની ક્રિયા કરે, કોઈ પણ પદાર્થનો ત્યાગ કરે કે ગ્રહણ કરે, નેત્રને ઉઘાડે કે બંધ કરે — એવી જીવન ઉપયોગી સર્વે ક્રિયાઓ કરવા છતાં પણ તે અકર્તા જ રહે છે.

કેવી સમજણથી તે અકર્તા રહે છે ? તો, તે એમ સમજે છે કે, 'આ ચક્ષુ આદિક જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો અને પ્રાણ – એ સર્વે પોતપોતાના વિષયમાં પ્રવર્તે છે. એટલે કે, તે તેનું કામ કરે છે, પણ તેમાં હું કાંઈ જ કરતો નથી.' આમ, પોતાના અંતરમાં ધારતો-વિચારતો થકો તે અકર્તા રહે છે. **તેનાથી એમ વર્તાય છે, તેનું શું કારણ છે ?** તો, તે પુરુષ કર્મમાં પોતાના કર્તૃત્વ, મમત્વ અને ફલાસક્તિથી રહિત છે. વળી, ત્રણ ગુણથી પર એવા આત્મસ્વરૂપને જ સુખરૂપ સમજે - અનુભવે છે. તેથી ઈન્દ્રિયો વડે દેહનિભાવ પૂરતા વિષયનું ગ્રહણ કરતો થકો પણ નાશવંત એવા તે વિષયોમાં અત્યંત દુઃખ સમજીને અંતરથી તે વિષયોમાં બંધાતો નથી. ॥૮-૯॥

प्रकारान्तरेण निर्लेपत्वं वदति – ब्रह्मणीति ।

ब्रह्मण्याधाय कर्माणि सङ्गं त्यक्त्वा करोति यः ॥
लिप्यते न स पापेन पद्मपत्रमिवाम्भसा ॥१०॥

यः – योगी, कर्माणि – शास्त्रीयकर्माणि, ब्रह्मणि – नारायणे मुनौ, आधाय – समर्प्य, सङ्गं त्यक्त्वा – तत्फलासक्तिं परित्यज्य, यथास्वधर्मम् इन्द्रियव्यापारान् करोति । अम्भसा – स्वस्थानभूतेन जलेन, उपरि प्रक्षिप्तेन जलेन वा, पद्मपत्रमिव – पङ्कजपर्णं यथा तथा, स पापेन – बन्धनहेतुना देहात्माभिमानरूपेणाघेन, न लिप्यते – न बध्यते ॥१०॥

હે અર્જુન ! કર્મોથી નિર્લેપ રહેવાની એક બીજી પણ રીત છે, તે હવે તને બતાવું છું : જે કર્મયોગી સર્વે શાસ્ત્રીય કર્મોને પરબ્રહ્મ એવા નારાયણમુનિને જ અર્પણ કરી દે છે. અને પછી તે કર્મના ફળની આસક્તિનો ત્યાગ કરીને પોતાના ધર્મને ઉચિત કર્મો કરતો રહે છે, તે પુરુષ જેમ કમળનું પત્ર જળે કરીને લેપાતું નથી, તેમ બંધન કરવાના કારણ એવા કર્મરૂપ પાપથી કે દેહાત્મબુદ્ધિરૂપ પાપથી

લેપાતો નથી. અર્થાત્ કર્મ કરતો હોવા છતાં પણ તે પુરુષને કર્મો બાંધી શકતાં નથી. ॥૧૦॥

कायेन मनसा बुद्ध्या केवलैरिन्द्रियैरपि ॥
योगिनः कर्म कुर्वन्ति सङ्गं त्यक्त्वात्मशुद्धये ॥११॥

कायेनेति । योगिनः – आत्मपरमात्मप्राप्त्यभिलाषुका योगिजनाः, कायेन – वपुषा, मनसा, बुद्ध्या, केवलैरिन्द्रियैरपि – श्रोत्रवागादिभिरपि, आत्मशुद्धये – आत्मनः शुद्धिः – निर्वासनिकत्वम् तस्यै, सङ्गं त्यक्त्वा – स्वर्गादिफलासक्तिं परित्यज्य, कायादिसम्बन्धिस्नानपरिचर्यादिहरिध्यान-निश्चयादिश्रवणकीर्तनादिहरिप्रीतिजनकं कर्म कुर्वन्ति ॥११॥

આત્મા-પરમાત્માને પામવાની જ એક અભિલાષાવાળા જે કર્મ-યોગીઓ છે, તે પોતાનો દેહ, મન, બુદ્ધિ અને ઇન્દ્રિયો વડે જે કાંઈ કર્મ કરે છે, તે તમામ કર્મો પોતાની શુદ્ધિ માટે એટલે કે, વાસના ટાળવા માટે કર્મના ફળરૂપ સ્વર્ગાદિકની આસક્તિનો ત્યાગ કરીને નિષ્કામભાવે કરે છે. આવા નિષ્કામભક્ત કઈ કઈ ક્રિયા કરે છે ? તો, સ્નાન, ભોજન, સેવા વગેરે શારીરિક ક્રિયાઓ. અને હરિનું ધ્યાન, નિશ્ચય, કથાશ્રવણ, કીર્તન વગેરે માનસિક ક્રિયાઓ. **આવાં તમામ કર્મો કેવળ પ્રભુની પ્રીતિ અને પ્રસન્નતા જન્માવે એમ જ કરે છે.** ॥૧૧॥

फलासक्तानासक्तयोर्बन्धमोक्षावाह — युक्त इति ।

युक्तः कर्मफलं त्यक्त्वा शान्तिमाप्नोति नैष्ठिकीम् ॥
अयुक्तः कामकारेण फले सक्तो निबध्यते ॥१२॥

युक्तः – विवेकयुक्तः, कर्मफलं त्यक्त्वा, नैष्ठिकीम् – असङ्ग-कर्मानुष्ठानेनात्मपरमात्मस्मृतौ स्थिरां, शान्तिम् – सुखं, प्राप्नोति – गच्छति । अयुक्तः – विवेकरहितः, कामकारेण हेतुना, फले सक्तः – कर्मणां

स्वर्गादिफले रागी सन् निबध्यते। एकस्य कर्मणः फलसङ्गासङ्गेन नरस्य बन्धमोक्षौ भवत इत्यर्थः ।।१२।।

હે અર્જુન ! કોઈ કર્મફળમાં આસક્તિ રાખે તો શું થાય ? અને ન રાખે તો શું થાય ? તે હવે તને જણાવું છું : દેહ અને આત્માના વિવેકે યુક્ત જે પુરુષ કર્મના ફળનો ત્યાગ કરી દે છે, તો તે નિષ્કામ કર્મયોગ દ્વારા આત્મા-પરમાત્માના સ્મરણમાં સ્થિર સુખ-શાંતિને પામે છે. અને વિવેકે રહિત જે પુરુષ છે, તે ફળ પામવાની ઇચ્છાને કારણે કર્મના ફળરૂપ સ્વર્ગાદિક લોકમાં આસક્ત થઈને બંધાઈ જાય છે. અર્થાત્ **એના એ જ કર્મને જે પુરુષ પ્રાકૃત ફળને પામવાની ઈચ્છાથી કરે છે, તે પુરુષને બંધન થાય છે અને જે પુરુષ કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે જ કરે છે, તે પુરુષ આત્યંતિક મોક્ષને પામે છે.** ॥૧૨॥

अनादिवासनायुक्तत्वात्कर्मयोगाधिकारिणो ज्ञानयोगानुकूलात् त्यागिधर्मादन्तर्गतज्ञानाभ्यासरूपः कर्मयोगसंज्ञको गृहस्थधर्मः श्रेष्ठ इति पूर्वमुक्त्वा, इदानीं सत्सङ्गेन सच्छास्त्रीयकर्मणा च मृदितान्तःकरण-कषायस्य साङ्ख्ययोगाख्यस्त्यागिधर्मरूपो ज्ञानयोग उच्यते – सर्वेति ।

હે અર્જુન ! જે અનાદિ વાસનાએ યુક્ત હોય તે કર્મયોગનો અધિકારી છે. તેથી તેના માટે ત્યાગીના ધર્મરૂપ જ્ઞાનયોગની અપેક્ષાએ કર્મયોગ નામનો ગૃહસ્થનો ધર્મ પાળવો અને તે કર્મયોગમાં આવતા જ્ઞાનનો અભ્યાસ કરતા રહેવું, તે શ્રેષ્ઠ છે. આ વાત મેં તને અત્યાર સુધીમાં સમજાવી છે. હવે સંતોનો સમાગમ અને સત્શાસ્ત્રે કહેલા ધર્મનું પાલન કરવાથી અંતઃકરણમાં રહેલા દોષો જેના શુદ્ધ થઈ ગયા છે, એવા મુમુક્ષુને માટે સાંખ્યયોગ નામનો ત્યાગીઓના ધર્મરૂપ જ્ઞાનયોગ કહું છું. અર્થાત્ અત્યાર સુધી મેં જે વાત કરી, તે ગૃહસ્થાશ્રમમાં રહેવા યોગ્ય

મુમુક્ષુ માટે છે. અને હવે જે વાત કરવાનો છું, તે ત્યાગાશ્રમને યોગ્ય એવા મુમુક્ષુ માટે છે.

सर्वकर्माणि मनसा सन्न्यस्यास्ते सुखं वशी ॥
नवद्वारे पुरे देही नैव कुर्वन्न कारयन् ॥१३॥

वशी - सत्सङ्गेन सच्छास्त्रीयकर्मणा च जितेन्द्रियान्तःकरणः, मनसा - सारासारविवेकयुक्तेन हृदा, सर्वकर्माणि — सर्वाणि - सत्सङ्ग-भागवतधर्मभक्तिशास्त्राऽभ्यासस्य नवविधभक्तेश्च विक्षेपकराणि समग्राणि वस्तूनि, च कर्माणि - तद्विक्षेपकराणि कर्माणि च, सन्न्यस्य - सम्यक् त्यक्त्वा, परिहायेति यावत्, सुखम् - अप्रयासेन यथा तथा, नवद्वारे - नेत्रनासिकादिनवद्वारवति, पुरे - नगरसदृशे देहे, ततः पृथग्भूतः पुरस्थो जन इव तदभिमानशून्य आस्ते - भागवतधर्माऽभ्यासं कुर्वंस्तिष्ठतीत्यर्थः। किञ्च त्यागिधर्मनिष्ठत्वात्, देही - ब्राह्मणादिजात्युत्पन्नदेहवान्नपि देहेन गृहस्थकर्माणि न कुर्वन् स्वपुत्रादिनामनुकूलानि कर्माणि तैर्नैव कारयन् तान् कर्तुं न प्रेरयन् सन् आस्ते। कलौ सन्न्यासवानप्रस्थाश्रमयोर्निषिद्धत्वात् वैष्णव्या दीक्षया त्यागिधर्मे स्थित्वा हरिभक्तिमेव करोतीति भावः।

तत्र प्रमाणानि - "अग्निहोत्रं गवालम्भं सन्न्यासं पलपैतृक्यम्। देवराच्च सुतोत्पत्तिः कलौ पञ्चविवर्जयेत्" इति स्मृतिः। "वानप्रस्थश्च सन्न्यास इत्युभावाश्रमौ मुने। दुष्करत्वात्कलियुगे न ग्राह्याविति निश्चयः श्रीवासुदेवभक्ता ये तीव्रवैराग्यशालिनः। तेषां धर्मस्तु तत्सेवा प्रोक्तोऽहस्सु च रात्रिषु।। एकोऽपि च क्षणस्तेषां ज्ञानविज्ञानभूयसाम्। भक्तिं नवविधां विष्णोर्विना व्यर्थो न वै भवेत्"(वा.मा.२३/३१-३३) इति स्कान्दवचनानि च। "वासुदेवीं महादीक्षां गृहित्वा वैष्णवो भवेत्। स्वाश्रमस्थो ब्रह्मचर्यं पालयन् स हरिं भजेत्।। त्यक्त्वा वा स्वगृहमसौ साधुमण्डलमध्यगः।

साधुशीलो भजेत् कृष्णम्"(स.जी.१/३३/६९-७०) इति नारायणमुनिवचनं चेत्यादीनि ।।१३।।

❋ ત્યાગાશ્રમી માટેનો જ્ઞાનયોગ :

હે અર્જુન ! સાધુનો સમાગમ અને સત્શાસ્ત્રે બતાવેલા ધર્મનું પાલન કરીને જેણે પોતાનાં ઈન્દ્રિયો-અંતઃકરણને વશ કર્યાં હોય, એવા પુરુષે સાર-અસારના વિવેકે યુક્ત મનથી સર્વ કર્મોનો સંપૂર્ણપણે ત્યાગ કરીને એટલે કે સાધુ બનીને આંખ, નાક વગેરે નવ દરવાજાવાળા આ દેહરૂપ નગરમાં સહજપણે રહેવું જોઈએ.

ત્યાગીએ કેવાં કર્મોનો ત્યાગ કરી દેવો જોઈએ ? તો, સાધુનો સમાગમ કરવામાં, ભાગવતધર્મનો અને ભક્તિપ્રધાન શાસ્ત્રનો અભ્યાસ કરવામાં તથા ભગવાનની નવ પ્રકારની ભક્તિ કરવામાં વિક્ષેપ કરનારાં એવાં તમામ સાંસારિક કર્મોનો તથા એવી લૌકિક વસ્તુઓનો સાર-અસારના વિવેકે યુક્ત મનથી સંપૂર્ણપણે ત્યાગ કરી દેવો જોઈએ.

અહીં એક ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે, ત્યાગીએ કર્મનો ત્યાગ કરવામાં સારાસારનો વિવેક રાખવો ખાસ જરૂરી છે. **ત્યાગ કરવામાં કેવા વિવેકની જરૂર છે ?** તો, **ત્યાગી બન્યા પછી પણ નારદ-શુક-સનકાદિકની જેમ સંતસમાગમ, ભાગવતધર્મ અને ભક્તિપોષક કર્મો તો કરવાનાં જ હોય છે. કેમ જે, એ તો ત્યાગી માટે પણ સારરૂપ - અતિ કલ્યાણકારક છે.** અને ત્યાગ તો તેમાં વિક્ષેપ કરનાર લૌકિક કર્મોનો જ કરવાનો છે. કારણ કે, તે ત્યાગી માટે અતિ અસારરૂપ - હાનિકારક છે. આવા સાર અને અસારનો વિભાગ કરવા માટે એટલે કે રાખવા યોગ્ય અને છોડી દેવા યોગ્ય કર્મોનો યથાર્થ વિભાગ કરવા માટે વિવેકની ત્યાગમાં પણ જરૂર છે.

આ દેહરૂપી નગરના નવ દરવાજા એટલે શું ? તો, શરીરમાં રહેલાં નવ છિદ્રો. શરીરમાંથી ચીપડા, શેડા, ગડફા, મેલ, મળ-મૂત્ર વગેરે

અંદરની ગંદી વસ્તુને બહાર કાઢવાનાં બારણાં. જેમ કે, ૨ આંખ, ૨ કાન, ૨ નાકનાં છિદ્ર, ૧ મોઢું, ૧ ગુદા અને ૧ લિંગ - આ નવ દેહના દરવાજા કહેવાય છે. **આવા દેહમાં ત્યાગીએ કેવી રીતે રહેવું જોઈએ ?** તો, જેમ નગરમાં રહેનાર નાગરિક પોતાને નગર માનતો નથી, પરંતુ તેનાથી પોતાને તદ્દન જુદો અને ફક્ત તેમાં રહેનારો માને છે. તેમ જ આ દેહમાં રહેનાર દેહી એવા આત્માએ આ શરીરથી પોતાના સ્વરૂપને સર્વપ્રકારે જુદું સમજવું જોઈએ. પરંતુ દેહને જ પોતાનું સ્વરૂપ માનીને દેહાભિમાન આવવા દેવું જોઈએ નહીં.

વળી, તે પુરુષ ત્યાગીના ધર્મમાં રહ્યો છે, તેથી ગૃહસ્થને યોગ્ય કર્મો પોતે બિલકુલ કરે નહિ. અને દેહનાં સંબંધીઓને પ્રેરણા વગેરે કોઈ પણ પ્રકારની મદદ કરીને તેમની પાસે પણ સાંસારિક કર્મો કરાવે નહીં. પરંતુ તેણે ફક્ત ભગવાનની ભક્તિ અને ભાગવતધર્મસંબંધી ક્રિયાઓને કરતા થકા નિર્લેપપણે દેહમાં રહેવું જોઈએ. કળિયુગમાં સંન્યાસ અને વાનપ્રસ્થ આશ્રમનો નિષેધ છે. તેથી આ ત્યાગી પુરુષ 'વૈષ્ણવી મહાદીક્ષા' ગ્રહણ કરીને, ત્યાગીના ધર્મમાં દૃઢપણે રહીને ભગવાનની શ્રવણાદિક ભક્તિ જ કરે છે. ॥૧૩॥

विरागवतो ज्ञाननिष्ठस्य स्वाभाविकं निर्लेपत्वमिह लोकेऽस्ति इत्याह – न कर्तृत्वमिति ।

न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः ॥
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥१४॥

प्रभुः – सर्वेन्द्रियाणि स्वधर्मे सन्नियम्य देहाभिमानं परित्यज्य क्षेत्रज्ञाभिमानेन वर्तमानः समर्थो योगी, लोकस्य – देवमनुष्यवृक्षादिरूपेण त्रिगुणात्मकप्रकृतिसम्बन्धेन प्रवर्त्तमानस्य जीवलोकस्य, कर्तृत्वं न सृजति – देवमनुष्यादिजातिजन्यं देहेन सहात्मानमेकीकृत्य प्रवृत्तं तत्तत्कर्मकर्तृभावं

स्वयं नोत्पादयति, तस्य कर्माणि च देवादिजात्यभिमानात् स्वीयस्वीयममत्वेन क्रियमाणानि तत्तत्कर्माणि नोत्पादयति, निर्ममत्वेन करोतीत्यर्थः । तस्य कर्म-फलसंयोगं त्रिगुणात्मककर्मोत्पन्नं प्राकृतफलसम्बन्धं च स्वस्मिन्नोत्पादयति ।

ननु कर्तृत्वादिकं विना देहनिर्वाहोपयोगि कर्म कथं करोति ? इत्यत्राह – स्वभावः - प्राचीनकर्मजन्यफलरूपदेहेन्द्रियरूपा प्रकृतिः, प्रारब्धकर्मानुगुणं प्रवर्तते, स्वस्य निर्गुणक्षेत्रज्ञत्वेन वर्तमानत्वात् तेषां कर्तृत्वादीनां गुणमयप्रकृतिजन्यत्वात् त्रिगुणात्मकं कर्तृत्वादिकं स न स्वीकरोतीति भावः । तथा प्रमाणम् - "मुक्तोऽपि तावद्बिभृयात्स्वदेह-मारब्धमश्नन्नभिमानशून्यः । यथानुभूतं प्रतियातनिद्रः किन्त्वन्यदेहाय गुणान्न वृङ्क्ते"(भाग.५/१/१६) इति पञ्चमे ।।१४।।

હે અર્જુન ! જે સમર્થ જ્ઞાનયોગીપુરુષ છે, તે લૌકિક કર્તૃત્વ, લૌકિક કર્મ અને તે કર્મના ફળનો સંયોગ પોતામાં ઉત્પન્ન થવા દેતો નથી. પરંતુ તેની સર્વે ક્રિયા દેહ-ઈન્દ્રિયાદિકના સ્વભાવથી જ પ્રવર્તે છે.

તે ત્યાગીપુરુષનું સમર્થપણું શું છે ? તો, તે પોતાની સર્વે ઈન્દ્રિયોને સ્વધર્મને વિશે દઢપણે નિયમમાં રાખે છે. તથા દેહાભિમાનનો સંપૂર્ણપણે ત્યાગ કરી આત્માના અભિમાનમાં જ વર્તે છે. આવું તેનામાં અલૌકિક સામર્થ્ય હોય છે. **લૌકિક કર્તૃત્વ તથા લૌકિક કર્મ એટલે શું ?** તો, દેવ-મનુષ્યાદિક જાતિમાં ઉત્પન્ન થયેલા જીવો જેમ દેહની સાથે એકરૂપ થઈને પોતપોતાની જાતિના અહંભાવથી 'હું કરું છું' એમ માનીને કરે છે, તે લૌકિક કર્તૃત્વ કહેવાય છે. અને દેવ-મનુષ્યાદિક જાતિના અભિમાનને કારણે પોતપોતાના મમત્વથી જે કાંઈ કર્મો કરવામાં આવે છે, તે લૌકિક કર્મો કહેવાય છે. **જે સમર્થ યોગીપુરુષ છે, તે એવા અહંભાવથી અને એવા મમત્વથી કાંઈ પણ કર્મ નથી કરતો. પરંતુ કર્તાપણાનો અહંભાવ અને વર્ણાશ્રમનું મમત્વ મૂકીને નિર્લેપપણે વર્તે છે.**

લૌકિક કર્મફળનો સંયોગ ઉત્પન્ન કરવો એટલે શું ? તો, જેમ દેવ-મનુષ્યાદિક જાતિમાં ઉત્પન્ન થયેલા જનો, પ્રાકૃત ફળને પામવાની ઈચ્છાથી પોતાને જ કર્મનો કર્તા માનીને રાજસ, તામસ કે સાત્ત્વિક કર્મ કરે છે, તેથી તેમને તે તે કર્મનાં ફળ ભોગવવાં પડે છે. આમ, **પોતે જ કર્તા બની ફળની ઈચ્છાથી કર્મો કરવાં, તે કર્મફળનો સંયોગ ઉત્પન્ન કર્યો કહેવાય.** આ જ્ઞાનયોગી ત્યાગીપુરુષ એવી રીતે કર્મફળનો સંયોગ પોતામાં ઉત્પન્ન થવા દેતા નથી.

અકર્તા રહીને દેહનિભાવ કેવી રીતે કરે ? તો, પૂર્વ જન્મનાં શુભાશુભ કર્મના ફળરૂપે પ્રાપ્ત થયેલી જે દેહ ઈન્દ્રિયોરૂપ પ્રકૃતિ, તે જ તેના સ્વભાવ મુજબ પ્રારબ્ધકર્માનુસારે પ્રવર્તે છે. એટલે કે, **તે યોગી નિર્ગુણ એવા આત્માને પોતાનું સ્વરૂપ માનતો હોવાથી દેહાદિકરૂપ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલું કર્તૃત્વ પોતે સ્વીકારતો નથી, છતાં દેહસંબંધી ક્રિયા તો સહજ સ્વભાવે થયા કરે છે.** ॥૧૪॥

नादत्ते कस्यचित् पापं न चैव सुकृतं विभुः ॥
अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ॥१५॥

नादत्त इति । विभुः – प्राकृतवस्तुनि ममत्वरहितत्वादात्मलाभेन परिपूर्णः, कस्यचित् – पुत्रादेः स्वजातेश्च, इन्द्रियैः सह स्वदेहस्य च, पापम् – अघं, तत्परिणामरूपं दुःखं वा, नादत्ते – नाङ्गीकरोति । सुकृतं च – शुभं कर्मापि, तत्परिणामं सुखं वा, नादत्ते – न स्वीकरोति, तेषु स्वकीयताबुद्धिहीनत्वात्तत्कृते शुभाशुभे, यद्वा तत्प्राप्ते सुखदुःखे स्वकीये न जानातीत्यर्थः ।

ननु तर्हि सर्वे जनास्त्रिगुणरहितसुखरूपात्मपरमात्मस्वरूपज्ञानवन्तः कथं न भवन्ति ? इत्याशङ्क्याह — अज्ञानेन ज्ञानमावृतम् – आच्छादितं, तेन हेतुना प्राकृतवस्त्वन्यहंममत्वेन शुभाशुभं कर्म कुर्वन्तो जन्तवः –

जननशीलाः संसारिणो मुह्यन्ति – विपरीतज्ञाना भवन्ति। यद्वा अज्ञानेन ज्ञानावरणरूपेण जन्तुनां ज्ञानमावृतं, तेन हेतुना जन्तवो मुह्यन्तीति ज्ञात्वा विभूः कस्यचित् पापं नादत्ते, सुकृतं च नेति योजनीयम्। शब्दार्थस्तु पूर्ववत्कर्तव्यः ।।१५।।

વળી, એવો તે યોગીપુરુષ માયિક વસ્તુઓમાં મમતાએ રહિત અને આત્માસંબંધી સુખથી પરિપૂર્ણ હોવાથી કોઈનું પણ પાપ કે પુણ્ય પોતે ગ્રહણ કરતો નથી. એટલે કે, **શુદ્ધ આત્મારૂપે રહ્યો થકો પોતાના દેહ કે દેહનાં સગાંસંબંધીઓ દ્વારા થતું પાપ તથા પુણ્ય અને તે પાપ-પુણ્યના ફળરૂપ સુખ-દુઃખને પોતાનું માનતો નથી. અર્થાત્ તેનો કર્તા-ભોક્તા પોતે બનતો નથી.** આ જ્ઞાનનો આટલો મોટો ફાયદો છે; પરંતુ અનાદિ અજ્ઞાનને લીધે જીવને પોતાના સ્વરૂપનું જ્ઞાન અવરાઈ ગયું છે. તેથી જીવ-પ્રાણીમાત્ર દેહાદિક પ્રાકૃત વસ્તુમાં અહંતા-મમતારૂપ મોહને પામે છે. એટલે કે, **તે અહં-મમત્વરૂપ અજ્ઞાનને કારણે શુભ-અશુભ કર્મના કર્તા તથા તેના ફળનો ભોક્તા પોતાને માને છે. અને તે અજ્ઞાનને કારણે જ જીવો વારંવાર જન્મ-મરણમાં ભટકી રહ્યા છે.** ॥૧૫॥

"सर्वं ज्ञानप्लवेनैव वृजिनं सन्तरिष्यसि"(गीता.४/३६) "ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा"(गीता.४/३७) "न हि ज्ञानेन सदृशं पवित्रम्"(गीता.४/३८) इति पूर्वोक्तं दृढयन् आह – ज्ञानेनेति ।

ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः ॥
तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ॥१६॥

आत्मनः – आत्मशब्दवाचिनोर्जीवात्मपरमात्मनोः ज्ञानेन येषां, तत् – जन्त्वावरकम् अनादिकालप्रवृत्तम् अज्ञानं, नाशितम् – क्षयं गमितं, तेषां तु तत्परम् – तावेव परौ – श्रेष्ठौ प्राप्यौ यस्मिन्, तथाभूतं ज्ञानम्, आदित्यवत्

प्रकाशयति – यथा आदित्यः तिमिरं निरस्य सर्वपदार्थान् प्रकाशयति, तद्वत् ज्ञानमज्ञानं नाशयित्वा वस्तुयाथात्म्यं प्रकाशयतीत्यर्थः ।।१६।।

હે અર્જુન ! આત્મા-પરમાત્માના યથાર્થ જ્ઞાન વડે જેઓનું અનાદિકાળથી પોતાના સ્વરૂપને આવરણ કરનારું અજ્ઞાન નાશ પામી ગયું છે, તેવા પુરુષોને તો આત્મા-પરમાત્મા સંબંધી શ્રેષ્ઠ જ્ઞાન સૂર્યની પેઠે પ્રકાશે છે. એટલે કે, જેમ સૂર્ય રાત્રિના અંધકારને ટાળીને સર્વે પદાર્થોને પ્રકાશી આપે છે, તેમ **સદ્‌ગુરુ તથા સત્શાસ્ત્ર થકી પ્રાપ્ત થયેલું આત્મા-પરમાત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન, અનાદિકાળથી જીવોમાં રહેલા અજ્ઞાનનો નાશ કરીને નાશવંત અને અવિનાશી તત્ત્વના સ્વરૂપને યથાર્થપણે પ્રકાશી આપે છે.** ॥૧૬॥

तज्ज्ञानस्य फलं निगदति – तद्बुद्धय इति ।

तद्बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ॥
गच्छन्त्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ॥१७॥

तस्मिन् ज्ञाने बुद्धिर्व्यवसायात्मिका येषां, तदात्मानः – तन्मानसाः, तन्निष्ठाः – तदभ्याससावधानाः, तत्परायणाः – तत् ज्ञानमेव परम् अयनम् – प्रयोजनं येषां ते, ज्ञाननिर्धूतकल्मषाः – ज्ञानेन तत्त्वदर्शिज्ञान्युपदिष्टेन एवमभ्यस्यमानेन वेदनेन, निर्धूतम् – समूलमुन्मूलितं, कल्मषम् – स्थूल–सूक्ष्मवासनात्मकमनादिकालप्रवृत्तं जन्ममरणजनकमशुभं कर्म येषां, तथाभूता बहवो मुक्ताः, अपुनरावृत्तिम् – न पुनरावृत्तिरागमनं यस्मात् तत् अक्षरं ब्रह्म, गच्छन्ति – प्राप्नुवन्ति ।।१७।।

❋ પક્વ જ્ઞાનીઓની સ્થિતિ તથા તેનું ફળ :

જેમને આત્મા-પરમાત્માના યથાર્થ નિશ્ચયવાળી બુદ્ધિ પ્રાપ્ત થઈ છે, જેઓ તે બંનેના જ્ઞાનના અભ્યાસમાં તત્પર વર્તે છે, જેમને તે બંને

સ્વરૂપના જ્ઞાનને સિદ્ધ કરવાનું જ પ્રયોજન છે અને જેમનું મન તે બંનેના સ્વરૂપમાં જ સ્થિરપણે રહ્યું છે, એવા **તે પુરુષો આત્મા-પરમાત્માને સાક્ષાત્ દેખનાર વિજ્ઞાની પુરુષોએ ઉપદેશેલા આત્મા-પરમાત્માના યથાર્થ જ્ઞાન વડે જીવને જન્મ-મરણ પમાડનાર અનાદિ વાસનાત્મક કર્મોને મૂળમાંથી ઊખેડી નાંખે છે અને પછી જ્યાંથી ક્યારેય પાછું પડવાનું નથી થતું એવા અક્ષર-બ્રહ્મધામને પામે છે.** ॥૧૭॥

उक्तानामेतेषां ज्ञानिनां समदर्शनप्रकारमाह – विद्येति ।

विद्याविनयसम्पन्ने ब्राह्मणे गवि हस्तिनि ॥
शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥१८॥

विद्याविनयसम्पन्ने - विद्याविनयाभ्यां, सम्पन्ने - युक्ते ब्राह्मणे, श्वपाके - चाण्डाले, गवि हस्तिनि शुनि च, पण्डिताः - क्षेत्रज्ञस्वरूप-यथार्थज्ञाः, प्राचीनशुभाशुभकर्मणात्युत्कृष्टनिकृष्टत्वेन दृश्यमानेष्वेतेषु क्षेत्रज्ञेषु, समदर्शिनः — समानि - प्रकृत्युत्पन्नविषमदेहविलक्षणक्षेत्रज्ञानां शुद्धस्वरूपाणि आकारेण प्रकाशेन जात्या चाछेद्यादिस्वभावैश्च, परस्पर-तुल्यानि पश्यन्तीति तथोक्ताः । उत्कृष्टनिकृष्टभावस्तु देहानामेव, न तु क्षेत्रज्ञानाम्। उत्कृष्टनिकृष्टभावेन स्थितानां तेषां सत्कारस्तु धर्मशास्त्र-प्रणीतविधिना कर्तव्य इत्यभिप्रायः। तथा च स्मृतिः - "अपूज्यपूजनाच्चैव पूज्यानामप्यपूजनात्। नृघातकसमं पापं शश्वत् प्राप्नोति मानवः" इति ।।१८।।

હે અર્જુન ! **આત્મસ્વરૂપને યથાર્થ જાણનાર એવા જે જ્ઞાનીપુરુષો છે તેઓ વિદ્યા અને વિનયથી યુક્ત બ્રાહ્મણ, ચાંડાળ, ગાય, હાથી અને કૂતરો - એ સર્વમાં રહેલા આત્મસ્વરૂપને એક સરખા જ દેખે છે.** એટલે કે, પૂર્વનાં શુભાશુભ કર્માનુસારે જીવોને ઉત્તમ કે અધમ એવા માયિક દેહો પ્રાપ્ત થયા છે. અને તે દેહોને કારણે જીવોમાં ભેદભાવ હોય એવું

જણાતું હોવા છતાં પણ તે આત્માઓનાં શુદ્ધ સ્વરૂપો તો એક સરખા જ છે; એમ તે જ્ઞાની પુરુષો દેખે છે.

દરેક આત્માઓમાં સમાનતા કેવી રીતે છે ? તો, સર્વે આત્માઓનો આકાર, પ્રકાશ, જાતિ અને અછેદ્યાદિક સ્વભાવો એક સરખા જ હોય છે. **આત્માનો આકાર** એટલે કે અણું જેવું તેનું પરિમાણ-માપ. **પ્રકાશ** એટલે કે તેનું ધર્મભૂત જ્ઞાન. **જાતિ** એટલે કે સ્વયંપ્રકાશપણું. **અછેદ્યાદિક સ્વભાવ** એટલે કે કોઈથી પણ છેદાય, ભેદાય કે સળગે નહિ એવા અવિકારીપણાના ગુણો. આ ચારેય બાબત સર્વે આત્માઓમાં એકસરખી જ હોય છે. બ્રાહ્મણ, ચાંડાળ અને કૂતરા વગેરેમાં જે ઉચ્ચ-નીચપણું જણાય છે, તે તો દેહોનું જ છે; પણ જીવાત્માને વિષે નથી. હા, ઉત્તમ કે અધમપણે રહેલા બ્રાહ્મણ અને ચાંડાળ વગેરે જીવોનો આદર-સત્કાર તો ધર્મશાસ્ત્રમાં જેવી રીતે કરવાનું કહ્યું છે, તેવી રીતે જ કરવો જોઈએ; પણ તે ધર્મશાસ્ત્રે બાંધેલી મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહીં. ॥૧૮॥

इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः ॥
निर्दोषं हि समं ब्रह्म तस्माद् ब्रह्मणि ते स्थिताः ॥१९॥

इहेति। येषां मनः, साम्ये - उक्तप्रकारेण क्षेत्रज्ञानां समभावे, स्थितम्। तैः नरैः, इहैव - साधनावस्थायामेव, सर्गः – सृज्यते इति सर्गः - संसारः, जितः - अतिक्रान्तः। हि - यस्मात्, निर्दोषम् - त्रिगुणरूपदोषवर्जितं, समम् - परस्परतुल्यभावेन स्थितं, यत् क्षेत्रज्ञस्वरूपं, तद् ब्रह्म - ब्रह्मसंज्ञकम् अस्ति, तस्मात् ये क्षेत्रज्ञसाम्ये स्थिताः, ते ब्रह्मणि स्थिता बोध्याः। प्राकृतभावविलक्षणेषु शुद्धक्षेत्रज्ञेष्वाकृतिजात्य-च्छेद्यादिगुणैः समभावं कुर्वाणाः संसारबन्धहीना इत्यभिप्रायः ।।१९।।

હે અર્જુન ! એવી રીતે જે **જ્ઞાનીપુરુષોનું મન આત્માઓના સમાનપણામાં સ્થિર રહે છે, તેમણે તો અહીં સાધનદશામાં જ આખો**

સંસાર જીતી લીધો છે; અર્થાત્ તેઓ સંસારને તરી ગયા છે. કેમ જે, એ રીતે જીવાત્માઓમાં સામ્યસ્થિતિને પામેલા તે પુરુષો બ્રહ્મસ્થિતિમાં જ રહેલા છે. કારણ કે, પ્રકાશાદિક ચારેય બાબતોમાં એક સમાન અને માયાના ત્રણ ગુણરૂપ દોષથી રહિત એવા જે શુદ્ધ આત્માઓ તે જ 'બ્રહ્મ' નામે કહેવાય છે. માટે, જે પુરુષો પૂર્વે કહ્યું એવી સમદૃષ્ટિવાળા છે, તે સંસારના બંધનથી રહિત છે. ॥૧૯॥

उक्तप्रकारेण स्थितस्य कालेन पक्वदशां प्राप्तस्य ज्ञाननिष्ठस्य प्रियाप्रिययोर्वस्तुनोः साम्यं भवतीत्याह – नेति ।

न प्रहृष्येत्प्रियं प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ॥
स्थिरबुद्धिरसम्मूढो ब्रह्मविद् ब्रह्मणि स्थितः ॥२०॥

पूर्वोक्तो ब्रह्मवित्, प्रियम् – स्वप्रारब्धकर्मणा लब्धं स्वमनोऽनुकूलम् इप्सितं वस्तु, प्राप्य न प्रहृष्येत् – हृष्टो न भवेत् । अप्रियम् – स्वमनसः प्रतिकूलं च, प्राप्य नोद्विजेत् – उद्वेगी न भवेत् । एवं कस्मात् ? तत्राह – स्थिरबुद्धिः – शुद्धक्षेत्रज्ञस्वरूपे स्थिरा बुद्धिर्यस्य सः । एवं कस्मात् ? इति चेत्तत्राह – असम्मूढः – नश्वरेण देहेनाविनाशिनं शुद्धक्षेत्रज्ञमेकीकृत्य सम्मोहं न गतः । तच्च कथम् ? ब्रह्मणि स्थितः – ब्रह्मस्वरूपे अभ्यासयुक्त एतादृशो ब्रह्मवित् हर्षोद्वेगौ न कुर्यादित्यर्थः ॥२०॥

હે અર્જુન ! દેહાભિમાનરૂપ મોહથી રહિત અને શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિર બુદ્ધિવાળો એવો જે **જ્ઞાનીપુરુષ, તે પોતાના પ્રારબ્ધ પ્રમાણે કાંઈક પ્રિય પદાર્થ મળે તેનો હર્ષ નથી કરતો અને અપ્રિય પ્રાપ્ત થાય તેનો શોક નથી કરતો.** તેનું કારણ શું ? તો, તે શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિરબુદ્ધિવાળો છે. તેનું કારણ શું ? તો, તે નાશવંત દેહને અને શુદ્ધ આત્માને એક સમજીને મોહિત નથી થયો. કેમ જે, તે શુદ્ધ બ્રહ્મસ્વરૂપના અભ્યાસે યુક્ત છે. તેથી તે મનગમતા માયિક પદાર્થ મળ્યા ન મળ્યાનો હર્ષશોક કરતો નથી. ॥૨૦॥

पुनस्तमेव निरूपयति – बाह्येति ।

बाह्यस्पर्शेष्वसक्तात्मा विन्दत्यात्मनि यत्सुखम् ।।
स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षयमश्नुते ।।२१।।

बाह्यस्पर्शेषु – पूर्वोक्तरीत्या क्षेत्रज्ञभिन्नेषु बाह्येन्द्रियविषयानुभवेषु, असक्तात्मा – असक्तमानसः सन्, यत् – यो जनः, आत्मन्येव सुखं विन्दति – लभते। स ब्रह्मयोगयुक्तात्मा – ब्रह्मसमाधिप्राप्तचित्तः सन्, अक्षयं सुखमश्नुते – प्राकृतसुखाभ्यासं त्यक्त्वा, अक्षयं ब्रह्मानुभवसुखं प्राप्नोतीत्यर्थः ।।२१।।

આગળ કહ્યું તે રીતે બાહ્ય વિષયસુખોમાં આસક્તિએ રહિત રહ્યો થકો **જે જ્ઞાનીપુરુષ આત્મસ્વરૂપમાં જ સુખ પામતો હોય, તે અક્ષરબ્રહ્મમાં સ્થિર ચિત્તવાળો થઈને અવિનાશી સુખને પામે છે.** અર્થાત્ માયિક સુખ-ભોગનો ત્યાગ કરીને અવિનાશી એવા અક્ષરબ્રહ્મ સંબંધી સુખને પામે છે.।।૨૧।।

प्राकृतसुखे उद्वेगहेतुमाह – ये हीति ।

ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।।
आद्यन्तवन्तः कौन्तेय ! न तेषु रमते बुधः ।।२२।।

संस्पर्शजाः – विषयेन्द्रियसंयोगजाः, ये भोगाः – सुखानि, राग-द्वेषादिव्याप्तत्वेन दुःखयोनय एव ते – दुःखस्यैव योनयः – कारणभूताः, इहामुत्र स्पर्धासूयादिदोषयुक्तत्वाद्दुःखहेतुरूपा इति यावत्। एतादृशा अपि न स्थिराः, किन्तु आद्यन्तवन्तश्च – उत्पत्तिविनाशयुक्ताश्च, क्षणिकत्वेन मिथ्याभूताः इत्यर्थः। हि – अतः हे कौन्तेय ! बुधः – विवेकवान् तेषु न रमते ।।२२।।

માયિક વિષયો અને માયિક ઇન્દ્રિયોના સંયોગથી જે કાંઈ સુખો ઊપજે છે, તે સર્વે રાગ-દ્વેષ વગેરે દોષોથી યુક્ત હોવાથી કેવળ દુઃખના

જ કારણભૂત છે. એટલે કે, તે વિષયસુખો સ્પર્ધા, ઈર્ષ્યા અને અસૂયા વગેરે દોષયુક્ત હોવાથી આ લોકમાં કે સ્વર્ગાદિક પરલોકમાં પણ દુઃખનાં જ દેનારાં છે. વળી, **એવાં દુઃખરૂપ સુખો પણ કાયમ નથી રહેતા. કેમ જે, તે ઉત્પત્તિ અને વિનાશવાળા છે. એટલે કે, ક્ષણિક હોવાથી તે સુખો મિથ્યા જ ગણાય છે.** માટે હે કૌન્તેય ! આવા તે પંચવિષયના સુખમાં જ્ઞાનીપુરુષ ક્યારેય ફસાતો નથી. ॥૨૨॥

ब्रह्मसुखार्हं पुरुषं वदति – शक्नोतीति ।

शक्नोतीहैव यः सोढुं प्राक् शरीरविमोक्षणात् ॥
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ॥२३॥

शरीरविमोक्षणात् प्राक् – देहपतनात्पूर्वं, यावच्छरीरपातमित्यर्थः। यः इहैव – साधनकाले एव, मोक्षेच्छया कामक्रोधोद्भवं वेगम् – दुर्वाररंहः, सोढुम् – वशीकर्तुं, शक्नोति – समर्थो भवति। स युक्तः – मोक्षप्राप्त्यर्हः। स एव नरः सुखी भवति नान्यः। स देहपतनात्पूर्वं ब्रह्मानुभवं करोति इत्यभिप्रायः ॥२३॥

અવિનાશી બ્રહ્મસુખને પામવાનું પાત્ર કોણ છે ? તો, જે પુરુષ પોતાનો દેહ પડે તે પહેલાં જ એટલે કે અહીં સાધનદશામાં જ એક મોક્ષને પામવાની ઈચ્છાથી કામ-ક્રોધાદિકના રોકી ન શકાય એવા વેગને પણ વશ કરવામાં શક્તિમાન - સફળ થાય છે, તે પુરુષ મોક્ષ પામવા માટે યોગ્ય છે. અને એ જ પુરુષ કાયમી સુખિયો થાય છે. એટલે કે, તે પુરુષ દેહનો નાશ થાય તે પહેલાં જ અક્ષરબ્રહ્મના સુખનો અનુભવ કરી લે છે. ॥૨૩॥

योऽन्तःसुखोऽन्तरारामस्तथान्तर्ज्योतिरेव यः ॥
स योगी ब्रह्मनिर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति ॥२४॥

य इति । योऽन्तःसुखः – अन्तः – आत्मन्येव सुखं यस्य, न प्राकृत–शब्दादिषु । अन्तरारामश्च – अन्तः – ध्येयध्याने एव आरामः – क्रीडा यस्य, न बहिः । तथा अन्तर्ज्योतिरेव च – तथा – तेन प्रकारेण, अन्तः – अन्तःकरणे ध्येयध्यानेन, ज्योतिः – प्रकाशो यस्य, तथाभूतो यो योगी, सः ब्रह्मभूतः – शुद्धात्मभूतः सन्, ब्रह्मनिर्वाणम् – ब्रह्मानुभवसुखम् अधिगच्छति – प्राप्नोति ।।२४।।

વળી, જે પુરુષ અંદરના સુખે એટલે કે આત્માના સુખે કરીને જ સુખિયો છે, પણ બાહ્ય પ્રાકૃત વિષયના સુખે કરીને સુખિયો નથી. વળી, જે ધ્યેયમૂર્તિ શ્રીહરિના ધ્યાનમાં જ આરામ કરનારો એટલે કે આનંદ માણનારો છે, પણ એ સિવાયના બીજા દેહ કે દુનિયાના સુખ સાધનોથી આનંદ માણતો નથી. તથા જેને અંતઃકરણમાં ભગવાનના ધ્યાનથી જ પ્રકાશ પ્રાપ્ત થઈ ગયો છે, **તેવો જ્ઞાનયોગી માયાના ત્રણ ગુણે રહિત એવા શુદ્ધ આત્મસ્વરૂપે થઈને અક્ષરબ્રહ્મ સંબંધી સુખને પામે છે.** ॥૨૪॥

किञ्च – लभन्त इति ।

लभन्ते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्मषाः ।।
छिन्नद्वैधा यतात्मानः सर्वभूतहिते रताः ।।२५।।

छिन्नं द्वैधं शीतोष्णादिद्वन्द्वं यैस्ते, अत एव यतात्मानः – सन्नियमितचित्ताः, सर्वभूतहिते रताः – सर्वेषां भूतानां हिते रताः दयायुक्ताः, अत एव क्षीणकल्मषाः – क्षीणम् – नष्टं स्वप्राप्यविरोधिकल्मषं येषाम्, एवम्भूता ये ऋषयः – दृष्टारः – आत्मावलोकनपरा जनाः ते ब्रह्मनिर्वाणं लभन्ते ।।२५।।

જેમણે ટાઢ-તડકો, સુખ-દુઃખાદિક દ્વંદ્વો સર્વ પ્રકારે છેદી નાખ્યા છે અને એથી જ જેમનું ચિત્ત નિયમમાં છે તથા સર્વ ભૂત-પ્રાણીમાત્રનું હિત

કરવા દયાયુક્ત વર્તે છે, અને એટલે જ પરમાત્માની પ્રાપ્તિમાં અંતરાય કરનારા મેલ જેમના નાશ પામી ગયા છે, **એવા તે આત્મદર્શી પુરુષો અક્ષરબ્રહ્મ સંબંધી સુખને પામે છે.** ॥૨૫॥

उक्तलक्षणानां योगिनां ब्रह्मानुभवः सुलभ इत्याह – कामेति ।

कामक्रोधवियुक्तानां यतीनां यतचेतसाम् ॥
अभितो ब्रह्मनिर्वाणं वर्तते विदितात्मनाम् ॥२६॥

कामक्रोधवियुक्तानाम् – कामक्रोधहीनानां, यतचेतसाम् – यतम् – वशीकृतं चेतो यैस्तेषां, विदितात्मनाम् – ज्ञातात्मतत्त्वानां, यतीनाम् – त्यागिनां वा यत्नशीलानां कर्मयोगिनां, ब्रह्मनिर्वाणम् – ब्रह्मानुभवसुखं अभितः – सर्वतो वर्तते । एतादृशानां सर्वकालेषु करगतं ब्रह्मनिर्वाणं भवतीत्यभिप्रायः ।।२६।।

જેઓ કામ-ક્રોધાદિક વિકારોથી રહિત થઈ ગયા છે, જેમણે પોતાનું ચિત્ત વશ કર્યું છે અને જેમણે આત્માનું સ્વરૂપ યથાર્થપણે જાણી લીધું છે - એવા ત્યાગીરૂપ જ્ઞાનયોગી કે કર્મયોગી પુરુષોને અક્ષરબ્રહ્મ સંબંધી સુખ સર્વ પ્રકારે મળતું રહે છે. એટલે કે એવા પુરુષોને અક્ષરબ્રહ્મ સંબંધી સુખ હાથમાં આવી ગયેલી વસ્તુની જેમ હંમેશાં સાક્ષાત્ વર્તે છે. ॥૨૬॥

पूर्वोक्तलक्षणानां योगिनां ध्यानप्रकारमाह – स्पर्शानिति द्वाभ्याम् ।

स्पर्शान्कृत्वा बहिर्बाह्यांश्चक्षुश्चैवान्तरे भ्रुवोः ॥
प्राणापानौ समौ कृत्वा नासाऽभ्यन्तरचारिणौ ॥२७॥

यतेन्द्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः ॥
विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव सः ॥२८॥

बाह्यान् - बहिर्भवान्, स्पर्शान् - शब्दादिविषयभोगान्, बहिः कृत्वा - समग्रं बाह्यकरणोद्यमं समाहृत्य ध्यानार्हासने स्थित्वा, चक्षुश्च भ्रुवोरन्तरे एव - नासिकाप्रान्तभागे एव कृत्वा, नासाऽभ्यन्तरचारिणौ — नासाऽभ्यन्तरे - नासिकयोरभ्यन्तरे नाभ्यधोभागे च चरतस्तौ प्राणापानौ, समौ - योगशास्त्रोक्तरीत्या समानगतिकौ कृत्वा ।।२७।।

यतेति । यतेन्द्रियमनोबुद्धिः - अनेन साधनेन यताः - संयता इन्द्रियमनोबुद्धयो येन सः, मोक्षपरायणः — मोक्ष एव परम् - उत्कृष्टम् अयनम् - प्राप्यस्थानं यस्य सः, अत एव विगतेच्छाभयक्रोधः — विगता इच्छाभयक्रोधा यस्य सः, इच्छा - आत्मपरमात्मानुभवव्यतिरिक्त-विषयेच्छा, भयम् - कठिनमोक्षसाधनेषु प्रवृत्या देहेदैहिकनाशे भीतिश्च, क्रोधश्च - स्वेप्सितविषयभोगप्रतिरोधके रोषश्च, एतादृशो यो मुनिः, स सदा मुक्त एवास्ति - साधनावस्थायां स्थितोऽपि सिद्धावस्थायामिव स मुक्त एव ज्ञातव्य इत्यर्थः ।।२८।।

હે અર્જુન ! હવે હું તને તે યોગીપુરુષના ધ્યાનની રીત જણાવું છું : સર્વ પ્રથમ તે યોગી બહારના શબ્દાદિક વિષયભોગોને બહાર જ છોડી દે. એટલે કે, બાહ્યઇન્દ્રિયોની ક્રિયામાત્રનો ત્યાગ કરી, ધ્યાન કરવા યોગ્ય આસનમાં સ્થિર થઈને બેસે. પછી પોતાની નેત્રવૃત્તિને નાસિકાના અગ્ર ભાગ ઉપર સ્થિર રાખે. ત્યાર બાદ નાકથી નાભી સુધી શરીરના અંદરના ભાગમાં આવન-જાવન કરી રહેલા એવા પ્રાણ અને અપાનવાયુને યોગશાસ્ત્રમાં કહ્યા મુજબ સમાન ગતિવાળા કરે.

પછી આ કહ્યાં તે સાધનોથી પોતાનાં ઇન્દ્રિયો, મન અને બુદ્ધિનો સારી રીતે સંયમ કરે. ત્યાર પછી અખંડ મોક્ષપરાયણ જ થઈને રહે. એટલે કે, એક મોક્ષને જ પરમપ્રાપ્ય રાખે અને એમાં અંતરાય કરનાર

તમામ ઈચ્છાઓ, ભય અને ક્રોધનો ત્યાગ કરે. આવી રીતે **જે અખંડ આત્મા-પરમાત્માના મનન-ચિંતનમય જ રહે છે, તે અત્યારે સાધનાવસ્થામાં હોય તોપણ મુક્ત જ છે;** એમ જાણવું.

મોક્ષમાં નડતરરૂપ ઈચ્છા, ભય અને ક્રોધ એટલે શું ? તો, આત્મા-પરમાત્માનો અખંડ અનુભવ મેળવવા સિવાયની તમામ ઈચ્છાઓ. મોક્ષનાં કઠણ સાધનો સિદ્ધ કરવા જતાં કદાચ મારો દેહ કે દેહસંબંધી પદાર્થનો નાશ થઈ જશે તો..! અથવા તેમાં કાંઈક નુકસાન થઈ જશે તો..! એવો ભય. પોતાના ઈચ્છિત ભોગમાં કે પોતે નક્કી કરેલાં લૌકિક કાર્યમાં અવરોધ કરનારા ઉપર થનારો ગુસ્સો-ક્રોધ.

આ ત્રણેય દોષો મોક્ષમાં ખૂબ જ નડતરરૂપ છે. માટે ડાહ્યા ત્યાગીએ તેનો સંપૂર્ણ ત્યાગ કરવો જોઈએ. જો આવા બધા દોષોનો ત્યાગ કરીને અખંડ પ્રભુપરાયણ જ રહેવાય તો તે સદા મુક્ત જ છે. ॥૨૭-૨૮॥

साङ्ख्यस्थः, योगस्थः, शुद्धक्षेत्रज्ञस्वरूपं प्राप्तः, अक्षरं ब्रह्म प्राप्तश्चेति चतुर्विधः समग्रजनसमूहः परमेश्वरयाथार्थ्यज्ञानेनैव आत्यन्तिकं सुखं प्राप्नोति इत्याह — भोक्तारमिति ।

भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ॥
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति ॥२९॥

इति श्रीभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णाऽर्जुनसंवादे 'सन्न्यासयोगो' नाम पञ्चमोऽध्यायः ॥५॥

यज्ञतपसाम् — यज्ञानां, तपसाम् - तपःफलानां, तदन्येषां पुष्पफलादीनामपि जनैर्भक्त्या समर्पितानां तेषां, भोक्तारं - "पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति । तदहं भक्त्युपहृतमश्नामि "(गीता.९/२६) इति वक्ष्यमाणवचनात्, सर्वलोकमहेश्वरम् - सर्वेषां लोकानां लोकस्थानाम्

ईश्वराणां महान्तम् ईश्वरं, तथा श्रुतिः – "तमीश्वराणां परमं महेश्वरम्"(श्वेता.६/७) इति, सर्वभूतानां सुहृदम् – मित्रवत्सुखकरं, एवम्भूतं मां ज्ञात्वा, साङ्ख्यस्थयोगस्थसर्वजनः, शान्तिम् – विषयानुभवसुखाद्बह्वधिकं शुद्ध-क्षेत्रज्ञानुभवसुखं, तस्मादधिकतरं यदक्षरब्रह्मानुभवसुखं, तस्मादधिकतमं मदात्यन्तिकसुखम्, ऋच्छति – प्रयाति । तस्मात् कर्मयोगेन ज्ञानयोगेन भक्तियोगेन च, सर्वजनैरहमेवोपास्यो नान्ये इति श्रीकृष्णचन्द्राभिप्रायः । तथा सूत्रम् "आनन्दमयोऽभ्यासात्"(ब्र.सू.१/१/१३) इति ।।२९।।

❋ પરબ્રહ્મની નિષ્ઠાનું માપ :

કર્મયોગી, જ્ઞાનયોગી અને શુદ્ધ આત્મસ્વરૂપને કે અક્ષરબ્રહ્મની સ્થિતિને પામી ગયેલ – આ ચારેય પ્રકારના પુરુષો મારા યથાર્થ માહાત્મ્ય જ્ઞાનથી જ અવિનાશી અને સર્વોત્તમ પરમાનંદને પામે છે.

તે માટે મને કેવો સમજવો જોઈએ ? તો, 'यज्ञतपसां भोक्तारं' એટલે કે, આ જગતમાં થતાં સર્વે યજ્ઞો, અનેક પ્રકારનાં તપ અને એ સિવાય તન, મન, ધનથી કાંઈ પણ મારા માટે કરવામાં આવ્યું હોય, તે સર્વેનો ભોક્તા હું છું; એમ મને જાણે. એટલે કે, વિવિધ પ્રકારની પૂજા-સામગ્રીથી સર્વે યજ્ઞોમાં હું જ આરાધના કરવા યોગ્ય છું. વિવિધ પ્રકારનાં તપે કરીને પણ હું જ પ્રસન્ન કરવા યોગ્ય છું. એ સિવાય બીજું કાંઈ પણ શાસ્ત્રીય કર્મ કરવામાં આવે છે, તે બધું પ્રેમથી મને જ અર્પણ કરવું જોઈએ, મારી પ્રસન્નતા અર્થે જ કરવું જોઈએ. શા માટે ? તો, ઉપર કહ્યું તે બધું ગમે તેને ઉદ્દેશીને કર્યું હોય, પરંતુ છેવટે તે સર્વેના અંતર્યામીપણે રહીને હું જ તેનો સ્વીકાર કરું છું અને હું જ તે સર્વેને કર્મફળ આપું છું.

'सर्वलोकमहेश्वरम्' એટલે કે, બ્રહ્માંડની અંદર અને બ્રહ્માંડની બહાર

ભૌતિક કે અભૌતિક અનેક લોકો રહેલા છે. તે તમામ સ્થાનો અને તે તે સ્થાનમાં રહેનારાઓ એ સર્વેનો હું જ એક સર્વોપરી નિયંતા છું. 'सर्वभूतानां सुहृदम्' એટલે કે, મુક્તો, અક્ષર, ઈશ્વરો અને આ બ્રહ્માંડમાં રહેલાં દેવ-મનુષ્ય વગેરે સર્વે ભૂત-પ્રાણીમાત્રનું હું મિત્રની જેમ ભલું કરનારો છું, સુખ આપનારો છું. 'मां ज्ञात्वा शान्तिम् ऋच्छति' એટલે કે, આ રીતે મને જ સર્વકર્તા, સર્વભોક્તા, સર્વનિયંતા, સર્વકર્મફળપ્રદાતા, સર્વાંતર્યામી, સર્વોપાસ્ય અને પરમપ્રાપ્ય જાણવાથી જ્ઞાનયોગી, કર્મયોગી વગેરે પુરુષો શાંતિ પામે છે.

મને યથાર્થ જાણવાથી મળતી શાંતિ એટલે શું ? તો, માયિક વિષયભોગમાત્રનાં સુખ કરતાં શુદ્ધ આત્મસ્વરૂપના અનુભવનું સુખ ઘણું અધિક છે. અને તે જીવાત્મસુખ કરતાં અક્ષરબ્રહ્મના અનુભવનું સુખ અતિશય વધુ છે. અને તે અક્ષરબ્રહ્મના સુખ કરતાં પણ મારું સુખ તો અનંતગણું અધિક છે. આવું જે મારું આત્યંતિક સુખ તેને જ અહીં 'શાંતિ' શબ્દથી કહેવામાં આવે છે. **તે સુખ મને જેમ છે તેમ જાણવાથી અને ઉપાસવાથી મળે છે.** માટે **કર્મયોગ, જ્ઞાનયોગ કે ભક્તિયોગ – એ ત્રણેય યોગે કરીને હું જ એક ઉપાસના કરવા યોગ્ય છું, પણ બીજા કોઈ જ ઉપાસના કરવા યોગ્ય નથી; એમ તું જાણ."** ॥૨૯॥

पञ्चमेऽध्यायेऽनादिवासनायुक्तस्य मुमुक्षोः स्वप्रकृत्यनुकूलकर्म-योगाख्यो गृहस्थधर्म एव मोक्षसाधनभूतः स्वान्तर्गतज्ञानसहितेन कर्मयोगेन मृदितकषायस्य ज्ञानयोगाख्यस्त्यागिधर्मश्चोक्तः, यथाशास्त्रानुष्ठानेन तौ द्वावपि शुद्धक्षेत्रज्ञप्रापकावक्षरब्रह्मप्रापकौ चोक्तौ । क्षेत्रज्ञस्वरूपं प्राप्तानां, ब्रह्मप्राप्तानां च, परमेश्वरयाथात्म्यज्ञानेनैव सम्यक् शान्तिरित्युक्तम् ।।५।।

इति श्रीसहजानन्दस्वामिशिष्यगोपालानन्दकृतायां भगवद्भावदीपिकायां श्रीभगवद्गीताटीकायां पञ्चमोऽध्यायः ।।५।।

આ પાંચમા અધ્યાયમાં આટલી બાબતો કહેવાણી : (૧) જેને હજી અનાદિ વાસના ટળી નથી એવા મુમુક્ષુને પોતાના સ્વભાવને અનુકૂળ આવે એવો કર્મયોગ નામનો ગૃહસ્થધર્મ જ મોક્ષનું સાધન છે. (૨) આત્મા-પરમાત્માનાં જ્ઞાને સહિત એવા કર્મયોગથી જેના કામાદિક દોષો ટળી ગયા છે, એવા પુરુષ માટે જ્ઞાનયોગ નામનો ત્યાગીધર્મ કહ્યો છે. (૩) શાસ્ત્રમાં તેની જે રીત બતાવી છે, તે પ્રમાણે એ બંને યોગનું અનુષ્ઠાન કરવાથી તે બંને શુદ્ધ આત્મસ્વરૂપ અને અક્ષરબ્રહ્મને પમાડે છે. (૪) શુદ્ધ આત્મસ્વરૂપ અને અક્ષરબ્રહ્મને પામી ગયેલા પુરુષોને પણ પરમેશ્વરના યથાર્થ માહાત્મ્યજ્ઞાનથી જ સર્વોપરી સુખ પ્રાપ્ત થાય છે.

આ રીતે સર્વાવતારી શ્રીસહજાનંદસ્વામીના શિષ્ય સદ્.શ્રીગોપાળાનંદ-સ્વામી વિરચિત શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યના ગુજરાતી ભાવાનુવાદમાં 'કર્મયોગ અને જ્ઞાનયોગના અધિકારી કહ્યા' એ નામે પાંચમો અધ્યાય પૂરો થયો. ॥૫॥



षष्ठोऽध्यायः

अभ्यासयोगः

इदानीं षष्ठेऽध्याये यथाशास्त्रकर्मयोगज्ञानयोगानुष्ठानेन सिद्धस्य शुद्धक्षेत्रज्ञध्यानेनाऽक्षरब्रह्मध्यानेन च तत्समाधिरुच्यते तदनन्तरं परमात्म-ध्यानेन तत्समाधिश्च ।

આ છઠ્ઠા અધ્યાયમાં આટલી બાબત કહેવાશે : શાસ્ત્રમાં કહ્યા મુજબ કર્મયોગ અને જ્ઞાનયોગનું અનુક્રમે આચરણ કરવાથી સિદ્ધદશા પ્રાપ્ત થાય છે. પછી તે યોગીપુરુષને પ્રથમ શુદ્ધ આત્મસ્વરૂપના ધ્યાને કરીને આત્માની સમાધિ થાય છે. અક્ષરબ્રહ્મના ધ્યાને કરીને અક્ષરબ્રહ્મને વિશે સમાધિ થાય છે. પછી પરમાત્માના ધ્યાને કરીને સમાધિમાં પરમાત્માનો અનુભવ થાય છે.

ज्ञानयोगकर्मयोगैक्यं निरूपयन् भगवानुवाच – अनाश्रित इति द्वाभ्याम् ।

श्रीभगवानुवाच –

अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।।
स सन्न्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ।।१ ।।

यः – त्यागी गृहस्थो वा, कर्मफलम् – स्वस्वाश्रमकर्मप्राप्यं स्वर्ग-सत्यलोकादिकं फलं, तत्र प्रमाणम् – "वर्णी यतिश्च धर्मस्थो ब्रह्मलोकमुपैति वै। ऋषिलोकं वनस्थश्च गृहस्थः स्वर्गमाप्नुयात्"(वा.मा.२३/४२) इति स्कान्दवचनम्। अनाश्रितः – अनाकाङ्क्षमाणः सन्, कार्यम् – स्वाश्रमे

अवश्यं करणीयतयोक्तं कर्म करोति, स सन्न्यासी च – ज्ञानयोगयुक्तश्च, योगी च – कर्मयोगयुक्तश्च। न निरग्निः – सोऽग्निहोत्रादिकर्मरहितो न भवति। न चाक्रियः – केवलज्ञाननिष्ठश्च नास्ति, किन्तूभयमोक्षसाधनयुक्त इत्यर्थः ।।१।।

શ્રીકૃષ્ણ ભગવાન હવે સૌ પ્રથમ જ્ઞાનયોગ અને કર્મયોગની એકતાનું નિરૂપણ કરે છે : "હે અર્જુન ! જે ત્યાગી કે ગૃહસ્થ મુમુક્ષુ કર્મના ફળની ઇચ્છાનો ત્યાગ કરીને પોતપોતાના આશ્રમને અનુરૂપ અવશ્ય કરવાનાં કર્મો કરતો રહે છે, તે જ પુરુષ સાચો જ્ઞાનયોગી તથા સાચો કર્મયોગી છે. પરંતુ જે અગ્નિહોત્રાદિક કર્મોનો ત્યાગ કરી દે કે સંપૂર્ણ નિષ્ક્રિય થઈ જાય, તે ખરો કર્મયોગી કે જ્ઞાનયોગી નથી. અર્થાત્ સાચો યોગી ક્યારેય શાસ્ત્રીય કર્મોનો ત્યાગ કરીને કેવળ જ્ઞાનયોગમાં જ નિષ્ઠાવાળો થઈ જતો નથી. પરંતુ તે કર્મયોગ અને જ્ઞાનયોગ એ બંને પ્રકારના મોક્ષનાં સાધને સહિત જ રહે છે. ॥૧॥

सम्यग्ज्ञानांशमुख्यस्य कर्मयोगस्यैव ज्ञानयोगत्वं निरूपयन्नाह – यमिति ।

यं सन्न्यासमिति प्राहुर्योगं तं विद्धि पाण्डव! ॥
न ह्यसन्न्यस्तसङ्कल्पो योगी भवति कश्चन ।।२।।

यम् – ज्ञानयोगं, सन्न्यासम् – त्यागिधर्म इति प्राहुः – कर्मयोग–ज्ञानयोगयाथार्थ्यविदः प्रवदन्ति। तम् – ज्ञानयोगं, योगम् – कर्मयोगमेव, विद्धि – जानीहि। स ज्ञानयोगः कर्मयोग एव भवतीति त्वं जानीहीत्यर्थः। तदेव निरूपयति — हे पाण्डव! असन्न्यस्तसङ्कल्पः — न सन्न्यस्तः – न त्यक्तः सङ्कल्पो येन सः, सङ्कल्पः – आत्मनो देहेन सत्त्वादिगुणैश्च सहैकीभावेन प्रवर्तनम्। आत्मविचारेणात्यक्तदेहाभिमानः, देहाभिमानयुक्त इति यावत्। एवम्भूतः कश्चन – कोऽपि योगी, कर्मयोगी न भवति।

हि - निश्चितम्। तस्मादात्मयाथात्म्यज्ञानेन सन्त्यक्तसकलसङ्कल्पस्य कर्मयोगिनो ज्ञानयोगित्वं ज्ञातव्यमिति भावः ।।२।।

હે પાંડવ ! કર્મયોગ અને જ્ઞાનયોગ, એ બંનેના સ્વરૂપને યથાર્થ જાણનારા ડાહ્યા પુરુષો, જે જ્ઞાનયોગને 'તે ત્યાગીનો ધર્મ છે' એમ કહે છે, તે જ્ઞાનયોગ એ કર્મયોગ જ છે, એમ તું જાણ. કેમ જે, જેણે દેહ અને માયાના ત્રણ ગુણની સાથે એક થઈને વર્તવારૂપ દેહાભિમાનનો આત્મજ્ઞાને કરીને ત્યાગ નથી કર્યો, એવો કોઈ પણ યોગી સાચો કર્મયોગી નથી બની શકતો. માટે આત્મસ્વરૂપના યથાર્થ જ્ઞાનથી જેણે દેહાભિમાનનો સંપૂર્ણપણે ત્યાગ કરી દીધો હોય તે કર્મયોગીને જ્ઞાનયોગી જાણવા.।।૨।।

यर्हि गृहस्थधर्मभूतकर्मयोग एव मोक्षसाधनमस्ति, तर्हि वेदपुराणेषु अनुक्रमेणोक्तस्य ज्ञानयोगमुख्यसाधनभूतस्य त्यागिधर्मस्य किं प्रयोजनम् अस्तीत्याशङ्कायामाह – आरुरुक्षोरिति ।

आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ।।३।।

योगम् - ब्रह्मसमाधिम्, आरुरुक्षोः — आरोढुम् - प्राप्तुमिच्छोः मुनेः, तत्प्राप्तौ कारणम् - मुख्यसाधनम्, आदौ कर्म - असङ्गकर्मानुष्ठानम्, उच्यते - कथ्यते। योगारूढस्य — असङ्गकर्मणा सत्सङ्गेन च चित्ते शुद्धे सति योगम् - ब्रह्मावलोकनरूपज्ञानयोगम्, आरूढस्य - प्राप्तस्य, तस्य - मुनेः, शमः - ब्रह्मसमाधिविक्षेपकरकर्मत्यागरूपत्यागिधर्म एव ब्रह्म-समाध्यधिकप्रवृत्तौ कारणम् - हेतुः उच्यते। अत्र प्रमाणम् - "भिक्षोर्धर्मः शमोऽहिंसा तप ईक्षा वनौकसः। गृहिणो भूतरक्षेज्या द्विजस्याचार्यसेवनम्" (भाग.११/१८/४२) इति। अनादिवासनायुक्तस्य मुमुक्षोरादौ कर्मयोगः, तेन च चित्तशुद्धौ सत्यां कर्मनिवृत्तिरूपो ज्ञानयोगः, तेन ब्रह्मसमाधिरिति भावः ।।३।।

*** ત્યાગીઓના ધર્મભૂત જ્ઞાનયોગની આવશ્યકતા :**

જો ગૃહસ્થધર્મભૂત કર્મયોગ જ મોક્ષનું સાધન હોય તો વેદ-પુરાણમાં કર્મયોગ પછી બીજા નંબરે બતાવેલ જ્ઞાનયોગના મુખ્ય સાધનરૂપ એવા ત્યાગીધર્મનું શું પ્રયોજન રહ્યું ?' આવો તને પ્રશ્ન થાય, તો તેનો જવાબ એ છે કે, જે પુરુષ સમાધિ પામવા માટે ઈચ્છી રહ્યો હોય, તેને શરૂઆતમાં સમાધિની પ્રાપ્તિનું મુખ્ય સાધન નિષ્કામ કર્મયોગ જ છે. કેમ જે, **તે નિષ્કામ કર્મયોગ અને સાધુના સમાગમ દ્વારા જ તેના ચિત્તની શુદ્ધિ થાય છે.** અને એ રીતે ચિત્તની શુદ્ધિ થતાં તે મુનિ સમાધિની પ્રારંભિક સિદ્ધિ પામે છે. એટલે કે, બ્રહ્મનાં દર્શનરૂપ જ્ઞાનયોગની સિદ્ધિ પામે છે. આ રીતે જ્ઞાનયોગની સિદ્ધિ પામેલા તે યોગીને પછી સમાધિમાં વિશેષ આગળ વધવા માટે ત્યાગીના ધર્મની જરૂર પડે છે.

અર્થાત્ **જ્યાં સુધી મુમુક્ષુ અનાદિ વાસનાથી યુક્ત હોય ત્યાં સુધી કર્મયોગ જરૂરી છે. તે નિષ્કામ કર્મયોગ દ્વારા તેના ચિત્તની શુદ્ધિ એટલે કે નિર્વાસનિકતા પ્રાપ્ત થાય ત્યારે સર્વ કર્મોને છોડી દેવારૂપ ત્યાગીધર્મ એટલે કે જ્ઞાનયોગ જરૂરી છે. અને પછી તે જ્ઞાનયોગ દ્વારા બ્રહ્મ-પરબ્રહ્મની પક્વ સમાધિ-સ્થિતિ પ્રાપ્ત થાય છે.** ।।૩।।

तमेव योगारूढं वदति – यदेति ।

यदा हि नेन्द्रियार्थेषु न कर्मस्वनुषज्जते ।।
सर्वसङ्कल्पसन्न्यासी योगारूढस्तदोच्यते ।।४।।

यो मुनिः, यदा इन्द्रियार्थेषु – ब्रह्मानुभवप्राप्त्या प्राकृतशब्दादिषु, नानुषज्जते, कर्मसु च – शब्दादिसाधनभूतक्रियासु च, नानुषज्जते – आसक्तिं न करोति। तदा हि – तदैव, सर्वसङ्कल्पसन्न्यासी – सर्वान् – शब्दादीनां तत्कर्मणां च समग्रान्, सङ्कल्पान् – मनोरथान् सन्न्यस्यतीति तथाभूतः। स योगारूढः – समाध्यारूढ इत्युच्यते ।।४।।

હે અર્જુન ! હવે તને બ્રહ્મ-પરબ્રહ્મનાં સાક્ષાત્ દર્શનરૂપ યોગને પામેલ પુરુષનાં લક્ષણ જણાવું છું : જે યોગી બ્રહ્મ-પરબ્રહ્મનાં સાક્ષાત્ અનુભવને કારણે પ્રાકૃત શબ્દાદિક પંચવિષયમાં અને તે વિષયને પ્રાપ્ત કરાવનારી ક્રિયાઓમાં આસક્તિ ન કરે અને તે સંબંધી સર્વે સંકલ્પોનો પણ ત્યાગ કરી દે, ત્યારે તે યોગી દૃઢ સમાધિવાળો કહેવાય છે. ॥૪॥

योगोद्योगे मनसः शत्रुत्वमित्रत्वे दर्शयति – उद्धरेदिति ।

उद्धरेदात्मनाऽत्मानं नात्मानमवसादयेत् ॥
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥५॥

आत्मना – विषयासक्तिहीनेन सारासारविवेकवता वा मनसा, आत्मानम् – स्वक्षेत्रज्ञं, संसारार्णवे निमग्नं, संसरणादुद्धरेत् । नरो विपरीतेन मनसा आत्मानं नावसादयेत् – संसाराम्भोधौ न निमज्जयेत् । हि – यस्मात्, आत्मनः – स्वस्य, आत्मैव – जितं मन एव, बन्धुः – बन्धुवत् उपकारकः । आत्मनः – स्वस्य, आत्मैव – अजितं मन एव, रिपुः – नरकपातनहेतुरस्ति ।।५।।

હે અર્જુન ! યોગીએ વિષયની આસક્તિએ રહિત અને સાર-અસારના વિવેકવાળા મન વડે પોતાના આત્માનો જન્મ-મરણ થકી ઉદ્ધાર કરવો જોઈએ; પરંતુ આસક્તિવાળા મન વડે પોતાના આત્માને સંસારસમુદ્રમાં ડૂબાડવો જોઈએ નહીં. કારણ કે, **પોતે વશ કરેલું મન જ પોતાનો બંધુ એટલે કે ઉપકાર કરનાર છે. અને પોતાથી નહીં જીતાયેલું વિષયાસક્ત મન જ પોતાનો શત્રુ એટલે કે આત્માને નરકમાં નાખનાર છે.** ॥૫॥

पुनस्तदेव विवृणोति – बन्धुरिति ।

बन्धुरात्मात्मनस्तस्य येनात्मैवात्मना जितः ॥
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ॥६॥

येन – जनेन, आत्मना – विवेकवत्या बुद्ध्या, आत्मा – स्वमनः, जितः – प्राकृतशब्दादिभ्यो वशीकृतः, तस्य – नरस्यैव, आत्मा – मनः, आत्मनः – स्वस्य, बन्धुः – इहामुत्र सुखदायकः । अनात्मनः – अजित–मनसः पुंसस्तु, आत्मैव – मन एव, स्वस्य शत्रुवत् – अरिवत्, शत्रुत्वे – स्वरिपुभावे वर्त्तेत । तत्र प्रमाणं पराशरवचनम् – "मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः । बन्धस्य विषयासङ्गि मुक्तेर्निर्विषयं तथा"(ना.पु.पू.२/४७/४) इति ।।६।।

કોને પોતાનું મન હિતકારક બને છે ? તો, જે પુરુષે સાર-અસારના વિવેકવાળી બુદ્ધિથી પોતાના મનને પ્રાકૃત શબ્દાદિક પંચવિષય થકી પાછું વાળીને વશ કરી લીધું હોય છે, તે પુરુષને જ પોતાનું મન આ લોકમાં અને પરલોકમાં સુખ દેનારું થાય છે. પરંતુ જે પુરુષે પોતાનું મન વશ નથી કર્યું, તે પુરુષને તો પોતાનું મન જ શત્રુની પેઠે પોતાનું અહિત કરનારું થાય છે. ।।૬।।

जितात्मनः प्रशान्तस्य परमात्मा समाहितः ।।
शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयोः ।।७।।

जितात्मन इति । शीतोष्णसुखदुःखेषु – चित्तहर्षविक्षेपकरेषु तेषु, तथा मानापमानयोः – पूजापरिभवयोश्चित्तहर्षविक्षेपहेत्वोस्तयोः, जितात्मनः – जितमनसः, हर्षोद्वेगादिरहितमानसस्येति यावत् । अत एव प्रशान्तस्य – प्राकृत–विषयरागरहितस्य पुंसः, आत्मा – मनः, परं प्रति – अक्षरं ब्रह्म प्रति, समाहितः – सम्यक् स्थितोऽस्ति । यद्वा तस्य हृदीति शेषः । परमात्मा – ब्रह्म, समाहितः – सम्यक् स्थितोऽस्ति, ध्यानेन स शीघ्रं प्राप्योऽस्तीति भावः । यद्वा प्रशान्तस्य शुद्धक्षेत्रज्ञस्य मनसि परमात्मा – परमेश्वरः समाहितोऽस्ति, उक्तसाधनसम्पन्नेन तेन परमात्मा तूर्णं प्राप्यत इति भावः ।।७।।

અંતઃકરણમાં હર્ષ અને ઉદ્વેગ કરાવનારાં ટાઢ-તડકો, સુખ-દુઃખ તથા માન-અપમાન વગેરે દ્વંદ્વોમાં જેણે પોતાનાં મનને જીતી લીધું છે. એટલે કે, તે માન-અપમાન જેવા સમયમાં પણ જેનું મન હર્ષ-શોકાદિકથી રહિત રહે છે. એટલે જ પ્રાકૃત વિષયની આસક્તિએ રહિત શાંતપણે રહેનારા પુરુષનું મન અક્ષરબ્રહ્મમાં સ્થિર થઈને રહે છે. અથવા એવા તે શાંતપુરુષના હૃદયને વિશે અક્ષરબ્રહ્મ સારી રીતે સ્થિર થઈને રહે છે. એટલે કે, તે પુરુષ હવે ટૂંક સમયમાં જ ધ્યાન વડે અક્ષરબ્રહ્મનો સાક્ષાત્ અનુભવ કરી શકશે. અથવા પ્રશાંત એવા તે શુદ્ધ આત્માના હૃદયને વિશે પુરુષોત્તમ ભગવાન સારી રીતે સ્થિર થઈને રહે છે. એટલે કે, આ રીતે **મનજીત અને વાસના રહિત તે પુરુષ પરમાત્માને તત્કાળ પામે છે.** ॥૭॥

पुनर्योगारूढं वदति – ज्ञानेति ।

ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थो विजितेन्द्रियः ॥
युक्त इत्युच्यते योगी समलोष्टाश्मकाञ्चनः ॥८॥

ज्ञानविज्ञानतृप्तात्मा – ज्ञानम् - शास्त्रजन्यं याथार्थ्यवेदनं च, विज्ञानम् - अपरोक्षानुभवश्च, ताभ्यां तृप्तो - विनाशिवस्तुषु निरपेक्ष आत्मा - मनो यस्य सः । अत एव कूटस्थः - विकारशून्यः, अत एव विजितेन्द्रियः - सम्यक्वशीकृतेन्द्रियः । अत एव समलोष्टाश्मकाञ्चनः - समानि लोष्टादीनि यस्य सः । प्रकृतिविलक्षणब्रह्मनिष्ठत्वेन प्रकृतिजन्य-विचित्रवस्तुषु भोग्यबुद्धिहीनत्वाल्लोष्टपाषाणकनकेषु समबुद्धिरित्यर्थः । एवम्भूतो यो योगी स युक्तः - योगारूढ इत्युच्यते ॥८॥

હે અર્જુન ! આવાં લક્ષણોએ યુક્ત યોગી પક્વ સમાધિવાળો કહેવાય છે : (૧) જેનું મન જ્ઞાન-વિજ્ઞાનથી જ તૃપ્ત રહેતું હોય. (૨) જે સદા અચળ-અવિકારી જ રહેતો હોય. (૩) જેનાં ઈન્દ્રિયો સારી રીતે

વશ કરવામાં આવ્યાં હોય. (૪) જે ધૂળ, પથ્થર અને સોના જેવી કિંમતી વસ્તુમાં પણ સમાન બુદ્ધિથી રહી શકતો હોય.

જ્ઞાન-વિજ્ઞાનથી જ તૃપ્ત રહેવું એટલે શું ? તો, **જ્ઞાન** એટલે કે સત્શાસ્ત્ર તથા સત્પુરુષના સમાગમથી થયેલું નાશવંત અને અવિનાશી વસ્તુના સ્વરૂપને યથાર્થ જાણવારૂપ પરોક્ષ જ્ઞાન. **વિજ્ઞાન** એટલે કે જે જ્ઞાન થયું હોય તેનું જ વારંવાર શ્રવણ, મનન અને નિદિધ્યાસ કરતા રહેવાથી થનાર સાક્ષાત્ અનુભવાત્મક-પ્રત્યક્ષજ્ઞાન. આવું **જ્ઞાન-વિજ્ઞાન થવાને કારણે જેનું મન આત્મા-પરમાત્માના સ્વરૂપમાં જ પૂર્ણકામ રહેતું હોય, પણ તે સિવાય બીજી કોઈ અપેક્ષા જ જેને ઊઠતી ન હોય તેને જ્ઞાન-વિજ્ઞાનથી તૃપ્ત રહ્યા કહેવાય.**

સર્વમાં સમાનબુદ્ધિ એટલે શું ? તો, પ્રકૃતિપુરુષથી પર એવા અક્ષરબ્રહ્મમાં અચળસ્થિતિ થવાને કારણે માયિક વસ્તુમાત્રમાંથી ભોગ્યબુદ્ધિ ટળી જાય. તેથી ધૂળનું ઢેફું, પથ્થર કે સોનું આવી દુનિયાની સારી કે મોળી હરેક વસ્તુ કાંખના મૂવાળાની જેમ એકસરખી જ લાગે. તેને સર્વમાં સમાન બુદ્ધિ થઈ કહેવાય. આ ચાર લક્ષણોએ યુક્ત જે યોગી હોય તેને શ્રેષ્ઠ સમાધિને યોગ્ય જાણવો. ॥૮॥

तथाहि – सुहृदिति ।

सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबन्धुषु ॥
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ॥९॥

सुहृद् – स्वभावेनैव हितकारकशीलश्च, मित्रम् – समवयो हितैषी च, अरिः – किमपि निमित्तमालम्ब्यानर्थेच्छुश्च, उदासीनः – उपेक्षकश्च, मध्यस्थः – न्यायान्याययोर्याथार्थ्यवक्ता च, द्वेष्यः – जन्मत एवानिष्टेच्छुश्च, बन्धुः – जन्मत एव हितैषी च, तेषु सुहृदादिषु, साधुषु – धर्मशीलेष्वपि,

पापेषु च – पापशीलेषु, समबुद्धिः – ब्रह्मध्यानैकप्रयोजनत्वेन तैः सह प्रयोजनाभावाद्वैराभावाच्च समानधीः । विशिष्यते – ध्यानकर्तृषु स श्रेष्ठो भवतीत्यर्थः ।।९।।

હે અર્જુન ! આવા વિવિધ પ્રકારના પુરુષોમાં પણ જે સમાનબુદ્ધિ રાખતો હોય, તે યોગી તમામ ધ્યાની પુરુષોમાં સર્વશ્રેષ્ઠ જાણવો. જેમ કે, **સુહૃદ્** એટલે કે, કોઈ પણ સ્વાર્થ વિના જ સહુનું હિત કરવાના સ્વભાવવાળો. **મિત્ર** એટલે કે, જે આપણી સમાન ઉંમરનો હોય અને આપણું હિત ઇચ્છતો હોય. **અરિ** એટલે કે, કાંઈક નિમિત્ત બન્યું ત્યારથી આપણું ખરાબ કરવા ઇચ્છતો હોય. **ઉદાસીન** એટલે કે, સાચા-ખોટા બંનેની ઉપેક્ષા કરનાર. **મધ્યસ્થ** એટલે કે, કોઈ પ્રકારનો વિવાદ થાય ત્યારે ન્યાય કે અન્યાયને યથાર્થપણે કહેનાર. **દ્વેષ્ય** એટલે કે, જન્મથી જ આપણું અહિત કરવા ઇચ્છતો હોય. **બંધુ** એટલે કે, જન્મથી જ આપણું હિત કરવા ઇચ્છતો હોય. **સાધુ** એટલે કે, ધર્મનિષ્ઠ, સદ્‌ગુણી પુરુષ. **પાપી** એટલે કે, અધર્મી, દુર્ગુણી પુરુષ. આવા અનેક પ્રકારના પુરુષોમાં જેને સમાન બુદ્ધિ રહેતી હોય તે તમામ ધ્યાનીઓમાં શ્રેષ્ઠ છે.

સારા-ખરાબ બંનેમાં સમબુદ્ધિ કેવી રીતે રહે ? તો, **એવા જ્ઞાની સત્પુરુષને એકમાત્ર આત્મા-પરમાત્માનું ધ્યાન ધર્યા કરવું, એ જ જીવનનું પ્રયોજન હોય છે. તેથી સારા વ્યક્તિઓ પાસે તેને કાંઈ સ્વાર્થ નથી અને ખરાબ વ્યક્તિઓ સાથે કાંઈ વૈર નથી. એટલે તે સારા-મોળા સહુમાં સમબુદ્ધિ રાખે છે.** ॥૯॥

योगयोग्यं योगारूढं चोक्त्वा, इदानीं योगमारुरुक्षोर्ध्यानप्रकारम् आह — योगीति ।

योगी युञ्जीत सततमात्मानं रहसि स्थितः ।।
एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः ।।१०।।

योगी – योगाकाङ्क्षी, रहसि – ध्यानविक्षेपशून्ये देशे, स्थितः सन् सततम् – निरन्तरम्, आत्मानम् – मनः, ध्येये युञ्जीत – समाहितं कुर्यात्। कथम्भूतः ? एकाकी – ध्यानविक्षेपकजनहीनः सन्, यतचित्तात्मा – संयतचित्तदेहः, निराशीः – ध्येयभिन्ने समग्रपदार्थे निराकाङ्क्षी, अपरिग्रहः – तदन्यत्र ममताशून्यः। एतैर्ध्यातुर्लक्षणैर्युक्तो भूत्वा आत्मानं युञ्जीतेति सम्बन्धः ।।१०।।

હવે આત્મા-પરમાત્માની સમાધિરૂપ યોગને સિદ્ધ કરવા ઈચ્છતા **યોગીને ધ્યાન કેવી રીતે કરવું ?** તે કહું છું : ધ્યાનમાં વિક્ષેપ કરે એવા લોકોથી દૂર રહીને, પોતાનાં તન તથા મનને સંયમમાં રાખીને, પોતાના ધ્યેય પરમાત્મા સિવાયના તમામ પદાર્થોની આશા અને મમતાથી રહિત થઈને, જ્યાં કોઈ પ્રકારનો વિક્ષેપ ન હોય એવા એકાંત સ્થળમાં રહ્યો થકો **પોતાના મનને અખંડ ધ્યેયસ્વરૂપમાં જ જોડી રાખે.** ॥૧૦॥

योगार्हमासनं निगदति – शुचाविति ।

शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ।।
नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम् ।।११ ।।

शुचौ – दुष्टजनाऽपरिसेविते, अशुद्धपदार्थैरस्पृष्टे च पवित्रे, देशे – स्थाने। यद्वा शुचौ – स्वभावतः संस्कारतो वा शुद्धे देशे, आत्मनः – स्वस्य, आसनं प्रतिष्ठाप्य – स्थापयित्वा। किं लक्षणम् ? स्थिरम् – निश्चलं, नात्युच्छ्रितम् – नात्युच्चं, नाप्यतिनीचम्। चैलाजिनकुशोत्तरम् – चैलम् – वस्त्रं च, अजिनम् – मृगचर्म च, कुशाश्च, ते उत्तरे – उत्तरोत्तरश्रेष्ठा यस्मिंस्तत्। चैलासनादजिनासनं श्रेष्ठम्, ततः कुशासनं श्रेष्ठम् इत्यर्थः। एतैर्लक्षणैर्लक्षितमासनं प्रतिष्ठाप्येति सम्बन्धः ।।११ ।।

आसनोपवेशनरीतिमाह – तत्रेति ।

तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेन्द्रियक्रियः ॥
उपविश्यासने युञ्ज्याद्योगमात्मविशुद्धये ॥१२॥

तत्रासने उपविश्य, एकाग्रम् - विक्षेपशून्यं, मनः कृत्वा, यतचित्तेन्द्रियक्रियः – यताः - उपरताः चित्तस्येन्द्रियाणां च क्रियाः - वृत्तयो येन तथाभूतः सन्, आत्मविशुद्धये - जीवात्मविशुद्धये, परमेश्वरपराभक्तेर्योग्यत्वप्राप्तये इति शेषः । योगम् - ब्रह्मसमाधिं युञ्ज्यात् - अभ्यसेत् ।।१२।।

❋ જ્ઞાનયોગી માટે ધ્યાનની રીત તથા તેનું ફળ :

હવે ધ્યાન કરવા માટે **ક્યાં અને કેવું આસન રાખવું ? તેમાં કેવી રીતે બેસવું ?** તો, અપવિત્ર વસ્તુ કે વ્યક્તિના સંસર્ગથી રહિત એવા શુદ્ધ સ્થાનમાં પોતાને બેસવાનું આસન કરવું. અથવા અપવિત્ર સ્થાનને પવિત્ર કરીને ત્યાં આસન કરવું. તે આસન નહિ અતિ ઊંચું કે નહિ અતિ નીચું એવું માપનું અને ડગમગે નહિ એવું સ્થિર રાખવું. તે આસન વસ્ત્રનું, મૃગચર્મનું કે ડાભડામાંથી બનાવેલું રાખવું. તેમાં વસ્ત્રનાં આસન કરતાં મૃગચર્મનું અને તે કરતાં ડાભડાનું આસન શ્રેષ્ઠ છે.

પછી મુમુક્ષુએ તે આસન પર બેસીને પોતાનાં ઇન્દ્રિયો અને ચિત્તની વૃત્તિઓ બધેથી પાછી વાળવી. ત્યાર બાદ પરમાત્માની પરાભક્તિની પાત્રતા આવે એવી આત્માની શુદ્ધિ કરવા એકાગ્ર મનથી અક્ષરબ્રહ્મ સંબંધી સમાધિ સાધવાનો અભ્યાસ કરવો. ॥૧૧-૧૨॥

योगिनो ध्यानोपयोगिनीमङ्गस्थितिं निरूपयन्नाह द्वाभ्याम् - सममिति ।

समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः ॥
सम्प्रेक्ष्य नासिकाग्रं स्वं दिशश्चानवलोकयन् ॥१३॥

स्थिरः– स्थिरस्वभावो योगी, कायशिरोग्रीवम् – कायशब्देन शरीर–

मध्यभागो ज्ञातव्यः, कायश्च शिरश्च ग्रीवा च तेषां समाहारः, तथाभूतं मूलाधारादारभ्य मस्तकान्तमङ्गं, समम् - अवक्रम्, अचलम् - निश्चलं, धारयन् - कम्पाभावं सम्पादयन् सन्, स्वम् - स्वकीयं, नासिकाग्रम् - नासान्तं, सम्प्रेक्ष्य - अर्धनिमीलितनयन इत्यर्थः । दिशश्चानवलोकयन् - इतस्ततो दिग्भागान् अपश्यन् । आसीतेत्युत्तरेणान्वयः ।।१३।।

पुनः कीदृश इत्यत्राह — प्रशान्तेति ।

प्रशान्तात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः ॥
मनः संयम्य मच्चित्तो युक्त आसीत मत्परः ॥१४॥

मत्परः - अहमेव परः - साङ्ख्ययोगादिसाधनैरुत्कृष्टः प्राप्य-पुरुषार्थो यस्य सः। अत एव मच्चित्तः — कर्मयोगेन साङ्ख्ययोगेन साधनभक्त्या च, निर्दोषो ब्रह्मरूपश्च भूत्वा 'अहं पुरुषोत्तमं गमिष्यामि', ईदृशेन भावेन मय्येव चित्तं यस्य सः। अत एव विगतभीः - कालभयवर्जितः, ब्रह्मचारिव्रते - ब्रह्मचर्ये स्थितः । अत एव प्रशान्तात्मा - सांसारिकक्लेशरहितमनाः। एतैरुक्तलक्षणैर्युक्तः - सहितो योगी मनः संयम्य - शुद्धक्षेत्रज्ञस्थिते पुरुषोत्तमे मय्यवस्थाप्य आसीत ।।१४।।

ધ્યાન કરતી વખતે શરીરની સ્થિતિ કેવી રાખવી ? તો, પોતે સર્વપ્રકારે સ્થિર સ્વભાવનો થઈને મસ્તક, ડોક અને કમર સુધીનું શરીર - એ ત્રણેયને એકસરખા સીધા અને સ્થિર ધારી રાખવાં. નેત્રને અડધાં મીંચી પોતાની નાસિકાના અગ્રભાગે દષ્ટિ રાખી, આડું-અવળું બીજું કાંઈ જોવું નહીં. પછી બ્રહ્મચર્યવ્રતમાં અડગ રહ્યો થકો કાળ, કર્મ વગેરેનો ભય છોડી, સંસારના સર્વે ક્લેશોને વિસારી અખંડ મારા પરાયણ રહેવું, અખંડ મારામાં જ ચિત્તને જોડી દેવું. આવી રીતે રહ્યો થકો તે યોગી તેના આત્મસ્વરૂપમાં રહેલા એવા મારામાં જ મનને સ્થાપી સતત ધ્યાન કરે.

મારા પરાયણ રહેવું એટલે શું ? તો, 'જ્ઞાનયોગાદિક તમામ સાધનોએ કરીને મારે તો એકમાત્ર પુરુષોત્તમ જ પ્રાપ્ત કરવા છે;' આવું એકમાત્ર મને પામવાનું જ લક્ષ્ય રાખે. **મારામાં જ ચિત્તને જોડી રાખવું એટલે શું ?** તો, **'કર્મયોગ, જ્ઞાનયોગ અને સાધન ભક્તિથી હું કામાદિક દોષોએ રહિત અને બ્રહ્મરૂપ થઈને એક દિવસ પુરુષોત્તમનારાયણને જરૂર પામી જઈશ.' આવા ચિત્રણરૂપ ભવ્ય ભાવથી મારામાં જ ચિત્તને જોડી રાખે.** ॥૧૩-૧૪॥

ध्यानाभ्यासफलमाह – युञ्जन्निति ।

युञ्जन्नेवं सदात्मानं योगी नियतमानसः ॥
शान्तिं निर्वाणपरमां मत्संस्थामधिगच्छति ॥१५॥

योगी – योगाकाङ्क्षी, एवम् – उक्तप्रकारेण, सदा – सततं, पुरुषोत्तमे मयि आत्मानम् – मनः, युञ्जन् – स्थिरं कुर्वन्, नियतमानसः – मद्ध्यानेन वशीकृतमनस्कः सन् । निर्वाणपरमाम् – परमम् – उत्कृष्टं, निर्वाणम् – सुखं यस्यां तां, राजदन्तादित्वात्परमशब्दस्य परनिपातः । मत्संस्थाम् – मयि स्थितां, शान्तिम् – चित्तैकाग्र्यरूपां सम्प्रज्ञातसमाधिम्, अधिगच्छति – प्राप्नोति ।।१५।।

સમાધિરૂપ યોગને ઇચ્છનાર યોગી મેં કહ્યું એવી રીતે નિરંતર મારામાં મનને જોડતો રહે છે. આ રીતે મારા ધ્યાનનો અભ્યાસ કરતાં કરતાં મન વશ થઈ જાય, ત્યારે મારા સ્વરૂપમાં શ્રેષ્ઠ સુખની દેનારી શાંતિ પામે છે. એટલે કે, ચિત્તની એકાગ્રતારૂપ સંપ્રજ્ઞાત નામની સમાધિ પામે છે. ॥૧૫॥

योगिन एवं ध्यानाभ्यासेन भगवति चित्तैकाग्र्यमुक्त्वा इदानीमपरमपि योगोपयोगिसाधनं वदति – नेति द्वाभ्याम् ।

नात्यश्नतस्तु योगोऽस्ति न चैकान्तमनश्नतः ॥
न चातिस्वप्नशीलस्य जाग्रतो नैव चार्जुन ! ॥१६॥

अत्यश्नतस्तु – अतिशयं भुञ्जानस्य तु, योगो नास्ति – चित्तैकाग्र्यं न भवति। एकान्तम् – अत्यन्तम्, अनश्नतश्च – अभोजिनोऽपि, च – अप्यर्थे, योगः – समाधिर्नास्ति। हे अर्जुन! अतिस्वप्नशीलस्य च – अतिनिद्रालोरपि योगो नास्ति, जाग्रतश्च – अतिजागरुकस्यापि योगो नैवास्ति ।।१६।।

હે અર્જુન ! આવો યોગ સાધવા માટે બીજું જે જે ઉપયોગી છે, તે હવે હું જણાવું છું : જેને અતિશય ખાવાનો સ્વભાવ હોય, જે તદ્દન ખાતો જ ન હોય, જેને અતિશય ઊંઘવાનો સ્વભાવ હોય અને જેને બિલકુલ ઊંઘ નહિ લેવાનો સ્વભાવ હોય - એવા યોગીને ચિત્તની એકાગ્રતારૂપ યોગની સિદ્ધિ થતી નથી. ॥૧૬॥

तर्हि कीदृशस्य योगप्राप्तिरस्ति ? तत्राह – युक्तेति ।

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।।
युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ।।१७।।

युक्ताहारविहारस्य – युक्तौ – योगशास्त्रोक्तप्रकारेण परिमितौ, आहार-विहारौ – अशनगमने यस्य तस्य, कर्मसु – कार्येषु, युक्तचेष्टस्य – युक्ता – योगियोग्यैव चेष्टा यस्य तस्य, युक्तस्वप्नावबोधस्य – योगार्ह-निद्राजागरणस्य, एतैरुक्तलक्षणैर्युक्तस्य जनस्य, दुःखहा – जन्ममरणादि-दुःखहा – जन्ममरणादिदुःखघातको योगो भवति। युक्ताहारे प्रमाणम् – "तुन्दस्य पूरयेद्भागौ द्वावन्नेनैकमम्बुना। शेषयेदेकमेवं हि मितभुग्योगकृद्भवेत्" (स.जी.५/५६/२३) इत्यादियोगशास्त्रोक्ता आहारादिषु नियमा द्रष्टव्याः।१७।

જેને યોગશાસ્ત્ર અનુસાર માપમાં જ આહાર-વિહાર કરવાનો સ્વભાવ હોય, જેને યોગીને યોગ્ય ગણાય એવી જ ક્રિયામાં પ્રવર્તવાનો સ્વભાવ હોય અને જેને યોગશાસ્ત્ર પ્રમાણે જ ઊંઘવા-જાગવાનો સ્વભાવ હોય, તેવા યોગીને જ જન્મ-મરણાદિક સર્વે દુઃખને ટાળે એવો યોગ

સિદ્ધ થાય છે. માપનો આહાર એટલે કે, પેટના બે ભાગ અન્નથી અને એક ભાગ પાણીથી ભરવો. એક ભાગ બિલકુલ ખાલી રાખવો. અર્થાત્ અડધું પેટ ભરાય એટલું જ જમવું. વિહાર એટલે કે હરવું-ફરવું. ॥૧૭॥

कदा सम्पन्नयोगोऽस्तीत्याकाङ्क्षायां वदति — यदेति ।

यदा विनियतं चित्तमात्मन्येवावतिष्ठते ॥
निःस्पृहः सर्वकामेभ्यो युक्त इत्युच्यते तदा ॥१८॥

विनियतम् — संयतं चित्तम्, आत्मन्येव - शुद्धक्षेत्रज्ञे एव, यदा सुस्थिरमवतिष्ठते, सर्वकामेभ्यः - आत्मसुखानुभवेन समग्रप्राकृतविषयेभ्यः यदा निस्पृहः — निर्गता दोषदर्शनेन स्पृहा - तृष्णा यस्य स, तथाभूतो भवति । तदा युक्तः - योगयुक्त इत्युच्यते ॥१८॥

આ રીતે અભ્યાસ કરતાં કરતાં વશ કરેલું ચિત્ત જ્યારે અખંડ શુદ્ધ આત્મસ્વરૂપમાં જ સ્થિર થઈને રહે; અને આત્મા-પરમાત્મા સંબંધી સુખના અનુભવને કારણે અને વિષયોમાં દોષદર્શનને કારણે માયિક વિષયમાત્રની તૃષ્ણા સંપૂર્ણ ટળી જાય; ત્યારે તે યોગીને યોગ સિદ્ધ થયો કહેવાય છે. ॥૧૮॥

योगारूढस्य मनसः स्थिरत्वे दृष्टान्तमाह — यथेति ।

यथा दीपो निवातस्थो नेङ्गते सोपमा स्मृता ॥
योगिनो यतचित्तस्य युञ्जतो योगमात्मनः ॥१९॥

निवातस्थः - वातरहिते स्थाने स्थितो, दीपो यथा नेङ्गते - न चेष्टते, यतचित्तस्य - वशीकृतचेतसः, योगम् - आत्मयोगं, युञ्जतः - अभ्यसतः, योगिनः, आत्मनः - मनसः, सा उपमा - दीपस्योपमानं स्मृता - चिन्तिता। निवातस्थदीपवद् योगीनो मनो निश्चलं भवतीत्यर्थः। यद्वा

योगिनः आत्मनः – क्षेत्रज्ञस्य, सोपमा – दीपोपमा स्मृता। वासनारहितः क्षेत्रज्ञो निवातस्थदीपवत् सुस्थिरः सप्रभस्तिष्ठतीत्यर्थः ।।१९।।

જેમ વાયુ રહિત સ્થળમાં રહેલો દીવો જરાય ચલાયમાન થાતો નથી, તેમ ચિત્તને વશ કરી યોગનો અભ્યાસ કરી રહેલા યોગીના મનને તે દીવાની ઉપમા આપવામાં આવે છે. અર્થાત્ વાયુ રહિત સ્થળમાં સ્થિરપણે રહેલા દીવાની જેમ તે યોગીપુરુષનું મન આત્મસ્વરૂપમાં અચળપણે સ્થિર રહે છે. અથવા તો એવી રીતે યોગનો અભ્યાસ કરી રહેલા યોગીના આત્માને દીવાની ઉપમા આપવામાં આવે છે. એટલે કે, સંપૂર્ણ વાસના રહિત થયેલ આત્માની વૃત્તિરૂપી પ્રભા સ્થિર દીવાની જેમ પરમાત્મામાં સ્થિર થઈને રહે છે. ॥૧૯॥

योगं स्तुवन् वदति चतुर्भिः – यत्रेति ।

यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया ।।
यत्र चैवात्मनात्मानं पश्यन्नात्मनि तुष्यति ।।२०।।

योगसेवया – योगस्य – चित्तवृत्तिनिरोधस्य, सेवया – अभ्यासेन । तथा पतञ्जलिनोक्तम् – "योगश्चित्तवृत्तिनिरोधः" (पा.यो.सू.१/२) इति । निरुद्धम् – वशीकृतं चित्तं यत्र – योगे उपरमते, इदमेवात्यन्तं सुखमिति क्रीडति । यत्र च – योगे – समाधौ, आत्मना – योगशुद्धेन मनसा, आत्मनि – शुद्धक्षेत्रज्ञे अक्षरब्रह्मणि वा स्थितम्, आत्मानम् – परमात्मानमेव, पश्यन् सन् तुष्यति – सन्तुष्टो भवति, न त्वन्यत्र देवलोकसुखेषु । तथा श्रुतिः – "एको बहूनां यो विदधाति कामान्। तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्तेषां शान्तिः शाश्वती नेतरेषाम्"(कठो.२/२/१३) इति। 'तं योगसंज्ञितं विद्याद्' इति चतुर्थेनान्वयः ।।२०।।

હે અર્જુન ! હું જે સ્થિતિને અહીં 'યોગ' શબ્દથી કહી રહ્યો છું, તે સ્થિતિ હવે હું તને સમજાવું છું : ચિત્તને સ્થિર કરવાનો અભ્યાસ કરતાં કરતાં વશ થયેલું ચિત્ત જે સ્થિતિમાં વિરામ પામી જાય. એટલે કે, 'આ જ સર્વ શ્રેષ્ઠ સુખ છે' એમ સમજીને અખંડ આત્મા કે પરમાત્મામાં જ રમમાણ રહે; તેને હું 'યોગ' કહું છું. જે સમાધિમાં યોગાભ્યાસથી શુદ્ધ થયેલ મન વડે આત્મામાં કે અક્ષરબ્રહ્મમાં બિરાજમાન પરમાત્માને જ સાક્ષાત્ અનુભવતો થકો યોગી સંતુષ્ટ થઈ જાય, પણ તે સિવાય બીજા કોઈ સુખથી સંતોષ ન જ પામે; તે સમાધિને હું 'યોગ' કહું છું. ॥૨૦॥

किञ्च – सुखमिति ।

सुखमात्यन्तिकं यत्तद्बुद्धिग्राह्यमतीन्द्रियम् ॥
वेत्ति यत्र न चैवायं स्थितश्चलति तत्त्वतः ॥२१॥

बुद्धिग्राह्यम् – शास्त्रज्ञैर्बुद्ध्या ग्रहितुं योग्यम्, अत एव अतीन्द्रियम् – इन्द्रियागोचरम्, यदात्यन्तिकम् – निरवधिकातिशयं, सुखम् – परमात्मानन्दः अस्ति, तत्सुखं यत्र – योगे एव योगी वेत्ति – प्रत्यक्षमनुभवति । यत्र च – योगे स्थितोऽयं योगी तत्त्वतो न चलति – आत्यन्तिकसुखानुभवात् परमात्म-स्वरूपादन्यसुखेषु न गच्छतीत्यर्थः । अत्र तत्त्वं परमात्मस्वरूपमुक्तम् । तत्र प्रमाणम् – "वदन्ति तत्तत्त्वविदस्तत्त्वं यज्ज्ञानमद्वयम् । ब्रह्मेति परमात्मेति भगवानिति शब्द्यते"(भाग.१/२/११) इति । तं योगसंज्ञितं विद्यात् ।।२१।।

શાસ્ત્રને જાણનાર જ્ઞાની પુરુષોની શાસ્ત્રીય બુદ્ધિથી જ જે સુખ ગ્રહણ કરવા યોગ્ય છે, પણ માયિક ઈન્દ્રિયો વડે ક્યારેય અનુભવી શકાતું નથી; એવું તે પરમાત્માનું અમાપ સુખ જે સ્થિતિમાં યોગી પ્રત્યક્ષ અનુભવે છે, તે સ્થિતિને હું 'યોગ' કહું છું. વળી, **તે યોગીપુરુષ જ્યાં એવા સર્વોપરી સુખનો અનુભવ થાય છે, તે પરમાત્માના સ્વરૂપને મૂકીને**

બીજા કોઈ પણ સુખને પામવા ક્યારેય પણ ચલાયમાન થતો નથી; એવી સ્થિતિને હું 'યોગ' કહું છું. ॥૨૧॥

यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिकं ततः ॥
यस्मिन् स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते ॥२२॥

यमिति । यम् – परमात्मयोगं च लब्ध्वा – प्राप्य, योगी ततः – योगात्, अधिकम् – श्रेष्ठम्, अपरम् – अन्यं लाभं न मन्यते । यस्मिन् – योगे च स्थितो योगी गुरुणापि – शीतोष्णक्षुधापिपासादिमहतापि, दुःखेन – कष्टेन, न विचाल्यते – समाधौ स्थितं योगिनं महत्कष्टं न चालयतीत्यर्थः ।।२२।।

तं विद्याद् दुःखसंयोगवियोगं योगसंज्ञितम् ॥
स निश्चयेन योक्तव्यो योगोऽनिर्विण्णचेतसा ॥२३॥

तमिति । दुःखसंयोगवियोगम् — दुःखानाम् – नानाविधसांसारिक–क्लेशानां, संयोगः – सम्यक्सम्बन्धः, तस्य वियोगः – प्रतियोगी वियोगकर इत्यर्थः । वियोजनम् – वियोगः सोऽस्यास्तीति वियोगः, अत्र – 'अर्शआदिभ्योऽच्' इति मत्वर्थीयः अच् प्रत्ययः । तथाभूतं तं पूर्वोक्तलक्षणं योगसंज्ञितम् – योगशब्दवाच्यं, विद्यात् – बुध्येत । सः – पूर्वोक्तलक्ष–णैर्लक्षितः परमात्मप्रापकत्वान्महागुणो योगः, तदारम्भकाले निश्चयेन – योगशास्त्रोक्तलक्षणसम्पन्नगुरूपदेशजनितनिश्चयेन, योक्तव्यः – अभ्यसनीयः । यदि तूर्णं न सिद्ध्येत्तर्ह्यपि अनिर्विण्णचेतसा — अनिर्विण्णेन – निर्वेदहीनेन चित्तेन, योक्तव्यः । तत्र कष्टधिया प्रयासशिथिलत्वं निर्वेदः ।।२३।।

પરમાત્માની સમાધિરૂપ જે યોગને પામીને યોગી એથી શ્રેષ્ઠ બીજો કોઈ લાભ માનતો નથી. અને જે સમાધિને વિશે સ્થિર રહેલા યોગીને ટાઢ-તડકો તથા ભૂખ-તરસ વગેરે મોટાં મોટાં કષ્ટો પણ ચલાયમાન કરી

શકતાં નથી. જેમાં વિવિધ પ્રકારનાં સાંસારિક દુ:ખોના સંબંધનો સંપૂર્ણ અભાવ થઈ જાય, એવી સમાધિને અહીં 'યોગ' શબ્દથી કહેવાય છે એમ જાણવું. તે યોગ પરમાત્માને પમાડનાર હોવાથી અતિ શ્રેષ્ઠ છે.

આ યોગ કેવી રીતે સિદ્ધ કરવો ? તો, સૌથી પહેલાં યોગશાસ્ત્રમાં કહેલાં લક્ષણથી યુક્ત એવા એક ગુરુ સ્વીકારવા. પછી તેમના માર્ગદર્શન મુજબ યોગ સિદ્ધ કરવાનો દૃઢ નિશ્ચય કરવો. એટલે કે, પરમાત્માને સાક્ષાત્ પમાડનાર એવો આ યોગ મારા માટે અતિ લાભકારક છે. તેથી સર્વના ભોગે તે સિદ્ધ કરવો જ છે, એવો પાકો ઠરાવ કરવો. પછી ગુરુએ દર્શાવેલા માર્ગે ચાલવા છતાં જો તત્કાળ સિદ્ધિ ન મળે, તોપણ ખેદ રહિત ચિત્તથી અભ્યાસ કરતાં જ રહેવું. ॥૨૨-૨૩॥

योगविक्षेपकरवासनात्यागपूर्वकं पुनर्योगप्रकारमुपदिशति – सङ्कल्पेति ।

सङ्कल्पप्रभवान् कामांस्त्यक्त्वा सर्वानशेषतः ॥
मनसैवेन्द्रियग्रामं विनियम्य समन्ततः ॥२४॥

सङ्कल्पप्रभवान् – सङ्कल्पात् प्रभवो येषां तान्, सर्वान् कामान्, अशेषतः – वैराग्येण समूलं यथा तथा त्यक्त्वा, मनसा – विवेकयुक्तेन हृदा, इन्द्रियग्रामम् – यत्र कुत्रापि गच्छन्तमिन्द्रियसमूहं, समन्ततः – सर्वतः, विनियम्य – विशेषेण प्रत्याहृत्य, योगो योक्तव्य इति पूर्वेणान्वयः ।।२४।।

વળી, વિષયને ભોગવવાના સંકલ્પમાંથી ઊપજેલી વિષયભોગની ઈચ્છાઓને વૈરાગ્ય વડે મૂળમાંથી ઊખેડી નાંખવી. અને સાર-અસારના વિવેકે યુક્ત મનથી જ્યાં-ત્યાં ભટકતી તમામ ઈન્દ્રિયોને બધેથી સંપૂર્ણ રીતે પાછી વાળીને એ યોગને સિદ્ધ કરતાં રહેવું. ॥૨૪॥

यदा प्राचीनाशुभकर्मसंस्कारतया ततश्चित्तं प्रचलेत्तदा पुनर्योगबलेन वशीकुर्यादित्याह – शनैरिति ।

शनैः शनैरुपरमेद्बुद्ध्या धृतिगृहीतया ॥
आत्मसंस्थं मनः कृत्वा न किञ्चिदपि चिन्तयेत् ॥२५॥

धृतिगृहीतया — धृतिः - धैर्यं, गृहीता - अवलम्बिता यया तया वशीकृतया, बुद्ध्या शनैः शनैः ध्येयेतरसर्ववस्तुचिन्तनात्, उपरमेत् - विरमेत् । आत्मसंस्थम् - आत्मस्थितं मनः - ध्येयेतरविरतं मानसं कृत्वा, किञ्चिदपि - ध्येयेतरं किमपि वस्तु न चिन्तयेत् ॥२५॥

કદાચ પૂર્વની વાસનાને કારણે ક્યારેક ચિત્ત યોગમાર્ગથી વિચલિત થઈ જાય, તોપણ ખૂબ ધીરજવાળી બુદ્ધિથી ધીરે ધીરે આત્મા-પરમાત્મા સિવાયના ચિંતનથી પાછા વળી જવું. પછી એ રીતે માયિક ચિંતન થકી પાછું વાળેલ મનને આત્મા-પરમાત્માના સ્વરૂપમાં જ સ્થિર રાખવું, પણ એ સિવાય બીજું કાંઈ જ ન સંભારવું. ॥૨૫॥

मनसश्चञ्चलतानिवारणप्रकारमाह — यत इति ।

यतो यतो निश्चरति मनश्चञ्चलमस्थिरम् ॥
ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ॥२६॥

चञ्चलम् - चञ्चलस्वभावेनास्थिरं मनः, यतो यतः - ध्येयस्वरूपं परित्यज्य यत्र यत्र ध्येयेतरेषु, निश्चरति - धावति । ततस्ततः - तस्मात्तस्मात् तत्र दोषदृष्ट्या एतन्मनो नियम्य - प्रत्याहृत्य, आत्मन्येव - स्वक्षेत्रज्ञ एव परमात्मन्येव वा, वशं नयेत् - निश्चलं कुर्यात् ॥२६॥

ચંચળ સ્વભાવને કારણે સદા અસ્થિર એવું મન આત્મા-પરમાત્મા સિવાય બીજે જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં વિવિધ પ્રકારનાં દુઃખ અને દોષોને વિચારીને ત્યાંથી મનને પાછું વાળવું અને પોતાના આત્મામાં અથવા પરમાત્માનાં સ્વરૂપમાં જ સ્થિર કરવું. ॥૨૬॥

एवमभ्यसन् योगी उत्तमं योगसुखं प्राप्नोतीत्याह — प्रशान्तेति ।

प्रशान्तमनसं ह्येनं योगिनं सुखमुत्तमम् ॥
उपैति शान्तरजसं ब्रह्मभूतमकल्मषम् ॥२७॥

शान्तरजसम् – एवमभ्यासेन निवृत्तरजोगुणम्, अत एव प्रशान्तमनसम् – ध्येये निश्चलमानसम्, इति हेतोः अकल्मषम् – दग्धसमग्रकल्मषं, ब्रह्मभूतम् – ध्यानाभ्यासेनाक्षरब्रह्मसाधर्म्यं गतम्, एनं योगिनम् उत्तमम् – योगप्राप्यं ब्रह्मानुभवरूपं, सुखं कर्तृ, उपैति । उक्तलक्षणैर्विशिष्टो योगी सुखरूपं ब्रह्मानुभवं प्राप्नोतीत्यर्थः ।।२७।।

એ રીતે આત્મા-પરમાત્મામાં મનને અખંડ રાખવાનો અભ્યાસ કરતાં કરતાં યોગીનો રજોગુણ ટળી જાય છે. તેથી તેનું મન આત્મા-પરમાત્માના સ્વરૂપમાં સ્થિર થાય છે. તેથી તેનાં સર્વે પાપ બળી જાય છે. આમ, ધ્યાનના અભ્યાસ દ્વારા અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામેલ એ યોગીને સર્વોત્તમ સુખ પ્રાપ્ત થાય છે. એટલે કે, **તે યોગી બ્રહ્મ-પરબ્રહ્મના સાક્ષાત્ અનુભવરૂપ સર્વોત્કૃષ્ટ સુખને પામે છે.** ॥૨૭॥

पुनस्तदेवाह — युञ्जन्निति ।

युञ्जन्नेवं सदात्मानं योगी विगतकल्मषः ॥
सुखेन ब्रह्मसंस्पर्शमत्यन्तं सुखमश्नुते ॥२८॥

एवम् – उक्तरीत्या, आत्मानम् – मनः, ध्येये युञ्जन् – स्थिरं कुर्वन्, तेन विगतकल्मषः – विगतप्राक्तनाधुनिकाशेषदोषो योगी, ब्रह्मसंस्पर्शम् – ब्रह्मसाक्षात्काररूपम्, अत्यन्तम् – अत्यधिकं, सुखम् – आनन्दं, सुखेन – अनायासेन, सदा अश्नुते – प्राप्नोतीत्यर्थः ।।२८।।

આ રીતે આત્મા-પરમાત્માના સ્વરૂપમાં મનને સ્થિર કરતાં કરતાં તેના પૂર્વનાં અને આ જન્મનાં સમગ્ર દોષો ટળી જાય છે. તેથી તે યોગી

પુરુષ અક્ષરબ્રહ્મરૂપ થયેલા આત્માના અને પરમાત્માનાં સાક્ષાત્દર્શનરૂપ અતિ મોટા આનંદને સહેજે જ સદા પામે છે. ॥૨૮॥

अथ पक्वयोगिनां स्थितिभेदान् वदति – सर्वेति ।

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ॥
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥२९॥

योगयुक्तात्मा — योगेन – अक्षरब्रह्मसमाधिना, युक्तः – तदेकीभूत, आत्मा – क्षेत्रज्ञो यस्य सः, समाधिना ब्रह्मैक्यं प्राप्तक्षेत्रज्ञ इत्यर्थः ।एवम्भूतो योगी सर्वत्र – सर्वेषु शुभाशुभकर्मणात्युत्कृष्टनिकृष्टप्राप्तदेहेषु जीवेषु, समदर्शनः — समम् – प्रकृत्युत्पन्नविषमदेहे विलक्षणजीवस्वरूपाणाम् आकृत्या प्रकाशेन जात्या चाछेद्यादिस्वभावैश्च तुल्यं दर्शनं यस्य तथाभूतः सन्, आत्मानम् – निजान्तर्यामिणमक्षरब्रह्माख्यं स्वं, सर्वभूतस्थम् – सर्वेषु भूतेषु देहविशिष्टक्षेत्रज्ञेषु तत्कर्मफलप्रदानार्थं स्थितं ईक्षते – पश्यति ।

तथा प्रमाणम् – "अनादिरात्मा पुरुषो निर्गुणः प्रकृतेः परः प्रत्यग्धामा स्वयंज्योतिर्विश्वं येन समन्वितम्"(भाग.३/२६/३) इति कपिलदेवोक्तिः। योगिनोऽक्षरब्रह्मणैक्यभावे प्रमाणं च – "तं सर्वभूतहृदयं मुनिमानतोऽस्मि" (भाग.१/२/२) इति। आत्मनि – स्वात्मन्यक्षरपुरुषरूपे ब्रह्मणि, सर्वभूतानि ईक्षते। तथा प्रमाणम् – "लक्ष्यन्तेऽन्तर्गताश्चान्ये कोटिशो ह्यण्डराशयः ।। तदाहुः अक्षरं ब्रह्म"(भाग.३/११/४०-४१) इति भागवतम् ।।२९ ।।

❋ પક્વ જ્ઞાનયોગીની સ્થિતિના ભેદ :

હે અર્જુન ! આ રીતે અભ્યાસથી પક્વતાને પામી ગયેલ યોગીઓની સ્થિતિમાં જે કાંઈ તફાવત હોય છે, તે હવે હું તને જણાવું છું : અક્ષર-બ્રહ્મની સમાધિ થવાથી જેનો આત્મા અક્ષરબ્રહ્મની સાથે એકતાને પામી ગયો હોય એવો યોગી સર્વત્ર સમદર્શનવાળો થઈ જાય છે.

સર્વત્ર સમદર્શન એટલે શું ? તો, આ સૃષ્ટિમાં શુભાશુભ કર્મોને કારણે દેવ, મનુષ્ય, પશુ વગેરે જાતિના ઉત્તમ કે અધમ દેહને પામેલા એવા અનંત આત્માઓ છે. તેઓના દેહ ઘણા બધા વિષમ હોવા છતાં પણ આકાર, પ્રકાશ, જાતિ અને સ્વભાવે કરીને તે સર્વે આત્માઓને એક સરખા જ દેખવા, તેને સર્વત્ર 'સમદર્શન' થયું કહેવાય. આવું સમદર્શન કરનાર તે યોગી સર્વ ભૂતપ્રાણીમાત્રને પોતાના સ્વરૂપમાં અને પોતાને સર્વ ભૂતપ્રાણીમાત્રમાં દેખે છે.

તે કેવી રીતે બને ? તો, તે સ્થિતિમાં એ યોગી પોતાના અંતર્યામી એવા જે અક્ષરબ્રહ્મ તે રૂપે જ પોતાને અનુભવતો હોય છે. એટલે અક્ષરબ્રહ્મરૂપ એવો તે પોતાને પ્રાણીમાત્રના આત્માઓમાં તેના કર્મફળ દેવા માટે રહેલો દેખે છે. અને સર્વ ભૂતપ્રાણીમાત્રને અક્ષરબ્રહ્મરૂપ એવા પોતાના સ્વરૂપના આધારે રહેલાં દેખે છે. અક્ષરબ્રહ્મના સમાનપણાને પામી ગયેલ યોગીની આવી સ્થિતિ હોય છે. ॥૨૯॥

ब्रह्मभावं प्राप्तस्य योगिनः स्थितिमुक्त्वा इदानीम् अक्षरादत्युत्कृष्ट-पुरुषोत्तमस्वरूपे स्थितिप्राप्तस्य रीतिमाह – य इति ।

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ॥
तस्याहं न प्रणश्यामि स च मे न प्रणश्यति ॥३०॥

यः – पुरुषोत्तमस्वरूपे प्राप्तसमाधिर्योगी, सर्वत्र – सर्वेषु अक्षरब्रह्म-कालसर्वज्ञाल्पज्ञक्षेत्रज्ञप्रकृतितत्कार्येषु स्वशरीरभूतेषु, नियन्तृतया स्थितं शरीरिणं मां वसुदेवात्मजं, पश्यति – अन्तर्दृष्ट्या प्रत्यक्षमीक्षते । तथा प्रमाणानि –"मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना"(गीता.९/४) इति स्मृतिः । "योऽक्षरे तिष्ठन्नक्षरमन्तरो यमक्षरं न वेद यस्याक्षरः शरीरं योऽक्षरमन्तरो यमयति" इति। "य आत्मनि तिष्ठन् आत्मनोऽन्तरो यमात्मा न वेद

यस्यात्मा शरीरं य आत्मानमन्तरो यमयति स त आत्मान्तर्याम्यमृतः" इति। "यस्य प्रकृतिः शरीरम्" इति। "यः सर्वेषु भूतेषु तिष्ठन् सर्वेभ्यो भूतेभ्योऽन्तरो यं सर्वाणि भूतानि न विदुर्यस्य सर्वाणि भूतानि शरीरं यः सर्वाणि भूतान्यन्तरो यमयति एष त आत्मा अन्तर्याम्यमृतः"(बृह.३/७/१५) इत्याद्याः श्रुतयश्च।

मयि – पुरुषोत्तमे च सर्वम् – चिदचिद्वस्तु स्थितं पश्यति, मम योगैश्वर्ये सर्वं स्थितमीक्षते इत्यर्थः। तथा प्रमाणम् – "न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम्"(गीता.९/५) इति वक्ष्यमाणवचनम्। तस्य – एवं मां पश्यतो योगिनः, सर्वमनोहरकमनीयमूर्तिः पुरुषोत्तमोऽहं न प्रणश्यामि – दृष्ट्यगोचरो नास्मि, सदा प्रत्यक्षो भवामीत्यर्थः। स च योगी मे न प्रणश्यति – ममाप्रत्यक्षो न भवति, तस्याहं प्रत्यक्षो भूत्वा सदा कृपाकटाक्षेण प्रेक्षे इत्यर्थः। तथा च श्रुतिः – "यस्तु सर्वाणि भूतान्यात्मन्ये–वानुपश्यति। सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते"(ईशा.६) इति।।३०।।

હવે તે અક્ષરથી પણ પર એવા પુરુષોત્તમના સ્વરૂપને વિશે જેને સ્થિતિ થઈ ગઈ હોય, તે યોગીની રીત જણાવું છું : પુરુષોત્તમના સ્વરૂપને વિશે સમાધિને પામેલો એવો તે યોગી જડ-ચિદ્ સર્વમાં મને સાક્ષાત્ દેખે છે. અને મારા સ્વરૂપમાં તે બધું રહ્યું હોય એમ દેખે છે.

તે કેવી રીતે દેખે છે ? તો, મારા શરીરરૂપ એવા જે અક્ષરબ્રહ્મ, મહાકાળ, ઈશ્વરો, સર્વે જીવો, માયા અને તેનું કાર્ય જે અનંતકોટિ બ્રહ્માંડ – તે સર્વને વિશે તેમના નિયંતાપણે અને સર્વશરીરીપણે રહેલા એવા મને વસુદેવપુત્રને અંતરદૃષ્ટિથી પ્રત્યક્ષપ્રમાણ દેખે છે. અને તે અક્ષરબ્રહ્મ વગેરે સ્થાવર-જંગમ વસ્તુમાત્રને મારે વિશે દેખે છે. એટલે કે, તે જડ-ચિદ્ વસ્તુમાત્ર મેં મારાં ઐશ્વર્યે કરીને ધારી રાખ્યાં છે, એમ તે યોગીપુરુષ દેખે છે.

આવી રીતે મને સાક્ષાત્ અનુભવનાર તે યોગીપુરુષનો હું ક્યારેય નાશ કરતો નથી. એટલે કે, સર્વેના મનને હરી લે એવી સુંદર મૂર્તિવાળો હું, તે યોગીપુરુષની દૃષ્ટિથી ક્યારેય અદૃશ્ય થતો નથી. હું હંમેશાં તેને સાક્ષાત્ દેખાયા જ કરું છું. એવી જ રીતે તે યોગી મારો ક્યારેય નાશ કરતો નથી. એટલે કે, મારાથી ક્યારેય અદૃશ્ય થતો નથી. અર્થાત્ હું તેની સાથે પ્રત્યક્ષ રહીને સદા તેને કૃપાદૃષ્ટિથી જોયા જ કરું છું. આમ, અમારે બંનેને ક્યારેય એક બીજાનો વિયોગ હોતો જ નથી. ॥૩૦॥

ततोऽपि पक्वदशां प्राप्तं भगवद्भक्तं वदति – सर्वभूतेति ।

सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः ॥
सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते ॥३१॥

एकत्वम् – यो मया प्रत्यक्षतया प्राप्तः स एक एव सर्वेषां स्वावताराणां कारणमस्तीत्येकभावम्, आस्थितः – आश्रितः, यः सर्वभूतस्थितम् – सर्वान्तर्यामिणं, माम् – वसुदेवनन्दनमेव, सर्वथा – सर्वप्रकारैः पुत्रत्वमित्र–त्वपतित्वेष्टत्वाभीष्टत्वमातृत्वपितृत्वादिभावैः, भजति – सेवते। स योगी हर्षशोकादिव्याकुलेऽस्मिन् लोके वर्तमानोऽपि प्रकृतिपराक्षरधामस्थिते मय्येव वर्तते ।।३१।।

હવે એ કરતાં પણ અધિક સિદ્ધદશાને પામેલા યોગીપુરુષનું લક્ષણ કહું છું : **'જે મને આ પ્રત્યક્ષપ્રમાણ પુરુષોત્તમ મળ્યા છે, તે એક જ પૂર્વે થયેલા અને હવે થનારા સર્વે અવતારોનું કારણ છે.'** આવી રીતે એકપણાને આશરેલો જે યોગી સ્થાવર-જંગમ વસ્તુમાત્રમાં અંતર્યામીપણે રહેલા મને વસુદેવપુત્રને જ સર્વ પ્રકારે ભજે છે; તે યોગીપુરુષ હર્ષ-શોકાદિ દ્વંદ્વોથી ખદબદતા આ લોકમાં હોય તોપણ માયા પર એવા અક્ષરધામને વિશે રહેલા મારામાં જ વર્તે છે.

સર્વ પ્રકારે મને ભજવો એટલે શું ? તો, **પુત્રપણું, મિત્રપણું,**

પતિપણું, માતાપણું, પિતાપણું, પ્રિયપણું અને સર્વાધિક પ્રિયપણું આવા બધા જ ભાવોથી મને જ ભજે છે. અર્થાત્ તેને માટે મા, પિતા, પતિ વગેરે બધું હું જ છું; એવા ભાવથી તે મને અખંડ સેવે છે. ॥૩૧॥

उक्तयोर्द्विविधभक्तयोर्मध्ये यः सर्वप्राण्यनुकम्पी सः श्रेष्ठ इत्याह – आत्मेति।

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ! ॥
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥३२॥

हे अर्जुन ! यो मद्भक्त आत्मौपम्येन – स्वतुल्यतया, सुखं यदि वा दुःखं, सर्वत्र – सर्वेषु जन्तुषु, समं पश्यति। यथा मम सुखं प्रियं दुःखमप्रियं, तथा अन्येषामपि भवतीति ज्ञात्वा सर्वेषां सुखमेव करोति, न तु कस्यापि दुःखमित्यर्थः। स दयालुर्योगी परमः – उत्कृष्टो, मतः – ममाभिमत इत्यर्थः ।।३२।।

હે અર્જુન ! એ બે પ્રકારના શ્રેષ્ઠ યોગીઓમાં પણ જે યોગીને મેં સર્વ શ્રેષ્ઠ માન્યો છે; તેને હવે ઓળખાવું છું : **જે મારો ભક્ત યોગી જીવ-પ્રાણીમાત્રને થનારા સુખ કે દુઃખને સ્વસમાનતાથી જ જુએ છે; એવા તે દયાળુ યોગીને મેં સહુથી શ્રેષ્ઠ માન્યો છે.**

સર્વના સુખ-દુઃખને સ્વસમાનતાથી જોવા એટલે શું ? તો, 'જેમ મને સુખ પ્રિય લાગે છે અને દુઃખ અપ્રિય લાગે છે; તેમ જ બીજાને પણ સુખ પ્રિય અને દુઃખ અપ્રિય લાગતું હોય છે' એમ જાણીને જે મારો ભક્ત યોગી મન, વાણી અને દેહે કરીને બીજા સર્વેને સુખ થાય એમ જ ક્રિયા કરે, પણ કોઈને દુઃખ થાય એવી ક્રિયા તો ભૂલે પણ કરે નહીં. આવી રીતે બીજાનાં સુખ-દુઃખને પોતાનાં જ સુખ-દુઃખ માનીને વર્તવું, તેને સર્વનાં સુખ-દુઃખને પોતાની સમાન જોયા કહેવાય. **જે મારો ભક્ત મેં સર્જેલાં આ સર્વે પ્રાણીઓ સાથે આ રીતે 'સ્વસમાનતા'થી વર્તે છે, તે મને સહુથી શ્રેષ્ઠ લાગે છે."** ॥૩૨॥

उक्तलक्षणं योगं दुष्करं मन्वानोऽर्जुन उवाच – य इति ।

अर्जुन उवाच –

योऽयं योगस्त्वया प्रोक्तः साम्येन मधुसूदन ! ॥
एतस्याहं न पश्यामि चञ्चलत्वात्स्थितिं स्थिराम् ॥३३॥

हे मधुसूदन ! साम्येन – सिद्ध्यसिद्ध्योर्मानापमानयो राजन्यरङ्क्योः कमनीयाकमनीयविषयेषु च तुल्यत्वेन, योऽयं योगः – ध्येये चित्तवृत्तिनिरोधलक्षणः समाधिस्त्वया प्रोक्तः, एतस्य योगस्य मयि स्थिराम् – दीर्घकालिकां स्थितिमहं न पश्यामि । कुतः ? मनसश्चञ्चलत्वात् ॥३३॥

❋ મનની ચંચળતા અને તેને ટાળવાના ઉપાય :

શ્રીકૃષ્ણ ભગવાને જે યોગને વર્ણવ્યો તેને અતિ કઠિન માનીને અર્જુન હવે તેમને આવો પ્રશ્ન પૂછે છે : "હે મધુસૂદન ! લાભ-અલાભ, માન-અપમાન વગેરે બાબતમાં સમાનપણે રહેતા થકા આત્મા-પરમાત્મામાં ચિત્તને સ્થિર કરી દેવારૂપ જે યોગ આપે કહ્યો, તે યોગની મારામાં લાંબા સમય સુધી સ્થિર સ્થિતિ રહે એવું મને લાગતું નથી. કારણ કે, મારું મન અતિ ચંચળ સ્વભાવવાળું છે. ॥૩૩॥

मनसश्चञ्चलत्वं निरूपयति – चञ्चलमिति ।

चञ्चलं हि मनः कृष्ण ! प्रमाथि बलवद् दृढम् ॥
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥३४॥

हे कृष्ण ! (मनः) चञ्चलम् – प्रकृत्यैव चपलं, पुनः कीदृशम् ? प्रमाथि – देहेन्द्रियप्रमथनशीलं, तेषां क्षोभकमित्यर्थः । पुनः कीदृशम् ? बलवत् – शास्त्रज्ञैरपि विचारेण वशीकर्तुमशक्यम् । पुनः कीदृशम् ? दृढम् – विषयासक्तत्वाज्जनैर्दुर्भेदम्, एतादृशं मनो भवति ततस्तस्य उक्तलक्षणैर्युक्तस्य मनसो, निग्रहम् – ध्येये निरोधं, वायोः – महानिलस्य, एकत्र प्रदेशे निग्रहमिव,

सुदुष्करम् – सर्वथा वशीकर्तुमशक्यं मन्ये। हि – निश्चितम्। स्वेन तु मनोनिग्रहस्य दुष्करत्वात्तन्निग्रहोपायं वद, इति पार्थहृद्गतोऽभिप्रायः ।।३४।।

હે કૃષ્ણ ! એ મન સ્વભાવથી જ અતિ ચપળ છે. વળી, દેહ અને ઇન્દ્રિયોને મથી નાખનારું - ક્ષોભ કરનારું છે. જ્ઞાની પુરુષોથી પણ વિચાર દ્વારા વશ ન થાય એવું બળવાન છે. અને વિષયાસક્ત જીવોને વિષયથી હઠાવવું હોય તોપણ ન હઠે એવું એ મન મજબૂત છે. તેથી એવા તે મનને આત્મા-પરમાત્મામાં જ અખંડ રોકી રાખવું, તે વાયુને એક ઠેકાણે રોકી રાખવા જેટલું મને અતિ અશક્ય જ જણાય છે. એટલે કે, મારે મારા બળે મનને વશ કરવું અશક્ય જ છે. માટે, તે મનને આત્મા-પરમાત્માના સ્વરૂપમાં સ્થિર કરવાનો તમે જ કૃપા કરીને કાંઈક ઉપાય બતાવો."॥૩૪॥

एतादृशस्य मनसो निग्रहोपायं वर्णयञ्छ्रीभगवानुवाच – असंशयमिति ।

श्रीभगवानुवाच –

असंशयं महाबाहो ! मनो दुर्निग्रहं चलम् ।।
अभ्यासेन तु कौन्तेय ! वैराग्येण च गृह्यते ।।३५।।

हे महाबाहो ! मनः चलम् – चञ्चलं, चलस्वभावत्वाद्दुर्निग्रहम् — दुःखेन ग्रहीतुं – वशीकर्तुमशक्यमिति यत्त्वयोक्तं तदसंशयम् – निःसंशयमेवास्ति, तु – तथापि हे कौन्तेय! अभ्यासेन – पूर्वोक्तयोगरीतिसत्समागमसद्धर्म-भगवन्माहात्म्यज्ञानानां पुनः पुनरनुशीलनेन, वैराग्येण च – प्राकृतवस्तुषु दोषदृष्ट्या च, योगिजनैरेवम्भूतं मनो गृह्यते – वशीक्रियते। अभ्यास-वैराग्याभ्यां लयविक्षेपशून्यत्वान्मनो ध्येये हरौ तिष्ठतीति भावः। तथा प्रमाणम् – "लये सम्बोधयेच्चित्तं विक्षिप्तं शमयेत्पुनः। सकषायं विजानीयात् समप्राप्तं न चालयेत्" इति योगशास्त्रम्। अनेनार्जुनप्रश्न-स्योत्तरं कृतम् ।।३५।।

હવે મનને વશ કરવાનો ઉપાય બતાવવા માટે શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને આવું કહ્યું : “હે મહાબાહુ ! ‘મન ખરેખર ચંચળ સ્વભાવવાળું છે. તેથી તેને વિષય થકી પાછું વાળીને આત્મા-પરમાત્મામાં સ્થિર કરવું અતિ અશક્ય છે’ એમ જે તેં કહ્યું તે ખરેખર એમ જ છે, એમાં કાંઈ સંશય નથી. તેમ છતાં પણ હે કૌન્તેય ! **અભ્યાસ** અને **વૈરાગ્ય** દ્વારા મનને જરૂર વશ કરી શકાય છે.

અભ્યાસ અને વૈરાગ્ય એટલે શું ? તો, મેં હમણાં જ તને કહેલી યોગસિદ્ધ કરવાની રીત, સાધુનો સમાગમ, સદ્ધર્મપાલન અને ભગવાનનું માહાત્મ્યજ્ઞાન – આ ચાર બાબતનો વારંવાર મહાવરો (પ્રેક્ટિસ) કરતા રહેવું તે અભ્યાસ છે. માયિક આકારમાત્રમાં રહેલા વિવિધ પ્રકારનાં દુઃખોને જાણી તેમાં અખંડ દોષદૃષ્ટિ કરવી તે વૈરાગ્ય છે. આવા આ અભ્યાસ અને વૈરાગ્ય વડે પોતાના મનને જરૂર વશ કરી શકાય છે. અર્થાત્ અભ્યાસ અને વૈરાગ્યને કારણે મનની શિથિલતા અને વિક્ષેપો નાશ પામે છે. તેથી મન ધ્યેયસ્વરૂપ એવા શ્રીહરિમાં સ્થિર રહે છે.॥૩૫॥

तदेव स्फुटं दर्शयति — असंयतेति ।

असंयतात्मना योगो दुष्प्राप इति मे मतिः ॥
वश्यात्मना तु यतता शक्योऽवाप्तुमुपायतः ॥३६॥

असंयतात्मना — अभ्यासवैराग्याभ्याम् असंयतः - अवशीभूत आत्मा - मनो यस्य तेन जनेन, योगो दुष्प्रापः - दुःखेन प्राप्तुमशक्यः, इति - एवंरूपा मे मतिः - मम ज्ञानमस्तीत्यर्थः । उपायतः - अभ्यास-वैराग्याभ्यां, साधनाभ्यां यतता - यत्नं कुर्वता, वश्यात्मना - जितमनसा योगिना तु योगोऽवाप्तुम् - प्राप्तुं शक्यः ॥३६॥

આવા અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા જેણે પોતાનું મન વશ નથી કર્યું એવા મનુષ્યને જ યોગ પ્રાપ્ત કરવો અશક્ય છે, બીજાને નહીં;

એવું મારું સ્પષ્ટ માનવું છે. મેં કહ્યા એવા અભ્યાસ અને વૈરાગ્યરૂપી બે ઉપાયો વડે પોતાના મનને વશ કરવાનો પ્રયત્ન કરનાર અને એનાથી પોતાના મનને જીતી લેનાર યોગી માટે તો આત્મા-પરમાત્માના સ્વરૂપને વિશે ચિત્તને તલ્લીન રાખવારૂપ યોગ પામવો શક્ય જ છે." ॥૩૬॥

एतादृशस्य योगस्य माहात्म्यं ज्ञातुकामः पार्थ उवाच – अयतिरिति ।

अर्जुन उवाच –

अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः ॥
अप्राप्य योगसंसिद्धिं कां गतिं कृष्ण ! गच्छति ॥३७॥

श्रद्धया – योगेनैव मे मोक्षो भविष्यतीति विश्वासेन प्रथममुपेतः – युक्तः, योगे प्रवृत्त इत्यर्थः । अयतिः – योगसाधनेषु यत्नशिथिलः, योगाच्चलितमानसः – अभ्यासशिथिलत्वात् प्राकृतविषयासक्त्या च योगाद् – योगोपायाभ्यासात् चलितम् – भ्रष्टं मानसं यस्य सः । योगसंसिद्धिम् – योगफलरूपं ज्ञानं, वा मोक्षं, वा परमेश्वरस्वरूपम्, अप्राप्य, हे कृष्ण ! काम् ? – कीदृशीम् ? गतिं प्राप्नोति ॥३७॥

હજુ મનને વશ કરવાની બાબતમાં અર્જુન સંશયવાળો છે, તેથી 'કદાચ મન ન જીતાય તો યોગીની દશા શું થાય ?' આ વિશે તે હવે શ્રીકૃષ્ણ ભગવાનને પ્રશ્ન પૂછે છે : "હે શ્રીકૃષ્ણ ! કોઈ ભક્ત 'આ યોગથી જ મારો મોક્ષ થઈ જશે' એવા વિશ્વાસથી પ્રથમ યોગ સિદ્ધ કરવા માટે પ્રવર્ત્યો હોય, પણ સમય જતાં તે યોગનાં સાધનો કરવામાં ઢીલો પડી ગયો અને તેથી જ તેનું મન યોગમાર્ગથી ચલિત થઈ ગયું. તો તેને યોગની સંપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત નહિ થવાથી તે કેવી ગતિને પામે ?

યોગમાર્ગથી મન ચલિત થઈ જવું એટલે શું ? તો, યોગનો અભ્યાસ ઢીલો થઈ જવાથી અને માયિક વિષયમાં આસક્તિ રહી જવાથી યોગના

ઉપાયોનો અભ્યાસ છોડીને મન બીજે ક્યાંક વળી જાય કે વિષયાદિકમાં આસક્ત થઈ જાય તેને યોગમાર્ગથી મન ચલિત થઈ ગયું કહેવાય.

યોગની સંપૂર્ણ સિદ્ધિ એટલે શું ? તો, યોગના ફળરૂપે થયેલું આત્મા-પરમાત્માનું જ્ઞાન, જીવનો જન્મ-મરણથી મોક્ષ અથવા તો પરમાત્માનું સાક્ષાત્ સ્વરૂપ – આ ત્રણમાંથી કોઈ એક, બે કે ત્રણેયની પ્રાપ્તિ થાય, તે યોગની સંપૂર્ણ સિદ્ધિ થઈ કહેવાય છે. આ ત્રણ સિવાય બીજી ગમે એટલી સિદ્ધિ, પ્રસિદ્ધ કે સ્વર્ગાદિકનું સુખ મળે તે યોગનું સાચું ફળ મળ્યું ન કહેવાય. હે પ્રભુ ! કોઈ યોગી આવી યોગની સંપૂર્ણ સિદ્ધિ મળતાં પહેલાં જ ચલિત થઈ જાય, તો એની શું દશા થાય ? ॥૩૭॥

तदेव पुनर्विस्तारेण वदति – कच्चिदिति ।

कच्चिन्नोभयविभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति ॥
अप्रतिष्ठो महाबाहो ! विमूढो ब्रह्मणः पथि ॥३८॥

उभयविभ्रष्टः – उभाभ्यां – स्वर्गमोक्षाभ्यां, साधनवैपरीत्येन भ्रष्टः – चलितः, फलानुसन्धानरहितानां शुभकर्मणां स्वर्गपुत्रादिफलाप्रापकत्वात् मोक्षसाधनाभ्यासशैथिल्याच्च स्वर्गमोक्षभ्रष्ट इत्यर्थः। छिन्नाऽभ्रमिव कच्चित् न नश्यति ? कच्चिदिति संशये, महाभ्रात् वायुना विछिन्न–मभ्रशकलं महदभ्रमप्राप्येव किं नश्यति ? किं वा न नश्यतीत्यर्थः। तामेवोभयभ्रष्टतां दर्शयति – हे महाबाहो ! अप्रतिष्ठः – स्वर्गादिप्राकृत–फलेषु नास्ति प्रतिष्ठा – स्थितिर्यस्य सः, ब्रह्मणः – हरेः प्राप्तिसाधनभूते पथि – मार्गे, विमूढः – वैचित्त्यं प्राप्तो, वैपरीत्यं गत इति यावत् ॥३८॥

હે પ્રભુ ! જેમ વાયુને કારણે મોટા વાદળમાંથી છૂટો પડેલ નાનો ટુકડો મોટા વાદળને પામ્યા વિના વચ્ચે જ નાશ પામી જાય છે, તેમ સાધન છૂટી જવાને કારણે ઉભયભ્રષ્ટ થયેલો એવો તે યોગી સિદ્ધિને નહિ પામતાં, શું નાશ પામી જાય છે ? કે નાશ નથી પામતો ?

ઉભયભ્રષ્ટ થવું એટલે શું ? તો, મોક્ષ માટે પ્રવર્તેલા તે યોગીએ સર્વે કર્મો ફળની આશા વિના જ કર્યાં હોવાથી તે શુભ કર્મોથી તેને સ્વર્ગ, પુત્ર વગેરેની માયિક પ્રાપ્તિ થઈ નહીં. અને મોક્ષના સાધનભૂત અભ્યાસમાં શિથિલતાને કારણે પરબ્રહ્મ શ્રીહરિની પ્રાપ્તિના માર્ગેથી તે પડી ગયો હોવાથી પરબ્રહ્મરૂપી ફળ પણ મળ્યું નહિ. આમ, તે યોગી માયિક ફળ અને મોક્ષ એ બંને પ્રાપ્તિથી વંચિત રહે તેને ઉભયભ્રષ્ટ થયો કહેવાય. આ રીતે ઉભયભ્રષ્ટ થયેલ એ યોગી બધી બાજુથી વંચિત જ રહે છે ? કે કાંઈક પામે છે ? ॥૩૮॥

स्वसंशयस्य छेदनोपायं पृच्छति – एतदिति ।

एतन्मे संशयं कृष्ण ! छेत्तुमर्हस्यशेषतः ॥
त्वदन्यः संशयस्यास्य छेत्ता न ह्युपपद्यते ॥३९॥

हे कृष्ण ! मे – मम, एतत् – एनं, संशयम् – सन्देहम्, अशेषतः – समग्रतया, छेत्तुम् – अपनेतुं, त्वमर्हसि । त्वत् – सर्वज्ञाद्भवतः, अन्यः – अपरः, अस्य संशयस्य छेत्ता – निवर्तको, नोपपद्यते, हि – निश्चितम् ।।३९।।

હે કૃષ્ણ ! આ મારા સંદેહને સંપૂર્ણપણે ટાળવા માટે આપ જ યોગ્ય છો. કેમ જે, એક જ સમયે સર્વ જગતને પ્રત્યક્ષપણે જોનારા-જાણનારા એવા આપ સિવાય અન્ય કોઈ આ મારા સંદેહને ટાળે એવા નથી."॥૩૯॥

पार्थसन्देहं निवारयञ्छ्रीभगवानुवाच – पार्थेति ।

श्रीभगवानुवाच –

पार्थ ! नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ॥
न हि कल्याणकृत्कश्चिद् दुर्गतिं तात ! गच्छति ।।४०।।

हे पार्थ ! तस्य – योगभ्रष्टस्य, इह लोके विनाशो न विद्यते । अमुत्रैव – परलोकेऽपि विनाशो निरयपातो न विद्यते । हि – यस्मात्,

कल्याणकृत् – मोक्षसाधनकारी कश्चिदपि पुरुषः, दुर्गतिं न गच्छति – दुष्टां गतिं न प्राप्नोति । हे तातेति लोकोक्तिप्रकारेणोपलालनाय सम्बोधनम् ।।४० ।।

✵ યોગભ્રષ્ટ જીવની સદ્‌ગતિ :

હવે અર્જુનનો સંદેહ નિવારણ કરવા માટે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને કહે છે કે, "હે પાર્થ ! હે તાત એટલે કે હે વાલા શિષ્ય ! મોક્ષનાં સાધનનો આરંભ કર્યા પછી તેમાંથી ભ્રષ્ટ થયેલ તે પુરુષનો આ લોકમાં કે પરલોકમાં પણ વિનાશ થતો નથી. એટલે કે, તે યોગીપુરુષ નરકમાં જતો નથી. કેમ જે, મોક્ષનાં સાધનને કરનારો કોઈ પણ પુરુષ દુર્ગતિ પામતો નથી. ॥૪૦॥

ननु तर्हि स कुत्र गच्छतीत्याशङ्क्याह – प्राप्येति ।

प्राप्य पुण्यकृतां लोकानुषित्वा शाश्वतीः समाः ॥
शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥४१ ॥

पुण्यकृद्भिः – अहिंससोमयागादिशुभकर्मकारिभिः, प्राप्यान् लोकान् प्राप्य, तत्र शाश्वतीः समाः – बहुकालम्, उषित्वा – स्थित्वा, यादृश-भोगेच्छया योगात्पतितस्तादृशान्भोगान् भुक्त्वेति शेषः । शुचीनाम् – शुद्धाचारवतां, श्रीमताम् – योगानुष्ठानेन योग्यानां लक्ष्मीवतां, गेहे – गृहे, योगभ्रष्टः अभिजायते – जन्म याति ।।४१ ।।

જે યોગી અમુક સમય સુધી જ યોગનો અભ્યાસ કરી ભ્રષ્ટ થયો હોય, તે પુરુષ પશુહિંસારહિત સોમયાગાદિક શુભ કર્મ કરનારા જનોએ પામવા યોગ્ય એવા સ્વર્ગાદિક લોકને પામીને તે લોકમાં લાંબા સમય સુધી રહે છે. તે લોકમાં જેવા ભોગની ઇચ્છાથી મોક્ષમાર્ગ થકી પડી ગયો હોય, તેવા ભોગોને ભોગવે છે. પછી તે યોગીપુરુષ શુદ્ધ આચારવાળા અને મોક્ષમાર્ગનાં સાધન કરવામાં સહાય કરનારા એવા સમૃદ્ધ ગૃહસ્થને ઘરે જન્મ પામે છે. ॥૪૧॥

योगिनः स्वल्पकालाभ्यस्तयोगात्पतने गतिमुक्त्वा इदानीं बहुकालाभ्यस्तयोगपतने तु गत्यन्तरमाह – अथवेति ।

अथवा योगिनामेव कुले भवति धीमताम् ॥
एतद्धि दुर्लभतरं लोके जन्म यदीदृशम् ॥४२॥

अथवा – पक्षान्तरे, योगस्य पक्वदशां प्राप्य जनः पतितश्चेत्तर्हि, योगिनाम् – योगं साधयतां, वा धीमताम् – योगं शिक्षयतां कुले एव भवति – उत्पद्यते, जन्मप्राप्नोतीत्यर्थः । योगार्हाणां शुद्धजनानां योगारूढानां योगिनां च कुले ईदृशं द्विविधं यज्जन्म, तदेतत् लोके – अस्मिन् मर्त्त्यलोके, दुर्लभतरं हि – अतिशयदुष्प्रापमेव ।।४२।।

હવે બહુ લાંબા કાળ સુધી અભ્યાસ કર્યા પછી યોગથી ભ્રષ્ટ થયેલા યોગી પુરુષની ગતિ કહું છું : જે પુરુષ યોગની પક્વદશા પામીને મોક્ષમાર્ગ થકી પડી ગયો હોય, તો તે જન મોક્ષના સાધનરૂપ યોગને સાધી રહેલા ગૃહસ્થાશ્રમી પુરુષના કુળમાં જન્મ પામે છે. અથવા બીજા મુમુક્ષુઓને પણ યોગ શીખવાડનાર ગૃહસ્થાશ્રમી પુરુષના કુળમાં જન્મ પામે છે. આ રીતે યોગને યોગ્ય એવા શુદ્ધ આચારવાળા અથવા યોગમાર્ગે ઘણા બધા આગળ પહોંચી ગયેલા એવા ગૃહસ્થ યોગીઓના કુળમાં જન્મ પામવો, તે આ મનુષ્યલોકમાં સામાન્ય મનુષ્યોને અતિશય દુર્લભ છે. ॥૪૨॥

तदनन्तरं किमित्यत्राह – तत्रेति ।

तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदैहिकम् ॥
यतते च ततो भूयः संसिद्धौ कुरुनन्दन ! ॥४३॥

तत्र – द्विविधजन्मनि, तम् पौर्वदैहिकम् – प्रागदेहाभ्यस्तं, बुद्धिसंयोगम् – आत्मपरमात्मप्रापकविवेकयुक्तधीसम्बन्धं, योगभ्रष्टो लभते – प्राप्नोति । हे कुरुनन्दन! ततः – एतादृशजन्मप्राप्त्यनन्तरं सुप्तजागरित–

न्यायेन भूयः – पुनः, संसिद्धौ – योगफलनिमित्तं, यतते च – प्रयतते च प्रयत्नं करोति । स पुनरन्तरायैर्यथा न हन्यते तथैव यत्नं करोतीति भावः ।।४३।।

તે બેમાંથી કોઈ એક પ્રકારના ગૃહસ્થ યોગીકુળમાં જન્મેલ તે યોગભ્રષ્ટ, તેણે પૂર્વદેહમાં અભ્યાસ કરેલ બુદ્ધિસંયોગને એટલે કે આત્મા-પરમાત્માને પમાડનાર વિવેકવાળી બુદ્ધિને ફરી પામે છે. ત્યાર પછી હે અર્જુન ! જેમ સૂઈને જાગેલો પુરુષ સૂતા પહેલાં જે અભ્યાસ કરતો હોય તે જ અભ્યાસ ફરી ત્યાંથી આગળ શરૂ કરે છે, તેમ નવો જન્મ પામેલ તે યોગી ફરીને આગળનો યોગાભ્યાસ કરે છે. તેમાં આ જન્મે મોક્ષમાર્ગથી કોઈ પણ અંતરાયને લીધે ફરી ન પડી જવાય તેવી રીતે યોગસિદ્ધિનો અભ્યાસ કરે છે. ॥૪૩॥

तत्र हेतुमाह – पूर्वेति ।

पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः ।।
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते ।।४४।।

तेन पूर्वाभ्यासेन – पूर्वकृतयोगाभ्यासेन, सः – योगभ्रष्टः, अवशः अपि – देहदैहिकाधीनत्वात्परवशोऽपि, योगसाधने एव ह्रियते – नीयते । पूर्वदेहकृतयोगाभ्यासो मोक्षसाधनं प्रति तं बलेन नयतीति योगमाहात्म्यम् इत्यर्थः । योगस्य जिज्ञासुरपि – योगसाधनेष्वप्रवृत्तस्तज्ज्ञातुकामोऽपि, शब्दब्रह्म – वेदम्, अतिवर्तते – वेदोक्तकर्मफलानि अतिक्रम्य वर्त्तते । तेभ्योऽधिकफलप्रापकं कर्मयोगादिकं साधनं कृत्वा योगारूढो भूत्वा परमात्मैकान्तिकीं भक्तिं प्राप्नोतीत्यर्थः । यर्हि जिज्ञासोरेवं तर्हि योगसाधने प्रवृत्तस्य किमु वक्तव्यम् ? इति भावः ।।४४।।

તે યોગભ્રષ્ટ યોગી બીજા જન્મમાં પણ યોગમાર્ગે જ પ્રવર્તે છે, તેનું શું કારણ છે ? તે હવે હું તને જણાવું છું : પૂર્વજન્મમાં તેણે

કરેલ યોગાભ્યાસને કારણે આ જન્મમાં પણ તે યોગભ્રષ્ટ પુરુષ અવશ્ય યોગમાર્ગના સાધનમાં જ ખેંચાય છે. એટલે કે, તે યોગી આ નવો દેહ તથા નવા દેહનાં સંબંધીઓ વગેરેને આધીન હોવાથી પરવશ હોવા છતાં પણ પૂર્વનો યોગાભ્યાસ તેને પરાણે મોક્ષનાં સાધનો તરફ ખેંચી જાય છે. એવો આ યોગનો મહિમા-પ્રતાપ છે.

અરે ! કદાચ કોઈ જીવ આ યોગનાં સાધનોમાં પ્રવર્ત્યો ન હોય અને કેવળ તે યોગને જાણવાની ઈચ્છાવાળો જ હોય, તોપણ તે પુરુષ વેદમાં કહેલા વિવિધ પ્રકારનાં કર્મફળને ઉલ્લંઘી જાય છે. એટલે કે, તે પુરુષ વેદે બતાવેલા નાશવંત ફળની ઈચ્છાનો ત્યાગ કરી દે છે અને અવિનાશી ફળને પમાડનાર એવા કર્મયોગ, જ્ઞાનયોગ વગેરે સાધનો કરીને પક્વ યોગી થઈને સમય જતાં પરમાત્માની એકાંતિકી ભક્તિને પામે છે. આ પ્રમાણે ફક્ત યોગનાં સાધનોને જાણવા ઈચ્છતો પુરુષ પણ જો છેવટે ભગવાનની એકાંતિકી ભક્તિ પામે છે, તો જે પુરુષ મોક્ષ પમાડનાર યોગનાં સાધનોમાં સારી પેઠે પ્રવર્ત્યો હોય, તે પુરુષ બીજા જન્મે પણ ભગવાનને માર્ગે જ પ્રવર્તે, તેમાં તો કહેવું જ શું !! ॥૪૪॥

पुनस्तदेव दर्शयति – प्रयत्नादिति ।

प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ॥
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥४५॥

प्रयत्नात् – प्रयत्नम् – योगाभ्यासायासम्, आलम्ब्य, यतमानः – यत्नं कुर्वाणः, अत एव संशुद्धकिल्बिषः – विधूतयोगविरोधिपापः, अत एव अनेकजन्मसंसिद्धः – योगयुक्तैरनेकजन्मभिः संसिद्धः – सिद्ध–भक्तियोगः, योगी ततः – योगप्राप्त्यनन्तरं, पराम् – सर्वोत्कृष्टां भगवदेकान्तिकभक्तिरूपां, गतिं याति – प्राप्नोतीत्यर्थः ॥४५॥

પ્રયત્નપૂર્વક યોગાભ્યાસ કરી રહેલ એવો તે યોગી ધીરે ધીરે પોતાના મોક્ષમાં અંતરાય કરનાર અજ્ઞાન કે આસક્તિરૂપ સર્વે પાપોથી રહિત થઈ જાય છે. આ રીતે યોગાભ્યાસમાં જ વિતેલા ઘણાક જન્મોએ તે યોગી સારી રીતે સિદ્ધ થાય છે. એટલે કે, તેને યોગના ફળરૂપે ભક્તિયોગ સિદ્ધ થાય છે. ત્યાર પછી તે યોગી પરાગતિને એટલે કે ભગવાનને વિશે સર્વોત્કૃષ્ટ એકાંતિક ભક્તિને પામે છે. ॥૪૫॥

सर्वशुभसाधनकृद्भ्य उक्तस्य योगिनः श्रेष्ठत्वं दर्शयन्नाह – तपस्विभ्य इति ।

तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः ॥
कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन ! ॥४६॥

तपस्विभ्यः – चान्द्रायणादिव्रतकृद्भ्यः, उक्तो योगी अधिकः – श्रेष्ठो मतः, ज्ञानिभ्योऽपि – शास्त्रज्ञानवद्भ्योऽपि, सोऽधिको मतः, कर्मिभ्यश्च – वर्णाश्रमोचिताश्वमेधादिकर्मकृद्भ्यः, स योगी अधिकः, तस्माद् हे अर्जुन ! त्वं योगी भव ।।४६।।

હે અર્જુન ! આ જગતમાં સર્વ પ્રકારનાં શુભ સાધનો કરનાર તમામ પુરુષોની અપેક્ષાએ મેં કહ્યો તે નિષ્કામ કર્મયોગી કે નિષ્કામ જ્ઞાનયોગી સર્વશ્રેષ્ઠ છે. કેવી રીતે ? તો, ચાંદ્રાયણાદિક વ્રત કરનારા તપસ્વીઓ કરતાં મેં કહ્યો તે યોગી શ્રેષ્ઠ છે. તેમ જ શાસ્ત્રના અર્થને જાણનારા પંડિતો કરતાં પણ તે યોગીને મેં અતિ શ્રેષ્ઠ માન્યો છે. અને વર્ણાશ્રમને યોગ્ય અશ્વમેધાદિક યજ્ઞકર્મ કરનારાઓ કરતાં પણ તે યોગી પુરુષ અતિશય શ્રેષ્ઠ છે. માટે હે અર્જુન ! તું પણ પૂર્વે કહ્યો એવો યોગી પુરુષ થા. ॥૪૬॥

ननु बहुविधा योगिन उक्ताः, तेषु कं योगिनं भवान् वक्ति ? इति आशङ्कायामाह – योगिनामिति ।

योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ॥
श्रद्धावान्भजते यो मां स मे युक्ततमो मतः ॥४७॥

इति श्रीभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णाऽर्जुनसंवादे 'अभ्यासयोगो' नाम षष्ठोऽध्यायः ॥६॥

यो योगी, मद्गतेन — माम् – क्षराक्षरोत्तमं वासुदेवं, गतेन – प्राप्तेन, मत्स्मृतिं विना क्षणमात्रमपि स्थातुमशक्येनेत्यर्थः । अन्तरात्मना – सकल-बाह्याभ्यन्तरवृत्त्याधारभूतेन मनसा, श्रद्धावान् – मयि अत्यधिकया प्रीत्या क्षणमात्रवियोगासहनत्वान्मत्संयोगोद्यमेऽतित्वरावान्सन्, माम् – सर्वावताराव-तारिणमक्षरब्रह्माधिपं पुरुषोत्तमं वसुदेवगृहेऽवतीर्णम् अखिलजननेत्रविषयतां प्राप्तम् अत्यक्तस्वस्वभावं शरणागतवात्सल्यैकपयोनिधिमाश्रितार्त्तिनिवर्त्तकं देवकीनन्दनं, भजते – सेवते, उपास्त इति यावत् । योगिनामित्यत्र पञ्चम्यर्थे षष्ठी । हर्येकान्तिकभक्तस्यात्युत्कृष्टत्वात् न निर्धारणे षष्ठी, स्वल्पत्वेन सामान्यविशेषधर्ममाश्रित्य निर्धारणषष्ठीविधानात् । केवलत्यागिधर्मनिष्ठेभ्यः, प्राप्तशुद्धक्षेत्रज्ञस्वरूपेभ्यश्च, अक्षरब्रह्मनिष्ठेभ्यश्च योगिभ्यः, सर्वेषामपी-त्यत्राप्युक्तरीत्या पञ्चम्यर्थो ग्राह्यः, तपस्विप्रभृतिभ्यः सर्वेभ्योऽपि, स मे – स्वतः सर्वज्ञेन मया, युक्ततमः – अतिशयेन श्रेष्ठतमो मतः । अत्यल्पत्वेन परस्परन्यूनाधिकेभ्यः सर्षपेभ्यो महागिरिवत् स सर्वेभ्योऽत्युत्कृष्टो ज्ञातव्य इत्यर्थः ।।४७।।

અત્યાર સુધીમાં બતાવેલા અનેક પ્રકારના યોગીઓથી પણ જે યોગીને હું સર્વ શ્રેષ્ઠ યોગી માનું છું, તે હવે તને બતાવું છું : જે યોગી મારામાં પ્રવેશ પામેલ અંતરાત્મા વડે અતિ શ્રદ્ધાવાન થયો થકો મને-દેવકીપુત્રને ભજે છે, તે યોગીને બીજા સર્વે યોગીઓ કરતાં મેં અતિશય શ્રેષ્ઠ માન્યો છે.

મારામાં પ્રવેશ પામેલ અંતરાત્મા એટલે શું ? તો, અંદર અને બહારની સર્વે વૃત્તિઓનો જે આધાર છે એવા અંતઃકરણને અંતરાત્મા કહેવાય. અતિ પ્રીતિને કારણે મારી સ્મૃતિ વિના ક્ષણમાત્ર પણ રહી ન શકે એને મારામાં પ્રવેશ કે વિરામ પામેલ કહેવાય. આ રીતે ક્ષર અને અક્ષરથી પણ ઉત્તમ એવા મારા સ્વરૂપમાં જેની સર્વે વૃત્તિઓ તલ્લીન રહેતી હોય એવા મનને મારામાં વિરામ પામેલ અંતરાત્મા કહેવાય છે.

અતિ શ્રદ્ધાવાન થવું એટલે શું ? તો, મારામાં અત્યંત પ્રીતિ હોવાને કારણે મારો ક્ષણમાત્ર પણ વિયોગ સહન ન થવાથી મને પામવાના પ્રયત્નમાં અતિ ઉતાવળો થાય, તેને અતિ શ્રદ્ધાવાન થયો કહેવાય.

આ યોગીની આટલી બધી શ્રેષ્ઠતાનું રહસ્ય શું છે ? તો, તે યોગી અતિ પ્રીતિ અને શ્રદ્ધાથી મને ભજે છે. હું કેવો છું ? તો, સર્વ અવતારોનો અવતારી છું; અક્ષરબ્રહ્મનો પણ સ્વામી પુરુષોત્તમ છું; વળી, જેવા ગુણ, સ્વભાવ અને ઐશ્વર્યાદિકે સહિત ધામમાં છું તેવો ને તેવો જ રહ્યો થકો હાલમાં અનેક જીવોનાં કલ્યાણ માટે સર્વ જનો મને પ્રત્યક્ષ દેખે તેમ વસુદેવના ઘરે પ્રગટ થયો છું. શરણાગત માટે વાત્સલ્યનો સાગર છું, મારા આશ્રિતોની તમામ પીડાને ટાળનારો છું.

આમ, મનુષ્ય સ્વરૂપે દેખાતો હોવા છતાં મને સર્વોપરી પુરુષોત્તમ જાણીને અતિ શ્રદ્ધાવાન થયો થકો મારામય અંતરાત્મા વડે તે યોગી મને ભજે છે. તેથી કેવળ ત્યાગી ધર્મમાં સ્થિતિવાળા યોગી, શુદ્ધ આત્મસ્વરૂપને અનુભવનારા યોગી, અક્ષરબ્રહ્મમાં સ્થિતિવાળા યોગી વગેરે સર્વે યોગીઓથી પણ તે યોગીને સહજ સર્વજ્ઞ એવા મેં અતિશય શ્રેષ્ઠ માન્યો છે. બીજા સર્વે યોગીઓ છે તે તો પરસ્પર નાના-મોટા રાઈના દાણા જેવા છે અને આ યોગી તો તેમની અપેક્ષાએ મેરુ પર્વત જેટલો અધિક મહાન છે. ॥૪૭॥

षष्ठेऽध्याये प्रोक्तसाधनैः प्राप्तेन योगरूपसम्प्रज्ञातसमाधिना शुद्ध–क्षेत्रज्ञस्वरूपं वा अक्षरब्रह्मैक्यं प्राप्य, पुरुषोत्तमोपासनं कर्तव्यमित्युक्तम्। ततो योगभ्रष्टस्य गतिश्चोक्ता। सर्वेभ्यो भगवदेकान्तिकभक्तो योगी श्रेष्ठश्चेत्युक्तम्।

इति श्रीसहजानन्दस्वामिशिष्यगोपालानन्दकृतायां भगवद्भावदीपिकायां श्रीभगवद्गीताटीकायां षष्ठोऽध्यायः ॥६॥

આ છઠ્ઠા અધ્યાયમાં મુખ્યપણે ત્રણ બાબત કહેવાણી છે : (૧) પ્રભુએ કહેલાં સાધનો વડે સિદ્ધ થયેલ યોગરૂપ સંપ્રજ્ઞાતસમાધિ દ્વારા શુદ્ધ આત્મસ્વરૂપને કે અક્ષરબ્રહ્મ સાથે એકતા પામીને પુરુષોત્તમની ઉપાસના કરવી. (૨) યોગભ્રષ્ટની ગતિ (૩) સર્વ પ્રકારના યોગીઓ થકી ભગવાનનો એકાંતિક ભક્ત યોગી અતિશય શ્રેષ્ઠ છે.

આ રીતે સર્વાવતારી શ્રીસહજાનંદસ્વામીના શિષ્ય સદ્.શ્રીગોપાળાનંદ-સ્વામી વિરચિત શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યના ગુજરાતી ભાવાનુવાદમાં 'યોગની રીતિ, ગતિ, પુરુષોત્તમની ઉપાસના અને તેના ભક્તની સર્વ શ્રેષ્ઠતા કહી' એ નામે છઠ્ઠો અધ્યાય પૂરો થયો. ॥૬॥



सप्तमोऽध्यायः

ज्ञानयोगः

शार्दूलविक्रीडितवृत्तम् :

यावन्तो विषया भवन्ति सकलब्रह्माण्डगोले तथा
मायेशस्य पुरे विरक्तिसहितास्तेष्वात्मनिष्ठाश्च ये ॥
येषां प्रीतिकरं सदैव भगवच्छ्रीमत्कृपावीक्षणम्
युक्तं तैर्निजधाम्नि तं वृषसुतं नारायणं चिन्तये ॥

ભાષ્યકાર સદ્.શ્રીગોપાળાનંદસ્વામી અહીં બીજા ષટ્કના આરંભે ફરી મંગલાચરણ કરે છે. ષટ્ક એટલે કે છ અધ્યાયોનું ઝૂમખું.

જે મુક્તો અનંત બ્રહ્માંડોમાં તથા માયાપતિ પ્રકૃતિપુરુષના લોકમાં જેટલા કાંઈ વિષયો છે, તે તમામ વિષયોમાં વૈરાગ્યવાળા અને અતિ દૃઢ આત્મનિષ્ઠાવાળા છે. વળી, જે મુક્તોને ભગવાન શ્રીહરિ પરમ શોભા અને પરમ કૃપાથી પોતાની સામે દેખે એ જ અખંડ પ્રીતિ કરનારું અને આનંદ ઉપજાવનારું છે. આવા તે મહામુક્તોએ સહિત પોતાના અક્ષરધામમાં રહેલા અને એના એ જ આ લોકમાં ધર્મદેવના પુત્રરૂપે આવિર્ભાવ પામેલા એવા તે પુરુષોત્તમનારાયણને હું અખંડ ચિંતવું છું.

पूर्वाध्यायषट्के स्वान्तर्गतज्ञानेन कर्मयोगेन, ज्ञानयोगप्रधानेन त्यागि-धर्माभिधसाङ्ख्ययोगेन च, साधनभक्त्या च शुद्धस्य स्वक्षेत्रज्ञस्याक्षरब्रह्मणैक्यं विभाव्य, सर्वनियन्तुः पुरुषोत्तमस्य पराभक्तिः कर्तव्येत्युक्तम् ।

અંતરપ્રવાહની જેમ આત્મા-પરમાત્માનું જ્ઞાન જેમાં રહેલું છે એવા

કર્મયોગથી; જ્ઞાનયોગ જેમાં પ્રધાન છે એવા ત્યાગી પુરુષોના ધર્મરૂપ સાંખ્યયોગથી તથા ભગવાનની નવ પ્રકારની સાધનભક્તિથી શુદ્ધ થયેલા પોતાના આત્માને અક્ષરબ્રહ્મ સાથે એકરૂપ માનીને, સર્વનિયંતા એવા પુરુષોત્તમ ભગવાનની દશમી પરાભક્તિ સર્વેએ કરવી - એમ ભગવાન શ્રીકૃષ્ણે પ્રથમના છ અધ્યાયમાં કહ્યું છે.

इदानीं सप्तमेऽध्याये भगवतो माहात्म्यज्ञानं, तज्ज्ञानवतः पुंसो दुर्लभत्वं च, तद्विभूतिश्च, मायाबद्धस्य ततो निवृत्तिप्रकारश्च, भगवदनुकूलाः तत्प्रतिकूलाश्च जनाः, ज्ञानिनरस्य श्रेष्ठत्वं च, हरिभक्तेरविनाशिफलत्वं, तदन्यदेवानां भक्तेर्विनाशिफलत्वं, हरिभक्तानां हरिप्राप्तिश्च, तदितरदेवभक्तानां स्वोपास्यदेव-प्राप्तिश्च, मनुष्यभावं प्राप्तस्य हरेर्ज्ञाने बहुजनागोचरत्वं चोच्यन्ते।

હવે સાતમાં અધ્યાયમાં આટલી બાબતો કહેવાશે : (૧) ભગવાનના સ્વરૂપનું માહાત્મ્યજ્ઞાન (૨) તે માહાત્મ્યજ્ઞાનવાળા પુરુષની દુર્લભતા (૩) ભગવાનની વિભૂતિ (૪) માયામાં બંધાયેલા પુરુષને તેમાંથી છૂટવાની રીત (૫) ભગવાનને અનૂકુળ વર્તનારા અને ભગવાનથી પ્રતિકૂળ વર્તનારા જીવો (૬) જ્ઞાનીભક્તનું શ્રેષ્ઠપણું (૭) ભગવાન શ્રીહરિની ભક્તિનું ફળ અવિનાશી છે અને અન્ય દેવોની ભક્તિનું ફળ નાશવંત છે. (૮) શ્રીહરિના ભક્તોને દેહાંતે શ્રીહરિની પ્રાપ્તિ થાય છે અને અન્ય દેવોના ઉપાસકોને તેમના ઉપાસ્ય દેવની પ્રાપ્તિ થાય છે. (૯) અનેક જીવોનાં કલ્યાણ માટે મનુષ્યભાવમાં પ્રગટેલા ભગવાન શ્રીહરિનું જેમ છે તેમ જ્ઞાન થવું તે ઘણું જ દુર્લભ છે.

तत्रादौ स्वज्ञानं वदिष्यन् श्रीकृष्ण उवाच – मयीति ।

श्रीभगवानुवाच –

मय्यासक्तमनाः पार्थ ! योगं युञ्जन्मदाश्रयः ॥
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु ॥१॥

मय्यासक्तमनाः – मयि – सर्वेश्वरे, आसक्तम् – निरवधिकातिशयप्रेम-संयुक्तं मनो यस्य, अत एव मदाश्रयः – अहमेव आश्रयः – आधारो यस्य, मय्यासक्तमानसत्वान्मम जन्मकर्मगुणश्रवणकीर्तनाभ्यां स्मरणेन दर्शनेन विना चैवेह लोके स्थातुमशक्त इत्यर्थः । एतादृशस्त्वं, योगं युञ्जन् – मद्योगं कुर्वन्, समग्रम् – विभूत्यादिसहितं, माम् असंशयम् – निःसन्देहं, यथा ज्ञास्यसि – येन प्रोक्तेन अवबोधेन वेदिष्यसि, तज्ज्ञानं हे पार्थ ! समाहित-मानसस्त्वं शृणु ।।१।।

❋ ભગવાનના માહાત્મ્યજ્ઞાનની મહત્તા તથા દુર્લભતા :

"હે પાર્થ ! તું મારા જ આધારે રહીને તથા સર્વના સ્વામી એવા મારામાં અતિ આસક્ત મનવાળો થઈને ભક્તિયોગનો અભ્યાસ કર. એમ અભ્યાસ કરતાં કરતાં તું મને સંપૂર્ણપણે એટલે કે મારી વિભૂતિ વગેરે સમૃદ્ધિએ સહિત નિઃશંકપણે જાણી શકીશ.

અતિ આસક્ત મનવાળો એટલે શું ? તો, મારાં જન્મ, કર્મ અને ગુણોનું શ્રવણ તથા કથન કર્યા વિના, મારી મૂર્તિને સંભાર્યા વિના અને મારાં દર્શન કર્યાં વિના આ લોકમાં રહી ન શકાય એવી પ્રીતિવાળાને મારામાં અતિ આસક્ત મનવાળો ભક્ત કહેવાય.

આવી રીતે ભક્તિયોગનો અભ્યાસ કરતાં થકા જે જ્ઞાન વડે તું વિભૂતિ અને સમગ્ર ઐશ્વર્યે સહિત મને યથાર્થ જાણી શકે એવું મારા સ્વરૂપનું જ્ઞાન હવે હું તને કહું છું, તે તું સાંભળ. ।।૧।।

तदेवाह – ज्ञानमिति ।

ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ।।
यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते ।।२।।

इदम् – वक्ष्यमाणं, सविज्ञानम् – विज्ञानेन सहितं, ते – तुभ्यं,

ज्ञानम् – मत्स्वरूपज्ञानम्, अशेषतः – समग्रतया, अहं वक्ष्यामि । मदन्यस्मात् सकलचेतनाचेतनवस्तुवर्गात् समग्रदोषहीनत्वेन, निरवधिकातिशयाऽसङ्ख्यशुभगुणगणैश्च, अगणितमहासमृद्धित्वेन च, अत्युत्कृष्टोऽहम् इति विशेषज्ञानसहितं मत्स्वरूपज्ञानं वक्ष्यामीत्यर्थः । किं बहूक्त्या, यज्ज्ञानं ज्ञात्वा, इह – मम स्वरूपे, भूयः – पुनः अन्यज्ज्ञातव्यं नावशिष्यते – अवशिष्टं न भवतीत्यर्थः ।।२।।

હે અર્જુન ! આવું તે જ્ઞાન હવે હું તને મારા સ્વરૂપના વિશેષ જ્ઞાને સહિત સંપૂર્ણપણે કહું છું. જે જ્ઞાનને જાણ્યા પછી તારે મારા સ્વરૂપ બાબતે ફરી જાણવા જેવું બીજું કાંઈ પણ જ્ઞાન બાકી નહીં રહે.

મારા સ્વરૂપનું વિશેષ જ્ઞાન એટલે શું ? તો, મારા સિવાયના તમામ જડ-ચેતન તત્ત્વો થકી હું અતિ શ્રેષ્ઠ છું. કઈ કઈ રીતે ? તો, તે જડ વસ્તુમાં અનેક દોષો છે, જ્યારે હું સમગ્ર દોષોએ રહિત જ છું. તે ચેતન તત્ત્વોમાં અમુક ગુણો છે, પણ તે અતિ અલ્પ માત્રામાં છે; જ્યારે મારામાં તો અમાપ અને અસંખ્ય શુભ ગુણોના મોટા મોટા સમૂહો છે. વળી, હું અગણિત મહાસમૃદ્ધિવાળો છું. એટલે કે, વિવિધ પ્રકારના દિવ્ય ભોગો, તેના ઉપભોગ માટેનાં દિવ્ય સાધનો અને વિવિધ દિવ્ય સ્થાનો - આવી અનેક દિવ્ય મહાસમૃદ્ધિનો હું સ્વામી છું. આવી અનેક બાબતોને કારણે હું મારા સિવાયનાં તમામ જડ-ચિદ્ તત્ત્વો થકી સર્વ પ્રકારે અતિશય શ્રેષ્ઠ છું. આવી મારી અનુપમ વિશેષતાનું જે જ્ઞાન તે મારા સ્વરૂપનું વિશેષ જ્ઞાન કહેવાય છે. તે હવે હું તને કહું છું. ।।૨।।

स्वज्ञानस्य दुर्लभत्वमाह – मनुष्याणामिति ।

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ।।३।।

शास्त्राधिकारहीनानां जातिमात्रमनुष्याणां सहस्रेषु शास्त्राधिकार-योग्यो मनुष्यः कश्चिदस्तीत्युपरिष्टाज्ज्ञेयम् । एतादृशानां मनुष्याणां सहस्रेषु कश्चिद्विरलः, सिद्धये - स्वमोक्षाय, यतति - यतते । यततामपि - मोक्षाय प्रयासं कुर्वतामपि, सहस्रेषु कश्चिन्मां विदित्वा प्रकृतिबन्धनान्मुक्तो भवति । प्रकृतिबन्धविमुक्तानां मद्विदां सिद्धानां सहस्रेषु कश्चित् तत्त्वतः - स्वरूपस्वभाव-गुणविभूतिभिर्यथावस्थितं मां, वेत्ति - कश्चिदेव जानाति । अतो मत्स्वरूप-यथार्थज्ञानमपि दुर्लभं, मत्स्वरूपयथार्थज्ञान्यपि च दुर्लभ इत्यर्थः ।।३।।

હે અર્જુન ! આ વિશ્વના લાખો મનુષ્યોમાં કોઈક જ પોતાના મોક્ષ માટે પ્રયત્ન કરતો હોય છે. એ પ્રયત્ન કરી રહેલા હજારોમાં કોઈક જ જન્મ-મરણથી છૂટવારૂપ મોક્ષને સિદ્ધ કરવામાં સફળ થાય છે. એવા હજારો સિદ્ધ મુક્તપુરુષોમાં કોઈક જ ભક્ત મને જેમ છે તેમ સમજી શકે છે.

એટલે કે, શાસ્ત્રોએ દર્શાવેલા અધિકાર વિનાના કેવળ જાતિએ કરીને મનુષ્ય કહેવાતાં લાખો મનુષ્યોમાં કોઈક જ મનુષ્ય શાસ્ત્રમાં કહેલા અધિકારને યોગ્ય હોય છે. શાસ્ત્રના અધિકારવાળા તે હજારો મનુષ્યમાં કોઈક વિરલ પુરુષ જ પોતાના મોક્ષને અર્થે પ્રયત્ન કરે છે. પોતાના મોક્ષને અર્થે ઉદ્યમ કરનારા એવા હજારો મનુષ્યમાં કોઈક જ મારા સ્વરૂપને જાણીને માયાનાં બંધન થકી મુકાય છે. અને માયાનાં બંધન થકી મુક્ત થયેલા અને મારા સ્વરૂપને જાણનાર એવા હજારો મુક્તોમાં પણ કોઈક જ મને યથાર્થપણે જાણે છે.

મને યથાર્થ જાણવો એટલે શું ? તો, સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને મારી વિભૂતિઓ સહિત હું જેવો છું તેવો જ મને સર્વ પ્રકારે કોઈક જ ભક્ત જાણે છે. માટે મારા સ્વરૂપનું યથાર્થ જ્ઞાન અતિ દુર્લભ છે અને મારા સ્વરૂપના યથાર્થ જ્ઞાનવાળા જ્ઞાની પુરુષ પણ અતિ દુર્લભ છે. ॥૩॥

स्वमाहात्म्यं वक्तुं प्रथमं द्विविधां प्रकृतिं वदति द्वाभ्याम् - भूमिरिति ।

**भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च ॥
अहङ्कार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥४॥**

भूमिः – क्षितिः, आपः – जलानि, अनलः – अग्निः, वायुः – समीरः, खम् – आकाशः, मनः – मानसं, बुद्धिः – प्रज्ञा, च अहङ्कारः – अहं–भावश्चेति एवम्प्रकारेण अष्टधा – अष्टभिः प्रकारैः, इयम् – बद्धजीवानां निवासभूता, प्रकृतिः – त्रिगुणात्मिका माया, भिन्ना – भेदं प्राप्ता, सा मे – मम मदीयेति विद्धि ।।४।।

**अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम् ॥
जीवभूतां महाबाहो ! ययेदं धार्यते जगत् ॥५॥**

अपरेति । इयम् – उक्ता या प्रकृतिः सा, अपरा – जडत्वेन कनिष्ठा, इतस्तु – एतस्या उक्ताया बद्धजीवनिवासभूतायास्त्रिगुणात्मिकाया जडायाः प्रकृतेस्तु, अन्याम् – स्वरूपस्वभावाभ्यां तद्विलक्षणां, जीवभूताम् – अक्षरपुरुषरूपां, पराम् – उत्कृष्टां, मे – मम मदीयां, प्रकृतिं विद्धि। हे महाबाहो ! यया – अक्षरपुरुषरूपया मम प्रकृत्या, इदम् – चेतनाचेतन–समूहत्वेनोभयात्मकं जगत् – विश्वं, धार्यते – जगतो धारणं क्रियते इत्यर्थः ।

जीवशब्देन अक्षरपुरुषवाच्यत्वे प्रमाणम् – "हन्ताऽहमिमास्तिस्रो देवता अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि"(छान्दो.६/३/२) इति श्रुतिः। "अनादिरात्मा पुरुषो निर्गुणः प्रकृतेः परः। प्रत्यग्धामा स्वयंज्योतिर्विश्वं येन समन्वितम्"(भाग.३/२६/३) इति भागवतवचनं च। "योऽस्योत्प्रेक्षक आदिमध्यनिधने योऽव्यक्तजीवेश्वरः"(भाग.१०/८७/५०) इति च। "पुरुषेणात्मभूतेन वीर्यमाधत्त वीर्यवान्"(भाग.३/५/२६) इति च। इत्यादिषु वचनेषु जीवशब्दपुरुषशब्दावक्षरपुरुषवाचकौ ज्ञातव्यौ। कुतः ? विश्वस्य धारणे प्रवेशने सर्जने चान्याल्पज्ञक्षेत्रज्ञस्यासम्भवात् ।।५।।

❋ પ્રભુની બે પ્રકારની પ્રકૃતિનું વિવરણ :

હે અર્જુન ! મારા માહાત્મ્યને યથાર્થ જાણવા માટે હું તને પ્રથમ જડ અને ચેતન આ બે પ્રકારની મારી પ્રકૃતિ સમજાવું છું. તેમાં પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર – આ રીતે આઠ પ્રકારે થયેલી અને બદ્ધ જીવોના નિવાસસ્થાનભૂત એવી ત્રણ ગુણવાળી માયા તે મારી જડ પ્રકૃતિ છે; એમ તું જાણ. એટલે કે, માયામાં બંધાયેલા તમામ જીવોને રહેવા માટે પિંડ-બ્રહ્માંડરૂપે થયેલી આ ત્રિગુણી માયા મારી જડ પ્રકૃતિ છે.

હે અર્જુન ! આ જે મેં આઠ પ્રકારની પ્રકૃતિ કહી તે અપરા છે. એટલે કે, તે જડ હોવાથી કનિષ્ઠ છે. અને તે જડપ્રકૃતિની અપેક્ષાએ સ્વરૂપ અને સ્વભાવરૂપ ગુણે કરીને તદ્દન વિલક્ષણ એવી જીવરૂપ મારી બીજી પ્રકૃતિને તું શ્રેષ્ઠ જાણ. આ જીવરૂપ મારી ચેતન પ્રકૃતિ વડે જડ-ચિદ્‌મિશ્રિત એવું આ આખું જગત ધારણ કરાય રહ્યું છે.

જીવરૂપ પ્રકૃતિ એટલે કોણ ? તો, અક્ષરપુરુષને અહીં જીવરૂપે કહેવામાં આવે છે. અક્ષરપુરુષ એટલે કે, અક્ષરબ્રહ્મ પોતે અને અક્ષરબ્રહ્મરૂપ એવો મૂળપુરુષ, મહામાયા સાથે જોડાયેલ મહાપુરુષ. અક્ષરપુરુષને વેદાદિક શાસ્ત્રોમાં પણ ઘણી જગ્યાએ જીવ કે પુરુષ શબ્દથી કહેવામાં આવે છે. તે બધી જગ્યાએ જીવ શબ્દથી જો જન્મ-મરણમાં ભટકતો પ્રસિદ્ધ જીવાત્મા જ ગ્રહણ કરવામાં આવે તો તેનાથી આ આખા વિશ્વનું સર્જન, ધારણ કે તેમાં પ્રવેશવાનું સંભવતું નથી. કેમ જે, તે તો અતિ અલ્પજ્ઞ અને અતિ અસમર્થ છે. વળી, અંતે તો અક્ષરપુરુષ પણ જીવ તત્ત્વનો જ એક પેટા ભેદ છે.

હે અર્જુન ! આ રીતે આ જડ અને ચેતન એ બંને પ્રકારની મારી પ્રકૃતિ છે, મારી શક્તિ છે; એમ તું જાણ. **પ્રકૃતિ તથા શક્તિ એટલે શું ?** તો, જગતરૂપી કાર્ય કરવામાં અતિ ઉપયોગી મારા શરીરભૂત સાધન-ઉપકરણ. ।।૪-૫।।

प्रकृतिपुरुषयोर्जगत्कारणत्वं तयोर्जगतश्च अहमेव परमं कारणम् इत्याह — एतदिति ।

एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय ॥
अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ॥६॥

एतद्योनीनि — एतौ – प्रकृत्यक्षरपुरुषौ, योनी – कारणभूतौ येषां तानि, विराड्ब्रह्मादिस्थावरान्तानि महदल्पभावेन स्थितानि चेतनाचेतनयुक्तानि, सर्वाणि भूतानि भवन्तीति त्वम् उपधारय – बुध्यस्व। प्रलयकाले सूक्ष्मभावेन अजत्वेन चाक्षरतेजसि स्थितयोः, उत्पत्तिकाले मत्तः स्थूलभावेनोत्पन्नयोः, प्रकृतिपुरुषयोर्मदीयत्वात्तानि मदीयानीति त्वं जानीहीत्यर्थः । अत एव कृत्स्नस्य – प्रकृतिद्वयसहितस्य समग्रस्य, जगतः – ब्रह्मादिस्थावरान्तस्य विश्वस्य, अहं प्रभवः – परमं कारणमित्यर्थः, प्रकर्षेण भवति प्रादुर्भवति अस्मादिति व्युत्पत्तेः । तथा अहं प्रलयः, प्रलीयतेऽनेनेति व्युत्पत्तेः, अहमेव संहर्तास्मीत्यर्थः ।

तत्र प्रमाणानि – "प्रकृतिर्या मयाऽऽख्याता व्यक्ताव्यक्तस्वरूपिणी। पुरुषश्चाप्युभावेतौ लीयेते परमात्मनि। परमात्मा स सर्वेषामाधारः परमेश्वरः" (वि.पु.६/४/३९-४०) इति विष्णुपुराणवचनम्। "यदा च मायापुरुषौ कालोऽत्यक्षरतेजसि। तदिच्छया तिरोयान्ति स त्वेको वर्तते प्रभुः"(वा.मा.२५/५९) इति स्कान्दवचनञ्चेत्यादीनि ॥६॥

❋ श्रीहरिनी सर्वोपरिता :

હે અર્જુન ! એ અપરા જડપ્રકૃતિ અને પરા અક્ષરપુરુષરૂપ ચિત્પ્રકૃતિ તે બંને વૈરાજપુરુષથી લઈને નાનામાં નાના કીટાણુ સુધીના નાનાં-મોટાં તમામ ભૂત-પ્રાણીમાત્રનું કારણ છે; એમ તું જાણ. એટલે કે, જ્યારે આ જગતનો પ્રલયકાળ હતો, ત્યારે અજન્મા એવાં તે બંને

અતિ સૂક્ષ્મપણે અક્ષરબ્રહ્મના તેજમાં લીન હતાં. પછી ઉત્પત્તિકાળે તે બંનેને મેં સ્થૂળરૂપે ઉત્પન્ન કર્યાં છે. આમ, એ પ્રકૃતિ અને પુરુષ તે બંને મારાં કાર્ય અને મારા વૈભવરૂપ છે. તેથી તે બંનેમાંથી ઉપજેલાં વૈરાજાદિક ભૂત-પ્રાણીમાત્ર પણ મારાં જ કાર્ય અને વૈભવરૂપ છે. **આ રીતે એ બે પ્રકૃતિએ સહિત આ સમગ્ર જગતનો હું જ પરમ કારણ છું અને હું જ તે સર્વેનો સંહાર કરનારો પણ છું.** ॥૬॥

पुनस्तदेव दर्शयति – मत्त इति ।

मत्तः परतरं नान्यत्किञ्चिदस्ति धनञ्जय ! ॥
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ॥७॥

हे धनञ्जय ! मत्तः – जगत्कारणयोः प्रकृतिपुरुषयोः प्रवर्तकात् मत्सकाशात्, परतरम् – श्रेष्ठम्, अन्यत्किञ्चित्किमपि नास्ति। सर्वेभ्यः सर्वज्ञत्वसत्यसङ्कल्पत्वाद्यैश्वर्यगणैर्ज्ञानादिगुणगणयोगेन च तथा सर्व-कारणत्वेन सर्वप्रकारैरहमेव परतमोऽस्मि, न कोऽपि मत्तोऽन्य इत्यर्थः। इदम् – दृश्यमानं चेतनाचेतनवृन्दं जगत्, सर्वम् – अदृश्यमक्षरब्रह्मादिमुक्तवृन्दञ्च मच्छरीरभूतं सर्वात्मकतया स्थिते मयि सूत्रे मणिगणा इव प्रोतम् – अनुस्यूतम् आश्रितम्। "यस्य सर्वाणि भूतानि शरीरम्"(बृह.३/७/१५) "यस्य प्रकृतिः शरीरम्" "यस्य पृथिवी शरीरम्"(बृह.३/७/३) "यस्यात्मा शरीरम्" "यस्याक्षरं शरीरम्"(सुबालो.७) "एष सर्वभूतान्तरात्मा अपहतपाप्मा दिव्यो देव एको नारायणः"(सुबालो.७) इत्यन्तर्यामिब्राह्मणादिश्रुतिषु तथैव परमात्मनः सर्वात्मकत्वं, सर्वेषां परमात्मशरीरत्वं चोक्तम् ।।७।।

હે ધનંજય ! આ રીતે જગતના કારણ પ્રકૃતિ-પુરુષના પણ પ્રવર્તક એવા મારા થકી શ્રેષ્ઠ-ઉપરી બીજું કાંઈ જ નથી. **મારું સર્વોપરીપણું કેવી રીતે છે ?** તો, **મારા સિવાયના જે કોઈ છે તે સર્વે થકી હું મારી આવી**

શ્રેષ્ઠતાને કારણે સર્વોપરી છું. જેમ કે, જડ-ચિત્ સર્વ જગતને એક સાથે હું સદા પ્રત્યક્ષપણે જાણી રહ્યો છું, એવી મારામાં સર્વજ્ઞતા છે. મારો સંકલ્પ તત્કાળ સિદ્ધ થાય પણ તેને કોઈ રોકી શકતું નથી, એવું મારામાં સત્યસંકલ્પપણું છે. આવાં અનેક ઐશ્વર્યોના સમૂહ, સત્ય-શૌચાદિક ગુણોના સમૂહ અને સર્વ કારણોનું પણ કારણપણું આવી અનેક વિશેષતાઓ મારામાં છે. તેથી સર્વ થકી હું જ અતિશય શ્રેષ્ઠ છું, પણ બીજો કોઈ મારાથી પર નથી. **આ દેખાય રહેલું જડ-ચેતનરૂપ આખું જગત અને અદૃશ્યરૂપે રહેલ અક્ષરબ્રહ્માદિક દિવ્ય જગત એ બધું જ સર્વના આત્માપણે રહેલા એવા મારામાં, દોરામાં પરોવાયેલા મણકાની જેમ મારા આધારે ઓતપ્રોત થઈને રહેલું છે.** ॥૭॥

ततः सर्वेषां चिदचिद्वृन्दानां परमात्मशरीरत्वात् परमात्मनः सर्वात्मकत्वाच्च, सर्ववाच्यैः शब्दैः स्वस्य वाच्यत्वरीतिं दर्शयन् विभूतिमाह चतुर्भिः – रसोऽहमिति ।

रसोऽहमप्सु कौन्तेय! प्रभास्मि शशिसूर्ययोः ॥
प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ॥८॥

है कौन्तेय! अप्सु रसः – पुण्यो मधुरस्तद्रूपा तन्मात्रा अहं, मम विभूतिरित्यर्थः। शशिसूर्ययोः प्रभा – कान्तिः अहमस्मि, मद्विभूतिरित्यर्थः। सर्ववेदेषु – सर्वेषु वेदेषु, प्रणवः – ॐकारोऽहमस्मि, मद्विभूतिः। खे – आकाशे, शब्दः – शब्दरूपा तन्मात्राऽहमस्मि, मद्विभूतिः। नृषु – नरेषु पौरुषम् – उद्यमोऽहमस्मि। मद्विभूतिः इति सर्वत्र योजनीयम् ॥८॥

❋ સારરૂપ વિભૂતિ વર્ણન :

હે અર્જુન ! જડ કે **ચેતન વસ્તુમાત્ર મારું શરીર છે અને હું તે સર્વેનો આત્મા છું. તેથી મારા શરીરભૂત તે તે વસ્તુને જણાવનારા સર્વે**

શબ્દો છેવટે શરીરી એવા મને જ જણાવી રહ્યા છે. તેની રીત દેખાડવા માટે હવે હું મારી અમૂક વિભૂતિઓ તને જણાવું છું :

હે કૌન્તેય ! જળમાં રહેલો પવિત્ર અને મધુર રસ હું છું; એટલે કે, તે મારી વિભૂતિ છે. ચંદ્રમા અને સૂર્યમાં રહેલી કાંતિ હું છું; એટલે કે, તે મારી વિભૂતિ છે. સર્વ વેદોમાં ૐકાર હું છું; એટલે કે, તે મારી વિભૂતિ છે. આકાશમાં શબ્દ હું છું; એટલે કે, તે મારી વિભૂતિ છે. પુરુષોમાં રહેલ ઉદ્યમ હું છું; એટલે કે, તે મારી વિભૂતિ છે. ॥૮॥

किञ्च – पुण्य इति ।

पुण्यो गन्धः पृथिव्यां च तेजश्चास्मि विभावसौ ॥
जीवनं सर्वभूतेषु तपश्चास्मि तपस्विषु ॥९॥

पृथिव्यां पुण्यः – पवित्रः, गन्धोऽहमस्मि । विभावसौ – अग्नौ, तेजः – या स्वाभाविका दीप्तिस्तदहमस्मि । सर्वभूतेषु जीवनम् – प्राणधारणं, आयुरित्यर्थः, तदहमस्मि । तपस्विषु – नित्यं तपोयुक्तेषु, यत्तपः – शास्त्रीयस्वधर्मपालने सामर्थ्यं च तदहमस्मि ॥९॥

પૃથ્વીમાં રહેલ પવિત્ર ગંધ હું છું. અગ્નિમાં જે સ્વાભાવિક પ્રકાશ છે તે હું છું. સર્વે ભૂત-પ્રાણીમાં પ્રાણના ધારણરૂપ આવરદા તે હું છું. નિત્ય તપ કરનારા તપસ્વીઓમાં તપરૂપ શાસ્ત્રોક્ત ધર્મ પાળવાનું સામર્થ્ય હું છું. એટલે કે, આ દરેક વસ્તુઓમાં રહેલી જે વિશેષતાઓ તે મારી વિભૂતિઓ છે. ॥૯॥

किञ्च – बीजमिति ।

बीजं मां सर्वभूतानां विद्धि पार्थ ! सनातनम् ॥
बुद्धिर्बुद्धिमतामस्मि तेजस्तेजस्विनामहम् ॥१०॥

सर्वभूतानां सनातनम् – अनादिसिद्धम् अविनाशीति यावत्,

बीजम् – कारणं, मां विद्धि – जानीहि, नात्र मद्विभूतिः । हे पार्थ ! बुद्धिमतां, बुद्धिः – तत्त्वातत्त्वविवेकसामर्थ्यवती प्रज्ञा, अहमस्मि । तेजस्विनाम् – प्रागल्भ्यवतां, तेजः – प्रागल्भ्यम् – पराभिभवसामर्थ्यं, परैश्चानभि-भाव्यत्वम्, अहमस्मि ।।१०।।

હે પાર્થ ! સર્વે ભૂત-પ્રાણીમાત્રનું જે અનાદિસિદ્ધ બીજ-કારણ છે, તે મારી વિભૂતિ નહીં, પણ હું પોતે જ છું; એમ તું જાણ. તેમજ બુદ્ધિ-માન પુરુષોમાં સાર-અસારનો વિવેક કરવાના સામર્થ્યવાળી બુદ્ધિ હું જ છું. મહાપ્રતાપી પુરુષોનું તેજ, એટલે કે શત્રુને હઠાવવાનું અને શત્રુ થકી નહીં હઠવાનું સામાર્થ્ય તે હું છું. એટલે કે, તે મારી વિભૂતિઓ છે.॥૧૦॥

किञ्च – बलमिति ।

बलं बलवतां चाहं कामरागविवर्जितम् ॥
धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ! ॥११॥

बलवतां कामरागविवर्जितम् – काम्यन्ते इति कामाः – शब्दादिविषयाः तेषु रागः – प्रीतिस्तेन विवर्जितम् – रहितं, बलम् – विषयवैतृष्ण्यरूपं त्यागसामर्थ्यं अहमस्मि । हे भरतर्षभ ! भूतेषु – जनेषु, धर्माविरुद्धः – धर्मेण – शास्त्रविहितवृषेण साकं अविरुद्धः – अधर्मवर्जितः, कामः – अभिलाषः – धर्मपालनाभिलाषः, वा मोक्षाभिलाषः, वा मत्प्राप्त्यभिलाषः अहमस्मि ।।११।।

હે ભરતર્ષભ ! બળવાન પુરુષોમાં વિષયની આસક્તિએ રહિત જે બળ તે હું છું. અર્થાત્ મોટા પુરુષોમાં રહેલ વિષયમાં વૈરાગ્યરૂપ ત્યાગનું સામર્થ્ય હું છું. મનુષ્યોમાં રહેલ ધર્મને અનુરૂપ કામ હું છું. આ કામ એટલે કે, શાસ્ત્રોમાં કહેલ ધર્મપાલનની ઇચ્છા, મોક્ષની ઇચ્છા અથવા મારી પ્રાપ્તિની અભિલાષા. આ સર્વે મારી વિભૂતિઓ છે. ॥૧૧॥

किञ्च – ये चैवेति ।

ये चैव सात्त्विका भावा राजसास्तामसाश्च ये ॥
मत्त एवेति तान्विद्धि न त्वहं तेषु ते मयि ॥१२॥

सात्त्विकाः – वैकारिकाहङ्कारादुत्पन्ना ये इन्द्रियाधिष्ठातृदेवादयः, राजसाः – तैजसाहङ्कारादुत्पन्ना ये इन्द्रियादयश्च, तामसाः – तामसा-हङ्कारादुत्पन्ना ये सतन्मात्राकाशादयश्च, जगति भावाः । यद्वा सात्त्विकादयो ये देवमनुष्यादिभावाः सन्ति, तान् सकलान् मत्त एव जातान् विद्धि, एव – हि। ते – भावा मयि भवन्ति – मच्छरीरत्वात् ते सात्त्विकादयः समग्रा भावा मदधीनतया स्थिता इत्यर्थः। तेषु अहं तु न — कदाचिदपि तदधीनस्थितिरहं न भवामि। यथा मत्तोऽन्येषां सर्वजीवानां स्वाधीनैः शरीरैरुपकारो विद्यते, तथा मदधीनैर्मच्छरीरभूतैश्चिदचिद्वर्गैः मम कश्चिदप्युपकारो नास्ति, परन्तु शरीरभूतानां तेषां धारणे केवलं स्वेच्छैव प्रयोजनमित्यर्थः ।।१२।।

હે અર્જુન ! ઝાઝું શું કહું !! પણ આ જગતમાં જે કોઈ સાત્ત્વિક, રાજસ અને તામસ પદાર્થો છે, તે સર્વે મારા થકી જ થયા છે; એમ તું જાણ. **સાત્ત્વિક, રાજસ અને તામસ પદાર્થ એટલે શું ?** તો, સાત્ત્વિક અહંકારમાંથી ઊપજેલાં દશ ઈન્દ્રિયોના દેવતા અને મન વગેરે પદાર્થો. રાજસ અહંકારમાંથી ઊપજેલાં દશ ઈન્દ્રિયો, પ્રાણ અને બુદ્ધિ વગેરે પદાર્થો. તામસ અહંકારમાંથી ઊપજેલા શબ્દાદિક પંચવિષય અને આકાશાદિક પંચભૂત વગેરે પદાર્થો. અથવા તે તે ગુણપ્રધાનકર્મને કારણે થયેલાં દેવો, મનુષ્યો, અસુરો, પશુ-પક્ષી વગેરે જીવપ્રાણીમાત્ર જે કાંઈ છે, તે સર્વે મારા થકી જ ઊપજ્યા છે, એમ તું જાણ.

વળી, **તે જડચિત્ સર્વે પદાર્થો મારે વિશે રહ્યા છે. એટલે કે, તે સર્વે મારા શરીરરૂપ હોવાથી મને આધીન થઈને રહ્યા છે. પરંતુ હું તેને**

વિશે તેમની જેમ નથી રહ્યો. એટલે કે, એ સર્વેમાં હું સ્વતંત્ર થકો અંતર્યામીપણે રહ્યો છું, પણ એમને આધીન થઈને રહ્યો નથી. જેમ અન્ય જીવોને તેને આધીન રહેનારાં શરીરો દ્વારા કોઈને કોઈ ઉપકાર છે; તેમ મને આધીન એવા જે ચિદ્-અચિદ્રૂપ મારાં શરીરો તેના દ્વારા મારા ઉપર કોઈ જ ઉપકાર નથી. હું તેઓને માટે જે કાંઈ કરું છું, તે તો કેવળ મારી સ્વતંત્ર ઈચ્છાથી તેમના ભલા માટે જ કરું છું. તેમનું હિત કરવાની મારી ઈચ્છા એ જ તેનું પ્રયોજન છે. ॥૧૨॥

एवं चेत्तर्हि एतादृशं परमेश्वरं त्वां सर्वजनः किमर्थं न वेत्तीत्यत्राह – त्रिभिरिति ।

त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ॥
मोहितं नाभिजानाति मामेभ्यः परमव्ययम् ॥१३॥

एभिः पूर्वोक्तैर्गुणमयैः – सत्त्वादिगुणविकारैः, त्रिभिः – त्रिविधैः, भावैः मोहितम् – मोहं प्राप्तं, सर्वमिदं जगत् – देवमनुष्यादिभावेन स्थितः सर्वो जनवर्गः, एभ्यः – सात्त्विकादिभावेभ्यः, परम् – ममासाधारणैः अप्राकृतैर्गुणैः दिव्यमूर्त्या च दिव्यस्थानेन चाप्राकृतपार्षदैश्च तथा सर्वप्रकारैश्चात्युत्कृष्टम्, अव्ययम् – अविनाशिनं प्राकृतगुणवर्जितं, माम् – पुरुषोत्तमं, नाभिजानाति – न वेत्ति ।।१३।।

હે અર્જુન ! આ રીતે હું સર્વનું કારણ છું; સર્વના આધાર અને શરીરીપણે સર્વમાં રહ્યો છું; છતાં પણ સત્ત્વાદિક ગુણના વિકારરૂપ ત્રણ પ્રકારના પદાર્થોથી મોહ પામેલ આ દેવ-મનુષ્યાદિક જનો મને જેમ છે તેમ ઓળખી શકતા નથી.

હું ખરેખર કેવો છું ? તો, સદા ત્રણ ગુણમય પદાર્થોથી પર છું. અને દિવ્યમૂર્તિ, દિવ્યગુણો, દિવ્યસ્થાન અને દિવ્યપાર્ષદ વગેરે મારા અનંત દિવ્યઐશ્વર્યોએ સહિત અને અવિનાશી છું. અર્થાત્ મારા દિવ્ય-

ધામમાં હું જેવા રૂપે અને જેવા ઐશ્વર્ય-પ્રતાપાદિકે સહિત બિરાજમાન છું; તેવો ને તેવો જ રહ્યો થકો આ લોકમાં દેખાઈ રહ્યો છું. આમ, હું સર્વ થકી સર્વ પ્રકારે અતિશય શ્રેષ્ઠ છું; પણ ત્રિગુણી માયાના ભાવોથી મોહિત થયેલા જીવો મને એવા અવિનાશી પુરુષોત્તમરૂપે જાણતા નથી. એટલે જ તે અજ્ઞાની જીવો જન્મમરણરૂપ સંસૃતિમાં ભટકી રહ્યા છે, આ ભવસાગરમાં ડૂબી રહ્યા છે અને દુઃખી દુઃખી થઈ રહ્યા છે. ॥૧૩॥

अत्यन्तनिकृष्टास्थिरप्राकृतगुणात्मकभावमोहितस्य जनसमूहस्य मोहिनी माया कथं निवर्तते ? इत्याशङ्कायामाह — दैवीति।

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ॥
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥१४॥

एषा – जनानां संसरणकारिणी, गुणमयी – सत्त्वरजस्तमोगुणत्रयात्मिका, दैवी — देवेन – मया जनानां धर्मार्थकाममोक्षप्राप्त्यर्थं देहभोगस्थानरूपत्वेन निर्मिता, अत एव मम – परमेश्वरस्य सर्वजगत्कारणस्य सर्वज्ञस्य सर्वशक्तेः पुरुषोत्तमस्य, शक्तिरूपा माया – जगत्सृष्ट्यादिनिर्वाहिका जनमोहिनी, अत एव दुरत्यया — समग्रजनैः मम शरणागतिं विनेतरसाधनैः अत्येतुम् – तरितुमशक्या भवति, दुरतिक्रमणीया इत्यर्थः । ततो ये माम् – सकल–हेयप्रत्यनीकम् अपरिमितानन्दमयं सर्वशुभगुणसागरं नित्यं सर्वनियन्तारं सदैकरूपं अविनाशिदेहस्थानभोग्यदातारं सर्वजनदृष्टिगोचरीभूतं भक्त–जनवात्सल्यं सर्वजनशरण्यं शरणागतपालकं परमदयालुं पुरुषोत्तममेव प्रपद्यन्ते – शरणागतिं कुर्वन्तीत्यर्थः, ते एताम् – गुणमयीं मायां तरन्ति । तेषां मदुपासनेनैव माया निवर्तते इति भावः ।।१४।।

❋ માયા તરવાનો ઉપાય - શરણાગતિ :

અત્યંત તુચ્છ અને અસ્થિર એવા માયિક પદાર્થોથી મોહિત જીવોની

માયા કેવી રીતે દૂર થાય ? તો, જે જીવો મને યથાર્થ ઓળખીને મારી જ શરણાગતિ સ્વીકારે છે, અર્થાત્ સંપૂર્ણપણે મારા જ આધારે થઈ જાય છે, તે જીવો આ દુષ્તર માયાને તરી જાય છે.

તે માયા કેવી છે ? તો, જીવોને વારંવાર જન્મ-મરણ કરાવનારી છે. સત્ત્વ, રજ અને તમ – એ ત્રણ ગુણથી યુક્ત છે. જીવોની ઈચ્છા તથા પાત્રતા પ્રમાણે તેમને ધર્મ, અર્થ, કામ કે મોક્ષની પ્રાપ્તિ કરાવવા માટે મેં જ માયિક દેહ, વિવિધ ભોગ અને અનેક પ્રકારના સ્થાનરૂપે સર્જેલી છે. અનંતકોટી બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ આશ્ચર્યકારી કાર્ય કરવામાં ઉપયોગી એવી મારી શક્તિ છે. સમગ્ર જીવ-પ્રાણીમાત્રને વિચિત્ર પ્રકારના મોહ પમાડે છે; તેથી તે 'માયા' એવા સાર્થક નામવાળી છે. અને **મારી શરણાગતિ વિના કોટી સાધને કરીને પણ કોઈથી તરી ન શકાય અર્થાત્ તેની જાળરૂપ ભૂલભૂલામણીમાંથી નીકળી ન શકાય એવી એ માયા છે.**

મને કેવો જાણીને શરણાગતિ સ્વીકારવી જોઈએ ? તો, હું તમામ પ્રકારના ત્યાગ કરી દેવા યોગ્ય દોષોથી રહિત છું. એટલે કે, મારામાં અજ્ઞાન-આસક્તિ જેવા એક પણ દોષ, ખોટ, ખામી કે ભૂલ નથી. હું સર્વ શુભગુણોનો સાગર છું. હું અમાપ આનંદનું મૂર્તિમંત સ્વરૂપ તથા અમાપ આનંદથી ભરેલો છું. સર્વનો નિયંતા છું. સદા અવિનાશી તથા એકરૂપ છું; એટલે કે, હંમેશાં જેમ છું તેમનો તેમ જ રહું છું. મને પામનારા મુક્તોને અવિનાશી દેહ, ધામ અને આનંદરૂપ ભોગોનો દાતાર છું. અનેક જીવોનું કલ્યાણ કરવા હાલમાં સર્વ જનોને દેખાય શકું એવો પ્રત્યક્ષ થયો છું. મારા ભક્તો ઉપર અતિ વાત્સલ્યવાળો છું. સર્વ જીવોએ શરણું લેવા યોગ્ય છું. અને શરણાગતનું સદૈવ પાલન કરનાર એવો પરમ દયાળુ પ્રગટ પુરુષોત્તમનારાયણ છું. **આવી રીતે મને સમજીને જે જીવો મારે શરણે આવે છે, તેઓ આ ગુણમયી માયાને તરી જાય છે. અર્થાત્ મારી ઉપાસનાએ કરીને જ તેમની માયાની નિવૃત્તિ થાય છે.** ।।૧૪।।

एवं चेत्तर्हि सर्वे जनास्तव शरणागतिं कुतो न कुर्वन्ति ? तत्राह – न मामिति ।

न मां दुष्कृतिनो मूढाः प्रपद्यन्ते नराधमाः ॥
माययापहृतज्ञाना आसुरं भावमाश्रिताः ॥१५॥

दुष्कृतिनः – पापिनः, पापतारतम्येन चतुःप्रकाराः, मां न प्रपद्यन्ते – मम शरणागतिं न कुर्वन्तीत्यर्थः । तांश्चतुर्विधानाह – आद्याः मूढाः – ज्ञानवैपरीत्यं प्राप्ताः, ज्ञानवैपरीत्याद्दुःखरूपे संसारे सुखबुद्ध्यासक्ता इत्यर्थः । द्वितीयाः नराधमाः – अत्यल्पज्ञं विषयपरतन्त्रं संसारनिमग्नं कर्माधीनं स्वजीवमसच्छास्त्रासत्पुरुषप्रसङ्गेन सर्वनियन्तृ यत् परम्ब्रह्म तद्रूपं मन्वानाः, अतो भगवदुपासनवर्जिताः, तदुपासनहीनत्वाच्च नरेषु – सर्वजनेषु मध्ये अधमाः – साधुभिरतिगर्हणीया अतिनिन्द्या इति यावत् । तृतीया मायया अपहृतज्ञानाः – मायया – कूटयुक्तिभिः, अपहृतम् – प्रतिबद्धं, ज्ञानम् – मद्विषयं मदैश्वर्यविषयं च वेदनं येषां ते, येन केनापि प्रोक्तं मम माहात्म्यज्ञानं मदैश्वर्यं च श्रुत्वा तद्वैपरीत्येन वदन्तीत्यर्थः । चतुर्थाः आसुरं भावमाश्रिताः – ये मत्स्वरूपज्ञानं मदैश्वर्यज्ञानं च ज्ञात्वापि हिरण्यकशिपुवद्वैरं कुर्वन्ति ते आसुराः । एते चत्वार उत्तरोत्तरदुष्कृतितमा बोध्याः ॥१५॥

હે અર્જુન ! એ રીતે જે કોઈ મારે શરણે આવે તેને માયાથી છોડાવી પરમ સુખિયા કરવા હું સદા તત્પર છું. પરંતુ જેમણે ઘણા બધા દુષ્કૃત્ય કર્યાં હોય એવા પાપીજનો મારે શરણે થતા નથી. તે પાપીઓના ઓછાં-વધું પાપને કારણે મુખ્યત્વે ચાર પ્રકાર છે :

(૧) **મૂઢાઃ** - અવળા જ્ઞાનને કારણે મોહ પામી ગયેલા. એટલે કે, દેહાભિમાને કરીને કેવળ દુઃખરૂપ એવા આ સંસારમાં સુખબુદ્ધિથી

અતિ આસક્ત થઈ ગયેલા. (૨) **नराधमाः** - અસત્ શાસ્ત્ર તથા અસત્ પુરુષના પ્રસંગે કરીને પોતાના જીવને જ પરબ્રહ્મ માની બેઠેલા. ખરેખર જીવ કેવો છે ? તો, અતિ અલ્પજ્ઞાનવાળો, આસક્તિને કારણે વિષયને આધીન, સંસારમાં ડૂબી રહેલો અને પોતે કરેલાં કર્મોને પરવશ છે. આવા પોતાના આત્માને સર્વનિયંતા પરબ્રહ્મરૂપે માની બેઠેલા; અને એટલે જ ભગવાનની ઉપાસના નહિ કરનારા તે જીવો બીજા સર્વ લોકો કરતાં પણ અધમ છે. અર્થાત્ સત્પુરુષોએ અતિશય નિંદા કરવા યોગ્ય ગણાય છે.

(૩) **मायया अपहृतज्ञानाः** - પોતે ઊભી કરેલી કપટભરી યુક્તિઓથી સાચા જ્ઞાનને ખોટું કરવાવાળા છે. અર્થાત્ કોઈકે કહેલ મારું માહાત્મ્ય જ્ઞાન અને મારાં ઐશ્વર્યને સાંભળીને કપટયુક્તિથી એ બંનેને ખોટું કહેનારા. (૪) **आसुरं भावमाश्रिताः** - મારા સ્વરૂપનું જ્ઞાન તથા મારાં ઐશ્વર્યના જ્ઞાનને સારી પેઠે જાણતા હોવા છતાં પણ હિરણ્યકશીપુની જેમ મારી સાથે વૈર જ કરનારા. આ ચાર પ્રકારના પાપીજનોમાં અનુક્રમે ઉત્તરોત્તર અધિક પાપી જાણવા. આવા પાપીઓ મારી શરણાગતિ સ્વીકારતા નથી, તેથી તેનો માયાથી ઉદ્ધાર થાતો નથી. ॥૧૫॥

शरणागत्यर्हांश्चतुर्विधानाह – चतुर्विधा इति ।

चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन ! ॥
आर्त्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ! ॥१६॥

हे अर्जुन ! हे भरतर्षभ ! सुकृतिनः – पवित्रकर्माणः, चतुर्विधाः – पुण्यकर्मन्यूनाधिक्येन चतुःप्रकाराः जनाः, मां भजन्ते – सेवन्ते । तानाह – आद्यः आर्त्तः – अधिकारपतितो वा सम्पत्तिहीनः भूयस्तत्प्राप्त्य-भिलाषुकः । द्वितीयोऽर्थार्थी – अनधिगतैश्वर्याभिलाषुकः, यद्वा इहामुत्र विषयसम्पादनोपायभूतार्थकामः, तयोर्भोगैश्वर्येप्सुत्वात् ऐक्यमेव बोध्यम् । तृतीयो जिज्ञासुः – प्राकृतगुणव्यतिरिक्तं शुद्धक्षेत्रज्ञस्वरूपं प्रत्यक्षं

ज्ञातुमिच्छुः, तत्प्राप्तिकाम इत्यर्थः, यद्वा प्रकृतेः परं निरवयवं सर्वव्यापकम् अक्षरं ब्रह्म प्रत्यक्षं ज्ञातुमिच्छुः, तल्लब्धिकाम इत्यर्थः । चतुर्थो ज्ञानी च - सर्वज्ञाल्पज्ञक्षेत्रज्ञयोः प्रकृतितत्कार्ययोः कालाक्षरब्रह्मणोः, तेभ्यः सकल-त्याज्यप्रतिकूलतया मङ्गलैकतानतया च सर्वावस्थावस्थितसमग्रचेतना-चेतनवस्तुव्यापकत्वेन च नियन्तृत्वेन च कल्याणगुणगणैश्च स्वरूप-स्वभावादिभिश्चात्यन्तविलक्षणस्य सर्वकारणसर्वोत्कृष्टपुरुषोत्तमस्य च पृथक्पृथग्लक्षणैर्यथार्थज्ञानवान्, अतोऽनवधिकातिशयानन्दमयम् अक्षर-ब्रह्मनियन्तारं दिव्यगुणगणैः सर्वोत्कृष्टतमं मनोहरमङ्गलमूर्त्तिं पुरुषोत्तममेव परमप्राप्यं मन्यमान इत्यर्थः ।।१६।।

✵ ચાર પ્રકારના ભક્તો – જ્ઞાનીની શ્રેષ્ઠતા :

ભરતકુળમાં શ્રેષ્ઠ એવા હે અર્જુન ! જે પવિત્ર કર્મો કરનારા મારી શરણાગતિ લેવા યોગ્ય જીવો છે, તેમનાં શુભકર્મના ઓછા-અધિકપણાને લીધે તેના પણ ચાર પ્રકાર છે : (૧) **આર્ત** એટલે કે કોઈક મળેલો અધિકાર જતો રહ્યો હોય અથવા મળેલી સંપત્તિ નાશ પામી ગઈ હોય, તેથી તે અધિકાર તથા ધનાદિક પદાર્થોને ફરી પામવાની અભિલાષા - લાલસાવાળો ભક્ત. (૨) **અર્થાર્થી** એટલે કે અપ્રાપ્ત ઐશ્વર્યને પામવાની અભિલાષાવાળો અથવા આ લોકમાં અને પરલોકમાં વિષય મેળવવા માટે ધનાદિકની લાલસાવાળો ભક્ત. આ આર્ત તથા અર્થાર્થી તે બન્ને ભોગૈશ્વર્યના જ ચાહક હોવાથી એક જ જાણવા. તેથી આગળ હવે ત્રણ પ્રકારના ભક્તોની જ વાત કહેવામાં આવશે.

(૩) **જિજ્ઞાસુ** એટલે કે માયાના ત્રણ ગુણે રહિત એવા શુદ્ધ આત્મસ્વરૂપને પ્રત્યક્ષપણે દેખવા તથા પામવા ઈચ્છનારો અથવા પ્રકૃતિથી પર, નિરાકાર અને સર્વવ્યાપક એવા અક્ષરબ્રહ્મને પ્રત્યક્ષપણે દેખવાની તથા પામવાની ઈચ્છાવાળો ભક્ત. (૪) **જ્ઞાની** એટલે કે આટલા તત્ત્વોને

યથાર્થ જાણનારો ભક્ત. જેમ કે, અલ્પજ્ઞ એવા જીવ, સર્વજ્ઞ એવા ઈશ્વર, માયા તથા માયાના કાર્યભૂત અસંખ્ય પિંડ-બ્રહ્માંડ, કાળ અને અક્ષરબ્રહ્મ.

વળી, એ સર્વે થકી સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને ઐશ્વર્ય વગેરેથી સર્વ પ્રકારે અતિશય વિલક્ષણ, તમામ દોષોથી રહિત અને સર્વે કલ્યાણકારી શુભ ગુણોએ સહિત, સર્વે અવસ્થામાં રહેલ તમામ જડ-ચેતન વસ્તુમાં વ્યાપક, સર્વના નિયંતા, સર્વના કારણ, સર્વોત્કૃષ્ટ અને નખશિખ મંગળરૂપ ચૈતન્યમૂર્તિ એવા પુરુષોત્તમનારાયણ – આ સર્વે તત્ત્વોને તેનાં જુદાં જુદાં લક્ષણો દ્વારા યથાર્થપણે જાણનારો જ્ઞાની ભક્ત. અર્થાત્ અવધિએ રહિત સર્વશ્રેષ્ઠ આનંદમય, અક્ષરબ્રહ્મના પણ ઉપરી નિયંતા, અનંત દિવ્ય ગુણોએ કરીને સર્વથી અતિ શ્રેષ્ઠતમ, મનોહર મંગળમૂર્તિ એવા પુરુષોત્તમને જ પરમ પ્રાપ્ય માનનાર નિષ્કામ ભક્ત. આ ચાર પ્રકારના ભક્તોમાં એકબીજા કરતાં ઉત્તરોત્તર અધિક શ્રેષ્ઠ છે. ॥૧૬॥

तेषां मध्ये ज्ञानी श्रेष्ठो भवतीत्याह – तेषामिति ।

तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ॥
प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ॥१७॥

तेषाम् - चतुर्विधानां मध्ये ज्ञानी विशिष्यते - विशेषेण श्रेष्ठो भवति । श्रेष्ठत्वे हेतू वदति – एकभक्तिः - एकस्मिन् मय्येव भक्तिः - प्रेम यस्य । अन्येषां त्रयाणां तु स्वेप्सितवस्तुष्वधिकं प्रेम, मयि तु तत्प्राप्त्युपायत्वेन भक्तिरिति भावः । अत एव नित्ययुक्तः - सर्वदा मत्प्रीतियुक्तः । मत्स्वरूपैकगम्यस्य ज्ञानिनस्तु मया सह प्रसङ्गो नित्यः, अन्येषां तु यावत्स्वेप्सितवस्तुलाभस्तावदेव मया सह प्रसङ्ग इति भावः । एकभक्तित्वान्नित्ययुक्तत्वाच्च ज्ञानिन इतरेभ्यः श्रेष्ठत्वं ज्ञातव्यम् । पुनश्च किं - ज्ञानिनोऽहमत्यर्थम् - अत्यन्तं, प्रियः - प्रियात् प्रियतमो भवामि, हि - निश्चितम् । स च ज्ञानी तथैव मम प्रियः ॥१७॥

હે અર્જુન ! તે ચાર પ્રકારના ભક્તોમાં જ્ઞાની ભક્ત તેની ખાસ બે વિશેષતાને કારણે સર્વથી શ્રેષ્ઠ છે. **જ્ઞાની ભક્તની કઈ બે વિશેષતા છે ? (૧) જ્ઞાની ભક્તને એક મારે વિશે જ પ્રેમ હોય છે.** જ્યારે અન્ય ત્રણ પ્રકારના ભક્તોને તો તેમણે ઈચ્છેલી તે તે વસ્તુઓમાં અધિક પ્રેમ હોય છે અને મારામાં તો તે તે ઈપ્સિત પદાર્થને પામવાના સાધન તરીકેનો પ્રેમ હોય છે. એટલે કે, મારો તો ફક્ત મનપસંદ વસ્તુ મેળવવા માટે ઉપયોગ કરવાનો હોય છે.

(૨) **જ્ઞાની ભક્ત સદા મારી સાથે જ જોડાયેલો રહે છે.** એટલે કે, તેને હું જ પ્રાપ્ય હોવાથી મારી સાથે તેનો પ્રસંગ કાયમી છે. જ્યારે અન્ય ભક્તોને તો જ્યાં સુધી તેમની મનપસંદ વસ્તુ મળી નથી ત્યાં સુધી જ મારી સાથે પ્રસંગ રહે છે.

આમ, **મારામાં જ પ્રેમ હોવાથી અને મારી સાથે જ હંમેશાં જોડાયેલો રહેતો હોવાથી જ્ઞાની ભક્ત અન્ય સર્વે ભક્તો કરતાં શ્રેષ્ઠ છે. વળી, આવા એ જ્ઞાની ભક્તને હું અત્યંત પ્રિય છું. એટલે કે, અન્ય તમામ પ્રિય પદાર્થો કરતાં પણ હું અધિક પ્રિય છું અને તે જ પ્રમાણે તે જ્ઞાની ભક્ત મને પણ બીજા બધા કરતાં અત્યંત વહાલો લાગે છે.** ॥૧૭॥

किञ्च – उदारा इति ।

उदाराः सर्व एवैते ज्ञानी त्वात्मैव मे मतम् ॥
आस्थितः स हि युक्तात्मा मामेवानुत्तमां गतिम् ॥१८॥

सर्व एते उपास्याय मह्यं भक्ष्यभोज्यादिवस्तुदाने उदारा एव – दातृत्वेन महान्त इत्यर्थः । ज्ञानी त्वात्मैव – मम स्वरूपमेवेति, मे मतम् – निश्चयः, सदा तस्य हृद्यहं साक्षात् स्थितोऽस्मीत्यर्थः। सः – ज्ञानी, युक्तात्मा – मयि युक्तः – गाढनिबद्ध, आत्मा – मनो यस्य सः, मया विना स्थातुमशक्य इत्यर्थः । अतोऽनुत्तमाम् – न विद्यते उत्तमा यस्याः

सकाशात् तां, गतिम् – गतिरूपं मामेव आस्थितः – मां प्राप्य स्थितो, हि – निश्चितम् ।।१८।।

આમ તો મારી ઉપાસના કરનારા એ ચારેય પ્રકારના ભક્તો ઉદાર છે. અર્થાત્ ઉપાસ્ય એવા મને ભક્ષ્ય, ભોજ્ય વગેરે વસ્તુઓ આપતા હોવાથી તે ભક્તો દાતાર તરીકે ઘણા મોટા છે. પરંતુ તે ચારેય પ્રકારના ભક્તોમાં **જ્ઞાની ભક્ત તો મારો આત્મા જ છે; એમ હું નિશ્ચિત માનું છું.** એટલે કે, **તે ભક્ત મારું સ્વરૂપ જ છે. શા માટે ? તો, તે જ્ઞાની ભક્તના હૃદયમાં હું સદા સાક્ષાત્ રહ્યો છું.** અને એટલે તો તે જ્ઞાની ભક્ત સર્વોત્તમ પ્રાપ્તિ એવા મને પામી ગયેલો જ છે. કેમ જે, તેણે મારામાં જ તેના મનને કે તેના આત્માને દૃઢપણે બાંધી રાખ્યો છે. અર્થાત્ તે મારા વિના રહી શકતો જ નથી. ॥૧૮॥

एतादृशो मद्भक्त इह लोके दुष्प्राप इति वदति — बहूनामिति ।

बहूनां जन्मनामन्ते ज्ञानवान् मां प्रपद्यते ॥
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥१९॥

बहूनाम् – असङ्ख्यानां, जन्मनाम् – पवित्रजनीनाम्, अन्ते – अवसाने, सर्वम् – आर्तादीनां त्रयाणामन्येषां जनानां च मातृपितृपुत्रधनादि प्रेमास्पदं, वा तेषां प्राप्यं प्रापकं सर्वोत्कृष्टतया ज्ञातव्यं द्रष्टव्यं श्रोतव्यं परमप्राप्यतया मन्तव्यं च निदिध्यासितव्यं समग्रं, यदस्ति तत्स्थानीयो मम वासुदेवः – पुरुषोत्तम एवास्तीति ज्ञानवान् सन्, मां प्रपद्यते – यो मां भजते ।

तदुक्तमेकादशे – "ज्ञानिनस्त्वहमेवेष्टः स्वार्थो हेतुश्च संमतः । स्वर्गश्चैवापवर्गश्च नान्योऽर्थो मदृते प्रियः ।"(भाग.११/१९/२) स महात्मा — महति – सर्वोत्कृष्टे मय्येव आत्मा – मनो यस्य नान्यत्र, अत एव सुदुर्लभः – सुदुष्प्राप इत्यर्थः । "कश्चिन्मां वेत्ति तत्त्वतः "(गीता.७/३) इति ।

"मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते"(गीता.१४/२६) इति। "तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते"(गीता.७/१७) इत्यादिवचनैरुक्तो यो ज्ञानिभक्तः, सोऽयमेव ज्ञातव्यः ।।१९।।

હે અર્જુન ! આવો મારો જ્ઞાની ભક્ત આ લોકમાં અતિ દુર્લભ છે. કેમ જે, અસંખ્ય પવિત્ર જન્મોને અંતે તેના જેવી સમજણ તથા સ્થિતિવાળો કોઈક જ જ્ઞાની ભક્ત થાય છે.

તે જ્ઞાની ભક્તને કેવી સમજણ તથા સ્થિતિ હોય છે ? તો, **'મારા માટે બધું જ એક ભગવાન વાસુદેવ જ છે'** આવો તેને પાકો દૃઢાવ હોય છે. અર્થાત્ જેમ આર્ત, જીજ્ઞાસુ અને અર્થાર્થી – એ ત્રણ પ્રકારના ભક્તોને પોતપોતાની અભીષ્ટ વસ્તુ અતિ વહાલી હોય છે. વળી, તે સિવાયના તમામ મનુષ્યોને માતા, પિતા, પુત્ર કે ધન વગેરે તે તે પદાર્થ પ્રિય હોય છે. આમ, તે સર્વેને પામવા યોગ્ય, સર્વશ્રેષ્ઠપણે જાણવા યોગ્ય, સાંભળવા યોગ્ય, પરમ પ્રાપ્યપણે માનવા યોગ્ય અને ધ્યાન કરવા યોગ્ય જે કાંઈ હોય છે, તે સર્વે વ્યક્તિ કે વસ્તુના સ્થાને મારે તો એક વાસુદેવ પુરુષોત્તમ ભગવાન જ છે. આમ સમજીને તે જ્ઞાની ભક્ત મને અખંડ ભજે છે. આ રીતે સર્વથી મહાન એવા મારે વિશે જ અખંડ મન જોડી રાખનાર એવો તે જ્ઞાની ભક્ત આ લોકમાં અતિશય દુર્લભ છે. ॥૧૯॥

सकामा ये हरिभक्तास्ते स्वेप्सितकामप्राप्तये हरिं भजन्ति, ततः स्वमनोवाञ्छितकामान् प्राप्य तान् भुक्त्वा च शनैः शनैर्मुक्ता भवन्ति इति योगभ्रष्टाख्याने उक्तम्। इदानीं ये हर्यन्यदेवान् भजन्ते ते संसरन्तीत्याह चतुर्भिः – कामैरिति।

कामैस्तैस्तैर्हृतज्ञानाः प्रपद्यन्तेऽन्यदेवताः ॥
तं तं नियममास्थाय प्रकृत्या नियताः स्वया ॥२०॥

स्वया – स्वकीयया, प्रकृत्या – अनादिवासनारूपगुणमयस्वभावेन,

नियताः – नित्ययुक्ताः, तैस्तैः – स्वप्रकृत्यनुकूलैः प्राकृतगुणमयैः, कामैः – स्वर्गराज्यधनादिप्राप्तिमनोरथैः, हृतज्ञानाः — हृतम् – अपहृतं ज्ञानम् – मत्स्वरूपवेदनं येषां तथाभूता ये जनाः सन्ति ते, अन्यदेवताः – मदितरेन्द्रादिदेवान्, तत्तत्कामप्राप्तये तं तं नियमम् – तत्तदुपासनोपयोगिनं व्रतनियमम्, आस्थाय – आश्रित्य, प्रपद्यन्ते – उपासते ।।२०।।

હે અર્જુન ! જે ભક્તો સકામપણે પણ ભગવાનને ભજતા હોય છે, તેઓ તો પોતાના મનગમતા પદાર્થને મેળવીને તથા ભોગવીને પછી ધીરે ધીરે ભગવાનની એકાંતિક ભક્તિ કરીને મુક્ત થાય છે. પરંતુ **જેઓ શ્રીહરિ સિવાયના અન્ય કોઈ પણ દેવદેવીને ભજે છે, તેઓ તો હંમેશાં જન્મ-મરણમાં જ ભટકતા રહે છે.** તેઓની આવી ગતિ કેવી રીતે અને શા માટે થાય છે ? તે હવે હું તને સમજાવું છું :

પોતાના અનાદિ વાસનાયુક્ત સ્વભાવની સાથે તેઓ અખંડ જોડાયેલા હોય છે; વળી, તેમના સ્વભાવને અનુરૂપ એવાં સ્વર્ગ, રાજ્ય કે ધનાદિકની પ્રાપ્તિના સંકલ્પોને લીધે તેમનું મારા સ્વરૂપસંબંધી જ્ઞાન હરાઈ ગયું હોય છે; એવા તે અતિ સકામ મનુષ્યો મારા સિવાયના અન્ય ઈન્દ્રાદિક દેવતાઓને ઉપાસે છે. તથા તેમના સંકલ્પોની સિદ્ધિ માટે તે તે દેવોની ઉપાસનામાં ઉપયોગી એવાં વ્રત-નિયમનો આશરો લે છે.।।૨૦।।

किञ्च — यो य इति ।

यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति ।।
तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ।।२१।।

ब्रह्मेन्द्रादिदेवानां यो यो भक्तः श्रद्धया – विश्वासपूर्वकत्वरया, यां यां तनुम् – मच्छरीरभूतान् यान् यान् देवान्, अर्चितुम् – अर्चयितुं पूजयितुमिच्छति – प्रवर्तते, चौरादिकस्य अर्चयतेः णिजभावपक्षे रूपमिदं, तत्तद्देवार्चनं करोतीतिभावः । तस्य तस्य – मच्छरीरभूततत्तद्देवतोपासकस्य,

तत्तद्देवतान्तर्यामिणं मामजानतोऽपि तामेव श्रद्धां मच्छरीरभूतदेवविषयाम् इत्यनुसन्धाय, अचलाम् – निर्विघ्नां, तदन्तर्याम्यहं विदधामि – करोमि।२१।

❋ ભગવાનની વિશાળતા :

ઈન્દ્ર-બ્રહ્માદિક દેવોના જે જે ભક્તો અતિ વિશ્વાસપૂર્વક શ્રદ્ધાથી મારા શરીરભૂત જે કોઈ દેવોને પૂજે-ઉપાસે છે, તે ભક્તોની તે તે દેવોમાં રહેલી તે શ્રદ્ધાને જ હું તેના અંતર્યામીપણે રહ્યો થકો અચળ કરી આપું છું. જો કે, તેઓ મને તેમના ઉપાસ્ય તે તે દેવોના પણ અંતર્યામીપણે જાણતા નથી; પરંતુ તેઓ મારા શરીરભૂત દેવોની ઉપાસના કરે છે, એમ માનીને હું તેમના ભલા માટે તેની શ્રદ્ધાને દૃઢ કરું છું. ॥૨૧॥

स तया श्रद्धया युक्तस्तस्या राधनमीहते ॥
लभते च ततः कामान्मयैव विहितान्हि तान् ॥२२॥

स तयेति। सः – इन्द्रादिदेवताभक्तः, तया श्रद्धया युक्तः सन्, तस्याः – देवतायाः, राधनम् — आराधनम् – उपासनम्, ईहते – करोति। उपसर्गहीनोऽपि राधयतिरुपासनार्थः, तस्य सोपसर्गत्वे ह्याकारः श्रूयेत। चशब्द आनन्तर्ये, आराधनादनन्तरं, ततः देवतायाः तान् – स्वेप्सितान्, कामान् – स्वर्गराज्यधनादिमनोरथान् लभते, हि – निश्चितम्। कथम्भूतान्? सर्वेषां स्वस्वकर्मफलदात्रन्तर्यामिणा मयैव विहितान् – तत्तद्देवतार्थकृत–शुभकर्मानुसारेण निर्मितान्, मयैव दत्तानित्यर्थः ।।२२।।

તે ઈન્દ્રાદિક દેવોના ભક્તો તે દૃઢ શ્રદ્ધાથી યુક્ત થઈને તે દેવોની ઉપાસના કરે છે. પછી તેઓ મેં જ આપેલાં સ્વર્ગ, રાજ્ય, ધન વગેરે તે તે પદાર્થોને તે તે ઈન્દ્રાદિક દેવો દ્વારા પામે છે. અર્થાત્ સર્વ પ્રાણીઓને તેના તેના કર્મફળ આપવા માટે અંતર્યામીપણે રહ્યો એવો હું જ મારા શરીરભૂત તે ઈન્દ્રાદિક દેવોમાં રહીને તે તે દેવતાઓ માટે કરેલ શુભકર્માનુસારે સ્વર્ગાદિક પદાર્થ પમાડું છું. ॥૨૨॥

ते सर्वे देवा मच्छरीरभूता मदधीना मत्त एव स्थानभोगादिप्राप्ताः, अतस्तदुपासनं तदन्तर्यामिणो ममोपासनमित्यज्ञात्वा ये केवलदेवतोपासनं कुर्वन्ति, तेऽल्पफलभागिन इत्याह – अन्तवदिति ।

अन्तवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम् ॥
देवान्देवयजो यान्ति मद्भक्ता यान्ति मामपि ॥२३॥

अल्पमेधसाम् - विनाशिदेवभोगासक्तत्वादल्पबुद्धीनां, तेषाम् - इन्द्रादिदेवोपासकानाम्, अन्तवत् - प्राकृतगुणमयं विनाशि, यत्फलं तदेव भवति । देवयजः - ब्रह्मेन्द्रादिदेवयाजिनः, देवान् - कालविनष्टदेहभोग-स्थानान् ब्रह्मेन्द्रादिविबुधान्, यान्ति - तैः सह भोगान्प्राप्नुवन्ति, तैः सह विनश्यन्तीति भावः। मद्भक्ता अपि माम् - कालकालमविनाशिभोग-मचलस्थानमनन्तकोट्यक्षरपुरुषपार्षदमच्युतदिव्यमूर्तिं पुरुषोत्तमं, यान्ति - मया सह सदा मोदन्त इत्यर्थः ।।२३।।

❋ જેવી ઉપાસના તેવી પ્રાપ્તિ :

નાશવંત દેવોના ભોગમાં આસક્ત હોવાથી અલ્પબુદ્ધિવાળા એવા તે ઈન્દ્રાદિક દેવોના ઉપાસકોને જે કાંઈ અંતવાળું માયિક ફળ છે, તે પ્રાપ્ત થાય છે. આ રીતે તે બ્રહ્મા, ઈન્દ્ર વગેરે દેવોની ઉપાસના કરનારા તે તે દેવોને પામે છે. એટલે કે, તે દેવોની સાથે ત્યાંના ભોગો પામે છે અને તેની સાથે જ નાશ થઈ જાય છે. કારણ કે, તે દેવો તથા તેમનાં દેહ, ભોગ અને સ્થાનો કાળે કરીને નાશ પામી જાય એવા જ છે.

જ્યારે જે મારા ભક્તો છે તે તો મને જ પામે છે. **હું કેવો છું ?** તો, હું સર્વસંહારક એવા કાળનો પણ કાળ-સંહારનાર છું. મારું સ્થાન અચળ છે. મારા ભોગો અવિનાશી છે. અનંત કોટિ અક્ષરબ્રહ્મરૂપ મુક્તપુરુષો તો મારા સેવકો છે. એવો હું નિત્યદિવ્યમૂર્તિમાન પુરુષોત્તમ છું. એવા **મને પામીને તે મારા ભક્તો મારી સાથે સદા આનંદ ભોગવે છે.** ॥૨૩॥

सर्वजनकल्याणार्थं मनुष्यभावेनाविर्भूतं माम् अन्ये न मन्यन्त इत्याह – अव्यक्तमिति ।

अव्यक्तं व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः ॥
परं भावमजानन्तो ममाव्ययमनुत्तमम् ॥२४॥

सर्वशुभक्रियाभिः प्रसाद्यः परमेश्वरोऽहमत्यक्तस्वस्वभावः सन्, मदेकान्तिकभक्तदर्शनदानार्थं धर्मसंस्थापनार्थं च यदुकुले प्रादुर्भूतः। ईदृशं मम अनुत्तमम् - अत्युत्तमम्, अव्ययम् - अविनाशिनं, परम् - क्षराक्षरोत्तमं, भावम् - स्वभावम्, अजानन्तः – अबुद्धयः - कल्याणबुद्धि-हीनाः, अव्यक्तम् - अतःपूर्वमप्रत्यक्षं, व्यक्तिमापन्नम् - कर्मपरतन्त्रजन्मना प्रत्यक्षतां प्राप्तं, प्राकृतमनुष्यतुल्यं मां मन्यन्ते - जानन्ति। अतो मां नोपासते इति भावः ।।२४।।

✵ પ્રગટપ્રભુના નિશ્ચયની કઠિનતા :

અનેક જીવોનાં કલ્યાણને અર્થે પ્રગટ થયેલા મને કલ્યાણની ખરી બુદ્ધિ વિનાના જે અજ્ઞાની જીવો છે, તે જેમ છે તેમ યથાર્થપણે જાણતા નથી. **અજ્ઞાની મને કેવો માને છે ?** તો, જેમ કોઈ રાજાને પહેલાં પુત્ર ન હોય ને પછી જન્મે તેમ ‘થોડા સમય પૂર્વે શ્રીકૃષ્ણ આ લોકમાં ન હતા અને હમણાં જ કર્મને આધીન થઈને જન્મ્યા છે.’ એવી રીતે પ્રાકૃત મનુષ્ય જેવો મને માને છે, પણ હું જેવો છું તેવો મને સમજી શકતા નથી.

ખરેખર હું આ લોકમાં પણ કેવો છું ? તો, **સર્વે શુભ ક્રિયા દ્વારા હું જ પ્રસન્ન કરવા યોગ્ય પરમેશ્વર છું.** હું મારા તમામ દિવ્ય ગુણરૂપ સ્વભાવનો ત્યાગ કર્યા વિના જ મારા એકાંતિક ભક્તને દર્શન આપવા અને પૃથ્વીને વિશે એકાંતિક ધર્મના સ્થાપનને અર્થે યાદવકુળમાં પ્રગટ થયો છું. પરંતુ આવા મારા અનુપમ, અવિનાશી અને ક્ષર-અક્ષરથી પણ

ઉત્તમ સ્વભાવને નહિ જાણનારા અને મોક્ષને પમાડનારી બુદ્ધિએ રહિત એવા અજ્ઞાની જનો મને સામાન્ય માણસની જેવો માને છે. ॥૨૪॥

ते न मन्यन्ते तत्र को हेतुः ? इत्याशङ्क्याह – नाहमिति ।

नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ॥
मूढोऽयं नाभिजानाति लोको मामजमव्ययम् ॥२५॥

योगमायासमावृतः – योगः – मनुष्यसमानप्रवर्तनरूपा युक्तिः, तस्य माया – मदीयेच्छा, तया समावृतः – आच्छादितः, मनुष्यभावं नीतः इति यावत्। यद्वा मनुष्यत्वादितुल्यसंस्थितिरूपया योगाभिधया मायया समावृतः – आच्छादितः । यद्वा मनुष्यभावेन योगमायाम् – योगैश्वर्यं समावृणोति स्मेति योगमायासमावृतः । 'कृत्यल्युटो बहुलम्' इति सूत्रे कृतो बहुलमिति भाष्यकारपाठात्सकर्मकादपि कर्तरि क्तः । अतोऽहं सर्वस्य लोकस्य प्रकाशः – प्रकटो नास्मि, किन्तु मद्भक्तानामेव प्रकटो भवामीत्याशयः ।

तदेव स्पष्टीकरोति – मनुष्यसमानमत्स्वरूपदर्शनेन मूढः – विपरीत-ज्ञानः अयं लोकः, अजम् – प्राकृतजन्मवर्जितम्, अव्ययम् – अविनाशिमूर्तिम्, अपरिमितकोटिब्रह्माण्डैककारणं, सर्वनियन्तारम्, अपरिमितजनकल्याणार्थम्, एकान्तिकधर्मसंस्थापनार्थं च भूतले मनुष्यसमानतयाऽऽविर्भूतं माम् – पुरुषोत्तमं नाभिजानाति – न वेत्ति ॥२५॥

તે અજ્ઞાની મનુષ્યો મને નથી જાણતા, તેનું શું કારણ છે ? તો, હાલમાં મેં મનુષ્યને સમાન વર્તવારૂપ યોગકળા અપનાવીને મારી ઈચ્છાથી જ મનુષ્યભાવ સ્વીકાર્યો છે અથવા મનુષ્યભાવ વડે મારાં યોગૈશ્વર્યને ઢાંકીને હું વર્તી રહ્યો છું. તેથી જગતના તમામ લોકોને જેમ છું તેમ જ હું પ્રકાશતો-જણાતો નથી; પરંતુ મારા ભક્તો માટે જ પ્રકટ પ્રમાણ જણાવ છું. આ રીતે મનુષ્ય જેવા મારા આ સ્વરૂપનાં દર્શનથી મોહિત

થઈ ગયેલા લોકો મને યથાર્થ સ્વરૂપે જાણી શકતા નથી. એટલે કે, **अजम्** કર્માધીન જન્મ રહિત, **अव्ययम्** અવિકારી તથા અવિનાશી મૂર્તિવાળો, અસંખ્ય કોટી બ્રહ્માંડોનું મૂળ કારણ, સર્વનિયંતા, અસંખ્ય જીવોનાં કલ્યાણ માટે અને એકાંતિક ધર્મની સ્થાપના માટે પૃથ્વીને વિશે મનુષ્ય જેવા આકારે પ્રગટ થયેલો એવો મને પુરુષોત્તમ નથી જાણતા. ॥૨૫॥

स्वस्य सर्वज्ञत्वं दर्शयन्सन्नन्येषामज्ञत्वमाह – वेदेति ।

वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ! ॥
भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन ॥२६॥

हे अर्जुन ! समतीतानि – चिरविनष्टानि, वर्तमानानि च – अधुना विद्यमानानि च, भविष्याणि च – भावीनि च, एवं त्रैकालिकानि भूतानि स्थिरचराणि समग्राणि, अहं वेद – जानामि। माम् – सर्वज्ञं पुरुषोत्तमं, तु कश्चन – कोऽपि, न वेद – न जानाति। मया ज्ञातेषु त्रैकालिकेषु प्राणिषु कश्चित्, जनकल्याणार्थमेकान्तिकधर्मसंस्थापनार्थं च प्रादुर्भूतं परमेश्वरं मां, तत्त्वतो ज्ञात्वैकान्तभावेन मामेव भजति, एतादृशो न दृश्यत इति भावः। ततो ज्ञानवान् दुष्प्राप एव ॥२६॥

હે અર્જુન ! પૂર્વે જે થઈ ગયા, હમણાં જે વિદ્યમાન છે અને ભવિષ્યમાં જે થશે – એવા ત્રણેય કાળનાં સ્થાવર-જંગમ ભૂતપ્રાણીમાત્રને હું જાણું છું. પરંતુ હું જેને જાણું છું, એવા તે તમામ જીવોમાંથી મને કોઈ એવો સર્વજ્ઞ, જીવોના કલ્યાણ માટે પાદુર્ભાવ પામેલ પુરુષોત્તમ જાણતા નથી. વળી, **મને યથાર્થપણે જાણીને એકાંતિક ભાવે કોઈ ભજતો હોય એવો દેખાતો નથી. માટે જ્ઞાની ભક્ત તો દુર્લભ જ છે.** ॥૨૬॥

तदेव दर्शयति – इच्छेति ।

इच्छाद्वेषसमुत्थेन द्वन्द्वमोहेन भारत ! ॥
सर्वभूतानि सम्मोहं सर्गे यान्ति परन्तप ! ॥२७॥

हे भारत ! इच्छाद्वेषसमुत्थेन – स्वानुकूलप्राकृतवस्तुषु इच्छा – प्रीतिश्च, स्वप्रतिकूलप्राकृतवस्तुषु द्वेषः – अरागश्च, ताभ्यां समुत्थेन – समुत्पन्नेन, द्वन्द्वमोहेन – सुखदुःखादिद्वन्द्वाभिधेन मोहेन – पूर्वजन्मानुभूतेनाविवेकेन, सर्वभूतानि – समग्रजीवाः, पुनः सर्गे – सृज्यते इति सर्गः स्थूलदेहोत्पत्तिस्तस्मिन्सति, सम्मोहं यान्ति – देहदैहिकेष्वहंममत्वरूपं अत्यन्तमोहं प्राप्नुवन्ति । हे परन्तप ! अतस्तानि सर्वभूतानि मां न भजन्ते इति भावः ।।२७।।

હે ભારત ! પોતાને અનુકૂળ માયિક વસ્તુમાં પ્રીતિ તે રાગ છે અને પોતાને પ્રતિકૂળ વસ્તુમાં અરુચિ તે દ્વેષ છે. એ બંનેમાંથી સુખ-દુઃખ વગેરે દ્વંદ્વોરૂપી મોહ પેદા થાય છે. એ મોહને કારણે જ્યાં જ્યાં જન્મ ધરે ત્યાં ભૂતપ્રાણીમાત્ર ફરી વિશેષ મોહ પામે છે. એટલે કે, દેહ અને દેહસંબંધી પદાર્થને વિશે અહંતા-મમતારૂપ અતિશય મોહને પામે છે. આમ, મોહની ભ્રમજાળમાં ફસાયેલા તે જીવો હે અર્જુન ! મને નથી ભજતા. ॥૨૭॥

कथं तर्हि केचित्त्वां भजन्तो दृश्यन्ते ? तत्राह – येषामिति ।

येषां त्वन्तगतं पापं जनानां पुण्यकर्मणाम् ।।
ते द्वन्द्वमोहनिर्मुक्ता भजन्ते मां दृढव्रताः ।।२८।।

पुण्यकर्मणाम् – पुण्यम् – सत्सङ्गसच्छास्त्राभ्यासहरिभक्तिसद्धर्मपालनरूपं पवित्रं, कर्म येषां, तथाभूतानां येषां जनानां, पापम् – मत्प्राप्तिविरोध्यशुभं कर्म, अन्तगतम् – नाशं प्राप्तम्, अतस्ते द्वन्द्वमोहनिर्मुक्ताः – द्वन्द्वमोहात् – सुखदुःखादिद्वन्द्वाख्याविवेकात्, विनिर्मुक्ताः, दृढव्रताः – दृढसङ्कल्पाः सन्तः, इमे ऐश्वर्यार्थिकैवल्यार्थिज्ञानिनश्च त्रयो भक्ताः मां भजन्ते ।।२८।।

કેવા જીવો મને ભજી શકે છે ? તો, સંતોનો સમાગમ કરવો, સત્શાસ્ત્રનો અભ્યાસ કરવો, શ્રીહરિની ભક્તિ કરવી અને પોતાના સદ્ધર્મનું પાલન કરવું. આવાં સત્કર્મો દ્વારા જેનાં મારી પ્રાપ્તિમાં અંતરાયરૂપ અશુભ કર્મો નાશ પામી ગયા હોય એવા જીવો સુખ-દુઃખાદિ દ્વંદ્વરૂપી મોહથી સારી રીતે મુક્ત થઈ જાય છે. પછી તેઓ મને ભજવાનો દૃઢ સંકલ્પ કરીને મારું ભજન કરે છે. અર્થાત્ એવા સત્કર્મવાળા ઐશ્વર્યાર્થી, કેવળ આત્મા કે બ્રહ્મને પામવાની ઇચ્છાવાળા કૈવલ્યાર્થી અને પરમ જ્ઞાની – એ ત્રણ પ્રકારના ભક્તો મને ભજે છે. ॥૨૮॥

अतो हरिभक्तिं कुर्वतां त्रयाणां तेषां बोधनीयवस्तुभेदानऽग्राह्यांश्च निगदति – जरेति ।

जरामरणमोक्षाय मामाश्रित्य यतन्ति ये ॥
ते ब्रह्म तद्विदुः कृत्स्नमध्यात्मं कर्म चाखिलम् ॥२९॥

माम् - चतुर्वर्गप्रापकं परमेश्वरम्, आश्रित्य ये - कैवल्यार्थिनः, जरामरणमोक्षाय - जरामरणादिदैहिकभावेभ्यो मोक्षाय - मुक्तये, यद्वा जरामरणयोः मोक्षाय – निरसनाय स्वक्षेत्रज्ञकैवल्यप्राप्तये इत्यर्थः । यतन्ति – यतन्ते, मां भजन्ते इत्यर्थः । ते जनाः तद् बह्म विदुः, कृत्स्नम् अध्यात्मं च, अखिलं कर्म च विदुः ।।२९।।

'હું ધર્મ, અર્થ, કામ અને મોક્ષ – એ ચારેય પુરુષાર્થને પમાડનારો છું' એમ જાણીને જેઓ મારો આશરો સ્વીકારી વૃદ્ધાવસ્થા અને જન્મ-મરણ વગેરે દૈહિક ભાવોથી મોક્ષ મેળવવા માટે મથે છે. અથવા માયાના તમામ ભાવોથી રહિત એવા શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે જેઓ મને ભજે છે, તે કૈવલ્યાર્થી જનો શાસ્ત્રમાં પ્રસિદ્ધ તે બ્રહ્મને જાણે છે, સમગ્ર અધ્યાત્મને જાણે છે અને સમગ્ર કર્મને પણ જાણે છે. ॥૨૯॥

साधिभूताधिदैवं मां साधियज्ञं च ये विदुः ॥
प्रयाणकालेऽपि च मां ते विदुर्युक्तचेतसः ॥३०॥

इति श्रीभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णाऽर्जुनसंवादे 'ज्ञानयोगो' नाम सप्तमोऽध्यायः ॥७॥

साधिभूतेति । ये इत्येतत्पदस्यात्र पुनरुपादानात् यच्छब्देन ऐश्वर्यार्थिनो ज्ञातव्याः । ये – ऐश्वर्यार्थिनः, साधिभूताधिदैवम् – अधिभूतेन सहितम् अधिदैवं, मां विदुः, त्रयोऽपि भक्ता मां, साधियज्ञम् – अधियज्ञेन सहितं, विदुः । कुतः ? त्रयाणां नित्यनैमित्तिकरूपमहायज्ञाद्यनुष्ठानावर्जनीयत्वात् । युक्तचेतसः – स्वस्वप्राप्ये संलग्नचेतसः, ते त्रयः प्रयाणकालेऽपि – मृत्युसमयेऽपि, माम् – स्वस्वप्राप्यानुगुणं ब्रह्म अधिदैवं च तयोर्नियन्तारं पुरुषोत्तमं च, विदुः – जानन्ति, ते ज्ञात्वा प्राप्नुवन्तीति भावः ।।३०।।

વળી, જે ઐશ્વર્યાર્થી જીવો છે, તેઓ અધિભૂતે સહિત અધિદૈવરૂપ મને જાણે છે. અને ઐશ્વર્યાર્થી, કૈવલ્યાર્થી તથા જ્ઞાની – એ ત્રણેય પ્રકારના ભક્તો મને અધિયજ્ઞે સહિત જાણે છે. કારણ કે, એ ત્રણેય પ્રકારના ભક્તોને નિત્ય અને નૈમિત્તિક કર્મરૂપ મહાયજ્ઞાદિક સ્વધર્મ તો અવશ્ય પાળવાનો હોય છે.

એ ત્રણેય પ્રકારના ભક્તોને પોતપોતાની પ્રાપ્ય વસ્તુમાં તેમના ચિત્ત સંલગ્ન વર્તે છે. તેથી એ ત્રણ પ્રકારના ભક્તો મૃત્યુ સમયે પણ મને પોતપોતાની પ્રાપ્ય વસ્તુરૂપે જ જાણે છે અને તે તે વસ્તુને પામે છે. એટલે કે, જે ઐશ્વર્યાર્થી છે તે અંતકાળે મને અધિદૈવરૂપે જાણે છે, અને પછી અધિદૈવરૂપ મને પામે છે. અને જે કૈવલ્યાર્થી છે તે મને શુદ્ધ આત્મારૂપે જાણે છે અને પછી શુદ્ધ આત્મારૂપે મને પામે છે. અને જ્ઞાની ભક્ત છે તે તો મને એ બેયની પ્રાપ્ય વસ્તુનો નિયંતા એવો પુરુષોત્તમ જાણે છે અને પછી મને જ પામે છે. અને નિરંતર મારી જ સેવામાં રહે છે. ॥૩૦॥

सप्तमेऽध्याये हरिमाहात्म्यज्ञानं हरिभक्तत्रिकं च, हरिभक्तानामविनाशिसुखं च, ब्रह्मेन्द्रादिदेवभक्तानां विनाशि सुखं च, ज्ञानिभक्तदुर्लभत्वं च, भक्तत्रिकस्य पृथक्पृथक् ज्ञातव्यं प्राप्यं चोक्तम्।

इति श्रीसहजानन्दस्वामिशिष्यगोपालानन्दकृतायां भगवद्भावदीपिकायां श्रीभगवद्गीताटीकायां सप्तमोऽध्यायः ॥७॥

આ સાતમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણે આટલી બાબતો કહી : (૧) ભગવાન શ્રીહરિનું માહાત્મ્યજ્ઞાન. (૨) ત્રણ પ્રકારના ભગવાનના ભક્તો. (૩) શ્રીહરિના ભક્તને અવિનાશી સુખની પ્રાપ્તિ થાય છે અને ઇન્દ્રાદિક દેવોના ભક્તોને નાશવંત સુખની પ્રાપ્તિ થાય છે. (૪) જ્ઞાની ભક્તનું દુર્લભપણું. (૫) ત્રણેય પ્રકારના ભક્તોના પોતપોતાના જાણવા યોગ્ય અને પામવા યોગ્ય જુદા-જુદા પદાર્થ.

આ રીતે સર્વાવતારી શ્રીસહજાનંદસ્વામીના શિષ્ય સદ્.શ્રીગોપાળાનંદસ્વામી વિરચિત શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યના ગુજરાતી ભાવાનુવાદમાં 'પોતાનો મહિમા અને જ્ઞાની ભક્તનું મહત્ત્વ કહ્યું' એ નામે સાતમો અધ્યાય પૂરો થયો. ॥૭॥



अष्टमोऽध्यायः

महापुरुषयोगः

इदानीमष्टमे तु त्रयाणां प्रकरणप्राप्तानि प्राप्यस्वरूपाणि कर्तव्य-साधनानि च, विस्तरतो ज्ञातव्यभेदाश्च, गमनमार्गौ चोच्यन्ते ।

હવે આ આઠમાં અધ્યાયમાં ભગવાન આટલી બાબતો કહે છે : (૧) ઐશ્વર્યાર્થી, કૈવલ્યાર્થી અને જ્ઞાની ભક્તના પામવા યોગ્ય સ્વરૂપ. (૨) તે પ્રાપ્તિ માટે કરવા યોગ્ય સાધનો. (૩) તે ત્રણેય ભક્તોને જાણવા યોગ્ય વસ્તુના ભેદોનો વિસ્તાર. (૪) પોતપોતાની અભીષ્ટ પ્રાપ્તિ સુધી પહોંચવાના બે પ્રકારના માર્ગો.

भगवदुक्तज्ञातव्यज्ञानार्थमर्जुन उवाच – किमिति ।

अर्जुन उवाच –

किं तद्ब्रह्म ? किमध्यात्मम् ? किं कर्म ? पुरुषोत्तम ! ।।
अधिभूतं च किम् ? प्रोक्तमधिदैवं किमुच्यते ? ।।१।।

हे पुरुषोत्तम ! कैवल्यार्थिनां ज्ञातव्यतयोक्तं यद् ब्रह्म तत् किमस्ति ? अध्यात्मं च किमस्ति ? कर्म च किं प्रोक्तम् ? ऐश्वर्यार्थिनां च ज्ञातव्य-तयोक्तमधिभूतं किं प्रोक्तम् ? अधिदैवं च किमुच्यते ? ।।१।।

❋ ઐશ્વર્યાર્થી, કૈવલ્યાર્થી અને જ્ઞાનીનાં જ્ઞેય તથા પ્રાપ્ય સ્વરૂપો :

સાતમા અધ્યાયના અંતમાં શ્રીકૃષ્ણએ ત્રણેય પ્રકારના ભક્તોને જાણવા તથા પામવા યોગ્ય બ્રહ્મ વગેરે સ્વરૂપોનાં ફક્ત નામ કહ્યાં હતાં. તે બ્રહ્મ, અધ્યાત્મ વગેરે શું છે ? તે સમજવા માટે હવે અહીં અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનને કુલ સાત પ્રશ્નો પૂછે છે : "હે પુરુષોત્તમ ! (૧) તમે કૈવલ્યાર્થીને જાણવા યોગ્ય કહેલ જે બ્રહ્મ તે શું છે ? (૨) અધ્યાત્મ શું છે ? (૩) કર્મ શું છે ? તથા (૪) તમે ઐશ્વર્યાર્થીને જાણવા યોગ્ય કહેલ અધિભૂત શું છે ? (૫) અધિદૈવ શું છે ? અર્થાત્ તમે આ બ્રહ્મ, અધ્યાત્મ વગેરે કોને કહો છો ? તેનો અર્થ શું છે ? ॥૧॥

किञ्च – अधियज्ञ इति ।

अधियज्ञः कथम् ? कोऽत्र ? देहेऽस्मिन्मधुसूदन ! ॥
प्रयाणकाले च कथं ज्ञेयोऽसि ? नियतात्मभिः ॥२॥

हे मधुसूदन ! त्रयाणां ज्ञातव्यतयोक्तः अधियज्ञः – अधियज्ञशब्देन निर्दिष्टो यज्ञाधिष्ठाता, अत्र देहे को भवति ? स चास्मिन् देहे कथं बोध्य ? इत्यन्वययोजना । नियतात्मभिः – वशीकृतमानसैस्तैस्त्रिभिः, प्रयाणकाले – मरणसमये, च कथम् – केन प्रकारेण, त्वं ज्ञेयः – बोध्योऽसि ? इति सप्तप्रश्नान् त्वं वद ।।२।।

વળી, હે મધુસૂદન ! (૬) ઐશ્વર્યાર્થી, કૈવલ્યાર્થી અને જ્ઞાની – એ ત્રણેય પ્રકારના ભક્તોને જાણવા યોગ્ય એવા અધિયજ્ઞ-યજ્ઞના અધિષ્ઠાતા આ દેહમાં કોણ છે ? અને તેને આ દેહમાં કેવી રીતે જાણવા ? અને (૭) પોતાના મનને વશ રાખનારા તે ત્રણેય ભક્તોને દેહ મૂક્યા સમયે તમે પોતે કયા પ્રકારે જાણવા યોગ્ય છો ? આમ, હે પ્રભુ ! આ મારા સાત પ્રશ્નોના ઉત્તર આપ કૃપા કરીને કહો." ॥૨॥

अर्जुनकृतप्रश्नानामुत्तराणि श्रीभगवानुवाच — अक्षरमिति ।

श्रीभगवानुवाच —

अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते ॥
भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः ॥३॥

परमम् – प्रकृतिपुरुषाभ्यामुत्कृष्टम्, अक्षरम् – चिदाकाशाख्य–पुरुषोत्तमधाम, ब्रह्म – ब्रह्मसंज्ञकमुच्यते – कथ्यते। अथवा प्रकृतिविनिर्मुक्तं शुद्धक्षेत्रज्ञस्वरूपं, परमम् – बद्धक्षेत्रज्ञादुत्कृष्टम्, अक्षरसाधर्म्यादक्षरं ब्रह्म – ब्रह्मसंज्ञकमुच्यते।

ब्रह्मणः अक्षरशब्दवाच्यत्वे शुद्धक्षेत्रज्ञस्वरूपवाच्यत्वे च प्रमाणानि– “एतद्वै तदक्षरं गार्गि! ब्राह्मणा अभिवदन्ति”(बृह.३/८/८) इति श्रुतिः। “तदाहुरक्षरं ब्रह्म सर्वकारणकारणम्। विष्णोर्धाम परं साक्षात्पुरुषस्य महात्मनः”(भाग.३/११/४१) इति। “यदक्षरं वेदविदो वदन्ति विशन्ति यद्यतयो वीतरागाः”(गीता.८/११) इति च। “ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति”(गीता.१८/५४) इति च। “स गुणान् समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते”(गीता.१४/२६) इत्यादीनि।

स्वभावः – प्रकृतिः, अध्यात्मम् — आत्मनि – क्षेत्रज्ञे इत्यध्यात्मं, क्षेत्रज्ञे कारणशरीरतया सम्बध्यमानो भूतानां सूक्ष्मभावः, अथवा क्षेत्रज्ञे सम्बध्यमाना विषयवासना अध्यात्मसंज्ञकमुच्यते। ब्रह्म अध्यात्मं च ग्राह्यतया हेयतया च जिज्ञासुभिर्बोद्धव्यमिति भावः। भूतभावोद्भवकरः — भूतानाम् – जीवानां भावाः – देवत्वमनुष्यत्वादिरूपा धर्मास्तेषामुद्भवकरः – उत्पत्तिकरः, विसर्गः – सृष्टिलक्षणः सर्गः, कर्मसंज्ञितः – इह कर्माभिध उच्यते। जन्ममरणादिक्लेशबाहुल्ययुक्तविसर्गज्ञाने जिज्ञासुभिरुद्वेजनीयमिति भावः ॥३॥

હવે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનના સાતેય પ્રશ્નના તે જ ક્રમથી ઉત્તર આપે છે : (૧) "પ્રકૃતિપુરુષ થકી શ્રેષ્ઠ એવું જે અક્ષર એટલે કે ચિદાકાશ નામવાળું પુરુષોત્તમ ભગવાનનું ધામ, તે **બ્રહ્મ** છે. અર્થાત્ તે જ અહીં બ્રહ્મ નામે કહેવાય છે. અથવા માયાના તમામ ભાવોથી મુક્ત એવું જે આત્માનું શુદ્ધ સ્વરૂપ તે બદ્ધ જીવોથી શ્રેષ્ઠ અને અક્ષરબ્રહ્મને સમાન હોવાથી અહીં બ્રહ્મ નામે કહેવાય છે. (૨) જન્મોજન્મના કર્મને કારણે જીવાત્મા સાથે વળગેલો જે વિષયવાસનારૂપી સ્વભાવ-પ્રકૃતિ, તેને અથવા જીવોના કારણ શરીરને જ અહીં **અધ્યાત્મ** કહેવામાં આવે છે. (૩) ભૂતપ્રાણીમાત્રમાં દેવપણું-મનુષ્યપણું વગેરે ધર્મોને ઉત્પન્ન કરનાર જે આ વિસર્ગ-વિચિત્ર સૃષ્ટિ, તે જ અહીં **કર્મ** નામે કહેવાય છે.

જીજ્ઞાસુ ભક્તે આ ત્રણને યથાર્થ જાણવાં જોઈએ. શા માટે ? તો, બ્રહ્મ જીજ્ઞાસુનું પ્રાપ્ય-મેળવવા યોગ્ય છે એટલે; અને અધ્યાત્મ જે વાસના તે તો છોડી દેવા યોગ્ય છે એટલે જીજ્ઞાસુ મુમુક્ષુએ જાણવા જરૂરી છે. અને 'આ વિસર્ગરૂપ જગત તો જન્મ-મરણાદિક અનેક દુઃખોનું ઘર છે' એમ જાણી તેમાંથી વૈરાગ્ય પામવા માટે જાણવું જરૂરી છે. આ રીતે શુદ્ધ આત્મા કે અક્ષરબ્રહ્મને પામવા ઈચ્છતા જીજ્ઞાસુ ભક્તે બ્રહ્મ, અધ્યાત્મ અને કર્મ એ ત્રણેયને યથાર્થ જાણવાં જોઈએ; તો જ પ્રાપ્યને પામી શકાય.॥૩॥

કિઞ્ચ – અધિભૂતમિતિ ।

અધિભૂતં ક્ષરો ભાવઃ પુરુષશ્ચાધિદૈવતમ્ ॥
અધિયજ્ઞોઽહમેવાત્ર દેહે દેહભૃતાં વર ! ॥૪॥

अधिकञ्च तद्भूतञ्चाधिभूतं, सतन्मात्रमाकाशादिमहाभूतवृन्दम् ऐश्वर्यार्थिनां यद्बोद्धव्यत्वेन कथितं, सः क्षरो भावः – क्षरति, नश्यति प्राकृतप्रलये आत्यन्तिकप्रलये चेति क्षरो - नश्वरो भावः - पदार्थः, सतन्मात्रमहाभूतपरिणामरूपत्वेन सगुणस्येश्वरस्य लोके स्थिता येऽतिकमनीयाः

देहस्थानभोगादयस्ते ऐश्वर्यार्थिभिः प्राप्यतयाऽनुसन्धेया इत्यर्थः । पुरुषः चाधिदैवतम् - अधिकञ्च तद्दैवतञ्चाधिदैवतम्, ऐश्वर्यार्थिनां ज्ञातव्यतया निर्दिष्टो ब्रह्मेन्द्रादिदेवानामधिपत्वेन स्थितस्तद्भोगैश्वर्याद्यधिकभोगैश्वर्यादिमान् अधिदैवतशब्देनोक्तो यो देवः, स पुरुषो वैराजपुरुषः प्रधानपुरुषो वा ज्ञातव्यः, अतिकमनीयशब्दादिभोक्तुस्तस्य समानभोक्तृत्वस्थितिः ऐश्वर्यार्थिभिः प्राप्यतया बोद्धव्य इत्यर्थः ।

हे देहभृतां वर ! देहे - वेदेष्वर्चनीयतया कथिते मम देहभूते, अत्र - अस्मिन्ब्रह्मेन्द्रादिदेवकलापे, अन्तर्यामितया स्थितोऽहम्, अधियज्ञः - अधिको यज्ञः - यजनं यस्य सः, यज्ञैरुपास्य इत्यर्थः, मदुपासकैस्त्रिभिर्भक्तैर्महायज्ञादिभिराराधितेषु देवेष्वन्तर्यामितया अहमेवानुसन्धेय इत्यर्थः ।४।

દેહધારીઓમાં શ્રેષ્ઠ એવા હે અર્જુન ! હવે હું તને ઐશ્વર્યાર્થીને જે જાણવું જરૂરી છે, તે ઓળખાવું છું : (૪) જે કાંઈ ક્ષર-નાશવંત પદાર્થ છે, તે અહીં **અધિભૂત** શબ્દથી કહેવાય રહ્યા છે. એટલે કે, પ્રાકૃતપ્રલય અને આત્યંતિકપ્રલયમાં જેનો નાશ થઈ જાય છે એવો પંચતન્માત્રાએ સહિત આકાશાદિક પાંચ મહાભૂતનો સમૂહ, તે અહીં **અધિભૂત** શબ્દથી મેં કહ્યો છે. તે ઐશ્વર્યાથી ભક્તો માટે જાણવા યોગ્ય છે. શા માટે ? તો, ઐશ્વર્યાર્થીનું પ્રાપ્ય ઈશ્વરોનું ઐશ્વર્ય તથા ત્યાંના વિવિધ ભોગો છે, તે બધું મહાભૂતમાંથી થયેલ છે. અર્થાત્ સગુણબ્રહ્મ એવા ઈશ્વરોના લોકમાં રહેલા અતિ સુંદર દેહ, વિવિધ પ્રકારના ભોગ, ભોગ ભોગવવાનાં ઉપકરણ અને ભોગ ભોગવવાનાં સ્થાનો – એ સર્વે મહાભૂતની સૃષ્ટિ છે; એટલે ઐશ્વર્યાર્થીને તે જાણવું જરૂરી છે. પરંતુ તે અધિભૂત પ્રાકૃતપ્રલય અને આત્યંતિકપ્રલયમાં નાશ થઈ જાય છે; તેથી હું તેને ક્ષરપદાર્થ કહું છું. **(૫)** શાસ્ત્રોમાં પુરુષ શબ્દથી પ્રસિદ્ધ એવો જે વૈરાજપુરુષ અથવા પ્રધાન-પ્રકૃતિનો પતિ પુરુષ, તે અહીં **અધિદૈવ કે અધિદૈવત** કહેવામાં આવે છે.

તે પુરુષ અધિદૈવ કેમ કહેવાય ? તો, તે પુરુષ ઈન્દ્ર-બ્રહ્માદિક દેવોના અધિપતિ છે. વળી, તેનાં ઐશ્વર્યાદિક ભોગો પણ બ્રહ્માદિક દેવોથી ઘણા અધિક છે; એટલે વૈરાજપુરુષ અથવા પ્રધાનપુરુષ અધિદૈવ કહેવાય છે. અતિ સુંદર શબ્દાદિક વિષયોને ભોગવી રહેલા આ બંને પુરુષરૂપ ઈશ્વરની જેમ તેનાં ઐશ્વર્યો તથા ભોગો ભોગવવા, તે ઐશ્વર્યાર્થીનું પ્રાપ્ય હોવાથી તે પણ જાણવા જરૂરી છે.

હવે ત્રણેય ભક્તો માટે જે જાણવા યોગ્ય છે, તે ઓળખાવું છું : (૬) વેદોમાં પૂજવા યોગ્ય કહેલા ઈન્દ્ર-બ્રહ્માદિક દેવો મારા શરીરરૂપ છે, તેથી મારા દેહરૂપ તે દેવોના સમૂહમાં અંતર્યામીપણે આરાધાતો એવો હું જ અહીં **અધિયજ્ઞ** શબ્દથી કહેવાયો છું. માટે મહાયજ્ઞાદિક કર્મો વડે આરાધના કરાયેલા તે દેવોમાં અંતર્યામીપણે હું જ પૂજાવ છું; એમ મારા ઉપાસક તે ત્રણેય ભક્તોએ જાણવું જોઈએ. ॥૪॥

इदानीं "प्रयाणकाले च कथं ज्ञेयोऽसि नियतात्मभिः"(गीता.८/२) इति सप्तमप्रश्नोत्तरं वदति – अन्तकाल इति ।

अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ॥
यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥५॥

अन्तकाले – प्राणोत्क्रमणसमये च, मामेव – भगवन्तं वासुदेवं, स्मरन् – चिन्तयन् सन्, कलेवरम् – शरीरं, मुक्त्वा – त्यक्त्वा, यः प्रयाति – गच्छति, सः – ऐश्वर्यार्थिकैवल्यार्थिज्ञानिभक्तत्रयसमुदायः, मद्भावम् – सगुणं ब्रह्म निर्गुणं ब्रह्म च ताभ्यां परं मत्स्वरूपं च, याति । अत्र संशयः – सन्देहो नास्ति ।

अस्यायमर्थः – य ऐश्वर्यार्थी अलौकिकप्राकृतैश्वर्ययुक्तं पुरुषाकारं सगुणं ब्रह्म, तद्रूपं मां जानाति, स च तथाविधं मां स्मरन् दिव्यभोगयुक्तं सगुणं पुरुषं प्राप्नोति । यश्च कैवल्यार्थी प्राकृतगुणातीतं निरवयवं तेजःपुञ्जरूपं

यद् ब्रह्म तद्रूपं मां जानाति, स च तथाविधं मां स्मरन् तथाविधाकारं प्राप्नोति। यश्च ज्ञानी सगुणनिर्गुणयोर्ब्रह्मणोर्नियन्तारम् अक्षरब्रह्मधाम्नि स्थितं ब्रह्मभावं प्राप्तैरपरिमितभक्तजनैः सेव्यमानं पुरुषोत्तमं मां जानाति, स च तथाविधं मां स्मरन् मामेव प्राप्नोतीति ।।५।।

હે અર્જુન ! હવે તારા છેલ્લા પ્રશ્નનો જવાબ આપું છું, તે ઐશ્વર્યાર્થી, કૈવલ્યાર્થી-જિજ્ઞાસુ કે જ્ઞાની ભક્ત એ ત્રણેયને અર્થે છે : **જે ભક્ત દેહના અંત સમયે મને જ સંભારતો થકો દેહનો ત્યાગ કરીને અહીંથી જાય છે તે પુરુષ મારા ભાવને પામે છે; એમાં કોઈ સંદેહ નથી.** આનો અર્થ એવો છે કે, જે ઐશ્વર્યાર્થી છે, તે લૌકિક-અલૌકિક ઐશ્વર્યથી યુક્ત વૈરાજ કે પ્રધાનપુરુષરૂપ જે સગુણ બ્રહ્મ, તે રૂપ મને જાણે છે. તેથી તે પુરુષરૂપે મને સંભારતો થકો દેહ મૂકીને અલૌકિક ભોગવાળા તે સગુણ પુરુષને પામે છે. જે કૈવલ્યાર્થી છે, તે માયાના સત્ત્વાદિકગુણે રહિત અને હાથ-પગ વગેરે અવયવોથી રહિત એવા નિરાકાર તેજના સમૂહરૂપ જે અક્ષરબ્રહ્મ તે રૂપ મને જાણે છે. તેથી દેહ મૂક્યા સમયે અક્ષરબ્રહ્મરૂપે મને સંભારતો થકો તે કૈવલ્યાર્થી તેવા નિરાકાર તેજરૂપ અક્ષરબ્રહ્મને પામે છે.

જે જ્ઞાની ભક્ત છે, તે મને કેવો જાણે છે ? તો, વૈરાજપુરુષ અને પ્રધાનપુરુષરૂપ સગુણ બ્રહ્મનો મને નિયંતા જાણે છે. તેમજ નિર્ગુણ અક્ષરબ્રહ્મનો પણ મને નિયંતા જાણે છે. વળી, માયાથી પર એવા દિવ્ય અક્ષરબ્રહ્મધામમાં બિરાજમાન અને બ્રહ્મરૂપ થયેલા અનંતકોટિ મુક્તોએ સેવાય રહેલ એવો પુરુષોત્તમ મને જાણે છે. તેથી તેવા રૂપે જ મને સંભારતો થકો જ્ઞાનીભક્ત મને જ પામે છે; એમાં કાંઈ જ સંશય નથી.।।પ।।

जनः सन्ततस्मरणानुसृत्या गतिं प्राप्नोतीत्याह – यं यमिति ।

यं यं चापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम् ।।
तं तमेवैति कौन्तेय ! सदा तद्भावभावितः ।।६।।

हे कौन्तेय! यो जनः अन्ते – मरणसमये, यं यं भावमपि – देव–मनुष्यादिभावमपि, स्मरन् सन् कलेवरम् – देहं, त्यजति – मुञ्चति। सः सदा – सर्वदा, मरणात्पूर्वकाले, तद्भावभावितः — तस्य पदार्थस्य भावः – भावनाऽनुध्यानं, तेन भावितः – वासितमानसः सन्, भरतो मृगत्वमिव सदा तद्भावभावितत्वात्, तं तमेव भावमेति च – प्राप्नोत्येव। चोऽवधारणे। पूर्वकाले सदा स्मृतस्य विषयस्यैवान्तकाले स्मृतिर्भवेदिति भावः ।।६।।

❋ અત્યારે જેવી મતિ, તેવી અંતે ગતિ :

હે કૌન્તેય ! હર કોઈ મનુષ્ય અંતકાળે દેવ-મનુષ્યાદિક જે જે પદાર્થને સંભારતો થકો દેહનો ત્યાગ કરે છે, તે જન મરણ સમય પહેલાં પણ તે તે પદાર્થની સતત સ્મૃતિને કારણે વાસનાયુક્ત મનવાળો થઈ ગયો હોવાથી તે તે દેવ-મનુષ્યાદિક ભાવને પામે છે. અર્થાત્ **જેમ ભરતરાજા નિરંતર મૃગલાના ચિંતને કરીને મૃગપણાને પામી ગયા હતા; તેમ જે જીવને જીવનભર કોઈ વસ્તું કે વ્યક્તિનું આસક્તિપૂર્વક સ્મરણ થયું હોય, તો તે જીવ તેની વાસનાવાળો થઈ જવાથી દેહ છોડતી વખતે પણ તેનું જ સ્મરણ કરતો થકો તેને જ પામે છે.** અર્થાત્ જીવનકાળ દરમ્યાન જે વિષયની હંમેશાં સ્મૃતિ થયા કરતી હોય તે જ અંતકાળે સાંભરે છે. ॥૬॥

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युद्ध्य च ॥
मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयः ।।७।।

तस्मादिति। यस्मादेवं तस्माद्धेतोः सर्वेषु कालेषु माम् – सगुण–निर्गुणब्रह्मनियन्तारं पुरुषोत्तमं, अनुस्मर – चिन्तय, युद्ध्य च – युध्यस्व, समरं कुरुष्वेत्यर्थः। मयि – पुरुषोत्तमे, अर्पितमनोबुद्धिः – अर्पिते मनोबुद्धी येन (सः), मनसा मम चिन्तनं बुद्ध्या सर्वोत्कृष्टस्य मम निश्चयश्च,

ताभ्यां मनोबुध्योर्मयि समर्पणं कुर्वित्यर्थः । तथाभूतः सन् मामेव एष्यसि – प्राप्स्यसि, असंशयः – तत्र सन्देहो नास्तीत्यर्थः ।।७।।

તેથી હે અર્જુન ! તું સર્વકાળમાં સગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મ એ બંનેના નિયંતા એવા પ્રગટ પુરુષોત્તમ મને જ નિરંતર સંભાર. અને મારી આજ્ઞાથી યુદ્ધ કર. કેમ જે, **આ રીતે પુરુષોત્તમ એવા મારામાં જ મન અને બુદ્ધિને અર્પણ કરી દેવાથી તું મને જ પામીશ.** એટલે કે, મનથી મારું ચિંતન કરતો રહે અને બુદ્ધિથી મારા સર્વોપરી સ્વરૂપનો યથાર્થ નિશ્ચય કરતો રહે; આ રીતે મન, બુદ્ધિને મારામાં અર્પણ કરવાથી તું મને જ પામીશ, એમાં કાંઈ સંશય નથી. ॥૭॥

एवमैश्वर्यनिष्ठादीनां त्रयाणां सदा स्वप्राप्यानुस्मरणेनान्तकाले प्राप्य-स्मृतिमुक्त्वा, तया च तत्प्राप्तिमुक्त्वा, इदानीं स्वलभ्यप्राप्त्यर्थमुपास्तिरीतिभेदं गदितुमारभते। तेषु मध्ये ऐश्वर्यार्थिनो यथोपास्त्यन्तकाले स्मृतिकर्त्रीमुपा-स्तिरीतिं वदति – अभ्यासेति।

अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना ।।
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिन्तयन् ।।८।।

हे पार्थ ! अभ्यासयोगयुक्तेन – अभ्यासः – प्रतिदिनं प्राप्यश्रवण-कीर्तनकरणं च योगः – ध्यानं च ताभ्यां युक्तेन, अत एव नान्यगामिना – नान्यं विषयं गन्तुं शीलं यस्य तेन, चेतसा – मनसा, परमम् – ब्रह्मेन्द्रादिदेवेभ्य उत्कृष्टं, दिव्यम् – द्योतमानं, पुरुषम् – पुरुषाकारं सगुणं ब्रह्म तद्रूपं माम्, अनुचिन्तयन् – अनुध्यायन् याति, ऐश्वर्यार्थी तं प्राप्नोतीत्यर्थः ।।८।।

❋ ઐશ્વર્યાર્થીની પ્રાપ્તિ :

હવે જે ઐશ્વર્યાર્થી ભક્ત છે, તેને ઉપાસના કરવાની રીત કહું છું : હે પાર્થ ! ઐશ્વર્યાર્થીને પામવા યોગ્ય જે સગુણબ્રહ્મનું સ્વરૂપ છે,

તેનું નિત્ય શ્રવણ અને કીર્તન કરતા રહેવું, તેને **અભ્યાસ** કર્યો કહેવાય. અને તે સ્વરૂપનું ધ્યાન કરવું તેને **યોગ** કર્યો કહેવાય. તે **અભ્યાસ અને યોગ વડે તેનું મન બીજે ક્યાંય પણ ન જાય એવું પ્રાપ્ય સ્વરૂપમાં સ્થિર થઈ જાય છે.** પછી એવા મન વડે ઈન્દ્ર-બ્રહ્માદિક દેવ થકી શ્રેષ્ઠ તથા પ્રકાશમાન એવા વૈરાજપુરુષ કે પ્રધાનપુરુષરૂપ જે સગુણ બ્રહ્મ તે રૂપ મને સંભારતો થકો તે ભક્ત તે સ્વરૂપને પામે છે. ॥૮॥

पुनस्तमेव विवृणोति द्वाभ्याम् — कविमिति ।

उपजातिवृत्तम् :

कविं पुराणमनुशासितारम् अणोरणीयांसमनुस्मरेद्यः ॥
सर्वस्य धातारमचिन्त्यरूपम् आदित्यवर्णं तमसः परस्तात् ॥९॥

कविम् – सर्वविदं, पुराणम् – बहुकालिकम्, अनुशासितारम् – ब्रह्माण्डस्य शासकम्, अणोः – बद्धाल्पक्षेत्रज्ञात्, अणीयांसम् – अतिसूक्ष्मं, सर्वस्य — ब्रह्मादिस्थावरान्तस्य, धातारम् – पोषकम्, अचिन्त्यरूपम् – सर्वजनैश्चिन्तितुमनर्हरूपम्, आदित्यवर्णम् – सूर्यसङ्काशं, तमसः – प्रधाना–ख्यप्रकृतेः, परस्तात् – परं प्रधानाधिष्ठातारम् । यद्वा तमसः – अविद्यायाः सकाशात्, परस्तात् – परं विद्याशक्तिप्रधानमीश्वरसंज्ञं वैराजपुरुषं, भक्त्या युक्तोऽचलेन मनसा योऽनुस्मरेत् अनुचिन्तयेत् इत्युत्तरेणान्वेतव्यम् ।९।

प्रयाणकाले मनसाचलेन भक्त्या युक्तो योगबलेन चैव ॥
भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक् स तं परं पुरुषमुपैति दिव्यम् ॥१०॥

प्रयाणेति । प्रयाणकाले – प्राणोत्क्रमणसमये, योगबलेन – पूर्वकृत–भगवद्ध्यानाभ्याससामर्थ्येन च, भ्रुवोः – भृकुट्योः, मध्ये सम्यक् प्राणम् – प्राणाख्यवायुम्, आवेश्य – गमयित्वा, स ऐश्वर्यार्थी दिव्यम् – द्योतमानं

परम् – ब्रह्मादिभ्यः श्रेष्ठं, तं पुरुषमुपैति – प्राप्नोति, तत्सदृशभोगादिकं प्राप्नोतीतिभावः ।।१०।।

ઐશ્વર્યાર્થીના પ્રાપ્ય પુરુષ કેવા છે ? તો, આ બ્રહ્માંડની સર્વ વાતને જાણનારા છે. પુરાણ એટલે કે ઘણા કાળ સુધી રહેનારા છે. આ બ્રહ્માંડના શાસક છે. સૂક્ષ્મ એવા જીવાત્મા કરતાંય અતિ સૂક્ષ્મસ્વરૂપ છે. આ સમગ્ર બ્રહ્માંડના પોષણ કરનારા છે. સર્વજનોને તેનું સ્વરૂપ ચિંતન કર્યામાં ન આવે એવું છે. સૂર્ય સમાન પ્રકાશમાન છે. પ્રધાન નામે પ્રકૃતિ થકી પર એટલે કે પ્રધાનના અધિષ્ઠાતા છે. અથવા અવિદ્યારૂપ તમ થકી પર એટલે કે વિદ્યાશક્તિપ્રધાન એવા તે ઈશ્વરનામક વૈરાજપુરુષ છે.

એ બંને પ્રકારના પુરુષને જે ઐશ્વર્યાર્થી પ્રીતિયુક્ત થઈને સ્થિર મનથી વારંવાર ચિંતવ્યા કરે, આવી રીતે ઈશ્વરરૂપ ભગવાનના ધ્યાનનો અભ્યાસ કર્યા કરે, તો અંતકાળે તે અભ્યાસરૂપી યોગના બળે ભ્રકુટિના મધ્યમાં પ્રાણવાયુને લઈ જઈને તે ઐશ્વર્યાર્થી ભક્ત પ્રકાશમાન અને બ્રહ્માદિક દેવ થકી શ્રેષ્ઠ એવા તે પુરુષને પામે છે. એટલે કે, તે ઈશ્વરતુલ્ય ભોગ અને ઐશ્વર્યાદિકને પામે છે. ॥૯-૧૦॥

अथ कैवल्यार्थिस्मरणरीतिवक्तुं तैः प्राप्याक्षरमाहात्म्यं वदति – यदिति ।

यदक्षरं वेदविदो वदन्ति विशन्ति यद्यतयो वीतरागाः ॥
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं सङ्ग्रहेण प्रवक्ष्ये ॥११॥

वेदविदः यद् – निरवयवं तेजःपुञ्जं ब्रह्म, अक्षरम् – अक्षरसंज्ञं वदन्ति । वीतरागाः — वीतः – गतो रागः – विषयप्रीतिर्येभ्यस्ते, यतयः – यत्नशीला मुनयः, यद् अक्षरं विशन्ति – प्रविशन्ति । यदिच्छन्तः – यत्प्राप्तुम् इच्छन्तः ऋषयः, ब्रह्मचर्यम् – अष्टविधं नैष्ठिकव्रतं, चरन्ति – आचरन्ति । तद् – अक्षरं, पदम् – मम स्थानभूतं ब्रह्म, कैवल्यार्थिप्राप्यं, सङ्ग्रहेण – सङ्क्षेपेण प्रवक्ष्ये, सङ्क्षेपेण तत्प्राप्तिप्रकारं वदिष्यामीति भावः ।।११।।

❋ કૈવલ્યાર્થીની પ્રાપ્તિ :

હવે હું તને કૈવલ્યાર્થીને પામવા યોગ્ય અક્ષરબ્રહ્મને સંભારવાની રીત કહું છું. તેમાં પ્રથમ તે અક્ષરબ્રહ્મનો મહિમા સંભળાવું છું : વેદને જાણનાર પંડિતો નિરાકાર અને તેજના સમૂહરૂપ જે બ્રહ્મતત્ત્વને **'અક્ષર'** નામથી કહે છે. જેઓની વિષયવાસના ટળી ગઈ છે એવા આત્મનિષ્ઠ મુનિઓ જે અક્ષરમાં પ્રવેશ પામે છે. જે બ્રહ્મને પામવાની ઇચ્છાથી ઘણાક ઋષિઓ આઠ પ્રકારનું નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત પાળે છે. એવું મહિમાવંતું તે અક્ષરબ્રહ્મ મારા નિવાસ સ્થાનરૂપ છે અને કૈવલ્યાર્થીને તે જ પામવા યોગ્ય છે. તે અક્ષરબ્રહ્મ વિશે હવે હું તને ટૂંકમાં કહીશ. અર્થાત્ તેને પામવાની રીત હવે હું તને સંક્ષેપથી કહું છું. ॥૧૧॥

साङ्गं तत्प्राप्तिप्रकारं वदति द्वाभ्याम् – सर्वेति, ओमितीति ।

सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुद्ध्य च ॥
मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम् ॥१२॥
ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ॥
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम् ॥१३॥

सर्वद्वाराणि – सर्वाणि यानि श्रोत्रेन्द्रियादीनि द्वाराणि, संयम्य – स्वोद्यमेभ्यः प्रत्याहृत्य, हृदि – हृत्पद्मस्थितेऽक्षरब्रह्मत्वेन ज्ञाते मयि, मनो निरुद्ध्य, योगधारणाम् – योगाभिधां धारणाम्, आस्थितः – आश्रितः, मत्स्वरूपे एव अचलां स्थितिं प्राप्य इत्यर्थः ।।१२।।

ओमित्येकाक्षरम् – एकवर्णं, ब्रह्म – परब्रह्मणो मम वाचकं प्रणवं, व्याहरन् – उच्चारयन्, तेन प्रणवेन वक्तव्यं माम्, अनुस्मरन् – चिन्तयन् सन्, आत्मनः – स्वस्य प्राणं मूर्ध्नि भ्रुवोर्मध्ये आधाय – स्थिरीकृत्य, देहम् – शरीरं, त्यजन् – मुञ्चन् सन्, यः प्रयाति – गच्छति । सः –

कैवल्यार्थी परमाम् – पुरुषरूपात् सगुणब्रह्मण: सकाशादुत्कृष्टां, गतिम् – प्राप्तिरूपं निरवयवं निर्गुणमक्षरं ब्रह्म, याति – प्राप्नोति।

यद्वा स: – कैवल्यार्थी, परमाम् – उत्कृष्टां, गतिम् – प्राप्तिरूपं प्राकृतगुणविनिर्मुक्तमक्षरब्रह्मसमानाकारमपुनरावृत्तिशुद्धजीवात्मस्वरूपं याति । "य: स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति । अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहु: परमां गतिम्"(गीता.८/२०-२१) इत्युत्तरत्रैव कथयिष्यते।१३।

હે અર્જુન ! તે કૈવલ્યાર્થી પુરુષ સર્વ પ્રથમ વિષયને પ્રવેશવાના દ્વારભૂત તમામ ઇન્દ્રિયોને પોતપોતાના વિષયો થકી પાછાં વાળી લે. પછી પોતાના હૃદયમાં એટલે કે, હૃદયમાં રહેલ અક્ષરબ્રહ્મરૂપે જાણેલા મારામાં મનને સ્થિર કરે. પછી યોગધારણાને સ્વીકારે. એટલે કે, તે અક્ષરબ્રહ્મરૂપ મારા સ્વરૂપમાં જ અચળ થઈને રહેવાય એવી દૃઢ સ્થિતિ પ્રાપ્ત કરે. પછી એક અક્ષરવાળા ૐરૂપી બ્રહ્મનો-મંત્રનો જપ કરે. પછી તે ૐકારના નામી એવા અક્ષરબ્રહ્મરૂપ મને ચિંતવતો થકો પોતાના પ્રાણને ભ્રકુટિના મધ્યને વિશે સ્થિર રાખીને, શરીરને છોડી અહીંથી જાય છે. તે કૈવલ્યાર્થી પુરુષ શ્રેષ્ઠ ગતિને પામે છે.

કૈવલ્યાર્થીની શ્રેષ્ઠ ગતિ એટલે શું ? તો, વૈરાજપુરુષ અને પ્રધાન-પુરુષરૂપ સગુણ બ્રહ્મથી પણ અતિ ઉત્તમ પ્રાપ્તિ. એટલે કે, માયાના ગુણે રહિત એવા નિરાકાર અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ તેને થાય છે. અર્થાત્ તે કૈવલ્યાર્થી ચેતન અક્ષરબ્રહ્મમાં લીન થઈ જાય છે. અથવા તો ઈશ્વરો થકી અતિ શ્રેષ્ઠ, માયાના ગુણથી મુક્ત અને અક્ષરબ્રહ્મની સમાન એવા શુદ્ધ આત્મસ્વરૂપને તે કૈવલ્યાર્થી પામે છે. ॥૧૨-૧૩॥

एवमैश्वर्यार्थिकैवल्यार्थिनो: स्वस्वप्राप्यानुसारिणीं हर्युपासनरीतिं गदित्वा, इदानीं ज्ञानिभक्तस्य हर्युपासनरीतिं प्राप्तिविशेषं च वदति — अनन्येति।

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ॥
तस्याहं सुलभः पार्थ ! नित्ययुक्तस्य योगिनः ॥१४॥

सततम् – सर्वदा, अनन्यचेताः – नास्ति मत्तोऽन्यस्मिन्नितरस्मिन् सगुणे ब्रह्मणि, निर्गुणे निरवयवे ब्रह्मरूपे तेजःपुञ्जे च चेतो यस्य तथाभूतः सन्, यो माम् – सगुणनिर्गुणब्रह्मणोर्नियन्तारं दिव्येऽक्षरे धाम्नि सदा स्थितं, स्वाभिमतानुरूपैकरूपाचिन्त्यनित्याद्भुतनिरवद्यनिरतिशयौज्वल्य-सौन्दर्यसौगन्ध्यसौकुमार्यलावण्ययौवनाद्यनन्तगुणनिधिं, दिव्यावयवं, ब्रह्मभूतैः भक्तजनैः सदोपास्यमानम्, अपारजनोद्धारणार्थं सर्वजननयनविषयतां गतं पुरुषोत्तमं, नित्यशः – प्रतिदिनं स्मरति। मय्यत्यन्तप्रियत्वान्मत्स्मृति-दर्शनाभ्यां विना स्थातुमशक्य इत्यर्थः।

हे पार्थ! नित्ययुक्तस्य – सर्वदा मय्यासक्तस्य, तस्य योगिनः – ज्ञानिभक्तस्य, अहं सुलभः – अहमेव तस्य सुखेन लभ्यो, न तु सगुण-निर्गुणरूपो मद्भावः, तेन विना च स्थातुमशक्यः अहमेव तं वृणोमि – मल्लब्धियोग्यभक्तिविपाकं तद्विरोधिरहिततां चात्यन्तं मत्प्रीत्यादिकं चाप्यहमेव समर्पयामीति श्रीकृष्णचन्द्रचरणाभिप्रायः ।

तथा श्रुतिस्मृतयः – "यमेवैष वृणुते तेन लभ्यः "(कठो.१/२/२३) इति। "तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम्। ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते।। तेषामेवानुकम्पार्थमहमज्ञानजं तमः। नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता "(गीता.१०/१०-११) इत्याद्याः ।।१४।।

✵ જ્ઞાની ભગવદ્‌ભક્તની પ્રાપ્તિ :

હે અર્જુન ! હવે હું તને મારા આત્મા જેવા વહાલા જ્ઞાની ભક્તને મારી ઉપાસના કરવાની રીત અને તેને થનારી સર્વોત્કૃષ્ટ પ્રાપ્તિ કહું છું : **જે જ્ઞાની ભક્ત સદા અનન્ય ચિત્તવાળો થઈને હંમેશાં મને જ**

સંભારે છે તથા નિત્ય મારામાં જ ગાઢ પ્રીતિવાળો છે; તે જ્ઞાની ભક્તને હું જ અતિ સુલભ છું.

અનન્ય ચિત્તવાળો એટલે શું ? તો, મારા સ્વરૂપ સિવાય બીજા કોઈમાં જેનું ચિત્ત જાતું જ ન હોય એવો ભક્ત. એટલે કે, મારા સિવાયના વૈરાજપુરુષ અને પ્રધાનપુરુષરૂપ સગુણ બ્રહ્મ તથા નિરાકાર અને તેજના સમૂહરૂપ નિર્ગુણ બ્રહ્મ એ કોઈને કોઈ પ્રકારે ક્યારેય જેનું ચિત્ત ભૂલે પણ સંભારતું જ નથી, એવો મારો અનન્ય ભક્ત.

જ્ઞાની ભક્ત મને કેવો જાણીને ચિંતવે છે ? તો, મારા ઉપાસ્ય ઈષ્ટદેવ શ્રીહરિ તો એ સગુણબ્રહ્મરૂપ સર્વે ઈશ્વરો અને નિર્ગુણબ્રહ્મરૂપ ચિદાકાશ એ સર્વેના ઉપરી-નિયંતા છે. માયા પર દિવ્ય અક્ષરધામમાં સદા વિરાજમાન છે. કર, ચરણ, મુખારવિંદ વગેરે સર્વે દિવ્ય અવયવોએ યુક્ત સદા સાકાર મૂર્તિ છે. બ્રહ્મરૂપ થયેલા અનંતમુક્તો જેમની સદા સેવા-ભક્તિ-ઉપાસના કરી રહ્યા છે. અનંત દિવ્યગુણોનો તો એ મારા મહારાજ ખજાનો છે.

શ્રીહરિના દિવ્યગુણો કેવા છે ? તો, તે ગુણો પોતાને અતિ અભિમત-મનપસંદ છે. પોતાને અતિ અનુરૂપ છે. સદા એકરૂપ-અવિકારી છે. માયિક સાધનોથી સમજી ન શકાય એવા અચિંત્ય છે, નિત્ય છે, અદ્‌ભુત છે. કોઈ પણ પ્રકારની ખોટ-ખામી કે દોષ રહિત છે. એવા બીજા કોઈમાં ન હોય એટલા સર્વોત્તમ-શ્રેષ્ઠ છે. એવા કયા કયા ગુણો છે ? તો, તેજસ્વિતા, સુંદરતા, સુગંધિતા, સુકુમારતા-કોમળતા, લાવણ્યતા-મનમોહકતા અને સદા યૌવન વગેરે અસંખ્ય ગુણોના શ્રીહરિ સાગર છે.

વળી, અગણિત જીવોના ઉદ્ધાર માટે સર્વે જીવો જોઈ શકે એમ પ્રગટ થયેલા સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે. આવી રીતે મારા અનુપમ મહિમાએ સહિત મને અખંડ સંભારે છે. એટલે કે, **એ જ્ઞાની ભક્તને હું જ અત્યંત પ્રિય હોવાથી મારી સ્મૃતિ અને મારા દર્શન વિના એક**

ક્ષણ પણ રહી શકવા તે ભક્ત અસમર્થ છે.

જ્ઞાનીભક્તને હું જ અતિ સુલભ છું એટલે શું ? તો, **એવા મારા જ્ઞાનીભક્ત વિના હું પોતે ક્ષણ પણ રહી શકવા અસમર્થ થઈ જાઉં છું. તેથી હું પોતે જ તેને સામેથી વરું છું.** એટલે કે, મને પમાડનારી પરાભક્તિની પરિપક્વતા, તે ભક્તિ તથા મારી પ્રાપ્તિમાં વિરોધી પરિબળનો નાશ અને મારી અત્યંત પ્રીતિ-પ્રસન્નતા વગેરે બાબતો હું જ તેને સામેથી અર્પણ કરું છું. તેથી તે ભક્તને હું અતિ સુખે કરીને પ્રાપ્ત થઈ જાઉં છું. આમ, મારા જ્ઞાની ભક્તને અન્ય સર્વે ભક્તો કરતાં અનંતગણો અધિક લાભ છે. ॥૧૪॥

पुरुषोत्तमैकान्तिकभक्तानां प्राप्तिमाह – मामिति ।

**मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।।
नाप्नुवन्ति महात्मानः संसिद्धिं परमां गताः ।।१५।।**

माम् – सगुणनिर्गुणब्रह्मणोर्नियन्तारं पुरुषोत्तमम्, उपेत्य – मम एकान्तभावं प्राप्य, परमाम् – अक्षरधाम्नि स्थितस्य दिव्यावयवस्य मम सेवालक्षणां सर्वोत्कृष्टां, संसिद्धिम् – सम्यक् सिद्धिं, गताः – प्राप्ताः, ये महात्मानः – महामनसो यथार्थमत्स्वरूपज्ञानवन्त इत्यर्थः । ते पुनः – भूयः दुःखालयम् – समग्रक्लेशभवनं, अशाश्वतम् – अनियतत्वेन नश्वरं, जन्म – जनुः, न आप्नुवन्ति – न यान्ति । कैवल्यार्थिनां ममाक्षरधामतेजसि निरवयवत्वेन लीनत्वात्तेऽपि पुनर्जन्म न प्राप्नुवन्तीति प्रसङ्गाज्ज्ञातव्यम् ।

दिव्यावयविनां भक्तजनानां भगवता सहाक्षरधाम्नि स्थितौ प्रमाणानि–"अक्षरे परमे व्योमन्(व्योम्नि) यस्मिन् देवा अधि विश्वे निषेदुः "(श्वेता.४/८) इति। "स्वभक्तेभ्यो रमते स मे सर्वस्वम्" इति च श्रुती। स्कान्दे च स्कन्दवचनम् – "तत्त्वेककालसम्भूतकोटिकोट्यर्कसन्निभम्। स व्यचष्ट महत्तेजो दिव्यं सिततरं मुने!।। दिशश्च विदिशः सर्वा ऊर्ध्वाधो

व्याप्नुवच्च यत्। अक्षरं ब्रह्म कथितं सच्चिदानन्दलक्षणम्"(वा.मा.१७/१-२) "यद् ब्रह्म-पुरमित्याहुर्भगवद्धाम सात्त्वताः"(वा.मा.१७/५) "तत्राथ कृष्णं भगवन्तमैक्षन्नारायणं निर्गुणमास्थितं सः।। यं केचिदाहुः परमात्मसंज्ञं केचित्परम्ब्रह्म परात्परं च। ब्रह्मेति केचिद्भगवन्तमेके विष्णुं च भक्ताः परमेश्वरं च"(वा.मा.१७/११-१२) "जयासुशीलाललितामुखानां वृन्दैः सखीनां सह राधया च। समर्च्यमानं रमया च भामाकलिन्दजाजाम्बवतीमुखानाम्"(वा.मा.१७/१८) "मसारमाणिक्यसुवर्णवर्णैः सितैश्च कैश्चिन्निजपार्षदाग्र्यः। उपाश्रितं चक्रगदाब्जशङ्खलसद्भुजैर्नन्दसुनन्दमुख्यैः।। श्रीदाममुख्यैरथ गोपवेषैः भक्त्यावनम्रैर्द्विभुजैरनेकैः। उपास्यमानम्"(वा.मा.१७/२०-२१) इत्यादीनि।

कैवल्यार्थिनां भगवत्स्वरूपादर्शनेऽक्षरतेजोदर्शने च प्रमाणम् - "कृष्णस्यानुग्रहो यस्मिन्स तेजसि तमीक्षते। केवलं तेज एवान्ये पश्यन्ति न तु तं मुने!"(वा.मा.१७/७) इति स्कान्दे।

तथा हरेरक्षरतेजसि स्थितौ (प्रमाणं) — ब्रह्मवैवर्तपुराणं (वचनं) च - "ध्यात्वा स्तुत्वा च तिष्ठन्तो देवास्ते तेजसः पुरः। ददृशुस्तेजसो मध्ये शरीरं कमनीयकम्।। जलदाम्भोजवर्णाभं सस्मितं सुमनोहरम्। परमाह्लादकं रूपं त्रैलोक्यचित्तमोहनम्।। गण्डस्थलकपोलाभ्यां ज्वलन्मकरकुण्डलम्। सद्रत्ननूपुराभ्यां च चरणाम्भोजराजितम्"(ब्रह्मवै.पु.४/६/१-३) "तत्र तेजसि चार्वङ्गीं ददृशू राधिकाभिधाम्"(ब्रह्मवै.पु.४/६/७) इत्यादि ।।१५।।

તે જ્ઞાનીભક્તો જીવ, ઈશ્વર અને અક્ષરબ્રહ્માદિક સર્વેના નિયંતા એવા મને પામીને સર્વશ્રેષ્ઠ તથા સંપૂર્ણ સિદ્ધિને પામેલા થાય છે. એટલે કે, અક્ષરધામમાં સદા દિવ્ય સાકારસ્વરૂપે બિરાજમાન એવા મારી સેવા પામે છે. મારા સ્વરૂપના યથાર્થ જ્ઞાનવાળા તે મહાત્મા-જ્ઞાનીમુક્તો પછી ફરી ક્યારેય દુઃખનું ઘર અને નાશવંત જન્મને નથી પામતા. હા, જે

કૈવલ્યાર્થી ભક્તો છે, તે પણ મારા અવિનાશી અક્ષરધામના તેજમાં નિરાકારપણે લીન થઈ ગયા હોવાથી ફરી જન્મ નથી પામતા; પરંતુ તેઓને સર્વોપરી પુરુષોત્તમ એવો હું, મારું સુખ, મારી સેવા અને જ્ઞાની ભક્ત જેવો મારો સર્વોત્તમ રાજીપો નથી મળતો. ॥૧૫॥

प्राप्तसगुणब्रह्मणाम् ऐश्वर्यार्थिनां पुनरावृत्तिं, प्राप्तपुरुषोत्तमानाम् एकान्तिकभक्तानां चापुनरावृर्तिं वदति — आब्रह्मेति।

आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ! ॥
मामुपेत्य तु कौन्तेय ! पुनर्जन्म न विद्यते ॥१६॥

हे अर्जुन ! भवन्ति भूतान्यत्रेति भुवनम् – लोकः, अभिविधावाकारः, आब्रह्मभुवनात् — ब्रह्मणः – सगुणब्रह्मणः, भुवनम् – लोको निवासस्थानं, तदभिव्याप्य लोकाः – सर्वाणि स्थानानि, पुनरावर्त्तिनः – पुनरावर्तनशीला भवन्ति। ऐश्वर्यार्थिप्राप्यः साधिपो वैराजलोकः प्रधानपुरुषलोकश्च नश्वरो भवतीति भावः ।

तत्र प्रमाणानि भागवतस्कान्दवचनानि – "द्विपरार्धावसाने यः प्रलयो ब्रह्मणस्तु ते। तावदध्यासते लोकं परस्य चिन्तकाः "(भाग.३/३२/८) "एवं परेत्य भगवन्तमनुप्रविष्टा ये योगिनो जितमरुन्मनसो विरागाः। तेनैव साकममृतं पुरुषं पुराणं ब्रह्मप्रधानमुपयान्त्यगताभिमानाः "(भाग.३/३२/१०) " आद्यः स्थिरचराणां यो वेदगर्भः सहर्षिभिः "(भाग.३/३२/१२) "भेददृष्ट्या–भिमानेन निःसङ्गेनापि कर्मणा। कर्तृत्वात् सगुणं ब्रह्म पुरुषं पुरुषर्षभम्।। स संसृत्य पुनः काले कालेनेश्वरमूर्तिना। जाते गुणव्यतिकरे यथापूर्वं प्रजायते "(भाग.३/३२/१३-१४) "संहाररुद्ररूपेण संहृत्य स्वं विराड्वपुः। स्वपरं निर्गुणं रूपं वैराजो यातुमिच्छति "(वा.मा.२५/४८) "अहङ्कारो महत्तत्त्वे त्रिविधोऽपि प्रलीयते। तत्प्रधाने च तत्पुंसि स मूलप्रकृतौ

ततः "(वा.मा.२५/५७) इत्यादीनि। "महानव्यक्ते लीयते। अव्यक्तमक्षरे लीयते। अक्षरं तमसि लीयते। तमः परे देवे एकीभवति"(सुबालो.२) इति श्रुतिरपि प्रमाणम्। अत्र श्रुतौ अक्षरं सगुणं ब्रह्म।

हे कौन्तेय ! माम् – परेश्वरम्, उपेत्य – गत्वा, पुनः – भूयः, जन्म – जनिः, जनानां न विद्यते – नास्ति ।।१६।।

હે અર્જુન ! ઐશ્વર્યાર્થીઓ જેને પામે છે એવા પ્રધાનપુરુષરૂપ સગુણબ્રહ્મના લોક સુધીનાં સર્વે સ્થાનકો પરિવર્તનશીલ છે. એટલે કે, વારંવાર ઉત્પતિ અને નાશ થવાના સ્વભાવવાળા છે. તેથી ઐશ્વર્યાર્થીને મળનાર વૈરાજલોક અને પ્રધાનપુરુષનો લોક નાશ થઈ જવાનો છે. જ્યારે હે કૌન્તેય ! **મને પામીને તો ફરી ક્યારેય જન્મ નથી લેવો પડતો.**||૧૬||

पूर्वश्लोके सङ्क्षेपत उक्तां पुरुषोत्तमधामेतरलोकानां तदन्तःस्थ–जनानां च, पुरुषोत्तमसङ्कल्पेन निर्मितामुद्भवप्रलयकालस्थितिं विस्तरतो वदति – सहस्रेति ।

सहस्रयुगपर्यन्तमहर्यद्ब्रह्मणो विदुः ।।
रात्रिं युगसहस्रान्तां तेऽहोरात्रविदो जनाः ।।१७।।

ब्रह्मणः – वैराजपुरुषस्य, सहस्रयुगपर्यन्तम् – सहस्रं युगानि – सहस्रं चत्वारि युगानि पर्यन्तोऽवसानं यस्य तत्, यदहः – दिनं, युगसहस्रान्ताम् – युगानां सहस्रम् अन्तः – अवसानं यस्यास्तां, रात्रिम् – निशां च विदुः – जानन्ति, ते जना अहोरात्रविदः – सगुणब्रह्मणः रात्रिदिवसज्ञाः । ईदृशैः त्रिंशद्दिनैर्मासः, तादृशैर्द्वादशमासैर्वत्सरः, तादृशशतवत्सरैर्द्वौ परार्धौ, तयोः अवसाने वैराजलयः, तस्य दिवारात्रिकथनेन तदायुःप्रमाणमिति भावः ।।१७।।

✵ બ્રહ્માંડની કાળગણતરી :

ચાર યુગોની એક હજાર ચોકડી થાય ત્યારે વૈરાજબ્રહ્માનો એક

દિવસ થાય છે. એવી જ રીતે એક હજાર યુગ ચોકડીની વૈરાજપુરુષની રાત્રિ છે, આવું જે લોકો જાણે છે, તે ખરા અર્થમાં વૈરાજપુરુષની રાત્રિ અને દિવસને જાણનારા છે. આવા મોટા ત્રીસ દિવસનો વૈરાજપુરુષનો એક માસ થાય છે. એવા બાર માસનું એક વર્ષ કહેવાય છે. અને એવાં સો વર્ષ પૂરાં થાય ત્યારે બે પરાર્ધ કાળ થયો કહેવાય. આ બે પરાર્ધ કાળ પૂરો થાય, ત્યારે તે વૈરાજપુરુષના દેહનો નાશ થાય છે. ॥૧૭॥

सर्वजनानामुत्पत्तिप्रलयकथनेन वैराजपुरुषलोकस्थानामुत्कृष्टत्वं दर्शयति द्वाभ्याम् — अव्यक्तादिति।

अव्यक्ताद्व्यक्तयः सर्वाः प्रभवन्त्यहरागमे ॥
रात्र्यागमे प्रलीयन्ते तत्रैवाव्यक्तसंज्ञके ॥१८॥

अहरागमे – वैराजपुरुषस्य दिनारम्भे, अव्यक्तात् – तस्य सूत्रात्म-शरीरात्, सर्वाः – लोकत्रयान्तर्वर्तिन्यः सकलाः, व्यक्तयः – स्थानभोग्य-सहितानि स्थावरजङ्गमानि भूतानि, प्रभवन्ति – आविर्भवन्ति। रात्र्यागमे च – तस्य निशारम्भे सति, अव्यक्तसंज्ञके – अव्यक्तनाम्नि, तत्रैव – तत्सूत्रात्मशरीरे एव, प्रलीयन्ते – क्षीयन्ते ।।१८।।

વૈરાજપુરુષના દરેક દિવસના આરંભે અવ્યક્ત તત્ત્વમાંથી સર્વે વ્યક્તિઓ એટલે કે, ત્રિલોકીમાં રહેલ વિવિધ પ્રકારના ભોગ, તે ભોગને ભોગવવાનાં દેહ-ઇન્દ્રિયો વગેરે સાધન અને તે માટેનાં સ્થાનોએ સહિત સ્થાવર-જંગમ ભૂતપ્રાણીમાત્ર ઊપજે છે. અને જ્યારે તે વૈરાજપુરુષની રાત્રિ શરૂ થાય છે, ત્યારે તે સ્થાવર-જંગમ વસ્તુમાત્ર ફરી તે જ અવ્યક્ત નામના તત્ત્વમાં લીન થઈ જાય છે. અહીં અવ્યક્ત એટલે કે, પ્રધાનપ્રકૃતિનું કાર્ય એવું વૈરાજબ્રહ્માનું સૂત્રાત્મા નામનું શરીર. ॥૧૮॥

पुनस्तदेव वदति — भूतग्राम इति ।

भूतग्रामः स एवायं भूत्वा भूत्वा प्रलीयते ॥
रात्र्यागमेऽवशः पार्थ ! प्रभवत्यहरागमे ॥१९॥

हे पार्थ! यो भूतसमुदायः स्थावरजङ्गमलक्षणः पूर्वस्मिन्काले स्थितः स एवायं भूतग्रामः, ब्रह्मणः प्रतिदिनं भूत्वा भूत्वा रात्र्यागमे – रजनीप्रारम्भे, प्रलीयते – क्षीयते। पुनरपि अहरागमे – वासरागमने, अवशः – स्वकर्मफलप्रदेश्वराधीनः सन्, प्रभवति – उद्भवति। एवं दिनक्रमेण वर्षशतावसाने मम लोकव्यतिरिक्ताः साधिपा लोका नश्यन्तीति भावः। अत ऐश्वर्यार्थिनामपि तैः सहोत्पत्तिर्लयश्चोक्तः ।।१९।।

હે પાર્થ ! આ રીતે જે સ્થાવર-જંગમ વસ્તુમાત્રનો સમૂહ ગત કલ્પમાં હતો, તે જ સમૂહ કર્મફળ આપનાર પરમેશ્વરની પ્રેરણાથી વૈરાજપુરુષના દરેક દિવસના આરંભકાળે પેદા થાય છે અને વૈરાજપુરુષની દરેક રાત્રિમાં લીન થઈ જાય છે. આ ક્રમથી વૈરાજપુરુષનાં સો વર્ષ પૂરાં થાય ત્યારે મારા ધામ સિવાયના લોકો અને તે તે લોકના અધિપતિઓ તે સર્વે નાશ થઈ જાય છે. માટે, ઐશ્વર્યાર્થીઓની પણ તેઓની સાથે ઉત્પત્તિ અને નાશ થાય છે, એમ જાણવું. ॥૧૯॥

अथाऽक्षरतेजसि लीनानां कैवल्यार्थिनामप्यपुनरावृत्तिं वदति – पर इति ।

परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातनः ॥
यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ॥२०॥

तस्मात् – त्रिगुणमयात्, अव्यक्तात् – प्रकृतेः, अन्यः – भिन्नः, परः – सगुणभावेभ्य उत्कृष्टः, अव्यक्तः – अतिसूक्ष्मः, सनातनः – नित्यः, यो भावः – वस्तु, स सर्वेषु – ब्रह्मादिस्थावरान्तेषु, भूतेषु नश्यत्सु सत्सु न विनश्यति ।।२०।।

તે અવ્યક્ત નામની પ્રધાન-પ્રકૃતિ થકી અતિ વિલક્ષણ અને સગુણ

એવા ઈશ્વરોથી પણ શ્રેષ્ઠ એવું જે અતિ સૂક્ષ્મ અને અવિનાશી તત્ત્વ (અક્ષરધામ) છે, તે વિરાટબ્રહ્માદિક સર્વે ભૂતપ્રાણીમાત્ર નાશ પામી જાય તોપણ નાશ પામતું નથી. ॥૨૦॥

पुनस्तमेव वदति – अव्यक्त इति ।

अव्यक्तोऽक्षर इत्युक्तस्तमाहुः परमां गतिम् ॥
यं प्राप्य न निवर्तन्ते तद्धाम परमं मम ॥२१॥

योऽव्यक्तः – प्राकृतकरणैः प्रत्यक्षतया न व्यज्यते इत्यव्यक्तः, अक्षरः — क्षरति, नश्यति प्राकृतप्रलये आत्यन्तिकप्रलये चेति क्षरः तदन्योऽक्षरः, अक्षराख्य इत्युक्तः – कथितः । वेदविदः तं परमां गतिमाहुः – उत्कृष्टां प्राप्तिं वदन्ति । यम् – अक्षरं, प्राप्य मुमुक्षुजना न निवर्तन्ते – न पुनरावर्तन्ते । तद् – अक्षरं ब्रह्म, ब्रह्मभूतैर्भक्तजनैः सदा सेव्यमानस्य मम परमम् – श्रेष्ठं, धाम – निवासस्थानम् ।।२१।।

એવું તે નિત્ય તત્ત્વ કોણ છે ? તો, તે અવ્યક્ત અને અક્ષર એવાં નામે શાસ્ત્રોમાં કહેવાય છે. અવ્યક્ત એટલે કે, માયિક ઇન્દ્રિયો-અંતઃકરણ વડે પ્રત્યક્ષપણે ન જણાય એવું. અક્ષર એટલે કે, પ્રાકૃત પ્રલયમાં અને આત્યંતિક પ્રલયમાં પણ નાશ ન પામે એવું તત્ત્વ. જેઓ વેદના રહસ્યને જાણનાર પરમ જ્ઞાનીભક્તો છે, તેઓ તે અક્ષરતત્ત્વને પરમ ગતિ -

સર્વશ્રેષ્ઠ પ્રાપ્તિ કહે છે. **તે અક્ષરતત્ત્વ એટલે શું ?** તો, **જેને પામીને મુમુક્ષુજીવો ફરી ક્યારેય જન્મ-મૃત્યુને નથી પામતા, એવું તે અક્ષરબ્રહ્મ મારું સર્વશ્રેષ્ઠ ધામ-નિવાસસ્થાન છે. તે અક્ષરધામમાં બ્રહ્મરૂપ એવા અનંતમુક્તો મને સેવી રહ્યા છે.** ॥૨૧॥

ज्ञानिभक्तस्य लभ्योऽक्षरशब्दवाच्याद्ब्रह्मणोऽतिविलक्षणः श्रुतिस्मृतिषु य उक्तस्तमाह – पुरुष इति ।

पुरुषः स परः पार्थ ! भक्त्या लभ्यस्त्वनन्यया ॥
यस्यान्तःस्थानि भूतानि येन सर्वमिदं ततम् ॥२२॥

यस्य – "अक्षरात्परतः परः"(मुण्ड.२/१/२) "यस्याक्षरं शरीरं... यमक्षरं न वेद"(सुबालो.७) "मत्तः परतरं नान्यत्"(गीता.७/७) "यस्मात्क्षर-मतीतोऽहमक्षरादपि चोत्तमः"(गीता.१५/१८)

इत्यादिश्रुतिस्मृतिभिर्निर्दिष्टस्य अक्षरब्रह्मात्मकस्य मम, अन्तःस्थानि भूतानि – प्राणिवृन्दानि भवन्ति। येन – पुरुषोत्तमेन मया, सर्वम् – अक्षरं ब्रह्म च कालश्च प्रकृतिपुरुषौ च वैराजपुरुषसमूहश्च बद्धमुक्तक्षेत्रज्ञकोटयः चैतत् समग्रम्, इदम् – प्रत्यक्षं प्रकृतिकार्यमाकाशादिभूतपञ्चकं, ततम् – अन्तर्यामिशक्त्या व्याप्तम्।

हे पार्थ! स परः – सर्वोत्कृष्टः, पुरुषः – पुरुषाकृतिः परमेश्वरोऽहं, ज्ञानिभक्तजनैः अनन्यया – न विद्यतेऽन्यो विषयो यस्यां तया, प्रेमलक्षणया भक्त्या, लभ्यः – प्राप्यः ।

ज्ञानिकैवल्यार्थिनोरक्षरप्राप्तिस्तु तुल्या, तत्राप्येतावान् भेदः — ज्ञानि-भक्तस्य तेजःपुञ्जेऽक्षरब्रह्मणि स्थितस्य अक्षररूपपार्षदैः सततं सेव्यमानस्य दिव्यावयवस्य किशोरमूर्तेः परब्रह्मणः प्राप्तिः, कैवल्यार्थिनस्तु निरवयवे तेजःपुञ्जेऽक्षरब्रह्मण्यैक्येन लीनत्वञ्च। एवमस्मिन् प्रकरणे उक्तम् ।।२२।।

હે પાર્થ ! જેની અંદર સર્વે તત્ત્વો રહ્યાં છે અને જે દૃશ્ય તથા અદૃશ્ય એવાં તે સર્વે તત્ત્વોમાં વ્યાપીને રહ્યા છે; એવા **તે પુરુષાકાર પરાત્પર પુરુષોત્તમનારાયણ જ્ઞાની ભક્તોને અનન્ય ભક્તિથી પ્રાપ્ત થાય છે.**

પુરુષોત્તમ કયાં કયાં તત્ત્વોમાં વ્યાપીને રહ્યા છે ? તો, અક્ષરબ્રહ્મ, કાળ, મૂળપ્રકૃતિ અને મૂળપુરુષ, પ્રધાનપુરુષ તથા વૈરાજપુરુષોનો સમૂહ, અસંખ્ય બદ્ધજીવો અને અસંખ્ય મુક્તચેતનો — આ બધાં અદૃશ્ય તત્ત્વોમાં પુરુષોત્તમ અંતર્યામી શક્તિ વડે રહ્યા છે. તદ્ઉપરાંત **નજરે દેખ્યામાં આવે એવા માયાના કાર્ય પંચભૂતના આકારમાત્રમાં પુરુષોત્તમ શ્રીહરિ અંતર્યામી શક્તિથી વ્યાપીને રહ્યા છે. અને એ જ દૃશ્ય-અદૃશ્ય સર્વે તત્ત્વો તે શ્રીહરિમાં જ રહ્યાં છે.**

સદા સાકાર શ્રીહરિમાં આટલાં બધાં તત્ત્વો કેવી રીતે રહ્યાં છે ? તો, શ્રીહરિ પોતાની સર્વ વ્યાપક અંતર્યામી શક્તિથી અક્ષરબ્રહ્મમાં તેના આત્માપણે રહ્યા છે. અને પોતાના શરીરભૂત તે અક્ષર દ્વારા બધું જ ધારી રહ્યા છે. એટલે અક્ષર સહિત સર્વે તત્ત્વો શ્રીહરિમાં જ રહ્યાં કહેવાય છે.

હે અર્જુન ! આ રીતે સર્વાધાર અને સર્વાંતર્યામી પરમેશ્વર એવો હું, જ્ઞાનીભક્તને મારી અનન્ય પ્રેમલક્ષણા દશમી ભક્તિથી પામવા યોગ્ય છું. **હું મારા ધામમાં સદૈવ પુરુષ જેવા હાથ, પગ વગેરે તમામ**

અવયવોએ સહિત સાકાર સ્વરૂપે રહ્યો છું.

અહીં જાણવા જેવું રહસ્ય એ છે કે, મારો જ્ઞાનીભક્ત અને કૈવલ્યાર્થી એ બંનેને અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ તો સરખી છે, પરંતુ તેમાં આટલો ભેદ અવશ્ય છે. શું ભેદ છે ? તો, **મારા જ્ઞાનીભક્તને તેજના પુંજરૂપ અક્ષરબ્રહ્મમાં વિરાજમાન, અક્ષરરૂપ પાર્ષદોથી સતત સેવાય રહેલા, દિવ્ય અવયવવાળા કિશોરમૂર્તિ એવા પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.** જ્યારે કૈવલ્યાર્થી તો નિરવયવ-નિરાકાર, તેજના સમૂહરૂપ અક્ષરબ્રહ્મમાં એકપણે લીન થઈ જાય છે; પણ તેને પરબ્રહ્મના સાકાર સ્વરૂપનો અનુભવ થતો નથી. આવો મોટો પ્રાપ્તિમાં ભેદ રહે છે. ॥૨૨॥

भगवन्निष्ठाक्षरनिष्ठयोरैश्वर्यनिष्ठदेवतान्तरोपासकयोः चानावृत्त्या-वृत्तिकरौ गमनमार्गौ प्रदर्शयति चतुर्भिः – यत्रेति ।

यत्र काले त्वनावृत्तिमावृत्तिं चैव योगिनः ॥
प्रयाता यान्ति तं कालं वक्ष्यामि भरतर्षभ ! ॥२३॥

अत्र कालशब्दः कालाभिमानिदेवतानिवासस्थानभूतमार्गोपलक्षकः । यत्र – यस्मिन्, काले – कालाभिमानिदेवतोपलक्षिते मार्गे, प्रयाताः – गताः, योगिनः – भगवन्निष्ठा अक्षरनिष्ठाश्च, अनावृत्तिम् – अपुनरागमनं यान्ति । यत्र काले च – यस्मिन्मार्गे च, प्रयाता योगिनः – ऐश्वर्यार्थिनः शुभकर्माणश्च, आवृत्तिमेव – पुनरागमनं यान्ति । हे भरतर्षभ ! तं कालम् – कालाभिमानिदेवतोपलक्षितमार्गं वक्ष्यामि – वदिष्यामि ।।२३।।

❋ અર્ચિમાર્ગ તથા ધૂમ્રમાર્ગની વિક્તિ :

હે ભરતર્ષભ ! દિવસ, પખવાડિયું જેવા ભિન્ન-ભિન્ન કાળના અભિમાની દેવતાઓના નિવાસસ્થાન જે માર્ગમાં આવે છે, તે માર્ગ વડે દેહ મૂકીને ગયેલા અક્ષરની કે ભગવાનની નિષ્ઠાવાળા યોગીઓ ફરી

જન્મ નથી પામતા. અને જે માર્ગ વડે ગયેલા ઐશ્વર્યાર્થી કે સત્કર્મો કરનારા યોગીઓને ફરી જન્મ લેવો પડે છે, એવા તે બંને પ્રકારના માર્ગ હવે હું તને કહું છું. ॥૨૩॥

अनावृत्तिकरं मार्गमाह – अग्निरिति ।

अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम् ॥
तत्र प्रयाता गच्छन्ति ब्रह्म ब्रह्मविदो जनाः ॥२४॥

'अग्निर्ज्योतिः' एताभ्यां शब्दाभ्याम् "तेऽर्चिषमभिसम्भवन्ति" (छान्दो.५/१०/१) इति श्रुत्युक्ता अर्चिर्मार्गाभिमानिनी देवता बोध्या। 'अहः' इतिशब्देन वासराभिमानिनी देवता, 'शुक्लः' इतिशब्देन शुक्लपक्षाभिमानिनी देवता, उत्तरायणम् – उत्तरायणरूपाः षण्मासास्तदभिमानिन्यो देवताः, इत्यादयः श्रुत्युक्ता अन्या देवताश्च यत्र मार्गे निवसन्ति, तत्र – अर्चिर्मार्गे, प्रयाता ब्रह्मविदः – ब्रह्मपरब्रह्मज्ञातारो जनाः, ब्रह्म – अक्षरं ब्रह्म परं ब्रह्म च, गच्छन्ति – प्राप्नुवन्ति। ते उभये अपि न पुनरावर्तन्त इत्यर्थः ।।२४।।

જે માર્ગમાં વચ્ચે અગ્નિ, જ્યોતિ, દિવસ, શુક્લ-સુદપક્ષ અને ઉત્તરાયણના છ માસ વગેરેના અધિષ્ઠાતા દેવો આવે છે; એવા તે માર્ગથી જનારા જે બ્રહ્મ અને પરબ્રહ્મના ઉપાસકો છે, તેઓ પોતપોતાના ઉપાસ્ય એવા અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મને પામે છે. પછી તે બંનેને ક્યારેય ફરી જન્મ લેવો પડતો નથી. આ માર્ગને જ વેદોમાં **'અર્ચિમાર્ગ'** કહે છે. અર્થાત્ આ માર્ગમાં સહુથી પહેલું સ્થાન 'અર્ચિ' નામના દેવનું આવે છે. તેને જ અહીં અગ્નિ તથા જ્યોતિ શબ્દથી કહ્યા છે. તે સ્થાનને વટાવ્યા પછી મુક્ત આગળ જાય એટલે દિવસ, શુક્લપક્ષ વગેરે નાના-મોટા કાળના અધિષ્ઠાતા દેવોનાં સ્થાનો આવે છે. આમ, અનુક્રમે ઘણા બધાં સ્થાનોને ઓળંગ્યા પછી અક્ષરબ્રહ્મના ઉપાસક કૈવલ્યાર્થી ભક્તો

અક્ષરબ્રહ્મને અને પરબ્રહ્મના ઉપાસક જ્ઞાનીભક્તો પરબ્રહ્મ એવા મને પામે છે. પછી તે બંને પ્રકારના ભક્ત ફરી જન્મ નથી પામતા. ॥૨૪॥

पुनरावृत्तिकरं मार्गं वदति – धूम इति ।

धूमो रात्रिस्तथा कृष्णः षण्मासा दक्षिणायनम् ॥
तत्र चान्द्रमसं ज्योतिर्योगी प्राप्य निवर्तते ॥२५॥

'धूमः' इतिशब्देन "ते धूममभिसम्भवन्ति"(छान्दो.५/१०/३) इति श्रुत्युक्तधूमाभिमानिनी देवतोपलक्ष्यते, रात्रिः – तदभिमानिनी देवता, कृष्णः – तत्पक्षाभिमानिनी देवता, दक्षिणायनम् – दक्षिणायनरूपाः षण्मासाः तदभिमानिन्यो देवताः, इत्यादयः श्रुत्युक्ता देवताः यत्र मार्गे निवसन्ति, तत्र – धूममार्गे, प्रयातो योगी – सवासनिकः पुण्यकर्मा ऐश्वर्यार्थी च, चान्द्रमसम् – चन्द्रमसः प्रकाशतुल्यं स्वर्गलोकं, ज्योतिश्च – प्रकाशमानं पुरुषाकारं सगुणं ब्रह्म, प्राप्य निवर्तते – पुनरावर्तते ।।२५।।

જે માર્ગમાં વચ્ચે ધૂમ, રાત્રિ, વદપક્ષ અને દક્ષિણાયનના છ માસ વગેરેના અધિષ્ઠાતા દેવોનાં સ્થાન આવે છે. તે માર્ગ વડે દેહ છોડીને જનાર અન્ય દેવોનો ઉપાસક સવાસનિક યોગી તથા ઐશ્વર્યાર્થી યોગી, તે બંને અનુક્રમે ચંદ્ર સમાન તેજવાળા સ્વર્ગાદિક લોકને અને વૈરાજપુરુષ કે પ્રધાનપુરુષરૂપ સગુણબ્રહ્મને પામીને ફરી પાછા આ લોકમાં જન્મે છે.॥૨૫॥

उक्तौ मार्गावुपसंहरन्नाह – शुक्लकृष्ण इति ।

शुक्लकृष्णे गती ह्येते जगतः शाश्वते मते ॥
एकया यात्यनावृत्तिमन्ययावर्तते पुनः ॥२६॥

शुक्लकृष्णे – शुक्ला च कृष्णा च ते, अत्र पुंवद्भाव आर्षः। शुक्ला – प्रकाशबहुलत्वादर्चिरादिगतिः, कृष्णा – प्रकाशस्याल्पत्वात् धूमादिगतिः,

तथाभूते एते गती – भगवन्निष्ठाक्षरनिष्ठानां पुण्यकर्मणां ऐश्वर्यार्थिनाञ्च गमनमार्गौ, जगतः – विश्वस्य मध्ये, शाश्वते – अनादी, मते – सम्मते, हि – निश्चितम्। जगतोऽनादित्वात्। एकया – तयोर्मध्ये अन्यतरया शुक्लया गत्या, अनावृत्तिम् – अपुनरागमनं, याति – जनः प्राप्नोति। अन्यया – कृष्णया गत्या, पुनरावर्तते – पुनरागमनं प्राप्नोति।

शुक्लकृष्णमार्गौ पुरुषौ श्रुतयो वदन्ति – "तद्य इत्थं विदुः ये चेमेऽरण्ये श्रद्धा तप इत्युपासते तेऽर्चिषमभिसम्भवन्ति"(छान्दो.५/१०/१) "पुरुषोऽमानवः स एनान् ब्रह्म गमयति एष देवपथो ब्रह्मपथ एतेन प्रतिपद्यमाना इमं मानवमावर्तं नावर्तन्ते"(छान्दो.४/१५/५) इति। "अथ य इमे ग्राम इष्टापूर्ते दत्तमित्युपासते ते धूममभिसम्भवन्ति"(छान्दो.५/१०/३) इत्याद्याः ।।२६।।

હે અર્જુન ! શુક્લ એટલે કે વધુ પ્રકાશવાળો અર્ચિમાર્ગ અને કૃષ્ણ એટલે કે ઓછા પ્રકાશવાળો ધૂમ્રમાર્ગ – આ બંને માર્ગો જગતમાં અનાદિ-કાળથી નિશ્ચિત થયેલા છે. તે બંનેમાં અર્ચિમાર્ગ વડે જનાર ભગવદ્‌ભક્ત કે અક્ષરબ્રહ્મ ઉપાસક ત્યાં કાયમી સ્થિતિ પામે છે અને ધૂમ્રમાર્ગ દ્વારા જનાર ઐશ્વર્યાર્થી કે વિષયાસક્ત દેવભક્ત થોડો સમય ત્યાં રહીને ફરી પાછો અહીં જન્મ ધરે છે. અર્થાત્ જેને ફરી પાછા પડવાનું નથી એવા પરબ્રહ્મ ઉપાસક તથા બ્રહ્મ ઉપાસકનો પ્રકાશવાળો અર્ચિમાર્ગ છે. અને જેને પાછા પડવાનું છે એવા ઐશ્વર્યાર્થી તથા તુચ્છ દેવોના ઉપાસક અતિ સકામ જીવ એ બંનેનો ઓછા પ્રકાશવાળો **ધૂમ્રમાર્ગ** છે. ।।૨૬।।

मार्गद्वयवेदनफलं दर्शयन्नाह – नेति।

नैते सृती पार्थ ! जानन् योगी मुह्यति कश्चन ।।
तस्मात्सर्वेषु कालेषु योगयुक्तो भवार्जुन ! ।।२७।।

हे पार्थ! एते सृती - पुनरावृत्यपुनरावृतिप्रापकौ मार्गौ, जानन् - विदन् सन्, कश्चन - कश्चित्, योगी - योगनिष्ठो, न मुह्यति - स्वर्ग-ब्रह्मलोकादिनश्वरसुखे मोहं न प्राप्नोति। तस्मात् हे अर्जुन! सर्वेषु कालेषु, योगयुक्तः — योगेन - मम ध्यानेन समाधिना वा भक्तियोगेन वा युक्तः - सहितः त्वं भव ।।२७।।

હે પાર્થ ! આ બંને પ્રકારના માર્ગને તથા તેની મંજીલરૂપ શાશ્વત કે નાશવંત સ્થાનોને સારી રીતે કોઈ સમજે, તો તેને શું ફળ થાય ? તે હવે હું તને સમજાવું : જે માર્ગે ગયા પછી પાછા પડવાનું નથી એવો અર્ચિમાર્ગ અને જે માર્ગે ગયા પછી પાછા પડવાનું થાય છે એવો ધૂમમાર્ગ – એ બંને પ્રકારના માર્ગને યથાર્થ જાણનાર કોઈ પણ યોગી ક્યારેય મોહ પામતો નથી. એટલે કે, એ બંને ગતિને સારી રીતે સમજતો હોવાથી **સ્વર્ગ તથા સત્યાદિક લોકના નાશવંત સુખની લાલસામાં તે જ્ઞાની ક્યારેય છેતરાઈ જાતો નથી. એમ જ ઈશ્વરોનાં ભોગો તથા ઐશ્વર્યોમાં તે જ્ઞાની ક્યારેય ભરમાઈ જાતો નથી.** માટે હે અર્જુન ! તું સર્વકાળને વિશે યોગયુક્ત થા; એટલે કે, મને જેમ છે તેમ સમજીને મારી ભક્તિરૂપી યોગને સિદ્ધ કર. ॥૨૭॥

अथ अध्यायद्वयोदितभगवन्माहात्म्यज्ञाननिष्ठभगवद्भक्तं प्रशंसन् वदति — वेदेष्विति ।

इन्द्रवज्रावृत्तम् :

वेदेषु यज्ञेषु तपस्सु चैव दानेषु यत्पुण्यफलं प्रदिष्टम् ।।
अत्येति तत्सर्वमिदं विदित्वा योगी परं स्थानमुपैति चाद्यम् ।।२८।।

इति श्रीभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णाऽर्जुनसंवादे 'महापुरुषयोगो' नामाष्टमोऽध्यायः ।।८।।

वेदेषु – पठनपाठनाभ्यस्तेषु ऋग्यजुःसामाथर्वसु, यज्ञेषु – अश्वमेधादिषु, तपस्सु च – कृच्छ्रचान्द्रायणादिषु, दानेषु च – अष्टमहादानादिषु, यदेव पुण्यफलम् – पवित्रफलं, प्रदिष्टम् – निर्दिष्टं, तत् सर्वम् – समग्रं फलम्, इदम् – अध्यायद्वयोदितं प्रत्यक्षस्य मम माहात्म्यं, विदित्वा – ज्ञात्वा, योगी – ज्ञानिभक्तः, अत्येति – मत्सुखमधिकं ज्ञात्वेतरसुखं तृणवत् जानातीत्यर्थः । चशब्द आनन्तर्ये, तदनन्तरम्, आद्यम् – अनादिसिद्धं, परम् – सर्वोत्कृष्टं, स्थानम् – मदेकान्तिकभक्तैः सहितस्य मम निवासनिकेतं ब्रह्मपुरम्, उपैति – प्राप्नोति ।।२८।।

હે અર્જુન ! મારું જેમ છે તેમ માહાત્મ્ય જાણનાર જ્ઞાનીભક્તને કેટલો મોટો ફાયદો થાય છે ? તે હવે હું તને કહું છું : અત્યાર સુધીમાં મેં તને મારું જે માહાત્મ્ય જ્ઞાન સમજાવ્યું, તેને યથાર્થ જાણ્યા પછી મારો જ્ઞાનીભક્ત ચારેચાર વેદોને ભણવા તથા ભણાવવાથી; તમામ યજ્ઞો કરવાથી; ઋષિ, કીડી વગેરે ચાંદ્રાયણવ્રત જેવા અતિ કઠિન તપ કરવાથી અને મોટાં મોટાં મહાદાનો દેવાથી જે કાંઈ પવિત્ર ફળ બતાવવામાં આવ્યું છે, તે સમગ્ર ફળને મારા સુખની આગળ અતિ તુચ્છ સમજીને છોડી દે છે. અર્થાત્ તે પુણ્યના ફળસ્વરૂપે મળનાર તુચ્છ નાશવંત સુખની ઈચ્છાનો સમૂળ ત્યાગ કરી દે છે. **આવી રીતે મારા માહાત્મ્યજ્ઞાનને યથાર્થ જાણીને તે જ્ઞાનીભક્ત અનાદિસિદ્ધ અને અન્ય સર્વ ધામો થકી શ્રેષ્ઠ એવા મારા નિવાસસ્થાનરૂપ બ્રહ્મધામને પામે છે.”** ॥૨૮॥

अत्र अष्टमे ऐश्वर्यनिष्ठानामक्षरनिष्ठानां च पुरुषोत्तमनिष्ठानां च, ज्ञातव्यलक्षणं, प्राप्यस्वरूपलक्षणं चोक्तं, गन्तव्यमार्गौ चोक्तौ ।

इति श्रीसहजानन्दस्वामिशिष्यगोपालानन्दकृतायां भगवद्भावदीपिकायां श्रीभगवद्गीताटीकायां अष्टमोऽध्यायः ॥८॥

આ આઠમા અધ્યાયમાં મુખ્યપણે આટલી બાબતો કહેવાણી : (૧) ઐશ્વર્યાર્થી, કૈવલ્યાર્થી અને પુરુષોત્તમની નિષ્ઠાવાળા જ્ઞાની ભક્ત – એ ત્રણેય ભક્તોને જાણવા યોગ્ય તત્ત્વની અલગ-અલગ ઓળખ. (૨) એ ત્રણેયને પામવાં યોગ્ય સ્વરૂપોની ઓળખ. (૩) ભગવદ્‌ભક્ત તથા અક્ષર ઉપાસક માટે અર્ચિમાર્ગ અને ઐશ્વર્યાર્થી તથા સકામ દેવભક્ત માટે ધૂમ્રમાર્ગનો પરિચય.

આ રીતે સર્વાવતારી શ્રીસહજાનંદસ્વામીના શિષ્ય સદ્‌.શ્રીગોપાળાનંદ-સ્વામી વિરચિત શ્રીમદ્‌ભગવદ્‌ગીતાભાષ્યના ગુજરાતી ભાવાનુવાદમાં 'જ્ઞાની ભક્ત અને તે સિવાયનાની પ્રાપ્તિનો ભેદ સમજાવ્યો' એ નામે આઠમો અધ્યાય પૂરો થયો. ॥૮॥



नवमोऽध्यायः

राजविद्याराजगुह्ययोगः

इदानीं नवमेऽध्याये भगवतो माहात्म्यज्ञानपूर्विकैकान्तिकीभक्तिः, यज्ञकर्तृसोमपानां स्वर्गप्राप्तिः ततः पतनं च, भगवद्भक्तानां भगवत्प्राप्तिः, देवपित्रादिभक्तानां तत्प्राप्तिश्चोच्यन्ते ।

હવે આ નવમાં અધ્યાયમાં આટલી બાબતો કહેવાશે : (૧) ભગવાનની માહાત્મ્યજ્ઞાને સહિત એકાંતિકી ભક્તિ. (૨) યજ્ઞાદિક કર્મ કરનારાને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે અને પુણ્ય ખૂટતાં ત્યાંથી પતન થાય છે. (૩) ભગવાનના ભક્તોને ભગવાનની પ્રાપ્તિ થાય છે. (૪) દેવ કે પિતૃ વગેરેના ભક્તોને તેની પ્રાપ્તિ થાય છે.

समाहात्म्यं स्वोपासनं वक्तुं प्रतिज्ञायमानः श्रीभगवानुवाच – इदमिति ।

श्रीभगवानुवाच –

इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ॥
ज्ञानं विज्ञानसहितं यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात् ॥१॥

तुशब्दः – पुनरर्थे, इदम् – वक्ष्यमाणं, गुह्यतमम् – ब्रह्मादि-देवतोपासनं गुह्यं, ततोऽक्षरब्रह्मोपासनं गुह्यतरं, ततोऽपि गोप्यतमं, ज्ञानम् – ज्ञायते मत्स्वरूपमनेनेति ज्ञानं ममोपासनं, कथम्भूतम् ? विज्ञानसहितम् – विशेषेण सम्यग्मन्माहात्म्यपूर्वकेण ज्ञानेन सहितं, माहात्म्यज्ञानपूर्विकां

भक्तिम् इत्यर्थः। अनसूयवे - पुनः स्वमाहात्म्योपदेष्टरि परमकृपालौ मयि दोषभावनाहीनाय, ते - तुभ्यं प्रवक्ष्यामि। यदुपासनं ज्ञात्वा, अशुभात् - मल्लब्ध्यन्तरायात्सर्वाऽशुभकर्मणः मोक्ष्यसे ॥१॥

❋ ભગવાનના માહાત્મ્યની મહત્તા :

હે અર્જુન ! હવે હું તને વિજ્ઞાન સહિત એક એવું સહુથી વધુ ગુપ્ત-રહસ્યમય જ્ઞાન કહેવા જઈ રહ્યો છું કે જેને જાણીને તું મારી પ્રાપ્તિમાં અંતરાય કરનારાં તમામ પ્રકારનાં અશુભ કર્મોથી છૂટી જઈશ.

વિજ્ઞાન સહિત જ્ઞાન એટલે શું ? તો, મારા સંપૂર્ણ મહિમાએ સહિત મારું ઉપાસન. અર્થાત્ જેનાથી તું મારા સ્વરૂપને યથાર્થ અનુભવી શકે એવી મહિમા સહિત મારી ભક્તિ-ઉપાસના. **તે જ્ઞાન અતિશય ગુપ્ત કેમ છે ?** તો, બ્રહ્માદિક દેવોનું ઉપાસન મનુષ્યો માટે ગુહ્ય બાબત છે. અક્ષર-બ્રહ્મનું ઉપાસન સમજાય તે તેના કરતાં પણ વધુ ગુહ્ય બાબત છે. અને અક્ષરના પણ ઉપરી એવા મારા સ્વરૂપનું મહિમા સહિત ઉપાસન પકડાય એ તો સૌથી વધુ ગુહ્ય બાબત છે. કેમ જે, **આવી મારી એકાંતિકી ભક્તિ તો હું કે મારા એકાંતિક સંત પ્રત્યક્ષસ્વરૂપે મળે તો જ સમજ્યામાં આવે છે.**

આવી રહસ્યમય વાત હું તને શા માટે કરી રહ્યો છું ? તો, તું અસૂયા રહિત છો. કેમ જે, હું પોતે તને મારો મહિમા ફરી ફરી કહી રહ્યો છું, તોપણ તું મારામાં દોષભાવના કરતો નથી. ॥૧॥

पुनस्तदेवोपासनं विशिनष्टि – राजविद्येति ।

राजविद्या राजगुह्यं पवित्रमिदमुत्तमम् ॥
प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्तुमव्ययम् ॥२॥

इदमुपासनं, राजविद्या – राज्ञाम् - विस्तीर्णागाधमनसां मुनीनां विद्या राजविद्या, यद्वा विद्यानां राजेति राजविद्या। राजगुह्यम् - गुह्यानां

राजा, राजदन्तादित्वादुपसर्जनस्य परत्वम् । उत्तमम् - सर्वविद्यासु सर्वगोप्येषु च श्रेष्ठम्। पवित्रम् - सर्वेषु शुद्धिकरेषु (श्रेष्ठं) शुद्धिकरम्। प्रत्यक्षावगमम् – प्रत्यक्षः - इन्द्रियगोचरः, अवगमः - विषयो यस्य तत्, ज्ञानाख्येनोपासनेन सेव्यमानोऽहं तूर्णमेवोपासकस्येन्द्रियगोचरतामुपयातो भवामि इत्यर्थः । धर्म्यम् – धर्मैः - भगवदर्पितैः प्रवृत्तिनिवृत्त्यादिसर्वधर्मैः प्राप्यं, मद्दर्शनप्रापकसर्वसाधनानां सर्वोत्कृष्टफलरूपमित्यर्थः । सुसुखं कर्तुम् - सुतरां सुखं विधातुं शक्यम्, आत्यन्तिकमत्सुखकरमित्यर्थः। अव्ययम् - अक्षयं, मल्लब्धिं कारयित्वापि स्वयं न नश्यतीत्यर्थः। एतल्लक्षणलक्षितं मदुपासनं भवति ।।२।।

હે અર્જુન ! **આ મારી ઉપાસનારૂપ જ્ઞાન કેવું છે ?** તો, વિશાળ અને અગાધ બુદ્ધિવાળા સંતોની તે વિદ્યા છે. અથવા સર્વે વિદ્યાઓમાં શ્રેષ્ઠ રાજવિદ્યા છે. સર્વે રહસ્યોનું પણ પરમ રહસ્ય છે. સર્વે ઉપાસનાઓમાં અને ગુપ્ત રાખવા યોગ્ય સર્વે વસ્તુઓમાં શ્રેષ્ઠ છે. પવિત્ર કરનાર સર્વે વસ્તુઓમાં સર્વાધિક પવિત્ર કરનાર છે. પ્રત્યક્ષ ફળવાળું છે; અર્થાત્ મહિમાપૂર્વકની ઉપાસનાથી હું ભક્તને તત્કાળ પ્રત્યક્ષ દર્શન આપું છું.

વળી, પ્રવૃત્તિમાર્ગ કે નિવૃત્તિમાર્ગ દ્વારા પળાયેલ ભાગવતધર્મો વડે જ પ્રાપ્ત કરી શકાય એવું છે. મારાં દર્શન કરાવનાર સર્વે સાધનોનું અતિ ઉત્તમ ફળ છે. મારું આત્યંતિક સુખ દેનારું છે. વળી, તે અક્ષય છે; અર્થાત્ મારી પ્રાપ્તિ કરાવ્યા પછી પણ તે નાશ પામતું નથી. આવાં લક્ષણોવાળી મારી ઉપાસનારૂપ ભક્તિ સર્વથી શ્રેષ્ઠ છે. ।।૨।।

एतादृशमुपासनमकुर्वन्तो जनाः संसरन्तीत्याह – अश्रद्दधाना इति ।

अश्रद्दधानाः पुरुषा धर्मस्यास्य परन्तप ! ।।
अप्राप्य मां निवर्तन्ते मृत्युसंसारवर्त्मनि ।।३।।

हे परन्तप! अस्य – भक्तिरूपस्य, धर्मस्य – परमकल्याणमूर्तेः मम लब्धिसाधनस्य, अश्रद्दधानाः – तद्ग्रहणयोग्यां तनुं लब्ध्वापि ये श्रद्धाहीनास्ते, पुरुषाः। ननु धर्मस्येत्यत्र कृद्योगे कर्मणि षष्ठी दुर्लभा, 'न लोकाव्यय...' इति निषेधादिति चेत्तत्राह — माषाणामश्नीयादितिवत् कर्मादीनामपि सम्बन्धमात्रविवक्षायां षष्ठी स्यादेव। माम् – वासुदेवम्, अप्राप्य – अलब्ध्वा, मृत्युसंसारवर्त्मनि निवर्तन्ते – मृत्युग्रस्तसंसाराटव्यां बम्भ्रम्यन्ते इत्यर्थः ।।३।।

હે પરંતપ ! પરમ કલ્યાણમૂર્તિ એવા મને પમાડવાનું સાક્ષાત્ સાધન એવી આ ભક્તિરૂપ એકાંતિકધર્મમાં જે શ્રદ્ધા વિનાના જીવો છે; એટલે કે, **મારી ભક્તિ કરી શકાય એવો મનુષ્યદેહ મળવા છતાં પણ જે એમાં શ્રદ્ધા રહિત છે, તે પુરુષ મને વાસુદેવને પામતા નથી અને કાળના કોળિયારૂપ આ સંસારરૂપી જંગલમાં વારંવાર ભટક્યા જ કરે છે.** ।।૩।।

स्वमाहात्म्यज्ञानं वदति सप्तभिः — मयेति।

मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना ।।
मत्स्थानि सर्वभूतानि न चाहं तेष्ववस्थितः ।।४।।

अव्यक्तमूर्तिना — अव्यक्ता – इन्द्रियागोचरा मूर्तिर्यस्य तेन, मया – अन्तर्यामिस्वरूपेण, सर्वमिदं जगत् – क्षराक्षरशब्दवाच्यं, ततम् – तस्य धारणनियमनार्थं अन्तर्यामिशक्त्या व्याप्तमित्यर्थः।

तथा श्रुतिप्रमाणम् – "यः पृथिव्यां तिष्ठन् पृथिव्या अन्तरो यं पृथिवी न वेद"(बृह.३/७/३) "योऽक्षरे तिष्ठन्नक्षरमन्तरो यमक्षरं न वेद" "अन्तः प्रविष्टः शास्ता जनानाम्"(तैत्ति.आ.३/११) "य आत्मनि तिष्ठन्नात्मनोऽन्तरो यम् आत्मा न वेद" इति। "यः सर्वेषु भूतेषु तिष्ठन्

सर्वेभ्यो भूतेभ्योऽन्तरो यं सर्वाणि भूतानि न विदुः"(बृह.३/७/१५) इत्यादि अन्तर्यामिब्राह्मणादिश्रुतिभिः चिदचिद्वस्तुवृन्दैः अदृष्टोऽन्तर्यामी तत्र तत्र व्याप्त इत्युक्तम्।

अतः सर्वभूतानि – क्षराक्षराणि समग्राणि भूतानि, मत्स्थानि – मयि सर्वान्तर्यामिणि शरीरत्वेन स्थितानि। तथा चोक्तं श्रुतिषु – "यस्य सर्वाणि भूतानि शरीरं यः सर्वाणि भूतान्यन्तरो यमयति एष त आत्मा अन्तर्याम्यमृतः"(बृह.३/७/१५) इति। "यस्याक्षरं शरीरं योऽक्षरमन्तरो यमयति" "यस्य पृथिवी शरीरं यः पृथिवीमन्तरो यमयति"(बृह.३/७/३) "यस्यात्मा शरीरं य आत्मानम् अन्तरो यमयति" इत्यादिषु शरीरत्वकथनेन नियन्तृत्वप्रतिपादनात् तदधीने स्थितिनियमने निगदिते। इति परमात्मनो-ऽन्वयत्वं चोक्तम्।

अहं च – सर्वोत्कृष्टः पुरुषोत्तमः, तेषु – चिदचिद्वृन्देषु, नावस्थितः – स्वयं न स्थितः, किन्तु अन्वयरूपान्तर्यामिशक्त्या व्याप्तः। अतः शरीरा-धीनजीववन्मच्छरीरभूतक्षराक्षराधीनोऽहं न भवामि। जीवानां च शरीरैः यथोपकारः तथा मम शरीरभूतैस्तैर्न कश्चिदुपकार इति भावः ॥४॥

હે અર્જુન ! આ ભક્તિમાં અતિ ઉપયોગી એવો મારો મહિમા હવે હું તને વિસ્તારથી સમજાવું છું : ઇન્દ્રિયોથી ન દેખાય એવી મૂર્તિવાળા મારા અંતર્યામી સ્વરૂપથી ક્ષર તથા અક્ષર શબ્દથી કહેવાતું આ આખું જગત વ્યાપ્ત-પરિપૂર્ણ છે. એટલે કે, ક્ષર તથા અક્ષર એ સર્વનું ધારણ તથા નિયમન કરવા માટે મારી અંતર્યામી શક્તિથી હું તેમાં અદૃષ્ટરૂપે રહ્યો છું. તે કોઈ મને જોઈ શકતા નથી, પણ હું તે સર્વમાં વ્યાપીને રહ્યો છું. તેથી ક્ષર-અક્ષર ભૂતપ્રાણીમાત્ર સર્વાંતર્યામી એવા મારામાં શરીરપણે રહ્યા છે. **તેઓ મારું શરીર હોવાથી હું તે સર્વનો નિયંતા છું. વળી, તેમનું હોવું તથા કાંઈ પણ કરવું-ન કરવું તે મારે જ આધીન છે.**

અર્થાત્ હું તેમને જે અવસ્થામાં રાખું તેમાં તે રહે છે અને હું તેનાં જ્ઞાન, ઈચ્છા અને ક્રિયાને જેમ પ્રકાશી આપું તેટલાં જ તેનાથી જ્ઞાન, ઈચ્છા કે ક્રિયા થઈ શકે છે.

વળી, સર્વોપરી પુરુષોત્તમ એવો હું ચિદ્-અચિદ્‌ના સમૂહોમાં પોતે જ નથી રહ્યો, પરંતુ **મારી અન્વયરૂપ અંતર્યામી શક્તિથી રહ્યો છું.** તેથી જ શરીરને આધીન જીવની જેમ હું મારા શરીરભૂત એવા ક્ષર-અક્ષર તત્ત્વોને આધીન નથી. જીવાત્માઓને તેમના શરીરોથી જેમ ઉપકાર-મદદ હોય છે; તેમ મારા શરીરભૂત એવા તે ક્ષર-અક્ષરથી મારે કોઈ જ ઉપકાર નથી. ॥૪॥

प्रकारान्तरेण तदेवाह – न चेति ।

न च मत्स्थानि भूतानि पश्य मे योगमैश्वरम् ॥
भूतभृन्न च भूतस्थो ममात्मा भूतभावनः ॥५॥

निपातानामनेकार्थत्वात् चशब्दः पूर्वोक्ताद्वैलक्षण्यं द्योतयति। भूतानि – चिदचिद्वृन्दानि, न मत्स्थानि – कुम्भादिषु सलिलादीनि यथा स्थितानि तद्वन्मयि न स्थितानि, किन्तु मे – मम, ऐश्वरम् – ईश्वरस्य – समर्थस्य अयमैश्वरस्तं, योगम् – युक्तिम् – योगकलां, योगैश्वर्यमिति यावत् । त्वं हे अर्जुन ! पश्य – पर्यालोचय ।

कोऽसौ योग इति चेत्तत्राह – मम – वसुदेवनन्दनस्य पुरुषोत्तमस्य, आत्मा – मनोभूतः सङ्कल्पः, भूतभावनः – भूतानि – चेतनाचेतनवृन्दानि सर्वाणि भावयति – पालयतीति तथाभूतः, भूतभृत् – भूतानि बिभर्ति – धारयतीति तथाभूतः, मम सङ्कल्पेनैव भूतानां पालनं धारणं च भवति इत्यर्थः । अतो न च भूतस्थः – अहं न भूतेषु स्थितोऽस्मि, किन्त्वन्तर्यामि–

शक्त्यैव। अत्र चशब्दः पादपूर्त्तौ 'च पादपूरणे पक्षान्तरे हेतौ विनिश्चये' इति त्रिकाण्डशेषात्। अतस्तैर्भूतैर्ममोपकारो नास्तीत्यर्थः ।।५।।

હે અર્જુન ! જડ-ચેતનરૂપ આ સમગ્ર જગત મારામાં નથી રહ્યું. એટલે કે, જેમ કળશમાં પાણી હોય છે, તેમ જડચિદ્ ભૂતપ્રાણીમાત્ર મારી મૂર્તિમાં નથી રહ્યાં. પરંતુ તે માટે તું મારી સામર્થીરૂપ યોગકળા સામે જો. અર્થાત્ તું સારી રીતે વિચાર, એટલે તને સમજાશે કે, મારા યોગૈશ્વર્યથી જ આ બધું ધરાઈ રહ્યું છે.

મારી યોગકળા એટલે શું ? તો, વસુદેવપુત્ર પુરુષોત્તમનો-મારો સંકલ્પ, જડ-ચેતન સર્વ ભૂતપ્રાણીમાત્રને પોષણ કરે છે અને ધારણ કરે છે. એટલે કે, મારા સંકલ્પમાત્રથી જ સર્વેનું પોષણ અને ધારણ થાય છે. આવું જે મારું ઐશ્વર્ય એ જ મારી યોગકળા છે. અને એટલે જ હું પોતે મૂર્તિમાન તે સર્વે પદાર્થોમાં નથી રહ્યો. પરંતુ અંતર્યામી શક્તિથી જ સર્વેમાં રહ્યો છું. તેથી તે કોઈનો મારા પર કોઈ જ ઉપકાર નથી. ।।૫।।

भूतधारणे दृष्टान्तमाह — यथेति ।

यथाकाशस्थितो नित्यं वायुः सर्वत्रगो महान् ।।
तथा सर्वाणि भूतानि मत्स्थानीत्युपधारय ।।६।।

सर्वत्र गच्छतीति सर्वत्रगः, महान् वायुः – सदा चलनस्वभावोऽनिलः, नित्यम् – सदा, यथा आकाशस्थितः — निराधारे वातेनाऽसंश्लिष्टे आकाशे – खे स्थितः, निराधारोऽवस्थितः। मदधीनत्वात् मत्सङ्कल्पेनैव धृत इत्यर्थः। तथा सर्वाणि भूतानि मत्स्थानि भवन्ति, तैरसंश्लिष्टे निराधारे मयि स्थितानि मत्सङ्कल्पशक्त्यैव भृतानीत्युपधारय – जानीहि। एतत् मम अनन्यसाधारणं योगैश्वर्यं ज्ञातव्यमितिभावः। यथाहुः वेदविदः – "मेघोदयः सागरसन्निवृत्तिरिन्दोर्विभागः स्फुरणानि वायोः। विद्युद्विहङ्गा

गतयश्च रश्मेर्विष्णोर्विचित्राः प्रभवन्ति मायाः" इति विष्णोरनन्यसाधारणानि सर्वैश्वर्याणीत्यर्थः ।।६।।

સર્વત્ર ગતિ કરતા રહેવાના સ્વભાવવાળો મહાન વાયુ, હંમેશાં જેમ આકાશમાં રહ્યો છે. તેમ જડ-ચેતન સર્વ ભૂતપ્રાણીમાત્ર સદા મારે વિશે રહ્યાં છે. એટલે કે, કોઈના પણ આધાર રહિત એવા આકાશમાં જેમ આકાશને સ્પર્શ્યા વિના જ વાયુ રહે છે, તેમ તે ભૂતપ્રાણીમાત્ર તેના કોઈ પણ દોષના સ્પર્શ વિના જ બીજાના આધાર રહિત એવા મારામાં રહ્યા છે. અર્થાત્ **તે સર્વે મારે આધીન હોવાથી મારી સંકલ્પશક્તિથી જ ધારણ કરાયેલા છે; એમ તું જાણ. બીજા કોઈમાં ન હોય તેવું આ મારું અસાધારણ સામર્થ્ય છે.** અરે..! આ એક જ નહિ, આવાં તો મારામાં અનંત આશ્ચર્યકારી ઐશ્વર્યો છે. જેમ કે, આકાશમાં અચાનક વાદળો ઉદિત થાય છે તથા મેઘ વરસે છે. તેમાં જોરદાર વીજળીના ઝબકારા તથા ગાજ-વીજ થાય છે. સાગર તેની મર્યાદામાં જ રહે છે. વાયુ સર્વત્ર વહ્યા જ કરે છે. સૂર્ય-ચંદ્રની ગતિ નિયમિત ચાલે છે. ચંદ્રની કળા વધે-ઘટે છે. ॥૬॥

त्रिभिः श्लोकैः सर्वेषां धारणं पोषणं नियमनं प्रवर्तनं च भगवत्सङ्कल्पेनैव भवतीत्युक्त्वेदानीं तत्सङ्कल्पादेव तेषामुद्भवनाशावपि भवत इत्याह श्लोकद्वयेन – सर्वेति ।

सर्वभूतानि कौन्तेय ! प्रकृतिं यान्ति मामिकाम् ।।
कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ।।७।।

हे कौन्तेय ! कल्पक्षये – प्रलयकाले सति, सर्वभूतानि – प्रधानपुरुषादिसमग्रप्राण्यप्राणिवृन्दानि, महाभूतैः सह मामिकाम् – मदीयां, प्रकृतिम् – तमःसंज्ञिकां महामायां, यान्ति – मत्सङ्कल्पेन तस्यां लीनीभवन्ति इत्यर्थः । कल्पादौ – सृष्टिकाले, पुनः – भूयः, तानि अहम् – सर्वज्ञः सर्वशक्तिरीश्वरः विसृजामि ।

प्रकृतौ भूतलये प्रमाणानि – तथा मनुवचनम् – "आसीदिदं तमोभूतम्"(मनु.१/५) "सोऽभिध्याय शरीरात् स्वात्"(मनु.१/८) इति च। तथा च श्रुती – "अव्यक्तमक्षरे लीयते। अक्षरं तमसि लीयते। तमः परे देवे एकीभवति"(सुबालो.२) इति। "तम आसीत्तमसा गूढमग्रे प्रकेतम्"(तै.ब्रा.८/७४) इति। "अहङ्कारो महत्तत्त्वे त्रिविधोऽपि प्रलीयते। तत्प्रधाने च तत् पुंसि स मूलप्रकृतौ ततः"(वा.मा.२५/५७) इति स्कान्दे च, अत्र प्राकृतप्रलय उक्तः ।।७।।

હે કુંતીપુત્ર ! તમામ કલ્પોનો નાશ થતાં જ્યારે આ બ્રહ્માંડનો પ્રાકૃત પ્રલયકાળ આવે છે, ત્યારે સર્વ પદાર્થો મારી પ્રકૃતિમાં-મહામાયામાં લીન થઈ જાય છે. **પ્રાકૃતપ્રલયમાં શું શું લીન થઈ જાય છે ?** તો, આ બ્રહ્માંડમાં રહેલ સમગ્ર પ્રાણધારીઓ, પ્રાણ રહિત સર્વે જડ પદાર્થો, તેનાં કારણ એવા મહાભૂતો, વિરાટપુરુષ અને પ્રધાનપુરુષ સુધીના સર્વે ઈશ્વરો. આ બધા જ મારા સંકલ્પથી અંધકારમય મૂળમાયામાં લીન થઈ જાય છે. પછી જ્યારે જગતને સર્જવાનો સમય થાય છે, ત્યારે ફરીથી તે સમગ્ર જડ-ચેતન વસ્તુમાત્રને સર્વજ્ઞ, સર્વશક્તિમાન, સર્વેશ્વર એવો હું વિવિધ પ્રકારે સર્જું છું. ।।૭।।

प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः ।।
भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात् ।।८।।

प्रकृतिमिति। स्वाम् – आत्मीयां, लोहितशुक्लकृष्णस्वभावतया प्रादुर्भाविनीं प्रकृतिम् – मायाम्, अक्षरपुरुषात्मना अवष्टभ्य – अष्टप्रकारेण विभज्य, इमम् — प्रलये लीनम् – प्रकृतौ कारणशरीरत्वेन स्थितं, प्रकृतेः – मूलमायायाः, वशात् – अधीनत्वाद्धेतोः, अवशम् – परतन्त्रं, कृत्स्नम् – समग्रं, भूतग्रामम् – प्रधानपुरुषादिजन्तुसमूहं, पुनः पुनः – असकृत् सृष्टिकाले विसृजामि। तथा चोक्तं स्कान्दे – "तां कालशक्तिमादाय वासुदेवोऽक्षरात्मना। सिसृक्षयैक्षत यदा सा चुक्षोभ तदैव हि।। तस्याः

प्रधानपुरुषकोटयो जज्ञिरे मुने!। युज्यन्ते स्म प्रधानैस्ते पुरुषाश्चेच्छया प्रभोः "(वा.मा.२४/५-६) इति ।।८।।

આ રીતે મૂળમાયામાં પરવશપણે લીન રહેલા, પ્રધાનપુરુષથી લઈને નાનામાં નાના જીવ સુધીના આ તમામ ભૂતોને હું વારંવાર સર્જું છું. અર્થાત્ બ્રહ્માંડોના આવા પ્રાકૃતપ્રલયો અનંત વાર થાય છે અને ફરી ફરી હું તેને ઉપજાવું છું.

અનંત બ્રહ્માંડોને હું કેવી રીતે ઉપજાવું છું ? તો, સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણરૂપી સ્વભાવની સાથે પ્રગટ થનારી મારી મૂળમાયાને અક્ષરપુરુષરૂપે રહીને હું આઠ પ્રકારે વિભાજિત કરું છું. પછી તેના વડે કારણશરીરે સહિત માયામાં પરતંત્રપણે રહેલા તમામ ચેતનોના દેહ, દેહના ભોગ, ભોગના ઉપકરણ તથા સ્થાનો વગેરે પદાર્થોનું હું દર વખતે નિર્માણ કરી આપું છું. આ રીતે પ્રધાનપુરુષથી લઈને નાનામાં નાના જીવ સુધીનાં તમામ ભૂતોને હું વારંવાર સર્જું છું. ॥૮॥

नन्वेवं कमनीयाकमनीयभावेन जन्तुविषमसर्गादीनि कर्माणि कुर्वतस्तव निर्दयत्वाद्बन्धो भवेदिति चेत्तत्राह – न चेति ।

न च मां तानि कर्माणि निबध्नन्ति धनञ्जय ! ।।
उदासीनवदासीनमसक्तं तेषु कर्मसु ।।९।।

हे धनञ्जय ! तानि - जन्तुविषमसर्गादीनि कर्माणि माम् - कमनीयाकमनीयप्राणिसर्गोत्पादकं परमेश्वरं, न निबध्नन्ति च - मयि निर्दयत्वादिसम्पादनेन बन्धनं न कुर्वन्तीत्यर्थः । कुतः ? तेषु – विषमसर्गादिषु, कर्मसु असक्तम् – आसक्तिरहितं, विषमसृष्टिकृतौ उदासीनवत् आसीनम् – अवस्थितम् । अतो वैषम्येऽहं न हेतुः, किन्तु क्षेत्रज्ञानां कमनीयाकमनीय-देहोत्पादने पूर्वकृतानि स्वकर्माण्येव कारणानीत्यर्थः। तथा सूत्रकारो

वदति - "वैषम्यनैर्घृण्ये न सापेक्षत्वात्तथा हि दर्शयति"(ब्र.सू.२/१/३४) इति। "न कर्माविभागाच्चेन्नानादित्वात् उपपद्यते चाप्युपलभ्यते च"(ब्र.सू. २/१/३५) इति ।।९।।

હે ધનંજય ! મેં આ જગત સર્જ્યું તેમાં દેવ, મનુષ્ય, રાજા, રંક, પશુ, પંખી વગેરે અનેક પ્રકારના ઊંચ-નીચ દેહો તથા તેના સારા-ભૂંડા ભોગો વગેરેમાં વિવિધ પ્રકારના ભેદભાવ કરવામાં આવ્યા છે. પરંતુ ઊંચ-નીચના ભેદભાવવાળાં તે કર્મો, તેના ઉત્પાદક એવા મને બંધન નથી કરતાં. એટલે કે, તે કર્મોને કારણે મારામાં નિર્દયતા કે પક્ષપાત જેવા દોષો આવી જતા નથી. કારણ કે, **વિષમ સૃષ્ટિ કરી, સહુને ઓછા-વધુ સુખ-સગવડ આપી એ સર્વે કર્મોમાં હું સંપૂર્ણ આસક્તિ રહિત-નિર્લેપ છું. તથા ત્રાહિત વ્યક્તિની જેમ તટસ્થ જ રહું છું.** તેથી તે વિષમતાનું કારણ હું નથી. પરંતુ **જીવોને સારા-નરસા દેહ ઉપજાવવામાં પૂર્વજન્મને વિશે તેમણે કરેલાં શુભાશુભ કર્મો જ કારણ છે. હું તો જીવોના તે તે કર્માનુસારે ફક્ત તેમને ફળ અર્પું છું.** ॥૯॥

तदेव वदति – मयेति ।

मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।।
हेतुनानेन कौन्तेय ! जगद्विपरिवर्तते ।।१०।।

हे कौन्तेय! मया - कर्त्रा, अध्यक्षेण - प्रकृत्यधिष्ठात्रा पुरुषेण करणेन, क्षेत्रज्ञकर्मानुगुणं दृष्टा प्रकृतिः - मदीया माया, सचराचरम् - समीचीनासमीचीनलिङ्गसहितं विश्वं, सूयते - जनयति। अनेन - क्षेत्रज्ञानां यथाकर्म मत्प्रेरितपुरुषेक्षणेन हेतुना, जगत् - चराचरं विश्वं, विपरिवर्तते - कमनीयाकमनीयविषमभावेन वर्तते। अतो मयि निर्दयत्वादिदोषरहितत्वम् अस्ति। एवं वसुदेवनन्दनस्य ममासाधारणं माहात्म्यं ज्ञातव्यमितिभावः।

तथा श्रुतिस्मृतयः – "अस्मान्मायी सृजते विश्वमेतत्तस्मिंश्चान्यो मायया संनिरुद्धः"(श्वेता.४/९) "हन्ताहमिमास्तिस्रो देवता अनेन जीवेनात्मना अनुप्रविश्य नामरूपे व्याकरवाणि"(छान्दो.६/३/२) इति । "पुरुषेणात्मभूतेन वीर्यमाधत्त वीर्यवान्"(भाग.३/५/२६) "मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम्"(श्वेता.४/१०) इति ।।१०।।

હે કૌન્તેય ! મેં મહામાયાના સ્વામી એવા મહાપુરુષ દ્વારા જીવોનાં કર્માનુસારે પ્રેરેલી એવી મારી માયા સ્થાવર-જંગમરૂપ વિવિધ પ્રકારના જગતને પેદા કરે છે. આ રીતે મેં જીવોનાં કર્માનુસારે જ પુરુષ દ્વારા માયાને પ્રવર્તાવી હોવાને કારણે આ જગત સારા-ભૂંડા દેહાદિક વિષમ ભાવથી પ્રવર્તી રહ્યું છે. અર્થાત્ હું મહાપુરુષ દ્વારા માયામાંથી જીવોના પૂર્વકર્મ પ્રમાણે જ તેમને માયિક દેહો અને માયિક વિષયો વગેરે પ્રદાન કરું છું. તેથી નિર્દયતા, પક્ષપાત વગેરે કોઈ જ દોષો મને ક્યારેય લાગું પડતા નથી. આવું વસુદેવનંદન એવા મારું અસાધારણ માહાત્મ્ય છે; એમ તું જાણ. ॥૧૦॥

ईदृशमहिमानं त्वां जनाः कुतो न जानन्ति ? इत्याशङ्कायामाह द्वाभ्याम् – अवजानन्तीति ।

अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ॥
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ।।११।।

भूतमहेश्वरम् — भूतानाम् – चिदचिद्वृन्दानां महान्तमीश्वरं सर्वभूतैक-नियन्तारं समग्रविश्वैकहेतुमिति यावत् । मानुषीं तनुमाश्रितम् – सर्वजनमोक्षाय तदुपरि परमकृपया मनुष्यसमानतया प्रतीयमानं व्यवहरन्तं च । माम् – पुरुषोत्तमं, मूढाः – मनुष्यसमानवर्तनदर्शनेन प्राप्तमोहा जनाः, अत एवोक्त-लक्षणं मम परम् – सर्वोत्कृष्टं, भावम् – सर्वज्ञत्वसत्यसङ्कल्पत्वादि-

स्वभावम्, अजानन्तः - अबुध्यमानाः सन्तः, अवजानन्ति - प्राकृत-मनुष्यसदृशं ज्ञात्वा अनादरं कुर्वन्ति निन्दन्ति वेत्यर्थः ।।११।।

❋ પ્રભુને નહિ પારખી શકવાનું કારણ :

હે અર્જુન ! **આ રીતે જડચેતનરૂપ સર્વ ભૂતપ્રાણીમાત્રનું સર્જન, ધારણ, પોષણ, નિયમન, તેની તેની ક્રિયામાં પ્રવર્તન અને છેલ્લે સર્વનો સંહાર વગેરે સર્વે કાર્યો મારા સંકલ્પથી જ થાય છે. વળી, આ બધું કરવા છતાં હું સદા નિર્લેપ અને નિર્દોષ જ રહું છું.** આવો મારો અદ્વિતીય મહિમા છે. પરંતુ **બધા જ મને એવો મહિમાવાન કેમ નથી જાણતા ?** તો, હું ભૂત-પ્રાણીમાત્રનો એક સર્વોપરી નિયંતા અને સર્વનું કારણ હોવા છતાં અનેક જીવોના મોક્ષ માટે તેમની ઉપર પરમ કૃપાને કારણે મનુષ્યની જેવો દેખાવ છું. વળી, મનુષ્ય જેવો જ વ્યવહાર કરું છું. મારા આ મનુષ્યચરિત્રને દેખીને મોહ પામી ગયેલા મૂઢ લોકો સર્વજ્ઞપણું, સત્યસંકલ્પપણું વગેરે મારા સર્વોપરી પ્રતાપને નહીં જાણતા હોવાથી મારી અવજ્ઞા કરે છે. એટલે કે, બીજા પ્રાકૃત મનુષ્ય જેવો મને જાણીને મારો તિરસ્કાર કરે છે અથવા મારી નિંદા કરે છે. ॥૧૧॥

पुनरनादरे हेत्वन्तरमाह – मोघाशा इति ।

मोघाशा मोघकर्माणो मोघज्ञाना विचेतसः ॥
राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः ।।१२।।

राक्षसीम् - हिंसाबहुलां तामसीम्, आसुरीम् - आसुरसम्पद्रूपां मयि वैराद्युत्पादिकाञ्च, मोहिनीम् - मयि दोषारोपेण विपरीतज्ञानकर्त्रीं च, प्रकृतिम् - एवम्भूतं स्वभावं, श्रिताः - प्राप्ताः सन्तः, माम् अवजानन्तीति पूर्वेणाऽन्वययोजना ।

मयि अनादरयुक्तानां तेषां सर्वं मिथ्या भवतीत्याह – ते कथं

भूताः ? मोघाशाः — मोघा – निष्फलैव, आशा – वाञ्छितं येषां ते, मोघकर्माणः — मद्विमुखत्वात् मोघानि – व्यर्थानि, कर्माणि – शुभकर्माण्यपि येषां ते। मोघज्ञानाः — मोघम् – शास्त्रेषु कुतर्कयुक्तं विपरीतं ज्ञानं येषां ते। अत एव विचेतसः – ब्रह्मपरब्रह्मणोर्ज्ञाने विक्षिप्तचित्ताः ।।१२।।

વળી, મારા મહિમાને નહિ જાણનારા તે જનો, હિંસાપ્રધાન એવી તમોગુણી પ્રકૃતિને, મારામાં વેર કરાવનારી આસુરી સંપત્તિને અથવા તો મારે વિશે દોષારોપણ વડે વિપરીત જ્ઞાન કરાવનારી એવી મોહિની પ્રકૃતિને-સ્વભાવને પામી ગયા છે. તેથી મારી અવગણના કે નિંદા કરે છે. મારો અનાદર કરનારા તે વિમુખ લોકોનું બધું જ નકામું જાય છે. જેમ કે, તેમની બધી જ આશા-ઈચ્છાઓ નિષ્ફળ જ રહે છે. તેમનાં સર્વે શુભ કર્મો પણ વ્યર્થ જ જાય છે. તેવા વિમુખ મનુષ્યો સત્‌શાસ્ત્રોમાં પણ કુતર્કયુક્ત વિપરીત બુદ્ધિવાળા હોય છે. અને એટલે જ બ્રહ્મ અને પરબ્રહ્મ સંબંધી જ્ઞાનમાં તેમનું અંતઃકરણ વિક્ષેપવાળું જ રહે છે. ॥૧૨॥

ते तु तवावज्ञां कुर्वन्ति तर्हि के त्वां भजन्ति ? तत्राह – महात्मान इति ।

महात्मानस्तु मां पार्थ ! दैवीं प्रकृतिमाश्रिताः ।।
भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ।।१३।।

हे पार्थ ! दैवीम् — देवानाम् – शुद्धसात्त्विकानां पुरुषाणामियं दैवी तां, प्रकृतिम् – स्वभावम्, आश्रिता ये महात्मानः – विस्तीर्णागाधमनसः, ते तु भूतादिम् – सर्वभूतकारणम्, अव्ययम् – अविनाशिनं, माम् – परमदयालुतया साधुरक्षणार्थं वसुदेवगृहेऽवतीर्णं भगवन्तं, ज्ञात्वा अनन्य–मनसः – नास्ति मत्तोऽन्यस्मिन् मनो येषां तथाभूताः सन्तः, भजन्ति – सेवन्ते, मद्भजनेन विना स्थातुमशक्या इत्यर्थः ।।१३।।

✵ ભગવાનને ભજવાની ભાત-ભાતની રીત :

હે પાર્થ ! શુદ્ધ સત્ત્વગુણી દૈવી પ્રકૃતિને આશરેલા જે વિશાળ અને અગાધ મનવાળા સંત-મહાત્માઓ છે, તેઓ તો મને સર્વ ભૂતપ્રાણીમાત્રનું કારણ, અવિનાશી અને પરમ દયાએ કરીને સાધુજનનું રક્ષણ કરવા વસુદેવના ઘરે પ્રગટેલ પ્રત્યક્ષ ભગવાન જાણીને, **મને અતિ હેતથી ભજે છે; પણ મારા સિવાય બીજી કોઈ વ્યક્તિ કે વસ્તુમાં ભૂલે પણ મનને જવા દેતા નથી. અર્થાત્ મારા ભજન-સ્મરણ સિવાય એક ક્ષણ પણ રહી શકતા નથી.** ॥૧૩॥

पुनरपि तानेवाह – सततमिति ।

सततं कीर्तयन्तो मां यतन्तश्च दृढव्रताः ॥
नमस्यन्तश्च मां भक्त्या नित्ययुक्ता उपासते ॥१४॥

दृढव्रताः – दृढानि – निश्चलानि व्रतानि – नियमा येषान्ते, अत एव यतन्तश्च – इन्द्रियजये यत्नं कुर्वाणाः सन्तः, माम् – पुरुषोत्तमं, सततम् – अजस्रं, कीर्तयन्तः – स्तोत्रादिभिर्गायन्तः, नमस्यन्तः – नमस्कारं कुर्वन्तश्च, नित्ययुक्ताः – नित्यम् – निरन्तरमेतल्लक्षणैः सहिताः सन्तः, भक्त्या – माहात्म्यज्ञानपूर्वकप्रेम्णा, माम् – देवकीनन्दनं भगवन्तं पुरुषोत्तमम्, उपासते – सेवन्ते । मदुदितधर्मैर्मत्कीर्तनादिनवविधभक्त्या च विना क्षणमात्रं देहे स्थातुमशक्या इत्यर्थः ॥१४॥

એવા જે મારા સંત-મહાત્માઓ છે તેઓ પોતાના ધર્મ-નિયમોમાં અતિ દઢપણે વર્તતા હોય છે. વળી, પોતાનાં ઈન્દ્રિયોને જીતવા માટે અતિ દાખડો કરતા હોય છે. એવી રીતે વર્તતા થકા સતત મારાં કથા-કીર્તન અને સ્તોત્રાદિક વડે મારા ગુણગાન કરતા રહે છે. મને નમસ્કાર કરતા રહે છે. આવા બધા ઉપાયો દ્વારા નિરંતર મારી સાથે જ જોડાયેલા રહેતા થકા માહાત્મ્ય જ્ઞાનેયુક્ત પ્રેમથી દેવકીનંદન ભગવાન પુરુષોત્તમ એવા

મને ઉપાસે છે. અર્થાત્ **એવા મારા વહાલા સંતો મેં કહેલા ભાગવતધર્મો તથા કીર્તન વગેરે નવધા ભક્તિ વિના ક્ષણમાત્ર પણ દેહમાં રહેવા સમર્થ હોતા નથી.** ॥૧૪॥

'सर्वं खल्विदं ब्रह्म तज्जलान्'(छान्दो.३/१४/१) *'इदं हि विश्वं भगवानिवेतरो यतो जगत्स्थाननिरोधसम्भवाः'*(भाग.१/५/२०) *इत्यादिश्रुति-स्मृतिभिरुक्तं स्वस्य सर्वात्मकत्वं निरूपयन्नाह – ज्ञानेति ।*

ज्ञानयज्ञेन चाप्यन्ये यजन्तो मामुपासते ॥
एकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतोमुखम् ॥१५॥

अन्येज्ञानिभक्ताःज्ञानयज्ञेनज्ञानंचिदचिद्वस्तुषुहरे
रन्वयव्यतिरेकत्ववेदनंतदेवयज्ञस्तेनअपिशब्दात्पूर्वोक्तैःकीर्तना
दिभिश्चयजंतःअभ्यसंतःसंतःमांच।योऽक्षरेतिष्ठन्यआत्मनि
तिष्ठन्यःसर्वभूतेषुतिष्ठन्यःपृथिव्यांतिष्ठन्नित्यादिश्रुतिभिश्चिदचि
द्वस्तुषुअंतर्यामिरूपयाचिच्छक्त्याव्याप्तमित्युक्तं।तेभ्योदिव्यमूर्त्यास्वधा
म्निपृथक्स्थितंवसुदेवपुत्रमेवोपासतेसेवंते।

अन्ये – ज्ञानिभक्ताः, ज्ञानयज्ञेन – ज्ञानम् – चिदचिद्वस्तुषु हरेः अन्वयव्यतिरेकत्ववेदनं तदेव यज्ञस्तेन, अपिशब्दात् पूर्वोक्तैः कीर्तनादिभिः च यजन्तः – अभ्यसन्तः सन्तः, मां च – "योऽक्षरे तिष्ठन्" "य आत्मनि तिष्ठन्" "यः सर्वभूतेषु तिष्ठन्"(बृह.३/७/१५) "यः पृथिव्यां तिष्ठन्"(बृह.३/७/३) इत्यादिश्रुतिभिः चिदचिद्वस्तुषु अन्तर्यामिरूपया चिच्छक्त्या व्याप्तम् इत्युक्तं, तेभ्यो दिव्यमूर्त्या स्वधाम्नि पृथक्स्थितं वसुदेवपुत्रमेवोपासते – सेवन्ते, चकारोऽवधारणे । 'चान्वाचये समाहारे अन्योऽन्यार्थे समुच्चये पक्षान्तरे तथा पादपूरणेऽप्यवधारणे' इति रुद्रः ।

पुनस्तमेव विशिनष्टि — पृथक्त्वेन – पृथक्पृथक्स्थितैर्मच्छरीरभूतैः स्थावरजङ्गमभावैर्बहुधा स्थितं, विश्वतोमुखम् — विश्वतः – सर्वतो मुखं यस्य तं, सर्वत्र पश्यन्तमित्यर्थः, माम् एकत्वेनोपासते । एकत्वं नाम किम् ? "भगवान् वासुदेव एव नामरूपविभागानर्हातिसूक्ष्मचिदचिद्वस्तुशरीरः सन्, सत्यसङ्कल्पो 'विविधविभक्तनामरूपस्थूलचिदचिद्वस्तुशरीरः स्याम्' इति सङ्कल्प्य स एक एव देवतिर्यङ्मनुष्यस्थावराख्यविचित्रजगत्शरीरोऽवतिष्ठत इत्यनुसन्धानाश्च (मामुपासते) "(रा.गी.भा.९/१५) इति रामानुजाचार्यचरणैर्गदितम् ।।१५।।

વળી, અમુક મારા જ્ઞાની ભક્તો છે, તે નવધાભક્તિ ઉપરાંત જ્ઞાનયજ્ઞ વડે પણ મને પામવાનો અભ્યાસ કરતા થકા મને વસુદેવપુત્રને ઉપાસે છે.

જ્ઞાનયજ્ઞ એટલે શું ? તો, જડ-ચેતન વસ્તુમાત્રમાં હું શ્રીહરિ જે રીતે અન્વયપણે તથા વ્યતિરેકપણે રહ્યો છું, તેને યથાર્થ જાણવું, તે જ્ઞાનયજ્ઞ કહેવાય. તે જ્ઞાનયજ્ઞનો અભ્યાસ કરતા થકા મને ભજે છે. અર્થાત્ "य आत्मनि तिष्ठन्" "यः सर्वभूतेषु तिष्ठन्" "योऽक्षरे तिष्ठन्" આવી ઘણીક શ્રુતિઓમાં કહ્યું છે કે, શ્રીહરિ ચિદ્-અચિદ્ વસ્તુમાત્રમાં અંતર્યામીરૂપી ચિત્શક્તિથી વ્યાપીને રહ્યા છે અને તે સર્વ તત્ત્વો થકી જુદા પોતાના ધામમાં દિવ્યમૂર્તિમાન સ્વરૂપે બિરાજમાન છે. આ રીતે મને અન્વય-વ્યતિરેકપણે સંભારવાનો અભ્યાસ કરતા થકા તે જ્ઞાની ભક્તો મને સેવે છે.

અન્વયપણે ધારવાનો અભ્યાસ કેવી રીતે કરવો ? તો, પૃથક્પૃથક્પણે રહેલા મારા શરીરભૂત સ્થાવર-જંગમ અનેક પદાર્થો દ્વારા હું અનેકરૂપે રહ્યો છું. તે તે રૂપે મારું સર્વત્ર મુખ છે. એટલે કે, **સર્વત્ર હું બધું જ જોઈ રહ્યો છું; એમ માનીને મને એકપણે ઉપાસવો તે અન્વયપણે અભ્યાસ કર્યો કહેવાય.**

એકપણે પ્રભુને ઉપાસવા એટલે શું ? તો, આત્યંતિક પ્રલય વખતે પણ ભગવાન વાસુદેવ જ જેનાં નામ અને રૂપનો વિભાગ ન થઈ શકે એવા અતિ સૂક્ષ્મ ચિદ્-અચિદ્ પદાર્થોના શરીરી હતા. પછી સત્યસંકલ્પ એવા તે શ્રીહરિએ એવો સંકલ્પ કર્યો કે, 'હવે હું વિવિધ પ્રકારના જુદાં-જુદાં નામ-રૂપવાળી સ્થૂળ ચિદ્-અચિદ્ વસ્તુઓ જેનું શરીર છે એવો થાઉં.' આવો સંકલ્પ કરીને તે એક શ્રીહરિ જ દેવ, મનુષ્ય, પશુ, પક્ષી અને જડ પદાર્થ - આવા વિવિધ પ્રકારના આ જગતના શરીરી થઈને રહ્યા છે. **આવી રીતે વિવિધતામાં પણ મારી એકતાનું અનુસંધાન રાખવું; તેને એકપણે મારી ઉપાસના કરી કહેવાય.** આ રીતે મારા જ્ઞાની સંતો-ભક્તો મને સતત આરાધતા રહે છે. ॥૧૫॥

तथाहि भगवतो मम सर्वाणि वस्तूनि शरीराण्येवेति दर्शयन्नाह चतुर्भिः – अहमिति ।

अहं क्रतुरहं यज्ञः स्वधाहमहमौषधम् ॥
मन्त्रोऽहमहमेवाज्यमहमग्निरहं हुतम् ॥१६॥

क्रतुः – श्रौतोऽग्निष्टोमादिरहमस्मि, मम शरीरम् । यज्ञः – स्मार्तः पञ्चयज्ञादिरहमस्मि, मम शरीरमिति सर्वत्र योज्यम् । स्वधा – पित्रर्थं श्राद्धादि अहमस्मि । औषधम् – ओषधिप्रभवम् अन्नमहमस्मि, यद्वा औषधम् – भेषजम् अहम् । मन्त्रः – देवपितृहविर्धानसाधनभूतोऽहमेव । आज्यम् – होमादिसाधनं घृतादिहविरहम् । अग्निः – आहवनीयो वह्निः, अन्वाहार्य-गार्हपत्यसभ्यावसथ्या अग्निशब्देन वाच्या अहम् । हुतम् – होमोऽहं चास्मि ॥१६॥

આ રીતે હે અર્જુન ! **જડ-ચેતનરૂપ સમગ્ર વસ્તુ મારું શરીર છે. એટલે કે, તે મને સંપૂર્ણ આધીન છે. હું જ તેનો ધારક, પ્રકાશક અને**

પ્રવર્તક છું. તે તે રૂપે રહી હું જ જગતરૂપી કાર્ય ચલાવું છું. તેથી હું તેને 'હુંરૂપે' જ માનું છું.

જેમ કે, **ક્રતુ** હું છું. અર્થાત્ ક્રતુ મારું શરીર છે. ક્રતુ એટલે કે, વેદોમાં વર્ણવાયેલા અગ્નિષ્ટોમાદિક યજ્ઞો. વળી, **યજ્ઞ** હું છું. અર્થાત્ યજ્ઞ મારું શરીર છે. યજ્ઞ એટલે કે, સ્મૃતિઓમાં વર્ણવાયેલા પાંચ મહાયજ્ઞાદિક યજ્ઞો. **સ્વધા** એટલે કે, પિતૃઓને ઉદ્દેશીને કરેલી શ્રાદ્ધાદિક ક્રિયા હું છું. અર્થાત્ સ્વધા મારું શરીર છે. **ઔષધ** એટલે કે, વનસ્પતિમાંથી પાકતું તલ, જવ અને ડાંગર વગેરે અન્ન અથવા રોગાદિકને ટાળે એવું ઔષધ, એ બંને હું છું. અર્થાત્ તે મારું શરીર છે. **મંત્ર** હું છું. અર્થાત્ મંત્ર મારું શરીર છે. **આજ્ય** એટલે કે, યજ્ઞકુંડમાં હોમવા માટેનું ઘી વગેરે હવિષ હું છું. અર્થાત્ તે મારું શરીર છે. **અગ્નિ** એટલે કે, જેમાં હોમ કરાય છે એવા 'અન્વાહાર્ય', 'ગાર્હાપત્ય' અને 'આવસથ્ય' વગેરે અગ્નિ હું છું. અર્થાત્ તે સર્વે અગ્નિ મારા શરીરરૂપ છે. અને **હોમ** પણ હું છું. અર્થાત્ હવન પણ મારું શરીર છે. ॥૧૬॥

पिताहमस्य जगतो माता धाता पितामहः ॥
वेद्यं पवित्रमोंकार ऋक्साम यजुरेव च ॥१७॥

पितेति । अस्य जगतः – सर्वस्य चिदचिद्वस्तुनः, पिता – देहोत्पादकः, माता – जननी, पितामहः – पितुः पिता, धाता – ब्रह्मा, वेद्यम् – ज्ञातव्यं, पवित्रम् – शुद्धिकरम्, ॐकारादिचतुष्कमहमेव । चकारादथर्ववेदस्यापि ग्रहणम् । एतत् सर्वं मम शरीरमेवेति योजनीयम् ॥१७॥

એવી જ રીતે જડ-ચેતનરૂપ આ સમગ્ર જગતના **માતા-પિતા** હું છું. **પિતાનો પિતા** હું છું. **બ્રહ્મા** હું છું. આ જગતમાં જે કાંઈ ખાસ **જાણવા યોગ્ય** વસ્તુ છે તે હું છું. આ જગતમાં **પવિત્ર કરનાર** વસ્તુ હું છું. **ૐકાર** હું છું. અને **ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ** – એ ચાર વેદ

પણ હું છું. અર્થાત્ આ બધું મારું શરીર જ છે. ॥૧૭॥

गतिर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत् ॥
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ॥१८॥

गतिरिति । गम्यते इति गतिः – ब्रह्मलोकादिगम्यनिकेतनं, भर्ता – पोषकः, प्रभुः – नियामकः, साक्षी – शुभाशुभकर्मद्रष्टा, निवसन्त्यस्मिन्निति निवासः – वासनिकेतनं, शीर्यते दुःखमस्मिन्निति शरणम् – प्रपन्नानां समग्रदुःखनिवारकः, सुहृत् – स्वभावेन हितकारी, प्रभवः – विश्वोत्पादकः अनिरुद्धः, प्रलयः – संहारकर्ता सङ्कर्षणः, स्थानम् – स्थितिकर्ता प्रद्युम्नः, निधानम् – निधीयते – निक्षिप्यतेऽस्मिन् वस्तुजातमिति निधानम् – प्रलयनिकेतनं प्रकृतिः, अव्ययम् – अविनाशि, बीजम् – कारणं प्रकृत्यधिष्ठात्रक्षरपुरुषः, एतत्सर्वमहमस्मि, मम शरीरम् ।।१८।।

વળી, શુભકર્મ કરનારા જનોને પામવા યોગ્ય **બ્રહ્મલોક વગેરે સ્થાન** હું છું. આ સમગ્ર જગતનું **પોષણ કરનાર**, **નિયમન કરનાર** અને સર્વેનાં શુભાશુભ કર્મોને સાક્ષાત્ દેખનાર **સાક્ષી** હું છું. સર્વેને રહ્યાનું **નિવાસસ્થાન** હું છું. શરણે આવેલા જનોનાં સમગ્ર દુઃખને નિવારણ કરનાર **સાચું શરણ** અને તેમનું સહજે જ રૂડું કરનાર **સુહૃદ** હું છું.

આ જગતને ઉપજાવનાર **અનિરુદ્ધ** હું છું. એટલે કે, તે મારો સગુણ અવતાર છે. આ જગતને નાશ કરનાર **સંકર્ષણ** હું છું. એટલે કે, તે મારો સગુણ અવતાર છે. આ જગતને પાળનાર **પ્રદ્યુમ્ન** હું છું. એટલે કે, તે મારો સગુણ અવતાર છે. પ્રલયકાળે આ જગત જેમાં લીન થઈને રહે છે એવી **મૂળપ્રકૃતિ** હું છું. તેમજ આ જગતનું **અવિનાશી કારણ** હું છું. એટલે કે, મૂળપ્રકૃતિનો અધિષ્ઠાતા **અક્ષરપુરુષ** પણ હું છું. અર્થાત્ આ બધાં કાર્યો જેના દ્વારા થાય છે, તે સર્વે મારું શરીર છે. ॥૧૮॥

**तपाम्यहमहं वर्षं निगृह्णाम्युत्सृजामि च ॥
अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन ! ॥१९॥**

तपामीति। अहं सवितृतया तपामि – लोके प्रकाशं करोमि। अहं वर्षमुत्सृजामि – वर्षाकालेऽहमिन्द्ररूपेण वृष्टिं भूमौ प्रक्षिपामीत्यर्थः। अहं निगृह्णामि – सूर्यरूपोऽहं निदाघसमये भूमौ स्थितं रसमाकर्षामीत्यर्थः। अमृतम् – देवानां मनुष्याणां च जीवनकारकं वस्तु च, मृत्युः – मृत्युदेवता च। हे अर्जुन! किं बहूक्त्या ? सत् – कार्यावस्थं, असच्च कारणावस्थं, चिदचिद्वस्तु एतत्सर्वमहमेवास्मि, मम शरीरमेवेत्यर्थः। तथा चोक्तम् – "सर्वं समाप्नोषि ततोऽसि सर्वः"(गीता.११/४०) इति ॥१९॥

હું જ **સૂર્યરૂપે** રહીને લોકમાં પ્રકાશ કરું છું. ચોમાસામાં હું જ **ઇન્દ્રરૂપે** રહી પૃથ્વી પર જળ વરસાવું છું. અને ઉનાળામાં હું જ ભૂમિમાં રહેલા રસને **સૂર્યરૂપે** ગ્રહણ કરું છું. સર્વેનો સંહારક **મૃત્યુદેવ** પણ હું છું. **અમૃત** અર્થાત્ દેવો અને મનુષ્યો માટે જીવનરૂપ વસ્તુ હું છું. હે અર્જુન ! હવે કેટલુંક કહું ?! કેમ જે, **કાર્યરૂપ કે કારણરૂપ જેટલી કાંઈ જડ-ચૈતન્યરૂપ વસ્તુમાત્ર છે, તે સર્વ હું છું.** અર્થાત્ ઉપર કહ્યા તે સર્વે મારું શરીર છે. મારા જે જ્ઞાની ભક્તો છે તે આ બધી બાબતને સારી રીતે સમજી **તે સર્વરૂપે મને જ કર્તા, હર્તા, ભર્તા, ધર્તા માને છે અને તેમ મને ઉપાસે છે.** ॥૧૯॥

एवं ज्ञानिभक्तानां वर्तनप्रकारं गदित्वेदानीं तेषामाधिक्यदर्शनाय स्वर्गभोगासक्तानामज्ञानिनां वर्तनं कथयति – द्वाभ्याम्।

**त्रैविद्या मां सोमपाः पूतपापा यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयन्ते ॥
ते पुण्यमासाद्य सुरेन्द्रलोकमश्नन्ति दिव्यान् दिवि देवभोगान् ॥२०॥**

त्रैविद्याः — तिस्रः - ऋग्यजुःसामरूपा विद्या येषां ते, त एव त्रैविद्याः, प्रज्ञाद्याकृतिगणत्वात्स्वार्थे अण् प्रत्ययः, यद्वा त्रिविधा विद्यास्ता अधीयन्ते - विदन्ति ते त्रैविद्याः । 'तदधीते तद्वेद' इति सूत्रेण विहितस्याणो बाधकः, 'क्रतूक्था...' इति सूत्रोक्तः 'विद्यालक्षण...' इति वार्तिकेन प्राप्तो ठक्, 'अङ्गक्षत्रधर्म...' इति वार्तिकेन प्रतिषिद्धः । तिस्रो विद्या अधीयन्ते - विदन्तीति विग्रहे तु तद्धितार्थे द्विगौ त्रिविद्या इत्येव स्यात्, 'द्विगोर्लुगनपत्ये' इति लुक्प्रवृत्तेः । वेदत्रयोदितकर्मतत्फलासक्ता इत्यर्थः ।

पूतपापाः — पूतानि - शोधितानि नाशितानि पापानि - किल्बिषानि यैस्ते, वेदोक्तनित्यनैमित्तिककर्मभिः नाशितस्वर्गप्राप्तिविरोधिकिल्बिषा इत्यर्थः। सोमपाः - यज्ञावशिष्टसोमं पिबन्तो यज्ञनिष्ठा जनाः, इन्द्राद्याराधनभूतैर्यज्ञैः माम् - इन्द्रादिरूपं भगवन्तम्, इष्ट्वा - यजनं कृत्वा, स्वर्गतिम् - स्वर्गप्राप्तिं, प्रार्थयन्ते - याचयन्ते । पुण्यम् - पवित्रयज्ञादिकर्मफलरूपं सुरेन्द्रलोकं शतक्रतुस्थानं स्वर्गम्, आसाद्य - प्राप्य, ते दिवि - स्वर्गे, दिव्यान् - मनुष्यभोगेभ्य उत्कृष्टान्, देवभोगान् अश्नन्ति - भुञ्जन्ति ।२०।

✵ નીચું લક્ષ્ય નીચી પ્રાપ્તિ :

હે અર્જુન ! જેને મારા સ્વરૂપની આવી સમજણ નથી એવા અજ્ઞાની જીવો કેવી ઉપાસના કરે છે ? અને તેના ફળરૂપે શું પામે છે ? તે હવે તને જણાવું છું : જેઓ વેદોએ કહેલાં કર્મોમાં અને તેનાં ફળમાં આસક્તિવાળા છે. અને અગ્નિહોત્રાદિક અને નિત્યનૈમિત્તિક કર્મો વડે સ્વર્ગપ્રાપ્તિમાં અંતરાય કરનારાં પાપ જેમણે ટાળી નાખ્યાં છે. જેઓ યજ્ઞ કરતાં બાકી રહેલ સોમરસનું પાન કરનારા છે. આવાં યજ્ઞાદિક કર્મોમાં નિષ્ઠાવાળા પુરુષો ઇન્દ્રાદિક દેવોને આરાધવા માટેના યજ્ઞો દ્વારા મને ઇન્દ્રાદિકરૂપે માનીને મારું યજન-પૂજન કરે છે અને તેના ફળરૂપે સ્વર્ગની

પ્રાપ્તિ માગે છે. પછી શુદ્ધ યજ્ઞાદિક કર્મનાં ફળરૂપ એવા ઈન્દ્રલોકને પામીને તે સ્વર્ગલોકમાં મનુષ્યના ભોગો કરતાં અતિશય શ્રેષ્ઠ એવા ભોગોને ભોગવે છે. ॥૨૦॥

ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ।।
एवं त्रयीधर्ममनुप्रपन्ना गतागतं कामकामा लभन्ते ।।२१।।

ते तमिति । ते – स्वर्गसुखासक्ताः जनाः, तम् – पुण्यकर्मणा प्राप्तं, विशालम् – विस्तीर्णं, स्वर्गलोकं भुक्त्वा – तत्स्थसुखमुपभुज्य, पुण्ये – स्वर्गप्रापके शुभकर्मणि, क्षीणे – नष्टे सति, भूयो मर्त्यलोकम् – मनुष्य–लोकं विशन्ति – प्रविशन्ति। त्रयीधर्मम् — त्रय्या – वेदविभागत्रयेण विहितं वृषम्, अनुप्रपन्नाः – अनुसृताः, कामकामाः – स्वर्गभोगकाङ्क्षिणः, एवं गतागतम् – आगमापायि सुखं लभन्ते – यान्ति । मदेकान्तिकभक्तास्तु अविनाशि ब्रह्मपुरस्थस्य मम सुखं प्राप्य सदा मोदन्ते, इति तेषाम् आधिक्यमिति भावः ।।२१।।

સ્વર્ગસુખમાં આસક્ત એવા તે જનો, પુણ્યકર્મથી પ્રાપ્ત કરેલ વિશાળ સ્વર્ગલોકના ભોગસુખ ભોગવીને, પછી સ્વર્ગ પમાડનાર શુભ કર્મોનો નાશ થતાં ફરીથી આ મૃત્યુલોકમાં આવી જાય છે. વૈદિક કર્મકાંડરૂપ ધર્મને અનુસરેલા અને સ્વર્ગના ભોગની વાસનાવાળા તે જનો આવું મળ્યા પછી ટળી જનારું - નાશવંત સુખ પામે છે. અને **મારા એકાંતિક ભક્તો તો માયાથી પર દિવ્ય અક્ષરધામમાં બિરાજમાન એવા મારા અવિનાશી સુખને પામીને પછી સદા આનંદિત જ રહે છે, પણ તે સુખ ક્યારેય ટળી જાતું નથી.** આ રીતે માયિક સુખમાં આસક્ત અજ્ઞાની જનો કરતાં મારા જ્ઞાની ભક્તોની અધિકતા છે. ॥૨૧॥

तान्विशिनष्टि — अनन्या इति ।

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ॥
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥२२॥

अनन्याः – नास्ति अन्यत् – मद्भजनादृते द्वितीयं प्रयोजनं येषां ते, मद्भजनेन विना देहे स्थातुमशक्या इत्यर्थः । अत एव मां चिन्तयन्तः – सदा मां ध्यायन्तः सन्तः, ये जनाः पर्युपासते – सर्वज्ञत्वसत्यसङ्कल्पत्व–कृपालुत्वादिमङ्गलगुणगणसागरं सर्वविभूतिप्रकाशकं मां सर्वप्रकारैः सेवन्ते इत्यर्थः । नित्याभियुक्तानाम् – एवं मयि सदा संयोगं प्राप्तानां, तेषाम् – महात्मनां, योगक्षेमम् — योगस्य – मत्संयोगस्य, क्षेमम् – निर्विघ्नताम्, अहं वहामि – प्रापयामि । यद्वा नित्याभियुक्तानाम् – मयि सदा संयोगकामानां, तेषां योगक्षेमम् — योगश्च क्षेमश्च योगक्षेमं, योगम् – मत्संयोगं, क्षेमम् – अपुनरागमनरूपं मोक्षम्, अहं वहामि ।।२२।।

❋ ઊંચું લક્ષ્ય ઊંચી પ્રાપ્તિ :

હે અર્જુન ! જેમને મારા ભજન સિવાય બીજું કાંઈ જીવનનું પ્રયોજન જ નથી. અર્થાત્ જેઓ મારા ભજન વિના જીવી શકે તેમ નથી. અને એટલે જ જેઓ સતત મારું ધ્યાન-ચિંતન કરતા થકા મને સર્વ પ્રકારે સેવે છે. અને **આ રીતે મારા સ્વરૂપમાં સદા સંયોગ-વિરામ પામેલા એવા તે સંત-મહાત્માઓના યોગ અને ક્ષેમનું હું જ વહન કરું છું.**

મને સર્વ પ્રકારે સેવવો એટલે શું ? તો, 'મારા ઈષ્ટદેવ શ્રીહરિ સર્વજ્ઞપણું, સત્યસંકલ્પપણું, અતિ કૃપા કરવાપણું વગેરે અનંત મંગલકારી ગુણસમૂહોના સાગર છે. વળી, અનંતકોટી બ્રહ્માંડોમાં જે કાંઈ સુખ, સમૃદ્ધિ કે ઐશ્વર્ય વગેરે વિભૂતિઓ છે, તે સર્વેના પ્રકાશક-પ્રદાતા પણ એ જ છે.' આવી રીતે મને સર્વ વાતે સંપૂર્ણ, સર્વનો સ્વામી અને સર્વ સુખપ્રદાતા જાણીને મારું ભજન કરે; તેણે મને સર્વ પ્રકારે સેવ્યો કહેવાય.

યોગક્ષેમનું વહન કરવું એટલે શું ? તો, મારી સાથે કાયમ માટેનો સંયોગ-વિરામ તે યોગ છે. અને તેમાં કાંઈ જ વિઘ્ન ન આવે તે ક્ષેમ છે. મારા જ્ઞાની મહાત્માઓને થયેલી મારી પ્રાપ્તિ સદા જાળવી રાખવી, તે તેના યોગક્ષેમનું વહન છે. અથવા જે સદા મારા સ્વરૂપનો સદા સંયોગ પામવાની ઈચ્છાવાળા છે, તેના યોગ અને ક્ષેમનું હું જ વહન કરું છું. એટલે કે, મારો સંયોગ અને તે યોગ ફરી છૂટી ન જાય એવો તેનો કાયમી મોક્ષ પણ હું જ કરી આપું છું. ॥૨૨॥

ननु तव भक्तानामविनाशिसुखमपुनरागमनलक्षणं मोक्षं च ददासि, त्वच्छरीरभूतेन्द्रादिदेवभक्तानामागमापायि सुखं पुनरागमनं च कथमित्यत्राह त्रिभिः – ये इति ।

येऽप्यन्यदेवताभक्ता यजन्ते श्रद्धयान्विताः ॥
तेऽपि मामेव कौन्तेय ! यजन्त्यविधिपूर्वकम् ॥२३॥

श्रद्धयान्विताः – विश्वासपूर्वकत्वरया युक्ताः, ये अन्यदेवताभक्ता अपि – इन्द्रादिदेवोपासका अपि, यज्ञादिभिस्तान् यजन्ते, तेऽपि हे कौन्तेय! मामेव यजन्ति, इन्द्रादिभक्ता अपि इन्द्रादीनां मच्छरीरत्वात् तद्वाचक-शब्दानां मद्वाच्यत्वाच्च मामेव पूजयन्तीति सत्यं, परन्तु अविधिपूर्वकं यजन्ति – नास्ति विधिः पूर्वं यस्मिन्कर्मणि यथा भवति तथा तत्। सर्वेषामिन्द्रादिदेवानामन्तर्यामी श्रीकृष्णोऽस्ति, अतस्ते तच्छरीरभूताः, स च तच्छरीरी, तेषां पूजनं तस्य पूजनमिति विधिलक्षणं तज्ज्ञानपूर्वकं न यजन्तीत्यर्थः। अतस्तेषां पुनरावर्तनं नश्वरसुखं च भवतीति भावः ॥२३॥

❋ સમજણભેદે પ્રાપ્તિભેદ :

હે અર્જુન ! મારા ભક્તોને અવિનાશી સુખ અને આત્યંતિક મોક્ષની પ્રાપ્તિ થાય છે અને અન્ય દેવોના ભક્તોને નાશવંત સુખ અને

ફરી પાછા પડવું પડે તેવા લોકની પ્રાપ્તિ થાય છે. આવા મોટા તફાવતનું શું રહસ્ય છે ? તે હવે હું તને સમજાવું છું :

અતિ શ્રદ્ધાવાળા ઈન્દ્રાદિક દેવોના જે ભક્તો યજ્ઞાદિક વડે ઈન્દ્રાદિક દેવોની પૂજા-આરાધના કરે છે, તે ભક્તો પણ અવિધિપૂર્વક મને જ પૂજે-આરાધે છે. કેમ જે, તે ઈન્દ્રાદિક દેવો મારું શરીર છે અને તેને જણાવનારા શબ્દો વડે અંતે મારો જ બોધ થતો હોવાથી તે દેવો દ્વારા મારું જ પૂજન-આરાધન થાય છે; એમ હું માનું છું.

અવિધિપૂર્વક પૂજન એટલે શું ? તો, 'ઈન્દ્રાદિક સર્વે દેવોના અંતર્યામી-આત્મા ભગવાન શ્રીકૃષ્ણ છે. માટે તે ઈન્દ્રાદિક દેવો શ્રીકૃષ્ણના શરીરરૂપ છે અને તે શ્રીકૃષ્ણ ઈન્દ્રાદિક દેવોના શરીરી છે. તેથી તે ઈન્દ્રાદિક દેવોનું પૂજન તે શ્રીકૃષ્ણનું જ પૂજન થઈ રહ્યું છે.' આવી સમજણરૂપ વિધિપૂર્વક તેઓ ઈન્દ્રાદિક દેવોને નથી પૂજતા, પણ સ્વતંત્ર કર્મફળપ્રદાતા સમજીને ઈન્દ્રાદિક દેવોને પૂજે છે. તેથી તે ઈન્દ્રાદિક દેવોને પૂજનારા ભક્તોને ફરી જન્મ ધરવો પડે છે અને નાશવંત સુખની પ્રાપ્તિ થાય છે. ।।૨૩।।

एतदेव विवृणोति – अहमिति ।

अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ॥
न तु मामभिजानन्ति तत्त्वेनातश्च्यवन्ति ते ॥२४॥

सर्वयज्ञानाम् – सर्वेषां श्रौतानां स्मार्तानां च यज्ञानां, भोक्ताऽहं च – तत्तद्देवतान्तर्यामिरूपेण भगवान् वासुदेवोऽहमेव स्वीकर्ताऽस्मि। हि – निश्चितम्। प्रभुश्च – फलप्रदाता चाऽहमेवास्मि। एवम्भूतं मां ते – इन्द्रादिदेवभक्ताः, तत्त्वेन – यथार्थतः, न त्वभिजानन्ति – नैव बुध्यन्ते, अतः च्यवन्ति – स्वर्गात् क्षरन्ति ।।२४।।

શ્રુતિ અને સ્મૃતિઓએ બતાવેલા સર્વે યજ્ઞોનો ભોક્તા તથા પ્રભુ હું જ છું. **યજ્ઞનો ભોક્તા તથા પ્રભુ એટલે શું ?** તો, યજ્ઞના હોમ-હવનનો સ્વીકાર કરનાર અને તેનું ફળ દેનાર હું જ છું. અર્થાત્ તે તે યજ્ઞમાં જે જે દેવનું પૂજન કરવામાં આવે છે, તે દેવોના પૂજનને તે તે દેવમાં અંતર્યામીપણે રહીને હું ભગવાન વાસુદેવ જ તેનો સ્વીકાર કરું છું. અને જે ફળને પામવાની ઈચ્છાથી તે દેવનું પૂજન કર્યું હોય, તે ફળ તે તે દેવમાં અંતર્યામીરૂપે રહીને હું જ આપું છું. પરંતુ તે ઈન્દ્રાદિક દેવોના ભક્તો મને એવી રીતે યથાર્થપણે નથી જ જાણતા, તેથી તેઓ સ્વર્ગાદિક તુચ્છ ફળ પામીને ત્યાંથી ભ્રષ્ટ થાય છે. ॥૨૪॥

पुनस्तदेवाह — यान्तीति ।

यान्ति देवव्रता देवान् पितृन् यान्ति पितृव्रताः ॥
भूतानि यान्ति भूतेज्या यान्ति मद्याजिनोऽपि माम् ॥२५॥

ये देवव्रताः — देवेषु - इन्द्रादिषु उपास्यत्वेन व्रतम् - सङ्कल्पो येषां ते, देवान् - परिमितकालवर्तिन इन्द्रादीन्, यान्ति । ये पितृव्रताः — पितृषु - अर्यमाग्निष्वात्तादिषु, उपास्यत्वेन व्रतम् - सङ्कल्पो येषां ते, पितृन् - नश्वरान्नग्निष्वात्तादीन्, यान्ति - प्राप्नुवन्ति । भूतेज्याः — भूतानाम् - भैरवकूष्माण्डवैतालमातृकादीनाम् इज्या - उपासनं येषान्ते, भूतानि - भैरवादीनि यान्ति । मद्याजिनः - ममोपासका, अपि माम् - अनादिनिधनं परमेश्वरं, यान्ति - प्राप्नुवन्ति ।।२५।।

જેમને ઈન્દ્રાદિક દેવોમાં ઉપાસ્યપણાનો દૃઢ સંકલ્પ છે તેઓ મરીને સીમિત સમય સુધી રહેનારા ઈન્દ્રાદિક દેવોને પામે છે. જેમને અર્યમાદિક પિતૃઓમાં ઉપાસ્યપણાનો દૃઢ ઠરાવ છે, તેઓ મરીને નાશવંત અર્યમાદિક પિતૃઓને જ પામે છે. જેમને ભૈરવાદિક તમોગુણી ભૂતની

જ ઉપાસના છે, તેઓ મરીને ભૈરવાદિક ભૂતને જ પામે છે. અને જેઓ મારી જ ઉપાસના કરનારા મારા ઉપાસકો છે, તે ભક્તો દેહ મૂકીને અનાદિ અને શાશ્વત એવા મને પરમેશ્વરને જ પામે છે. ॥૨૫॥

स्वभक्तानां स्वकीयाराधने सुकरत्वमाह – पत्रमिति ।

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ॥
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥२६॥

यः – अनन्यप्रयोजनो मदेकान्तिकभक्तः, पत्रम् – तुलस्यादिपर्णं, पुष्पम् – सुमनः, फलं च, तोयम् – जलं च, इदन्तूपलक्षणम् अन्यद्यत् किञ्चिद्वस्तु, मे – मह्यमनन्तमहाविभूतिपतये परमेश्वराय, भक्त्या – अतिप्रेम्णा, प्रयच्छति – ददाति। अत्र पत्रादिष्वेकवचनं तु तेषामत्यल्प–त्वज्ञापनार्थम्। प्रयतात्मनः – विशुद्धमनसस्तस्य, तत् – पत्रपुष्पादिकं, तेन भक्त्या – अतिप्रीत्या, उपहृतम् – दत्तम्, अहम् – अवाङ्मनसगोचरोऽपि भक्तवत्सलत्वात् तत्समीपस्थः सन्नश्नामि। यथा क्षुद्रदेवानां बहुधन–साध्ययज्ञादिभिः सन्तोषो भवेत् तथा महासमृद्धेरीश्वरस्य मम न, किन्तु भक्तिमात्रेणैव। अतो मदेकान्तिकभक्तेन दत्तं पत्रादिकमपि अद्मीति भावः। तथा मोक्षधर्मे – "याः क्रियाः सम्प्रयुक्तास्तु एकान्तगतबुद्धिभिः। ताः सर्वाः शिरसा देवः प्रतिगृह्णाति वै स्वयम्"(म.भा.शां.३३१/५०) इति ॥२६॥

✵ ભાવશુદ્ધિ તથા પ્રેમભક્તિની મહત્તા :

હે અર્જુન ! જેને મને પ્રસન્ન કરવા સિવાયનું બીજું કાંઈ પ્રયોજન જ નથી એવો મારો એકાંતિક ભક્ત, તુલસીનું પત્ર, પુષ્પ, ફળ, જળ કે તે સિવાયની કાંઈ પણ નાની-મોટી વસ્તુ અનંત મહાવિભૂતિઓના માલિક અને પરમેશ્વર એવા મને અતિ હેતથી અર્પણ કરે છે; તે બધું હું અતિ પ્રસન્ન થઈને સ્વીકારું છું. કેમ જે, તે ભક્ત એક માત્ર મને

સુખી કરવાના અતિ શુદ્ધભાવવાળો છે. વળી, તેણે અતિ પ્રીતિથી મને અર્પણ કર્યું છે. તેથી હું ઈન્દ્રિયો-અંતઃકરણને અગોચર હોવા છતાં પણ ભક્તવત્સલ હોવાથી તે ભક્તની પાસે રહીને તેણે અર્પણ કરેલ તમામ પદાર્થને ગ્રહણ કરું છું. **જેમ બીજા તુચ્છ દેવોને ઘણા ધન-ધાન્યથી સિદ્ધ થનાર યજ્ઞાદિક કર્મોથી સંતોષ-રાજીપો થાય છે, તેવું મહા સમૃદ્ધિઓના સ્વામી એવા મારે નથી. પરંતુ હું તો મારી ભક્તિમાત્રથી જ પ્રસન્ન થઈ જાઉં છું.** માટે **મારા એકાંતિક ભક્તે મને અર્પણ કરેલ પત્ર-પુષ્પાદિકને પણ હું અતિ પ્રસન્ન થઈને જમું છું.** ॥૨૬॥

एवं त्वम् अपि एकान्तिकभक्त्या मयि सर्वसमर्पणं कुरुष्वेत्याह – यदिति ।

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ॥
यत्तपस्यसि कौन्तेय ! तत्कुरुष्व मदर्पणम् ॥२७॥

हे कौन्तेय ! यत्करोषि – देहनिर्वाहार्थं यथाधर्मं कर्म विदधासि, यदश्नासि – शरीरभरणार्थं यदन्नादि भुनक्षि, यज्जुहोषि – अग्नौ यच्छाकल्यं प्रक्षिपसि, यद्ददासि – सुपात्रेभ्यो यदन्नधनादि विसृजसि, यत्तपस्यसि – एकादश्यादिव्रतरूपं यत्तपः करोषि, तत्सर्वं मदपर्णम् – मयि निखिल-जगदाधारे सर्वशक्तिधरे सर्वेश्वरेश्वरे वसुदेवनन्दने पुरुषोत्तमे अर्पणं कुरुष्व । देहनिर्वाहोपयोगीनि कर्माणि मद्भक्त्यर्थं, होमादीनि कर्माणि च मत्प्रसन्नतार्थं कुर्वित्यर्थः ।।२७।।

હે કૌન્તેય ! તું તારા દેહના નિર્વાહ માટે ધર્મ પ્રમાણે જે કાંઈ કર્મ કરે છે, તારા દેહના પોષણ માટે જે કાંઈ અન્નાદિક ખાય છે, અગ્નિમાં જે કાંઈ વસ્તુ હોમે છે, સુપાત્રને જે કાંઈ અન્ન-ધનાદિક વસ્તુ દાનમાં આપે છે અને એકાદશી આદિકના વ્રત કરવારૂપ જે કાંઈ તપ કરે છે – તે સર્વે કર્મો મારે વિશે અર્પણ કર. અર્થાત્ **સર્વ જગતના આધાર, સર્વ શક્તિઓના ધારક-સ્વામી, સર્વ ઈશ્વરોના ઈશ્વર અને વસુદેવપુત્ર પુરુષોત્તમ**

એવા મને સર્વ કર્મો અર્પણ કર. એટલે કે, જે કર્મો તારા દેહનિર્વાહમાં ઉપયોગી હોય તે સર્વે મારી ભક્તિ માટે કર અને હોમ-હવન વગેરે શાસ્ત્રીય કર્મો મને પ્રસન્ન કરવા માટે કર. ॥૨૭॥

परमेश्वरे स्वस्मिन् सर्वसमर्पणस्य फलमाह – शुभेति ।

शुभाशुभफलैरेवं मोक्ष्यसे कर्मबन्धनैः ॥
सन्न्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि ॥२८॥

एवं सन्न्यासयोगयुक्तात्मा – पूर्वोक्तानां कर्मणां मदर्पणं सन्न्यासः, स एव योगस्तेन युक्तः, आत्मा – मनो यस्य, सः त्वं, शुभाशुभफलैः – शुभाशुभानि – पुण्यापुण्यानि फलानि येषान्तैः, कर्मबन्धनैः – कर्माणि अनन्तानि प्राक्तनानि तान्येव बन्धनानि – मत्संयोगविरोधीनि तैः कर्तृभिः, मोक्ष्यसे । तैर्विमुक्तः सन् माम् – अनवधिकातिशयानन्दं परमेश्वरम्, उपैष्यसि – गमिष्यसि ॥२८॥

સર્વ કર્મો મને અર્પણ કરવાથી શું ફળ થાય ? તો, એવી રીતે સર્વે કર્મોનું મને સમર્પણ કરવારૂપ યોગની ભાવનાવાળો જો તું થા, તો હે અર્જુન ! મને પામવામાં નડતરરૂપ એવાં પુણ્ય-પાપફળવાળાં પૂર્વનાં સર્વ કર્મબંધન થકી તું છૂટી જઈશ. પછી તે કર્મનાં બંધનથી મુકાઈને અપાર આનંદના મહાસાગર અને પરમેશ્વર એવા મને તું પામી જઈશ. ॥૨૮॥

ननु स्वभक्तान् कर्मबन्धान्मोचयसि, अन्यान् न, तर्हि त्वयि समदर्शित्वं कथमिति चेत्तत्र वदामि – सम इति ।

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ॥
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥२९॥

सर्वभूतेषु – सर्वेषु – देवमनुष्यादिषूत्कृष्टापकृष्टभावेन प्रतीयमानेषु

भूतेषु, अहं समः – अनुग्राहकतया तुल्यः। अतो जात्या कनिष्ठत्वे स्थितोऽपि जनो मे – मम द्वेष्यः – द्वेष्टुं योग्यो नास्ति, जात्योत्कृष्टत्वे स्थितोऽपि जनो मे प्रियो नास्ति। तर्हि सर्वेष्वनुग्रहं कस्मान्न करोषीति चेत्तत्राह – तेषु जनेषु मध्ये ये तु मां भक्त्या – प्रेमपूर्वकानुध्यानेन, भजन्ति, ते मयि सदा स्थिताः, अनवधिकातिशयानन्दं मां प्राप्ता इत्यर्थः, तेषु चाहमपि स्थितः, तेषां दृष्टिगोचरो भवामीत्यर्थः ।।२९।।

દેવ-મનુષ્યાદિક ઉત્તમ કે અધમભાવથી જણાઈ રહેલાં સર્વભૂત-પ્રાણીમાત્રને વિશે હું સમાન છું. એટલે કે, **તે સહુનું ભલું જ ઈચ્છું છું.** માટે જાતિથી કનિષ્ઠ હોવા છતાં કોઈ મારે દ્વેષ કરવા યોગ્ય નથી. અને જાતિથી અતિશય શ્રેષ્ઠ હોય તોપણ તે મારે હેત કરવા યોગ્ય નથી. હા, તે સર્વે જનોમાં **જેઓ મને અતિશય પ્રેમથી ભજે છે, તે ભક્તો સદા મારામાં જ રહ્યા છે અને હું એવા ભક્તને વિશે જ રહ્યો છું.** એટલે કે, તે ભક્તો અસીમ આનંદમય એવા મને પામી ચૂક્યા છે અને હું તે ભક્તની દૃષ્ટિ આગળ નિરંતર દેખાયા કરું છું. ।।૨૯।।

जात्या निकृष्टोऽपि यो मां भजति स एव श्रेष्ठ इत्याह – अपीति ।

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितो हि सः ।।३०।।

सुदुराचारोऽपि – सुतरां दुष्ट आचारः – आचरणं वर्तनं यस्य, जात्यातिनिकृष्टोऽपीत्यर्थः। अनन्यभाक् – मत्तो नान्यं देवं विषयं वा भजतीति तथाभूतः सन् मां भजते चेत्, स साधुः – श्रेष्ठ एव मन्तव्यः – मान्यः, न निन्द्यः। कुत इति चेत्तत्राह – सः सम्यग्व्यवसितो हि – सर्व-धारकः सर्वनियन्ता पुरुषोत्तम एव ममोपास्यो मम पतिर्मम सुहृत्तमो मम परमं प्राप्यं चास्तीति सुशोभनं व्यवसायं कृतवानित्यर्थः ।।३०।।

❋ નિશ્ચયની ગરિમા :

હે અર્જુન ! જે જન અતિશય ભૂંડા આચરણવાળો હોય એટલે કે, જાતિથી અતિ ઊતરતો હોય, તોપણ જો તે મારા સિવાયના ઇન્દ્રાદિક દેવો તથા વિષયાદિકને છોડી એક મને જ ભજતો હોય, તો તે ભક્તને સાધુ જ માનવો જોઈએ. અર્થાત્ તે સર્વ થકી શ્રેષ્ઠ જ માનવા યોગ્ય છે, પણ નિંદા કરવા યોગ્ય નથી. કેમ જે ? તે ભક્તએ મારો અતિ વ્યવસ્થિત-પરફેક્ટ નિશ્ચય કરી લીધો છે. એટલે કે, **'સર્વના આધાર અને સર્વના નિયંતા એવા જે પુરુષોત્તમ ભગવાન તે જ મારા ઉપાસ્ય છે, તે જ મારા પતિ છે, તે જ મારા પરમ હિતેચ્છુ અને પરમ પ્રાપ્ય છે;'** આવો અતિ સારા નિશ્ચયવાળો તે ભક્ત છે. ॥૩૦॥

ननु 'नाऽविरतो दुश्चरितान्नाऽशान्तो नाऽसमाहितः। नाशान्तमानसो वाऽपि प्रज्ञानेनैनमाप्नुयात्'(कठो.१/२/२४) इत्यादिश्रुतेर्विद्यमानत्वात् आचारोल्लङ्घनम् उत्तरोत्तरभक्त्युद्भवप्रवाहं रोधयतीत्यत्राह — क्षिप्रमिति।

क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छान्तिं निगच्छति ॥
कौन्तेय ! प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥३१॥

दुराचारोऽपि मद्भक्त्या विनष्टसमस्तपापः, क्षिप्रं धर्मात्मा — शीघ्रं धर्मेषु – सदाचारेषु आत्मा – मनो यस्य तथाभूतो, भवति। शश्वत् – शाश्वतीं, शान्तिम् – अविनाशि मत्सुखं, निगच्छति – प्राप्नोति। हे कौन्तेय! प्रतिजानीहि – अत्र प्रसङ्गे त्वं प्रतिज्ञां कुरु, मम भक्तो न प्रणश्यति।३१।

ખરાબ આચરણવાળો છે છતાં સાધુ જ કેમ માનવો ? તો, **મારા ભજન-ભક્તિના પ્રતાપે ખરાબ આચરણવાળો હોવા છતાં પણ તે ભક્ત સમગ્ર પાપથી રહિત થઈ જાય છે અને તત્કાળ ધર્માત્મા બની જાય છે.** એટલે કે, સદાચારને વિશે એનું મન તત્કાળ લાગી જાય છે. પછી તે

ભક્ત મારા અવિનાશી સુખને પામે છે, માટે હે કુંતીપુત્ર ! આ બાબતમાં તું પ્રતિજ્ઞા કર. એટલે કે, એ વાતને સંપૂર્ણ સત્ય જાણ કે, મારો ભક્ત ક્યારેય નાશ થતો નથી. તેની દુર્ગતિ ક્યારેય થતી નથી. ॥૩૧॥

मां हि पार्थ ! व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः ॥
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥३२॥

मामिति। हे पार्थ! किं बहूक्त्या ? माम् – पुरुषोत्तमं, व्यपाश्रित्य – आश्रित्य, ये पापयोनयोऽपि — पापाः – निष्कृष्टा योनयः – जन्मानि येषां ते, अन्त्यजातय इत्यर्थः। याश्च स्त्रियः, तथा वैश्याः, ये च शुद्राः, ते – सर्वेऽपि, पराम् – उत्कृष्टां, गतिम् – मम धाम, यान्ति, हि – निश्चितम्।३२।

હે પાર્થ ! વધું શું કહેવું ! પણ મને પુરુષોત્તમને શરણ તરીકે સ્વીકારવાથી જેઓ અતિ ઊતરતી જાતિમાં જન્મેલ ચાંડાળાદિક પાપી હોય કે સ્ત્રી, વૈશ્ય અથવા શુદ્ર હોય પણ તે સર્વે મારા ધામને જ પામે છે.॥૩૨॥

किञ्च — किमिति।

किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा ॥
अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम् ॥३३॥

ये भक्ताः – मद्भक्ताः, पुण्याः – शुद्धाः ब्राह्मणाः तथा ये राजर्षयः – राजानश्च ते ऋषयश्च, ते परां गतिं यान्ति, तत्र पुनः किमु वक्तव्यम्! तस्मात् अनित्यम् – नश्वरम्, असुखम् – क्लेशबहुलम्, इमम् – मानुषं लोकं प्राप्य राजर्षिस्त्वं स्वधर्मे वर्तमानः सन् माम् – पुरुषोत्तमं वसुदेवपुत्रं, भजस्व – सेवस्व ।।३३।।

તો પછી જે મારા ભક્ત પવિત્ર બ્રાહ્મણ હોય તથા જે મારા ભક્ત ઋષિ જેવા રાજાઓ હોય, તે મારા ધામને પામે તેમાં તો કહેવું જ શું ! એ તો જરૂર પામે ! માટે રાજર્ષિ એવો તું નાશવંત અને વિવિધ પ્રકારના

દુઃખે યુક્ત એવા આ મનુષ્ય લોકને પામીને, પોતાના ધર્મમાં રહ્યો થકો મારું વસુદેવપુત્ર પુરુષોત્તમનું ભજન-સેવન કર. ॥૩૩॥

उपासनस्वरूपं वदति – मन्मना इति ।

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ॥
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥३४॥

इति श्रीभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णाऽर्जुनसंवादे 'राजविद्याराजगुह्ययोगो' नाम नवमोऽध्यायः ॥९॥

मन्मनाः – मयि – ईश्वरेश्वरेऽनन्तकोटिब्रह्माण्डैककारणेऽपरिमित-जनकल्याणैकाग्रहे निखिलत्याज्यप्रतिकूले सत्यव्रते सर्वविदि सर्वनियन्तरि परब्रह्मणि पुरुषोत्तमे शुद्धनवीनजलदसदृशे नवीननीरजपत्रनिर्मलविस्तृत-करुणनेत्रे लावण्यामृतसागरे अत्युदारपुष्टद्विबाहौ अतिसघनसूक्ष्मसुन्दराम्बरधरे विचित्ररत्नसंयुक्तकिरीटे हृदि धृतमुक्तादिहारनिकरे कटककेयूरनूपुरादि-समग्रभूषणविभूषितेऽपारसौशील्यसौन्दर्यगाम्भीर्यवात्सल्यादिगुणगणसागरे धर्ममूर्तिवसुदेवनन्दने, मनो यस्य नान्यत्र तथाभूतः त्वं भव। मद्भक्तः – ममैव भक्तो भव, न देवतान्तरस्य। मद्याजी – ब्रह्मादिदेवेष्वन्तर्यामितया स्थितस्य ममैव यजनपरो भव। मां नमस्कुरु – अष्टाङ्गनमस्कारं कुरुष्वेत्यर्थः। एवम् – उक्तप्रकारैर्मत्परायणः सन्, आत्मानम् – मनः, मत्स्वरूपे युक्त्वा – निधाय, मामेव – अनवधिकातिशयानन्दमपरिमितकोट्यक्षरपुरुषैर्भक्तैः सेवितं पुरुषोत्तममेव, एष्यसि – गमिष्यसि ॥३४॥

❋ પ્રગટની પરાભક્તિનું પરમ ફળ :

મારું ભજન-ઉપાસન કેવી રીતે કરવું ? તો, મને જેમ છે તેમ યથાર્થ ઓળખીને હે અર્જુન ! તું અખંડ મારામાં જ મન રાખનારો થા,

મારો જ ભક્ત થા, મારું જ યજન-પૂજન કર, મને નમસ્કાર કર. જો આવી રીતે અખંડ મારા પરાયણ રહ્યો થકો તું તારા મનને મારાં સ્વરૂપમાં જ જોડી રાખીશ, તો મને પુરુષોત્તમને જ પામી જઈશ.

મને કેવો જાણીને મારા પરાયણ થવું ? તો, હું જ સર્વ ઈશ્વરોનો પણ ઈશ્વર અને અનંતકોટિ બ્રહ્માંડનું કારણ છું. અસંખ્ય જીવોનાં કલ્યાણ કરવાનો જ એક આગ્રહવાળો છું. ત્યાગ કરવા જેવા તમામ દોષોથી રહિત છું. **સત્ય પ્રતિજ્ઞાવાળો, સર્વને સર્વ રીતે જાણનારો, સર્વનિયંતા અને અક્ષરબ્રહ્મથી પણ પર એવો હું પરબ્રહ્મ પુરુષોત્તમ છું.**

મારું સદા સાકરસ્વરૂપ કેવું છે ? તો, શુદ્ધ નવા વાદળ જેવું છે. તાજા કમળની પાંખડી જેવી નિર્મળ, વિશાળ અને કરુણાસભર મારી આંખો છે. મારું સ્વરૂપ સુંદરતા તથા કોમળતારૂપ અમૃતનો મહાસાગર છે. અતિ શ્રેષ્ઠ અને ભરાવદાર બંને હાથ છે. અતિ ઘાટાં અને ઝીણાં સુંદર વસ્ત્રો ધાર્યાં છે. વિવિધ પ્રકારનાં રત્નોએ સહિત મુગટ ધાર્યો છે. છાતી ઉપર મોતી વગેરેના અનેક હાર ધારણ કર્યા છે. સોનાના બાજુબંધ અને ઝાંઝર વગેરે સર્વ આભૂષણોથી શોભાયમાન છે. વળી, **અપાર સરલતા, સુંદરતા, ગંભીરતા અને ભક્તવત્સલતા વગેરે ગુણસમૂહનો મહાસાગર છે.**

આવી રીતે મારો મહિમા સમજીને ધર્મનિષ્ઠ વસુદેવપુત્ર મારા આ પ્રત્યક્ષ સ્વરૂપમાં જ તારું મન રાખ, પણ મારા સિવાય બીજે વિષયાદિકમાં ક્યાંય પણ મનને જવા ન દે. એવી જ રીતે તું એક મારી જ ભક્તિવાળો થા, પણ બીજા કોઈ દેવતાની નહીં. વળી, યજ્ઞાદિકમાં તું જે કાંઈ હોમ-હવન કર ત્યારે બ્રહ્માદિક દેવોમાં અંતર્યામીપણે રહેલા એક મારા જ યજન-પૂજન પરાયણ થા. તું મને સાષ્ટાંગ દંડવત્-પ્રણામ કર. **આવી રીતે અખંડ મારામય રહી મારા સ્વરૂપમાં જ તારા મનને જોડી રાખવાથી તું માયા પર દિવ્યધામમાં અનંતકોટિ મુક્તપુરુષોએ સેવેલા અને અમાપ આનંદના મહાસાગર એવા મને પુરુષોત્તને જ પામીશ.** ॥૩૪॥

अत्र नवमे परमेश्वरस्यानन्योपासनमसाधारणमैश्वर्यं चोक्तम् ।

इति श्रीसहजानन्दस्वामिशिष्यगोपालानन्दकृतायां भगवद्भावदीपिकायां श्रीभगवद्गीताटीकायां नवमोऽध्यायः ॥९॥

આ નવમા અધ્યાયમાં પરમેશ્વરની અનન્ય ભક્તિ, ઉપાસના તથા તેમનું અદ્વિતીય, અનુપમ ઐશ્વર્ય વર્ણવ્યું છે.

આ રીતે સર્વાવતારી શ્રીસહજાનંદસ્વામીના શિષ્ય સદ્.શ્રીગોપાળાનંદ-સ્વામી વિરચિત શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યના ગુજરાતી ભાવાનુવાદમાં 'ભગવાન શ્રીહરિની મહિમાએ સહિત એકાંતિકી ભક્તિનું પ્રતિપાદન કર્યું' એ નામે નવમો અધ્યાય પૂરો થયો. ॥૯॥



दशमोऽध्यायः

विभूतियोगः

इदानीं दशमेऽध्याये अनन्योपासनोत्पत्तये तद्वृद्ध्यर्थं च परमेश्वरस्य असाधारणमाहात्म्यं, समग्रस्य चिदचिद्वस्तुजातस्य तच्छरीरत्वात् तदात्मक-त्वेन तदधीनत्वं च, जगन्नियमनार्थं विभूतिवृन्दं च प्रपञ्च्यते ।

હવે આ દશમાં અધ્યાયમાં આટલી બાબતોનું વિવરણ કરાશે : (૧) પરમેશ્વરની અનન્ય ભક્તિની પ્રાપ્તિ તથા વૃદ્ધિને અર્થે પરમાત્માનો અસાધારણ મહિમા. (૨) જડ-ચેતનરૂપ ભૂત-પ્રાણીમાત્ર પરમાત્માનું શરીર હોવાથી અને પરમાત્મા તેમના શરીરી હોવાથી સર્વ ભૂત-પ્રાણીમાત્રનું આધીનપણું. (૩) જગતનું નિયમન કરવા માટેની વિભૂતિનો સમૂહ.

स्वमाहात्म्यं कथयितुं प्रीतः श्रीभगवानुवाच – भूय इति ।

श्रीभगवानुवाच –

भूय एव महाबाहो ! शृणु मे परमं वचः ॥
यत्तेऽहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया ॥१॥

हे महाबाहो ! प्रीयमाणाय – ममानन्योपासनमसाधारणैश्वर्यं च श्रुत्वा आनन्दं प्राप्ताय, ते – तुभ्यम्, हितकाम्यया – इहामुत्र हितेच्छया, परमम् – मम भक्त्युत्पत्तिवृद्धिकरत्वात् माहात्म्यज्ञानकरत्वाच्च श्रेष्ठं, यद्वचः भूयः – पुनरहं वक्ष्यामि – वदिष्यामि, तत् त्वं सावधानः सन् शृणु ॥१॥

❋ માહાત્મ્યજ્ઞાનની મહત્તા :

"હે મહાબાહુ અર્જુન ! મારી એકાંતિકી ભક્તિ અને અદ્વિતીય ઐશ્વર્યને સાંભળીને તને આનંદ થાય છે. તેથી તારું આ લોક અને પરલોકમાં હિત કરવાની ઇચ્છાથી મારી ભક્તિની ઉત્પત્તિ તથા તેની વૃદ્ધિ કરાવનાર અને મારા માહાત્મ્યજ્ઞાનને જણાવનાર એવું મારું શ્રેષ્ઠ વચન હું તને ફરીથી કહીશ; તે તું સાવધાન થઈને સાંભળ. ॥૧॥

तदेव विवृणोति – नेति ।

न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ॥
अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः ॥२॥

सुरगणाः – सर्वे देवगणाः, महर्षयश्च – पुष्कलज्ञानवन्तोऽपि, मे – मम प्रभवम् – महत्त्वं प्रभावमिति यावत्, न विदुः – ममाभिधानचरित्रस्वरूपस्वभावगुणादीनामियत्तां न बुद्ध्यन्ते इत्यर्थः । कस्मादिति चेत्तत्राह – सर्वशः – सर्वेषां देवानां महर्षीणां च, आदिः – कारणम् अहमस्मि । हि – निश्चितम् । तेषां पुण्यकर्माऽनुगुणं मया परिमितज्ञानं दत्तम्, अतस्ते यथावन्न जानन्तीत्यर्थः ॥२॥

હે અર્જુન ! ખરેખર સર્વે દેવતાના સમૂહો તથા પુષ્કળ જ્ઞાનવાળા મોટા ઋષિઓ પણ મારા મહિમા કે પ્રભાવને નથી જાણતા. એટલે કે, મારાં નામ, મારાં ચરિત્ર, મારું સ્વરૂપ, મારા સ્વભાવ અને મારા ગુણો વગેરે આટલાં કે આવાં જ છે, એમ કોઈ નથી જાણતું. શા માટે ? તો, સર્વે દેવો અને સર્વે મોટા મોટા ઋષિઓનું હું કારણ છું. એટલે કે, મેં તે સર્વેને તેમનાં શુભ કર્મને અનુસારે તેમને સીમિત જ્ઞાન આપ્યું છે. તેથી તે સર્વે મારાં નામ, ચરિત્ર, સ્વરૂપ, સ્વભાવ અને ગુણ વગેરેને યથાર્થપણે જાણતા નથી. ॥૨॥

ऋषिदेवगणैरचिन्त्यमहिम्नो मम स्वरूपज्ञानं मदुपासनोत्पत्तिवृद्धि-रोधकपापमोचनसाधनमस्तीत्याह – य इति ।

यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम् ॥
असम्मूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते ॥३॥

अजम् – कर्मबद्धजीववन्न जायते इत्यजः, जनकल्याणार्थं परमकृपया स्वातन्त्र्यात् भूतले गृहीतजन्मेत्यर्थः, तम् । अनादिं च – आदिमज्ज्ञानेन न संयुतम्, उक्तवज्ज्ञानस्य नास्ति आदिः – प्राथम्यं यस्य अनादिज्ञान-वानित्यर्थः, यद्वा नास्ति आदिः – कारणं यस्य, सर्वकारणमित्यर्थः तथा भूतम् । लोकमहेश्वरम् – लोकानामल्पज्ञक्षेत्रज्ञानामीश्वराणां च कैवल्यमुक्तानां च तन्निवासस्थानानां च महान्तमीश्वरम् । एतैः त्रिभिर्विशेषणैः परिणाम्य-चेतनद्रव्यात्तन्मिश्रबद्धक्षेत्रज्ञाच्च प्रकृतिमुक्तक्षेत्रज्ञाच्च नित्यमुक्ताक्षरब्रह्मणः सकाशाच्च स्वस्यातिविलक्षणत्वम् उक्तम् । एतादृशं मां यो वेत्ति – जानाति, स जनः मर्त्येषु – मनुष्येषु, असम्मूढः – मत्स्वरूपे विपरीतज्ञानरहितः सन्, सर्वपापैः – मदुपासनोद्भवोपचयावरणकरैः सकलकिल्बिषैः कर्तृभिः प्रमुच्यते – सर्वेभ्यो भक्तिविरोधिपापेभ्यो मुक्तो भवतीत्यर्थः ।।३।।

હે અર્જુન ! જે ભક્ત મને અજ, અનાદિ અને સર્વ લોકનો મહેશ્વર જાણે છે, તે ભક્ત સર્વે મનુષ્યોમાં જ રહેતો થકો મારા આ યથાર્થ જ્ઞાનને કારણે સર્વ પાપોથી મુક્ત થઈ જાય છે.

અજ એટલે શું ? તો, બદ્ધ જીવની જેમ હું કર્મને વશ થઈને જન્મતો નથી, પણ કેવળ જીવોનાં કલ્યાણ અર્થે પરમ દયાને કારણે સ્વતંત્રપણે જ પૃથ્વી ઉપર જન્મ ધારણ કરું છું. **અનાદિ એટલે શું ?** તો, જેનો કોઈ આદિ - પ્રારંભ જ નથી એવા જ્ઞાનવાળો હું છું. હું જે કાંઈ કહી રહ્યો છું તે મારું જ્ઞાન અનાદિકાળથી સહજ સિદ્ધ છે, પણ કોઈ સાધનો વડે કે કોઈ વ્યક્તિ પાસેથી મેળવેલું નથી. અથવા જેનું કોઈ

કારણ જ નથી એવો હું અકારણ છતાં સર્વનું કારણ છું. **લોકમહેશ્વર એટલે શું ?** તો, અલ્પજ્ઞ એવા તમામ જીવો, ઈશ્વરો અને કૈવલ્યમુક્તોનો હું સહુથી મહાન નિયંતા છું. વળી, એ સર્વેને રહેવાનાં જે જે સ્થાનો છે, તે સર્વેનો પણ હું જ સ્વામી છું. એટલે કે, તે તે લોકાધિપતિઓનો પણ હું મહા અધિપતિ છું.

અજ, અનાદિ અને લોકમહેશ્વર – આ મારાં ત્રણ વિશેષણોને કારણે અનુક્રમે મારા સિવાયના ત્રણ પ્રકારના સમૂહોથી હું સર્વ પ્રકારે શ્રેષ્ઠ છું; એવું સિદ્ધ થાય છે. **કયા તે ત્રણ સમૂહો ?** તો, (૧) સતત પરિણામ પામનાર એવી માયામાંથી થયેલ જડ દ્રવ્યનો સમૂહ. (૨) તે જડ માયાની સાથે ભળીને રહેતા એવા બદ્ધ આત્માઓનો સમૂહ. (૩) માયા થકી હમણાં મુકાયેલા મુક્તો અને અનાદિમુક્તો તથા અક્ષરબ્રહ્મ. આવી રીતે જે ભક્ત મારા મહિમાને યથાર્થપણે જાણે છે, તે મારી ભક્તિની પ્રાપ્તિ અને તેની વૃદ્ધિમાં અંતરાય કરનારાં સર્વે પાપો થકી મુકાઈ જાય છે. ॥૩॥

स्वस्य बुद्ध्यादिकारणत्वमाह श्लोकद्वयेन – बुद्धिरिति, अहिंसेति ।

बुद्धिर्ज्ञानमसम्मोहः क्षमा सत्यं दमः शमः ॥
सुखं दुःखं भवोऽभावो भयं चाभयमेव च ॥४॥

अहिंसा समता तुष्टिस्तपो दानं यशोऽयशः ॥
भवन्ति भावा भूतानां मत्त एव पृथग्विधाः ॥५॥

बुद्धिः – अर्हानर्हकार्यविवेककौशल्यं, ज्ञानम् – चेतनाचेतनपदार्थ-भेदानां तत्त्वतो वेदनम्, असम्मोहः – विपरीतज्ञानराहित्यं, क्षमा – चेतो-विकृतिकारणे सत्यपि अविकृतचेतस्त्वं, सत्यम् – स्वपरद्रोहरहितत्वेन यथार्थभाषणं, दमः – चक्षुरादीन्द्रियाणां शास्त्रनिषिद्धरूपादिविषयेभ्यः संयमनं, शमः – चेतसः शास्त्राविहितविषयेभ्यो निरोधनं, सुखम् – स्वो-

पयोग्यनुभवः, दुःखम् – तद्विपरीतं, भवः – उत्पत्तिः, अभावः – तद्विपरीतः, भयञ्च – त्रासः, अभयं च – तद्रहितता ।

अहिंसा – परपीडाहीनत्वं, समता – स्वस्मिन् निजस्य मित्रेषु शत्रुषु च सुखदुःखयोः समचित्तत्वं, तुष्टिः – प्रारब्धप्राप्तेनान्नादिना सन्तोषः, तपः – शास्त्रविहितभोगसङ्कोचः, दानम् – न्यायोत्पादितानामन्नधनवस्त्रादीनां तद्ग्रहणयोग्येषु सुपात्रेषु समर्पणं च, यशः – सौजन्यकीर्तिः, अयशः – दौर्जन्यापकीर्तिः, एते पृथग्विधाः – नानाविधाः, भूतानाम् – जनानां बुद्ध्यादयो भावाः, मत्त एव – तत्कर्मानुगुणं मत्सङ्कल्पादेव भवन्ति ।४–५।

✱ ગુણમાત્ર ગોવિંદમાંથી આવે છે :

હે અર્જુન ! જીવાત્માઓમાં રહેલી ભિન્ન-ભિન્ન પ્રકારની આટલી બાબતો મારે કારણે જ પ્રાપ્ત થાય છે : **કઈ કઈ બાબતો મારે લઈને પ્રાપ્ત થાય છે ?** તો, **બુદ્ધિ** – કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય કાર્યનો વિવેક કરવાની કુશળતા; ડહાપણ. **જ્ઞાન** – જડ તથા ચેતન પદાર્થના સર્વે ભેદોની યથાર્થ સમજણ. **અસંમોહ** – દુઃખમાં સુખબુદ્ધિ કે દેહમાં આત્મબુદ્ધિ જેવા ઊંધા જ્ઞાનનો સમૂળ અભાવ. **ક્ષમા** – અંતઃકરણમાં વિકાર પેદા થાય એવું કોઈ નિમિત્ત બનવા છતાં પણ વિકારે રહિત રહેવાપણું. **સત્ય** – પોતાનો અને બીજાનો દ્રોહ ન થાય તેવું યથાર્થ બોલવું. **દમ** – પોતાના ધર્મથી વિરુદ્ધ વિષયોમાં જતાં નેત્રાદિક ઇન્દ્રિયોને તે તે વિષય થકી પાછાં વાળીને નિયમમાં રાખવાપણું. **શમ** – પોતાના ધર્મથી વિરુદ્ધ વિષયોમાં જતાં અંતઃકરણને તે તે વિષય થકી પાછું વાળીને નિયમમાં રાખવાપણું. **સુખ** – પોતાને ઉપયોગી કે અનુકૂળ આવે એવો અનુભવ. **દુઃખ** – પોતાને પ્રતિકૂળ-ન જ ગમે એવો અનુભવ. **ભવ** – દેહાદિક પદાર્થની પ્રાપ્તિ. **અભાવ** – મળેલ પદાર્થનો નાશ. **ભય** – ત્રાસ થવો કે ઉદ્વેગ થવો. **અભય** – નિર્ભયપણું.

અહિંસા – કોઈ પણ ભૂતપ્રાણીમાત્રને પીડા ન પહોંચાડવી. **સમતા** - પોતાને અને પોતાના શત્રુ કે મિત્રને થનારી સુખ કે દુ:ખની પ્રાપ્તિમાં સમાન ચિત્ત રહેવું. **તુષ્ટિ** – પોતાનાં પ્રારબ્ધકર્મને અનુસારે મળેલાં અન્નાદિક પદાર્થથી જ સંતોષ રાખવો. **તપ** – શાસ્ત્રસંમત ભોગનો પણ સંકોચ કરવો-ઓછા ભોગવવા. **દાન** – ન્યાયથી પ્રાપ્ત કરેલ અન્ન-ધન-વસ્ત્રાદિક પદાર્થ સત્પાત્રને અર્પણ કરવાં. **યશ** – લોકમાં સજ્જનતાની કીર્તિ, સારા માણસ તરીકેની પ્રખ્યાતિ અને **અયશ** – લોકમાં દુર્જનતાની અપકીર્તિ, ખરાબ માણસ તરીકેની કુખ્યાતિ – **આવી ઘણી બધી બાબતો તે તે જીવને તેનાં કર્માનુસારે મારા સંકલ્પથી જ પ્રાપ્ત થાય છે.** ॥૪-૫॥

समग्रस्य चराचरस्योद्भवस्थानयोः कर्तारः सर्वे मदधीना इत्याह – महर्षय इति।

महर्षयः सप्त पूर्वे चत्वारो मनवस्तथा ।।
मद्भावा मानसा जाता येषां लोक इमाः प्रजाः ।।६ ।।

पूर्वे – गतमन्वन्तरे, ये सप्त महर्षयः – भृग्वादयः सप्तर्षयः सृष्टिक्रियाप्रवर्तकाः, मानसाः – मत्सङ्कल्पाधीनस्य ब्रह्मणो मनसः सकाशादुत्पन्ना इत्यर्थः । तथा चत्वारो मनवः – स्वायम्भवादयः स्थिति-क्रियाप्रवर्तकाः, ते उभये, मद्भावाः – मत्तो भावः – प्रभावो येषां ते, मदधीनैश्वर्या इत्यर्थः । येषां लोके प्रवर्तमाना इमाः पुत्रपौत्रादिरूपाः शिष्यप्रशिष्यादिरूपाश्च प्रजाः जाताः सत्यः प्रवर्तन्ते ।।६ ।।

હે અર્જુન ! હાલ આ લોકમાં જે કાંઈ મનુષ્યો છે, તે સર્વે જેઓની પુત્રપરંપરા કે શિષ્યપરંપરામાં આવેલા છે, તે સર્વે મોટા પુરુષો મારા થકી જ પ્રતાપ પામેલા છે.

એ મોટા પુરુષો એટલે કોણ ? તો, ગત મન્વંતરમાં જગતને સર્જવાની ક્રિયાના પ્રવર્તાવનારા અને મારા સંકલ્પને કારણે બ્રહ્માજીના મન

થકી જન્મેલા એવા સાત મહર્ષિઓ. અર્થાત્ ભૃગુ આદિક સપ્તર્ષિઓ. તથા જગતની સ્થિતિ ક્રિયાને પ્રવર્તાવનારા સ્વાયંભૂ આદિક ચાર મનુઓ – આ અગિયારેય પુરુષો મારા થકી જ પ્રભાવ-સામર્થ્ય પામ્યા છે. એટલે કે, તેઓ મારે આધીન ઐશ્વર્યવાળા છે. આ લોકમાં તેમના પુત્ર-પૌત્રાદિકરૂપે અને શિષ્ય-પ્રશિષ્યાદિકરૂપે તેમની જ સર્વે પ્રજા પ્રવર્તી રહી છે. ॥૬॥

किञ्च – एतामिति ।

एतां विभूतिं योगं च मम यो वेत्ति तत्त्वतः ॥
सोऽविकम्पेन योगेन युज्यते नात्र संशयः ॥७॥

एताम् – समग्रस्य मदधीनस्थानप्रवर्तनतया प्रतीयमानां, मम विभूतिम् – ऐश्वर्यम्, योगं च – निर्दोषनित्यमङ्गलगुणगणसंयोगं च, तत्त्वतः – यथावत्, यो वेत्ति – जानाति, सः अविकम्पेन – निश्चलेन, योगेन – मद्भक्तियोगेन, युज्यते – युक्तो भवति । अत्र मदुक्ते वचसि संशयः – सन्देहो नास्ति । मम विभूतिज्ञानं निर्दोषगुणगणज्ञानं च भक्तिवृद्धिकरम् इत्यभिप्रायः ॥७॥

હે અર્જુન ! **આ સમગ્ર જગતની એક સરખી સ્થિતિ-સ્થિરતા અને પ્રવૃત્તિ-ગતિશીલતા એ બંને મને જ આધીન છે.** એટલે કે, મારે લઈને જ આ આખું જગત હરેક અવસ્થામાં ચાલી રહ્યું છે. તે મારી વિભૂતિ એટલે કે, અનુપમ ઐશ્વર્ય છે. વળી, મારામાં અવિનાશી અને તમામ દોષે રહિત એવા મંગલકારી અનંત ગુણના સમૂહો રહેલા છે. આ મારી વિભૂતિ અને દિવ્યગુણરૂપ સંપત્તિને જે ભક્ત યથાર્થપણે જાણે છે, તે ભક્ત ભૂંડાં દેશકાળાદિકે કરીને પણ નાશ ન થાય એવા મારા ભક્તિયોગથી યુક્ત થાય છે. આ મારા વચનમાં લેશમાત્ર પણ સંશય નથી. અર્થાત્ **મારી વિભૂતિનું જ્ઞાન અને મારામાં રહેલા નિર્દોષ કલ્યાણકારી ગુણોના સમૂહનું જ્ઞાન મારી ભક્તિમાં વૃદ્ધિ કરાવનારું છે.** ॥૭॥

भक्तिवृद्धिजनकं स्वस्य सर्वकारणत्वं सर्वप्रवर्तकत्वं च निरूपयति – अहमिति ।

अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते ॥
इति मत्वा भजन्ते मां बुधा भावसमन्विताः ॥८॥

सर्वस्य – समग्रस्य जगतः, प्रभवः – उद्भवः कारणमहमस्मि। मत्तः – मत्सङ्कल्पादेव, सर्वं विश्वं स्थितिकाले प्रवर्तते। इति – इदं मम स्वभावसिद्धं स्वतन्त्रैश्वर्यं वात्सल्यादिमङ्गलगुणनिकरयोगं च, मत्वा – अवबुध्य, बुधाः – विवेकनिपुणाः, भावसमन्विताः – मयि सप्रेममनोवृत्तियुक्ताः सन्तः, माम् – सौन्दर्यगाम्भीर्यसौशील्यमाधुर्यलावण्यादिसर्वगुणवृन्दसंयुक्तं भक्तिमद्देवकीतनयं, भजन्ते – सेवन्ते उपासते इति यावत्॥८॥

❋ પ્રભુપ્યારા જ્ઞાની સંતોના ગુણો :

વળી, આ જડ-ચેતનરૂપ સમગ્ર જગતની ઉત્પત્તિનું કારણ હું છું. અને મારા સંકલ્પથી જ આ સમગ્ર જગત સ્થિતિકાળે પ્રવર્તી રહ્યું છે. એટલે કે, સર્વને કર્મફળ આપનારા એવા મારા સંકલ્પથી જ સર્વે પોતપોતાની ક્રિયામાં પ્રવર્તે છે. આ રીતના મારા અનાદિસિદ્ધ સ્વતંત્ર ઐશ્વર્યને અને વાત્સલ્ય વગેરે મંગલકારી અનંત ગુણોને યથાર્થપણે જાણીને સાર-અસારનો વિવેક કરવામાં અતિશય ડાહ્યા એવા ભક્તો, મારામાં પ્રેમયુક્ત મનવાળા થઈને મને ભજે છે. એટલે કે, સુંદરતા, ગંભીરતા, અતિ સરળતા, મધુરતા, લાવણ્યતા વગેરે સર્વે શુભગુણમાત્રના સાગર એવા દેવકીપુત્ર મને જ સેવે છે - ઉપાસે છે. ॥૮॥

सप्रेमभजनप्रकारमाह – मच्चित्ता इति ।

मच्चित्ता मद्गतप्राणा बोधयन्तः परस्परम् ॥
कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च ॥९॥

मच्चित्ताः – मयि अनवधिकातिशयानन्दे सर्वेश्वरे एव चित्तं येषां ते, अन्यत्रोदासीना इत्यर्थः । मद्गतप्राणाः — मामेव गताः – प्राप्ताः प्राणा, इन्द्रियाणि येषां ते, यद्वा मयि गतः प्राणः – जीवितं येषां ते, मामृते देहे स्थातुमशक्या इत्यर्थः । परस्परं बोधयन्तः — सत्समागमेन ज्ञातान् सत्यशौचादिमद्गुणा-नन्योन्यमनुशीलयन्तः, नित्यम् – सदा मां कथयन्तश्च प्रेमास्पदान्यप्राकृतानि मम जन्मकर्माणि परस्परं कथयन्तः सन्तः, तुष्यन्ति च — आनन्दभरेण सन्तुष्टा भवन्ति । रमन्ति च – मम प्राकृतानि वा संस्कृतानि गद्यपद्यादीनि गायन्तः सन्तः करतालीवादनादिभिः रमन्ते – क्रीडन्ति ।।९।।

तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ॥
ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ॥१०॥

तेषामिति । एवं प्रीतिपूर्वकं भजताम् – सप्रेमभजमानानां, सतत-युक्तानाम् – मम सदा संयोगं काङ्क्षमाणानां, तेषाम् – उक्तलक्षणानां भक्तानां तम् – "कश्चिन्मां वेत्ति तत्त्वतः"(गीता.७/३) "न मां कर्माणि लिम्पन्ति न मे कर्मफलेस्पृहा। इति मां योऽभिजानाति"(गीता.४/१४) "यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम्"(गीता.१०/३) इत्यादिवचनैरुक्तं बुद्धि-योगम् – मम माहात्म्यज्ञानसंयोगं, अहं ददामि । येन बुद्धियोगेन ते जनाः, माम् – अनवधिकातिशयानन्दं पुरुषोत्तमं श्रीकृष्णम्, उपयान्ति – मम समीपसेवां प्राप्नुवन्तीत्यर्थः ।।१०।।

મહિમાવાળા સંતો-ભક્તો કેવી રીતે મારામય રહે છે ? તો, અમાપ આનંદવાળા અને સર્વેશ્વર એવા મારા સ્વરૂપમાં જ ચિત્ત રાખે છે. મારી મૂર્તિ સિવાય બીજી તમામ બાબતમાં ઉદાસ રહે છે. મારી સાથે જ તેમનાં સર્વે ઈન્દ્રિયો જોડાયેલાં રહે છે. અથવા મારે આધારે જ તેમનું જીવન જીવાઈ રહ્યું હોય છે. મારા વિના તેઓ દેહમાં રહેવા સમર્થ હોતા નથી.

સંતોના સમાગમથી જાણેલા મારા ગુણોનું પરસ્પર ગુણગાન કરતા રહે છે. અતિ પ્રિય એવાં મારાં દિવ્ય ચરિત્રોને પરસ્પર સદા કહેતા રહે છે. આ રીતે અખંડ મારી ભક્તિના મહાઆનંદથી જ સંતુષ્ટ રહે છે. વળી, ઘણીવાર તો સંસ્કૃત કે પ્રાકૃત સ્તોત્ર, કીર્તન વગેરેને ગાતા થકા તબલાં-ઢોલકાં વગેરે વાજિંત્રોએ સહિત રાસ વગેરેની ક્રીડા કરે છે.

આ રીતે પ્રેમે સહિત મારું ભજન કરનારા, સદા મને પામી જવાની કે સતત મારી સાથે જોડાયેલા રહેવાની લગનીવાળા એવા તે મારા સંતો-ભક્તોને હું પોતે જ તે બુદ્ધિયોગ આપું છું, કે જે બુદ્ધિયોગથી તેઓ મને તત્કાળ પામી જાય.

બુદ્ધિયોગ એટલે શું ? તો, અત્યાર સુધીમાં મેં તને જે મારો મહિમા સંભળાવ્યો છે, તેવા મહિમાની પ્રાપ્તિ થાય તેને બુદ્ધિયોગ થયો કહેવાય. ઉપર કહ્યું એ રીતે મહિમા તથા પ્રીતિએ સહિત મને સતત ભજી રહેલા મારા વહાલા સંતો-ભક્તોને હું જ મારા સર્વશ્રેષ્ઠ મહિમાની દૃઢતા કરાવું છું. તેથી તેઓ સર્વશ્રેષ્ઠ આનંદના સાગર એવા મને પુરુષોત્તમ શ્રીકૃષ્ણને પામે છે. અર્થાત્ સદા મારી સમીપની સેવામાં રહે છે. ॥૯-૧૦॥

केवलं बुद्धियोगदानेनैव सन्तुष्टो न भवामि । किन्त्वज्ञानजं समग्र-दोषनिकरमपि नाशयामीत्याह – तेषामिति ।

तेषामेवानुकम्पार्थमहमज्ञानजं तमः ॥
नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता ॥११॥

तेषाम् - उक्तानां मद्भक्तानामेव, अनुकम्पार्थम् - अनुग्रहाय, अज्ञानजम् – अज्ञानात् - ज्ञानरोधकप्राक्तनाशुभकर्मनिकराज्जातं, तमः - तमोरूपं लोभकामक्रोधमानादिदोषनिकरम्, अहं नाशयामि - हन्मि । कुत्र स्थितः सन् केनोपायेन वा तत् हन्सीति चेत्तत्राह – आत्मभावस्थः –

आत्मा तेषां मनः, तस्य भावो – वृत्तिः, तत्र स्थितः, तेषां हृदि निर्लोभ–निष्कामादिगुणवृन्दं प्रकटयन् सन् भास्वता – प्रकाशमानेन, ज्ञानदीपेन — ज्ञानेन – नश्वरप्राकृतवस्तुषु दोषेक्षारूपेण मन्माहात्म्यज्ञानरूपेण च दीपेन, नाशयामि – क्षयं प्रापयामि । तथा चोक्तम् – "यथार्चिष्मानूर्ध्वशिखः कक्षं दहति सानिलः । तथा चित्तस्थितो विष्णुर्योगिनां सर्वकिल्बिषम्"(वि.पु.६/७/७४) इति ।।११।।

હે અર્જુન ! હું તે સંતો-ભક્તોને કેવળ મારા માહાત્મ્યજ્ઞાનનું દાન દઈને સંતુષ્ટ થઈ જતો નથી; પરંતુ તેમના ઉપર કૃપા કરવા માટે તેના મનની વૃત્તિમાં રહીને તેના અજ્ઞાનજન્ય તમામ દોષોનો હું પોતે નાશ કરી નાખું છું.

મારા સંતો-ભક્તોના દોષો હું કેવી રીતે નાશ કરું છું ? તો, પ્રથમ તેમના **હૃદયમાં હું નિર્લોભ-નિષ્કામાદિક કલ્યાણકારી ગુણોના** સમૂહને પ્રગટ કરું છું. પછી અતિ પ્રકાશમાન એવો **જ્ઞાનરૂપી દીવો** પ્રગટાવું છું. એટલે કે, નાશવંત એવી તમામ માયિક વસ્તુમાં દોષદૃષ્ટિ અને મારા માહાત્મ્યનું જ્ઞાન પ્રકાશી આપું છું. પછી તે જ્ઞાનરૂપી દીપકથી પૂર્વનાં અશુભ કર્મને કારણે પેદા થયેલા અને દિવ્યજ્ઞાનના અવરોધક એવા અંધકારરૂપ લોભ, કામ, ક્રોધ અને માનાદિક તમામ દોષોનો નાશ કરું છું." ।।૧૧।।

सङ्क्षेपेणोक्तौ यौ विभूतियोगौ, तौ विस्तरेण ज्ञातुकामोऽर्जुनः श्रीकृष्णं स्तुवन्सन्नुवाच — परं ब्रह्मेति सप्तभिः ।

अर्जुन उवाच —

परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान् ।।
पुरुषं शाश्वतं दिव्यमादिदेवमजं विभुम् ।।१२।।

परं ब्रह्म परं धाम सर्वाधाररूपं परमं पवित्रं यत् श्रुतिस्मृतयो ब्रुवन्ति, तदेव भवान्नस्ति । ताः श्रुतिस्मृतयः – "नारायणः परं ब्रह्म तत्त्वं

नारायणः परम्"(नर.पु.६४/६३) इति। "पवित्राणां पवित्रं च मङ्गलानां च मङ्गलम्"(ब्रह्माण्डपु.म.१९/२८) इति। "ब्रह्मैव सन् ब्रह्माप्येति"(सुबालो.३) "आत्माधारोऽखिलाश्रयः"(भाग.११/९/१७) इत्याद्याः। शाश्वतम् – नित्यं दिव्यं पुरुषमजमादिदेवं विभुं त्वामेव सर्वर्षय आहुरित्युत्तरेणान्वयः।।१२।।

आहुस्त्वामृषयः सर्वे देवर्षिर्नारदस्तथा ।।
असितो देवलो व्यासः स्वयं चैव ब्रवीषि मे ।।१३।।

ते के ? देवर्षिर्नारदः, तथा असितः, देवलः – धौम्यस्य ज्येष्ठो भ्राता च, व्यासः – भगवान् कृष्णद्वैपायनश्चेत्याद्या महर्षयः, स्वयमेव च त्वं मे – मह्यं ब्रवीषि। तथा प्रमाणानि –

एष नारायणः श्रीमान् क्षीरार्णवनिकेतनः। नागपर्यङ्कमुत्सृज्येहागतो मथुरां पुरीम्।।१।। पुण्या द्वारवती तत्र यत्रास्ते मधुसूदनः। साक्षाद्देवः पुराणोऽसौ स हि धर्मः सनातनः।।२।। ये च वेदविदो विप्रा ये चाध्यात्मविदो जनाः। ते वदन्ति महात्मानं कृष्णं धर्मं सनातनम्।।३।। पवित्राणां हि गोविन्दः पवित्रं परमुच्यते। पुण्यानामपि पुण्योऽसौ मङ्गलानां च मङ्गलम्।।४।। त्रैलोक्यं पुण्डरीकाक्षो देवदेवः सनातनः। आस्ते हरिरचिन्त्यात्मा तत्रैव मधुसूदनः।।५।।(म.भा.आर.८६/२१-२४) यत्र नारायणो देवः परमात्मा समाहितः। तत्र कृत्स्नं जगत् पार्थ! तीर्थान्यायतनानि च।।६।। तत् पुण्यं तत् परं ब्रह्म तत्तीर्थं तत्तपोवनम्। तत्र देवर्षयः सिद्धाः सर्वे चैव तपोधनाः।।७।। आदिदेवो महायोगी यत्रास्ते मधुसूदनः। पुण्यानामपि तत्पुण्यं माभूत्ते संशयोऽत्र वै।।८।।(म.भा.आर.८८/२५-२७) कृष्ण एव हि लोकानामुत्पत्तिरपि चाप्ययः। कृष्णस्य हि कृते भूतमिदं विश्वं चराचरम्।।९।।(म.भा.सभा.३५/२२) इत्यादीन्यृषिवाक्यानि। "मत्तः परतरं

नान्यत् किञ्चिदस्ति धनञ्जय!"(गीता.७/७) "अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते"(गीता.१०/८) इत्यादीनि श्रीकृष्णवाक्यानि च ।।१३।।

અગાઉ પ્રભુએ અતિ સંક્ષેપમાં વર્ણવેલ તેમની વિભૂતિ અને યોગને વધુ વિસ્તારથી જાણવા માટે હવે અર્જુન શ્રીકૃષ્ણને સ્તુતિ કરતા થકા પૂછે છે : "હે પ્રભુ ! સર્વે વેદો તથા સ્મૃતિઓ જેને પરબ્રહ્મ, સર્વના આધાર અને પરમ પવિત્ર કહે છે, તે ખરેખર આપ જ છો. એટલું જ નહિ પરંતુ દેવર્ષિ નારદ, અસિત ઋષિ, દેવલ ઋષિ અને ભગવાન વ્યાસ વગેરે સર્વે ઋષિઓ તમને શાશ્વત-અવિનાશી, દિવ્ય, પુરુષ, સર્વ વ્યાપક, અજન્મા અને આદિદેવ એટલે કે સર્વના કારણ કહે છે. અને આપ પોતે પણ મને એ બધી બાબત કહો છો. એટલે કે, આપનું પણ એ બધી બાબતમાં મને સમર્થન મળી રહ્યું છે. ॥૧૨-૧૩॥

सर्वमेतदृतं मन्ये यन्मां वदसि केशव ! ।।
न हि ते भगवन्! व्यक्तिं विदुर्देवा न दानवाः ।।१४।।

सर्वमिति। हे केशव! मां प्रति यद्वाक्यं त्वं वदसि ऋषयः चोचुः तदेतत्सर्वं ऋतं मन्ये। सम्बन्धित्वमित्रत्वशिष्यत्वप्रपन्नत्वादिविशेषण–युक्तत्वादहं तत्सत्यं जानामीत्यर्थः। हे भगवन्! ते – सर्वैश्वर्यसद्गुण–सागरस्य तव, व्यक्तिम् – देवमनुष्यत्वेन प्रादुर्भावं, देवाः – परिमितज्ञानाः विबुधा न विदुः। हि – निश्चितम्। 'अस्मदनुग्रहाय भगवतोऽयं प्रादुर्भावः' इति न जानन्तीत्यर्थः। दानवाश्च ते व्यक्तिं न विदुः – 'अस्मत्संयमनार्थमियं व्यक्तिः' इति न विदन्तीत्यर्थः ।।१४।।

હે કેશવ ! આપ મને જે કાંઈ કહો છો તથા નારદાદિક ઋષિઓ પણ આપના વિશે જે કાંઈ કહે છે, તે સર્વેને હું પરમ સત્ય માનું છું. કેમ જે, હું આપનો સંબંધી છું, મિત્ર છું, શિષ્ય છું, શરણાગત છું. અર્થાત્ આપણા બેની વચ્ચે આવા અત્યંત નિકટના ઘણાક સંબંધો હોવાથી હું

આપનાં તે સર્વ સામર્થ્યને સત્ય જ જાણું છું. પરંતુ હે ભગવન્ ! સમગ્ર ઐશ્વર્ય અને કલ્યાણકારી ગુણોના સમુદ્ર એવા આપનો દેવ કે મનુષ્યરૂપે જે પ્રાદુર્ભાવ થાય છે, તેને સીમિત જ્ઞાનવાળા દેવો યથાર્થ જાણતા નથી. અર્થાત્ 'અમારી ઉપર અનુગ્રહ કરવા માટે જ ભગવાનનો આ અવતાર થયો છે' એમ તે દેવ નથી જાણતા. વળી, આપના અવતારને દાનવો પણ નથી જાણતા. અર્થાત્ 'અમારું નિયમન કરવા માટે આ અવતાર થયો છે' એમ નથી જાણતા. ॥૧૪॥

यथावस्थितं तव स्वरूपं त्वमेव जानासीत्याह – स्वयमिति ।

स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तम ! ॥
भूतभावन ! भूतेश ! देवदेव ! जगत्पते ! ॥१५॥

हे पुरुषोत्तम ! – हे सर्वपुरुषोत्कृष्ट ! आत्मानम् – यथावस्थितस्वरूपं, स्वयमेव आत्मना – स्वबुद्ध्या, त्वं वेत्थ – जानासि । हे भूतभावन ! – भूतोद्भवकर्तः !, हे भूतेश ! – सर्वभूतनियामक !, हे देवदेव ! – सर्व-देवतानामपि परमदैवत !, यथा देवा मनुष्यादिभ्यः स्वरूपस्वभावगुणै-रुत्कृष्टास्तथा तेभ्यः सर्वप्रकारैस्त्वमुत्कृष्टतमोऽसीत्यर्थः । हे जगत्पते ! – जगद्रक्षक ! ।।१५।।

वक्तुमर्हस्यशेषेण दिव्या ह्यात्मविभूतयः ॥
याभिर्विभूतिभिर्लोकानिमांस्त्वं व्याप्य तिष्ठसि ॥१६॥

वक्तुमिति । हे पूर्वोक्तसम्बोधनविशिष्टभगवन् ! दिव्याः – लोके प्रकाशमानाः विख्याता इति यावत् । याः आत्मनः – भवतो, विभूतयः – सर्वेषां धारणपोषणनियमनरक्षणाद्यर्थमैश्वर्यविशिष्टा भावाः सन्ति, ता अशेषेण – समग्रतः वक्तुमर्हसि । याभिर्विभूतिभिः इमान् लोकान् व्याप्य त्वं तिष्ठसि – स्थितोऽसि ।।१६।।

હે પુરુષોત્તમ ! એટલે કે, પુરુષમાત્રમાં સર્વશ્રેષ્ઠ; હે હરિ ! જેવું તમારું સ્વરૂપ છે, તેવું તો તમારી બુદ્ધિશક્તિથી એક આપ જ જાણો છો. હે ભૂતભાવન ! એટલે કે, સર્વ ભૂત-પ્રાણીમાત્રને પોતપોતાનાં કર્મ અનુસારે સારા-નરસા દેહાદિકને પમાડનાર; હે શ્રીકૃષ્ણ ! હે ભૂતેશ ! એટલે કે સર્વ ભૂત-પ્રાણીમાત્રને નિયમમાં રાખનાર; હે સર્વેશ્વર ! હે દેવદેવ ! એટલે કે સર્વ દેવોથી પણ સર્વ પ્રકારે સર્વોત્કૃષ્ટ એવા; હે પ્રભુ ! અર્થાત્ સ્વરૂપ, સ્વભાવ અને ગુણોને કારણે જેમ મનુષ્યો કરતાં દેવો શ્રેષ્ઠ છે તેમ તે બધા દેવો કરતાં તમે સર્વપ્રકારે શ્રેષ્ઠતમ છો. હે જગત્પતે ! એટલે કે સમગ્ર જગતની રક્ષા કરનાર; હે નાથ ! ખરેખર આપને તો એક આપ જ યથાર્થપણે જાણી શકો છો. માટે આપ આપની જે વિભૂતિઓ દ્વારા આ તમામ લોકોને વ્યાપીને રહ્યા છો, તે તમારી લોકપ્રસિદ્ધ વિભૂતિઓ મને સંપૂર્ણપણે કહેવા કૃપા કરો.

તમારી વિભૂતિ એટલે શું ? તો, સર્વનું ધારણ, પોષણ, નિયમન અને રક્ષણ વગેરે કાર્ય કરવા માટે જેમાં તમે તમારું ઐશ્વર્ય મૂક્યું કે પ્રગટ કર્યું હોય એવા જડ કે ચેતન પદાર્થો. એવી આપની વિભૂતિઓને આપ જ યથાર્થપણે કહેવા યોગ્ય છો. ।।૧૫-૧૬।।

विभूतिभाषणाभिप्रायं प्रकटयन्नर्जुनः पृच्छति द्वाभ्याम् – कथमिति ।

कथं विद्यामहं योगिंस्त्वां सदा परिचिन्तयन् ॥
केषु केषु च भावेषु चिन्त्योऽसि भगवन्मया ।।१७।।

हे योगिन्! योगः – योगमायाशक्तिः विद्यतेऽस्य तत्सम्बुद्धौ, कथम् ? – कैः प्रकारैः ? सदा – सततम्, अहं त्वां सकलैश्वर्यादियुक्तं परिचिन्तयन् सन्, विद्याम् – बुद्ध्येय । 'योगी' इति पाठे अर्जुनविशेषणम् ।

हे भगवन्! भगोऽस्यास्तीति भगवांस्तत्सम्बुद्धौ, भगवच्छब्दोऽत्र यौगिकः कृष्णभेदकत्वात्। भातीति भः, गच्छतीति गः, भश्चासौ गश्चेति

भगः – अनेकविधं गुणषट्कम्। भगशब्दनिरुक्तिरुक्ता वायुपुराणे – "भासनाद्गमनाच्चैव भग इत्यभिधीयते। ऐश्वर्यस्य समग्रस्य धर्मस्य यशसः श्रियः। ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीङ्गना" इति, चार्थनिर्देशोऽपि तत्रैवोक्तः। भगवता पराशरेण चोक्तं विष्णुपुराणेऽपि – "ज्ञानशक्तिबलैश्वर्य–वीर्यतेजांस्यशेषतः। भगवच्छब्दवाच्यानि विना हेयैर्गुणादिभिः।।"(वि.पु.६/५/७९) "एवमेष महाशब्दो मैत्रेय! भगवानिति"(वि.पु.६/५/७६) इति। वायुपुराणे च –"सर्वज्ञता तृप्तिः अनादिबोधः स्वतन्त्रता नित्यमलुप्तदृष्टिः। अनन्तशक्तिश्च विभोर्विभुज्ञाः षडाहुरङ्गानि महेश्वरस्य" इति। क्वचित्तु "उत्पत्तिं च विनाशं च भूतानामगतिं गतिं। वेत्ति विद्यामविद्यां च स वाच्यो भगवानिति।" एवं भगशब्देन गुणषट्कं बोध्यम्। कृष्णस्य तद्वत्त्वाद् भगवच्छब्दः कृष्णवाचकः इत्युक्तम्। केषु केषु च भावेषु – धारणपोषण–नियमनरक्षणादिकर्तृषु वस्तुषु मया त्वं नित्यं चिन्तितुमर्होसि ।।१७।।

યોગમાયારૂપ શક્તિવાળા હે યોગેશ્વર ! હું કેવી રીતે સતત ચિંતન કરતો થકો તમને જાણું ? એટલે કે, હું કેવા કેવા પ્રકારે સતત તમને સંભારું, તો વિવિધ ઐશ્વર્યે યુક્ત એવી તમારી વિભૂતિઓને ઓળખી શકું ? વળી, હે ભગવન્ ! આ સમગ્ર જગતનું ધારણ, પોષણ, નિયમન કે રક્ષણાદિક ક્રિયાને કરનારી કઈ કઈ વસ્તુમાં મારા વડે તમે જ સદા ચિંતન કરવા યોગ્ય છો ? એટલે કે, એવી કઈ કઈ વ્યક્તિ કે વસ્તુને હું તે તમારી વિભૂતિ જ છે એમ ચિંતવું ?

ભગવાન એટલે શું ? તો, ભિન્ન-ભિન્ન પ્રકારના 'ભગ'વાળા પ્રભુ. **ભગ એટલે શું ?** તો, અનેક પ્રકારના છ છ ગુણોના સમૂહ. જેમ કે, (૧) સમગ્ર ઐશ્વર્ય (૨) ધર્મ (૩) યશ (૪) શોભા કે સમૃદ્ધિ (૫) જ્ઞાન (૬) વૈરાગ્ય. અથવા (૧) જ્ઞાન (૨) શક્તિ (૩) બળ (૪) ઐશ્વર્ય (૫) વીર્ય (૬) તેજ. અથવા (૧) સર્વજ્ઞપણું (૨) પૂર્ણકામપણું

(૩) અનાદિસિદ્ધ જ્ઞાન (૪) સ્વતંત્રપણું (૫) સદા સર્વને પ્રત્યક્ષ દેખવાની દૃષ્ટિ (૬) અનંત શક્તિ. ॥૧૭॥

विस्तरेणात्मनो योगं विभूतिं च जनार्दन ! ॥
भूयः कथय तृप्तिर्हि शृण्वतो नास्ति मेऽमृतम् ॥१८॥

विस्तरेणेति । हे जनार्दन! – जनेषु – क्षेत्रज्ञेषु, अर्दति – गच्छति – अन्तर्यामितया व्याप्नोति, यद्वा जना अर्दयन्ति – स्वेप्सितफलाय प्रार्थयन्ते यं स जनार्दनः, तत्सम्बुद्धिः । आत्मनः – स्वस्य, योगम् – सर्वज्ञत्व–सत्यसङ्कल्पत्वसर्वशक्तित्वसर्वकर्तृत्वादिलक्षणयोगैश्वर्यं, विभूतिं च – जगतो धारणपोषणनियमनाद्यर्थं तत्र यथायोग्यं स्वसामर्थ्यनिःक्षेपणं, विस्तरेण – व्यासेन, भूयः – पुनः, कथय – त्वं वद । कुत इति चेत्तत्राह – हि – यस्मात्, त्वद्वाक्यं शृणवतो मे – मम अमृतं पिबतो यथा तृप्तिः – अलम्बुद्धिः, नास्ति ॥१८॥

હે જનાર્દન ! એટલે કે લોકોએ પોતાનું ગમતું ફળ મેળવવા પ્રાર્થના કરાયેલા અથવા સર્વવ્યાપક, સર્વાંતર્યામી હે શ્રીકૃષ્ણ ! આપમાં રહેલ યોગ અને આપની વિભૂતિ - એ બંને આપ મને ફરી વિસ્તારથી કહો. અર્થાત્ તમારામાં રહેલું સર્વજ્ઞપણું, સત્યસંકલ્પપણું, સર્વશક્તિવાળાપણું, સર્વકર્તાપણું વગેરે અનેક પ્રકારનું યોગૈશ્વર્ય તથા જગતનું ધારણ, પોષણ અને નિયમન વગેરે કાર્ય કરવાં માટે તે તે પાત્રોમાં તમે પ્રકાશેલું તમારું ઐશ્વર્ય - આ બંને બાબત મને ફરી સારી રીતે સમજાવો. કેમ જે, આપની અમૃત જેવી વાત સાંભળતાં મને તૃપ્તિ જ થતી નથી.” ॥૧૮॥

एवमर्जुनेन पृष्टः सन् श्रीभगवानुवाच – हन्तेति ।

श्रीभगवानुवाच –

हन्त ! ते कथयिष्यामि दिव्या ह्यात्मविभूतयः ॥

प्राधान्यतः कुरुश्रेष्ठ ! नास्त्यन्तो विस्तरस्य मे ॥१९॥

हन्तेत्यनुग्रहसंयुक्तसम्बुद्धौ । हे कुरुश्रेष्ठ ! दिव्याः – द्योतमाना, लोके प्रसिद्धा इति यावत् । या आत्मविभूतयः ममैश्वर्ययुक्ता भावा भवन्ति, ताः प्राधान्यतः मुख्यत्वेन, ते – तुभ्यं, कथयिष्यामि। प्राधान्यतः कथने किं प्रयोजनम् ? इति चेत्तत्राह – विस्तरस्य – विभूतिभिर्विस्तारं प्राप्तस्य, मे – मम, (विभूतीनाम्) अन्तः – सङ्ख्यानिर्णयो नास्ति । हि – निश्चितम् ।।१९।।

❋ ભગવાનની અદ્‌ભુત વિભૂતિઓ :

હવે શ્રીકૃષ્ણ ભગવાન અતિ કૃપા સહિત અર્જુનને તેના પ્રશ્નનો ઉત્તર આપે છે : “હે અર્જુન ! કુરુશ્રેષ્ઠ ! આ વિશ્વમાં પ્રસિદ્ધ એવી મારી વિભૂતિઓમાંથી હું તને મુખ્ય-મુખ્ય વિભૂતિઓ કહીશ. કેમ જે, મારી વિભૂતિના વિસ્તારનો કોઈ અંત-નિશ્ચિત આંકડો આવી શકે તેમ જ નથી. અર્થાત્ મારા ઐશ્વર્યયુક્ત વ્યક્તિ કે વસ્તુઓ અસંખ્ય છે. ॥૧૯॥

अध्यायशेषेण विभूतिविस्तारमाह – अहमिति ।

अहमात्मा गुडाकेश ! सर्वभूताशयस्थितः ॥
अहमादिश्च मध्यं च भूतानामन्त एव च ॥२०॥

हे गुडाकेश ! – निद्रानियन्तः ! सर्वभूताशयस्थितः – सर्वेषां भूतानाम्– “यस्य सर्वाणि भूतानि शरीरम्”(बृह.३/७/१५) इति श्रुत्या शरीरतया गदितानां देहविशिष्टक्षेत्रज्ञानाम्, आशये – हृत्प्रदेशे, स्थितः – अन्तर्यामितया स्थितः, आत्मा – शरीरी, तच्छरीरितया तेषां धारणनियमनकर्ता अहं, तेभ्यः पृथक् स्थितस्य ममान्तर्यामिरूपा शक्तिरित्यर्थः । तथा च श्रुतिः – “यः सर्वेषु भूतेषु तिष्ठन् सर्वेभ्यो भूतेभ्योऽन्तरः”(बृह.३/७/१५) इति। भूतेभ्योऽन्तरस्तेभ्यः पृथक् स्थित इत्यर्थः । भूतानाम् आदिश्च – उत्पत्तिः,

तत्कर्ता अनिरुद्धो ब्रह्मा चाहमस्मि। मध्यं च – स्थितिः, तत्कर्ता प्रद्युम्नो विष्णुश्चाहमस्मि। अन्तश्च – प्रलयः, तत्कर्ता सङ्कर्षणो वैराजपुत्रशङ्करश्चा–हमस्मि। ते सर्वे मम सर्वज्ञत्वादिगुणैश्वर्यांशं प्राप्ता, अतो मम विभूतिभूताः सगुणावतारा एवेत्यर्थः ।।२०।।

હે ગુડાકેશ એટલે કે નિદ્રાને જીતનાર અર્જુન ! હું મારા શરીરભૂત સર્વ ભૂતપ્રાણીમાત્રના હૃદયમાં અંતર્યામીપણે રહેલો તેનો 'આત્મા' છું. અર્થાત્ હું તેમનાથી અલગ મારા ધામમાં રહીને મારી અંતર્યામી શક્તિ વડે તેમનું ધારણ, પોષણ અને નિયમન કરનારો છું. વળી, સર્વ ભૂત-પ્રાણીમાત્રને ઉપજાવનાર 'અનિરુદ્ધ' અને 'બ્રહ્મા' હું છું. એટલે કે, તે મારા સગુણ અવતાર છે. સર્વ ભૂતપ્રાણીમાત્રનું પાલન કરનારા 'પ્રદ્યુમ્ન' અને 'વિષ્ણુ' હું છું. એટલે કે, તે મારા સગુણ અવતાર છે. સર્વ ભૂતપ્રાણીમાત્રનો પ્રલય કરનાર 'સંકર્ષણ' અને વૈરાજના પુત્ર 'શંકર' હું છું. એટલે કે, તે મારા સગુણ અવતાર છે. આ છ વ્યક્તિ મારા સર્વજ્ઞપણું વગેરે ઐશ્વર્યના અંશને પામ્યા હોવાથી મારી વિભૂતિરૂપ છે. ॥૨૦॥

ततोऽन्या विभूतीराह – आदित्यानामिति ।

आदित्यानामहं विष्णुर्ज्योतिषां रविरंशुमान् ॥
मरीचिर्मरुतामस्मि नक्षत्राणामहं शशी ।।२१।।

आदित्यानां अदितिपुत्राणां मध्ये विष्णुर्वामनोऽहमस्मि
स ममावतारो न तु विभूतिरित्यर्थः॥

आदित्यानाम् – अदितिपुत्राणां मध्ये, विष्णुः – वामनोऽहमस्मि स ममावतारो, न तु विभूतिरित्यर्थः। ज्योतिषाम् — प्रकाशमानानां मध्ये, अंशुमान् रविः – विभ्राडहमस्मि, मम विभूतिरित्यर्थः। मरुताम् – अनिलानां मध्ये, मरीचिः – तन्नामा वातोऽहमस्मि, मम विभूतिः। नक्षत्राणाम् – तारागणानां मध्ये, शशी – औषधिपोषकश्चन्द्रमा अहमस्मि,

मम विभूतिः ।।२१।।

અદિતિના સર્વે પુત્રોમાં 'વિષ્ણુ અર્થાત્ વામનજી' હું છું. એટલે કે, તે મારો અવતાર છે, પણ વિભૂતિ નથી. આ જગતને પ્રકાશનારાઓ મધ્યે 'સૂર્ય' હું છું. એટલે કે, મારી વિભૂતિ છે. ઓગણપચાસ વાયુને મધ્યે 'મરીચિ' નામે વાયુ હું છું. એટલે કે, મારી વિભૂતિ છે. અને સર્વે તારલાઓમાં ઔષધિમાત્રનો પોષણ કરનાર 'ચંદ્રમા' હું છું. એટલે કે, મારી વિભૂતિ છે. ॥૨૧॥

किञ्च – वेदानामिति ।

वेदानां सामवेदोऽस्मि देवानामस्मि वासवः ॥
इन्द्रियाणां मनश्चास्मि भूतानामस्मि चेतना ।।२२।।

वेदानाम् – ऋगादिचतुर्णां मध्ये, गीतिचातुर्येणातिरमणीयः सामाख्य–वेदोऽहमस्मि, मम विभूतिः । देवानां मध्ये वासवः – मघवाहमस्मि, मम विभूतिः। इन्द्रियाणाम् – सर्वेन्द्रियाणां मध्ये, मनोऽहमस्मि, मम विभूतिः इति सर्वत्र योज्यम्। भूतानाम् – चेतनासंयुक्तानां, या चेतना साप्यहमस्मि। आदित्यादिपदेषु विष्ण्वादिशब्दवाच्यानां गुणैः श्रेष्ठत्वान्निर्धारणे षष्ठी 'भूतानामस्मि चेतना' इत्यादिषु क्वचिद्वाक्येषु सम्बन्धे षष्ठी ।।२२।।

ચાર વેદને મધ્યે 'સામવેદ' હું છું. દેવોને મધ્યે 'ઇન્દ્ર' હું છું. સર્વે ઇન્દ્રિયોને મધ્યે 'મન' હું છું. અને જ્ઞાનવાળા સર્વ પ્રાણીઓની 'ચેતના'-જ્ઞાનશક્તિ હું છું. અર્થાત્ આ સર્વે મારી વિભૂતિઓ છે. ॥૨૨॥

किञ्च – रुद्राणामिति ।

रुद्राणां शङ्करश्चास्मि वित्तेशो यक्षरक्षसाम् ।।
वसूनां पावकश्चास्मि मेरुः शिखरिणामहम् ।।२३।।

रुद्राणाम् – एकादशसङ्ख्याकानां मध्ये शङ्करः – पद्मभूललाटो–

त्पन्नरुद्रश्चाहमस्मि । यक्षरक्षसाम् – यक्षाणां रक्षसां च मध्ये वित्तेशः – धनाधिपो वैश्रवणोऽहमस्मि । वसूनाम् – अष्टसङ्ख्याकानां मध्ये पावकः तन्नामा वसुश्चाहमस्मि । शिखरिणाम् – शृङ्गवतां महाचलानां मध्ये मेरुः – सुमेरुनामा पर्वतोऽहमस्मि ।।२३।।

અગિયાર રુદ્રને મધ્યે શંકર એટલે કે બ્રહ્માના લલાટમાંથી ઊપજેલ 'રુદ્ર' હું છું. યક્ષ અને રાક્ષસોમાં ધનમાત્રનો અધિપતિ એવો 'કુબેર' હું છું. આઠ વસુઓમાં 'પાવક' નામે વસુ હું છું. અને શિખરોવાળા સર્વે પર્વતોમાં 'મેરુ' નામનો પર્વત હું છું. અર્થાત્ આ સર્વે મારી વિભૂતિઓ છે.॥૨૩॥

किञ्च – पुरोधसामिति ।

पुरोधसां च मुख्यं मां विद्धि पार्थ ! बृहस्पतिम् ।।
सेनानीनामहं स्कन्दः सरसामस्मि सागरः ।।२४।।

हे पार्थ ! पुरोधसाम् – सर्वेषां पुरोहितानां मध्ये बृहस्पतिम् – अमरपुरोहितत्वान्मुख्यमाङ्गिरसं, माम् – मम विभूतिं विद्धि । सेनानीनाम् – सेनाधिपानां मध्ये अमरसेनाधिपः स्कन्दः – षडाननोऽहमस्मि । सरसाम् – महाजलाशयानां मध्ये सागरः – समुद्रोऽहमस्मि ।।२४।।

હે પાર્થ ! વેદસંબંધી કર્મ કરાવનાર સર્વે પુરોહિતોમાં મુખ્ય અને ઇન્દ્રાદિક દેવોના પુરોહિત અંગીરા ઋષિના પુત્ર 'બૃહસ્પતિ' તું મને જાણ. સર્વ સેનાપતિઓમાં દેવોના સેનાપતિ શિવજીના પુત્ર 'કાર્તિકસ્વામી' હું છું. અને મોટા મોટા સર્વે જળાશયોના મધ્યે 'સમુદ્ર' હું છું. અર્થાત્ તે સર્વે મારી વિભૂતિ છે. ॥૨૪॥

किञ्च – महर्षीणामिति ।

महर्षीणां भृगुरहं गिरामस्म्येकमक्षरम् ।।
यज्ञानां जपयज्ञोऽस्मि स्थावराणां हिमालयः ।।२५।।

महर्षीणाम् – मरीच्यादीनां मध्ये भृगुरहमस्मि। गिराम् – गद्य–पद्यात्मिकानां वाचां मध्ये एकमोंकाराभिधम् अक्षरमहमस्मि, मम वाचकं सनातनं नामास्ति । यज्ञानाम् — सर्वेषां यज्ञानां मध्ये जपयज्ञः – मदीयमन्त्राणां जपयज्ञोऽहमस्मि । स्थावराणाम् – स्थाणुमात्राणां मध्ये हिमालयोऽहमस्मि । पूर्वं तु शिखरिणां मेरुरहम्, अत्र स्थावराणां हिमालयोऽहमित्युक्तम्, अतः स्थावरत्वेन शिखरवत्त्वेन चार्थभेदाद्दोषाभावः ।।२५।।

મરીચિ આદિક મોટા ઋષિઓમાં 'ભૃગુઋષિ' હું છું. વાણી - શબ્દમાત્રમાં 'ૐકાર' હું છું. તે મારું વાચક - સનાતન નામ છે. સમગ્ર યજ્ઞોમાં મારા 'મંત્રોનો જપરૂપ' યજ્ઞ હું છું. અને સર્વે સ્થિર રહેનારી વસ્તુમાત્રમાં 'હિમાલય' હું છું. એટલે કે, આ સર્વે મારી વિભૂતિ છે. ॥૨૫॥

किञ्च — अश्वत्थ इति ।

अश्वत्थः सर्ववृक्षाणां देवर्षीणां च नारदः ।।
गन्धर्वाणां चित्ररथः सिद्धानां कपिलो मुनिः ।।२६।।

सर्ववृक्षाणां मध्ये अश्वत्थः – पिप्पलोऽहमस्मि। देवर्षीणाम् — ये ये देवाः – मन्त्रदर्शित्वेन ऋषित्वं प्राप्तास्ते देवर्षयस्तेषां मध्ये नारदः मदेकान्तिकभक्तोऽहमस्मि । गन्धर्वाणाम् – अमराग्रे गानकर्तॄणां मध्ये चित्ररथः तन्नामा गन्धर्वोऽहमस्मि । सिद्धानाम् — परमात्मयोगसिद्धिं प्राप्तानां मध्ये कपिलो मुनिः – कर्दमपुत्रोऽहमस्मि, ममावतारः ।।२६।।

સર્વ વૃક્ષને મધ્યે 'પીપળો' હું છું. જે જે દેવો મંત્રના સાક્ષાત્કારને લીધે ઋષિપણાને પામેલા છે, તે સર્વે દેવર્ષિઓ કહેવાય છે. તે સર્વે દેવર્ષિઓમાં મારા એકાંતિક ભક્ત 'નારદજી' હું છું. દેવોની આગળ ગાન કરનારા ગંધર્વોમાં 'ચિત્રરથ' નામે ગંધર્વ હું છું. અને પરમાત્માની અનન્ય ઉપાસનાથી સિદ્ધદશાને પામેલા સિદ્ધોમાં કર્દમપુત્ર 'કપિલમુનિ' હું છું.

એટલે કે, તે મારો અવતાર છે. ઉપર કહ્યા તે સર્વે મારી વિભૂતિ છે. ॥૨૬॥

किञ्च – उच्चैःश्रवसमिति ।

उच्चैःश्रवसमश्वानां विद्धि माममृतोद्भवम् ॥
ऐरावतं गजेन्द्राणां नराणां च नराधिपम् ॥२७॥

अश्वानाम् – सर्वेषां वाजिनां मध्ये अमृतोद्भवम् – क्षीरार्णव-मथनसमयेऽमृतेन सहोद्भव उत्पत्तिर्यस्य तं, उच्चैःश्रवसम् – तन्नामकमश्वं, माम् – मम विभूतिं विद्धि । गजेन्द्राणाम् – महाहस्तिनां मध्ये अमृतोद्भवं ऐरावतं माम् – मम विभूतिं विद्धि । एवं सर्वत्रयोजना कर्तव्या । नराणां च – मनुष्याणां नराधिपम् – मनुजेश्वरं मां विद्धि ॥२७॥

સર્વ અશ્વોના મધ્યે દેવો અને અસુરોએ કરેલા ક્ષીરસમુદ્રના મંથન સમયે અમૃત સાથે ઉત્પન્ન થયેલ 'ઉચ્ચૈઃશ્રવા' નામનો અશ્વ મારી વિભૂતિ છે એમ જાણ. સર્વે હાથીઓમાં અમૃતની સાથે ઉત્પન્ન થયેલ 'ઐરાવત' નામના હાથીને મારી વિભૂતિ જાણ. અને સર્વે મનુષ્યોમાં 'રાજા'-મુખ્ય નેતા પણ મને જાણ. એટલે કે, તે રાજા મારી વિભૂતિ છે એમ જાણ. ॥૨૭॥

किञ्च – आयुधानामिति ।

आयुधानामहं वज्रं धेनूनामस्मि कामधुक् ॥
प्रजनश्चास्मि कन्दर्पः सर्पाणामस्मि वासुकिः ॥२८॥

आयुधानाम् – शस्त्राणां मध्ये वज्रम् – इन्द्रायुधमहमस्मि । धेनूनाम् – गवां मध्ये कामधुक् – समुद्रमथनोद्भवा दिव्या गौरहमस्मि । प्रजनः – प्रजाः प्रजनयति उत्पादयतीति प्रजनः – प्रजोद्भवहेतुः, कन्दर्पः – मनोजः, अहमस्मि । न केवलं रतिपरः कन्दर्पो मद्विभूतिः, शास्त्रनिषिद्धत्वात् । सर्पाणाम् – एकशिरसाम् आशीविषाणां राजा वासुकिश्चाहमस्मि ॥२८॥

સર્વે શસ્ત્રોમાં 'વજ્ર' નામે ઈન્દ્રનું આયુધ હું છું. સર્વે ગાયોમાં સમુદ્રમંથન વખતે ઉત્પન્ન થયેલ દિવ્ય ગાય 'કામધેનુ' હું છું. પ્રજાની ઉત્પત્તિમાં હેતુભૂત એવો 'કામ' હું છું; પણ કેવળ મૈથુનસુખ માટેનો કામ મારી વિભૂતિ નથી. એક મસ્તકવાળા તથા દાઢમાં ઝેરવાળા સર્પોમાં 'વાસુકી' સર્પ હું છું. અર્થાત્ તે સર્વે મારી વિભૂતિ છે. ॥૨૮॥

किञ्च — अनन्त इति ।

अनन्तश्चास्मि नागानां वरुणो यादसामहम् ॥
पितृणामर्यमा चास्मि यमः संयमतामहम् ॥२९॥

नागानाम् - अनेकमस्तकानां तदाख्यानामधिपो वैराजपुरुषस्य शय्याभूतः (अनन्तः) शेषनागश्चाहमस्मि । यादसाम् - जलचराणां स्वामी वरुणोऽहमस्मि। पितृणाम् - पित्राख्यदेवानामधिपोऽर्यमा चाहमस्मि। संयमताम् - संयमनं कुर्वतां मध्ये यमराजोऽहमस्मि ।।२९।।

અનેક મસ્તકવાળા સર્પોમાં તેમનો અધિપતિ અને વૈરાજપુરુષની શય્યારૂપ 'અનંત' નામવાળો 'શેષનાગ' હું છું. જળમાં ગતિ કરનાર સર્વે જંતુનો અધિપતિ 'વરુણદેવ' હું છું. પિતૃ નામના દેવો મધ્યે 'અર્યમા' નામે પિતૃ હું છું. અને પ્રજાને નિયમમાં રાખનારા જનો મધ્યે 'યમરાજા' હું છું. અર્થાત્ તે સર્વે મારી વિભૂતિ છે. ॥૨૯॥

किञ्च — प्रह्लाद इति ।

प्रह्लादश्चास्मि दैत्यानां कालः कलयतामहम् ॥
मृगाणां च मृगेन्द्रोऽहं वैनतेयश्च पक्षिणाम् ॥३०॥

दैत्यानाम् — दितिवंशोद्भवानां मध्ये प्रह्लादः — प्रकर्षेण ह्लादयति - आनन्दयतीति प्रह्लादो मद्भक्तश्चाहमस्मि । कलयताम् — सङ्ख्यां कुर्वतां वशीकुर्वतां वा मध्ये कालः - सर्वभक्षकोऽहम् । मृगाणाम् — शूकरादीनां

मध्ये मृगेन्द्रः – सिंहश्चाहमस्मि । पक्षिणां मध्ये वैनतेयः – विनतापुत्रो गरुडश्चाहमस्मि ।।३०।।

દિતિના વંશમાં ઉત્પન્ન થયેલ સર્વે દૈત્યોમાં મારો ભક્ત 'પ્રહ્લાદ' હું છું. તમામ નાશ કરનારામાં સર્વેનો ભક્ષક 'કાળ' હું છું. સર્વે પશુઓમાં 'સિંહ' હું છું. અને સર્વે પક્ષીઓમાં 'ગરુડ' હું છું. અર્થાત્ તે સર્વે મારી વિભૂતિ છે. ॥૩૦॥

किञ्च – पवन इति ।

पवनः पवतामस्मि रामः शस्त्रभृतामहम् ।।
झषाणां मकरश्चास्मि स्रोतसामस्मि जाह्नवी ।।३१।।

पवताम् – पवित्रीकुर्वतां पवनो – वातोऽहमस्मि । शस्त्रभृताम् – शस्त्रधारिणां मध्ये रामो – दाशरथिश्चाहमस्मि, मम महावतारो नायं विभूतिः । झषाणाम् – मत्स्याणां मध्ये मकरः – महामत्स्यविशेषोऽहमस्मि । स्रोतसाम् – प्रवाहवतीनां नदीनां मध्ये जाह्नवी – भागीरथी अहमस्मि ।।३१।।

પવિત્ર કરનારા પદાર્થોમાં 'વાયુ' હું છું. શસ્ત્રધારીઓ મધ્યે દશરથ પુત્ર 'રામચંદ્રજી' હું છું; તે મારો મોટો અવતાર છે, પણ વિભૂતિ નથી. સર્વે માછલાંઓમાં મોટો 'મગરમચ્છ' હું છું. અને સર્વે નદીઓમાં 'ગંગા' હું છું. અર્થાત્ તે સર્વે મારી વિભૂતિ છે. ॥૩૧॥

किञ्च – सर्गाणामिति ।

सर्गाणामादिरन्तश्च मध्यं चैवाहमर्जुन ! ।।
अध्यात्मविद्या विद्यानां वादः प्रवदतामहम् ।।३२।।

हे अर्जुन ! सर्गाणाम् – सृज्यन्ते इति सर्गास्तेषामादिः – कारणमहम् । यत्र यत्र सदोत्पद्यमानाः सर्वे जन्तवस्तेषां तत्र तत्र ये उत्पादितारस्तेषां प्रेरकः

प्रवर्तकश्चाहमेवास्मीत्यर्थः। तेषामुत्पन्नानामन्तश्च – ये संहारकर्तारः तेषां प्रेरकः प्रवर्तकश्चाहमेवास्मीत्यर्थः। मध्यं पालनं च – सदा पाल्यमानानां ये पालकास्तेषां प्रेरकः प्रवर्तकश्चाहमेवास्मीत्यर्थः। विद्यानाम् — अभ्युदय-साधनभूतानां मध्ये अध्यात्मविद्या – ब्रह्मविद्याहम्। प्रवदताम् — नानाविधशास्त्रवादान् कुर्वतां मध्ये वादः – ब्रह्मवादोऽहम् ।।३२।।

હે અર્જુન ! ઉત્પન્ન થનાર ભૂત-પ્રાણીમાત્રનો 'આદિ'-કારણ હું છું; એટલે કે, જે જે જીવ જ્યાં જ્યાં જન્મ પામે છે, ત્યાં ત્યાં તે તે જીવને જે જે ઉપજાવનારા છે, તેમને પ્રેરનારો અને પ્રવર્તાવનારો હું જ છું. અને જે જે જીવ જન્મ પામ્યા છે, તેમનો 'સંહાર કરનારો' હું છું; એટલે કે, તે તે જીવના જે જે સંહાર કરનારા છે, તેમને પ્રેરનારો અને પ્રવર્તાવનારો પણ હું જ છું. અને જીવ જ્યાં જ્યાં જન્મ પામે છે, ત્યાં તેમને 'પાળનારો' હું જ છું. એટલે કે, તે તે જીવને જે જે પાળનારા છે, તેમને પ્રેરનારો અને પ્રવર્તાવનારો પણ હું જ છું. જીવનું ભલું કરનાર સર્વે વિદ્યાઓમાં આત્યંતિક મોક્ષના સાધનરૂપ 'બ્રહ્મવિદ્યા' હું છું. અને વિવિધ પ્રકારના શાસ્ત્રના વાદ કરનારા પુરુષોના વાદોમાં 'બ્રહ્મસંબંધી વાદ' હું છું. અર્થાત્ તે સર્વે મારી વિભૂતિ છે. ॥૩૨॥

अक्षराणामकारोऽस्मि द्वन्द्वः सामासिकस्य च ॥
अहमेवाक्षयः कालो धाताहं विश्वतोमुखः ॥३३॥

अक्षराणामिति। अक्षराणाम् – सर्वेषां वर्णानां मध्ये श्रेष्ठत्वात् अकारोऽहमस्मि। तथा च श्रुतिः – "अकारो वै सर्वा वाक् सैषा"(वृद्ध हा.स्मृ.७/३९) इति। सामासिकस्य – समाससमूहस्य मध्ये द्वन्द्वः – द्वन्द्वा-ख्यसमासश्चाहमस्मि। द्वन्द्वसमासस्योभयपदप्रधानत्वेन श्रेष्ठत्वात्, पूर्वपदार्थ-प्रधानत्वेनोत्तरपदार्थप्रधानत्वेन चान्यपदार्थप्रधानत्वेन चाव्ययीभाव-तत्पुरुषबहुव्रीहीणाम् उभयपदार्थसाम्याभावेनापकृष्टत्वात्। अक्षयः –

क्षयरहितः, कालः – कालाभिमानी देवः अहमेवास्मि। "कालः कलयताम्" (गीता.१०/३०) इत्यत्र तु संवत्सराद्यायुर्गणनात्मकः काल उक्तः। विश्वतोमुखः – सर्वद्रष्टा, धाता – शुभाशुभकर्मफलविधाताऽहमस्मि।।३३।।

સર્વે અક્ષરને મધ્યે 'અ'કાર અક્ષર હું છું. સર્વે સમાસોમાં જેમાં બંને પદ પ્રધાન છે એવો 'દ્વંદ્વ' સમાસ હું છું. જેનો નાશ ન થાય એવો 'કાળ'નો અભિમાની દેવ હું છું. અને સર્વનો 'સાક્ષી' અને 'શુભાશુભ કર્મફળ આપનારો' હું જ છું. અર્થાત્ તે સર્વે મારી વિભૂતિઓ છે. ॥૩૩॥

मृत्युः सर्वहरश्चाहमुद्भवश्च भविष्यताम् ॥
कीर्तिः श्रीर्वाक्च नारीणां स्मृतिर्मेधा धृतिः क्षमा ॥३४॥

मृत्युरिति। सर्वहरः – सर्वेषां संहारकर्ता मृत्युश्चाहमस्मि। भविष्यताम् – उद्भाविनाम्, उद्भवः – अभ्युदयश्चाहमस्मि। नारीणाम् – योषितां मध्ये कीर्त्याद्याः सप्त देव्यश्चकारान्मूर्त्यादयोऽप्यहमस्मि। यासां सम्बन्धेन जनाः श्लाघ्यतरा भवन्ति, ताः कीर्तिमुखा मद्विभूतिभूता इत्यर्थः ।।३४।।

સર્વેના પ્રાણ હરનાર 'મૃત્યુ' હું છું. જે કોઈ ઉન્નતિ પામવાના છે, તે સર્વેની 'ઉન્નતિ'-પ્રગતિ હું છું. તમામ સ્ત્રીઓમાં કીર્તિ, શ્રી, વાણી, સ્મૃતિ, મેધા, ધૃતિ અને ક્ષમા – આ સાત દેવીઓ અને મૂર્તિદેવી વગેરે ધર્મ પ્રજાપતિની તેર પત્નીઓ હું છું. એટલે કે, જે કીર્તિ વગેરેના સંબંધથી આ લોકમાં મનુષ્યો અતિ વખાણવા યોગ્ય થાય છે. એ સર્વે મારી વિભૂતિઓ છે. ॥૩૪॥

बृहत्साम तथा साम्नां गायत्री छन्दसामहम् ॥
मासानां मार्गशीर्षोऽहमृतूनां कुसुमाकरः ॥३५॥

बृहत्सामेति। साम्नां बृहत्सामाहमस्मि। तथा छन्दसाम् – गायत्री–प्रमुखछन्दःसंयुक्तानामृचां, गायत्र्याख्या ऋगहमस्मि। मासानाम् – द्वादश–

मासानां मध्ये, अभिनवशाकादिवस्तुवत्त्वेन शीतातपशून्यत्वेन च सर्वेषां सुखहेतुर्मार्गशीर्षः–तदाख्यमासोऽहमस्मि । ऋतूनां षण्णां मध्ये कुसुमाकरः– सकलसुगन्धिकुसुमानामाकरः, अतिरमणीयो मुख्यो वसन्तोऽहमस्मि ।।३५।।

સામવેદની સર્વે ઋચાઓમાં 'બૃહત્સામ' નામની રુચા-મંત્ર હું છું. ગાયત્રી આદિક છંદના પ્રબંધે યુક્ત ઋચાઓમાં 'ગાયત્રી' નામે ઋચા હું છું. બાર મહિનાઓમાં 'માગસર' મહિનો હું છું; એટલે કે, તે માગસર મહિનામાં નવાં નવાં સારાં શાકાદિક વસ્તુ થતી હોવાથી અને ટાઢ-તડકાએ રહિત હોવાથી સર્વેને સુખનો કરનારો છે. તેથી તે માગસર મહિનો મારી વિભૂતિ છે. અને છ ઋતુમાં મુખ્ય અને જેમાં સમગ્ર સુગંધીવાળાં પુષ્પો થાય છે એવી 'વસંતઋતુ' તે હું છું. અર્થાત્ તે સર્વે મારી વિભૂતિ છે. ॥૩૫॥

किञ्च – द्यूतमिति ।

द्यूतं छलयतामस्मि तेजस्तेजस्विनामहम् ।।
जयोऽस्मि व्यवसायोऽस्मि सत्त्वं सत्त्ववतामहम् ।।३६।।

छलयताम् – परस्परं छलं कुर्वतां मध्ये द्यूतम् – तमःप्रधानानां असुराणां मोहजनकं द्यूतसंज्ञं कर्माऽहमस्मि, मम विभूतिः । तेजस्विनाम् – अतिकान्तिमतां तेजः – अप्रतिहतज्ञत्वलक्षणः प्रकाशोऽहमस्मि । जयकर्तॄणां पराजितापेक्षयोत्कर्षलक्षणो जयोऽहमस्मि । उद्यमकर्तॄणां व्यवसायः – फलाव्यभिचार्युद्यमोऽहमस्मि, यद्वा वस्तुनिश्चयकर्तॄणां व्यवसायः – निश्चयः अहमस्मि । सत्त्ववताम् – सात्त्विकजनानां सत्त्वम् – धर्मज्ञानवैराग्यैश्वर्यादि–लक्षणं सत्त्वगुणकार्यमहमस्मि ।।३६।।

પરસ્પર છળ કરનારા જનોમાં 'દ્યૂત' હું છું. એટલે કે, તમોગુણ પ્રધાન અસુરોને મોહ કરાવનારું પાસાથી રમવારૂપ છળ, તે મારી વિભૂતિ છે. અતિ પ્રતાપી પુરુષોનું 'તેજ' હું છું; એટલે કે, કોઈ પ્રકારે કોઈના

હરાવ્યા ન હારે એવો જે પ્રતાપ છે તે હું છું. જીતનારાનો 'વિજય' હું છું. ઉદ્યમ કરનારાઓનો 'વ્યવસાય' અર્થાત્ ફળ આપનારો સફળ ઉદ્યમ હું છું. અથવા આત્મા-પરમાત્મા અને માયા વગેરેના સ્વરૂપનો નિશ્ચય કરનારાઓમાં રહેલો 'નિશ્ચય' હું છું. અને સત્ત્વગુણવાળા જનોમાં ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય આદિક 'સત્ત્વગુણ'નું કાર્ય છે તે હું છું. અર્થાત્ તે મારી વિભૂતિ છે. ॥૩૬॥

किञ्च – वृष्णीनामिति ।

वृष्णीनां वासुदेवोऽस्मि पाण्डवानां धनञ्जयः ॥
मुनीनामप्यहं व्यासः कवीनामुशनाः कविः ॥३७॥

वृष्णीनाम् – यादवानां मध्ये वासुदेवः – वसुदेवपुत्रत्वेन प्रतीयमानः अहं पुरुषोत्तमोऽस्मि, "यो मामेवमसम्मूढो जानाति पुरुषोत्तमम्" (गीता.१५/१९) इत्युक्तेः । पाण्डवानाम् – पाण्डुपुत्राणां मध्ये धनञ्जयः – नरावतारत्वेन विख्यातः अर्जुनस्त्वमहमस्मि । मुनीनाम् – आत्मपरमात्म–मननशीलानामृषीणां मध्ये व्यासः – पुराणकर्ता वेदविभागकर्ता च पाराशर्योऽहमस्मि। कवीनाम् – बुद्धिमतां जनानां मध्ये, कविः – बुद्धिशाली, उशनाः – शुक्राचार्योऽहमस्मि ।।३७।।

સર્વે યાદવોમાં વસુદેવના પુત્રરૂપે જણાઈ રહેલો હું 'પુરુષોત્તમ' છું. યુધિષ્ઠિરાદિક પાંડુરાજાના પુત્રોમાં 'ધનંજય' - નરના અવતારપણે લોકમાં પ્રસિદ્ધ એવો અર્જુન હું છું. અર્થાત્ તે મારી વિભૂતિ છે. જીવાત્મા અને પરમાત્માનું મનન કરવાના સ્વભાવવાળા ઋષિઓમાં પુરાણકર્તા અને વેદનો વિભાગ કરનાર એવા પરાશર ઋષિના પુત્ર 'વ્યાસ' હું છું. અને બુદ્ધિવાળા જનોના મધ્યે અતિ બુદ્ધિવાળા 'શુક્રાચાર્ય' હું છું. અર્થાત્ તે મારી વિભૂતિ છે. ॥૩૭॥

किञ्च – दण्ड इति ।

दण्डो दमयतामस्मि नीतिरस्मि जिगीषताम् ॥
मौनं चैवास्मि गुह्यानां ज्ञानं ज्ञानवतामहम् ॥३८॥

दमयताम् – धर्मव्यतिक्रमे दण्डकर्तॄणां दण्डः – निग्रहोऽहमस्मि। जिगीषताम् – जयमिच्छतां, नीतिः – जयसाधनमहमस्मि। गुह्यानाम् – गोपनीयानां मौनम् – घटितभाषणमहमस्मि। ज्ञानवताम् – जीवेश्वरमाया–ब्रह्मपरब्रह्मविदां, ज्ञानम् – यथार्थबोधनमहमस्मि ।।३८।।

ધર્મનો ભંગ કરનારને દંડ કરનારાનો 'દંડ'-નિગ્રહ હું છું. જીતની ઈચ્છા રાખનારાઓની 'નીતિ'-જીતવાનું સાધન હું છું. જેટલી ગુપ્ત રાખવા યોગ્ય વસ્તુ છે તેમના મધ્યે 'મૌન' અર્થાત્ જેમ ઘટે તેમ બોલવું તે હું છું. અને જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના સ્વરૂપને યથાર્થ જાણનારા જ્ઞાનીઓનું યથાર્થ 'જ્ઞાન' હું છું. અર્થાત્ તે સર્વે મારી વિભૂતિ છે.॥૩૮॥

यच्चापि सर्वभूतानां बीजं तदहमर्जुन ! ॥
न तदस्ति विना यत्स्यान्मया भूतं चराचरम् ॥३९॥

यच्चेति। हे अर्जुन! किं बहुनोक्तेन ? सर्वभूतानाम् – ब्रह्मादिस्थावरान्तानां शरीरत्रयविशिष्टानां क्षेत्रज्ञानां, कार्यावस्थाप्राप्तौ कारणावस्थाप्राप्तौ च बीजम् – उत्पत्तिस्थितिहेतुः प्रलयहेतुश्च यदस्ति तदप्यहमस्मि। 'बीजं रेतसि तत्त्वे च हेतावङ्कुरकारणे' इति विश्वः। चराचरम् – मच्छरीरभूतस्थावरजङ्गमं, भूतम् – देहविशिष्टक्षेत्रज्ञवृन्दं, चकारात् प्रकृतिपुरुषकालाक्षरब्रह्ममुक्तवृन्दं च यदस्ति तदन्तर्यामितया स्थितेन मया विना न स्यादेव।

तथा च श्रुतयः – "यः सर्वेषु भूतेषु तिष्ठन् सर्वेभ्यो भूतेभ्योऽन्तरो यं सर्वाणि भूतानि न विदुर्यस्य सर्वाणि भूतानि शरीरं यः सर्वाणि भूतान्य–

न्तरो यमयति एष त आत्मान्तर्याम्यमृतः"(बृह.३/७/१५) इति। "योऽक्षरे तिष्ठन्नक्षरमन्तरो यमक्षरं न वेद यस्याक्षरं शरीरं योऽक्षरमन्तरो यमयति एष त आत्मान्तर्याम्यमृतः" इति। "य आत्मनि तिष्ठन्नात्मनोऽन्तरो यमात्मा न वेद यस्यात्मा शरीरं य आत्मानमन्तरो यमयति स त आत्मान्तर्याम्यमृतः" इति। "यः प्रकृतौ तिष्ठन्" "यः पृथव्यां तिष्ठन्"(बृह.३/७/३) इत्याद्याः ।३९।

હે અર્જુન ! આ વિભૂતિ પ્રકરણમાં હું તને ઝાઝું શું કહું !! પણ ત્રણ દેહે યુક્ત એવાં સર્વ પ્રાણીમાત્રની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના જે જે 'કારણ' છે, તે સર્વે પણ હું જ છું. અને **મારા શરીરરૂપ જે સ્થાવર-જંગમ સર્વ ભૂતપ્રાણીમાત્ર, પ્રકૃતિપુરુષ, કાળ, અક્ષરબ્રહ્મ અને મુક્તોનો સમૂહ – એ સર્વે મારા વિના ક્ષણમાત્ર પણ રહેવા સમર્થ નથી. અર્થાત્ સર્વના પ્રકાશક, પ્રવર્તક, ધારક અને નિયામક એવા મારા વિના જડચિદ્ કશું જ હોય ન શકે.** ॥૩૯॥

विभूतिकथनसमाप्तिं कुर्वन्नाह त्रिभिः — नान्त इति ।

नान्तोऽस्ति मम दिव्यानां विभूतीनां परन्तप ! ॥
एष तूद्देशतः प्रोक्तो विभूतेर्विस्तरो मया ॥४०॥

हे परन्तप ! मम दिव्यानां विभूतीनाम्, अन्तः – इयत्ता नास्ति। एष विभूतेर्विस्तरस्तु मया, उद्देशतः – सङ्क्षेपेण प्रोक्तः ॥४०॥

હે પરંતપ ! સુપ્રસિદ્ધ એવી મારી વિભૂતિઓનો પાર આવે એમ જ નથી. અને આ જે મેં મારી વિભૂતિઓનો વિસ્તાર કહ્યો, તે તો સંક્ષેપથી કહ્યો છે. ॥૪૦॥

यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ॥
तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसम्भवम् ॥४१॥

यद्यदिति। विभूतिमत् – जनरक्षणसंयमनादिसामर्थ्यवत्, श्रीमत् – लक्ष्मीमत्, धनधान्यादिसमृद्धियुक्तं वा। ऊर्जितम् – प्रभावबलादिमद्गुण-

लेशप्राप्त्या लोकेषूत्कृष्टं, सत्त्वम् - प्राणिजातं यद्यदेवास्ति तत्तदेव। मम - सर्वगुणैश्वर्यसंयुक्तस्य तेजोंऽशसम्भवम् – तेजः - गुणैश्वर्यादिभिः पराभिभवसामर्थ्यं, तस्यांशेन संयुक्तः सम्भवो यस्य तथाभूतम्, अवगच्छ - त्वं जानीहि ।।४१।।

હે અર્જુન ! હવે હું તને અતિ ટૂંકમાં કહું, તો જે કાંઈ સર્વે ભૂતપ્રાણીમાત્રનું રક્ષણ-નિયમનાદિકમાં સામર્થ્યવાળું છે, જે જે વસ્તુ શોભાયુક્ત છે, અથવા જે જે વસ્તુ ધન-ધાન્યાદિક સમૃદ્ધિથી યુક્ત છે, અને જે જે પ્રતાપ અને બળ વગેરે મારા અતિ અલ્પ ગુણોની પ્રાપ્તિથી લોકમાં શ્રેષ્ઠતા પામ્યા છે, **તે હરકોઈ વ્યક્તિ કે વસ્તુ મારા તેજના એક અંશથી જ થયેલા છે.** એટલે કે, તમામ ગુણ અને ઐશ્વર્યના મહાસાગર એવા મારા એક ટીપું જેટલા ગુણ કે સામર્થ્યથી તે સર્વે એવા મહાન ગણાણા છે, એમ તું જાણ. ।।૪૧।।

अथवा बहुनैतेन किं ज्ञानेन तवार्जुन ! ।।
विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत् ।।४२।।

इति श्रीभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णाऽर्जुनसंवादे 'विभूतियोगो' नाम दशमोऽध्यायः ।।१०।।

अथेति। हे अर्जुन! एतेन बहुना ज्ञानेन - विभूतिवेदनेन तव किं करणीयम् ? इदम् - स्थावरजङ्गमात्मकं दृश्यं, कृत्स्नम् - अदृश्यं ब्रह्मादिसहितं, जगत् – स्थूले कार्यभावे सूक्ष्मे कारणभावे च स्थितं विश्वं प्रति, एकांशेन - मम गुणैश्वर्याणामयुतायुतांशसंयुक्तेन प्रकृतिपरेणाक्षरपुरुषेण विष्टभ्य - व्याप्य धृत्वेति वा अहं स्थितः ।

तथा पराशरवचनम् - "यस्यायुतायुतांशांशे विश्वशक्तिरियं स्थिता"(वि.पु.१/९/५३) इति। तथा भागवतवचनानि च - "स्वकृतपुरेष्व-

मीष्वबहिरन्तरसंवरणं तव पुरुषं वदन्त्यखिलशक्तिधृतोंऽशकृतम्" (भाग.१०/८७/२०) इति। "अनादिरात्मा पुरुषो निर्गुणः प्रकृतेः परः। प्रत्यग्धामा स्वयंज्योतिर्विश्वं येन समन्वितम्"(भाग.३/२६/३) इत्यादीनि। 'अथवा' इति अध्यायसमाप्तिं द्योतयति ।।४२।।

હે અર્જુન ! આવી રીતે વિભૂતિઓની બહુ પ્રકારની વાતો જાણવાથી શું ? પરંતુ આ જડ-ચેતનરૂપ સમગ્ર દૃશ્ય કે અદૃશ્ય જગતને હું મારાં એક અંશથી જ વશ રાખીને-ધારીને રહ્યો છું. એટલે કે, ઉત્પત્તિઅવસ્થામાં રહેલ કે પ્રલયઅવસ્થામાં રહેલ આ આખા વિશ્વને મારા ગુણ અને ઐશ્વર્યના દશ હજારના દશ હજારમાં ભાગથી યુક્ત એવો જે પ્રકૃતિનો અધિષ્ઠાતા અક્ષરપુરુષ તે દ્વારા ધારી રહ્યો છું; એમ તું જાણ." ।।૪૨।।

अत्र दशमे नित्यानेकानवधिकातिशयसर्वज्ञत्वसत्यसङ्कल्पत्वसर्व–नियन्तृत्वादिगुणैश्वर्यवतः परमेश्वरस्य महत्यः अल्पाश्च विभूतयो निगदिताः।

इति श्रीसहजानन्दस्वामिशिष्यगोपालानन्दकृतायां भगवद्भावदीपिकायां श्रीभगवद्गीताटीकायां दशमोऽध्यायः ।।१०।।

આ દશમા અધ્યાયમાં સર્વજ્ઞપણું, સત્યસંકલ્પપણું અને સર્વનિયંતાપણું વગેરે અવિનાશી અને સર્વથી શ્રેષ્ઠ એવા અનંત ગુણ તથા ઐશ્વર્યવાળા પરમાત્માની નાની અને મોટી વિભૂતિઓ કહી છે.

આ રીતે સર્વાવતારી શ્રીસહજાનંદસ્વામીના શિષ્ય સદ્.શ્રીગોપાળાનંદ-સ્વામી વિરચિત શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યના ગુજરાતી ભાવાનુવાદમાં 'પોતાના યોગ અને વિભૂતિનું વર્ણન કર્યું' એ નામે દશમો અધ્યાય પૂરો થયો. ।।૧૦।।



एकादशोऽध्यायः

विश्वरूपदर्शनयोगः

इदानीमेकादशाऽध्याये अर्जुनेन विश्वरूपदर्शनाय पृष्टेन भगवता तद्दर्शितमित्युच्यते ।

હવે આ અગ્યારમાં અધ્યાયમાં વિશ્વરૂપનાં દર્શન માટે અર્જુને પૂછ્યું. તેથી શ્રીકૃષ્ણ ભગવાને વિશ્વરૂપ દેખાડ્યું, એ વાત કહેવાશે.

भगवतोक्तं स्वातर्क्यैश्वर्यं श्रुत्वा तद्द्रष्टुकामोऽर्जुन उवाच चतुर्भिः – मदनुग्रहायेति ।

अर्जुन उवाच –

मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसंज्ञितम् ।।
यत्त्वयोक्तं वचस्तेन मोहोऽयं विगतो मम ।।१।।

हे भक्तवत्सल! मदनुग्रहाय – मम – देहाभिमानेन मोहं प्राप्तस्य, अनुग्रहाय – तन्निवृत्तये, परमम् – उत्कृष्टं, गुह्यम् – गोप्यम्, अध्यात्म-संज्ञितम् – अध्यात्मं संज्ञा सञ्जाता यस्य तत्, देहात्मविवेकविषयं, वचः – 'अशोच्यानन्वशोचस्त्वम्'(गीता.२/११) इत्यारभ्य षष्ठाध्यायान्तं यत्त्वयोक्तं, तेन वचसा ममायं बुद्धिस्थो मोहः – देहात्मबुद्धिरूपं विपरीतज्ञानं, विगतः – विनष्टः, अशेषतः पलायित इत्यर्थः ।।१।।

ભગવાને કહેલું તેમનું અતર્ક્ય ઐશ્વર્ય સાંભળીને હવે તેને પ્રત્યક્ષ

જોવાની ઈચ્છાથી અર્જુન સ્તુતિપૂર્વક પ્રભુને પ્રાર્થના કરે છે : “હે ભક્તવત્સલ પ્રભુ ! દેહાભિમાનને કારણે હું મોહ પામી ગયો હતો, પરંતુ મારા ઉપર કૃપા કરવા - મારા મોહની નિવૃત્તિને અર્થે આપશ્રીએ પરમ રહસ્યરૂપ, અધ્યાત્મ નામવાળું, દેહ અને આત્માના સ્વરૂપનો યથાર્થ વિવેક કરી આપનારું જે વચન કહ્યું; **તે આપના વચનથી મારી બુદ્ધિમાં રહેલો દેહાત્મબુદ્ધિરૂપ મોહ નાશ પામી ગયો છે.** એટલે કે, આપે (અધ્યાય : ૨ થી ૬ સુધીમાં) જે આત્મજ્ઞાન સમજાવ્યું તેનાથી મારું દેહાભિમાનરૂપ વિપરીત જ્ઞાન સંપૂર્ણપણે ભાગી ગયું છે. ॥૧॥

सप्तमाध्यायमारभ्य दशमाध्यायपर्यन्तमुक्तं यद्वचस्तदङ्गीकुर्वन्नाह – भवाप्ययाविति ।

भवाप्ययौ हि भूतानां श्रुतौ विस्तरशो मया ॥
त्वत्तः कमलपत्राक्ष ! माहात्म्यमपि चाव्ययम् ॥२॥

भूतानाम् – देहविशिष्टसमग्रक्षेत्रज्ञानां, त्वत्तः – भवतः परमेश्वरात्, भवाप्ययौ – उद्भवक्षयौ, विस्तरशः – विस्तरेण, मया श्रुतौ, हि – निश्चितम् । हे कमलपत्राक्ष ! – कमलस्य पत्रे इव दीर्घे रक्तान्ते परममनोरमे अक्षिणी यस्य तत्सम्बुद्धौ, तवेति शेषः, अव्ययम् – स्थिरं, माहात्म्यम् – “मत्तः परतरं नान्यत्”(गीता.७/७) “परं भावमजानन्तो मम भूतमहेश्वरम्”(गीता.९/११) “यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम्”(गीता.१०/३) “अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते”(गीता.१०/८) इत्यादिवचोभिरुक्तं महत्त्वमपि श्रुतं च ।।२ ।।

किञ्च – एवमिति ।

एवमेतद्यथात्थ त्वमात्मानं परमेश्वर ! ॥
द्रष्टुमिच्छामि ते रूपमैश्वरं पुरुषोत्तम ! ॥३॥

हे परमेश्वर ! आत्मानम् – सर्वस्य शासकं स्रष्टारं पालकं संहारकं

धारकं नियन्तारं सकलहेयप्रत्यनीकं सकलकल्याणगुणगणसागरं सर्वोत्कृष्टं स्वं, यथा त्वमात्थ – वदसि, एतत् – वचनम्, एवम् – तथैव, भवद्वाक्ये तथैव मे विश्वासोऽस्तीत्यर्थः । यद्यपि एवं तथापि हे पुरुषोत्तम ! ते – तव, ऐश्वरम् – अनेकैश्वर्यसम्पन्नमद्भुतं, रूपम् – परमाश्चर्यकरं स्वरूपं, द्रष्टुम् – दृग्गोचरीकर्तुम्, अहमिच्छामि – कामयामि ।।३।।

ત્યાર બાદ તમે (અધ્યાય : ૭ થી ૧૦ સુધી) આપના મહિમા વિશે જે વચનો કહ્યાં, તેમાં મેં સર્વ ભૂત-પ્રાણીમાત્રની ઉત્પત્તિ અને નાશ વિસ્તારથી સાંભળ્યાં. વળી, હે કમલપત્રાક્ષ ! એટલે કે, કમળની પાંખડી જેવા વિશાળ અને લાલ ખૂણાવાળી સુંદર આંખોવાળા હે શ્રીકૃષ્ણ! આપની તે વાતથી વિપરીત દેશકાળાદિકે પણ ન તૂટે એવો તમારો મહિમા પણ સમજાયો. હે પરમેશ્વર ! તમે તમારે વિશે જે કાંઈ કહો છો, તે વાત તેમ જ છે; એવો મને આપનાં વચનમાં દૃઢ વિશ્વાસ છે. તેમ છતાં પણ હે પુરુષોત્તમ ! હું આપનાં અનેક ઐશ્વર્યથી યુક્ત અને અત્યંત આશ્ચર્યકારી એવા તમારા સ્વરૂપને પ્રત્યક્ષ દેખવા ઇચ્છું છું.

આપ કેવા છો ? તો, તમે સર્વના શાસક છો, સર્વેના સર્જનહાર છો, સર્વનું પાલન કરનાર છો, સર્વનો સંહાર કરનાર છો, સર્વના ધારક તથા નિયંતા છો, તમામ દોષથી રહિત તથા સમસ્ત કલ્યાણકારી ગુણ-માત્રના મહાસાગર - સર્વોત્કૃષ્ટ છો. આવું જે આપનું અનુપમ આશ્ચર્યકારી ઐશ્વર્ય તેનો સાક્ષાત્ અનુભવ કરવાની મને ઇચ્છા છે. ॥૨-૩॥

'मया द्रष्टुं शक्यं चेत्तर्हि तत् दृश्यताम्' इत्याह – मन्यस इति ।

मन्यसे यदि तच्छक्यं मया द्रष्टुमिति प्रभो ! ॥
योगेश्वर ! ततो मे त्वं दर्शयात्मानमव्ययम् ॥४॥

हे प्रभो ! हे योगेश्वर ! – योगः – योगैश्वर्यं विद्यते येषां ते योगाः, योगानाम् – योगिनामीश्वरस्तत्सम्बुद्धौ, तत् – सर्वैश्वर्यसम्पन्नं भवद्रूपं, मया –

पार्थेन, द्रष्टुम् – प्रत्यक्षीकर्तुं शक्यमिति यदि मन्यसे – जानासि इच्छसि वा, ततः – तर्हि, अव्ययम् – अविनाशिनम् आत्मानम् – सर्वस्य शासकं स्रष्टारं संहारकमाधारभूतं स्वं रूपं, मे त्वं दर्शय – दृग्गोचरीकारय ।।४।।

હે પ્રભો ! સર્વ ઐશ્વર્યે યુક્ત એવું આપનું સ્વરૂપ મારાથી સાક્ષાત્ દેખવા માટે શક્ય છે - એમ જો આપ માનતા હો, તો હે યોગેશ્વર ! અર્થાત્ સર્વ યોગૈશ્વર્યવાળા અથવા સર્વ યોગીઓના સ્વામી ! સર્વના શાસક, સર્જક, સંહારક અને સર્વના આધારરૂપ એવું જે આપનું અવિનાશી સ્વરૂપ તે મને પ્રત્યક્ષ દેખાડો." ।।૪।।

एवं प्रार्थितो भगवांस्तद्रूपं दर्शयन्सन्नुवाच चतुर्भिः – पश्येति ।

श्रीभगवानुवाच –

पश्य मे पार्थ ! रूपाणि शतशोऽथ सहस्रशः ।।
नानाविधानि दिव्यानि नानावर्णाकृतीनि च ।।५।।

अथ – प्रश्नानन्तरम् । हे पार्थ ! शतशः सहस्रशः नानाविधानि – नाना विधाः – प्रकारा येषां तानि, अनेकप्रकाराणि । नानावर्णाकृतीनि – वर्णाः – शुक्लरक्तपीतकृष्णादयः, आकृतयः – दीर्घह्रस्वपुष्टकृशाकारविशेषाश्च, नाना – अनेकविधा वर्णा आकृतयो येषां तानि । दिव्यानि – अप्राकृतानि, मे – मम, रूपाणि त्वं पश्य – द्रष्टुम् अर्होऽसि । अर्हार्थे लोट् ।।५।।

❋ ભગવાનના વિશાળ વિરાટસ્વરૂપનું વર્ણન :

આવી રીતે અર્જુને પ્રાર્થના કરી ત્યારે અર્જુનને તે વિશ્વરૂપ દેખાડવા માટે શ્રીકૃષ્ણ હવે વાત કરે છે : "હે પાર્થ ! અનેક પ્રકારનાં, સફેદ-લાલ-પીળા અને કાળા એમ વિવિધ રંગનાં, તથા લાંબા-ટૂંકા, જાડા-પાતળા એમ વિવિધ આકારનાં એવાં મારાં સેંકડો અને હજારો દિવ્ય સ્વરૂપો જોવાં માટે તું યોગ્ય છો. ।।૫।।

पश्यादित्यान्वसून्रुद्रानश्विनौ मरुतस्तथा ॥
बहून्यदृष्टपूर्वाणि पश्याश्चर्याणि भारत ! ॥६॥

पश्येति । ममैकस्मिन् देहे आदित्यान् – द्वादशसूर्यान्, वसून् – अष्ट वसुसंज्ञान् देवान्, रुद्रान् – एकादश (रुद्रान्), अश्विनौ – द्वावश्विनीकुमारौ, तथा मरुतश्च – एकोनपञ्चाशतं वायून् पश्य । पश्येति प्रतिपदं सम्बध्यते । हे भारत ! अदृष्टपूर्वाणि – त्वया पूर्वमदृष्टानि, बहून्याश्चर्याणि – अद्भुतानि, मम बहुषु ब्रह्माण्डरूपेषु देहेषु मध्ये एकस्मिन्देहे पश्य ।।६।।

હે ભારત ! મારા એક બ્રહ્માંડરૂપ આ દેહમાં બાર સૂર્યોને, આઠ વસુ નામના દેવોને, અગિયાર રુદ્રોને, બે અશ્વિનીકુમારોને તેમજ ઓગણપચાસ વાયુને તું જોજે. વળી, તેં પૂર્વે ક્યારેય ન દેખ્યાં હોય એવાં અનેક આશ્ચર્યોને પણ મારા બ્રહ્માંડરૂપ આ એક દેહમાં જો. ॥૬॥

इहैकस्थं जगत्कृत्स्नं पश्याद्य सचराचरम् ॥
मम देहे गुडाकेश ! यच्चान्यद् द्रष्टुमिच्छसि ॥७॥

इहेति । हे गुडाकेश ! सचराचरम् – स्थावरजङ्गमसहितम्, इह – अस्मिन्, मम देहे – एकस्मिञ्छरीरे, एकस्थम् – एकप्रदेशे स्थितं, कृत्स्नम् – समग्रं, जगत् – विश्वम्, अद्य – अधुनैव, त्वं पश्य – दृग्गोचरीकुरु । यदन्यत् – जयपराजयादिकं च, द्रष्टुमिच्छसि – कामयसि, तदपि पश्य ।।७।।

હે ગુડાકેશ ! આ મારા દેહમાં પણ એક જ જગ્યાએ સ્થાવર-જંગમ સહિત આખા જગતને તું હમણાં જ સાક્ષાત્ કર. એટલું જ નહિ પરંતુ તે સિવાય યુદ્ધમાં થનાર તમારા જય-પરાજય વગેરે જે કાંઈ જોવા ઈચ્છતો હો, તે પણ જોજે. ॥૭॥

'मन्यसे यदि तच्छक्यं मया द्रष्टुम्'(गीता.११/४) इति पार्थेन यदुक्तं तत्राह – न त्विति ।

न तु मां शक्यसे द्रष्टुमनेनैव स्वचक्षुषा ॥
दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ॥८॥

अनेन – प्राकृतेनैव, स्वचक्षुषा – नेत्रेण तु, माम् – अप्राकृतं दिव्यं, द्रष्टुं न शक्यसे – समर्थो न भवसि, शक्ष्यसे इति पाठे शक्तो न भविष्यसीत्यर्थः । अतस्ते – तुभ्यं, दिव्यम् – अप्राकृतं, चक्षुः – दृष्टिं, अहं ददामि । तेन दिव्यचक्षुषा मे – मम, योगम् – कल्याणगुणगणानां नित्यसंयोगम्, ऐश्वरम् – असङ्ख्यमहाविभूतिरूपमैश्वर्यं च त्वं पश्य ॥८॥

પરંતુ આ તારાં માયિક નેત્ર વડે મારા તે દિવ્યસ્વરૂપને દેખવા તું સમર્થ નથી. માટે હવે હું તને દિવ્યદૃષ્ટિ આપું છું. તે દિવ્યનેત્રોથી મારા કલ્યાણકારી ગુણોના સમૂહને અને અસંખ્ય મહા વિભૂતિરૂપ મારા ઐશ્વર્યને તું દેખી શકીશ." ॥૮॥

श्रीकृष्णेनोक्तवचनं धृतराष्ट्रं सञ्जय उवाच – एवमिति ।

सञ्जय उवाच –

एवमुक्त्वा ततो राजन्महायोगेश्वरो हरिः ॥
दर्शयामास पार्थाय परमं रूपमैश्वरम् ॥९॥

हे राजन् ! – धृतराष्ट्र ! ततः – अर्जुनप्रश्नानन्तरम्, एवमुक्त्वा महायोगेश्वरः — महायोगानाम् – महायोगैश्वर्यसंयुक्तानां योगिनाम्, ईश्वरः – नियन्ता, हरिः – चर्मचक्षुर्हारकः श्रीकृष्णः, पार्थाय – पृथापुत्रायार्जुनाय, परमम् – श्रेष्ठम्, ऐश्वरम् – असङ्ख्यमहाविभूतियुक्तं, रूपम् – स्वरूपं दर्शयामास ॥९॥

ત્યાર પછી શ્રીકૃષ્ણએ અર્જુનને જે વચન કહ્યું, તે વચન સંજય ધૃતરાષ્ટ્રને સંભળાવે છે : "હે રાજન્ ! આ પ્રમાણે અર્જુનને કહીને પછી મહાયોગૈશ્વર્યવાળા મહાયોગીઓના પણ નિયંતા એવા શ્રીહરિએ

અર્જુનનાં પ્રાકૃત નેત્રોને હરી લઈને અસંખ્ય મહા વિભૂતિથી યુક્ત અને સર્વથી શ્રેષ્ઠ એવા પોતાના વિશ્વરૂપનાં પાર્થને દર્શન કરાવ્યાં. ॥૯॥

तद्रूपं कथम्भूतमित्याशङ्क्याह – अनेकेति ।

अनेकवक्त्रनयनमनेकाद्भुतदर्शनम् ॥
अनेकदिव्याभरणं दिव्यानेकोद्यतायुधम् ॥१०॥

अनेकवक्त्रनयनम् — अनेकानि – बहूनि, वक्त्राणि नयनानि च यस्मिंस्तत्। अनेकाद्भुतदर्शनम् — अनेकानाम् – बहूनाम्, अद्भुतानाम् – आश्चर्याणां, दर्शनम् – प्रेक्षणं यस्मिंस्तत्। अनेकदिव्याभरणम् — अनेकानि दिव्यानि – अलौकिकानि, आभरणानि – भूषणानि यस्मिंस्तत्। दिव्यानेकोद्यतायुधम् — दिव्यानि – अलौकिकानि, अनेकानि – बहूनि, उद्यतान्यायुधानि – शस्त्राणि यस्मिंस्तत् ।।१०।।

શ્રીકૃષ્ણનું એ વિશ્વરૂપ કેવું હતું ? તો, અનેક મુખ અને અનેક નેત્રોવાળું, અનેક અદ્‌ભુત આશ્ચર્યોવાળું, અનેક અલૌકિક આભૂષણોવાળું અને અનેક દિવ્ય ઉગામેલાં આયુધો જેણે ધારણ કર્યાં છે, એવું એ સ્વરૂપ હતું. ॥૧૦॥

पुनः कथम्भूतम् ? तत्राह – दिव्येति ।

दिव्यमाल्याम्बरधरं दिव्यगन्धानुलेपनम् ॥
सर्वाश्चर्यमयं देवमनन्तं विश्वतोमुखम् ॥११॥

दिव्यमाल्याम्बरधरम् — दिव्यानि माल्यानि – मालाग्रथितपुष्पाणि, अम्बराणि – नानाविधवस्त्राणि च ध्रियन्ते येन तत्। दिव्यगन्धानुलेपनम् — दिव्यः – अप्राकृतः, गन्धः – सुगन्धो यस्य तथाभूतमनुलेपनम् – चन्दनानुरागो यस्य तत्। सर्वाश्चर्यमयम् – समग्राद्भुतप्रचुरं, देवम् – द्योतमानम्, अनन्तम् – अन्तवर्जितं, विश्वतोमुखम् — विश्वतः – सर्वतः, मुखानि – वक्त्राणि

यस्य। एवम्भूतं रूपं हरिः पार्थाय दर्शयामासेति पूर्वेणान्वयः, अर्जुनो ददर्श इत्यध्याहारो वा ।।११।।

વળી, દિવ્ય પુષ્પના હાર અને વિવિધ પ્રકારનાં વસ્ત્ર ધારણ કરેલું, અંગો ઉપર દિવ્ય સુગંધી ચંદનનો લેપ કરેલું, સમગ્ર આશ્ચર્યોથી ભરેલું, પ્રકાશી રહેલું, કોઈ પણ દિશામાં અંત ન આવે એવું અને બધી બાજુ મુખોવાળું – આવું પોતાનું સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને દેખાડ્યું.॥૧૧॥

अभूतोपमया तद्रूपं निरूपयति – दिवीति ।

दिवि सूर्यसहस्रस्य भवेद् युगपदुत्थिता ।।
यदि भाः सदृशी सा स्याद्भासस्तस्य महात्मनः ।।१२।।

दिवि - खे, सूर्यसहस्रस्य – सूर्याणाम् - युगपदुद्भूतानां रवीणां सहस्रस्य, अपरिमितसूर्यनिकरस्येत्यर्थः। युगपदुत्थिता भाः - प्रकाशो यदि भवेत्तर्हि सा - सूर्यसहस्रप्रभा, तस्य महात्मनः - महास्वरूपस्य, भासः - प्रकाशस्य, कयाचिद्रीत्या सदृशी - साधर्म्या स्यात्, यस्य अन्योपमा न भवतीत्यर्थः ।।१२।।

માનો કે આકાશને વિશે એક સાથે અસંખ્ય સૂર્ય ઊગ્યા હોય, તો તેનો એક સાથે જેવો પ્રકાશ થાય તે પ્રકાશની આ અતિ મોટા સ્વરૂપના પ્રકાશને કદાચ કોઈક રીતે ઉપમા દઈ શકાય, પણ એ વિના બીજી કોઈ ઉપમા તે શ્રીકૃષ્ણના સ્વરૂપને ન જ થાય; એવું એ સ્વરૂપ હતું !! ॥૧૨॥

तदनन्तरं किं तत्राह – तत्रेति ।

तत्रैकस्थं जगत्कृत्स्नं प्रविभक्तमनेकधा ।।
अपश्यद्देवदेवस्य शरीरे पाण्डवस्तदा ।।१३।।

तत्र - अनेकवक्त्रनयनप्रभृत्युक्तविशेषणविशिष्टे, देवदेवस्य –

देवानाम् – ब्रह्मादीनाम् अपरिमितकोटिमुक्तानां च देवस्य – उपास्यस्य, शरीरे – दिव्यदेहे, अनेकधा प्रविभक्तम् – बहुविधानां भोक्तृवृन्दानां भोग-निकेतनानां च भोगोपकरणानां च भेदैर्विभक्तं, कृत्स्नम् – प्रकृतिपुरुषादिसमग्रं, जगत् – स्थावरजङ्गमात्मकं विश्वम्, एकस्थम् – एकप्रदेशस्थितं, पाण्डवः– श्रीकृष्णदत्तदिव्यदृष्टिरर्जुनः, तदापश्यत् – ऐक्षत् ।।१३।।

બ્રહ્માદિક દેવો અને અનંતકોટી મુક્તોના પણ ઉપાસ્ય એવા શ્રીકૃષ્ણના તે દિવ્ય શરીરમાં ભોક્તાઓ, ભોગસ્થાનો, ભોગનાં સાધનો - આમ, અનેક પ્રકારનું સંપૂર્ણ જડચિદ્ જગત એક જ જગ્યાએ અર્જુન શ્રીકૃષ્ણએ દીધેલી દિવ્યદૃષ્ટિના પ્રતાપે દેખતો હતો. ॥૧૩॥

तस्य शरीरैकदेशे विश्वं दृष्ट्वा किमकरोदित्यपेक्षायां वदति – तत इति ।

ततः स विस्मयाविष्टो हृष्टरोमा धनञ्जयः ॥
प्रणम्य शिरसा देवं कृताञ्जलिरभाषत ॥१४॥

ततः – विश्वदर्शनानन्तरं, विस्मयाविष्टः — विस्मयेन – आश्चर्य-प्रेक्षणोद्भवेन दिव्यचित्तचमत्कारविशेषेण, आविष्टः – व्याप्तः सन्, हृष्टरोमा – उत्पुलकितलोमा सन्, स धनञ्जयः, देवम् – विश्वधारकं सर्वस्य प्रेरकं प्रवर्तकं बह्वद्भुतमनन्तज्ञानबलैश्वर्यप्रभृतिमङ्गलगुणगणसागरं देवदेवं, शिरसा – मस्तकेन, प्रणम्य – नत्वा, कृताञ्जलिः – सम्पुटी-कृतकरः सन्, अभाषत – गदितवान् ।।१४।।

આ રીતે વિશ્વસ્વરૂપનાં દર્શન થવાને કારણે તે અર્જુન આશ્ચર્યોથી નખશિખ ભરાઈ ગયો. ચિત્તમાં અનુભવાતા વિવિધ ચમત્કારોને કારણે તેના દરેકે દરેક રોમ ખડા થઈ ગયા. પછી મસ્તક નમાવી બંને હાથ જોડીને આખા વિશ્વને ધારી રહેલા, સર્વે જીવોને પોતપોતાની ક્રિયામાં પ્રેરનાર તથા પ્રવર્તાવનાર, અનંત આશ્ચર્યોથી પરિપૂર્ણ અને અપાર જ્ઞાન,

બળ, ઐશ્વર્ય વગેરે મંગલકારી ગુણસમૂહોના સાગર જેવા દેવોના પણ દેવ એવા શ્રીકૃષ્ણદેવને અર્જુને વિનય સાથે આવું કહ્યું." ॥૧૪॥

अर्जुन उवाच — पश्यामीति सप्तदशभिः ।

अर्जुन उवाच –

उपजातिवृत्तम् :

पश्यामि देवांस्तव देव ! देहे सर्वांस्तथा भूतविशेषसङ्घान् ॥
ब्रह्माणमीशं कमलासनस्थमृषींश्च सर्वानुरगांश्च दिव्यान् ॥१५॥

हे देव! तव देहे सर्वान् - इन्द्रादीन् देवान् तथा सर्वान् - भूतविशेषसङ्घान् — भूतविशेषाणां जरायुजादीनां, सङ्घान् - समूहान्। दिव्यान् ऋषीन् - भृगुवसिष्ठादीन्, उरगान् - तक्षकादीन् सर्पांश्च, कमलासनस्थम् - कमलरूपायां भूम्यां कर्णिकाभूते मेर्वासने स्थितं, यद्वा त्वन्नाभिपद्मस्थितं ब्रह्माणं, च ईशम् - रुद्रम्, अहं पश्यामि। पश्यामीति प्रतिपदं संयोजनीयम् ।।१५।।

"હે ઈષ્ટદેવ ! હું તમારા આ દેહને વિશે સર્વે દેવો અને ચાર પ્રકારની યોનિમાં જન્મેલા વિવિધ પ્રકારના પ્રાણીઓના સમૂહો જોઈ રહ્યો છું. ભૃગુ-વસિષ્ઠાદિક ઋષિઓને પ્રકાશે યુક્ત જોઈ રહ્યો છું. તક્ષક વગેરે સર્વે સર્પોને દેખું છું. વળી, કમળરૂપ પૃથ્વીના મધ્યમાં રહેલ બીજકોષરૂપી મેરુ પર્વત પર અથવા તમારી નાભિકમળરૂપ આસનમાં બેઠેલા બ્રહ્માજીને હું જોઈ રહ્યો છું. અને શિવજીને પણ આપના સ્વરૂપમાં જોઈ રહ્યો છું. ॥૧૫॥

अनेकबाहूदरवक्त्रनेत्रं पश्यामि त्वां सर्वतोऽनन्तरूपम् ॥
नान्तं न मध्यं न पुनस्तवादिं पश्यामि विश्वेश्वर ! विश्वरूपम् ॥१६॥

अनेकेति। हे विश्वेश्वर! विश्वरूपम् — विश्वं रूपम् - शरीरं यस्य

तम्। अनेकबाहूदरवक्त्रनेत्रम् — अनेकानि - बहूनि बाहवः, उदराणि, वक्त्राणि - मुखानि, नेत्राणि यस्य तम्। अनन्तरूपम् — अनन्तम् - अन्तवर्जितं, रूपम् - स्वरूपं यस्य तम्। त्वां सर्वतः पश्यामि - ईक्षे। अनन्तत्वात्, तव अन्तं न, मध्यं च न, पुनस्तव आदिं न पश्यामि ।।१६।।

આ સંપૂર્ણ વિશ્વ જેનું શરીર છે એવા હે વિશ્વેશ્વર ! અત્યારે આપને હું અનેક હાથ, પેટ, મુખ અને અનેક નેત્રોવાળા એવા અમાપ વિશ્વરૂપે બધે જ જોઈ રહ્યો છું. આપ અનંત હોવાથી હું તમારા અંતને, મધ્યને કે આદિભાગને જોઈ શકતો જ નથી. ॥૧૬॥

विश्वरूपदर्शनानन्तरं ब्रह्मतेजःपुञ्जे पुरुषोत्तमदर्शनमाह – किरीटिनमिति ।

किरीटिनं गदिनं चक्रिणं च तेजोराशिं सर्वतो दीप्तिमन्तम् ।।
पश्यामि त्वां दुर्निरीक्ष्यं समन्ताद्दीप्तानलार्कद्युतिमप्रमेयम् ।।१७।।

सर्वतः – अभितः, दीप्तिमन्तम् — दीप्तिः – प्रकाशो विद्यते यस्य तम्, अत एव समन्तात् - सर्वतो, दीप्तानलार्कद्युतिम् - दीप्ताः अनेककोटयः अनलार्काः – अग्निसूर्या इव द्युतिः – प्रकाशो यस्य तम्, अत एव अप्रमेयम् – प्रमातुमयोग्यं, तेजोराशिम् - तेजःपुञ्जं ब्रह्मज्योतिः, अहं पश्यामि । च - पुनः, तत्र स्थितं किरीटिनम् - शिरसि धृतमुकुटं, गदिनम् - एकहस्ते धृतगदम्, चक्रिणम् - द्वितीयकरे धृतचक्रम्। इति विशेषणद्वयेन अक्षरब्रह्मरूपे तेजःपुञ्जेऽपि द्विभुज एव स्थित इति सूचितमित्यर्थः। कैवल्यार्थिभिर्दु- र्निरीक्ष्यम् - दुःखेनेक्षितुमशक्यम्, एवम्भूतं त्वां पश्यामि ।

तथा चोक्तं मुण्डके - "यः सर्वज्ञः सर्वविद्यस्यैष महिमा भुवि दिव्ये ब्रह्मपुरे ह्येषः स व्योम्न्यात्मा प्रतिष्ठितः"(मुण्ड.२/२/७) इति । दशमे च - "सत्यं ज्ञानमनन्तं यद् ब्रह्मज्योतिः सनातनम्। यद्धि पश्यन्ति मुनयो गुणापाये समाहिताः"(भाग.१०/२८/१५) "कृष्णं च तत्र छन्दोभिः

स्तूयमानं सुविस्मिताः "(भाग.१०/२८/१७) इति। हरिवंशे च – "ततस्तेजः प्रज्वलितमपश्यत्तत्तदाम्बरे। सर्वलोकं समाविश्य स्थितं पुरुषविग्रहम्"(हरि. वि.११३/२५) तथा तत्रैवार्जुनं प्रति भगवद्वाक्यम् – "ब्रह्म तेजोमयं दिव्यं महद्यद् दृष्ट्वानसि। अहं स भरतश्रेष्ठ! मत्तेजस्तत्सनातनम्"(हरि. वि.११४/९) "तत्परं परमं ब्रह्म सर्वं विभजते जगत्।। मामेव तद् घनं तेजो ज्ञातुमर्हसि भारत!"(हरि.वि.११४/११-१२) इति ।।१७।।

હે શ્રીકૃષ્ણ ! હવે હું સર્વત્ર દેદીપ્યમાન કરોડો અગ્નિ અને સૂર્ય સમાન પ્રકાશવાળો, બધી બાજુ કાંતિવાળો એવો અમાપ તેજનો સમૂહ એટલે કે, બ્રહ્મજ્યોતિને જોઈ રહ્યો છું. વળી, તે બ્રહ્મતેજની મધ્યે માથે મુગટવાળા, એક હાથમાં ગદાવાળા, બીજા હાથમાં ચક્રવાળા, એવા આપને પણ આપની કૃપાથી જોઈ રહ્યો છું. જે દર્શન કૈવલ્યાર્થી માટે દુઃખે કરીને પણ ન થઈ શકે એવા છે. હે પ્રભુ ! આપ તો બ્રહ્મધામમાં પણ સદા દ્વિભુજ સાકારપણે બિરાજમાન છો. ॥૧૭॥

त्वमक्षरं परमं वेदितव्यं त्वमस्य विश्वस्य परं निधानम् ।।
त्वमव्ययः शाश्वतधर्मगोप्ता सनातनस्त्वं पुरुषो मतो मे ।।१८।।

त्वमिति। वेदितव्यम् – परमभागवतैर्ज्ञातव्यं, परममक्षरम् – अक्षरशब्दनिर्दिष्टं ब्रह्म, ततः श्रेष्ठमक्षरम् — "अक्षरात्परतः परः" (मुण्ड.२/१/२) इति श्रुत्युक्तं पुरुषोत्तमस्वरूपं त्वमेवासि। अस्य – अधुना वर्तमानस्य मम दृष्टिगोचरस्य विश्वस्य, परम् – प्रकृष्टं, (निधानम् –) निधीयते यस्मिन्निति निधानम् – आधारस्त्वमसि। शाश्वतधर्मगोप्ता – शाश्वतस्य – सनातनस्य, वेदोक्तस्य त्वदेकान्तस्य धर्मस्य, गोप्ता – रक्षकस्त्वमसि। अव्ययः – अविनाशी, सनातनः – नित्यः, यः पुरुषः – "विद्वान्नामरूपाद्विमुक्तः परात्परं पुरुषमुपैति दिव्यम्"(मुण्ड.३/२/८) इति।

"पुरुषान्न परं किञ्चित् सा काष्ठा सा परा गतिः"(कठो.१/३/११) इति। "वेदाहमेतं पुरुषं महान्तम्"(श्वेता.३/८) इति। "आत्मैवेदमग्र आसीत्पुरुषविधः"(बृह.१/४/१) इत्यादिश्रुतिभिरुक्तः परमपुरुषः, त्वमेवेति मे मतः – वसुदेवपुत्रत्वेनानुभूतोऽसीत्यर्थः ।।१८।।

હે હરિ ! તમે પરમ ભાગવત સંતોને સદા જાણવા જેવા પરમ અક્ષર છો. એટલે કે, અક્ષર કરતાં પણ ઉત્તમ પુરુષોત્તમનારાયણ છો. મને દેખાઈ રહેલ આ સમગ્ર વિશ્વના પરમ આધાર છો. શાશ્વત એવો જે આપનો એકાંતિક ધર્મ તેના તમે રક્ષક છો. વેદમાં વર્ણવાયેલ અવિનાશી અને અનાદિ સિદ્ધ એવા જે પરમ પુરુષ તે તમે જ છો; એમ હું માનું છું. અર્થાત્ વસુદેવના પુત્રરૂપે પ્રગટપ્રમાણ અનુભવી રહ્યો છું. ॥૧૮॥

पुनर्विश्वरूपं दृष्ट्वा भगवन्तं वदति – अनादीति ।

अनादिमध्यान्तमनन्तवीर्यमनन्तबाहुं शशिसूर्यनेत्रम् ।।
पश्यामि त्वां दीप्तहुताशवक्त्रं स्वतेजसा विश्वमिदं तपन्तम् ।।१९।।

अनादिमध्यान्तम् – आदिमध्यावसानवर्जितम्, अनन्तवीर्यम् – वीर्यशब्दोऽत्र तदादिगुणानामुपलक्षकः, अनन्ताः वीर्यप्रभृतयो गुणा यस्य तम्। अनन्तबाहुम् — अनन्ताः – बहवः, बाहवो यस्य तम्, उपलक्षणमेतन्मुखादीनामपि। शशिसूर्यनेत्रम् – लोकानां शान्तिपरितापकरौ चन्द्रसूर्याविव देवासुराणां सुखपरितापकरे प्रतिमुखं द्वे द्वे नेत्रे यस्य तम्। दीप्तहुताशवक्त्रम् — दीप्तः – प्रज्वलितः, हुताशः – अग्निः, वक्त्रं वक्त्रेषु वा यस्य तम्। स्वतेजसा इदं विश्वं तपन्तम् – सम्यक् तापयन्तं त्वां पश्यामि – अहं प्रेक्षे ।।१९।।

વળી, હે પ્રભુ ! હવે હું આપને આદિ, મધ્ય અને અવસાન રહિત જોઈ રહ્યો છું. અનંત પરાક્રમવાળા, અનંત ગુણોવાળા, અનંત હાથ,

પગ, મુખ વગેરે અવયવોવાળા જોઈ રહ્યો છું. સૂર્ય-ચંદ્રની જેમ તપાવનાર તથા શીતળતા આપનાર એવાં બે બે નેત્રવાળા જોઈ રહ્યો છું. અર્થાત્ તમારા દરેક શરીરમાં રહેલાં બે બે નેત્ર ભક્તોને સુખકર અને અસુરોને પરિતાપ કરનારા છે. હે હરિ ! આપના મુખોમાં પ્રચંડ રીતે અગ્નિ પ્રજ્વલિત થયો છે અને આપ આપના તેજથી આખા વિશ્વને તપાવી રહ્યા છો, એમ હું જોઈ રહ્યો છું. ॥૧૯॥

द्यावापृथिव्योरिदमन्तरं हि व्याप्तं त्वयैकेन दिशश्च सर्वाः ॥
दृष्ट्वाद्भुतं रूपमुग्रं तवेदं लोकत्रयं प्रव्यथितं महात्मन् ! ॥२०॥

द्यावेति । द्यावापृथिव्योः – स्वर्गभूम्योः, इदमन्तरम् – अन्तरालम्, एकेन त्वया व्याप्तं, सर्वाः – दश दिशश्च व्याप्ताः, हि – एव, हे महात्मन् ! अद्भुतम् – अदृष्टपूर्वम्, उग्रम् – भयङ्करं, तवेदम् – अनन्तकोटियोजन–विस्तीर्णं रूपं दृष्ट्वा, लोकत्रयं प्रव्यथितम् – त्रिषु लोकेषु स्थिता जना अत्यन्तभीता भवन्तीत्यर्थः ।।२०।।

હે પ્રતાપી પુરુષોત્તમ ! સ્વર્ગ અને પૃથ્વી વચ્ચેનું આ આખું અંતરીક્ષ એક માત્ર આપથી જ ખીચોખીચ ભરાઈ ગયું છે. સર્વે દિશાઓ આપ એકથી જ પૂર્ણ ભરાઈ ગઈ છે. હે વિશાળ સ્વરૂપવાળા પ્રભુ ! આપનું અનંતકોટી યોજનમાં વિસ્તરેલું, અદ્ભુત અને અતિ ભયંકર એવું આ સ્વરૂપ જોઈને ત્રિલોકીમાં રહેલા સર્વે જનો અત્યંત ભયભીત થઈ ગયા છે. ॥૨૦॥

अमी हि त्वां सुरसङ्घा विशन्ति केचिद्भीताः प्राञ्जलयो गृणन्ति ॥
स्वस्तीत्युक्त्वा महर्षिसिद्धसङ्घाः स्तुवन्ति त्वां स्तुतिभिः पुष्कलाभिः ॥२१॥

अमी हीति । अमी सुरसङ्घाः – देवसमूहाः, त्वां सर्वोत्कृष्टं दृष्ट्वा – निरीक्ष्य, विशन्ति – ध्यानैकाग्रदृग्भिः प्रविशन्ति । तेषु केचिद्भीताः, दूरे स्थित्वा प्राञ्जलयः – कृतकरसम्पुटाः सन्तः, गृणन्ति – स्तुतिशब्दान् वदन्ति ।

महर्षिसिद्धसङ्घाश्च – महर्षीणां सिद्धानां सङ्घाः – समूहाः, भगवत्स्वरूप-यथार्थज्ञानाः सन्तः, स्वस्तीत्युक्त्वा – 'स्वस्ति स्वस्ति', 'कल्याणं कल्याणं', 'मङ्गलं मङ्गलं', 'जय जय' इति शब्दानुक्त्वा पुष्कलाभिः बहुलाभिः भवदनुरूपाभिः स्तुतिभिः – गद्यपद्यग्रथितस्तोत्रैः स्तुवन्ति हि ।।२१।।

હે નાથ ! આ અમુક દેવસમૂહો આપના આ સર્વોત્કૃષ્ટ સ્વરૂપને જોઈને અતિ તન્મયતાને કારણે તમારામાં પ્રવેશ કરી રહ્યા છે. અમુક ભયભીત થઈ ગયા હોવાથી દૂર રહ્યા થકા હાથ જોડીને સ્તુતિ કરી રહ્યા છે. અન્ય મહર્ષિઓ અને સિદ્ધ પુરુષોનાં ટોળે-ટોળાં આપના સ્વરૂપને યથાર્થ જાણતાં હોવાથી 'કલ્યાણમ્ ભવતુ', 'મંગલમ્ ભવતુ', 'જય હો...જય હો...' આવા શબ્દો ઉચ્ચારીને બહુ ઝાઝાં સ્તોત્રો વડે આપની સ્તુતિ કરી રહ્યા છે. ॥૨૧॥

रुद्रादित्या वसवो ये च साध्या विश्वेऽश्विनौ मरुतश्चोष्मपाश्च ॥
गन्धर्वयक्षासुरसिद्धसङ्घा वीक्षन्ते त्वां विस्मिताश्चैव सर्वे ॥२२॥

रुद्रेति । रुद्राश्च आदित्याश्च वसवश्च ये च साध्यसंज्ञा देवाः, विश्वे – विश्वे देवाश्च, अश्विनौ – तत्संज्ञौ देवौ च, मरुतः – वायुसमूहाश्च, ऊष्मपाः – ऊष्माणं पिबन्तीत्यूष्मपाः – पितृसंज्ञा देवाः, तथा च श्रुतिस्मृती – "ऊष्मभागा हि पितरः"(तै.ब्रा.३/६१) इति। "यावदुष्णं भवेदन्नं यावदश्नन्ति वाग्यताः। पितरस्तावदश्नन्ति यावन्नोक्ता हविर्गुणाः"(मनु.३/२३७) इति। गन्धर्वयक्षासुरसिद्धसङ्घाः – गन्धर्वाणां यक्षाणामसुराणां सिद्धानां च जातिभेदानां सङ्घाः – समूहाः, ते सर्व एव विस्मिताः – विस्मयं प्राप्ताः सन्तस्त्वां वीक्षन्ते ।।२२।।

એ સિવાયના અગિયાર રુદ્રો, બાર સૂર્ય, આઠ વસુઓ, બાર સાધ્ય નામના દેવો, દસ વિશ્વદેવ નામના દેવો, બે અશ્વિનીકુમારો, ઓગણપચાસ

વાયુઓ, ગરમાગરમ રસપાન કરનાર પિતૃઓ તથા ગંધર્વ, યક્ષ, અસુર અને સિદ્ધોના સમૂહો – આશ્ચર્યચકિત થઈને તમને જોઈ રહ્યા છે.॥૨૨॥

किञ्च – रूपमिति ।

रूपं महत्ते बहुवक्त्रनेत्रं महाबाहो ! बहुबाहूरुपादम् ॥
बहूदरं बहुदंष्ट्राकरालं दृष्ट्वा लोकाः प्रव्यथितास्तथाहम् ॥२३॥

हे महाबाहो ! बहुवक्त्रनेत्रम् – बहुमुखलोचनं, बहुबाहूरुपादम् – बहवो बाहवः – कराश्च, ऊरवः – सक्थीनि, पादाः – चरणकमलानि च यस्मिंस्तत् । बहूदरम् – बहूनि उदराणि यस्मिंस्तत्, बहुदंष्ट्राकरालम् – बहुदंष्ट्राभिः करालम् – भयङ्करम्, महत् – अनन्तकोटियोजनविस्तरं, ते – तव, रूपं दृष्ट्वा – प्रेक्ष्य, लोकाः – ये पूर्वकथिता भक्ताभक्तसमत्वेन स्थितास्त्रिविधा जनास्ते प्रव्यथिताः – भीता भवन्ति, तथा अहं प्रव्यथितोऽस्मि ॥२३॥

હે મહાબાહુ કૃષ્ણ ! બહુ ઝાઝાં મુખ અને નેત્રવાળું, અનેક હાથ સાથળ અને ચરણવાળું, અનેક ઉદરવાળું, અનંત ડાઢ્યોને કારણે અતિ ભયંકર એવું આપનું આટલું મોટું સ્વરૂપ જોઈને પૂર્વે કહ્યા એ બધા તમારા ભક્ત, દ્વેષી કે ઉદાસી તે સર્વે અતિ ભયના માર્યા પીડા પામી રહ્યા છે. તેવી જ રીતે હું પણ અતિ વ્યથિત થઈ ગયો છું. ॥૨૩॥

मयि केवलं भयमागतमिति न, किन्तु अन्यदपि भवतीत्याह – नभःस्पृशमिति ।

नभःस्पृशं दीप्तमनेकवर्णं व्यात्ताननं दीप्तविशालनेत्रम् ॥
दृष्ट्वा हि त्वां प्रव्यथितान्तरात्मा धृतिं न विन्दामि शमं च विष्णो ! ॥२४॥

नभःस्पृशम् – नभः स्पृशतीति नभःस्पृक् तम्, अत्यूर्ध्वव्यापिनम्।

दीप्तम् – प्रकाशमानम्, अनेकवर्णम् — अनेके – बहवः शुक्लकृष्ण-पीतादयो वर्णा यस्य तम् । व्यात्ताननम् – विवृत्तमुखं, दीप्तविशालनेत्रम् – प्रदीप्तविस्तीर्णनयनं, त्वां दृष्ट्वा – निरीक्ष्य, हे विष्णो ! – सर्वव्यापन ! प्रव्यथितान्तरात्मा – भीतमना अहं, धृतिम् – धैर्यं, शमम् – शातिं च, न विन्दामि – न प्राप्नोमि ।।२४।।

હે સર્વવ્યાપક વિષ્ણુ ! આકાશને આંબી જાય એવું, અતિ પ્રકાશતું, અનેક વર્ણવાળું, ફાડેલા મુખવાળું, સળગતા વિશાળ નેત્રવાળું એવું તમારું સ્વરૂપ જોઈને ભયભીત મનવાળો હું, હવે તો જરા પણ ધીરજ અને શાંતિ પામી રહ્યો નથી. ॥૨૪॥

किञ्च — दंष्ट्रेति ।

दंष्ट्राकरालानि च ते मुखानि दृष्ट्वैव कालानलसन्निभानि ।।
दिशो न जाने न लभे च शर्म प्रसीद देवेश ! जगन्निवास ! ।।२५।।

हे जगन्निवास ! – अन्तर्यामितया जगति निवासो यस्य तत्सम्बुद्धौ, यद्वा जीवकल्याणार्थं धर्मस्थापनार्थं च रामकृष्णवामनादिरूपैः जगति – विश्वस्मिन् निवासः – निवसनं यस्य तत्समबुद्धौ । कालानलसन्निभानि — कालानलस्य – प्रलयवह्नेः सन्निभानि – तुल्यानि, दंष्ट्राकरालानि च — दंष्ट्राभिः करालानि – विकृतत्वाद्भयङ्कराणि, ते – तव, मुखानि दृष्ट्वैव, दिशः – काष्ठाः, अहं न जाने – न वेद्मि, शर्म – सुखं च, न लभे – न विदामि । भो देवेश ! प्रसीद – त्वं प्रसन्नो भव ।।२५।।

જીવનાં કલ્યાણ માટે અને ધર્મસ્થાપન કરવા રામ-કૃષ્ણ-વામન વગેરે અવતાર ધરીને જગતમાં વાસ કરનાર અથવા તો અંતર્યામીપણે સમગ્ર જગતમાં રહેનાર હે જગન્નિવાસ ! પ્રલયકાળના અગ્નિસમાન અને મોટી મોટી ડાઢ્યોને કારણે ભયંકર એવાં આપનાં અગણિત મુખો જોતાં જ મને

દિશાઓનું ભાન નથી રહ્યું. એટલે કે, મારું માથું ભમી રહ્યું છે. હું ક્યાંય સુખ-ચેન પામતો નથી. માટે હે દેવેશ ! હવે તમે કાંઈક કૃપા કરો.॥૨૫॥

'यदन्यत् द्रष्टुमिच्छसि तन्मम देहे पश्य'(गीता.११/७) इति श्रीकृष्णोदितं पश्यन्नाह पञ्चभिः — अमी चेति।

अमी च त्वां धृतराष्ट्रस्य पुत्राः सर्वे सहैवावनिपालसङ्घैः ॥
भीष्मो द्रोणः सूतपुत्रस्तथासौ सहास्मदीयैरपि योधमुख्यैः ॥२६॥

वक्त्राणि ते त्वरमाणा विशन्ति दंष्ट्राकरालानि भयानकानि ॥
केचिद्विलग्ना दशनान्तरेषु सन्दृश्यन्ते चूर्णितैरुत्तमाङ्गैः ॥२७॥

अवनिपालसङ्घैः – पृथिवीरक्षकानां जयद्रथादीनां राज्ञां समूहैः, सहैव सर्वे अमी धृतराष्ट्रस्य पुत्राः, अस्मदीयैरपि – शिखण्डिधृष्टद्युम्नादिभिर्योधमुख्यैः, सह भीष्मः द्रोणः तथा असौ सूतपुत्रः – कर्णश्च, एते सर्वे त्वाम्प्रति त्वरमाणाः सन्तः, ते वक्त्राणि विशन्तीत्युत्तरेणान्वयः ।।२६।।

वक्त्राणीति। कथम्भूतानि वक्त्राणि ? दंष्ट्राकरालानि भयानकानि च, तेषु मध्ये केचित् दशनान्तरेषु – दन्तान्तरालेषु, विलग्नाः – संलग्नाः सन्तः, चूर्णितैः – भग्नैः, उत्तमाङ्गैः – मस्तकैः करणैः, मया सन्दृश्यन्ते ।।२७।।

અરે... આ શું બની રહ્યું છે !! તમામ રાજાઓએ સહિત એવા આ સર્વે ધૃતરાષ્ટ્રના દીકરાઓ, અમારા પણ મુખ્ય યોદ્ધાઓએ સહિત ભીષ્મદાદા, ગુરુ દ્રોણ અને આ કર્ણ — એ બધા અતિ ઘાંઘા થઈને તમારા ભયંકર ડાઢ્યોવાળા મહાભયાનક મુખમાં પ્રવેશી રહ્યા છે. તેમાં ઘણા બધા તો તમારા મોટા મોટા દાંતની વચ્ચેના ભાગમાં ભરાઈ ગયા છે અને તેમના મસ્તકો ચૂરચૂર થઈ ગયા હોય એવા દેખાય રહ્યા છે. ॥૨૬-૨૭॥

तत्प्रवेशे दृष्टान्तं वदति – यथेति ।

उपेन्द्रवज्रावृत्तम् :

यथा नदीनां बहवोऽम्बुवेगाः समुद्रमेवाभिमुखा द्रवन्ति ॥
तथा तवामी नरलोकवीरा विशन्ति वक्त्राण्यभिविज्वलन्ति ॥२८॥

नदीनाम् – गङ्गायमुनादीनां, बहवोऽम्बुवेगाः – अम्बूनाम् – जलानां वेगाः – प्रवाहाः, अभिमुखाः – सागरसन्मुखाः सन्तो यथा समुद्रमेव द्रवन्ति – तत्रैव प्रविशन्तीत्यर्थः । तथा अमी – उभयोः सेनयोः स्थिताः, नरलोक–वीराः – मानुषलोके भटाः, अभिविज्वलन्ति – अभितः प्रकाशमानानि, तव वक्त्राणि विशन्ति । अभितो ज्वलन्तीति वा पाठः ।।२८।।

જેમ ગંગા, યમુના જેવી મોટી મોટી નદીઓના પ્રચંડ જળપ્રવાહો સમુદ્ર તરફ ઉન્મુખ બનીને સમુદ્રમાં જ પ્રવેશી જાય છે, તેમ આ બેય પક્ષની સેનાના મૃત્યુલોકના મોટા મોટા યોદ્ધાઓ ચારે બાજુથી સળગી રહેલા તમારા મુખમાં ખાબકી રહ્યા છે. ॥૨૮॥

स्वाभाविके प्रवेशे दृष्टान्तमुक्त्वा ज्ञानपूर्वके प्रवेशे दृष्टान्तं वदति – यथेति ।

यथा प्रदीप्तं ज्वलनं पतङ्गा विशन्ति नाशाय समृद्धवेगाः ॥
तथैव नाशाय विशन्ति लोकास्तवापि वक्त्राणि समृद्धवेगाः ।।२९।।

प्रदीप्तं ज्वलनम् – प्रज्वलिताग्निशिखां, पतङ्गाः – खद्योताः, समृद्धवेगाः – पुष्कलरंहसः सन्तः, यथा नाशाय – मृत्यवे, ज्ञानपूर्वकं विशन्ति, तथैव लोकाः – अमी दुर्योधनादयो नरा अपि समृद्धवेगाः सन्तः, तव वक्त्राणि – भवतो मुखानि, नाशाय विशन्ति – प्रविशन्ति ।।२९।।

જેમ અતિ પ્રજવલિત થઈને ભડ..ભડ..સળગી રહેલા અગ્નિમાં પતંગિયાંઓ પોતાના નાશ માટે જ અતિ વેગથી પ્રવેશે છે; તેમ જ આ

દુર્યોધનાદિક સર્વે મનુષ્યો પણ અતિ વેગથી મરી જાવા માટે જ તમારા મુખમાં ભરાઈ રહ્યા છે. અર્થાત્ અગ્નિ તરફ જવાથી પોતાનું મૃત્યુ થશે જ, એમ જાણવા છતાં પતંગિયાં અગ્નિમાં પડે છે, તેમ આ લોકો પોતાનું મૃત્યુ જાણવા છતાં આપના ભયંકર મુખમાં પ્રવેશે છે. ॥૨૯॥

तदनन्तरं किं वृत्तं तत्राह – लेलिह्यस इति ।

उपजातिवृत्तम् :

लेलिह्यसे ग्रसमानः समन्ताल्लोकान्समग्रान्वदनैर्ज्वलद्भिः ॥
तेजोभिरापूर्य जगत्समग्रं भासस्तवोग्राः प्रतपन्ति विष्णो ! ॥३०॥

समग्रान् – सर्वान्, लोकान् – एवं रंहसा प्रविशत एतान् भटान्, ज्वलद्भिः – प्रदीप्तैः, वदनैः – मुखैः, समन्तात् – सर्वतो, ग्रसमानः – मन्युरंहसा गिलन् सन्, त्वं लेलिह्यसे – बिम्बोष्ठानां भूयो भूयः आस्वादनं करोषीत्यर्थः । हे विष्णो ! तवोग्राः – अतितीक्ष्णाः, भासः – किरणाः, तेजोभिः – स्वप्रकाशैः, समग्रं जगत् – विश्वम्, आपूर्य – व्याप्य, प्रतपन्ति – परितापयन्तीत्यर्थः ।।३०।।

એટલું જ નહિ, પણ હે પ્રભુ ! આવી રીતે વેગથી મુખમાં પ્રવેશી રહેલા આ બધા લોકોને તમે પણ સળગી રહેલા મુખથી બધી બાજુથી ગ્રસી-ગળી રહ્યા છો. અને વારંવાર તેનો આસ્વાદ માણી રહ્યા છો. વળી, તમારા અતિ તિક્ષ્ણ કિરણો પોતાના પ્રકાશ વડે આખા જગતમાં વ્યાપીને અતિશય તપાવી રહ્યાં છે. ॥૩૦॥

अतिभयङ्कररूपस्त्वं को भवसि ? किमर्थं चेदं रूपं प्रकटितम् ? इति प्रश्नं कुर्वन्नाह – आख्याहीति ।

आख्याहि मे को भवानुग्ररूपो नमोऽस्तु ते देववर ! प्रसीद ॥
विज्ञातुमिच्छामि भवन्तमाद्यं न हि प्रजानामि तव प्रवृत्तिम् ॥३१॥

उग्ररूपः – भयानकस्वरूपः, भवान् – त्वं, कोऽस्तीति, आद्यम् – आदिभूतं, भवन्तम् – त्वां, विज्ञातुम् – बोद्धुमिच्छामि। इमां च तव प्रवृत्तिम् – चेष्टां न जानामि, त्वं किमर्थं प्रवृत्तोऽसीत्यहं न वेद्मि। हि – एव। अत एतत्प्रश्नद्वयं मे – मह्यं, त्वमाख्याहि – वद, ते – तुभ्यं नमोऽस्तु। हे देववर! – देवश्रेष्ठ! प्रसीद – ममोपरि प्रसन्नो भव ।।३१।।

આટલા બધા ઉગ્ર-ભયાનક સ્વરૂપવાળા તમે ખરેખર કોણ છો ? સહુના આદિભૂત એવા આપને હું જાણવા ઇચ્છું છું. આવી આપની આ પ્રવૃત્તિને હું જાણતો નથી કે, તમે શા માટે આ બધું કરી રહ્યા છો ? માટે મને આપ કહો. આનો કાંઈક ખુલાસો કરો. હે દેવવર ! મારા ઉપર હવે રાજી થાઓ. અર્થાત્ આપની આ ક્રૂરતાને બંધ કરી સહુના ઉપર કરુણા કરો." ॥૩૧॥

एवमर्जुनेन स्तुतो यः स्वयं, यदर्था च स्वप्रवृत्तिः, तत्सर्वं श्रीभगवान् उवाच – काल इति त्रिभिः ।

श्रीभगवानुवाच –

कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो लोकान्समाहर्तुमिह प्रवृत्तः ॥
ऋतेऽपि त्वां न भविष्यन्ति सर्वे येऽवस्थिताः प्रत्यनीकेषु योधाः ।।३२।।

लोकानां क्षयकृत् – नाशकर्ता, प्रवृद्धः – भयानकरूपेण वृद्धिं प्राप्तोऽहं, कालोऽस्मि। कस्माद् इह तव प्रवर्तनमितिचेत् तत्र वदामि – लोकान् – अधर्मिणो भूमिभारभूतान् क्षत्रियजनान्, समाहर्तुम् – नाशयितुम्, इह – लोके, प्रवृत्तः – आगतोऽस्मि। अतः प्रत्यनीकेषु – अनीकानि अनीकानि प्रति इति प्रत्यनीकानि तेषु प्रतिसैन्येषु 'अव्ययं विभक्ति' इत्यादिना यथार्थवीप्सायाम् अव्ययीभावे सति 'नाऽव्ययीभावात्' इत्यादिना सप्तम्या अमादेशे प्राप्ते, 'तृतीयासप्तम्योर्बहुलम्' इति सूत्रेण पाक्षिके

निषेधे सति इदं रूपं सिद्धम्। भीष्मद्रोणजयद्रथादीनां सर्वेष्वनीकेषु येऽवस्थिता: योधा: – योद्धार: सन्ति, ते त्वामृते – तवोद्यमं विनापि न भविष्यन्ति – न जीविष्यन्ति। यद्वा तेऽपि त्वामृते – तेषां घातकं त्वामेकं विना, न भविष्यन्ति – न जीविष्यन्ति ।।३२।।

આવી રીતે અર્જુને સ્તુતિ તથા પ્રાર્થના કરી ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ પોતે કોણ છે ? અને શા માટે આ બધું કરી રહ્યા છે ? એ બધું કહેવા લાગ્યા : "ભયાનક રૂપધારી બહુ મોટો થયેલો એવો લોકોનો નાશ કરી નાખનાર હું સાક્ષાત્ કાળ છું. ભૂમિના ભારરૂપ એવા અધર્મી ક્ષત્રિયોનો નાશ કરવા માટે અહીં હું આવ્યો છું. માટે દરેક સેનામાં રહેલા જે યોદ્ધાઓ છે, તેઓ તારા પ્રયત્ન વિના પણ જીવતા નથી જ રહેવાના. અથવા તેઓને મારનાર એક તારા સિવાય તે કોઈ જ જીવતા નથી રહેવાના. ॥૩૨॥

तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व जित्वा शत्रून् भूङ्क्ष्व राज्यं समृद्धम् ।।
मयैवैते निहता: पूर्वमेव निमित्तमात्रं भव सव्यसाचिन् ! ।।३३।।

यस्मादेवं मम सङ्कल्पादेव त्वद्व्यापारमन्तरेणाऽपि एते विनङ्क्ष्यन्ति, तस्मात्त्वं सङ्ग्रामायोत्तिष्ठ। यशो लभस्व – 'इन्द्रादिभिरपि जेतुमशक्या भीष्मादयो धनञ्जयेन युद्धे निहता:' इत्येवंरूपां कीर्तिं गच्छ। शत्रून् जित्वा समृद्धं राज्यं भुङ्क्ष्व। एते – तवारय:, पूर्वमेव – तव सङ्ग्रामात् प्रथममेव, मयैव – कालरूपेण, निहता: – हतप्राया: कृता:, केवलं भवत: कीर्तिलब्धये स्यन्दनात् न पातिता इत्यर्थ:। अतस्त्वं निमित्तमात्रं भव। हे सव्यसाचिन् ! – सव्येन – वामकरेण, बाणं सचितुम् – सन्धातुं शीलमस्य इति व्युत्पत्ते:। सव्यहस्तेनापि इषुनिक्षेपणात् सव्यसाचीति कथ्यते, उभाभ्यां कराभ्यां बाणनिक्षेपणसमर्थ इत्यर्थ: ।।३३।।

તારા કોઈ પણ પ્રયાસ વિના પણ મારા સંકલ્પથી આ સર્વે નાશ થશે જ. માટે તું યુદ્ધ માટે તત્પર થા. 'ઇન્દ્રાદિકને પણ જીતવા અશક્ય

એવા ભીષ્માદિકને અર્જુને યુદ્ધમાં હણી નાખ્યા' આવી કીર્તિ પ્રાપ્ત કર. વળી, શત્રુને જીતીને સમૃદ્ધ રાજ્ય ભોગવ. આ બધા તારા શત્રુઓને તારા યુદ્ધ પહેલાં જ મેં જ કાળરૂપે પ્રાયઃ હણી નાખ્યા છે. માત્ર તારી કીર્તિ માટે રથમાંથી નીચે પાડ્યા નથી. માટે હે સવ્યસાચિન્ ! એટલે કે, ડાબા હાથ વડે પણ બાણને સાંધવા માટે સમર્થ હે અર્જુન ! **તું હવે નિમિત્તમાત્ર બન.** ॥૩૩॥

पुनरपि तदेव विस्तरेणाह – द्रोणमिति ।

द्रोणं च भीष्मं च जयद्रथं च कर्णं तथान्यानपि योधवीरान् ॥
मया हतांस्त्वं जहि मा व्यथिष्ठा युध्यस्व जेतासि रणे सपत्नान् ॥३४॥

द्रोणं च भीष्मं च जयद्रथं च कर्णं च तथा अन्यानपि मया हतान्, योधवीरान् – योद्धृमुख्यान्, त्वं जहि – नाशय । मा व्यथिष्ठाः – 'महाबलिष्ठा भीष्मद्रोणादयोऽल्पसामर्थ्यवता मया कथं हन्यन्ते,' इति व्यथां मा कृथाः । रणे – सङ्गरे, सपत्नान् – अरीन्, जेतासि – त्वं जेष्यसि ॥३४॥

આ દ્રોણ, ભીષ્મ, જયદ્રથ, કર્ણ અને તે સિવાયના અન્ય પણ મુખ્ય યોદ્ધાઓને મેં હણી નાખ્યા છે. તેને હવે તું માર, પણ તેને મારવાની પીડા ન ભોગવ. અર્થાત્ અલ્પસામર્થ્યવાળા મારાથી અતિ પરાક્રમી એવા ભીષ્મ, દ્રોણ વગેરે કેવી રીતે હણાશે ? એવી ચિંતા તું ન કર. કેમ જે, યુદ્ધમાં શત્રુને તું અવશ્ય જીતીશ." ॥૩૪॥

एतद्वृतान्तमम्बिकासूनुं प्रति सञ्जय उवाच – एतदिति ।

सञ्जय उवाच –

एतच्छ्रुत्वा वचनं केशवस्य कृताञ्जलिर्वेपमानः किरीटी ॥
नमस्कृत्वा भूय एवाह कृष्णं सगद्गदं भीतभीतः प्रणम्य ॥३५॥

केशवस्य एतत् – पूर्वश्लोकोक्तं वचनं, श्रुत्वा – निशम्य, कृताञ्जलिः –

कृतकरसम्पुटः, किरीटी – सुरेन्द्रार्पितमुकुटोऽर्जुनः, वेपमानः – कम्पमानः सन्, कृष्णं नमस्कृत्वा – नतिं कृत्वा, भीतभीतः – असकृत् भयं प्राप्तः सन्, प्रणम्य – नम्रो भूत्वा, भूयः – पूनरेव, सगद्गदम् — गद्गदेन – प्रकम्पेन सह वर्तमानं यथा भवति तथा कृष्णमाह – वदति ।।३५।।

હવે સંજય ધૃતરાષ્ટ્ર પ્રત્યે અર્જુનની સ્થિતિ વર્ણવે છે : "હે ધૃતરાષ્ટ્ર! કેશવનું આ છેલ્લું વચન સાંભળીને, ઇન્દ્રએ જેને મુગટ અર્પણ કર્યો હતો એવો અર્જુન બે હાથ જોડી ધ્રૂજતો થકો કૃષ્ણને નમસ્કાર કરીને વારંવાર ભય પામતો થકો, નમ્ર બનીને ફરી વખત ગદ્ગદ કંઠે કહેવા લાગ્યો."॥૩૫॥

भगवन्तं स्तुवन्नर्जुन उवाच दशभिः — स्थान इति ।

अर्जुन उवाच –

स्थाने हृषीकेश ! तव प्रकीर्त्या जगत्प्रहृष्यत्यनुरज्यते च ॥
रक्षांसि भीतानि दिशो द्रवन्ति सर्वे नमस्यन्ति च सिद्धसङ्घाः ॥३६॥

स्थाने इत्यव्ययं युक्तमित्यर्थे। हे हृषीकेश! तव – अद्भुतरूपस्य, प्रकीर्त्या – यशःकीर्तनेन, जगत् – देवमनुष्यादिकं विश्वं, प्रहृष्यति – प्रकर्षेण प्रमोदं गच्छति। तत्र भक्तवृन्दं च तव प्रकीर्त्या त्वयि अनुरज्यते – अनुरागं करोतीति यत्तदपि युक्तमेव। तव प्रकीर्त्या रक्षांसि भीतानि सन्ति दिशः – समग्राः काष्ठाः प्रति द्रवन्ति – गच्छन्ति इति तदपि युक्तमेव। तव प्रकीर्त्या सर्वे सिद्धसङ्घाश्च — सिद्धानाम् – योगसिद्धिप्राप्तानां, सङ्घाः – समूहाः, त्वां नमस्यन्तीति यत्तदपि युक्तमेव ।।३६।।

✵ ભાવવિભોર હૃદયથી અર્જુને કરેલી સ્તુતિ :

"હે હૃષીકેશ ! અદ્‌ભુતરૂપવાળા તમારા ગુણો ગાઈને દેવો-મનુષ્યો વગેરે આખું વિશ્વ આનંદ પામે છે. તેમાંય તમારા ભક્તો તો તમારી કીર્તિ ગાઈને તમારામાં અતિ પ્રેમ કરે છે. વળી, તમારી કીર્તિથી ભયભીત

થઈને રાક્ષસો સર્વે દિશાઓમાં ભાગી રહ્યા છે. અને તમારી કીર્તિથી યોગની સિદ્ધિ પામેલા યોગીઓના સર્વે સમૂહો આપને નમસ્કાર કરે છે. આ ચારેય બાબત બરાબર યોગ્ય જ છે. ॥૩૬॥

तदेव युक्तत्वं प्रदर्शयन्नाह – कस्मादिति ।

कस्माच्च ते न नमेरन्महात्मन् ! गरीयसे ब्रह्मणोऽप्यादिकर्त्रे ॥
अनन्त ! देवेश ! जगन्निवास ! त्वमक्षरं सदसत्तत्परं यत् ॥३७॥

हे अनन्त! – गुणानाम् ऐश्वर्यस्य च व्यापनशक्तेश्च नास्ति अन्तो यस्य तत्सम्बुद्धौ। हे देवेश! हे जगन्निवास! – अन्तर्यामिशक्त्या राम-कृष्णादिरूपैर्वा जगति निवासो यस्य तत्सम्बुद्धौ। ब्रह्मणोऽपि गरीयसे – अक्षरब्रह्मणोऽपि श्रेष्ठतराय, सर्वेषामादिकर्त्रे ते – तुभ्यं, पूर्वोक्ताः कस्माद्धेतोर्न नमरेन् ? – वन्दनं न कुर्युः ? तत्र हेतुमाह – हे महात्मन्! सदसत् – सत्-स्थूलं तद्भावाभिमानिवैराजपुरुषादिः, असत् – सूक्ष्ममक्षरं ब्रह्म, तद्भावाभि-मानिनां मुक्तकोटिवृन्दानां समूहश्च यदस्ति, तत्परम् – ताभ्यां सदसद्भ्यां परम् – श्रेष्ठं, यदक्षरम् – न क्षरतीत्यक्षरं पुरुषोत्तमरूपं, तत्त्वमसि। उक्तै-र्विशेषणैर्विशिष्टं त्वां प्रणमन्तीत्यत्र किमाश्चर्यमित्यर्थः ।।३७।।

હે અનંત ! એટલે કે, જેના ગુણ, ઐશ્વર્ય અને વ્યાપવાની શક્તિનો અંત જ નથી એવા હે શ્રીકૃષ્ણ ! હે દેવેશ ! અને હે જગન્નિવાસ ! અક્ષરબ્રહ્મ થકી પણ અતિશય શ્રેષ્ઠ અને સર્વના કારણ એવા તમને તે સિદ્ધના સમૂહો કેમ નમસ્કાર ન કરે ? કરે જ. કેમ જે, **તમે તો વૈરાજપુરુષાદિક ઈશ્વરો અને અક્ષરબ્રહ્મ તથા તેના સાધર્મ્યને પામેલા અનંત મુક્તો - એ બેય થકી પર અને બેયના નિયંતા એવા અવિનાશી પુરુષોત્તમનારાયણ છો.** માટે હે મહાત્મન્ ! એટલે કે, પોતાના ગુણ અને ઐશ્વર્ય વડે સર્વે થકી શ્રેષ્ઠ મૂર્તિવાળા હે હરિ ! સર્વે સિદ્ધના સમૂહ તમને નમસ્કાર કરે, તેમાં શું આશ્ચર્ય કહેવાય !! ॥૩૭॥

त्वमादिदेवः पुरुषः पुराणस्त्वमस्य विश्वस्य परं निधानम् ॥
वेत्तासि वेद्यं च परं च धाम त्वया ततं विश्वमनन्तरूप ! ॥३८॥

त्वमिति आदिदेवः देवानां संकर्षणप्रद्युम्नानि रुद्धब्रह्मशिवादीनामादिः कारणं

त्वमिति। आदिदेवः – देवानां सङ्कर्षणप्रद्युम्नाऽनिरूद्धब्रह्मशिवादीनामादिः – कारणम्। राजदन्तादित्वादुपसर्जनस्य परत्वम्। पुराणः – सनातनः, पुरुषः – पूर्वसिद्धः – "पूर्वमेवाहमिहासम्" इति "तत्पुरुषस्य पुरुषत्वम्" इत्यनया श्रुत्योक्तो वासुदेवनामा महापुरुषस्त्वमसि। अस्य विश्वस्य परं, निधीयते यस्मिन्निति निधानम् – उत्कृष्ट आधारः, स्वशरीरतया स्थितस्य जगतोऽन्र्यामिशक्त्यात्मतया श्रेष्ठाधारभूतस्त्वमसीत्यर्थः। वेत्ता – जीवेश्वरब्रह्मादिस्वरूपाणां यथार्थज्ञाता, वेद्यं च – सर्वैर्वेदैर्ज्ञेयं वस्तु, परं धाम च – सर्वजनैः प्राप्यमुत्कृष्टं स्थानं त्वमसि। हे अनन्तरूप! – अनन्तानि – बहूनि रूपाणि – वाय्वादीनि शरीराणि यस्य तत्सम्बुद्धिः। त्वया – सर्वात्मना, विश्वम् – चेतनाचेतनसम्मिश्रं जगत्, ततम् – व्याप्तम्।३८।

હે પ્રભુ ! તમે તો સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, બ્રહ્મા અને શિવ વગેરે દેવોના પણ કારણ છો. વળી, પુરાણપુરુષ છો. આ આખા વિશ્વનું નિધાન-શ્રેષ્ઠ આધાર છો. જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ વગેરે તત્ત્વોના સ્વરૂપને યથાર્થ જાણનાર છો. સર્વ વેદાદિક શાસ્ત્રો વડે જાણવા યોગ્ય પણ છો. વળી, **સર્વ કોઈને પામવા યોગ્ય શ્રેષ્ઠ સ્થાન પણ તમે જ છો.** હે અનંતરૂપવાળા હરિ ! **સર્વાત્મા એવા આપના વડે સ્થાવર-જંગમરૂપ આ સમગ્ર જગત પરિપૂર્ણ છે.** ॥૩૮॥

चेतनाचेतनात्मतया स्थितत्वाद्वाय्वादिसर्वशब्दैर्वाच्यस्त्वमित्याह – वायुरिति।

वायुर्यमोऽग्निर्वरुणः शशाङ्कः प्रजापतिस्त्वं प्रपितामहश्च ॥
नमो नमस्तेऽस्तु सहस्रकृत्वः पुनश्च भूयोऽपि नमो नमस्ते ॥३९॥

वायुः यमश्च अग्निश्च वरुणश्च शशाङ्कः – मृगाङ्कश्च प्रजापतिः – सर्वेषां पितामहो ब्रह्मा च, तज्जनकत्वात् प्रपितामहः – वैराजपुरुषः त्वमसि । वाय्वादिशब्दवाच्यानां क्षेत्रविशिष्टानां सर्वेषां क्षेत्रज्ञानामन्तरात्मतयाव-स्थानात्तत्तच्छब्दवाच्यस्त्वमित्यर्थः । अतः सहस्रकृत्वः – असङ्ख्यवारान्, ते – तुभ्यं, नमो नमोऽस्तु, भूयः पुनश्चापि, सहस्रकृत्वः ते नमो नमोऽस्तु ।३९।

આખા જગતમાં તમે જ વ્યાપીને રહ્યા છો. તેથી વાયુ, યમરાજા, અગ્નિ, વરુણ, ચંદ્ર, બ્રહ્મા અને વૈરાજપુરુષ - એ સર્વે પણ તમે છો. એટલે કે, તમે સર્વના આત્મા હોવાથી તે તે શબ્દો વડે તમે જ કહેવાય રહ્યા છો. માટે આપને 'હજારોવાર નમસ્કાર થાઓ..! નમસ્કાર થાઓ..!' વળી ફરી પણ 'અસંખ્ય વાર તમને નમસ્કાર હો..! નમસ્કાર થાઓ..!' ॥૩૯॥

किञ्च – नम इति ।

नमः पुरस्तादथ पृष्ठतस्ते नमोऽस्तु ते सर्वत एव सर्व ! ॥
अनन्तवीर्यामितविक्रमस्त्वं सर्वं समाप्नोषि ततोऽसि सर्वः ॥४०॥

हे सर्व ! – समग्रचिदचिद्वस्तुशरीरिन् !, पुरस्तात् – अग्रतः, ते – तुभ्यं नमः, पृष्ठतः – पृष्ठे ते नमः । अथ सर्वतः – सर्वत्र एव ते – तुभ्यं नमोऽस्तु । अनन्तवीर्यामितविक्रमः – वीर्यशब्दोऽत्र धैर्यशौर्यज्ञानबलादि-गुणानामुपलक्षकः, अनन्तम् – बहुलं वीर्यं यस्य, अमितः – अपरिमितो विक्रमः – पराक्रमः सामर्थ्यं यस्य, स चासौ स च । एवम्भूतस्त्वं, सर्वम् – चेतनाचेतनमिश्रं विश्वं, समाप्नोषि – अन्तर्यामिशक्त्या सम्यग्व्याप्नोषि । ततः – तस्माद्धेतोः, सर्वः – ब्रह्मेन्द्रादिसर्वशब्दैर्वाच्यस्त्वमसि । "सर्वस्य

चिदचिद्वस्तुजातस्य त्वच्छरीरतया त्वत्प्रकारत्वात्सर्वप्रकारस्त्वमेव सर्व-शब्दवाच्योऽसीत्यर्थः ।"(रा.गी.भा.११/४०) इति रामानुजाचार्यचरणैः परिभाषितम् ।।४०।।

હે સર્વ ! એટલે કે જડ-ચેતનરૂપ સમગ્ર જગતના શરીરી એવા હે હરિવર ! આપને આગળના ભાગેથી નમસ્કાર. પાછળના ભાગેથી નમસ્કાર. અરે... બધી જ જગ્યાએ આપને નમસ્કાર હો..!! આપ અનંત શક્તિ અને અમાપ પરાક્રમ વગેરે અસંખ્ય ગુણવાળા છો. આવા તમે જડચિદ્મિશ્ર સંપૂર્ણ જગતમાં અંતર્યામી શક્તિથી સારી રીતે વ્યાપીને રહ્યા છો. તેથી **તમે જ 'સર્વ' છો, એટલે કે, બ્રહ્મા, ઈન્દ્ર વગેરે તમામ શબ્દો વડે આપ જ વર્ણવાય રહ્યા છો.** ॥૪૦॥

भगवतः स्तुतिं कृत्वा सहवासेन जातमविनयादिकं क्षमापयन्नाह द्वाभ्याम् – सखेतीति, यच्चेति ।

सखेति मत्वा प्रसभं यदुक्तं हे कृष्ण ! हे यादव ! हे सखेति ।।
अजानता महिमानं तवेदं मया प्रमादात्प्रणयेन वापि ।।४१।।

सखेति – त्वं मम सखासीति मत्वा, तव महिमानम् – सर्वनियन्तृत्वेन महत्त्वम्, इदम् – प्रत्यक्षतया दृष्टमैश्वर्यं च, अजानता – अविदुषा मया, प्रमादात् – असावधानत्वात्, प्रणयेन – प्रेम्णा वापि, हे कृष्ण ! हे यादव ! हे सखेति ! सन्धिरार्षः, यत् प्रसभम् – हठाद् अनादरेण वा, उक्तं वचनं, 'तत् त्वां क्षामये' इत्युत्तरेण सम्बन्धः ।।४१।।

यच्चावहासार्थमसत्कृतोऽसि विहारशय्यासनभोजनेषु ।।
एकोऽथवाप्यच्युत ! तत्समक्षं तत्क्षामये त्वामहमप्रमेयम् ।।४२।।

हे अच्युत ! यद् अवहासार्थम् – परिहासार्थं, त्वमसत्कृतः –

अवमानितः, विहारशय्यासनभोजनेषु च त्वमसत्कृतोऽसि – विहारे – क्रीडने अवाच्यवचनैः, शय्यायाम् – तूलिकाद्यास्तरणे सह शयनेन, आसने – सहैवोपवेशनेन, भोजने – एकपात्रे सहैवाशनेन, मया त्वं परिभूतोऽसीत्यर्थः । एकस्त्वमसत्कृतः अथवा तत्समक्षम् – अन्येषां पुरतोऽपि त्वमसत्कृतः, तत्समग्रमपराधवृन्दम्, अप्रमेयम् – अचिन्त्य-महिमानं त्वामहं क्षामये – क्षमां कारयामि ।।४२।।

હે પ્રભુ ! અત્યાર સુધી 'તમે મારા સખા-મિત્ર છો' એવું માનીને મેં આપના ઘણા અપરાધ કર્યા છે. કેવા કેવા ? તો, સર્વના નિયંતાપણારૂપ તમારી મોટાઈ અને અત્યારે મેં સાક્ષાત્ દેખેલું આ તમારું ઐશ્વર્ય – આવા તમારા મહિમાને નહીં જાણતો હોવાથી મેં અસાવધાનીમાં અથવા પ્રેમમાં પણ ઘણીવાર 'હે કૃષ્ણ !' 'હે યાદવ !' 'હે મિત્ર !' આવા તુંકારાના ભાવમાં અનાદર સાથે તમને બોલાવ્યા હતા.

વળી, હે અચ્યુત ! સદા સત્કાર કરવા જેવા તમને હાંસી-મશ્કરીના નિમિત્તે મેં ઘણીવાર અપમાનિત કર્યા છે. ઘણીવાર રમત રમતી વખતે અયોગ્ય શબ્દોથી, એક પથારીમાં સાથે જ સૂઈ જઈને, એક આસન ઉપર તમારી સાથે જ બેસીને અને ભોજન સમયે એક જ પાત્રમાં ભેગું જમી લઈને મેં આપને અપમાનિત કર્યા છે. અને ઘણીવાર તો એકાંતમાં કે ઘણા બધા માણસોની વચ્ચે પણ મેં આપનું અપમાન કર્યું છે. તે તમામ અપરાધો બદલ મને ક્ષમા કરવા હું પ્રાર્થના કરું છું. આપ તો કોઈથી પણ યથાર્થ ન જાણી શકાય એવા મહિમાવાળા છો. માટે મારા તે અપરાધોની હું ક્ષમા ચાહું છું. ।।૪૧-૪૨।।

अचिन्त्यमहिमत्वमेव वदति – पितेति ।

पितासि लोकस्य चराचरस्य त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान् ।।
न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो लोकत्रयेऽप्यप्रतिमप्रभाव ! ।।४३।।

अस्य चराचरस्य – स्थावरजङ्गमस्य विश्वस्य, पिता – उत्पत्तिकर्ता त्वमसि। अत एव लोकस्य पूज्यः – पूजार्हः, गुरुः – हितोपदेष्टा च त्वमसि। अतो गरीयान् – सर्वेभ्यः सर्वैः प्रकारैस्त्वमेव श्रेष्ठतरोऽसि। अतो लोकत्रयेऽपि — अपरिमितानां मुक्तकोटीनां निवासस्थानं ब्रह्मपुर-संज्ञमाद्यो लोकः, ततोऽनन्तकोटिप्रधानपुरुषवैराजपुरुषाणां निवासस्थानभूतो महदाकाशो द्वितीयो लोकः, ततो ब्रह्माण्डमध्ये स्थितं यल्लोकवृन्दं, स तृतीयो लोकः, एतद्यल्लोकत्रयं तस्मिन्नपि, त्वत्समः – स्वरूपस्वभाव-गुणविभूतिभिर्भवत्तुल्योऽन्यो नास्ति, सर्वनियन्तुः सर्वप्रेरकप्रवर्तकस्यान्यस्य महेश्वरस्याभावात्। अभ्यधिकः – भवत उत्कृष्टस्तु कुतो भवेत् ? अतो हे अप्रतिमप्रभाव! — न विद्यते प्रतिमा – उपमा यस्यासौ, स प्रभावो यस्य तत्सम्बुद्धिः ।।४३।।

હે પ્રભુ ! આપ આ સ્થાવર-જંગમરૂપ સમગ્ર વિશ્વના પિતા-ઉત્પત્તિકર્તા છો, એટલે જ આખા જગતને પૂજવા યોગ્ય પણ તમે જ છો. સર્વ જનને હિતનો ઉપદેશ કરનાર ગુરુ પણ તમે છો. તેથી **સર્વ થકી સર્વ પ્રકારે તમે જ અતિશય શ્રેષ્ઠ છો.** એટલે જ અનુપમપ્રભાવશાળી હે નાથ ! **આપના સમાન ત્રણ લોકમાં પણ બીજો કોઈ નથી, તો આપથી અધિક તો કોઈ હોય જ ક્યાંથી..!!**

ત્રણ લોક એટલે શું ? તો, અસંખ્ય મુક્તકોટિઓના નિવાસસ્થાનભૂત બ્રહ્મપુર નામનો પહેલો લોક. અનંતકોટિ પ્રધાનપુરુષ તથા વૈરાજપુરુષોના નિવાસસ્થાનભૂત મહદાકાશ નામનો બીજો લોક. બ્રહ્માંડોની અંદર રહેલ ચૌદ સ્થાનોનો સમૂહ તે ત્રીજો લોક. આ ત્રણેય લોકમાં પણ સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને વિભૂતિ વડે તમારા સમાન જીવકોટિ, ઈશ્વરકોટિ કે બ્રહ્મ-મુક્તકોટિમાં બીજો કોઈ નથી. કેમ જે, સર્વનિયંતા, સર્વપ્રેરક તથા પ્રવર્તક એવા સર્વેશ્વર બીજા કોઈ છે જ નહીં. ।।૪૩।।

तस्मात्प्रणम्य प्रणिधाय कायं प्रसादये त्वामहमीशमीड्यम् ॥
पितेव पुत्रस्य सखेव सख्युः प्रियः प्रियायार्हसि देव ! सोढुम् ॥४४॥

तस्मादिति । यस्मात् सर्वप्रकारैस्त्वमधिको भवसि तस्मात्, कायं प्रणिधाय – देहं दण्डवत् भूमौ निक्षिप्य, प्रणम्य – प्रकर्षेण नमनं कृत्वा, ईशम् – सर्वस्य पतिम्, ईड्यम् – स्तुत्यर्हं, त्वामहं प्रसादये – प्रसन्नं करोमि । अतस्त्वं ममाविनयपटलं सोढुम् – क्षन्तुम्, अर्हसि – योग्योऽसि । अपराधक्षमायां निदर्शनानि – कृताविनयस्य पुत्रस्यापराधं पितेव सोढुमर्हसि, तथाविधस्य सख्युः – मित्रस्य सखेव, प्रियायाः – कृतापराधायाः पतिव्रतायाः स्वयोषितः, तया प्रार्थितः प्रियः – स्वामी इव । तथा हे देव ! ममापराधवृन्दं सोढुमर्हसीति सम्बन्धः । प्रियायार्हसीत्यत्र इवशब्दादर्शनं सन्धिश्चार्षः ।४४।

હે હરિ ! આપ મારા થકી સર્વ રીતે શ્રેષ્ઠ છો; માટે આપના ચરણોમાં મારા દેહને દંડની જેમ નાખીને, ભાવપૂર્વક નમસ્કાર કરું છું. વળી, સર્વના પતિ અને સર્વને માટે સ્તુતિ કરવા યોગ્ય એવા આપને પ્રસન્ન કરવા ચાહું છું. માટે જેમ પુત્રનો અપરાધ પિતા ક્ષમા કરે, મિત્રનો જેમ મિત્ર અને પોતાની પતિવ્રતા સ્ત્રીનો અપરાધ જેમ તેનો પતિ ક્ષમા કરે; તેમ હે દેવ ! આપ પણ મારા અવિનયરૂપ સમગ્ર અપરાધોને ક્ષમા કરવા યોગ્ય છો. ॥૪૪॥

एवं स्वापराधक्षमां कारयित्वा पुनः प्रार्थनां कुरुते द्वाभ्याम् – अदृष्टेति ।

उपेन्द्रवज्रावृत्तम् :

अदृष्टपूर्वं हृषितोऽस्मि दृष्ट्वा भयेन च प्रव्यथितं मनो मे ॥
तदेव मे दर्शय देव ! रूपं प्रसीद देवेश ! जगन्निवास ! ॥४५॥

हे देव ! अदृष्टपूर्वम् – पूर्वमदृष्टम् – अद्भुतं भयानकं भवतो रूपं,

दृष्ट्वा हृषितोऽस्मि। भयेन च मे मनः प्रव्यथितम् – व्यथां प्राप्तम्, अतो हे जगन्निवास! तदेव – मम मित्रं रूपम् – स्वरूपं, मे – मह्यं त्वं दर्शय। प्रसीद – मम मित्रं यद् भवत्स्वरूपं तद्दर्शनरूपं प्रसादं कुरु। हे देवेश!– देवानाम् – प्राकृतगुणविशिष्टानामप्राकृतगुणविशिष्टानां चामराणाम्, ईशः – नियन्ता, तत्सम्बुद्धिः ।।४५।।

હે દેવ ! મેં ક્યારેય નહિ જોયેલું એવું આપનું આ અદ્ભુત અને ભયાનક સ્વરૂપ જોઈને હું હરખાયો છું તથા ભય લાગવાથી મારું મન વ્યથિત પણ થઈ ગયું છે. માટે હે જગન્નિવાસ નારાયણ ! હવે મારા મિત્ર જેવું આપનું સૌમ્ય સ્વરૂપ મને ફરી દેખાડો. આપ તો માયિકગુણવાળા તમામ દેવોના અને દિવ્યગુણવાળા સર્વે મુક્તોના પણ નિયંતા છો. માટે આપના સ્વરૂપનું દર્શન દેવારૂપ મારા ઉપર કૃપા કરો. ॥૪૫॥

तदेव रूपं वदति – किरीटिनमिति।

उपजातिवृत्तम् :

किरीटिनं गदिनं चक्रहस्तमिच्छामि त्वां द्रष्टुमहं तथैव ।।
तेनैव रूपेण चतुर्भुजेन ! सहस्रबाहो ! भव विश्वमूर्ते ! ।।४६।।

किरीटिनम् – शिरसि धृतकिरीटं, गदिनम् – गदाहस्तं, चक्रहस्तम् – करे धृतचक्रं, त्वां तथैव – पूर्वं यथा दृष्टस्तेन प्रकारेणैव, द्रष्टुमहमिच्छामि। हे सहस्रबाहो! हे विश्वमूर्ते! – विश्वशरीर!, हे चतुर्भुजेन! – चतुर्भुजानाम् – नन्दसुनन्दादिपार्षदानाम्, इनः – पतिः स्वामी तत्सम्बुद्धिः। 'इनः सूर्ये नृपे पत्यौ' इति विश्वः। अतस्तेनैव दृष्टपूर्वेण द्विभुजेन रूपेण संयुक्तो भव। गदिनं चक्रहस्तमिति द्वाभ्यां विशेषणाभ्यां भगवतः करद्वयं सूचितम्।

अतः चतुर्भुजेनेति तृतीयान्तेन बोध्यं किंतु करीत्यामं
बोधनान्तमेव यथापूर्वं परव्याख्यातक्रमं गाना॥४६॥

अतः चतुर्भुजेन इति तृतीयान्तं न बोध्यं, किन्तु उक्तरीत्या सम्बोधनान्तमेव अन्यथा पूर्वापरव्याघातप्रसङ्गात् ।।४६।।

હે હજાર હાથવાળા વિશ્વમૂર્તિ શ્રીકૃષ્ણ ! હે વિશ્વરૂપ ! હે ચતુર્ભુજેન ! એટલે કે ચાર હાથવાળા નંદ-સુનંદાદિક પાર્ષદોના પતિ એવા હે નાથ ! મસ્તકને વિશે મુગટ ધારેલ તથા એક હાથને વિશે ગદા અને બીજા હાથમાં સુદર્શન ચક્ર ધારેલ એવા આપને હું પહેલાં જેવા દેખ્યા હતા તેવા જ દેખવા ઇચ્છું છું; માટે હવે તમે પહેલાં મેં જોયેલા બે હાથવાળા મૂળરૂપે થઈ જાઓ."

અહીં ભાષ્યકાર સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ મૂળગ્રંથમાં રહેલ **'चतुर्भुजेन'** શબ્દને શ્રીકૃષ્ણના સંબોધન તરીકે વર્ણવ્યો છે. તેનો હેતુ પણ તેમણે જ દર્શાવ્યો છે કે, અર્જુને વર્ણન કરેલા 'ગદાવાળા તથા ચક્રવાળા' એવાં બે વિશેષણો દ્વારા ભગવાનના બે હાથ જ સૂચિત થાય છે. માટે **'चतुर्भुजेन'** આ શબ્દને તૃતીયા વિભક્તિવાળો ન જાણવો, પરંતુ અમે કહ્યું તે રીતે તેને શ્રીકૃષ્ણનું સંબોધન જ માનવું. જો એમ ન ઘટાવીએ તો આ જ ગ્રંથમાં પહેલાં અને પછીના સંદર્ભનો ઘાત થવાની શક્યતા ઊભી થશે. કેમ જે, અગાઉ શ્રીકૃષ્ણના દ્વિભુજ સ્વરૂપનું વર્ણન થયું છે અને હજુ આગળ પણ એવું જ થવાનું છે. ।।૪૬।।

एवं सविनयेन अर्जुनेन प्रसादितः श्रीभगवानुवाच त्रिभिः – मयेति ।

श्रीभगवानुवाच –

मया प्रसन्नेन तवार्जुनेदं रूपं परं दर्शितमात्मयोगात् ।।
तेजोमयं विश्वमनन्तमाद्यं यन्मे त्वदन्येन न दृष्टपूर्वम् ।।४७।।

हे अर्जुन ! तेजोमयम् – तेजःपुञ्जं, विश्वम् – विश्वात्मभूतम्, अनन्तम् – अन्तवर्जितम्, इदं च विशेषणमादिमध्ययोरुपलक्षकम्, आदिमध्यान्तहीन–

मित्यर्थः । आद्यम् – सर्वस्यादिभूतं, त्वदन्येन – त्वत् – त्वादृशात् मित्रात्, अन्येन – इतरजनेन, न दृष्टपूर्वम् – पूर्वं न दृष्टं, यन्मे – मम, रूपं भवति तद्, इदं परम् – श्रेष्ठं रूपं प्रसन्नेन मया आत्मयोगात् – आत्मनः – मम, योगात् – सत्यसङ्कल्पत्वादियोगसामर्थ्यात् तव दर्शितम् ।।४७।।

હવે અર્જુનના આવા વિનયથી પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને પ્રત્યુત્તર આપે છે : “હે અર્જુન ! તેજના સમૂહરૂપ; આખા વિશ્વનું આત્મારૂપ; આદિ, મધ્ય અને અંત રહિત; સર્વનું કારણ કે સહુમાં મુખ્ય એવું અને તારા જેવા સ્નેહી મિત્ર સિવાય બીજા કોઈએ પણ નહિ જોયેલું એવું આ મારું શ્રેષ્ઠરૂપ મેં તને રાજી થઈને મારા સત્યસંકલ્પરૂપ યોગસામર્થ્યથી બતાવ્યું છે. ॥૪૭॥

ममैतद्रूपदर्शनं त्वदन्येषां दुर्लभमित्याह – नेति ।

न वेदयज्ञाध्ययनैर्न दानैर्न च क्रियाभिर्न तपोभिरुग्रैः ॥
एवंरूपः शक्य अहं नृलोके द्रष्टुं त्वदन्येन कुरुप्रवीर ! ॥४८॥

भोः कुरुप्रवीर ! नृलोके – मानवलोके, त्वदन्येन – त्वत् – त्वादृशाद् अन्येन – भक्तिरहितेन पुरुषेण, वेदयज्ञाध्ययनैः – यज्ञशब्देन कल्पसूत्रादिरूपा यज्ञविद्या ज्ञातव्या, वेदानां यज्ञानाम् – यज्ञविद्यानां चाध्ययनैः – अक्षरग्रहणरूपैरर्थविचाररूपैश्च, एवंरूपोऽहं द्रष्टुं न शक्यः । तथा दानैः – सुवर्णादीनां विश्राणनैः, एवंरूपोऽहं द्रष्टुं न शक्यः। तथा क्रियाभिः – सन्ध्यावन्दनादिभिः कर्मभिः, एवंरूपोऽहं द्रष्टुं न शक्यः । (उग्रैः – तीव्रैः, तपोभिः – कृच्छ्रचान्द्रायणादिभिः, एवंरूपोऽहं द्रष्टुं न शक्यः, किन्तु) ममानुग्रहात्तवैव दर्शनं जातमिति भावः । शक्य अहमित्यत्र सन्ध्यभाव आर्षः । एकनकारपाठेन एव निषेधे सिद्धे, प्रतिपदं नकारन्यासो निषेधदाढर्याय । न च क्रियाभिरिति चकारेणानुदितसाधनान्तराणि समुच्चीयन्ते ।।४८।।

હે કુરુપ્રવીર ! એટલે કે કુરુકુળને વિશે અતિ શૂરવીર હે અર્જુન ! આ માનવલોકમાં તારા સિવાયનો કોઈ પણ **ભક્તિરહિત** પુરુષ ગમે એટલા વેદ અને યજ્ઞવિદ્યાના શબ્દો શીખે અને તેના અર્થનો વિચાર કરે તોપણ તે મને આવા રૂપે જોવા માટે સમર્થ ન જ થાય. વળી, ગમે તેટલા સુવર્ણાદિકના દાન દેવાથી, સંધ્યાવંદનાદિક અનેક ધર્મો પાળવાથી અને ચાંદ્રાયણાદિક તીવ્ર તપ કરવાથી કે આ સિવાયના બીજા કોઈ પણ કઠિનમાં કઠિન સાધનો કરવાથી પણ આવારૂપે મને જોવો શક્ય નથી જ. અર્થાત્ મારી કૃપાથી તને જ આ દર્શન થયું છે. ॥૪૮॥

विश्वरूपस्य दर्शनेन त्वं व्यथितो भवसि चेत्तर्हि मम पूर्वरूपमेव पश्येत्याह — मेति ।

मा ते व्यथा मा च विमूढभावो दृष्ट्वा रूपं घोरमीदृङ्ममेदम् ॥
व्यपेतभीः प्रीतमनाः पुनस्त्वं तदेव मे रूपमिदं प्रपश्य ॥४९॥

ईदृग्घोरम् - अनेकबाह्वादियुक्तत्वेन भयानकं, ममेदं रूपं दृष्ट्वा ते - तव, व्यथा - पीडा मा भवतु । ते विमूढभावश्च - व्याकुलचित्तत्वं मास्तु । व्यपेतभीः - विगतभयः सन्, प्रीतमनाः - प्रसन्नात्मा च सन्, पुनस्त्वं तदेव द्विभुजं मे - मम, इदम् - पूर्वरूपं प्रपश्य ॥४९॥

હે અર્જુન ! હજારો હાથ, પગાદિક અવયવો હોવાથી અતિ વિકરાળ આ મારા સ્વરૂપને જોઈને તને પીડા થાય છે, તે દુઃખ ના થાઓ. તથા તારા ચિત્તમાં વ્યાકુળતા પણ ના થાઓ. હવે તું બધા જ ભયે રહિત અને પ્રસન્ન મનવાળો થઈને ફરી તે જ બે હાથવાળું મારું પહેલાંનું સ્વરૂપ જો." ॥૪૯॥

एवं गदित्वा श्रीकृष्णस्तदेव पूर्वरूपमीक्षयामासेति धृतराष्ट्रं प्रति सञ्जय उवाच — इतीति ।

सञ्जय उवाच –

इत्यर्जुनं वासुदेवस्तथोक्त्वा स्वकं रूपं दर्शयामास भूयः ॥
आश्वासयामास च भीतमेनं भूत्वा पुनः सौम्यवपुर्महात्मा ॥५०॥

वासुदेवः - वसुदेवपुत्रः, अर्जुनं प्रति, इति - एवमुक्त्वा यथा पूर्वरूपमभूत् तथैव स्वकम् - स्वकीयं, रूपम् - मुकुटमकराकृतिकुण्डल-गदाचक्रप्रभृतिविशिष्टं द्विभूजं श्रीवत्सकौस्तुभवनमालापीताम्बरादिशोभितं स्वरूपं, भूयः - पुनर्दर्शयामास । महात्मा - सत्यव्रतपरमदयालुसर्वज्ञ-सर्वेश्वरत्वप्रभृतिकल्याणगुणाकरः, पुनः सौम्यवपुः - शान्तविग्रहो भूत्वा, भयानकरूपदर्शनेन भीतम् - भयं प्राप्तमेनम् अर्जुनमाश्वासयामास - सान्त्वयामास ॥५०॥

આવું કહીને શ્રીકૃષ્ણ ભગવાને એ જ પોતાનું પૂર્વરૂપ અર્જુનને બતાવ્યું. તેનું વર્ણન હવે સંજય ધૃતરાષ્ટ્રને આ રીતે સંભળાવે છે : “હે ધૃતરાષ્ટ્ર ! વસુદેવપુત્ર શ્રીકૃષ્ણએ અર્જુન પ્રત્યે આવું કહીને પછી ફરી વખત પોતાનું એ જ રૂપ દેખાડ્યું. **કેવું હતું તે સ્વરૂપ ?** તો, માથે મુગટ, કાને મત્સ્યાકાર કુંડળ, હાથમાં ગદા અને ચક્ર આવા ઘણાક આભૂષણોથી યુક્ત બે હાથવાળું અને શ્રીવત્સ, કૌસ્તુભમણિ, વનમાળા અને સુંદર પિતાંબરથી શોભાયમાન એવા સ્વરૂપે ફરી અર્જુનને દર્શન આપ્યાં. આ રીતે સત્યપ્રતિજ્ઞાવાળા, પરમદયાળુ, સર્વજ્ઞ અને સર્વેશ્વરપણું વગેરે અનેક કલ્યાણકારી ગુણોના ખજાના જેવા પ્રભુએ ફરી શાંતસ્વરૂપ થઈને ભયાનકરૂપનાં દર્શનથી ડરી ગયેલ અર્જુનને આશ્વાસન આપ્યું.” ॥૫૦॥

आश्वासनादनन्तरं शान्तः सन् श्रीकृष्णं प्रति अर्जुन उवाच – दृष्ट्वेति ।

अर्जुन उवाच –

दृष्ट्वेदं मानुषं रूपं तव सौम्यं जनार्दन ! ॥
इदानीमस्मि संवृत्तः सचेताः प्रकृतिं गतः ॥५१॥

हे जनार्दन! सौम्यम् – सत्यं शोचं दया क्षान्तिस्त्यागः सन्तोष आर्जवमित्यादिशास्त्रोक्तैकोनचत्वारिंशद्गुणैः नित्यसंयुक्तत्वाद्भक्तजनानां शान्तिकरं, मानुषम् – अनेककोटिजनकल्याणाय मनुष्यसमानस्थित्या वर्तमानं, तवेदं रूपं दृष्ट्वा, इदानीं सचेताः – अव्याकुलचित्तः, संवृत्तः – जातोऽस्मि । प्रकृतिं गतः – स्वसंस्थां प्राप्तोऽस्मि ।।५१।।

આ આશ્વાસન મળ્યા પછી શાંત થયેલો અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનને આવું કહેવા લાગ્યો : "હે જનાર્દન! શાસ્ત્રોમાં કહેલા ૩૯ ગુણોએ યુક્ત હોવાથી ભક્તજનોને શાંતિ કરનાર અને અનંતકોટી જીવનાં કલ્યાણને માટે મનુષ્ય જેવું લાગતું આ તમારું સ્વરૂપ જોઈને હવે હું બધી વ્યાકુળતા રહિત સચેત થયો છું. અને ફરી મારી મૂળ સ્થિતિને પામ્યો છું." ।।૫૧।।

अर्जुनवचनानन्तरं श्रीभगवानुवाच – सुदुर्दर्शमिति ।

श्रीभगवानुवाच –

सुदुर्दर्शमिदं रूपं दृष्टवानसि यन्मम ।।
देवा अप्यस्य रूपस्य नित्यं दर्शनकाङ्क्षिणः ।।५२।।

ममेदं सर्वप्रशास्तृ सर्वोत्पादकं सर्वसंहर्तृ यद्रूपं त्वं दृष्टवानसि, तत् सुदुर्दर्शम् – त्वादृगन्येन केनापि द्रष्टुं न शक्यम् । अतो देवा अपि अस्य रूपस्य – विश्वरूपस्य, नित्यम् – सततं, दर्शनकाङ्क्षिणः – दर्शनमेवेच्छन्ति, न तु साक्षात्पश्यन्तीत्यर्थः ।।५२।।

❋ ભગવાનનાં દિવ્ય દર્શનનો અસાધારણ ઉપાય :

હવે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને કહે છે કે, "સર્વનું શાસક, સર્વને ઉત્પન્ન કરનાર અને સર્વને સંહારનાર એવું મારું જે સ્વરૂપ તેં જોયું, તે તારા સિવાયના કોઈનાથી પણ જોવું શક્ય નથી. એટલે તો મોટા મોટા

દેવતાઓ પણ આ મારા સ્વરૂપનાં દર્શનની કાયમ ઈચ્છા રાખે છે, પણ તેઓ તેને સાક્ષાત્ દેખી શકતા નથી. ॥૫૨॥

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ॥
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥५३॥

नाहमिति । यथा त्वं मां दृष्टवानसि, एवंविधोऽहं वेदैर्द्रष्टुं न शक्यः, तपसा न, दानेन - दानसमूहेन च न, इज्यया च नाहं द्रष्टुं शक्यः । "न वेदयज्ञाध्ययनैः"(गीता.११/४८) इत्येतस्मिन् गतार्थः श्लोकोऽयं स्वदर्शनस्यात्यन्तदुर्लभत्वकथनाय पुनरुक्तः ॥५३॥

હે અર્જુન ! જેવા તેં મારાં દર્શન કર્યાં, એવા રૂપે મને વેદોથી દેખી શકાતો નથી. એવી જ રીતે તપથી પણ નહિ, મોટા મોટા દાનોથી પણ નહિ અને અનેક પ્રકારના હોમ-હવન કરવાથી પણ મને એવા રૂપે દેખવો શક્ય નથી. અર્થાત્ મારું દર્શન એક મારી કૃપા સિવાય સહુ કોઈને માટે અત્યંત દુર્લભ છે, એટલે હું આ વાત ફરી ફરી કરું છું. ॥૫૩॥

अन्येषामस्य त्वद्रूपस्य कया रीत्या दर्शनं स्यादित्याशङ्कायां वदति – भक्त्येति ।

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ! ॥
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ! ॥५४॥

हे अर्जुन ! हे परन्तप ! – परान् - कामक्रोधलोभमानादीन् परिपन्थिनस्तापयति - नाशयतीति तथोक्तस्तत्सम्बुद्धौ । जनैः अनन्यया - मदेकनिष्ठया, भक्त्या तु - अतिप्रेम्णा तु, एवंविधोऽहं द्रष्टुं, तत्त्वेन - यथार्थतः ज्ञातुं च ध्यानेन प्रवेष्टुं च शक्यः, नान्यैरुपायैः । तथा श्रुतिरप्याह - "नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन । यमेवैष वृणुते तेन

लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम्"(कठो.१/२/२३) इति। स्वां तनुम् – स्वस्वरूपं, विवृणुते – दर्शयति, शक्य अहमित्यत्रापि सन्ध्यभाव आर्षः ।।५४।।

હે અર્જુન ! જો કોઈને મારા આવાં દિવ્યદર્શન કરવા જ હોય તો હવે હું તેનો ઉપાય બતાવું છું : હે પરંતપ ! એટલે કે, કામ, ક્રોધ, લોભ અને માનાદિક સર્વે અંતઃશત્રુને નાશ કરનાર હે અર્જુન ! **એક માત્ર મારા સ્વરૂપમાં જ રહેલી અનન્ય ભક્તિથી-અતિ પ્રગાઢ પ્રીતિથી તો મને આવી રીતે દેખવો, યથાર્થપણે જાણવો અને અખંડ ધ્યાન વડે મારામાં પ્રવેશ પામવો તે શક્ય છે.** એ સિવાય બીજા કોઈ પણ ઉપાયથી આવાં મારાં દર્શન, મારું યથાર્થ જ્ઞાન અને મારામાં વિરામ શક્ય જ નથી. ।।૫૪।।

ततः समग्रवेदशास्त्ररहस्यं त्वं शृण्विति निगदति – मत्कर्मकृदिति ।

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः ।।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव ! ।।५५।।

इति श्रीभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णाऽर्जुनसंवादे 'विश्वरूपदर्शन' नाम एकादशोऽध्यायः ।।११।।

मत्कर्मकृत् – मम कर्माणि करोतीति तथोक्तः, मदर्थमेव सर्वाणि शास्त्राध्ययनादीनि कर्माणि करोतीत्यर्थः। मत्परमः – अहमेव परमः प्राप्योऽर्थो यस्य सः, सङ्गवर्जितः – मद्व्यतिरिक्तेषु मदेकान्तिकभक्त-व्यतिरिक्तेषु च सर्वेषु आसक्तिरहितः, सर्वभूतेषु निर्वैरः – द्वेषशून्यः, एवम्भूतो यो मद्भक्तः, स हे पाण्डव! मामेति – प्राप्नोति। इत्थं सर्व-शास्त्रसिद्धान्त इत्यभिप्रायः ।।५५।।

કેવો ભક્ત મને પામે છે ? તો, **જે અખંડ મારાં જ કાર્યો કરે છે. અર્થાત્ મારા માટે જ શાસ્ત્ર ભણવા વગેરે સર્વ કર્મો કરે છે. તથા**

જેને હું જ એક પરમ પ્રાપ્ય છું. અર્થાત્ જેને જીવનમાં મને પ્રાપ્ત કરવો એ જ એક જીવનલક્ષ્ય છે અને તેને અર્થે જ તે જીવનના સર્વ શ્વાસો વાપરે છે. જે મારા સિવાય અને મારા એકાંતિક ભક્તો સિવાય બીજા તમામ વ્યક્તિ અને વસ્તુઓમાં આસક્તિથી રહિત છે. જે તમામ ભૂતપ્રાણીમાત્રમાં વૈરબુદ્ધિ-દ્વેષ રહિત છે. આવાં લક્ષણવાળો જે મારો અનન્યભક્ત છે તે જ હે પાંડુપુત્ર ! મને પામે છે – આવો શાસ્ત્રમાત્રનો સિદ્ધાંત છે." ॥૫૫॥

अस्मिन् एकादशाऽध्याये अर्जुनाय विश्वरूपं, निर्गुणेऽक्षरब्रह्मरूपे तेजःपुञ्जे धृतगदाचक्रं द्विभुजरूपं च हरिणा दर्शितम् ।

इति श्रीसहजानन्दस्वामिशिष्यगोपालानन्दकृतायां भगवद्भावदीपिकायां श्रीभगवद्गीताटीकायां एकादशोऽध्यायः ॥११॥

આ અગ્યારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને વિશ્વરૂપ દેખાડ્યું. તથા તેજના સમૂહરૂપ નિર્ગુણ અક્ષરબ્રહ્મમાં ગદા અને ચક્રને ધારી રહેલ એવું દ્વિભુજ સ્વરૂપ દેખાડ્યું; તેનું વર્ણન કરવામાં આવ્યું.

આ રીતે સર્વાવતારી શ્રીસહજાનંદસ્વામીના શિષ્ય સદ્.શ્રીગોપાળાનંદ-સ્વામી વિરચિત શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યના ગુજરાતી ભાવાનુવાદમાં 'અર્જુનને વિશ્વરૂપનાં દર્શન કરાવ્યાં તથા પોતાનાં દર્શન અને પ્રાપ્તિનો ભક્તિરૂપ અસાધારણ ઉપાય બતાવ્યો' એ નામે અગિયારમો અધ્યાય પૂરો થયો. ॥૧૧॥



द्वादशोऽध्यायः

भक्तियोगः

इदानीं द्वादशाऽध्याये अक्षरब्रह्मभक्तानां परब्रह्मभक्तानां च स्वरूपं, परब्रह्मभक्तानां श्रेष्ठत्वं चैकान्तभक्तिसाधनं चाख्यायते ।

હવે આ બારમાં અધ્યાયમાં આ ચાર બાબતનું નિરૂપણ કરવામાં આવ્યું છે : (૧) અક્ષરબ્રહ્મના ભક્તોનું સ્વરૂપનિરૂપણ (૨) પરબ્રહ્મના ભક્તોનું સ્વરૂપનિરૂપણ (૩) એ બંનેમાં પરબ્રહ્મના ભક્તનું શ્રેષ્ઠપણું (૪) એકાંતિક ભક્તિને પ્રાપ્ત કરવાનાં સાધન.

द्विविधोपासकानां मध्ये केषां श्रेष्ठत्वं कनिष्ठत्वं च भवतीति भगवन्तं पृच्छन्सन्नर्जुन उवाच – एवमिति ।

अर्जुन उवाच –

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ॥
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः ? ॥१॥

एवम्–'मत्कर्मकृन्मत्परमः'(गीता.११/५५) इत्याद्युक्तरीत्या, सततयुक्ताः– निरन्तरं त्वत्स्वरूपसंलग्नाः, ये भक्ताः त्वाम् – सौन्दर्यसौशील्यवात्सल्य–सत्यसङ्कल्पत्वादिगुणगणार्णवं भवन्तं, पर्युपासते – सम्यग्भजन्ति। ये च, अव्यक्तम् — चक्षुरादिप्राकृतकरणैर्न व्यज्यते – न प्रकाश्यते न दृश्यते इत्यव्यक्तम्, अक्षरम् – निरवयवं ब्रह्म, पर्युपासते – भजन्ते, अपि – एव।

तेषाम् - द्विविधानां मध्ये, के योगवित्तमाः ? अतिशयेन योगविदो योगवित्तमाः, अतिश्रेष्ठाः इत्यर्थः ।।१।।

✻ અક્ષર અને પુરુષોત્તમના ભક્તોમાં ભેદ :

આ લોકમાં અમુક માત્ર અક્ષરબ્રહ્મના ઉપાસકો છે અને અમુક પરબ્રહ્મ પુરુષોત્તમના ઉપાસકો છે. આ બે પ્રકારના ભક્તોમાં કોણ શ્રેષ્ઠ છે અને કોણ કનિષ્ઠ છે ? એ જાણવા માટે હવે અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનને પ્રશ્ન પૂછે છે : “હે પ્રભુ ! આપે મને કહ્યું તેમ ‘તમારે અર્થે જ સર્વે ક્રિયા કરવી, તમને જ પરમ પ્રાપ્ય રાખવા’ વગેરે સાધનોથી સતત તમારા સ્વરૂપમાં જ સંપૂર્ણપણે જોડાઈ રહેનારા જે ભક્તો તમને અતિ પ્રેમથી ભજે છે. અર્થાત્ ‘આપ સુંદરતા, સરલતા, વાત્સલ્ય, સત્યસંકલ્પપણું વગેરે ગુણોના મહાસાગર છો’ એવો આપનો મહિમા સમજીને વ્યવસ્થિત રીતે આપને ભજે છે. અને જે પુરુષો માયિક ઇન્દ્રિયોએ કરીને ન અનુભવાય એવા ફક્ત નિરાકાર અક્ષરબ્રહ્મને જ ઉપાસે છે - એ બે પ્રકારના ભક્તોમાં કોણ અતિ શ્રેષ્ઠ છે ?” ॥૧॥

अर्जुनप्रश्नोत्तरं कुर्वन् श्रीभगवानुवाच — मयीति ।

श्रीभगवानुवाच —

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते ।।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ।।२।।

मयि - प्रत्यक्षपुरुषोत्तमे, अतिप्रेम्णा मनः आवेश्य - सम्यक्प्रवेश्य, परया - श्रेष्ठया, श्रद्धया उपेताः - संयुक्ताः, नित्ययुक्ताः - सततमत्संयो-गापेक्षासहिताः सन्तः, ये माम् - निरवधिकातिशयानन्दं धर्ममूर्तिवसुदेवसूनुं उपासते, ते युक्ततमाः - अतिशयेन योग्याः, मे - मया मताः ।।२।।

અર્જુનના પ્રશ્નનો ઉત્તર કરવા માટે હવે શ્રીકૃષ્ણ ભગવાન કહે છે

કે, "હે અર્જુન ! જે ભક્તો અખંડ મારો સંયોગ-અનુભવ પામવાની ઈચ્છાથી અતિ ઉત્તમ શ્રદ્ધાવાળા થઈને, અતિ પ્રેમે કરીને પ્રત્યક્ષ પુરુષોત્તમ એવા મારામાં જ મન રાખીને, ધર્મનિષ્ઠ વસુદેવપુત્ર અને અસીમ આનંદના સાગર એવા મને ભજે છે; તેવા મારા ભક્તોને મેં અતિશય શ્રેષ્ઠ માન્યા છે. ॥૨॥

इदानीमक्षरनिष्ठानां तत्प्राप्त्युपाये क्लेशाधिक्यं तत्स्वरूपं च निगदति त्रिभिः — ये इति ।

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ॥
सर्वत्रगमचिन्त्यं च कूटस्थमचलं ध्रुवम् ॥३॥

ये तु जना अक्षरं पर्युपासते, तदक्षरं कथम्भूतम् ? तदाह — अव्यक्तम् - प्राकृतकरणैरनभिव्यक्तस्वरूपम्, अवयवहीनमित्यर्थः । अत एव अनिर्देश्यम् — प्राकृतपदार्थैः समतया निर्देष्टुम् - व्यपदेष्टुं न शक्यम्, अत एव अचिन्त्यम् - प्राकृतकरणैः चिन्तितुमनर्हं, सर्वत्रगम् - समग्रव्यापि, कूटस्थम् - विकारशून्यम्, अचलम् - निश्चलं स्थिरमिति यावत्, ध्रुवम् - नित्यम्, एवम्भूतमक्षरं पर्युपासत इति ॥३॥

सन्नियम्येन्द्रियग्रामं सर्वत्र समबुद्धयः ॥
ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ॥४॥

सन्नियम्येति । ते - अक्षरभक्ताः, माम् - मम स्थानभूतमक्षरं ब्रह्मैव प्राप्नुवन्ति । ते कथम्भूताः ? इन्द्रियग्रामम् - इन्द्रियकलापं, सन्नियम्य - प्रत्याहृत्य स्थिताः । अत एव सर्वत्र समबुद्धयः — सर्वेषु प्राकृतवस्तुषु समाः - क्षयिष्णुस्वभावेन तुल्या बुद्धयो येषान्ते, सर्वभूतहिते — समग्र-जन्तूनां हिते - उपकारे, रताः - सक्ताः । एवम्भूता अक्षरनिष्ठा मम धामभूतं निरवयवमक्षरं प्राप्नुवन्ति - गच्छन्तीति ॥४॥

પરંતુ જે પુરુષો કેવળ અક્ષરને જ ભજે છે, તેઓ ફક્ત મારા ધામરૂપ અક્ષરને જ પામે છે. **તેઓ કેવા અક્ષરબ્રહ્મને ઉપાસે છે ?** તો, જે અક્ષર માયિક ઇન્દ્રિયો-અંતઃકરણથી માયિક પદાર્થોની જેમ સ્પષ્ટપણે જાણી, વર્ણવી તથા ચિંતવી ન શકાય એવું નિરાકાર છે. જે સર્વત્ર વ્યાપીને રહ્યું છે. જે સદા અવિકારી, અચળ અને અવિનાશી છે; તેવા અક્ષરને તે ઉપાસે છે.

અક્ષરને કેવી રીતે ઉપાસે છે ? તો, તમામ ઇન્દ્રિયોને તેના વિષય થકી પાછાં વાળીને, સર્વે નાશવંત પદાર્થને વિષે સમાન બુદ્ધિ રાખીને અને સર્વ ભૂત-પ્રાણીના હિતપરાયણ રહીને તેઓ અક્ષરબ્રહ્મની ઉપાસના કરે છે. આ રીતે **અક્ષરની ઉપાસના કરનારા અક્ષરના ભક્તો મને એટલે કે, મારા નિવાસસ્થાનભૂત અક્ષરબ્રહ્મને જ પામે છે. તે અક્ષરના ઉપાસકો મારા ધામને જ પામ્યા હોવાથી મારા ભક્તોની અપેક્ષાએ અતિ ન્યૂન છે.**॥૩-૪॥

तेषां सक्लेशत्वं दर्शयति – क्लेश इति ।

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ॥
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥५॥

अव्यक्तासक्तचेतसाम् – इन्द्रियागोचराक्षरासक्तिसंयुक्तचित्तानां, तेषाम् – अक्षरभक्तानाम्, अधिकतरः – अतिशयाधिकः, क्लेशः – अक्षरप्राप्तिसाधने कष्टमस्ति। कुत इति चेत्तत्राह – हि – यतः, अव्यक्ता – इन्द्रियागोचरा, गतिः – बुद्धिमनसोरक्षरस्वरूपे ज्ञानस्थितिः, देहवद्भिः – शरीरसंयुक्तैः, दुःखं यथा भवति तथा अवाप्यते, दुःखेनैव प्राप्यते इत्यर्थः।५।

અક્ષરના ઉપાસકોને ફક્ત પ્રાપ્તિમાં ન્યૂનતા રહે છે એટલું જ નહિ પરંતુ એ ન્યૂન પ્રાપ્તિ માટે પણ તેમને મારા ભક્તોની અપેક્ષાએ અનેકગણું વધુ કષ્ટ સહેવું પડે છે. કેમ જે, ઇન્દ્રિયો-અંતઃકરણથી ન જ પકડાય એવા અક્ષરમાં તેઓ ચિત્તની આસક્તિવાળા છે. તેથી તેમને અક્ષરની

પ્રાપ્તિ માટેનાં સાધન કરવામાં અતિ અધિક કષ્ટ છે. કારણ કે, દેહધારી જીવોએ ઇન્દ્રિયોને અગોચર ગતિ કરવી તે અતિ દુઃખ વડે જ પમાય એવી છે. એટલે કે, જ્યાં ઇન્દ્રિયો-અંતઃકરણ કાંઈ જ કામ ન લાગે, એવા અક્ષરના સ્વરૂપમાં મન-બુદ્ધિને જ્ઞાન વડે સ્થિર રાખવાનું કામ દેહધારી માટે અતિ કષ્ટથી જ સાધ્ય છે. ।।૫।।

मद्भक्तानां तु सुखेन मत्प्राप्तिरस्तीत्याह द्वाभ्याम् — ये त्विति ।

ये तु सर्वाणि कर्माणि मयि सन्न्यस्य मत्पराः ।।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ।।६।।

तुशब्द उक्ताद्वैलक्षण्यं द्योतयति । ये – पुरुषाः, मयि – "यस्मात् क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः"(गीता.१५/१८) इत्युक्ते प्रत्यक्षपुरुषोत्तमे, सर्वाणि कर्माणि सन्न्यस्य – समर्प्य, मत्पराः — अहं सर्वनियन्ता सर्वेश्वरो भगवान् पुरुषोत्तम एव परः – अत्यन्तप्रीतिविषयो येषां ते, मय्यासक्ता इत्यर्थः । ध्यायन्तः – मम जन्मकर्मगुणान् चिन्तयन्तः सन्तः, अनन्येन – नास्ति मां विना अन्यत् आलम्बनं यस्मिंस्तेन, तथाभूतेन योगेन – भक्तियोगेन, माम् – भगवन्तं सर्वसौन्दर्यसारनिधानमानन्दघनमूर्तिं द्विभुजं पुरुषोत्तममुपासते ।।६।।

अक्षरभक्तेभ्यः स्वभक्तानां युक्ततमत्वं दर्शयन्नाह — तेषामिति ।

तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।।
भवामि न चिरात्पार्थ ! मय्यावेशितचेतसाम् ।।७।।

भो पार्थ ! मयि – यथोदिते पुरुषोत्तमे, आवेशितचेतसाम् — आवेशितम् – सम्यक्तया प्रवेशितं चेतो यैस्तेषां, मृत्युसंसारसागरात् – मृत्युसहितश्चासौ संसारसागरश्च तस्मात्, अहं न चिरात् – स्वल्पकालेनैव, समुद्धर्ता – सम्यगुद्धारकर्ता भवामि ।।७।।

જે ભક્તો પોતાનાં સર્વે કર્મો પ્રત્યક્ષ પુરુષોત્તમ એવા મને અર્પણ કરીને, મારામાં જ અત્યંત પ્રીતિવાળા થઈને, મારા ગુણ અને ચરિત્રોનું ચિંતન કરતા થકા અનન્ય ભક્તિયોગથી મને ઉપાસે છે. એટલે કે, મારા વિના અન્ય કોઈ આધાર નહિ રાખીને સર્વ પ્રકારની સુંદરતાના શ્રેષ્ઠ ખજાનારૂપ અને આનંદઘન એવા મારા દ્વિભુજ સાકાર સ્વરૂપને ભજે છે. અને જેના ચિત્તનો સંપૂર્ણપણે મારી મૂર્તિમાં જ વિરામ થઈ ગયો છે; એવા તે મારા ભક્તોનો હું પોતે જ કાળ અને સંસારસાગર થકી ટૂંક સમયમાં ઉદ્ધાર કરી દઉં છું. આ રીતે **મારા એકાંતિક ભક્તો મારી સર્વોપરી પ્રાપ્તિ અને તે પ્રાપ્તિમાં મેં કરી આપેલી અતિ સરળતાને કારણે અક્ષરના ઉપાસકો કરતાં અતિ શ્રેષ્ઠ છે.** ॥૬-૭॥

तेषां सुकरत्वात् सुलभत्वात् शीघ्रप्राप्यत्वाद्धेतोः बुद्धिमनसोः मय्येव प्रवेशो युक्तः इत्याह — मयीति ।

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ॥
निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥८॥

मनः - अन्यत्र गच्छन्तं मानसं, मय्येव आधत्स्व - निश्चलत्वेन स्थापय। बुद्धिं मयि निवेशय - 'श्रीकृष्ण एव मम गुरुरिष्टोऽभीष्टश्च परमप्राप्यश्च, स एव सर्वप्रेरकः प्रवर्तकश्च, स एव मम सर्वस्वम्' इति बुद्ध्या निश्चयं कुर्वित्यर्थः। अतः - मयि बुद्धिमनःप्रवेशात्, ऊर्ध्वं मय्येव निवसिष्यसि - निवासं प्राप्स्यसि। न संशयः - अत्र सन्देहो नास्ति। निवसिष्यसि इत्यत्र वसतेरनुदात्तत्वेऽपि इट् विधानमार्षम्, 'एव अत ऊर्ध्वम्' इत्यत्र सन्ध्यभावोऽपि तथैव ।।८।।

❋ શ્રેષ્ઠ સ્થિતિ સુધી પહોંચવાની સીડી :

હે અર્જુન ! તું તો મારો ભક્ત છો. તેથી તને ઉપર કહ્યું તેવી

મારી ખૂબ જ સહાય મળવાની છે. માટે હવે હું તને જે વાત કહી રહ્યો છું, તે પ્રમાણે જ જો તું કરીશ, તો આધ્યાત્મિક માર્ગની મોટામાં મોટી અને ઊંચામાં ઊંચી સ્થિતિને તું પામી જઈશ.

કઈ એ વાત અને કઈ એ સ્થિતિ ? તો, જ્યાં-ત્યાં ભટકતાં તારા મનને તું મારામાં જ સ્થિરપણે સ્થાપી દે. વળી, બીજા-ત્રીજા નિશ્ચય-સંશય કરી રહેલી તારી બુદ્ધિને પણ તું મારામાં જ નિવાસ કરાવ. એટલે કે,**'શ્રીકૃષ્ણ જ મારા ગુરુ, ઈષ્ટદેવ, વાલામાં વાલા અને સહુથી શ્રેષ્ઠ પામવા યોગ્ય છે. તથા તે જ સર્વના પ્રેરક અને પ્રવર્તક છે. એટલું જ નહિ પણ તે જ મારું સર્વસ્વ છે.'** એવો તારી બુદ્ધિથી તું પાક્કો નિશ્ચય કરી લે. જો આ રીતે તારા મન-બુદ્ધિને મારામાં જ પ્રવેશ કરાવી દે, તો ત્યાર પછી **કાયમ માટે તારો મારામાં જ નિવાસ થઈ જશે.** અર્થાત્ **તું મારામાં જ સદાને માટે વિરામ પામી જઈશ;** એ બાબતમાં કોઈ જ સંદેહ નથી.॥૮॥

चित्तचाञ्चल्यनिवारणे सुकरं साधनं वदति – अथेति ।

अथ चित्तं समाधातुं न शक्नोषि मयि स्थिरम् ॥
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनञ्जय ! ॥९॥

हे धनञ्जय ! अथ – अथवा, चित्तं मयि स्थिरं यथा स्यात्तथा समाधातुम् – सम्यक्स्थापयितुं त्वं न शक्नोषि – न समर्थोऽसि चेत्, ततः – तर्हि, अभ्यासयोगेन – अभ्यासः – मदीयजन्मकर्मगुणानां पुनः पुनः श्रवणकीर्तनस्मरणकरणं, स एव योगस्तेन, माम् आप्तुम् – प्राप्तुम्, इच्छ – यतस्व । अनेनोपायेन सौन्दर्यसर्वज्ञत्वाद्यगणितमङ्गलगुणगणमहोदधौ मयि बुद्धिमनसोः स्थिरत्वं प्राप्य निवत्स्यसीत्यभिप्रायः ।।९।।

તારા ચિત્તની ચંચળતાને કારણે કદાચ તું તારા ચિત્તને-મન-બુદ્ધિને મારામાં સ્થિરપણે સંપૂર્ણ સ્થાપી ન શકે. એટલે કે, મારામાં જ મનની અખંડવૃત્તિ રાખી ન શકે તો હવે તેનો એક બીજો સરળ ઉપાય બતાવું છું :

હે અર્જુન ! જો તું અત્યારે જ મારામાં અખંડવૃત્તિ રાખવા સમર્થ ન હો તો અભ્યાસયોગ વડે મને પામવાનો પ્રયત્ન કર. આ તેનાથી સરળ ઉપાય છે.

અભ્યાસયોગ એટલે શું ? તો, **મારાં અનંત ગુણો અને અનેક ચરિત્રોને વારંવાર કહેવાં, સાંભળવાં કે સંભારતાં જ રહેવું.** આ રીતે મારી શ્રવણ, કીર્તન અને સ્મરણભક્તિના અભ્યાસરૂપી યોગ દ્વારા પણ તું મને પામી શકે છે. એટલે કે, **આ અભ્યાસરૂપી ઉપાયથી સુંદરતા અને સર્વજ્ઞતા વગેરે અસંખ્ય કલ્યાણકારી ગુણસમૂહના સાગર જેવા મારા સ્વરૂપમાં તારી બુદ્ધિ અને મનને તું સ્થિર કરી શકીશ. તેથી છેવટે તું મારામાં નિવાસ પામી જઈશ.** ॥૯॥

तस्य करणे तवासामर्थ्यं चेत्तर्ह्युपायान्तरं वदामीत्याह – अभ्यास इति ।

अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ॥
मदर्थमपि कर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि ॥१०॥

अभ्यासे – उक्तविधेऽभ्यासयोगेऽपि, त्वमसमर्थोऽसि चेत्तर्हि, मत्कर्मपरमो भव — मम मन्दिरकृत्यारामनिर्माणकुसुमानयनपूजनमन्दिरमार्जनोपलेपनादीनि कर्माणि परमाणि – प्रधानानि यस्य तथाभूतो भव । मदर्थम् – मम प्रसन्नतार्थमुक्तानि कर्माणि कुर्वन् सन्, अभ्यासयोगं प्राप्य तदनन्तरं बुद्धिमनसोर्मयि स्थैर्यं लब्ध्वा, सिद्धिमपि – मत्स्वरूपे स्थितिमपि, अवाप्स्यसि – यास्यसि। तथा चोक्तं भागवते – "एवं नृणां क्रियायोगाः सर्वे संसृतिहेतवः। त एवात्मविनाशाय कल्पन्ते कल्पिताः परे"(भाग.१/५/३४) इति ।।१०।।

કદાચ એ અભ્યાસયોગ કરવા માટે પણ તું સમર્થ ન હો, તો તેના કરતાં પણ સરળ એક ત્રીજો ઉપાય બતાવું છું : **એ અતિ સરળ ત્રીજો**

INDEX

ઉપાય કયો ? તો, તું અખંડ મારા કાર્યપરાયણ થઈ જા. એટલે કે, મારાં મંદિર કરવાં, મારા માટે બગીચો બનાવવો, પુષ્પો લઈ આવવાં, મારું પૂજન કરવું, મંદિરને વાળવું-લીંપવું – આવા મારા સંબંધવાળા કાર્યપરાયણ બની જા. **આ રીતે મારી પ્રસન્નતાને માટે મેં કહ્યાં એવાં કર્મો કરતાં રહેવાથી તું ઉપર કહ્યો તે અભ્યાસયોગને પામીશ. પછી તેના વડે તારાં બુદ્ધિ અને મનને મારામાં સ્થિર કરીને છેવટે મારા સ્વરૂપમાં વિરામની સ્થિતિને પણ પામી જઈશ.** ॥૧૦॥

भगवदर्थं कर्म कर्तुमशक्तस्योपायान्तरमाह – अथेति ।

अथैतदप्यशक्तोषि कर्तुं मद्योगमाश्रितः ॥
सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥११॥

अथ – पक्षान्तरे, मद्योगम् – मम भक्तियोगमाश्रितः सन्, एतदपि – मत्कर्मापि, कर्तुं न शक्नोषि चेत्, ततः – तर्हि, यतात्मवान् – वशीकृत–मानसयुक्तः सन्, सर्वकर्मफलत्यागम् – "कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन"(गीता.२/४७) इत्यादि उक्तप्रकारेण सर्वेषाम् – वर्णाश्रमोचितानां कर्मणां फलत्यागम् – भगवदर्पणं कुरु । एवमसङ्गकर्मानुष्ठानेन स्थितप्रज्ञतां प्राप्य, ततः शुद्धक्षेत्रज्ञरूपं ब्रह्मभावं लब्ध्वा मयि परां भक्तिं प्राप्स्यसीति भक्तजनेन्दीवरप्रफुल्लताकरश्रीकृष्णदिनकरचरणाभिप्रायः । तथाऽष्टा–दशाध्याये – "स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः"(गीता.१८/४६) इमं श्लोकमारभ्य – "मद्भक्तिं लभते पराम्"(गीता.१८/५४) इत्यन्तैः श्लोकैर्गदिष्यते ॥११॥

કદાચ એ રીતે મારા ભક્તિયોગને અવલંબીને જો તું કેવળ મારે અર્થે કર્મો કરવાં માટે પણ સમર્થ ન હો, તો તેનાથી સરળ એક ચોથો ઉપાય બતાવું છું : **એ સહુથી સરળ ચોથો ઉપાય કયો ?** તો, તારા મનને

વશ રાખીને સર્વ કર્મોનાં ફળનો ત્યાગ કરી દે. એટલે કે, તારા વર્ણ અને આશ્રમને અનુરૂપ જે કાંઈ કર્મો કરવાનાં હોય, તેનાં ફળ તું ભગવાનને જ અર્પણ કરતો રહે. **આ રીતે કર્મફળની ઈચ્છા રહિત નિષ્કામપણે કર્મો કરવાથી તારી બુદ્ધિ સ્થિર થશે. ત્યાર પછી શુદ્ધ આત્મારૂપ બ્રહ્મભાવને પામીને મારામાં પરાભક્તિ પામી જઈશ. એટલે છેવટે તેના વડે તું મારામાં વિરામ પામી શકીશ.** આ રીતે મારા ભક્તોનું ગમે તે રીતે ભલું કરવાનો મારો અભિપ્રાય છે. ॥૧૧॥

फलासक्तिवर्जितकर्मकर्तव्यतां स्तुवन्नाह – श्रेय इति ।

श्रेयो हि ज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते ॥
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम् ॥१२॥

अभ्यासात् – मय्यल्पप्रेम्णा मत्स्मृतिपूर्वकमन्दिरनिर्माणादिकर्माभ्यासात्, ज्ञानम् – मदर्थकर्माभ्यासपूर्वकं यथार्थात्मवेदनं, श्रेयो हि – श्रेयस्करमेव । ज्ञानात् – यथार्थात्मदर्शनहीनादात्मबोधनात्, ध्यानम् – तत्प्राप्तिसाधनभूतमात्मचिन्तनं, विशिष्यते – श्रेष्ठं भवति। ध्यानात् – सम्यक्प्रीतिरहितादात्मचिन्तनात्, कर्मफलत्यागः – आत्मध्यानपूर्वकत्वेन ध्यानसाधनभूतः कर्मणाम् – वर्णाश्रमोदितानां क्रियाणां फलत्यागः – मयि समर्पणं विशिष्यते, मत्प्रसन्नतार्थं यत्कर्मकरणं तत् श्रेष्ठमित्यर्थः । त्यागात् – आत्मज्ञानानुसन्धानेन कर्मफलत्यागादनन्तरं, शान्तिः – स्थितप्रज्ञतारूपं सुखं भवति । तया शान्त्या आत्मध्यानं स्यात्, तद्ध्यानाद्यथार्थम् आत्मज्ञानं भवति, यथार्थात्मज्ञानात् पराभक्तिर्भवति । अतो भक्तियोगाभ्यासनिष्ठस्यापि आत्मज्ञानं श्रेयस्करमित्यभिप्रायः ॥१२॥

હે અર્જુન ! મારામાં અલ્પ પ્રેમને કારણે મારી સ્મૃતિ રાખતા થકા મંદિર બાંધવાં વગેરે મારાં કાર્યનો અભ્યાસ કઠણ પડે, તો તે

અભ્યાસનો જ આગ્રહ રાખવા કરતાં મારાં માટેનાં કર્મો કરતા થકા જીવાત્માનું યથાર્થજ્ઞાન પ્રાપ્ત કરવું, તે વધું હિતકર છે. વળી, યથાર્થ આત્મસાક્ષાત્કાર વિનાના તે આત્મજ્ઞાન કરતાં આત્મદર્શનના સાધનરૂપ આત્મચિંતન કરવું, તે ધ્યાન શ્રેષ્ઠ છે. અને સંપૂર્ણ પ્રીતિરહિત એ આત્મચિંતન કરતાં પણ કર્મફળનો ત્યાગ કરવો, એ સુગમ અને શ્રેષ્ઠ છે. એટલે કે, **આત્માના ધ્યાને સહિત એ ધ્યાનને સિદ્ધ કરવા માટે વર્ણાશ્રમસંબંધી સર્વે કર્મો મને અર્પણ કરી મારી પ્રસન્નતા માટે જ કરવા તે સહુથી શ્રેષ્ઠ છે.**

કેમ જે, આ રીતે પોતાના આત્મજ્ઞાનના અનુસંધાન વડે સર્વે કર્મો મને પ્રસન્ન કરવા માટે જ કરવાથી બુદ્ધિની સ્થિરતારૂપ શાંતિ પ્રાપ્ત થાય છે. તે શાંતિને કારણે જીવાત્માનું ધ્યાન સિદ્ધ થાય છે. તે ધ્યાનને કારણે યથાર્થ આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. અને તે યથાર્થ આત્મજ્ઞાનને કારણે મારી પરાભક્તિ ઉદય થાય છે. માટે **ભક્તિયોગનો અભ્યાસ કરનારાને પણ આત્મજ્ઞાન કલ્યાણકારી છે.** ॥૧૨॥

इदानीं ज्ञानिभक्तस्य लक्षणान्याह अष्टभिः — अद्वेष्टेति ।

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ॥
निर्ममो निरहङ्कारः समदुःखसुखः क्षमी ॥१३॥

सर्वभूतानाम् अद्वेष्टा – द्वेषहीनः, मैत्रश्च – मित्रतायुक्तः, करुणः – दयालुरेव, उत्कृष्टेषु द्वेषहीनस्तुल्येषु मित्रतायुक्तः कनिष्ठेषु दयालुरित्यर्थः । निर्ममः – दैहिकेषु ममतारहितः, निरहङ्कारः – देहेऽहंभावहीनः, अत एव समदुःखसुखः – आगतेषु सुखदुःखेषु हर्षोद्वेगशून्यः, क्षमी – परकृत–स्वापराधे क्षमावान् ।।१३।।

सन्तुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ॥

मय्यर्पितमनोबुद्धिर्यो मद्भक्तः स मे प्रियः ॥१४॥

सन्तुष्ट इति। सन्तुष्टः - ईश्वरेच्छाप्राप्तेन शरीरधारणपदार्थेनैव सन्तोषं प्राप्तः, सततम् - सदा, योगी - देहत्रयभिन्नशुद्धक्षेत्रज्ञस्वरूपानुसन्धानयुक्तः, यतात्मा - जितमनाः, दृढनिश्चयः - भागवतधर्मेषु दृढनिश्चयवान्, अत एव मय्यर्पितमनोबुद्धिः - "मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय"(गीता.१२/८) इत्यत्रोक्तरीत्या मयि अर्पिते मनोबुद्धी येन सः, एवम्भूतो यो मद्भक्तः, स मे प्रियः ॥१४॥

❋ જ્ઞાની સંતો-ભક્તોના સદ્ગુણો :

હે અર્જુન ! જે મારો અતિ વહાલો જ્ઞાની ભક્ત છે, તેનાં લક્ષણો હવે હું તને જણાવું છું : મારો જ્ઞાની ભક્ત કોઈ પણ જીવ-પ્રાણીમાત્ર પ્રત્યે દ્વેષ નથી રાખતો. પરંતુ સહુના પ્રત્યે હિતની ભાવના તથા કરુણા વરસાવે છે. એમાંય ખાસ કરીને પોતાથી જે શ્રેષ્ઠ હોય તેના પ્રત્યે દ્વેષ નહિ રાખતાં આદરભાવ રાખે છે. પોતાની સમાન હોય તેની સાથે મિત્રભાવ રાખે છે અને પોતાથી નાના પ્રત્યે દયાભાવ રાખે છે. વળી, દેહનાં સગાં-સબંધી કે દેહઉપયોગી પદાર્થમાં મમત્વ નથી રાખતો. અને દેહને વિષે અહંભાવ નથી કરતો. તેથી જ પ્રારબ્ધ અનુસાર આવતાં સુખ-દુઃખમાં હર્ષ કે શોક નથી કરતો. કોઈ પોતાનો અપરાધ કરે છતાં તેને સહજમાં ક્ષમા આપી દે છે.

વળી, તે મારો જ્ઞાની ભક્ત ઈશ્વર ઇચ્છાથી દેહનિર્વાહ માટે જે કાંઈ પ્રાપ્ત થાય તેનાથી જ સંતોષ માને છે. હંમેશાં ત્રણ દેહથી વિલક્ષણ પોતાના આત્માને અલગ માને છે. પોતાના મનને જીતીને વશ રાખે છે. ભગવાને કહેલા ધર્મ-નિયમ પાળવાના દૃઢ ઠેરાવવાળો હોય છે. અને એટલે જ **મારામાં અખંડ મન-બુદ્ધિ જોડી રાખનારો એવો આ મારો જ્ઞાની ભક્ત મને અતિ વહાલો છે.** ॥૧૩-૧૪॥

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ॥
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥१५॥

यस्मादिति । यस्मात् – ज्ञानिभक्तात्, लोकः – जनसमूहः 'लोकस्तु भूवने जने' इत्यमरः, आसुरसम्पद्युक्तं पुरुषं विना नोद्विजते – न सन्तप्यते । कुतः ? तस्य जनोद्वेगजनिकायाः क्रियाया अभावात् । यश्च भक्तः लोकात् नोद्विजते – भयेनोद्वेगं न गच्छति, हर्षामर्षभयोद्वेगैः — हर्षः – स्वस्य प्रियपदार्थप्राप्तावानन्दश्च, अमर्षः – अन्यस्य प्रियपदार्थप्राप्तावसहनञ्च, भयम् – भीतिश्च, उद्वेगः – मनःक्षोभश्च, तैः मुक्तः – रहितो यो भवति, स च मे प्रियः ।।१५।।

આસુરીવૃત્તિવાળા સિવાય બીજા કોઈ પણ લોકોને મારા જ્ઞાની ભક્તથી ક્યારેય દુઃખ પહોંચતું નથી. કેમ જે, **તે ભક્ત બીજાને ઉદ્વેગ થાય તેવી કોઈ ક્રિયા કરતો જ નથી.** કદાચ બીજા કોઈ તેને દુઃખ પહોંચાડનારી ક્રિયા કરે તોપણ તે દુઃખી થઈ જતો નથી. વળી, **પોતાને પ્રિય વસ્તુ મળે ત્યારે આનંદ પામતો નથી અને બીજાને સારી વસ્તુ મળે ત્યારે તેની ઈર્ષ્યા કરતો નથી.** વળી, સર્વ પ્રકારના ભય કે મનના ક્ષોભ રહિત જીવન જીવે છે; આવો તે જ્ઞાની ભક્ત મને અતિશય વહાલો છે. ॥૧૫॥

अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ॥
सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः ॥१६॥

अनपेक्ष इति । अनपेक्षः – यदृच्छया प्राप्तेऽप्यर्थे अपेक्षारहितः, शुचिः – द्विविधशौचसहितः, दक्षः – आत्महिते पटुः, उदासीनः – प्राकृत–विषयेषूदासित्वं प्राप्तः, गतव्यथः – विनष्टमानसव्यथः, सर्वारम्भपरित्यागी – मद्भक्तिवर्जितसकलक्रियाप्रारम्भपरित्यजनशीलः, एतल्लक्षणैः सम्पन्नो यो मद्भक्तः, स मे प्रियः ।।१६।।

પોતાના પ્રારબ્ધ અનુસારે પ્રાપ્ત થયેલ વસ્તુમાં પણ આસક્તિ રહિત હોય છે. બાહ્ય-દેહથી અને આંતરિક-કામાદિક દોષોથી – એમ બન્ને રીતે શુદ્ધ હોય છે. **પોતાના કલ્યાણની બાબતમાં કુશાગ્ર બુદ્ધિવાળો હોય છે.** માયિક પંચવિષયથી હંમેશાં ઉદાસ રહે છે. અને સર્વ પ્રકારે મનની પીડાઓથી રહિત જીવન જીવે છે. ટૂંકમાં, **મારી ભક્તિએ રહિત દરેક ક્રિયાનો ત્યાગ કરવાના જ સ્વભાવવાળો હોય છે; આવાં લક્ષણવાળો જે મારો જ્ઞાની ભક્ત તે મને ખૂબ જ વહાલો છે.** ॥૧૬॥

किञ्च – य इति ।

यो न हृष्यति न द्वेष्टि न शोचति न काङ्क्षति ॥
शुभाशुभपरित्यागी भक्तिमान् यः स मे प्रियः ॥१७॥

यो न हृष्यति – पुत्रवित्तादि प्राकृतं प्रियं वस्तु प्राप्य हर्षं न प्राप्नोति, न द्वेष्टि – असमीचीनवस्त्रादिप्राप्य द्वेषं न करोति, न शोचति – प्रियपुत्रवित्तादिनाशे सति शोकं न करोति, न काङ्क्षति – सत्सङ्गभगवत्स्वरूपाभ्यां विना अन्यद्वस्तु नाभिवाञ्छति, शुभाशुभ-परित्यागी – बन्धहेतुभूते पुण्यपापे परित्यक्तुं शीलं यस्य, एवम्भूतो यो भक्तिमान्, स मे प्रियः ।।१७।।

જે મારો જ્ઞાની ભક્ત પુત્ર-ધનાદિક માયિક પ્રિય વસ્તુ મળે તેનાથી હર્ષ પામતો નથી. અને જેવાં-તેવાં હલકાં વસ્ત્રાદિક મળે ત્યારે તેમાં દ્વેષ કરતો નથી. તેમજ પોતાના પ્રિય પુત્ર-ધનાદિકનો નાશ થાય છતાં તેનો શોક કરતો નથી. સંતોનો સમાગમ અને ભગવાનની મૂર્તિ વિનાની બીજા કોઈ પણ પદાર્થની ઈચ્છા રાખતો નથી. જીવાત્માને બંધન કરે એવાં પુણ્ય અને પાપનો ત્યાગ કરવાના જ સ્વભાવવાળો હોય છે; આવો મારો જ્ઞાની ભક્ત મને અતિશય વહાલો છે. ॥૧૭॥

समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः ॥
शीतोष्णसुखदुःखेषु समः सङ्गविवर्जितः ॥१८॥

तुल्यनिन्दास्तुतिर्मौनी सन्तुष्टो येन केनचित् ॥
अनिकेतः स्थिरमतिर्भक्तिमान् मे प्रियो नरः ॥१९॥

सम इति, तुल्येति। शत्रौ मित्रे च समः - तुल्यभावसंयुक्तः, तथा मानापमानयोः समः - आनन्दखेदरहित इत्यर्थः, शीतोष्णसुखदुःखेषु समः - तुल्यभावसंयुक्तः, सङ्गविवर्जितः - मन्मदीयभक्तव्यतिरिक्त-वस्तुष्वासक्तिहीनः ॥१८॥

पुनः कथम्भूतः ? तुल्यनिन्दास्तुतिः — तुल्ये - समे निन्दास्तुती-कुत्साश्लाघे यस्य, मौनी - यतवाणिः, येन केनचित् - यदृच्छालब्धेन समीचीनासमीचीनान्नवस्त्रादिना, सन्तुष्टः - सन्तोषं प्राप्तः, अनिकेतः - नियतनिवासस्थानरहितः, स्थिरमतिः - स्वधर्मात्मज्ञानवैराग्यभगवन्माहात्म्य-पूर्वकभक्तिषु निश्चलबुद्धिः, एवम्भूतो यो भक्तिमान् नरः, स मे प्रियः ॥१९॥

તે મારો જ્ઞાની ભક્ત પોતાનું ભૂંડું કરનાર શત્રુમાં અને પોતાનું ભલું કરનાર મિત્રમાં એક સરખો રાગ-દ્વેષ રહિત ભાવ રાખે છે. એવી જ રીતે પોતાના માન કે અપમાનમાં આનંદ કે ખેદ રહિત રહે છે. વળી, ટાઢા-ઊના, સુખરૂપ કે દુઃખરૂપ એવા દરેક વિષયોમાં સમાનભાવ રાખે છે. **હું અને મારા ભક્તો સિવાયના તમામ પદાર્થોમાં આસક્તિ રહિત-નિર્લેપ વર્તે છે. કોઈ પોતાને વખાણે કે કોઈ પોતાની નિંદા કરે એ બંનેને એક સરખા જ માને છે.** વાણીને નિયમમાં રાખે છે. ભગવાનની ઈચ્છાથી સારાં-નરસાં જે કાંઈ અન્ન-વસ્ત્રાદિક મળે તેનાંથી સંતોષ માને છે. ભગવાન કે ભગવાનના ધામ સિવાય અન્ય કોઈ નિવાસસ્થાનને પોતાનું નથી માનતો. અને વળી, **સ્વધર્મ, આત્મનિષ્ઠા,**

વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાને સહિત ભગવાનની ભક્તિમાં હંમેશાં દઢપણે જોડાયેલો રહે છે; આવો મારામાં ભક્તિવાળો જે મનુષ્ય છે, તે મને અતિશય વહાલો છે. ॥૧૮-૧૯॥

उक्तान् भागवतधर्मानुपसंहरन्नाह — ये त्विति ।

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ॥
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः ॥२०॥

इति श्रीभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णाऽर्जुनसंवादे 'भक्तियोगो' नाम द्वादशोऽध्यायः ॥१२॥

ये तु ज्ञानिभक्ताः इदं धर्म्यामृतम् - धर्मकलापमेवामृतं, यथोक्तं तथा, पर्युपासते - अनुतिष्ठन्ति, ये श्रद्दधानाः - तस्मिन् श्रद्धां कुर्वाणाः, ते मत्परमाः — मम परमाः - उत्कृष्टाः भक्ताः, ते मे - मम, अतीव - अत्यन्तं, प्रियाः - मनोज्ञाः ॥२०॥

એમાં પણ જે જ્ઞાની ભક્તો આ સર્વે ભાગવત ધર્મરૂપી અમૃતને મેં જેમ કહ્યું તેવી જ રીતે અનુસરે છે, અને જે આ ભાગવત ધર્મ પાળવામાં અતિ શ્રદ્ધાવાળા છે; તે મારા સહુથી શ્રેષ્ઠ ભક્તો મને અત્યંત વહાલા છે." ॥૨૦॥

अस्मिन् द्वादशाऽध्याये अक्षरभक्तात् पुरुषोत्तमभक्तस्य श्रेष्ठत्वं, स्वप्राप्ये हरौ आशुगामित्वं च, भगवत्प्रसन्नताजनकं भागवतधर्मव्रातं च, एकान्तिकभक्तिसाधनं च, अक्षरभक्तस्य कनिष्ठत्वं सक्लेशत्वं च, तत्प्राप्याक्षरस्वरूपं चोक्तम् ।

इति श्रीसहजानन्दस्वामिशिष्यगोपालानन्दकृतायां भगवद्भावदीपिकायां श्रीभगवद्गीताटीकायां द्वादशोऽध्यायः ॥१२॥

આ બારમા અધ્યાયમાં આટલી બાબતોનું નિરૂપણ કરવામાં આવ્યું છે : (૧) અક્ષરબ્રહ્મના ભક્ત કરતાં પુરુષોત્તમના ભક્તનું શ્રેષ્ઠપણું. (૨) પોતાના પ્રાપ્ય એવા શ્રીહરિ જ તત્કાળ તેમની પ્રાપ્તિ કરાવે છે. (૩) ભગવાનની પ્રસન્નતા અપાવનારા સર્વે ભાગવત ધર્મનું નિરૂપણ. (૪) ભગવાનની એકાંતિક ભક્તિનું સાધન. (૫) અક્ષરના ભક્તની ન્યૂનતા તથા અતિ ક્લેશે સહિતપણું. (૬) અક્ષરના ઉપાસકને પ્રાપ્ય એવા અક્ષરસ્વરૂપનું નિરૂપણ.

આ રીતે સર્વાવતારી શ્રીસહજાનંદસ્વામીના શિષ્ય સદ્.શ્રીગોપાળાનંદ-સ્વામી વિરચિત શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યના ગુજરાતી ભાવાનુવાદમાં 'ભગવદ્ભક્તનું શ્રેષ્ઠપણું અને ભાગવતધર્મનું નિરૂપણ કર્યું' એ નામે બારમો અધ્યાય પૂરો થયો. ॥૧૨॥

अस्मिन् मध्यमषट्के एकान्तिकभक्तैः उपास्यमानस्य भगवतः समाहात्म्यज्ञानैकान्तभक्तिरुक्ता, ऐश्वर्यनिष्ठानां कैवल्यनिष्ठानां भगवन्निष्ठानां चेन्द्रादिदेवनिष्ठानां च पृथक्पृथक् प्राप्यं चोक्तम् ।

આ વચ્ચેના ષટ્કમાં આટલી બાબતો કહેવાણી : (૧) એકાંતિક ભક્તો દ્વારા ઉપાસના કરવા યોગ્ય ભગવાન શ્રીહરિની માહાત્મ્યજ્ઞાને સહિત એકાંતિકી ભક્તિનું પ્રતિપાદન. (૨) ઐશ્વર્યના ચાહક, શુદ્ધ આત્મસ્વરૂપ કે અક્ષરબ્રહ્મના ઉપાસક, ભગવાનના જ્ઞાનીભક્ત અને ઇન્દ્રાદિક દેવના સકામ ભક્ત – આ ચારેયનાં જુદાં જુદાં પ્રાપ્ય સ્વરૂપોનું વર્ણન.



त्रयोदशोऽध्यायः

क्षेत्रक्षेत्रज्ञनिर्देशयोगः

वसंततिलकावृत्तम् :

यत्पादवारि जगदाश्वपचं पुनाति यद्दर्शनं भवमहाम्बुधिपारदायि ।
नाम्नोऽपि यस्य कथनं त्वघनाशकारि कृष्णं हरिं तमहमीश्वरमाश्रयामि ॥

ભાષ્યકાર સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી અંતિમ ષટ્‌કના શુભારંભે ઈષ્ટદેવ શ્રીહરિજી મહારાજનું મંગલાચરણ કરે છે : “જેમનાં ચરણને સ્પર્શેલું જળ ચાંડાળ સુધીના આખા વિશ્વને પવિત્ર કરે છે; જેમનાં દર્શન જીવ-પ્રાણીમાત્રને સંસારરૂપી મહાસાગરથી પાર કરી દેનાર છે; જેમના નામનું ઉચ્ચારણ પણ પાપમાત્રનો નાશ કરી દેનાર છે; એવા તે સમર્થ જડ-ચિદ્ વિશ્વના નિયંતા શ્રીહરિકૃષ્ણ પુરુષોત્તમનારાયણને આશરે જાઉં છું.

इदानीं त्रयोदशे क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानिज्ञेययोश्च प्रकृतिपुरुषयोश्च लक्षणानि प्रोच्यन्ते ।

હવે આ તેરમા અધ્યાયમાં ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનાં, જ્ઞાન-જ્ઞેયનાં અને પ્રકૃતિ-પુરુષનાં લક્ષણો કહેવાશે.

क्षेत्रक्षेत्रज्ञादीनां स्वरूपाणि बोधयितुकामः श्रीभगवान् अर्जुनं प्रत्युवाच – इदमिति ।

श्रीभगवानुवाच –

इदं शरीरं कौन्तेय ! क्षेत्रमित्यभिधीयते ।।
एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः ।।१।।

हे कौन्तेय! इदम् – देवमुनष्यप्रभृत्याकारेणावस्थितं जीवात्मना देहोऽहमित्येकीभावेन ज्ञातं जीवात् पृथग्भूतं, शरीरम् – वपुः, क्षेत्रमित्य-भिधीयते – कथ्यते। यः – क्षेत्रादन्यो जीवात्मा, एतत् – सावयवं शरीरं, वेत्ति – मम करे दुःखं मम शिरसि च सुखं, मम मनसि व्यथा ममेन्द्रियेषु च सुखमित्यभिमानेन इन्द्रियान्तःकरणसहितं देहं जानाति, तम् – बोध्यभूतात्तस्माज्ज्ञातृत्वेनान्यं जीवं, तद्विदः – क्षेत्रक्षेत्रज्ञयाथात्म्यज्ञाः, क्षेत्रज्ञ इति प्राहुः – वदन्ति।

यथा ब्राह्मणोऽहं क्षत्रियोऽहं वृक्षपुष्पादिकं वस्तु वेद्मि, इति शरीरात् पृथक्स्थितस्य वृक्षपुष्पादिपदार्थस्य ज्ञानसमये पुरुषः शरीरैकभावेन वेदितारं स्वकीयं जीवात्मानमनुसन्दधाति, तथा शरीरानुभवसमये वृक्षपुष्पादिवत् इदं शरीरमपि अहं जानामीति बोध्यं क्षेत्रं ज्ञाता वेत्ति। इति ज्ञातुर्जीवात्मनः सकाशाच्छरीरमन्यत्, वृक्षपुष्पादिवत् अनुभूताच्छरीराज्जीवात्मा च अन्यः। इति क्षेत्रक्षेत्रज्ञयोर्विवेकं तज्ज्ञानकुशला निगदन्तीत्यभिप्रायः ।।१।।

❋ क्षेत्र तथा क्षेत्रज्ञनुं विवरण :

"हे कुंतीपुत्र ! देव, मनुष्य वगेरे आकारे रहेल आ शरीर **'क्षेत्र'** एवा नामथी कहेवाय छे. ते शरीरने जीवात्मा 'हुं शरीर छुं' एम एकपणे माने छे, परंतु जीवात्माथी ते शरीर जुदुं ज छे. वळी, क्षेत्ररूपी देहथी जुदो जीवात्मा आ हाथ-पगादि अवयववाळा शरीरने जाणनार छे. क्षेत्र-क्षेत्रज्ञना स्वरूपने यथार्थ जाणनार पुरुषो ते जीवने **'क्षेत्रज्ञ'** एवा नामथी कहे छे.

જીવ શરીરને કેવી રીતે જાણે છે ? તો, મારા હાથમાં દુઃખ છે. મારા માથામાં સુખ છે. મારા મનમાં પીડા છે. મારી ઇન્દ્રિયોમાં સુખ છે. આવા દેહાભિમાને યુક્ત થઈને ઇન્દ્રિયો-અંતઃકરણ સહિત દેહને જાણે છે. પરંતુ ખરેખર તો એવી રીતે જણાઈ રહેલા તે દેહથી તેને જાણનારો એવો જીવ જુદો જ છે.

જેમ 'હું બ્રાહ્મણ કે હું ક્ષત્રિય આ વૃક્ષ-પુષ્પાદિક વસ્તુને જાણું છું.' આવી રીતે શરીરથી જુદાં રહેલ વૃક્ષ-પુષ્પાદિ પદાર્થને જાણવાના સમયે તે પુરુષ શરીર સાથે એક થઈને તે પદાર્થને જાણનાર પોતાના જીવાત્માને સમજે છે. તેવી જ રીતે પોતાના શરીરના અનુભવ સમયે પણ 'વૃક્ષ-પુષ્પાદિકની જેમ આ શરીરને પણ હું જાણું છું' એમ પોતાના દેહને જાણવા યોગ્ય પદાર્થ તરીકે જ્ઞાતા એવો જીવ જાણે છે. માટે **જ્ઞાતા એવા જીવાત્મા થકી પોતાનું શરીર જુદું છે અને વૃક્ષ-પુષ્પાદિકની જેમ અનુભવાઈ રહેલ શરીર થકી જીવાત્મા પણ જુદો છે.** આ રીતે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનો વિવેક એટલે કે ચોખ્ખો વિભાગ તેના નિષ્ણાંત પુરુષો કરે છે. ॥૧॥

देहं क्षेत्रतया जीवात्मानं क्षेत्रज्ञतया चोक्त्वा, इदानीं सर्वाणि चेतनान्य-चेतनानि च क्षेत्रतया, परमात्मानं स्वं क्षेत्रज्ञतया चाह – क्षेत्रज्ञमिति ।

क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत ! ॥
क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम ॥२॥

हे भारत ! सर्वक्षेत्रेषु – सर्वेषु - जीवेश्वराक्षरब्रह्मतत्स्थमुक्तकोटिषु चेतनेषु प्रकृतिपृथिव्यादिषु च अचेतनेषु समग्रेषु, क्षेत्रेष्वपि - मम शरीरत्वात् क्षेत्रसंज्ञेषु, क्षेत्रज्ञम् - अन्तर्यामितया स्थितं चेतनाचेतनशरीरविदं च, माम् परमात्मानं, विद्धि - जानीहि ।

तथा श्रुतयश्चाहुः - "यः पृथिव्यां तिष्ठन् पृथिव्या अन्तरो यं पृथिवी न वेद यस्य पृथिवी शरीरं यः पृथिवीमन्तरो यमयति"(बृह.३/७/३)

इत्यारभ्य "आत्मनि तिष्ठन्नात्मनोऽन्तरो यमात्मा न वेद यस्यात्मा शरीरं य आत्मानमन्तरो यमयति स त आत्मान्तर्याम्यमृतः" इत्यन्ताः । "यः प्रकृतौ तिष्ठन् प्रकृतेरन्तरो यं प्रकृतिर्न वेद यस्य प्रकृतिः शरीरं यः प्रकृतिमन्तरो यमयति" तथा "यः पृथिवीमन्तरे सञ्चरन् यस्य पृथिवी शरीरं यं पृथिवी न वेद"(सुबालो.७) इत्यारभ्य "योऽक्षरमन्तरे सञ्चरन् यस्याक्षरं शरीरं यमक्षरं न वेद"(सुबालो.७) "यो मृत्युमन्तःसञ्चरन् यस्य मृत्युः शरीरं यं मृत्युर्न वेद"(सुबालो.७) "एषः सर्वभूतान्तरात्मा अपहतपाप्मा दिव्यो देव एको नारायणः"(सुबालो.७) इत्याद्याः ।

क्षेत्रक्षेत्रज्ञयोः – शरीरजीवात्मनोः चिदचिदवृन्दपरमात्मनोश्च, यज्ज्ञानम् – पृथक्पृथक् यथार्थवेदनं, तज्ज्ञानं मम मतम् । यत्र कुत्रचित् शास्त्रेषु ऋषिदेवादिषु च तज्ज्ञानम् अस्ति तत्र तत्र परंपरया मत्त एव आगतम् इत्यभिप्रायः ।।२।।

હે ભરતવંશી અર્જુન ! જેમ જીવ અને તેના શરીર વચ્ચે રહેલો ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનો વિવેક મેં કહ્યો, તેમ હવે હું મારાં શરીરો અને મારી વચ્ચે રહેલો ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનો વિભાગ સમજાવું છું :

જીવ, ઈશ્વર, અક્ષરબ્રહ્મ અને તેમાં રહેલા અનંતકોટિ મુક્તોરૂપી ચેતનો તથા મૂળપ્રકૃતિથી લઈને પૃથ્વી આદિક જડ પદાર્થો એ સર્વે ક્ષેત્રોમાં અંતર્યામીપણે રહેલ અને તે જડ-ચિદ્ સર્વને જાણનાર એવા મને પરમાત્માને તું ક્ષેત્રજ્ઞ જાણ. કેમ જે, તે સર્વે તત્ત્વો મારા શરીરભૂત હોવાથી મારા માટે ક્ષેત્રરૂપ જ છે. આ રીતે **શરીર અને જીવાત્માનું તથા જડ-ચિદ્ સર્વ પદાર્થ અને પરમાત્માનું ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞપણે જે જુદું જુદું યથાર્થ જ્ઞાન થાય તે મારું જ્ઞાન છે.** અર્થાત્ કોઈ પણ શાસ્ત્રોમાં કે કોઈ પણ ઋષિ, દેવ, સંત-મહાત્માઓમાં તે ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનું જ્ઞાન છે, ત્યાં ત્યાં બધે મારા થકી જ પરંપરામાં આવેલું છે. ॥૨॥

जीवात्मनः शरीररूपं क्षेत्रं, स च जीवात्मा, तयोः स्वरूपनिरूपणं प्रतिजानीते – तदिति ।

तत्क्षेत्रं यच्च यादृक्च यद्विकारि यतश्च यत् ॥
स च यो यत्प्रभावश्च तत्समासेन मे शृणु ॥३॥

तत् – 'इदं शरीरम्' इति प्रागुक्तं, क्षेत्रं यच्च – यथास्वरूपं भवति, यादृक्च – यादृशधर्मवदस्ति, यद्विकारि – यैर्विकारैर्युक्तं, यतश्च – यस्माद्धेतोरिदं जातं, यत् – यैः स्थावरजङ्गमादिभेदैर्भिन्नं, स च – 'यो वेत्ति' इत्युक्तः क्षेत्रज्ञः, यः – यत्स्वरूपः, यत्प्रभावः – यैः प्रभावैः संयुक्तः, तत् सर्वं समासेन – सङ्क्षेपेण, मे – मत्सकाशात्, शृणु ॥३॥

હે અર્જુન ! આ શરીરરૂપ તે ક્ષેત્ર જે તત્ત્વનું – જેવા સ્વરૂપવાળું છે, જેવા ધર્મવાળું છે, જેવા વિકારોએ યુક્ત છે, જે કારણમાંથી ઊપજ્યું છે અને સ્થાવર-જંગમાદિક અનેક ભેદોમાં જે જે ભેદવાળું છે – તે સર્વેને સંક્ષેપમાં હું કહું છું, તે તું સાંભળ. તેમજ તે ક્ષેત્રજ્ઞ જે જીવાત્મા તે જેવા સ્વરૂપવાળો છે, જેવા પ્રભાવે યુક્ત છે, તે સર્વને પણ હું કહું છું, તે તું મારી પાસેથી સાંભળ. ॥૩॥

क्षेत्रक्षेत्रज्ञयोः स्वरूपं कैः कैः विस्तरेण गदितम् ? यस्यात्र सङ्क्षेप इत्याशङ्कायां वदति – ऋषिभिरिति ।

ऋषिभिर्बहुधा गीतं छन्दोभिर्विविधैः पृथक् ॥
ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः ॥४॥

ऋषिभिः – पराशरादिभिः, बहुधा गीतम् – तत् क्षेत्रक्षेत्रज्ञस्वरूपं बहुभिः प्रकारैः निरूपितम् । तानि ऋषिवचनानि प्रदृश्यन्ते – "अहं त्वं च तथान्ये च भूतैरूह्याश्च पार्थिव ! । गुणप्रवाहपतितो भूतवर्गोऽपि यात्ययम् ।। कर्मवश्या गुणाश्चैते सत्त्वाद्याः पृथिवीपते ! । अविद्यासञ्चितं कर्म तच्चाशेषेषु जन्तुषु ।।

आत्मा शुद्धोऽक्षरः शान्तो निर्गुणः प्रकृतेः परः"(ना.पु.पू.२/४८/६०-६२) तथा - "पिण्डः पृथग्यतः पुंसः शिरःपाण्यादिलक्षणः। ततोऽहमिति कुत्रैतां संज्ञां राजन्! करोम्यहम्"(वि.पु.२/१३/८९) तथा च - "किं त्वमेतच्छिरः ? किन्नु शिरस्तव तथोदरम्। किन्नु पादादिकं त्वं वै तवैतत् किं महीपते!।। समस्तावयवेभ्यस्त्वं पृथग्भूतो व्यवस्थितः। कोऽहमित्यत्र निपुणो भूत्वा पार्थिव! चिन्तय"(वि.पु.२/१३/१०२-१०३) इति। एवं पृथक्पृथगुक्तयोः क्षेत्रक्षेत्रज्ञयोस्तयोरात्मा वासुदेवोऽस्तीति च महर्षयः प्राहुः - "इन्द्रियाणि मनो बुद्धिः सत्त्वं तेजो बलं धृतिः। वासुदेवात्मकान्याहुः क्षेत्रं क्षेत्रज्ञमेव च"(ना.पु.पू.१/३८/१७) इति।

विविधैः - ऋग्यजुःसामाथर्वभिः, छन्दोभिः - वेदैः, क्षेत्रक्षेत्रज्ञयोः स्वरूपं पृथग्गीतम्। तत्र यजुर्वेदे - "तस्माद्वा एतस्मादात्मन आकाशः सम्भूतः, आकाशाद्वायुः, वायोरग्निः, अग्नेरापः, अद्भ्यः पृथिवी, पृथिव्या ओषधयः, ओषधीभ्योऽन्नम्, अन्नात् पुरुषः, स वा एष पुरुषोऽन्नरसमयः" (तैत्ति.२/१) "तस्माद्वा एतस्मादन्नरसमयादन्योऽन्तरात्मा प्राणमयः"(तैत्ति.२/२) "तस्माद्वा एतस्मात् प्राणमयादन्योऽन्तरात्मा मनोमयः"(तैत्ति.२/३) इति क्षेत्रस्वरूपमभिधाय, "तस्माद्वा एतस्मान्मनोमयादन्योऽन्तरात्मा विज्ञानमयः" (तैत्ति.२/४) इति क्षेत्रज्ञस्वरूपमभिधाय, "तस्माद्वा एतस्माद्विज्ञानमयाद-न्योऽन्तरात्मा आनन्दमयः"(तैत्ति.२/५) इति क्षेत्रज्ञस्य अन्तरात्मतया आनन्दमयः परमात्मा कथितः। एवम् ऋक्सामाथर्वसु च शरीरजीवात्मनोः पृथक्त्वं, तयोश्चान्तरात्मा परब्रह्मेति सुस्पष्टमुक्तम्।

हेतुमद्भिः - हेत्वर्थपञ्चमीसंयुक्तैः, विनिश्चितैः — विशेषेण निश्चितम् - निर्णीतं तत्त्वत्रयादि यैस्तानि तथाभूतैः, ब्रह्मसूत्रपदैः — ब्रह्म - चिदचिद्वि-शिष्टस्य परब्रह्मणः प्रतिपादकः श्रुतिनिकरः, सूत्र्यते - ग्रथ्यते येषु तानि

ब्रह्मसूत्राणि च तानि पदानि – वाक्यानि च तैश्च, क्षेत्रक्षेत्रज्ञयोः स्वरूपं तयोश्च परब्रह्मात्मकत्वं बहुधा गीतमेव। "न वियदश्रुतेः"(ब्र.सू.२/३/१) इत्यारभ्य "चराचरव्यपाश्रयस्तु स्याद्व्यपदेशो भाक्तस्तद्भावभावित्वात्" (ब्र.सू.२/३/१७) इत्यन्तैः क्षेत्रस्वरूपं निश्चितम्। "नात्मा श्रुतेर्नित्यत्वाच्च ताभ्यः"(ब्र.सू.२/३/१८) "ज्ञोऽत एव"(ब्र.सू.२/३/१९) इत्यादिसूत्रैः क्षेत्रज्ञस्वरूपं निश्चितम्। "परात्तु तच्छ्रुतेः"(ब्र.सू.२/३/४०) इति भगवत्प्रवर्त्यत्वेन तयोः भगवदात्मकत्वं निश्चितम्। एवं बहुभिः प्रकारैः कथितं क्षेत्रक्षेत्रज्ञ-स्वरूपयाथार्थ्यं मया सङ्क्षेपेण स्पष्टमुच्यमानं शृण्वित्यर्थः ।।४।।

હે અર્જુન ! પરાશરાદિક ઋષિઓએ પણ આ ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞના સ્વરૂપને બહુ પ્રકારે નિરૂપ્યું છે. અને ઋગ્, યજુર્, સામ અને અથર્વ – આ ચાર વેદોએ એ બેયનું સ્વરૂપ જુદા પ્રકારે નિરૂપણ કર્યું છે. જેમ કે, "तस्माद्वा एतस्मादात्मन आकाशः सम्भूतः, आकाशाद्वायुः..." આવી બધી શ્રુતિઓમાં ક્ષેત્રનું સ્વરૂપ વર્ણવ્યું છે. "तस्माद्वा एतस्मान्मनोमयादन्योऽन्तरात्मा विज्ञानमयः" આમાં ક્ષેત્રજ્ઞ - જીવાત્માનું નિરૂપણ કર્યું છે. "तस्माद्वा एतस्माद्विज्ञानमयादन्योऽन्तरात्मा आनन्दमयः" આમાં જીવાત્માના પણ અંતરાત્મા પરમાત્માનું પ્રતિપાદન કર્યું છે. વળી, જેમાં જીવ, માયા અને પરમેશ્વર વગેરેનો યથાર્થ નિર્ણય કરવામાં આવ્યો છે, એવા હેતુસહિત બ્રહ્મસૂત્રનાં વાક્યો દ્વારા પણ આ ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ વિવિધ પ્રકારે વર્ણવવામાં આવ્યું છે.

બ્રહ્મસૂત્ર એટલે શું ? તો, જડ-ચિદ્ વિશિષ્ટ એવા પરબ્રહ્મનું પ્રતિપાદન કરનાર સર્વે શ્રુતિઓનું જેમાં ગૂંથન કરવામાં આવ્યું છે, એવાં વ્યાસજી રચિત સૂત્રો. અર્થાત્ વેદની સર્વે ઋચાઓ જીવ, માયા અને જગદીશને કેવા વર્ણવે છે ? તેનો નિર્ણય કરવા માટે વ્યાસજીએ બનાવેલાં સૂત્રોને 'બ્રહ્મસૂત્ર' કહે છે. તે નિર્ણયો જેનો આધાર લઈને કરવામાં આવે છે, તે

પ્રમાણોને હેતુ કહેવામાં આવે છે. તે હેતુદર્શક પદોએ સહિત બ્રહ્મસૂત્રો ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ વિવિધ પ્રકારે વર્ણવે છે. તથા તે બંને પરબ્રહ્મનું શરીર અને પરબ્રહ્મ તેના આત્મા-ક્ષેત્રજ્ઞ છે; એ પણ વિવિધ પ્રકારે વર્ણવે છે. જેમ કે, "न वियदश्रुतेः" આ સૂત્રથી લઈને "चराचरव्यपाश्रयस्तु..." આ સૂત્ર સુધીમાં ક્ષેત્રનું સ્વરૂપ બતાવ્યું છે. "ज्ञोऽत एव" આવાં ઘણાંક સૂત્રોથી ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ નિરૂપ્યું છે. "परात्तु तच्छ्रुतेः" આવાં સૂત્રોથી પરબ્રહ્મ તે બંનેના પ્રવર્તક અને તે બંને પરબ્રહ્મના શરીર છે, એવું પ્રતિપાદન કર્યું છે. આ રીતે અનેક ઋષિમુનિઓએ, અનેક શાસ્ત્રોએ બહુ પ્રકારે કહેલું તે ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ અહીંયાં હું સંક્ષેપથી કહું છું; તે હે અર્જુન ! તું સાંભળ. ॥૪॥

तत् क्षेत्रनिर्णयं वदति द्वाभ्याम् – महाभूतानीति, इच्छेति ।

महाभूतान्यहङ्कारो बुद्धिरव्यक्तमेव च ॥
इन्द्रियाणि दशैकं च पञ्च चेन्द्रियगोचराः ॥५॥

इच्छा द्वेषः सुखं दुःखं सङ्घातश्चेतनाधृतिः ॥
एतत् क्षेत्रं समासेन सविकारमुदाहृतम् ॥६॥

महाभूतानि – देहारम्भकभूम्यादिपञ्चद्रव्याणि, अहङ्कारः – तेषा- माविर्भावकारणं, बुद्धिः – अहङ्कारकारणं महत्तत्त्वम्, अव्यक्तम् – प्रधानाभिधा प्रकृतिश्च, इन्द्रियाणि – बाह्यकरणानि दश, एकं च मनः, इन्द्रियगोचराः – शब्दादयो विषयाः पञ्च च, एवकारः पादपूरणे ।

इच्छा – चतुर्वर्गेच्छा, द्वेषः, सुखं, दुःखम् एषां स्पष्टोऽर्थः । इच्छादिचतुर्णां शरीरोत्पन्नत्वाच्छरीरविकाराः कथिताः। यद्यपि इच्छा- द्वेषादयश्चत्वारः क्षेत्रज्ञधर्मा भवन्ति, तथापि क्षेत्रज्ञस्य देहसंयोगप्राप्त- त्वाच्छरीरकार्यत्वेन शरीराश्रिताः कथ्यन्ते। तेषां पुरुषधर्मत्वमप्यत्रैव

भगवता वक्ष्यते – "पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते"(गीता.१३/२०) इति । सङ्घातः– भूतसमुदायः,चेतनाधृतिः – चेतनस्य– जीवात्मनः आधृतिः – आधार – आश्रयः, सुखदुःखे भुञ्जानस्य चतुर्वर्गं साधयतो जीवात्मन आधारत्वेन भूतसङ्घातो जातः । अव्यक्तादिभूम्यन्तद्रव्यांशसंयुक्तमिन्द्रिय-सहितम् इच्छाद्वेषसुखदुःखरूपविकारजनकं क्षेत्रज्ञस्य सुखदुःखादिभोग-साधनभूतं शरीरमित्यर्थः । सविकारम् – विकारैः सहितम्, एतत् – सर्वं क्षेत्रं, समासेन – सङ्क्षेपतया, उदाहृतम् – कथितम् ।।५–६ ।।

ક્ષેત્રમાં શું શું આવે ? તો, દેહને ઉપજાવનારાં પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ – એ પાંચ મહાભૂત; તે મહાભૂતોને ઉપજાવનાર અહંકાર; અહંકારનું કારણ બુદ્ધિ - મહત્તત્ત્વ; મહત્તત્ત્વાદિકનું કારણ અવ્યક્ત - પ્રધાન નામની પ્રકૃતિ, દશ ઈન્દ્રિયો, મન અને જ્ઞાનેન્દ્રિયોના શબ્દાદિક પાંચ વિષય – આ ચોવીસ તત્ત્વો. તદુપરાંત વિવિધ પ્રકારની ઈચ્છા, દ્વેષ, સુખ અને દુઃખ – આ ચાર શરીરના યોગે ઉત્પન્ન થનારા વિકારો. અને સુખ-દુઃખને ભોગવી રહેલ તથા ચાર પુરુષાર્થને સાધી રહેલ એવા જીવના આધારરૂપે રહેલું પાંચ ભૂતોના સમુદાયરૂપ આ શરીર. આટલા તત્ત્વોને **ક્ષેત્ર** કહેવાય છે. આમ તો ઈચ્છાદિક આત્માના ધર્મો છે, પણ શરીરને કારણે તે ઊપજતા હોવાથી શરીરના વિકારો કહેવાય છે. આ રીતે મેં તને વિકારોએ સહિત ક્ષેત્રનું સ્વરૂપ ટૂંકમાં કહ્યું. ।।૫-૬।।

क्षेत्रस्वरूपमुक्त्वा इदानीं क्षेत्रकार्यभूतान् शुद्धक्षेत्रज्ञाक्षरब्रह्मपुरुषोत्तमानां प्राप्तिसाधनत्वेन ग्राह्यान् गुणान् वदति पञ्चभिः – अमानित्वमिति ।

अमानित्वमदम्भित्वमहिंसा क्षान्तिरार्जवम् ।।
आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ।।७।।

अमानित्वम् – श्रेष्ठपुरुषेषु मानरहितत्वम्, अदम्भित्वम् – कीर्त्यर्थं धर्मपालनं भक्तिकरणं च दम्भः तद्रहितत्वं, मोक्षार्थं धर्मपालनं भक्तिकरणं चेत्यर्थः । अहिंसा – मनोवाग्देहैर्भूतपीडाराहित्यं, क्षान्तिः – परापराधसहिष्णुत्वम्, आर्जवम् – वक्रतारहितत्वम्, आचार्योपासनम् – आचार्यस्य – ज्ञानदातुर्गुरोः, उपासनम् – प्रणिपातेन परिप्रश्नेन सेवया च प्रसन्नताकरणं, शौचम् – उभयविधं बाह्यमाभ्यन्तरं च, तथा हि – "मृज्जलाभ्यां स्मृतं बाह्यं भावशुद्धिस्तथान्तरम्"(अग्निपु.३७१/१८) इति । स्थैर्यम् – मोक्षसाधनेषु निश्चलत्वम्, आत्मविनिग्रहः – आत्मनः – मनसो विनिग्रहः – शास्त्रनिषिद्धविषयेभ्यः संयमनम् । एतज्ज्ञानमिति प्रोक्तमिति पञ्चमेनान्वयः ।।७।।

✵ આત્મ-પરમાત્મપ્રાપ્તિના સાધનભૂત ૨૦ સદ્‌ગુણો :

હે અર્જુન ! હવે હું તને જ્ઞાનનું સ્વરૂપ કહું છું : **જ્ઞાન એટલે શું ?** તો, જેના દ્વારા આત્મા, અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મનારાયણને યથાર્થ જાણી તથા પામી શકાય એવા ગુણોને અહીં 'જ્ઞાન' શબ્દથી કહેવામાં આવે છે. જેમ કે, (૧) **નિર્માનીપણું :** ગુણે કરીને પોતાના કરતાં શ્રેષ્ઠ પુરુષો પાસે માન રહિત રહેવું. (૨) **નિર્દંભીપણું :** કેવળ મોક્ષ માટે જ ધર્મ પાળવો તથા ભગવાનની ભક્તિ કરવી, પણ પોતાની કીર્તિ વધારવા સારુ ન કરવાં. (૩) **અહિંસા :** બીજાને પીડા થાય એમ દેહથી, વાણીથી કે મનથી પણ ન કરવું. (૪) **ક્ષાંતિ :** પારકા અપરાધને સહન કરી લેવા. (૫) **આર્જવ :** યુક્તિ-પ્રયુક્તિએ રહિત સરળ રહેવું. (૬) **આચાર્ય-ઉપાસન :** જ્ઞાનદાતા ગુરુને સેવા અને પ્રણામ વગેરેથી પ્રસન્ન કરવા. (૭) **શૌચ :** તન-મનથી પવિત્ર રહેવું. (૮) **સ્થિરતા :** મોક્ષનાં સાધનોને દૃઢપણે વળગી રહેવું. (૯) **આત્મવિનિગ્રહ :** શાસ્ત્રોએ ના કહેલા વિષયોથી મનનો સંયમ કરવો. ॥૭॥

इन्द्रियार्थेषु वैराग्यमनहङ्कार एव च ॥
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥८॥

इन्द्रियेति । इन्द्रियार्थेषु – प्राकृतेष्विन्द्रियभोगेषु, वैराग्यम् – दोषदृष्ट्या रागरहितत्वम्, अनहङ्कारश्च – पाञ्चभौतिके देहे आत्माभिमानहीनत्वं, जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् — प्राकृते देहे जन्ममृत्युजराव्याधि– दुःखादयो ये दोषास्तेषाम् अनुदर्शनम् – भूयो भूय आलोचनम् । एतज्ज्ञानम् इति प्रोक्तम् इत्यन्वेतव्यम् ।।८।।

(૧૦) **વૈરાગ્ય :** ઇન્દ્રિયોના માયિક ભોગ-સુખમાં દોષદૃષ્ટિ વડે રાગરહિત રહેવું. (૧૧) **અનહંકાર :** પાંચભૌતિક દેહમાં હુંપણાના અભિમાનથી રહિત રહેવું. (૧૨) **દોષાનુદર્શન :** માયિક દેહમાં રહેલા જન્મ-મરણ, વૃદ્ધાવસ્થા, રોગની પીડા અને અનેક પ્રકારનાં દુઃખો — એ આદિક દોષોનો વારંવાર વિચાર કરતા રહેવું. ॥૮॥

असक्तिरनभिष्वङ्गः पुत्रदारगृहादिषु ॥
नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ॥९॥

असक्तिरिति । असक्तिः – कृतेषु शास्त्रीयेषु कर्मसु स्वर्गादिफला– नुसन्धानरहितत्वं, पुत्रदारगृहादिषु अनभिष्वङ्गः – प्रीतिरहितत्वम्, इष्टानिष्टोपपत्तिषु — इष्टानिष्टयोरुपपत्तिषु – प्राप्तिषु, नित्यम् – सततं, समचित्तत्वम् – हर्षशोकरहितत्वम् । एतज्ज्ञानम् इत्यन्वेतव्यम् ।।९।।

(૧૩) **નિષ્કામપણું :** શાસ્ત્રોએ કહેલાં કર્મો કરવાં, પણ તેમાં પ્રભુની પ્રસન્નતા સિવાય બીજી કોઈ માયિક ફળની ઇચ્છા ન રાખવી. (૧૪) **અનાસક્તિ :** પુત્ર, સ્ત્રી અને ઘર વગેરે માયિક પદાર્થોમાં આસક્તિ ન રાખવી. (૧૫) **સમબુદ્ધિ :** પ્રિય પદાર્થની પ્રાપ્તિ થાય અથવા અપ્રિય પદાર્થની પ્રાપ્તિ થાય એ બંનેમાં સદા હર્ષ-શોક રહિત રહેવું. ॥૯॥

मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ॥
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ॥१०॥

मयीति । मयि – प्रत्यक्षपुरुषोत्तमे च, अनन्ययोगेन – एकान्तयोगेन, अव्यभिचारिणी – अनपायिनी दृढा भक्तिः, विविक्तदेशसेवित्वम् – निर्जनस्थानवासित्वं, जनसंसदि — हर्येकान्तिकभक्तव्यतिरिक्तप्राकृतजनानां संसदि – सभायाम्, अरतिः – अप्रीतिः ॥१०॥

(૧૬) **અનન્યભક્તિ :** પ્રત્યક્ષ પુરુષોત્તમ મારામાં જ એકાંતિકપણે કોઈથી ટળે નહિ એવી દૃઢ ભક્તિ કરવી. (૧૭) **એકાંતનું સેવન :** વિક્ષેપ વિનાના નિર્જનસ્થાનમાં રહેવું. (૧૮) **લૌકિક લોકોની અરુચિ :** શ્રીહરિના એકાંતિક ભક્ત સિવાયના જગતના લોકોની સભામાં જવાની આસક્તિએ રહિત રહેવું. ॥૧૦॥

अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ॥
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥११॥

अध्यात्मेति । अध्यात्मज्ञाननित्यत्वम् — आत्मनीत्यध्यात्मम्, आत्मानात्माश्रयम् – तौ द्वावधिकृत्य वर्तमानमित्यर्थः, तच्च तज्ज्ञानं च अध्यात्मज्ञानं, तस्मिन्नित्यत्वम् – तदेकनिष्ठत्वम् । तत्त्वज्ञानार्थदर्शनम् – तत्त्वज्ञानस्य – यथार्थवेदनस्य अर्थः – प्रयोजनं क्षेत्रज्ञशुद्धिः तस्य दर्शनम् – अवलोकनम् । एतत् – अमानित्वादि साधनवृन्दं, ज्ञानम् – ज्ञायते आत्मा–क्षरब्रह्मणोः परमात्मनो मम च तत्त्वमनेनेति ज्ञानं, तेषां त्रयाणां ज्ञानस्य साधनमिति प्रोक्तम् । अतः – अमानित्वादिगुणनिकरात्, अन्यथा – विपरीतं, यत् – मानदम्भादिक्षेत्रकार्यं, तत् अज्ञानमिति प्रोक्तम् – महर्षिभिः कथितं, ज्ञानविरोधित्वात् सर्वथा त्याज्यमिति भावः ॥११॥

(૧૯) **અધ્યાત્મજ્ઞાનની દૃઢતા :** દેહ અને આત્માનો વિભાગ કરનાર જ્ઞાનના મનન-ચિંતનમાં અખંડ લાગેલા રહેવું. (૨૦) **આત્મશુદ્ધિ :** યથાર્થ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે આત્મામાં રહેલ અજ્ઞાન-આસક્તિરૂપ અશુદ્ધિ દૂર કરી આત્મદર્શન પ્રાપ્ત કરવું.

આત્મા, અક્ષરબ્રહ્મ અને પરમાત્માનાં સ્વરૂપને યથાર્થ જાણવાના સાધનરૂપ આ વીસ ગુણોને જ્ઞાનીપુરુષો **જ્ઞાન** કહે છે. અને આનાથી ઊલટા માન, દંભ અને દેહાભિમાનાદિક દોષોને મહર્ષિઓ **અજ્ઞાન** કહે છે. અર્થાત્ **તે જ્ઞાનમાં વિરોધી હોવાથી તેને અજ્ઞાન સમજીને સર્વપ્રકારે છોડી દેવા જોઈએ.** ॥૧૧॥

अक्षरभक्तेन बन्धमुक्तये मद्भक्तेन च शुद्धात्मस्वरूपप्राप्तिपूर्वकमक्षर-साधर्म्यं प्राप्य मत्पराभक्त्यैऽक्षरस्वरूपं ज्ञातव्यमित्याह – ज्ञेयमिति ।

ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वामृतमश्नुते ॥
अनादि मत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ॥१२॥

ज्ञेयम् – अमानित्वादिसाधनैर्ज्ञातुं योग्यं, यत् – अक्षरपुरुषाख्यं जीवेश्वरनियामकं ब्रह्म, तत् प्रवक्ष्यामि। यत् ज्ञात्वा – साक्षात् बुद्ध्वा, अमृतम् – जन्ममरणादिक्लेशरहितं तत्साधर्म्यम्, अश्नुते – प्राप्नोति। तत् कथम्भूतम् ? अनादि – न विद्यते आदिरुत्पत्तिर्यस्य तत् अनादि, आदि-शब्दोऽत्र निधनस्याप्युपलक्षकः, तेनास्याक्षरस्य निधनमपि न भवतीत्यर्थः। तथा च श्रुतिः – "न जायते म्रियते वा विपश्चित्"(कठो.१/२/१८) इति। भागवते च – "अनादिरात्मा पुरुषो निर्गुणः प्रकृतेः परः"(भाग.३/२६/३) इति। मत्परम् — अहं परः – उत्तमो यस्मात्तन्मत्परम्। तथा च श्रुतिस्मृतयः – "अक्षरात् परतः परः"(मुण्ड.२/१/२) इति।"अक्षरादपि चोत्तमः"(गीता.१५/१८) इत्याद्याः ।ब्रह्म – बृहद्गुणयुक्तं, तत् – अक्षरं, सत् – स्थूलं भूतपञ्चकरूपं नोच्यते, असत् – भूतकारणम् अहङ्कारमहत्तत्त्वप्रकृतिरूपं च नोच्यते।।१२।।

❋ જ્ઞેયભૂત અક્ષરબ્રહ્મનું નિરૂપણ :

હે અર્જુન ! હવે હું જે **જ્ઞેય** વસ્તુ છે, તે તને કહું છું. તેને સાક્ષાત્ જાણવાથી જીવાત્મા જન્મ-મરણાદિ તમામ ક્લેશોએ રહિત મોક્ષ પામે છે.

જ્ઞેય એટલે શું ? તો, આગળ કહ્યાં તે નિર્માનીપણું વગેરે વીસ સાધનો વડે યથાર્થ જાણવા યોગ્ય અને જીવ-ઈશ્વરના નિયામક એવા અક્ષરપુરુષ નામના બ્રહ્મતત્ત્વને અહીં 'જ્ઞેય' કહેવામાં આવે છે.

અક્ષરબ્રહ્મ જાણવું જરૂરી શા માટે છે ? તો, જે અક્ષરનો ભક્ત હોય તેને બંધનથી મુક્ત થવા માટે આ અક્ષરબ્રહ્મને જાણવું જરૂરી છે. અને જે મારો જ્ઞાનીભક્ત છે, તેને પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને તથા અક્ષરબ્રહ્મના સાધર્મ્યને પામી મારી પરાભક્તિ પ્રાપ્ત કરવા માટે અક્ષરબ્રહ્મ જાણવું જરૂરી છે. અર્થાત્ અક્ષરનો ઉપાસક અક્ષરને યથાર્થ જાણી-ઉપાસી જન્મ-મરણાદિક ક્લેશરહિત થાય છે. અને **મારો ઉપાસક અક્ષરબ્રહ્મને જાણી પોતે બ્રહ્મરૂપ થઈ મારી અખંડ પરાભક્તિનું પાત્ર બને છે.**

તે અક્ષરબ્રહ્મ કેવું છે ? તો, જેની ઉત્પત્તિ અને નાશ ક્યારેય પણ નથી. જેનાથી ઉપર હું પરબ્રહ્મ છું. જે સ્થૂળરૂપે રહેલ પાંચભૂત જેવું પણ નથી અને સૂક્ષ્મરૂપે રહેલ અહંકાર, મહત્તત્વ કે પ્રકૃતિ જેવું પણ નથી. જે અતિ વિશાળ ચૈતન્યશક્તિરૂપ ગુણવાળું તત્ત્વ છે, તેને 'અક્ષરબ્રહ્મ' કહે છે. ॥૧૨॥

पुनः कथम्भूतम् ? – सर्वत इति ।

सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ॥
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति ॥१३॥

सर्वतः पाणिपादम् – सर्वत्र पाणयः पादा यस्य तत्, एकत्र स्थितं सत् सर्वत्र पाणिपादकार्यं करोतीत्यर्थः। सर्वतोऽक्षिशिरोमुखम् – सर्वत्र

अक्षीणि शिरांसि मुखानि च यस्य, एकत्र स्थितं सत् सर्वत्र पश्यति, तथा शिरोमुखाद्यवयवान् स्वभक्तेभ्यो दर्शयतीत्यर्थः। सर्वतः श्रुतिमत् – सर्वत्र श्रुतयः – श्रवणेन्द्रियाणि सन्ति अस्य, एकत्र स्थितं सत् सर्वैरुक्तं शब्दव्रातं सर्वत्र शृणोतीत्यर्थः। तत् – सावयवमक्षरं ब्रह्म स्वान्तःस्थेन पुरुषोत्तमेन मया प्रेरितं सत् प्रकृत्युत्पन्ने लोके स्थितं सर्वम् – चेतनाचेतनवस्तुजातम्, आवृत्य – चिच्छक्त्या व्याप्य, तिष्ठति – स्थितमस्ति।

तथा च श्रुतिस्मृतयः – "हन्ताहमिमास्तिस्रो देवता अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि"(छान्दो.६/३/२) इति। "अक्षरमन्तरो यमयति" इति। अत्र च – "इतस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम्। जीवभूतां महाबाहो! ययेदं धार्यते जगत्"(गीता.७/५) इति। तृतीयस्कन्धे च – "पुरुषेणात्मभूतेन वीर्यमाधत्त वीर्यवान्"(भाग.३/५/२६) इति। स्कान्दे च – "तां कालशक्तिमादाय वासुदेवोऽक्षरात्मना। सिसृक्षयैक्षत यदा सा चुक्षोभ तदैव हि"(वा.मा.२४/५) इत्याद्याः ॥१३॥

વળી, **તે અક્ષરબ્રહ્મ કેવું છે ?** તો, જેના સર્વ ઠેકાણે હાથ અને પગ છે. અર્થાત્ એક ઠેકાણે હોવા છતાં વ્યાપકશક્તિથી સર્વ ઠેકાણે હાથ-પગનાં કાર્ય કરે છે. જેના સર્વ ઠેકાણે નેત્ર, મસ્તક અને મુખ છે. અર્થાત્ તે અક્ષરબ્રહ્મ એક ઠેકાણે હોવા છતાં સર્વને દેખે છે. વળી, પોતાના ભક્તને હાથ, પગ અને મુખ આદિક અંગોએ સહિત પોતાનું સાકારસ્વરૂપ દેખાડે છે. જે સર્વ ઠેકાણે કાન ધરાવે છે. અર્થાત્ તે અક્ષરબ્રહ્મ એક ઠેકાણે રહ્યું થકું સહુ કોઈએ ઉચ્ચારેલા શબ્દોને સર્વ ઠેકાણે સાંભળે છે. વળી, તે અક્ષરબ્રહ્મમાં રહેલા એવા મારી પુરુષોત્તમની પ્રેરણાથી તે મૂર્તિમાન અક્ષરબ્રહ્મ પોતાની ચિત્શક્તિથી મૂળમાયામાંથી થયેલ અનંતકોટિ બ્રહ્માંડની તમામ જડ-ચિદ્ વસ્તુને વ્યાપીને રહ્યું છે. ॥૧૩॥

सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।।
असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ।।१४।।

सर्वेति । सर्वेन्द्रियगुणाभासम् – सर्वान् जीवान् तेषामिन्द्रियाणि गुणांश्च आभासयति – प्रकाशयति तथाभूतं, सर्वेन्द्रियविवर्जितम् — सर्वेन्द्रियैः – समग्रप्राकृतकरणैः विवर्जितम् – रहितम्, अप्राकृतविग्रहसंयुक्तमित्यर्थः । असक्तम् – पुरुषोत्तमस्य मम स्वरूपं विना अन्यत्र प्रीतिशून्यं, तथापि सर्वभृत् – सर्वेषां स्थावरजङ्गमानां पोषणकृच्च, निर्गुणम् – सत्त्वादि-गुणशून्यमेव । गुणभोक्तृ – गुणाभिमानिदेवानां रक्षकं च ।।१४।।

વળી, તે અક્ષરબ્રહ્મ સર્વે જીવાત્માને તેમનાં ઇન્દ્રિયો અને તેમના ગુણોને પ્રકાશી આપે છે. પરંતુ તે પોતે માયિક ઇન્દ્રિયોએ રહિત અને દિવ્ય આકારે સહિત છે. તેને મારા સ્વરૂપ સિવાય બીજે ક્યાંય પ્રીતિ નથી. તોપણ સ્થાવર-જંગમ સમગ્ર ભૂત-પ્રાણીમાત્રનું પોષણ કરનાર છે. પોતે માયાના સત્ત્વાદિક ગુણે રહિત છે, પણ તે ગુણના અભિમાની દેવોનું રક્ષણ કરે છે. ।।૧૪।।

पुनः कथम्भूतम् ? — बहिरिति ।

बहिरन्तश्च भूतानामचरं चरमेव च ।।
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत् ।।१५।।

भूतानाम् – स्थावरजङ्गमानाम्, अन्तःस्थितं बहिःस्थितं च, आवरण-शून्यमित्यर्थः । तथा च श्रुतिः – "स्वकृतपुरेष्वमीष्वबहिरन्तरसंवरणं तव पुरुषं वदन्त्यखिलशक्तिधृतोंऽशकृतम्"(भाग.१०/८७/२०) इति । अचरम् – मत्स्थानरूपेण निरवयवं स्थितं, चरम् – पुरुषाकृत्या मत्सेवायां स्थितं च, दूरस्थम् – अमानित्वादिसाधनशून्यानां दूरे वर्तमानं च, तदन्तिके च – अमानित्वादिसाधनसम्पन्नानां तत् अक्षरं समीपे प्रतीयमानं, सूक्ष्मत्वाद्धेतोः

तत् – अक्षरं शास्त्रज्ञैरपि अविज्ञेयम् – ज्ञातुमशक्यम् ।

तथा च श्रुतिः – "तदेजति तन्नैजति तद्दूरे तद्वान्तिके तदन्तरस्य सर्वस्य तदु सर्वस्यास्य बाह्यतः"(ईशो.५) इति । अस्या अयमर्थः – तदक्षरम् एजति– पुरुषाकारत्वाच्चलति, तन्नैजति – ब्रह्मपुररूपेण न चलति, उक्तसाधन–हीनानां तत् दूरे वर्तमानं, वा तद्विपरीतानां तत् अन्तिके – समीपे वर्तमानं, तत् अस्य सर्वस्य – स्थावरजङ्गमस्य अन्तः – आभ्यन्तरे वर्तमानं, तत् उ इति पदच्छेदः, उ इति वितर्के, तत् – अक्षरम् अस्य सर्वस्य बाह्यतः – बहिः स्थितम् । इति अक्षरस्य मूर्तत्वामूर्तत्वयोर्निर्णयस्तु मत्कृताया वेदस्तुतेः श्रुत्यर्थदीपिकाख्यटीकाया अवगन्तव्यः ।।१५।।

તે અક્ષરબ્રહ્મ સ્થાવર-જંગમ સમગ્ર ભૂત-પ્રાણીમાત્રની અંદર અને બહાર પણ રહ્યું છે. અર્થાત્ તે સર્વપ્રકારના આવરણ રહિત છે. વળી, તે મારા નિવાસસ્થાનરૂપે હાથ-પગ આદિક અંગ રહિત છે અને પુરુષ જેવા આકારે મારી સેવામાં પણ રહ્યું છે. જેઓ પૂર્વે કહ્યાં એવાં નિર્માનીપણું વગેરે વીસ સાધને રહિત છે, તેનાથી તે અક્ષરબ્રહ્મ અતિ દૂર છે; અર્થાત્ તેને માટે અક્ષરબ્રહ્મને પામવું અશક્ય છે. જેઓ તે સાધને યુક્ત છે, તેમને તો તે અક્ષરબ્રહ્મ સમીપે જ અનુભવાય છે. વળી, તે અક્ષરબ્રહ્મ અતિશય સૂક્ષ્મ હોવાથી વેદાદિક શાસ્ત્રોના જાણકાર જ્ઞાનીઓને પણ યથાર્થ જાણવું અશક્ય છે. ॥૧૫॥

अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम् ॥
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च ।।१६।।

अविभक्तमिति । अविभक्तम् – विभागशून्यं च, भूतेषु – स्थावर–जङ्गमेषु, विभक्तमिव – तेषां यथाकर्मफलप्रदानार्थं न्यूनाधिकभावेन विभागं प्राप्तमिव, स्थितं च । तथा च श्रुतिः – "कर्माध्यक्षः सर्वभूताधिवासः

साक्षी चेता केवलो निर्गुणश्च"(श्वेता.६/११) इति। तथा वेदस्तुतौ – "तरतमतश्चकास्स्यनलवत् स्वकृतानुकृतिः"(भाग.१०/८७/१९) इति। भूतभर्तृ – स्थावरजङ्गमधारकं च, तत् – अक्षरं, भूतेभ्यः पृथग्ज्ञेयं, प्रभविष्णु च – सृष्टिसमये स्थावरजङ्गमानां प्रभवहेतुः, उत्पत्तिकर्त्रित्यर्थः। ग्रसिष्णु – प्रलयसमये स्थावरजङ्गमानां ग्रसनशीलं, संहारकर्त्रित्यर्थः ।।१६।।

વળી, તેના સ્વરૂપમાં પૂર્વ-પશ્ચિમ, ઉપર-નીચે કે નાનું-મોટું આવા કોઈ પણ વિભાગ નથી. તોપણ સ્થાવર-જંગમ ભૂત-પ્રાણીમાત્રમાં તેના તેના કર્મફળને આપવા માટે જાણે કે વિભાગ પામ્યું હોય ને શું..! એમ જણાય છે. અર્થાત્ તે તે ભૂત-પ્રાણીને વિષે અધિક-ન્યૂનપણે રહ્યું હોય તેમ જણાય છે. તે સ્થાવર-જંગમ સમગ્ર ભૂત-પ્રાણીમાત્રને ધારી રહ્યું છે, છતાં તેનાથી જુદું પણ રહ્યું છે; એમ જાણવું. વળી, તે સૃષ્ટિ સમયે સ્થાવર-જંગમ સમગ્ર ભૂત-પ્રાણીમાત્રની ઉત્પત્તિનું કારણ છે અને જગતના પ્રલય સમયે તે સમગ્ર ભૂત-પ્રાણીમાત્રના સંહારનું પણ કારણ છે. ॥૧૬॥

पुनः कथम्भूतम् ? तत्राह – ज्योतिषामिति ।

ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्याधिष्ठितम् ।।१७।।

ज्योतिषाम् – सूर्यचन्द्राग्निमण्यादीनामपि, तत् – अक्षरं, ज्योतिः – प्रकाशकम्। तथा च श्रुतिः – "न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः। तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति"(कठो.२/२/१५) इति। तमसः – अनेककोटिब्रह्माण्डोत्पत्तिक्षेत्रभूतायाः प्रकृतेः परं, प्रकृतिस्वामीत्युच्यते। ज्ञानम् – ज्ञानमयं, ज्ञेयम् – ज्ञातुं योग्यं, ज्ञानगम्यम् – ज्ञानेन – अमानित्वादिसाधनवृन्देन गम्यम् – प्राप्यं, सर्वस्य हृदि अधिष्ठितम् – नियन्तृतया स्थितम् ।।१७।।

વળી, **તે અક્ષરબ્રહ્મ કેવું છે ?** તો, આ જગતને પ્રકાશનારા સૂર્ય, ચંદ્ર, અગ્નિ અને મણિ વગેરે પદાર્થોને પણ તે પ્રકાશનાર છે. અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિના સ્થાનરૂપ પ્રકૃતિ થકી પણ પર છે. અર્થાત્ તે મૂળ-પ્રકૃતિના પણ સ્વામી-નિયંતા કહેવાય છે. વળી, તે જ્ઞાનનું જ સ્વરૂપ અને જ્ઞાનપૂર્ણ છે. નિર્માનીપણાદિક સાધનો વડે જાણવા અને પામવા યોગ્ય છે. અને સમગ્ર ભૂત-પ્રાણીમાત્રના હૃદયને વિષે નિયંતાપણે રહ્યું છે.॥૧૭॥

क्षेत्रक्षेत्रज्ञज्ञानज्ञेयानां निरूपणमुपसंहरन्नाह – इति क्षेत्रमिति ।

इति क्षेत्रं तथा ज्ञानं ज्ञेयं चोक्तं समासतः ॥
मद्भक्त एतद्विज्ञाय मद्भावायोपपद्यते ॥१८॥

इति – "महाभूतान्यहङ्कारः"(गीता.१३/५) इत्युक्तप्रकारेण, क्षेत्रम् – तत्स्वरूपं, तथा ज्ञानम् – अमानित्वादम्भित्वादिसाधननिकरं च, ज्ञेयम् – जीवात्मभिः प्रकृतिविमुक्तये परमेश्वरपराभक्तये च ज्ञातुं योग्यमक्षरं ब्रह्म च, मया समासतः – सङ्क्षेपेण, उक्तम् – गदितम्। "एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः"(गीता.१३/१) इति पूर्वोक्तत्वात् क्षेत्रज्ञोऽत्र न गणितः। मद्भक्तः – मम पुरुषोत्तमस्य भक्त एकान्तिकोपासकः, एतत् – क्षेत्रं क्षेत्रज्ञं ज्ञानं ज्ञेयं च, विज्ञाय – क्षेत्रं हेयतया ज्ञात्वा, क्षेत्रज्ञं च स्वस्वरूपतया ज्ञात्वा, ज्ञानं च मत्प्राप्तिसाधनतया ज्ञात्वा, ज्ञेयं च मम भक्तानामक्षरसमानत्वं स्यादिति वेदनतया ज्ञेयाख्यमक्षरस्वरूपं ज्ञात्वा, मद्भावाय – मम भावः – स्वभावः मत्सेवोपयोगी स्वभाव इत्यर्थः, तस्मै उपपद्यते, मम पार्षदत्वाय योग्यो भवतीत्यर्थः ॥१८॥

હે અર્જુન ! આ રીતે મેં તને ક્ષેત્રનું સ્વરૂપ, જ્ઞાન એટલે કે ગુણોનું સ્વરૂપ અને જ્ઞેય એવા અક્ષરનું સ્વરૂપ સંક્ષેપથી કહ્યું. અને ક્ષેત્રજ્ઞનું

સ્વરૂપ તો મેં તને પહેલાં કહ્યું છે. આ બધાં તત્ત્વોને જાણવાથી મારો ભક્ત મારા ભાવને - મારી સેવામાં ઉપયોગી એવા મુક્તપણાને પામે છે.

એ ચારેયને કેવા પ્રકારે જાણવાં જોઈએ ? તો, ક્ષેત્રરૂપ આ શરીર તથા માયાનાં તમામ તત્ત્વોને તે છોડી દેવા યોગ્ય જ છે, એમ જાણવા જોઈએ. ક્ષેત્રજ્ઞ એવા આત્માને પોતાના જ સ્વરૂપ તરીકે જાણવો જોઈએ. નિર્માનીપણાદિક ગુણોને મારી પ્રાપ્તિનાં સાધન તરીકે જાણવાં જોઈએ. જ્ઞેય એવા અક્ષરને તો મારા ભક્તોને તે અક્ષરનું સાધર્મ્ય પ્રાપ્ત થાય એવી સમજણથી જાણવું જોઈએ. ॥૧૮॥

स्वरूपस्वभावाभ्यामत्यन्तविलक्षणयोः प्रकृतिपुरुषयोरनादिसम्बन्धं, तयोः कार्यभेदं सम्बन्धहेतुं च वदति – प्रकृतिमिति ।

प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि ॥
विकारांश्च गुणांश्चैव विद्धि प्रकृतिसम्भवान् ॥१९॥

प्रकृतिम् - अविद्यां, पुरुषम् - जीवं च, उभावपि, अनादी - अनादिकालसंसृष्टौ एव विद्धि । तथा प्रमाणानि तृतीयस्कन्धे – "प्रकृतिः पुरुषं ब्रह्मन्न विमुञ्चति कर्हिचित् । अन्योऽन्यापाश्रयत्वाच्च नित्यत्वादनयोः प्रभो !"(भाग.३/२७/१७) इति । अष्टमे च – "अनाद्यविद्योपहतात्मसंविदः तन्मूलसंसारपरिश्रमातुराः"(भाग.८/२४/४६) इति । एकादशे च – "बन्धोऽस्याविद्ययानादिर्विद्यया च तथेतरः"(भाग.११/११/४) इत्यादीनि । विकारांश्च – बन्धनकारणभूतानिच्छाद्वेषादींश्च, गुणान् - अमानित्वादम्भित्वादीन् मुक्तिसाधनभूतांश्च, उभयान् प्रकृतिसम्भवान् – देहाकारपरिणतप्रकृत्युत्प–न्नानेव, विद्धि – जानीहि । अनादिकालप्रकृतिसंसृष्टो जीवोऽमानित्वादिगुणैः प्रकृतिबन्धान्मुक्तो भवति । सा प्रकृतिरिच्छाद्वेषादिभिर्जीवस्य बन्धनं करोतीति भावः ।

यद्वा प्रकृतिम् - मायां, पुरुषम् - प्रधानाधिपमीश्वरं च, उभावपि, अनादी - नास्ति आदिरुत्पत्तिर्ययोस्तथाभूतौ विद्धि। तथा च प्रमाणानि - "न घटत उद्भव: प्रकृतिपूरुषयोरजयो:"(भाग.१०/८७/३१) इति। "मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम्"(श्वेता.४/१०) इत्यादीनि। विकारांश्च - मनआदिषोडशविकारान्, गुणान् - सत्त्वादींश्च, प्रकृतिसम्भवान् - प्रकृत्युत्पन्नानेव विद्धि इति ।।१९।।

✻ બે પ્રકારના પ્રકૃતિ-પુરુષનું પ્રતિપાદન :

હે અર્જુન ! સ્વરૂપ અને સ્વભાવથી અત્યંત વિલક્ષણ હોવા છતાં પ્રકૃતિ અને પુરુષને ક્યારથી સંબંધ છે ? તે હવે હું તને જણાવું છું : પ્રકૃતિ અને પુરુષ એ બંનેય અનાદિકાળથી જોડાયેલા જ છે તથા વિકારો અને ગુણો એ બંને પ્રકૃતિથી ઉત્પન્ન થાય છે, એમ તું જાણ.

પ્રકૃતિ અને પુરુષ એટલે શું ? તો, પ્રકૃતિ અને પુરુષ એ બંને બે બે પ્રકારના છે. તેમાં પહેલો પ્રકાર પ્રથમ સમજાવું છું : **પ્રકૃતિ** એટલે કે, અવિદ્યારૂપ વાસના અર્થાત્ અજ્ઞાન તથા આસક્તિ. **પુરુષ** એટલે કે, જન્મ-મરણમાં ભટકી રહેલ બદ્ધજીવ. આ વાસના જીવ સાથે અનાદિકાળથી જ વળગેલી છે. **વિકારો અને ગુણો એટલે શું ?** તો, ભાતભાતની ઇચ્છા, દ્વેષ, સુખ અને દુઃખ - આ ચાર દોષોને વિકાર કહેવામાં આવે છે. અને આ વિકારો જીવને બંધનના કારણભૂત છે. અગાઉ નિર્માનીપણું વગેરે વીસ સાધનો બતાવ્યાં હતાં, તે જ અહીં ગુણો તરીકે કહેવાય છે. તે ગુણો જીવની મુક્તિના સાધનરૂપ છે.

આ વિકારો અને ગુણો પ્રકૃતિથી થયેલા કેમ કહેવાય છે ? તો, તે વિકારો કે ગુણો એ બંને દેહ-ઇન્દ્રિયો-અંતઃકરણના યોગથી જ પેદા થાય છે. અને તે દેહાદિક પ્રકૃતિનો જ પરિણામરૂપ એક ભાગ છે, તેથી તે બંને પ્રકૃતિથી થયેલા કહેવાય. અર્થાત્ **અનાદિકાળથી વાસનારૂપ**

અવિદ્યાએ યુક્ત એવો જીવ આ દેહમાં રહ્યો થકો નિર્માનીપણું વગેરે ગુણો કેળવે, તો તેના વડે અવિદ્યાના બંધનથી મુક્ત થાય છે. અને જો એવું ન કરે તો તે વાસનારૂપ પ્રકૃતિ ઇચ્છા-દ્વેષાદિક દોષો ઉત્પન્ન કરીને જીવને બંધન કરે છે, એમ તું જાણ.

હવે પ્રકૃતિ અને પુરુષનો બીજો પ્રકાર બતાવું છું. **પ્રકૃતિ** એટલે કે, જડમાયા-પ્રધાનપ્રકૃતિ. **પુરુષ** એટલે કે, પ્રધાનનો અધિપતિ પુરુષરૂપ ઈશ્વર. એ બંને પણ અનાદિના છે; એટલે કે, તેમની ક્યારેય ઉત્પત્તિ થઈ નથી. આ પ્રકૃતિના વિકાર એટલે કે, પંચમહાભૂત, દશ ઇન્દ્રિયો અને મન એ સોળ પદાર્થો. અને તેના ગુણો એટલે કે, સત્ત્વ, રજ અને તમ એ ત્રણ. આ બેય પણ પ્રકૃતિ થકી જ ઉત્પન્ન થયા છે; એમ તું જાણ.॥૧૯॥

प्रकृतितद्वद्धक्षेत्रज्ञयोर्द्वयोर्भिन्नं भिन्नं कार्यं वदति – कार्येति ।

कार्यकारणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते ॥
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ॥२०॥

कार्यकारणकर्तृत्वे – कार्यम् – वपुश्च, कारणानि – विषयभोगसाधनानि मनःसहितानीन्द्रियाणि, तेषां कर्तृत्वे – स्वस्वक्रियाकर्तृत्वे, प्रकृतिः – अनादिवासनारूपा जीवाविद्या, हेतुरुच्यते – कथ्यते। पुरुषाश्रिता प्रकृतिः स्वपरिणामरूपैः करणकलेवरैः सदसद्देशकालक्रियासङ्गाद्यदृष्टानुसारीणि कर्माणि कारयतीत्यर्थः। पुरुषः – अल्पज्ञो जीवः, सुखदुःखानाम् – आनन्दव्यथानां भोक्तृत्वे हेतुरुच्यते। इन्द्रियशरीरकृतकर्मोत्पन्नानां सुखदुःखानां भोक्ता जीव एव भवतीत्यर्थः ।।२०।।

હે અર્જુન ! તે પ્રકૃતિ અને પુરુષ - એ બંને શું શું કામ કરે છે ? તે હવે હું તને સમજાવું છું : પ્રકૃતિના કાર્યભૂત ચોવીસ તત્ત્વોમાંથી થયેલું આ શરીર અને વિષયભોગના સાધનરૂપ એવાં ઇન્દ્રિયો અને અંતઃકરણ – એ સર્વેને પોતપોતાની ક્રિયા કરવામાં પ્રકૃતિ-અનાદિ

વાસનારૂપ જીવની અવિદ્યા કારણ છે. એટલે કે, જીવને આશરે રહેલી પ્રકૃતિ પોતાના પરિણામરૂપ દેહ તથા ઇન્દ્રિયો-અંતઃકરણ વડે શુભાશુભ દેશકાળાદિક આઠને અનુસારે શુભ કે અશુભ કર્મો કરાવે છે; તેથી ઇન્દ્રિયો-અંતઃકરણનાં કાર્યોમાં વાસના કારણ ગણાય છે. અને અલ્પજ્ઞ એવો બદ્ધજીવ સુખ-દુઃખના ભોક્તાપણામાં કારણ છે. એટલે કે, દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણ વડે કરેલાં કર્મોથી થયેલાં સુખ-દુઃખનો ભોક્તા તો જીવ જ છે. ॥૨૦॥

पुरुषः प्रकृतिस्थो हि भुङ्क्ते प्रकृतिजान् गुणान् ॥
कारणं गुणसङ्गोऽस्य सदसद्योनिजन्मसु ॥२१॥

पुरुष इति। पुरुषः – क्षेत्रज्ञः, प्रकृतिस्थः – प्रकृतिसंयुक्तः सन्, प्रकृतिजान् – प्रकृत्युत्पन्नसत्त्वादिगुणकार्यभूतान्, गुणान् – सुखदुःखादीन्, भुङ्क्ते हि। गुणशब्दोऽत्र प्रकृतिकार्येष्वौपचारिकः। जीवस्य प्रकृतिसम्बन्धहेतुं वदति — अस्य – क्षेत्रज्ञस्य, गुणसङ्गः — गुणेषु – इन्द्रियविषयेषु शब्दादिषु सङ्गः – आसक्तिः, सदसद्योनिजन्मसु कारणम् — सतीषु – समीचीनासु देवमनुष्यादिषु, असतीषु – असमीचीनासु तिर्यगादिषु योनिषु, यानि जन्मानि तेषु हेतुर्भवति। जीवो यत्र देहे स्थितः सन्नत्यासक्तिपूर्वकं विषयान् प्राप्तुमिच्छया यानि शुभाशुभानि कर्माणि करोति, तदनुसारेण जन्मानि लभते इत्यर्थः ।।२१।।

હે અર્જુન ! એ જીવાત્મા પ્રકૃતિમાં-વાસનામાં ગળાડૂબ રહ્યો થકો અનાદિકાળથી માયા થકી ઉત્પન્ન થયેલ ત્રણ ગુણનાં કાર્ય એવાં સુખ-દુઃખાદિકને ભોગવતો રહે છે. એ જીવને સંસારરૂપી પ્રકૃતિનો સંબંધ કેવી રીતે થઈ ગયો ? તો, એ જીવને ઇન્દ્રિયોના શબ્દાદિક પાંચ વિષયમાં જે આસક્તિ છે, તે જ સારી-ભૂંડી યોનિઓમાં જન્મ લેવડાવવાનું કારણ છે. એટલે કે, **આ જીવ દેહમાં રહ્યો થકો અતિ આસક્તિપૂર્વક વિષયો**

મેળવવાની ઈચ્છાથી જેવાં શુભ કે અશુભ કર્મો કરે છે, તે કર્મો પ્રમાણે દેવ-મનુષ્યાદિક સારી યોનિઓમાં કે પશુ-પક્ષી આદિક ભૂંડી યોનિઓમાં જન્મ-મરણ પામે છે. ॥૨૧॥

अविद्यासंयुक्तमल्पज्ञं पुरुषमुक्त्वा पुनः प्रधानाधिपमीश्वरसंज्ञं पुरुषं वदति – उपद्रष्टेति ।

उपद्रष्टानुमन्ता च भर्ता भोक्ता महेश्वरः ॥
परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन् पुरुषः परः ॥२२॥

उपद्रष्टा – सर्वेषां ब्रह्मादिस्तम्बपर्यन्तानां जीवानां कर्मसाक्षी, अनुमन्ता च – तेषां ज्ञाता सर्वज्ञ इत्यर्थः, भर्ता – स्थावरजङ्गमानां पोषणकर्ता, भोक्ता – ब्रह्मेन्द्रादिभोग्यशब्दादिभ्यः श्रेष्ठशब्दादिविषयाणा-मुपभोक्ता, महेश्वरः – ब्रह्मादीश्वराणां महांश्चासावीश्वरश्च, अस्मिन् देहे – विराट् शरीरे, वैराजपुरुषात्मना स्थितः परः पुरुषः – पूर्वोक्ताद्बद्धपुरुषाच्छ्रेष्ठः पुमान् प्रकृत्यधिष्ठाता य ईश्वरः सोऽपि, परमात्मा चेत्युक्तः – परमात्म-नोऽवतारत्वेन निगदितः । तथा प्रमाणम् – "जगृहे पौरुषं रूपं भगवान् महदादिभिः"(भाग.१/३/१) इति ।।२२।।

હે અર્જુન ! હવે પ્રધાનપતિ ઈશ્વરરૂપ પુરુષના કાર્યને બતાવું છું : તે પુરુષ બ્રહ્માથી લઈને નાનામાં નાના જીવડા સુધીના તમામ ભૂત-પ્રાણીમાત્રના કર્મનો સાક્ષી છે. તે સર્વે જીવોની બધી બાબતોને જાણે છે. સ્થાવર-જંગમ ભૂત-પ્રાણીમાત્રને પોષણ કરે છે. અને બ્રહ્માદિકને ભોગવવા યોગ્ય વિષયો થકી પણ અતિ શ્રેષ્ઠ શબ્દાદિક વિષયોને ભોગવે છે તથા બ્રહ્માદિક ઈશ્વરોના પણ મહા ઈશ્વર છે. વળી, આ બ્રહ્માંડરૂપ વિરાટ દેહમાં વૈરાજપુરુષરૂપે રહેલ તે પ્રકૃતિના અધિષ્ઠાતા પુરુષરૂપ ઈશ્વરને પણ પરમાત્મા તરીકે કહ્યા છે. અર્થાત્ તેને પણ પરમાત્માના અવતારપણે કહ્યા છે. ॥૨૨॥

उक्तयोर्द्विविधप्रकृतिपुरुषयोः यथावत् स्वरूपस्वभावज्ञातारं पुरुषं स्तुवन्नाह – य इति ।

य एवं वेत्ति पुरुषं प्रकृतिं च गुणैः सह ॥
सर्वथा वर्तमानोऽपि न स भूयोऽभिजायते ॥२३॥

यः – पुरुषः, एवम् – मदुक्तप्रकारेण, द्विविधं पुरुषम् – पुमांसं, गुणैः सह – गुणैः – इच्छाद्वेषादिभिरमानित्वादिभिश्च सत्त्वादिभिश्च सहिताम्, उभयविधां प्रकृतिं च वेत्ति – जानाति, स सर्वथा – इह लोके प्रारब्ध–कर्मवशाद् ब्राह्मणक्षत्रियवैश्यशूद्रदेहेषु दरिद्रित्वेन वर्तमानोऽपि, भूयः – पुनः, न जायते – संसारे प्रकृतिसम्बन्धेन नोत्पद्यते । प्रकृतिविनिर्मुक्तं ब्रह्मसंज्ञं शुद्धक्षेत्रज्ञं प्राप्नोतीत्यर्थः ।।२३।।

❋ પ્રકૃતિ-પુરુષને સમજવાનું ફળ :

હે અર્જુન ! મેં કહ્યું તે રીતે બંને પ્રકારના પુરુષને અને ઇચ્છા, દ્વેષ તથા નિર્માનીપણું વગેરે ગુણોએ સહિત એવી બંને પ્રકારની પ્રકૃતિને જે જીવ જાણે છે, તે આ લોકમાં પોતાના પ્રારબ્ધવશાત્ કોઈ પણ પરિસ્થિતિમાં રહેતો હોય, પણ હવે ફરી વખત આ સંસારમાં વાસનાને કારણે નથી જ જન્મતો; અર્થાત્ બંને પ્રકારની પ્રકૃતિ થકી સારી રીતે મુક્ત થઈને શુદ્ધ આત્મારૂપ-બ્રહ્મરૂપ થઈ જાય છે. ॥૨૩॥

जीवात्मनः स्वस्य च प्राप्तेः पृथक्पृथक्साधनानि कुर्वतः पुरुषानाह – ध्यानेनेति ।

ध्यानेनात्मनि पश्यन्ति केचिदात्मानमात्मना ॥
अन्ये साङ्ख्येन योगेन कर्मयोगेन चापरे ॥२४॥

केचित् – पक्वात्मयोगाः, आत्मनि – देहे, ध्यानेन – ध्यानसहितेन,

आत्मना – मनसा, आत्मानम् – प्रकृतिविनिर्मुक्तं शुद्धं क्षेत्रज्ञं, पश्यन्ति – ईक्षन्ते। यद्वा केचित् – ज्ञानिभक्ताः, आत्मनि – स्वक्षेत्रज्ञे, ध्यानेन – ध्यानयुक्तेन, आत्मना – मनसा, आत्मानम् – परमात्मानं मां पश्यन्ति। अन्ये – अपक्वयोगाः, साङ्ख्येन – ज्ञानयोगेन, आत्मनः परमात्मनो मम च अवलोकनयोग्यं चित्तं कृत्वा, तेन आत्मनि आत्मानं पश्यन्ति। तथा अन्ये – तदवलोकने प्रवृत्ताः, योगेन – अष्टाङ्गयोगाभ्यासेन, तदवलोकनयोग्यं मनः कृत्वा आत्मनि आत्मानं पश्यन्ति। अपरे – तदवलोकनोपायेषु साङ्ख्ययोगादिष्वधिकाररहिता ये मुमुक्षवो मोक्षसुकरसाधनरता लोके विख्यातास्ते, कर्मयोगेन च – अन्तर्गतज्ञानयुक्तेनासङ्गकर्मानुष्ठानेन, वासनारहितं मनः कृत्वा आत्मनि आत्मानं पश्यन्ति ।।२४।।

❋ ઉપાસકોની વિવિધતા :

હે અર્જુન ! હવે બ્રહ્મરૂપ થવા અને મને પામવા માટે જુદાં જુદાં સાધનો કરી રહેલા જીવોના પ્રકાર વર્ણવું છું : અમુક પક્વ આત્મયોગી પુરુષો પોતાના દેહમાં ધ્યાનપરાયણ મન વડે માયાથી મુક્ત એવા પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને જુએ છે. અથવા **અમુક મારા જ્ઞાની ભક્તો પોતાના આત્મસ્વરૂપમાં ધ્યાનપરાયણ મન દ્વારા મને પરમાત્માને સાક્ષાત્ દેખે છે.** આ સિવાયના અમુક અપક્વ યોગીઓ જ્ઞાનયોગ દ્વારા આત્મા-પરમાત્માને સાક્ષાત્ કરી શકાય એવું ચિત્તને શુદ્ધ કરે છે. પછી તે શુદ્ધ ચિત્ત વડે દેહમાં આત્માને કે આત્મામાં પરમાત્માને સાક્ષાત્ કરે છે. આ સિવાયના અમુક યોગીઓ અષ્ટાંગયોગના અભ્યાસ દ્વારા મનને એવું શુદ્ધ કરી આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે. વળી, ઉપર કહેલ એક પણ યોગની પાત્રતા ન હોય, પણ **મોક્ષની ઈચ્છાથી મોક્ષનાં સરલ સાધનો કરનાર તરીકે પ્રસિદ્ધ થયેલા અમુક જીવો નિષ્કામપણે સ્વધર્મના પાલન દ્વારા મનને શુદ્ધ કરી આત્મામાં આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે.** ॥૨૪॥

अतिसुकरमोक्षोपायरतान् पुरुषानाह – अन्ये त्विति ।

अन्ये त्वेवमजानन्तः श्रुत्वान्येभ्य उपासते ॥
तेऽपि चातितरन्त्येव मृत्युं श्रुतिपरायणाः ॥२५॥

अन्ये तु – अतिसुकरमोक्षोपायरताः, एवम् – उक्तप्रकारेण मोक्षोपायान् अजानन्तः सन्तः, अन्येभ्यः – मोक्षसाधनविद्भ्यः, श्रुत्वा तद्दर्शितमार्गेण परमात्मानं मामुपासते – भजन्ति । एवं ये श्रुतिपरायणाः – श्रवणनिष्ठाः, श्रवणे श्रद्धावन्त इत्यर्थः । तेऽपि साधनानुक्रमेण पूताः सन्तः, मृत्युम् अतितरन्त्येव – मृत्युरहिता भवन्तीत्यर्थः, च पादपूरणे ।।२५।।

એ સિવાયના અતિ સુગમ મોક્ષસાધનમાં પ્રીતિવાળા અમુક મુમુક્ષુઓ મેં કહેલા મોક્ષના ઉપાયને નહિ જાણતા હોવાથી મોક્ષમાર્ગને જાણનાર બીજા સત્પુરુષ પાસેથી સાંભળી-સાંભળીને તેમણે દેખાડેલ મોક્ષમાર્ગ વડે મને પરમાત્માને ભજે છે. આવી રીતે **સત્પુરુષ પાસેથી કથાશ્રવણમાં નિષ્ઠાવાળા ભક્તો પણ ધીરે ધીરે પવિત્ર થઈને છેવટે જન્મ-મરણને તરી જ જાય છે; અર્થાત્ માયાના બંધનથી છૂટી મુક્ત થઈ જાય છે.** ॥૨૫॥

स्थावरजङ्गमोत्पत्तिनिर्धारणमाह – यावदिति ।

यावत्सञ्जायते किञ्चित्सत्त्वं स्थावरजङ्गमम् ॥
क्षेत्रक्षेत्रज्ञसंयोगात् तद्विद्धि भरतर्षभ ! ॥२६॥

हे भरतर्षभ ! यावत् किञ्चित् – यत् किमपि, स्थावरजङ्गमम् – तदात्मकं, सत्त्वम् – सत्त्वमात्रं वस्तु, सञ्जायते – उत्पद्यते, तत् – सर्वं, क्षेत्रक्षेत्रज्ञसंयोगात् – क्षेत्रक्षेत्रज्ञयोः परस्परसम्बन्धात्, उत्पन्नं विद्धि – जानीहि ।।२६।।

ભરતકુળમાં શ્રેષ્ઠ હે અર્જુન ! જેટલું કાંઈક સ્થાવર-જંગમરૂપ વસ્તુમાત્ર પેદા થાય છે, તે બધું જ ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞરૂપ જડ-ચેતનના પરસ્પર સંબંધથી જ પેદા થાય છે, એમ તું જાણ. ॥૨૬॥

क्षेत्रक्षेत्रज्ञसंयोगेनोत्पन्नस्थावरजङ्गमज्ञानमुक्त्वा तत्स्थान्तर्यामिणः स्वस्य ज्ञानमाह – सममिति ।

समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ॥
विनश्यत्स्वविनश्यन्तं यः पश्यति स पश्यति ॥२७॥

सर्वेषु भूतेषु – क्षेत्रक्षेत्रज्ञमिश्रतया स्थितेषु समग्रेषु स्थावरजङ्गमजन्तुषु, अन्तर्यामिरूपेण समं तिष्ठन्तम् – स्थितं, परमेश्वरम् – चिदचिन्नियन्तारं, तेषु विनश्यत्सु – स्थूलक्षेत्रभावेन नष्टेषु सत्सु, अविनश्यन्तम् – अन्तर्यामिणं मां, यः पश्यति स एव पश्यति । स एव यथावस्थितं परमात्मानं मां पश्यति, इतरे तु ज्ञानचक्षुर्हीना भवन्तीत्यर्थः ॥२७॥

❋ सर्वांतर्यामी श्रीहरिने समजग्यानी महत्ता :

હે અર્જુન ! જડ-ચેતનથી મિશ્ર આ સમગ્ર જગતમાં સ્થાવર-જંગમરૂપે તમામ ભૂતપ્રાણીમાત્ર રહ્યા છે, તે સર્વેનો નિયામક એવો હું પરમેશ્વર તેમનામાં અંતર્યામીરૂપે સમાનપણે-યથાયોગ્ય રહ્યો છું. તે બધી વસ્તુઓ નાશ પામે છતાં તેમનામાં રહેલ મારો નાશ થતો નથી. આમ, જે ભક્ત જૂએ-સમજે છે, તે જ સાચું સમજે છે; અર્થાત્ **તે જ પુરુષ સ્થાવર-જંગમ વસ્તુમાત્રને વિશે હું જેમ રહ્યો છું તેમ મને દેખે છે. એમ નહિ સમજનારા તો જ્ઞાનરૂપી દૃષ્ટિ વગરના છે.** ॥૨૭॥

कथमन्ये चक्षुर्हीनाः ? इत्यत्राह – सममिति ।

समं पश्यन् हि सर्वत्र समवस्थितमीश्वरम् ॥
न हिनस्त्यात्मनात्मानं ततो याति परां गतिम् ॥२८॥

सर्वत्र – स्थावरजङ्गमेषु, समवस्थितम् – अन्तर्यामितया सम्यक् स्थितम्, ईश्वरम् – क्षेत्रज्ञकर्मफलप्रदातारं मां, यः आत्मना – मनसा, समं पश्यन्सन्, तस्य भयेन कस्यापि आत्मानम् – देहं, न हिनस्ति – न

हन्ति । ततः – एवं मत्स्वरूपज्ञानपूर्वकाहिंसाधर्मात्, पराम् – उत्कृष्टां, गतिं याति – प्राप्नोति हि । यद्वा हि – यस्मात्, सर्वत्र समवस्थितमीश्वरं मां, यः समं पश्यन् सन्, आत्मना – मनसा, आत्मानम् – स्वं, न हिनस्ति, पाति । संसारसागरादुद्धरतीत्यर्थः । ततः – सर्वत्रान्तर्यामिदर्शनात्, परां गतिं याति – शुद्धक्षेत्रज्ञस्वरूपं प्राप्नोति । अन्ये तु परां गतिं न यान्ति, अतस्ते चक्षुर्हीना इति भावः ।।२८।।

હું સ્થાવર-જંગમ વસ્તુમાત્રને વિશે અંતર્યામીપણે રહીને જીવના કર્મ પ્રમાણે ફળ આપું છું. આમ, પોતાના મનમાં સમજીને જે પુરુષ સર્વ જીવને વિશે મને સમાનપણે જૂએ છે, તે પુરુષ અંતર્યામી પ્રભુના ભયે કરીને કોઈ પ્રાણીમાત્રના દેહને મારતો નથી. આવી રીતે **મારા અંતર્યામી સ્વરૂપના જ્ઞાનથી પાળેલા અહિંસા ધર્મને કારણે તે ભક્ત ઉત્તમ ગતિને પામે છે.**

અથવા તો સર્વમાં અંતર્યામીપણે બિરાજમાન સર્વનિયંતા મને સર્વ જીવને વિશે સમાન દેખનાર પોતે જ પોતાને નથી મારતો, પણ પોતાની રક્ષા કરે છે. અર્થાત્ તે પુરુષ પોતાનું કલ્યાણ નહિ બગાડતા આત્માનો સંસારસાગર થકી ઉદ્ધાર કરે છે. તે પુરુષ એવી રીતે સ્થાવર-જંગમ વસ્તુમાત્રને વિશે અંતર્યામીપણે મને દેખતો હોવાથી પરમ ગતિને પામે છે; એટલે કે, શુદ્ધ જીવાત્માના સ્વરૂપને પામે છે. **આ સિવાયના પોતાને તથા બીજાને સ્વતંત્ર માનનારા અજ્ઞાની જીવો પરાગતિને પામતા નથી; માટે તેઓ દષ્ટિહીન ગણાય છે.** ॥૨૮॥

आत्मनोऽकर्तृत्वमाह – प्रकृत्येति ।

प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ॥
यः पश्यति तथात्मानमकर्तारं स पश्यति ॥२९॥

सर्वशः – सर्वाणि कर्माणि, "कार्यकारणकर्तृत्वे हेतुः प्रकृति-रुच्यते"(गीता.१३/२०) इत्युदितप्रकारेण प्रकृत्यैव क्रियमाणानि –

अनुष्ठीयमानानि, इति यः पुरुषः पश्यति, तथा आत्मानं च अकर्तारम् – कर्तृत्वानुसन्धानरहिततया ज्ञानस्वरूपं पश्यति, सः शुद्धक्षेत्रज्ञस्वरूपं पश्यति – समीचीनतया ईक्षते इत्यर्थः ।।२९।।

હે અર્જુન ! જે પુરુષ સર્વ કર્મોને દેહ-ઇન્દ્રિયો-અંતઃકરણરૂપે થયેલી પ્રકૃતિ દ્વારા થઈ રહેલા માને છે અને પોતાને અકર્તા એટલે કે, કર્તાપણાના અનુસંધાનથી રહિત શુદ્ધ જ્ઞાનસ્વરૂપે માને છે; તે ખરેખર જૂએ છે. અર્થાત્ આવો તે જ્ઞાની પુરુષ જ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને યથાર્થપણે જાણે છે. ॥૨૯॥

देवमनुष्यादिभेदाः प्रकृतिगताः, न क्षेत्रज्ञगता इत्याह — यदेति ।

यदा भूतपृथग्भावमेकस्थमनुपश्यति ।।
तत एव च विस्तारं ब्रह्म सम्पद्यते तदा ।।३०।।

भूतपृथग्भावम् — भूतेषु – चेतनाचेतनमिश्रप्राणिवर्गेषु, देवत्वमनुष्यत्वतिर्यक्त्वह्रस्वत्वदीर्घत्वकृशत्वस्थूलत्वादिपृथक्भावम्, एकस्थम् – एकस्यां प्रकृतौ स्थितम्, 'एकतद्धिते च' इति एकशब्दस्य ह्रस्वः, यदा अनुपश्यति – ज्ञानैकाकारतया समानेष्वात्मसु न स्थितमिति पश्यति, तत एव – पञ्चभूतरूपेण परिणतायाः प्रकृतेरेव, विस्तारं च – ब्राह्मणक्षत्रियवैश्यशूद्रपुत्रपौत्रगोमहिष्यादिभेदप्रपञ्चं च, यदा पश्यति तदा ब्रह्म सम्पद्यते – ब्रह्मभावं प्राप्नोतीत्यर्थः ।।३०।।

હે અર્જુન ! જે પુરુષ જડ-ચેતનથી મિશ્ર એવા પ્રાણીમાત્રના જુદા જુદા ભાવોને જ્યારે એક પ્રકૃતિમાં જ રહેલા જૂએ છે તથા બ્રાહ્મણાદિક ચાર વર્ણ તથા પુત્ર, પૌત્ર, ગાય, ભેંશ વગેરે તમામ ભેદરૂપી સૃષ્ટિના વિસ્તારને પણ જ્યારે તે પ્રકૃતિમાંથી જ થયેલ જૂએ છે; ત્યારે તે પુરુષ બ્રહ્મભાવને પામે છે.

ભૂતપ્રાણીમાત્રના જુદા જુદા ભાવો એટલે શું ? તો, આખી સૃષ્ટિમાં જણાઈ રહેલ દેવપણું, મનુષ્યપણું, પશુ-પક્ષીપણું, નાનાપણું, મોટાપણું, દુબળા-પતલાપણું અને જાડાપણું વગેરે નોખા નોખા ગુણધર્મ-ભેદભાવ. આ બધા ભેદો દેહાદિકરૂપે પરિણામ પામેલી પ્રકૃતિને વિશે જ રહ્યા છે, પણ આત્માઓને વિશે તે દેવાદિક ભેદો નથી. કેમ જે, તે **સર્વે આત્માઓ તો એકસરખા જ્ઞાનાકાર-જ્ઞાનસ્વરૂપ હોવાથી સમાન જ છે. આવી રીતે જોનારો જ્ઞાની બ્રહ્મરૂપ બને છે.** ॥૩૦॥

परमात्मनः स्वस्य जीवात्मनश्च सहैव निर्लेपत्वमाह द्वाभ्याम् – अनादित्वादिति ।

अनादित्वान्निर्गुणत्वात् परमात्मायमव्ययः ॥
शरीरस्थोऽपि कौन्तेय ! न करोति न लिप्यते ॥३१॥

हे कौन्तेय ! अनादित्वात्, निर्गुणत्वात् – सत्त्वादिगुणरहितत्वात्, अव्ययः, परमात्मा – परमेश्वरोऽहं, शरीरस्थोऽपि – चिदचित्स्वशरीरेष्वन्तर्यामितया स्थितोऽपि, न करोति, न लिप्यते । जीवात्मैव कर्माणि करोति तैर्लिप्यते चेत्यर्थः । एतस्मिन् पक्षे सर्वत्र उत्तमपुरुषव्यत्यय आर्षो ज्ञेयः । तथा अनादित्वादव्ययः अयम् – जीवात्मा, शरीरस्थोऽपि – स्वदेहे स्थितोऽपि, ज्ञानप्राप्त्या निर्गुणत्वात् कर्माणि न करोति – फलासङ्गतया कर्माणि करोतीत्यर्थः, अतो न लिप्यते ॥३१॥

હે અર્જુન ! પરમાત્મા એવો હું અજન્મા હોવાથી તથા માયાના સત્ત્વાદિક ગુણે રહિત હોવાથી સદા અવિકારી છું. વળી, પોતાના જડ-ચિદ્રૂપ સર્વ શરીરોમાં અંતર્યામીપણે રહ્યો હોવા છતાં પણ કાંઈ કરતો નથી અને કોઈ પણ પ્રકારે લેપાતો પણ નથી. અર્થાત્ માયાના ગુણોમાં અવરાયેલ જીવાત્મા જ કર્મ કરે છે અને કર્મ વડે લેપાય છે. **અજન્મા**

હોવાથી અવિનાશી એવો આ જીવાત્મા પણ જો સદ્‌ગુરુ ને સત્શાસ્ત્ર થકી આત્મા-પરમાત્માનું યથાર્થ જ્ઞાન પામે ત્યારે તે નિર્ગુણ-નિર્બંધ થઈ જાય છે. પછી તે પોતાના શરીરને વિશે રહેવા છતાં પણ ફળની આસક્તિ વગર કર્મ કરે છે; માટે તે પણ ક્યાંય લેપાતો નથી. ॥૩૧॥

निर्लेपत्वे दृष्टान्तमाह – यथेति ।

यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ॥
सर्वत्रावस्थितो देहे तथात्मा नोपलिप्यते ॥३२॥

सौक्ष्म्यात् सर्वगतम् – सर्वत्र व्याप्तम्, आकाशम् – व्योम, यथा नोपलिप्यते – तत्तत्स्वभावैर्लिप्तं न भवति, तथा सर्वदेहे – चेतनाचेतन–समग्रस्वशरीरसमूहे, स्थित आत्मा – परमात्माऽहं, तेषां स्वभावैर्नोपलिप्यते । जीवपक्षे तु आत्मा – जीवः, सौक्ष्म्यात् सर्वत्र – विबुधपितृमनुष्यादौ, देहे – शरीरेऽवस्थितोऽपि तत्तच्छरीरस्वभावैर्न लिप्यते । अज्ञानिनोऽपि जीवात्मा देहे स्वभावैः न लिप्यते, कर्मभिस्तु लिप्यते । ज्ञानिनस्त्वात्मा कर्मभिस्तत्तद्देहस्वभावैश्च न लिप्यते इत्यर्थः ।।३२।।

જેમ પદાર્થમાત્રમાં વ્યાપીને રહેલો આકાશ અતિ સૂક્ષ્મ હોવાને કારણે તે તે પદાર્થના સ્વભાવોથી લેપાતો નથી. તેમ જડ-ચેતનરૂપ મારા સમગ્ર શરીરોમાં રહેલો સર્વાત્મા હું જડ-ચેતનરૂપ તે તે પદાર્થોના સ્વભાવો વડે લેપાતો નથી. તેવી જ રીતે જીવાત્મા પણ અતિ સૂક્ષ્મ હોવાને કારણે દેવ, પિતૃ કે મનુષ્યાદિક દેહને વિશે રહ્યો હોવા છતાં તે તે દેહના સ્વભાવે કરીને લેપાતો નથી. હા, અજ્ઞાની પુરુષનો પણ આત્મા દેહના સ્વભાવે કરીને નથી લેપાતો, પરંતુ કર્મે કરીને તો લેપાય છે. જ્યારે જ્ઞાની પુરુષનો આત્મા તો કર્મે કરીને તથા તે તે દેહના સ્વભાવે કરીને પણ નથી લેપાતો. ॥૩૨॥

प्रकाश्यत्वेन क्षेत्रं प्रकाशकत्वेन क्षेत्रज्ञं च रविदृष्टान्तेन वदति – यथेति ।

यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः ॥
क्षेत्रं क्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत ! ॥३३॥

हे भारत ! एको रविः – सूर्यः, कृत्स्नम् – समग्रम्, इमं लोकं यथा प्रकाशयति, तथा क्षेत्री — क्षेत्रम् – शरीरं ब्रह्माण्डं च अस्यास्तीति तथाभूतः अल्पज्ञो जीवः, सर्वज्ञो वैराजश्चेति द्विविधक्षेत्रज्ञः, कृत्स्नं क्षेत्रम् – आपाद-तलमस्तकं समग्रं शरीरं, चतुर्दशलोकसहितं समग्रं ब्रह्माण्डशरीरं च, स्वीयेन ज्ञानेन प्रकाशयति । प्रकाश्याल्लोकात् प्रकाशको रविर्यथा विलक्षणोऽस्ति, तथा शरीराद्वेदिताल्पज्ञो विलक्षणोऽस्ति, तथा ब्रह्माण्डाद्वेदिता सर्वज्ञो वैराजोऽन्योऽस्ति । तथा चेतनाचेतनेभ्यः शरीरेभ्यस्तेषामात्मान्तर्यामि-पुरुषोत्तमोऽहं स्वरूपस्वभावादिभिः अतिविलक्षणोऽस्मीत्यर्थः ॥३३॥

હે અર્જુન ! જેમ એક સૂર્ય આ સમગ્ર લોકને પ્રકાશે છે, તેમ દેહધારી અલ્પજ્ઞ જીવ પગના તળિયાથી મસ્તક સુધીના સંપૂર્ણ શરીરને પોતાના જ્ઞાનરૂપ પ્રકાશથી પ્રકાશે છે. તથા બ્રહ્માંડના અધિષ્ઠાતા સર્વજ્ઞ વૈરાજરૂપ ઈશ્વર ચૌદ લોક સહિત સંપૂર્ણ બ્રહ્માંડરૂપ શરીરને પોતાના જ્ઞાનરૂપ પ્રકાશથી પ્રકાશે છે. અહીં સમજવાનું એ છે કે, જેમ પ્રકાશવા યોગ્ય આ લોક થકી તેનો પ્રકાશક સૂર્ય જુદો છે, તેમ પ્રકાશવા યોગ્ય પોતાના શરીર થકી તેનો પ્રકાશક અલ્પજ્ઞ આત્મા તદ્દન નોખો છે. તથા બ્રહ્માંડ થકી તેના પ્રકાશક એવા સર્વજ્ઞ વૈરાજપુરુષ જુદા છે, તેવી જ રીતે જડ-ચેતનરૂપ મારાં સર્વશરીરો થકી તેનો અંતર્યામી પુરુષોત્તમ હું સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને વિભૂતિ વગેરે સર્વપ્રકારે અતિ વિલક્ષણ છું. ॥૩૩॥

अध्यायार्थसमाप्तिं कुर्वन्नाह — क्षेत्रक्षेत्रज्ञयोरिति ।

क्षेत्रक्षेत्रज्ञयोरेवमन्तरं ज्ञानचक्षुषा ॥
भूतप्रकृतिमोक्षं च ये विदुर्यान्ति ते परम् ॥३४॥

इति श्रीभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णाऽर्जुनसंवादे 'क्षेत्रक्षेत्रज्ञनिर्देशयोगो' नाम त्रयोदशोऽध्यायः ॥१३॥

एवम् - मयोदितप्रकारेण, क्षेत्रक्षेत्रज्ञयोः अन्तरम् - भेदं, ज्ञान-चक्षुषा — ज्ञानेन - पृथक्पृथग्वैलक्षण्यविवेकेनैव चक्षुषा, ये विदुः, तथा भूतप्रकृतिमोक्षम् — भूतानाम् - सर्वप्राणिनां, प्रकृतेर्मोक्षं, ये विदुः। मोक्ष्यतेऽनेनेति मोक्षः, अमानित्वादिमोक्षोपायसमूहस्तं च ये जानन्तीत्यर्थः। ते परं यान्ति। उक्तप्रकारेण क्षेत्रक्षेत्रज्ञयोर्वैलक्षण्यं मोक्षोपायं च ज्ञात्वा ये तदुपायं कुर्वन्ति ते परमात्मानं मां प्राप्नुवन्तीत्यर्थः ॥३४॥

હે અર્જુન ! મેં કહ્યું એ રીતે ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞના ભેદને તેના જુદાં જુદાં લક્ષણોના જ્ઞાનરૂપી આંખથી જેઓ યથાર્થ જાણે છે; તથા ભૂતપ્રાણીમાત્રનો પ્રકૃતિ થકી મોક્ષ કરવાના સાધનરૂપ વીસ ગુણોને જેઓ સારી રીતે જાણે છે; તેઓ પરબ્રહ્મને પામે છે. અર્થાત્ મેં કહ્યા મુજબ ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞની વિલક્ષણતા અને મોક્ષના ઉપાયને જાણીને જેઓ તે ઉપાયો જીવનમાં ઉતારે છે, તેઓ મને પરમાત્માને પામે છે." ॥૩૪॥

अस्मिन् त्रयोदशाऽध्याये क्षेत्ररूपेण परिणतद्विविधप्रकृतिस्वरूपं, क्षेत्रज्ञतया स्थितं द्विविधपुरुषस्वरूपञ्च, ज्ञेयतयोक्तमक्षरस्वरूपञ्च, तेषामात्मत्वेन नियन्तृतया च स्थितं परम्ब्रह्म च, तत्प्राप्तिसाधनवृन्दञ्च, जीवानां बन्धनकारणं च निगदितम्।

इति श्रीसहजानन्दस्वामिशिष्यगोपालानन्दकृतायां भगवद्भावदीपिकायां श्रीभगवद्गीताटीकायां त्रयोदशोऽध्यायः ॥१३॥

આ તેરમા અધ્યાયમાં આટલી બાબતો કહેવાણી : (૧) ક્ષેત્રરૂપે પરિણામ પામેલી અવિદ્યા અને પ્રધાનમાયારૂપ બે પ્રકારની પ્રકૃતિનું

સ્વરૂપનિરૂપણ. (૨) ક્ષેત્રજ્ઞપણે રહેલ જીવાત્મા તથા વૈરાજરૂપ બે પ્રકારના પુરુષનું સ્વરૂપનિરૂપણ. (૩) જ્ઞેય-જાણવા યોગ્યપણે અક્ષરબ્રહ્મનું સ્વરૂપનિરૂપણ. (૪) જીવ, ઈશ્વર, માયા અને અક્ષરબ્રહ્મ એ સર્વેના અંતર્યામીપણે અને નિયંતાપણે રહેલ પરબ્રહ્મનું સ્વરૂપનિરૂપણ. (૫) શુદ્ધ જીવાત્મા, અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મની પ્રાપ્તિનાં સાધનોનું નિરૂપણ. (૬) જીવાત્માઓને બંધન થવાના કારણનું નિરૂપણ.

આ રીતે સર્વાવતારી શ્રીસહજાનંદસ્વામીના શિષ્ય સદ્.શ્રીગોપાળાનંદ-સ્વામી વિરચિત શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યના ગુજરાતી ભાવાનુવાદમાં 'ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ તથા મોક્ષના ઉપાયભૂત ગુણો વગેરેનું વર્ણન કર્યું' એ નામે તેરમો અધ્યાય પૂરો થયો. ।।૧૩।।



चतुर्दशोऽध्यायः

गुणातीतयोगः

इदानीं चतुर्दशाऽध्याये त्रयोदशाऽध्यायोदितस्य बन्धनहेतुगुणत्रयस्य पृथक्पृथक् स्वरूपं तेभ्यो मोक्षोपायं च वदति ।

હવે આ ચૌદમાં અધ્યાયમાં તેરમાં અધ્યાયમાં કહેવાયેલ બંધનનું કારણ એવાં ત્રણ ગુણનાં જુદાં જુદાં સ્વરૂપ અને તેનાથી છૂટવાના ઉપાયો કહે છે.

पुनर्गुणज्ञानं वक्तुं तत्प्रशंसां कुर्वन् श्रीभगवानुवाच – परमिति ।

श्रीभगवानुवाच –

परं भूयः प्रवक्ष्यामि ज्ञानानां ज्ञानमुत्तमम् ॥
यज्ज्ञात्वा मुनयः सर्वे परां सिद्धिमितो गताः ॥१॥

परम् – प्रथमोदितादन्यत्, ज्ञानानाम् – आत्मानात्मसम्बन्धिबोधनानां मध्ये, उत्तमम् – श्रेष्ठं, ज्ञानं भूयः प्रवक्ष्यामि – निगदिष्यामि। यत् ज्ञानं ज्ञात्वा सर्वे मुनयः, इतः – संसृतेः, पराम् – उत्कृष्टां, सिद्धिम् – विशुद्ध-क्षेत्रज्ञलब्धिरूपामपुनरावृत्तिं, गताः – प्राप्ताः ।।१।।

ભગવાન શ્રીકૃષ્ણ ફરીથી ગુણોનું જ્ઞાન કહેવા માટે તેની પ્રશંસા કરતા થકા અર્જુનને આ રીતે કહેવા લાગ્યા : “હે અર્જુન ! દેહ અને આત્માના સ્વરૂપને જણાવનાર જેટલા કાંઈ જ્ઞાન છે તે સર્વેથી શ્રેષ્ઠ અને

મેં પહેલાં કહ્યું તેથી બીજું જ્ઞાન હવે તને કહું છું. આ જ્ઞાનને સમજીને સર્વે મુનિઓ આ સંસૃતિથી છૂટીને વિશુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિરૂપ એવી શ્રેષ્ઠ સિદ્ધિને પામ્યા છે કે જેને પામ્યા પછી ફરી જન્મ લેવો પડે નહીં.।૧।

अनेन ज्ञानेनापुनरावृत्तिलक्षणान्मोक्षादपि श्रेष्ठं हरेः मम पार्षदत्वं भवतीत्याह – इदमिति ।

इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः ।।
सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च ।।२।।

इदम् – वक्ष्यमाणं ज्ञानम्, उपाश्रित्य – आश्रित्य, तदनन्तरं ब्रह्मरूपतां च प्राप्य, मम – अक्षरोत्तमस्य परमेश्वरस्य, साधर्म्यम् – समानश्चासौ धर्मश्च सधर्मः, मत्सेवोपयोगी स्वभावस्तस्य भावः साधर्म्यम्, नन्दसुनन्दनादिवत् पार्षदत्वं राधालक्ष्म्यादिवत् सेवकत्वं च, आगताः – प्राप्ताः। तथा च श्रुतिः – "निरञ्जनः परमं साम्यमुपैति"(मुण्ड.३/१/३) इति। ते सर्गेऽपि – सृष्टिकालेऽपि, नोपजायन्ते – भौतिकदेहेन उत्पन्ना न भवन्ति। प्रलये – प्रलयकाले, न व्यथन्ति च – नष्टदेहा न भवन्ति, अप्राकृतदेहत्वात्।

अत्र श्लोके भगवता आत्यन्तिकप्रलयेऽपि गुणमुक्तानामात्मनाम् – 'मम साधर्म्यमागताः सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च' इति बहुत्वमुक्तं, तेन अविनाशिनः परमेश्वरादविनाशिनां तेषामन्योन्यं च भेदो नित्यसिद्धः प्रोक्तः, अतः स पारमार्थिको ज्ञातव्यः ।

ननु परमेश्वरात् बद्धात्मनां मुक्तात्मनां च भेद उपाधिकृत इति केचिद्वदन्ति, तेषां मते भेदस्यासत्यत्वेन भेदवर्जितप्रलयावसरे मुक्तानां बहुत्वकथनरूपभेदनिर्देशो न संघटते। भगवता तु स उक्तः, अतस्तेषां मतमसमञ्जसं ज्ञातव्यम्। कुतः ? भगवदुक्तप्रकारेण सूत्रश्रुतिस्मृतयोऽपि परमेश्वराद्बद्धात्मनां गुणमुक्तात्मनां चाऽन्योन्यं च पारमार्थिकं भेदं वदन्ति।

"उभयेऽपि हि भेदेनैनमधीयते"(ब्र.सू.१/२/२१) – अस्यार्थः — उभये – श्रुतिपाठकाः स्मृतिपाठकाश्चापि, एनम् – परमात्मानं, मुक्तबद्धक्षेत्रज्ञेभ्यः भेदेन – भिन्नतया, अधीयते – पठन्ति, हि – निश्चितम्। तथा हि – "नित्यो नित्यानां चेतनश्चेतनानामेको बहूनां यो विदधाति कामान्। तमात्मस्थं येऽनुपश्यन्ति धीरास्तेषां शान्तिः शाश्वती नेतरेषाम्"(कठो.२/२/१३) इति। "द्वावजावीशानीशौ"(श्वेता.१/९) "बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः"(गीता.४/१०) इति सूत्रार्थः।

"गुहां प्रविष्टावात्मानौ हि तद्दर्शनात्"(ब्र.सू.१/२/११) – अस्यार्थः — आत्मानौ – बद्धमुक्तात्मसमूहश्च परमात्मा च तौ, गुहाम् – प्रकृतिं प्रति अक्षरस्थानं च प्रति, प्रविष्टौ, हि – निश्चितम्। बद्धात्मानः प्रकृतौ स्थिताः, मुक्तात्मभिः सहवर्तमानः परमात्मा चाऽक्षरे धाम्नि स्थित इत्यर्थः। तद्दर्शनात् – तयोः गुहाप्रवेशो मुनिभिर्दृश्यते श्रुतिस्मृतिषु इति दर्शनं तस्मात्। तथा हि – "नामरूपाद्विमुक्तः परात्परं पुरुषमुपैति दिव्यम्"(मुण्ड.३/२/८) "तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः"(पैंगलो.४/२३) "गच्छन्त्यमूढाः पदमव्ययं तत्"(गीता.१५/५) इति। "तद्धाम परमं मम"(गीता.१५/६) "सर्वभूतानि कौन्तेय! प्रकृतिं यान्ति मामिकाम्"(गीता.९/७) इति सूत्रार्थः।

"भेदव्यपदेशाच्च"(ब्र.सू.१/१/१८) इति। क्षराऽक्षरपुरुषेभ्यः परमेश्वरस्य श्रुतिस्मृतिषु भेदेन – भिन्नतया, व्यपदेशात् – कथनात्, च – हेतोः, क्षेत्रज्ञवर्गस्य अनवधिकातिशयानन्दमयस्य परमात्मनश्च उभयेषामैक्यं न ज्ञातव्यम्। तथा हि – "अक्षरात्परतः परः"(मुण्ड.२/२/१) "अजो ह्येको जुषमाणोऽनुशेते जहात्येनां भुक्तभोगामजोऽन्यः"(श्वेता.४/५) "द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च। क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते।। उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः"(गीता.१५/१६-१७) इति सूत्रार्थः।

"कर्मकर्तृव्यपदेशाच्च"(ब्र.सू.१/२/४) इति। अस्यार्थः – उपास्यस्य कर्मत्वेनोपासकस्य च कर्तृत्वेन श्रुतिषु व्यपदेशः। तथा हि – "यं सर्वे देवा नमन्ति मुमुक्षवो ब्रह्मवादिनश्च:" इत्याद्याः श्रुतयः। तथा स्मृतिश्च – "मामेति सोऽर्जुन!"(गीता.४/९) इति सूत्रार्थः।

"न कर्माविभागादिति चेन्नानादित्वात् उपपद्यते चाप्युपलभ्यते च" (ब्र.सू.२/१/३५) इति। अस्यार्थः – "एकमेवाद्वितीयं ब्रह्म"(पैंगलो.१/१) इत्यादिश्रुत्युक्तायां प्रलयावस्थायाम् अविभागात् – क्षेत्रज्ञाभावात् कर्म न स्यात् – कर्माणि न भवेयुः, इति चेत् – इत्युच्यते चेत्, न सत्यम्, अनादित्वात् – क्षेत्रज्ञानां तत्कर्मप्रवाहाणां चानादिकालसिद्धत्वात्, उप-पद्यते – आद्यन्तवर्जितेषु क्षेत्रज्ञेषु विभागस्तत्तत् कर्म चोपपद्यते – अस्ति। अन्यथाऽकृताभ्यागमः कृतविप्रनाशश्च स्यात्। उपलभ्यते च — क्षेत्रज्ञा-नादित्वं श्रुतिस्मृत्योः उपलभ्यते – प्राप्यते। तथा हि – "द्वावजावी-शानीशौ"(श्वेता.१/९) "न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः"(गीता.२/२०) इति सूत्रार्थः।

"न तत्समश्चाभ्यधिकश्च दृश्यते"(श्वेता.६/८) इति। "समाने वृक्षे पुरुषो निमग्नोऽनीशया शोचति मुह्यमानः। जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानमिति वीतशोकः"(मुण्ड.३/१/२) इति। "यदा पश्यः पश्यते रुक्मवर्णं कर्तारमीशं पुरुषं ब्रह्मयोनिम्। तदा विद्वान् पुण्यपापे विधूय निरञ्जनः परमं साम्यमुपैति"(मुण्ड.३/१/३) इति। "यो वेत्ति युगपत्सर्वं प्रत्यक्षेण सदा स्वतः" इति। "भीषाऽस्माद्वातः पवते भीषोदेति सूर्यः। भीषास्मादग्निश्चेन्द्रश्च मृत्युर्धावति पञ्चमः"(तैत्ति.२/८) इति। "भोक्ता भोग्यं प्रेरितारं च मत्वा"(श्वेता.१/१२) "पृथगात्मानं प्रेरितारं च मत्वा जुष्टस्ततस्तेनामृतत्वमेति" (श्वेता.१/६) इति। "योऽक्षरे तिष्ठन्नक्षरमन्तरो

यमक्षरो न वेद यस्याक्षरः शरीरं योऽक्षरमन्तरो यमयति" "य आत्मनि तिष्ठन्नात्मनोऽन्तरो यमात्मा न वेद यस्यात्मा शरीरं य आत्मानमन्तरो यमयति स त आत्मान्तर्याम्यमृतः" इति। "तमीश्वराणां परमं महेश्वरं तं देवतानां परमं च दैवतम्"(श्वेता.६/७) इति। "नत्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः"(गीता.२/१२) इति। "दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया। मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते"(गीता.७/१४) "यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः"(गीता.७/३) इति।

स्कान्दे च – "जीवानामीश्वराणां च तनवः क्षेत्रसंज्ञकाः। महदादितत्त्वमय्यः क्षेत्रज्ञाख्यास्तु तद्विदः"(वा.मा.२४/७३) "क्षेत्राणां च क्षेत्रविदां प्रधानपुरुषस्य च। मायायाः कालशक्तेश्चाऽक्षरस्य च परात्मनः।। पृथक्पृथग्लक्षणैर्यज्ज्ञानं तज्ज्ञानमुच्यते"(वा.मा.२४/७४) "तां कालशक्तिमादाय वासुदेवोऽक्षरात्मना। सिसृक्षयैक्षत यदा सा चुक्षोभ तदैव हि।। तस्याः प्रधानपुरुषकोटयो जज्ञिरे मुने!। युज्यन्ते स्म प्रधानैस्ते षुरुषाश्चेच्छया प्रभोः"(वा.मा.२४/५-६)

इत्यादिसूत्रश्रुतिस्मृतिभिः उपास्योपासकयोः नियन्तृनियम्ययोः स्वतन्त्रपरतन्त्रयोः ईशानीशयोः शास्यशासकयोः कर्मकर्तृव्यपदिष्टयोः सर्वज्ञाल्पज्ञयोः स्वरूपस्वभावाभ्यामत्यन्तविलक्षणयोः द्विविधक्षेत्रज्ञ-परमात्मनोः नित्यो भेद उक्तः। तन्मिथ्यात्वकथने, गुरुत्वशिष्यत्वे उपदेष्टुपदेशौ ज्ञानिज्ञाने च बद्धमुक्तत्वे च धर्माधर्मौ च बन्धमोक्षौ च पुण्यपापे च सत्सङ्गकुसङ्गौ च वृथा स्यातां, तेषां प्रतिपादकानि शास्त्राणि च मुमुक्षुभिर्मोक्षार्थं कृतः प्रयत्नश्च वृथा स्युः।

किञ्च बिम्बप्रतिबिम्बवादांशांशिवादपरिणामादिवादाः, जीवेश्वर-मायादिभेदवर्जिते एकस्मिन्नद्वितीये ब्रह्मणि न घटेयुः। अथ च ये गुरुवः

परिणामादिवादैः, सजातीयविजातीयस्वगतभेदशून्यस्य अच्युतस्यापरिणामिन एकस्याद्वितीयस्य ब्रह्मण उपदेशं वन्ध्यासुतवज्ज्ञातेभ्यः स्वशिष्येभ्यः कुर्वन्ति ते पण्डितंमन्याः, निरंशमपरिणामिनं स्वतन्त्रं मायावर्जितमेकमद्वितीयं सजातीयादिभेदशून्यं ब्रह्म, द्वितीयं स्थावरजङ्गमजीवरूपं जगत् शशश्रृङ्गखपुष्पवन्ध्यासुतमरीचिकाजलवच्च विदन्ति, न वा? विदन्तीति चेत्, द्वितीयवस्त्वभावात्तेषां शिष्यान् प्रत्युपदेशः खपुष्पादिवन्निरर्थकः। न जानन्तीति चेत्, अद्वितीयज्ञानाभावात् तेषामुपदेशारम्भोऽपि न सम्भवति। अतस्तैः कृता उपदेशाः, ग्रन्थाः, वादाश्च, ते सर्वेऽपि मिथ्या भवन्ति। अतस्ते भगवदुपासकैरनादरणीयाः। किञ्च तेषां मतस्य सम्यक् निरसनं तु लक्ष्मणा-चार्यशतानन्दादिवैष्णवाग्रेसरकृतग्रन्थेभ्य अवगन्तव्यम् ।।२।।

❋ આત્મા-પરમાત્માના કાયમી ભેદનું પ્રતિપાદન :

વળી, હું તને જે જ્ઞાન કહેવાનો છું, તે શુદ્ધ આત્મજ્ઞાનની પ્રાપ્તિરૂપ મોક્ષથી પણ શ્રેષ્ઠ છે. કેમ જે, **આ જ્ઞાનને આશરીને-અનુસરવાથી જીવો બ્રહ્મરૂપ થઈને અક્ષરથી પણ પર પુરુષોત્તમ એવા મારા સાધર્મ્યને પામે છે.** પછી તેમને જગતની ઉત્પત્તિ થાય ત્યારે ભૌતિક દેહ વડે જન્મ લેવો પડતો નથી કે પ્રલય વખતે દેહનાશ જેવી કોઈ પણ પ્રકારની પીડા પામતા નથી. કેમ જે, તેમના શરીર દિવ્ય હોય છે.

મારા સાધર્મ્યને પામવું એટલે શું ? તો, **મારી સેવામાં ઉપયોગી મારા જેવો સ્વભાવ, આકાર અને ગુણ વગેરેને પામે છે.** અર્થાત્ નંદ-સુનંદ વગેરેની જેમ પાર્ષદ થઈને અથવા રાધા-લક્ષ્મી વગેરેની જેમ સેવક થઈને મારી સેવામાં રહે છે.”

આ શ્લોકના આધારે ભાષ્યકાર સદ્.શ્રીગોપાળાનંદસ્વામી અહીં આટલા સિદ્ધાંતો પ્રસ્થાપિત કરે છે : (૧) માયાના બંધનથી મુક્ત થઈ ગયેલા મુક્તાત્માઓ આત્યંતિક પ્રલયમાં પણ જેટલા છે તેટલા અસંખ્ય

જ રહે છે. અર્થાત્ તેનો નાશ થતો નથી. (૨) તેથી અવિનાશી એવા પુરુષોત્તમ અને અવિનાશી તે મુક્તો વચ્ચે ભેદ કાયમ રહે છે. (૩) વળી, તે મુક્તોમાં પરસ્પરનો ભેદ પણ કાયમ રહે જ છે અને એટલે જ તે સર્વે ભેદ પરમ વાસ્તવિક છે.

અમુક લોકો એવું કહે છે કે, 'પરમેશ્વર થકી બદ્ધજીવો અને મુક્તાત્માઓનો ભેદ વાસ્તવિક નથી, પણ ઉપાધિરૂપ કોઈને કોઈ બિનવાસ્તવિક કારણસર છે.' પરંતુ આવું માનનારાઓના મતે ભેદ અસત્ય હોવાથી ભેદરહિત એવા પ્રલયસમયે મુક્તોના બહુપણાનું વર્ણન કરવારૂપ ભેદનો નિર્દેશ બિલકુલ ઘટતો આવે નહીં. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણે તો તે ભેદ સ્પષ્ટ જ કહ્યો છે. માટે તેઓનો મત ગડબડગોટાળાવાળો-અસત્ય જાણવો. કેમ જે, અહીં ભગવાને કહ્યું તે રીતે અનેક વ્યાસસૂત્ર, વેદો અને સ્મૃતિઓ પણ પરમેશ્વરથી બદ્ધજીવો તથા મુક્તાત્માઓનો અને તે બંને પ્રકારના આત્માઓમાં પરસ્પરનો પરમ વાસ્તવિક કાયમી ભેદ વર્ણવે છે.

જેમ કે, જે **પરમેશ્વર** છે, તે અનાદિકાળથી ઉપાસ્ય, નિયંતા, સ્વતંત્ર, સમર્થ, શાસક, પ્રાપ્ય અને સર્વજ્ઞ જ છે. અને જે **જીવ-ઈશ્વરરૂપ બદ્ધ આત્માઓ તથા મુક્ત આત્માઓ** છે, તે અનાદિકાળથી ઉપાસક, નિયામ્ય-બીજાથી નિયમન કરાતા, પરતંત્ર, અસમર્થ, શાસ્ય-બીજાથી શાસન કરાતા, પામનાર અને અલ્પજ્ઞ જ છે. આમ, પરમાત્મા તથા આત્માઓ તે બંને સ્વરૂપ અને સ્વભાવે કરીને અત્યંત વિલક્ષણ હોવાથી તે બંને વચ્ચે ભેદ અનાદિનો છે જ. જો તે ભેદને મિથ્યા-કલ્પિત-અસત્ય કહેવામાં આવે તો ગુરુ-શિષ્ય, ઉપદેશક-ઉપદેશ, જ્ઞાની-જ્ઞાન, બદ્ધપણું-મુક્તપણું, ધર્મ-અધર્મ, બંધન-મોક્ષ, પુણ્ય-પાપ અને સત્સંગ-કુસંગ આવા અનેક પ્રકારના વિભાગો વ્યર્થ-ખોટા થાય. વળી, આવા વિભાગોનું પ્રતિપાદન કરનાર શાસ્ત્રો અને મુમુક્ષુએ મોક્ષ માટે કરેલ પ્રયત્ન પણ વ્યર્થ જ થઈ જાય. કેમ જે, જીવ અને જગદીશ વચ્ચે કોઈ ભેદ જ ન

હોય તો શાસ્ત્રોમાં કહેલા એ બધા વિભાગો તથા વિધિ-નિષેધોનું શું પ્રયોજન ? તે કોને પાળવાના ? માટે એવું માનનારાનો સિદ્ધાંત ખોટો છે.

વળી, અમુકનું એવું માનવું છે કે, 'પરમાત્મા બિંબ-સત્ય વસ્તુ છે અને જીવાત્મા તેનું પ્રતિબિંબ છે.' 'પરમાત્મા અંશી છે અને જીવાત્મા તેનો અંશ છે.' 'પરમાત્મા મૂળકારણ વસ્તુ છે અને જીવાત્મા તેનું પરિણામ-વિકારભૂત વસ્તુ છે.' આવા ઘણા બધા વાદો તેઓએ પ્રવર્તાવ્યા છે. પરંતુ તેમના મતે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ - આવા એક પણ ભેદથી રહિત એકમાત્ર અદ્વિતીય બ્રહ્મ જ સત્ય તત્ત્વ છે. તેમાં ઉપર કહ્યા તેવા તેમણે માનેલા કોઈ પણ વાદો ઘટતા આવતા નથી.

વળી, તે વાદોને માનનારા ગુરુઓ સર્વપ્રકારના ભેદ રહિત, અચ્યુત અને અવિકારી એવા એક અદ્વિતીય બ્રહ્મનો ઉપદેશ મિથ્યા માનેલા પોતાના શિષ્યોને આપે છે અને પોતાને મોટા પંડિત માને છે. પરંતુ તે બાબતે અમે પ્રશ્ન પૂછીએ છીએ કે, 'અંશ અને પરિણામ રહિત, માયા રહિત, સજાતીય વગેરે સર્વપ્રકારના ભેદ રહિત, સ્વતંત્ર એવા એકમાત્ર અદ્વિતીય બ્રહ્મને તે ગુરુઓ જાણે છે કે નહીં ?' તથા 'તે બ્રહ્મથી બીજું સ્થાવર, જંગમ અને જીવરૂપ આ જગતને સસલાનું શિંગડું, આકાશનું પુષ્પ, વાંઝણીનો પુત્ર અને ઝાંઝવાનાં જળ જેવું મિથ્યા-ખોટું જાણે છે કે નહીં ?'

જો તે ગુરુઓ આ બંને બાબતને ખરેખર જાણે છે, તો તેમના મતે બીજી કોઈ સત્ય વસ્તુ જ નહિ હોવાથી તેઓના શિષ્યો પ્રતિ અપાતો ઉપદેશ આકાશનાં પુષ્પ કે ઝાંઝવાંનાં જળ વગેરેની જેમ તદ્દન વ્યર્થ જ છે. જો તેઓ ઉપર પૂછેલી બંને બાબતને ખરેખર જાણતા નથી તો તેમને અદ્વિતીય બ્રહ્મતત્ત્વનું જ્ઞાન નહિ હોવાથી તેઓના ઉપદેશનો પ્રારંભ પણ સંભવતો નથી. કેમ જે, જે બાબત તેઓ જાણતા જ નથી, તો તેનો ઉપદેશ કેવી રીતે આપે ? માટે તેઓએ કરેલ ઉપદેશ, ભાતભાતના વાદો અને

તેઓએ રચેલ ગ્રંથો - તે બધું જ મિથ્યા છે. માટે ભગવાનના ઉપાસક એવા સાચા જ્ઞાની ભક્તોએ તેમનો અનાદર જ કરવો જોઈએ. અર્થાત્ તેને તદ્દન અસત્ય સમજીને તેમાં કોઈ પ્રકારનો રસ જ ન લેવો જોઈએ.॥૨॥

अथ सर्वक्षेत्रज्ञानां प्रकृत्युत्पन्नगुणकृतबन्धनं गदितुं तेषां प्रकृति-सम्बन्धेन देहोत्पत्तिमाह – ममेति ।

मम योनिर्महद्ब्रह्म तस्मिन् गर्भं दधाम्यहम् ।।
सम्भवः सर्वभूतानां ततो भवति भारत ! ।।३।।

हे भारत ! मम – मदीयं, योनिः – नित्यानां क्षेत्रज्ञानां देहोत्पत्तिक्षेत्रं, महद्ब्रह्म — महताम् – ब्रह्मादीनाम् उत्पत्तिक्षेत्रत्वान्महत्, स्वकार्याणां वृद्धि-हेतुत्वात् ब्रह्म – प्रकृति इत्यर्थः । श्रुतावपि ब्रह्मशब्देन प्रकृतिरुक्ता – "यस्य ज्ञानमयं तपस्तस्मादेतद् ब्रह्म नामरूपमन्नं च जायते"(मुण्ड.१/१/९) इति । तस्मिन् – महद्ब्रह्मणि, गर्भम् – तत्स्थानां कारणाव्याकृतशरीरयुक्तानां नित्यक्षेत्रज्ञानां स्थूलदेहोत्पत्तिहेतुभूतं पुरुषदृष्टिरूपं गर्भम्, अहं दधामि – धारयामि । ततः – दृष्टिकरणादनन्तरं, सर्वभूतानाम् – महदादितत्त्वानां ब्रह्मा-दिस्थावरान्तानां समग्राणां जनानां च, सम्भवः – उत्पत्तिः, भवति – जायते ।३ ।

❋ આખા જગતનું આદિ કારણ :

હવે ભગવાન શ્રીકૃષ્ણ સર્વ જીવોને પ્રકૃતિના ગુણો વડે બંધન થવાની વાત કરવા જઈ રહ્યા છે, પણ તે વાતને સમજાવવા માટે પહેલાં પ્રકૃતિના સંબંધથી થનાર દેહોની ઉત્પત્તિ વર્ણવે છે :

"હે અર્જુન ! અવિનાશી જીવોના દેહની ઉત્પત્તિ થવાના ઠેકાણારૂપ જે યોનિ-કારણ છે, તે મારું મહદ્-મોટું બ્રહ્મ છે. **બ્રહ્મ એટલે શું ?** તો, મારી શક્તિરૂપ માયા-પ્રકૃતિ. તે પોતાના કાર્યભૂત પદાર્થોની હંમેશાં વૃદ્ધિ કર્યા કરતી હોવાથી તેને અહીં 'બ્રહ્મ' શબ્દથી કહેવામાં આવી છે. વળી,

તે વિરાટ બ્રહ્મા વગેરે મોટા મોટાની ઉત્પત્તિનું ક્ષેત્ર હોવાથી તેને મહદ્- મોટું આવું વિશેષણ આપવામાં આવ્યું છે. આ મહદ્બ્રહ્મ નામની માયામાં હું ગર્ભ સ્થાપન કરું છું. અર્થાત્ માયામાં લીન રહેલા કારણશરીર તથા અવ્યાકૃત શરીર યુક્ત એવા જીવ-ઈશ્વરોના સ્થૂળદેહની ઉત્પત્તિ કરાવવા માટે પુરુષની દૃષ્ટિ દ્વારા હું માયામાં સામર્થ્ય સ્થાપિત કરું છું. આ રીતે પુરુષ દ્વારા માયામાં સૃષ્ટિ કરવા માટેનું સામર્થ્ય સ્થાપ્યા બાદ મહત્તત્વ વગેરે ચોવીસ તત્ત્વો અને વિરાટબ્રહ્માથી લઈને નાનામાં નાના જીવાણું સુધીના તમામ ભૂતપ્રાણીમાત્રની ઉત્પત્તિ થાય છે. ॥૩॥

सृष्टिकाले सर्वेषामुत्पत्तिक्षेत्रं प्रकृतिमुक्त्वेदानीमप्युत्पत्तिक्षेत्रं सैव भवतीत्याह – सर्वेति ।

सर्वयोनिषु कौन्तेय ! मूर्तयः सम्भवन्ति याः ॥
तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिता ॥४॥

हे कौन्तेय ! सर्वयोनिषु – सर्वासु - देवदैत्यमनुष्यपशुविहंगादिषु सकलासु योनिषु, या मूर्तयः - क्षेत्रज्ञदेहाः, सम्भवन्ति - उत्पद्यन्ते, तासाम् - मूर्तीनां, योनिः - उत्पत्तिक्षेत्रं, महद्ब्रह्म - अष्टधा परिणता प्रकृतिरेव भवति। बीजप्रदः – बीजम् - उत्पत्तिहेतुकर्मफलं प्रददाति इति, तथाभूतः पिता अहम् । जीवानां कर्मानुसारेण तत्र तत्र तेषां संयोगकर्ता पराप्रकृत्याख्याक्षरपुरुषरूपोऽहमित्यर्थः ।तथात्र चोक्तम् – "भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च। अहङ्कार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा।। अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम्। जीवभूतां महाबाहो ! ययेदं धार्यते जगत्।। एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय। अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा"(गीता.७/४-६) इति ।।४।।

હે કુંતીપુત્ર ! દેવ, દૈત્ય, મનુષ્ય, પશુ અને પક્ષી વગેરે તમામ

યોનિઓના જે કાંઈ દેહો છે, તે તમામ દેહોનું ઉત્પત્તિસ્થાન મહદ્બ્રહ્મ જ છે. અર્થાત્ આઠ પ્રકારે વિભાજીત થયેલી મારી પ્રકૃતિ જ છે. તે આઠ પ્રકાર કયા ? તો પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહંકાર. આ આઠ પ્રકારે થયેલી પ્રકૃતિમાંથી તે સર્વે દેહો જન્મે છે. અને તે દેહોની ઉત્પત્તિનું નિમિત્તરૂપ જે કર્મફળ તેને આપનારો પિતા હું છું. અર્થાત્ પરાપ્રકૃતિ નામના અક્ષરપુરુષરૂપે રહીને જીવોના કર્મ પ્રમાણે તેના દેહનો તે તે જગ્યાએ સંયોગ કરાવી દેનારો હું જ છું. ॥૪॥

एवं प्रकृतिसंसृष्टानां जीवानां प्राक्तनकर्मवशाद्देवमनुष्यपश्वादिषु भूयो भूयस्तत्तद्भावेन जनिहेतुं वदति चतुर्दशभिः – सत्त्वमिति ।

सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसम्भवाः ॥
निबध्नन्ति महाबाहो ! देहे देहिनमव्ययम् ॥५॥

हे महाबाहो ! प्रकृतिसम्भवाः – प्रकृत्युत्पन्नाः, तत्कार्यभूता इत्यर्थः । सत्त्वं रजस्तम इति त्रयो गुणाः, देहे एकात्मतया वर्तमानम्, अव्ययम् – अविनाशिनं, देहिनम् – क्षेत्रज्ञं, स्वकीयैः कार्यैः, निबध्नन्ति – देव-मनुष्यादिषु जन्महेतुं जनयन्तीत्यर्थः ॥५॥

❋ માયાના ત્રણ ગુણ તથા તેનાં કાર્યોનું નિરૂપણ :

હે આજાનબાહુ અર્જુન ! પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા સત્ત્વ, રજ અને તમ - એ ત્રણ ગુણો દેહ સાથે એકરૂપ થઈને રહેતા અવિનાશી જીવને પોતાનાં કાર્યો દ્વારા બંધન કરે છે. અર્થાત્ તે ત્રણેય ગુણો દેવ, મનુષ્ય વગેરે જાતિમાં જન્મ લેવા પડે તેવાં કર્મો કરાવે છે. ॥૫॥

तेषां त्रयाणां मध्ये सत्त्वस्वरूपं, तेन देहिनां बन्धनरीतिं च वदति – तत्रेति ।

तत्र सत्त्वं निर्मलत्वात् प्रकाशकमनामयम् ॥
सुखसङ्गेन बध्नाति ज्ञानसङ्गेन चानघ ! ॥६॥

तत्र – त्रिषु गुणेषु मध्ये, सत्त्वं निर्मलत्वात् – ईर्षामत्सरदम्भादि–मलरहितत्वेन स्फटिकमणिवत्स्वच्छत्वात्, प्रकाशकम् – वस्तुयाथात्म्यबोधं प्रकाशयति – जनयतीति तथाभूतं, ज्ञानजनकमित्यर्थः। अनामयम् – आधिवर्जितं, सुखजनकमित्यर्थः। तथाभूतं सत्, हे अनघ! देहिनं सुखसङ्गेन – सुखासक्त्या, ज्ञानसङ्गेन च – वस्तुयाथात्म्यबोधनासक्त्या, बध्नाति। उत्कृष्टसत्त्वयुक्तेषु देवेषु ऋषिषु च जीवस्य जन्महेतुं जनयतीत्यर्थः ।।६।।

હે નિષ્પાપ અર્જુન ! તે ત્રણ ગુણોમાં સત્ત્વગુણ સ્ફટિકમણિ જેવો અત્યંત નિર્મળ-સ્વચ્છ છે. અર્થાત્ ઈર્ષ્યા, મત્સર, દંભ વગેરે દોષોથી રહિત છે. તેથી જ તે તે વસ્તુનું જેમ છે તેમ - યથાર્થ જ્ઞાન કરાવનાર અને માનસિક પીડા રહિત સુખ આપનાર છે. આવો તે સત્ત્વગુણ સુખની આસક્તિથી અને વસ્તુનું યથાર્થ જ્ઞાન મેળવવાની આસક્તિથી જીવને બાંધે છે. અર્થાત્ વધુ સત્ત્વગુણવાળા દેવ અને ઋષિઓની યોનિમાં જન્મ આવે એવાં સત્કર્મો કરાવ્યાં કરે છે. ।।૬।।

रजसः स्वरूपं, तेन जीवस्य बन्धनप्रकारं च वदति – रज इति ।

रजो रागात्मकं विद्धि तृष्णासङ्गसमुद्भवम् ।।
तन्निबध्नाति कौन्तेय ! कर्मसङ्गेन देहिनम् ।।७।।

रागात्मकम् – रज्यते विषयेषु पुरुषोऽनेनेति रागः – प्रीतिः, स एव आत्मा – स्वरूपं यस्य तत्, स्त्रीपुंसयोर्मिथः प्रीतिजनकमित्यर्थः। तृष्णा–सङ्गसमुद्भवम् – तृष्णा – शब्दादिविषयेच्छा च, सङ्गः – स्वसम्बन्धि–जनानामालिङ्गनेऽभिलाषा च, तयोः समुद्भवः – उत्पत्तिर्यस्मात्तथाभूतं, रजस् त्वं विद्धि। हे कौन्तेय! तत् रजः, देहिनम् – क्षेत्रज्ञं, कर्मसङ्गेन – पुण्यपापरूपकर्मानुष्ठानासक्त्या, निबध्नाति – अधिकरजोयुक्तेषु दैत्य–मनुष्यादिषु देहिनां जन्महेतुं जनयतीत्यर्थः ।।७।।

જેનાથી જીવ વિષયોમાં મઝા માને કે બંધાય જાય એને રાગ કહેવાય. રજોગુણ આવો રાગસ્વરૂપ છે. અર્થાત્ સ્ત્રી-પુરુષોને પરસ્પર આસક્તિ જન્માવનાર છે. હે કુંતીપુત્ર અર્જુન ! આવો તે રજોગુણ શબ્દાદિ વિષયભોગની તૃષ્ણા અને પોતાના સંબંધીને મળવાની અભિલાષામાંથી પેદા થાય છે, એમ તું જાણ. આ રજોગુણ પુણ્ય-પાપરૂપ કર્મોમાં આસક્તિ કરાવીને જીવને બાંધે છે. અર્થાત્ અધિક રજોગુણવાળા દૈત્ય-મનુષ્યાદિકની યોનિમાં જીવોને જન્મ આવે એવાં કર્મો કરાવે છે. ॥૭॥

तमसः स्वरूपं, तेन शरीरिणां बन्धनप्रकारं च वदति – तम इति ।

तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ॥
प्रमादालस्यनिद्राभिस्तं निबध्नाति भारत ! ॥८॥

तमस्तु, अज्ञानजम् – ज्ञानात् – वस्तुयाथार्थ्यवेदनात्, अन्यत् – अज्ञानम् – वेदनाभावः तस्माज्जातमज्ञानजं, त्वं विद्धि। सर्वदेहिनाम् – समग्रक्षेत्रज्ञानां, मोहनम् – मोहः – विपरीतज्ञानं, तज्जनकमित्यर्थः, तथाभूतं विद्धि। हे भारत! तत् प्रमादालस्यनिद्राभिः – प्रमादः – कर्तव्याद्विपरीतप्रवृत्तिजनकश्च, आलस्यम् – क्रियास्वारम्भशून्यता च, निद्रा – स्वापश्च ताभिः, तम् – देहिनं, निबध्नाति – अत्यन्ततमोविशिष्टासु पशुसर्पादियोनिषु वपुष्मतां जनिहेतुमुत्पादयतीत्यर्थः ॥८॥

હે ભારત ! તમોગુણ યથાર્થ જ્ઞાનના અભાવરૂપ અજ્ઞાનમાંથી જન્મે છે, એમ તું જાણ. તે તમોગુણ સર્વે જીવને મોહ કરાવે છે. અર્થાત્ દેહમાં 'હું'બુદ્ધિ જેવું વિપરીત જ્ઞાન જન્માવે છે. વળી, તે તમોગુણ જીવને પ્રમાદ, આળસ અને નિદ્રા વડે બંધન કરે છે. **પ્રમાદ** એટલે..? અત્યારે જે કાર્ય કરવાની જરૂર હોય તે ન કરીને બીજી પ્રવૃત્તિએ ચડાવી દેનાર દોષ. **આળસ** એટલે..? કોઈ ક્રિયાનો આરંભ જ નહિ થવા દેનાર દોષ.

નિદ્રા એટલે..? જરૂર કરતાંય વધુ ઊંઘ્યા કરવાનો દોષ. આ ત્રણ દોષ વડે તમોગુણ જીવને બંધન કરે છે. અર્થાત્ અત્યંત તમોગુણવાળા પશુ, સર્પ વગેરે યોનિઓમાં જન્મ ધરવો પડે તેવાં કર્મો ઊપજાવે છે. ॥૮॥

त्रयाणां गुणानां सामर्थ्यं वदति – सत्त्वमिति ।

सत्त्वं सुखे सञ्जयति रजः कर्मणि भारत ! ॥
ज्ञानमावृत्य तु तमः प्रमादे सञ्जयत्युत ॥९॥

हे भारत ! सत्त्वम् – सत्त्वगुणः, सुखे सञ्जयति – देहिनं सुखासक्तं करोतीत्यर्थः । रजः – रजोगुणः, कर्मणि सञ्जयति – तं कर्मासक्तं करोतीत्यर्थः । तमस्तु – तमोगुणस्तु, ज्ञानम् – वस्तुयथार्थबोधम् आवृत्य, प्रमादे – कर्तव्यात् कर्मणो विपरीतप्रवृत्तौ, जनं सञ्जयति । उतेति खेदे । विपरीतप्रवृत्तौ जीवस्यासक्तिं जनयतीत्यर्थः ॥९॥

હે ભારત ! સત્ત્વગુણ જીવને સુખમાં આસક્તિ કરાવે છે. રજોગુણ કર્મમાં આસક્તિ કરાવે છે અને તમોગુણ તો યથાર્થ જ્ઞાનને આવરીને પ્રમાદમાં-ઊંધી પ્રવૃત્તિમાં આસક્તિ કરાવે છે. અર્થાત્ વિપરીત કાર્યોમાં આસક્તિ કરાવે છે. ॥૯॥

तेषां परस्परजयप्रकारमाह – रज इति ।

रजस्तमश्चाभिभूय सत्त्वं भवति भारत ! ॥
रजः सत्त्वं तमश्चैव तमः सत्त्वं रजस्तथा ॥१०॥

हे भारत ! रजस्तमश्चेति गुणद्वयं, सात्त्विकाहारसच्छास्त्रसत्सङ्ग-शमदमादिसाधनसेवनेन, अभिभूय – पराभूय, क्षेत्रज्ञेषु सत्त्वं भवति – सत्त्ववृद्धिर्भवतीत्यर्थः । सत्त्वं तमश्चेति गुणद्वयं, राजसाहारकर्मफलासक्ति-जनकशास्त्रराजसपुरुषसेवनेन, अभिभूय – तिरस्कृत्य, क्षेत्रज्ञेषु रज एव

भवति – रजोवृद्धिर्भवतीत्यर्थः । तथा सत्त्वं रजश्चेति गुणद्वयं, प्रमादालस्य–निद्रासेवनेन, तामसाहारतामसदेवतामसशास्त्रतामसपुरुषसेवनेन च, अभिभूय क्षेत्रज्ञेषु तमो भवति – तमोवृद्धिर्भवतीत्यर्थः ।।१०।।

હે ભારત ! સાત્ત્વિક આહાર લેવો, સત્શાસ્ત્ર અને સત્પુરુષોનું સેવન કરવું અને શમ-દમાદિ સાધનો દૃઢ કરવાથી જીવમાં રહેલા રજોગુણ અને તમોગુણ દબાઈ જાય છે અને **સત્ત્વગુણ વધે છે.** રજોગુણી આહાર લીધા કરવો, કર્મફળમાં આસક્તિ કરાવનાર શાસ્ત્રોનું અને રજોગુણી લોકોનું સેવન કરતા રહેવાથી જીવમાં રહેલા સત્ત્વગુણ અને તમોગુણ દબાય છે અને **રજોગુણમાં વધારો થાય છે.** પ્રમાદ, આળસ અને નિદ્રા કરતા રહેવાથી તથા તામસ આહાર, તમોગુણી દેવ, તમોગુણી શાસ્ત્ર અને તમોગુણી પુરુષના સંગ-સેવનથી જીવમાં રહેલા સત્ત્વગુણ અને રજોગુણ દબાઈ જાય છે અને **તમોગુણ વધી જાય છે.** ॥૧૦॥

सत्त्ववृद्धिं रजोवृद्धिं तमोवृद्धिं च कदा जानीयाम् इत्याशङ्कायाम् आह – सर्वद्वारेष्विति ।

सर्वद्वारेषु देहेऽस्मिन् प्रकाश उपजायते ॥
ज्ञानं यदा तदा विद्याद्विवृद्धं सत्त्वमित्युत ॥११॥

अस्मिन् – जीवस्य वासस्थाने देहे, सर्वद्वारेषु – समग्रश्रोत्रादीन्द्रियेषु, यदा प्रकाशः – शब्दादिविषयाणां सच्छास्त्रानुसारेण ग्राह्याग्राह्यतया यथार्थज्ञानम्, उपजायते – उपपद्यते, यदा ज्ञानं च – क्षेत्रक्षेत्रज्ञयोः यथार्थबोधनं च, बुद्धावुत्पद्यते तदा, उतेति हर्षे, सत्त्वं विवृद्धम् – वृद्धिं प्राप्तमिति भवान् विद्यात् – जानीयात् ।।११।।

જ્યારે આ દેહમાં રહેલી તમામ ઇન્દ્રિયોથી શાસ્ત્રના વિધાન પ્રમાણે ગ્રહણ કરવા યોગ્ય કે નહિ ગ્રહણ કરવા યોગ્ય વિષયોનું યથાર્થ જ્ઞાન

થાય ત્યારે સત્ત્વગુણ વધ્યો છે, એમ જાણવું. વળી, પોતાની બુદ્ધિમાં ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનું – દેહ, આત્મા, ઈશ્વર અને પરમાત્મા વગેરેનું યથાર્થ જ્ઞાન થાય ત્યારે પણ સત્ત્વગુણ વધ્યો છે, એમ જાણવું. ॥૧૧॥

सत्त्ववृद्धिमुक्त्वा रजोवृद्धिं वदति – लोभ इति ।

लोभः प्रवृत्तिरारम्भः कर्मणामशमः स्पृहा ॥
रजस्येतानि जायन्ते विवृद्धे भरतर्षभ ! ॥१२॥

हे भरतर्षभ ! लोभः – उपलब्धेषु सत्पात्रेष्वपि धनवस्त्रादिवस्तूनां दानरहितता, प्रवृत्तिः – प्रयोजनं विनापि प्रकृतिचाञ्चल्यं, कर्मणामारम्भः – स्वर्गपुत्रपश्वादिप्राप्तिहेतुभूतानां क्रियाणामुद्यमः, अशमः – इन्द्रियमनसा–मशान्तता, स्पृहा – नानाविधविषयेच्छा, एतानि रजसि विवृद्धे सति जायन्ते – उत्पद्यन्ते । लोभादिभिर्रजोवृद्धिर्ज्ञातव्येत्यर्थः ॥१२॥

હે ભરતકુળશ્રેષ્ઠ અર્જુન ! જ્યારે રજોગુણ વધી જાય ત્યારે આટલા દોષો ઉત્પન્ન થાય છે. **કયા કયા દોષો રજોગુણની નિશાની છે ?** તો, **લોભ** - કોઈ સત્પાત્ર મળે છતાં ધન, વસ્ત્ર વગેરે વસ્તુઓનું દાન દેવાની હિંમત ન ચાલે. **પ્રવૃત્તિ** - કાંઈ પ્રયોજન વિના પણ સ્વભાવની ચંચળતા વધી જાય. **કર્મોનો આરંભ** - સ્વર્ગ, પુત્ર, પશુ વગેરે માયિક પ્રાપ્તિ કરાવનાર ક્રિયાઓનો પ્રયત્ન શરૂ થઈ જાય. **અશમ** - ઇન્દ્રિયો અને મન અશાંત-પોતપોતાના વિષયોમાં દોડધામ કરતા થઈ જાય. **સ્પૃહા** - વિવિધ ભોગો ભોગવવાની ઇચ્છા થયા કરે. હે અર્જુન ! જ્યારે આવા દોષો પોતામાં જણાય ત્યારે સમજવું કે હવે રજોગુણ વધી ગયો છે. ॥૧૨॥

रजोवृद्धिमुक्त्वा तमोवृद्धिमाह – अप्रकाश इति ।

अप्रकाशोऽप्रवृत्तिश्च प्रमादो मोह एव च ॥
तमस्येतानि जायन्ते विवृद्धे कुरुनन्दन ! ॥१३॥

हे कुरुनन्दन ! अप्रकाशः – विवेकहानिः, अप्रवृत्तिश्च – उद्यमराहित्यं, प्रमादः – कर्तव्यादन्यत्करणं, मोहश्च – ज्ञानवैपरीत्यम् । एतानि तमसि विवृद्धे सति जायन्ते एव , अप्रकाशादिभिः तमोवृद्धिर्ज्ञातव्येत्यर्थः ।।१३।।

હે કુરુનંદન ! જ્યારે તમોગુણ વધી જાય ત્યારે **જ્ઞાનનો અભાવ** થાય - વિવેક નાશ પામે. **પ્રયત્નનો અભાવ** - કંઈ પણ મહેનત કરવાનું મન ન થાય અને **પ્રમાદ** તથા **મોહ**-અવળું જ્ઞાન થયા કરે, અર્થાત્ આ દોષો જણાય ત્યારે જાણવું જે હવે તમોગુણ વધી ગયો છે. ॥૧૩॥

मृत्युकाले सत्त्वादीनां वृद्धौ फलभेदं वदति द्वाभ्याम् — यदेति ।

यदा सत्त्वे प्रवृद्धे तु प्रलयं याति देहभृत् ॥
तदोत्तमविदां लोकानमलान् प्रतिपद्यते ।।१४।।

देहभृत् – देही, सत्त्वे प्रवृद्धे यदा प्रलयम् – मरणं, याति – प्राप्नोति चेत्, तदा – तर्हि, उत्तमविदाम् – आत्मपरमात्मज्ञानवताम्, अमलान् – रजस्तमःकार्यरूपमलरहितान्, लोकान् – सत्यलोकादिज्ञानिपुरुषनिवास-स्थानानि, प्रतिपद्यते – गच्छति । सत्त्ववृद्धौ मृतश्चेत्, आत्मपरमात्मज्ञानवतां निवासस्थानानि प्राप्य, आत्मपरमात्मप्राप्तिसाधनानि करोतीत्यभिप्रायः ।१४।

❋ ત્રણ ગુણ અનુસાર વર્તનનું ફળ :

જ્યારે સત્ત્વગુણની વૃદ્ધિ થઈ હોય ત્યારે જીવ જો મૃત્યુ પામે, તો રજોગુણ અને તમોગુણની અશુદ્ધિ વગરનાં સત્યલોક વગેરે સ્થાનોને પામે છે કે, જે લોકમાં આત્મા-પરમાત્માના જ્ઞાનવાળા જ્ઞાનીપુરુષો રહેતા હોય છે. અર્થાત્ સત્ત્વગુણ વધ્યો હોય ત્યારે જો મૃત્યુ પામે તો તે જીવ આત્મા-પરમાત્માના જ્ઞાનવાળા જ્ઞાનીપુરુષો જે લોકમાં રહેતા હોય ત્યાં જઈને આત્મા-પરમાત્માની સાક્ષાત્ પ્રાપ્તિ માટેનાં સાધનો કરે છે. ॥૧૪॥

रजसि प्रलयं गत्वा कर्मसङ्गिषु जायते ।।
तथा प्रलीनस्तमसि मूढयोनिषु जायते ।।१५।।

रजसीति। रजसि प्रवृद्धे देहभृत्, प्रलयम् – मृत्युं, गत्वा – प्राप्य, कर्मसङ्गिषु – प्राकृतफलासक्त्या यज्ञादिकर्मासक्तेषु देवमनुष्येषु, जायते – उत्पन्नो भवति। तथा तमसि प्रवृद्धे सति, प्रलीनः – मृतश्चेत्, मूढयोनिषु – म्लेच्छचाण्डालसर्पभूतप्रेतादिषु, जायते – उत्पद्यते, सकलपुरुषार्थहीनो भवतीत्यर्थः ।।१५।।

જ્યારે રજોગુણ વધી ગયો હોય ત્યારે જીવ જો મૃત્યુ પામે, તો માયિક ફળની આસક્તિને કારણે યજ્ઞાદિક કર્મની આસક્તિવાળા દેવ-મનુષ્યની યોનિમાં જન્મ પામે છે. અને તમોગુણ વધી ગયો હોય ત્યારે મૃત્યુ પામે તો મલેચ્છ, ચાંડાળ, સર્પ, ભૂત, પ્રેત વગેરે મૂઢ યોનિઓમાં જન્મ પામે છે. અર્થાત્ પછી તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ કોઈ પુરુષાર્થને પામી શકતો નથી. ॥૧૫॥

गुणत्रयजनितकर्मणां फलभेदमाह – कर्मण इति ।

कर्मणः सुकृतस्याहुः सात्त्विकं निर्मलं फलम् ।।
रजसस्तु फलं दुःखमज्ञानं तमसः फलम् ।।१६।।

सुकृतस्य – फलसङ्गरहिततया विहितस्य यज्ञतपोदानादिसात्त्विकस्य कर्मणः, सात्त्विकम् – सत्त्वेन निर्वृत्तं, सत्त्वप्रधानमित्यर्थः। निर्मलम् – अधिकज्ञानप्रकाशादिभिः स्वच्छं फलं, गुणकार्यविद ऋषय आहुः – वदन्ति। रजसः – फलासक्त्या कृतस्य राजसकर्मणस्तु, फलं दुःखम् – ईर्षामानस्पर्धासूयाजन्ममरणादिक्लेशबहुलम् आहुः। तमसः – प्रमादमोहाभ्यां कृतस्य तामसकर्मणः, अज्ञानम् – अधिकतरतमोजनकं फलमाहुः।।१६।।

ગુણ અને તેનાં કાર્યોને જાણનારા ઋષિઓ કહે છે કે, 'ફળની ઇચ્છા વગર શાસ્ત્રોક્ત યજ્ઞ, તપ, દાન વગેરે સાત્ત્વિક કર્મોનું ફળ સાત્ત્વિક અને નિર્મળ મળે છે. અર્થાત્ સત્ત્વગુણપ્રધાન અને અધિક જ્ઞાન પ્રકાશનારું સારું ફળ મળે છે. ફળની આસક્તિથી કરેલાં રાજસ કર્મોનું ફળ તો ઈર્ષ્યા, માન, સ્પર્ધા, અસૂયા અને જન્મ-મરણ વગેરેના વિવિધ પ્રકારના ક્લેશોવાળું દુઃખ જ છે. અને પ્રમાદ તથા મોહથી કરેલાં તામસ કર્મોનું ફળ અજ્ઞાન છે. અર્થાત્ હોય તેના કરતાં પણ તમોગુણને વધારી દેનારું ફળ મળે છે. ॥૧૬॥

पुनरपि सत्त्वादीनां कार्यमाह – सत्त्वादिति ।

सत्त्वात् सञ्जायते ज्ञानं रजसो लोभ एव च ॥
प्रमादमोहौ तमसो भवतोऽज्ञानमेव च ॥१७॥

सत्त्वात् – वृद्धिं प्राप्तात् सत्त्वगुणात्, ज्ञानम् – आत्मपरमात्मयथार्थवेदनं, सञ्जायते। रजसः – वृद्धिं प्राप्ताद्रजोगुणात्, लोभश्च – स्वर्गादिफलेऽत्यासक्तिर्जायत एव। तमसः – वृद्धिं प्राप्तात्तमोगुणात्, प्रमादमोहौ भवतः, अज्ञानं च भवत्येव। प्रमादः – असावधानता, तस्मात् पापकर्मणि प्रवृत्तिः, तस्माच्च मोहः – ज्ञानवैपरीत्यं, तस्माच्च बहुलं तमोऽज्ञानमेवेत्यभिप्रायः ॥१७॥

ઘણો બધો વધી ગયેલ સત્ત્વગુણથી આત્મા-પરમાત્માનું યથાર્થ જ્ઞાન થાય છે. એવી જ રીતે વધી ગયેલ રજોગુણ થકી સ્વર્ગ વગેરે ફળમાં અતિ આસક્તિરૂપ લોભ થાય છે. તેમ જ વૃદ્ધિ પામેલા તમોગુણથી પ્રમાદ, મોહ અને અજ્ઞાન થાય છે. અર્થાત્ અસાવધાનીરૂપ પ્રમાદને કારણે પાપકર્મો થાય છે. તેનાથી મોહ થાય છે. અને તે વિપરીત જ્ઞાનરૂપ મોહથી ગાઢ અંધકારરૂપ અજ્ઞાન જ વધતું જાય છે. ॥૧૭॥

ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्था मध्ये तिष्ठन्ति राजसाः ॥

जघन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः ॥१८॥

ऊर्ध्वमिति। सत्त्वस्था जनाः, ऊर्ध्वम् - उच्चगतिं, गच्छन्ति - लभन्ते। इतरवर्णेषु स्थिता अल्पसत्त्वस्थाश्च जनाः, असङ्गकर्मणा ज्ञानाऽऽसक्त्या च, शुद्धं ब्राह्मणत्वं प्राप्नुवन्ति। तत्र सत्त्वसेवया च ऋषित्वं गच्छन्ति। तत्राप्यधिकतरसत्त्वसेवया पारमहंस्यं लभन्ते, ततो मोक्षं प्रयान्तीति भावः। राजसा जना मध्ये तिष्ठन्ति — रजोगुणवृत्तिस्थाः फलासक्त्या कर्माणि कृत्वा स्वर्गं प्राप्नुवन्ति। तत्र च भोगान् भुक्त्वा कर्मफलावसाने पुनर्मर्त्यलोकं विशन्ति, पुनरपि फलासक्त्या कर्माणि कृत्वा स्वर्गं गच्छन्ति, पुनर्मर्त्यलोकं विशन्ति, एवं पुनः पुनरावर्तनेन मध्ये तिष्ठन्तीत्यभिप्रायः। जघन्यगुणवृत्तिस्थाः — जघन्यस्य - सत्त्वरजोऽपेक्षया पश्चाद्भाविनो निकृष्टस्य गुणस्य - तमोगुणस्य, वृत्तयः - प्रमादमोहादयः, तत्रस्थास्तामसा जना, अधो गच्छन्ति। तमोगुणवृत्तिस्था ब्राह्मणादयः अधिकाधिकतमोगुणवृत्तिसेवनादनुक्रमेण शूद्रत्वान्त्यजत्वचाण्डालत्व-पशुत्ववृक्षत्वपाषाणत्वादिकं गच्छन्तीत्यभिप्रायः ।।१८।।

સત્ત્વગુણવાળા લોકો ઊર્ધ્વગતિને પામે છે. **ઊર્ધ્વગતિ એટલે શું ?** તો, બ્રાહ્મણ સિવાયના વર્ણમાં જન્મેલા એવા અલ્પ સત્ત્વગુણવાળા જીવો લૌકિક ફળની ઇચ્છા વગર અને માત્ર આત્મા-પરમાત્માના જ્ઞાનની આશાથી કર્મ કરતાં કરતાં શુદ્ધ બ્રાહ્મણયોનિમાં જન્મ પામે છે. તે જન્મમાં પણ સત્ત્વગુણનું અધિક સેવન કરીને ઋષિપણાને પામે છે. ત્યાં પણ એથી વધુ સત્ત્વગુણ વધારીને પરમહંસપણાને પામે છે. પછી આત્મા-પરમાત્માની પ્રાપ્તિરૂપ મોક્ષ પામે છે. આમ, **સત્ત્વગુણવાળા જીવો સતત ઊર્ધ્વગતિ પામતા રહે છે.**

રજોગુણી વૃત્તિવાળા જીવો ફળની ઇચ્છાથી કર્મો કરીને સ્વર્ગને પામે છે. ત્યાં ભોગો ભોગવીને કર્મોનું ફળ પૂરું થતાં વળી મૃત્યુલોકમાં

આવે છે. આમ, વારંવાર પુનરાવર્તન કર્યા કરે છે અને વચ્ચેના લોકમાં જ રહે છે. સત્ત્વગુણ અને રજોગુણ કરતાંય તમોગુણ અતિ ઊતરતો છે. તેની પ્રમાદ-મોહાદિક દોષોરૂપ વૃત્તિમાં અવરાયેલા તમોગુણી લોકો અધોગતિ પામે છે. અર્થાત્ **તમોગુણી વૃત્તિવાળા લોકો બ્રાહ્મણાદિક ઉચ્ચયોનિમાં હોવા છતાં વધુ ને વધુ તમોગુણની વૃત્તિનું સેવન કરવાથી ધીરે ધીરે શૂદ્ર, અંત્યજ, ચાંડાલ, પશુ, વૃક્ષ, પાષાણ વગેરે નીચ યોનિઓમાં ધકેલાતા જાય છે.** ॥૧૮॥

गुणेभ्यः परं ज्ञानेन मोक्षो भवतीत्याह द्वाभ्याम् – नेति ।

नान्यं गुणेभ्यः कर्तारं यदा द्रष्टानुपश्यति ॥
गुणेभ्यश्च परं वेत्ति मद्भावं सोऽधिगच्छति ॥१९॥

द्रष्टा – शुद्धसत्त्वगुणवृत्तिसेवनेन गुणद्रष्टा क्षेत्रज्ञः, गुणेभ्यः – सत्त्वादिभ्यः, अन्यं कर्तारम् – गुणवृत्त्युद्भवविधायकं, यदा नानुपश्यति, किन्तु सत्त्वादयो गुणा एव स्वकीयानि स्वकीयानि कर्माणि, स्वकीयं प्रकाशलोभप्रमादादिवृत्त्युद्भवं च कुर्वन्तीति गुणकर्तृत्वमुत्तरोत्तराधिक-सत्त्वसेवया शुद्धो जीवात्मा पश्यतीत्यर्थः । गुणेभ्यः – स्वस्वकर्म-प्रकाशादिवृत्तिकर्तृभ्यः सत्त्वादिभ्यश्च, परम् – अन्यमकर्तारं शुद्धमात्मानं, वेत्ति – जानाति, तदा सः मद्भावम् – ममाक्षरस्वभावमधिगच्छति, ब्रह्मभावं प्राप्नोतीत्यर्थः ।।१९।।

❋ આત્માને અકર્તા રહેવાની કળા :

શુદ્ધ સત્ત્વગુણની વૃત્તિરૂપ જ્ઞાનાદિકના અભ્યાસથી ત્રણ ગુણથી જુદો પડી તે ગુણોને જોનારો એવો શુદ્ધ આત્મા જ્યારે સત્ત્વાદિક ગુણ સિવાય બીજા કોઈને કર્તા તરીકે - ગુણોની વૃત્તિને પ્રવર્તાવનાર નથી જોતો; અર્થાત્ **ગુણોને જ કર્તા માને છે અને આત્મસ્વરૂપને તે ગુણોથી**

પર-અકર્તાપણે જાણે છે. ત્યારે તે આત્મા મારા ભાવને પામે છે, અર્થાત્ બ્રહ્મભાવને પામે છે.

ગુણોને જ કર્તા માનવા એટલે શું ? તો, વધુ ને વધુ સત્ત્વગુણના સેવનથી શુદ્ધ થયેલો આત્મા એવું માનવા લાગે છે કે, સત્ત્વાદિક ત્રણ ગુણો જ જ્ઞાન, પ્રવૃત્તિ અને મોહ ઊપજાવવારૂપ પોતપોતાનાં કાર્યો કરે છે. અને તે સત્ત્વાદિક ગુણો જ પ્રકાશ, લોભ અને પ્રમાદ વગેરે પોતાની વૃત્તિઓને પેદા કરવાનું કામ કરે છે. આમ, ગુણો પોતે જ પોતાનાં કાર્યો અને પોતાની વૃત્તિઓને પેદા કરે છે, પણ મારે તેની સાથે કાંઈ જ નિસ્બત નથી; એમ સમજવું તે ગુણોને કર્તા માન્યા કહેવાય.

આત્માને ગુણથી પર માનવો એટલે શું ? તો, મારા જીવનમાં આળસ-પ્રમાદ, ઈન્દ્રિયોની ચંચળતા અને સાત્ત્વિક જ્ઞાન વગેરે જે કાંઈ ક્રિયા થઈ રહી છે. તથા જેનાથી સાચું-ખોટું જણાય એવો પ્રકાશ, વિષયમાં આસક્તિરૂપ લોભ અને મોહ વગેરે વિવિધ પ્રકારની જે કાંઈ વૃત્તિઓ પેદા થઈ રહી છે, તે સર્વેના પ્રેરક-પ્રવર્તક-કર્તા તો ત્રણ ગુણ જ છે. હું શુદ્ધ આત્મા તો તેનાથી તદ્દન જુદો અને નિર્લેપ જ છું; આવું માનવું તે આત્માને ગુણથી પર માન્યો કહેવાય. ॥૧૯॥

गुणानेतानतीत्य त्रीन् देही देहसमुद्भवान् ॥
जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ॥२०॥

गुणानिति। देहसमुद्भवान् — देहेन - इन्द्रियान्तःकरणरूपेण समुद्भवः - परिणामो येषां तान्, एतान् - मायात्मकान्, त्रीन् - सत्त्वरजस्तमोऽभिधान्, गुणान्, देही - मदुपासको जीवः, अतीत्य - उल्लङ्घ्य, स्वस्य शुद्धं स्वरूपमीक्षमाणस्सन्, गुणकृतैर्जन्ममरण-जरादुःखैर्विमुक्तस्सन्, अमृतम् - मोक्षम्, अश्नुते - प्राप्नोति। दुःखानि - आध्यात्मिकादीनि ॥२०॥

મારો ઉપાસક જીવ ઇન્દ્રિયો-અંતઃકરણરૂપ દેહથી પેદા થનાર અને માયામય એવા સત્ત્વાદિક ત્રણેય ગુણોને ઓળંગી જાય છે. અર્થાત્ ગુણોથી પર-ગુણાતીત થઈને પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને જુએ છે. પછી ગુણોને કારણે થનારાં જન્મ, મરણ, ગઢપણ અને આધ્યાત્મિક, આધિભૌતિક, આધિદૈવિક વગેરે દુઃખોથી છૂટીને મોક્ષ પામે છે." ॥૨૦॥

इदानीं गुणरहितस्य लक्षणमाचरणं च गुणनाशकारणं च श्रीकृष्णं पृच्छन्नर्जुन उवाच – कैरिति ।

अर्जुन उवाच –

कैर्लिङ्गैस्त्रीन् गुणानेतानतीतो भवति प्रभो ! ॥
किमाचारः कथं चैतांस्त्रीन् गुणानतिवर्तते ॥२१॥

हे प्रभो ! एतान् – सत्त्वादीन्, त्रीन् गुणान्, अतीतः – अतिक्रम्य स्थितः, कैर्लिङ्गैः – लक्षणैः, चिह्नितो भवति? कीदृशं स्वरूपमस्येत्यर्थः । अस्य किमाचारः ? – किमाचरणं, को देहाचार इत्यर्थः । एतान् त्रीन् गुणांश्च कथमतिवर्तते ? केन साधनेन गुणातीतो भवतीत्यर्थः ।।२१।।

❋ ગુણાતીત પુરુષનાં લક્ષણ, આચરણ અને ઉપાય :

હવે તે ગુણાતીત પુરુષનાં લક્ષણો, દેહનું આચરણ અને ગુણાતીત બનવાનું સાધન જાણવાની ઇચ્છાથી અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનને આવું પૂછે છે : "હે પ્રભુ ! જે પુરુષ આ ત્રણેય ગુણથી પર થઈ ગયા હોય, તેનાં લક્ષણો શું છે ? તેમનું સ્વરૂપ કેવું હોય ? અર્થાત્ હું કેવાં ચિહ્નો વડે તેમને ઓળખી શકું ? તથા તેમનું દૈહિક વર્તન કેવું હોય ? અને આ ત્રણેય ગુણોથી પર કેવી રીતે થઈ શકાય ? અર્થાત્ કેવા ઉપાયો વડે ગુણાતીત-ગુણથી પર થઈ શકાય ?" ॥૨૧॥

अर्जुनकृतप्रश्नोत्तरं कुर्वन् सन् श्रीभगवानुवाच – प्रकाशमिति ।

श्रीभगवानुवाच –

प्रकाशं च प्रवृत्तिं च मोहमेव च पाण्डव ! ॥
न द्वेष्टि सम्प्रवृत्तानि न निवृत्तानि काङ्क्षति ॥२२॥

हे पाण्डव ! आत्मपरमात्मव्यतिरिक्तेषु प्राकृतेष्वप्रियपदार्थेषु, सम्प्रवृत्तानि प्रकाशं च प्रवृत्तिं च मोहं च एतच्चोपलक्षणमात्रं, सर्वाण्यपि सत्त्वादीनां कार्याणि, यो न द्वेष्टि । तथा आत्मपरमात्मेतरेषु प्रियेषु प्राकृतपदार्थेषु, निवृत्तानि – प्रकाशादीनि सत्त्वादीनां कार्याणि, न काङ्क्षत्येव । गुणातीतः स उच्यत इति चतुर्थश्लोकगतेन पदेनान्वयः ।।२२।।

અર્જુનના પ્રથમ પ્રશ્નનો જવાબ આપવા ગુણાતીત પુરુષનાં લક્ષણો જણાવવા માટે ભગવાને કહ્યું : "હે પાંડવ ! તે ગુણાતીત પુરુષ આત્મા-પરમાત્મા સિવાયના પોતાને અણગમતા માયિક પદાર્થોની બાબતમાં ત્રણ પ્રકાશાદિક ગુણનાં કાર્યો પ્રવર્તે તેનો દ્વેષ નથી કરતો. એટલે કે, પોતાને અપ્રિય પદાર્થો વિશે કાંઈક જાણવા મળે કે અપ્રિય પદાર્થ તરફ મન-ઇન્દ્રિયાદિકની પ્રવૃત્તિ થાય અથવા તો તે બાબતમાં જેમ છે તેમ ન જણાય – આવી **ગુણમય ક્રિયાઓ સ્વાભાવિકપણે થયા કરતી હોય, તેનો તે ગુણાતીત પુરુષ ક્યારેય દ્વેષ નથી કરતો. અર્થાત્ તેનાથી તદ્દન અલિપ્ત રહીને તેનો ખેદ-ઉદ્વેગ નથી કરતો.**

વળી, આત્મા-પરમાત્મા સિવાયના પોતાને ગમતા વિષયોમાં સત્ત્વાદિક ગુણના જ્ઞાન, પ્રવૃત્તિ, મોહ વગેરે કાર્યો ન પ્રવર્તે, તો તેની આકાંક્ષા રાખતો નથી. એટલે કે, પોતાના પ્રિય પદાર્થો વિશે જાણવા ન મળે, તે બાબતમાં મન વગેરેની પ્રવૃત્તિ ન થાય, એ આદિક ગુણમય ક્રિયાઓ કરવા ન મળે, તો તેને ગુણાતીત પુરુષ ક્યારેય ઇચ્છતો નથી. અર્થાત્ તેનાથી જુદો રહી તેમાં આસક્ત થતો નથી. આવો પુરુષ ગુણાતીત કહેવાય છે. ॥૨૨॥

तर्हि कथं करोतीत्यत्राह – उदासीनवदिति ।

उदासीनवदासीनो गुणैर्यो न विचाल्यते ॥
गुणा वर्तन्त इत्येवं योऽवतिष्ठति नेङ्गते ॥२३॥

उदासीनवत् – लोकेषु उदासीनः पुरुषो यथा तथा गुणकार्येषु उदासीनः, आसीनः – गुणकार्यद्रष्टृस्वस्वरूपदर्शनेन तृप्तः सन् स्थितो, यः – पुरुषः, गुणैः – सत्त्वादिभिः, न चाल्यते – प्रच्याव्यते, गुणाः स्वकार्यैस्तं न चालयन्तीत्यर्थः । गुणाः – सत्त्वादयः, स्वकीयेषु प्रकाशादिषु कार्येषु वर्तन्त एव, इत्येवं ज्ञात्वा स्वस्वरूपमवलोकयन्नवतिष्ठति, नेङ्गते – गुणकार्यानुसारेण न चेष्टते इत्यर्थः । गुणातीतः स उच्यते इति तृतीय–गतेनान्वयः ॥२३॥

બધાથી ઉદાસ થઈ ગયેલો પુરુષ જેમ કોઈ પણ સ્થાનમાં હર્ષ-શોક રહિત વર્તે છે, તેમ જે પુરુષ ત્રણ ગુણનાં કાર્યોથી ઉદાસ રહે છે. અર્થાત્ તે ગુણનાં કાર્યોનો સાક્ષી એવા પોતાના શુદ્ધ આત્મસ્વરૂપનાં દર્શનથી જ તૃપ્ત-સંતુષ્ટ રહે છે. અને સત્ત્વાદિક ગુણોનાં કાર્યો જેને તે સ્થિતિથી વિચલિત કરી શકતાં નથી. પરંતુ 'સત્ત્વાદિક ગુણો જ પોતપોતાનાં કાર્યોમાં પ્રવર્તી રહ્યા છે' એમ સમજીને જે પુરુષ પોતાના આત્મસ્વરૂપને જોતો થકો સ્થિર રહે છે, પણ ગુણોનાં કાર્યો પ્રમાણે તે પોતે કાંઈ ક્રિયા કરવા લાગી પડતો નથી. આવો પુરુષ ગુણાતીત કહેવાય છે. ॥૨૩॥

गुणातीतपुरुषस्य स्वरूपमुक्त्वा तस्याचरणं वदति द्वाभ्याम् – समेति ।

समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकाञ्चनः ॥
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिन्दात्मसंस्तुतिः ॥२४॥

समदुःखसुखः – समे दुःखसुखे यस्य, स्वस्थः – स्वस्वरूपस्थः, तत्र स्थित्या देहाभिमानरहितत्वाद्देहसम्बन्धिपदार्थलाभालाभयोः समचित्तः

इत्यर्थः । अत एव समलोष्टाश्मकाञ्चनः – समानि लोष्टाश्मकाञ्चनानि यस्य सः, लोष्टः – पांसुपिण्डः । अत एव तुल्यप्रियाप्रियः — तुल्ये – समे, प्रियाप्रिये – सुखदुःखकारणभूते प्राकृतवस्तुनी यस्य सः, धीरः – आत्मानात्मविवेकपटुः, अत एव तुल्यनिन्दात्मसंस्तुतिः — तुल्या – समा, निन्दा – कुत्सा, आत्मनः संस्तुतिः – श्लाघा च यस्य । गुणातीतः स उच्यते इति द्वितीयगतेनान्वयः ।।२४।।

હે અર્જુન ! હવે તે ગુણાતીત પુરુષનું આચરણ જણાવું છું. **જે પુરુષ સુખ કે દુઃખમાં એક સરખો જ રહે છે. જે પુરુષ હંમેશાં સ્વસ્વરૂપમાં જ સ્થિત રહે છે.** અર્થાત્ આત્મનિષ્ઠાની દૃઢતાને કારણે દેહાભિમાન ટળી જવાથી દેહસંબંધી પદાર્થનો લાભ થાય કે ગેરલાભ — તે બંને સ્થિતિમાં સમાન ચિત્તવાળો જ રહે છે. અને એટલે જ જે ધૂળનું ઢેફું, પત્થર અને સોનાને એક સમાન ગણે છે. વળી, જેને પોતાને સુખ તથા દુઃખ દેનારી માયિક વસ્તુઓમાં સમાન બુદ્ધિ જ રહે છે. **જે દેહ અને આત્માનો સ્પષ્ટ વિવેક કરવામાં અતિ હોંશિયાર હોય છે. અને એટલે જ જેને કોઈ પોતાની નિંદા કરે કે વખાણ કરે, તે બધું જ એક સમાન જ લાગે છે.** આવો પુરુષ ગુણાતીત કહેવાય છે. ॥૨૪॥

मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः ॥
सर्वारम्भपरित्यागी गुणातीतः स उच्यते ॥२५॥

मानापमानयोरिति । मानापमानयोस्तुल्यः – समचित्तः, मित्रारिपक्षयोः – मित्रपक्षे अरिपक्षे च तुल्यः, सर्वारम्भपरित्यागी — प्राकृतवस्तुप्राप्तये सर्वानारम्भान् – उद्यमान् परित्यक्तुं शीलमस्य, इत्थम्भूताचरणसहितो यो भवति, स गुणातीत उच्यते ।।२५।।

જેને માન કે અપમાનમાં સમાન બુદ્ધિ જ રહે છે. જે મિત્રના

પક્ષમાં અને શત્રુના પક્ષમાં એક સમાન વર્તન રાખે છે. વળી, જેને માયિક વસ્તુ મેળવવા માટેના પ્રયત્નો છોડી દેવાનો જ સ્વભાવ પડી ગયો છે. આવાં આચરણવાળો જે હોય તે ગુણાતીત પુરુષ કહેવાય છે. ॥૨૫॥

गुणातीतस्थितिप्राप्तौ मुख्यं हेतुं ब्रवीति – मामिति ।

मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ॥
स गुणान् समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते ॥२६॥

यः, अव्यभिचारेण – अनपायेन, निश्चलेनेति यावत् । भक्तियोगेन मां च – निर्गुणं नारायणमेव, सेवते – भजते। चोऽवधारणे। तथा च श्रुतिस्मृतयः – "साक्षी चेता केवलो निर्गुणश्च"(श्वेता.६/११) इति । एकादशे च – "मां भजन्ति गुणाः सर्वे निर्गुणं निरपेक्षकम्"(भाग.११/१३/४०) इति। विष्णुपुराणे च – "सत्त्वादयो न सन्तीशे यत्र च प्राकृता गुणाः"(वि.पु.१/९/४४) इति । मार्कण्डेयपुराणे च – "दूरस्था चान्तिकस्था च विज्ञेया सा गुणातिगा"(ब्रह्मपु.१८०/१९) इत्याद्याः। सः एतान् – सत्त्वादीन् दुरत्ययान् गुणान्, समतीत्य – सम्यक् तिरस्कृत्य, ब्रह्मभूयाय – ब्रह्मभावाय, कल्पते, अक्षरब्रह्मतुल्यो भवतीत्यर्थः। तथात्र चोक्तम् – "दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया। मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते"(गीता.७/१४) इति। नारायणस्य स्वस्यैकान्तिकीं भक्तिं विना गुणात्ययः कदापि न स्यादिति श्रीकृष्णचन्द्राभिप्रायः ।।२६।।

ગુણાતીત સ્થિતિ પ્રાપ્ત કરવાનો મુખ્ય ઉપાય શું છે ? તો, જે સુદૃઢ ભક્તિયોગથી નિર્ગુણ એવા મને જ ભજે છે, તે ભક્ત દુઃખે કરીને પણ છોડી ન શકાય એવા ત્રણેય ગુણોનો સંપૂર્ણ પરાભવ કરીને અક્ષરબ્રહ્મ સમાન થઈ જાય છે. અર્થાત્ મારી પરબ્રહ્મનારાયણની એકાંતિકી ભક્તિ વિના કદિ કોઈ ગુણાતીત થઈ શકતો નથી. ॥૨૬॥

ननु तवैवैकान्तिकभक्त्या गुणात्ययः, साधनान्तरैर्नेति कथम् ? तत्राह — ब्रह्मण इति ।

ब्रह्मणो हि प्रतिष्ठाहममृतस्याव्ययस्य च ॥
शाश्वतस्य च धर्मस्य सुखस्यैकान्तिकस्य च ॥२७॥

इति श्रीभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णाऽर्जुनसंवादे 'गुणातीतयोगो' नाम चतुर्दशोऽध्यायः ॥१४॥

प्रतिष्ठीयतेऽस्यामिति प्रतिष्ठा – आश्रय, आधार इति यावत् । हि – यस्मात्, अव्ययस्य ब्रह्मणः – अक्षरधाम्नः, प्रतिष्ठा – आश्रयोऽहम्, अक्षरब्रह्म मयैव धृतमित्यर्थः । अमृतस्य – मोक्षस्य च, प्रतिष्ठा – आश्रयोऽहं, मत्त एव मोक्षो भवतीत्यर्थः । शाश्वतस्य – सनातनस्य, धर्मस्य – एकान्तधर्मस्य, प्रतिष्ठा – आश्रयोऽहं, मत्त एव तस्य प्रवृत्तिः, स मय्येव स्थित इत्यर्थः । एकान्तिकस्य सुखस्य – एकान्तिकधर्मप्राप्यस्य अनवधिकातिशयानन्दस्य, प्रतिष्ठा – आश्रयोऽहं, तस्य दाताहमेवास्मीत्यर्थः । अत एव ममैकान्तिक–भक्त्यैव गुणात्ययः, आत्मप्राप्तिः, ब्रह्मप्राप्तिश्च, ममात्यन्तिकसुखप्राप्तिश्च भवति, न तु साधनान्तरैरिति वसुदेवनन्दनाभिप्रायः ।।२७।।

✵ સર્વનું મૂળ એક શ્રીહરિ :

મારી ભક્તિ સિવાય કોઈ પણ સાધનોથી ગુણાતીત કેમ ન થઈ શકાય ? તો, અવિનાશી એવા અક્ષરધામનો પણ આધાર હું છું; અર્થાત્ અક્ષરબ્રહ્મને પણ મેં જ તેની સ્થિતિમાં ધારી રાખ્યું છે. વળી, મોક્ષનો આધાર પણ હું છું; અર્થાત્ **મારી કૃપાથી જ સહુ કોઈનો મોક્ષ થાય છે.** સનાતન એવા એકાંતિક ધર્મનો આશ્રય પણ હું છું; અર્થાત્ મારે કારણે જ સર્વત્ર એકાંતિક ધર્મની પ્રવૃત્તિ થાય છે. તથા તે એકાંતિક ધર્મ અખંડ મારામાં જ રહેલો છે. વળી, તે એકાંતિક ધર્મથી મળનાર

અમાપ અને સર્વશ્રેષ્ઠ આનંદનો આશ્રય પણ હું છું. અર્થાત્ તે આનંદનો દાતા હું જ છું. આમ, **સર્વનું મૂળ કારણ હું હોવાથી મારી એકાંતિક ભક્તિ વડે જ ગુણાતીત થવાય છે, આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે, અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે અને મારા આત્યંતિક સુખની પ્રાપ્તિ થાય છે; પરંતુ મારી એકાંતિક ભક્તિ સિવાય બીજાં કોઈ સાધનોથી તે થઈ શકતું નથી.**"॥૨૭॥

अत्र चतुर्दशे सत्त्वरजस्तमसां सवृत्तिभेदं स्वरूपं तन्निरसनसाधनं चोक्तम् ।

इति श्रीसहजानन्दस्वामिशिष्यगोपालानन्दकृतायां भगवद्भावदीपिकायां श्रीभगवद्गीताटीकायां चतुर्दशोऽध्यायः ॥१४॥

આ ચૌદમા અધ્યાયમાં : (૧) ત્રણેય ગુણનું સ્વરૂપ તેની વૃત્તિઓના ભેદોએ સહિત કહ્યું તથા (૨) જીવને ગુણોથી પર થવાનો અસાધારણ ઉપાય કહ્યો છે.

આ રીતે સર્વાવતારી શ્રીસહજાનંદસ્વામીના શિષ્ય સદ્.શ્રીગોપાળાનંદ-સ્વામી વિરચિત શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યના ગુજરાતી ભાવાનુવાદમાં 'ત્રણ ગુણનું સ્વરૂપ તથા ગુણાતીત થવાનો ઉપાય કહ્યો' એ નામે ચૌદમો અધ્યાય પૂરો થયો. ॥૧૪॥



पञ्चदशोऽध्यायः

पुरुषोत्तमयोगः

अस्मिन् पञ्चदशाध्यायेऽक्षरस्थाननिवासिनः, क्षराक्षरभावसंयुक्ताद् द्विविधपुरुषात् स्वरूपस्वभावादिभिरत्युत्तमस्य, सर्वोपास्यस्याऽनवधिकातिशयानन्ददातुः, परमेश्वरस्य सर्वोत्कृष्टत्वं निरूप्यते ।

આ પંદરમાં અધ્યાયમાં અક્ષરધામનિવાસી પરમેશ્વરની સર્વોપરિતા કહી છે. કેવી રીતે ? તો, ક્ષર અને અક્ષરભાવે યુક્ત બે પ્રકારના પુરુષ કરતાં સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને ઐશ્વર્યે કરીને પુરુષોત્તમ અતિ ઉત્તમ છે, સર્વના ઉપાસ્ય છે; અમાપ અને સર્વશ્રેષ્ઠ આનંદ આપનારા છે.

अत्रादौ जीवानां बन्धकं प्रकृतिपरिणामभूतं विश्वं तरुरूपकेण निरूपयन् सन्नर्जुनं श्रीभगवानुवाच – ऊर्ध्वमूलमिति ।

श्रीभगवानुवाच –

ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।।
छन्दांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित् ।।१ ।।

ऊर्ध्वमूलम् – ऊर्ध्वम् – ब्रह्मलोकस्थं त्रिगुणप्रकृतिसंसृष्टं वैराजब्रह्मरूपं मूलं यस्य तम्, अधःशाखम् – अधः – ततोऽर्वाचीनाः पद्मभूब्रह्मा तदपत्यमरीचिकर्दमाद्याः पृथिव्यादिपञ्चमहाभूतानि च, शाखा इव यस्य तम्, अव्ययम् – सृष्टिप्रवाहरूपेण नित्यम्, अश्वत्थम् – विश्ववृक्षं, प्राहुः ।

"ऊर्ध्वमूलोऽवाक्शाख एषोऽश्वत्थः सनातनः"(कठो.२/३/१) इत्यादीनि वेदवचनानि। अव्यक्तमूलप्रभवस्तस्यैवानुग्रहोत्थितः। बुद्धिस्कन्धमयश्चैव इन्द्रियान्तरकोटरः।। महाभूतविशाखश्च विषयैः पत्रवांस्तथा। धर्माधर्मसुपुष्पश्च सुखदुःखफलोदयः।। आजीव्यः सर्वभूतानां विश्ववृक्षः सनातनः। (ब्रह्माण्डपु.पू.१/५/१००-१०२) "एतच्छित्त्वा च भित्त्वा च ज्ञानेन परमासिना" (म.भा.अश्व.४७/१४) "ततश्चात्मगतिं प्राप्य तस्मान्नावर्तते पुनः" इत्यादीनि स्मृतिवचनानि च वदन्ति। यस्य – विश्ववृक्षस्य, छन्दांसि – वेदाः, पर्णानि – धर्मार्थकाममोक्षप्रतिपादकतया जीवानां छायावत् सुखकराणि पत्राणि सन्ति। यस्तम् – वृक्षं, वेद – जानाति स वेदवित् – वेदज्ञः ।।१।।

❋ વિશ્વનું વૃક્ષરૂપે વિવરણ :

અહીં શરૂઆતમાં માયાના વિકારરૂપ અને જીવને બંધન કરનાર એવા આ વિશ્વનું વૃક્ષરૂપે નિરૂપણ કરવા માટે ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે : "હે અર્જુન ! કેટલીક શ્રુતિ-સ્મૃતિઓ આ વિશ્વને વૃક્ષરૂપે કહે છે. **વિશ્વરૂપ વૃક્ષ કેવું છે ?** તો, આ વૃક્ષ ઉપર-અદ્ધર મૂળવાળું છે. અર્થાત્ ત્રણ ગુણવાળી માયાની સાથે જોડાયેલા અને સત્યલોકમાં રહેલા વૈરાજબ્રહ્મા આ વિશ્વવૃક્ષના મૂળરૂપે છે. તે વૈરાજથી નીચેના અને તેના નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલ બ્રહ્મા તથા તેના પુત્રો મરીચિ-કર્દમાદિકથી લઈ પૃથ્વી વગેરે પંચમહાભૂતો આ વૃક્ષની શાખા-ડાળીઓ છે. વેદો આ વૃક્ષનાં પાંદડાં છે. કેમ જે, તે વેદો ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું પ્રતિપાદન કરતા હોવાથી જીવોને પાંદડાંના છાંયડાની જેમ સુખ આપનારા છે.

આવું આ વિશ્વરૂપી વૃક્ષ સૃષ્ટિના પ્રવાહરૂપે અનાદિથી ચાલ્યું આવતું નિત્ય છે. આવા આ વિશ્વરૂપ વૃક્ષને જે મનુષ્ય જાણે છે, તે વેદનો જાણકાર છે. ॥૧॥

पुनरपि तमेव निरूपयति – अधश्चेति ।

उपजातिवृत्तम् :

अधश्चोर्ध्वं प्रसृतास्तस्य शाखा गुणप्रवृद्धा विषयप्रवालाः ॥
अधश्च मूलान्यनुसन्ततानि कर्मानुबन्धीनि मनुष्यलोके ॥२॥

तस्य – विश्ववृक्षस्य, अधः – मनुष्यपश्वादिरूपाः, ऊर्ध्वम् – देव–गन्धर्वादिरूपाश्च, शाखाः प्रसृताः – विस्तारं गताः सन्ति । ताः कथम्भूताः ? गुणप्रवृद्धाः – जलसेचनैर्वृक्षशाखा यथा तथा गुणैः – सत्त्वादिगुणवृत्तिभिः, प्रवृद्धाः – वृद्धिं प्राप्ताः, विषयप्रवालाः – विषयाः – विषयभोगाः, प्रवालाः – पल्लवा इव यासां ताः, एवम्भूताः शाखाः प्रसृता इति योज्यम् । अधः मनुष्यलोके च, अनुसन्ततानि – विरूढानि, कर्मानुबन्धीनि – कर्म – धर्माधर्मलक्षणम्, अनुबद्धुम् – पश्चाज्जनयितुं शीलं येषां तानि, कर्माव–लम्बीनीत्यर्थः । मूलानि – विश्ववृक्षावान्तरमूलान्यपि सन्ति । मनुष्यदेहेषु कृतैः कर्मभिरधो मनुष्यपश्वादयः ऊर्ध्वं देवगन्धर्वादयश्च भावा भवन्तीति भावः ।२।

આ વિશ્વવૃક્ષની નીચેની ડાળીઓ મનુષ્ય, પશુ-પક્ષી આદિકરૂપે અને ઉપરની ડાળીઓ દેવ-ગંધર્વાદિકરૂપે વિસ્તરેલી છે. જેમ જળ સિંચવાથી વૃક્ષની ડાળીઓ ફાલે-ફૂલે, તેમ આ ડાળીઓ સત્ત્વાદિક ગુણની વૃત્તિઓથી વૃદ્ધિ પામે છે. વળી, વિષયના ભોગરૂપી નવી નવી કૂંપળોવાળી તે ડાળીઓ ઉપર-નીચે ખૂબ ફાલી-ફૂલી છે. વળી, આ વૃક્ષનાં બીજાં નાનાં-મોટાં ઘણાંક મૂળિયાં નીચે મનુષ્યલોકમાં પણ ઘણાં ઊંડાં ગયેલાં છે.

નીચેનાં મૂળિયાં એટલે શું ? તો, ધર્મ અને અધર્મરૂપી કર્મને અનુસારે જન્મવાના સ્વભાવવાળા દેવ-મનુષ્યાદિક; અર્થાત્ મનુષ્યદેહે કરીને કરેલાં કર્મો વડે નીચેના લોકમાં મનુષ્ય-પશુ વગેરેના દેહોને પામે છે અને ઉપર દેવ-ગંધર્વાદિકરૂપ જન્મ મળે છે. આ નીચેનાં મૂળિયાં વડે પણ વિશ્વવૃક્ષ વિકાસ પામે છે. ॥૨॥

ऊर्ध्वमूलस्याधःशाखस्य मनुष्यदेहकृतकर्मावान्तरमूलस्य संसारतरोः एवम्भूतं स्वरूपं संसारिणो न जानन्तीत्याहार्धश्लोकेन — न रूपमिति ।

न रूपमस्येह तथोपलभ्यते नान्तो न चादिर्न च सम्प्रतिष्ठा ॥
अश्वत्थमेनं सुविरूढमूलमसङ्गशस्त्रेण दृढेन छित्त्वा ॥३॥

अस्य – संसारतरोः, रूपम् – वृक्षवदाकारः, इह – संसारे स्थितैः जनैः, नोपलभ्यते – न प्राप्यते। तथा अस्य – संसारतरोः अन्तश्च – वैराग्यमत्प्रपत्तिभ्यां नाशो भवतीति, नोपलभ्यते। तथा अस्यादिश्च नोपलभ्यते – अनाद्यविद्यासम्बन्धेन जात इति न जानन्तीत्यर्थः। तथा अस्य सम्प्रतिष्ठा च – सम्यक् प्रतितिष्ठत्यात्मस्वरूपाबोधो अस्यामिति सम्प्रतिष्ठा, देहैकभावेन वर्तनरूपा स्थितिरित्यर्थः, सा च नोपलभ्यते। सुविरूढमूलम् – अत्यन्तबद्धमूलम्, एनमश्वत्थम् – संसारतरुं, दृढेन – देशकालादिभिः अपराभूतेन, असङ्गशस्त्रेण — असङ्गः – वैराग्यं तद्रूपेण शस्त्रेण – निशितायुधेन, छित्त्वा – समूलमुत्पाट्य ॥३॥

ततः पदं तत्परिमार्गितव्यं यस्मिन् गता न निवर्तन्ति भूयः ॥
तमेव चाद्यं पुरुषं प्रपद्ये यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥४॥

तत इति। ततः – संसारतरुछेदनानन्तरं, तत् – प्रसिद्धं, पदम् – स्वप्राप्यं स्थानं, परिमार्गितव्यम् – अन्वेष्टव्यम्। तत्पदमाह — यस्मिन् गताः – यत्पदं याताः, भूयो न निवर्तन्ति – न पुनरावर्तन्त इत्यर्थः। तत्परिमार्गणरीतिमाह — ‘यतः – यस्मात्, पुराणी – चिरन्तनी, प्रवृत्तिः – जगत्प्रवृत्तिः मोक्षसाधनप्रवृत्तिर्वा, प्रसृता – विस्तृता, तमेव आद्यं पुरुषं प्रपद्ये – अहं शरणमुपयामि।’ एवमनन्यभक्त्याऽन्वेषणीयमित्यर्थः ॥४॥

✵ વિશ્વરૂપ વૃક્ષના બંધનને કાપવાના ઉપાયો :

હે અર્જુન ! ઉપર મૂળ અને નીચે ડાળીવાળા તથા મનુષ્યદેહે કરેલ કર્મરૂપી અવાંતર મૂળવાળા આ સંસારવૃક્ષના આવા સ્વરૂપને અજ્ઞાની સંસારીઓ જાણી શકતા નથી. **અજ્ઞાનીઓ આ વૃક્ષ વિશે શું શું નથી જાણતા ?** તો, **દૃઢ વૈરાગ્ય અને મારી શરણાગતિથી જ આ સંસારરૂપી વૃક્ષનો નાશ અને જીવનો મોક્ષ થાય છે; એવું નથી જાણતા.** વળી, આ સંસારવૃક્ષ વાસનારૂપી અનાદિ અવિદ્યાના સંબંધને કારણે ઉત્પન્ન થયું છે, એ પણ નથી જાણતા. તથા પોતાના આત્મસ્વરૂપને સંપૂર્ણ ભૂલાવી દેનાર દેહાત્મબુદ્ધિ જ આ સંસારવૃક્ષની સંપ્રતિષ્ઠા-દૃઢ આધાર છે એવું નથી જાણતા.

હે અર્જુન ! આવા અતિ મજબૂત મૂળિયાંવાળા આ પીપળા જેવા સંસારવૃક્ષને મુમુક્ષુએ દેશકાળાદિકે કરીને પણ મોળો ન પડે એવા વૈરાગ્યરૂપી તીક્ષ્ણ હથિયારથી સમૂળ છેદી નાખવું જોઈએ. આ રીતે સંસારવૃક્ષને કાપી નાખ્યા પછી જ્યાં પહોંચેલા મુક્તો ફરી ક્યારેય આ લોકમાં પાછા આવતા નથી, એવા ભગવાનના ધામરૂપ દિવ્ય સ્થાનને પામવાનો મુમુક્ષુએ ઉપાય શોધવો જોઈએ. **ભગવાનના ધામને કેવી રીતે પામી શકાય ?** તો, 'જેને કારણે અનાદિકાળથી આ જગતની પ્રવૃત્તિ તથા મોક્ષસાધનની પ્રવૃત્તિ સર્વત્ર પ્રસરેલી છે; એવા તે સર્વના કારણ અને સર્વોપરિ પુરુષાકાર પરમાત્માને હું શરણે થયો છું' આવી રીતે ભગવાનની અનન્ય ભક્તિ વડે ભગવાનના ધામને પામવાનો ઉપાય કરવો જોઈએ. ॥૩-૪॥

यया मोक्षः स्यात् तां साधनप्रवृत्तिमाह – निर्मानेति ।

इन्द्रवज्रावृत्तम् :

निर्मानमोहा जितसङ्गदोषा अध्यात्मनित्या विनिवृत्तकामाः ॥
द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञैर्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥५॥

निर्मानमोहाः – मोहः – विपरीतज्ञानं, मानमोहाभ्यां निष्क्रान्ताः, वा निर्गतौ मानमोहौ येभ्यस्ते, जितसङ्गदोषाः – जितः सङ्गः – विषयासक्तिरूपो दोषो यैस्ते, अध्यात्मनित्याः – आत्मस्वरूपवेदनसततनिरताः, विनिवृत्तकामाः – विशेषेण निवृत्तः कामः – विषयभोगवाञ्छा येषान्ते, द्वन्द्वैः – शीतोष्णादिभिः, सुखदुःखसंज्ञैः – सुखदुःखहेतुत्वात् सुखदुःखाभिधैः, विमुक्ताः – रहिताः, अत एवामूढाः – नित्यविवेककुशला ये सन्ति, ते तत् – तस्य आद्यपुरुषस्य मम अव्ययम् – अक्षरं ब्रह्मपुरसंज्ञं, पदम् – निवासस्थानं गच्छन्ति । तथा च श्रुतयः – "तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः "(पैंगलो.४/२३) इति । मुण्डके च – "यः सर्वज्ञः सर्वविद्यस्यैष महिमा भुवि दिव्ये ब्रह्मपुरे ह्येष स व्योम्न्यात्मा प्रतिष्ठितः "(मुण्ड.२/२/७) इति । "एतत् सत्यं ब्रह्मपुरम् "(छान्दो.८/१/५) इत्याद्याः ।।५।।

કેવા સદ્‌ગુણી સંતો-ભક્તો મારા ધામને પામે છે ? તો, જેઓ માન અને વિપરીત જ્ઞાનરૂપ મોહમાંથી સંપૂર્ણપણે બહાર નીકળી ગયા હોય અથવા જેમાંથી માન અને મોહ સમૂળ નીકળી ગયા હોય; જેણે પંચવિષયની આસક્તિરૂપી દોષને સંપૂર્ણ જીતી લીધો હોય; જેમાંથી વિષયભોગના સંકલ્પો સમૂળ નાબૂદ થઈ ગયા હોય; જેઓ સતત પોતાના આત્મસ્વરૂપના જ્ઞાનપરાયણ રહેતા હોય અને સુખ-દુઃખના દેનારા ઠંડી-ગરમીરૂપ અનેક દ્વંદ્વોથી જેઓ ખાસ મુક્ત થઈ ગયા હોય – આ રીતે **સાર-અસારનો વિવેક કરવામાં હંમેશાં કુશળ એવા જ્ઞાની સંતો-ભક્તો બ્રહ્મપુર નામના મારા નિવાસસ્થાનભૂત અવિનાશી અક્ષરધામને પામે છે.** ।।૫।।

तदेव धाम प्रशंसन्नाह – नेति ।

न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ।।
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ।।६ ।।

सूर्यः तत्पदं न भासयते – न प्रकाशयति। न शशाङ्को न पावकश्च भासयते इत्युभयत्राप्यनुषज्यते। यद्गत्वा – यत्पदं प्राप्य, न निवर्तन्ते – अमानित्वादिसाधुलक्षणसम्पन्नाः न पुनरावर्तन्ते, तत् परमम् – सर्वेभ्यो लोकेभ्य उत्कृष्टं, मम धाम – एकान्तिकभक्तैः सह वर्तमानस्य मम निवासस्थानं भवति।

तथा चोक्तं श्रुतिस्मृतिभिः – "न तत्र चन्द्रार्कवपुः प्रकाशते न वान्ति वाता न च यान्ति देवताः। यत्र देवः क्रतुभिर्भूतभावनः स्वयं विभूत्या विरजः प्रकाशते"(अन्नपूर्णो.४/३०) इति। "ऋचोऽक्षरे परमे व्योमन् यस्मिन् देवा अधि विश्वे निषेदुः"(श्वेता.४/८) इति। "तमाहापो वै खलु मीयन्ते लोकोऽसौ" इति। अस्या अर्थः – आपो वै खलु अमृतमयो मया मीयन्ते – भुज्यन्ते, तवाप्यसावमृतोदकलक्षणो लोको भोग्य इत्यर्थः।

मोक्षधर्मे भीष्मश्च — "धर्मस्यांशः प्रसूतोऽसि धर्मिष्ठोऽसि स्वभावतः। धर्ममूलाश्रयं वाक्यं शृणुष्वावहितोऽनघ!।। अमूनि यानि स्थानानि देवानां परमात्मनाम्। नानासंस्थानवर्णानि नानारूपफलानि च।। दिव्यानि कामचारीणि विमानानि सभास्तथा । आक्रीडा विविधा राजन्! पद्मिन्यश्चैव काञ्चनाः।। चतुर्णां लोकपालानां शुक्रस्याथ बृहस्पतेः। मरुतां विश्वदेवानां साध्यानामश्विनोरपि।। रुद्रादित्यवसूनां च तथान्येषां दिवौकसाम्। एते वै निरयास्तात! स्थानस्य परमात्मनः ।। अभयं चानिमित्तं च न तत् क्लेशसमावृतम्। द्वाभ्यां मुक्तं त्रिभिर्मुक्तमष्टाभिस्त्रिभिरेव च।।"(म.भा.शां. १९१/२-७) "कालस्सम्पच्यते तत्र कालस्तत्र न वै प्रभुः। स कालस्य प्रभू राजन्! स्वर्गस्यापि तथेश्वरः।। आत्मा केवलतां प्राप्तस्तत्र गत्वा न शोचति। ईदृशं परमं स्थानं निरयास्ते च तादृशाः।। एते ते निरयाः प्रोक्ताः सर्व एव यथातथम्। तस्य स्थानवरस्येह सर्वे निरयसंज्ञिताः।।"(म.भ.शां.१९१/९-११)

तथा चोक्तं भागवते – “इति सञ्चिन्त्य भगवान् महाकारुणिको हरिः। दर्शयामास लोकं स्वं गोपानां तमसः परम् ।। सत्यं ज्ञानमनन्तं यद् ब्रह्मज्योतिः सनातनम्। यद्धि पश्यन्ति मुनयो गुणापाये समाहिताः।।” (भाग.१०/२८/१४-१५) “नन्दादयस्तु तं दृष्ट्वा परमानन्दनिर्वृताः। कृष्णं च तत्र छन्दोभिः स्तूयमानं सुविस्मिताः।।”(भाग.१०/२८/१७) “माया परैत्यभिमुखे च विलज्जमाना ।। तद्वै पदं भगवतः परमस्य पुंसः। ब्रह्मेति यद्विदुः”(भाग.२/७/४७-४८) इति। “तदाहुरक्षरं ब्रह्म सर्वकारणकारणम्। विष्णोर्धाम परं साक्षात् पुरुषस्य महात्मनः”(भाग.३/११/४१) “मद्भक्तः प्रतिबुद्धार्थो मत्प्रसादेन भूयसा। निःश्रेयसं स्वसंस्थानं कैवल्याख्यं मदाश्रयम्।। प्राप्नोतीहाञ्जसा धीरः स्वदृशा छिन्नसंशयः। यद्गत्वा न निवर्तेत योगी लिङ्गाद्विनिर्गमे”(भाग.३/२७/२८-२९) इत्यादिभिः ।।६।।

❋ દિવ્ય અક્ષરધામનું વર્ણન :

મારું અક્ષરધામ કેવું છે ? તો, તે ધામને સૂર્ય, ચંદ્રમા અને અગ્નિ પ્રકાશી શકતા નથી. માન-મોહાદિક દોષોથી રહિત રહેવું વગેરે સાધુતાના ગુણોએ યુક્ત એવા સંતો-ભક્તો જે ધામને પામ્યા પછી ફરી ક્યારેય આ સંસારમાં પાછા આવતા નથી. અને **જે બીજાં તમામ ધામો કરતાં શ્રેષ્ઠ છે, તે મારું અક્ષરધામ છે.** અર્થાત્ અનંત એકાંતિક મુક્તોએ સહિત કાયમી નિવાસ કરવાનું મારું તે સ્થાન છે. ॥૬॥

एवं पुरुषोत्तमस्य स्वस्याक्षरं धाम गदित्वेदानीमविद्यामुक्तमनाद्य-विद्याबद्धं च द्विविधं क्षेत्रज्ञं वदति पञ्चभिः – ममेति।

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ॥
मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥७॥

जीवलोके – जीवानाम् - क्षेत्रज्ञानां लोकः - स्थानं ब्रह्माण्डं

तस्मिन् स्थितः, सनातनः – पुरातनः, जीवभूतः – जीवसंज्ञो यः क्षेत्रज्ञः, मनःषष्ठानि – मनः षष्ठं येषां तानि, प्रकृतिस्थानि — प्रकृतौ – अनादिविषयवासनासंयुक्ते स्वभावे तिष्ठन्तीति तथोक्तानि, इन्द्रियाणि – चक्षुरादीनि करणानि, कर्षति – विषयग्रहणरूपस्वस्वभावेभ्यः प्रत्याहरति, स ममैव – परमात्मनोंऽशः, मदुपासनया विषयजयरूपं मदैश्वर्यांशं प्राप्तो मुक्तजीव इत्यर्थः। अच्युतस्य अक्षरस्य परमेश्वरस्य विभागानर्हत्वात्, बद्धजीवे मुक्तजीवे च परमेश्वरस्य अछेद्यादिस्वभावैस्तदैश्वर्यलेशप्राप्त्या चांशशब्दो ज्ञातव्यो न तु खण्डत्वेन, अछेद्यादिगुणवतो जीवस्यापि विभागो न सम्भवति तर्ह्यच्युताक्षरादिविशेषणविशिष्टस्य परमेश्वरस्य तु कुतस्तराम्! अतोंऽशशब्दो युक्त एव विवृतः ।।७।।

✵ મુક્તજીવનું સ્વરૂપ :

હે અર્જુન ! હવે હું તને માયાથી મુક્ત થઈ ગયેલ આત્માનું સ્વરૂપ કહું છું : 'જીવ' નામથી કહેવાતો જે સનાતન આત્મા જીવોને રહેવાના સ્થાનરૂપ આ બ્રહ્માંડમાં હોવા છતાં અનાદિ વિષય-વાસનાથી યુક્ત સ્વભાવમાં જ વર્તનારાં એવાં નેત્રાદિક પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠા મનને વિષયગ્રહણ કરવારૂપ તેના સ્વભાવ થકી પાછા ખેંચી શકે છે, તે મારો પરમાત્માનો અંશ છે.

પરમાત્માનો અંશ એટલે શું ? તો, મારી ઉપાસનાના બળ વડે વિષય ઉપર વિજય મેળવવારૂપ મારાં ઐશ્વર્યના અંશને પામેલા મુક્તજીવને હું મારો અંશ માનું છું. કેમ જે, અચ્યુત અને અક્ષર એવા પરમેશ્વરના વિભાગ-ટુકડા થવા સંભવ નથી. માટે **બદ્ધજીવને અને મુક્તજીવને ક્યાંય પણ પરમેશ્વરનો અંશ કહ્યો હોય, તે તો પરમેશ્વરના અછેદ્ય-અભેદ્યાદિક સ્વભાવોને કારણે તથા પરમેશ્વરનાં અલ્પ ઐશ્વર્યની પ્રાપ્તિ થવાને કારણે**

અંશશબ્દથી કહ્યો છે, એમ જાણવું. પરંતુ તે જીવ ભગવાનનો એક ખંડ-ટુકડો છે એવું જણાવવા માટે તે અંશ શબ્દ વપરાયો હોતો નથી. કેમ જે, અછેદ્યાદિક ગુણવાળા જીવનો પણ ક્યારેય ટૂકડો સંભવતો નથી, તો પછી અચ્યુત અને અક્ષર વગેરે વિશેષણોથી યુક્ત એવા પરમેશ્વરના તો ટૂકડા સંભવે જ ક્યાંથી..! માટે અહીં જે રીતે અંશશબ્દનો અર્થ કર્યો, તે જ યોગ્ય છે. ॥૭॥

एवं मुक्तक्षेत्रज्ञमुक्त्वेदानीं बद्धक्षेत्रज्ञं वदति – शरीरमिति ।

शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः ॥
गृहीत्वैतानि संयाति वायुर्गन्धानिवाशयात् ॥८॥

ईश्वरः – धर्मार्थकामसम्पादने समर्थो बद्धक्षेत्रज्ञः, यच्छरीरम् – देवमनुष्यादिवपुः, अवाप्नोति – कर्मसाक्षीश्वरप्रेरणया याति, यच्च – यस्मात् शरीराच्च, उत्क्रामति – मृत्यूकाले गच्छति। शरीरस्य ग्रहणे त्यागे च एतानि – सूक्ष्मभूतैः सहेन्द्रियाणि, गृहीत्वा संयाति – आगच्छति व्रजति च। तत्र दृष्टान्तः — आशयात् – पुष्पादिरूपात्स्थानात्, गन्धान् गृहीत्वा वायुः इव – तद्वत्। अपिशब्दः पूर्वोक्ताद्भिन्नत्वं द्योतयति ।।८।।

❋ બદ્ધજીવનું સ્વરૂપ :

હે અર્જુન ! હવે હું તને અનાદિકાળથી માયામાં બંધાયેલ જીવનું સ્વરૂપ કહું છું : **ધર્મ, અર્થ અને કામને પ્રાપ્ત કરવા સમર્થ એવો બદ્ધજીવ કર્મફળપ્રદાતા પરમેશ્વરની પ્રેરણાથી દેવ-મનુષ્યાદિક દેહને પામે છે તથા મૃત્યુ સમયે તે શરીરને છોડી બહાર નીકળે છે.** આ રીતે શરીરને ગ્રહણ કરતી વખતે અને છોડતી વખતે જેમ વાયુ પુષ્પ-ચંદનાદિક સ્થાનમાંથી ગંધને સાથે લઈને જાય છે, તેમ એ જીવ પણ સૂક્ષ્મભૂતોએ સહિત ઇન્દ્રિયોને સાથે લઈને જ આવે છે અને જાય છે. ॥૮॥

श्रोत्रं चक्षुः स्पर्शनं च रसनं घ्राणमेव च ॥
अधिष्ठाय मनश्चायं विषयानुपसेवते ॥९॥

श्रोत्रमिति । श्रोत्रम् – श्रोत्रेन्द्रियं, चक्षुः – चक्षुरिन्द्रियं च, स्पर्शनम्– त्वगिन्द्रियं च, रसनम् – रसनेन्द्रियं च, घ्राणमेव च – घ्राणेन्द्रियं च, मनश्च – मनःशब्देनान्तःकरणं ग्राह्यं, घ्राणमेव चेति चकारेण कर्मेन्द्रियाणां प्राणस्य च ग्रहणम् । एतानि अधिष्ठाय – आश्रित्य, अयम् – जीवात्मा, विषयान् – शब्दस्पर्शरूपरसगन्धादीन्, उपसेवते – भुनक्ति ।।९।।

આવો આ બદ્ધજીવ આંખ, નાક, કાન, જીભ અને ચામડી - આ પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પંચ પ્રાણ અને ચાર અંતઃકરણ આટલાને આધારે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ વગેરે વિષયોને ભોગવે છે. ॥૯॥

एवम्भूतमात्मानं के पश्यन्ति ? के न पश्यन्ति ? इति चेत्तत्राह – उत्क्रामन्तमिति ।

उत्क्रामन्तं स्थितं वापि भुञ्जानं वा गुणान्वितम् ॥
विमूढा नानुपश्यन्ति पश्यन्ति ज्ञानचक्षुषः ॥१०॥

उत्क्रामन्तम् – मरणसमये शरीरात् व्रजन्तं, स्थितम् – स्थितिकाले तस्मिञ्छरीरेऽवस्थितं, वा भुञ्जानम् – विषयभोगकुर्वाणं, वापि गुणान्वितम् – सत्त्वादिगुणैः संयुतम् अथवा अगुणान्वितमिति पदच्छेदः, अगुणान्वितम् – सत्त्वादिगुणरहितत्वेन मुक्ताऽवस्थायामवस्थितम्। एनम् – बद्धं मुक्तं च द्विविधं क्षेत्रज्ञं, विमूढाः – देहात्मैकभावज्ञानेन ये मोहं प्राप्ताः, ते नानुपश्यन्ति – नेक्षन्ते, देहाकारमेव पश्यन्तीत्यर्थः। ये ज्ञानचक्षुषः – ज्ञानमेव चक्षुर्येषां ते देहात्मनोर्विवेककुशलाः, ते एनं यथावस्थितं पश्यन्ति। एनमित्युत्तरश्लोकादाकृष्यते।।१०।।

તે બદ્ધ-મુક્ત આત્માને કોણ નથી દેખતા ? તો, દેહમાં રહેલ, વિષય ભોગવી રહેલ, મૃત્યુ સમયે શરીર છોડીને જઈ રહેલ અને માયાના ત્રણ ગુણો સાથે જોડાયેલ બદ્ધજીવ અથવા તો માયાના ત્રણ ગુણથી છૂટા પડી ગયેલ મુક્તજીવ – આ બંને પ્રકારના આત્મસ્વરૂપને વિમૂઢ જીવો જોઈ શકતા નથી. **વિમૂઢ એટલે શું ?** તો, દેહ અને આત્માને એકપણે માની લેવારૂપ અજ્ઞાનથી મોહ પામી ગયેલા દેહાભિમાની. આવા જીવો આત્માને દેહના આકારે જ જૂએ છે. **તે બદ્ધ-મુક્ત આત્માને કોણ દેખે છે ?** તો, જેઓ જ્ઞાનરૂપી દૃષ્ટિવાળા છે અર્થાત્ દેહ અને આત્માની ચોખ્ખી વિક્તિ કરવામાં અતિ કુશળ જ્ઞાનીપુરુષો છે, તેઓ તે બંને પ્રકારના આત્મસ્વરૂપને જેમ છે તેમ યથાર્થપણે દેખે-જાણે છે. ॥૧૦॥

यतन्तो योगिनश्चैनं पश्यन्त्यात्मन्यवस्थितम् ॥
यतन्तोऽप्यकृतात्मानो नैनं पश्यन्त्यचेतसः ॥११॥

यतन्त इति। यतन्तः – अमानित्वादिसाधनैर्यत्नं कुर्वन्तः, योगिन एव, आत्मनि – देहे, अवस्थितम् – देहाद्विलक्षणस्वभावं स्वस्वरूपेण स्थितम्, एनम् – जीवात्मानं, पश्यन्ति – ईक्षन्ते। चोऽवधारणे। यतन्तोऽपि – यतमाना अपि अध्यात्मशास्त्रश्रवणमननादिभिर्यत्नं कुर्वाणा अपि, अकृतात्मानः – अमानित्वादिसाधनैरकृतः – न शुद्धीकृतः आत्मा – मनो यैस्ते, अत एव अचेतसः – यथावस्थितात्मज्ञानरहिता नराः, एनम् – आत्मानं, न पश्यन्ति।११।

જે નિર્માનીપણું વગેરે સાધનો વડે આત્મ-પરમાત્મપ્રાપ્તિનો પ્રયત્ન કરનારા યોગીઓ છે, તેઓ દેહમાં હોવા છતાં દેહથી તદ્દન વિલક્ષણ એવા પોતાના શુદ્ધસ્વરૂપે રહેલ જીવાત્માને જેમ છે તેમ જોઈ શકે છે. પરંતુ આધ્યાત્મિક શાસ્ત્રના શ્રવણ-મનનાદિકથી પ્રયત્ન કરવા છતાં જેણે નિર્માનીપણું વગેરે સાધનો વડે પોતાના મનને શુદ્ધ નથી કર્યું, તેવા યથાર્થ આત્મજ્ઞાનરહિત અજ્ઞાની જીવો આ જીવાત્માને જોઈ શકતા નથી. ॥૧૧॥

द्विविधं क्षेत्रज्ञमुक्त्वा अधुना यत्र कुत्रचित् यत्किञ्चिदैश्वर्यमस्ति तत् सर्वं मदीयमेवास्तीत्याह चतुर्भिः — यदिति ।

यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् ।।
यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ।।१२।।

आदित्यगतम् – सूर्ये वर्तमानं, यत्तेजः – प्रकाशशक्तिः, अखिलम् – समग्रं, जगद्भासयते – प्रकाशयति, चन्द्रमसि – शशाङ्के यत्तेजोऽस्ति, अग्नौ च यत्तेजोऽस्ति, तत्तेजो मामकम् – मदीयं, विद्धि – जानीहि ।।१२।।

❋ ઐશ્વર્યમાત્ર એક પુરુષોત્તમનું જ છે :

હે અર્જુન ! **'કોઈ પણ જગ્યાએ નાનું-મોટું કાંઈ પણ ઐશ્વર્ય જણાય છે, તે બધું મારું જ છે'** એ વાત હવે હું તને સમજાવું છું : આખા જગતને પ્રકાશનારી સૂર્યમાં જે તેજ-પ્રકાશશક્તિ છે, ચંદ્રમાં જે તેજ છે અને અગ્નિમાં જે તેજ છે – તે બધું તેજ મારું જ છે. એટલે કે, સૂર્ય, ચંદ્ર, અગ્નિ વગેરે મારી ઉપાસના કરીને મારા થકી જ તે તેજ પામ્યા છે; એમ તું જાણ. ।।૧૨।।

गामाविश्य च भूतानि धारयाम्यहमोजसा ।।
पुष्णामि चौषधीः सर्वाः सोमो भूत्वा रसात्मकः ।।१३।।

गामिति । अहं गां च – पृथिवीम्, आविश्य – प्रविश्य, ओजसा – बलेन, भूतानि – चराचराणि, धारयामि – तेषां धारणं करोमि। पृथिव्यां भूतधारणरूपमैश्वर्यं मदीयमस्तीति भावः। रसात्मकः — रसः – अमृतम् आत्मा – स्वरूपं यस्य, अमृतमय इत्यर्थः । सोमो भूत्वा – सोमात्मना सर्वाः – व्रीह्याद्याः, ओषधीरहं पुष्णामि – संवर्धयामि। सोमे ओषधि-पोषणरूपमैश्वर्यं मदीयमस्तीति भावः ।।१३।।

હું પૃથ્વીમાં પ્રવેશ કરીને ચરાચર ભૂત-પ્રાણીમાત્રને મારા બળથી ધારી રાખું છું. એટલે કે, પૃથ્વીમાં સર્વભૂત-પ્રાણીમાત્રને ધારી રાખવારૂપ ઐશ્વર્ય છે, તે મારી પાસેથી જ પ્રાપ્ત થયેલું છે. હું જ અમૃતમય ચંદ્રરૂપે રહીને ડાંગર આદિક ઓષધિઓનું પોષણ કરું છું. એટલે કે, ચંદ્ર વિશે ઓષધિઓનું પોષણ કરવા માટેનું જે ઐશ્વર્ય છે, તે મારું જ છે. ॥૧૩॥

किञ्च – अहमिति ।

अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ॥
प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥१४॥

अहं वैश्वानरः – जाठराग्निर्भूत्वा प्राणिनाम् – सर्वेषां प्राणभृतां, देहम् – शरीरम्, आश्रितः – देहे स्थितः, प्राणापानसमायुक्तः – प्राणापानाभ्याम् – पाचकोद्दीपकाभ्यां, समायुक्तः – सहितः सन्, तैर्भुक्तं चतुर्विधम् – भक्ष्यं भोज्यं लेह्यं चोष्यं च, अन्नं पचामि – तस्य पचनं करोमि । जाठराग्नौ चतुर्विधान्नपचनरूपमैश्वर्यं मदीयमस्तीति भावः ॥१४॥

હું જઠરાગ્નિરૂપે તમામ પ્રાણધારીઓનાં શરીરમાં રહ્યો થકો પચાવનાર પ્રાણવાયુ અને તેને મદદ કરનાર અપાનવાયુ સાથે રહીને તે પ્રાણીઓએ ખાધેલ ભક્ષ્ય-ભોજ્ય-લેહ્ય-ચોષ્ય એ ચારેય પ્રકારનાં અન્નનું પાચન કરું છું. એટલે કે, જઠરાગ્નિમાં રહેલાં ચારેય પ્રકારનાં અન્નને પચાવી દેવારૂપ ઐશ્વર્ય મારું જ ઐશ્વર્ય છે. ॥૧૪॥

किञ्च – सर्वस्येति ।

इन्द्रवज्रावृत्तम् :

सर्वस्य चाहं हृदि सन्निविष्टो मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ॥
वेदैश्च सर्वैरहमेव वेद्यो वेदान्तकृद्वेदविदेव चाहम् ॥१५॥

सर्वस्य - ब्रह्मादिस्थावरान्तस्याखिलस्य प्राणिवर्गस्य च, हृदि - समग्रव्यवहारज्ञानोत्पत्तिस्थाने हृदये, अहं सन्निविष्टः - अन्तर्यामिशक्त्या सर्वेषां कर्मानुसारेण नियमनं कर्तुं प्रविष्ट इत्यर्थः। तथा च श्रुतयः - "अन्तः प्रविष्टः शास्ता जनानां सर्वात्मा"(तैत्ति.आ.३/११) इति। "यः सर्वेषु भूतेषु तिष्ठन्"(बृह.३/७/१५) इति। "यः सर्वाणि भूतान्यन्तरो यमयति" (बृह.३/७/१५) इत्याद्याः। अत एव मत्तः स्मृतिः - प्राणिजातस्य पूर्वानुभूतविषयस्मरणं भवति, ज्ञानं च - विषयेन्द्रियसंयोगोत्पन्नं वेदनं च भवति, अपोहनम् — ऊहनम् - अज्ञाननिवृत्तिः "अपोहनम् ऊहनं च उहनमूह एव च" इति स्मृतेः, ऊहापोहसामर्थ्यम् इत्यर्थः। यद्वा अपोहनम् - स्मृतिज्ञानयोर्नाशश्च, तदपि मत्तो भवति। वेदैः - ऋगादिचतुर्भिः, सर्वैश्च - पुराणेतिहासैः समग्रैः शास्त्रैः, अहमेव वेद्यः - ज्ञातुं योग्यः। वेदपुराणे-तिहासैः प्रतिपादितानां मच्छरीरभूतानां रुद्रगणपतिवायुसूर्याग्नीन्द्रसोमादी-नामन्तर्यामितया प्रवर्तकत्वात्तेषां शरीरी परमात्माऽहमेव तैर्ज्ञातव्य इत्यर्थः। वेदान्तकृत् — वेदानामन्तः - उपनिषद्भागस्तं करोतीति तथाभूतः। उपनिषत्प्रो-क्तज्ञानबोधकोऽहमेवेत्यर्थः।अतएववेदविच्च-वेदार्थज्ञाताप्यहमेवास्मि।।१५।।

બ્રહ્માદિક સમગ્ર ભૂતપ્રાણીમાત્રના હૃદયમાં તેમનાં કર્માનુસારે તેમનું નિયમન કરવા માટે હું મારી અંતર્યામી શક્તિ વડે પ્રવેશ કરીને રહ્યો છું. એટલે જ, **મારે કારણે તે સર્વે ભૂતપ્રાણીમાત્રને સ્મૃતિ, જ્ઞાન અને અપોહન થયા કરે છે.**

સ્મૃતિ એટલે ? પૂર્વે અનુભવેલ પદાર્થોનું સ્મરણ. **જ્ઞાન** એટલે ? ઇન્દ્રિયોને પદાર્થ સાથેના સંબંધથી થતો અનુભવ. **અપોહન** એટલે ? અજ્ઞાનની નિવૃત્તિ; કોઈ બાબતને સમજવા માટે તર્ક-વિતર્ક કરવાનું સામર્થ્ય અથવા થયેલાં જ્ઞાન અને સ્મરણને ભૂલી જવું. જીવ-પ્રાણીમાત્રમાં થતી આ બધી પ્રક્રિયા મારે લઈને જ થઈ રહી છે.

ચાર વેદ, તમામ પુરાણ અને ઇતિહાસ વગેરે સર્વે શાસ્ત્રો વડે હું જ એક જાણવા યોગ્ય છું. અર્થાત્ **વેદ, પુરાણ, ઇતિહાસ વગેરેમાં પ્રતિપાદન કરાયેલા શિવ, ગણપતિ, વાયુ, સૂર્ય, અગ્નિ, ઇન્દ્ર અને ચંદ્ર વગેરેને અંતર્યામીપણે હું જ પ્રવર્તાવતો હોવાથી 'તેઓ મારા શરીર છે અને હું તેમનો શરીરી છું.' તેથી તેમના દ્વારા પરમાત્મા એવો હું જ જાણવા યોગ્ય છું.** વળી, વેદના અંતભાગ ઉપનિષદમાં કહેલ જ્ઞાનને યથાર્થ સમજાવનારો હું જ છું અને એટલે જ વેદોના અર્થને યથાર્થ જાણનાર પણ હું જ છું. ॥૧૫॥

वृक्षरूपकेण कथितं विश्वस्य रूपं, तच्छेदनेन मुमुक्षुभिः प्राप्यं सर्वोत्कृष्टम् अक्षरधाम च, बद्धपुरुषमुक्तपुरुषरूपं च, स्वस्य व्यापकशक्तिं च गदित्वा, इदानीं क्षराक्षरपुरुषनिरूपणेन स्वस्य पुरुषोत्तमत्वं निरूपयति त्रिभिः – द्वाविति।

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ॥
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥१६॥

इमौ – क्षरश्चाक्षरश्चेतिसंज्ञया प्रोक्तौ, द्वौ पुरुषौ लोके – चतुर्दश-भुवनात्मके ब्रह्माण्डे, विख्यातौ स्त एव। तयोः पृथक्पृथग् रूपमाह — क्षर इति। सर्वाणि भूतानि – प्रकृतिकार्यसंयुक्तानि अनाद्यविद्ययाऽनादिबद्धानि शुभाशुभकर्माधीनानि समग्राणि चेतनानि, क्षरः — स्वस्वरूपप्राप्त्यभावात् शुभाशुभकर्मप्राप्तेभ्यः करणकलेवरस्थानभोगेभ्यः क्षरति – विच्युतो भवतीति क्षरः, इत्युच्यते क्षराक्षरज्ञाननिष्ठैः पुरुषैः। जातित्वादेकवचनम्।

तथा चोक्तं भागवते – "अनाद्यविद्योपहतात्मसंविदस्तन्मूलसंसार-परिश्रमातुराः" (भाग.८/२४/४६) "बन्धोऽस्याविद्ययाऽनादिर्विद्यया च तथेतरः" (भाग.११/११/४) इति। "अनाद्यविद्यायुक्तस्य पुरुषस्य" इति पञ्चरात्रे। बृहद्ब्रह्मसंहितायां च – "अनादिकालतो जीवो मायया परिवेष्टितः। अनुग्रहाद्धरेरेव मुच्यते नात्र संशयः" इति।

कूटस्थः – कूटः – शिलाराशिः पर्वत इव तिष्ठति, निश्चलस्व–स्वरूपेणावतिष्ठते इत्यर्थः। तथाभूतो मुक्तपुरुषसमूहः, ब्रह्मसंज्ञं भगवद्धाम चाक्षर इत्युच्यते। न क्षरति – भगवदुपासनेन प्राप्तेभ्यः अप्राकृतनिर्गुण–करणकलेवरस्थानेभ्यो न च्युतो भवतीत्यक्षरः, अक्षरपुरुषसमूहः। अत्रापि जातित्वादेकवचनम्।

अक्षरपुरुषाणां साकारत्वे प्रमाणानि – "स्वभक्तेभ्यो रमते स मे सर्वस्वम्" इति। "तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः"(पैंगलो.४/२३) इति। "ऋचोऽक्षरे परमे व्योमन् यस्मिन् देवा अधि विश्वे निषेदुः" (श्वेता.४/८) "गुणापाये ब्रह्मशरीरमेति" इत्यादिश्रुतयः। तथा स्मृतिश्च – "ब्राह्मीं संविशते तनुम्" इति। तथा भागवतवचनानि च – "प्रयुज्यमाने मयि तां शुद्धां भागवतीं तनुम्। आरब्धकर्मनिर्वाणो न्यपतत्पाञ्चभौतिकः"(भाग.१/६/२९) इति। "न यत्र माया किमुतापरे हरेरनुव्रता यत्र सुरासुरार्चिताः।। श्यामावदाताः शतपत्रलोचनाः पिशङ्गवस्त्राः सुरुचः सुपेशसः"(भाग.२/९/१०-११) इति।"सुनन्दनन्दप्रमुखैः स्वपार्षदैः निषेव्यमाणं परमेष्ठिनां पतिम्" इत्यादीनि।

तथा स्कान्दे च – "एकान्तोपासनेनैव प्राक्कल्पेषु रमापतेः। ये ब्रह्मभावं सम्प्राप्ता अजरामरतां गताः।। अक्षराख्याः पुमांसस्ते श्वेतद्वीपेऽत्र धामनि। सेवितुं वासुदेवं तं स्थिता देवर्षिणेक्षिताः।। प्राप्ते प्रलयकाले तु पुनश्चाक्षरधामनि। स्थास्यन्ति ते स्वतन्त्राश्च कालमायाभयोज्झिताः।।"(वा.मा.४/२१-२३) "अतीन्द्रिया निरातङ्का अनिष्पन्दाः सुगन्धिनः।"(वा.मा.४/१७) ये ब्रह्मण्यक्षरे धाम्नि सच्चिदानन्दरूपिणि। स्थिताः स्युश्चिन्मया मुक्तास्ते तथा स्युर्नहीतरे।।(वा.मा.४/१९) जगत्सर्गे जायमानेऽप्येते कालवशात् क्वचित्। न जायन्ते स्वतन्त्रत्वान्न नश्यन्ति लयेऽन्यवत्।।(वा.मा.४/२८)

"उपाश्रितं चक्रगदाब्जशङ्खलसद्भुजैर्नन्दसुनन्दमुख्यैः। श्रीदाममुख्यैः अथ गोपवेषैर्भक्त्यावनम्रैर्द्विभुजैरनेकैः"(वा.मा.१७/२०-२१) इति। अत्र च - "इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः। सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च"(गीता.१४/२) "बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः"(गीता.४/१०) इत्येवमादीनि ।।१६।।

❋ ક્ષર તથા અક્ષર નામના આત્માઓનું વર્ણન :

હવે હું ક્ષર અને અક્ષર - એ બે પ્રકારના પુરુષના નિરૂપણ દ્વારા મારા પુરુષોત્તમપણાને જણાવું છું : ચૌદ લોકના બ્રહ્માંડમાં ક્ષર તથા અક્ષર - આવા નામથી કહેવાતા બે પ્રકારના પુરુષો પ્રસિદ્ધ જ છે.

ક્ષરપુરુષ એટલે શું ? તો, પ્રકૃતિનાં કાર્ય એવાં ચોવીશ તત્ત્વો સાથે જોડાયેલ, અનાદિની વાસનાને કારણે અનાદિકાળથી માયિક સુખ-સામર્થ્યાદિકમાં બંધાયેલા અને શુભાશુભ કર્મોને આધીન વર્તનારા એવા સમગ્ર જીવ-ઈશ્વરરૂપ ચેતનો ક્ષરપુરુષ કહેવાય છે. **ચેતનોને ક્ષર કેમ કહેવાય ?** તો, પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ નહિ થઈ હોવાથી શુભાશુભ કર્મને કારણે પ્રાપ્ત થતાં દેહ, દેહના ભોગો, ભોગ ભોગવવાનાં ઇન્દ્રિયાદિક સાધનો અને તે તે ભોગોનાં સ્થાનો – એ બધાથી તે જીવ-ઈશ્વરોને વિખૂટા પડવું પડે છે. તે બધાનો વારંવાર વિયોગ થાય છે અર્થાત્ તેની ફેરવણી ચાલુ રહે છે. તેઓ કોઈ એક સ્થિતિમાં સદા સ્થિર રહી શકતા નથી; તેથી તેમને ક્ષર-અક્ષરતત્ત્વજ્ઞાનને યથાર્થ જાણનાર પુરુષો ક્ષર કહે છે.

અક્ષરપુરુષ એટલે શું ? તો, પથ્થરના પર્વતની જેમ પોતાના અવિચળ સ્વરૂપમાં સ્થિર રહેલા મુક્તપુરુષો અને બ્રહ્મ નામનું ભગવદ્ધામ – એ બંને અક્ષરપુરુષ કહેવાય છે. તે બંને પુરુષોત્તમની ઉપાસનાથી પ્રાપ્ત થયેલ અમાયિક અને નિર્ગુણ એવાં દેહ, સાધનો અને એવાં દિવ્ય સ્થાન – એ સર્વ થકી ક્યારેય પણ વિખૂટા પડતા નથી.

તે સ્થિતિમાંથી કદાપિ ચલિત થવું પડતું નથી; તેથી અક્ષરબ્રહ્મ અને અક્ષરરૂપ મુક્તસમૂહને અક્ષર કહે છે. ॥૧૬॥

आभ्यां क्षराक्षराभ्यामुत्कृष्टतमं उत्तमपुरुषं स्वं वदति – उत्तम इति।

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ॥
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥१७॥

यः क्षराऽक्षरशब्दवाच्याभ्यामुभयविधाभ्यां पुरुषसमूहाभ्याम्, अन्यः – स्वरूपस्वभावादिभिरतिविलक्षणः, तुश्चार्थे, यश्च परमात्मेत्युदाहृतः। "ब्रह्मेति परमात्मेति भगवानिति शब्द्यते"(भाग.१/२/११) "परमात्मा च सर्वेषामाधारः परमेश्वरः"(वि.पु.६/४/४०) इत्यादिषु स्मृतिषु परमात्मेत्युक्तः। यश्च लोकत्रयम् – ब्रह्मपुरतत्स्थमुक्तकोटय आद्यो लोकः, प्रधानपुरुषकोटयो द्वितीयो लोकः, सजीवानि प्रधानपुरुषकार्याणि तृतीयो लोकः, एतेषां लोकानां त्रयम्, आविश्य – अन्तर्यामितया प्रविश्य, बिभर्ति – धारयति, यश्च अव्ययः – अविनाशी, ईश्वरः – सर्वनियन्ताऽस्ति, स उत्तमः पुरुषः – पुरुषोत्तमोऽहमस्मि। तथा च श्रुतयः – "स वा अयमात्मा"(बृह.२/५/१५) "सर्वस्य वशी"(बृह.४/४/२२) "सर्वस्येशानः सर्वस्याऽधिपतिः सर्वमिदं प्रशास्ति"(बृह.५/६/१) इत्याद्याः ॥१७॥

❋ ક્ષર-અક્ષરથી પર પુરુષોત્તમનું પ્રતિપાદન :

જે ક્ષરપુરુષો અને અક્ષરપુરુષો - એ બંને કરતાં સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને ઐશ્વર્યાદિ વડે અતિશય વિલક્ષણ છે; જે શ્રુતિ-સ્મૃતિમાં 'પરમાત્મા' એવા નામથી કહેવાયા છે; જે ત્રણ લોકમાં પ્રવેશીને તે સર્વને ધારી રહ્યા છે; જે અવિકારી-અવિનાશી અને સર્વનિયંતા છે, તે ઉત્તમપુરુષ - પુરુષોત્તમ છે.

પુરુષોત્તમ કયા ત્રણ લોકને ધારી રહ્યા છે ? તો, (૧) બ્રહ્મપુર

તથા તેમાં રહેલા અનંતકોટી અક્ષરમુક્તોનો સમૂહ (૨) અનંતકોટી પ્રધાન-પુરુષોનો સમૂહ (૩) પ્રધાન-પુરુષના કાર્યભૂત જીવોએ સહિત અનંતકોટી બ્રહ્માંડોનો સમૂહ – **આ ત્રણેય લોકને અંતર્યામીપણે તેમાં રહ્યા થકા પુરુષોત્તમ ધારી રહ્યા છે.** ॥૧૭॥

स्वस्य पुरुषोत्तमत्वं हेतुभिर्वदति – यस्मादिति ।

यस्मात् क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ॥
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥१८॥

यस्मात्, क्षरम् – क्षरभावासक्तं कर्माऽधीनं चेतनवर्गम्, अतीतः – अतिक्रम्य स्थितः, दूरे वर्तमान इति यावत् । अक्षरादपि – बद्धक्षेत्रज्ञेभ्य उत्कृष्टतरादक्षरपुरुषवर्गादपि, चोत्तमः – स्वरूपस्वभावादिभिः उत्कृष्टतमः अहमस्मि । अतः – क्षराक्षराभ्यामुत्तमत्वात्, लोके – स्मृतौ, वेदे च – श्रुतौ, पुरुषोत्तम इति प्रथितः – विख्यातोऽस्मि ।

तथा च श्रुतिः – "परंज्योतिरुपसम्पद्य स्वेन रूपेणाभिनिष्पद्यते स उत्तमः पुरुषः"(छान्दो.८/१२/२-३) इति । स्मृती च – "अंशावतारं पुरुषोत्तमस्य ह्यनादिमध्यान्तमजस्य विष्णोः"(वि.पु.५/१७/३३) इति । "शं नस्तनोतु चरणः पुरुषोत्तमस्य"(भाग.११/६/१४) इति ॥१८॥

હે અર્જુન ! ક્ષર પદાર્થોમાં આસક્ત અને કર્મોને આધીન એવા ચેતન સમૂહથી હું સર્વ પ્રકારે વિલક્ષણ છું. તથા તે બદ્ધજીવ-ઈશ્વરોથી અતિ ઉત્કૃષ્ટ એવા અક્ષરપુરુષોના સમૂહથી પણ હું મારા અનુપમ સ્વરૂપ-સ્વભાવાદિકને કારણે અતિશય ઉત્તમ-સહુથી શ્રેષ્ઠ છું. તેથી શ્રુતિ-સ્મૃતિઓમાં હું **'પુરુષોત્તમ'** એવા નામે સુપ્રસિદ્ધ છું. ॥૧૮॥

पुरुषोत्तमस्य मम ज्ञानेन सर्वज्ञानवान् भवतीत्याह – य इति ।

यो मामेवमसम्मूढो जानाति पुरुषोत्तमम् ॥

स सर्वविद्भजति मां सर्वभावेन भारत ! ।।१९।।

यः असम्मूढः - उक्तविवेकप्राप्त्या मोहरहितः सन्, मामेवम् - धर्ममूर्तिवसुदेवनन्दनमेव, पुरुषोत्तमं जानाति, हे भारत! सः सर्वभावेन - मम श्रीकृष्ण एवेष्टो गुरुः सखा पतिश्चेत्यादिसमग्रभावेन, मां भजति। सः सर्ववित् - तेन सर्वं ज्ञातमित्यर्थः ।।१९।।

❋ પુરુષોત્તમના જ્ઞાનનો મહિમા :

હે અર્જુન ! આગળ કહ્યું તે રીતે ક્ષર, અક્ષર અને તેથી પર પુરુષોત્તમનો યથાર્થ વિવેક થવાથી, જેને તે બાબતનો મોહ-ભ્રમ દૂર થઈ ગયો હોય, એવો જ્ઞાનીભક્ત ધર્મનિષ્ઠ વસુદેવના પુત્ર એવા મને જ સર્વથી પર પુરુષોત્તમ જાણે છે. પછી તે ભક્ત **સર્વ પ્રકારના ભાવથી એક મને જ ભજે છે.**

સર્વ પ્રકારના ભાવ એટલે શું ? તો, 'ભગવાન શ્રીકૃષ્ણ જ મારા ઈષ્ટદેવ, ગુરુ, મિત્ર અને પતિ વગેરે છે' આમ, **લોકમાં જેટલા પ્રકારની ભાવનાઓ હોય તે સર્વે મારે એકને વિશે ધારીને મને ભજે, તેણે સર્વ ભાવથી મને ભજ્યો કહેવાય.** આવી રીતે જે મને જાણે અને ભજે છે, તે મારા અનન્ય ભક્તે બધું જ જાણી લીધું છે; તેને હવે કાંઈ જ જાણવાનું બાકી નથી. અર્થાત્ આવા મારા પુરુષોત્તમસ્વરૂપના યથાર્થ જ્ઞાનમાં બાકીનાં બધાં જ જ્ઞાન આવી જાય છે. ॥૧૯॥

इदानीं पुरुषोत्तमज्ञानमुपसंहरन्नाह – इतीति ।

इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयानघ ! ।।
एतद् बुद्ध्वा बुद्धिमान् स्यात् कृतकृत्यश्च भारत ! ।।२०।।

इति श्रीभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णाऽर्जुनसंवादे 'पुरुषोत्तमयोगो' नाम पञ्चदशोऽध्यायः ।।१५।।

हे अनघ ! – पुरुषोत्तमस्वरूपज्ञानप्राप्त्या निष्पाप ! हे भारत !, इति – उक्तप्रकारेण, इदं गुह्यतमम् – आत्मज्ञानशास्त्रं गुह्यं ततोऽक्षरब्रह्म-ज्ञानशास्त्रं गुह्यतरं, ततः क्षराक्षरपुरुषोत्कृष्टपुरुषोत्तमज्ञानशास्त्रं गुह्यतमं, शास्त्रम् – पुरुषोत्तमनिरूपणशिक्षां मयोक्तं एतत् शास्त्रं, बुद्ध्वा – ज्ञात्वा, जनो बुद्धिमान् स्यात्, कृतकृत्यश्च – कृतार्थश्च भवतीत्यर्थ ।।२०।।

પુરુષોત્તમસ્વરૂપના જ્ઞાનની પ્રાપ્તિથી નિષ્પાપ થયેલ હે અર્જુન ! આ રીતનું આ ગુહ્યતમ શાસ્ત્ર મેં તને કહ્યું. તેને જાણીને મારો ભક્ત યથાર્થ જ્ઞાનવાળો અને કૃતાર્થ થાશે.

ગુહ્યતમ શાસ્ત્ર એટલે શું ? તો, સૌથી વધુ રહસ્યરૂપ જ્ઞાન. આત્માના જ્ઞાન વિશેનું શાસ્ત્ર ગુહ્ય - રહસ્યરૂપ ગણાય છે. અક્ષરબ્રહ્મના જ્ઞાન વિશેનું શાસ્ત્ર ગુહ્યતર - તેનાથી વધુ રહસ્યરૂપ ગણાય છે અને ક્ષર તથા અક્ષર એ બંને પુરુષથી પણ અતિ શ્રેષ્ઠ એવા પુરુષોત્તમના જ્ઞાન વિશેનું શાસ્ત્ર તો ગુહ્યતમ - સૌથી વધુ રહસ્યમય છે.

હે અર્જુન ! **પુરુષોત્તમનું નિરૂપણ કરનાર આવું જ્ઞાન મેં તને કહ્યું છે. જે કોઈ ભક્ત તેને યથાર્થ સમજશે તે સત્-અસત્‌ના યથાર્થ જ્ઞાનવાળો અને કૃતકૃત્ય-પૂર્ણકામ થઈ જશે."** ॥૨૦॥

अत्र पञ्चदशाऽध्याये विश्ववृक्षस्वरूपं तच्छेदनसाधनं च, मोक्षसाधनयुक्तैः सद्भिः प्राप्यं भगवद्धाम च, बद्धमुक्तपुरुषस्वरूपं च, सर्वप्रकाशकान्तर्यामिशक्तिरूपं पुरुषोत्तमैश्वर्यं च, क्षराक्षरनिरूपणसहितं पुरुषोत्तमस्वरूपं च, पुरुषोत्तमनिरूपणशास्त्रस्य गुह्यतमत्वं चोक्तम् ।

इति श्रीसहजानन्दस्वामिशिष्यगोपालानन्दकृतायां भगवद्भावदीपिकायां श्रीभगवद्गीताटीकायां पञ्चदशोऽध्यायः ॥१५॥

આ પંદરમા અધ્યાયમાં આટલી બાબતોની છણાવટ થઈ છે : (૧) વિશ્વરૂપ વૃક્ષનું સ્વરૂપનિરૂપણ (૨) વિશ્વવૃક્ષના બંધનથી મુક્ત થવાનું સાધન (૩) મોક્ષ પમાડનાર સાધનોથી યુક્ત એવા સંતોને પ્રાપ્ત થનાર ભગવદ્ધામનું વિવરણ (૪) માયામાં બદ્ધ અને મુક્તપુરુષના સ્વરૂપનું નિરૂપણ (૫) સર્વને પ્રકાશનારી અંતર્યામી શક્તિરૂપ પુરુષોત્તમનાં ઐશ્વર્યનું વર્ણન (૬) ક્ષર અને અક્ષરપુરુષના નિરૂપણે સહિત પુરુષોત્તમસ્વરૂપનું પ્રતિપાદન (૭) પુરુષોત્તમપણાનું નિરૂપણ કરનાર શાસ્ત્રનું બીજાં બધાં શાસ્ત્ર કરતાં અતિ રહસ્યપણાનું સ્થાપન.

આ રીતે સર્વાવતારી શ્રીસહજાનંદસ્વામીના શિષ્ય સદ્.શ્રીગોપાળાનંદ-સ્વામી વિરચિત શ્રીમદ્‌ભગવદ્‌ગીતાભાષ્યના ગુજરાતી ભાવાનુવાદમાં ‘ક્ષર, અક્ષર અને તેથી પર પુરુષોત્તમનું નિરૂપણ કર્યું’ એ નામે પંદરમો અધ્યાય પૂરો થયો. ॥૧૫॥



षोडशोऽध्यायः

दैवासुरसम्पद्विभागयोगः

प्रहर्षिणीवृत्तम्

श्रीमानक्षरपुरुषात् क्षरात् परो यः सञ्जज्ञे प्रथितगुणोऽधिभूमि भक्तौ ।
श्रीनारायणमुनिरीश्वरो निजायां सेवायामतिकरुणोऽभिरक्षतान्माम् ।।

इदानीं षोडशाऽध्याये दैव्यासुरीसम्पद्युक्तयोः पुरुषयोः पृथक्पृथग्-लक्षणानि निगद्यते ।

આ સોળમાં અધ્યાયની શરૂઆતમાં ભાષ્યકાર સદ્.શ્રીગોપાળાનંદ સ્વામી ફરી પોતાના ઈષ્ટદેવ પ્રગટ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણનું પ્રાર્થનાત્મક મંગલાચરણ કરે છે : 'જે ક્ષર અને અક્ષરથી પણ પર છે; જે અનંત શુભ ગુણોથી યુક્ત છે; શાસ્ત્રોમાં તથા આ લોકમાં જેના દિવ્યગુણો અતિ પ્રસિદ્ધ છે; અને જેઓ હાલમાં આ ભૂમિ ઉપર ભક્તિદેવી થકી પ્રગટ થયા છે - એવા અતિ કરુણાવાળા, સર્વનિયંતા શ્રીનારાયણમુનિ મારા ઈષ્ટદેવ શ્રીહરિ મને સદા પોતાની સેવામાં રાખે એવી મારી પ્રાર્થના છે.'

હવે આ સોળમાં અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ સદ્ગુણોરૂપી દૈવીસંપત્તિવાળા અને દુર્ગુણોરૂપી આસુરીસંપત્તિવાળા પુરુષોનાં જુદાં જુદાં લક્ષણો કહે છે.

तत्रादौ दैवीसम्पदं श्रीभगवानुवाच त्रिभिः – अभयमिति ।

श्रीभगवानुवाच –

अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ।।१।।

अभयम् – स्वप्रियप्राकृतवस्तुनाशहेतुप्रेक्षणजं दुःखं भयं – तद्रहितत्वमभयं, सत्त्वसंशुद्धिः – सत्त्वस्य – अन्तःकरणस्य सम्यक्शुद्धिः – राजसतामसभावैः कामक्रोधादिभिर्हीनत्वं, ज्ञानयोगव्यवस्थितिः – ज्ञानम् – सच्छास्त्रादात्मपरमात्मस्वरूपस्याऽवगमः, योगः – चित्तैकाग्रतयाऽऽत्मपरमात्मविचारः, तयोर्व्यवस्थितिः – सततमतन्निष्ठा । दानम् – न्यायार्जितस्य वित्तस्य सुपात्रे वितरणं, दमश्च – प्राकृतविषयेभ्यो बाह्येन्द्रियसंयमनं, यज्ञश्च – विष्णोर्मम पूजनं, स्वाध्यायः – मदेकान्तिकधर्मप्रतिपादकस्य शास्त्रस्य पठनं पाठनं च, तपः – स्वधर्मोचितभोगसङ्कोचः, आर्जवम् – स्वभावऋजुत्वम् ।।१।।

❋ દૈવીસંપત્તિરૂપ સત્પુરુષના ગુણોનું વર્ણન :

"હે અર્જુન ! આ લોકમાં જેઓ મને ગમતા સદ્‌ગુણોને પ્રવર્તાવાનું કલ્યાણકારી કાર્ય કરતા હોય એવા સત્પુરુષોના ગુણો હવે હું તને સંભળાવું છું : **અભય** - પોતાને પ્રિય એવી માયિક વસ્તુના નાશ કરનારને જોઈને જે દુઃખ થાય તેને ભય કહેવાય. એવા ભયથી રહિતપણું તે અભય નામનો ગુણ છે. **સત્ત્વસંશુદ્ધિ** - પોતાના અંતઃકરણની સંપૂર્ણ શુદ્ધિ. અર્થાત્ રજોગુણ-તમોગુણને કારણે થનારા કામ-ક્રોધાદિક દોષોથી રહિતપણું. **જ્ઞાનયોગ વ્યવસ્થિતિ** - સત્શાસ્ત્ર અને સત્પુરુષો પાસેથી આત્મા-પરમાત્માનું યથાર્થ જ્ઞાન મેળવી, ચિત્તની એકાગ્રતાથી તે બંનેનું મનન-ચિંતન કરતાં કરતાં તેમાં અખંડવૃત્તિ રહેવી. **દાન** - ન્યાયથી

મેળવેલ ધન-ધાન્ય સુપાત્રને આપવું. **દમ** - માયિક વિષયોમાંથી પોતાની ઇન્દ્રિયોનો સંયમ કરી લેવો. **યજ્ઞ** - મારું પૂજન કરવું. **સ્વાધ્યાય** - મારા એકાંતિકધર્મનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રો ભણવાં અને ભણાવવાં. **તપ** - પોતાના ધર્મને યોગ્ય ભોગોનો પણ સંકોચ કરવો. **આર્જવ** - સ્વભાવની સરળતા. ॥૧॥

किञ्च – अहिंसेति ।

अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् ॥
दया भूतेष्वलोलुत्वं मार्दवं ह्रीरचापलम् ॥२॥

अहिंसा – कायवाङ्मनोभिः परपीडावर्जनं, सत्यम् – स्वपरद्रोह–वर्जितयथार्थभाषणम्, अक्रोधः – वाग्बाणैर्विद्धस्यापि मनसि क्रोधाभावः, त्यागः – निजबन्धकरवस्तुत्यजनशीलता, शान्तिः – विषयेभ्यश्चित्तोपरतिः, अपैशुनम् – महत्सु परानर्थकरतद्गुह्यप्रकाशनं पैशुनं तद्रहितत्वं, भूतेषु – जन्तुषु, दया – स्वाबन्धकं भूतहितकरणम्, अलोलुत्वम् – विषयभोगेषु चापल्यरहितत्वम्, मार्दवम् – चित्ताकाठिन्यं, सज्जनवियोगासहिष्णुत्व–मित्यर्थः । ह्रीः – अकार्यप्रवृत्तौ लोकलज्जा, अचापलम् – प्रयोजनमन्तरा क्रियास्वप्रवर्तनम् ॥२॥

અહિંસા - શરીર, વાણી કે મનથી પણ બીજાને દુઃખ થાય તેવું કંઈ ન કરવું. **સત્ય** - પોતાનો અને બીજાનો દ્રોહ ન થાય તેવું યથાર્થ બોલવું. **અક્રોધ** - બાણ જેવી વાણીથી કોઈ પોતાનું અપમાન કરે છતાં મનમાં પણ ક્રોધ ન આવવા દેવો. **ત્યાગ** - પોતાને બંધન કરે તેવી તમામ વસ્તુને છોડી દેવાનો સ્વભાવ. **શાંતિ** - તમામ વિષયો થકી પોતાના ચિત્તને પાછું વાળી તેનું ચિંતન ન થવા દેવું. **અપૈશુન** - કોઈનું અહિત કરે એવી તેની ખાનગી વાત મોટાની પાસે જઈને ન કહેવી. અર્થાત્ ચાડિયાપણું ન કરવું. **પ્રાણી**

ઉપર દયા - પોતાને બંધન ન થાય તેમ બીજાનું હિત કરવું. **અલોલુપતા** - વિષયભોગ માટે ક્યારેય ચંચળ ન થવું. **માર્દવ** - સત્પુરુષોનો વિયોગ સહન ન થાય એવી હૃદયની કોમળતા. **હ્રી** - અયોગ્ય કાર્ય કરવામાં લોકલાજ. **અચપળતા** - કારણ વગરની વ્યર્થ કોઈ ક્રિયા ન કરવી. ॥૨॥

किञ्च – तेज इति ।

तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ॥
भवन्ति सम्पदं दैवीमभिजातस्य भारत ! ॥३॥

तेजः – दुष्टपुरुषैरधृष्यत्वं, क्षमा – परापराधसहिष्णुता, धृतिः – महत्यापत्काले सत्यपि कर्तव्यानुसन्धानाविच्युतिः, शौचम् – द्विविधं बाह्यमाभ्यन्तरं च, तत्राद्यं मृज्जलाभ्यां देहशुद्धिः, मद्यमांसाग्राह्यान्नपानादि–वर्जनं च पापिसङ्गवर्जनं चेति बाह्यम्, द्वितीयं द्रोहमानेर्ष्याद्यन्तःकरणमल–वर्जनमित्याभ्यन्तरं च। अद्रोहः – जन्तूनां दुःखाकरणं, नातिमानिता – स्वस्मिन्नतिश्रेष्ठत्वाभिमानरहितता। एते गुणाः हे भारत! दैवीं सम्पदम् अभिजातस्य भवन्ति। दैवीं सम्पदम् – दिव्यन्ति – भगवदाज्ञानुवृत्तिं गच्छन्ति – प्राप्नुवन्तीति देवाः – भगवदाज्ञानुवर्तिनः, तेषामियं सम्पद् – भगवदाज्ञानुवर्तनरूपा समृद्धिः ताम्, अभिजातस्य – आभिमुख्येनोत्पन्नस्य, तां प्रवर्तयितुं प्रादुर्भूतस्य जनस्यैते गुणा भवन्तीत्यर्थः ॥३॥

તેજ - દુષ્ટ-અધર્મી લોકોથી દબાવું નહીં. **ક્ષમા** - બીજાએ કરેલા અપરાધને સહજ સહન કરવાપણું. **ધૃતિ** - મોટો આપત્કાળ આવી જાય તોપણ પોતાને કરવાં યોગ્ય કાર્યો છૂટે જ નહિ એવી ધીરજ. **શૌચ** - બે પ્રકારનું પવિત્રપણું : ૧.બાહ્ય - માટી અને જળ વડે દેહને શુદ્ધ કરવો; દારૂ, માંસ અને અયોગ્ય અન્ન-જળ વગેરેનો ત્યાગ રાખવો તથા પાપીઓનો સંગ ન કરવો. ૨.આંતરિક - બીજાનો દ્રોહ, માન, ઈર્ષ્યા

વગેરે અંતઃકરણના મેલનો ત્યાગ કરવો. **અદ્રોહ** - કોઈ પણ જીવ-પ્રાણીને દુઃખ થાય તેવું કાંઈ જ ન કરવું. **નાતિમાનિતા** - પોતામાં અતિ શ્રેષ્ઠપણાનું અભિમાન ન આવવા દેવું.

હે અર્જુન ! આ **૨૬** સદ્ગુણો દૈવી સંપત્તિને પ્રવર્તાવવા માટે પ્રગટ થયેલ સત્પુરુષમાં સહજસિદ્ધ હોય છે. **દૈવી સંપત્તિ એટલે શું ?** તો, ભગવાનની આજ્ઞા અનુસાર વર્તનારા સત્પુરુષોની સંપત્તિ. અર્થાત્ ભગવાનની આજ્ઞા-મરજી મુજબ વર્તવારૂપ દિવ્ય સમૃદ્ધિ-દિવ્ય ગુણો.॥૩॥

ग्राह्यत्वेन दैवीं सम्पदमुक्त्वेदानीं हेयत्वेनासुरीं सम्पदं वदति – दम्भ इति ।

दम्भो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ॥
अज्ञानं चाभिजातस्य पार्थ ! सम्पदमासुरीम् ॥४॥

दम्भः – धार्मिकतया स्वयशसो जनेषु प्रसिद्धये धर्माचरणं, न तु परलोकार्थमिति भावः । दर्पः – विद्यावित्तसत्कुलाद्यभिमानजः कार्या-कार्याऽविवेकोत्पादको गर्वः, अभिमानः – पाञ्चभौतिके देहे दृढाभिमानश्च, क्रोधः – मुखचक्षुर्भ्रूकुट्यादिवैरूप्यजनको जनभयङ्करश्चित्तविकारः, पारुष्यं च – सज्जनानामुद्वेगजनकं वाक्काठिन्यम्, अज्ञानं च – कृत्याकृत्यविवेक-शून्यत्वम् । हे पार्थ ! एते आसुरीं सम्पदमभिजातस्य भवन्ति । आसुरीं सम्पदम् — सुराः – भगवदाज्ञानुवर्तिनो देवाः, तद्विरुद्धाः – भगवदाज्ञा-नुवर्तनप्रतिकूला असुराः, तेषामियं सम्पत् – भगवदाज्ञाप्रतिकूलवर्तनरूपा समृद्धिः ताम्, अभिजातस्य – अभिमुखीकृत्य जातस्य, तां प्रवर्तयितुम् उत्पन्नस्य जनस्यैते दोषा भवन्तीत्यर्थः ॥४॥

❋ આસુરીસંપત્તિરૂપ દુર્ગુણોનું વર્ણન :

હે અર્જુન ! હવે ત્યાગ કરવા જેવી જે આસુરી સંપત્તિ છે, તે બતાવું

છું : **દંભ** - પોતાના કલ્યાણ માટે નહિ, પણ લોકોમાં પોતાના ધાર્મિકપણાની કીર્તિ ફેલાવવા માટે ધર્મ પાળવો. **દર્પ** - વિદ્યા, ધન અને સારું કુળ વગેરેના અભિમાનને કારણે કાર્ય-અકાર્યની બાબતમાં અવિવેક કરાવે એવો ગર્વ. **અભિમાન** - પાંચ ભૂતમાંથી થયેલા દેહમાં હુંપણાનું દઢ અભિમાન. **ક્રોધ** - મોઢું, આંખો અને ભ્રકુટિ વગેરે અંગોમાં વિકૃતિ કરાવનાર તથા લોકોને ભય પમાડનાર ચિત્તનો વિકાર. **પારુષ્ય** - સજ્જનોને ઉદ્વેગ કરાવે તેવી કઠોરવાણી બોલવી. **અજ્ઞાન** - કરવાં યોગ્ય અને ન કરવાં યોગ્ય કાર્યોના વિવેકનો અભાવ. હે અર્જુન ! આ ૬ દોષો આસુરી સંપત્તિ છે. ભગવાનની આજ્ઞાથી ઊંધા ચાલનારા અને તેનું પ્રવર્તન કરવા માટે જન્મેલા અસુરોમાં આ આસુરી સંપત્તિ જન્મજાત હોય છે. ॥૪॥

अनयोः सम्पदोर्गुणदोषौ वदति – दैवीति ।

दैवी सम्पद्विमोक्षाय निबन्धायासुरी मता ॥
मा शुचः सम्पदं दैवीमभिजातोऽसि पाण्डव ! ॥५॥

दैवी – मदाज्ञानुवर्तनरूपा सम्पत्, विमोक्षाय – संसारबन्धनान्मोचनाय, मता – अभिमता, आसुरी – मदाज्ञाप्रतिकूलवर्तनरूपा सम्पत्, निबन्धाय – पुनः पुनः संसरणाय, मता । एतद्भगवद्वचनश्रवणादनन्तरं स्वसम्पदनिश्चयाद्भीतिं प्राप्ताय पार्थाय आश्वासयन् वदति – हे पाण्डव ! – धर्मशीलपाण्डुतनय !, मा शुचः – त्वं शोचनं मा कार्षीः । दैवीं सम्पदमभिजातः – तामभिमुखी–कृत्योत्पन्नोऽसि, त्वं दैवीसम्पद्वान् भवसीत्यर्थः ॥५॥

હે અર્જુન ! મારી આજ્ઞા પ્રમાણે વર્તવારૂપ દૈવી સંપત્તિ સંસારનાં બંધનોથી છોડાવનારી છે. અને મારી આજ્ઞા લોપી બીજી રીતે વર્તવારૂપ આસુરી સંપત્તિ વારંવાર જન્મ-મરણ કરાવનારી છે."

આવી શ્રીકૃષ્ણ ભગવાનની વાત સાંભળીને અર્જુનને તે બંનેમાંથી પોતામાં કઈ સંપત્તિ છે ? તે નક્કી નહિ થવાને કારણે ભય લાગ્યો.

તેથી તેને શાંત કરવા માટે હવે શ્રીકૃષ્ણ આવું કહેવા લાગ્યા, "ધર્મશીલ પાંડુરાજાના પુત્ર હે અર્જુન ! તું શોક ન કર. કેમ જે, તું તો દૈવી સંપત્તિવાળો છો. ॥૫॥

लोके बहुविधा जनसर्गाः सन्ति, तेषु द्वैविध्यमाह – द्वाविति ।

द्वौ भूतसर्गौ लोकेऽस्मिन् दैव आसुर एव च ॥
दैवो विस्तरशः प्रोक्त आसुरं पार्थ ! मे शृणु ॥६॥

अस्मिँल्लोके, द्वौ – द्विविधावेव, भूतसर्गौ – भूतानाम् – जनानां, सर्गौ – शुभाशुभकर्मभिरुत्पत्ती स्तः। तत्राद्यो दैवः – पुण्यकर्मवशाद्भगवदाज्ञानुवर्तनशीलः, द्वितीय आसुरः – पापकर्मवशाद्भगवदाज्ञाप्रतिकूलवर्तनशीलश्च। दैवः – देवानां प्रासङ्गिकानामयं सर्गो दैवः, विस्तरशः – पूर्वाध्यायेषु विस्तारेण प्रोक्तः। हे पार्थ! (आसुरम् –) असुराणां प्रासङ्गिकानामिमम् सर्गं, मे – मत्सकाशाच्छृणु ॥६॥

હે અર્જુન ! આ લોકમાં શુભ અને અશુભ કર્મોને કારણે લોકોની બે પ્રકારની સૃષ્ટિ છે. તેમાં એક દૈવ સર્ગ અને બીજો આસુર સર્ગ. **દૈવ સર્ગ એટલે શું ?** તો, પૂર્વનાં શુભ કર્મોને કારણે ભગવાનની આજ્ઞા મુજબ રહેવાના સ્વભાવવાળા લોકો. **આસુર સર્ગ એટલે શું ?** તો, પૂર્વનાં પાપમય કર્મોને કારણે ભગવાનની આજ્ઞા વિરુદ્ધ વર્તવાના સ્વભાવવાળા લોકો. આ બંને પ્રકારના સર્ગોમાંથી દૈવ સર્ગ તો અત્યાર સુધી મેં તને વિસ્તારથી કહ્યો છે. હવે મારી પાસેથી તું આસુર સર્ગ વિશે સાંભળ.॥૬॥

आसुरसर्गं वदति चतुर्दशश्लोकैः – प्रवृत्तिमिति ।

प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः ॥
न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते ॥७॥

आसुरस्वभावसंयुक्ता जनाः, प्रवृत्तिम् – त्रिवर्गसाधनकर्तव्यतां, निवृत्तिं

च – मोक्षोपायकर्तव्यतां, न विदुः – न विदन्ति। अतस्तेषु शौचम् – बाह्याभ्यन्तरं द्विविधं च, न विद्यते। आचारश्चापि – वर्णाश्रमोचितधर्मोऽपि न विद्यते। सत्यं च – स्वपरद्रोहरहितं यथार्थभाषणं च, न विद्यते – न भवति ।।७।।

❋ અસુરોના સ્વભાવ, સમજણ તથા કાર્યો :

આસુરી સ્વભાવવાળા જીવો પ્રવૃત્તિ કે નિવૃત્તિને જાણતા નથી. **પ્રવૃત્તિ એટલે શું ?** તો, ધર્મ, અર્થ અને કામ પ્રાપ્ત કરવાનાં સાધનો તથા તેને કરવાની રીત. **નિવૃત્તિ એટલે શું ?** તો, આત્માનો માયાથી મોક્ષ કરવાના ઉપાયો તથા તેની રીત. આસુરી જીવોને આ બંનેનું યથાર્થ જ્ઞાન હોતું નથી. તેથી તેનામાં આંતરિક કે બાહ્ય પવિત્રતા પણ હોતી નથી. તેઓ પોતાના વર્ણ કે આશ્રમના ધર્મો પાળતા નથી. પોતાનો કે બીજાનો દ્રોહ ન થાય તેવું પણ સાચું બોલતા નથી. અર્થાત્ તેમનામાં કોઈ જ નીતિ હોતી નથી. ||૭||

आसुरसिद्धान्तमाह – असत्यमिति ।

असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम् ।।
अपरस्परसम्भूतं किमन्यत् कामहैतुकम् ।।८।।

ईश्वरकृतं स्थूलभावेन नश्वरस्वभावमपि प्रलयावस्थायां सूक्ष्मभावेन सत्यं विश्वं, ते – आसुराः, असत्यम् – रज्जुसर्पवच्छशशृङ्गवत्खपुष्प–वन्मरीचिकाजलवच्छुक्तिकारजतवन्मिथ्या, अप्रतिष्ठम् – नास्ति प्रतिष्ठा – ईश्वरकृतया धर्माधर्मव्यवस्थया स्थितिर्यस्य तत्, स्वाभाविकस्थितिमदित्यर्थः । अत एवानीश्वरम् – नास्ति शुभाशुभकर्मणोः फलप्रदाता ईश्वरः – नियन्ता यस्य तत्, एवम्भूतं जगदाहुः ।

ननु तर्हि कस्मादस्य विश्वस्योत्पत्तिं ते वदन्तीति चेत्तत्राह – अपरस्पर–सम्भूतम् – अत्र लोके स्त्रीपुंसयोरन्योऽन्यसम्बन्धेन सम्भूतम् – उत्पन्नं

न भवति। एवम्भूतं किमन्यद्वस्तु विद्यते ? किञ्चिदपि न विद्यते। अतः कामहैतुकम् — कामः – स्त्रीपुरुषयोः सम्भोग एव हेतुः – उत्पत्तिकारणं यस्य तत्, तदेव कामहैतुकम्। एवमुत्पन्नं जगत् वदन्ति ।।८।।

હે અર્જુન ! હવે તે અસુરોનો સિદ્ધાંત કહું છું : ખરેખર આ જગત ભગવાને બનાવેલું છે. તથા સ્થૂળપણે નાશવંત સ્વભાવવાળું હોવા છતાં પ્રલય અવસ્થામાં સૂક્ષ્મપણે રહેતું જ હોવાથી આ વિશ્વ સત્ય છે. તેમ છતાં તે અસુરો એવું માને છે કે ‘આ જગત અસત્ય છે. અર્થાત્ જેમ દોરડામાં સર્પનો ભાસ, સસલાંનાં શિંગડાં, આકાશનું પુષ્પ, ઝાંઝવાંનું જળ અને છીપલાંમાં ચાંદીનો ભ્રમ મિથ્યા-ભાસમાત્ર છે, તેમ આ જગત મિથ્યા છે. વળી, આ જગત કોઈ આધાર વિના-પોતાના સ્વભાવથી જ સ્થિર રહેલું છે, પણ ભગવાને કરેલી ધર્મ-અધર્મની વ્યવસ્થાને કારણે સ્થિર નથી. અને એટલે જ શુભ-અશુભ કર્મોનાં ફળ દેનાર કોઈ ઈશ્વરની જરૂર વિના જ આ જગત ચાલી રહ્યું છે.’

તેઓ આ જગતની ઉત્પત્તિ કોનાથી માને છે ? તો, ‘આ લોકમાં સ્ત્રી-પુરુષના પરસ્પર સંબંધ વિના ઉત્પન્ન થયું હોય એવું શું છે ? કંઈ જ નથી. માટે આ આખું જગત સ્ત્રી-પુરુષના સંભોગથી જ થનારું છે.’ આવી રીતે આ જગત કામને કારણે ઉત્પન્ન થનારું તેઓ કહે છે. ॥૮॥

एतां दृष्टिमवष्टभ्य नष्टात्मानोऽल्पबुद्धयः ॥
प्रभवन्त्युग्रकर्माणः क्षयाय जगतोऽहिताः ॥९॥

एतामिति। एताम् – पूर्वोक्तां, दृष्टिम् – स्वसिद्धान्तम्, अवष्टभ्य – आश्रित्य, नष्टात्मानः — नष्टः – मन्मार्गाद् भ्रष्टः, आत्मा – मनो येषां ते, अत एवाल्पबुद्धयः — अल्पाः – धर्माऽधर्मात्माऽनात्मविवेकहीनाः बुद्धयः – मतयो येषां ते, अत एव उग्रकर्माणः — उग्राणि – क्रूराणि कर्माणि येषां ते, हिंस्रा इत्यर्थः। अहिताः – सर्वेषां शत्रवः, जगतः –

प्राणिसमूहस्य, क्षयाय – नाशाय, प्रभवन्ति। यमकिङ्करभूतप्रेतपिशाच–सिंहसर्पवृश्चिकादिहिंस्ररूपैः उत्पद्यन्ते इत्यर्थः ।।९।।

આસુરી સર્ગના તે લોકો મેં કહ્યો એવો સિદ્ધાંત સ્વીકારીને મારા માર્ગથી ભ્રષ્ટ થઈ ગયા છે. અર્થાત્ મોક્ષના માર્ગે તેમનું મન લાગતું નથી. તેથી જ તેઓ અલ્પબુદ્ધિવાળા છે. અર્થાત્ ધર્મ-અધર્મ, આત્મા-શરીર વગેરેનો વિવેક તેમની બુદ્ધિમાં હોતો નથી. તેથી તેઓ ક્રૂર કર્મ કરનાર હિંસક હોય છે. આવા હિંસક સ્વભાવને કારણે તેઓ સર્વ કોઈનું અહિત કરનાર શત્રુ બની જાય છે. પછી તેઓ જગતના નાશ માટે જ જન્મે છે. અર્થાત્ તે આસુરી પ્રકૃતિવાળા લોકો યમદૂત, ભૂત, પ્રેત, પિશાચ, સિંહ, સર્પ, વીંછી વગેરે રૂપે જન્મ ધરે છે. ॥૯॥

काममाश्रित्य दुष्पूरं दम्भमानमदान्विताः ॥
मोहाद्गृहीत्वासद्ग्रहान् प्रवर्तन्तेऽशुचिव्रताः ॥१०॥

काममिति। दुष्पूरम् — दुःखेन – अतिकष्टेन पूरयितुमशक्यं दुष्पूरम् – दुष्प्रापं, कामम् – प्राकृतविषयेच्छाम्, आश्रित्य – अवलम्ब्य, दम्भमानमदान्विताः – दम्भादिभिः संयुक्ताः, अत एव अशुचिव्रताः — अशुचीनि – तामसदेवनिवेदितसुरामांसप्रभृतिभक्षणादीन्यस्नानादीनि च व्रतानि येषां तथाभूताः सन्तः, मोहात् – विपरीतज्ञानात्, असद्ग्रहान् – 'अनेन मन्त्रेणेदं देवतारूपं वशीकृत्य स्वेप्सितं वस्तु गमिष्यामः' इति दुराग्रहान् – अशुभनिश्चयान्, गृहीत्वा – अङ्गीकृत्य, प्रवर्तन्ते – राजस–तामसदेवताऽऽराधनादौ प्रकर्षेण वर्तन्ते ।।१०।।

વળી, દંભાદિક દોષોથી અવરાયેલા તે આસુરી લોકો કદી સંતોષી જ ન શકાય એવી માયિક વિષયભોગની ઇચ્છાને આધીન હોય છે. તેથી જ તે ભોગેચ્છાને સંતોષવા અશુભ વ્રતો ગ્રહણ કરે છે. અર્થાત્ તામસ

દેવતાઓને નિવેદન કરેલાં દારૂ, માંસ વગેરેનું ભક્ષણ કરવું; કદી સ્નાન ન કરવું વગેરે મોક્ષમાર્ગમાં વિરોધી વ્રતો ધારણ કરે છે.

વળી, મોહને કારણે અસદ્‌ગ્રહો સ્વીકારીને રાજસ-તામસ દેવોની ઉપાસના અતિ વેગથી કરવા લાગે છે. **અસદ્‌ગ્રહો એટલે શું ?** તો, 'હું આ મંત્રનો જાપ કરીને આ દેવને વશ કરીશ. પછી મારે જે ઈચ્છા હશે, તે તેમના દ્વારા પૂરી કરીશ.' આવા અશુભ નિશ્ચયો-ઠરાવો કરીને રાજસ-તામસ દેવોની આરાધનાના અવળા માર્ગે પ્રર્વતે છે. ॥૧૦॥

तानासुरानेव भूयो विशिनष्टि – चिन्तामिति ।

चिन्तामपरिमेयां च प्रलयान्तामुपाश्रिताः ॥
कामोपभोगपरमा एतावदिति निश्चिताः ॥११॥

अपरिमेयाम् – अपरिमेयविषयत्वात् परिमातुमशक्यां, प्रलयः – मरणमेवान्तो यस्यास्तां प्रलयान्तां, यावज्जीवमनुवर्तमानामित्यर्थः। चिन्ताम् – स्वेप्सितप्राकृतविषययोगक्षेमोपायालोचनात्मिकाम्, उपाश्रिताः – अवलम्ब्य स्थिताः, न केवलमशुचिव्रताः प्रवर्तन्ते, किं तर्हि ? एतादृशीं चिन्तां चोपाश्रिता इति समुच्चयार्थश्चकारः। कामोपभोगपरमाः — कामानाम् – विषयाणाम् उपभोग एव परमः – उत्कृष्टः पुरुषार्थो येषां ते, एतावदिति निश्चिताः – कामभोगादन्यदधिकं सुखं नास्तीति कृतनिश्चयाः।११।

'વિષયોનો ઉપયોગ કરવો એ જ સર્વશ્રેષ્ઠ પુરુષાર્થ છે અને કામભોગથી અધિક બીજું કાંઈ સુખ છે જ નહીં.' આવો નિશ્ચય કરીને તે આસુરી સર્ગના લોકો અમાપ અને પ્રલયાંત ચિંતાને આધીન રહે છે. **અમાપ અને પ્રલયાંત ચિંતા એટલે શું ?** તો, વિષયો અનંત છે અને તેને ભોગવવાની ઈચ્છા પણ અનંત છે. તેથી મરતાં સુધી પોતાને ગમતા માયિક વિષયો મેળવવાના અને જાળવવાના ઉપાયો શોધવાની ઉપાધિરૂપ ચિંતામાં

જ તેની જિંદગી પૂરી થઈ જાય છે. અર્થાત્ તેને મૃત્યુ આવે છે, પણ અનંત ભોગોને ભોગવવાની અનંત ઈચ્છાઓનો અંત આવતો જ નથી. ॥૧૧॥

आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः ॥
ईहन्ते कामभोगार्थमन्यायेनार्थसञ्चयान् ॥१२॥

आशेति। पुनः कथम्भूतास्ते आसुराः ? आशापाशशतैः — अशक्योपायार्थविषया अनवगतोपायार्थविषया वा प्रार्थनाः - आशाः ता एव पाशा इव तेषां शतैः - समूहैः, बद्धाः - इतस्ततश्चाल्यमाना इत्यर्थः। कामक्रोधपरायणाः — कामक्रोधावेव परम् - उत्कृष्टम् अयनम् - अवलम्बनस्थानं येषां ते, कामभोगार्थम् - कामानां भोगाय, अन्यायेन - स्तेयादिकर्मणा च, अर्थसञ्चयान् - वित्तराशीन्, ईहन्ते - चेष्टन्ते, धनराशीन् समूहीकुर्वन्तीत्यर्थः ।।१२।।

વળી, જે ધનાદિક પદાર્થો તથા જે વિષયોને મેળવવાનો કોઈ ઉપાય જ ન હોય અથવા જેના ઉપાય પોતે જાણતા ન હોય, એવા ધનાદિક વિષયોને પામવાની આશારૂપી દોરડાંઓથી તે લોકો અહીંતહીં ભમ્યા કરે છે. અથવા તો તે વિષયોની ભીખ માગતાં અહીંતહીં ભટક્યા કરે છે. કામ અને ક્રોધ જ તેમને જીવવાનો પરમ આધાર બની ગયા હોય છે. અર્થાત્ તે લોકો સતત કામ અને ક્રોધથી અવરાયેલા રહે છે. વળી, તેઓ વિષયભોગની ઈચ્છાઓ પૂરી કરવા માટે ચોરી વગેરે અધર્મમાર્ગે કરીને ધન ભેગું કરે છે.॥૧૨॥

तेषां मनोरथानाह त्रिभिः — इदमिति ।

इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम् ॥
इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम् ॥१३॥

इदम् - पुत्रादि वस्तु, मया अद्य - इदानीमनेन साधनेन लब्धम् -

प्राप्तम् । इमं मनोरथम् – मनःसन्तोषकरं, झटित्येव प्राप्स्ये – यास्यामि। इदम् – वस्तु, मम गृहेऽस्ति, इदमपि बहुलं धनं मे पुनर्भविष्यति ।।१३।।

❋ અસુરોના સંકલ્પો :

હે અર્જુન ! તે આસુરી લોકો ભાતભાતના ભોગસંબંધી સંકલ્પો કર્યા જ કરે છે. **કેવા સંકલ્પો ?** તો, 'આજે આ ઉપાયથી આ પુત્ર, ધન વગેરે વસ્તુ મેં પ્રાપ્ત કરી. આ સંકલ્પ તો થોડા સમયમાં જ પૂરો થઈ જશે. આ વસ્તુ તો મારા ઘરમાં છે અને બહુ ઝાઝું ધન પણ મને થોડા સમયમાં જ મળી જશે. ॥૧૩॥

एवं तल्लोभं प्रपञ्च्य तदाशयप्रकथनेनैव तेषां क्रोधं विस्तारयति – असाविति।

असौ मया हतः शत्रुर्हनिष्ये चापरानपि ॥
ईश्वरोऽहमहं भोगी सिद्धोऽहं बलवान् सुखी ॥१४॥

असौ शत्रुः – अरिः, मया – समर्थेन हतः। अपरानपि – अन्यानपि शत्रूंश्च, शूरोऽहं हनिष्ये – हनिष्यामि, 'व्यत्ययो बहुलम्' इति सूत्रेण पदव्यत्ययः। ईश्वरः – सर्वेषां नियामकः स्वतन्त्रश्च, अहमस्मि। अहं भोगी – स्वसामर्थ्येनैव भोगशीलोऽहमस्मि, न तु मूर्खकल्पितेनाऽदृष्टादिना। सिद्धोऽहम् – स्वसामर्थ्येनैव सिद्धसङ्कल्पोऽहमस्मि। बलवान् – स्वत एव सामर्थ्यवान्, अहमस्मि। सुखी – स्वत एव सुखवान्, अहमस्मि ।।१४।।

આ દુશ્મનને મેં મારા બળથી મારી નાખ્યો છે. બીજા દુશ્મનોને પણ શૂરવીર એવો હું મારી નાખીશ. સર્વનો નિયામક અને સ્વતંત્ર તો હું જ છું. હું મારા સામર્થ્યથી જ ભોગો ભોગવું છું; પણ મૂર્ખ લોકોએ કલ્પેલા ભગવાનની કૃપા કે પુણ્યાદિક વડે નહીં. હું મારા સામર્થ્યથી જ મારા સંકલ્પોને સિદ્ધ કરું છું. હું પોતે જ અતિ સામર્થ્યવાળો અને સુખવાળો છું. મારે હવે કોઈના બળની કે સુખની જરૂર જ નથી. ॥૧૪॥

आढ्योऽभिजनवानस्मि कोऽन्योऽस्ति सदृशो मया ।।
यक्ष्ये दास्यामि मोदिष्य इत्यज्ञानविमोहिताः ।।१५।।

आढ्य इति। आढ्यः - स्वसामर्थ्येनैव धनवान्, अहमस्मि। अभिजनवान् - उत्तमकुलवांश्च, अहमस्मि। मया - ईश्वरेण, सदृशः - तुल्यः, अस्मिन् संसारेऽन्यः स्वसामर्थ्येनैव प्राप्तसमग्रसमृद्धिः पुरुषः कोऽस्ति ? न कोऽपीत्यर्थः। अहं यक्ष्ये – यजनं करिष्ये। अहं दास्यामि – अहं दानं करिष्ये, मोदिष्ये - स्वसामर्थ्येनैव हर्षं यास्यामि, इत्यज्ञान–विमोहिताः — इति - उक्तप्रकारेण, अज्ञानेन - अविवेकेन, विमोहिताः – विविधं मोहं प्रापिताः प्रवर्तन्ते। ईश्वरसहायेन विना सर्वं कर्तुं वयं समर्थाः स्मः, इत्यासुरा मन्यन्ते इति भाव ।।१५।।

હું મારા સામર્થ્યથી જ ધનવાન અને ઉત્તમ કુળવાન થયો છું. મારી જેમ પોતાના જ બળથી સમૃદ્ધિ પ્રાપ્ત કરી હોય એવો આ જગતમાં મારા સિવાય બીજો કોઈ છે ? કોઈ જ નથી ! હું યજ્ઞો કરીશ, દાન આપીશ અને મારા સામર્થ્યથી જ આનંદ ભોગવીશ.' આવાં બધાં અજ્ઞાને વિવિધ પ્રકારના મોહમાં આંધળા કરી મૂકેલા તે અસુરો કેટલીએ વિચિત્ર માન્યતાઓમાં રાચતા હોય છે. અર્થાત્ 'ભગવાનની સહાય વિના જ અમે કાંઈ પણ કરવા સમર્થ છીએ;' એવું તે અસુરો માનતા હોય છે.II૧૫II

एवम् अनेकमनोरथैर्भ्रान्ता आसुरा नरके पतन्तीत्याह — अनेकेति ।

अनेकचित्तविभ्रान्ता मोहजालसमावृताः ।।
प्रसक्ताः कामभोगेषु पतन्ति नरकेऽशुचौ ।।१६।।

अनेकचित्तविभ्रान्ताः — अनेकेषु मनोरथेषु प्रवृत्तं चित्तमनेकचित्तम्, अत्र शाकपार्थिवादित्वादुत्तरपदलोपः, तेन विभ्रान्ताः - विक्षिप्ताः, मोह–जालसमावृताः — उक्तेन मोहरूपेण जालेन समावृताः – जालयन्त्रितमत्स्य–

वद्धद्धाः, कामभोगेषु प्रसक्ताः – अत्यासक्ताः सन्तः, अशुचौ – पूयविण्मूत्रादि–परिपूर्णे अपवित्रतमे, नरके – वैतरण्यादिनिरये पतन्ति ।।१६।।

આમ, અનેક ઇચ્છાઓ પૂરી કરવા જ્યાં-ત્યાં ભટકતું તેમનું ચિત્ત અનેક પ્રકારે થઈ જાય છે. તેને કારણે તે લોકો મોહરૂપી જાળમાં માછલાંની જેમ ફસાઈ જાય છે. પછી **વિષયભોગોમાં અતિ આસક્ત રહ્યા થકા મરી જવાથી પરું, વિષ્ટા અને મૂત્ર વગેરે અપવિત્ર વસ્તુથી ભરપૂર એવા વૈતરણી આદિક નરકમાં પડે છે.** ।।૧૬।।

ते आसुरा यज्ञदानादिकं सर्वं जनेषु विख्यातये कुर्वन्ति, न तु कल्याणायेत्याह द्वाभ्याम् — आत्मेति ।

आत्मसम्भाविताः स्तब्धा धनमानमदान्विताः ।।
यजन्ते नामयज्ञैस्ते दम्भेनाविधिपूर्वकम् ।।१७।।

आत्मसम्भाविताः — आत्मना – स्वेनैव सम्भाविताः – महत्त्वं प्रापिताः, न तु महापुरुषैः, अत एव स्तब्धाः – महत्स्वपि विनयवर्जिताः, धनमानमदान्विताः — धनमानाभ्यां यो मदस्तेनाऽन्विताः – युक्तास्ते, दम्भेनैव न तु श्रद्धया, अविधिपूर्वकं यथा भवति तथा, नामयज्ञैः – नाममात्रैर्यज्ञैः, यद्वा सोमयाजी दीक्षित इत्येवं स्वनामविख्यातये यज्ञैः, स्वानुकूलान् देवान् यजन्ते ।।१७।।

હે અર્જુન ! તે લોકો મોટા પુરુષો દ્વારા નહિ, પરંતુ પોતે જ પોતાની મેળે પોતાને મોટા માની બેઠા હોય છે. તેથી અટંટ-અક્કડ થઈને મોટાપુરુષની સાથે પણ વિનય રાખતા નથી. વળી, ધન અને માનને કારણે મદમાં ચકચૂર રહેતા હોય છે. તે લોકો શ્રદ્ધાથી નહિ, પણ દંભથી પોતાના સ્વભાવને મળતા દેવતાઓને આરાધવા વિધિના ઢંગ-ધડા વિના

નામમાત્ર યજ્ઞ કરે છે. અથવા તો તેઓ માત્ર પોતાના નામની પ્રસિદ્ધિ કરવા જ યજ્ઞ કરતા હોય છે. ॥૧૭॥

अहङ्कारं बलं दर्पं कामं क्रोधं च संश्रिताः ॥
मामात्मपरदेहेषु प्रद्विषन्तोऽभ्यसूयकाः ॥१८॥

अहङ्कारमिति । अहङ्कारम् – अनन्यसहायोऽहमेव समग्रं करोमी–त्येवंरूपमहङ्कारं, तथा बलम् – समग्रक्रियाकृतौ मम परिपूर्णं सामर्थ्यं भवतीत्येवंरूपं बलं, तथा दर्पम् – ममेदृशबलवत्त्वादस्मिँल्लोक मादृशः कोऽन्योऽस्ति ? न कोऽपीत्येवंरूपं दर्पम्, तथा कामं, तथा क्रोधम् – मम ये शत्रवस्तानहं हनिष्यामीत्येवंरूपं क्रोधं, चकारात् परगुणासहिष्णुत्वरूपं मात्सर्यम्, एवमपरानपि महतो दोषान् संश्रिताः । आत्मपरदेहेषु — आत्मनाम् – स्वेषां देहेषु, परेषाम् – अन्येषां देहेषु च, अन्तर्यामितया स्थितं मां प्रद्विषन्तः – स्वदेहे श्रद्धारहिततया फलाभावान् मयोदितशास्त्ररहितयज्ञक्रियाऽऽयासेन परदेहेषु यज्ञपशुहिंसया च मां द्रुह्यन्त इत्यर्थः । अभ्यसूयकाः – कल्याणरूपायां मम क्रियायां दोषमा–रोपयन्तः सन्तो, नामयज्ञैर्यजन्त इति पूर्वेणान्वयः ॥१८॥

તે આસુરી લોકો અહંકાર, બળ, દર્પ, કામ અને ક્રોધ વગેરે અનેક દોષોને આધીન હોય છે. જેમ કે, **અહંકાર** - કોઈની પણ સહાય વિના 'હું જ બધું કરી રહ્યો છું' તેવો હુંકાર. **બળ** - બધાં જ કાર્યો કરવાં માટે મારામાં સંપૂર્ણ સામર્થ્ય છે. **દર્પ** - હું એટલો બધો બળવાન છું, તેથી મારા જેવો બળિયો આ જગતમાં કોણ છે ? કોઈ જ નથી. **કામ** - વિષય ભોગની તૃષ્ણા. **ક્રોધ** - મારા જે કોઈ દુશ્મનો છે તેને હું મારી નાખીશ. વળી, આ સિવાય બીજાના ગુણો સહન નહિ થવારૂપ મત્સર વગેરે બીજા પણ અનેક મોટા મોટા દોષોને તેઓ આધીન થઈ ગયા હોય છે.

વળી, તે લોકો પોતાના શરીરમાં અને બીજાના શરીરમાં અંતર્યામીપણે રહેલા મારો અપરાધ કરે છે. **પોતાના અને બીજાના શરીરમાં મારો દ્રોહ કઈ રીતે કરે છે ?** તો, મારામાં કે વેદાદિ શાસ્ત્રોમાં શ્રદ્ધા નહિ હોવાથી તેમને ફળ તો મળવાનું નથી. છતાં મેં કહેલ શાસ્ત્રીય વિધિએ રહિત યજ્ઞો કરવાનો દાખડો કરીને પોતાનામાં રહેલા મને દુઃખવે છે. અને યજ્ઞ નિમિત્તે પશુઓની હિંસા કરીને તે પશુઓના શરીરમાં રહેલા મારો દ્રોહ કરે છે. વળી, તે લોકો જીવોનાં કલ્યાણ માટેનાં મારાં ચરિત્રોમાં પણ દોષ આરોપ્યા કરે છે. ॥૧૮॥

तेषामासुरस्वभावनाशः कदाचिदपि न भवतीत्याह द्वाभ्याम् – तानिति ।

तानहं द्विषतः क्रूरान् संसारेषु नराधमान् ॥
क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु ॥१९॥

द्विषतः – मां प्राणिजातं च द्रुह्यन्तः, अत एव क्रूरान् – हिंसापरान्, अशुभान् – अशुभकर्मकारिणः, अतो नराधमान् — अतिनिन्दितान्, तान् – मन्मार्गप्रतिपक्षभूतान् आसुरान्, संसारेषु – जनिमृतिवर्त्मसु, तत्राप्यासुरीषु – अत्युग्रासु यमकिङ्करब्रह्मराक्षसकूष्माण्डभैरवभूतप्रेतसिंहसर्पादिष्वेव योनिषु, अजस्रम् – पुनः पुनः, अहम् – सर्वकर्मफलदातेश्वर एव, क्षिपामि – संयोजयामीत्यर्थः। तथा च श्रुतिः अथ – "कपूयचरणा अभ्याशो ह यत्ते कपूयां योनिमापद्येरन् श्वयोनिं वा सूकरयोनिं वा चाण्डालयोनिं वा" (छान्दो.५/१०/७) इति। कपूयचरणाः – कुत्सितकर्माणः, अभ्याशो ह – शीघ्रमेव, कपूयाम् – कुत्सितां योनिमापद्यन्ते" इति श्रुतेरर्थः ॥१९॥

❋ અસુરોની અવળચંડાઈનું ફળ - અધોગતિ :

આમ, અનેક પ્રકારે મારો તથા પ્રાણીમાત્રનો દ્રોહ કરનારા, અતિ ક્રૂર હિંસા કરનારા, અશુભ કર્મો કરનારા અને એટલે જ નરાધમ-અતિ

નિંદનીય અને મારા માર્ગના વિરોધી એવા તે અસુરોને સર્વ કર્મફળપ્રદાતા હું વારંવાર આસુરીયોનિઓમાં જન્મ-મરણ કરાવું છું. **આસુરીયોનિ એટલે શું ?** તો, યમદૂત, બ્રહ્મરાક્ષસ, પિશાચ, ભૈરવ, ભૂત, પ્રેત, સિંહ અને સર્પ વગેરે બીજાને અને પોતાને પણ દુઃખી કરનારી અતિ તામસી યોનિઓ. આવી દુઃખમય સંસૃતિમાં તેને હું જોડી દઉં છું. ॥૧૯॥

आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ॥
मामप्राप्यैव कौन्तय ! ततो यान्त्यधमां गतिम् ॥२०॥

आसुरीमिति । आसुरीं योनिम् – जन्म, आपन्नाः, जन्मनि जन्मनि – प्रतिजन्म, मूढाः – तमोऽधिकत्वाज्ज्ञानरहितास्ते, हे कौन्तेय ! मम ज्ञानहीनत्वान्मामप्राप्य, ततः – अधिकासुरभावयुक्तजन्मनः सकाशात्, अधमाम् – कृमिकीटादिजन्मरूपां गतिमेव यान्ति – प्राप्नुवन्ति ॥२०॥

હે અર્જુન ! તેવી આસુરીયોનિમાં જન્મ પામેલા તે આસુરી જીવો દરેક જન્મમાં વધુ ને વધુ તમોગુણને કારણે અતિ મૂઢ-મોહાંધ થતા જાય છે. આમ, મારા જ્ઞાને રહિત હોવાથી તે અસુરો મને પામતા નથી અને તે આસુરી યોનિથી પણ અધિક અધમ યોનિઓને પામતા રહે છે. અર્થાત્ કૃમિ, કીટ વગેરે અતિ તુચ્છ યોનિમાં જ જન્મ પામ્યા કરે છે. ॥૨૦॥

आसुरभावस्य मूलभूतं दोषत्रयं त्याज्यतया वदति – त्रिविधमिति ।

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ॥
कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥२१॥

यस्मात् कामः, क्रोधः, अत्र क्रोधो मानेन सहितो ज्ञातव्यः, कुतः ? मानस्यासुरभावे मुख्यहेतुत्वात् । तथा लोभः, इत्येतत् त्रिविधम् – त्रिप्रकारं इदं नरकस्य – आसुरभावरूपस्य निरयस्य, द्वारम् – प्राप्तिहेतुभूतम्, आत्मनो नाशनम् – अधमजन्मप्रापकं भवति । तस्मादेतत् त्रयं त्यजेत् । जन

इति शेषः। आसुरभावस्य हेत्वन्तराण्यपि हेयतयोक्तानि ग्रन्थान्तरे – "कामं लोभं क्रुधं मानं ग्राम्यस्नेहं रसैषणाम्। द्वाराण्येव षडेतानि निरयस्येति सन्त्यजेत्"(स.जी.१/३३/७५) इति ।।२१।।

❋ આસુરી સ્વભાવથી બચવાના ઉપાય તથા તેનું ફળ :

આવો આસુરભાવ ક્યાં કારણે થઈ જાય છે ? તો, તેના મૂળભૂત ત્રણ દોષો છે : ૧.કામ, ૨.માને સહિત ક્રોધ અને ૩.લોભ. આ ત્રણમાં પણ માન આસુરભાવનું સૌથી મુખ્ય કારણ છે. આ ત્રણેય દોષો આસુરભાવરૂપ નરકને પામવાના દરવાજા છે. વળી, જેમાં આત્માનો નાશ થઈ ગયો ગણાય એવી અધમ યોનિઓમાં જન્મ લેવડાવનાર પણ આ જ ત્રણ દોષો છે. તેથી હે અર્જુન ! ડાહ્યા માણસોએ આ ત્રણેયનો ત્યાગ કરવો જોઈએ. આ સિવાય જગતની આસક્તિ અને રસાસ્વાદની તૃષ્ણા પણ આસુરભાવનું દ્વાર માનવામાં આવે છે; માટે તેનો પણ ત્યાગ કરવો જોઈએ. ॥૨૧॥

आसुरभावहेतुत्यागे फलाधिक्यमाह – एतैरिति ।

एतैर्विमुक्तः कौन्तेय ! तमोद्वारैस्त्रिभिर्नरः ॥
आचरत्यात्मनः श्रेयस्ततो याति परां गतिम् ॥२२॥

हे कौन्तेय! एतैः – त्रिभिः कामादिभिः, तमोद्वारैः — तमसः – आसुरभावरूपस्याज्ञानस्य, द्वारैः – उपायभूतैः, विमुक्तः – तेभ्यो वियुक्तो नरः, आत्मनः – स्वस्य, श्रेयः – मोक्षसाधनम्, आचरति। ततः – मोक्षसाधनादनन्तरं, परां गतिम् – श्रेष्ठगतिरूपं मां याति ।।२२।।

હે અર્જુન ! **આસુરભાવરૂપ ઘોર અજ્ઞાનના દ્વારભૂત આ ત્રણેય દોષોથી રહિત થયેલો મનુષ્ય જ પોતાના મોક્ષનાં સાધનો કરી શકે છે.** અને મોક્ષનાં સાધનો કર્યા પછી તે ભક્ત **સર્વશ્રેષ્ઠ પ્રાપ્ય એવા મને પામે છે.**॥૨૨॥

शास्त्रोक्तधर्माद्याचरणं विना जनस्य कल्याणं न भवतीत्याह – य इति ।

यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ॥
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥२३॥

यः शास्त्रविधिम् — शास्ति – धर्मज्ञानवैराग्यभक्तीर्बोधयतीति शास्त्रं, तस्य विधिम् – तदुदितनियमाचरणम्, उत्सृज्य – त्यक्त्वा, कामकारतः – स्वेच्छाचारेण, वर्तते सः, सिद्धिम् – अणिमादिसिद्धिं धर्मज्ञानादिसिद्धिं वा, न अवाप्नोति । सुखम् – ऐहिकं पारलौकिकं च, न प्राप्नोति। परां गतिम् – उत्कृष्टां मद्गतिं च, न प्राप्नोति ।।२३।।

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનું જ્ઞાન આપનાર શાસ્ત્રોમાં કહેલા નિયમોને છોડીને જે મનુષ્ય પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે છે, તે મનમુખી જીવ ધર્મ-જ્ઞાનાદિકની સિદ્ધિને અથવા તો અણિમાદિક અષ્ટસિદ્ધિને પણ નથી પામતો. વળી, આ લોક-પરલોકનું કોઈ સુખ નથી પામતો અને સર્વશ્રેષ્ઠ મારી પ્રાપ્તિ પણ નથી કરી શકતો. ॥૨૩॥

इदानीं कर्मकर्तव्यताप्रकारमाह — तस्मादिति ।

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ॥
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥२४॥

इति श्रीभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णाऽर्जुनसंवादे 'दैवासुरसम्पद्विभागो' नाम षोडशोऽध्यायः ॥१६॥

कार्याकार्यव्यवस्थितौ – इदं कर्तव्यमिदं न कर्तव्यम् एतस्यां व्यवस्थायां, ते – तव, यस्मात् शास्त्रम् – सच्छास्त्रं, प्रमाणमस्ति, तस्मात् शास्त्रविधानोक्तम् – शास्त्रविधिनोदितं, कर्म ज्ञात्वा, इह – क्षात्रधर्मे स्थितस्त्वं स्वोचितं कर्म कर्तुमर्हसि – योग्योऽसीत्यर्थः ।।२४।।

હે અર્જુન ! 'આ કર્મ કરવા યોગ્ય છે ને આ કર્મ કરવા યોગ્ય નથી', આવી કાર્ય-અકાર્યની વ્યવસ્થામાં તારે તો શાસ્ત્ર પ્રમાણભૂત છે. તેથી તે શાસ્ત્રીયવિધિ દ્વારા કહેવાયેલાં કર્મને સારી રીતે જાણીને પછી તારા ક્ષત્રિય ધર્મમાં રહીને તું તારે કરવા યોગ્ય કર્મ કર. ॥૨૪॥

अस्मिन् षोडशाऽध्याये दैव्यासुर्यौ सम्पदावुक्ते, आसुरस्वभावमनोरथौ चोक्तौ, जनानामासुरभावहेतुस्तद्युक्तानां गतिश्चोक्ता, शास्त्रोक्तधर्मानुवर्तिनां सुखोत्कृष्टगती चोक्ते ।

इति श्रीसहजानन्दस्वामिशिष्यगोपालानन्दकृतायां भगवद्भावदीपिकायां श्रीभगवद्गीताटीकायां षोडशोऽध्यायः ॥१६॥

આ સોળમા અધ્યાયમાં આટલી બાબતો કહેવાણી છે : (૧) દૈવી તથા આસુરી સંપત્તિરૂપ સદ્ગુણ-દુર્ગુણનું વર્ણન (૨) આસુરી જીવોના સ્વભાવ તથા તેના દુષ્ટ સંકલ્પોનું વિવરણ (૩) જીવોને આસુરભાવ થવાનાં કારણો અને તેની અધોગતિનું વર્ણન (૪) શાસ્ત્રોએ કહેલ ધર્મ પ્રમાણે વર્તનારનું સુખ તથા સર્વોત્કૃષ્ટ ગતિરૂપ પ્રભુપ્રાપ્તિનું પ્રતિપાદન.

આ રીતે સર્વાવતારી શ્રીસહજાનંદસ્વામીના શિષ્ય સદ્.શ્રીગોપાળાનંદ-સ્વામી વિરચિત શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યના ગુજરાતી ભાવાનુવાદમાં 'દૈવી તથા આસુરી જીવોનું વર્ણન તથા તેની ગતિ કહી' એ નામે સોળમો અધ્યાય પૂરો થયો. ॥૧૬॥



सप्तदशोऽध्यायः

गुणकर्मविभागयोगः

इदानीं सप्तदशाऽध्याये त्रिगुणसम्बन्धेन श्रद्धायज्ञतपोदानादीनां त्रिविधता, 'ॐ तत् सत्' इति त्रयाणां शब्दानामुच्चारणस्थानानि च प्रोच्यन्ते ।

આ સત્તરમાં અધ્યાયમાં આ બે બાબતો કહેવાઈ છે : (૧) ત્રણ ગુણનો સંબંધ થવાથી શ્રદ્ધા, યજ્ઞ, તપ અને દાન વગેરેના પણ ત્રણ ત્રણ પ્રકારો. (૨) 'ૐ, તત્, સત્' એ ત્રણ શબ્દોને ઉચ્ચારવાનાં સ્થાનનો નિર્દેશ.

शास्त्रविधिं विना ये श्रद्धया यजनं कुर्वन्ति तेषां निष्ठां पृच्छन्नर्जुन उवाच – ये इति ।

अर्जुन उवाच –

ये शास्त्रविधिमुत्सृज्य यजन्ते श्रद्धयान्विताः ।।
तेषां निष्ठा तु का कृष्ण ! सत्त्वमाहो रजस्तमः ।।१ ।।

हे कृष्ण ! – परब्रह्मन् ! कृष्णशब्दस्य परब्रह्मवाचकत्वं श्रुतिर्वदति – "कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः । तयोरैक्यं परम्बह्म कृष्ण इत्यभिधीयते" इति । निर्वृतिशब्दवाच्यपरमसुखभूमित्वात् परब्रह्मणः 'कृष्ण !' इति सम्बोधनेन परमानन्ददायकत्वमुक्तम् । शास्त्रविधिम् – प्राग्व्याख्यातं, उत्सृज्य – परित्यज्य, ये श्रद्धयान्विताः – श्रद्धायुक्ताः सन्तः, यजन्ते – देवार्हणादिकं कुर्वन्ति । तेषां निष्ठा का ? – कीदृशी ?, आहो इत्याश्चर्ये, सत्त्वम् – सात्त्विकी निष्ठा ? रजः – राजसी निष्ठा ? तमः – तामसी वा ?

निष्ठा – स्थितिः, तेषां किं सत्त्वे स्थितिः ? किं वा रजसि स्थितिः ? किं वा तमसि स्थितिः ? इत्यर्थः । एतस्य प्रश्नस्योत्तरं वक्तव्यम् ।

अस्मिन् श्लोके 'ये शास्त्रविधिमुत्सृज्य यजन्ते' इत्यनेन वचनेन शास्त्रार्थं ज्ञात्वा, तमुल्लङ्घ्य च वर्तमाना जना न ग्राह्याः, तेषां श्रद्धा-पूर्वकयजनानुपपत्तेः । ये तु शास्त्रज्ञाने बहुलायासाद् बुद्धिमान्द्याद्वा शास्त्रविधिज्ञाने प्रयत्नमकृत्वा, केवलाचारपरम्परावशेन श्रद्धया च केचिद्देवताराधनादौ प्रवर्तमानाः पुरुषास्ते ग्राह्याः ।।१।।

હવે અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનને આવો પ્રશ્ન પૂછે છે : "હે કૃષ્ણ ! એટલે કે, પરમ આનંદ આપનાર હે પરબ્રહ્મ ! જેઓ શાસ્ત્રવિધિ છોડીને શ્રદ્ધાએ સહિત દેવપૂજન વગેરે કરે છે, તેમને કેવી સ્થિતિ હોય છે ? તેમને શું સત્ત્વગુણમાં સ્થિતિ હોય છે ? કે રજોગુણ-તમોગુણમાં..? અર્થાત્ તેઓ કયા ગુણપ્રધાન જીવન જીવતા હોય છે ?

શાસ્ત્રવિધિ છોડીને પૂજન કરવું એટલે શું ? તો, આ શ્લોકમાં તેનો અર્થ એવો છે કે, 'ઓછી બુદ્ધિને કારણે અથવા શાસ્ત્રજ્ઞાન મેળવવા બહુ ઝાઝો પ્રયાસ કરવો પડતો હોવાથી શાસ્ત્રીયવિધિ જાણવાનો પ્રયત્ન ન કરે; પણ કેવળ પોતાની આચારપરંપરાને આધારે શ્રદ્ધાથી દેવોનું આરાધન વગેરે ક્રિયામાં પ્રવર્તે, તેને શાસ્ત્રવિધિ છોડીને પૂજન કર્યું કહેવાય.' પરંતુ જે લોકો શાસ્ત્રોએ કહેલી વિધિ જાણતા હોવા છતાં તેનું ઉલ્લંઘન કરીને વર્તતા હોય તેની વાત અહીં નથી. કારણ કે, તેમને શ્રદ્ધાપૂર્વક પૂજન સંભવતું જ નથી." ॥૧॥

अर्जुनकृतप्रश्नस्योत्तरं कुर्वन् सन् श्रीभगवानुवाच – त्रिविधेति ।

श्रीभगवानुवाच –

त्रिविधा भवति श्रद्धा देहिनां सा स्वभावजा ।।
सात्त्विकी राजसी चैव तामसी चेति तां शृणु ।।२।।

देहिनाम् – देहभृतां, स्वभावजा — स्वभावात् – पूर्ववासनाजनित–भावात्, जाता – उत्पन्ना, या श्रद्धा – विश्वासपूर्वकत्वरा, सा त्रिविधा भवति। तस्यास्त्रिविधतामाह — सात्त्विकी राजसी च तामसी चेति। तामेव – त्रिविधां श्रद्धां, मत्तः शृणु। श्रद्धास्वरूपमुक्तमेकादशे – "सात्त्विक्याध्यात्मिकी श्रद्धा कर्मश्रद्धा तु राजसी। तामस्यधर्मे या श्रद्धा मत्सेवायां तु निर्गुणा"(भाग.११/२५/२७) इति ।।२।।

❋ ત્રણ પ્રકારની શ્રદ્ધા :

હવે શ્રીકૃષ્ણ અર્જુનના પ્રશ્નનો જવાબ આપતા કહે છે કે, "દેહધારી જીવોને તેમના પૂર્વસંસ્કાર પ્રમાણે ઉત્પન્ન થયેલી શ્રદ્ધા ત્રણ પ્રકારની હોય છે - સાત્ત્વિકી, રાજસી અને તામસી. **શ્રદ્ધા એટલે શું ?** તો, વિશ્વાસે સહિત કાર્ય કરવાની ઊતાવળ-તરવરાટ. તે ત્રણેય પ્રકારની શ્રદ્ધા કેવી હોય ? તે તું મારી પાસેથી સાંભળ. ॥૨॥

त्रिविधश्रद्धानुसारेण पुरुषोऽपि त्रिविधः, श्रद्धाप्यन्तःकरणानुरूपा च भवतीत्याह — सत्त्वेति।

सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत ! ॥
श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः ॥३॥

हे भारत! सर्वस्य – समग्रस्य जनस्य, सत्त्वानुरूपा — सत्त्वस्य – सत्त्वरजस्तमोयुक्तस्यान्तःकरणस्य अनुरूपा – तद्गुणानुसारिणी, श्रद्धा भवति। अतोऽयं पुरुषोऽपि श्रद्धामयः – श्रद्धाप्रधानो भवति। यच्छ्रद्धः – या – सात्त्विकी राजसी तामसी वा श्रद्धा, यस्य तथाभूतो, यः – पुरुषः सः, स एव – श्रद्धानुसारी एव भवति ।।३।।

સર્વ કોઈને પોતાના સાત્ત્વિક, રાજસ કે તામસ અંતઃકરણ પ્રમાણે શ્રદ્ધા પણ તેવી જ - સાત્ત્વિકી, રાજસી કે તામસી થાય છે. માટે તે પુરુષ

પણ શ્રદ્ધાપ્રધાન છે. એટલે તો જે પુરુષને જેવી શ્રદ્ધા હોય તે પુરુષ પણ તેવો જ થાય છે. અર્થાત્ સાત્ત્વિક શ્રદ્ધાવાળો સાત્ત્વિક, તામસી શ્રદ્ધાવાળો તામસી અને રાજસી શ્રદ્ધાવાળો રાજસી પ્રકૃતિનો જ બની જાય છે. ॥૩॥

तदेव स्पष्टतया निरूपयति – यजन्त इति ।

यजन्ते सात्त्विका देवान् यक्षरक्षांसि राजसाः ॥
प्रेतान् भूतगणांश्चान्ये यजन्ते तामसा जनाः ॥४॥

सात्त्विकाः – सत्त्वगुणप्रधानाः सात्त्विकीश्रद्धायुक्ताश्च पुरुषाः, देवान् – सात्त्विकसुखप्रदातॄन् अमरान्, यजन्ते – पूजयन्ति । राजसाः – रजोगुणप्रधाना राजसीश्रद्धायुक्ताश्च जनाः, यक्षरक्षांसि – यक्षान् – कुबेरादीन्, रक्षांसि – राक्षसान् निर्ऋतिप्रभृतीन्, यजन्ते । अन्ये – तेभ्य इतरे, तामसाः – तमोगुणयुक्ताः तामसीश्रद्धायुक्ताश्च जनाः, प्रेतान् – पिशाचविशेषान्, भूतगणांश्च – सप्तमातृकादींश्च, यजन्ते ॥४॥

જેઓ સત્ત્વગુણપ્રધાન અને સાત્ત્વિક શ્રદ્ધાવાળા પુરુષો છે, તે સાત્ત્વિક સુખ આપનારા દેવોને પૂજે છે. જેઓ રજોગુણપ્રધાન અને રાજસી શ્રદ્ધાવાળા છે, તે કુબેર વગેરે યક્ષ અને નિઋતિ વગેરે રાક્ષસોની પૂજા કરે છે. અને તે સિવાયના જે તમોગુણયુક્ત અને તામસી શ્રદ્ધાવાળા અતિ અજ્ઞાની લોકો છે, તે ભૂત-પ્રેત વગેરેની પૂજા કરે છે. ॥૪॥

तेष्वप्यधिकरजस्तमोयुक्तानाह द्वाभ्याम् – अशास्त्रेति ।

अशास्त्रविहितं घोरं तप्यन्ते ये तपो जनाः ॥
दम्भाहङ्कारसंयुक्ताः कामरागबलान्विताः ॥५॥

दम्भाहङ्कारसंयुक्ताः – दम्भाहङ्काराभ्यां प्राग्व्याख्याताभ्यां संयुक्ताः – अन्विताः, कामरागबलान्विताः – कामः – फलाभिलाषः, रागः – योषित्पुरुषयोः अन्योऽन्यासक्तिः, बलम् – दुराग्रहः तैरन्विताः ।

एवम्भूता येऽधिकरजस्तमोयुक्तजनास्ते, अशास्त्रविहितम् – शास्त्रविधिहीनं, घोरम् – जनभयङ्करं, तपः तप्यन्ते – कुर्वन्ति। तानासुरनिश्चयान् विद्धीत्युत्तरेणान्वयः ।।५।।

कर्षयन्तः शरीरस्थं भूतग्राममचेतसः ।।
मां चैवान्तःशरीरस्थं तान्विद्ध्यासुरनिश्चयान् ।।६।।

कर्षयन्त इति। पुनः कथम्भूतास्ते ? अचेतसः – विवेकहीनाः, शरीरस्थम् – देहारम्भकत्वेन वपुषि स्थितं, भूतग्रामम् — भूतानाम् – भूम्यादीनां ग्रामम् – समूहं, कर्षयन्तः – शास्त्रविधिरहितत्वाद् वृथा तपोभिः कृशं कुर्वन्तः। अन्तःशरीरस्थम् — शरीरस्य – स्वशरीरभूतस्य जीवस्यान्तस्तिष्ठतीति तथोक्तम्, क्षेत्रज्ञान्तर्यामितया स्थितम्, राजदन्तादि-त्वाद्विशेषणस्य परनिपातः। एवम्भूतं मां चैव – मदाज्ञोल्लङ्घनेन, कर्षयन्तः – पीडयन्तः, एवम्भूता ये तान् आसुरनिश्चयान् — आसुरो – जनदुःखदोऽत्युग्रो निश्चयो येषां तथाभूतान्, विद्धि – जानीहि ।।६।।

તેમાં પણ જેઓ અધિક રજોગુણી-તમોગુણી જીવો છે, તેનાં હવે લક્ષણો જણાવું છું. તેઓ દંભ અને અહંકારથી ભરેલા હોય છે. તેઓ કર્મફળની તથા સ્ત્રી-પુરુષની પરસ્પર તીવ્ર આસક્તિવાળા અને દુરાગ્રહી હોય છે. આવા તે અતિ ઉગ્ર નિશ્ચયવાળા લોકો પોતાની આસક્તિ પૂરી કરવા શાસ્ત્રોમાં ન કહ્યાં હોય તેવાં ભયંકર તપ કરે છે. વળી, વિવેક વગરના તે જીવો શાસ્ત્રોમાં ન કહ્યાં હોય તેવાં આકરાં વ્યર્થ તપો કરીને પોતાના શરીરમાં રહેલ ભૌતિક તત્ત્વોને સાવ સૂકવી નાખે છે. આ રીતે આવાં બધાં વ્યર્થ કષ્ટો વેઠીને તે લોકો મારા શરીરભૂત એવા જીવમાં અંતર્યામીપણે રહેલા મને પણ પીડે છે. અર્થાત્ મારી આજ્ઞાઓને વારંવાર લોપીને મને દુઃખ પહોંચાડે છે. આવાં લક્ષણવાળા જે જીવો હોય તેને તું આસુરી નિશ્ચયવાળા જાણજે. અર્થાત્ જે બીજાને

દુઃખ દેનાર અતિ ઉગ્ર નિશ્ચયવાળા હોય તેને જોઈને 'તેઓ આસુરી જીવ છે' એમ તું ઓળખી લેજે. ।।૫-૬।।

आहारयज्ञादीनां त्रिविधभेदान्नाह षोडशैः — आहार इति ।

आहारस्त्वपि सर्वस्य त्रिविधो भवति प्रियः ॥
यज्ञस्तपस्तथा दानं तेषां भेदमिमं शृणु ॥७॥

सर्वस्यापि – समग्रस्य जनस्यापि, आहारः – भोजनं तु, सत्त्वादि-त्रिगुणयुक्तत्वात् त्रिविधः प्रियो भवति । तथा यज्ञः त्रिविधः, तपश्च दानं च त्रिविधमस्ति । तेषामाहारादीनाम्, इमम् – मया वक्ष्यमाणं, भेदम् – पृथक्पृथग्विशेषं, मत्तः शृणु ।।७।।

❋ ત્રણ પ્રકારનાં ભોજન :

હે અર્જુન ! સર્વ કોઈ જીવોને તેનો આહાર-ખોરાક ત્રણ ગુણે યુક્ત હોવાથી ત્રણ પ્રકારનો પ્રિય લાગે છે. તેમજ યજ્ઞ, તપ અને દાન પણ ત્રણ પ્રકારનાં હોય છે. તે તમામના ભેદો મારી પાસેથી સાંભળ. ।।૭।।

तत्रादौ त्रिविधमाहारमाह त्रिभिः — आयुरिति ।

आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ॥
रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहारास्सात्त्विकप्रियाः ॥८॥

आयुःसत्त्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः — आयुः – जीवनं च, सत्त्वम् – अन्तःकरणं च, तत्कार्यं ज्ञानमत्र सत्त्वशब्देनोक्तं, बलम् – देहसामर्थ्यं च, आरोग्यम् – रोगरहितत्वं च, सुखम् – अन्तःकरणप्रसन्नत्वं च, प्रीतिः – भोजनाभिरुचिश्च, एतेषां विवर्धनाः – वृद्धिकराः, रस्याः – मधुररससंयुक्ताः, स्निग्धाः – आभ्यन्तरस्नेहोपेताः, स्थिराः – चिरकालस्थायिनः, हृद्याः – रमणीयरूपेण हृदयङ्गमाः । एवम्भूता आहाराः – भोजनानि, सात्त्विक-प्रियाः – सत्त्वगुणयुक्तस्य नरस्य प्रियाः ।।८।।

સાત્ત્વિક મનુષ્યોને કેવો આહાર પ્રિય લાગે છે ? તો, સત્ત્વગુણી લોકોને ગળ્યાં, ચીકણાં-અંદર ઘી-તેલવાળાં, લાંબા સમય સુધી સારાં રહેનારાં અને દેખાવમાં પણ સારાં લાગે તેવાં ભોજનો પ્રિય હોય છે. આવાં ભોજનો આયુષ્ય વધારે છે; અંતઃકરણનું કાર્ય એવા જ્ઞાનને સતેજ કરે છે; શરીરમાં બળ વધારે છે અને શરીરને નિરોગી રાખે તથા કરે છે. આવાં ભોજનો જમવામાં રુચિ વધારે છે અને મનને પ્રસન્ન રાખે છે. ॥૮॥

राजसप्रियानाहारानाह – कट्विति ।

कट्वम्ललवणात्युष्णतीक्ष्णरुक्षविदाहिनः ॥
आहारा राजसस्येष्टा दुःखशोकामयप्रदाः ॥९॥

कट्वम्ललवणात्युष्णतीक्ष्णरुक्षविदाहिनः – अतिशब्दः कट्वादिषु सप्तस्वपि नियोज्यः, अतिकटुः - पिचुमन्दादिः, अत्यम्लश्च, अतिलवणश्च, अत्युष्णश्च विख्यातः, अतितीक्ष्णः - मरीचादिश्च, अतिरुक्षः - स्नेहवर्जितः कङ्गुकोद्रवादिश्च, अतिविदाही - दाहजनको राजिकासर्षपादिश्च। एते कट्वादयः, दुःखशोकामयप्रदाः – दुःखम् - तात्कालिकीहृदयसन्तापकरी पीडा च, शोकः - आहारादनन्तरभावी मनसि क्षोभः, आमयः - गदः, एतान् प्रददति - धातुवैषम्यद्वारेण प्रयच्छन्तीति। तथाभूता आहाराः - भोजनानि, राजसस्य - रजोगुणयुक्तस्य नरस्य, इष्टाः - प्रियाः, अधिक-रजोगुणवर्धनाश्चेति शेषः ।।९।।

રજોગુણી મનુષ્યોને કેવો આહાર પ્રિય લાગે છે ? તો, રજોગુણી લોકોને વધુ પડતાં કડવાં, ખાટાં, ખારાં, ઊનાં, તીખાં, ઘી-તેલ વગરનાં અને શરીરમાં બળતરા કરાવે તેવાં ભોજનો પ્રિય હોય છે. આવાં ભોજનો જમતી વખતે અંતરમાં સંતાપ કરે છે અને જમ્યા પછી મનમાં ક્ષોભ કરે

છે. વળી, આવાં ભોજનો રોગ પેદા કરે છે અને રજોગુણ હોય તેના કરતાં પણ વધારી દે છે. ॥૯॥

तामसमाहारं वदति – यातयाममिति ।

यातयामं गतरसं पूति पर्युषितं च यत् ॥
उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम् ॥१०॥

पाकादनन्तरं यातौ यामौ - प्रहरौ यस्य तत् - ओदनसूपादि, गतरसम् - विरसतां प्राप्तं, पूति - दुर्गन्धं, बहुकालगमनेन दुर्गन्धयुक्तं, पर्युषितम् - पक्वादनन्तरं रात्र्यन्तरितं, चकारात् - गञ्जाभङ्गाहिफेन-तमालकनकबीजादि गृह्यते । उच्छिष्टम् - सात्त्विकदेवगुर्वादिभ्योऽन्येषां भुक्तावशिष्टम्, अपिशब्देनायुर्वेदोक्तं कुपथ्यं ग्राह्यम् । अमेध्यम् - यज्ञ-शिष्टमपि मद्यमांसाद्यपवित्रं, यद्भोजनं तत् तामसप्रियम् – तामसस्य - तमोगुणयुक्तस्य नरस्य प्रियम् - इष्टम् । सात्त्विकैः सर्वथा मद्यमांसाद्यपवित्रं वस्तु त्याज्यमेवेति भावः ।

तत्र प्रमाणानि – "यदि यज्ञांश्च वृक्षांश्च यूपांश्चोद्दिश्य मानवाः । वृथा मांसानि खादन्ति नैष धर्मः प्रशस्यते ।। सुरामत्स्यान् मधुमांसमासवं कृशरौदनम् । धूर्तैः प्रवर्तितं ह्येतन्न तु वेदेषु कल्पितम्"(म.भा.शां.२५७/८-९) "प्रोक्षिताभ्युक्षितं मांसं तथा ब्राह्मणकाम्यया । निर्दोषं सर्वथा मांसं विद्यते नैव भूपते"(म.भा.अनु.११६/४३) "ऋषिभिः संशयं पृष्टो वस्तुश्चेदिपतिः पुरा । अभक्ष्यमपि मांसं स प्राह भक्ष्यमिति प्रभो! ।। आकाशात् पतितः सद्यो भूमौ स नृपतिस्तदा । एतदेव पुनश्चोक्त्वा विवेश धरणीतलम्" (म.भा.अनु.११६/५४-५५) इत्यादीनि भारतवचनानि ।।१०।।

તમોગુણી મનુષ્યોને કેવો આહાર પ્રિય લાગે છે ? તો, તામસી

લોકોને રસ રહિત-સૂકાં થઈ ગયેલ, વાસી અર્થાત્ રાંધ્યા પછી છ કલાક અથવા એક રાત્રી વીતી ગઈ હોય તેવાં, દુર્ગંધવાળાં તથા ગાંજો, ભાંગ, અફીણ, તમાકુ, ધતૂરાનાં બીજ વગેરે નશો કરનારાં ભોજનો પ્રિય હોય છે. તેઓ સાત્ત્વિક દેવની કે ગુરુની પ્રસાદી સિવાયનું જેનું-તેનું એંઠું ખાય છે તથા આયુર્વેદમાં નિષેધ કરેલ આહાર ખાય છે. વળી યજ્ઞમાં વધેલ પણ દારૂ, માંસ જેવું અપવિત્ર ખાય છે. આવો આહાર તો તમોગુણીને પ્રિય લાગે છે. માટે સાત્ત્વિક લોકોએ તો તે દારૂ, માંસ વગેરે અપવિત્ર વસ્તુનો હંમેશાં ત્યાગ જ રાખવો જોઈએ. ॥૧૦॥

अथ त्रिविधान् यज्ञानाह – अफलेति ।

अफलाकांक्षिभिर्यज्ञो विधिदृष्टो य इज्यते ॥
यष्टव्यमेवेति मनः समाधाय स सात्त्विकः ॥११॥

अफलाकांक्षिभिः – निष्कामैर्जनैः, विधिदृष्टः – विधिना दृष्टः, शास्त्रदृष्टमन्त्रद्रव्यादियुक्त इत्यर्थः । यष्टव्यमेवेति – मयेश्वराराधनायैव यज्ञः कर्तव्यो न तु फलार्थमित्यमुनाप्रकारेण, मनः समाधाय – स्थिरीकृत्य, यो यज्ञ इज्यते – क्रियते, स सात्त्विकः – सत्त्वगुणयुक्त इत्यर्थः ।।११।।

❋ ત્રણ પ્રકારના યજ્ઞો :

હે અર્જુન ! **હવે ત્રણ પ્રકારના યજ્ઞો બતાવું છું :** 'મારે તો પ્રભુની પ્રસન્નતા માટે જ યજ્ઞ કરવો છે, પણ કોઈ ફળની ઈચ્છાથી નહીં.' આવો મનમાં દૃઢ નિશ્ચય રાખીને નિષ્કામ ભક્તો શાસ્ત્રોએ કહેલી વિધિ પ્રમાણે જે યજ્ઞ કરે તે **સાત્ત્વિક યજ્ઞ** છે. ॥૧૧॥

सात्त्विकयज्ञमुक्त्वा राजसमाह – अभिसन्धायेति ।

अभिसन्धाय तु फलं दम्भार्थमपि चैव यत् ॥
इज्यते भरतश्रेष्ठ ! तं यज्ञं विद्धि राजसम् ॥१२॥

तु शब्द उक्ताद्वैलक्षण्यं द्योतयति। फलमभिसन्धाय – फलोद्देशं कृत्वा, दम्भार्थमपि – स्वश्रेष्ठत्वख्यापनायापि, याजकेन यत् – यो यज्ञ:, इज्यते – क्रियते। हे भरतश्रेष्ठ ! – भरतस्य गोत्रापत्यानि भरतास्तेषु श्रेष्ठस्तत्सम्बुद्धौ। बाह्वादित्वात् 'इञ्' प्रत्यये कृते सति तस्य 'बह्वचः इञः' इत्यनेन लुक्। तं यज्ञं राजसं विद्धि – जानीहि, च शब्द: पादपूरणे ।।१२।।

ભરતકુળમાં શ્રેષ્ઠ હે અર્જુન ! કાંઈ પણ ફળની ઇચ્છાથી અથવા પોતાની કીર્તિ વધારવા માટે પણ યજ્ઞ કરે તે યજ્ઞને તું **રાજસી યજ્ઞ** જાણજે. ।।૧૨।।

तामसं यज्ञं वदति – विधिहीनमिति ।

विधिहीनमसृष्टान्नं मन्त्रहीनमदक्षिणम् ।।
श्रद्धाविरहितं यज्ञं तामसं परिचक्षते ।।१३।।

विधिहीनम् – सच्छास्त्रोक्तविधिशून्यं, सच्छास्त्रनिष्ठपरमदयालु-शिष्टपुरुषप्रणीतविधिरहितमित्यर्थ:। असृष्टान्नम् – सत्पात्रेभ्योऽदत्तान्नं, (मन्त्रहीनम् –) मन्त्रै: – वेदपुराणोदितैर्मन्त्रै: शून्यम्, अदक्षिणम् – यथाशास्त्रदक्षिणावर्जितं, श्रद्धाविरहितम् – श्रद्धाशून्यं, तामसम् – तमोगुणयुक्तं, यज्ञं परिचक्षते – यज्ञविधिज्ञा वदन्ति ।।१३।।

જે યજ્ઞમાં સત્શાસ્ત્રો અને પરમદયાળુ સત્પુરુષોએ કહેલી વિધિઓનું પાલન ન થતું હોય; સત્પાત્રોને અન્નદાન ન અપાતું હોય; વેદો તથા પુરાણોએ કહેલા મંત્રોનો ઉપયોગ ન થતો હોય; જેમાં શાસ્ત્રવિધિ મુજબ દક્ષિણા ન અપાતી હોય અને જે શ્રદ્ધા વિના કરવામાં આવતો હોય, તે યજ્ઞ **તમોગુણી યજ્ઞ** છે. આવું યજ્ઞવિધિ જાણનારા પુરુષો કહે છે. ।।૧૩।।

तपसि सात्त्विकादिभेदं ज्ञापयितुमादौ तस्य शारीरादिभेदत्रिविधतां वदति त्रिभि: – देवेति ।

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ॥
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥१४॥

देवाः – विष्णवादयः पञ्च च, द्विजाः – ब्राह्मणाश्च, गुरुः – सद्धर्मोपदेष्टा च, प्राज्ञाः – भगवत्स्वरूपज्ञाः साधुपुरुषाश्च तेषां पूजनम्, शौचं च – बाह्याभ्यन्तरं द्विविधम्, आर्जवम् – स्वभावऋजुत्वं, ब्रह्मचर्यम् – शास्त्रनिषिद्धमैथुननिवृत्तिः, अहिंसा च – यज्ञादिष्वपि देहभृत्पीडाशून्यत्वम्। एतल्लक्षणयुक्तं शारीरम् – शरीरसम्बन्धि, तप उच्यते ।।१४।।

❋ ત્રણ પ્રકારનાં તપ :

હે અર્જુન ! **હવે તપના ત્રણ પ્રકારો કહું છું :** વિષ્ણુ, શિવ, પાર્વતી, ગણપતિ અને સૂર્ય – એ પાંચ દેવ, બ્રાહ્મણો, સદ્ધર્મનો ઉપદેશ દેનારા ગુરુજનો અને ભગવાનના સ્વરૂપને જાણનારા સાધુપુરુષોનું પૂજન કરવું. વળી, અંદર-બહારની પવિત્રતા જાળવવી, સરળ સ્વભાવ રાખવો, શાસ્ત્રોએ કહેલ બ્રહ્મચર્યનું પાલન કરવું, યજ્ઞાદિકમાં પણ કોઈની હિંસા-પીડા થાય એવું ન કરવું; આ રીતે વર્તવું તે **શારીરિક તપ** છે. ॥૧૪॥

एवं शारीरं तप उक्त्वेदानीं वाङ्मयं तपो वदति – अनुद्वेगेति ।

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ॥
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥१५॥

अनुद्वेगकरम् – अन्येषामभयङ्करं, सत्यम् – स्वपरद्रोहरहितं, प्रियहितं च – प्रियम् – श्रोतॄणां प्रीतिजनकं हितम् – जनहितकारि वाक्यं, यत् स्वाध्यायाभ्यसनं च – सच्छास्त्राभ्यासश्च, तत् वाङ्मयम् – वाचिकं तप उच्यते एव। वाचा निष्पन्नं तपः कथ्यते इत्यर्थः ।।१५।।

જે બોલવાથી **કોઈને ઉદ્વેગ-ભય ન થાય,** પોતાને અને બીજાને **આપત્તિ ન આવે** અને **સાંભળનારાને પ્રીતિ ઉપજાવે** તથા પ્રાણીમાત્રનું

હિત કરે એવું બોલવું તથા **સત્શાસ્ત્રનો અભ્યાસ કરવો, તે વાચિક તપ છે.** તેને વાણી દ્વારા કરવામાં આવતું તપ કહે છે. ॥૧૫॥

मानसं तपो वदति – मन इति ।

मनःप्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।।
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ।।१६ ।।

मनःप्रसादः – मनसः शुद्धत्वं, सौम्यत्वम् – अक्रूरत्वं, मौनम् – मुनेरिदं मननं मौनं, आत्मविनिग्रहः — आत्मनः – मनसः, विनिग्रहः – असद्विषयेभ्यः प्रत्याहरणं ध्येये स्थापनञ्च, भावसंशुद्धिः – भावस्य हृद्गतस्य संशुद्धिः, कामक्रोधलोभादिमलनिवृत्तिः आत्मपरमात्मभिन्नविषयध्यान–शून्यत्वमितिभावः । इत्येतत् – इत्युक्तप्रकारं, मानसम् – मनसि जातं, तप उच्यते। ग्रन्थान्तरेष्वप्यन्यानि तपोलक्षणान्युक्तानि तान्यत्रोच्यन्ते — "तपो यज्ञादपि श्रेष्ठम् इत्येषा परमा श्रुतिः ।तत्ते तपः प्रवक्ष्यामि विद्वांस्तदपि मे शृणु।। अहिंसा सत्यवचनमानृशंस्यं दमो घृणा। एतत्तपो विदुर्धीरा न शरीरस्य शोषणम्"(म.भा.शां.८०/१६-१७) "मनसश्चेन्द्रियाणां च ह्यैकाग्र्यं परमं तपः। तज्ज्यायः सर्वधर्मेभ्यः स धर्मः पर उच्यते"(म.भा.शां.२४२/४) "व्रतोपवासकृच्छ्राणि स्वधर्मश्च तपो मतम्। तपश्च शास्त्रविहितभोग-सङ्कोचलक्षणम्" इत्यादीनि ।।१६ ।।

મનને રજોગુણ-તમોગુણરૂપ મળથી રહિત શુદ્ધ રાખવું; શાંત-સહુને સુખકર રાખવું; આત્મા-પરમાત્માના મનન-ચિંતનપરાયણ રાખવું; મનને વિષયોમાંથી ખેંચી આત્મા-પરમાત્મામાં સ્થાપવું; હૃદયના ભાવની સંપૂર્ણ શુદ્ધિ રાખવી; અર્થાત્ **કામ, ક્રોધ, લોભ વગેરે દોષોનો ત્યાગ રાખી આત્મા-પરમાત્મા સિવાયનું ચિંતન ન થવા દેવું; આ રીતે અંતરથી વર્તવું, તે માનસિક તપ** છે. ॥૧૬॥

त्रिविधस्य शारीरादितपसोऽपि सात्त्विकादि भेदान् वदति त्रिभिः – श्रद्धयेति।

श्रद्धया परया तप्तं तपस्तत् त्रिविधं नरैः ।।
अफलाकांक्षिभिर्युक्तैः सात्त्विकं परिचक्षते ।।१७।।

अफलाकांक्षिभिः – फलेच्छारहितैः, युक्तैः – मदाराधनसम्पन्नैः नरैः, परया – उत्कृष्टया श्रद्धया, तप्तम् – कृतं, यत् त्रिविधम् – शारीरादिभेदेन त्रिप्रकारं, तपः तत् सात्त्विकं परिचक्षते – तपःप्रकारज्ञा वदन्ति ।।१७।।

હવે તે ત્રણેય પ્રકારનાં તપના સત્ત્વાદિક ગુણને કારણે થતા ત્રણ ભેદો કહું છું. **જો એ ત્રણેય પ્રકારનાં તપ માયિક ફળની ઈચ્છા વગર માત્ર મારી પ્રસન્નતા માટે જ પરમ શ્રદ્ધાથી કરવામાં આવે તો તે સાત્ત્વિક તપ કહેવાય.** ॥૧૭॥

राजसं तपो गदति — सत्कारेति ।

सत्कारमानपूजार्थं तपो दम्भेन चैव यत् ।।
क्रियते तदिह प्रोक्तं राजसं चलमध्रुवम् ।।१८।।

सत्कारमानपूजार्थम् — सत्कारश्च – अन्तःकरणादरः, मानश्च – मनोज्ञवाक्यैरादरः, पूजा च – अर्थलाभादिसत्कारश्च, तदर्थं दम्भेनैव च यत्तपः क्रियते, अत एव चलम् – अस्थिरफलम्, अध्रुवं च – क्षणिकं, तत्तपः इह – अस्मिँल्लोके, राजसं प्रोक्तम् ।।१८।।

આ ત્રણે પ્રકારનાં તપ જો દંભથી અને પોતાના સત્કાર, માન તથા પૂજા માટે કરવામાં આવે, તો તે રજોગુણી તપ કહેવાય. **સત્કાર એટલે ?** લોકો પોતાને હૃદયથી આદર આપે. **માન એટલે ?** મનગમતા વાક્યોથી આદર આપે, આપણાં વખાણ કરે. **પૂજા એટલે ?** ધન, વસ્ત્ર વગેરે સારા સારા પદાર્થો આપીને સત્કાર કરે. આવા તુચ્છ હેતુઓથી

તપ કરવામાં આવે તે **રજોગુણી તપ** છે. આ રજોગુણી તપ નાશવંત ફળવાળું અને ક્ષણિક હોય છે. ॥૧૮॥

तामसं तपो वदति – मूढेति ।

मूढग्राहेणात्मनो यत्पीडया क्रियते तपः ॥
परस्योत्सादनार्थं वा तत्तामसमुदाहृतम् ॥१९॥

मूढग्राहेण – मूढाः – शास्त्रोक्तविवेकरहितास्तेषां ग्राहः – दुराग्रहस्तेन, आत्मनः – स्वस्य, पीडया – स्वसामर्थ्यमविज्ञाय क्लेशबहुलत्वेनेत्यर्थः, यत्तपः क्रियते, वा परस्य – अन्यस्य, उत्सादनार्थम् – हिंसनार्थं, यत्तपः क्रियते, तत् तामसमुदाहृतम् – गदितम् ॥१९॥

આ ત્રણે પ્રકારનાં તપ જો બીજાને મારી નાખવા કે નુકશાન કરવા માટે કરવામાં આવે, તો તે **તમોગુણી તપ** છે. અથવા શાસ્ત્રોએ કહેલા વિવેક વગરના અજ્ઞાનીઓ પોતાના દુરાગ્રહથી પોતાની ક્ષમતા જાણ્યા વગર અતિ પીડા ભોગવીને તપ કરે, તે પણ **તમોગુણી તપ** છે. ॥૧૯॥

पूर्वोक्तां दानस्य त्रिविधतां वदति त्रिभिः – दातव्यमिति ।

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ॥
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकं स्मृतम् ॥२०॥

दातव्यम् – ईश्वरप्रसन्नतायै, देशे – पुण्ये कुरुक्षेत्रद्वारिकादौ तीर्थे, काले च – पुण्ये रविचन्द्रग्रहणादिसमये, पात्रे च – सच्छास्त्रोक्तलक्षण–सम्पन्ने सत्पुरुषे, मया दानं दातुं योग्यमिति विवेकेन, अनुपकारिणे – प्रत्युपकाररहिताय पात्राय, वस्त्रान्नधनादीनां यथायोग्यं यद्दानं दीयते, तत् सात्त्विकं दानं स्मृतम् – गदितम् । पात्रे चेत्यत्र सम्प्रदानस्याधारत्वविवक्षायां सप्तमी, च शब्दः पादपूरणे ॥२०॥

❋ **ત્રણ પ્રકારનાં દાન :**

હે અર્જુન ! હવે હું તને દાનના ત્રણ પ્રકાર સંભળાવું છું : માત્ર પરમેશ્વરની પ્રસન્નતા માટે, દ્વારિકા વગેરે પવિત્ર તીર્થોમાં, ગ્રહણ વગેરે પુણ્યકાળમાં અને સત્શાસ્ત્રોમાં કહેલાં લક્ષણવાળા સત્પુરુષરૂપી સત્પાત્રમાં તેની પાસેથી કોઈ પણ બદલાની આશા રાખ્યા વિના અન્ન-ધન-વસ્ત્ર વગેરેનું યથાયોગ્ય દાન દેવું, તે **સાત્ત્વિક દાન** છે. ॥૨૦॥

राजसं दानं वदति — यदिति ।

यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः ॥
दीयते च परिक्लिष्टं तद्राजसमुदाहृतम् ॥२१॥

प्रत्युपकारार्थम् - अयं पुरुषो ममोपकारं करिष्यतीत्येवमर्थम्, उद्दिश्य - अनुसन्धाय, अथवा फलम् - स्वर्गपुत्रपश्वादिकं दानफलमुद्दिश्य, परिक्लिष्टम् - अन्तःकरणक्लेशसहितं यथा भवति तथा, धनादीनां यत्पुनर्दानं दीयते, तद्दानं तु राजसमुदाहृतम् - कथितम्। अत्रापि च शब्दः पादपूरणे ।।२१।।

'આને હું દાન આપીશ તો તે મને ક્યારેક મદદ કરશે.' એવી બદલાની અપેક્ષાથી અથવા 'હું દાન કરીશ તો મને સ્વર્ગ, પુત્ર, પશુ વગેરે ઇચ્છિત વસ્તુ મળશે.' એવાં ફળની ઇચ્છાથી અને એ પણ પરાણે - કચવાતા મને ધનાદિકનું જે દાન કરવું, તે તો **રજોગુણી દાન** છે. ॥૨૧॥

तामसं दानं वदति — अदेशेति ।

अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते ॥
असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम् ॥२२॥

अदेशकाले — अदेशे - अपवित्रस्थाने, अकाले - सूतकादिसमये, अपात्रेभ्यः - असत्पुरुषेभ्यश्च, यद्दानं दीयते, असत्कृतम् - देशकालपात्रादिषु

सत्स्वपि चन्दनपुष्पादिसत्काररहितं, यद्वा प्रेमशून्यम्, अवज्ञातम् – तिरस्कार–सहितं च, यद्दानं दीयते, तद्दानं तामसमुदाहृतम् – कथितम् ।।२२।।

અપવિત્ર સ્થળે, સૂતક વગેરે અપવિત્ર સમયે, કુપાત્ર એવા અસત્પુરુષોને દાન દેવું, તે **તમોગુણી દાન** છે. અને દેશ, સમય, પાત્ર વગેરે બધાં જ સારાં હોય છતાં ચંદન, પુષ્પ વગેરેથી આદર-સત્કાર કર્યા વિના કે પ્રેમભાવના વગર તિરસ્કાર કરીને દાન દેવું – તે પણ **તમોગુણી દાન** છે. ॥૨૨॥

इदानीं 'ॐ तत् सत्' इति त्रयाणां भगवद्वाचकानां शब्दानां वैदिकेषु यज्ञदानादिष्वन्वयप्रकारं वदति – ओमिति ।

ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृतः ॥
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा ॥२३॥

'ॐ तत् सत्' इत्येवंरूपः, त्रिविधः – त्रिप्रकारः, ब्रह्मणः – परब्रह्मणो मम स्वरूपभूतस्य वेदस्य, निर्देशः —निर्दिश्यतेऽनेनेति निर्देशः – प्रतिपादकः शब्दः, स्मृतः – वेदविद्भिः कथितः । अतो वेदोदितं यज्ञप्रभृतिकर्म 'ॐ तत् सत्' इत्येतच्छब्दैः सहान्वितमस्तीत्यभिप्रायः । तेन – त्रिविधशब्देन, ब्राह्मणा इति त्रैवर्णिकोपलक्षणम् तेन वेदोक्तकर्मानुष्ठातारो ब्राह्मणाद्याः त्रैवर्णिकाः, वेदाश्च – यज्ञदानादिकर्मबोधका ऋगादयश्चत्वारः, यज्ञाः – वेदोक्तयज्ञतपोदानप्रभृतिकर्माणि, पुरा – आदौ सृष्टिकाले, मया विहिताः – उत्पादिताः ।।२३।।

❋ 'ૐ, તત્, સત્' આ ત્રણ શબ્દોની ગરિમા :

હે અર્જુન ! હવે ૐ, તત્, સત્ - આ ત્રણ શબ્દોને યજ્ઞ-દાનાદિક વૈદિક કર્મો સાથે જોડવાની રીત બતાવું છું : વેદને જાણનારા મહાપુરુષોએ ૐ, તત્, સત્ - આ ત્રણ શબ્દોને મારા સ્વરૂપભૂત વેદના પ્રતિપાદક શબ્દો

કહ્યા છે. માટે વેદોએ કહેલાં યજ્ઞ વગેરે કર્મો આ ત્રણ શબ્દોની સાથે જ જોડાયેલાં છે. અર્થાત્ એ ત્રણ શબ્દોનો ઉચ્ચાર કરીને તે તે કર્મો કરવાનાં હોય છે. વળી, સૃષ્ટિના આદિકાળમાં મેં આ ત્રણ શબ્દો દ્વારા યજ્ઞ, દાન વગેરે કર્મોની વિધિ જણાવનારા ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ ઉત્પન્ન કર્યા હતા. તથા તેના વડે જ મેં વેદોએ બતાવેલાં કર્મો કરનાર બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય વર્ણો ઉત્પન્ન કર્યા હતા. અને વળી, તેના વડે જ મેં વેદોએ કહેલાં યજ્ઞ, તપ, દાન વગેરે કર્મો ઉત્પન્ન કર્યાં હતાં. ॥૨૩॥

तत्रादौ 'ओम्' शब्दस्य अन्वयरीतिं वदति – तस्मादिति ।

तस्मादोमित्युदाहृत्य यज्ञदानतपःक्रियाः ॥
प्रवर्तन्ते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम् ॥२४॥

यस्मादेवं तस्माद्धेतोः, ओमित्युदाहृत्य – उच्चार्य, ब्रह्मवादिनाम् – वेदवादनशीलानां जनानां, विधानोक्ताः – वेदपुराणविधिना कथिताः, यज्ञदानतपःक्रियाः – यज्ञप्रभृतिकर्माणि, सततम् – सदा प्रवर्तन्ते ।।२४।।

ॐ તત્ સત્ - આ ત્રણ શબ્દો દ્વારા મેં આ બધું ઉત્પન્ન કર્યું હોવાથી વેદને જાણનારા બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યો હંમેશાં 'ૐ' શબ્દનું ઉચ્ચારણ કરીને જ વેદ-પુરાણોએ કહેલાં યજ્ઞ, દાન, તપ વગેરે કર્મો નિત્ય કર્યા કરે છે. ॥૨૪॥

तच्छब्दान्वयं वदति – तदिति ।

तदित्यनभिसन्धाय फलं यज्ञतपःक्रियाः ॥
दानक्रियाश्च विविधाः क्रियन्ते मोक्षकांक्षिभिः ॥२५॥

उदाहृत्येत्येतत् पदं पूर्वश्लोकादनुकृष्यते । तदित्युदाहृत्य, फलमनभि–सन्धाय – अनुद्दिश्य, विविधाः – नानाविधाः, यज्ञतपःक्रियाः दानक्रियाश्च, मोक्षकांक्षिभिः – मोक्षेच्छुभिर्ब्राह्मणादित्रैवर्णिकैर्जनैः, क्रियन्ते । ताः क्रियाः

परब्रह्मप्राप्त्यर्थं प्रसिद्धेन परब्रह्मवाचिना तच्छब्देनान्विता मुमुक्षुभिः कृता इत्यर्थः ।।२५।।

મોક્ષની ઈચ્છાવાળા બ્રાહ્મણાદિક ત્રણ વર્ણના મુમુક્ષુઓ કાંઈ પણ માયિક ફળની ઈચ્છા વગર વિવિધ પ્રકારનાં યજ્ઞો, તપ, દાન વગેરે ક્રિયાઓ 'તત્' શબ્દનું ઉચ્ચારણ કરીને કરે છે. અર્થાત્ તેની તે બધી ક્રિયાઓને મુમુક્ષુઓ પરબ્રહ્મને પ્રાપ્ત કરવા માટે પરબ્રહ્મના વાચક એવા 'તત્' શબ્દ સાથે જોડીને કરે છે. ॥૨૫॥

अथ सच्छब्दान्वयकथनाय सच्छब्दस्य प्रवृत्तिरुच्यते द्वाभ्याम् – सद्भाव इति ।

सद्भावे साधुभावे च सदित्येतत्प्रयुज्यते ।।
प्रशस्ते कर्मणि तथा सच्छब्दः पार्थ युज्यते ।।२६।।

सद्भावे - "सदेव सौम्येदमग्र आसीत्"(छान्दो.६/२/१) इत्यादि श्रुत्युक्तपरब्रह्माद्यविनाशिभावे, वा सच्छब्दवाच्ये कार्ये स्थूले च, साधुभावे च - रमणीयवस्तुनि साधुपुरुषे वा, सदित्येतच्छब्दरूपं प्रयुज्यते - उक्तेष्वेतेष्वर्थेषु सच्छब्दस्य प्रवृत्तिरित्यर्थः । हे पार्थ! तथा प्रशस्ते कर्मणि – लोकेषु माङ्गलिके कर्मणि, इदं सत्कर्मेति सच्छब्दो युज्यते - शास्त्रज्ञैः प्रयुज्यते ।।२६।।

यज्ञे तपसि दाने च स्थितिः सदिति चोच्यते ।।
कर्म चैव तदर्थीयं सदित्येवाभिधीयते ।।२७।।

यज्ञे इति । यज्ञे तपसि दाने च ब्राह्मणादीनां त्रयाणां या स्थितिः - तत्परतयाऽवस्थानं, माङ्गलिकत्वात् साऽपि सदित्येवोच्यते। चकाराद्य–ज्ञादिशब्दवाच्यं यत् कर्मत्रयं तदपि सदित्युच्यते। तदर्थीयम् – तेषु - यज्ञतपोदानरूपेष्वर्थेषु, भवं तदर्थीयं, ग्रहादेराकृतिगणत्वात् 'भवार्थे छप्रत्यये

तद्धितार्थे' इत्यादिना तद्धितार्थविषये तत्पुरुषः । यज्ञतपोदानादिसम्पादनाय यत्कृतं कर्म च, तदपि सदित्येव अभिधीयते – कथ्यते। अतो वेदोक्त-यज्ञादिनां सच्छब्दवाच्यत्वेन तेषां सच्छब्दान्वयो भवतीति भावः ।।२७।।

હવે 'સત્' શબ્દનો ક્યાં-ક્યાં ઉપયોગ થાય છે તે જણાવું છું : શ્રુતિઓમાં પરબ્રહ્માદિક અવિનાશી તત્ત્વને જણાવવા 'સત્' શબ્દ વપરાયો છે. અથવા પરબ્રહ્મે રચેલી આ કાર્યભૂત સ્થૂળ સૃષ્ટિને જણાવવા 'સત્' શબ્દ પ્રયોજાય છે. વળી, રમણીય સુંદર વસ્તુ માટે કે ભગવદીય સાધુપુરુષ માટે પણ 'સદ્વસ્તુ' કે 'સત્પુરુષ' એમ સત્ શબ્દનો પ્રયોગ જોવા મળે છે. હે પાર્થ ! લોકમાં મંગળકાર્ય માટે પણ શાસ્ત્રોના જાણકાર જ્ઞાની પુરુષો 'સત્કર્મ' એવો શબ્દ વાપરે છે.

વળી, બ્રાહ્મણાદિક ત્રણ વર્ણના જે પુરુષો યજ્ઞ, દાન અને તપ પરાયણ જ રહેતા હોય, તો તેમની તે સ્થિતિને પણ 'સત્' શબ્દથી કહે છે. અર્થાત્ તે સ્થિતિ મંગળકારી હોવાથી તેનું 'સત્ બહુ સારું છે' એમ લોકો કહે છે. અને યજ્ઞ, દાન તથા તપ એ ત્રણ કર્મોને પણ 'સત્કર્મ' શબ્દથી કહે છે. વળી તે યજ્ઞ, તપ, દાન કરવા માટે કરવામાં આવતાં તમામ કાર્યો પણ 'સત્' શબ્દથી જ કહેવાય છે. અર્થાત્ વેદોએ કહેલાં યજ્ઞ, દાન અને તપ વગેરે કર્મો સત્ શબ્દથી કહેવાતા હોવાથી તે સર્વેમાં 'સત્' શબ્દનો સંબંધ છે. ॥૨૬-૨૭॥

इदानीमश्रद्धया यत् कृतं कर्म तन्निन्दन् सन् वदति – अश्रद्धयेति ।

अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ॥
असदित्युच्यते पार्थ! न च तत्प्रेत्य नो इह ॥२८॥

इति श्रीभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णाऽर्जुनसंवादे 'गुणकर्मविभागयोगो' नाम सप्तदशोऽध्यायः ॥१७॥

अश्रद्धया यद् हुतम् – अग्नावर्पितं हविः, अश्रद्धया यद्दत्तम् –

ब्राह्मणादिभ्यो यद्वस्त्रान्नादिसमर्पितम्, अश्रद्धया यत्तपस्तप्तम्, अश्रद्धया यच्चान्यत् कर्म कृतम्। हे पार्थ! तत् सर्वमसदित्युच्यते। तच्चेह – अस्मिँल्लोके, नो फलदं भवति। प्रेत्य – मरणं प्राप्य लोकान्तरे च फलदं न भवति ।।२८।।

હે અર્જુન ! શ્રદ્ધા વગર અગ્નિમાં જે કંઈ હોમવામાં આવે; બ્રાહ્મણ વગેરેને જે કાંઈ અન્ન-વસ્ત્રાદિનું દાન કરવામાં આવે; તપ કરવામાં આવે કે પછી શ્રદ્ધા વિના કાંઈ પણ કરવામાં આવે તે બધું જ અસત્ કહેવાય છે. શ્રદ્ધા વગર કરેલાં તે કર્મો આ લોકમાં કે મર્યા પછી બીજા લોકમાં કાંઈ પણ ફળ દેનારાં થતાં નથી." ॥૨૮॥

अत्र सप्तदशाऽध्याये त्रिविधश्रद्धायुक्तपुरुषस्वरूपं, त्रिविधाऽऽहार–स्वरूपं च, त्रिविधयज्ञतपोदानस्वरूपं चोक्तम्। परब्रह्मवाचकानाम् 'ॐ तत् सत्' शब्दानामन्वयप्रकारश्चोक्तः। तत्रापि सच्छब्दस्य प्रवृत्तिस्थानानि चोक्तानि।

इति श्रीसहजानन्दस्वामिशिष्यगोपालानन्दकृतायां भगवद्भावदीपिकायां श्रीभगवद्गीताटीकायां सप्तदशोऽध्यायः ।।१७।।

આ સત્તરમા અધ્યાયમાં આટલી બાબતો કહેવાણી :

(૧) ત્રણ પ્રકારની શ્રદ્ધાવાળા પુરુષનું સ્વરૂપ. (૨) ત્રણ પ્રકારનાં ભોજનોનું સ્વરૂપ. (૩) ત્રણ પ્રકારનાં યજ્ઞ, તપ અને દાનનું સ્વરૂપ. (૪) પરબ્રહ્મને જણાવનાર 'ॐ તત્ સત્' શબ્દોને વાપરવાની રીતિ. (૫) તેમાં પણ 'સત્' શબ્દને પ્રયોજવાનાં ખાસ સ્થાનો.

આ રીતે સર્વાવતારી શ્રીસહજાનંદસ્વામીના શિષ્ય સદ્.શ્રીગોપાળાનંદ-સ્વામી વિરચિત શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યના ગુજરાતી ભાવાનુવાદમાં 'ત્રણ ગુણનો પ્રભાવ વર્ણવ્યો' એ નામે સત્તરમો અધ્યાય પૂરો થયો. ॥૧૭॥



अष्टादशोऽध्यायः

सन्न्यासयोगः

इदानीमस्मिन्नष्टादशाऽध्याये त्यागसन्न्यासयोरेकार्थता, सत्त्वादिगुण-भेदैस्त्रिविधता च, कर्तृज्ञानकर्मबुद्धिधृतिसुखानां सत्त्वादिगुणभेदैस्त्रिविधता च, ब्राह्मणादीनां चतुर्वर्णानां कर्मभिदा च, ससाधना भगवत्पराभक्तिश्च, सर्वभूतानां प्राचीनकर्मानुगुणप्रकृतिवशता च, सर्वकर्मफलप्रदायकेश्वराधीनता च, मनुष्याणां प्रकृतिबन्धमोचनाय परमेश्वरशरणागतिश्च, भगवदेकान्तिक्या भक्त्या तत्प्राप्तिश्च, गीताशास्त्रोक्तज्ञानप्रदाने पात्रापात्रविवेकश्च, अर्जुनस्य मोहनिवृत्तिर्ज्ञानप्राप्तिश्चोच्यते ।

હવે અઢારમાં અધ્યાયને વિશે આટલી બાબતો કહેવાશે : (૧) ત્યાગ અને સંન્યાસની એકતા (૨) સત્ત્વાદિક ગુણોને કારણે તેમના ત્રણ ભેદો (૩) સત્ત્વાદિક ગુણભેદે કર્તા, જ્ઞાન, કર્મ, બુદ્ધિ, ધીરજ અને સુખના ત્રણ ત્રણ પ્રકારો (૪) બ્રાહ્મણ વગેરે ચારેય વર્ણોનાં કર્મોના ભેદો (૫) સાધનોએ સહિત ભગવાનની પરાભક્તિ. (૬) ભૂતપ્રાણીમાત્રની પૂર્વકર્માનુસાર સ્વભાવવિવશતા અને સર્વકર્મફળપ્રદાતા પરમેશ્વરને આધીનતા (૭) મનુષ્યોને માયાના બંધનથી છૂટવા માટે ભગવાનની શરણાગતિ (૮) ભગવાનની એકાંતિકી ભક્તિથી ભગવાનની પ્રાપ્તિ (૯) ગીતાજીમાં કહેલું જ્ઞાન કોને કહેવું ? અને કોને ન કહેવું ? તેની વિગત (૧૦) અર્જુનના મોહની નિવૃત્તિ અને જ્ઞાનની પ્રાપ્તિ.

त्यागसन्न्यासयोर्भेदं ज्ञातुकामोऽर्जुन उवाच – सन्न्यासस्येति ।

अर्जुन उवाच –

सन्न्यासस्य महाबाहो ! तत्त्वमिच्छामि वेदितुम् ॥
त्यागस्य च हृषीकेश ! पृथक्केशिनिषूदन ! ॥१॥

हे महाबाहो ! – महान्तौ बाहू यस्य तत्सम्बुद्धौ, भक्तमनोरथदाने दीर्घभुजेत्यर्थः । हे हृषीकेश ! – सर्वक्षेत्रज्ञेन्द्रियाणां प्राचीनकर्मानुगुणं नियामक !, हे केशिनिषूदन ! – केशिनाशक !, सन्न्यासस्य तत्त्वम् – यथार्थस्वरूपं, वेदितुम् – ज्ञातुम्, इच्छामि – अहं कामये । त्यागस्य च पृथक् – सन्न्यासात् पृथक्त्वेन, तत्त्वं वेदितुमिच्छामि ॥१॥

ત્યાગ અને સંન્યાસનો ભેદ જાણવા ઇચ્છતો અર્જુન હવે શ્રીકૃષ્ણ ભગવાનને આવું પૂછે છે : "હે મહાબાહુ ! અર્થાત્ ભક્તોને ઇચ્છિત પદાર્થો આપવામાં લાંબા હાથવાળા હે પ્રભુ ! હે હૃષિકેશ ! અર્થાત્ પૂર્વકર્મોને અનુસારે તમામ જીવોની ઇન્દ્રિયોનું નિયમન કરનાર હે અંતર્યામી ! કેશી નામના દૈત્યને મારનાર હે કેશિનીષૂદન ! હું **સંન્યાસ** અને **ત્યાગ**નું જુદું જુદું યથાર્થ સ્વરૂપ જાણવા ઇચ્છું છું." ॥૧॥

अर्जुनकृतप्रश्नोत्तरं कुर्वन् सन् श्रीभगवान् उवाच – काम्यानामिति ।

श्रीभगवानुवाच –

काम्यानां कर्मणां न्यासं सन्न्यासं कवयो विदुः ॥
सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागं विचक्षणाः ॥२॥

कवयः – केचित् पण्डिताः, काम्यानाम् – स्वर्गपुत्रादिकामनया कृतानां, "पुत्रकामो यजेत" "स्वर्गकामो यजेत"(शाङ्खा.श्रौ.सू.१४/३७/२) इत्यादिश्रुत्युक्तानां कर्मणां, न्यासम् – स्वरूपत्यागं, सन्न्यासं विदुः – जानन्ति । विचक्षणाः – केचन विशालबुद्धयः,

सर्वकर्मफलत्यागम् – सर्वेषाम् – नित्यनैमित्तिककाम्यानां कर्मणां फलत्यागम् – फलेच्छात्यागं, सन्न्यासं प्राहुः – वदन्ति, न तु स्वरूपतस्त्यागम् ।।२।।

❋ ત્યાગ અને સંન્યાસની એકતા તથા ત્યાગમાં મતભેદ :

અર્જુનના પ્રશ્નનો ઉત્તર આપતાં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું, "કેટલાક પંડિતો સકામ કર્મોના ત્યાગને સંન્યાસ કહે છે. જ્યારે કેટલાક વિશાળ બુદ્ધિવાળા વિચક્ષણ પુરુષો કર્મોના ત્યાગને નહિ, પણ સર્વકર્મોના ફળના ત્યાગને સંન્યાસ કહે છે. અર્થાત્ **ફળની ઈચ્છાઓનો ત્યાગ કરીને કેવળ ભગવાનની પ્રસન્નતા માટે કર્મ કરવા તેને 'સંન્યાસ' કહે છે.** ॥૨॥

त्यागे पुनर्मतभेदं दर्शयन्नाह – त्याज्यमिति ।

त्याज्यं दोषवदित्येके कर्म प्राहुर्मनीषिणः ।।
यज्ञदानतपःकर्म न त्याज्यमिति चापरे ।।३।।

एके मनीषिणः केचित्हिंसादिदोषान्मनोनियामकबुद्धियुक्ता बुधाः दोषवत् हिंसादिदोषयुक्तं यज्ञादिकं परस्त्रीसंगसुरा मद्यपानमांसभक्षणादिकं च कर्म त्याज्यमिति प्राहुर्वदन्ति। अपरे मनीषिणश्च हिंसावर्जितं यज्ञदानतपःकर्म कर्तव्यं न त्याज्यमि तिप्राहुः। यज्ञेषु हिंसायां परस्त्रीसंगसुरामद्यपानमांसभक्षण निषेधे च प्रमाणानि।

एके मनीषिणः – केचित् हिंसादिदोषात् मनोनियामकबुद्धियुक्ता बुधाः, दोषवत् – हिंसादिदोषयुक्तं यज्ञादिकं, परस्त्रीसङ्गसुरामद्यपानमांसभक्षणादिकं च, कर्म त्याज्यमिति प्राहुः – वदन्ति। अपरे मनीषिणश्च हिंसावर्जितं यज्ञदानतपःकर्म कर्तव्यं न त्याज्यमिति प्राहुः। यज्ञेष्वहिंसायां परस्त्रीसङ्ग-सुरामद्यपानमांसभक्षणनिषेधे च प्रमाणानि –

ऋग्वेदैतरेयब्राह्मणे द्वितीयपञ्चिकायां प्रथमाध्याये श्रुतिः – "पुरुषं

वै देवाः पशुमालभन्त तस्मादालब्धान्मेध उदक्रामत्सोऽश्वं प्राविशत्तस्मादश्वो मेध्योऽभवदथैनमुत्क्रान्तमेधमत्यार्जन्त स किंपुरुषोऽभवत् । तेऽश्वमालभन्त सोऽश्वादालब्धादुदक्रामत् स गां प्राविशत्तस्माद्गौर्मेध्योऽभवदथैनमुत्क्रान्त-मेधमत्यार्जन्त स गौरमृगोऽभवत् । ते गामालभन्त स गोरालब्धादुदक्रामत्सोऽविं प्राविशत्तस्मादविः मेध्योऽभवदथैनमुत्क्रान्तमेधमत्यार्जन्त स गवयोऽभवत् । तेऽविमालभन्त सोऽवेरालब्धादुदक्रामत्सोऽजं प्राविशत्तस्मादजो मेध्योऽभ-वदथैनमुत्क्रान्तमेधमत्यार्जन्त स उष्ट्रोऽभवत् । सोऽजे ज्योक्तमामिवारमत तस्माद्धैष एतेषां पशूनां प्रयुक्ततमो यदजस्तेऽजमालभन्त सोऽजादालब्धादुदक्रामत् स इमां प्राविशत्तस्मादियं मेध्याभवदथैनमुत्क्रान्तमेधमत्यार्जन्त स शरभोऽभवत्त एत उत्क्रान्तमेधा अमेध्याः पशवस्तस्मादेतेषां नाश्नीयात् । तमस्यामन्वगछन् । सोऽनुगतो व्रीहिरभवत्तद्यत्पशौ पुरोडाशमनुनिर्वपन्ति समेधेन नः पशुनेष्टमसत्केवलेन नः पशुनेष्टमसदिति समेधेन हास्य पशुनेष्टं भवति केवलेन हास्य पशुनेष्टं भवति य एवं वेद" ।।८।। अष्टमं खण्डकम् (ऐत.ब्रा.२/६/८)

अस्या टीका — पुरुषमिति — देवाः – आदिसर्गोत्पन्ना अमराः, पुरुषं पशुम् – नररूपं यज्ञपशुम्, आलभन्त – यज्ञीयहोमार्थं हन्तुमुद्युक्ता अभवन् । वै – तदा, आलब्धात् – हन्तुमिष्टात्, तस्मात् – पुरुषपशोः सकाशात्, मेधः – यज्ञार्हः पवित्रगुणः, उदक्रामत् – हिंसाभिप्रायान् तान् दृष्ट्वा पलायितवानित्यर्थः । सः – यज्ञयोग्यो मेधः, अश्वम् – हयं, प्राविशत् – प्रविवेश । तस्मात् – मेधप्रवेशाद्धेतोः, अश्वो मेध्यः – यज्ञार्हः, अभवत् – बभूव । अथ – अत एव हेतोः, उत्क्रान्तमेधम् – गतयज्ञार्हगुणम्, एनम् – पुरुषं, नरमेधेन देवयजने ये नराः, अत्यार्जन्त — हननार्थम् आनयन्ति, घ्नन्तीत्यर्थः । सः – नरसमूहः, किंपुरुषः – कुत्सित-

पुरुषोऽभवत्, चान्डालो भवतीत्यर्थः। कालव्यत्योऽत्र छान्दसः।

तेऽश्वमालभन्तेति — यदा मेधः पुरुषादश्वं प्राप्तस्तदा, ते – देवाः, अश्वम् आलभन्त – अश्वमेधयज्ञकरणार्थं हन्तुमुद्युक्ता बभूवुरित्यर्थः। तर्हि सः — मेधः – पवित्रगुणः, आलब्धात् – हन्तुमिष्टात्, तस्मादश्वात्, उदक्रामत् – तथाभूतान् तान् दृष्ट्वा अन्यत्र गतवानित्यर्थः। सः – मेधः, गाम् – वृषं प्राविशत्। तस्मात् – मेधप्रवेशनाद्धेतोः, गौः – वृषः, मेध्यः – यज्ञार्हः, अभवत्। अथ – मेधोत्क्रमणाद्धेतोः, उत्क्रान्तमेधम् – विगतयज्ञार्हगुणम्, एनम् – अश्वं, ये नरा अश्वमेधेन देवयजने, अत्यार्जन्त – घाताय आनयन्ति, हिंसन्तीत्यर्थः। सः – नरसमुदायः, गौरमृगः – श्वेतहरिणः अरुणहरिणो वा, अथवा पीतहरिणः, अभवत् – भवतीत्यर्थः।

ते गामालभन्तेति — यदा मेधगुणोऽश्वाद् गां प्राप्तस्तदा, ते – देवाः, गाम् – वृषम्, आलभन्त – गोमेधयज्ञे हन्तुमुद्युक्ता अभवन्नित्यर्थः। सः – मेधः गोस्थितयज्ञार्हगुणः, आलब्धात् – हन्तुमिष्टात्, तस्मात् गोः – वृषात्, उदक्रामत् – एवम्भूतान् तान् निरीक्ष्य पलायितवानित्यर्थः। सः – मेधः, अविम् – मेषं, प्राविशत् – प्रविष्टः, तस्मात् अविः मेध्यः – यज्ञे होमार्हः, अभवत्। अथ – मेधोत्क्रमणाद्धेतोः, उत्क्रान्तमेधम् – विगतयज्ञार्ह–गुणम्, एनम् – गोजातीयपशुं, ये नराः, अत्यार्जन्त – गोमेधयज्ञे घाताय आनयन्ति, हिंसन्तीत्यर्थः। सः – नरसमुदायः, गवयः – गोसदृशवन्यपशुः, अभवत् – भवतीत्यर्थः।

तेऽविमालभन्तेति — यदा मेधगुणो गोजातीयपशोः सकाशात् अविं प्राप्तस्तदा, ते – देवाः, अविम् – मेषम्, आलभन्त – अविमेधयज्ञे हन्तुमुद्युक्ता बभूवुरित्यर्थः। सः – मेधः अविस्थितयज्ञार्हगुणः, आलब्धात् – जिघांसितात्, तस्मादवेः – मेषात्, उदक्रामत् – तथाभूतान् तान् प्रेक्ष्य गतवानित्यर्थः।

सः – मेधः, अजम् – छागं, प्राविशत् – प्रविष्टः, अतः अजः – छागः, मेध्यः – यज्ञार्हः, अभवत्। अथ – मेधोत्क्रामणाद्धेतोः, उत्क्रान्तमेधम् – गतयज्ञार्हगुणम्, एनम् – अविं, ये नराः, अत्यार्जन्त – अविमेधयज्ञे हननाय आनयन्ति, घ्नन्तीत्यर्थः। सः – नरसमूहः, उष्ट्रः अभवत् — भवतीत्यर्थः।

सोऽजे ज्योक्तमामिवेति — सः – मेधः, अजे – छागे, ज्योक्तमामिव – बहुकालातिशयमिव, अरमत – स्थितवानित्यर्थः। तस्मात् एषः – अजः, एतेषाम् – नराश्वादीनां पशूनां मध्ये, प्रयुक्ततमः – यज्ञीयहोमक्रियायामतिशय-योग्यो बभूव। अतस्ते – देवाः, अजम् – छागम्, आलभन्त – अजमेधयज्ञे हन्तुमुद्युक्ता अभवन्नित्यर्थः। सः – मेधो यज्ञार्हगुणः, आलब्धात् – हन्तुमिष्टात्, तस्मात् अजात् – छागात्, उदक्रामत् – हन्तुमुद्युक्तान् तान् देवान् निरीक्ष्य पलायितवानित्यर्थः। सः – मेधः, इमाम् – पृथिवीं, प्राविशत् – प्रविष्टः, तस्मात् – मेधगुणप्रवेशनाद्धेतोः, इयम् – भूमिः, मेध्या – अतिपवित्रा, यज्ञार्हा इति यावत्, अभवत्। अथ – मेधोत्क्रम-णाद्धेतोः, उत्क्रान्तमेधम् – विगतयज्ञार्हगुणम्, एनम् – अजं, ये नराः, अत्यार्जन्त – अजमेधयज्ञे हन्तुमानयन्ति, घ्नन्तीत्यर्थः। सः – नरसमूहः, शरभः – तन्नामा पक्षिविशेषः, अभवत् – भवतीत्यर्थः।

उत्क्रान्तमेधाः — "मा हिंस्यात् सर्वा भूतानि" इति। "अहिंसा परमो धर्मः" इत्यादिबहुश्रुतिस्मृतिवचनान्यालम्ब्य हिंसायामत्यधिकदोषदर्शनात् उत्क्रान्तः – दोषभयेन पलायितः, मेधः – यज्ञार्हगुणो येभ्यस्तथाभूताः, ते – नराऽश्वाद्यजान्ताः, एते – सर्वे पशवः अन्ये प्राणिनश्चापि, अमेध्याः – गतयज्ञार्हगुणत्वात् अपवित्राः, सन्ति। तस्मात् – गतयज्ञार्हगुणत्वात्, अमेध्यानाम् मांसाशनलोलुपैरज्ञजनैर्यज्ञे संज्ञप्तानामपि एतेषाम् – प्राणिनां, मांसं न अश्नीयात्, नरो न भुञ्जीयात्।

यर्हि यज्ञे पशुहिंसैव निषिद्धा अतस्तेन यज्ञानर्हपशुमांसभक्षणमपि निषिद्धमेवेति, ज्ञातव्यम् ।

तमस्यामन्वगच्छन्निति — यदा मेधगुणः छागाद्भूमिं गतस्तदा ते देवाः, अस्याम् – भूमौ, तम् – मेधम्, अन्वगछन् – मृगयामासुः । अनुगतः – भूमिमनुसृतः सन्, व्रीहिः – शालीयधान्यजातिः, अभवत् । तत् – तस्मात्, ते – देवाः विवेकिनश्च, पशौ – पशुस्थाने, यत् – यो व्रीहिजन्यः पुरो–डाशोऽस्ति, तम् – पुरोडाशम्, अनुनिर्वपन्ति अजमेधादियज्ञवह्नौ जुह्वति ददति वा । समेधेनेति — अतः नः – अस्माभिः सर्ववर्णजनैरपि, समेधेन – मेधगुणसहितेन, व्रीहिरूपेण पशुना, इष्टम् – यद्यजनं क्रियते, तत्सत्कर्मा–स्तीतिशेषः । असता – मेधगुणहीनेन, केवलेन – व्रीहिभिन्नेन, पशुना – छागादिना, नः – अस्माभिः, इष्टम् – यद्यजनं कृतं, तत् असत् – गर्हितं, कर्माऽस्ति । यद्वा केवलेन – मेधगुणरहितेन, अजादिपशुना नः यद्यजनं कृतं तत् असत् असत्, निषेधातिशये वीप्सा । इति – उक्तप्रकारेण, समेधेन – मेधगुणसहितेन, व्रीहिरूपेण पशुना, अस्य – यज्ञपुरुषस्य, इष्टम् – यद्यजनं कृतं भवति तत्, ह – स्फुटमेव, सत्कर्मास्ति । अथ केवलेन – छागादिरूपेण, पशुना अस्य – यज्ञपुरुषस्य, इष्टम् – यद्यजनं कृतं भवति तत्, ह – स्फुटमेव, असत्कर्मास्ति । एवं यः – नरः, वेद स स्वर्गमोक्षार्होस्ति ।।९।।

तस्य द्वितीयपञ्चिकायां द्वितीयाध्याये श्रुतिः – "पशुभ्यो वै मेधा उदक्रामंस्तौ व्रीहिश्चैव यवश्च भूतावजायेतां तद्यत्पशौ पुरोडाशमनुनिर्वपन्ति समेधेन नः पशुनेष्टमसत्केवलेन नः पशुनेष्टमसदिति समेधेन हास्य पशुनेष्टं भवति केवलेन हास्य पशुनेष्टं भवति य एवं वेद ।।११।।" एकादशं खण्डकम् (ऐत.ब्रा.२/७/११)

टीका — आलब्धेभ्यः पूर्वोक्तेभ्योऽनुक्तेभ्यश्च सर्वेभ्यः पशुभ्यः,

ये मेधाः – यज्ञयोग्या गुणाः, उदक्रामन् – पलायितवन्तः, ते सर्वे व्रीहिश्च – शालिधान्यसमूह एव, यवः – यवधान्यसमूहश्चैव, भूतौ – तथाभावं प्राप्तवन्तौ तौ उभौ, अजायेताम् – उत्पन्नौ स्तः, तत् – तस्मात्, विवेकिनो जनाः पशौ – पशुस्थाने, यत् – यो व्रीहिजन्यो यवजन्यश्च पुरोडाशोऽस्ति तं, पुरोडाशं अनुनिर्वपन्ति – अजमेधादियज्ञवह्नौ जुह्वति। समेधेनेत्यादिवाक्यं पूर्वं व्याख्यातं भवति ।।११।।

यजुर्वेदशतपथब्राह्मणे श्रुतिः – "पुरुषं ह वै देवा अग्रे पशुमालभिरे तस्यालब्धस्य मेधोऽपचक्राम सोऽश्वं प्रविवेश तेऽश्वमालभन्त तस्यालब्धस्य मेधोऽपचक्राम स गां प्रविवेश ते गामालभन्त तस्यालब्धस्य मेधोऽपचक्राम सोऽविं प्रविवेश तेऽविमालभन्त तस्यालब्धस्य मेधोऽपचक्राम सोऽजे प्रविवेश तेऽजमालभन्त तस्यालब्धस्य मेधोऽपचक्राम ।।६।।"(श.ब्रा.१/२/३/६)

पुरुषं ह वा इति — देवाः, अग्रे – क्वचिदापत्काले, यज्ञियहोमार्थं पुरुषपशुं आलभिरे – हन्तुमुद्युक्ता बभूवुरित्यर्थः। वै – तदा, आलब्धस्य – हन्तुमिष्टस्य, तस्य मेधः – यज्ञार्हः पवित्रगुणः, अपचक्राम – तस्मात् पलायितवानित्यर्थः, ह – स्फुटम्। सोऽश्वमित्यारभ्य स इमां पृथवीं, प्रविवेशेत्यन्तस्य वाक्यस्य स्पष्टार्थोऽस्ति।

"स इमां पृथिवीं प्रविवेश, तं खनन्त इवान्वीषुस्तमन्वविदंस्ताविमौ व्रीहियवौ तस्मादप्येतावेतर्हि खनन्त इवैवानुविन्दन्ति स यावद्वीर्यवद्ध वा अस्यैते सर्वे पशव आलब्धाः स्युस्तावद्वीर्यवद्धास्य हविर्हविरेव भवति य एवमेतद्वेदात्र सा संपद्यदाहुः पाङ्क्तः पशुरिति ।।७।।"(श.ब्रा.१/२/३/७)

टीका। अथ तम् – ताम् भूमिं, खनन्तः – विदारयन्तः, इव ते देवाः, तम् – मेधगुणम्, अन्वीषुः – मृगयामासुः। अथ तम् – मेधगुणम्, अन्वविन्दन् – प्राप्तवन्तः। ननु तं कया रीत्या प्रापुरिति चेत्तत्राह — सः मेध एव,

तौ – प्रसिद्धौ, इमौ – प्रत्यक्षौ व्रीहियवौ, अजायेताम् – व्रीहियवरूपेण जात इत्यर्थः । तस्माद्धेतोः एतर्हि – एतस्मिन् काले, ते देवाः, तम् – मेधगुणं, खनन्त इव – पृथव्या मृगयमाणाः सन्त एव, एतावपि – व्रीहियवावपि, अनुविन्दन्ति – यज्ञकलापकरणार्थं प्राप्नुवन्ति, वै – तदनन्तरं, यावत् – यावन्तः । एते – नराऽश्वाद्यजान्ताः, सर्वे – अन्ये समग्राश्च, वीर्यवत् – वीर्यवन्तः समर्थाः, अस्य – यज्ञकलापस्य, पशवः अस्मिन् आलब्धाः – हन्तुमिष्टाः, स्युः तावत् – तावद्रूपः, सः – व्रीहियवरूपो मेधगुणः अभवत्, ह – स्फुटम् । अतः अस्य – व्रीहियवरूपस्य मेधस्य, हविः – यत् यज्ञहोमद्रव्यं, तदेव वीर्यवत् हविर्भवति, ह – स्फुटम् । यः – नरः, एतत् – यज्ञविधानं एवम् – उक्तप्रकारेण, वेद – जानाति, तस्य अत्र – अस्मिन् लोके, सा – एवं वेदनरीतिरेव सम्पत् – सर्वसमृद्धिरूपाऽस्ति, उ – निश्चितं, एवं महर्षयः आहुः । किञ्च यदेतत् व्रीहियवरूपं मेध्यं हविः, तदेव देवभोग्यवस्तूनां पाङ्क्तः — पङ्क्तिषु – आवलीषु गणनार्हः, पशुः – नराऽश्वमेधादियज्ञेषु पशुस्थानीयोऽस्ति, एवं महर्षय आहुः ।।७।।

पुनस्तस्य नवमखण्डकरूपा श्रुतिः – "स यं पुरुषमालभन्त स किंपुरुषोऽभवद्यावश्वं च गां च तौ गौरश्च गवयश्चाभवतां यमविमालभन्त स उष्ट्रोऽभवद्यमजमालभन्त स शरभोऽभवत्तस्मादेतेषां पशूनां नाशितव्यम-पक्रान्तमेधा हैते पशवः ।।९।।"

तथान्या च – "मा हिंस्यात् सर्वा भूतानि" इति। तथा भारते च– "अव्यवस्थितमर्यादैर्विमूढैर्नास्तिकैर्नरैः । संशयात्मभिरव्यक्तैर्हिंसा समनुवर्णिता ।। सर्वकर्मस्वहिंसां हि धर्मात्मा मनुरब्रवीत् । कामरागाद्धि हिंसन्ति बर्हिर्वेद्यां पशुन्नराः ।। तस्मात्प्रमाणतः कार्यो धर्मः सूक्ष्मो विपश्चिता। अहिंसा सर्वभूतेभ्यो धर्मेभ्यो ज्यायसी मता"(म.भा.शां.२५७/४-६) इति ।

महाभारते देवान्प्रति महर्षिवचनं च – "बीजैर्यज्ञेषु यष्टव्यमिति वै वैदिकी श्रुतिः । अजसंज्ञानि बीजानि छागं नो हन्तुमर्हथ।। नैष धर्मः सतां देवा यत्र वध्येत वै पशुः "(म.भा.शां.३२४/४-५) इति । वायुमत्स्यपुराणयोर्देवेन्द्रं प्रति महर्षिवचनम् – "यज्ञबीजैः सुरश्रेष्ठ येषु हिंसा न विद्यते । त्रिवर्षं परमं कालमुषितैरप्ररोहिभिः" इति ।

श्रीमद्भागवतचतुर्थस्कन्धे प्राचीनबर्हिषं प्रति नारदवचनं च – "भो भोः प्रजापते राजन्! पशून् पश्य त्वयाऽध्वरे । संज्ञापितान् जीवसङ्घा-न्निर्घृणेन सहस्रशः ।। एते त्वां संप्रतीक्षन्ते स्मरन्तो वैशसं तव। सम्परेतमयः कूटैश्छिन्दन्त्युत्थितमन्यवः "(भाग.४/२५/७-८) "तं यज्ञपशवोऽनेन संज्ञप्ता येऽदयालुना। कुठारैश्चिच्छिदुः क्रुद्धाः स्मरन्तोऽमीवमस्य तत्" (भाग.४/२८/२६) इति ।

नारदपञ्चरात्रवचनं च – "श्रुतिर्वदति विश्वस्य जननीव हितं सदा। कस्याऽपि द्रोहजनकं न वक्ति प्रभुतत्परा" "न तच्छास्त्रं तु यच्छास्त्रं वक्ति हिंसामनर्थदाम् । यतो भवति संसारः सर्वानर्थपरंपरः" इति ।

अथ परस्त्रीसङ्गनिषेधप्रकरणं महाभारते उद्योगपर्वणि विदुरवचनम् – "हरणं च परस्वानां परदाराभिमर्शनम् । सुहृदां च परित्यागस्त्रयो दोषाः क्षयावहाः "(म.भा.उ.३३/क्षेपक.५७) इति ।

महाभारते आनुशासनिके पर्वणि च – "परदारा न गन्तव्याः सर्ववर्णेषु कर्हिचित् । न हीदृशमनायुष्यं लोके किञ्चन विद्यते । यादृशं पुरुषस्येह परदारोपसेवनम् "(म.भा.अनु.१०७/२०) "यावन्तो रोमकूपाः स्युः स्त्रीणां गात्रेषु निर्मिताः । तावद्वर्षसहस्राणि नरकं पर्युपासते "(म.भा.अनु.१०७/क्षेपक.२०) "परदारेषु ये मूढाश्चक्षुर्दुष्टं प्रयुञ्जते। तेन दुष्टस्वभावेन जात्यन्धास्ते भवन्ति हि।। मनसाऽपि प्रदुष्टेन ये पश्यन्ति परस्त्रियम्। रोगार्तास्ते

भवन्तीह नरा दुष्कृतकारिणः "(म.भा.अनु.१३३/४९-५०) इति ।

मनुस्मृतिवचनं च - "व्यभिचारात्तु भर्तुः स्त्री लोके प्राप्नोति निन्द्यताम्। शृगालयोनिमाप्नोति पापरोगैश्च पीड्यते"(मनु.५/१६४) इति । तथा देवलस्मृतिवचनम् - "या कामेनान्यपुरुषं योषाऽभिसरति क्वचित्। सा खरी सप्तजन्मानि निरयान्तेऽतिरुग् भवेत्" इति ।

अथ मांसभक्षणनिषेधप्रकरणे मनुस्मृतिवचनम् - "अनुमन्ता विशसिता निहन्ता क्रयविक्रयी । संस्कर्ता चोपहर्ता च खादकश्चेति घातकाः"(मनु.५/५१) "नाऽकृत्वा प्राणिनां हिंसां मांसमुत्पद्यते क्वचित्। न च प्राणिवधः स्वर्ग्यस्तस्मान्मांसं न भक्षयेत्"(मनु.५/४८) इति ।

महाभारते चानुशासनिके पर्वणि युधिष्ठिरं प्रति भीष्मवचनम् - "प्रोक्षिताभ्युक्षितं मांसं तथा ब्राह्मणकाम्यया । निर्दोषं सर्वथा मांसं विद्यते नैव भूपते !"(म.भा.अनु.११६/४३) "यो यजेताश्वमेधेन मासि मासि यतव्रतः । वर्जयेन्मधु मांसं च सममेतद्युधिष्ठिर! ।। सप्तर्षयो वालखिल्यास्तथैव च मरीचिपाः ।अमांसभक्षणंराजन्!प्रशंसन्तिमनीषिणः"(म.भा.अनु.११६/१०-११) "पूर्वं तु मनसा त्यक्त्वा तथा वाचा च कर्मणा । न भक्षयति यो मांसं त्रिविधं स विमुच्यते"(म.भा.अनु.११५/८) "न हि मांसं तृणात्काष्टादुपलाद्वापि जायते। जन्तुघाताद्भवेन्मांसं तस्माद्दोषोस्ति भक्षणे"(म.भा.अनु.११६/२६) इति।

भारते - "यदि यज्ञांश्च वृक्षांश्च यूपांश्चोद्दिश्य मानवाः। वृथा मांसानि खादन्ति नैष धर्मः प्रशस्यते ।। सुरां मत्स्यान्मधु मांसमासवं कृशरौदनम्। धूर्त्तैः प्रवर्तितं ह्येतद्वेदेषु न तु कल्पितम् ।। मानान्मोहाच्च लोभाच्च लौल्यमेतत्प्रकल्पितम् । विष्णुमेवाभिजानन्ति सर्वयज्ञेषु ब्राह्मणाः। पायसैः सुमनोभिश्च तस्यापि यजनं स्मृतम्"(म.भा.शां.२५७/८-१०) इति ।

अथ सुरामद्यपाननिषेधप्रकरणे मनुस्मृतिवचनम् – "ब्रह्महत्या सुरापानं स्तेयंगुर्वङ्गनागमः।महान्तिपातकान्याहुःसंप्रयोगश्चतैःसह"(मनु.११/५४)इति। प्रचेतःस्मृतिवचनं च – "सुरापगुरुतल्पगौ चीरवल्कलवाससौ । द्वादशाब्दं ब्रह्महत्याव्रतं चरेयाताम्" इति । धर्मशास्त्रवचनं च – "सुरां पीत्वा द्विजो मोहादग्निवर्णां सुरां पिबेत्"(मनु.११/९०) इति । बृहस्पति-स्मृतिवचनं च – "पीत्वा प्रमादतो मद्यमतिकृच्छ्रं चरेद् द्विजः । कारयेत्तस्य संस्कारं राजा विप्रांश्च भोजयेत्"(बृह.स्मृ.७/७१) इति । मनुस्मृतिवचनं च- "जान्वधः स्नानमात्रं स्यादानाभेरेकरात्रकम्। नाभेरूर्ध्वं त्रिरात्रं स्यान्मद्य-स्पर्श उपोषणम्" इत्यादीनि बहूनि सन्ति ।।३।।

હે અર્જુન ! આ બાબતમાં બીજો એક મતભેદ છે, તે હવે બતાવું છું : હિંસાદિક દોષોથી પોતાના મનનું નિયમન કરી લેવાની બુદ્ધિવાળા અમુક ડાહ્યા પુરુષો એવું કહે છે કે, 'જેમાં હિંસાદિક દોષો રહ્યા હોય એવા યજ્ઞાદિક શાસ્ત્રીય કર્મો કે પરસ્ત્રીનો સંગ, દારૂનું પાન અને માંસભક્ષણાદિક જેવાં લૌકિક કર્મોનો ત્યાગ કરી દેવો જોઈએ.' જ્યારે અમુક બીજા જ્ઞાની પુરુષો કહે છે કે, 'હિંસાએ રહિત એવા યજ્ઞ, દાન, તપ વગેરે કર્મો કરવાં જોઈએ; પણ તેનો ત્યાગ ન કરવો જોઈએ."

અહીં ભાષ્યકાર સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ યજ્ઞમાં હિંસા, પરસ્ત્રીસંગ તથા માંસભક્ષણ વગેરે પાપોનો નિષેધ કરનારા વેદ વગેરે શાસ્ત્રોનાં જુદાં જુદાં ૨૩ પ્રમાણો બતાવ્યાં છે. તેમાં અમુક પ્રમાણોની તો સ્વામીએ વ્યાખ્યા પણ કરી આપી છે. એમાંય શરૂઆતમાં મૂકેલી ઋગ્વેદ અંતર્ગત ઐતરેય બ્રાહ્મણની આખ્યાયિકાઓ ખાસ જોવા જેવી છે. આખા ભાષ્યમાં સૌથી વધુ વિસ્તાર આ શ્લોક ઉપર સ્વામીએ કર્યો છે. આ બધું જોતાં એ સિદ્ધ થાય છે કે, 'યજ્ઞાદિક શાસ્ત્રીય કર્મોમાં પણ હિંસાદિક દોષો આપણાં શાસ્ત્રો તથા શ્રીહરિને કદાપિ માન્ય છે જ નહીં; તો વાસનાવશાત્ એ

પાપ ન કરાય એમાં તો કહેવું જ શું ?' માટે જેને પ્રભુ પ્રસન્ન કરી પ્રભુને પામવું હોય તેણે કોઈ પણ નિમિત્તે આવા પાપ ન જ કરવા જોઈએ.॥૩॥

त्यागे निश्चयं वदति – निश्चयमिति ।

निश्चयं शृणु मे तत्र त्यागे भरतसत्तम ! ॥
त्यागो हि पुरुषव्याघ्र ! त्रिविधः सम्प्रकीर्तितः ॥४॥

हे भरतसत्तम ! – भरतकुलोत्पन्नेषु श्रेष्ठ ! तत्र – पूर्वोक्ते त्यागे, मे – मयोच्यमानं, निश्चयं शृणु । हे पुरुषव्याघ्र ! त्यागः – कर्मणां त्यजनं, त्रिविधः – त्रिप्रकारः, सम्प्रकीर्तितः – सम्यक् कथितः, हि – निश्चितम् ।।४।।

✵ ત્યાગરૂપ સંન્યાસ બાબતે ભગવાનનો મત :

ભરતકુળમાં શ્રેષ્ઠ હે અર્જુન ! તે ત્યાગની બાબતમાં હું જે નિર્ણય કહું તે સાંભળ. સર્વપુરુષોમાં શ્રેષ્ઠ હે અર્જુન ! ખરેખર કર્મનો ત્યાગ ત્રણ પ્રકારનો કહેવાયો છે. ॥૪॥

तत्रादौ त्यागप्रकारं वदति द्वाभ्याम् – यज्ञेति ।

यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यमेव तत् ॥
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥५॥

यज्ञो दानं तपश्च एतत्प्रभृति सत्कर्म, कार्यमेव – कर्तुं योग्यमेव अस्ति । तत् – यज्ञादि कर्म, न त्याज्यम् । चो हेतौ, यस्मात् यज्ञो दानं तपश्च एतत्प्रभृतीनि सत्कर्माणि, मनीषिणाम् – मनोनियामकबुद्धियुक्तानां नराणां, पावनान्येव – अन्तःकरणशुद्धिकराण्येव सन्ति ।।५।।

યજ્ઞ, દાન, તપ વગેરે સત્કર્મો કરવાં યોગ્ય જ છે. તે કર્મોનો કદિ ત્યાગ ન કરવો જોઈએ. કેમ જે, યજ્ઞ, દાન, તપ વગેરે તે સત્કર્મો મનને નિયમમાં રાખે એવી બુદ્ધિવાળા લોકોનાં અંતઃકરણને શુદ્ધ કરનારાં જ છે.॥૫॥

एतान्यपि तु कर्माणि सङ्गं त्यक्त्वा फलानि च ॥
कर्तव्यानीति मे पार्थ ! निश्चितं मतमुत्तमम् ॥६॥

एतानीति। तुशब्दस्तानि यज्ञादीनि कर्माणि कर्तव्यानि वा न कर्तव्यानीति शङ्कानिरासार्थः। एतान्यपि – यज्ञादीन्यपि, कर्माणि तु सङ्गम् – कर्मणि ममत्वं, फलानि – स्वर्गपुत्रादीनि, च त्यक्त्वा – परित्यज्य, भगवत्प्रसन्नतार्थं प्रतिदिनं यावज्जीवं च मोक्षेच्छुभिः कर्तव्यानि। हे पार्थ ! इति – अमुना प्रकारेण, मे – मया, निश्चितम् – निश्चित्योक्तम्, मतम् – सिद्धान्तम्, उत्तमम् – श्रेष्ठं, भवति। तथा च श्रुतिः – "कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः"(ईशो.२) इति ॥६॥

તે સત્કર્મોને છોડી દેવાની જરૂર નથી, પણ આ યજ્ઞાદિક કર્મો પણ મમત્વ અને સ્વર્ગ-પુત્રાદિક ફળની આસક્તિ છોડીને માત્ર ભગવાનની પ્રસન્નતા માટે મુમુક્ષુએ રોજે રોજ આજીવન કરતા રહેવું જોઈએ. હે અર્જુન ! આવો મેં નક્કી કરેલો સિદ્ધાંત સહુથી શ્રેષ્ઠ છે. ॥૬॥

पूर्वोक्तं त्यागस्य त्रैविध्यं वदति त्रिभिः – नियतस्येति।

नियतस्य तु सन्न्यासः कर्मणो नोपपद्यते ॥
मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः ॥७॥

नियतस्य – अवश्यं कर्तव्यतयोक्तस्य मदाराधनरूपस्य नित्यनैमित्तिकस्य, कर्मणस्तु सन्न्यासः – त्यागः, "शरीरयात्रापि च ते न प्रसिद्ध्येदकर्मणः"(गीता.३/८) इति। "यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः। भुञ्जन्ते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात्"(गीता.३/१३) इत्यादिवचनैः कर्मत्यागस्याविहितत्वात् नोपपद्यते – न घटते। मोहात् – विपरीतज्ञानात्, तस्य – वर्णाश्रमोचितकर्मणः, यः परित्यागः, स तामसः –

तामससंज्ञः त्यागः, परिकीर्तितः - कथितः, तमोगुणनिष्ठत्वादधोगतिप्रद इत्यभिप्रायः ।।७।।

❋ સત્ત્વાદિક ગુણને કારણે ત્યાગના ત્રણ પ્રકાર :

હવે ત્યાગના ત્રણ પ્રકાર કહું છું : મારી આરાધના માટે રોજે રોજ કે અમુક તિથિ-પર્વ પર અવશ્ય કરવાં જેવાં કર્મોનો ત્યાગ કરવો તે કદાપિ યોગ્ય નથી. કેમ જે, શાસ્ત્રોમાં પણ તેવાં કર્મોના ત્યાગનો નિષેધ કર્યો છે. તેમ છતાં અજ્ઞાનને કારણે પોતાના વર્ણાશ્રમનાં કર્મોનો ત્યાગ કરવો, તે તામસ ત્યાગ કહેવાય છે. અર્થાત્ તે તમોગુણી હોવાથી અધોગતિ કરાવનારો જ છે. ॥૭॥

अथ राजसं त्यागं वदति — दुःखमिति ।

दुःखमित्येव यत्कर्म कायक्लेशभयात्त्यजेत् ॥
स कृत्वा राजसं त्यागं नैव त्यागफलं लभेत् ॥८॥

दुःखम् - द्रव्यार्जनायासेन नियमपालनेन च स्वस्य दुःखकरम्, इति ज्ञात्वा, कायक्लेशभयात् - देहदुःखभीतिमालम्ब्य, यत् - शास्त्रविहितं वर्णाश्रमोचितं यज्ञतपोदानादिकं सत्कर्म, यो नरस्त्यजेत्, तस्य त्यागो राजसोऽस्तीति शेषः । स - पुरुषः, तं राजसं त्यागं कृत्वा, त्यागफलम् - त्यागस्य ज्ञाननिष्ठारूपं फलं, नैव लभेत् ।। ८।।

'યજ્ઞાદિક માટે દ્રવ્ય મેળવવામાં બહુ મોટો દાખડો પડતો હોવાથી અને તેના કડક નિયમો પાળવા પડતા હોવાથી તે કર્મ મૂર્તિમાન દુઃખ-દુઃખદાયી છે.' આવું માનીને દૈહિક દુઃખના ભયથી જો શાસ્ત્રોએ કહેલાં વર્ણાશ્રમ યોગ્ય યજ્ઞ, દાન, તપ વગેરે સત્કર્મોનો કોઈ મનુષ્ય ત્યાગ કરે, તો તે **રાજસ ત્યાગ** છે. સત્કર્મોનો આવો રાજસ ત્યાગ કરનાર તે માણસ ત્યાગનું કાંઈ જ ફળ પામતો નથી. અર્થાત્ આ રીતે દુઃખના

ભયથી કર્મમાત્રનો ત્યાગ કર્યા પછી પણ ત્યાગના ફળરૂપ જ્ઞાનનિષ્ઠાને સિદ્ધ કરી શકતો નથી. ॥૮॥

अथो सात्त्विकं त्यागं वदति – कार्यमिति ।

कार्यमित्येव यत्कर्म नियतं क्रियतेऽर्जुन ! ॥
सङ्गं त्यक्त्वा फलं चैव स त्यागः सात्त्विको मतः ॥९॥

हे अर्जुन ! नियतम् - अवश्यं, कार्यम् - कर्तव्यतया विहितम्, इति ज्ञात्वा, सङ्गम् - कर्मसु ममत्वं, फलं च - स्वर्गपुत्रादिकं, त्यक्त्वैव - परित्यज्यैव, जनैर्यत्कर्म क्रियते स त्यागः सात्त्विको मतः, सत्त्वगुणमूल-त्वान्मोक्षप्रद इत्यभिप्रायः ॥९॥

'શાસ્ત્રોમાં કર્મો અવશ્ય કરવાનાં કહ્યાં છે' એમ સમજીને, તે કર્મમાં મમત્વનો અને સ્વર્ગાદિક ફળની ઇચ્છાનો ત્યાગ કરીને જે જે કર્મો કરવામાં આવે, તે **સાત્ત્વિક ત્યાગ** કહેવાય છે. આ ત્યાગ સત્ત્વગુણને કારણે થતો હોવાથી મોક્ષ આપનારો છે. ॥૯॥

सत्त्वगुणयुक्तस्य त्यागिनः स्वभावं वदति – नेति ।

न द्वेष्ट्यकुशलं कर्म कुशले नानुषज्जते ॥
त्यागी सत्त्वसमाविष्टो मेधावी छिन्नसंशयः ॥१०॥

सत्त्वसमाविष्टः - एवं सत्त्वगुणसम्पन्नः, अत एव मेधावी - यथा-वस्थितवस्तुज्ञानसम्पन्नः, अत एव छिन्नसंशयः - विगतसन्देहः, त्यागी - यज्ञादिसत्कर्मफलत्यागवान् मुमुक्षुजनः, अकुशलम् – दुःखजनकम् - पुत्रधनविषयत्यागादिकं, कर्म न द्वेष्टि । कुशले - पुत्रधनविषयसाधनभूते कर्मणि, नानुषज्जते - आसक्तो न भवति। अनेन स्वभावेन सात्त्विक-त्यागी ज्ञातव्यः ॥१०॥

આવો સત્ત્વગુણી ત્યાગી કેવી રીતે ઓળખાય ? તો, જે અખંડ સત્ત્વગુણથી યુક્ત હોય; જીવ, માયા અને જગદીશ વગેરે બાબતોના યથાર્થ જ્ઞાનવાળો હોય; એટલે જ તેને કોઈ પ્રકારના શંકા-સંશય થતા ન હોય; યજ્ઞાદિ સત્કર્મ કરે પણ પ્રભુપ્રસન્નતા સિવાયના ફળનો ત્યાગ કરવાના જ સ્વભાવવાળો હોય; આવો તે **મુમુક્ષુજન પુત્ર, ધન કે અન્ય કોઈ પણ વિષયોના નાશ જેવી દુઃખકર ઘટનાનો શોક નથી કરતો. અને ધન, પુત્રાદિક મેળવી આપનાર કર્મોમાં આસક્ત થઈ જતો નથી.** આવા બધા સ્વભાવો-ગુણો જોઈને તે સાત્ત્વિક ત્યાગીને ઓળખવો. અર્થાત્ હું પોતે એવા સાત્ત્વિક ત્યાગવાળો છું કે નહિ ? તે આ બધાં લક્ષણો ઉપરથી જાણવું. ॥૧૦॥

वर्णाश्रमोचितकर्मणामवश्यकर्तव्यतां वदति – न हीति ।

न हि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः ॥
यस्तु कर्मफलत्यागी स त्यागीत्यभिधीयते ॥११॥

देहभृता – करणकलेवरसंयुक्तेन जनेन, अशेषतः – समग्रतया, कर्माणि त्यक्तुम् – "न हि कश्चित् क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत्"(गीता.३/५) इत्याद्युक्तप्रकारेण देहधारणसम्पादकानि अशनपानादीनि कर्माणि परिहातुं, हि – यस्मात्, न शक्यम् – न शक्यानि, आर्षत्वात् 'सुपां सु लुक्' इत्यादिना जसः स्थाने सुः आदेशः। तस्मात् यस्तु कर्मफलत्यागी – कर्मणाम् – यज्ञतपोदानादीनां सत्कर्मणां, फलत्यागी – मत्प्रसन्नतायै फलत्यागशीलः, स त्यागी इत्यभिधीयते – कथ्यते ।।११।।

દેહધારી કોઈ પણ મનુષ્યએ સંપૂર્ણપણે કર્મો છોડી દેવાં, તે શક્ય જ નથી. કેમ જે, શરીરને ટકાવી રાખવા માટે પણ ખાવું, પીવું વગેરે કર્મો તો અવશ્ય કરવાં જ પડે છે. માટે **જે ભક્ત યજ્ઞ, તપ, દાન વગેરે સત્કર્મોના ફળનો ત્યાગ કરીને માત્ર મારી પ્રસન્નતા માટે જ કર્મો કરે છે, તે જ સાચો ત્યાગી કહેવાય છે.** ॥૧૧॥

कर्मफलसङ्गत्यागे फलं वदति – अनिष्टमिति ।

अनिष्टमिष्टं मिश्रं च त्रिविधं कर्मणः फलम् ॥
भवत्यत्यागिनां प्रेत्य न तु सन्न्यासिनां क्वचित् ॥१२॥

कर्मणः - शुभस्य अशुभस्य च शुभाशुभमिश्रस्य च, अनिष्टम् - अप्रियं नरकगमयितृ, इष्टम् - प्रियं स्वर्गादिप्रापकं च, मिश्रम् - प्रियाप्रियमिश्रं मध्यगमयितृ च, एवम्भूतं त्रिविधं फलम्, अत्यागिनाम् - कर्मफलसङ्गिनां पुंसामेव, प्रेत्य - मरणादनन्तरं, भवति। सन्न्यासिनां तु - कर्मफलत्यागिनां तु, क्वचित् - कुत्रचिदिहामुत्र च, त्रिविधकर्मफलं न भवति। अत्र सन्न्यासिशब्दः कर्मफलत्यागिपर्यायो ज्ञातव्यः। कुतः ? "अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः। स सन्न्यासी च योगी च" (गीता.६/१) इति पूर्वोक्तत्वात् कर्मफलत्यागिप्रकरणाच्च ।।१२।।

કોઈ પણ મનુષ્ય ત્રણ પ્રકારનાં કર્મો કરતો હોય છે : શુભ, અશુભ અને થોડું શુભ - થોડું અશુભ એવું મિશ્રિત. તેમાં શુભ કર્મનું ફળ સ્વર્ગાદિકની પ્રાપ્તિ કરાવે છે. અશુભ કર્મનું ફળ નરકાદિકને પમાડે છે. શુભાશુભ મિશ્રિત કર્મનું ફળ મનુષ્યાદિકની યોનિ પમાડે છે. આ ત્રણ પ્રકારનાં ફળ કર્મફળમાં આસક્તિવાળા જીવોને જ મૃત્યુ બાદ ભોગવવાં પડે છે. પરંતુ કર્મફળના ત્યાગી એવા સંન્યાસીને તો આ લોક કે પરલોકમાં ક્યાંય પણ તે ત્રણેય પ્રકારનાં ફળો ભોગવવા પડતાં નથી. ॥૧૨॥

जीवात्मनः कर्मणि कर्तृत्वाभिमाननिवृत्तये कर्मणो हेतुपञ्चकमाह त्रिभिः – पञ्चेति ।

पञ्चैतानि महाबाहो ! कारणानि निबोध मे ॥
साङ्ख्ये कृतान्ते प्रोक्तानि सिद्धये सर्वकर्मणाम् ॥१३॥

हे महाबाहो! सर्वकर्मणां सिद्धये - निष्पत्तये, कृतान्ते — कृतस्य

कर्मणो अन्तः - समाप्तिर्यस्मिंस्तस्मिन्, साङ्ख्ये – सम्यक् ख्यायते - ज्ञायते परम्ब्रह्मानेनेति सङ्ख्यं, तदेव साङ्ख्यं तस्मिन्, परमात्मबोधके शास्त्रे, प्रोक्तानि - गदितानि, पञ्च कारणानि, मे - मया वक्ष्यमाणान्येतानि, मम वाक्यात्, निबोध - त्वं जानीहि ।।१३।।

✵ ક્રિયામાત્રનાં પાંચ કારણો :

સદા સંસૃતિમાં ભટકાવનારી તે કર્મફળની આસક્તિથી જો કોઈને બચવું હોય, તો તેને તે તે કર્મના કર્તાપણાના અભિમાનથી બચવું અનિવાર્ય છે. કર્તાપણાના તે અભિમાનથી બચવા માટે ખરેખર કર્મના કરનાર કોણ અને કેટલા છે ? તે સમજવું ખાસ જરૂરી છે.

હે આજાનબાહુ અર્જુન ! જેના જ્ઞાનથી સર્વ કર્મોની સમાપ્તિ થઈ જાય છે અને જેના દ્વારા પરમાત્માને સારી રીતે સમજી શકાય છે, એવા શાસ્ત્રમાં કોઈ પણ પ્રકારની ક્રિયાને નિષ્પન્ન કરવાનાં પાંચ કારણો કહ્યાં છે. તે પાંચેય કારણો હવે તું મારાં વાક્યોથી જાણ. અર્થાત્ તે કારણોને હવે હું મારા શબ્દોમાં તને સમજાવું છું. ॥૧૩॥

तेषां पञ्चानां नामानि वदति – अधिष्ठानमिति ।

अधिष्ठानं तथा कर्ता करणं च पृथग्विधम् ॥
विविधा च पृथक्चेष्टा दैवं चैवात्र पञ्चमम् ॥१४॥

अधिष्ठानम् – अधितिष्ठति - निवसति जीवात्मा अस्मिंस्तत्, पृथिव्यादिभूतसमुदायरूपं शरीरम्। तथा कर्ता - क्षेत्रज्ञो जीवात्मा। जीवात्मनः कर्तृत्वं ज्ञातृत्वं चोक्तं व्याससूत्रे - "ज्ञोऽत एव"(ब्र.सू.२/३/१९) इति।"कर्ता शास्त्रार्थवत्त्वात्"(ब्र.सू.२/३/३३) इति।"कर्मकर्तृव्यपदेशाच्च" (ब्र.सू.१/२/४) इति। पृथग्विधम् - पृथक्प्रकारं पृथक्तममिति यावत्, करणं च - मनसा सहितमिन्द्रियवृन्दं च। विविधा च - नानाविधा, पृथक्चेष्टा

च – देहेन्द्रियनिर्वाहकस्य प्राणापानादिभेदैः संयुक्तस्य वायोः पृथक्पृथ-ग्व्यापाराः । अत्र – कर्मकारणवृन्दे, दैवम् – परब्रह्म सर्वान्तर्याम्यहं, पञ्चमं कर्मोत्पत्तौ कारणम् ।।१४।।

(૧) પંચભૂતનું શરીર (૨) અંતઃકરણે સહિત તમામ જુદી જુદી ઇન્દ્રિયો (૩) શરીર તથા ઇન્દ્રિયોના પ્રવર્તક દસ પ્રાણની ક્રિયાઓ (૪) જીવાત્મા અને (૫) તે ચારેય કારણોમાં સૌથી મુખ્ય સર્વનો અંતર્યામી પરબ્રહ્મ એવો હું કર્મની ઉત્પત્તિનું પાંચમું કારણ છું. ।।૧૪।।

सर्वकर्मणि तेषां स्पष्टतया कारणत्वं दर्शयति – शरीरेति ।

शरीरवाङ्मनोभिर्यत्कर्म प्रारभते नरः ।।
न्याय्यं वा विपरीतं वा पञ्चैते तस्य हेतवः ।।१५।।

नरः – जीवात्मा, शरीरवाङ्मनोभिः – शरीरम् – देहश्च, वाक् – वाणीप्रभृतीन्द्रियाणि च, मनश्च तैः सह मीलित्वा, न्याय्यम् – न्यायादनपेतं, विपरीतं वा – न्यायवर्जितं, यत् कर्म प्रारभते – करोति । द्वितीयो वाशब्दश्चार्थे । तस्य – कर्मणश्च, एते – शरीरादयः, पञ्च हेतवः – कारणानि । तत्र शरीरं जीवात्मनोऽधिष्ठानतया कर्महेतुः । जीवात्मा च स्वयं कर्तृतया कर्महेतुः । समनस्केन्द्रियनिकरश्च करणतया कर्महेतुः । वायुश्च विविध-व्यापारजनकतया कर्महेतुः । दैवम् – सर्वेषामन्तर्यामितया स्थितं परम्ब्रह्माहं च, अधिष्ठानादिचतुर्णां प्रकाशकतया कर्महेतुः । तथा च श्रुतिः – "तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति"(कठो.२/२/१५) इति ।१५।

શરીર, ઇન્દ્રિયો અને મન સાથે મળીને જીવાત્મા યોગ્ય કે અયોગ્ય જે કંઈ કર્મો કરે છે, તે તમામ કર્મોનાં આ પાંચ કારણો હોય છે. તેમાં **શરીર** જીવાત્માના **રહેઠાણરૂપે** ક્રિયામાં કારણ છે. **જીવાત્મા** પોતે **કર્તાપણે** ક્રિયાનું કારણ છે. **ઇન્દ્રિયો-અંતઃકરણ સાધનરૂપે** ક્રિયાનું કારણ છે.

પ્રાણવાયુ ઇન્દ્રિયાદિકની વિવિધ ક્રિયાનો **પ્રવર્તક** હોવાથી કર્મનું કારણ છે. અને સર્વેના અંતર્યામીપણે રહેલો **પરબ્રહ્મ** એવો હું એ ચારેયનો **પ્રકાશક** હોવાથી ક્રિયામાત્રનું કારણ છું. ॥૧૫॥

कर्महेतुपञ्चकाज्ञातारं निन्दन्नाह — तत्रेति ।

तत्रैवं सति कर्तारमात्मानं केवलं तु यः ॥
पश्यत्यकृतबुद्धित्वान्न स पश्यति दुर्मतिः ॥१६॥

तत्र – समग्रे कर्मणि, अधिष्ठानादयः पञ्च हेतवः, इत्येवं सति केवलम् – एकम्, आत्मानम् – जीवात्मानं, कर्तारं, तुशब्दः पक्षान्तरे, 'तुः पादपूरणे भेदे समुच्चयेऽवधारणे पक्षान्तरे नियोगे च प्रशंसायां विनिग्रहे' इति कोशात्, अथवा केवलमात्मानम् – एकं परमात्मानं मां, कर्तारं यः पश्यति, स दुर्मतिः, अकृतबुद्धित्वात् – सच्छास्त्रोक्तलक्षणसम्पन्नसत्पुरुषेभ्योऽशिक्षितबुद्धित्वात्, कर्महेतुपञ्चकं न पश्यति – न जानातीत्यर्थः ।।१६।।

તમામ કાર્યની સિદ્ધિમાં શરીર વગેરે પાંચ કારણો કામ કરે છે. તેમ છતાં જે એકલા જીવાત્માને જ અથવા એકલા મને-પરમાત્માને જ કર્તા માને છે, તે દુર્મતિ છે. કેમ જે, તેણે સત્શાસ્ત્રોએ કહેલાં ગુણોવાળા સત્પુરુષ પાસેથી સાચું જ્ઞાન પ્રાપ્ત કર્યું નથી. તેથી તે કર્મનાં પાંચ કારણોને જાણતો નથી. ॥૧૬॥

एवं कर्महेतुपञ्चकमुक्त्वा इदानीं मुमुक्षोः कर्मणि निर्लेपत्वं ब्रूते – यस्येति ।

यस्य नाहङ्कृतो भावो बुद्धिर्यस्य न लिप्यते ॥
हत्वापि स इमाँल्लोकान्न हन्ति न निबध्यते ॥१७॥

यस्य – मुमुक्षोः, अहङ्कृतः — अहङ्कारेण – देहाभिमानेन कृतः, कर्तृत्वाभिनिवेशेनानुष्ठित इत्यर्थः । एवम्भूतो भावः – मनोवृत्तिरूपः स्वभावो, नास्ति, यस्य च – मुमुक्षोः, बुद्धिः – धीः, कर्मणि कर्तृत्वाभावात् तत्फले

तन्ममत्वे च न लिप्यते – नाव्रियते, अत्र 'कर्मकर्तरि लट्', स इमान् – अग्रे स्थितान्, लोकान् – भीष्मदुर्योधनादीन् राजलोकान्, समरे हत्वापि न हन्ति । तदनन्तरं सङ्ग्रामे राजलोकहननरूपेण कर्मणा न निबध्यते – तेन कर्मणा बन्धनं न प्राप्नोतीत्यर्थः । अर्जुनमुद्दिश्येयमुक्तिः ।।१७।।

❋ અકર્તાપણે રહેવાનું ફળ :

જે મુમુક્ષુને દેહાભિમાનને કારણે પોતાને જ કર્તા માની કાર્ય કરવાનો સ્વભાવ ન હોય અને એવી રીતે પોતામાં કર્તૃત્વ નહિ માનતો હોવાથી જે મુમુક્ષુની બુદ્ધિ કર્મના મમત્વમાં તથા કર્મના ફળમાં આસક્ત થતી ન હોય, તે આ ભીષ્મ વગેરેને યુદ્ધમાં મારવા છતાં પણ નથી જ મારતો. અર્થાત્ અકર્તા રહેવાની સમજણ દૃઢ થયા પછી યુદ્ધમાં અનેક લોકોને મારવારૂપ કર્મથી તેને કોઈ પ્રકારનું બંધન નથી થતું. ॥૧૭॥

अथेदानीं कर्मनोदनां कर्माश्रयं चाह – ज्ञानमिति ।

ज्ञानं ज्ञेयं परिज्ञाता त्रिविधा कर्मचोदना ॥
करणं कर्म कर्तेति त्रिविधः कर्मसङ्ग्रहः ॥१८॥

ज्ञानम् – करणीयकर्मकर्तव्यताप्रकारवेदनं, ज्ञेयम् – करणीयकर्म च, परिज्ञाता च – तस्य कर्मणो वेदिता च, इति त्रिविधा – तिस्रो विधाः यस्यां सा, वेदनवेदितव्यवेदितृतया त्रिप्रकारा, कर्मचोदना – कर्मणः – विष्णुयागादिसत्कर्मणः, चोदना – विधिरूपा प्रेरणा भवतीत्यर्थः । चोदना–शब्दस्य विधिवाचकत्वे प्रमाणम् – "चोदना चोपदेशश्च विधिश्चैकार्थवाचिनः" इति भट्टाः । करणम् – यज्ञसाधनभूतं द्रव्यवृन्दं, कर्म च – यज्ञादिकं, कर्ता च – तद्विधायकः, इति – अमुना प्रकारेण, त्रिविधः – त्रिप्रकारः, कर्मसङ्ग्रहः – कर्म सङ्गृह्यते यस्मिन्निति कर्मसङ्ग्रहः, कर्मकर्तव्यताप्रकाररूपः कर्माश्रयो भवतीत्यर्थः ।।१८।।

હે અર્જુન ! વિષ્ણુયાગ વગેરે સત્કર્મો કરવાની શાસ્ત્રોમાં ત્રણ પ્રકારની વિધિરૂપ પ્રેરણા હોય છે : (૧) જ્ઞાન (૨) જ્ઞેય અને (૩) પરિજ્ઞાતા. **જ્ઞાન** એટલે ? જે કર્મ કરવાનું છે, તે કેવી રીતે કરવું જોઈએ ? તે રીતિ-પદ્ધતિનું જ્ઞાન. **જ્ઞેય** એટલે ? પોતાને કરવા યોગ્ય કર્મ. **પરિજ્ઞાતા** એટલે ? તે કર્મનો જાણકાર પુરુષ. આ ત્રણના પ્રતિપાદન દ્વારા શાસ્ત્રો સત્કર્મ કરવાની વિધિ દર્શાવતા હોય છે. એવી રીતે કોઈ પણ કાર્ય કરવાનાં થાય, ત્યારે પણ તે કર્મ કરવાની સામગ્રીરૂપ ત્રણ બાબતોના સુયોગથી જ તે તે કાર્યો સાધી શકાય છે : (૧) કર્મ (૨) કરણ અને (૩) કર્તા. **કર્મ** એટલે ? પોતાના ધર્મભૂત યજ્ઞાદિક કર્મ. **કરણ** એટલે ? યજ્ઞાદિક કર્મો કરવાં માટેનાં દ્રવ્યાદિક સાધનો. **કર્તા** એટલે ? તે યજ્ઞાદિક કાર્ય કરનારો પુરુષ. આ ત્રણ બાબતોમાં કર્મમાત્રનો સંગ્રહ આવી જાય છે. ॥૧૮॥

ज्ञानादीनां त्रयाणां सात्त्विकादिभेदैस्त्रैविध्यं वदति – ज्ञानमिति ।

ज्ञानं कर्म च कर्ता च त्रिधैव गुणभेदतः ॥
प्रोच्यते गुणसङ्ख्याने यथावच्छृणु तान्यपि ॥१९॥

ज्ञानम् – करणीयकर्मसम्बन्धि वेदनं, कर्म – क्रियमाणं यज्ञादि, कर्ता – तस्य विधायकश्च, गुणसङ्ख्याने – गुणाः – सत्त्वरजस्तमांसि सम्यक् – कार्यभेदैः ख्यायन्ते – गण्यन्ते प्रतिपाद्यन्तेऽस्मिन्निति गुण-सङ्ख्यानम् – गुणसङ्ख्याप्रतिपादकशास्त्रं तस्मिन्, गुणभेदतः – सत्त्वादि-गुणभेदैः, त्रिधैव प्रोच्यते – मया कथ्यते। तान्यपि – ज्ञानादीन्यपि, यथावत् – यथाशास्त्रं, त्वं शृणु – श्रोतुं सावधानो भव ।।१९।।

સત્ત્વ, રજ અને તમ - આ ત્રણ ગુણના કાર્યભેદોએ સહિત તે ગુણોનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રમાં જ્ઞાન, કર્મ અને કર્તા – આ ત્રણને ગુણના ભેદે કરીને ત્રણ પ્રકારના કહ્યા છે. તે ત્રણેયને પણ હું શાસ્ત્રીય

રીતે કહું છું, તે તું સાવધાન થઈને સાંભળ. **કર્મ, જ્ઞાન અને કર્તા એટલે શું ?** તો, **કર્મ** એટલે કરવામાં આવતું યજ્ઞાદિક કાર્ય. **જ્ઞાન** એટલે કરવા યોગ્ય કર્મ બાબતની પૂરી જાણકારી. અને **કર્તા** એટલે તે કર્મો કરનાર પુરુષ. આ ત્રણેયના સત્ત્વાદિક ગુણોને કારણે ત્રણ-ત્રણ પ્રકાર હોય છે. ॥૧૯॥

तत्र तावत् सात्त्विकादीन् ज्ञानभेदानाह त्रिभिः – सर्वभूतेष्विति ।

सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ॥
अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्त्विकम् ॥२०॥

विभक्तेषु – भिन्नभिन्नशास्त्रीयकर्मविभागयुक्तेषु, सर्वभूतेषु – विप्र-क्षत्रियवैश्यवर्णिगृहिवनस्थादिभेदवत्सु जनेषु, येन – ज्ञानेन, एकम् – ज्ञातृणामात्मनां जातितया एकाकारम्, अव्ययम् – व्ययस्वभावेष्वपि विप्रादिदेहेषु व्ययस्वभावरहितं, विकारशून्यमविनाशीति यावत् । अविभक्तम् – ब्राह्मणादिजातिभेदैर्विभागहीनं, कर्तृत्वममत्वफलसङ्गाऽनर्हं, भावम् – आत्मसमुदायरूपं वस्तु कर्मारम्भसमये ईक्षते – आलोचयति, तज्ज्ञानं सात्त्विकं विद्धि – जानीहि । तथा ज्ञानभेदाश्चोक्ता एकादशस्कन्धे – "कैवल्यं सात्त्विकं ज्ञानं रजो वैकल्पिकं तु यत् । प्राकृतं तामसं ज्ञानं मन्निष्ठं निर्गुणं स्मृतम्"(भाग.११/२५/२४) इति ॥२०॥

❋ સત્વાદિક ગુણને કારણે જ્ઞાનના ત્રણ પ્રકાર :

તેમાં પ્રથમ સત્ત્વાદિક ગુણના ભેદે જ્ઞાનના ત્રણ ભેદ કહું છું : જે જ્ઞાન વડે કોઈ પણ કાર્ય વર્ણાશ્રમના અહં-મમત્વ અને ફળની આસક્તિ રહિત થાય તે જ્ઞાનને સાત્ત્વિકજ્ઞાન કહેવાય. **સાત્ત્વિકજ્ઞાન કેવું હોય ?** તો, જગતમાં સર્વે મનુષ્યો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ વગેરે અનેક પ્રકારે વહેંચાયેલા છે. વળી, શાસ્ત્રોએ પણ તે તમામ વર્ણો અને આશ્રમીઓના જુદા-જુદા ધર્મો દર્શાવ્યા છે.

આમ, મનુષ્યમાત્ર ભિન્ન-ભિન્ન શાસ્ત્રીય કર્મો અને વર્ણ તથા આશ્રમના અનેક વિભાગોમાં વિભાજિત છે. છતાં તે દરેક મનુષ્યના શરીરમાં રહેલા જ્ઞાતા એવા સર્વે આત્માઓ તો જાતિએ કરીને એક સરખા જ છે. અર્થાત્ દેહના વર્ણો કે આશ્રમરૂપ જાતિભેદ હોવા છતાં સર્વે આત્માઓ તો ચેતનરૂપ એક જ જાતિના છે. વળી, વિકારી સ્વભાવવાળા બ્રાહ્મણ વગેરે દેહોમાં રહેલા તે શુદ્ધ આત્માઓ તો નિર્વિકારી જ છે. આવી રીતે તે શુદ્ધ આત્માઓ બ્રાહ્મણાદિક જાતિના ભેદો વડે ભેદવાળા પણ નથી અને કર્તૃત્વ, મમત્વ અને ફળની આસક્તિ જેવા દોષવાળા પણ નથી. આમ, દરેક કર્મોની શરૂઆત વખતે આવી જે સમજણ દ્વારા અહં-મમત્વ અને ફલાસક્તિ રહિત તે તે કાર્ય કરી શકાય, તે જ્ઞાનને તું **સાત્ત્વિક જ્ઞાન** સમજ. ॥૨૦॥

अथ राजसं ज्ञानं वदति – पृथक्त्वेनेति ।

पृथक्त्वेन तु यज्ज्ञानं नानाभावान् पृथग्विधान् ॥
वेत्ति सर्वेषु भूतेषु तज्ज्ञानं विद्धि राजसम् ॥२१॥

तुशब्दः प्रागुक्तसात्त्विकज्ञानाद्वैलक्षण्यं द्योतयति । सर्वेषु – विप्रादिषु कर्माधिकारिषु, भूतेषु पृथक्त्वेन – पृथक्जातितया पृथगाश्रमतया च, (नाना)भावान् – जीवात्मसंज्ञानपि नाना आकृत्या नानाविधान्, पृथग्विधान् – श्यामश्वेतह्रस्वादिभेदैः पृथक्प्रकारान् कर्तृत्वममत्वफल–सङ्गार्हान्, कर्मारम्भकाले, यज्ज्ञानं वेत्ति – ज्ञानाधारो जीवात्मा येन ज्ञानेन जानातीत्यर्थः, तज्ज्ञानं राजसं विद्धि ।।२१।।

હે અર્જુન ! હવે રાજસ જ્ઞાન કહું છું : તે પહેલાં કહેલ સાત્ત્વિક જ્ઞાનથી તદ્દન વિપરીત છે. એટલે કે, જે જ્ઞાન વડે બ્રાહ્મણાદિક વર્ણો અને આશ્રમોમાં રહેલા શુદ્ધ આત્માઓને જુદી જુદી બ્રાહ્મણાદિક જાતિવાળા કે આશ્રમવાળા મનાય. તથા આકારે કરીને પણ ભિન્ન-ભિન્ન પ્રકારના

જણાય. વળી, કાળો, ધોળો, જાડો, પતલો વગેરે ભેદોથી જુદા-જુદા જણાય. અને કર્તૃત્વ, મમત્વ તથા ફળની આસક્તિને યોગ્ય પણ સમજાય. આમ, કોઈ પણ કર્મ કરવાની શરૂઆતમાં જે જ્ઞાન વડે આત્મા પોતાનું અને બીજા આત્માઓનું સ્વરૂપ આવું જાણે, તે જ્ઞાનને તું **રાજસ જ્ઞાન** જાણજે. ॥૨૧॥

अथ तामसं ज्ञानं वदति – यदिति ।

यत्तु कृत्स्नवदेकस्मिन् कार्ये सक्तमहैतुकम् ॥
अतत्त्वार्थवदल्पं च तत्तामसमुदाहृतम् ॥२२॥

अत्रापि तुशब्दो राजसज्ञानाद्वैलक्षण्यं द्योतयति । एकस्मिन् कार्ये – क्रियमाणे भैरवयक्षभूतगणाद्युपासनरूपेऽतिनिकृष्टफले कर्मणि, कृत्स्नवत् – समग्रफलवत् सक्तम्, अहैतुकम् – स्वेप्सितफलानुसन्धानशून्यम्, अतत्त्वार्थवत् – मिथ्याभूतार्थसंयुक्तम्, अल्पम् – तामसदेवोपासनतयात्यल्पफलं च, यज्ज्ञानं तज्ज्ञानं तामसमुदाहृतम् – निगदितम् ॥२२॥

જે જ્ઞાન અતિ તુચ્છ ફળ આપનારાં ભૈરવ, યક્ષ અને ભૂતો વગેરેની ઉપાસના કરવારૂપ એક જ કર્મમાં તમામ કર્મોનું ફળ મનાવીને તેમાં આસક્તિ કરાવે, તે **તામસ જ્ઞાન** છે. વળી, જેમાં પોતાને ઇચ્છિત ફળનું પણ અનુસંધાન રહેતું ન હોય; જે મોટે ભાગે મિથ્યાભૂત એવા અસત્ય પદાર્થો સાથે જોડાયેલું હોય અને જે જ્ઞાન તામસ દેવોની ઉપાસનાવાળું હોવાથી અતિ અલ્પ ફળ આપનારું હોય; તે જ્ઞાનને **તામસ જ્ઞાન** કહ્યું છે. ॥૨૨॥

अथ सात्त्विकादिभेदैः कर्मत्रैविध्यमाह त्रिभिः – नियतमिति ।

नियतं सङ्गरहितमरागद्वेषतः कृतम् ॥
अफलप्रेप्सुना कर्म यत्तत्सात्त्विकमुच्यते ॥२३॥

नियतम् – स्ववर्णाश्रमविहितत्त्वेन नित्यं, सङ्गरहितम् – कर्तृत्वममत्वाद्यासक्तिहीनम्, अफलप्रेप्सुना – फलप्राप्तिकाङ्क्षाहीनेन, निष्काम–

पुरुषेणेत्यर्थः। अरागद्वेषतः – रागः - कीर्तौ प्रीतिश्च, द्वेषः - अकीर्तौ अप्रीतिश्च ताभ्यां रहिततया, यत्कर्म कृतम् - अनुष्ठितं, तत् सात्त्विकं कर्मोच्यते - निगद्यते। तथा कर्मभेदाश्चोक्ता एकादशे - "मदर्पणं निष्फलं वा सात्त्विकं निजकर्म तत्। राजसं फलसङ्कल्पं हिंसाप्रायादि तामसम्"(भाग.११/२५/२३) इति ।।२३।।

✵ સત્વાદિક ગુણને કારણે કર્મના ત્રણ પ્રકાર :

હવે સત્ત્વાદિક ગુણને કારણે કર્મના ત્રણ ભેદ કહું છું : કોઈ નિષ્કામ ભક્ત પોતાના વર્ણાશ્રમ પ્રમાણે શાસ્ત્રોએ કહેલાં કર્મો કર્તૃત્વ, મમત્વ અને તેનાં ફળની અપેક્ષા રાખ્યા વિના જ કરે. વળી, તે કર્મો કરવામાં કીર્તિ કે અપકીર્તિ મળે છતાં તેમાં રાગ કે દ્વેષ કરે નહીં; આવી રીતે **શુદ્ધ નિષ્કામભાવે કરેલ કર્મ સાત્ત્વિક કર્મ કહેવાય છે.** ॥૨૩॥

राजसं कर्म गदति – यत्त्विति ।

यत्तु कामेप्सुना कर्म साहङ्कारेण वा पुनः ॥
क्रियते बहुलायासं तद्राजसमुदाहृतम् ।।२४।।

तुशब्दः सात्त्विकात् कर्मणो वैलक्षण्यं द्योतयति। यत्तु कर्म - यज्ञादिकं, पुनरित्यनियतं, कामेप्सुना - सकामेन, साहङ्कारेण - कर्तृत्वाभिनिवेशसहितेन च पुंसा, वाशब्दश्चार्थे, बहुलायासम् - बहुल आयासो यस्मिन् कर्मणि यथा भवति तथा क्रियते, तद्राजसं कर्म उदाहृतम् - निगदितम् ।।२४।।

કોઈ સકામ પુરુષ પોતાને જ કર્તા માનીને, ફળની ઇચ્છાથી, પોતાના વર્ણાશ્રમને યોગ્ય કે અયોગ્ય એવાં યજ્ઞાદિક કર્મો અતિ પ્રયત્નપૂર્વક કરે, તે **રાજસ કર્મ** છે. ॥૨૪॥

तामसं कर्म वदति – अनुबन्धमिति ।

अनुबन्धं क्षयं हिंसामनवेक्ष्य च पौरुषम् ॥
मोहादारभ्यते कर्म यत्तत्तामसमुच्यते ॥२५॥

अनुबन्धम् – अनु बध्यते इत्यनुबन्धम् – पश्चाद्भाविशुभाशुभफलं, क्षयम् – अर्थविनाशं, हिंसाम् – भूतपीडां, पौरुषम् – स्वसामर्थ्यं च, अनवेक्ष्य – अपरिचिन्त्य, मोहात् – ज्ञानवैपरीत्यात्, जनेन यत्कर्म आरभ्यते – क्रियते, तत्तामसं कर्म उच्यते ।।२५।।

પછી મળનાર શુભ કે અશુભ ફળનો કાંઈ જ વિચાર કર્યા વિના, આમાં કેટલી સંપત્તિનો નાશ થશે તથા કેટલા પશુ-મનુષ્યાદિકને પીડા થશે તે કશું જ જોયા વગર અને પોતાના સામર્થ્યનો પણ વિચાર કર્યા વિના જ માત્ર મોહને કારણે જે કર્મો કરવામાં આવે, તે **તમોગુણી કર્મ** છે. ॥૨૫॥

अथेदानीं गुणभेदैः कर्तृत्रैविध्यमाह त्रिभिः – मुक्तसङ्ग इति ।

मुक्तसङ्गोऽनहंवादी धृत्युत्साहसमन्वितः ॥
सिद्ध्यसिद्ध्योर्निर्विकारः कर्ता सात्त्विक उच्यते ॥२६॥

मुक्तसङ्गः – कर्मफलासक्तिशून्यः, अनहंवादी – गर्वसंयुक्तवचन-रहितः स्वगुणश्लाघारहितो वा, धृत्युत्साहसमन्वितः – क्रियमाणे कर्मणि धृतिश्च – किञ्चिदन्तरायप्राप्तावप्यारब्धस्यापरित्यागः, उत्साहश्च – इदमहं विधास्याम्येवेति निश्चयपूर्विका बुद्धिः, ताभ्यां समन्वितः – सहितः, सिद्ध्यसिद्ध्योर्निर्विकारः – सङ्ग्रामयज्ञादौ कर्मणि तत्साधनभूतद्रव्य-सम्पादनादौ कर्मणि च सिद्ध्यसिद्ध्योर्हर्षशोकरूपविकारशून्यो यः, स सात्त्विकः कर्ता मयोच्यते । तथा कर्तृभेदाश्चोक्ता एकादशे – "सात्त्विकः

कारकोऽसङ्गी रागान्धो राजसः स्मृतः । तामसः स्मृतिविभ्रष्टो निर्गुणो मदुपाश्रयः "(भाग.११/२५/२६) इति ।।२६।।

❋ સત્વાદિક ગુણને કારણે કર્તાના ત્રણ પ્રકાર :

જે કર્તા કર્મફળની આસક્તિ વગર માત્ર મારી પ્રસન્નતા માટે જ પોતાના વર્ણાશ્રમને યોગ્ય કર્મ કરતો હોય; કદી અહંકારયુક્ત વાણી બોલતો ન હોય કે પોતાના વખાણ કરતો ન હોય; પોતાનાં કર્મો કરવામાં કાંઈક અવરોધ આવે છતાં શરૂ કરેલ કર્મો છોડી ન દે એવી ધીરજવાળો હોય; 'આ કાર્ય હું જરૂર પૂરું કરીશ જ' આવા ઠરાવેયુક્ત ઉત્સાહવાળો હોય; વળી, યુદ્ધ કે યજ્ઞાદિક કર્મોમાં તથા તે કર્મો માટે જરૂરી દ્રવ્યાદિક સાધનો મેળવવામાં સફળતા મળે, તો હરખઘેલો થઈ જાય નહિ અને નિષ્ફળતા મળે તો શોક કરે નહિ; આવાં લક્ષણો જેનામાં હોય તે **સાત્ત્વિક કર્તા** કહેવાય છે. ॥૨૬॥

अथ राजसमाह – रागीति ।

रागी कर्मफलप्रेप्सुर्लुब्धो हिंसात्मकोऽशुचिः ।।
हर्षशोकान्वितः कर्ता राजसः परिकीर्तितः ।।२७।।

रागी – स्त्रीपुत्रधनादिषु स्नेहयुक्तः, कर्मफलप्रेप्सुः – कर्मफलाभिलाषी, लुब्धः – आरब्धे कर्मणि तदुचितद्रव्यव्ययप्रकृतिहीनः, हिंसात्मकः – हिंसायाम् – परेषां दुःखकरणे, आत्मा – मनो वा स्वभावो यस्य सः, अन्यान् पीडयित्वा यज्ञादिकर्मकर्तेत्यर्थः । अशुचिः – शास्त्रीयकर्मसु विहितशौच-शून्यः, हर्षशोकान्वितः – आरब्धे युद्धयज्ञादौ कर्मणि सिद्ध्यसिद्ध्यो-र्हर्षशोकसहितो यः, स राजसः कर्ता परिकीर्तितः – प्रोक्तः ।।२७।।

જે કર્તા સ્ત્રી, પુત્ર, ધન વગેરેમાં આસક્તિવાળો હોય; કર્મફળની આસક્તિવાળો હોય; કરવા ધારેલા કર્મમાં જરૂરી દ્રવ્ય ખર્ચવામાંય સંકોચ

કરનાર લોભી હોય; બીજાને દુઃખ દેવાના સ્વભાવવાળો હોય અર્થાત્ બીજાને પીડીને યજ્ઞાદિક કર્મ કરતો હોય; શાસ્ત્રીય કર્મોમાં જરૂરી પવિત્રતા ન રાખતો હોય; યજ્ઞાદિક કર્મોમાં સફળતા કે નિષ્ફળતા મળે ત્યારે હરખપદુડો કે દુઃખી-દુઃખી થઈ જતો હોય; તેને **રાજસી કર્તા** કહ્યો છે. ॥૨૭॥

अथ तामसं वदति – अयुक्तेति ।

अयुक्तः प्राकृतः स्तब्धः शठो नैष्कृतिकोऽलसः ॥
विषादी दीर्घसूत्री च कर्ता तामस उच्यते ॥२८॥

अयुक्तः – शास्त्रीयकर्माचरणाद्विरुद्धाचरणत्वेन तत्रासावधानः, प्राकृतः – सच्छास्त्रोदितविवेकशून्यत्वात् पामरः, स्तब्धः – गुरुदेवादि–ष्वप्यनम्रः, शठः – अभिचारादिकर्मरागी, नैष्कृतिकः – जनवञ्चनपरः, अलसः – कृतारम्भेष्वपि कर्मसु प्रवृत्तिरहितः, विषादी – सदा असन्तुष्ट–स्वभावत्वेन दीर्घशोकशीलः, दीर्घसूत्री – यत् सद्यो वा श्वः कर्तव्यं कर्म तत् मासेन वा मासद्वयेनापि न करोतीत्येवंशीलः, एवम्भूतो यः स तामसः कर्ता उच्यते – कथ्यते ।।२८।।

જે શાસ્ત્રોએ કહેલાં કર્મોથી વિરુદ્ધ આચરણ કરતો હોય; શાસ્ત્રોએ કહેલા વિવેક વગરનો પામર હોય; ગુરુ કે દેવ જેવા આદરણીય પુરુષો પાસે પણ અક્કડ થઈને રહેતો હોય; બીજાને મારવા કે હેરાન કરવા માટે મેલા મંત્ર-તંત્રનો પ્રયોગ કરવા જેવા હલકા કર્મમાં આસક્ત હોય; લોકોને છેતરતો હોય; પોતે શરૂ કરેલા કામમાં પણ આળસ રાખતો હોય; હંમેશાં અસંતોષી સ્વભાવને કારણે રોદડાં જ રોયાં કરતો હોય; જે જલદી કે કાલે જ કરવાનું કામ હોય તેને મહિને કે બે મહિને પણ પૂરું ન કરે, એવો ટાઢી પ્રકૃતિનો હોય; આવાં લક્ષણવાળો **તામસ કર્તા** કહેવાય છે. ॥૨૮॥

अथ बुद्धिधृत्योर्गुणतस्त्रैविध्यमाह सप्तभिः – बुद्धेरिति ।

बुद्धेर्भेदं धृतेश्चैव गुणतस्त्रिविधं शृणु ॥
प्रोच्यमानमशेषेण पृथक्त्वेन धनञ्जय ! ॥२९॥

हे धनञ्जय! बुद्धेः – विवेकसहितनिश्चयात्मकज्ञानस्य, धृतेः – कृतारम्भेषु कर्मसु विघ्ने प्राप्तेऽपि तेषां समापनसामर्थ्यरूपस्य धैर्यस्य च, पृथक्त्वेन – भिन्नत्वेन, मया प्रोच्यमानं, गुणत एव – सत्त्वादिभ्य एव, त्रिविधम् – त्रिप्रकारं, भेदम् अशेषेण – समग्रतया, शृणु – श्रोतुं सावधानो भव ॥२९॥

હે અર્જુન ! સત્ત્વાદિક ગુણને કારણે બુદ્ધિ અને ધીરજના ત્રણ ત્રણ પ્રકાર થાય છે. તે બધા જ જુદા જુદા પ્રકારો હું કહું; તે તું સાવધાન થઈને સાંભળ : **બુદ્ધિ એટલે શું ?** તો, વિવેકે સહિત નિશ્ચયાત્મક જ્ઞાન. **ધીરજ એટલે શું ?** તો શરૂ કરેલા કાર્યમાં કોઈ વિઘ્ન આવી પડે તોપણ તેને પૂરું કર્યે જ રહે; એવું સામર્થ્ય તે ધીરજ છે. ॥૨૯॥

तत्रादौ सात्त्विकादिभेदैर्बुद्धेस्त्रैविध्यमाह – प्रवृत्तिमिति ।

प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ॥
बन्धं मोक्षं च या वेत्ति बुद्धिः सा पार्थ ! सात्त्विकी ॥३०॥

हे पार्थ! प्रवृत्तिम् – अर्थकामसाधनभूतं प्रवृत्तिधर्मं, निवृत्तिम् – मोक्षोपायभूतं निवृत्तिधर्मं च, कार्याकार्ये – प्रवृत्तिनिवृत्तिधर्मनिष्ठानां वर्णाश्रमवतां जनानां देशकालावस्थाभेदेषु कार्यम् – कर्तुमर्हं च, अकार्यम् – कर्तुमनर्हं च ते, भयाभये च – भयम् – शास्त्राविहिताचरणत्वेन भयावहं च, अभयम् – शास्त्रविहिताचरणत्वेनाभयावहं च ते, बन्धम् – बन्धनरूपं संसारं च, ततो मोक्षम् – मोक्षस्वरूपं, या बुद्धिर्वेत्ति सा सात्त्विकी बुद्धिरस्ति । अत्र

यया जनो वेत्तीति गदितव्ये, या वेत्तीति निर्देशः करणत्वे कर्तृत्वोपचारो ज्ञेयः। इन्धनैः पचन्तीत्यत्र इन्धनानि अन्नं पचन्तीतिवत् ।।३०।।

❋ સત્ત્વાદિક ગુણને કારણે બુદ્ધિના ત્રણ પ્રકાર :

પ્રવૃત્તિધર્મ, નિવૃત્તિધર્મ, કાર્ય-અકાર્ય, ભય-અભય અને બંધન તથા મોક્ષ; આટલી બાબતોને જે બુદ્ધિ જાણતી હોય તે સાત્ત્વિક બુદ્ધિ કહેવાય. **પ્રવૃત્તિધર્મ** - રૂપિયા, સોનું વગેરે ધનરૂપી અર્થ અને ભોગસુખરૂપી કામ - આ બંનેના સાધનરૂપ એવો સકામમાર્ગ. **નિવૃત્તિધર્મ** - મોક્ષ મેળવવાના ઉપાયરૂપ નિષ્કામધર્મ. **કાર્ય-અકાર્ય** - પ્રવૃત્તિમાર્ગમાં કે નિવૃત્તિમાર્ગમાં રહેલા વર્ણાશ્રમી લોકોએ દેશ, કાળ કે અવસ્થાના ભેદે કરવાં યોગ્ય અને નહિ કરવાં યોગ્ય કાર્યો. **ભય-અભય** - શાસ્ત્રોએ નિષેધ કરેલાં કર્મો કરવાથી આવનારો ભય તથા શાસ્ત્રોએ કહેલાં કર્મોમાં રહેવાથી રહેતી નિર્ભયતા. **બંધન-મોક્ષ** - બંધનરૂપ જન્મ-મરણ-લખચોરાસી વગેરે સંસૃતિ અને તે સંસૃતિ થકી પર એવું મોક્ષનું સ્વરૂપ – આ બધું જ્ઞાન જે બુદ્ધિ વડે થાય તે **સાત્ત્વિક બુદ્ધિ** છે. ॥૩૦॥

अथ राजसीं बुद्धिं वदति — ययेति।

यया धर्ममधर्मं च कार्यं चाकार्यमेव च ॥
अयथावत् प्रजानाति बुद्धिः सा पार्थ ! राजसी ॥३१॥

जनो यया – बुद्ध्या, धर्मम् – पूर्वश्लोकोदितमुभयविधं वृषम्, अधर्मम् – तद्विरुद्धाचरणं च, कार्यं च, अकार्यं च – वर्णाश्रमस्थानां जनानां देशकालबाल्याद्यवस्थासु कर्तुं योग्यं कर्तुमयोग्यं च, अयथावदेव प्रजानाति – यथावन्नैव वेत्ति। हे पार्थ! सा बुद्धिः राजसी ज्ञेया। अत्र तृतीयानिर्देशादुत्तरत्रापि करणत्वे कर्तृत्वारोपो बोध्यः ।।३१।।

હે અર્જુન ! જે બુદ્ધિથી આગળ કહ્યા તેવા પ્રવૃત્તિધર્મ, નિવૃત્તિધર્મ તથા તેનાથી વિરુદ્ધ વર્તવારૂપ અધર્મને યથાવત્ ન જાણી શકાય

અને કાર્ય તથા અકાર્યને પણ યથાર્થ રીતે ન જાણી શકાય, તે બુદ્ધિ **રાજસીબુદ્ધિ** છે. ॥૩૧॥

अथ तामसीं बुद्धिं निगदति – अधर्ममिति ।

अधर्मं धर्ममिति या मन्यते तमसावृता ॥
सर्वार्थान् विपरीतांश्च बुद्धिः सा पार्थ ! तामसी ॥३२॥

तमसा – तमोगुणेन आवृता सती या बुद्धिः, अधर्मं धर्ममिति, सर्वार्थान् – सकलज्ञेयार्थान्, विपरीतानेव मन्यते । च शब्दोऽवधारणे । अधर्मं धर्मं, धर्मं चाधर्मं, सन्तं चासन्तम्, असन्तं च सन्तं, प्रकृतिं पुरुषं, पुरुषं च प्रकृतिं, परब्रह्म ब्रह्म, ब्रह्म च परब्रह्म, परमात्मानं जीवात्मानं, जीवात्मानं च परमात्मानं, इत्येवमर्थजातं विपरीतं जानातीत्यर्थः । हे पार्थ ! सा बुद्धिः तामसी ज्ञेया ।।३२।।

હે અર્જુન ! તમોગુણથી અવરાયેલી જે બુદ્ધિ ધર્મને અધર્મ માને અને અધર્મને ધર્મ માને; સત્પુરુષને અસત્પુરુષ માને અને અસત્પુરુષને સત્પુરુષ માને; પ્રકૃતિને પુરુષ માને અને પુરુષને પ્રકૃતિ માને; પરબ્રહ્મને બ્રહ્મ માને અને બ્રહ્મને પરબ્રહ્મ માને; પરમાત્માને જીવાત્મા માને અને જીવાત્માને પરમાત્મા માને; આવી રીતે સર્વે પદાર્થોને ઊંધી જ સમજે, તે બુદ્ધિને **તામસીબુદ્ધિ** જાણવી. ॥૩૨॥

अथ गुणतस्त्रिविधां धृतिं वदति – धृत्येति ।

धृत्या यया धारयते मनःप्राणेन्द्रियक्रियाः ॥
योगेनाव्यभिचारिण्या धृतिः सा पार्थ ! सात्त्विकी ॥३३॥

योगेन – मम नवविधभक्तियोगेन शास्त्रोक्तलक्षणसम्पन्नसाधुयोगेन वा, अव्यभिचारिण्या – मदितरविषयेषु व्यभिचाररहितया, विषयान्तरम-धारयन्त्येत्यर्थः । यया धृत्या जनो मनःप्राणेन्द्रियक्रियाः – मनसः प्राणस्य

इन्द्रियाणाम् – चक्षुरादिकरणानां च, क्रियाः – कर्माणि, धारयते – मदुपासन-प्रवृत्तौ वशीकरोति । हे पार्थ ! त्वया सा सात्त्विकी धृतिर्ज्ञेया ।।३३।।

❋ સત્વાદિક ગુણને કારણે ધીરજના ત્રણ પ્રકાર :

હે અર્જુન ! હવે સત્ત્વાદિક ગુણને ભેદે ધીરજના ત્રણ પ્રકારો કહું છું : મારી નવ પ્રકારની ભક્તિ અથવા શાસ્ત્રોએ કહેલાં લક્ષણવાળા સંતોના સમાગમને યોગ કહેવાય છે. તેવા યોગ વડે જે ધીરજ મારા સિવાયના બીજા વિષયોનું ચિંતન ન જ થવા દેતી હોય અને જે ધીરજ વડે ભક્ત પોતાનાં મન અને ઇન્દ્રિયોની ક્રિયાઓને મારી ઉપાસનામાં જ વશ રાખતો હોય, તે ધીરજને **સાત્ત્વિક ધીરજ** જાણવી. ॥૩૩॥

सात्त्विकीं धृतिमुक्त्वा राजसीं धृतिं वदति – ययेति ।

यया तु धर्मकामार्थान् धृत्या धारयतेऽर्जुन ! ॥
प्रसङ्गेन फलाकाङ्क्षी धृतिः सा पार्थ ! राजसी ॥३४॥

तुशब्दः सात्त्विकधृतेः राजस्या वैलक्षण्यं द्योतयति । हे अर्जुन ! यया तु धृत्या, फलाकाङ्क्षी – कर्मफलाभिलाषी नरः, धर्मार्थकामान्, प्रसङ्गेन – प्रकृष्टाऽऽसक्त्या, धारयते – मोक्षप्रापकधर्मज्ञाने सत्यपि न विमुञ्चति । हे पार्थ ! सा राजसी धृतिर्ज्ञेया ।।३४।।

હે અર્જુન ! જે ધીરજથી કર્મના ફળની તૃષ્ણાવાળો મનુષ્ય ધર્મ, અર્થ અને કામને અતિ આસક્તિપૂર્વક પકડી જ રાખે, પણ છોડી શકતો નથી. અર્થાત્ મોક્ષને પમાડનાર નિષ્કામધર્મનું જ્ઞાન હોવા છતાં તે સકામમાર્ગને છોડી દેતો નથી; એવી ધીરજને **રાજસી ધીરજ** જાણવી. ॥૩૪॥

अथ तामसीं धृतिं वदति – ययेति ।

यया स्वप्नं भयं शोकं विषादं मदमेव च ॥
न विमुञ्चति दुर्मेधा धृतिः सा पार्थ ! तामसी ॥३५॥

दुर्मेधा – दुष्टा – अविवेकबाहुल्ययुक्ता, मेधा – बुद्धिर्यस्य, तथाभूतो यो नरः, यया – धृत्या, स्वप्नम् – निद्रां, भयम् – भयप्रापकं कर्म, शोकम् – धनपुत्रादिनाशोत्पन्नमनुशोचनं च, विषादम् – खेदं च, मदं च – विद्याधनकुलाभिमानजनितमौद्धत्यं च, नैव विमुञ्चति – सदा धारयति। हे पार्थ! सा तामसी धृतिर्ज्ञेया ।।३५।।

અવિવેકથી અવરાયેલી બુદ્ધિવાળો મનુષ્ય જે ધીરજને કારણે નિદ્રા, ભય આવે તેવાં કર્મો, ધન-પુત્રાદિકના નાશનો શોક, ખેદ, ધોખો, ઉદ્વેગ અને વિદ્યા-ધન-કુળ વગેરેના અભિમાનથી થયેલ ઉદ્ધતાઈ – આ બધાનો ત્યાગ નથી કરતો અને સદા પકડી રાખે છે; તે ધીરજને **તામસી ધીરજ** જાણવી. ॥૩૫॥

अथ गुणतस्त्रिविधं सुखं ब्रूते चतुर्भिः – सुखमिति ।

सुखं त्विदानीं त्रिविधं शृणु मे भरतर्षभ ! ॥
अभ्यासाद्रमते यत्र दुःखान्तं च निगच्छति ॥३६॥

हे भरतर्षभ! इदानीम् – अद्य तु मे – मयोच्यमानं, त्रिविधं सुखं त्वं शृणु। यत्र – सुखे, अभ्यासात् – बहुकालपरिचयात्, यो रमते – स्थितिं प्राप्नोति, स दुःखान्तं च – दुःखस्य – जन्ममरणादिसांसारिकक्लेशस्य, अन्तम् – पारं, निगच्छति – नितरां प्राप्नोति। त्रिविधसुखश्रवणानन्तरं राजस-तामससुखत्यागेन सात्त्विकसुखासक्त्या च दुःखान्तं संयातीति भावः ।।३६।।

❋ સત્વાદિક ગુણને કારણે સુખના ત્રણ પ્રકાર :

હે અર્જુન ! હવે તું સત્ત્વાદિક ગુણને કારણે થનારા સુખના ત્રણ પ્રકારો સાંભળ : તે સુખનો ઘણા સમય સુધી અભ્યાસ-અનુભવ કરીને જો કોઈ વ્યક્તિ તેમાં સ્થિતિ પામે છે, તો તે જન્મ-મરણ વગેરે સાંસારિક દુઃખોને સંપૂર્ણ તરી જાય છે. અર્થાત્ સાત્ત્વિક, રાજસી અને તામસી -

એ ત્રણેય પ્રકારનાં સુખો સાંભળ્યાં પછી રાજસ અને તામસ સુખનો ત્યાગ કરવાથી અને સાત્ત્વિક સુખમાં અતિ આસક્તિ કરવાથી સાંસારિક દુઃખોના અંતને પામી જાય છે. ॥૩૬॥

तत्रादौ सात्त्विकं सुखं वक्ति – यदिति ।

यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् ॥
तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ॥३७॥

यत् - सुखम्, अग्रे - प्रथमध्यानाभ्याससमये, इन्द्रियमनसां विषय-प्रावण्येन दुःसाध्यत्वात् प्रत्यगात्मनोऽनुभवाभावाच्च, विषमिव - दुःखदमिव विभाति। परिणामे - इन्द्रियमनसां नियमनरूपेण दृढतराभ्यासबलेन ध्यानविपाके, यत् - सुखम्, अमृतोपमम् - सुधातुल्यं विभाति। आत्म-बुद्धिप्रसादजम् – आत्मनो निश्चयो यस्याः सा आत्मनिश्चया, सा चासौ बुद्धिश्च आत्मबुद्धिः, शाकपार्थिवादित्वादुत्तरपदलोपः, तस्याः प्रसादः - रजस्तमोरूपमलनिवृत्तिस्ततो जातं, तत्सुखं सात्त्विकं प्रोक्तम्। तथा सुखभेदाश्चोक्ता एकादशे - "सात्त्विकं सुखमात्मोत्थं विषयोत्थं तु राजसम्। तामसं मोहदैन्योत्थं निर्गुणं मदपाश्रयम्"(भाग.११/२५/२९) इति ॥३७॥

જે સુખ શરૂઆતમાં દુઃખદાયક લાગે અને અંતે અમૃત જેવું લાગે તે આત્મનિષ્ઠાના ફળરૂપે થનારું સુખ સાત્ત્વિક સુખ છે. અર્થાત્ આત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન થતાં આત્મામાં રહેલા રજોગુણ-તમોગુણની અશુદ્ધિ નાશ પામે છે. તેથી તે શુદ્ધિને કારણે જે સુખ થાય તે સાત્ત્વિક સુખ છે.

આ સુખ શરૂઆતમાં કેમ દુઃખદાયક લાગે છે ? તો, તેનાં બે કારણ છે : (૧) મુમુક્ષુ પ્રથમ ધ્યાનનો અભ્યાસ શરૂ કરે ત્યારે તેનાં ઇન્દ્રિયો અને મનને વિષયોમાં અતિ આસક્તિ હોવાથી ધ્યાનમાં સ્થિર કરવા અતિ કઠણ પડે છે. (૨) વળી, પોતાના આત્મસ્વરૂપનો અનુભવ

થયો નહિ હોવાથી તેનું સુખ અનુભવાતું નથી. આ બે હેતુથી શરૂઆતમાં આત્માનું સુખ દુઃખરૂપ લાગે છે.

અંતમાં અમૃત જેવું કેમ લાગે છે ? તો, ઇન્દ્રિયો અને મનને નિયમનમાં રાખવાનો અભ્યાસ દૃઢ થઈ ગયો હોવાથી અંતમાં ધ્યાનની પક્વ અવસ્થા થઈ જાય છે. તેથી તે અવસ્થામાં અમૃત સમાન સુખની અનુભૂતિ થાય છે. આવા આત્મસુખને **સાત્ત્વિક સુખ** કહ્યું છે. ॥૩૭॥

अथ राजसं सुखं वदति – विषयेति ।

विषयेन्द्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम् ॥
परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ॥३८॥

विषयेन्द्रियसंयोगात् – विषयाणामिन्द्रियाणां च सम्बन्धात्, यत्सुखं, तदग्रे – परिणामात् प्रथमं भोगकाले, अमृतोपमम् – सुधासदृशं भवति। परिणामे – परिपाके, पापाचरणयुक्ततया विषयसुखस्य नरकदुःखहेतुत्वात् विषमिव – गरलमिव भवति। तत्सुखम् आत्मसुखज्ञैः राजसं स्मृतम् – कथितम् ।।३८।।

વિષય અને ઇન્દ્રિયોના સંયોગથી અર્થાત્ વિષયો ભોગવવાથી જે સુખ થાય છે, તે ભોગ ભોગવતી વખતે શરૂઆતમાં અમૃત જેવું લાગે છે; પરંતુ **તે વિષયસુખ પાપરૂપ અધર્મયુક્ત હોવાથી અને નરકનાં દુઃખોનું કારણ હોવાથી અંતે તે ઝેર જેવું લાગે છે.** માટે આત્મસ્વરૂપના સુખને જાણનારા જ્ઞાની લોકોએ તે વિષયસુખને **રાજસ સુખ** કહ્યું છે. ॥૩૮॥

अथ तामसं सुखं वदति – यदिति ।

यदग्रे चानुबन्धे च सुखं मोहनमात्मनः ॥
निद्रालस्यप्रमादोत्थं तत्तामसमुदाहृतम् ॥३९॥

अग्रे – अनुभवकाले, अनुबन्धे च – पश्चात् परिपाके च, आत्मनः –

जीवात्मनः, मोहनम् – मोहकरं ज्ञानवैपरीत्यजनकमिति यावत्। निद्रालस्य-प्रमादोत्थम् – निद्रा – गुडाका च आलस्यम् – इन्द्रियोद्यमशैथिल्यं च प्रमादः – कर्तव्यानवधारणं च, तेभ्य उत्थम् – उत्पन्नं, यत्सुखं तत् आत्मसुखविद्भिः तामसमुदाहृतम् – निगदितम्। यत उक्तप्रकारेण रजस्तमःकार्याणां दुःखजनकत्वमस्ति, तस्मात् मुमुक्षुभिः रजस्तमसी जित्वा ब्रह्मसुखप्रापकं शुद्धं सत्त्वमुपादेयमिति सर्वशास्त्रसिद्धान्तः। तथा चोक्तं भागवतप्रथमस्कन्धे – "पार्थिवाद्दारुणो धूमस्तस्मादग्निस्त्रयीमयः। तमसस्तु रजस्तस्मात् सत्त्वं यद्ब्रह्मदर्शनम्"(भाग.१/२/२४) इति ।।३९।।

જે સુખ અનુભવ સમયે અને પછી પણ જીવાત્માને મોહ કરાવનારું જ હોય; વળી જે ઊંઘ, આળસ અને પ્રમાદથી ઉત્પન્ન થતું હોય; તે સુખને આત્મસુખ જાણનારા જ્ઞાની લોકોએ **તામસ સુખ** કહ્યું છે.

આવી રીતે રજોગુણ અને તમોગુણનાં કાર્યો દુઃખદાયક હોવાથી મુમુક્ષુએ રજોગુણ તથા તમોગુણને જીતીને બ્રહ્મસુખ પમાડનાર શુદ્ધ સત્ત્વગુણ વધારવો જોઈએ; એવો સર્વ શાસ્ત્રોનો સિદ્ધાંત છે. ॥૩૯॥

अथ ब्रह्माण्डस्थो जननिकरः भगवदेकान्तिकभक्तं विना त्रिगुणमुक्तो न भवतीत्याह – नेति।

न तदस्ति पृथिव्यां वा दिवि देवेषु वा पुनः ॥
सत्त्वं प्रकृतिजैर्मुक्तं यदेभिः स्यात् त्रिभिर्गुणैः ॥४०॥

पृथिव्याम् – पातालादिसप्तलोकयुक्तायां क्षित्यां स्थितेषु मनुष्यादि-जन्तुषु, दिवि – ब्रह्मलोकान्ते स्वर्गे, स्थितेषु देवेषु वा – ब्रह्मेन्द्रादिदेवतासु च। आद्यो वा शब्दश्चार्थे, द्वितीयस्तु पादपूरणे, 'वा स्याद्विकल्पोपमयोरेवार्थे च समुच्चये' इति विश्वः। 'वा स्याद्विकल्पोपमयोर्वितर्के पादपूरणे' इति कोशान्तरं च। एभिः – सत्त्वादिभिः, प्रकृतिजैः – प्रकृतिजातैः, त्रिभिर्गुणैः,

मुक्तम् – रहितं, यत्सत्त्वम् – जीववृन्दं, तन्नास्ति पुनः – न भवत्येव। पुनः शब्दोऽवधारणे, 'स्युरेवं तु पुनर्वै वेत्यवधारणवाचकाः' इत्यमरः। भगवदेकान्तिकभक्तस्तु गुणैर्विमुक्तोऽस्तीत्यभिप्रायः। हर्येकान्तिकभक्तस्य गुणविमुक्तत्वे प्रमाणम् "मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते। स गुणान् समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते"(गीता.१४/२६) इति भगवद्वाक्यम्। तथा एकादशे – "निर्गुणो मदुपाश्रयः"(भाग.११/२५/२६) इत्यादि ।।४०।।

પાતાળ વગેરે સાત લોક સહિત પૃથ્વી પર રહેતાં મનુષ્યાદિક પ્રાણીમાત્રમાં અને સ્વર્ગથી સત્યલોક સુધીનાં સ્થાનોમાં રહેલા બ્રહ્મા, ઇન્દ્ર વગેરે દેવોમાં પ્રકૃતિના સત્ત્વાદિક ત્રણ ગુણોથી રહિત કોઈ જીવ છે જ નહિ; પરંતુ **જે ભગવાનનો એકાંતિક ભક્ત હોય તે તો ગુણોથી મુક્ત જ હોય છે.** ।।૪૦।।

सत्त्वादिगुणयुक्तानां ब्राह्मणादीनां चतुर्णां मोक्षप्राप्तये पूर्वाध्यायषट्के कर्तव्यतयोक्तानि स्वगुणानुसारीणि तेषां पृथक्पृथक् कर्माणि स्वोपासननिष्पत्तये भगवान् वदति – ब्राह्मणेति ।

ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परन्तप ! ।।
कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः ।।४१।।

हे परन्तप ! ब्राह्मणक्षत्रियविशाम् – मुखबाहूरूत्पन्नकर्माधिकारिणां, शूद्राणां च – चरणोत्पन्नकर्माधिकारिणां, कर्माणि, स्वभावप्रभवैः – स्वस्य भावः – ब्राह्मणादीनां जनिकारणभूतं प्राक्तनं कर्म, तस्मात् प्रभवैः – प्रादुर्भूतैः, गुणैः – सत्त्वादिभिः करणैः, मया प्रविभक्तानि – तेषां गुणानुसारेण मयैव वेदेषु प्रोक्तानीत्यर्थः। ब्राह्मणादीनां त्रयाणां समासकरणं द्विजत्वेन वेदाध्ययनादिसमानधर्मत्वकथनार्थं, शूद्राणामिति समासात् पृथग्निर्देशकरणन्तु तेषां द्विजत्वाभावात् वेदाध्ययनाद्यभावत्वज्ञापनार्थम् ।।४१।।

❋ બ્રાહ્મણાદિક વર્ણના કર્મભેદો :

હે અર્જુન ! વિરાટપુરુષનાં મુખ, હાથ અને સાથળમાંથી જન્મેલા બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યના તથા ચરણમાંથી જન્મેલા શૂદ્રોનાં કર્મો મેં જ વેદોમાં જુદા જુદા વિભાગ પાડીને કહ્યાં છે. તેમનાં કર્મોમાં વિભાગ કેમ કર્યાં છે ? તો, તેમણે પૂર્વજન્મોમાં જેવાં કર્મો કર્યાં હતાં, તે પ્રમાણે તેઓ સત્ત્વાદિક અલગ અલગ ગુણપ્રધાન થઈ ગયા હોય છે; એટલે તે ગુણો પ્રમાણે મેં તેમનાં કર્મો પણ જુદાં જુદાં વહેંચી આપ્યાં છે. ॥૪૧॥

तत्रादौ ब्राह्मणस्य सत्त्वानुसारीणि कर्माणि वदति – शम इति ।

शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च ॥
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥४२॥

शमः – अन्तःकरणसंयमः, दमः – इन्द्रियसंयमः, तपः – पूर्वोक्त–लक्षणं(गीता.१७/१४–१६), शौचम् – बाह्याभ्यन्तरत्वेन द्विविधं, क्षान्तिः – क्षमा, आर्जवम् – अवक्रत्वं च, ज्ञानम् – शास्त्रजन्यं, विज्ञानम् – साक्षादनुभवः, आस्तिक्यम् – यो भगवान् पुरुषोत्तमः सर्वकारणत्वेन सर्वेषु वेदेषु प्रतिपादितः स एव अविद्यया अनादिबद्धैर्जीवैः स्वमोक्षाय भजनीयः, तस्यैव भजनेन जनाश्चतुर्वर्गं प्राप्नुवन्तीति सत्यतापूर्वको ध्रुवनिश्चयः । एतत् स्वभावजमेव – स्वसात्त्विकस्वभावानुसार्येव, ब्रह्मकर्म – ब्राह्मणस्य कर्म भवति ।

ब्राह्मणस्य धर्मजीविके चोक्ते स्कान्दे – "शमो दमः क्षमा शौचमास्तिक्यं भक्तिरीशितुः । तपो ज्ञानं च विज्ञानं विप्रधर्मः स्वभावजः" (वा.मा.२०/२३) "अध्यापनं याजनं च विशुद्धाच्च प्रतिग्रहः । विप्रस्य जीविका प्रोक्ता तत्रान्त्या त्वापदि स्मृता ।। याजनेऽध्यापने वापि दोषदर्शी द्विजोत्तमः । यस्तस्यान्यापि विहिता वृत्तिरस्ति चतुर्विधा ।। शिलोञ्छं

नित्ययाञ्चा च शालीनं चोचिता कृषिः । श्रेयसी पूर्वपूर्वात्र ज्ञातव्या द्विजसत्तमैः" (वा.मा.२०/२८-३०) इति ।।४२।।

તેમાં હવે સૌ પ્રથમ બ્રાહ્મણના સત્ત્વગુણ અનુસારે કર્મો કહું છું : ઇન્દ્રિયો તથા અંતઃકરણનું સંયમન કરવું; પહેલાં(ગીતા : ૧૭/૧૪-૧૬માં) કહ્યું તેવું તપ કરવું; આંતરિક અને દૈહિક પવિત્રતા રાખવી; ક્ષમા આપવી; સરળ સ્વભાવ રાખવો; શાસ્ત્રોમાંથી આત્મા-પરમાત્માનું જ્ઞાન શીખવું; પછી તેનો સાક્ષાત્ અનુભવરૂપ વિજ્ઞાન પ્રાપ્ત કરવું અને આસ્તિકતા રાખવી – આ બધાં પોતાના સાત્ત્વિક સ્વભાવને અનુકૂળ આવે એવાં જ **બ્રાહ્મણોનાં કર્મો** છે.

આસ્તિકતા એટલે શું ? તો, '**બધા જ વેદોમાં પુરુષોત્તમ ભગવાનને સર્વના કારણ કહ્યા છે તથા તેનું ભજન કરવું એ અવિદ્યાને કારણે અનાદિથી બદ્ધજીવોને મુક્ત થવાનો એકમાત્ર ઉપાય છે.** વળી, તેમના જ ભજનથી લોકો ચારેય પ્રકારના પુરુષાર્થને પામે છે;' આવી સત્યપણાની પાકી પ્રતીતિપૂર્વક જે દૃઢ નિશ્ચય રાખવો, તે ખરી આસ્તિકતા છે. ।।૪૨।।

अथ क्षत्रियस्य स्वप्रकृत्यनुकूलानि कर्माणि ब्रवीति – शौर्यमिति ।

शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।।
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ।।४३।।

शौर्यम् - समरे निर्भयत्वं, तेजः - प्रागल्भ्यं, परैरधृष्यत्वमिति यावत् । धृतिः - प्रारब्धे सत्कर्मणि विक्षेपे आगतेऽपि तत्समाप्तिकरण-सामर्थ्यरूपं धैर्यं, दाक्ष्यम् - समग्रक्रियानिष्पत्तिकौशल्यं च, युद्धेऽपि - स्वमृतिजनके सङ्ग्रामेऽपि, अपलायनम् - स्थैर्यं, दानम् - स्वकीय-द्रव्यस्य पात्रेषु प्रतिपादनरूपमौदार्यम्, ईश्वरभावश्च - जननियमनशक्तिः, यद्वा ईश्वरे मयि भावः - भक्तिः, एतत् स्वभावजम् - स्वप्रकृत्यनुकूलं, क्षात्रम् - क्षत्रजातेरिदं, कर्मास्ति ।

क्षत्रियस्य धर्मजीविके प्रोक्ते स्कान्दे – "शूरत्वं धैर्यमौदार्यं बलं तेजः शरण्यता। गोविप्रसाधुरक्षेज्या धर्माः क्षत्रस्य कीर्तिताः"(वा.मा.२०/२४) "शस्त्रेण जीवेत् क्षत्रं तु सर्वतो धर्मरक्षया"(वा.मा.२०/३२) "करादानादि नृपतेरविप्राद्वृत्तिरीरिता। देशकालानुसारेण रञ्जयित्वाखिलाः प्रजाः"(वा.मा.२०/३३) इति ।।४३।।

હવે ક્ષત્રિયનાં તેમની પ્રકૃતિ પ્રમાણે કર્મો કહું છું : યુદ્ધમાં નીડર રહેવું; કોઈથી દબાઈ જવું નહિ; પોતે શરૂ કરેલાં સત્કર્મમાં કોઈ વિઘ્ન આવે છતાં તેને પૂરું કરવાની શક્તિરૂપ ધીરજ રાખવી; તમામ કાર્યો સિદ્ધ કરવાની કુશળતા; પોતાનું મૃત્યુ થાય એવા યુદ્ધમાં પણ સ્થિર ઊભા રહેવું-ભાગવું નહિ; પોતાના ધનનું સત્પાત્રમાં વિતરણ કરવારૂપ ઉદારતા રાખવી અને પ્રજાજનોને નિયમમાં રાખવા અથવા સર્વેશ્વર એવા મારામાં ભક્તિ-ભાવના રાખવી – આ બધા તેમના સ્વભાવને અનુરૂપ **ક્ષત્રિયજાતિના ધર્મો** છે. ॥૪૩॥

अथ वैश्यशूद्रयोः स्वप्रकृत्यनुकूलानि कर्माणि वदति – कृषीति ।

कृषिगोरक्ष्यवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ॥
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ॥४४॥

कृषिगोरक्ष्यवाणिज्यम् – कृषिः – अन्नोत्पत्तिहेतु कर्षणञ्च गोरक्ष्यम् – पशुपालनञ्च वाणिज्यम् – धनोत्पादनकारणभूतं क्रयविक्रयरूपं कर्म च, तेषां समाहारः। कुसीदमप्यत्राध्याहार्यम्। एतत् स्वभावजम् – स्वप्रकृत्यनुकूलं वैश्यस्य कर्मास्ति। परिचर्यात्मकम् – त्रैवर्णिकानां सेवनरूपं, शूद्रस्यापि स्वभावजम् – स्वप्रकृत्यनुकूलं कर्मास्ति।

वैश्यशूद्रयोर्धर्मजीविके प्रोक्ते स्कन्दपुराणे – "आस्तिक्यं दाननिष्ठा च साधुब्राह्मणसेवनम् । अतुष्टिरर्थोपचये धर्मा वैश्यस्य

चोद्यमः" (वा.मा.२०/२६) "कृषिवाणिज्यगोरक्षा तुरीया वृद्धिजीवनम्। वैश्यस्य जीविका प्रोक्ता शूद्रवृत्तिस्तथापदि"(वा.मा.२०/३५) "द्विजातीनां च देवानां सेवा निष्कपटं गवाम् । विशेषधर्मः कथितः शूद्रस्य मुनिसत्तम!"(वा.मा.२०/२७) "शूद्रो जीवेत् द्विजातीनां सेवालब्धधनेन च। आपत्काले तु कार्वादेर्जीविकावृत्तिमाश्रयेत्"(वा.मा.२०/३६) "चातुर्वर्ण्यं सतां सङ्गं कुर्यान्न त्वसतां क्वचित् । मुक्तिप्रदोऽस्ति सत्सङ्गः कुसङ्गो निरयप्रदः" (वा.मा.२०/३८) इति ।।४४।।

ખેતી કરવી, પશુપાલન કરવું, ધન મેળવવા વેપાર કરવો અને વ્યાજવટો કરવો – આ બધા પોતાના સ્વભાવને અનુરૂપ **વૈશ્યોના ધર્મો** છે. અને તે ત્રણેય વર્ણોની સેવા કરવી તે પોતાના સ્વભાવને અનુરૂપ **શૂદ્રોના ધર્મો** છે. ॥૪૪॥

ननु ब्राह्मणादीनां कर्तव्यतयोक्तैः कर्मभिः किं स्यादित्याशङ्कायामाह – स्वे इति ।

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ॥
स्वकर्मनिरतः सिद्धिं यथा विन्दति तच्छृणु ॥४५॥

स्वे स्वे - मयोक्ते स्वकीयस्वकीयवर्णोचिते, कर्मण्यभिरतः - प्रीतियुक्तो नरः, संसिद्धिम् - आत्मपरमात्मनोर्ज्ञाननिष्ठां लभते। तज्ज्ञाननिष्ठां कथं प्राप्नोतीत्यत्राह – स्वकर्मेति सार्धेन। स्वकर्मनिरतः – स्वस्य कर्मणि नितरां रतः - प्रेमयुक्तः, चातुर्वर्ण्यो जनः, यथा - येन प्रकारेण, सिद्धिम् - ज्ञाननिष्ठां, विन्दति - लभते, तत् - तं प्रकारं, शृणु ।।४५।।

✻ નિષ્કામભાવે સ્વધર્મ પાળવાના ફાયદા :

જે મનુષ્ય પોતપોતાના વર્ણ પ્રમાણેનાં મેં કહેલાં કર્મોમાં અતિ પ્રેમથી જોડાયેલો રહે છે, તે આત્મા-પરમાત્માના સ્વરૂપની જ્ઞાનનિષ્ઠાને

પામે છે. આવી રીતે પ્રેમથી પોતપોતાના કર્મપરાયણ રહેનારો ચારેય વર્ણનો મનુષ્ય જે રીતે જ્ઞાનનિષ્ઠાને પામે છે, તેની રીત હવે તું સાંભળ. ॥૪૫॥

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ॥
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः ॥४६॥

यत इति । यतः – परमेश्वरात् मत्तो, भूतानाम् – भवनधर्माणां सकलजन्तूनां, प्रवृत्तिः – उत्पत्तिः तथा प्रवर्तनं, येन – परमात्मना मया, अन्तर्यामितया, सर्वम् – अक्षरादिचेतनवृन्दम्, इदम् – प्रत्यक्षं पृथिव्याद्य-चेतनवृन्दं च, ततम् – व्याप्तं, स्वकर्मणा – उक्तेन स्वकीयेन कर्मणा, तम् – परमेश्वरं माम्, अभ्यर्च्य – पूजयित्वा उपास्येति यावत्, मानवः सिद्धिम् – आत्मपरमात्मनोर्ज्ञाननिष्ठां, विन्दति – लभते ॥४६॥

પરમેશ્વર એવા મારા કારણે તમામ ભૂતપ્રાણીની ઉત્પત્તિ તથા સ્થિતિ-પ્રવૃત્તિ થાય છે. વળી, પરમાત્મા એવા મારા વડે અક્ષરથી લઈને તમામ ચેતનો અને પૃથ્વી વગેરે આ સર્વે જડ પદાર્થો તે બધું જ વ્યાપ્ત છે. અર્થાત્ હું અંતર્યામી શક્તિથી તે બધામાં વ્યાપીને રહ્યો છું. એવા મને પરમેશ્વરને પોતાનાં કર્મો વડે પૂજીને મનુષ્ય સિદ્ધિ પામે છે. અર્થાત્ મને જ પ્રસન્ન કરવાના નિષ્કામ ભાવથી પાળેલા સ્વધર્મ વડે મારી ઉપાસના કરીને તેઓ આત્મા-પરમાત્માની જ્ઞાનનિષ્ઠારૂપ સિદ્ધિને પામે છે. ॥૪૬॥

यस्मादेवं तस्मात् कर्मयोग एव कर्तव्य इत्याह – श्रेयानिति ।

श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ॥
स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥४७॥

स्वनुष्ठितात् – त्यागिधर्मनिष्ठैः सुखेन कृतात्, प्राचीनकर्मवासना-सहितस्य नरस्य दुष्करत्वेन, परधर्मात् – परस्य – संयमितेन्द्रियमानसस्य

पुंसः, धर्मात् – धर्मभूतात् ज्ञानयोगाख्यत्यागिधर्मात्, सांसारिकक्लेशहीनतया सगुणादपि, विगुणः – इन्द्रियव्यापारविरतिरूपगुणरहितः, स्वधर्मः – स्वप्रकृत्यनुकूलत्वात् सुकरतया स्वधर्मभूतः कर्मयोगः, अन्तर्गतज्ञानतया श्रेयान् – प्रशस्यतरः । यद्वा स्वनुष्ठितात् – सुखेन कृतात्, परधर्मात् – परस्य – ब्राह्मणस्य धर्मात् – अहिंसाधर्मात्, विगुणः – अहिंसारूप-गुणवर्जितः, स्वधर्मः – क्षत्रियधर्मः, श्रेयानिति । अतः स्वभावनियतम् – स्वप्रकृत्यनुकूलं, पूर्वोक्तं कर्म, मत्प्रसन्नतायै कुर्वन्नरो युद्धादिकर्मजनितं हिंसारूपं किल्बिषम् – दोषं, नाप्नोति – न लभते ।।४७।।

જેઓ પોતાનાં મન અને ઇન્દ્રિયોને સારી રીતે સંયમમાં રાખી શકતા હોય, તેવાં શુદ્ધ અંતઃકરણવાળા પુરુષો જ્ઞાનયોગના અધિકારી છે. તે જ્ઞાનયોગનું જ બીજું નામ ત્યાગીધર્મ છે. આવા ત્યાગીધર્મમાં નિષ્ઠા-દઢસ્થિતિ પામેલા ત્યાગીપુરુષો પોતાનો જ્ઞાનયોગ નામનો ત્યાગીધર્મ સુખે પાળે છે. વળી, તેમાં કોઈ પ્રકારનો સાંસારિક ડખો નહિ હોવાથી તે તેમને માટે બહુ ફાયદાકારક પણ છે. પરંતુ જે હજુ પૂર્વકર્મોની વાસનાએ યુક્ત છે તેવા પુરુષ માટે તો તે ત્યાગીધર્મ અતિ દુષ્કર હોવાથી પરધર્મ છે. માટે વાસનાવાળા જીવને ગૃહસ્થના ધર્મરૂપ કર્મયોગ પોતાની પ્રકૃતિને અનુકૂળ હોવાથી સહેલાઈથી પળે તેવો સ્વધર્મ છે. ભલે, તેમાં ઇન્દ્રિયોની ક્રિયાને છોડી દેવારૂપ ગુણ ન હોય, તોપણ તે કર્મયોગની અંદર ગૌણપણે આત્મા-પરમાત્માનું જ્ઞાન આવી જતું હોવાથી તે જ તેને માટે શ્રેષ્ઠ છે.

અથવા તો, સુખેથી પાળી શકાય એવા બ્રાહ્મણોના અહિંસારૂપ પરધર્મની અપેક્ષાએ ક્ષત્રિય માટે અહિંસારૂપ ગુણ વગરનો હોય તોપણ પોતાના સ્વભાવને અનુકૂળ હોવાથી ક્ષત્રિયધર્મ જ શ્રેષ્ઠ છે. માટે પોતાના સ્વભાવને અનુરૂપ મેં કહેલા વર્ણાશ્રમયોગ્ય કર્મોને, મારી પ્રસન્નતા માટે જ કરનારો મનુષ્ય યુદ્ધાદિક કર્મોથી થનારા કોઈ પણ દોષને પામતો નથી.।।૪૭।।

अथेदानीमल्पदोषसहितमपि स्वधर्मभूतं कर्म न त्याज्यमित्याह – सहजमिति ।

सहजं कर्म कौन्तेय ! सदोषमपि न त्यजेत् ॥
सर्वारम्भा हि दोषेण धूमेनाग्निरिवावृताः ॥४८॥

हे कौन्तेय ! सहजम् – ब्राह्मणादिचतुर्वर्णब्रह्मचारिप्रभृत्याश्रमोत्पत्त्या सह जायते इति सहजं, सहजत्वात् सुकरं कर्म – पूर्वोक्तं स्वोचितं, सदोषमपि – सदुःखमपि, यद्वा सदोषमपि – अल्पदोषसहितमपि, महद्गुणप्रापकमदाज्ञारूपकत्वान्नरो न त्यजेत् – न जह्यात् । प्रयासेन ज्ञानयोगं कर्तुं योग्योऽपि वा ब्राह्मणधर्मपालयितुं शक्योपि, मयोक्तं कर्मयोगमेव त्वं कुर्वित्यभिप्रायः । हि – यतः, सर्वारम्भाः — सर्वे – कर्मयोगज्ञानयोगयोः आरम्भाः, दोषेण – अल्पपापेन, यद्वा दोषेण – दुःखेन च, धूमेनाग्निरिवावृताः – आच्छादिताः । तयोर्मध्ये कर्मयोगस्यैतावदाधिक्यं भवति । किम् ? तत्सुकरत्वमप्रमादत्वं च, ज्ञानयोगस्य तु तद्विपरीतत्वं च ।।४८।।

હે અર્જુન ! બ્રાહ્મણાદિ ચાર વર્ણ અને ચાર આશ્રમીઓની સાથે જ જન્મેલ અને એટલે જ અતિ સરળ એવાં પોતાનાં કર્મ કદાચ થોડાં દુઃખવાળાં કે અલ્પ દોષવાળાં હોય તોપણ મનુષ્યે તેનો ત્યાગ ન કરવો જોઈએ. કેમ જે, તે મોટા-મોટા ગુણો પમાડનાર મારી આજ્ઞારૂપ છે. અર્થાત્ મહેનત કરીને તું જ્ઞાનયોગ કરવા સમર્થ હો અથવા બ્રાહ્મણના ધર્મ પાળી શકે તેમ હો તોપણ મેં કહ્યો એવો કર્મયોગ જ કર. શા માટે ? તો, જેમ અગ્નિ ધૂમાડાથી અવરાયેલો હોય છે, તેમ જ્ઞાનયોગ અને કર્મયોગના પ્રારંભો થોડાં પાપ કે દુઃખથી અવરાયેલા છે; તેમ છતાં તે બંનેમાં કર્મયોગ જ વધારે યોગ્ય છે. કેમ જે, તે સરળ છે અને પ્રમાદ - ભૂલ થવાની સંભાવનાથી રહિત છે. જ્યારે જ્ઞાનયોગ તારા માટે કઠણ પડશે અને તેમાં પ્રમાદ થશે. ॥૪૮॥

निष्कामकर्मयोगस्य फलं वदति – असक्तेति ।

असक्तबुद्धिः सर्वत्र जितात्मा विगतस्पृहः ॥
नैष्कर्म्यसिद्धिं परमां सन्न्यासेनाधिगच्छति ॥४९॥

सर्वत्र – आत्मपरमात्मव्यतिरिक्तेषु पुत्रधनादिपदार्थेषु, असक्त-बुद्धिः — असक्ता – प्रीतिवर्जिता बुद्धिर्यस्य सः, अत एव विगतस्पृहः – स्वर्गादिफलेषु नष्टाभिलाषः, अत एव जितात्मा – वशीकृतमनाः, सन्न्यासेन – त्यागशब्दपर्यायभूतेन, परमाम् – श्रेष्ठां, नैष्कर्म्यसिद्धिम् – नैष्कर्म्यस्य – ज्ञाननिष्ठायाः, सिद्धिम् – फलरूपं परमेश्वरस्य मम ध्यानम्, अधिगच्छति ।।४९।।

❋ નિષ્કામ કર્મયોગનું ફળ :

જેની બુદ્ધિમાં આત્મા-પરમાત્મા સિવાયના પુત્ર-ધન વગેરે તમામ પદાર્થોમાં આસક્તિ અને સ્વર્ગાદિક ફળની ઇચ્છા ન હોય તેવો કર્મયોગી, પોતાના મનને વશ રાખી કર્મફળના ત્યાગરૂપ સંન્યાસયોગથી જ્ઞાનનિષ્ઠાની શ્રેષ્ઠ સિદ્ધિ પામે છે. **જ્ઞાનનિષ્ઠાની સિદ્ધિ એટલે શું ?** તો, અખંડ આત્મા-પરમાત્મા પરાયણ રહેવાની સ્થિતિ. અર્થાત્ ત્યાગીઓના ધર્મરૂપ જ્ઞાનયોગની પક્વતા તે જ્ઞાનનિષ્ઠા છે. **આવી જ્ઞાનનિષ્ઠાના ફળરૂપે મારું પરમેશ્વરનું ધ્યાન થવા લાગે તે જ્ઞાનનિષ્ઠાની સિદ્ધિ છે.** ॥૪૯॥

ध्यानरूपायाः स्मृतेः फलमाह – सिद्धिमिति ।

सिद्धिं प्राप्तो यथा ब्रह्म तथाप्नोति निबोध मे ॥
समासेनैव कौन्तेय ! निष्ठा ज्ञानस्य या परा ॥५०॥

सिद्धिम् – प्रतिदिनकृतस्य निष्कामयोगस्य फलरूपं ध्यानं, प्राप्तो यथा – येन प्रकारेण, ब्रह्म प्राप्नोति, तथा – तेन प्रकारेण, उच्यमानमुपायमिति शेषः । समासेन – सङ्क्षेपतः, मे – मम वचनात्, निबोध – जानीहि ।

हे कौन्तेय ! तदेव ब्रह्म, ज्ञानस्य – स्मृतिरूपवेदनस्य, या परा निष्ठा – उत्कृष्टा स्थितिः, भवतीत्यर्थः ।।५०।।

રોજે નિષ્કામ કર્મયોગ કરીને તેની સિદ્ધિરૂપ મારા ધ્યાનને પામેલો મારો ભક્ત પછી જે રીતે બ્રહ્મને પામે છે, તે ઉપાય હું સંક્ષેપમાં કહું છું, તે મારી વાતથી તું સમજ. હે કુંતીપુત્ર ! તે બ્રહ્મપ્રાપ્તિ મારી સ્મૃતિરૂપ જ્ઞાનની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ।।૫૦।।

ब्रह्मप्राप्त्युपायं वदति त्रिभिः — बुद्ध्येति ।

बुद्ध्या विशुद्धया युक्तो धृत्यात्मानं नियम्य च ।।
शब्दादीन् विषयांस्त्यक्त्वा रागद्वेषौ व्युदस्य च ।।५१।।

विशुद्धया – आत्मानुभवयोग्यया, बुद्ध्या – धीषणया, युक्तः – सततदन्वितः, धृत्या – धैर्येण, आत्मानम् – मनः, नियम्य – वशीकृत्य, शब्दादीन् – शब्दस्पर्शरूपरसगन्धान्, पञ्च विषयान्, त्यक्त्वा – परित्यज्य च, प्राकृतेषु तेषु प्रियाप्रियेषु रागद्वेषौ व्युदस्य – परिहाय । विविक्तसेवीत्यत्र स्यात् इत्यध्याहृतेन, ब्रह्मभूयाय कल्पते इत्युत्तरेण वा सम्बन्धः ।।५१।।

विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः ।।
ध्यानयोगपरो नित्यं वैराग्यं समुपाश्रितः ।।५२।।

विविक्तसेवीति । विविक्तसेवी — विविक्तम् – जनसंघर्षणवर्जितमे–कान्तस्थानं सेवितुं शीलं यस्य सः । लघ्वाशी — लघुपरिमाणयुक्तं पवित्रं चाशितुम् – भोक्तुं शीलं यस्य सः, बहुलाहारानाहाराभ्यां वर्जित इत्यर्थः । यतवाक्कायमानसः – वशीकृतवाणीशरीरमनस्कः । अत एव नित्यं ध्यानयोगपरः – यावज्जीवं ध्यानयोगपरायणः । वैराग्यम् – आत्म–परमात्मेतरवस्तुषु विरतिं, समुपाश्रितः – सम्प्राप्तः । ब्रह्मभूयाय कल्पते इत्युत्तरेण सम्बन्धः ।।५२।।

अहङ्कारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ॥
विमुच्य निर्ममः शान्तो ब्रह्मभूयाय कल्पते ॥५३॥

अहङ्कारमिति । अहङ्कारम् – देहाभिमानं, बलम् – असति दुराग्रहं, दर्पम् – गर्वं, कामम् – विषयेच्छां, क्रोधम् – रोषं, परिग्रहम् – शरीरोपयोगिबाह्योपकरणं, विमुच्य – त्यक्त्वा, निर्ममः – अस्मिँल्लोके ममतारहितः, शान्तः – स्वात्मनि शान्तिं प्राप्तः । एतैर्लक्षणैः सम्पन्नः पुरुषो ब्रह्मभूयाय – ब्रह्मभावाय, कल्पते । ब्रह्मभावम् – शुद्धक्षेत्रज्ञस्वरूपं प्राप्नोतीत्यर्थः ।५३ ।

❋ બ્રહ્મરૂપ થવાના ઉપાયો :

હે અર્જુન ! બ્રહ્મપ્રાપ્તિના ઉપાયમાં પ્રથમ તો બુદ્ધિને વિશુદ્ધ કરવી જોઈએ. અર્થાત્ બીજા રાગરૂપ મેલ છોડી બુદ્ધિને આત્માનો અનુભવ કરવા યોગ્ય બનાવવી જોઈએ. પછી એવી શુદ્ધબુદ્ધિવાળા પુરુષે ધીરજપૂર્વક મનને વશ કરીને શબ્દાદિક પાંચેય વિષયોનો ત્યાગ કરવો જોઈએ. ફક્ત વિષયનો જ ત્યાગ નહિ, પણ તે પ્રિય અને અપ્રિય માયિક વિષયોમાંથી આસક્તિ અને દ્વેષ પણ છોડી દેવા જોઈએ.

પછી જ્યાં ધ્યાન-ભજનમાં વિક્ષેપ કરે એવા વ્યક્તિ કે વસ્તુનો ભીડો ન હોય તેવા એકાંત સ્થાનનું સેવન કરવું. બહુ વધુ પણ નહિ અને બહુ ઓછો પણ નહિ, એવો માપસરનો પવિત્ર આહાર લેવાની ટેવ પાડવી. વાણી, શરીર અને મનને વશ કરવું. વળી, હંમેશાં જીવનપર્યંત ધ્યાનયોગ પરાયણ રહેવું. આત્મા અને પરમાત્મા સિવાયની તમામ વસ્તુઓમાં સંપૂર્ણપણે વૈરાગ્ય ગ્રહણ કરવો.

વળી દેહાભિમાન, અયોગ્ય બાબતનો દુરાગ્રહ, ગર્વ, વિષયની ઈચ્છા, ક્રોધ અને શરીરને ઉપયોગી બાહ્ય સાધનો – આવા બધા ધ્યાનમાં વિક્ષેપ કરનાર દોષોનો ત્યાગ કરવો. પછી આ આખા જગતમાંથી મમતારહિત થઈ પોતાના આત્મામાં જ શાંતિ પામવી. અર્થાત્ અખંડ

આત્મચિંતનના સુખપરાયણ જ રહેવું. **આવાં લક્ષણોવાળો પુરુષ બ્રહ્મભાવ પ્રાપ્ત કરવા માટે સમર્થ બને છે; અર્થાત્ તે શુદ્ધ આત્મસ્વરૂપને પામે છે.** ।।૫૧-૫૩।।

ब्रह्मभावप्राप्त्यनन्तरं ममैकान्तिकीं भक्तिं प्राप्नोतीत्याह – ब्रह्मभूत इति ।

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ॥
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥५४॥

ब्रह्मभूतः – अक्षरभावं प्राप्तः, अतः प्रसन्नात्मा – देहदैहिकजनित-क्लेशहीनत्वात् प्रफुल्लमनाः, मत्तो मदेकान्तिकभक्तेभ्यश्चान्यपदार्थं न शोचति न काङ्क्षति। अतः सर्वेषु भूतेषु समः – सकलेषु जन्तुषु स्वस्य निःस्पृहत्वादनादरत्वाच्च समतया वर्तमानः, मत्तो मद्भक्तेभ्यश्चान्यत्सर्वं पदार्थवृन्दमतिशयतुच्छं मन्वान इत्यर्थः। एवं ब्रह्मात्मतया वर्तमानो योगी, पराम् – सर्वेभ्यो मत्प्रसन्नतासाधनेभ्यः श्रेष्ठतमामेकान्तिकीं, मद्भक्तिम् – मयि – सर्वनियन्तरि सर्वकारणकारणे भक्तवात्सल्ये समग्रदोषगन्धरहिते निरवधिकातिशयागणितकल्याणगुणसागरे लावण्यपीयूषसमुद्रे नवीनजीमूत-सङ्काशस्वरूपे नवीनकोकनदश्रीस्तेयकरनयने सर्वोपास्ये धर्मस्वरूप-वसुदेवनन्दने, भक्तिः – अतिशयप्रेमगर्भितसेवा अतिशयप्रेमपूर्वकानुध्यानं वा तां, लभते ।।५४।।

❋ બ્રહ્મરૂપ ભક્તનાં લક્ષણ તથા તેનું ફળ :

હે અર્જુન ! આવી રીતે બ્રહ્મરૂપ થઈ ગયેલા તે ભક્તને પછી દેહ તથા દેહસંબંધી વ્યક્તિ કે વસ્તુને કારણે થનારો કોઈ પણ પ્રકારનો કલેશ અડતો જ નથી. તેથી **તે અક્ષરરૂપ ભક્ત હંમેશાં આનંદમાં જ રહે છે.** વળી, તે ભક્ત હું અને મારા એકાંતિક ભક્તો સિવાય બીજી કોઈ વ્યક્તિ કે વસ્તુને ઇચ્છતો નથી અને કદાચ મળેલા તે પદાર્થ ટળી જાય, તો તેનો

શોક પણ કરતો નથી. તેથી તેને તમામ ભૂતપ્રાણીમાત્રમાં સમબુદ્ધિ થઈ જાય છે. સારા-મોળા કોઈ પદાર્થની તેને સ્પૃહા અને મહત્તા જ નહિ હોવાથી રાજા કે રંક સહુના પ્રત્યે સમાનપણે જ વર્તે છે. અર્થાત્ હું અને મારા ભક્તો સિવાયનું બીજું બધું જ બગલના વાળ જેવું અતિ તુચ્છ માને છે. **આવી રીતે બ્રહ્મરૂપે વર્તતો તે યોગી મને પ્રસન્ન કરવાનાં તમામ સાધનોમાં સર્વશ્રેષ્ઠ સાધન એવી મારી પરબ્રહ્મની એકાંતિકી ભક્તિ પામે છે. અર્થાત્ અતિશય પ્રેમસભર મારી સેવા પામે છે અથવા અતિશય પ્રેમપૂર્વક સતત થનારું મારું ધ્યાન પામે છે.**

હું કેવો છું ? તો, **અક્ષરાદિક સર્વનો નિયંતા છું. સર્વ કોઈનું કારણ એવા અક્ષરપુરુષનો પણ કારણ છું.** ભક્તોમાં અપાર વાત્સલ્યવાળો છું. દોષમાત્રની ગંધથી પણ રહિત છું; અર્થાત્ મારામાં લેશમાત્ર પણ કોઈ દોષ નથી. અવધિએ રહિત શ્રેષ્ઠતાવાળા અગણિત કલ્યાણકારી ગુણોનો મહાસાગર છું. લાવણ્યરૂપી અમૃતનો સમુદ્ર છું. વળી, નવા વાદળ જેવું મારું સ્વરૂપ છે. તાજા લાલ કમળની શોભાને ચોરી જાય એવી આંખોવાળો છું. **અહીંથી અક્ષરપર્યંત સહુને માટે હું ઉપાસ્ય છું.** અને હાલ ધર્મસ્વરૂપ વસુદેવના પુત્રરૂપે પ્રગટ થયો છું. આવા મારા સ્વરૂપની તે ભક્ત અતિશય પ્રેમેયુક્ત સેવા અથવા અતિ પ્રેમે સહિત ધ્યાનરૂપ ભક્તિ પામે છે.।।૫૪।।

ईदृग्विधया भक्त्या सः सम्यक् मत्स्वरूपं जानातीत्याह – भक्त्येति ।

भक्त्या मामभिजानाति यावान् यश्चास्मि तत्त्वतः ।।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ।।५५।।

यावान् – स्वरूपस्वभावादिभिर्यत्परिमाणयुक्तः, यः – क्षराक्षरनियन्ता परिपूर्णसत्यज्ञानानन्दघनः पुरुषोत्तमः, अहमस्मि, तं मां भक्त्या – अतिशय–प्रेमगर्भितसेवया वा अतिशयप्रेमपूर्वकानुध्यानेन, स योगी तत्त्वतः – याथार्थ्यतः, अभिजानाति – वेत्ति । ततः – एवं तया भक्त्या, तत्त्वतः –

स्वरूपस्वभावगुणविभूतितो यथावत्, मां ज्ञात्वा – विदित्वा, तदनन्तरम् – तत्त्वतो ज्ञानादनन्तरं, मां विशते – अनवधिकातिशयानन्दं मामनुभवतीत्यर्थः । तथा चोक्तमत्र – "भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन!। ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप!"(गीता.११/५४) इति । एवमिह भगवदाराधनत्वेन कृतानां निष्कामकर्मणां फलमुक्तम् ।।५५।।

❋ પ્રભુની પરાભક્તિનું પરમ ફળ :

આવી **અતિશય પ્રેમગર્ભિત સેવા કે ધ્યાનરૂપ ભક્તિ વડે તે ભક્ત મને હું જે છું અને જેવડો છું તેવો જ યથાર્થ જાણે છે.**

હું કોણ છું ? તો, ક્ષર અને અક્ષર નામવાળા જડ-ચિદ્ સર્વનો નિયંતા, પરિપૂર્ણ સત્ય, જ્ઞાન અને આનંદનું જ સાકારસ્વરૂપ એવો પુરુષોત્તમનારાયણ છું. **હું કેવડો છું ?** તો, મારું સ્વરૂપ, સ્વભાવ, ગુણ અને જડ-ચિદ્ સર્વપ્રકારની વિભૂતિએ કરીને હું અનંત અને અગાધ પરિમાણવાળો છું. આ બંને પ્રકારે તે ભક્ત મને યથાર્થ જાણે છે.

આવી રીતે **પરાભક્તિ વડે મને યથાર્થ જાણ્યા બાદ મારો ભક્ત મારામાં પ્રવેશ-વિરામ પામે છે.** અર્થાત્ અસીમ અને સર્વશ્રેષ્ઠ આનંદવાળા મને એકને અખંડ અનુભવ્યા જ કરે છે. આમ, મારી પ્રસન્નતા માટે કરેલાં નિષ્કામ કર્મોનું આ લોકમાં જ આવું મોટું મહાફળ મળે છે, તે મેં તને કહ્યું. ॥૫૫॥

किञ्च – सर्वेति ।

सर्वकर्माण्यपि सदा कुर्वाणो मद्व्यपाश्रयः ।।
मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ।।५६।।

सर्वकर्माणि – सर्वाणि स्वस्ववर्णाश्रमोचितानि कर्माणि, सदा – निरन्तरं, कुर्वाणः – निष्कामभावेनानुष्ठाता, मद्व्यपाश्रयः – अहं भगवान्

पुरुषोत्तमो वासुदेव एव व्यपाश्रयः – शरणं यस्य सः, मदेकशरण इत्यर्थः । 'मद्व्यपाश्रितः' इति पाठे मम दृढतरमाश्रयं प्राप्त इत्यर्थः । मदाश्रितत्वात्–मद्भक्तियुतानि सर्वाणि कर्माणि करोतीत्यर्थः । एवम्भूतो नरो मत्प्रसादात् – मम प्रसादम् – अनुग्रहं प्राप्य, 'ल्यब्लोपे कर्मणि' इत्यादिना पञ्चमी । शाश्वतम् – सनातनम्, अव्ययम् – अक्षरसंज्ञं, पदम् – मत्स्थानम्, अवाप्नोति – याति ।।५६।।

વળી, **પોતાના વર્ણાશ્રમ યોગ્ય કર્મો હંમેશાં નિષ્કામભાવે જ કરનાર અને મારા જ એક આધારવાળો એવો તે ભક્ત મારી કૃપા પામીને અક્ષર નામના મારા સનાતન ધામને પામે છે. મારા જ આધારવાળો એટલે શું ?** તો, હું પ્રગટ પુરુષોત્તમ એવો ભગવાન વાસુદેવ જ જેને શરણ-આધાર હોય એવો ભક્ત. અર્થાત્ મારા અતિ દૃઢ આશરાને પામેલો ભક્ત. તે મારો આવો આશ્રિત હોવાથી સર્વે કર્મો મારી ભક્તિએ સહિત જ કરે છે. એટલે જ મારી કૃપાથી તે મારા દિવ્ય ધામને પામી જાય છે. ।।૫૬।।

चेतसा सर्वकर्माणि मयि सन्न्यस्य मत्परः ।।
बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव ।।५७।।

चेतसेति । यस्मादेवं भवति तस्मात्, चेतसा – मत्स्वरूपयथार्थज्ञानेन, सर्वाणि – स्ववर्णोचितानि समग्राणि, कर्माणि मयि सन्न्यस्य – निष्कामभावेन समर्प्य । यद्वा सर्वाणि कर्माणि – सकलेन्द्रियव्यापारान्, मयि – भुवि सकलजनकृतपरिचर्यास्वीकारार्थं ब्रह्मपुरादाविर्भूते धर्ममूर्तिवसुदेवपुत्रे, सन्न्यस्य – वचसा मद्गुणकीर्तनं, चक्षुर्भ्यां मद्दर्शनं, पादाभ्यां मद्दर्शनार्थं गमनं, त्वचा मम स्पर्शनम् इत्यादिप्रकारेण समर्प्य । मत्परः – अहमेव परः – परमफलतया प्राप्यो यस्य तथाभूतः सन्, बुद्धियोगम् – पूर्वोक्तं बुद्धिसंयोगम्, उपाश्रित्य – अवलम्ब्य, सततम् – सर्वदा, मच्चित्तः –

मयि – भक्तजनसमर्पितात् खाद्यपेयादिदेयपदार्थतोऽसङ्ख्यगुणप्रतिदातरि वसुदेवनन्दने, चित्तम् – अन्तःकरणं यस्य, एवम्भूतस्त्वं भव ।।५७।।

માટે હે અર્જુન ! તું મારાં સ્વરૂપનું યથાર્થ જ્ઞાન પામીને પોતાના વર્ણ પ્રમાણેનાં બધાં જ કર્મો નિષ્કામ ભાવથી મારી પ્રસન્નતા માટે જ કર્યા કર. અથવા અહીંના સર્વ લોકોએ કરેલી સેવા સ્વીકારવા માટે, મારા બ્રહ્મપુરધામથી વસુદેવના પુત્રરૂપે પૃથ્વી પર પ્રગટ થયેલા મારા સ્વરૂપમાં તારી ઇન્દ્રિયોની સર્વે ક્રિયાઓ સમર્પી દે.

કેવી રીતે ? તો, તારી વાણીથી મારા ગુણો ગાયા કર. તારી આંખોથી મારા દર્શન કર્યા કર. પગનો ઉપયોગ મારા દર્શનાર્થે જવા માટે જ કર. ચામડીથી મારો સ્પર્શ કર. આમ બધી જ ક્રિયાઓ મારી સાથે જ જોડી દે. વળી, સર્વ સાધનોનું હું જ સર્વશ્રેષ્ઠ ફળ છું, તેથી મને જ પરમ પ્રાપ્ય માનીને પહેલાં (૨/૪૯માં) કહેલા બુદ્ધિયોગનો અભ્યાસ કરતા થકા તારું ચિત્ત સદા મારામાં જ રાખ. અર્થાત્ ભક્તોએ અર્પણ કરેલા ખાવા-પીવા જેવા અનેક પદાર્થો કરતાં અસંખ્યગણું પાછું આપનાર એવા વસુદેવપુત્ર મારામાં જ તારા અંતઃકરણને જોડી રાખ, એવો તું થા.।।૫૭।।

त्वयि चित्तस्य समर्पणेन किं स्यादित्यत्राह – मच्चित्त इति ।

मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ।।
अथ चेत्त्वमहङ्कारान्न श्रोष्यसि विनङ्क्ष्यसि ।।५८।।

मच्चित्तः – मदन्तःकरणस्त्वं, मत्प्रसादात् — मम – ईश्वरस्य प्रसादात् – अनुग्रहात्, मच्चित्तत्वान्मत्प्रसन्नतां प्राप्येत्यर्थः । सर्वदुर्गाणि – समग्रदुस्तराणि संसारजनितदुःखानि, तरिष्यसि । अथ – पक्षान्तरे, चेत् – यदि, त्वमहङ्कारात् – कृत्याकृत्यवेदितृत्वाभिमानात्, मद्वचनं न श्रोष्यसि, तर्हि विनङ्क्ष्यसि – सर्वपुरुषार्थाद्विभ्रष्टो भविष्यसि ।।५८।।

આવી રીતે જ્યારે તું સતત મારામાં જ ચિત્તવાળો થઈશ, ત્યારે મારી કૃપાથી તું મોટા મોટા ગઢ જેવાં તમામ સાંસારિક દુઃખોને તરી જઈશ. અને જો તું 'હું કરવા યોગ્ય કે નહિ કરવા યોગ્ય કાર્યનો જાણકાર છું,' એવા અભિમાનથી મારું કહેલું નહિ માન, તો તું નાશ પામી જઈશ. અર્થાત્ ધર્મ, અર્થ, કામ કે મોક્ષ એ સર્વ પુરુષાર્થથી ભ્રષ્ટ થઈને કાંઈ જ નહિ પામ. ॥૫૮॥

ननु मम विनाशो भवतु, तथापि बन्धुहननं न करिष्यामीति चेत्तत्राहं वदामि – यदिति ।

यदहङ्कारमाश्रित्य न योत्स्य इति मन्यसे ॥
मिथ्यैष व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति ॥५९॥

अहङ्कारम् – कृत्याकृत्यविवेकज्ञातृत्वाभिमानम्, आश्रित्य – अवलम्ब्य, न योत्स्ये – अहं युद्धं न करिष्यामि, इति यत्त्वं मन्यसे – व्यवसायं करोषि, एष ते – तव, व्यवसायः – निश्चयः, अस्वतन्त्रत्वान्मिथ्या एव । कुतः ? प्रकृतिः – रजोगुणयुक्तः क्षात्रस्वभावः, त्वां नियोक्ष्यति – सङ्ग्रामे बलात्तव प्रवर्तनं करिष्यतीत्यर्थः ।।५९।।

પોતાને જ યોગ્ય-અયોગ્ય કાર્યનો જાણકાર માનીને અહંકારથી જો તું એવો ઠરાવ કરતો હો કે 'ભલે મારો વિનાશ થાય, પણ હું યુદ્ધ નહિ કરું' તો તું સ્વતંત્ર નહિ હોવાથી તે તારો નિશ્ચય ખોટો જ પડશે. કેમ જે, તું રજોગુણી એવા ક્ષત્રિય સ્વભાવનો છો. માટે તે તારો ક્ષત્રિય સ્વભાવ તને પરાણે યુદ્ધમાં પ્રવૃત્ત કરશે જ ! ॥૫૯॥

पुनरपि प्रकृतिं विवृणोति – स्वभावजेनेति ।

स्वभावजेन कौन्तेय ! निबद्धः स्वेन कर्मणा ॥
कर्तुं नेच्छसि यन्मोहात्करिष्यस्यवशोऽपि तत् ॥६०॥

हे कौन्तेय ! स्वभावजेन – स्वभावः – पूर्वकर्मसंस्कारः तस्माज्जातेन, स्वेन – स्वकीयेन क्षात्रेण शौर्यादिकर्मणा, निबद्धः – बन्धनं प्राप्तः, यन्त्रित इति यावत् । अत एव अवशः – शत्रुकृततिरस्कारमसहमानस्त्वमेव, तत् – सङ्ग्रामरूपं कर्म करिष्यसि, यत् – कर्म इदानीं मोहात् – विपरीतज्ञानात्, कर्तुं नेच्छसि । अनेन श्लोकद्वयेन जनानां स्वभावपरतन्त्रत्वमुक्तम् ।।६०।।

હે કુંતીપુત્ર ! પૂર્વકર્મના સંસ્કારથી થયેલા પોતાના શૂરતાદિક ક્ષત્રિયધર્મથી તું બંધાયેલો-વિવશ છો. તેથી શત્રુઓ જ્યારે તારો તિરસ્કાર-અપમાન કરશે ત્યારે તે સહન નહિ થવાથી, તું અવશ્ય યુદ્ધ કરવા લાગી પડીશ. જે યુદ્ધ કરવાની તું અત્યારે મોહને કારણે ના પાડે છે, તે જ કામ તું સ્વભાવવશ થઈને અવશ્ય કરીશ. કેમ જે, મનુષ્યમાત્ર પોતાના સ્વભાવને આધીન છે. ।।૬૦।।

इदानीं पूर्वकर्मानुसारी स्वभाव एव किं स्वातन्त्र्येण सर्वेषां प्रेरको भवति ? इत्याशङ्कामुत्पाद्य तां परिहरन् पूर्वकर्मानुगुणस्वभावप्रेरकः सर्वान्तर्यामीश्वरोऽहमेवास्मीत्याह – ईश्वर इति ।

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन ! तिष्ठति ।।
भ्रामयन् सर्वभूतानि यन्त्रारूढानि मायया ।।६१।।

हे अर्जुन ! ईश्वरः – सर्वनियन्ता नारायणः, सर्वभूतानाम् – समग्र-जनानां, हृद्देशे – धर्मार्थकाममोक्षसाधनभूतबुद्धिनिवासस्थाने हृदयरूपे प्रदेशे, तिष्ठति – सर्वान्तर्यामितया निवसतीत्यर्थः । किं कुर्वन्निति चेत्तत्राह – यन्त्रारूढानि – प्रारब्धकर्मानुसारेणेश्वरनिर्मिते दारुकृतयन्त्रसदृशे देहे आरूढानि – स्थितानि, सर्वभूतानि – समग्रक्षेत्रज्ञवृन्दानि, मायया – पूर्वकर्मानुसारिण्या सत्त्वादिगुणमय्या प्रकृत्या, भ्रामयन् – तत्तत्कर्मानुगुणं

प्रवर्तयन्, तिष्ठतीति योज्यम् । यद्वा यन्त्रारूढानीति दृष्टान्तः । यन्त्रारूढानि – यन्त्रम् – काष्टनिर्मितसूत्रसञ्चारादि, तत्रारूढानि – कृत्रिममनुष्यादीनि भूतानि, सूत्रधारो यथा भ्रामयति, तथा सर्वभूतानीश्वरो मायया कर्मानुगुणं भ्रामयन् सर्वभूतानां हृद्देशे तिष्ठतीति ।

तथात्र चोक्तम् – "सर्वस्य चाहं हृदि सन्निविष्टो मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च"(गीता.१५/१५) इति। श्रुतयश्च – "यः सर्वेषु भूतेषु तिष्ठन्... यः सर्वाणि भूतान्यन्तरो यमयति एष ते आत्मा अन्तर्याम्यमृतः"(बृह.३/७/१५) इति। "य आत्मनि तिष्ठन्नात्मनोऽन्तरो यमात्मा न वेद य आत्मानमन्तरो यमयति" इत्यादिकाः ।।६१ ।।

❋ સર્વને નચાવનાર એક શ્રીહરિ જ છે :

હે અર્જુન ! હવે તને કદાચ પ્રશ્ન થાય કે શું તે સ્વભાવ જ સ્વતંત્રપણે બધાના પ્રેરક છે ? તો, ના એવું નથી. **સર્વાંતર્યામી એવા સર્વેશ્વર શ્રીહરિ જ જીવના પૂર્વકર્મ પ્રમાણે તે સ્વભાવના પ્રેરક છે.** કેવી રીતે ? તો, સર્વનિયંતા એવા નારાયણ ભૂતપ્રાણીમાત્રના હૃદયમાં બિરાજમાન છે. અર્થાત્ ધર્મ, અર્થ, કામ અને મોક્ષાદિક સર્વ કાર્યોની સાધનરૂપબુદ્ધિ જ્યાં રહે છે, તે હૃદયપ્રદેશમાં જ સર્વાંતર્યામીપણે શ્રીહરિ રહ્યા છે.

હૃદયમાં રહેલા શ્રીહરિ શું કામ કરે છે ? તો, જીવનાં પ્રારબ્ધકર્મ પ્રમાણે પ્રભુએ તેમને લાકડાંનાં યંત્ર જેવાં શરીરો રચી આપ્યાં છે. તે શરીરોમાં રહેલા સર્વે ભૂતપ્રાણીમાત્રને તેમનાં પૂર્વકર્માનુસારે પ્રવર્તતા સત્ત્વાદિક ગુણમય સ્વભાવ વડે ભમાવવવાનું કામ કરે છે. અર્થાત્ તેનાં તેનાં સ્વભાવ તથા કર્મો પ્રમાણે તે જીવોને પ્રવર્તાવવા માટે હૃદયમાં રહે છે. અથવા લાકડાંમાંથી બનેલી કઠપૂતળીઓને જેમ સૂત્રધાર નચાવે, તેમ **સર્વ કોઈના નિયામક એવા શ્રીહરિ સર્વ ભૂતપ્રાણીમાત્રને તેની પ્રકૃતિ તથા કર્મ પ્રમાણે નચાવવા માટે તેમના હૃદયમાં રહ્યા છે.** ॥૬૧॥

ईश्वरस्य स्वस्यैव शरणं प्रकृतिनिवर्तनहेतुरस्तीति वदति – तमिति ।

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ! ।।
तत्प्रसादात्परां शान्तिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ।।६२।।

हे भारत ! यस्मादेवं तस्मात्, सर्वभावेन – ईश्वर एव मम गुरुर्मित्रं च भ्राता च पिता च माता चेत्यादिसमग्रभावेन, तमेव – परमेश्वरं मामेव, शरणम् – सर्वविघ्नेभ्यो रक्षकं, गच्छ – त्वं मामेवानुसृत्य वर्तस्वेत्यर्थः । ततस्तत्प्रसादात् – तस्य – परमेश्वरस्य ममैवानुग्रहात्, पराम् – सर्वोत्कृष्टां सर्वप्रकृतिबन्धनविनाशपूर्विकां, शान्तिम् – मदनुभवसुखं, शाश्वतं च – सनातनं, स्थानम् – ममाक्षरब्रह्माख्यं निकेतं, त्वं प्राप्स्यसि ।

तथा चोक्तं श्रुतिस्मृतिभिः – "एतत्सत्यं ब्रह्मपुरम्" (छान्दो.८/१/५) "स वेदैतत् परमं ब्रह्म धाम" (मुण्ड.३/२/१) "तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः"(पैंगलो.४/२३) "यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम" (गीता.१५/६) "विष्णोर्धाम परं साक्षात् पुरुषस्य महात्मनः" (भाग.३/११/४१) इत्यादिभिः ।।६२।।

માટે હવે હે અર્જુન ! તું સર્વ ભાવથી સર્વનિયંતા પરમેશ્વર એવા મારે શરણે થઈ જા. અર્થાત્ 'સર્વનિયંતા શ્રીહરિ જ મારા ગુરુ, મિત્ર, ભાઈ, પિતા અને માતા વગેરે બધું જ છે' એમ માનીને સર્વ વિઘ્નથી રક્ષણ કરનાર એવા મને જ અનુસરીને હું જેમ કહું તેમ કર; તો મારી જ કૃપાથી તારા તમામ સ્વભાવોનાં બંધનો છૂટી જશે. અને તું મારા અનુભવરૂપ પરમ શાંતિ તથા સનાતન સ્થાનરૂપ મારા અક્ષરધામને પામી જઈશ.।।૬૨।।

वक्तव्यार्थमुपसंहरन् ब्रूते – इतीति ।

इति ते ज्ञानमाख्यातं गुह्याद् गुह्यतरं मया ।।
विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ।।६३।।

इति – पूर्वोक्तप्रकारेण, ते – परमसखाय एकान्तिकभक्ताय मयि परमविस्रम्भवते तुभ्यं, भक्तवात्सल्येन सर्ववस्तुयाथार्थ्यविदा परमदयालुना मया, गुह्यात् – गोपनीयात् गोप्यमन्त्रजपदेवोपासनविधिज्ञानादपि, गुह्यतरम्, एतज्ज्ञानम् – कर्मयोगज्ञानयोगज्ञानं मम माहात्म्यसहितं भक्तियोगज्ञानं च जीवात्मयाथार्थ्यज्ञानं च, अशेषेण – समग्रतया, विमृश्य – पर्यालोच्य, यथाधिकारं विचार्येति यावत्, आख्यातम् – उपदिष्टम् । पश्चात् यथेच्छसि तथा स्वाधिकारानुरूपेण कुरु, न तु स्वाधिकारविरोधेन ।।६३।।

હે અર્જુન ! હું આ રીતે સર્વ વસ્તુનો યથાર્થ જાણનાર, પરમ દયાળુ અને ભક્તવત્સલ છું. એવા મેં તને મારો પરમમિત્ર, એકાંતિકભક્ત અને મારામાં અતિ વિશ્વાસવાળો માનીને આ ગુપ્તમાં પણ ગુપ્ત-અતિ રહસ્યરૂપ વાત કરી છે. અર્થાત્ મેં તને જે વાત કહી તે ગુપ્ત રાખવા જેવા મંત્ર, જપ, દેવ અને ઉપાસનાવિધિના જ્ઞાનથી પણ વધુ ગુપ્ત આ જ્ઞાન છે. **મેં તને શું શું જ્ઞાન આપ્યું ?** તો, કર્મયોગ તથા જ્ઞાનયોગનું જ્ઞાન; મારા માહાત્મ્યે સહિત મારા ભક્તિયોગનું જ્ઞાન અને જીવાત્માનું યથાર્થ જ્ઞાન – આ બધી બાબતોને મેં તારા અધિકાર પ્રમાણે વિચારીને જ તને કહી છે. હવે તારી જેવી ઇચ્છા હોય તેમ તારા અધિકાર પ્રમાણે કર, પણ તારા અધિકારથી ઊંધું કાંઈ ન કરીશ. ॥૬૩॥

ततोऽपि गुह्यतमं वदति त्रिभिः – सर्वेति ।

सर्वगुह्यतमं भूयः श्रृणु मे परमं वचः ।।
इष्टोऽसि मे दृढमतिस्ततो वक्ष्यामि ते हितम् ।।६४।।

सर्वगुह्यतमम् – सर्वेषु – गुह्यतरेषु ज्ञानयोगकर्मयोगसामान्यभक्तियोगेषु, गुह्यतमम् – गोप्यतमं, परमम् – सर्वोत्कृष्टैकान्तिकभक्तियोगनिष्ठं, मे – मम, वचः – वाक्यं, भूयः – पुनर्वक्ष्यमाणं, श्रृणु । यतस्त्वं दृढमतिः – मयि

निश्चलबुद्धिः, अत एव मे – मम, इष्टः – प्रियोऽसि, ततः – तस्माद्धेतोः, ते – तव, हितम् – परमहितजनकं वचनं, वक्ष्यामि। दृढमितीत्यपि पाठे, त्वं मे – मम, इष्टः – प्रियोऽसि, अतो दृढम् – सर्वप्रमाणयुक्तम् इति निश्चित्य, ततः – तदनन्तरं, ते हितं वक्ष्यामीति योज्यम् ।।६४।।

❋ પ્રભુનું સૌથી પ્રિય અને સૌથી ગુપ્ત રહસ્ય :

હે અર્જુન ! અત્યાર સુધી મેં તને ગુપ્તથી પણ વધુ ગુપ્ત રાખવા જેવી જ્ઞાનયોગ, કર્મયોગ અને સામાન્ય ભક્તિયોગની વાતો કહી. હવે તેથી પણ વધુ અત્યંત ગુપ્ત રાખવા જેવી - પરમ રહસ્યરૂપ સર્વોત્કૃષ્ટ એકાંતિક ભક્તિયોગસંબંધી વાત ફરી કહું છું; તે તું મારી પાસેથી સાંભળ. કેમ જે, તને મારો દૃઢ નિશ્ચય છે, એટલે જ તું મને પ્રિય છો. તેથી તારું પરમ હિત થાય તેવી વાત હું કહું છું. ॥૬૪॥

तदेव वदति – मन्मना इति ।

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ।।६५।।

मन्मनाः – मयि – क्षराक्षरनियन्तरि अपारजनोद्धारणाय मनुज–नयनगोचरीभूते नवीनजीमूतसङ्काशे धर्मस्वरूपवसुदेवनन्दने, मनः – अतिशयप्रेमगर्भितस्मृतिसन्तानं यस्य तथाभूतो भव। मद्भक्तः – मम भक्तः – अनन्यसेवकस्त्वं भव। मद्याजी – मां यष्टुम् – पूजयितुं शीलं यस्य सः, नानाविधयज्ञैः सदा मद्यजनपरो भव। यद्वा यथाप्राप्तोपचारैर्निरन्तरं मत्पूजनपरो भव। पूजोपकरणाभावे तु मां नमस्कुरु – कायवाङ्मनोभिर्मयि नम्रभावं कुर्वित्यर्थः। इदं च पूजनं वन्दनं चान्येषामपि भागवत–धर्माणामुपलक्षणम् ।

तथा चोक्तं श्रीमद्भागवते – "श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम्।

अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम् ।। इति पुंसार्पिता विष्णौ भक्तिश्चेन्नवलक्षणा । क्रियेत भगवत्यद्धा तन्मन्येऽधीतमुत्तमम्" (भाग.७/५/२३-२४) इति ।

एवं सदार्चनवन्दनादिभागवतधर्मानुष्ठानेन मयि प्रीतिं कुर्वाणस्त्वम्, अनवधिकातिशयानन्दसागरं मामेवैष्यसि - यास्यसि । ते - तुभ्यं, सत्यम् - यथार्थं यथा भवति तथा, प्रतिजाने - अहं प्रतिज्ञां करोमि, न कथनमात्रम्, यस्मात्त्वं मे प्रियोऽसि। तथा इह चोक्तम् - "प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः"(गीता.७/१७) इति ।।६५।।

ક્ષર-અક્ષરના નિયંતા, અનેક જીવોનાં કલ્યાણ માટે બધાને દૃષ્ટિગોચર થયેલ, નવા વાદળ જેવા વર્ણવાળા એવા વસુદેવપુત્ર મારામાં મન રાખ. અર્થાત્ તું અતિશય પ્રેમેયુક્ત થઈ મારામાં જ સતત ચિત્તવૃત્તિ જોડી રાખ. તું મારો અનન્ય સેવક થા. જુદા જુદા યજ્ઞો દ્વારા તું સતત મારી જ પૂજા કર્યા કર અથવા તને જેવા પૂજાના ઉપચારો મળે તેનાથી સદા મારું જ પૂજન કર્યા કર. પૂજાનાં સાધનો ન હોય તો મને નમસ્કાર કર. અર્થાત્ મન, વાણી અને શરીરથી મારી પાસે અતિ નમ્ર થઈને રહે.

આવી રીતે સદા મારું પૂજન, વંદન વગેરે ભાગવતધર્મના અભ્યાસ વડે મારામાં પ્રીતિ કરનાર તું અસીમ અને સર્વશ્રેષ્ઠ આનંદના મહાસાગર એવા મને જ પામી જઈશ. આ હું તારી આગળ ખાલી કહેવા ખાતર કહેતો નથી, પણ સત્ય પ્રતિજ્ઞા કરું છું. કેમ જે, તું મને અત્યંત પ્રિય છો. ॥૬૫॥

किञ्च – सर्वधर्मानिति ।

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।।६६ ।।

सर्वधर्मान् - देहाभिमानयुक्ततया सर्वशास्त्रेभ्यो वैपरीत्येन ज्ञातान्

शास्त्रीयान् समग्रधर्मान्, परित्यज्य - विपरीतकर्तव्यताप्रकारं त्यक्त्वा, मदुक्तकर्तव्यताप्रकारसहितेषु कर्मयोगज्ञानयोगभक्तियोगेषु यथाधिकारं स्थित्वा, पूर्वोक्तप्रकारेण मामेकं शरणम् - सर्वपापेभ्यो रक्षकं, व्रज - प्राप्नुहि। अन्यदेवोपासनत्यागेन ममैकस्यैवाऽऽश्रयं कुर्वितिभावः। अहम् - सर्वेश्वरः, सर्वपापेभ्यः — सर्वेभ्यः - मदेकान्तिकभक्तिविरोधिभ्यः अनादिकालसमूहीकृताऽपरिमितकृत्याकरणाऽकृत्यकरणरूपेभ्यः समग्रेभ्यः, पापेभ्यः - अघेभ्यः, मदुक्तमार्गे वर्तमानं त्वा मोक्षयिष्यामि, मा शुचः - शोकं मा कार्षीः ।।६६।।

વળી, એવી જ રહસ્યમય બીજી એક વાત કરું છું : દેહાભિમાનને કારણે અનેક શાસ્ત્રો વાંચી-સાંભળીને તેમાંથી તેં અવળી રીતે જાણેલા બધા શાસ્ત્રીય ધર્મોનો ત્યાગ કર. એટલે કે, તે સર્વે ધર્મો કોણે, ક્યારે અને કેમ જીવનમાં અપનાવવા તે બાબતમાં તને જે અવળી રીત પકડાઈ ગઈ છે તેનો તું ત્યાગ કર. અને મેં કહ્યું તે રીતે કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગમાં તારા અધિકાર પ્રમાણે રહીને સર્વભાવે મારા એકને જ શરણે આવ. અર્થાત્ **મને જ સર્વ પાપરૂપ દોષો તથા વિઘ્નોથી રક્ષણ કરનાર જાણીને, બીજા તમામ દેવોની ઉપાસનાનો ત્યાગ કરી મારા એકનો જ આશરો સ્વીકાર. જો તું મેં કહેલા આ માર્ગે ચાલીશ તો તને સર્વેશ્વર એવો હું બધાં જ પાપોથી છોડાવી દઈશ.** અર્થાત્ અનાદિકાળથી તેં ઘણાંક કરવાં યોગ્ય કર્મો નથી કર્યાં અને ન કરવાં જેવાં કર્મો કર્યાં છે. આવી રીતે મારી એકાંતિક ભક્તિમાં વિરોધી એવા તે અસંખ્ય પાપોનો મોટો ઢગલો કર્યો છે. હવે તું મારી જ શરણાગતિ સ્વીકાર એટલે તે સર્વે દોષો થકી હું તને છોડાવી દઈશ; તું તેની જરા પણ ચિંતા ન કર. ॥૬૬॥

અથેદાનીમુક્તસ્ય જ્ઞાનસ્ય અધિકારિણઃ અનધિકારિણઃ પુરુષાન્ વદતિ — ઇદમિતિ ।

इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।।
न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति ।।६७।।

इदम् – मदुक्तं शास्त्रम्, अतपस्काय – अवशीकृतेन्द्रियाय जनाय, ते – त्वया, कदाचन न वाच्यं, तप्ततपसे तु वाच्यम्। अभक्ताय – उपदेष्टरि त्वयि उपास्ये मयि च भक्तिरहिताय, तप्ततपसेऽपि कदाचन न वाच्यं, भक्ताय तु वाच्यमित्यर्थः। अशुश्रूषवे – सेवामकुर्वाणाय, यद्वा श्रवणेच्छारहिताय, कदाचन न वाच्यम्। चकारः 'वाच्यं, कदाचन' इतिपदद्वयस्य प्रतिपदमाकर्षणार्थः। यो माम् अभ्यसूयति – मन्मूर्तौ मद्वीर्येषु मद्गुणेषु च केनचिदुक्तेषु दोषमारोपयति, तस्मै कदाचन न वाच्यम्। योऽभ्यसूयतीत्यत्र विषमविभक्तिनिर्देशात् तस्य अत्यन्ततया त्याग उक्त इति ज्ञातव्यम् ।।६७।।

❋ આ ગીતાજ્ઞાનના પાત્ર-અપાત્ર જીવો :

આ જ્ઞાન કોને કહેવું ? અને કોને ન કહેવું ? તો, જેને પોતાની ઇન્દ્રિયો વશ ન હોય તેને આ મારું કહેલું શાસ્ત્ર-જ્ઞાન ક્યારેય ન કહેવું. જેણે પોતાની ઇન્દ્રિયો વશ કરી હોય તેને જ કહેવું. વળી, જેને ઉપાસ્ય એવા મારામાં અને ઉપદેશ કરનાર તારામાં ભક્તિ-ભાવના, શ્રદ્ધા, વિશ્વાસ ન હોય તેને પણ આ જ્ઞાન ન કહેવું. કદાચ તેણે ઇન્દ્રિયો જીતીને વશ કરી હોય તોપણ ન કહેવું. ભક્તિભાવવાળાને તો કહેવું. જે સેવા ન કરતો હોય અથવા આ જ્ઞાનને સાંભળવાની જેને ઇચ્છા ન હોય તેને આ જ્ઞાન કદિ ન કહેવું. વળી, **કોઈ મારી મૂર્તિ, ઐશ્વર્યો અને ગુણો વગેરે કહેતું હોય તેમાં જે દોષ આરોપે તેને તો ક્યારેય મારું આ જ્ઞાન ભૂલ્યે પણ ન જ કહેવું.** ।।૬૭।।

अस्य ज्ञानस्य पात्रेषु निक्षेपणे फलं वदति – य इति।

य इदं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति ॥
भक्तिं मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयः ॥६८॥

यः – मदुक्तज्ञानवान् पुरुषः, परमम् – श्रेष्ठतमं, गुह्यम् – गोप्यम्, इदम् – मदुक्तज्ञानशास्त्रं, मद्भक्तेषु – मयि भक्तियुक्तेषु जनेषु, अभिधास्यति – भक्तेभ्यो दास्यतीत्यर्थः। स मयि – परमेश्वरे पुरुषोत्तमे, पराम् – एकान्तिकीं, भक्तिं कृत्वा, माम् – अनवधिकातिशयानन्दं भगवन्तम् एवैष्यति – प्राप्स्यति, असंशयः – अत्र सन्देहो नास्तीत्यर्थः ।।६८।।

✵ આ જ્ઞાન આપવાનું ફળ :

મેં કહેલા આ જ્ઞાનવાળો જે પુરુષ સર્વશ્રેષ્ઠ અને અતિ રહસ્યમય એવા આ મારા જ્ઞાનશાસ્ત્રને મારામાં પ્રેમભાવવાળા કોઈ લોકોને કહેશે, જે મારા ભક્તોને આ જ્ઞાનનું દાન દેશે તે જ્ઞાનદાતા મારી પુરુષોત્તમની એકાંતિકી ભક્તિ કરીને અપાર આનંદના સાગર એવા મને જ પામશે; તેમાં કોઈ સંશય નથી. ॥૬૮॥

किञ्च – न चेति।

न च तस्मान्मनुष्येषु कश्चिन्मे प्रियकृत्तमः ॥
भविता न च मे तस्मादन्यः प्रियतरो भुवि ॥६९॥

तस्मात् – मत्सेवकेभ्य एतत्परमगुह्यशास्त्रवक्तुर्मद्भक्तपुरुषात्, मनुष्येषु – मनुष्यशरीरं प्राप्तेषु उत्तमजनेषु मध्ये, कश्चिदन्यो, मे – मम, अधुना प्रियकृत्तमः – अतिशयप्रसन्नकर्ता च नास्ति। अयम्भावः — यो मद्भक्तः स मत्प्रियकृत्, ततो ममैकान्तिकभक्तो मम प्रियकृत्तरः, तस्मादपि मद्भक्तेभ्य एतच्छास्त्रव्याख्याता अधिकतमो भवतीति। तस्मात् – मदुक्तशास्त्रं मद्भक्तेभ्यो व्याख्यातुर्मद्भक्तपुरुषात्, अन्यो मे – मम,

प्रियतरः - अतिशयप्रियो मदेकान्तिकभक्तो, भुवि - धरण्यां, न च भविता - न भविष्यति। स एवातिशयो ममैकान्तिकभक्त इति श्रीकृष्णाभिप्रायः ।।६९।।

મનુષ્યજન્મને પામેલા જેટલા કાંઈ ઉત્તમ જીવો છે, તે સર્વેમાં મારા સેવકોને આ ગુહ્યતમ જ્ઞાનનો દેનાર જે મારો ભક્ત વક્તા છે, તેનાથી પણ વધુ મને અતિ પ્રસન્ન કરનાર હાલમાં બીજો કોઈ મનુષ્ય નથી. અર્થાત્ જે **મારો ભક્ત છે તે મારું ગમતું કરે છે. મારો જે એકાંતિક ભક્ત છે તે તેનાથી પણ વધું મારું ગમતું કરે છે. અને જે મારા ભક્તોને આ મારું ગુહ્યતમ જ્ઞાન સમજાવે છે, તે તો તેનાથી પણ વધું મારું અતિશય ગમતું કરે છે. એટલે કે, તે ભક્ત મને અતિશય રાજી કરનાર છે.** તેથી આ મારા કહેલા જ્ઞાનને મારા અન્ય ભક્તોને સમજાવનાર મારા ભક્ત કરતા વધુ પ્રિય લાગે એવો એકાંતિક ભક્ત આ પૃથ્વી પર નહિ થાય. અર્થાત્ તે જ મારો અતિ શ્રેષ્ઠ એકાંતિક ભક્ત છે. ॥૬૯॥

अस्य पाठे फलं वदति – अध्येष्यत इति ।

अध्येष्यते च य इमं धर्म्यं संवादमावयोः ।।
ज्ञानयज्ञेन तेनाहमिष्टः स्यामिति मे मतिः ।।७०।।

आवयोः - उपास्योपासकयोः सारथिरथिनोर्द्वयोः, इमं धर्म्यम् - धर्मोपेतं संवादं, यो नरः अध्येष्यते च - पठिष्यत्येव, चोऽवधारणे। तेन - नरेण, अखिलयज्ञोत्कृष्टेन ज्ञानयज्ञेन, अहम् - नारायणः, इष्टः - पूजितः, स्याम् - भवेयमिति मे मतिः - मम निश्चयो भवति ।।७०।।

ઉપાસ્ય અને ઉપાસક એવા આપણા બંનેના આ ધર્મયુક્ત સંવાદને જે ભણશે-સમજશે તેણે સર્વ યજ્ઞ કરતાં શ્રેષ્ઠ જ્ઞાનયજ્ઞ કરીને મને-નારાયણને પૂજ્યો છે; એમ હું માનીશ - એવો મારો નિશ્ચય છે. ॥૭૦॥

अस्य श्रवणेऽपि फलमाह – श्रद्धावानिति ।

श्रद्धावाननसूयश्च शृणुयादपि यो नरः ।।
सोऽपि मुक्तः शुभाँल्लोकान्प्राप्नुयात्पुण्यकर्मणाम् ।।७१ ।।

यो नरः, श्रद्धावान् – श्रीकृष्णेन यदुक्तं तत्सत्यं तदेव कर्तव्यमिति विश्वासपूर्वकत्वरावान् सन्, इदं शास्त्रमिति शेषः, शृणुयात्, स मुक्तः स्यात् । यश्च नरः, अनसूयः – असूयावर्जितः, अस्मिन् महागुणे शास्त्रे दोषारोपणरहितः सन्नपि इदं शास्त्रं शृणुयात्, सोऽपि मदुपासनविरोधि-दोषेभ्यो मुक्तः सन्, पुण्यकर्मणाम् – मदुपासकानां, शुभान् – प्रशस्तान्, लोकान् – निवासस्थानानि प्राप्नुयात् ।।७१ ।।

'શ્રીકૃષ્ણએ જે કહ્યું છે તે સાચું છે અને તેમ જ કરવું જોઈએ' આવા વિશ્વાસપૂર્વકના તરવરાટથી જે મનુષ્ય આ ગીતાશાસ્ત્ર સાંભળશે તે મુક્ત થશે. વળી, જે પુરુષ મહા ગુણોવાળા આ શાસ્ત્રમાં કોઈ દોષનું આરોપણ કર્યા વિના સાંભળશે તે પણ મારી ઉપાસનામાં વિરોધી દોષોથી મુક્ત થશે અને મારા ઉપાસકો માટે શ્રેષ્ઠ એવાં સ્થાનોને પામશે. ॥૭૧॥

अस्मिन् मदुक्ते शास्त्रेऽर्जुनस्य बोध उत्पन्नो वा नोत्पन्न इति विचारयन् पृच्छति – कच्चिदिति ।

कच्चिदेतच्छ्रुतं पार्थ ! त्वयैकाग्रेण चेतसा ।।
कच्चिदज्ञानसम्मोहः प्रणष्टस्ते धनञ्जय ! ।।७२ ।।

कच्चिदिति प्रश्ने, हे पार्थ ! – पृथासुत ! त्वया, एकाग्रेण – व्यासङ्गरहितेन, निश्चलेनेति यावत् । चेतसा – अन्तःकरणेन, एतत् – मयोदितमेकान्तिकधर्मबोधकं शास्त्रं, कच्चिच्छ्रुतम् ? – कर्णविषयी-कृतम् ? हे धनञ्जय ! – दिग्विजये शत्रून् पराभूय धनानि – सुवर्णादीनि

जयति - स्वाधीनीकरोतीति धनञ्जयः तत्सम्बुद्धिः । ते - तव, अज्ञान-सम्मोहः — अज्ञानेन - नतकन्धरब्रह्मादिभिः परमप्रीत्या पाल्या या मदाज्ञा भूभारहरणाय प्रादुर्भूतस्य मम साक्षात्धर्मानुरूपा क्षात्रधर्मस्थितेन मच्छिष्येण त्वया पालनीया इति कृत्याविवेकेन, सम्मोहः - अहं न योत्स्यामीति मूढत्वं, कच्चित् प्रणष्टः ? - नाशं प्राप्तः ? ।।७२।।

હે અર્જુન ! મેં તને એકાંતિકધર્મ જણાવનારું આ શાસ્ત્ર કહ્યું, તેને તેં એકાગ્રમનથી સાંભળ્યું ? વળી, હે ધનંજય ! અજ્ઞાનને કારણે તને થયેલો મોહ નાશ પામ્યો કે નહીં ? અર્થાત્ 'બ્રહ્માદિક દેવો પણ અતિ આધીન થઈને પ્રેમપૂર્વક મારી આજ્ઞા પાળે છે. વળી, પૃથ્વીનો ભાર ઓછો કરવા હું પ્રગટ થયો છું. એટલે હું તને યુદ્ધ કરવાની આજ્ઞા કરું છું, તે સાક્ષાત્ ધર્મને અનુરૂપ છે. માટે ક્ષત્રિયધર્મમાં રહેલા અને મારા શિષ્ય એવા તારે તો તે આજ્ઞા પાળવા યોગ્ય જ છે.' આવો તને વિવેક ન હોવાથી 'હું યુદ્ધ નહિ કરું' આવો તને જે મોહ થયો હતો, તે હવે નાશ પામ્યો કે નહીં ?" ॥૭૨॥

एवम् एतच्छास्त्रश्रवणानन्तरं भगवता पृष्टोऽर्जुन उवाच — नष्ट इति ।

अर्जुन उवाच –

नष्टो मोहः स्मृतिर्लब्धा त्वत्प्रसादान्मयाच्युत ! ।।
स्थितोऽस्मि गतसन्देहः करिष्ये वचनं तव ।।७३।।

हे अच्युत ! स्वकीयाचलनित्यदिव्यमनोहरविग्रहात् अनवधिकातिशयैश्वर्यगणाच्च अनवधिकातिशयासङ्ख्येयकल्याणगुणगणाच्च न च्योतति-न क्षरतीति अच्युतः तत्सम्बुद्धौ । त्वत्प्रसादात् — तव - समस्तविदो भगवतः प्रसादात् - एतच्छास्त्रबोधनरूपानुग्रहाद्धेतोः यद्वा त्वत्प्रसादात् - तव प्रसादं प्राप्य, 'त्वत्प्रसादात्' इत्यत्र हेतुपञ्चमी ल्यब्लोपे पञ्चमी वा

बोध्या। मम मोहो नष्टः – विपरीतज्ञानं प्रणष्टं, देहे आत्माभिमानरूपं विपरीतज्ञानं, सर्वधर्मस्थापनायावतीर्णस्य धर्मप्रियस्य तव परमधर्मरूपायाम् आज्ञायाम् अधर्मबुद्धिरूपं विपरीतज्ञानं च, चेतनाचेतनवर्गात्मतया तत्प्रवर्तकस्य भवतोऽधीनतया युद्धादिप्रवृत्तेः स्वाधीनतया कर्तव्यताबुद्धिरूपं विपरीतज्ञानं च, क्षयं प्राप्तमित्यर्थः। क्षीणमोहेन मया स्मृतिर्लब्धा – यथार्थज्ञानं लब्धम्, आत्मस्वरूपयथार्थज्ञानं त्वदाज्ञा परमधर्मरूपेति यथार्थज्ञानं च, सर्वात्मा सर्वनियन्ता क्षराक्षरोत्कृष्टो दिव्यदेहैर्ब्रह्मभावं प्राप्तैश्च भक्तजनैः सह अक्षरधाम्नि सदा यो वर्तमानः स त्वमिति यथार्थज्ञानं च, कर्मयोगज्ञान-योगभक्तियोगस्वरूपयथार्थज्ञानं च, प्राप्तमित्यर्थः। अतो गतसन्देहः – प्रणष्टसमस्तसंशयः सन्, स्थितोऽस्मि – समरायोद्यतोऽस्मि, तव वचनम् – परमधर्मरूपं त्वद्वाक्यम्, अहं करिष्ये – करोमि, अत्र 'व्यत्ययो बहुलम्' इत्यनेन लकारव्यत्ययः ।।७३।।

✵ પ્રભુકૃપાથી અર્જુનનો મોહ ગયો અને યથાર્થ જ્ઞાન થયું :

શ્રીકૃષ્ણ ભગવાનના પ્રશ્નનો જવાબ આપતા થકા અર્જુને કહ્યું : "હે અચ્યુત ! બધું જ જાણનારા એવા આપે મને આ જ્ઞાન આપવારૂપ કૃપા કરી તેથી મારો મોહ નાશ પામ્યો છે. અથવા તો આપની કૃપાથી જ મારો મોહ નાશ પામ્યો છે. મોહ નાશ પામવાથી મને યથાર્થજ્ઞાન પણ પ્રાપ્ત થયું છે.

અચ્યુત એટલે શું ? તો, આપની અચળ, નિત્ય, દિવ્ય અને મનોહર મૂર્તિમાં ક્યારેય કોઈ પ્રકારનો વિકાર થતો નથી. તથા આપના અમાપ અને સર્વશ્રેષ્ઠ એવાં અનંત ઐશ્વર્યોમાં ક્યારેય કોઈ જ ફેરફાર થતો નથી. વળી, આપના અમાપ અને સર્વશ્રેષ્ઠ એવા અસંખ્ય કલ્યાણકારી ગુણોના સમૂહમાં પણ ક્યારેય કોઈ પ્રકારની હાનિ થતી નથી. આવી રીતે આપ સ્વરૂપ, સ્વભાવ અને ગુણોએ કરીને સદા અચ્યુત-અવિકારી જ છો.

કેવો મોહ નાશ પામ્યો ? તો, (૧) હું દેહને જ આત્મા માની બેઠો હતો, તે મારું વિપરીત જ્ઞાન નાશ પામ્યું છે. (૨) સર્વ ધર્મોની સ્થાપના કરવા માટે પ્રગટ થયેલા તથા ધર્મમાં પ્રીતિવાળા એવા આપની આજ્ઞામાં મને અધર્મ મનાતો હતો તે મારો મોહ નાશ પામ્યો. કેમ જે, આપની આજ્ઞા જ પરમધર્મ છે, એવું મને સમજાયું. (૩) **આપ જડ-ચેતન ભૂત-પ્રાણીમાત્રના આત્મા હોવાથી તે સર્વેના નિયામક-પ્રવર્તક છો.** એટલે બધું જ આપને આધીન હોવા છતાં યુદ્ધાદિક પ્રવૃત્તિને હું મારી સ્વતંત્રતાથી થનારી માનતો હતો, તે મારો મોહ નાશ પામ્યો છે.

મોહ નાશ પામવાથી કેવું યથાર્થ જ્ઞાન થયું ? તો, (૧) મને આત્મસ્વરૂપનું યથાર્થ જ્ઞાન થયું. (૨) આપની આજ્ઞા એ જ પરમધર્મ છે, એવું યથાર્થ જ્ઞાન થયું. (૩) આપ સર્વના આત્મા છો, સર્વના નિયંતા છો, ક્ષર-અક્ષરથી પણ અતિ શ્રેષ્ઠ છો. વળી, બ્રહ્મભાવને પામી ગયેલા, દિવ્ય આકારવાળા એવા મુક્તોની સાથે અક્ષરધામમાં જે પુરુષોત્તમ સદા બિરાજમાન છે, તે જ તમે છો; એવું યથાર્થ જ્ઞાન થયું. (૪) વળી, કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગના સ્વરૂપનું મને યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થયું છે. આવું યથાર્થજ્ઞાન થવાને કારણે મારા તમામ સંશયો પણ નાશ પામ્યા છે. હવે હું યુદ્ધ કરવા માટે તૈયાર છું. હે પ્રભુ ! પરમધર્મરૂપ એવાં આપનાં વચન પ્રમાણે જ હવે હું કરીશ. અર્થાત્ **આપ જેમ કહો તેમ જ કરવા અત્યારે જ હું તૈયાર છું."** ॥૭૩॥

एवं श्रीकृष्णाऽर्जुनसंवादमेतच्छास्त्रं गदित्वा पुनर्धृतराष्ट्रं प्रति सञ्जय उवाच – इतीति ।

सञ्जय उवाच –

इत्यहं वासुदेवस्य पार्थस्य च महात्मनः ।।
संवादमिममश्रौषमद्भुतं रोमहर्षणम् ।।७४।।

वासुदेवस्य – वसुदेवनन्दनस्य, पार्थस्य च – तत्पैतृस्वस्रीयस्य च, 'महात्मनः' इति द्वयोर्विशेषणं, तेन उभयोर्महात्मनोः – अतिबुद्धिवतोः इत्यर्थः । अद्भुतम् – अत्याश्चर्यजनकं, रोमहर्षणम् – रोमोद्गमकरम्, इमम्– तुभ्यं मयोक्तम् एतच्छास्त्ररूपं, संवादम् अहम्, इति – उक्तप्रकारेण, अश्रौषम् – श्रुतवानस्मि ।।७४।।

આ રીતે શ્રીકૃષ્ણ અને અર્જુનના સંવાદરૂપ આ શાસ્ત્ર સંજયે ધૃતરાષ્ટ્રને સંભળાવ્યું. હવે સંજય પોતાના અનુભવની વાત ધૃતરાષ્ટ્રને કરે છે. "હે રાજન્ ! અતિ બુદ્ધિવાળા મહાત્મા એવા શ્રીકૃષ્ણ અને અર્જુનનો અતિ આશ્ચર્યકારી અને રોમાંચિત કરી દેનાર એવો આ સંવાદ મેં કહ્યો તે રીતે સાંભળ્યો છે. ॥૭૪॥

ननु अतिदूरे स्थितो भवान् कथं श्रुतवानित्याशङ्कायां वदामि – व्यासेति।

व्यासप्रसादाच्छ्रुतवानेतद् गुह्यमहं परम् ।।
योगं योगेश्वरात्कृष्णात् साक्षात्कथयतः स्वयम् ।।७५ ।।

व्यासप्रसादात् — व्यासस्य – द्वैपायनस्य प्रसादात् – दिव्यचक्षुः–श्रोत्रादिदानरूपानुग्रहात्, तं प्राप्येत्यर्थः । योगेश्वरात् – योगैश्वर्यपतेः, परम् – उत्कृष्टं, गुह्यम् – गोपनीयम्, एतत् – एतं, योगम् – कर्मयोगं ज्ञानयोगं भक्तियोगं च, स्वयं कथयतः कृष्णात् – भगवतो वासुदेवात्, साक्षात् – प्रत्यक्षम्, अहं तं योगं श्रुतवानस्मि । एतमिति वक्तव्ये, एतत् इति नपुंसकत्वं छान्दसम् ।।७५।।

અતિ દૂર હોવા છતાં આ બધું મેં કેવી રીતે સાંભળ્યું ? તો, ભગવાન દ્વૈપાયન વ્યાસની કૃપાથી મને દિવ્ય નેત્રો, દિવ્ય કાન વગેરે પ્રાપ્ત થયું છે. તેથી યોગૈશ્વર્યના પતિ ભગવાન શ્રીકૃષ્ણ પોતે અર્જુનને જે કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગનું પરમ રહસ્ય કહી રહ્યા હતા, તે મેં સાક્ષાત્ સાંભળ્યું છે. ॥૭૫॥

एतच्छ्रवणेन स्वस्मिन्नानन्दभरं द्योतयन् सन् ब्रूते – राजन्निति ।

राजन्! संस्मृत्य संस्मृत्य संवादमिममद्भुतम् ॥
केशवार्जुनयोः पुण्यं हृष्यामि च मुहुर्मुहुः ॥७६॥

हे राजन्! केशवाऽर्जुनयोः – केशवः – कस्य – ब्रह्मणः, ईशाः – नियामकावताराः केशाः, ते सन्ति अस्येति । यद्वा कस्य – ब्रह्मणः, ईशः – नियन्ताऽक्षरपुरुषः, तद्रूपेण वाति – सर्वत्र गच्छति व्याप्नोतीति केशवः । तथा चोक्तम् – "अनादिरात्मा पुरुषो निर्गुणः प्रकृतेः परः प्रत्यग्धामा स्वयंज्योतिर्विश्वं येन समन्वितम्"(भाग.३/२६/३) इति । यद्वा कस्य – ब्रह्मणः, ईशः – नियन्ताऽक्षरः, तस्मिन् वाति – गच्छति सञ्चरतीति केशवः । तथा च श्रुतिः – "योऽक्षरे सञ्चरति" इति । स चार्जुनश्च तयोः, पुण्यम् – शुद्धम्, अद्भुतम् – अतिकमनीयम्, इमम् – व्यासदत्तदिव्यश्रवणेन मया श्रुतं, संवादं, संस्मृत्य संस्मृत्य – अतिशयेन स्मृत्वा, आदरे द्विरुक्तिः । मुहुर्मुहुः – पुनः पुनः, हृष्यामि च – अहं हर्षं प्राप्नोम्येव, प्रतिक्षणं रोमाञ्चितो भवाम्येवेति वा, चोऽवधारणे ।।७६।।

વ્યાસજીએ દીધેલ દિવ્ય કાનથી મેં સાંભળેલ ભગવાન કેશવ અને અર્જુનના અતિ અદ્‌ભુત અને પવિત્ર આ સંવાદને સંભારવાથી મને વારંવાર આનંદ થાય જ છે. હર ક્ષણે હું રોમાંચિત થઈ જ જાઉં છું. **તે કેશવ કેવા છે ?** તો, બ્રહ્માના નિયામક એવા અનેક અવતારોના અવતારી છે. અથવા બ્રહ્માના નિયંતા જે અક્ષરપુરુષ તે રૂપે સર્વમાં વ્યાપીને રહેલા છે. અથવા બ્રહ્માના નિયંતા એવા અક્ષરમાં-અક્ષરધામમાં વિચરણ કરનારા છે. તેથી જ તેમની વાત સાંભળતાં મને આવો અદ્‌ભુત અનુભવ થઈ રહ્યો છે. ॥૭૬॥

यद्विश्वरूपाभिधं रूपमर्जुनाय भगवान् दर्शयामास तदिदानीमनुसन्दधान आह – तच्चेति ।

तच्च संस्मृत्य संस्मृत्य रूपमत्यद्भुतं हरेः ॥
विस्मयो मे महान् राजन् ! हृष्यामि च पुनः पुनः ॥७७॥

च पुनः, अत्यद्भुतम् – अत्याश्चर्यजनकम्, अर्जुनाय दर्शितं हरेर्यद्रूपं, तत् संस्मृत्य संस्मृत्य – मया प्रत्यक्षतयानुभूतं तद्रूपम् अत्यन्ततया स्मृत्वा स्मृत्वा, मे – परमप्रसन्नस्य मम, महान् विस्मयः – आश्चर्यं, भवति । च पुनः, हे राजन्! पुनः पुनः हृष्यामि – आनन्दं प्राप्नोमि ॥७७॥

વળી, હે રાજા ! ભગવાને અર્જુનને જે અતિ આશ્ચર્યકારી વિરાટરૂપ બતાવ્યું હતું, તે મેં પણ પ્રત્યક્ષ જોયું હતું. હરિનું તે સ્વરૂપ અંત વિનાનું હોવાથી તેને સંભારતા સંભારતા અત્યારે પણ પરમ પ્રસન્ન થઈ ગયેલા મને મહાન આશ્ચર્ય થાય છે. વળી, હું વારંવાર હર્ષાયમાન થઈ રહ્યો છું, આનંદ પામી રહ્યો છું. ॥૭૭॥

एवं च सति स्वपुत्राणां शोभाविजयभूतिनीतिमत्त्वे धृतराष्ट्रबुद्धिस्थं सन्देहं निरस्यन् सञ्जयो वदति – यत्रेति ।

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ॥
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥७८॥

इति श्रीभगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णाऽर्जुनसंवादे 'सन्न्यासयोगो' नामाष्टादशोऽध्यायः ॥१८॥

यत्र – यस्मिन् पक्षे, योगेश्वरः – योगानाम् – श्रीविजयभूतिनीति–प्राप्त्युपायानाम्, ईश्वरः – नियन्ता स्थितिप्रवृत्तिहेतुः, कृष्णः – धर्ममूर्ति–वसुदेवनन्दनः, अस्ति । यत्र च – यस्मिन् सैन्ये, धनुर्धरः – गाण्डीव–धनुर्भृत्, पार्थः – कुन्तीपुत्रोऽर्जुनः, अस्ति । तत्र – तस्मिन् पक्षे सैन्ये वा,

विजयः – शत्रुपराजयः उत्कर्षो वा, ध्रुवा – निश्चलत्वेनावश्यम्भाविनी, श्रीः – शोभा राज्यलक्ष्मीर्वा, ध्रुवा भूतिः – निश्चला समृद्धिः, ध्रुवा नीतिः – अचलो न्यायश्च, भवतीति मम मतिः – निश्चयोऽस्ति । ततो मिथ्या स्वपुत्रविजयाशां परिहाय भगवदनुगृहीतैः श्रीविजयादीन् भजद्भिः पाण्डवैः सह सन्धिरेव विधीयतामित्याशयः ।।७८।।

इति श्रीसहजानन्दस्वामिशिष्यगोपालानन्दकृतायां भगवद्भावदीपिकायां श्रीभगवद्गीताटीकायां अष्टादशोऽध्यायः ।।१८।।

હે રાજન્ ! આ યુદ્ધના પરિણામ બાબતે તમે જે માનતા હો તે, પરંતુ હું તમને મારો નિર્ણય સંભળાવું છું : જે પક્ષમાં ભગવાન શ્રીકૃષ્ણ અને ગાંડિવધારી કુંતીપુત્ર અર્જુન છે, તે પક્ષમાં જ વિજય છે; તે પક્ષમાં જ અવશ્ય પ્રાપ્ત થનારી શોભા કે રાજ્ય લક્ષ્મી છે; તે પક્ષમાં જ અચળ સમૃદ્ધિ અને અચળ ન્યાય છે; એવો મારો પાકો નિશ્ચય છે. અર્થાત્ **જેના પક્ષમાં ભગવાન તથા ભગવાનના ભક્તો હોય તેના પક્ષમાં જ વિજય, લક્ષ્મી, સમૃદ્ધિ અને નીતિ હોય છે.**

એવું જ શા માટે ? તો, એ શ્રીકૃષ્ણ સ્વયં યોગેશ્વર છે. એટલે કે, લક્ષ્મી, વિજય, સમૃદ્ધિ અને ન્યાય મેળવવાના ઉપાયરૂપ યોગના તો તે પોતે ઈશ્વર છે. અર્થાત્ તે લક્ષ્મી વગેરે સર્વે બાબતોની કોઈ એક જગ્યાએ સ્થિતિ રાખવી કે તેની બીજે ક્યાંક પ્રવૃત્તિ કરાવવી તેના તે જ નિયંતા છે. માટે હે રાજન્ ! તમે પોતાના પુત્રોના વિજયની ખોટી આશા છોડી દો અને ભગવાનની કૃપાથી રાજ્યલક્ષ્મી અને વિજય વગેરેને સેવી રહેલા પાંડવોની સાથે સંધિ-સમાધાન જ કરી લો.” ।।૭૮।।

આ રીતે સર્વાવતારી શ્રીસહજાનંદસ્વામીના શિષ્ય સદ્.શ્રીગોપાળાનંદ-સ્વામી વિરચિત શ્રીમદ્‌ભગવદ્‌ગીતાભાષ્યના ગુજરાતી ભાવાનુવાદમાં ‘ગુણના ભેદે થતા ત્રણ પ્રકારો અને પરમ રહસ્યરૂપ પરાભક્તિ તથા શરણાગતિનું પ્રતિપાદન કર્યું’ એ નામે અઢારમો અધ્યાય પૂરો થયો. ।।૧૮।।

अस्मिन्नन्तिमाध्यायषट्के क्षेत्रज्ञादिस्वरूपनिर्णयः, गुणविभागश्च, पुरुषोत्तममाहात्म्यज्ञानाय क्षराक्षरस्वरूपनिर्णयश्च, दैवासुरपुरुषस्वरूप-स्वभावनिर्णयश्च, सात्त्विकाहारादिस्वरूपौंकारादिशब्दप्रवृत्तिनिर्णयश्च, त्याग-सन्न्यासैकार्थतानिश्चयप्रभृत्यर्थसमुदायश्चोक्तः ।

अस्माद् गीताशास्त्रात् सारं समाहृत्य उच्यते – अस्मिन्नष्टादशाध्यायवति गीताशास्त्रे बन्धुस्नेहकारुण्याभ्यां मोहिताऽर्जुनबोधाय कर्मयोगो ज्ञानयोगो भक्तियोगश्चोक्तः । तेषां सिद्धये जीवस्वरूपनिरूपणं, प्रकृतिस्वरूपनिरूपणं च, अक्षरधामरूपनिरूपणं च, भगवत्स्वरूपनिरूपणं चोक्तम् । "सर्वभूतानि कौन्तेय! प्रकृतिं यान्ति मामिकाम् । कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम्"(गीता.९/७) इत्यादिवचनैः नित्यनैमित्तिकप्राकृतप्रलयेषु प्राकृतभोगसक्तानां क्षेत्रज्ञानां करणकलेवरभोगस्थानविनाशित्वं, "न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः । अजो नित्यः "(गीता.२/२०) "अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः । अनाशिनः "(गीता.२/१८) इत्यादिभिः तत्स्वरूपाणामजत्वं नित्यत्वमविनाशित्वं च, "ओमित्ये-काक्षरं ब्रह्म"(गीता.८/१३) इत्यादिवचनैः कैवल्यार्थिनामक्षरतेजसि निरवयवत्वेन लीनत्वं च, "इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः । सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च"(गीता.१४/२) "बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः"(गीता.४/१०) "मद्भक्ता यान्ति मामपि"(गीता.७/२३) "गच्छन्त्यमूढाः पदमव्ययं तत्"(गीता.१५/५) "यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम"(गीता.१५/६) इत्यादिभिर्ज्ञानिभक्तक्षेत्रज्ञानां करणकलेवर-स्थानभोगाऽविनाशित्वम्, अक्षरधाम्नि भगवता सह निवासत्वं चोक्तम् । "प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि"(गीता.१३/२०) "पुरुषः प्रकृतिस्थो हि भुङ्क्ते प्रकृतिजान् गुणान् । कारणं गुणसङ्गोऽस्य

सदसद्योनिजन्मसु"(गीता.१३/२१) "ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः" (गीता.५/१६) "मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते"(गीता.७/१४) "मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते। स गुणान् समतीत्यैतान्"(गीता.१४/२६) इत्यादिभिः जीवसमूहस्य अनाद्यविद्यया अनादिबद्धत्वं कर्माधीनत्वं परतन्त्रत्वं च, प्रकृतेश्चानादित्वं सान्तत्वं चोक्तम् ।

वृत्तालये विरचिता भगवद्भावदीपिका ।।
गोपालानन्दमुनिना ह्यज्ञानध्वान्तनाशिनी ।।१।।

श्रीवृत्तालयपत्तने निवसता वेदान्तसिद्धान्तकृत् ।
यच्चाज्ञानिमतान्धकारनिकरे वर्वर्ति मार्तण्डवत् ।।
गीताभाष्यमिदं मया विरचितं नारायणप्रीतये ।
तत्तेनौद्धवसम्प्रदायनिरतास्तुष्यन्तु ते मे सदा ।।२।।

यथाश्लोकार्थविवृतेः स्वपदानां च वर्णनात् ।।
टीकाभाष्यमिति द्वे स्तः संज्ञे चास्य विभाव्यताम् ।।३।।

।। श्रीरस्तु – कल्याणमस्तु ।।

હવે ભાષ્યકાર સદ્ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી આ છેલ્લા ષટ્કનો સાર જણાવી રહ્યા છે : "આ છેલ્લા છ અધ્યાયમાં (૧) જીવાત્મા વગેરેના સ્વરૂપનો નિર્ણય બતાવ્યો છે. (૨) સત્ત્વાદિક ગુણોના તથા તેને કારણે થતા શ્રદ્ધા વગેરેના વિભાગો દર્શાવ્યા છે. (૩) ભગવાન પુરુષોત્તમનું માહાત્મ્યજ્ઞાન જણાવવા માટે ક્ષર અને અક્ષરના સ્વરૂપનો નિર્ણય બતાવ્યો છે. (૪) દૈવી અને આસુરી પુરુષોનાં સ્વરૂપ અને સ્વભાવનું વર્ણન કર્યું છે. (૫) સાત્ત્વિક આહાર વગેરેનું સ્વરૂપ તથા ૐ તત્ સત્ - આ ત્રણ શબ્દોની ક્યાં ક્યાં પ્રવૃત્તિ થાય છે ? તેનો નિર્ણય આપ્યો છે. (૬) અને 'ત્યાગ તથા સંન્યાસ એક જ છે' એનો નિશ્ચય કહ્યો; એવી ઘણીક બાબતોનું વર્ણન કર્યું છે.

❋ ગીતાભાષ્યનો ઉપસંહાર :

"હવે આ આખા ગીતાશાસ્ત્રમાંથી તેનો સાર ગ્રહણ કરીને હું (ગોપાળાનંદસ્વામી) કહું છું : આ અઢાર અધ્યાયવાળા ગીતાશાસ્ત્રમાં ભગવાન શ્રીકૃષ્ણે આટલી બાબતો સમજાવી છે : (૧) સંબંધીમાં સ્નેહ અને કરુણાને કારણે મોહ પામેલા અર્જુનને જ્ઞાન દેવા માટે કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ કહ્યા છે. (૨) તે ત્રણેય યોગની સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે જીવાત્માના સ્વરૂપનું નિરૂપણ, પ્રકૃતિના સ્વરૂપનું નિરૂપણ, અક્ષરધામના સ્વરૂપનું નિરૂપણ અને ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે.

વળી, सर्वभूतानि...(गीता.९/७) આવા અમુક શ્લોકો વડે નિત્ય, નૈમિત્તિક અને પ્રાકૃત પ્રલયમાં માયિક ભોગોમાં આસક્તિવાળા જીવોનાં દેહ, ઈન્દ્રિયો, ભોગો અને તેનાં સ્થાનોની નાશવંતતા કહી છે. अन्तवन्त... (गीता.२/१८) આવા અમુક શ્લોકો વડે તે જીવાત્માના સ્વરૂપનું અનાદિપણું, નિત્યપણું અને અવિનાશીપણું કહ્યું છે. વળી, ओमित्येकाक्षरं ब्रह्म...(गीता.८/१३) આવાં થોડાંક વચનોથી ભગવાને કૈવલ્યાર્થી જીવો નિરાકારપણે અક્ષરના તેજમાં લીન થઈ જાય છે, તે વર્ણવ્યું છે. इदं ज्ञानमुपाश्रित्य...(गीता.१४/२) આવા ઘણા શ્લોકો વડે ભગવાનના જ્ઞાની ભક્ત આત્માઓ મુક્ત થઈને અક્ષરધામમાં ભગવાનની સાથે નિવાસ કરે છે તથા તેમનાં દિવ્ય શરીર, ઈન્દ્રિયો, સ્થાન અને ભોગો કદાપિ નાશ પામતાં નથી, તેનું પ્રતિપાદન કર્યું છે.

વળી, प्रकृतिं पुरुषं चैव... (गीता.१३/२०) આવા ઘણા શ્લોકો વડે તમામ જીવો અનાદિ અજ્ઞાનને કારણે અનાદિથી બદ્ધ છે, કર્માધીન છે અને પરતંત્ર છે તથા વાસનારૂપ પ્રકૃતિ અનાદિની તથા નાશ થઈ શકે તેવી છે - આવી બાબતો આ ગીતાશાસ્ત્રમાં કહી છે.

મેં ગોપાળાનંદસ્વામીએ શ્રીમદ્‌ભગવદ્‌ગીતાની આ **ભગવદ્‌ભાવ-દીપિકા** નામની અન્વર્થ ટીકા (સંવત ૧૯૦૫) વડતાલમાં રચી છે. આ

ટીકા અજ્ઞાનરૂપ ઘોર અંધારાનો નાશ કરનારી છે. શ્રીવડતાલપુરમાં રહીને મેં મારા ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાનની પ્રસન્નતા માટે આ **ગીતાભાષ્યની** રચના કરી છે.

આ ભાષ્ય સર્વે ઉપનિષદ્રૂપ વેદાંતના સિદ્ધાંતને પ્રગટ કરનારું છે. વળી, આ લોકમાં ભગવાનના હૃદ્ગત અભિપ્રાયને યથાર્થ નહિ સમજનારા જે કોઈ અજ્ઞાનીઓ છે, તેમણે પ્રવર્તાવેલા ભાતભાતના મતરૂપી અંધકારના સમૂહમાં આ ભાષ્ય સૂર્યની જેમ પ્રકાશી રહ્યું છે. તેથી ઉદ્ધવ સંપ્રદાયમાં નિષ્ઠાથી જોડાયેલા સર્વે સંતો-ભક્તો આ ભાષ્યરચનાને કારણે મારા ઉપર સદા પ્રસન્ન થાઓ.

ભગવદ્ગીતાની આ વ્યાખ્યામાં મેં શ્લોકને અનુસારે શબ્દોના અર્થનું વિવરણ કર્યું છે, તેમજ મારા શબ્દોથી પણ ભગવાનના ભાવોનું પ્રતિપાદન કર્યું છે. તેથી આ વ્યાખ્યાનાં 'ટીકા' અને 'ભાષ્ય' એવાં બે નામ છે; એમ તમે જાણજો."

સહુનું મંગળ થાઓ, સહુનું કલ્યાણ થાઓ.

લેખક(કોપી કરનાર) : ઠક્કર નારાયણ તેજા(ના આ ગ્રંથ) વાંચે તેને જય સ્વામિનારાયણ છે.

।।श्रीः।। ।।श्रीः।। ।।श्रीः।।

❋ ગીતાભાષ્યના ભાવાનુવાદનો ઉપસંહાર :

एवं भावानुवादोऽयं कृपया श्रीहरेर्गुरोः ।
गीताभाष्यस्य संपूर्णः तुष्यन्तु ते सदा मयि ॥

મારા ઉપાસ્ય ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ અને મારા જ્ઞાનદાતા તથા મોક્ષદાતા ગુરુદેવ કુંડળધામ નિવાસી પ.પૂ.સદ્ગુરુ શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની કૃપાથી જ ગીતાભાષ્યનો આ ભાવાનુવાદ થઈ શક્યો છે. મારા જેવા સામાન્ય જીવને તેમણે આ સેવા આપીને ધન્ય બનાવ્યો છે. **આમાં જે કાંઈ સારું કામ થયું હોય તે મારા ઈષ્ટદેવ શ્રીહરિ, અમારા આદિ ગુરુદેવ મહામુક્ત શ્રીગોપાળાનંદસ્વામી અને**

મારા ગુરુજીની કૃપાનું ફળ છે. આમાં જ્યાં જ્યાં ભગવાનના તથા ભાષ્યકારના અભિપ્રાયોને ન્યાય ન દેવાયો હોય તે મારી અજ્ઞાનતાનું પરિણામ છે. તે બદલ હું તેઓની તથા સર્વે વાચકોની ક્ષમા ચાહું છું.

ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિજીનાં શ્રીચરણોમાં મારી એક નમ્ર પ્રાર્થના છે કે, 'હે પ્રભુ ! આપે જેમ અર્જુનના સર્વે મોહ દૂર કરી તેને આપનું યથાર્થ જ્ઞાન આપ્યું, તેમ **મારામાં પણ દેહાત્મભ્રમ, સ્વતંત્રાત્મભ્રમ અને અનેક પ્રકારના શુભાશુભ રાગોરૂપી ઘણા મોહ ભર્યા છે; તેને દૂર કરી આપના સ્વરૂપનું તથા આપનું અતિ ગમતું એવું યથાર્થજ્ઞાન મને જલ્દીમાં જલ્દી પ્રાપ્ત થાય એવી આપ મારા પર કૃપા કરો..! કૃપા કરો..!'**

હે હરિ ! આપ જ મારા જ્ઞાન, ઈચ્છા અને ક્રિયાના પ્રકાશક છો, તેથી આપ જ સર્વકાર્યના નિર્વાહક છો; તેમ છતાં મારા જેવા આશ્રિતને આપનો તથા આપના વહાલા સંતો-ભક્તોનો રાજીપો અપાવો છો, તે બદલ આપનો અનંત આભાર !!!

રાજી થયાનું પોતે કરાવી, રાજી થાઓ છો કેવા કૃપાળુ !

હવે આપનો જેમાં સૌથી વધુ અને છેલ્લામાં છેલ્લો રાજીપો હોય, તેને હું તત્કાળ સમજી એ રાજીપો લઈ શકું; તેવી કૃપા ઈચ્છું છું.

આજ તા.૩૦/૯/૨૦૧૩ સોમવાર, સં.૨૦૬૯ ભાદરવા વદ-૧૧ના રોજ આ ભાવાનુવાદ પ.પૂ.મારા ગુરુજીની ઉપસ્થિતિમાં સાધુ ઈશ્વરચરણદાસ દ્વારા શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામમાં પૂર્ણ થયો છે.

॥ ઈતિ શ્રીગોપાળાનંદસ્વામી વિરચિત શ્રીમદ્‌ભગવદ્‌ગીતાભાષ્યનો ગુજરાતી ભાવાનુવાદ સમાપ્ત ॥

॥ जय श्रीस्वामिनारायण ॥



श्लोकानुक्रमः

श्लोकाः	अध्यायः	श्लो.नं.	श्लोकाः	अध्यायः	श्लो.नं.
अ			अधिष्ठानं तथा कर्ता	१८	१४
अकीर्तिं चापि भूतानि	२	३४	अध्यात्मज्ञाननित्यत्वम्	१३	११
अग्निर्ज्योतिरहः शुक्लः	८	२४	अध्येष्यते च य इमम्	१८	७०
अच्छेद्योऽयमदाह्योऽयम्	२	२४	अनपेक्षः शुचिर्दक्षः	१२	१६
अजोऽपि सन्नव्ययात्मा	४	६	अनन्तविजयं राजा	१	१६
अत्र शूरा महेष्वासाः	१	४	अनन्तश्चास्मि नागानाम्	१०	२९
अथ केन प्रयुक्तोऽयम्	३	३६	अनन्यचेताः सततम्	८	१४
अथ चित्तं समाधातुम्	१२	९	अनन्याश्चिन्तयन्तो माम्	९	२२
अथ चेत्त्वमिमं धर्म्यम्	२	३३	अनादित्वान्निर्गुणत्वात्	१३	३१
अथ चैनं नित्यजातम्	२	२६	अनादिमध्यान्तम्	११	१९
अथवा बहुनैतेन किम्	१०	४२	अनाश्रितः कर्मफलम्	६	१
अथवा योगिनामेव	६	४२	अनिष्टमिष्टं मिश्रं च	१८	१२
अथ व्यवस्थितान्	१	२०	अनुद्वेगकरं वाक्यम्	१७	१५
अथैतदप्यशक्तोऽसि	१२	११	अनुबन्धं क्षयं हिंसाम्	१८	२५
अदृष्टपूर्वं हृषितोऽस्मि	११	४५	अनेकचित्तविभ्रान्ताः	१६	१६
अदेशकाले यद्दानम्	१७	२२	अनेकबाहूदरवक्त्रनेत्रम्	११	१६
अद्वेष्टा सर्वभूतानाम्	१२	१३	अनेकवक्त्रनयनम्	११	१०
अधर्मं धर्ममिति या	१८	३२	अन्तकाले च मामेव	८	५
अधर्माभिभवात् कृष्ण !	१	४०	अन्तवत्तु फलं तेषाम्	७	२३
अधश्चोर्ध्वं प्रसृता	१५	२	अन्तवन्त इमे देहाः	२	१८
अधिभूतं क्षरो भावः	८	४	अन्नाद्भवन्ति भूतानि	३	१४
अधियज्ञः कथम् ?	८	२	अन्ये च बहवः शूराः	१	९

श्लोकाः	अध्यायः	श्लो.नं.	श्लोकाः	अध्यायः	श्लो.नं.
अन्ये त्वेवमजानन्तः	१३	२५	अशास्त्रविहितं घोरम्	१७	५
अपरं भवतो जन्म	४	४	अशोच्यानन्वशोचस्त्वम्	२	११
अपरे नियताहाराः	४	३०	अश्रद्दधानाः पुरुषाः	९	३
अपरेयमितस्त्वन्याम्	७	५	अश्रद्धया हुतं दत्तम्	१७	२८
अपर्याप्तं तदस्माकम्	१	१०	अश्वत्थः सर्ववृक्षाणाम्	१०	२६
अपाने जुह्वति प्राणम्	४	२९	असक्तबुद्धिः सर्वत्र	१८	४९
अपि चेदसि पापेभ्यः	४	३६	असत्यमप्रतिष्ठं ते	१६	८
अपि चेत्सुदुराचारः	९	३०	असक्तिरनभिष्वङ्गः	१३	९
अप्रकाशोऽप्रवृत्तिश्च	१४	१३	असंयतात्मना योगः	६	३६
अफलाकांक्षिभिर्यज्ञः	१७	११	असंशयं महाबाहो !	६	३५
अभयं सत्त्वसंशुद्धिः	१६	१	असौ मया हतः शत्रुः	१६	१४
अभिसन्धाय तु फलम्	१७	१२	अस्माकं तु विशिष्टा	१	७
अभ्यासयोगयुक्तेन	८	८	अहमात्मा गुडाकेश !	१०	२०
अभ्यासेऽप्यसमर्थोऽसि	१२	१०	अहंकारं बलं दर्पम्	१६	१८
अमानित्वमदम्भित्वम्	१३	७	अहं क्रतुरहं यज्ञः	९	१६
अमी सर्वे धृतराष्ट्रस्य	११	२६	अहं वैश्वानरो भूत्वा	१५	१४
अमी हि त्वां सुरसंघाः	११	२१	अहं सर्वस्य प्रभवः	१०	८
अयतिः श्रद्धयोपेतः	६	३७	अहं हि सर्वयज्ञानाम्	९	२४
अयनेषु च सर्वेषु	१	११	अहिंसा सत्यमक्रोधः	१६	२
अयुक्तः प्राकृतः स्तब्धः	१८	२८	अहिंसा समता तुष्टिः	१०	५
अवजानन्ति मां मूढाः	९	११	अहो बत महत्पापम्	१	४
अवाच्यवादांश्च बहून्	२	३६	अक्षरं ब्रह्म परमम्	८	३
अविनाशि तु तद्विद्धि	२	१७	अक्षराणामकारोऽस्मि	१०	३३
अविभक्तं च भूतेषु	१३	१६	अज्ञश्चाश्रद्दधानश्च	४	४०
अव्यक्तं व्यक्तिमापन्नम्	७	२४	**आ**		
अव्यक्तादीनि भूतानि	२	२८	आख्याहि मे को भवान्	११	३१
अव्यक्ताद्व्यक्तयः सर्वाः	८	१८	आचार्याः पितरः पुत्राः	१	३३
अव्यक्तोऽयमचिन्त्योऽयम्	२	२५	आढ्योऽभिजनवानस्मि	१६	१५
अव्यक्तोऽक्षर इत्युक्तः	८	२१	आत्मसम्भाविताः स्तब्धाः	१६	१७

श्लोकाः	अध्यायः	श्लो.नं.	श्लोकाः	अध्यायः	श्लो.नं.
आत्मौपम्येन सर्वत्र	६	३२	इन्द्रियाणां हि चरताम्	२	६७
आदित्यानामहं विष्णुः	१०	२१	इन्द्रियार्थेषु वैराग्यम्	१३	८
आपूर्यमाणमचलप्रतिष्ठम्	२	७०	इमं विवस्वते योगम्	४	१
आब्रह्मभुवनाल्लोकाः	८	१६	इष्टान् भोगान् हि वो	३	१२
आयुधानामहं वज्रम्	१०	२८	इहैकस्थं जगत्कृत्स्नम्	११	७
आयुःसत्त्वबलारोग्य-	१७	८	इहैव तैर्जितः सर्गो	५	१९
आरुरुक्षोर्मुनेर्योगम्	६	३	ई		
आवृतं ज्ञानमेतेन	३	३९	ईश्वरः सर्वभूतानाम्	१८	६१
आशापाशशतैर्बद्धाः	१६	१२	उ		
आश्चर्यवत्पश्यति कश्चित्	२	२९	उच्चैःश्रवसमश्वानाम्	१०	२७
आसुरीं योनिमापन्नाः	१६	२०	उत्क्रामन्तं स्थितं वापि	१५	१०
आहारस्त्वपि सर्वस्य	१७	७	उत्तमः पुरुषस्त्वन्यः	१५	१७
आहुस्त्वामृषयः सर्वे	१०	१३	उत्सन्नकुलधर्माणाम्	१	४३
इ			उत्सीदेयुरिमे लोकाः	३	२४
इच्छाद्वेषसमुत्थेन	७	२७	उदाराः सर्व एवैते	७	१८
इच्छा द्वेषः सुखं दुखम्	१३	६	उदासीनवदासीनः	१४	२३
इति गुह्यतमं शास्त्रम्	१५	२०	उद्धरेदात्मनाऽत्मानम्	६	५
इति ते ज्ञानमाख्यातम्	१८	६३	उपद्रष्टानुमन्ता च	१३	२२
इति क्षेत्रं तथा ज्ञानम्	१३	१८	ऊ		
इत्यर्जुनं वासुदेवः	११	५०	ऊर्ध्वमूलमधःशाखम्	१५	१
इत्यहं वासुदेवस्य	१८	७४	ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्थाः	१४	१८
इदमद्य मया लब्धम्	१६	१३	ऋ		
इदं तु ते गुह्यतमम्	९	१	ऋषिभिर्बहुधा गीतम्	१३	४
इदं ते नातपस्काय	१८	६७	ए		
इदं शरीरं कौन्तेय !	१३	१	एतच्छ्रुत्वा वचनं केशवस्य	११	३५
इदं ज्ञानमुपाश्रित्य	१४	२	एतद्योनीनि भूतानि	७	६
इन्द्रियस्येन्द्रियस्यार्थे	३	३४	एतन्मे संशयं कृष्ण !	६	३९
इन्द्रियाणि पराण्याहुः	३	४२	एतान्न हन्तुमिच्छामि	१	३४
इन्द्रियाणि मनो बुद्धिः	३	४०	एतान्यपि तु कर्माणि	१८	६

श्लोकाः	अध्यायः	श्लो.नं.	श्लोकाः	अध्यायः	श्लो.नं.
एतां दृष्टिमवष्टभ्य	१६	९	कर्मणो ह्यपि बोद्धव्यम्	४	१७
एतां विभूतिं योगं च	१०	७	कर्मण्यकर्म यः पश्येत्	४	१८
एतैर्विमुक्तः कौन्तेय !	१६	२२	कर्मण्येवाधिकारस्ते	२	४७
एवमेतद्यथात्थ त्वम्	११	३	कर्म ब्रह्मोद्भवं विद्धि	३	१५
एवमुक्त्वा ततो राजन् !	११	९	कर्मेन्द्रियाणि संयम्य	३	६
एवमुक्तो हृषीकेशो	१	२४	कर्षयन्तः शरीरस्थम्	१७	६
एवमुक्त्वार्जुनः सङ्ख्ये	१	४६	कविं पुराणमनुशासितारम्	८	९
एवमुक्त्वा हृषीकेशम्	२	९	कस्माच्च ते न नमेरन्	११	३७
एवं परम्पराप्राप्तम्	४	२	काङ्क्षन्तः कर्मणां सिद्धिम्	४	१२
एवं प्रवर्तितं चक्रम्	३	१६	काम एष क्रोध एषः	३	३७
एवं बहुविधा यज्ञाः	४	३२	कामक्रोधवियुक्तानाम्	५	२६
एवं बुद्धेः परं बुद्ध्वा	३	४३	काममाश्रित्य दुष्पूरम्	१६	१०
एवं सततयुक्ता ये	१२	१	कामात्मानः स्वर्गपराः	२	४३
एवं ज्ञात्वा कृतं कर्म	४	१५	कामैस्तैस्तैर्हृतज्ञानाः	७	२०
एषा तेऽभिहिता साङ्ख्ये	२	३९	काम्यानां कर्मणां न्यासम्	१८	२
एषा ब्राह्मी स्थितिः पार्थ !	२	७२	कायेन मनसा बुद्ध्या	५	११
ओ			कार्पण्यदोषोपहतस्वभावः	२	७
ओमित्येकाक्षरं ब्रह्म	८	१३	कार्यकारणकर्तृत्वे	१३	२०
ॐ तत्सदिति निर्देशो	१७	२३	कार्यमित्येव यत्कर्म	१८	९
क			कालोऽस्मि लोकक्षयकृत्	११	३२
कच्चिदेतच्छ्रुतं पार्थ !	१८	७२	काश्यपश्च परमेष्वासः	१	१७
कच्चिन्नोभयविभ्रष्टः	६	३८	किं कर्म किमकर्मेति	४	१६
कट्वम्ललवणात्युष्ण-	१७	९	किं तद्ब्रह्म ? किम्	८	१
कथं न ज्ञेयमस्माभिः ?	१	३९	किं पुनर्ब्राह्मणाः पुण्याः	३३	९
कथं भीष्ममहं सङ्ख्ये	२	४	किरीटिनं गदिनं चक्रहस्तम्	११	४६
कथं विद्यामहं योगिन् !	१०	१७	किरीटिनं गदिनं चक्रिणम्	११	१७
कर्मजं बुद्धियुक्ता हि	२	५१	कुतस्त्वा कश्मलमिदम्	२	२
कर्मणः सुकृतस्याहुः	१४	१६	कुलक्षये प्रणश्यन्ति	१	३९
कर्मणैव हि संसिद्धिम्	३	२०	कृषिगोरक्ष्यवाणिज्यम्	१८	४४

श्लोकाः	अध्यायः	श्लो.नं.	श्लोकाः	अध्यायः	श्लो.नं.
कैर्लिङ्गैस्त्रीन् गुणानेतान्	१४	२१	तत्त्ववित्तु महाबाहो !	३	२८
क्रोधाद्भवति सम्मोहः	२	६३	तत्र तं बुद्धिसंयोगम्	६	४३
क्लेशोऽधिकतरस्तेषाम्	१२	५	तत्र सत्त्वं निर्मलत्वात्	१४	६
क्लैब्यं मा स्म गमः पार्थ !	२	३	तत्रापश्यत् स्थितान्	१	२६
ग			तत्रैकस्थं जगत्कृत्स्नम्	११	१३
गतसङ्गस्य मुक्तस्य	४	२३	तत्रैकाग्रं मनः कृत्वा	६	१२
गतिर्भर्ता प्रभुः साक्षी	९	१८	तत्रैवं सति कर्तारम्	१८	१६
गामाविश्य च भूतानि	१५	१३	तत्क्षेत्रं यच्च यादृक्च	१३	३
गुणानेतानतीत्य त्रीन्	१४	२०	तदित्यनभिसन्धाय	१७	२५
गुरूनहत्वा हि महानुभावान्	२	५	तद्बुद्धयस्तदात्मानः	५	१७
च			तद्विद्धि प्रणिपातेन	४	३४
चञ्चलं हि मनः कृष्ण !	६	३४	तं तथा कृपयाऽऽविष्टम्	२	१
चतुर्विधा भजन्ते माम्	७	१६	तपस्विभ्योऽधिको योगी	६	४६
चातुर्वर्ण्यं मया सृष्टम्	४	१३	तपाम्यहमहं वर्षम्	९	१९
चिन्तामपरिमेयां च	१६	११	तमस्त्वज्ञानजं विद्धि	१४	८
चेतसा सर्वकर्माणि	१८	५७	तमुवाच हृषीकेशः	२	१०
ज			तमेव शरणं गच्छ	१८	६२
जन्म कर्म च मे दिव्यम्	४	९	तं विद्याद् दुःखसंयोग-	६	२३
जरामरणमोक्षाय माम्	७	२९	तस्माच्छास्त्रं प्रमाणं ते	१६	२४
जातस्य हि ध्रुवो मृत्युः	२	२७	तस्मात्त्वमिन्द्रियाण्यादौ	३	४१
जितात्मनः प्रशान्तस्य	६	७	तस्मात्त्वमुत्तिष्ठ यशो	११	३३
ज्यायसी चेत्कर्मणस्ते	३	१	तस्मात् प्रणम्य प्रणिधाय	११	४४
ज्योतिषामपि तज्ज्योतिः	१३	१७	तस्मात् सर्वेषु कालेषु	८	७
त			तस्मादसक्तः सततम्	३	१९
तच्च संस्मृत्य संस्मृत्य	१८	७७	तस्मादज्ञानसम्भूतम्	४	४२
ततः पदं तत्परिमार्गितव्यम्	१५	४	तस्मादोमित्युदाहृत्य	१७	२४
ततः शङ्खाश्च भेर्यश्च	१	१३	तस्माद्यस्य महाबाहो !	२	६८
ततः श्वेतैर्हयैर्युक्ते	१	१४	तस्मान्नार्हा वयं हन्तुम्	१	३६
ततः स विस्मयाविष्टो	११	१४	तस्य सञ्जनयन् हर्षम्	१	१२

श्लोकाः	अध्यायः	श्लो.नं.
तानहं द्विषतः क्रूरान्	१६	१९
तानि सर्वाणि संयम्य	२	६१
तुल्यनिन्दास्तुतिर्मौनी	१२	१९
तेजः क्षमा धृतिः शौचम्	१६	३
ते तं भुक्त्वा स्वर्गलोकम्	९	२१
तेषामहं समुद्धर्ता	१२	७
तेषामेवानुकम्पार्थम्	१०	११
तेषां सततयुक्तानाम्	१०	१०
तेषां ज्ञानी नित्ययुक्तः	७	१७
त्यक्त्वा कर्मफलासङ्गम्	४	२०
त्याज्यं दोषवदित्येके	१८	३
त्रिभिर्गुणमयैर्भावैः	७	१३
त्रिविधं नरकस्येदम्	१६	२१
त्रिविधा भवति श्रद्धा	१७	२
त्रैगुण्यविषया वेदाः	२	४५
त्रैविद्या मां सोमपाः	९	२०
त्वमक्षरं परमं वेदितव्यम्	११	१८
त्वमादिदेवः पुरुषः	११	३८
द		
दण्डो दमयतामस्मि	१०	३८
दम्भो दर्पोऽभिमानश्च	१६	४
दंष्ट्राकरालानि च ते	११	२५
दातव्यमिति यद्दानम्	१७	२०
दिवि सूर्यसहस्रस्य	११	१२
दिव्यमाल्याम्बरधरम्	११	११
दुःखमित्येव यत्कर्म	१८	८
दुःखेष्वनुद्विग्नमनाः	२	५६
दूरेण ह्यवरं कर्म	२	४९
दृष्ट्वा तु पाण्डवानीकम्	१	२

श्लोकाः	अध्यायः	श्लो.नं.
दृष्टवेदं मानुषं रूपम्	११	५१
दृष्ट्वेमं स्वजनं कृष्ण !	१	२८
देवद्विजगुरुप्राज्ञपूजनम्	१७	१४
देवान् भावयतानेन	३	११
देहिनोऽस्मिन् यथा देहे	२	१३
देही नित्यमवध्योऽयम्	२	३०
दैवमेवापरे यज्ञम्	४	२५
दैवी सम्पद्विमोक्षाय	१६	५
दैवी ह्येषा गुणमयी	७	१४
दोषैरेतैः कुलघ्नानाम्	१	४२
द्यावापृथिव्योरिदमन्तरम्	११	२०
द्यूतं छलयतामस्मि	१०	३६
द्रव्ययज्ञास्तपोयज्ञाः	४	२८
द्रुपदो द्रौपदेयाश्च	१	१८
द्रोणं च भीष्मं च	११	३४
द्वाविमौ पुरुषौ लोके	१५	१६
द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्	१६	६
ध		
धर्मक्षेत्रे कुरुक्षेत्रे	१	१
धूमेनाव्रियते वह्नि-	३	३८
धूमो रात्रिस्तथा कृष्णः	८	२५
धृत्या यया धारयते	१८	३३
धृष्टकेतुश्चेकितानः	१	५
ध्यानेनात्मनि पश्यन्तिः	१३	२४
ध्यायतो विषयान् पुंसः	२	६२
न		
न कर्तृत्वं न कर्माणि	५	१४
न कर्मणामनारम्भात्	३	४
न काङ्क्षे विजयं कृष्ण !	१	३१

श्लोकाः	अध्यायः	श्लो.नं.	श्लोकाः	अध्यायः	श्लो.नं.
न च तस्मान्मनुष्येषु	१८	६९	नासतो विद्यते भावः	२	१६
न च मत्स्थानि भूतानि	९	५	नास्ति बुद्धिरयुक्तस्य	२	६६
न च मां तानि कर्माणि	९	९	नाहं वेदैर्न तपसा	११	५३
न चैतद्विद्मः कतरन्नो	२	६	निमित्तानि च पश्यामि	१	३०
न जायते म्रियते वा	२	२०	नियतस्य तु सन्नयासः	१८	७
न तदस्ति पृथिव्यां वा	१८	४०	नियतं कुरु कर्म त्वम्	३	८
न तद्भासयते सूर्यो	१५	६	नियतं सङ्गरहितम्	१८	२३
न तु मां शक्यसे द्रष्टुम्	११	८	निराशीर्यतचित्तात्मा	४	२१
न त्वेवाहं जातु नासम्	२	१२	निर्मानमोहा जितसङ्गदोषा	१५	५
न द्वेष्ट्यकुशलं कर्म	१८	१०	निश्चयं शृणु मे तत्र	१८	४
न प्रहृष्येत् प्रियं प्राप्य	५	२०	निहत्य धार्त्तराष्ट्रान्नः	१	३५
न बुद्धिभेदं जनयेत्	३	२६	नेहाभिक्रमनाशोऽस्ति	२	४०
नभःस्पृशं दीप्तम्	११	२४	नैते सृती पार्थ ! जानन्	८	२७
नमः पुरस्तादथ पृष्ठतः	११	४०	नैनं छिन्दन्ति शस्त्राणि	२	२३
न मां कर्माणि लिम्पन्ति	४	१४	नैव किञ्चित्करोमीति	५	८
न मां दुष्कृतिनो मूढाः	७	१५	नैव तस्य कृतेनार्थः	३	१८
न मे पार्थास्ति कर्तव्यम्	३	२२	**प**		
न मे विदुः सुरगणाः	१०	२	पञ्चैतानि महाबाहो !	१८	१३
न रूपमस्येह तथोप-	१५	३	पत्रं पुष्पं फलं तोयम्	९	२६
न वेदयज्ञाध्ययनैर्न	११	४८	परं ब्रह्म परं धाम	१०	१२
नष्टो मोहः स्मृतिर्लब्धा	१८	७३	परं भूयः प्रवक्ष्यामि	१४	१
न हि कश्चित्क्षणमपि	३	५	परस्तस्मात्तु भावोऽन्यः	८	२०
न हि देहभृता शक्यम्	१८	११	परित्राणाय साधूनाम्	४	८
न हि प्रपश्यामि ममाप-	२	८	पवनः पवतामस्मि	१०	३१
न हि ज्ञानेन सदृशम्	४	३८	पश्य मे पार्थ ! रूपाणि	११	५
नात्यश्नतस्तु योगोऽस्ति	६	१६	पश्यामि देवांस्तव देव !	११	१५
नादत्ते कस्यचित् पापम्	५	१५	पश्यैतां पाण्डुपुत्राणाम्	१	३
नान्तोऽस्ति मम दिव्यानाम्	१०	४०	पाञ्चजन्यं हृषीकेशो	१	१५
नान्यं गुणेभ्यः कर्तारम्	१४	१९	पार्थ ! नैवेह नामुत्र	६	४०

श्लोकाः	अध्यायः	श्लो.नं.	श्लोकाः	अध्यायः	श्लो.नं.
पितासि लोकस्य	११	४३	बहूनि मे व्यतीतानि	४	५
पिताहमस्य जगतो	९	१७	बहूनां जन्मनामन्ते	७	१९
पुण्यो गन्धः पृथिव्यां च	७	९	बाह्यस्पर्शेष्वसक्तात्मा	५	२१
पुरुषः प्रकृतिस्थो हि	१३	२१	बीजं मां सर्वभूतानाम्	७	१०
पुरुषः स परः पार्थ !	८	२२	बुद्धियुक्तो जहातीह	२	५०
पुरोधसां च मुख्यं माम्	१०	२४	बुद्धिर्ज्ञानमसम्मोहः	१०	४
पूर्वाभ्यासेन तेनैव	६	४४	बुद्धेर्भेदं धृतेश्चैव	१८	२९
पृथक्त्वेन तु यज्ज्ञानम्	१८	२१	बुद्ध्या विशुद्धया युक्तो	१८	५१
प्रकाशं च प्रवृत्तिं च	१४	२२	बृहत्साम तथा साम्नाम्	१०	३५
प्रकृतिं पुरुषं चैव	१३	१९	ब्रह्मणो हि प्रतिष्ठाहम्	१४	२७
प्रकृतिं स्वामवष्टभ्य	९	८	ब्रह्मण्याधाय कर्माणि	५	१०
प्रकृतेः क्रियमाणानि	३	२७	ब्रह्मभूतः प्रसन्नात्मा	१८	५४
प्रकृतेर्गुणसम्मूढाः	३	२९	ब्रह्मार्पणं ब्रह्म हविः	४	२४
प्रकृत्यैव च कर्माणि	१३	२९	ब्राह्मणक्षत्रियविशाम्	१८	४१
प्रजहाति यदा कामान्	२	५५	**भ**		
प्रयत्नाद्यतमानस्तु	६	४५	भक्त्या त्वनन्यया शक्यः	११	५४
प्रयाणकाले मनसाचलेन	८	१०	भक्त्या मामभिजानाति	१८	५५
प्रलपन् विसृजन् गृह्णन्	५	९	भयाद्रणादुपरतम्	२	३५
प्रवृत्तिं च निवृत्तिं च	१६	७	भवाप्ययौ हि भूतानाम्	११	२
प्रवृत्तिं च निवृत्तिं च	१८	३०	भवान् भीष्मश्च कर्णश्च	१	८
प्रशान्तमनसं ह्येनम्	६	२७	भीष्मद्रोणप्रमुखतः	१	२५
प्रशान्तात्मा विगतभीः	६	१४	भूतग्रामः स एवायम्	८	१९
प्रसादे सर्वदुःखानाम्	२	६५	भूमिरापोऽनलो वायुः	७	४
प्रह्लादश्चास्मि दैत्यानाम्	१०	३०	भूय एव महाबाहो !	१०	१
प्राप्य पुण्यकृतां लोकान्	६	४१	भोक्तारं यज्ञतपसाम्	५	२९
ब			भोगैश्वर्यप्रसक्तानाम्	२	४४
बन्धुरात्मात्मनस्तस्य	६	६	**म**		
बलं बलवतां चाहं	७	११	मच्चित्तः सर्वदुर्गाणि	१८	५८
बहिरन्तश्च भूतानाम्	१३	१५	मच्चित्ता मद्गतप्राणाः	१०	९

श्लोकाः	अध्यायः	श्लो.नं.	श्लोकाः	अध्यायः	श्लो.नं.
मत्कर्मकृन्मत्परमः	११	५५	मूढग्राहेणात्मनो यत्	१७	१९
मत्तः परतरं नान्यत्	७	७	मृत्युः सर्वहरश्चाहम्	१०	३४
मदनुग्रहाय परमम्	११	१	मोघाशा मोघकर्माणः	९	१२
मनःप्रसादः सौम्यत्वम्	१७	१६	य		
मनुष्याणां सहस्रेषु	७	३	य इदं परमं गुह्यम्	१८	६८
मन्मना भव मद्भक्तो	९	३४	य एनं वेत्ति हन्तारम्	२	१९
मन्मना भव मद्भक्तो	१८	६५	य एवं वेत्ति पुरुषम्	१३	२३
मन्यसे यदि तच्छक्यम्	११	४	यच्चापि सर्वभूतानाम्	१०	३९
मम योनिर्महद्ब्रह्म	१४	३	यच्चावहासार्थमसत्कृतोऽसि	११	४२
ममैवांशो जीवलोके	१५	७	यजन्ते सात्त्विका देवान्	१७	४
मया ततमिदं सर्वम्	९	४	यज्ज्ञात्वा न पुनर्मोहम्	४	३५
मयाध्यक्षेण प्रकृतिः	९	१०	यततो ह्यपि कौन्तेय !	२	६०
मया प्रसन्नेन तवार्जुनेदम्	११	४७	यतन्तो योगिनश्चैनं	१५	११
मयि चानन्ययोगेन	१३	१०	यतः प्रवृत्तिर्भूतानाम्	१८	४६
मयि सर्वाणि कर्माणि	३	३०	यतेन्द्रियमनोबुद्धिः	५	२८
मय्यावेश्य मनो ये माम्	१२	२	यतो यतो निश्चरति	६	२६
मय्यासक्तमनाः पार्थ !	७	१	यत्करोषि यदश्नासि	९	२७
मय्येव मन आधत्स्व	१२	८	यत्तदग्रे विषमिव	१८	३७
महर्षयः सप्त पूर्वे	१०	६	यत्तु कामेप्सुना कर्म	१८	२४
महर्षीणां भृगुरहम्	१०	२५	यत्तु कृत्स्नवदेकस्मिन्	१८	२२
महात्मानस्तु मां पार्थ !	९	१३	यत्तु प्रत्युपकारार्थम्	१७	२१
महाभूतान्यहङ्कारो	१३	५	यत्र काले त्वनावृत्तिम्	८	२३
मां च योऽव्यभिचारेण	१४	२६	यत्र योगेश्वरः कृष्णः	१८	७८
मा ते व्यथा मा च	११	४९	यत्रोपरमते चित्तम्	६	२०
मात्रास्पर्शास्तु कौन्तेय !	२	१४	यत् साङ्ख्यैः प्राप्यते	५	५
मानापमानयोस्तुल्यः	१४	२५	यथाकाशस्थितो नित्यम्	९	६
मामुपेत्य पुनर्जन्म	८	१५	यथा दीपो निवातस्थो	६	१९
मां हि पार्थ ! व्यपाश्रित्य	९	३२	यथा नदीनां बहवो-	११	२८
मुक्तसङ्गोऽनहंवादी	१८	२६	यथा प्रकाशयत्येकः	१३	३३

श्लोकाः	अध्यायः	श्लो.नं.	श्लोकाः	अध्यायः	श्लो.नं.
यथा प्रदीप्तं ज्वलनम्	११	२९	यस्त्वात्मरतिरेव स्यात्	३	१७
यथा सर्वगतं सौक्ष्म्यात्	१३	३२	यस्त्विन्द्रियाणि मनसा	३	७
यथैधांसि समिद्धोऽग्नि	४	३७	यस्मात् क्षरमतीतोऽहम्	१५	१८
यदग्रे चानुबन्धे च	१८	३९	यस्मान्नोद्विजते लोको	१२	१५
यदहङ्कारमाश्रित्य	१८	५९	यस्य नाहंकृतो भावो	१८	१७
यदक्षरं वेदविदो वदन्ति	८	११	यस्य सर्वे समारम्भाः	४	१९
यदा ते मोहकलिलम्	२	५२	यः सर्वत्रानभिस्नेहः	२	५७
यदादित्यगतं तेजो	१५	१२	यज्ञदानतपःकर्म न	१८	५
यदा भूतपृथग्भावम्	१३	३०	यज्ञशिष्टामृतभुजो	४	३१
यदा यदा हि धर्मस्य	४	७	यज्ञशिष्टाशिनः सन्तो	३	१३
यदा विनियतं चित्तम्	६	१८	यज्ञार्थात्कर्मणोऽन्यत्र	३	९
यदा सत्त्वे प्रवृद्धे तु	१४	१४	यज्ञे तपसि दाने च	१७	२७
यदा संहरते चायं	२	५८	यातयामं गतरसं	१७	१०
यदा हि नेन्द्रियार्थेषु	६	४	या निशा सर्वभूतानां	२	६९
यदि मामप्रतीकारम्	१	४५	यान्ति देवव्रता देवान्	९	२५
यदि ह्यहं न वर्तेयम्	३	२३	यामिमां पुष्पितां वाचं	२	४२
यदृच्छया चोपपन्नम्	२	३२	यावत्सञ्जायते किञ्चित्	१३	२६
यदृच्छालाभसन्तुष्टः	४	२२	यावदेतान्निरीक्षेऽहम्	१	२२
यद्यप्येते न पश्यन्ति	१	३७	यावानर्थ उदपाने	२	४६
यद्यदाचरति श्रेष्ठः	३	२१	युक्तः कर्मफलं त्यक्त्वा	५	१२
यद्यद्विभूतिमत्सत्त्वम्	१०	४१	युक्ताहारविहारस्य	६	१७
यं यं चापि स्मरन्भावम्	८	६	युञ्जन्नेवं सदात्मानम्	६	१५
यं लब्ध्वा चापरं लाभम्	६	२२	युञ्जन्नेवं सदात्मानम्	६	२८
यं सन्न्यासमिति प्राहुः	६	२	युधामन्युश्च विक्रान्त	१	६
यं हि न व्यथयन्त्येते	२	१५	ये चैव सात्त्विका भावा	७	१२
यया तु धर्मकामार्थान्	१८	३४	ये तु धर्म्यामृतमिदम्	१२	२०
यया धर्ममधर्मं च	१८	३१	ये तु सर्वाणि कर्माणि	१२	६
यया स्वप्नं भयं शोकम्	१८	३५	ये त्वक्षरमनिर्देश्यम्	१२	३
यः शास्त्रविधिमुत्सृज्य	१६	२३	ये त्वेतदभ्यसूयन्तो	३	३२

श्लोकाः	अध्यायः	श्लो.नं.	श्लोकाः	अध्यायः	श्लो.नं.
येऽप्यन्यदेवता भक्ताः	९	२३	रुद्राणां शङ्करश्चास्मि	१०	२३
ये मे मतमिदं नित्यम्	३	३१	रुद्रादित्या वसवो ये च	११	२२
ये यथा मां प्रपद्यन्ते	४	११	रूपं महत्ते बहुवक्त्रनेत्रम्	११	२३
ये शास्त्रविधिमुत्सृज्य	१७	१	ल		
येषां त्वन्तगतं पापम्	७	२८	लभन्ते ब्रह्मनिर्वाणम्	५	२५
येषामर्थे काङ्क्षितं नो	१	३२	लेलिह्यसे ग्रसमानः	११	३०
ये हि संस्पर्शजा भोगा	५	२२	लोकेऽस्मिन्द्विविधा	३	३
योगयुक्तो विशुद्धात्मा	५	७	लोभः प्रवृत्तिरारम्भः	१४	१२
योगसन्न्यस्तकर्माणम्	४	४१	व		
योगस्थः कुरु कर्माणि	२	४८	वक्त्राणि ते त्वरमाणा	११	२७
योगिनामपि सर्वेषाम्	६	४७	वक्तुमर्हस्यशेषेण	१०	१६
योगी युञ्जीत सततम्	६	१०	वायुर्यमोऽग्निर्वरुणः	११	३९
योत्स्यमानानवेक्षेऽहम्	१	२३	वासांसि जीर्णानि यथा	२	२२
यो न हृष्यति न द्वेष्टि	१२	१७	विद्याविनयसम्पन्ने	५	१८
योऽन्तःसुखोऽन्तरारामः	५	२४	विधिहीनमसृष्टान्नम्	१७	१३
यो मामजमनादिं च	१०	३	विविक्तसेवी लघ्वाशी	१८	५२
यो मां पश्यति सर्वत्र	६	३०	विषया विनिवर्तन्ते	२	५९
यो मामेवमसम्मूढो	१५	१९	विषयेन्द्रियसंयोगात्	१८	३८
योऽयं योगस्त्वया प्रोक्तः	६	३३	विस्तरेणात्मनो योगम्	१०	१८
यो यो यां यां तनुं भक्तः	७	२१	विहाय कामान् यः	२	७१
र			वीतरागभयक्रोधा	४	१०
रजसि प्रलयं गत्वा	१४	१५	वृष्णीनां वासुदेवोऽस्मि	१०	३७
रजस्तमश्चाभिभूय	१४	१०	वेदानां सामवेदोऽस्मि	१०	२२
रजो रागात्मकं विद्धि	१४	७	वेदाविनाशिनं नित्यम्	२	२१
रसोऽहमप्सु कौन्तेय !	७	८	वेदाहं समतीतानि	७	२६
रागद्वेषवियुक्तैस्तु	२	६४	वेदेषु यज्ञेषु तपस्सु	८	२८
रागी कर्मफलप्रेप्सुः	१८	२७	वेपथुश्च शरीरे मे	१	२९
राजन् संस्मृत्य संस्मृत्य	१८	७६	व्यवसायात्मिका बुद्धिः	२	४१
राजविद्या राजगुह्यम्	९	२	व्यामिश्रेणैव वाक्येन	३	२

श्लोकाः	अध्यायः	श्लो.नं.	श्लोकाः	अध्यायः	श्लो.नं.
व्यासप्रसादाच्छ्रुतवान्	१८	७५	सततं कीर्तयन्तो माम्	९	१४
श			स तया श्रद्धया युक्तः	७	२२
शक्नोतीहैव यः सोढुम्	५	२३	सत्कारमानपूजार्थम्	१७	१८
शनैः शनैरुपरमेत्	६	२५	सत्त्वात् सञ्जायते ज्ञानम्	१४	१७
शमो दमस्तपः शौचम्	१८	४२	सत्त्वानुरूपा सर्वस्य	१७	३
शरीरवाङ्मनोभिर्यत्	१८	१५	सत्त्वं रजस्तम इति	१४	५
शरीरं यदवाप्नोति	१५	८	सत्त्वं सुखे सञ्जयति	१४	९
शुक्लकृष्णे गती ह्येते	८	२६	सद्भावे साधुभावे च	१७	२६
शुचौ देशे प्रतिष्ठाप्य	६	११	सदृशं चेष्टते स्वस्याः	३	३३
शुभाशुभफलैरेवम्	९	२८	सन्तुष्टः सततं योगी	१२	१४
शौर्यं तेजो धृतिर्दाक्ष्यम्	१८	४३	सन्नियम्येन्द्रियग्रामम्	१२	४
श्रद्धया परया तप्तम्	१७	१७	सन्न्यासः कर्मयोगश्च	५	२
श्रद्धावाननसूयश्च	१८	७१	सन्न्यासं कर्मणां कृष्ण !	५	१
श्रद्धावाँल्लभते ज्ञानम्	४	३९	सन्न्यासस्तु महाबाहो !	५	६
श्रुतिविप्रतिपन्ना ते	२	५३	सन्न्यासस्य महाबाहो !	१८	१
श्रेयान् द्रव्यमयाद्यज्ञात्	४	३३	समदुःखसुखः स्वस्थः	१४	२४
श्रेयान् स्वधर्मो विगुणः	३	३५	समः शत्रौ च मित्रे च	१२	१८
श्रेयान् स्वधर्मो विगुणः	१८	४७	समं कायशिरोग्रीवम्	६	१३
श्रेयो हि ज्ञानमभ्यासात्	१२	१२	समं पश्यन् हि सर्वत्र	१३	२८
श्रोत्रं चक्षुः स्पर्शनं च	१५	९	समं सर्वेषु भूतेषु	१३	२७
श्रोत्रादीनीन्द्रियाण्यन्ये	४	२६	समोऽहं सर्वभूतेषु	९	२९
श्वशुरान् सुहृदश्चैव	१	२७	सर्गाणामादिरन्तश्च	१०	३२
स			सर्वकर्माणि मनसा	५	१३
स एवायं मया तेऽद्य	४	३	सर्वकर्माण्यपि सदा	१८	५६
सङ्करो नरकायैव	१	४१	सर्वगुह्यतमं भूयः	१८	६४
सङ्कल्पप्रभवान् कामान्	६	२४	सर्वतः पाणिपादं तत्	१३	१३
सक्ताः कर्मण्यविद्वांसो	३	२५	सर्वद्वाराणि संयम्य	८	१२
सखेति मत्वा प्रसभम्	११	४१	सर्वद्वारेषु देहेऽस्मिन्	१४	११
स घोषो धार्तराष्ट्राणाम्	१	१९	सर्वधर्मान् परित्यज्य	१८	६६

श्लोकाः	अध्यायः	श्लो.नं.	श्लोकाः	अध्यायः	श्लो.नं.
सर्वभूतस्थमात्मानम्	६	२९	स्पर्शान्कृत्वा बहिर्बाह्यान्	५	२७
सर्वभूतस्थितं यो माम्	६	३१	स्वधर्ममपि चावेक्ष्य	२	३१
सर्वभूतानि कौन्तेय !	९	७	स्वभावजेन कौन्तेय !	१८	६०
सर्वभूतेषु येनैकम्	१८	२०	स्वयमेवात्मनात्मानम्	१०	१५
सर्वमेतदृतं मन्ये	१०	१४	स्वे स्वे कर्मण्यभिरतः	१८	४५
सर्वयोनिषु कौन्तेय !	१४	४	ह		
सर्वस्य चाहं हृदि	१५	१५	हतो वा प्राप्स्यसि स्वर्गम्	२	३७
सर्वेन्द्रियगुणाभासम्	१३	१४	हन्त ! ते कथयिष्यामि	१०	१९
सर्वाणीन्द्रियकर्माणि	४	२७	हृषीकेशं तदा वाक्यम्	१	२१
सहजं कर्म कौन्तेय !	१८	४८	क्ष		
सहयज्ञाः प्रजाः सृष्ट्वा	३	१०	क्षिप्रं भवति धर्मात्मा	९	३१
सहस्त्रयुगपर्यन्तम्	८	१७	क्षेत्रक्षेत्रज्ञयोरेवम्	१३	३४
साङ्ख्ययोगौ पृथग्वालाः	५	४	क्षेत्रज्ञं चापि मां विद्धि	१३	२
साधिभूताधिदैवं माम्	७	३०	ज्ञ		
सिद्धिं प्राप्तो यथा ब्रह्म	१८	५०	ज्ञानं कर्म च कर्ता च	१८	१९
सीदन्ति मम गात्राणि	१	२९	ज्ञानं ज्ञेयं परिज्ञाता	१८	१८
सुखं त्विदानीं त्रिविधम्	१८	३६	ज्ञानं तेऽहं सविज्ञानमिदम्	७	२
सुखदुःखे समे कृत्वा	२	३८	ज्ञानयज्ञेन चाप्यन्ये	९	१५
सुखमात्यन्तिकं यत्तद्	६	२१	ज्ञानविज्ञानतृप्तात्मा	६	८
सुदुर्दर्शमिदं रूपम्	११	५२	ज्ञानेन तु तदज्ञानम्	५	१६
सुहृन्मित्रार्युदासीन-	६	९	ज्ञेयः स नित्यसन्न्यासी	५	३
स्थाने हृषीकेश ! तव	११	३६	ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि	१३	१२
स्थितप्रज्ञस्य का भाषा ?	२	५४			



संदर्भ ग्रंथों की सङ्केतसूचि

खास नोंध : (१) इस भाष्य में भाष्यकार स्वामीजी ने दिये हुए प्रमाणों का मूल स्रोत (रेफरन्स) का नाम हमने संक्षेप में लिखे हैं। इनके पूरे नामकी सूचि यहाँ नीचे दी गई हैं। (२) उन प्रमाणों में प्रायः रेफरन्स हमने नेट पर से या उपलब्ध साहित्य में से लिये हैं। अतः ओर कोई प्रकाशन में पाठभेद भी हो सकता है।

अग्निपु.	अग्निपुराणम्	नर.पु.	नरसिंहपुराणम्
अन्नपूर्णो.	अन्नपूर्णोपनिषद्	ना.पु.पू.	नारदपुराणम्–पूर्वभागः
अमन.	अमनस्कोपनिषद्	निरुक्तम्	निरुक्तम्
आप.श्रौ.सू.	आपस्तम्बश्रौतसूत्रम्	पा.सू.	पाणिनीयसूत्र
ईशा.	ईशावास्योपनिषद्	पा.यो.सू.	पातञ्जलयोगसूत्रम्
ऐत.ब्रा.	ऐतरेयब्राह्मणम्	पैंगलो.	पैंगलोपनिषद्
कठो.	कठोपनिषद्	ब्रह्मपु.	ब्रह्मपुराणम्
गीता.	भगवद्गीता	ब्रह्मवै.पु.	ब्रह्मवैवर्तपुराणम्
छान्दो.	छान्दोग्योपनिषद्	ब्र.सू.	ब्रह्मसूत्रम्
जाबालो.	जाबालोपनिषद्	ब्रह्माण्डपु.पू.	ब्रह्माण्डपुराणम्–पूर्वभागः
तैत्ति.आ.	तैत्तिरीयारण्यकम्	ब्रह्माण्डपु.म.	ब्रह्माण्डपुराणम्–मध्यभागः
तैत्ति.	तैत्तिरीयोपनिषद्	बृह.	बृहदारण्यकोपनिषद्
तै.ब्रा.	तैत्तिरीयब्राह्मणम्	बृह.स्मृ.	बृहस्पतिस्मृतिः

भाग.	भागवतपुराणम्	याज्ञ.स्मृ.	याज्ञवल्क्यस्मृतिः
मत्स्यपु.	मत्स्यपुराणम्	रा.गी.भा.	रामानुजगीताभाष्यम्
मनु.	मनुस्मृतिः	लिं.पु.पू.	लिंगपुराण-पूर्वभाग
महानारायणो.	महानारायणोपनिषद्	वा.मा.	वासुदेवमाहात्म्यम्
म.भा.अनु.	महाभारत-अनुशासनपर्व	वि.पु.	विष्णुपुराण
म.भा.अश्व.	महाभारत-अश्वमेधिकपर्व	वृद्धहा.स्मृ.	वृद्धहारितस्मृतिः
म.भा.आदि.	महाभारत-आदिपर्व	स.जी.	सत्सङ्गिजीवनम्
म.भा.आर.	महाभारत-आरण्यकपर्व	सुबालो.	सुबालोपनिषद्
म.भा.उ.	महाभारत-उद्योगपर्व	श.ब्रा.	शतपथब्राह्मणम्
म.भा.भी.	महाभारत-भीष्मपर्व	शाङ्खा.श्रौ.सू.	शाङ्खायनश्रौतसूत्रम्
म.भा.सभा.	महाभारत-सभापर्व	श्वेता.	श्वेताश्वतरोपनिषद्
म.भा.शां.	महाभारत-शांतिपर्व	हरि.वि.	हरिवंशे विष्णुपर्व
मुण्ड.	मुण्डकोपनिषद्		



॥ જય સ્વામિનારાયણ ॥

INDEX

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત થયેલા નીચે મુજબના તમામ સદ્‌ગ્રંથો ફ્રીમાં ડાઉનલોડ પણ થઈ શકશે.

 **www.swaminarayanbhagwan.org**

100% Free Download

ગુજરાતી પુસ્તક....

૧. વચનામૃત *(Small, Medium, Big size)*
૨. શ્રીહરિલીલામૃતમ્ (ભાગ : ૧ થી ૪)
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર (ભાગ:૧ થી ૧૨)
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. સદ્.શ્રીગોપાળાનંદ સ્વામીની વાતો
૭. સદ્.શ્રીગુણાતીતાનંદ સ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. જ્ઞાનદીપ (ભાગ : ૧ થી ૫)
૧૧. કીર્તનમાળા (ભાગ : ૧, ૨, ૩)
૧૨. કીર્તનસરોવર *(નંદસંતો રચિત)*
૧૩. કીર્તન દીપાવલી (ભાગ-૧)
૧૪. સાગર સાર (ભાગ : ૧ થી ૧૨)
૧૫. શ્રીવિધાત્રાનંદ સ્વામીના ગ્રંથો
૧૬. સદ્.શ્રીઅદ્‌ભુતાનંદ સ્વામીની મૂળવાતો
૧૭. સદ્.શ્રીપ્રેમાનંદ સ્વામીના ગ્રંથો
૧૮. સદ્.શ્રીનિત્યાનંદ સ્વામીના ગ્રંથો
૧૯. સદ્.શ્રીનિર્ગુણદાસ સ્વામીની વાતો
૨૦. સદ્.શ્રીશુકાનંદ સ્વામી કૃત ગ્રંથાદિ
૨૧. શ્રીહરિલીલામૃતગ્રંથ(શ્રીભૂમાનંદ સ્વામી કૃત)
૨૨. સદ્.શ્રીઅક્ષરાનંદ સ્વામીની વાતો
૨૩. સદ્.શ્રીભાયાત્માનંદ સ્વામીની વાતો
૨૪. લીલાચરિત્રની વાતો(પ.ભ.શ્રીરામજી શેઠ કૃત)
૨૫. લીલાચિંતામણિ(પ.ભ.શા.શ્રીલક્ષ્મીરામ કૃત)
૨૬. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૨૭. શ્રીજીમહારાજનાં ચરિત્રો
૨૮. હરિચરિત્ર ચિંતામણિ (પદ્યાત્મક)
૨૯. શ્રીપુરુષોત્તમલીલા
૩૦. શ્રીસ્વા.વિચરણલીલામૃત(પૂર્વાર્ધ,ઉત્તરાર્ધ)
૩૧. શ્રીસ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ
૩૨. વાલપનાં વેણ (ગુજરાતી, હિંદી, અંગ્રેજી, મરાઠી)
૩૩. આધારાનંદ કીર્તનાવલી
૩૪. મનગંજન વિવેચન
૩૫. શિક્ષાપત્રી
૩૬. હરિસ્મૃતિ
૩૭. હરિરસામૃત
૩૮. નિત્યનિયમ
૩૯. શાંતિપાઠ
૪૦. સંત આખ્યાન
૪૧. ભક્તાખ્યાન
૪૨. વેદરસ
૪૩. સ્વાસ્થ્ય સુધા
૪૪. યમયાતના
૪૫. જનમંગલ
૪૬. શ્રીહરિ દર્શન
૪૭. કીર્તનસાર
૪૮. શ્રીજીની લીલા
૪૯. લોજપુરલીલા

हिन्दी किताबें

१. श्रीहरिचरित्रामृतसागर
मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत
एवं स्वरूपभक्ति निर्णय
(गुजराती अनुवाद के साथ)
३. वात्सल्यामृतम् (वालपनां वेण : हिन्दी-मराठी)

संस्कृत प्रकाशन

१. सद्.श्रीगोपालानंदस्वामिविरचितम्
श्रीमद्भगवद्गीताभाष्यम्
(गुजराती अनुवाद के साथ)

English Publishing

1. Words of Affection (Valap na Ven)
2. Spiritual Leadership

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામના શ્રીમુખે ગવાયેલ કથા-કીર્તનોનો ઓડિયો-વિડિયો ફ્રીમાં ડાઉનલોડ કરી શકાશે.

www.swaminarayanbhagwan.org


channel : swaminarayanbhagwan1

100% Free Download

ઓડિયો કીર્તન

૧. પ્રભાતીયા ભાગ -૧,૨
૨. થયું સવાર
૩. જાગો રે ઘનશ્યામ
૪. ધ્યાન ચિંતામણી
૫. અભિષેક
૬. શ્રીજી દયા કરો
૭. ભક્તિ રસ
૮. પધારોને
૯. શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટા
૧૦. ઉપદેશરસ
૧૧. કુંડળના કીર્તનો ભાગ -૧,૨
૧૨. એકલડા કેમ રહેવાય
૧૩. મારા પ્રાણ પ્રીતમ
૧૪. છપૈયાપુરમાં
૧૫. મારા સહજાનંદ સ્વામી
૧૬. સુનોજી ગિરધારી
૧૭. ચાલોને લાલા
૧૮. તારી મીટે રે
૧૯. મંગલમૂર્તિ
૨૦. લાડકવાયા
૨૧. વડતાલમાં બિરાજ્યા
૨૨. પ્યારા
૨૩. વંદન...
૨૪. પીયુ પધાર્યા...
૨૫. મોર બોલે...
૨૬. વિનંતી
૨૭. મનવા
૨૮. મહારાજ !
૨૯. ઉત્તમ લગ્નગીત
૩૦. શ્રીજીના જોકરીયા
૩૧. પીયુડા
૩૨. વડતાલવાસી હરિકૃષ્ણ
૩૩. મહિમા
૩૪. રહેજો આનંદમાં
૩૫. વાલીડા
૩૬. વાલમ
૩૭. વાલા
૩૮. રાજાધિરાજ
૩૯. શ્રદ્ધાંજલી
૪૦. વિદાય
૪૧. રાસોત્સવ ભાગ - ૧ થી ૫
૪૨. વણથંભ્યો રાસ
૪૩. ઝૂલો મહારાજ
૪૪. નિરાળો રાસ
૪૫. ઓ ઘનશ્યામ (મહિલા વોઈસ)
૪૬. વિરહ (પૂ.નિરંજનસ્વામી / સોલી કાપડીયા)
૪૭. તમે એક સાંભરો
૪૮. સહજાનંદી યુવાન
૪૯. બાલુડા
૫૦. સહજાનંદ
૫૧. વહાલો યુવાન
૫૨. અટલ પ્રતિજ્ઞા
૫૩. પોઢો પ્રાણ આધાર
૫૪. દૈન્ય
૫૫. સાગર ચોપાઈગાન ભાગ -૧,૨
૫૬. આરતી સંગ્રહ
૫૭. કીર્તનકુંભ - ભાગ ૧ થી ૬

INDEX

વિડિયો કીર્તન

૧. કરુણા તેરી
૨. અક્ષરધામની ગાડી
૩. લાડલો યુવાન
૪. સુખની ખાણી
૫. દિવ્ય દિવ્ય મહારાજ
૬. માધુરી મૂર્તિ (ભાગ-૧,૨)
૭. ગઢપુર મહિમા
૮. હે નાથ !
૯. શ્રીજીચાલીસા
૧૦. યુવાની છે એક શક્તિ
૧૧. જોઈએ તારો પ્યાર
૧૨. ઘનશ્યામ ચાલ
૧૩. આપકો પાના હે...
૧૪. મેં તેરે બલ જાઉં
૧૫. નેહરો નિભાય લિજો
૧૬. શું કહુ કૃપા તમારી
૧૭. પ્રાર્થના

3D Animation

૧. લીલાછમ વનમાં...
૨. શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટા

ધૂન

૧. ધૂન
૨. હરિસ્મરણ
૩. હરિનામ સંકીર્તન ધૂન
૪. સ્વામિનારાયણ ધૂન
૫. સ્વામિનારાયણ મહામંત્ર ધ્વની

ઈન્સ્ટ્રુમેન્ટલ

૧. શ્રીસ્વામિનારાયણ મેડીટેશન (બાય ફ્લુટ) (ભાગ - ૧ થી ૩)
૨. સંગીતના સથવારે

કથા

૧. સત્સંગિજીવન
૨. હરિલીલામૃત
૩. નિષ્કુળાનંદ કાવ્ય (સંપૂર્ણ)
૪. શ્રીહરિચરિત્રામૃતસાગર (સંપૂર્ણ)
૫. સાગરસાર જ્ઞાનયજ્ઞ (સંપૂર્ણ)
૬. ભક્તચિંતામણિ
૭. ઘનશ્યામલીલામૃતસાગર
૮. ગોપાળાનંદ સ્વામીની વાતો
૯. શ્રીલોએજ લીલા
૧૦. શિક્ષાપત્રી ભાષ્ય
૧૧. શ્રીમદ્ ભાગવત
૧૨. શ્રીવાસુદેવમાહાત્મ્યમ્
૧૩. સ્નેહ બાવની
૧૪. વિવેકશતક
૧૫. મૂર્ખશતક
૧૬. દોહા બત્રીસી
૧૭. બાવન અક્ષરી
૧૮. નારાયણગીતા
૧૯. પંચરત્ન
૨૦. અક્ષર બાવની
૨૧. સર્ગ નીસરણી
૨૨. વિવેક સાર
૨૩. ભક્તિસિધ્ધી
૨૪. ઐશ્વર્યપ્રકાશ
૨૫. હરિગીતા
૨૬. વન વિચરણ
૨૭. બુદ્ધિપ્રદીપ
૨૮. વિવેક ચિંતામણી
૨૯. ધ્યાનમંજરી
૩૦. વર્ણ વ્યવસ્થા
૩૧. લક્ષ્મીનારાયણ દેવનો મહિમા
૩૨. ભાલદેશ લીલા
૩૩. વડતાલધામનો મહિમા
૩૪. ઉત્તર હિંદુસ્તાનના પરચા
૩૫. શ્રીહરિનાં અસાધારણ ૧૩ લક્ષણો
૩૬. સવારનું ચિંતન - (શિબિર ૭ થી ૨૩)
૩૭. ભયનું સર્વોચ્ચ સામ્રાજ્ય
૩૮. મોક્ષનાં સાધનો
૩૯. કથામૃતમ્

૪૦. નૃસિંહાનંદ સ્વામીની ૭ વાતો
૪૧. શ્રીજી પધાર્યા સ્વધામમાં રે...
૪૨. લગ્ન શકુનાવલી
૪૩. સંત આખ્યાન
- આનંદાનંદ સ્વામી
- સિદ્ધાનંદ સ્વામી
- માયાતીતાનંદ સ્વામી
- નૃસિંહાનંદ સ્વામી
- અદ્‌ભુતાનંદ સ્વામી
- ઈશ્વરચરણદાસજી સ્વામી(વડનગર)
- ભાયાત્માનંદ સ્વામી
- મૂળજી બ્રહ્મચારી, જેરામ બ્રહ્મચારી
- સ્વરૂપાનંદ સ્વામી
- શુકાનંદ સ્વામી
- આધારાનંદ સ્વામી
- પ્રેમાનંદ સ્વામી
૪૪. ભક્ત આખ્યાન (૨૪ આખ્યાન)
- ઝીણાભાઈ
- અભેસિંહ(લોધિકા), માનસિંહ(મેંગણી)
- શિવલાલ શેઠ, ભગાદોશી
- રઘુવીરજી મહારાજ
- મીણબાઈ અને કાળુ મકવાણા
- જોબન પગી, રૂડિયો રખડું
- લાલાબાબુ, ગોપાલભાઈ

કીર્તન વિવેચન

૧. કીર્તન વિવેચન (૪૬ વિવેચનો)
- ધર્મકુંવર ઘનશ્યામજી...
- નિષ્કુળાનંદ સ્વામીના કીર્તન
- હરિભજતા...
- સહજાનંદ ગાઈએ...
- સંતસમાગમ...
- કોઉ કામ ન આવે...
- સહજાનંદ સુખકારી...
- શોભા શી કહું રે રૂડી...
- સહજાનંદ સનેહી સુખધામ છે...
- આનંદ આપ્યો અતિ ઘણો...
- મારે મોહન સંગે મેળાપ...
- ઓરા આવોને ધર્મકુમાર રે...
- પ્રભુ મને થાજે એવો...
- પ્રભુ સાથે કર્યને રે નર તું પ્રિતડી...
- પ્રતાપ પુરણ પુરુષોત્તમ...
- સદ્‌ગુરુ સાચા રે...
- સહજાનંદ સિંધુ રે સખી...
- સલુણા શ્યામ એકવાર...
- શિલવંતા સાધુને...
- વાલા ભક્તિ-ધર્મસુત...
- વાત મેં તો વિચારી...
- આજ મારે ઓરડે રે...
- આવા ભગવાન નહિ મળે...
- અક્ષરના વાસી વાલો...
- ભજ્યો નહિ ભગવાન...
- ભૂમાનંદ સ્વામીનો કક્કો
- ભૂતળ ભક્તિ પદારથ મોટું...

જનરલ

૧. ઘેર બેઠા તીર્થ (ભાગ-૧થી૪)
૨. કીર્તન સહ ધ્યાન (શિબિર-૧૪ થી ૨૬)
૩. સંત શિબિર
૪. દિવ્ય પ્રસંગો (શિબિર-૧૨,૧૪,૧૮)
૫. યુવા શિબિર-૧,૫,૬,૭,૮
૬. સત્સંગ દર્શન-૨૦૦૩
૭. અભિષેક દર્શન
૮. સાગર મહોત્સવ - ૨૦૧૭ (કુંડળધામ)
૯. ઉત્સવ-મહોત્સવ-૨૦૧૬
૧૦. હિંડોળા ઉત્સવ-૨૦૦૨ થી ૨૦૧૭
૧૧. હરિચરિત્રામૃતસાગર પુરશ્ચરણ (૧-૨)
૧૨. ભજનપ્રકાશ સ્વામી (કુંડળધામ)

ઘરમંદિર સામગ્રી ફોટા

૧. શ્રીહરિકૃષ્ણ મહારાજ
૨. રાજાધિરાજ મહારાજ
૩. શ્રીસ્વામિનારાયણ ભગવાન
૪. શ્રીઘનશ્યામ મહારાજ
૫. પૂ.ગુરુજીના હરિકૃષ્ણ મહારાજ
૬. શિબિર-૨૫ સ્ટેજ મહારાજ
૭. ચરિત્રો
૮. ૭૭ ધામના દેવો તથા પ્રસાદીનાં સ્થાનો
૯. નંદસંતો તથા હરિભક્તો
૧૦. આચાર્ય મહારાજ
૧૧. ગુરુપરંપરા
૧૨. પૂ.ગુરુજી અને સંતો
૧૩. ઘરમંદિર માટેનાં સૂત્રો
૧૪. શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટા

ગુજરાતી ટેલીફિલ્મ

૧. ઘરધણી
૨. ઓવર અપેક્ષા
૩. ખોરાસાના રાજાભાઈ
૪. પ્રામાણિક ભક્ત

हिन्दी टेलीफिल्म

१. केसर मियाँ
२. शेख मियाँ
३. डोसा ताई

નાટક

૧. શૂન્ય
૨. રૂપાભાઈ

USB AUDIO

પેનડ્રાઈવ

કથા તથા કીર્તનો ભાગ : ૧૭ થી ૨૬

Applications

Audio-Video

1. Kirtan Kumbh
2. Lilachham Vanma Swaminarayan
3. Meditation Music Swaminarayan
4. Purushottam Prakash Audio
5. Shree Hari Na Til-Chihn
6. Swaminarayan Daily Sagar Katha
7. Swaminarayan Kundaldham Radio
8. Swaminarayan Puzzle Lilachham

Books

9. Vachanamrut
10. Satsang Books
11. Swaminarayan Books
12. Shree Gopalanand Swami ni Vato
13. Kirtan Sar
14. Swaminarayan Kirtan Mala
15. Swaminarayan Nirnay

Images

16. Daily Darshan Wallpaper
17. Swaminarayan Dham Daily darshan
18. Swaminarayan Live Wallpaper

Youtube Channel

1. Swaminarayanbhagwan1

શ્રીસ્વામિનારાયણ મંદિર વડતાલધામમાં
સદ્.શ્રીગોપાળાનંદસ્વામી દ્વારા તૈયાર થયેલ
શ્રીમદ્ભગવદ્ગીતાભાષ્યનું પૂજન કરતા
આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ

www.swaminarayanbhagwan.org
info@swaminarayanbhagwan.org
9601290051 swaminarayanbhagwan

ISBN 978-81-941420-6-5
9 788194 142065